# આવૃત્તિ પહેલીની પ્રસ્તાવના

જ્યારે સર્વ પ્રકારના સંશયનો નાશ કરનાર, કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારણહાર, ત્રિભુવન પ્રકાશક સૂર્યરૂપ તીર્થંકર મહારાજા સાક્ષાત પોતાના ચરણકમળથી આ પૃથ્વીને પવિત્ર કરતા હતા, તે સમયની તો શી વાત કરવી? પરંતુ ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી જૈનદર્શનમાં થએલા મહા ધુરંધર આચાર્યો પણ પોતાના દેદીપ્યમાન જ્ઞાનબળથી ચારે બાજુ જૈનધર્મની વિજય પતાકા ફરકાવતા હતા. વર્તમાન સમયના જૈની ભાઇઓ જે કાંઈ થોડા અથવા બહુ અંશે પોતાના ધર્મમાં દૃઢ શ્રદ્ધાવંત થઇ આનંદ કરે છે, તે પણ એ પૂર્વે થઇ ગએલા મહાન્ આચાર્યોનોજ પ્રસાદ છે; એમ કહીએ તો તે કંઇ અતિશયોક્તિ કહેવાશે નહીં. વળી તે મહાન્ આચાર્યો પોતાની પાછળ થનારાઓના ઉપર અનુગ્રહ કરવા માટે અનેક અપૂર્વ ગ્રંથો બનાવી ગયા છે, પણ હાલના સમયે કાળના પ્રભાવથી, પ્રમાદથી કે બીજા કોઇ પણ કારણથી જૈની ભાઇઓની રુચિ જ્ઞાન ઉપર ઓછી માલમ પડે છે, અને તેથીજ વિસ્તારવંત એવી જૈનકોમમાં બીજા સર્વ વિષય કરતાં જ્ઞાન સંપાદન કરવાનો વિષય નિરસ અને નિરુપયોગી થઇ પડે એ કાંઇ નવાઇ નથી. વર્તમાન સમયે બીજી સર્વ કોમ કરતાં જૈનકોમ વિદ્યા વિષયમાં તદ્દન પછાત છે અને તેથીજ જૈનકોમમાં વિદ્યાની કિમ્મત બહુ હલકી થઇ પડી છે. જો કે, જૈનકોમનું દ્રવ્ય બીજી અનેક બાબતોમાં ખર્ચાય છે, તે કરતાં જેના ઉપર જૈનકોમનો, મનુષ્ય માત્રના આનંદનો, પરભવનો અને ટૂંકામાં કહીએ તો સર્વ પ્રકારના સુખનો પૂર્ણ આધાર રહેલો છે, એવા જ્ઞાનના ઉત્તેજનને માટે ખર્ચાય એવી હોંશ રાખનાર પુરુષ તો આ વખતે આ કોમમાં વિરલાજ દેખાય છે. બીજી રીતનાં અનેક પ્રકારનાં માની લીધેલાં સુખો તો, ઉપરથી સ્થૂલ દૃષ્ટિએજ માલમ પડે છે, પણ જો સૂક્ષ્મ રીતે વિચાર કરીએ તો જ્ઞાનની અલ્પતાના કારણથી જૈનકોમની જે સ્થિતિ દેખાય છે તે કાંઇ થોડી સોચનીય નથી.

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ એવા જૈનશાસ્ત્રોના વિષયના ચાર વિભાગ રચાએલા છે; પણ તે સર્વ પ્રકારનું જ્ઞાન ધરાવનારાની હાલના સમયે સૂક્ષ્મ દૃષ્ટિથી શોધ કરીએ તો તેવા થોડાજ મહાત્માઓ માલમ પડશે. વળી જૈની ગૃહસ્થો તો "શાસ્ત્ર વિષય ઉપર આવા વિભાગ પડેલા છે," એમ પણ થોડું જાણતા હશે, તો પછી તેનું જ્ઞાન મેળવનારા તો હશેજ ક્યાંથી? આમ છે તોપણ કથાનુયોગ (પૂર્વે થઇ ગએલા મહાત્માઓનાં ચરિત્રો) ઉપર પ્રીતિ રાખનારા ઘણા મનુષ્યો જોવામાં આવે છે. શાસ્ત્રમાં કહેલું છે કે, જે પ્રમાણે મ્હોટાઓ આચરણ કરે, તે પ્રમાણે બીજાઓ વર્તે છે. ઘરના વૃદ્ધ માણસના આચરણની ન્હાની વયના બાળકના હૃદયમાં છાપ પડે છે, તેમજ આખી કોમના મનુષ્યો પણ પોતાના આગેવાનના રસ્તા ઉપર ચાલે છે. જેમ કે, વેપારી કોમના આગેવાનોની પાછળના મનુષ્યો વેપારી, નોકરી કરનારા આગેવાનોની પાછળના મનુષ્યો નોકરીવાળા અને વિદ્વાન આગેવાનોની પાછળના મનુષ્યો વિદ્વાન થાય છે. એજ પ્રમાણે મ્હોટા પુરુષો જે પ્રમાણે આચરણ કરે, તેજ પ્રમાણે પાછળના મનુષ્યો વર્તે એ પ્રસિદ્ધજ છે. જેમ વર્તમાન જનોનાં ચરિત્રો બીજા મનુષ્યો ઉપર અસર કરે છે, તેમજ આગળ થઇ ગએલા મહાત્માઓનાં ચરિત્રો પણ વાંચનારના મન ઉપર અસર કરે છે અને તેથીજ મહાન્ પુરુષોનાં ચરિત્રો બીજાને સારા ગુણવાળા થવાને સાધનભૂત ગણાય એટલુંજ નહિ પણ જે ગ્રંથમાં એક મહાત્માનું ચરિત્ર વર્ણન કર્યું હોય, તે બીજાને અનેક પ્રકારે કલ્યાણકારી થઇ પડે છે.

# આવૃત્તિ પહેલીની પ્રસ્તાવના

જ્યારે સર્વ પ્રકારના સંશયનો નાશ કરનાર, કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારણહાર, ત્રિભુવન પ્રકાશક સૂર્યરૂપ તીર્થંકર મહારાજ સાક્ષાત્ પોતાના ચરણકમળથી આ પૃથ્વીને પવિત્ર કરતા હતા, તે સમયની તો શી વાત કરવી? પરંતુ ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી જૈનદર્શનમાં થએલા મહા ધુરંધર આચાર્યો પણ પોતાના દેદીપ્યમાન જ્ઞાનબળથી ચારે બાજુ જૈનધર્મની વિજય પતાકા ફરકાવતા હતા. વર્તમાન સમયના જૈની ભાઇઓ જે કાંઇ થોડા અથવા બહુ અંશે પોતાના ધર્મમાં દૃઢ શ્રદ્ધાવંત થઇ આનંદ કરે છે, તે પણ એ પૂર્વે થઇ ગએલા મહાન્ આચાર્યોનોજ પ્રસાદ છે; એમ કહીએ તો તે કંઇ અતિશયોક્તિ કહેવાશે નહીં. વળી તે મહાન્ આચાર્યો પોતાની પાછળ થનારાઓના ઉપર અનુગ્રહ કરવા માટે અનેક અપૂર્વ ગ્રંથો બનાવી ગયા છે, પણ હાલના સમયે કાળના પ્રભાવથી, પ્રમાદથી કે બીજા કોઇ પણ કારણથી જૈની ભાઇઓની રુચિ જ્ઞાન ઉપર ઓછી માલમ પડે છે, અને તેથીજ વિસ્તારવંત એવી જૈનકોમમાં બીજા સર્વ વિષય કરતાં જ્ઞાન સંપાદન કરવાનો વિષય નિરસ અને નિરૂપયોગી થઇ પડે એ કાંઇ નવાઇ નથી. વર્તમાન સમયે બીજી સર્વ કોમ કરતાં જૈનકોમ વિદ્યા વિષયમાં તદ્દન પછાત છે અને તેથીજ જૈનકોમમાં વિદ્યાની કિમ્મત બહુ હલકી થઇ પડી છે. જો કે, જૈનકોમનું દ્રવ્ય બીજી અનેક બાબતોમાં ખરચાય છે, તે કરતાં જેના ઉપર જૈનકોમનો, મનુષ્ય માત્રના આનંદનો, પરભવનો અને ટૂંકામાં કહીએ તો સર્વ પ્રકારના સુખનો પૂર્ણ આધાર રહેલો છે, એવા જ્ઞાનના ઉત્તેજનને માટે ખરચાય એવી હોંશ રાખનાર પુરૂષ તો આ વખતે આ કોમમાં વિરલાજ દેખાય છે. બીજી રીતનાં અનેક પ્રકારનાં માની લીધેલાં સુખો તો, ઉપરથી સ્થૂલ દૃષ્ટિએજ માલમ પડે છે, પણ જો સૂક્ષ્મ રીતે વિચાર કરીએ તો જ્ઞાનની અલ્પતાના કારણથી જૈનકોમની જે સ્થિતિ દેખાય છે તે કાંઇ થોડી સોચનીય નથી.

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ એવા જૈનશાસ્ત્રોના વિષયના ચાર વિભાગ રચાએલા છે; પણ તે સર્વ પ્રકારનું જ્ઞાન ધરાવનારાની હાલના સમયે સૂક્ષ્મ દૃષ્ટિથી શોધ કરીએ તો તેવા થોડાજ મહાત્માઓ માલમ પડશે. વળી જૈની બંધુઓ તો "શાસ્ત્ર વિષય ઉપર આવા વિભાગ પડેલા છે," એમ પણ થોડું જાણતા હશે, તો પછી તેનું જ્ઞાન મેળવનારા તો હોયજ ક્યાંથી! આમ છે તોપણ કથાનુયોગ (પૂર્વે થઇ ગએલા મહાત્માઓનાં ચરિત્રો) ઉપર પ્રીતિ રાખનારા ઘણા મનુષ્યો જોવામાં આવે છે. શાસ્ત્રમાં કહેલું છે કે, જે પ્રમાણે મ્હોટાઓ આચરણ કરે, તે પ્રમાણે બીજાઓ વર્તે છે. ઘરના વૃદ્ધ માણસના આચરણની ન્હાની વયના બાળકના હૃદયમાં છાપ પડે છે, તેમજ આખી કોમના મનુષ્યો પણ પોતાના આગેવાનના રસ્તા ઉપર ચાલે છે. જેમ કે, વેપારી કોમના આગેવાનોની પાછળના મનુષ્યો વેપારી, નોકરી કરનારા આગેવાનોની પાછળના મનુષ્યો નોકરીવાળા અને વિદ્વાન આગેવાનોની પાછળના મનુષ્યો વિદ્વાન થાય છે. એજ પ્રમાણે મ્હોટા પુરુષો જે પ્રમાણે આચરણ કરે, તેજ પ્રમાણે પાછળના મનુષ્યો વર્તે એ પ્રસિદ્ધજ છે. જેમ વર્તમાન જનોનાં ચરિત્રો બીજા મનુષ્યો ઉપર અસર કરે છે, તેમજ આગળ થઇ ગએલા મહાત્માઓનાં ચરિત્રો પણ વાંચનારના મન ઉપર અસર કરે છે અને તેથીજ મહાન્ પુરુષોનાં ચરિત્રો બીજાને સારા ગુણવાળા થવાને સાધનરૂપ ગણા-એલું જ નહિ પણ જે ગ્રંથમાં એક મહાત્માનું ચરિત્ર વર્ણન કર્યું હોય, તે બીજી અનેક પ્રકારે કલ્યાણકારી થઇ પડે છે.

જેમણે કિંચિત્ માત્ર વિદ્યાનો અભ્યાસ કર્યો નથી, તેવાઓને પણ કથાનુયોગ સાંભળવામાં વધારે પ્રીતિ હોય છે. અન્ય વિષયના વ્યાખ્યાન સમયે નિંદ્રાવશ થનારા મનુષ્યો પણ કથાનુયોગના વખતે સાવધાન થઈ જાય છે અને તેમાં આવતી સરસ કથાઓ ધ્યાન દઈ લક્ષપૂર્વક શ્રવણ કરે છે. ગમે તો સ્ત્રીઓ, બાળકો કે અજ્ઞાન મનુષ્યો હોય, તો પણ રસીક વાર્તા કહેનાર આગળ એક મનથી સાંભળવા ઉભા રહે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, હાલ વર્તમાન સમયે પણ પૂર્વે કહેલા ત્રણ અનુયોગ કરતાં કથાનુયોગ વધારે પ્રીતિકારક જણાય છે. જેમ ઉત્તમ પુરુષોનાં જીવનચરિત્રો સાંભળવામાં તથા વાંચવામાં ઘણા માણસો પ્રીતિવાળા જણાય છે અને તેનો તેઓ અપૂર્વ લાભ મેળવી શકે છે. કેમ કે, ઉત્સાહથી શ્રવણ કરેલા અથવા વાંચેલા વિષયો શ્રવણ કરનાર તથા વાંચનારના મન ઉપર શ્રેષ્ઠ અસરની છાપ મારી શકે છે. વળી કથાનુયોગમાં આવતા બોધકારક વિષયો તેઓના હૃદયમાં સજ્જડ જડાઈ જાય છે. ઉત્તમ જનોનાં જીવનચરિત્ર સાંભળવાથી બીજાના પાપકર્મનો નાશ થઈ જાય છે. એમ દૃષ્ટાંતો સાંભળવામાં આવે છે અને એટલાજ માટે માણસને અંત્યાવસ્થામાં ઉત્તમ પુરુષોનાં નામ અને ગુણોનું સ્મરણ કરાવવામાં આવે છે. જેમ દુરાચરણી માણસને કોઈ ઉત્તમ પ્રકારના મનુષ્યનું વર્ત્તન જોઈ પોતાની ખરાબ વર્તણુંક બાબત પશ્ચાતાપ થાય છે અને પછી તે પોતે સારા ગુણોને ગ્રહણ કરવાને ઉત્સુકતા ધરાવે છે; તેમ ચરિત્રોની અંદર રહેલા વૈરાગ્ય, નીતિ, સત્ય, સૌજન્યતા વિગેરે ગુણો પણ કરીને સર્વ મનુષ્યોના મનને આનંદિત કરવાને તથા તેમને સદ્‌ગુણવાળા કરવાને તેઓના સન્માર્ગે પ્રવર્તાવનારા ઉત્તમ ગુરુરૂપ થઇ પડે છે. એજ કારણ માટે બુદ્ધિમાન્ પુરુષોએ ઉત્તમ જનોના ચરિત્રરૂપ ગ્રંથનું પ્રીતિપૂર્વક અવલોકન કરવું.

જે વિષયનો ઉપદેશ આપવામાં આવતો હોય અને શ્રોતાઓના મનમાં જો તેની ખરી અસર કરવી હોય તો, ઉપદેશ આપનારાએ ચાલતા વિષયને દૃષ્ટાંત સિદ્ધાંતથી વધારે મજબૂત કરવો. કારણ કે, એમ કરવાથી સાંભળનારના મનમાં તે વાત વધારે દૃઢ થાય છે. વૈરાગ્ય, વ્રત, નિયમ કે આચરણ સબંધી કોઇ પણ બીજી વાત ચાલતી હોય, તે શ્રોતાને નિરસ લાગે, પણ તેની સાથે જો કોઇ દૃષ્ટાંત આપવામાં આવ્યું હોય તો તે રસીક થઈ પડે છે. દાખલા તરીકે વૈરાગ્યમય કથાનું વર્ણન દૃષ્ટાંતની સાથે કહી જંબૂકુમારે પોતાની આઠ સ્ત્રીઓને વૈરાગ્યમય સાંકળથી બાંધી લીધી હતી અને તે કથારૂપ વાદવિવાદ શ્રવણ કરી પાંચસે સોબતિઓ સહિત પ્રભવ નામનો ચોર પ્રતિબોધ પામ્યો હતો. આ સર્વ હકીકત ઉપરથી સિદ્ધ થાય છે કે, ઉત્તમ પુરુષોનાં જીવનચરિત્રો સર્વ પ્રકારના વિષયને દૃઢ કર્તા થઈ પડે છે.

ઉત્તમ પુરુષોનાં ચરિત્રો માણસને સન્માર્ગે પ્રવર્તાવવાને સાધનરૂપ છે, વળી તે ન્યૂનાધિક જ્ઞાનવાળાને પ્રીતિકર થઇ ઇચ્છિત લાભ પ્રાપ્ત કરાવે છે. એમ ધારી પૂર્વના આચાર્યોએ અનેક ચરિત્રો સંસ્કૃત તથા માગધિ ભાષામાં લખ્યાં છે; એટલુંજ નહિં પણ વૈરાગ્યાદિ અન્ય વિષયના ગ્રંથોમાં પણ તે વિષયને દૃઢ કરવા ઠેકાણે ઠેકાણે મહાન્ પુરુષોના ચરિત્રનું વર્ણન કરેલું હોય છે. જ્યારે કાળ પ્રમાણને લીધે જૈની ભાઇઓ સંસ્કૃત ભાષામાં બહુ પછાત પડી ગયા અનેતેથી તેમને પૂર્વના આચાર્યોના પ્રવચનો લાભ મળવો બંધ થઇ ગયો એટલે પાછળના પંડિતોએ પૂર્વાચાર્યોના શ્રમને સફળ કરવા માટે તેમના ગ્રંથોનો સાર લઈ રાસ વિગેરે રચ્યા. તે પણ હાલને સમયે ઇંગ્લિશ વિદ્યાના સંયોગથી રાસ વિગેરે ગ્રંથો વાંચવાનો શોખ કમતી થઇ ગયો, ત્યારે વર્તમાન કાળને અનુસારે અભ્યાસ કરતા બાળક, બા

નાની અથવા મ્હોટી વયના માણસોને ગદ્યાત્મક ચરિત્રો વાંચવા ઉપર વધારે પ્રીતિ ઉત્પન્ન થતી જાય છે. જૈનકોમમાં પણ તેવી પ્રીતિ ઉત્પન્ન થતી દેખાય છે; પણ જૈની ભાઇઓને વાંચવા યોગ્ય તેવા સદ્બોધ દાયક બહુ ગ્રંથો પ્રસિદ્ધ થએલા દેખાતા નથી અને તેથી તે ભાઇઓ અન્યમતના ગ્રંથો વાંચી તેમાં પ્રવૃત્ત થાય છે. આમ થવાથી તેમના મનમાં ધર્મની દ્રઢતા પણ ધીમે ધીમે બાધકપણું પામે એવો સંભવ રહે છે. આવા કારણથી હાલના સમયના જૈની ભાઇઓને તેવા સ્વધર્મના નીતિ અને વૈરાગ્યથી ભરપૂર ગ્રંથો સહાય્યરૂપ થઈ પડશે એમ ધારી અમે આ ભરતેશ્વર બાહુબળિ વૃત્તિ નામનો ગ્રંથ ભાષાંતર કરાવી છપાવ્યો છે. આ ગ્રંથમાં (૬૭) મહાપુરુષોની અને (૫૩) મહાસતીઓની મળી કુલ (૧૨૦) કથાઓ આવેલી છે. મૂળ ગાથાઓ (૧૩) માગધિ ભાષામાં છે અને તે પ્રતિક્રમણમાં કહેવાય છે. તેના ઉપર પંડિત શ્રી શુભશીળગણિએ દશ હજાર શ્લોકને આશરે ટીકા કરી છે, તેનું ભાષાંતર લગભગ (૧૫૦૦૦) શ્લોકને આશરે થયું છે. ભાષાંતર કરતી વખતે અને તેને ફરી મૂળ ગ્રંથ સાથે મેળવતી વખતે ત્રણ ટીકાવાળી અને એક ટબાવાળી પ્રતનો આધાર લીધો હતો. ચાર પ્રતો મેળવવા છતાં તેમાંની એક પણ પ્રત જોઇએ તેવી શુદ્ધ નહોતી! આમ હોવાથી ભાષાંતર કરનારને તેમજ ભાષાંતર સાથે મેળવતી વખતે અમને બહુજ મુશીબત પડી હતી. દિલગીરી સાથે અમારે જણાવવું પડે છે કે, તેને લીધે બનતી સંભાળ રાખવા છતાં પણ આ ગ્રંથમાં કોઈ કોઈ સ્થળે અશુદ્ધતા રહી ગઈ હોય તો ના નહીં!

વળી બીજા ગ્રંથોની કથાઓ સાથે મેળવતાં આ ગ્રંથની કથાઓમાં કેટલેક સ્થળે ફેરફાર પણ જણાય છે. જેમ કે, કેટલાક ગ્રંથોમાં શ્રી મરુદેવી માતાના કલેવરને ખીરસમુદ્રમાં પધરાવ્યું સંભળાય છે, તો આ ગ્રંથમાં અગ્નિસંસ્કાર કર્યો એમ લખ્યું છે. ગિરનાર પર્વતની ગુફામાં પ્રથમ રહનેમિ કાઉસ્સગ્ગ કરીને ઉભા હતા, તેવામાં વર્ષાદ આવવાથી ભીંજાયલાં વસ્ત્ર સૂકવવા માટે અજાણપણે રાજીમતિએ તેમાં પ્રવેશ કર્યો. એમ અનેક ગ્રંથોમાં સાંભળીએ છીએ, ત્યારે આ ગ્રંથમાં તેથી જુદું-પ્રથમ ગુફામાં રાજિમતી હતાં અને પાછળથી અચાનક રહનેમિ ગયા એમ છે. શાંબ પ્રદ્યુમ્ન કુમાર શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યાની વાત પ્રસિદ્ધ હોવા છતાં, આ ગ્રંથમાં ગિરનાર પર્વત ઉપર મોક્ષ ગયા લખ્યું છે. ઇત્યાદિ કેટલીક વાતો આ ગ્રંથમાં આવી છે, પણ તેમાં અમારો ઉપાય શો? મૂળ ગ્રંથકારના વચનને ફેરવીને અમારાથી કેમ લખાય? એમ વિચારી અમે જે પ્રમાણે આ ગ્રંથમાં હતું, તેજ પ્રમાણે છપાવ્યું છે; છતાં વાંચનાર સજ્જનોને કોઇ વાત ફેરફાર જણાય તો ખુશીની સાથે અમને લખી જણાવવું કે, જેથી બીજી આવૃત્તિમાં અવશ્ય સુધારી લેવાય.

તેમજ એક પ્રતમાં એક કથા વધારે તો બીજી પ્રતમાં એક કથા ઓછી! એક પ્રતમાં કાળિકાચાર્યની ત્રણ કથાઓને બદલે માત્ર બેજ કથાઓ હતી. વધારે શું કહું! ત્રણ પ્રતોમાં શ્રીદેવીની કથાજ ન મળે! માત્ર એકજ પ્રતમાં હતી. જો અમે તે ચોથી પ્રત સાથે મુકાબલો ન કર્યો હોત તો અવશ્ય તે શ્રીદેવીની કથા રહીજ જાત. વળી નવાઇ જેવી વાત એ છે કે, મૂળગ્રંથમાં "જયંતી" નું નામ હોવા છતાં પણ ચારે પ્રતોમાં તેમજ અસલના બાળાવબોધમાં તેની કથાજ ન મળે! "હવે શું કરવું?" એમ વિચાર થઈ પડ્યો. મૂળગ્રંથકારે તેણીનું નામ લીધા છતાં તે કથા કેમ મૂકી દેવાય? છેવટ શ્રીમદ્ભગવતી સૂત્ર ઉપરથી ભાષાંતર કરાવી તેની નવીન કથા દાખલ કરી છે.

આ ગ્રંથમાં માત્ર કથાઓનોજ વિષય હોવાથી તેમાં આવેલી કથાઓ વાચક વર્ગને આનંદ સાથે બોધ આપે તેવી છે. આ ગ્રંથની અંદર દૃષ્ટાંત તરીકે માગધ અને સંસ્કૃત

ભાષાના પુષ્કળ શ્લોકો આવેલા છે. તે સર્વનું ભાષાંતર કરાવી અમે તેમાં દાખલ કર્યા છે. ભાષાંતર કરનારને માગધિ ભાષાનું જ્ઞાન ન હોવાથી તેમણે તે તે શ્લોકોનું ભાષાંતર અધુરૂં રાખ્યું હતું તે સર્વ શ્લોકોના અર્થ પંડિતવર્ય શ્રીમન્મોહનલાલજી મહારાજના શિષ્યોના અધ્યાપક દામોદર શાસ્ત્રીએ તસ્દી લઇ લખી આપ્યા છે, તેથી તેમનો આ સ્થળે ઉપકાર માનવામાં આવે છે.

## આવૃત્તિ બીજીની પ્રસ્તાવના.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ શ્રી જૈનવિદ્યાશાળા તરફથી છપાયેલી તેની તમામ નકલો ખપી જવાથી તે છાપવા છપાવવા સંબંધીના સર્વ પ્રકારના હક તેમની પાસેથી લેઇ આ બીજી આવૃત્તિ સુધારા સાથે છાપી બહાર પાડવામાં આવી છે. છતાં પણ તેમાં કંઇપણ કરવા સુધારવામાં રહી જવાથી અથવા તો અમારા દૃષ્ટિદોષથી યા મતિમંદપણાથી કાનો, માત્ર, મીંડી વિગેરેની ભૂલ થઇ હોય અથવા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાણ આવી ગયું હોય તો તેને માટે ચતુર્વિધ શ્રી સંઘની સાખે અમે મિચ્છામીદુક્કડં માગીએ છીએ.

પ્રસિદ્ધકર્તા.

# આ ગ્રંથમાં આવેલી કથાઓની અનુક્રમણિકા.

| કથાંક. | પૃષ્ઠાંક. |
|---|---|

## ( મહાસતીઓ. )

श्री जिनाय नमः

श्री

# भरतेश्वरबाहुबलिवृत्ति

## भाषांतर.

ત્યાં પ્રથમ ગ્રંથકર્તા શ્રી શુભશીલ મુનિ પાંચ શ્લોકવડે મંગળાચરણ કરે છે.

युगादौ व्यवहाराध्वा, सर्वो येन प्रकाशितः ॥
स श्रीवृषभयोगींद्रो, दद्याद्वोऽव्ययसंपदं ॥ १ ॥

જેમણે યુગના આરંભમાં સઘળો વ્યવહારમાર્ગ પ્રકાશ્યો છે, એવા યોગીંદ્ર શ્રી ઋષભદેવ તમને અક્ષયલક્ષ્મી આપો. ( ૧ )

त्यक्त्वा चक्रिश्रियं सद्यो, लेभे यः संयमश्रियं ॥
स श्रीशांतिजिनो भूयाज्जनानां शिवशर्मणे ॥ २ ॥

જેમણે ચક્રવર્તિની લક્ષ્મીનો ત્યાગ કરીને સંયમરૂપી લક્ષ્મીને ગ્રહણ કરી છે એવા શ્રી શાંતિનાથ ભગવાન્ પ્રાણીઓને મોક્ષના સુખને અર્થે થાઓ. ( ૨ )

येनार्गाचावतारेण, यदुवंशः पवित्रितः ॥
स श्रीनेमिजिनाधीशो, भूयाद्वोऽव्ययसंपदे ॥ ३ ॥

જેમણે જન્મ લઇને યાદવવંશને પવિત્ર કર્યો છે, એવા શ્રી નેમીશ્વર ભગવાન્ તમને અક્ષયસુખને અર્થે થાઓ. ( ૩ )

यस्य नामश्रुतेर्विघ्नश्रेणिर्याति क्षयं क्षणात् ॥
स श्रीपार्श्वप्रभुर्दद्यात्, कल्याणकमलां सतां ॥ ४ ॥

જેમનું નામ માત્ર શ્રવણ કરવાથી વિઘ્નની શ્રેણીઓ ક્ષણમાં નાશ પામે છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ સત્પુરૂષોને કલ્યાણરૂપી લક્ષ્મી આપો. ( ૪ )

सेवतेऽकमिषात् सिंहो, यं बलेन पराजितः ॥
स श्रीवीरविभुर्भूयाच्छ्रिये भूयाच्छरीरिणां ॥ ५ ॥

જેમને ચિન્હ (લંછન) ના મિષથી સિંહ સેવે છે અને જેઓ બળે કરીને અજીત છે. અર્થાત્ કોઇથી જીતી શકાય નહી એવા છે, એવા શ્રી વીરપ્રભુ પ્રાણીઓને શ્રેષ્ઠ લક્ષ્મી આપો. (૫

महात्मनां मुमुक्षूणां, सतीनां च सुयोगिनां ॥
नामोत्कीर्तनमात्रेण, शिवश्रीर्जायते नृणां ॥ ६ ॥

મોક્ષની ઇચ્છાવાળા અને ઉત્તમ યોગવાળા મહાપુરૂષોના તેમજ સતી સ્ત્રીઓના નામનું કીર્તન કરવાથી મનુષ્યોને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. ( ૬ )

तपागच्छाधिपाः श्रीमन्मुनिसुंदरसूरयः ॥
तच्छिष्यःशुभशीलाह्वो, भरतादि कथां व्यधात् ॥ ७ ॥

તપગચ્છના અધિપતિ શ્રીમાન્ મુનિસુંદરસૂરિના શિષ્ય એવા શુભશીલ મુનિએ આ " ભરત વિગેરેની " કથાઓને રચી છે. ( ૭ )

અને અખંડિત લક્ષ્મીવાળો થાય છે. પરદર્શનમાં પણ કહ્યું છે કે - હે યુધિષ્ઠિર ! એક માણસને સુવર્ણનો મેરુ અને સકળ પૃથ્વિનું દાન દે અને બીજાને જીવિતદાન દે; એ બે વાનાં સરખાં થાય નહીં. અર્થાત્ પહેલા કરતાં બીજું દાન ચઢે. માણસો સુખની ઇચ્છા કરે છે પણ ધર્મ વિના સુખ ક્યાંથી ? અને દયા વિના ધર્મ ક્યાંથી? માટે તે દયાને વિષે પ્રીતિવાળો થા. વળી શૈવશાસ્ત્રે હૃદયમંજરીને વિષે પણ કહ્યું છે કે—સત્પુરુષો અહિંસાને સર્વ ધર્મનું મૂળ કહે છે અને તે દયારહિત જે ધર્મ, તે હણાએલા નાયકની સેનાની પેઠે નાશ પામે છે. ગીતામાં પણ કહ્યું છે કે—હે અર્જુન ! હું પૃથ્વિમાં રહ્યો છું, તેમજ પાણી, અગ્નિ અને વાયુમાં પણ હું છું. વળી વનસ્પતિમાં પણ હું છું. ટૂંકામાં સર્વ ભૂતમાં રહ્યો છું. જે માણસ સર્વ પ્રાણીમાં રહેલા મને જાણીને કદિ પણ હિંસા કરતો નથી, તે માણસને હું નાશ નહિ પમાડું અને તે માણસ મને પણ ત્યાગ કરતો નથી. કારણ કે, જ્યાં જીવ છે, ત્યાં શિવ છે. આ ઉપરથી સ્થાવરમાં પણ જીવ છે, એમ સિદ્ધ થાય છે. માટે સાધુઓએ સર્વ પ્રકારે ત્રસ તેમજ સ્થાવર જીવોની હિંસા કરવી નહી. તેથીજ તેમણે પ્રાસુક એવાં અન્નાદિ ગ્રહણ કરવાં. એટલે આ સચિત્ત ફળ અમારા ઉપયોગનાં નથી. ” તે ઉપરથી ધનસાર્થવાહે કહ્યું. “હે પ્રભો ! આજથી હવે હું હમ્મેશાં પ્રાસુકજ અન્નાદિ આપીશ. ”

અનુક્રમે પ્રયાણ કરતાં કરતાં ‘પૃથ્વિને વિષે સર્વ ઠેકાણે અંકૂરાઓ ઉગી નિકળ્યા છે, સ્થળે સ્થળે જળની વૃદ્ધિ થઇ ગઇ છે, જડતા વધવા લાગી છે, સઘળું જગત્ નિઃકમળ થઇ રહ્યું છે, મલીન એવા જે મેઘો, તે ઉન્નતિ પામ્યા છે, સર્પ પણ પોતાના મંદિર ( બિલ ) ને વિષે પેસી જાય છે, લોકો પણ માર્ગને ત્યજી દે છે; હા ! કષ્ટદાયક છે કે, આ કળિકાળ પૃથ્વિને વિષે વર્ષાઋતુને રૂપે પ્રગટ થયો છે. એટલે વર્ષાસમયને લીધે મેઘ પડવા માંડ્યો, માર્ગ કાદવ વિગેરેને લીધે વિષમ થઇ ગયા.’ એવો વર્ષાકાળ આવ્યો, તેથી એક સ્થળે પર્વતની ઓડે સારી ભૂમિ જોઇને ધનસાર્થવાહે પડાવ નાંખ્યો અને આચાર્ય મહારાજ ત્યાં મણિભદ્ર શ્રાવકે આપેલા ઉપાશ્રયમાં રહ્યા.

કાળ વિલંબને લીધે ભાતું થઇ રહેવાથી સર્વ લોકો કંદમૂળ આદિનું ભક્ષણ કરવા લાગ્યા. એટલામાં બે મહિના વીતી ગયા, પછી કંઇક પ્રસંગે સાર્થવાહને ગુરુ વિષે વિચાર થઇ આવ્યો. તેણે વિચાર્યું કે, ‘મેં ગુરુને સાથે લીધા છે પણ બબ્બે માસ થયાં તેમના ભક્ત પાનાદિનીએ મેં ચિંતા કરી નથી ! તો આદરેલા કાર્યને વિસરી જનાર એવા અધમ—મને ધિક્કાર થાઓ. કારણ કે, જે અંગીકાર કરેલાને સંભારતા નથી, તેઓ અધમ કહેવાય છે.’ કહ્યું છે કે—કદાપિ મેરુપર્વત ચળે, સમુદ્રો મર્યાદા મૂકે, તો પણ નિર્મળ મનવાળા પુરુષોએ કહેલું વચન યુગાંતે પણ ફરતું નથી. જેટલો નિર્વાહ થાય તેટલું જ માત્ર બોલવું. મૃત્યુ પામેલાની વાણી નાશ પામે છે, પણ જીવતા માણસની તો નાશ ન પામે. પછી તુરત જ ઉઠીને સાર્થવાહ શ્રી ગુરુની સમીપે ગયો. ત્યાં તેમને વંદન કરીને બોલ્યો. “હે ભગવન્ ! હું અભાગ્યવાન્ છું કે, આપને મેં સાથે લીધા છતાં એક વાર પણ સાર સંભાળ ન લીધી ! તો આપનો નિર્વાહ દુઃખે કરીને થતો હશે ! ” તે ઉપરથી આચાર્યે કહ્યું. “ હે મહાનુભાવ ! આ સંઘ મ્હોટો છે, તેમાં ઘણા શ્રાવકો છે, તેમની પાસેથી સદા પ્રાસુક અન્ન પાનાદિ જે જોઇએ તે મળે છે. અમે ત્હારા સંઘને વિષે આવ્યા છીએ, તે જ તને મ્હોટું પુણ્ય થયું છે. ” ત્યારે સાર્થવાહે કહ્યું. “ જે પ્રાણીઓ પોતાના હાથે કરીને આપે છે, તે જ પામે છે. કહ્યું છે કે—જે વિવેકી પોતાના હાથથી જ સુપાત્રને અન્ન પાનાદિ આપે છે, તે અસંખ્યાતગુણા પુણ્યને ઉપાર્જન કરે છે તેમાં સંદેહ નથી. અર્થાત્ જે હાથે અપાય તે જ ખરૂં;

પણ પાછળ થાય તે નહીં. કારણ કે, જો મૃત્યુ પામેલાને શ્રાદ્ધ તૃપ્તિનું કારણ હોય, અર્થાત્ શ્રાદ્ધ કરવાથી જો મૃત્યુ પામેલા પ્રાણીઓ સંતોષાતા હોય, તો હોલાઇ ગએલા દીપકની શિખા તે તેલથી વૃદ્ધિ પામવી જ જોઇએ! પરંતુ તે શિખા વધતી નથી, તેમ શ્રાદ્ધ પણ મૃત્યુ પામેલાને પહોંચતું નથી."

આમ કારણ બતાવીને ધનસાર્થવાહે ગુરૂને કહ્યું. "હે પ્રભુ! મ્હારી સાથે બે સાધુઓને મોકલો. હું તેમને કંઇક પ્રાસુક અન્ન પાનાદિ વ્હોરાવીશ." તે ઉપરથી ગુરૂએ તેનો શુદ્ધ ભાવ સમજીને તેની સાથે બે સાધુઓને મોકલ્યા. પોતાની વસતિમાં જઇને સાર્થવાહે જોયું તો કંઇ પ્રાસુક અન્ન પાનાદિ દીઠામાં આવ્યું નહીં. કારણ કે, સર્વ થઇ રહ્યું હતું. એટલામાં તેણે એક પાત્રમાં ઠરી ગએલું ઘૃત દીઠું, તે લઇને તે દેવાને સાર્થવાહ શુદ્ધ ભાવથી ઉભો થયો, તે વખતે તેના શુદ્ધ ભાવ છે એમ જાણીને તથા ઘી પણ પ્રાસુક હતું તેથી સાધુએ તે વ્હોરયું. આ વખતે આ ઘૃતના દાનથી ધનસાર્થવાહે મનુષ્યના ભવનું પુણ્યાનુબંધિ પુણ્ય તેમ જ સમકિત ઉપાર્જન કર્યું. જિનાગમમાં કહ્યું છે કે—કોઇને ધન હોય છે, કોઇકને પાત્ર મળે છે, કોઇકને ધન હોય છે ને પાત્ર પણ મળે છે; પરંતુ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણેનો યોગ તો કોઇક ભાગ્યશાળી પુરૂષોનેજ મળે છે. વળી સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે—હે ભગવન્! તથારૂપ એવા શ્રમણ સાધુને પ્રાસુક અને એષણીક એવા અન્ન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારને આપનો થકો જીવ શું ફળ ઉપાર્જન કરે? ભગવાને કહ્યું. "હે ગૌતમ! તે જીવને જે આઠ કર્મની પ્રકૃતિ સખત બંધવાળી હોય, તે શિથિલ બંધવાળી થાય અને ઘણા કાળ સુધી સંસારમાં રહેવાની જે સ્થિતિ હોય, તે થોડા કાળની થાય, તેમજ સંસારરૂપ અટવીમાં જે લાંબા કાળનું પરિભ્રમણ હોય, તે થોડા કાળનું થાય છે." વળી અન્ન, પાન, વસ્ત્ર, રહેવાનું સ્થળ, શયન, આસન, સેવા, વંદન અને સંતોષ એ નવ વાનાં સાધુને આપવાથી નવ પ્રકારનું પુણ્ય કહેલું છે. સાધુને કલ્પનીય એવો કંઇ પણ આહાર કદિ પણ તેમને આપ્યા વિના ધીર એવો સુશ્રાવક, તે પોતે જમે નહીં. પર દર્શનમાં પણ કહ્યું છે કે—હે યુધિષ્ઠિર! અન્નનું દાન દે, અન્નનું દાન દે; કારણ કે, તે દાન આલોકને વિષે શીઘ્ર પ્રીતિને કરનારૂં છે. બીજું આપવાથી શું? અર્થાત્ અન્નથી અધિક કંઇ નથી. આ પ્રમાણે સુપાત્ર દાનના ફળનું મનન કરતા ધનસાર્થવાહે ઘૃતના દાનથી મુક્તિ જવાને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું.

આ પ્રમાણે તે શેઠ સદા ગુરૂને વંદન કરવાને અર્થે ઉપાશ્રયે આવતો. તેને ગુરૂએ આ પ્રકારે ધર્મ સંભળાવ્યો. "સંસાર સમુદ્ર તરવામાં વહાણ સમાન એવો જે આ શ્રાવક ધર્મ, તેની પ્રતિમામાં શ્રી વીતરાગે પ્રથમ સમકિત કહ્યું છે. ગયા છે રાગ દ્વેષ જેમના એવા પ્રભુ તે દેવ, પંચ મહાવ્રતધારી જે સુસાધુ તેજ ગુરૂ અને દયા સહિત ધર્મ તેજ ધર્મ; આવો જે દઢ વિચાર તેને સમકિત કહેવું. કહ્યું છે કે—જિનરાજનું વચન તે જ તત્ત્વ અને તેને વિષે જે રૂચિ થાય તે દ્રવ્ય સમકિત. તેમ જ ભાવનાઓની જે શ્રદ્ધા, તે અનિશ્ચયભાવ સમકિત કહેવાય છે. સમકિત પામે છતે પલ્યોપમ પૃથક્ત્વ કાળ ગયા પછી શ્રાવક થાય અને સંખ્યાતા સાગરોપમ કાળ ગયા પછી ઉપશમ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જો અંતર્મુહૂર્ત સુધી સમકિત પાળીને અને વમે, તો તેને અર્દ્ધ પુદ્ગળપરાવર્ત સંસાર બાકી રહે છે. ચારિત્રથી ભ્રષ્ટ થએલા અને શુદ્ધ સમકિતવાળા જીવો દ્રવ્યચારિત્ર રહિત થકા સિદ્ધિ પામે છે. પણ સમકિત રહિત સિદ્ધિ પામતા નથી. ઔચિત્ય ઉચિત કરવું, ગુરૂના અનુસારી થવું, જિન વચનમાં રતિવાળા થવું અને અગુણીમાં મધ્યસ્થ રહેવું; એ સમકિતદ્રષ્ટિનાં લિંગ છે. વળી,

બીજી અને ત્રીજી નરકમાં તથા વૈમાનિક દેવતાઓમાં અને તિર્યંચ પંચેંદ્રિયમાં ક્ષાયક અને ઉપસમ સમકિત; તેમજ ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી નરકમાં, તથા તિર્યંચણીઓને, ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી એ ત્રણ પ્રકારના દેવતાઓને ક્ષાયક, ઉપસમ, ક્ષયોપસમ, વેદક અને સાસ્વાદન એ પાંચ પ્રકારનાં સમકિત વીતરાગે કહ્યાં છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમકિતમોહની, મિથ્યાત્વમોહની અને મિશ્રમોહની; એ સાત પ્રકૃતિને ક્ષય કરવાથી જીવ શુભ ભાવવાળો અને ક્ષાયક સમકિતવાળો થાય છે. જે મિથ્યાત્વ ઉદય આવ્યું તે [illegible] અને જે ઉદય નથી આવ્યું તેને ઉપસમાવ્યું, તથા મિશ્ર ભાવે પરિણમીત [illegible] તે ક્ષયોપશમ સમકિત કહેવાય છે." ઇત્યાદિ સદુપદેશ રૂપી અમૃતથી ધનસ[illegible] મિથ્યાત્વ ત્યાગ કરી સમકિત ગ્રહણ કર્યું.

પછી વર્ષાકાળ [illegible] શુદ્ધ થયો ત્યારે ધનસાર્થવાહે પ્રયાણ કર્યું. કહ્યું છે કે – જે દિવસે આદ્રા [illegible] તે દિવસ ઘોર અનાવૃષ્ટિ થાય ( જરા પણ વર્ષાદ ન વરસે ) અને [illegible] આકાશમાં જો અગસ્ત્યનો તારો દિવસે ઉગે, તો પૃથ્વિ ઉપર જળ [illegible].

અનુક્રમે ધનસાર્થ[illegible] નગરે પહોંચ્યો. ત્યાં ક્રય વિક્રય ( લેવા વેચવા ) થી પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરી [illegible] પોતાના નગરે જવા નિકળ્યો. ત્યાં આવીને આયુષ્યનો અંત પામી [illegible] ધર્મ ક્ષેત્રોમાં ધનનો વ્યય કર્યો અને આયુષ્ય નાશે કરી [illegible] મૃત્યુ પામીને ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે સીતા નદીની ઉત્તર દિશાએ [illegible] ધનસાર્થવાહનો જીવ યુગલિયાપણે ઉત્પન્ન થયો. ( એ પ્રકારે બીજો યુગલિકનો ભવ. )

ત્યાં ૧ મત્તાંગ, ૨ ભૃતાંગ, ૩ તુર્યાંગ, ૪ દીપશિખાંગ અને ૫ જ્યોતિષ્કાંગ, ૬ ચિત્રાંગ, ૭ ચિત્રરસ, ૮ મણ્યંગ, ૯ ગૃહાકાર અને ૧૦ અનગ્ન[1] એ નામના દશ પ્રકારના કલ્પવૃક્ષો છે. તે તેને મનવાંછિત સુખ આપતા હતા. તેમનામાંના ૧ મત્તાંગ નામના કલ્પવૃક્ષો મદ્ય આપે છે. ૨ ભૃતાંગ નામના કલ્પવૃક્ષો મદ્ય પીવાને પાત્ર આપે છે. ૩ તુર્યાંગ નામના કલ્પવૃક્ષો વિવિધ મનોહર ઉત્તમ એવાં અનેક પ્રકારનાં વાજિંત્રો આપે છે. ૪ દીપશિખાંગ અને ૫ જ્યોતિષ્કાંગ નામના કલ્પવૃક્ષો અદ્ભુત પ્રકાશ આપે છે. ૬ ચિત્રાંગ નામના કલ્પવૃક્ષો પુષ્પોની માળાઓ આપે છે. ૭ ચિત્રરસ નામના કલ્પવૃક્ષો ભોજન આપે છે. ૮ મણ્યંગ નામના કલ્પવૃક્ષો આભૂષણો આપે છે. ૯ ગૃહાકાર નામના કલ્પવૃક્ષો ઘર આપે છે અને ૧૦ અનગ્ન નામના કલ્પવૃક્ષો દિવ્ય વસ્ત્રો આપે છે. આ પ્રમાણે દશ પ્રકારના કલ્પવૃક્ષે આપેલા સુખને ભોગવીને આયુષ્યને અંતે [illegible] દીધેલા દાનના પ્રભાવથી તે ( ધનસાર્થવાહનો ) જીવ સૌધર્મ દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયો. ( એ પ્રકારે ત્રીજો દેવતાનો ભવ. ) ત્યાં પણ સુખોને અનુભવી પછી ચ્યવીને તે દેવનો જીવ પશ્ચિમ મહાવિદેહને વિષે ગંધિલાવતી નામે વિજયમાં વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા ગંધાર દેશમાં ગંધસમૃદ્ધિ નગરને વિષે શતબળ નામના વિદ્યાધરના મહાબળ નામના પુત્રપણે ઉત્પન્ન થયો. (એ પ્રકારે ચોથો મહાબળ કુમારનો ભવ.) તેનું ત્યાં યૌવન ઉંમરે [illegible] અને શાસ્ત્રકળાનો અભ્યાસ [illegible] વિદ્યાધરોને [illegible] તે તે સુખને અનુભવે છે. એવામાં એક અવસરે [illegible] સિંહાસન ઉપર [illegible] બેઠેલા એવા તે રાજાને પ્રધાન [illegible] હતું. તે

1 બીજે ઠેકાણે [illegible]
[illegible]

[illegible] નામના મહર્ષિ [illegible] કરી છે, તે [illegible]
[illegible] આ આયુષ્ય [illegible] છે. [illegible]
[illegible] આ પ્રમાણે વિચાર કર્યો ! [illegible]
[illegible] આયુષ્ય [illegible] આ [illegible] આયુષ્ય સંબંધી [illegible]
[illegible] આ [illegible] આયુષ્ય [illegible] જ્યારે [illegible] ઉપદેશ [illegible]
[illegible] કૃતિ [illegible] એમ આગમમાં કહ્યું છે. માટે [illegible] ન પામે. [illegible]
[illegible] આ [illegible] સંબંધીને [illegible]
[illegible] ( [illegible] દેવતાના જાવ. )

[illegible] નામે દેવી હતી, તેની સાથે તે [illegible]
તે [illegible] દેવ [illegible] તેથી તેના વિરહથી વિધુર [illegible]
પામ્યો નથી. કહ્યું છે કે - દેવલોકને વિષે [illegible] પણ [illegible] આભરણોથી [illegible]
[illegible] દેવ [illegible] દેવતાઓ [illegible] માટે [illegible]
[illegible] છે તો તેમને શું [illegible] નામ કહેવાથી હોય ?

હવે પાછળ [illegible] પણ [illegible] નામે આચાર્યની પાસે દીક્ષા [illegible]
[illegible] દેવલોકને વિષે [illegible] નામે સામાનિક દેવપણે ઉત્પન્ન થયો.
[illegible] કહ્યું છે કે—તપ નિયમ કરવાથી [illegible] મળે છે, દાન દેવાથી ઉત્તમ ભોગો મળે છે, [illegible]
[illegible] અને અનશન કરીને મરણ પામવાથી [illegible] મળે છે. હવે [illegible]
[illegible] કે—[illegible] છે, તે [illegible] વિરહથી વિધુર [illegible]
[illegible] પણ [illegible] બાંધી રાખી શકતા નથી. [illegible]
[illegible] સમુદ્રમાં [illegible] મનુષ્યના મતિ, [illegible], પરાક્રમ, [illegible]
[illegible] કરે છે, [illegible] હું નિરંતર [illegible] કહ્યું છે કે,—[illegible]

[illegible] અને [illegible]

[illegible] મુક્તિમાર્ગનું [illegible]

[illegible] થાય છે,

[illegible]

નાગ્રોએ "જય જય નંદ" એવા શબ્દો ઉચ્ચર્યા, એટલે સાંવત્સરિક દાન દઇ દીક્ષા ગ્રહણ કરી. તેમને ક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. વજ્રનાભ પણ છ ખંડનું રાજ્ય મળવાથી પોતે સમસ્ત ચક્રવર્તિની પદ્ધીનો ભોક્તા થયો.

અન્યદા તેજ નગરને વિષે વજ્રસેન તિર્થંકર સમવસર્યા એટલે વજ્રનાભ ચક્રવર્ત્તિ પરિવાર સહિત તેમનો ધર્મોપદેશ સાંભળવાને ગયો. ત્યાં તીર્થંકર મહારાજાએ દેશના આપી કે "ગ્રહસ્થના ચિત્તને વિષે આખો દિવસ એવી ચિંતા રહ્યા કરે છે કે, મને લક્ષ્મી મળી નહી, તેમ બુદ્ધિ પણ ઉત્પન્ન થઇ નહી, મ્હારા પુત્રો દ્રવ્યવાન્ કે મહગુણી થયા નહી, મ્હારૂં કુટુંબ પણ હર્ષ પામતું નથી, રાજા દ્વેષ કરે છે, ખળ પુરૂષો કરડી નજર કરે છે, મ્હારૂં શરીર રોગે પીડિત છે અને પુત્ર પણ મહા દેવાદાર છે. વિવેકી પુરૂષો તો પૂર્વ જન્મમાં કરેલું પુણ્ય હમ્ણુ પહોંચતું હોય છે, ત્યાંજ ફરીથી તે નવું ઉપાર્જન કરવા માંડે છે અને અવિવેકી પુરૂષો ધર્મ રૂપ દ્રવ્યથી નિર્ધન છતાં પણ બીજાને ભક્ષણ કરનારાની પેઠે ધર્મ રૂપી ધન મેળવવાનો ઉપાય કરતા નથી." એ પ્રકારનો ધર્મોપદેશ સાંભળવાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, એટલે વજ્રનાભે બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ અને સુયશાની સાથે દીક્ષા ગ્રહણ કરી. વજ્રનાભ મુનિ ગુરૂની પાસે અભ્યાસ કરતાં કરતાં દ્વાદશાંગીના ધારક થયા અને બીજાઓ અગીઆર અંગ ભણ્યા. વજ્રનાભ મુનિએ અરિહંતાદિક મનોહર વીશ સ્થાનકને આરાધવાથી સંસાર સમુદ્રને તારનારૂં તીર્થંકર નામ ગોત્રકર્મ બાંધ્યું. તે વીશસ્થાનક આ પ્રમાણે:—અરિહંત અને અરિહંતોની પ્રતિમાની પૂજાથી, તેમના અવર્ણવાદનો નિષેધ કરવાથી અને સદ્ભૂત અર્થવાળી તેમની સ્તવના કરવાથી પહેલું (અરિહંત પદ) સ્થાનક આરાધાય છે (૧). સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધની ભક્તિને અર્થે જાગરણ ઉત્સવ કરવાથી તથા યથાર્થપણે સિદ્ધપણાનું કીર્તન કરવાથી બીજું ( સિદ્ધ પદ ) સ્થાનક આરાધાય છે (૨). બાળ, ગ્લાન અને નવદીક્ષિત શિષ્ય વિગેરે યતિઓના અનુગ્રહ (ભક્તિ) કરવાથી તથા પ્રવચન (ચતુર્વિધ સંઘનું) વાત્સલ્ય કરવાથી ત્રીજું (પ્રવચન પદ) સ્થાનક આરાધાય છે (૩). બહુમાન પૂર્વક આહાર, ઔષધ અને વસ્ત્ર વિગેરેના દાનવડે ગુરૂનું વાત્સલ્ય કરવાથી ચોથું (આચાર્ય પદ) સ્થાનક આરાધાય છે ( ૪ ). વીશ વર્ષની દીક્ષાપર્યાયવાળા (પર્યાય સ્થવિર ) સાઠ વર્ષની પર્યાયવાળા ( વય સ્થવિર ) અને સમવાયાંગના ધરનાર ( શ્રુત સ્થવિર ) ની ભક્તિ કરવાથી પાંચમું ( સ્થવિર પદ ) સ્થાનક આરાધાય છે ( ૫ ). અર્થની અપેક્ષાએ પોતાથી બહુશ્રુતપણાને ધારણ કરનારાઓનું અન્ન વસ્ત્રાદિ આપવા વિગેરે વાત્સલ્ય કરવાથી છઠ્ઠું ( ઉપાધ્યાય પદ ) સ્થાનક આરાધાય છે (૬). ઉત્કૃષ્ટ તપને કરનારા મુનિઓનું ભક્તિ અને વિશ્રામણાવડે વાત્સલ્ય કરવાથી સાતમું (સાધુ પદ) સ્થાનક આરાધાય છે (૭). પ્રશ્ન અને વાચના વિગેરેથી નિરંતર દ્વાદશાંગી રૂપ શ્રુતનો સૂત્ર, અર્થ અને તે બન્નેથી જ્ઞાન ઉપયોગ કરવાથી આઠમું (જ્ઞાન પદ) સ્થાનક આરાધાય છે (૮). શંકા વિગેરે દોષથી રહિત, સ્થૈર્ય વિગેરે ગુણોથી ભૂષિત અને શમાદિ લક્ષણ વાળા સમ્યગ્દર્શનથી નવમું (દર્શન પદ) સ્થાનક આરાધાય છે (૯). જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એ ચાર પ્રકારનો કર્મ દૂર કરનારો વિનય, તેથી દશમું ( વિનય પદ ) સ્થાનક આરાધાય છે (૧૦). ઇચ્છામિથ્યાકરણાદિક દશ વિધ સામાચારીના યોગમાં અને આવશ્યકમાં અતિચાર રહિતપણે યત્ન કરવાથી અગીઆરમું (ચારિત્ર પદ) સ્થાનક આરાધાય છે (૧૧). અહિંસાદિક મૂળ ગુણોમાં અને સમિત્યાદિક ઉત્તર ગુણોમાં અતિચાર રહિત પ્રવૃત્તિ કરવાથી બારમું ( બ્રહ્મચર્ય પદ ) સ્થાનક આરાધાય છે ( ૧૨ ). ક્ષણે ક્ષણે

૧ શંખ, ૨ વિશ્વકર્મા, ૩ વિમળ, ૪ સુલક્ષણ, ૫ અમળ, ૬ ચિત્રાંગ, ૭ ખ્યાતકીર્તિ, ૮ વરદત્ત, ૯ દત્ત, ૧૦ સાગર, ૧૧ યશોધર, ૧૨ વર, ૧૩ સ્થાવર, ૧૪ કામદેવ, ૧૫ ધ્રુવ, ૧૬ વત્સ, ૧૭ નંદ, ૧૮ સૂર્ય, ૧૯ સુનંદ, ૨૦ કુરૂ, ૨૧ અંગ, ૨૨ વંગ, ૨૩ કોશળ, ૨૪ વીર, ૨૫ કલિંગ, ૨૬ માગધ, ૨૭ વિદેહ, ૨૮ સંગમ, ૨૯ દશાર્ણ, ૩૦ ગંભિર, ૩૧ વસુવર્મા, ૩૨ સુવર્મા, ૩૩ રાષ્ટ્ર, ૩૪ સુરાષ્ટ્ર, ૩૫ બુદ્ધિકર, ૩૬ વિવિધકર, ૩૭ સુયશ, ૩૮ યશકીર્તિ, ૩૯ યશસ્કર, ૪૦ કીર્તિકર, ૪૧ સુષેણ, ૪૨ બ્રહ્મસેન, ૪૩ વિક્રાંત, ૪૪ નરોત્તમ, ૪૫ ચંદ્રસેન, ૪૬ મહસેન, ૪૭ સુષેણ, ૪૮ ભાનુ, ૪૯ કાંત, ૫૦ પુષ્પયુત, ૫૧ શ્રીધર, ૫૨ દુર્દ્ધર, ૫૩ સુસુમાર, ૫૪ દુર્જય, ૫૫ અજયમાન, ૫૬ સુધર્મા, ૫૭ ધર્મસેન, ૫૮ આનંદન, ૫૯ આનંદ, ૬૦ નંદ, ૬૧ અપરાજિત, ૬૨ વિશ્વસેન, ૬૩ હરિષેણ, ૬૪ જય, ૬૫ વિજય, ૬૬ વિજયંત, ૬૭ પ્રભાકર, ૬૮ અરિદમન, ૬૯ માન, ૭૦ મહાબાહુ, ૭૧ દીર્ઘબાહુ, ૭૨ સ્થિભ, ૭૩ સુઘોષ, ૭૪ વિશ્વવિશ્વ, ૭૫ વરાહ, ૭૬ વસુ, ૭૭ સેન, ૭૮ કપિલ, ૭૯ શૈલવિહારી, ૮૦ અરિંજય, ૮૧ કુંજરબળ, ૮૨ જયદેવ, ૮૩ નાગદત્ત, ૮૪ કાશ્યપ, ૮૫ બળ, ૮૬ વીર, ૮૭ સુખમતિ, ૮૮ સુમતિ, ૮૯ પદ્મનાભ, ૯૦ સિંહ, ૯૧ શપાતિ, ૯૨ સંયત, ૯૩ સુનાથ, ૯૪ નરદેવ, ૯૫ ચિત્રહર, ૯૬ સુરવર, ૯૭ દ્રઢરથ, ૯૮ પ્રભંજન. એ પ્રમાણે ઋષભદેવને સો પુત્ર અને બે પુત્રીઓ થઈ.

ક્રમે કરીને કલ્પવૃક્ષો હીનસત્વ થઈ ગયા. તેમની ફળ આપવાની શક્તિ પણ હીન થઇ ગઈ, તેથી કષાય વધી પડયો. નીતિ મર્યાદાનું ઉલ્લંઘન થવા માંડયું. એમ યુગળિયા પરસ્પર કળહ કરવા લાગ્યા. ત્યારે નાભિરાજાએ તેમને શ્રી ઋષભદેવને સોંપ્યા. તે ઉપરથી યુગળિયાઓ મર્યાદાને અર્થે ( ઋષભદેવને રાજ્યાભિષેક કરવા માટે ) મ્હોટા સ્થાનક ઉપર બેસારીને હાથમાં કમળપત્ર લઇને ભગવાનને અભિષેક કરવા માટે જળ લેવાને ગયા. અહિં ઇંદ્ર સ્વર્ગથી આવીને પ્રભુને રત્નના સિંહાસન ઉપર બેસારીને, બાવનાચંદનથી વિલેપન કરીને અને આભૂષણ વસ્ત્ર પહેરાવીને પ્રચ્છન્નપણે એક બાજુએ ઉભો રહ્યો. એટલામાં તે યુગળિયા જળ લઇને આવ્યા. ત્યાં તો પ્રભુને આ પ્રકારે જોઇને તેમને પ્રદક્ષિણા દઇને ચિંતવવા લાગ્યા. "જો જળને મસ્તક ઉપર રેડીશું, તો સર્વ વસ્ત્ર ખરાબ થશે." એમ ધારી તેઓએ તેમના ચરણની નીચે અભિષેક કર્યો. આ વિનયથી સંતુષ્ટ થએલો ઇંદ્ર પ્રગટ થઇને પ્રભુને ભક્તિવડે પ્રણમીને બોલ્યો કે, "આ યુગળિયા વિનીત છે." તે ઉપરથી વળી તેણે ત્યાં બાર જોજન લાંબી અને નવ જોજન વિસ્તારવાળી (પહોળી ) નવી નગરી બંધાવી, તેનું વિનીતા એવું નામ પાડયું. પ્રભુના જન્મથી વીશ લાખ પૂર્વ વીતે થકે પ્રભુએ કેટલાક યુગળિયાને પોતાના પ્રધાનપદ ઉપર નીમ્યા, કેટલાકને ઉગ્ર એવા કોટવાળપદ ઉપર અને કેટલાકને ગુરૂ સ્થાનકે નીમ્યા. કેટલાકને મિત્ર તથા રાજન બનાવ્યા અને બાકીનાને ક્ષત્રિય તથા પાયદળ કર્યા. પછી પ્રભુએ હસ્તિ, ઘોડા, ગાય અને મહિષાદિકનો સંગ્રહ કર્યો.

હવે કલ્પવૃક્ષ તો વ્યુચ્છેદ થયા છે, તેથી યુગળિયા અપક્વ ઔષધિ ( કાચાં અન્ન ) આદિનું ભક્ષણ કરવા લાગ્યા, તેથી તેમના પેટમાં દુઃખ થવા લાગ્યું. એટલે પ્રભુએ કહ્યું. "તેને હાથવડે મસળીને અથવા કાખ (બગલ) માં રાખીને પછી ખાઓ." એમ કરતાં પણ આહાર પચ્યો નહિ. અજીર્ણ થવા માંડયું. તેવામાં પરસ્પર વૃક્ષની શાખાના ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થયો. તે જોઇને તેઓ ભયભીત થયા થકા પ્રભુની પાસે આવી કહેવા લાગ્યા કે, "હે ભગવન્! અમારી ઔષધિયો ભક્ષણ કરવા માટે આ રાક્ષસ ઉત્પન્ન થયો

છે." પ્રભુએ અવધિજ્ઞાનવડે અગ્નિની ઉત્પત્તિ જાણીને કહ્યું કે, "તે રાક્ષસ રૂપ અગ્નિમાં ઔષધિઓ મૂકીને પછી તે ઔષધિઓને તમે ખાઓ." જ્યારે તેમ કર્યું એટલે તે રાક્ષસ રૂપ અગ્નિ સર્વ ઔષધિ ભક્ષણ કરી ગયો! એટલે તે યુગલિયાઓએ ફરીને પ્રભુ પાસે જઇ તે વાત કહી. તે વખતે પ્રભુ હસ્તિ ઉપર બેઠા હતા. એટલે તેમણે ત્યાંજ એક માટીનો પિંડ મંગાવીને હસ્તિના કુંભસ્થળ ઉપર મૂકી તેના (કુંભના) આકારનું એક પાત્ર બનાવી આપ્યું અને કહ્યું કે, "આ પ્રકારનાં પાત્રો બનાવી અગ્નિમાં પકવી, તે ઉપર ઔષધિ મૂકી પછી તે ભક્ષણ કરો." એટલે હવે તેઓ પ્રભુએ કહેલી વિધીએ ઔષધિ ભક્ષણ કરવા લાગ્યા તેથી સુખી થયા.

પછી પ્રભુએ શિલ્પ વિજ્ઞાન સો ભાગનાં પ્રગટ કર્યાં. તે આ પ્રમાણે.— ૧ કુંભાર, ૨ લુહાર, ૩ ચિતારા, ૪ વણનાર અને ૫ હજામ; એ પાંચમાંથી એકેકના વીશ વીશ ભેદ કરતાં કુલ સો ભેદ થાય છે. પછી પ્રજા પણ તે પ્રકારે શિલ્પ કળાઓ કરવા લાગી. પછી સામ, દામ, દંડ અને ભેદ રૂપ ચાર પ્રકારની નીતિ પ્રગટ કરી. પુરુષની બહોંતેર કળાઓ ભરતને શીખવી અને સ્ત્રીની ચોસઠ કળાઓ બાહુબળીને શીખવી. તે આ પ્રમાણેઃ—

૧ લેખનકળા, ૨ પઠનકળા, ૩ ગણિતકળા, ૪ ગીત ગાવાની કળા, ૫ નૃત્યકળા, ૬ તાલમાનની કળા, ૭ ઢોલ વગાડવાની કળા, ૮ મૃદંગ વગાડવાની કળા, ૯ વીણા વગાડવાની કળા, ૧૦ વાંસળી વગાડવાની કળા, ૧૧ ભેરી વગાડવાની કળા, ૧૨ હસ્તિ પરખવાની કળા, ૧૩ અશ્વ પરખવાની કળા, ૧૪ ધાતુવેદની કળા, ૧૫ દૃષ્ટિવાદની કળા, ૧૬ મંત્રવાદની કળા, ૧૭ પલિત વિનાશની કળા, ૧૮ રત્ન લક્ષણ ૧૯ સ્ત્રી લક્ષણ, ૨૦ પુરુષ લક્ષણ, ૨૧ છંદરચના, ૨૨ તર્કવાદ, ૨૩ ન્યાય ૨૪ તત્વવિચાર, ૨૫ કાવ્યરચના, ૨૬ જ્યોતિષ, ૨૭ ચારવેદની કળા, ૨૮ વૈદ્યકળા, ૨૯ ષટ્ભાષા જ્ઞાન, ૩૦ વશીકરણ, ૩૧ અંજન, ૩૨ લીપિ, ૩૩ કૃષિકર્મ, ૩૪ [illegible], ૩૫ વ્યાપાર, ૩૬ રાજસેવા, ૩૭ શકુન, ૩૮ ચંદ્રસ્તંભ, ૩૯ વાયુસ્તંભન, ૪૦ અગ્નિસ્તંભન, ૪૧ વર્ષાદ વરસાવવાની કળા, ૪૨ લેપન કળા, ૪૩ મર્દનકળા, ૪૪ ઉર્ધ્વ જવાની કળા, ૪૫ ઘટબંધનની કળા, ૪૬ પત્રો ફેરવો, ૪૭ પત્ર છેદવાં ૪૮ મર્મ ભેદન, ૪૯ ફળ ખેંચવાં, ૫૦ પાણીવૃષ્ટિ. ૫૧ લોકાચારશીખવાની કળા, ૫૨ લોકોની ગરજ રાખવાની કળા, ૫૩ ફળ ભરવાની કળા, ૫૪ ખડગ ધારવાની કળા, ૫૫ છુરીબંધન, ૫૬ મુદ્રાકરણ, ૫૭ લોહઘટન, ૫૮ દંત સમારવું, ૫૯ કાષ્ઠછેદન, ૬૦ ચિત્રકરણ, ૬૧ બાહુયુદ્ધ, ૬૨ દૃષ્ટિયુદ્ધ, ૬૩ મુષ્ટિયુદ્ધ; ૬૪ દંડયુદ્ધ. ૬૫ ખડ્ગયુદ્ધ. ૬૬ વચનયુદ્ધ, ૬૭ ગરુડમર્દન, ૬૮ સર્પદમન, ૬૯ ભૂતદમન, ૭૦ યોગધ્યાન, ૭૧ [illegible] અને ૭૨ નામાવળિ.

૧ નૃત્ય કરવાની કળા, ૨ આદર દેવાની કળા, ૩ ચિત્રકળા, ૪ વાદકળા, ૫ મંત્રકળા, ૬ તંત્રકળા, ૭ જ્ઞાનકળા, ૮ વિજ્ઞાનકળા, ૯ દંડકળા, ૧૦ જળસ્તંભન કળા, ૧૧ ગીત ગાવાની કળા, ૧૨ તાલમાનની કળા, ૧૩ મેઘવૃષ્ટિની કળા, ૧૪ ફળાકૃષ્ટિની કળા, ૧૫ વચન ગોપન, ૧૬ આકાર ગોપન, ૧૭ ધર્મ વિચાર, ૧૮ શકુન વિચાર, ૧૯ ક્રિયાકલ્પ ૨૦ સંસ્કૃતભાષા બોલવી, ૨૧ પ્રસાદનીતિ, ૨૨ ધર્મનીતિ. ૨૩ વર્ણિકાવૃદ્ધિ, ૨૪ સુવર્ણસિદ્ધિ, ૨૫ સુગંધી તેલ કરવું, ૨૬ લીલા સહિત ચાલવું, ૨૭ હસ્તિ ઘોડાની પરિક્ષા કરવી, ૨૮ સ્ત્રી પુરુષનાં લક્ષણ જાણવાં, ૨૯ સુવર્ણ રત્નભેદનું જ્ઞાન, ૩૦ અઢાર જાતિની લીપી, ૩૧ તાત્કાલિક બુદ્ધિ. ૩૨ વાસ્તુકસિદ્ધિ, ૩૩ વૈદ્યક્રિયા, ૩૪ કામક્રિયા, ૩૫ ઘટભ્રમ, ૩૬ સારિ પરીશ્રમ, ૩૭ અંજનયોગ, ૩૮ ચૂર્ણયોગ, ૩૯ હસ્તલાઘવ, ૪૦ વચન ચતુરતા, ૪૧ ભોજન વિધિ, ૪૨ વ્યાપાર વિધિ, ૪૩ મુખમંજન, ૪૪ શાળિખંડન, ૪૫ કથા કહેવી, ૪૬ ફૂલગૂંથન,

૪૭ વાંકું બોલવું, ૪૮ કાવ્યશક્તિ, ૪૯ વેષ બનાવવો, ૫૦ સર્વ પ્રકારની ભાષાઓ બોલવી, ૫૧ અભિધાન જ્ઞાન, ૫૨ ઘરેણાં પહેરવાં, ૫૩ રાજાની ભક્તિ કરવી, ૫૪ ઘરનો આચાર શીખવો, ૫૫ કાવ્યકરણ, ૫૬ પરને હરાવવો, ૫૭ ધાન્ય રાંધવું, ૫૮ કેશ બાંધવા ગૂંથવા, ૫૯ વીણા વગાડવી, ૬૦ વિતંડાવાદ, ૬૧ અંકવિચાર, ૬૨ લોકવ્યવહાર, ૬૩ અંત્યાક્ષરિકા અને ૬૪ પ્રશ્નપ્રહેલિકા.

અશ્વ અને હસ્તિનાં લક્ષણ પણ પ્રગટ કર્યાં. જમણે હાથે બ્રાહ્મીપુત્રીને અઢાર લીપિ શીખવી. તે આ પ્રમાણે:—

૧ હંસ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ ઉડ્ડ. ૬ યાવની, ૭ તુરકી, ૮ કીરિ, ૯ દ્રાવડી, ૧૦ સૈંધવી, ૧૧ માળવી, ૧૨ નડી, ૧૩ નાગરી, ૧૪ લાટી, ૧૫ પારિસી, ૧૬ અનિમિત્તિ, ૧૭ ચાણાક્ષી અને ૧૮ મૂળદેવી લીપિ. તથા ડાબે હાથે શાસ્ત્રગણિતાદિ સુંદરીને શીખવ્યાં. આ પ્રમાણે પ્રભુએ ત્રેસઠ લાખ પૂર્વ સુધી નિષ્કંટક રાજ્યલક્ષ્મીને ભોગવી.

એવામાં અઢારભાર વનસ્પતીને ખીલવનારી વસંતઋતુ આવી. તે વખતે સારસ્વતાદિ દેવતાએ આવીને પ્રભુને વિનંતી કરી, "આપ ધર્મતીર્થ પ્રવર્તાવો." એટલે પ્રભુએ અવધિજ્ઞાનવડે સંયમ લેવાનો અવસર જાણીને ભરતને અયોધ્યાનું રાજ્ય, બાહુબલીને બહુલી દેશનું રાજ્ય અને બીજા પુત્રોને યથાયોગ્ય ગામ નગર આપ્યાં. પછી ચૈત્ર શુદિ આઠમના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રને ચંદ્રમાનો યોગ થએ થકે પ્રભુ, સુર અસુરોએ ઉપાડેલી સુદર્શના નામની શિબિકામાં બેસીને, ઇંદ્રાદિક તથા બીજા રાજાઓએ પણ પરિવરેલા થકા રાજમાર્ગે ચાલતા હતા. દેવદુંદુભી પ્રમુખ વાજિંત્રો વાજતે ગાજતે પ્રભુ સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં આગળ શિબિકામાંથી ઉતરીને અશોકવૃક્ષ તળે આવી તેમણે વસ્ત્રાભૂષણોનો ત્યાગ કર્યો. ત્યાં ઇંદ્રે આપેલા દેવદૂષ્ય વસ્ત્રને ખભે મૂકીને ચારમુષ્ટિ લોચ કર્યો; પરંતુ ઇંદ્રના આગ્રહથી પ્રભુએ મસ્તકની પછવાડે એક મુષ્ટિ લોચ રહેવા દીધો. ઇંદ્રે ધરેલ કોલાહલને નિવારે થકે પ્રભુએ નમસ્કાર ઉચ્ચારણ પૂર્વક સંયમ ગ્રહણ કર્યો. તે વખતે નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. કહ્યું છે કે સર્વ પ્રકારનાં અનુષ્ઠાનોને સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી સંયમને ગ્રહણ કરે. તીર્થંકરો જ્યાં સુધી ગૃહવાસમાં હોય છે, ત્યાં સુધી તેઓને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હોય છે; પણ જ્યારે ચારિત્ર ગ્રહણ કરે છે ત્યારે તેમને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી તેઓ કેવળજ્ઞાન નથી પામતા, ત્યાં સુધી તેઓ છદ્મસ્થ કહેવાય છે. પછી ભરતાદિ બધા રાજાઓએ વાર્યા છતાં પણ કચ્છ અને મહાકચ્છ વિગેરે ચાર હજાર રાજાઓએ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. એટલે ઇંદ્રાદિ સ્વસ્થાને ગયા અને પ્રભુ પણ અન્યત્ર વિહાર કરી ગયા.

હવે પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલાં અશુભ કર્મને લીધે ભિક્ષા નહિ મળવાથી પ્રભુ એક વર્ષ સુધી આહાર વિના વિહાર કરી ગજપુર નગરમાં આવ્યા. ત્યાં બાહુબલિના પુત્ર સોમયશાને એવું સ્વપ્ન આવ્યું હતું કે, "શત્રુએ વિંટાએલ કરે થકે પણ શ્રેયાંસપુત્રની સહાયથી તે વિજયી નિવડ્યો છે." વળી ગામના સુબુદ્ધિ શેઠે પણ એવું સ્વપ્ન દીઠું કે, "સૂર્યમંડળથી ખરતાં કિરણો કોઈ પાછાં ફેરવે નહિ, તેને શ્રેયાંસ કુમારે ફરી ત્યાંજ સ્થાપ્યાં." વળી ત્રીજું સ્વપ્ન શ્રેયાંસ કુમારને આવ્યું તે એવું કે, "મેરૂપર્વત મલિન થયો, તેને (મેં) દૂધે સિંચીને ઉજ્વળ કર્યો." હવે પ્રભાતે સર્વે એકઠા થયા. ત્યાં સહુએ વિચાર કર્યો કે, શ્રેયાંસ કુમારને મોટો લાભ થશે. એમ ધારી સૌ પોત પોતાને સ્થાને ગયા.

એવા સમયે વિશ્વ લોકોમાં ભિક્ષાર્થે ફરી રહ્યા છે, જ્યાંથી કંઈ પણ ગ્રહણ

કરતા નથી. તે સાંભળીને શ્રેયાંસકુમાર ગોખમાંથી ઉતરીને તેમના દર્શનને અર્થે પ્ર
સન્મુખ ગયો. તેમના દર્શનથીજ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેને ખ
ડી કે, પ્રભુએ હમણાંજ દીક્ષા લીધી છે. એવું જાણીને તે શ્રેયાંસ કુમાર તેમને યોગ્
વા પ્રાસુક આહારનો તત્કાળ વિચાર કરવા લાગ્યો. તે વખતે લોકોએ તેમને વહોરા
(આપવાને) અર્થે હસ્તિ, અશ્વ, કન્યા અને આભરણો વિગેરે આણ્યાં; પરંતુ તે સર્વ
ને પ્રભુ શ્રેયાંસકુમારના ઘર પ્રત્યે આવ્યા.

ત્યાં કોઈક રાજાએ શ્રેયાંસ કુમારને શેરડીના રસના સો ઘડા ભેટ દાખલ આ
છે. તેનેજ પ્રાસુક આહાર જાણીને, તે પ્રભુને અંજલિ જોડી કહેવા લાગ્યો. "હે પ્રભુ
સ્ત લાંબા કરો અને અમને નિસ્તારો. અમારો ઉદ્ધાર કરો. આ બેતાળીશ દોષ
આહાર સ્વિકારો." અહિં કવી ઘટના કરે છે કે, પ્રભુનો જમણો હાથ ભિક્ષા લેવા
લાંબો થયો નહિ, તે જોઈ પ્રભુ કહે છે કે, હે "દક્ષિણ હસ્ત! તું ભિક્ષા કેમ નથી લે
ત્યારે જમણા હાથે કહ્યું. "હું તો દાતાર હાથ છું, તે લેની હેઠે 'દાતારના હાથ નીચે
રાખી) કેમ ભિક્ષા લઉં? કારણ કે, પૂજા, ભોજન, દાન, શાંતિકર્મ કરવું, કળા,
ગ્રહણ, સ્થાપના, લેખું અને વ્યાપાર પ્રમુખ રૂડાં કાર્ય કરવાને હું બંધાયેલો
ત્યારે ડાબો હાથ બોલ્યો. "હું ડાબો હાથ સંગ્રામે વિષે આગળ થઉં છું, ગણવી
ડાબી બાજુએથી થાય છે, શકુન પણ ડાબે ગણ્યે થાય છે. જમણો હાથ તો એ
વ્યસનમાં પ્રવર્તે છે. માટે તે જમણો હાથજ ભિક્ષા ગ્રહણ કરશે." તે ઉપરથી પ્રભુએ
મણા હાથને કહ્યું. 'તેંજ રાજ્યલક્ષ્મી મેળવી છે. કલ્પના સમૂહને દાનમાં દઇ દેવાથી
કૃતાર્થ કરેલ છે. તું શ્રેષ્ઠ છે, તો પણ હમણાં આ દાન ગ્રહણ કર અને દાનાના
દયા કર." આ પ્રમાણે જમણા હાથને પ્રતિબોધીને તે હાથને શ્રેયાંસ નૃપ પાસે તા
ક્ષુરસથી પૂરાવ્યો એવા શ્રી ઋષભ પ્રભુ તમારૂં રક્ષણ કરો.

આ જિનેશ્વરને વર્ષ દિવસે પારણું થયું. શ્રેયાંસકુમારનો યશ ત્રણ ભુવનમાં વિ
પામ્યો ને તેના આંગણામાં બારક્રોડ રત્નની વૃષ્ટિ થઇ. "અહો! શ્રેયાંસ નૃપે મહત્
દીધું" એવી આકાશવાણી થઇ. દેવતાઓએ બારક્રોડ સોના મહોરોની વૃષ્ટિ કરી.
સ કુમારના જશથી ત્રણ ભુવન ભરાણાં, રસથી ભગવાનના હાથ ભરાણા, દ્રવ્યથી
કુમારનું ઘર ભરાણું અને આત્માએ નિરુપમ સુખ ઉપાર્જ્યું. એમ સુપાત્રદાનનું મ્હોટું
છે. કહ્યું છે કે—ઋષભદેવ સરખું પાત્ર, ઇક્ષુરસ સરખું નિરવદ્ય દાન અને શ્રેયાંસકુમા
વો ઉત્કૃષ્ટ ભાવ; એ સર્વ માગ્યું હોય તો એવુંજ થાઓ. અર્થાત્ માગીએ તો એવોજ
મળજો. અહીં કચ્છાદિ ભિક્ષા નહિ મળવાથી વનમાં તાપસ થયા. જેને લોકો
જટાધારી કહે છે. તે કચ્છ અને મહાકચ્છના પુત્રો નમિ અને વિનમિ પ્રભુએ દીક્
થી ત્યારે દૂર ગયા હતા, તે પાછળથી આવ્યા. તેમનું મન ભરતની સેવા કરવા ઉપ
નું નહી, તેથી તેઓ પ્રભુ પાસે આવ્યા. તેમણે પ્રભુને કહ્યું. "હે સ્વામિન્! અમે આ
સેવકો છીએ, તેથી અમે ભરતની પાસે રાજ્યાદિકની યાચના કરીશું નહી." પછી
જ્યાં જ્યાં પ્રભુ વિહાર કરતા, ત્યાં ત્યાં માર્ગે કાંકરા પ્રમુખને દૂર કરવા લાગ્યા અને
જ્યાં પ્રભુ કાયોત્સર્ગ કરે, ત્યાં તે બંન્ને હાથમાં ખડ્ગ લઇને પ્રભુની બંન્ને બાજુએ
રહેવા લાગ્યા ને સવારે સવારે પ્રભુની કમળવડે પૂજા કરીને કહેવા લાગ્યા કે; "
રાજ્ય આપો." એકસે ત્યાં ધરણેંદ્ર આવીને કહેવા લાગ્યો કે, "હે નમિ વિનમિ! તમે રાજ
અર્થી જણાઓ છો, પણ પ્રભુ તો મમતા તથા દ્રવ્ય રહિત છે, તેથી ભરત પાસે

માગો.” ત્યારે તેમણે કહ્યું. “ જો પ્રભુને રાજ્ય આપવું હોય તો આપે, નહિ તો અમે અહિં આમજ રહીશું.”

ધરણેંદ્ર તેમને દૃઢ ભક્તિવાળા જોઇ અતિશય સંતુષ્ટ થઇને પ્રભુના મુખમાં પ્રવેશ કરીને બોલ્યો. “તમે વૈતાઢ્ય પર્વત ઉપર ચાલો. ત્યાં તમને રાજ્ય આપું.” એમ કહીને બીજું ઋષભનું રૂપ ધારણ કરીને વૈતાઢ્ય પર્વત ઉપર જઈ ત્યાં તેમને દક્ષિણશ્રેણિ તથા ઉત્તરશ્રેણિનું રાજ્ય આપ્યું. તથા ગૌરી અને પ્રજ્ઞપ્તિ વિગેરે અડતાળીશ હજાર વિદ્યાઓ આપી. કહ્યું છે કે—નમિ વિનમિ પ્રભુને વિષેજ લયલીન હતા, તો તેઓ વિદ્યાધરના અધિપતિ થયા. મ્હોટા પુરુષના ચરણની સેવા કયાંહિ પણ નિષ્ફળ થતી નથી. નમિ વિનમિ એ બે ભાઇને નાગેંદ્રે વૈતાઢ્ય પર્વત ઉપર જઇ વિદ્યાઓ આપી અને ઉત્તરશ્રેણિનાં સાઠ તથા દક્ષિણશ્રેણિનાં પચાસ નગર આપ્યાં.

એકદા ભગવાન્ શ્રી ઋષભદેવ વિહાર કરતા બહુળીદેશના ભૂષણરૂપ એવી તક્ષશિલા નગરીની બહારના ઉદ્યાનમાં આવી સંધ્યા સમયે કાયોત્સર્ગે રહ્યા. તે વખતે પિતાનું આગમન જાણીને બાહુબળિએ વિચાર્યું કે, ‘હમણાં રાત્રી પડવા આવી છે તો, મ્હારૂં વાંદવા જવું શોભશે નહીં. માટે પ્રભાતે મ્હોટા આડંબર સહિત પ્રભુને વંદન કરવા જઇશ.’ એમ ધારીને પ્રાતઃકાળે જયારે તે પ્રમાણે બાહુબળિ વંદન કરવાને ગયો, તે પહેલાં પ્રભુ તો અહિંથી વિહાર કરી ગયા હતા! બાહુબળિએ પ્રભુને જોયા નહિ તેથી તે બહુ દિલગીર થઇને રોવા લાગ્યો અને ભ્રમ સહિત બોલવા લાગ્યો કે “ હે પ્રભુ! તમે અહિં પધાર્યા છતાં મને દર્શન દીધા વિના કેમ જતા રહ્યા? એક વખત તો દર્શન દો.” પણ પછી મંત્રીના વચનોથી સ્વસ્થ થઇ બાહુબળિએ ત્યાં પ્રભુની પાદુકા યુક્ત એક મહાન્ રત્નમય સ્તૂપ કરાવ્યું.

ભગવંત પણ એક હજાર વર્ષને અંતે પુરિમતાળ નગરને વિષે શકટ નામના વનમાં અઠ્ઠમનો તપ કરી મૌનપણે એક વૃક્ષની નીચે રહ્યા હતા. ત્યાં ફાગણ વદિ અગીયારશને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રને યોગે પ્રભાતે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેજ સમયે સર્વ દેવોએ મળીને ત્યાં સમવસરણ રચ્યું. એટલે પ્રભુ “નમો તિત્થસ્સ” એમ કહીને સિંહાસન ઉપર વિરાજ્યા. ત્યાં બાર પર્ષદા દેશના શ્રવણ કરવાને બેડી.

હવે અહિં એવું બન્યું કે, ભરત રાજાની આયુદ્ધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. એટલે ચક્રરત્નની ઉત્પત્તિ અને પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, એ બન્ને વાતની વધામણી ખાનાર એકજ વખતે ભરતની પાસે આવ્યા. ભરતે વિચાર્યું કે, ‘હું તે પ્રથમ ચક્રરત્નની પૂજા કરૂં, કે યુગાદિ દેવની પૂજા કરૂં?’ એવું વિચારવાથી તુરતજ તેને મનમાં એમ થયું કે, હા! ધિક્કાર છે મને, કે મેં એવું ચિંતવ્યું! ચક્રની પૂજા પહેલી ન હોય, પ્રથમ પૂજવા યોગ્ય તો તાત છે; કારણ કે, ચક્ર આલોકનું કારણ છે, પરલોકના સુખનું કારણ તો તાતજ છે. પછી પિતામહી (મ્હોટી મા) મરુદેવી જેને પુત્ર વિયોગથી અશ્રુપાતને લીધે આંખે પડળ આવ્યાં હતાં, તેમને હસ્તિના કુંભસ્થળ ઉપર બેસારીને ભરત રાજા પ્રભુને વંદન કરવા ગયો. ત્યાં સમવસરણ જોયું કે, તુરતજ ભરતે કહ્યું. “ હે માતામહી! જુઓ, આપના પુત્રની આ અદ્ભુત વિભૂતિ અને સાંભળો આ દેવદુંદુભિના શબ્દો! કયાં મ્હારી સ્વલ્પ ઋદ્ધિ અને કયાં આપના પુત્રની પ્રભુતા! એ બેનો અંતર મેરુ અને સરસવના જેવો છે, હંસને કાગડાના અંતર જેવો છે, વળી ચિંતામણી અને કાંકરા વચ્ચે તથા રાજા અને રાંક વચ્ચે જેવો તફાવત છે, તેટલોજ તેમની વચ્ચે છે.”

એવામાં તો દેવદુંદુભિના શબ્દને સાંભળવાથી હર્ષનાં આંસુ આવવાને લીધે મરુદેવી માતાનાં પડળ ઉતરી ગયાં, તેથી તેમણે સમવસરણ જોયું. તેજ ક્ષણે કર્મક્ષયથી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ આયુઃ ક્ષીણ થઇ જવાથી મુક્તિપદને પામ્યાં. ઈહાં ગ્રંથ કર્તા ઉત્પ્રેક્ષા કરેછે કે " વિશ્વને વિષે આદીશ્વર (ઋષભદેવ) સમાન કોઈ પુત્ર નથી, કે જેણે હજાર વર્ષ સુધી પૃથ્વિને વિષે ભ્રમણ કરીને પણ મેળવેલું જે કેવળજ્ઞાન, તે અત્યંત સ્નેહને લીધે તત્કાળ માતાને અર્પણ કરી દીધું ! " હે પ્રાણિઓ ! જો સંસાર ત્યાગ કરવાની શક્તિ ન હોય, તો જિનેશ્વર ઉપર અતિશે મોહ રાખો. જેમ મોહ રાખવાથી હસ્તિ ઉપર બેઠેલાં મરુદેવી માતા પણ મોક્ષને પામ્યાં તેમ. પછી દેવતાઓએ આવીને અગ્નિસંસ્કાર કર્યો. ભરત રાજા સમવસરણમાં જઇ ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુને વંદન કરીને ધર્મ સાંભળવાને બેઠો. ત્યાં પ્રભુએ તેનો શોક નિવારણ કરવા માટે દેશનાનો આરંભ કર્યો:—

" આ અપાર સંસાર સમુદ્રને વિષે મનુષ્યનો ભવ, જ્ઞાન, વિશાળ કુળ, ઉત્તમ જાતિ અને બળ એટલાં વાનાં પામવાં દુર્લભછે. જેને મનુષ્યપણામાં બોધિબીજ અર્થાત્ સમકિત પ્રાપ્ત થયું છે, તે સંસાર સમુદ્ર તરવાને સમર્થ થઇ તેમાં ન પડતાં મોક્ષ નગરીને પામેછે. વળી પાપનું મૂળ લોભ છે, રોગનું મૂળ રસ છે અને દુઃખનું મૂળ સ્નેહ છે; માટે એ ત્રણ્યે વસ્તુ ત્યજે તો મનુષ્ય સુખી થાય. વળી વ્યાધિ વેદનાથી ભરેલા આ અસાર સંસારને વિષે સુખ તો છે જ નહિ. એમ જાણતાં છતાં પણ જીવ જિનભાષિત ધર્મ આચરતો નથી ! આ જીવિત અસ્થિર છે, ઋદ્ધિ ચંચળછે અને યૌવન પણ નદીના વેગ સમાન ક્ષણિક છે. આમ પ્રત્યક્ષ દેખતાં છતાં પણ જીવ છેતરાય છે. હે ભરત ! આ સંસારનાં વિષયસુખ મધુબિંદુઆ જેવાં છે. તે મધુબિંદુઆની કથા આ પ્રમાણે—

કોઈએક પુરુષે દેશ દેશ પરિભ્રમણ કરતાં, ચોર, ઘાતકી પ્રાણીઓ અને મ્હોટી નદીવાળી એક અટવીમાં સંઘ સહિત પ્રવેશ કર્યો. તે સંઘને પીડા કરવાને ચોર અને વાઘ વિગેરે ત્યાં દોડી આવ્યા; તેથી સર્વ માણસો હરિણની પેઠે નાસી ગયા. સંઘથી છૂટો પડી ગયો એટલે ભયવડે કંઠે પ્રાણ આવેલા તે પુરુષે, ઉછળતા એવા કૂવાના પાણીની પેઠે એક મ્હોટી અટવીમાં પ્રવેશ કર્યો. તે વખતે સાક્ષાત્ યમ જેવો અને ક્રોધથી ઉદ્ધત એવો એક વન હસ્તિ, તે બિચારા ગભરાઇ ગએલા પુરુષની પછવાડે દોડતો આવ્યો. મ્હોટા પર્વતમાંથી જેમ નિઝરણાં ઝરે, તેમ તે હસ્તીને મદ ઝરતો હતો. આકાશ થકી વાદળાંઓને પાડી નાંખવાને ઇચ્છતો હોયની ! તેમ તે પોતાની સૂંઢને ઊંચે ઉછાળતો હતો; પૃથ્વીને પગવડે દબાવતો હતો, તે જાણે તેમાં ખાડા પાડવાને ઇચ્છતો હોયની ! લાલચોળ મોંમાંથી તે ફૂંફાડા મારતો હતો અને મ્હોટા મેઘની સમાન ગર્જના કરતો હતો. " હું ત્હારા પ્રાણ લઇશ, વાસ્તે જલદી જતો રહે." એવી પ્રેરણા કરતો હોયની! તેમ તે હસ્તી તેની પછવાડે વારંવાર સૂંઢના સિત્કાર કરવા લાગ્યો. તે પુરુષ ધાસ્તીને લીધે દડાની પેઠે પડતો ને ઉઠતો હતો, હસ્તી લગભગ પકડી પાડે એવામાં, તૃણે કરીને ઢંકાઈ ગએલા એક કૂવા પાસે આવી પહોંચ્યો. " હસ્તિ જરૂર પ્રાણ લેશે, તેથી કદાચિત્ કૂવામાં પડીને જીવું તો જીવું." એમ ધારીને તેણે તેમાં ઝંપાપાત કર્યો; કારણ કે, જીવવાની આશા કોઇથી ત્યજાતી નથી. તે કૂવાના તટ ઉપર એક વડનું ઝાડ હતું, તેની એક ડાળ ભુજંગની ફેણાની પેઠે કૂવામાં લટકતી હતી. તે પુરુષે તેમાં પડતાં પડતાં વચ્ચે તે ડાળ પકડી લીધી. તેથી તેનું આલંબન કરીને દોરડાવડે બાંધેલા ઘડાની પેઠે તે કૂવામાં લટકતો રહ્યો.

હવે તે હસ્તિ પોતાની સૂંઢને કૂવામાં નાંખી તેના મસ્તકનો સ્પર્શ કરવા લાગ્યો

(અડવા લાગ્યો.) પણ ભાગ્યહીન પુરુષ જેમ ઔષધીને લઇ શકતો નથી, તેમ તે તેને લઇ શક્યો નહિ. પછી તે ભાગ્યહીન પુરુષે નીચી દૃષ્ટિ કરી તો, તેમાં એક મ્હોટો અજગર હતો. "પડે તો તેનો ભક્ષ કરી જઉં" એમ ધારીને ઊંચે જોતો હોયની! એવો તે અજગર, કુવાની અંદર બીજો કુવો હોય, તેવું પોતાનું મોં વિકાસીને બેઠો હતો. વળી તેની ચારે બાજુએ યમરાજાના બાણ સમાન પ્રાણને હરનારા ચાર સર્પોને તેણે જોયા. તે દુષ્ટ આશયવાળા સર્પો ઊંચી ફેણો કરીને તેને દંશ દેવાને, પોતાના ધમણ જેવા મોંમાંથી ફુંકારના પવનો કાઢતા હતા અને તે વડની ડાળીને દાંત રૂપ કરવતની વચ્ચે લઇને, એક ધોળો અને એક કાળો એમ બે ઊંદરો ચટચટ શબ્દ કરતા કાપવા મંડ્યા હતા. તે વખતે તે હસ્તી પણ, તે પુરુષને મારી નહિ શકવાથી વડના વૃક્ષને પાડી નાંખતો હોયની! તેમ તે ડાળીને જોરથી હલાવવા લાગ્યો. વૃક્ષ હાલવા લાગ્યું તેથી તે પુરુષે પોતાના બન્ને પગ ભેગા કરીને તેની દૃઢ આંટી વાળી.

હવે હસ્તીના હલાવવાથી હલેલી, તે શાખા ઉપર બેઠેલી રાતા મુખવાળી મધમાખીઓ મધપુડાને ત્યજી દઇને ઉડી અને લાકડાં પર્યંત પહોંચીનેજ વિશ્રામ પામતા અને તેના માંસને ભેદનારા હોયની! એવા લોઢાના સાણસા સમાન પોતાના મુખવડે, તે પુરુષને દંશ દેવા લાગી. ઊંચી પાંખવાળી માખીઓએ તેનું આખું શરીર રૂંધી નાંખ્યું. તેથી તે પુરુષ જાણે પાંખવાળો થઇને કુવામાંથી બહાર નીકળવાને ઉત્સુક થયો હોયની! તેમ જણાતો હતો. આ પ્રકારનું દુઃખ છતાં પણ મગરમાંથી પાણીના ટીંપાની પેઠે, તેના કપાળ ઉપર વા ઉપર રહેલા મધપુડામાંથી મધનું ટીંપું વારંવાર પડ્યા કરતું હતું; તે ત્યાંથી ઉતરીને તેના મોંમાં જતું હતું, તેને ચાખવાથી તે બહુ સુખ માનવા લાગ્યો.

આવા અવસરમાં કોઇએક વિદ્યાધર, પોતાની સ્ત્રી સહિત યાત્રા કરવા માટે વિમાનમાં બેસી આકાશમાર્ગે જતો હતો. તેવામાં તે વિદ્યાધરની સ્ત્રીએ આ મધુબિંદુમાં આસક્ત થએલા દુઃખી પુરુષને દેખીને મનમાં કરુણા આવવાથી પોતાના પતિને કહ્યું. "હે પ્રાણવલ્લભ! વિમાન ઉભું રાખો અને કુવામાં લટકી રહેલા દુઃખી પુરુષને બહાર કાઢો." વિદ્યાધરે તે પુરુષને દેખી પોતાની સ્ત્રીને કહ્યું. "હે વલ્લભા! મધુબિંદુમાં લુબ્ધ થએલો એવો આ પુરુષ, કાઢતાં છતાં પણ બહાર નહિ નીકળે." સ્ત્રીએ કહ્યું. "હે સ્વામિન્! આવા સ્થાનકમાં વડની ડાળીને હસ્તિ હલાવી રહ્યો છે, યાવત્ માખીઓ દંશ મારી રહી છે. તો હે પતિ! આવા દુઃખમાં તે શું સુખ માનતો હશે? માટે જલદી બહાર કાઢો." પોતાની સ્ત્રીનું આવું વચન સાંભળી તે વિદ્યાધરે જ્યાં તે કુવો હતો, ત્યાં આવી પોતાનું વિમાન ઉભું રાખી તે પુરુષને કહ્યું, "હે દુઃખી પુરુષ! આવ, મ્હારી બાંહે વળગીને આ વિમાનમાં બેસી જા." ત્યારે તેણે કહ્યું. "હે ઉપકારક! એક ક્ષણ વાર ઉભા રહો, આ મધુબિંદુ ટપકે છે, તે મુખમાં પડે એટલે તમારી પાસે આવું." વળી ફરીવાર વિદ્યાધરે કહ્યું. "આવ." ત્યારે પણ તેણે તેજ ઉત્તર આપ્યો. એમ તે વિદ્યાધરે ઘણુ વાર-વખત કહ્યું, તો પણ તે તેણે તેજ જવાબ દીધા કર્યો. છેવટે તે વિદ્યાધર થાકીને પોતે ઇચ્છેલા સ્થાનકે ગયો.

હે ભદ્ર! આ દૃષ્ટાંતમાં જે ભાવ રહેલો છે, તે તું સાંભળ! દૃષ્ટાંતમાં જે પુરુષ કહ્યો છે, તે સંસારી જીવ જાણવો. જે અટવી, તે સંસાર; જે હસ્તી તે મૃત્યુ; જે કુવો, તે મનુષ્ય જન્મ, જે અજગર; તે નરક; જે ચાર સર્પો, તે ક્રોધ વિગેરે ચાર કષાય-ક્રોધ, માન, માયા અને લોભ; જે વડવૃક્ષની ડાળી, તે આયુ; જે ધોળો અને કાળો ઊંદર, તે શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ; જે માખીઓ, તે વ્યાધિ અને

કે મધુબિંદુ કહ્યું, તે વિષયસુખ જાણવું. તેમજ વિદ્યાધર, તે સુગુરુ જાણવા અને વિમાન તે પ્રવચન (સિદ્ધાંત) ના અર્થ જાણવા." ઇતિ મધુબિંદુઆની કથા.

એવો ધર્મોપદેશ સાંભળીને ભરતના પુત્ર પુંડરીકે દીક્ષા ગ્રહણ કરી. તેને પ્રભુએ પોતાના પ્રથમ ગણધરની પદીએ સ્થાપ્યો. પછી પ્રભુએ "ઉપન્નેઇવા, વિગમેઇવા, ધુવેઇવા" એમ ત્રિપદી ભણાવીને કહ્યું કે, "આ સંસારમાં કેટલીક વસ્તુ ઉત્પન્ન થાય છે, કેટલીક વિનાશ પામે છે અને કેટલીક નિશ્ચળ છે." પછી પ્રભુના બીજા પણ (૮૩) ગણધરો થયા. ભરતના પાંચસો પુત્રોએ અને સાતસો પૌત્રે (પુત્રના પુત્રોએ) દીક્ષા લીધી. મરીચિ અને બ્રાહ્મીએ પણ ચારિત્ર ગ્રહણ કર્યું. એટલે પ્રભુનો પુંડરીકાદિ સાધુ, બ્રાહ્મીઆદિ સાધ્વી, ભરતાદિ શ્રાવક અને સુંદરીઆદિ શ્રાવિકા આ પ્રમાણે ચતુર્વિધ સંઘ થયો.

પછી ભરત રાજા પ્રભુને વંદન કરીને સ્વસ્થાનકે જઇ, પ્રભુની પૂજા કરી જમીને આયુધશાળાને વિષે ગયો. ત્યાં તેણે ભક્તિવડે ચક્રરત્નની પૂજા કરી. પછી શુભ દિવસે ચતુરંગિણી સહિત ભરત નરેશ્વરે ચક્રે બતાવેલા માગધતીર્થ પાસે આવી પહોંચ્યો. ત્યાં સૈન્યનો પડાવ નાંખ્યો. અઠ્ઠમનો તપ કરી પારણું કરી રથ ઉપર બેસી નાભિ પ્રમાણ જળમાં જઇ ભરતે પોતાના નામવાળું બાણ છોડ્યું. બાર યોજન દૂર ભરત ચક્રીના નામવાળું બાણ ગયું. ત્યાં આવ્યો તે તેને કુંડલ કુંડલાદિ ભેટ આપીને તેણે કહ્યું કે, "હું આપનો સેવક છું." એટલે તેને પોતાના સેવક વર્ગમાં સ્થાપીને પોતાની છાવણી પ્રત્યે આવ્યો. એજ પ્રમાણે ભરતે દક્ષિણ સમુદ્રના અધિપતિ વરદામ દેવને અને પશ્ચિમ સમુદ્રના અધિપતિ પ્રભાસ દેવને સાધ્યા. પછી આગળ વૈતાઢ્ય પર્વતની દક્ષિણશ્રેણિ ઉપર છાવણી નાંખી, ત્યાં આગળ પ્રથમની રીતિ પ્રમાણે વૈતાઢ્ય દેવની આરાધના કરી તિમિસ્રાગુફા પાસે આવ્યો. તે ગુફાના રક્ષક કૃતમાળ દેવને આરાધીને દક્ષિણસિંધુના કાંઠાને સાધવાને તેણે સુષેણ સેનાપતિને મોકલ્યો. તે સુષેણે જઇ, શક, યવન, દુર્ગનિવાસી બર્બર આદિ મ્લેચ્છ જાતિઓને વશ્ય કરી તેમની પાસેથી પણ નજરાણા આદિ લઇ પોતાના સ્વામી ભરત પાસે પાછો આવ્યો. પછી તિમિસ્રાગુફા ઉઘાડવાને અર્થે ભરતેશ્વરે તેના અધિષ્ઠાયક દેવનું આરાધન કર્યું અને ત્યાં જઇને તેનું દ્વાર દંડરત્નવડે પ્રહાર કરીને ઉઘાડ્યું. પછી તે હસ્તિરત્ન ઉપર બેસી તેના કુંભસ્થળ ઉપર મણિરત્ન મૂકી ગુફામાં સંચર્યો. બાર અંગુલીવડે બાર યોજનમાં પ્રકાશ કરતા કાકિણીરત્નવડે ગોમૂત્રિકાના ક્રમે કરીને ગુફાની ભીંતે યોજન યોજનને આંતરે પાંચસો ધનુષના વિસ્તારવાળાં ઓગણપચાસ માંડલાં કરીને અંધકારને દૂર કર્યો. રસ્તે ઉન્મગ્ના અને નિમગ્ના એવી બે નદીઓ આવી. પહેલીનો સ્વભાવ એવો છે કે, તેમાં શિલા મૂકી હોય તો તે પણ તુંબડીની પેઠે પાણીમાં તરે છે, બીજીનો સ્વભાવ એવો છે કે, તેમાં તુંબડી મૂકી હોય તો તે શીલાની પેઠે ડૂબી જાય છે. તે બેઉ નદીની ઉપર વાર્ધકી નામના રત્નવડે પાજ બાંધી ભરત ચક્રવર્તિ સેના સહિત સુખેથી ઉતર્યો. આવી તે પચાસ યોજન વિસ્તારવાળી ગુફામાંથી બહાર નીકળીને તેણે ત્યાં રહેલા બળવંત કિરાતાદિ શત્રુઓને જીત્યા. એ વખતે તે કિરાતોએ પોતાની ગોત્રદેવીને આરાધીને બાર યોજન પ્રમાણ અતિવૃષ્ટિ વરસાવી. તેથી તે વર્ષાથી સેનાનું રક્ષણ કરવાને ચર્મરત્ન ઉપર તેટલા પ્રમાણવાળી છાવણી નાંખી. તે ઉપર તેટલાજ પ્રમાણવાળું છત્ર સ્થાપી પ્રકાશને અર્થે તે છત્રરત્નના દંડના મૂળ પાસે મણિરત્ન મૂક્યો. આ પ્રમાણે સાત દિવસ સુધી રહેવું પડ્યું. પછી ચર્મરત્ન પરથી ચક્ર નીકળ્યું ત્યારે લોકોએ કહ્યું. "અહા થકી એ ઇંડું નીકળ્યું" અને સઘળે એવોજ પ્રઘોષ થઇ રહ્યો.

પછી ક્ષુદ્ર (ન્હાના) હેમાચળના અધિષ્ઠાયક દેવતાને સાધીને ભરત રાજા આગળ

ચાલ્યા. ત્યાં વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણને ઉત્તરશ્રેણિને વિષે રહેલા નમિ અને વિનમિને બાર વર્ષ સુધી યુદ્ધ કરીને જીત્યા. વિનમિએ પોતાની સુભદ્રા નામની પુત્રી ભરત રાજાને દંડ તરીકે આપી. પછી બન્ને ( નમિ વિનમિ ) ને વૈરાગ્ય ઉત્પન્ન થયો એટલે તેમણે પોત પોતાના પુત્રોને રાજ્ય સોંપી શ્રી આદીશ્વર પાસે દીક્ષા ગ્રહણ કરી.

પછી ગંગાને તીરે પડાવ નાંખીને સુષેણ સેનાપતિએ પૂર્વની રીતે તેનો ઉત્તર - તટ સાધ્યો. ગંગાદેવી અનુરક્ત થઈ તેથી ભરત રાજાએ તેની સંગાથે એક હજાર વર્ષ સુધી ક્રિડા કરી. પછી તેઓ પોતાને સ્થાનકે ગયા. ગંગાના તટે ભરત મહીધરને નવ નિધાન પ્રાપ્ત થયાં. તેમનાં નામ:—૧ નૈસર્પ, ૨ પાંડુક, ૩ પિંગળ, ૪ સર્વરત્નક, ૫ મહાપદ્મ, ૬ કાળ, ૭ મહાકાળ, ૮ માણવક અને ૯ શંખક. તે પ્રત્યેક બાર જોજન લાંબાં, નવ જોજન પહોળાં અને આઠ જોજન ઉંચાં હતાં. તે નિધિઓના નામ પ્રમાણે નામવાળા, પલ્યોપમ આયુષ્યવાળા નાગકુમાર નિકાયના દેવો તેમાં અધિષ્ઠાયક થઈને રહેલા હતા. હવે તેના ગુણ કહે છે. પહેલા નૈસર્પ નામના નિધિથી છાવણી, શેહેર, ગામ, ખાણ, દ્રોણમુખ, મંડપ અને પત્તન વિગેરે સ્થાનોનું નિર્માણ થાય છે. બીજા પાંડુક નામના નિધિથી માન, ઉન્માન, અને પ્રમાણ એ સર્વેનું ગણિત તથા ધાન્ય અને બીજનો સંભવ થાય છે. ત્રીજા પિંગળ નામના નિધિથી પુરુષ, સ્ત્રી, હસ્તિ અને ઘોડાઓનાં સર્વ જાતનાં આભૂષણોનો વિધિ જાણી શકાય છે. ચોથા સર્વરત્નક નામના નિધિથી ચક્રરત્ન વિગેરે સાત એકેંદ્રિય અને સાત પંચેંદ્રિયરત્નો ઉત્પન્ન થાય છે. પાંચમા મહાપદ્મ નામના નિધિથી સર્વ પ્રકારનાં શુદ્ધ અને રંગીત વસ્ત્રો નિષ્પન્ન થાય છે છઠ્ઠા કાળ નામના નિધિથી વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણ કાળનું જ્ઞાન, કૃષિ વિગેરે કર્મ અને બીજાં શિલ્પાદિકનું જ્ઞાન થાય છે. સાતમા મહાકાળ નામના નિધિથી પ્રવાળાં, રૂપું, સુવર્ણ, મુક્તાફળ, લોઢું તથા લોહાદિક ધાતુઓની ખાણો ઉત્પન્ન થાય છે. આઠમા માણવક નામના નિધિથી યોદ્ધા, આયુદ્ધ અને કવચની સંપત્તિઓ તથા સર્વ પ્રકારની યુદ્ધનીતિ અને દંડનીતિ પ્રગટ થાય છે. નવમા શંખક નામના મહા નિધિથી ચાર પ્રકારના કાવ્યની સિદ્ધિ, નાટ્ય નાટકની વિધિ અને સર્વ પ્રકારના વાજિંત્રો નિષ્પન્ન થાય છે.

પછી ચક્રી મહોત્સવ પૂર્વક પોતાની રાજ્યધાની (અયોધ્યા) પ્રત્યે આવ્યા. ત્યાં તેણે ચક્રની પૂજા કરી બાર વર્ષ સુધી તેનો રાજ્યાભિષેક કર્યો. ભરતચક્રવર્તિની સંપત્તિ આ પ્રમાણે હતી. ચોસઠ હજાર અંતેઉરની સ્ત્રીઓ, સવાલાખ બીજી વિલાસ (વારાંગના) સ્ત્રીઓ, ચોરાશીલાખ હસ્તિ, ચોરાશીલાખ ઘોડા, ચોરાશીલાખ રથ, છન્નુક્રોડ પાળા, છન્નુક્રોડ ગામ, બ્હોતેર હજાર નગરીઓ, ત્રણસેને તેસઠ રસોઈઆ, અઢાર શ્રેણિ અને અનેક વ્યવહારિઆ ઈત્યાદિક ઋદ્ધિ હતી. આ ભરત રાજા સાઠ હજાર વર્ષે સર્વ દિશાઓ સાધી રહ્યા.

એકદા સુંદરી બ્હેનને દૂબળી થઈ ગએલી જોઈને ભરત રાજાએ કારણ પુછ્યું, ત્યારે તેણીના પરિવારે ઉત્તર આપ્યો કે, "આપ દિગ્યાત્રા (દેશાટન) કરવા નીકળ્યા, ત્યારથીજ તેણીએ આંબીલનો તપ કરવા માંડ્યો છે. તેને આજ સાઠ હજાર વર્ષ થયાં છે. પ્રભુએ તો યુગલાધર્મનું નિવારણ કર્યું છે, છતાં પોતાનું સુંદરપણું અને પોતાના ભાઈની મોહ ઉત્પન્ન કરનારી સ્થિતિ વિચારીને તેને ટાળવાને અર્થે તે સુંદરી તપ કરે છે. અહો! નાભિરાજાના વંસને વિષે ધર્મનું અખંડિતપણું છે કે, સુંદરી બાળપણમાં રમતની પેઠે જે તે પ્રકારના તપ આચર્યા કરે છે! સમુદ્રની પેઠે ધીર છે અને ઉગ્રતપે કરીને દૂબળી થઈ ગઈ છે છતાં પણ બાહુબળિની બ્હેન સુંદરી મોહ રૂપી સમુદ્રમાં નિમગ્ન એવા ભરત

વૃષ્ટિ કરનાં પણ પોતાના કલ્યિપુત્રને કોઈ વખતે ભગવાન છે! " પછી ભરતે સુષેણને બોલાવીને દૂત આપી એટલે તેણે પણ શ્રી ભગવાન પાસે જઈને દીક્ષા ગ્રહણ કરી.

હવે એમ બન્યું કે, ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ કરતું નથી. તે ઉપરથી ભરત મહારાજે તેના અપ્રવેશનું કારણ મંત્રીને પૂછ્યું એટલે જણાવ્યું કે, "આપના ભાઈ બાહુબલિ તમારી સેવામાં હજુ આવ્યા નથી, તેથી તે ચક્ર પ્રવેશ કરતું નથી." એ કહે સાંભળીને સુવેગ નામના દૂતને મોકલ્યો. તેણે બાહુબલિની સભામાં જઈને તેને કહ્યું. "આપના ભાઈ ભરત, છ ખંડ પૃથ્વી સાધીને પોતાની રાજધાનીમાં પાછા આવ્યા છે. તેમના સર્વ રાજાઓને ભક્તિ સાથે, હર્ષિત અને હાથ જોડીને આવીને મળેલા છે. પરંતુ તમે તો ભાઈને મળવાને અર્થે પણ આવ્યા નથી. માટે તમે પણ ત્યાં આવો. તે તમને બહુ હેત વિશે આપશે." તે ઉપરથી બાહુબલિએ કહ્યું. "હું કોણ તેની આગળ ઘણો જઉં? તેના કરતાં તો મ્હારૂં ચક્ર (જ) બસ છે. આ દેશ તો મને પિતા ભગવાને દીધેલો છે. એ દેશની વધારે મને શી ઈચ્છા છે?" દૂતે કહ્યું. "એમ બોલવું યોગ્ય નથી. હાથમાં એ તમારો ભાઈ હર્ષિત. બધે અને પાતાળ વિશેષે તમારા કરતાં બહુ બળવાન છે. માટે જો તમે ત્યાં આવશો તો, તે તમારો ભાઈ તમને બહુ હેત આપશે. જો તમે ત્યાં નહિ આવો તો તે પોતે અહિં આવશે ને તમને હણીને (મારીને) તમારા દેશને લેઈ લેશે. હાલ તમારે તેની સેવા કરવાનો અવસર છે; કારણ કે, અવસાન અનિત્ય છે."

બાહુબલિએ કહ્યું. "હું ભરત ચક્રીમાં જુદો અમે છે, અમે બાળપણે ક્રીડા કરતા હતા, ત્યારે તેને મેં ઉપાડીને આકાશમાં ઉછાળ્યો હતો, ને તે પૃથ્વી ઉપર પડે તે પહેલાં તો મેં તેને મ્હારા હાથમાં ઝીલી લીધો હતો' એ શું તે ભૂલી ગયો છે? એવો એવો તો મેં તેને ઘણો વાર ઉછાળ્યો હતો. હમણાં એ પોતાનું બળ બતાવવાને આવે છે શું?" દૂતે કહ્યું. "હમણાં એની સેનાના બળવાળી પૃથ્વી અને દેવતાઓ પણ અધિક બળ આપે છે. અને સેનાપતિ પણ, વિનમિ વિદ્યાધર અને આદિત્યયશા પ્રમુખ બહુ રાજાઓ તેને સાધેલા છે." દૂત આવું બોલ્યો એટલે તેને સભામાંથી કાઢી મૂક્યો.

હવે તે દૂત ત્યાંથી ભરત પાસે આવીને બાહુબલિનાં કહેલાં વચનો તેને કહેવા લાગ્યો. તે ઉપરથી ભરત તૈયાર થઈને આવ્યો. તે વખતે તેને ઘણા અપશુકન થયા. પછી કુશુકન પણ થયા. ભરત ત્યાંથી ચાલીને બાહુબલિની તક્ષશિલા નગરીને ઘેરો ઘાલીને રહ્યો. એટલે બાહુબલિએ જાણ્યું કે, આખું સૈન્ય આવ્યું છે, પણ તેના મનમાં કાંઈ ભય પામ્યો નહીં. તેનો ઉત્તમ યુદ્ધને અર્થે ઉભો થયો, પણ સુમતિસાગર નામે તેનો મંત્રી કહેવા લાગ્યો કે, "એમ આરંભમાં યુદ્ધે જવું નહીં. પાછા ફરીને સેનાને જમાડીને પછી સંગ્રામમાં જવું." એ ઉપરથી તે પાછો ફર્યો ને શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરીને સર્વ સૈનિકોની સાથે તેણે ભોજન કર્યું. પછી ભરત અને બાહુબલિએ બાર વર્ષ સુધી યુદ્ધ આદર્યું, પરંતુ તે બેમાંથી એક પણ હાર્યા નહીં. આ વખતે બહુ જીવોનો સંહાર થયો. એટલે ઈંદ્રે ત્યાં આવીને તેમને કહ્યું. "તમારે આવું ઘણો સંહાર કરે એવું યુદ્ધ કરવું જોઈતું નથી. તમે પરસ્પર યુદ્ધ કરો." એમ કહી તેણે દૃષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, દંડયુદ્ધ અને વચનયુદ્ધ એમ પાંચ યુદ્ધ સ્થાપ્યાં. તે ઉપરથી પ્રથમ દૃષ્ટિયુદ્ધમાં ભરત હાર્યો અને બાહુબલિ જીત્યો. દેવતાઓએ બાહુબલિના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. તે પછી અનુક્રમે બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, દંડયુદ્ધ અને વચનયુદ્ધ થયાં, પણ સર્વમાં ભરત હાર્યો.

એ ઉપરથી ભરતે ચક્ર મૂક્યું પણ તે બાહુબલિને હણી શક્યું નહીં. તેની આરાધના

ગ પ્રદક્ષિણા કરીને હાથમાં જઇને રહ્યું. તે ઉપરથી બાહુબલિ બોલ્યો. "હે ભરત ! હવે તો આ ચક્રને ચૂર્ણ કરૂં, ત્હારી સાથે બીજું શું કરૂં ? કારણ કે, તું મ્હોટો ભાઇ કહેવાય. માટે હવે આ ચક્રને ત્હારી પાસે પાછું મોકલું છું. ત્હારી જે શક્તિ હોય તે અજમાવ." એમ કહીને ચક્ર પાછું મોકલ્યું. તે ભરત પાસે ગયું એટલે ભરતના મંત્રીએ કહ્યું. "એક ગોત્રીય ઉપર ચક્ર ચાલી શકતું નથી."

પછી ભરતે બાહુબલિને મુષ્ટિથી મસ્તકે તાડન કર્યું. અર્થાત્ માથામાં મુઠી મારી. એટલે તે જંઘા સુધી ભુમિને વિષે પેસી ગયો. ત્યાંથી બહાર નીકળીને ભરતના ઉપર જેવો તે મુષ્ટિ મારવા જાય છે, તેવામાં જ દેવોએ કહ્યું. "હે બાહુબલિ ! એ મુષ્ટિથી તાડન કરીશ નહી. જો તાડન કરીશ તો ભરત ચૂર્ણીભૂત થઇ જશે." ત્યારે બાહુબલિએ વિચાર્યું કે "આ મુષ્ટિ જે મેં ઉપાડેલી છે, તે નિષ્ફળ જાય નહી. તેથી હું તેને મ્હારા મસ્તક ઉપર લોચ કરવાને [illegible] [illegible] જ [illegible]; કારણકે, જ્યારે ભાઇ ભાઇમાં આવું [illegible] [illegible] ત્યારે બીજાનો શો દોષ ?" એમ કહીને બાહુબલિએ પોતાને જ હાથે [illegible] લોચ કર્યો અને "[illegible] વોસરાવીશ" એમ કહીને તે બાહુબલિ મુનિ [illegible] રહ્યા. પછી તેમણે વિચાર્યું કે, "મ્હારા પહેલાં મ્હારા ન્હાના [illegible] [illegible] અંગીકાર કરેલું છે, તો હવે હું જો કેવળજ્ઞાન મારે થયા પહેલાં ભગવંતની પાસે જઇશ તો, તે ન્હાના ભાઇઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેમને મ્હારે નમવું પડશે." એમ ધારી બાહુબલિ મુનિ [illegible] રહ્યા. ત્યાં ભરતે આવીને વંદન કરીને [illegible] "[illegible] ! [illegible] [illegible] [illegible] અંગીકાર કરો." બાહુબલિએ ભાઇને ખમાવ્યો [illegible] [illegible] કહ્યું. "હું ખરે ! અભિમાની છું કે, [illegible] તમને સૈન્યનો વધ કરવા આ [illegible] કરીને [illegible] [illegible] [illegible]." પછી ભરત [illegible] પુત્ર સોમયશાને રાજ્ય સોંપ્યું અને [illegible] કરીને [illegible] [illegible] [illegible] [illegible] આવી [illegible] [illegible]. પછી ભરત નરેશ્વરે પોતાના નગરને વિષે આવીને આનંદથી રાજ્યાભિષેક કરાવ્યો.

અહિં બાહુબલિને પણ એક [illegible] [illegible] [illegible] કાયોત્સર્ગે રહ્યાં એક વર્ષ થયું. એટલે તેને પ્રતિબોધવાને માટે આદીશ્વર ભગવાને બ્રાહ્મી અને સુંદરી સાધ્વીને મોકલી. તે બન્નેએ ત્યાં આવી બાહુબલિને કહ્યું. "હે ભાઇ ! [illegible] થકી ઉતરો." એ સાંભળીને બાહુબલિએ વિચાર્યું કે, "હું તો હસ્તિ ઉપર [illegible] સિવાય અહિં એક વર્ષ થયાં છું." પણ તે વચન પોતાની બ્હેનોનું જાણીને વિચાર્યું કે, "બ્હેનો ખોટું તો બોલે નહી ! ખરૂં છે કે, હું માનરૂપી હસ્તિ ઉપર બેઠો છું. તે કહેવાને (જણાવવાને) તેઓ અહિં આવેલી છે." આમ ધારીને જેવો તે માનનો ત્યાગ કરીને આગળ ચાલવાને યત્ન કરે છે, તેવામાં જ સર્વ કર્મ ક્ષય થવાથી તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પછી તે બાહુબલિ શ્રી આદીશ્વર ભગવાનની સભામાં જઇને તેમને પ્રદક્ષિણા કરીને કેવળીની પંક્તિમાં બેઠા. બાહુબલિએ કેટલાએક બહારના શત્રુઓને અને બીજા અંતરંગના શત્રુઓ (ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ) ને તીવ્ર તપે કરીને શીઘ્ર હણ્યા. પછી જેણે અષ્ટ સમ[illegible] ભરત રાજાને [illegible] [illegible], લીલામાત્રમાં [illegible] [illegible] તથા જે જ્ઞાનરૂપી [illegible] અને સર્વ [illegible] હેતુ રૂપ હતા તે શ્રી બાહુબલિ તમને લક્ષ્મી આપો.

[illegible] [illegible] [illegible] [illegible] જન્મથી જ [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] કરીને [illegible] [illegible] બાહુબલિ, [illegible] [illegible] જ [illegible] હોય નહિ ! [illegible] [illegible] ભાઇની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રૂપ [illegible] તીક્ષ્ણ [illegible] અને [illegible] રૂપી તીક્ષ્ણ [illegible]

ધી તે પોતાના કર્મોને નાશ કરીને કેવળજ્ઞાનને ધારણ કરનારા વીર પુરુષો
ના ગુણે કરીને મુક્તિને પામ્યા. કેવળજ્ઞાનને અર્થે તપ કરતા એવા બાહુબળિ
ધરે કહેલા વખતે હર્ષ પામેલી બ્રાહ્મી અને સુંદરી ત્યાં આવીને પછી વેલડી
થી વિંટાએલા અને તપને વશ્ય એવા તે મુનિવરને ગર્વ રૂપ હસ્તિના કુંભ
થી નીચે ઉતારીને અત્યંત શ્રેષ્ઠ એવી તે કેવળજ્ઞાનની સંપત્તિને પમાડ્યા.

એકદા ભરત ચક્રવર્તિ અન્નનાં પાંચશે ગાડાં ભરી લઇ જઇને શ્રી ઋષભ
વાનને કહેવા લાગ્યો. "હે સ્વામીન્! આ અન્ન ગ્રહણ કરીને મ્હારા ઉપર અનુ
શ્રી ઋષભદેવે કહ્યું. "સાધુઓને છત્રધર રાજાઓનો આહાર કલ્પે નહીં. તેથી તમે
ત્પર એવા સાધર્મિક જનોને તે આપો." તે ઉપરથી તેણે બે બે સ્વધર્મિઓ ધર્મિષ્ઠ
ચર્ય વ્રત પાળનારા હતા, તેમને પોતાને ત્યાં જમાડવા માંડ્યા; પણ રસોઇઆએ
કરી કે, "હે સ્વામિન્! અહિં તો ઘણા બ્રહ્મચારીઓ જમવાને આવે છે. તે સર્વને અ
આપી શકતા નથી." તે ઉપરથી ભરતેશ્વરે જે જે લોકો જ્ઞાન, દર્શન, ચારિત્રના
ઓળખનારા હતા, તેમને ઓળખવાને અર્થે ગળે કાકિનીરત્નવડે ત્રણ ત્રણ રેખાઓ
અને જેઓ નવતત્વના જાણનારા હતા, તેમને નવ નવ રેખાઓ કરી. અનુક્રમે તેની જ
જનોઈ થઈ. એક વાર ભરતે પૂછ્યું. "હે પ્રભુ! આપના સરખા કેટલા અરિહંત થશે?"
પ્રભુએ કહ્યું. "અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિ
શીતળ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમળ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્ર
મિ, નેમિ, પાર્શ્વ અને વર્દ્ધમાનસ્વામી એ પ્રમાણે તેવીશ તીર્થંકર થશે." ભરતે પૂ
"હે સ્વામિન્! આ પર્ષદામાં અત્યારે કોઈ એવો છે કે, જે હવે પછી આપના જેવો તીર્થં
થશે?" તે ઉપરથી શ્રી પ્રભુએ કહ્યું. "ત્હારો પુત્ર મરીચિ જેણે ચારિત્ર ગ્રહણ કર્યું
જે હમણાં પરીસહ સહન નહિ કરી શકવાથી જળસ્નાન, છત્ર, ઉપાનહ (પગરખાં) વિગે
ધારણ એવી ક્રિયાઓએ કરીને પ્રમાદમાં પડ્યો છે અને તેથીજ તે અમારી પર્ષદામાંથ
બહાર રહે છે. તે આજ ચોવીશીમાં આગળ ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ, મહાવિદેહ
ત્રની મૂકા નગરીએ ચક્રવર્તિ અને ભરતક્ષેત્રમાં વીર નામે ચોવીશમો તીર્થંકર થશે."

આ સાંભળીને હર્ષયુક્ત થઇ ઉઠીને મરીચિ પાસે જઇ તેને ત્રણ પ્રદક્ષિણા કરીને
કહ્યું. "આપ ત્રિપૃષ્ઠ નામે પહેલા વાસુદેવ થશો. મૂકા નગરીને વિષે ચક્રવર્તિ થશો અને
આ ભરતક્ષેત્રને વિષે આ ચોવીશીના ચોવીશમા વીર નામે તીર્થંકર થશો તેથી
ને હું નમસ્કાર કરૂં છું." એમ કહી મરીચિને નમીને તથા તેમની સ્તુતિ કરીને
ઘાનકે ગયો. પાછળ તેના શબ્દો સંભારીને મરીચિ બોલવા લાગ્યો. "અહો!
મ છે! યુગાદીશ (ઋષભદેવ) જેવા મ્હારે પિતામહ (દાદા) છે અને ભરત
રે પિતા છે! હું પણ ચક્રવર્તિ રાજ્ય ધરીશ અને છેલ્લો શ્રી વીર નામે
રૂં આવું તેનું ગર્વથી બોલવું થયું, તેથી તેણે નીચગોત્ર કર્મ
—જાતિમદ, લાભમદ, કુળમદ, રૂપમદ, ઐશ્વર્યમદ, બળમદ, તપમદ
પ્રકારના મદોમાંથી જે જે મદ કરે, તે તેની હીનતા પામે.

હવે શ્રી ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીક ગૈત્ર શુદિ પુનમને
સહિત વિમળગિરિ (શત્રુંજય પર્વત) ઉપર મુક્તિ પામ્યા.
દેવ અને પુંડરીક ગણધરના શરીર પ્રમાણે કાંચનમણિમય
ઋષભદેવ અને પુંડરીક ગણધરની પ્રતિમા યુક્ત એક મ્હોટો

પણ તે તીર્થ ઉપર અનેકવાર આવ્યા. કહ્યું છે કે—પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ વિહાર કરતા કરતા અનેક દેવતાઓ સહિત નવાણુપૂર્વ વાર સુધી શત્રુંજય તીર્થ ઉપર સમવસર્યા અને (૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦૦) અગણોતેર કોડાકોડી, પંચાશી કોડાકોડ, ચુંમાળીશ લાખ હજાર ક્રોડ વર્ષ સુધી શ્રી ચતુર્વિધ સંઘની તેમણે સ્થાપના કરી. વીશ લાખ પૂર્વ કુમાર અવસ્થામાં, ત્રેશઠ લાખ પૂર્વ રાજ્યપદ્દીમાં, એક લાખ પૂર્વ સાધુપણે; એ પ્રમાણે કુલ ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય પાળીને, હવે પોતાનું નિર્વાણ પાસે આવ્યું જાણીને દશ હજાર સાધુ સહિત અષ્ટાપદ પર્વત ઉપર આવીને ચૌદભક્તે (છ ઉપવાસે) અનશન ગ્રહ્યું. આસન કંપવાથી સૌધર્મેંદ્રાદિ ચોસઠ ઈંદ્રો પણ ત્યાં આવ્યા અને ભરત ચક્રવર્ત્તિ પણ ત્યાં આવ્યો. ત્યાં ત્રીજા આરાનાં નવ્યાશી પખવાડીઆં બાકી રહે થકે માહા વદિ તેરશને દિવસે અભિચ નક્ષત્રે, ભવોપગ્રાહી કર્મ ક્ષીણ થવાથી પર્યંકાસને (પલાંઠી વાળીને) બેઠેલા એવા તે શ્રી ઋષભદેવે લોકાગ્ર મુક્તિનો અંગીકાર કર્યો. તે વખતે સમગ્ર સાધુઓનાં અષ્ટ કર્મ ક્ષય પામવાથી તેઓ પણ મુક્તિપદ પામ્યા.

દેવતાઓએ પૂર્વ દિશાએ પ્રભુની ગોશીર્ષચંદનની ચિતા રચી. ઇક્ષ્વાકુ મુનિઓની ચિતા દક્ષિણ દિશામાં અને બીજા મુનિઓની પશ્ચિમ દિશામાં એમ ત્રણે ચિતા ચોખૂણી રચી. આ પ્રમાણે અગ્નિસંસ્કાર કર્યા પછી તેમની ભસ્મને દેવતાઓએ અને નરપતિઓએ વાંદી. ત્યાર પછી બ્રહ્મચારીઓએ ત્યાંથી ત્રણ અગ્નિ ગ્રહણ કરી. જે આજ સુધી બ્રાહ્મણોના ઘરમાં પ્રગટ છે. અનુક્રમે દેવતાઓ પોત પોતાને સ્થાને ગયા.

ભરત રાયે ઋષભદેવ નિર્વાણ પામ્યા તે સ્થાનકે બેઠેલા સિંહને આકારે પ્રાસાદ કરાવ્યો ને ત્યાં ચોવીશે જિનેશ્વરના પ્રતિમાઓને, તેમના તેમના શરીરના માન પ્રમાણે દક્ષિણ દિશાએ ચાર, પશ્ચિમ દિશાએ આઠ, ઉત્તર દિશાએ દશ અને પૂર્વ દિશાએ બે; એ પ્રમાણે સ્થાપન કરી અને તીર્થરક્ષા નિમિત્તે દંડરત્નવડે શિખરોને છેદીને જોજન જોજન પ્રમાણે પગથીઆં કરાવ્યાં. ત્યાં પૂજા મહિમાદિ કૃત્ય કરીને શ્રી ભરત અયોધ્યામાં ગયો.

એક વખત તે સર્વ ભૂષણે અલંકૃત થયો થકો અંતઃપુરમાં ઉભો હતો. ત્યાં તેના સેવકે તેના શરીર પ્રમાણે આરીસો તેની પાસે આણ્યો. તેમાં તે સર્વ આભૂષણોથી શણગારેલા એવા પોતાના દેહને નિરખવા લાગ્યો. એવામાં અકસ્માત આંગળીમાંથી એક વીંટી નીકળી પડી. એટલે વીંટી વિનાનો હાથ શોભા રહિત જણાયો. તે ઉપરથી તેણે પોતાનાં મુકુટ, કુંડળાદિ આભરણો દેહ ઉપરથી કાઢી નાંખ્યાં; તેથી તો દેહ સર્વ શોભા રહિત અને અંગારા સરખો દેખાવા લાગ્યો. તેથી તે ભાવના ભાવવા લાગ્યો. અનિત્ય ભાવના ભાવતાં તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેને આમ ગૃહસ્થપણેજ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તેથી ઇંદ્રે આવીને તેને સાધુનો વેષ આપ્યો. મણિદર્પણને વિષે પોતાનું રૂપ નિરખવાથી ભરત રાજાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને તેથી તેમણે તત્વના પ્રકાશે કરી નિર્મળ એવા પોતાના આત્માને મનસ્વિપણાથી પરમાત્મ રૂપવાળો જોયો.

તેની સાથે દશ હજાર રાજાઓએ વ્રત ગ્રહણ કર્યાં. તેમની સંગાથે ભરત, લાખપૂર્વ સુધી પૃથ્વિને વિષે વિહાર કરી લોકોને પ્રતિબોધ દેતા થકા અષ્ટાપદ પર્વત ઉપર આવી એક મહિનાનું અનશન કરી મુક્તિ પ્રત્યે પામ્યા. પછી ભરતના પુત્ર સૂર્યયશાને શક્રેંદ્રે પાટે રાજ્યાભિષેક કર્યો. પછી કર્મ ક્ષીણ થએ બાહુબળિ મુક્તિપદ વર્યા. બ્રાહ્મી અને સુંદરી પણ તેજ પ્રમાણે મુક્તિપદ પામ્યાં અને તેમનો નિર્વાણમહિમા દેવોએ આવીને કર્યો. ઇતિ શ્રી ભરત બાહુબળિની કથા સમાપ્તમ.

## અભયકુમાર.

ઉત્પાતિકી બુદ્ધિના યોગથી સર્વ મંત્રીમાં શ્રેષ્ઠ એવો અભયકુમાર, પ્રથમ નિર્મળ એવી સંયમ લક્ષ્મી પામીને ( દીક્ષા લઈને ) પછી મુક્તિ રમણીને વર્યો. એટલા માટે એ અભયકુમાર મંત્રીશ્વરની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ મુક્તિપ્રાપ્તિ સુધી કહીએ છીએ.

લાખજોજન પ્રમાણવાળા જંબૂદ્વીપને વિષે દક્ષિણ દિશાએ ભરતક્ષેત્રના મધ્યભાગમાં મગધ નામનો દેશ શોભી રહ્યોછે. ત્યાં બાર જોજન લાંબું, નવ જોજન પહોળું તથા નાના પ્રકારના મણિ, મુક્તાફળ પ્રવાળાં અને વસ્ત્રાદિક કરીને દીપી રહેલું રાજગૃહ નામે નગર છે. તેની પાસેના જ પ્રદેશમાં દક્ષિણ ભાગે ગંગા નદી વહેછે. ત્યાં વૈભારગિરિ નામનો પર્વત આવેલોછે. આવા નગરને વિષે ઘણા જ વ્યવહારિઆ વસે છે તેમના મહાન પ્રાસાદ અને જિનમંદિરો જોઈને સર્વ કોઈને હર્ષ થાયછે. ત્યાં પ્રબળ વૈરી રૂપી હસ્તિને હણવામાં કેસરીસિંહ સમાન અને ન્યાય રૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવાને ચંદ્ર સમાન એવો પ્રસેનજિત મહિપાળ રાજ્ય કરતો હતો. નગરીને ફરતો મોટો કોટ હતો, તે ચોફેર કુંડળની પેઠે દીપતો હતો. રાજાને એકસો રાણી હતી. તેમાં મુખ્ય કળાવતી હતી. વળી શ્રેણિક કુમાર આદિ એકસો પુત્રો હતા. એ સર્વ પુત્રોને શસ્ત્ર તથા શાસ્ત્રકળાનો સારો અભ્યાસ કરાવ્યો હતો. કહ્યું છે કે—જેણે પ્રથમ અવસ્થામાં વિદ્યા ઉપાર્જી નથી, બીજી અવસ્થામાં ધન ઉપાર્જ્યું નથી અને ત્રીજી અવસ્થામાં ધર્મ ઉપાર્જ્યો નથી; તે ચોથી અવસ્થામાં શું કરશે ? વળી મનુષ્ય જન્મ પામીને માણસને બે કળાઓ ખરી શીખવાની છે. જેણે કરીને સુખેથી જીવાય અને જેણે કરીને મૃત્યુ પછી સુગતિ પ્રાપ્ત થાય.

એકદા પ્રસેનજિત રાજા ચિંતવવા લાગ્યો કે, આ સર્વ પુત્રો વિદ્યા અને બળમાં સારા છે, પણ પરીક્ષા વિના પુત્ર રાજયોગ્ય ગણાય નહીં. માટે જે પ્રજાને વલ્લભ હોય, બુદ્ધિમાન હોય અને વિનયવાળો હોય; તે જ રાજ્યયોગ્ય કહેવાય. તેથી તેમની પરીક્ષા કરવી. કારણ કે, જો પિતા પોતાની હયાતીમાં પોતાના પુત્રોને પરીક્ષા કરીને મર્યાદા ન બાંધી આપે તો, તેના મૃત્યુ પછી તેઓ પરસ્પર યુદ્ધમાં લડીને મૃત્યુ પામે અને રાજ્ય બીજાઓ લઈ જાય. કહ્યું છે કે—દેહ નાશ પામ્યા પછી બુદ્ધિ ક્યાંથી ? બુદ્ધિ વિના સ્મૃતિ ક્યાંથી ? સ્મૃતિ વિના જ્ઞાન ક્યાંથી ? અને જ્ઞાન વિના સદ્ગતિ ક્યાંથી? એમ વિચારીને રાજાએ ઉત્તમ પકવાન ( ખાજાં ) બનાવરાવી તેને વાંસના કંડીઆમાં ભર્યાં, ને તે કંડીઆ ઓરડામાં મૂક્યા. એજ પ્રમાણે કોરા ઘડામાં પાણી ભરીને તે પણ ઓરડામાં મૂક્યા. પછી પુત્રોને બોલાવીને કહ્યું. "તમે આ ઓરડામાં રહો. કંડીઆનાં કે ઘડાના મોં ઉઘાડવાં નહીં ને ભૂખ્યા કે તરસ્યા પણ રહેવું નહીં."

હવે શ્રેણિકાદિ કુમાર પોત પોતાની બુદ્ધિવડે વિચારવા લાગ્યા કે, "આપણે આ રાંધી કેવી રીતે અન્ન જળ લેવું? ને પિતાની આજ્ઞા અખંડ રાખવી." પણ કોઈની બુદ્ધિ પહોંચી નહીં. એટલે શ્રેણિક કુમારે ભાઈઓને ભૂખ તરસથી પીડાતા જોઈને કહ્યું. "જો તમે મ્હારી બુદ્ધિ પ્રમાણે વર્તો, તો તમારી પીડા મટે." સર્વેએ હા કહી એટલે શ્રેણિક કુમારે વસ્ત્રના કકડા કરીને પ્રત્યેક ઘડાની આસપાસ વીંટ્યા અને કંડીઆને હલાવી હલાવીને તે માંહેનું પકવાન ચૂર્ણ કર્યું. અર્થાત્ તે ખાજાંનો ભૂકો કરી નાંખ્યો. તેથી બહાર ભોંય ઉપર પડવા લાગ્યું. ને તેઓ ખાવા લાગ્યા અને કોરા ઘડાનું પાણી વીંટેલા વસ્ત્ર ઉપર ઝમવા લાગ્યું. ને વસ્ત્ર નીચોવીને તેઓ પાણી પીવા લાગ્યા. આમ શ્રેણિકની બુદ્ધિથી સર્વ કુમારો તૃપ્ત થયા. પછી તે પ્રસેનજિત રાજા પાસે આવ્યા. ત્યારે રાજાએ પુત્રોને પૂછ્યું

કે, "કેમ સૌ તૃપ્ત થયા?" ત્યારે એક પુત્ર બોલ્યો. "શ્રેણિકની બુદ્ધિથી." ત્યારે પિતાએ કહ્યું કે, "જેને એવી ખાજાંનો ભૂકો કરવાની બુદ્ધિ ઉપની તેને રાંક જાણવો."

ત્યાર પછી વળી પિતાએ બીજી રીતે પરીક્ષા કરવાનું ધાર્યું. તે એમ કર્યું કે, દૂધની ખીર રંધાવીને સર્વ પુત્રો પાસે પાત્રો મૂકી તેમાં તે ખીર પિરસાવી અને તુરતજ ભૂખ્યા એવા કૂતરાઓને છોડી મૂક્યા. જેવામાં તે કુમારો જમવા લાગ્યા, તેવામાં કૂતરાઓ ઘુર્ઘુર શબ્દ કરતા આવ્યા કે, તુરતજ શ્રેણિક વિના બીજા સઘળા કુમારો ભયને લીધે ભાણાં પડતાં મૂકી ખરડાયલે હાથેજ નાસી ગયા! પણ શ્રેણિકે તો નિર્ભય રહીને પોતાના ભાઇઓનાં ભાજનો પેલા કૂતરાઓની સન્મુખ ધીરે ધીરે ખસેડી મૂક્યાં. એટલે કૂતરાઓ તે ભાજનમાંથી ખાવા લાગ્યા અને પૂંછડી હુલાવતા હુલાવતા શ્રેણિકના દાસ જેવા થયા. એટલા વખતમાં શ્રેણિક પોતાના ભાજનમાંથી સ્વસ્થ ચિત્તે ખીર ખાઇને તૃપ્ત થયો અને હાથ ધોઇ પાણી પીને રાજા પાસે ગયો. ત્યાં બીજા કુમારો પણ આવ્યા એટલે તે શ્રેણિકને તૃપ્ત અને બીજાઓને ભૂખ્યા જોઇને કૃત્રિમ ( ખોટી ) ભ્રુકુટી ચઢાવીને બોલ્યો. "શ્રેણિક કૂતરાઓની પંક્તિમાં જમ્યો, માટે એ તમારા સરખો કહેવાય નહી. એ ગામડાના લોક જેવો કે, ગોવાળ જેવો જાણવો; કે જેણે આવા પ્રકારનું ભોજન કર્યું! જે જેની પંક્તિમાં જમે, તે તેના જેવો જાણવો. આ ભોજ શ્રેષ્ઠ છે, શુચિ છે અને પવિત્ર છે." આ સાંભળીને તેઓ હર્ષ પામ્યા, પરંતુ શ્રેણિકના મનમાં જરા પણ ખેદ થયો નહી.

પછી રાજાએ શ્રેણિકને કહ્યું. "મેં પૂર્વે ત્હારી પરીક્ષા કરી છે (ને હજુ પણ કરવી છે) માટે આ ધવળ ઘર બળે છે, તેમાંથી જે તને ઉત્તમ વસ્તુ લાગે તે લઇ આવ." શ્રેણિક તો ત્યાં જઇ હીરા, મોતી, માણેક આદિ છોડી દઇને માત્ર ભંભા નામના વાજિત્રને લઇને આવ્યો. એમ દેખીને રાજાએ તેને કહ્યું કે, "તું તે વાજિત્ર ઘેર ઘેર વગાડીને ઉદ્‌ઘોષણા કર. કારણ કે, તું પેટભરો છે. વળી કુમારો જે જે પડતું મૂકે, તે તે વસ્તુનું ભક્ષણ કર. જો તું મેં કહ્યું તે પ્રમાણે કરીશ, તો જાણજે કે, તું ડાહ્યો છે અને ત્હારીજ આજ્ઞા........આ પ્રમાણે શબ્દકપટે કરીને તેને રાજ્ય સોંપ્યું એમ જણાવ્યું. પછી રાજાએ સર્વ પુત્રોને યથાયોગ્ય ગામો ભાગ પાડીને વહેંચી દીધાં. પછી શ્રેણિક શિવાય બીજા કુમારો હસ્તિ, ઘોડા, પાયદળ આદિનો સંગ્રહ કરવા લાગ્યા; પરંતુ શ્રેણિકે તો અશ્વોનો પણ સંગ્રહ કર્યો નહી! પિતાએ કહ્યું કે, "આ શ્રેણિક કૂતરાઓની સાથે જમ્યો. પરમાન્ન એટલું જે પકવાન તેનું ચૂર્ણ કર્યું, બળતા ઘરમાંથી ફક્ત ભંભાજ લાવ્યો; માટે હાલમાં એ રાજ્યને યોગ્ય નથી. વળી વણિકની પેઠે તે મુષ્ટિબદ્ધ થઇ કાંઇ ખરચ પણ કરતો નથી."

પિતાએ આ પ્રમાણે કહ્યું. તે ઉપરથી એક રાત્રીએ શ્રેણિક એકલો ખભે ખડ્ગ ધારણ કરીને વિદેશ તરફ ચાલી નીકળ્યો. તે ઔષધ, મંત્ર, તંત્રાદિ પ્રયોગને જાણતો હતો. છત્રીશ દંડાયુદ્ધ (દંડપીલવાની કળા) માં પ્રવીણ હતો. હવે તેનાં અદ્‌ભૂત કર્મ ઉદય આવવાનાં હતાં, એટલે નિર્ભય એવો તે સિંહની પેઠે વનમાં ફરવા લાગ્યો. પછી ભૂમિ ઉપર ભમતાં ભમતાં અનુક્રમે તેણે વજ્રાકર નામે મોટા પર્વતને દીઠો. તે વખતે તે ઘણો દુર્દિન થયો. ત્યાં તે પર્વતનો અધિષ્ઠાયિક દેવતા તેનું મહદ્‌ભાગ્ય જાણીને તેને સ્વપ્નમાં છઠે રાત્રીએ આ પ્રમાણે કહેવા લાગ્યો. "હે કુમાર! અહિંથી બે કોશ ઉપર નદીને કાંઠે હસ્તમેળાપક આકારે પંપિણાના બે વૃક્ષનું જોડલું છે. તે વૃક્ષમાં એક શાખાને વિષે એક પાષાણ છે, તેના ગુણ મેરૂપર્વત તુલ્ય છે અને તેમાં અઢાર મહાપ્રભાવવાળાં રત્નો છે. અઢારે એક એકથી ચઢિયાતાં છે. પહેલા રત્નના પ્રભાવથી અઢાર જાતિના સર્વ માણસો વશ થાય છે. બીજા રત્નના પ્રભાવથી સર્વ

પ્રકારનાં વિષ ઉતરે છે. ત્રીજા રત્નના પ્રભાવથી ક્ષુદ્ર ઉપદ્રવો થતાજ નથી. ચોથા રત્નના પ્રભાવથી રાજા, પ્રધાન અને શેઠીયા પ્રમુખ માન આપે. પાંચમા રત્નના પ્રભાવથી ઋદ્ધિ સહિત પુત્ર મળે. છઠ્ઠા રત્નના પ્રભાવથી દીવ્યભોગપ્રાપ્ત થાય. સાતમા રત્નના પ્રભાવથી પાણીનું પૂર તરી જવાય. આઠમા રત્નના પ્રભાવથી મહા વિવેકી થવાય. નવમા રત્નના પ્રભાવથી શરીર ઉપર ઘા ન લાગે. દશમા રત્નના પ્રભાવથી ભણાવનાર ગુરૂ વિના પણ વિદ્યા આવડે. અગીયારમા રત્નના પ્રભાવથી શસ્ત્રો વાગતાં નથી. બારમા રત્નના પ્રભાવથી જાતિઅંધ મનુષ્યો દેખતા થાય. તેરમા રત્નના પ્રભાવથી અગ્નિ દેહને બાળી શકતો નથી. ચૌદમા રત્નના પ્રભાવથી વસ્તુ પરીક્ષા આવડે. પંદરમા રત્નના પ્રભાવથી ભૂખ કે તૃષા લાગે નહી. સોળમા રત્નના પ્રભાવથી માણસને માર્ગે જતાં વાઘ સિંહાદિ દુષ્ટ પ્રાણીઓ મળે નહી. સત્તરમા રત્નના પ્રભાવથી રૂપ પરાવર્તન (ફેરફાર) થઇ શકે અને અઢારમા રત્નના પ્રભાવથી શરીરના સર્વ રોગ નાશ પામે તથા સર્વ લોકો આવીને નમે. હે કુમાર! તું ડાહ્યો છે. તે પાષાણ તું લેજે. એ અઢારે રત્નો લઇને નામ લખીને તેમને ત્હારી પાસે રાખજે. તેમની હમેશાં પૂજા કરજે. મ્હારૂં નામ હમ્મેશાં ચિત્તને વિષે ધારી રાખજે. તું ત્યાં જઇને છાયામાં વિસામો લઇશ કે, તુરત તે પાષાણ પ્રગટ થઇ આકાશમાં જતો રહેશે. તે તે રત્નોનો જે જે પ્રભાવ મેં કહેલો છે, તે સત્યજ માનજે. ત્હારૂં ભાગ્ય વધતું જોઇને એ સઘળું મેં તને કહેલું છે. આ રત્નોનો પ્રભાવ વીશ વર્ષ સુધી વધ્યા કરશે. ત્યાર પછી તો તેનો પ્રભાવ અથાગ વધી જશે. ”

આવું સ્વપ્ન દેખીને કુમાર જાગ્યો કે, સવારે તુરતજ ત્રણસેં પંચ પરમેષ્ઠિ નમસ્કાર (નવકાર) ગણીને સ્વપ્ન સ્વરૂપને હૃદયમાં ચિંતવન કરતો કરતો દેવતાએ કહેલે અનુસારે ચાલ્યો. તો તેણે નદી તીરે હસ્તમેળાપક આકારે વૃક્ષ જોયું. તેમાં તેણે મહાન ધવળ પાષાણ જોયો. તે જોઇને તેને પૂજી તે તેના ઉપર બેઠો એટલામાં તે વૃક્ષમાંથી પાષાણ પડ્યો. તે એઘ્રિકે લીધો, તેમાંથી અઢાર રત્નો નીકળ્યાં. તે સર્વે રત્નોને પ્રભાવનાં ચિન્હો કરીને ધીમે ધીમે આગળ ચાલ્યો. કહ્યું છે કે-રાજ્ય, સંપત્તિ, ભોગ, ઉત્તમ કુળમાં જન્મ, સારૂં રૂપ, પંડિતપણું, લાંબું આયુષ્ય અને શરીરે આરોગ્ય એ સર્વ ધર્મનાં ફળ જાણવાં.

હવે માર્ગને વિષે ચાલતા એવા એઘ્રિકે નદીતીરે ચંપક, અશોક, પુન્નાગ, માકંદ, અને રાયણ પ્રમુખનાં વૃક્ષો દીઠાં. તે વૃક્ષો ફળ ફુલથી શોભી રહ્યાં હતાં. તેમનામાંથી જે જે ઉત્તમ વૃક્ષો જાણીતાં હતાં, તે તે વૃક્ષોનાં મધુર ફળ આસ્વાદન કરી (ખાઇ) મૃગલાં સાથે ક્રિડા કરતો, નદીના નિર્મળ જળનું પાન કરતો આગળ ચાલ્યો. મૃદુ એવાં પત્રોની શય્યા રચીને તેમાં તે રાત્રીને અવસરે શયન કરતો. પર્વતના શિખરો ઉપરથી પડતાં ઝરણાંને જોઇને અને નૃત્ય કરતા એવા મયૂરોને જોઇને તે બહુ હર્ષ પામ્યો. એટલે તે અત્યારે પણીમાં ચાલતો થકો પણ રાજાના ઘરના સુખથી અધિક સુખ માનવા લાગ્યો.

એકદા રસ્તે ચાલતાં અકસ્માત્ એક ભિલ્લપુત્રી કુમારિકા તેની દ્રષ્ટિએ પડી. તે ભિલ્લપુત્રી પણ દેવકુમાર તુલ્ય એઘ્રિક કુમારને આવતો જોઇને નૂપુરના નાદથી દિશાઓને પૂરીદેતી, મોરપીંછાના અલંકારથી શોભાવ્યું છે ગાત્ર જેણીએ એવી તથા હર્ષના ઉત્કર્ષથી જેના અંત્ય અને મધ્ય પૂર્ણ થઇ ગયાં છે એવી ચંદ્રને જોઇને જેમ ચકોરી પ્રમોદ પામે, તેમ પ્રમોદ પામતી હાથણીની પેઠે ધીમે ધીમે પર્વત ઉપરથી ઉતરી એઘ્રિક કુમારની સમીપે આવીને કહેવા લાગી. “આજ મારો જન્મ સફળ થયો કે, આપના સમાન તરૂણરૂપવાન પુરૂષ મને પ્રાપ્ત થયા. હું આપને શરણે આવી છું. ઉભા રહો સ્વામીન્ ઉભા રહો, મ્હારા ઉપર સ્નેહ કરો. આ પલ્લીમાં

મ્હારો પિતા રાજા છે. જો આપ મને પરણશો તો, તે તમને દેશના અધિપતિ કરીને સ્થાપશે અને જો મ્હારૂં કહ્યું આપ નહી કરો તો અકાળમૃત્યુ પામશો જે જે ઔષધિ અને મણિ, મંત્ર તંત્ર, પ્રભાવ વિદ્યમાન છે, તે તે હું જાણું છું. મ્હારી પાસે એક એવી ઔષધી છે કે, જેથી મનુષ્ય પશુ થાય છે. અને પશુ મનુષ્ય થાય છે. બીજી એક એવી ઔષધિ છે કે, મનુષ્ય વાંદરો થઈને પગલે પગલે ઉછળતો ચાલે છે. ત્રીજી એક એવી ઔષધિ છે કે, જેથી વાંદરો મનુષ્ય થાય છે. વળી હું વૃક્ષો ઉપર પગ મૂકીને કામદેવની ઇચ્છા કરનારા મનુષ્યોના હાથપગ છેદી શકું છું. હું વાઘ કે સિંહથી ભય પામતી નથી, વનમાં ચાલવાથી બ્હીતી નથી અને ભૂત, પ્રેત, પિસાચ ચોર કે સર્પથી પણ હું ડરતી નથી! કારણ કે, મ્હારી પાસે ઉત્તમ ઉપાયો છે. વળી હું પાણીના પૂરથી પણ બ્હીતી નથી. હસ્તિને કાન પકડીને ઉભો રાખું છું. ફક્ત એક અગ્નિથી હું દૂર નાસું છું. આ સઘળું માનીને મને પરણીને મ્હારા પતિ થાઓ. મ્હારાં પિતાના રાજ્યની સીમા સો કોસ સુધી છે. માટે આપ અહિંથી ક્યાંઈ પણ જઈ શકો એમ નથી. મને અંગીકાર કર્યા વિના ઉપાય નથી. ઘેર પરોણો આવ્યો છે. તેને સહન કરો કે ન કરો, તેમ મરજી હોય કે ન હોય, પણ મને પરણો."

શ્રેણિકે વિચાર્યું. "આ શાકિનીને હું કેમ પરણું? એ આવી મલીન છે, નીચ જાતિની છે. તે કામદેવના વશથી બોલે છે. વળી અજીર્ણ પણ છે અને ધૂતારી પણ છે. મેં પહેલાં ધૂતારાઓની સાથે ભોજન કર્યું, તેથીજ મને પિતાએ સ્વદેશથી કાઢી મૂક્યો છે. જો હું એને પરણું તો મ્હારી જાતિને માથે ખાર પડે. ન જવાની જગ્યાએ જવાથી અધમ પુરૂષો કુળ ખુવે છે. જો હું એને પરણ્યો તો, મ્હારૂં ક્ષત્રિયકુળ ભિલ્લકુળ સમાન થયું જાણવું. વળી જો એને પરણીશ તો મ્હારે એના હાથનું ભોજન લેવું પડશે તથા એના પિતાને નમવું પડશે; મ્હારા માત પિતા લાજશે. માટે એને ન વરવું પડે એવું કાંઇ કરૂં. ત્યારે શું એની આગળથી નાસી જઉં કે, મરણ અંગીકાર કરૂં ? ઉત્તમ કુળ પામીને જે માણસો અધમની સાથે મૈત્રી કરે છે, તેને પણ અધમ જાણવા. કહ્યું છે કે—વિધાતાએ આ સંસારમાં સ્ત્રી રૂપી પાસલો માંડ્યોછે કે, જેમાં જાણ અને અજાણ પુરૂષો બંધાય છે. કારણ કે, જૂઠ, સાહસ, માયા, મૂર્ખાઈ, અતિલોભ, નિઃસ્નેહ અને નિર્દયપણું એ સાત દોષ સ્ત્રીઓમાં સ્વભાવથી જ હોય છે. જો તેનાં દર્શન થયાં હોય તો ચિત્ત હરી લે છે, સ્પર્શ બળને હરેછે અને તેનો સંગમ વીર્યને હરેછે. આ પ્રમાણે સ્ત્રીને પ્રત્યક્ષ રાક્ષસી કહી છે."

ક્ષણવાર મૌન ધારણ કરીને કુમાર તો ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યો. એટલે તે સ્ત્રી પણ પાછળ પાછળ ચાલી. આગળ ચાલતાં શ્રેણિકે એક દાવાનળ બળતો જોયો, એટલે હૃદયમાં અગ્નિસ્તંભન મણિનું સ્મરણ કરીને તેમાં પોતે ઝંપાપાત ખાધો. પછી તે કહેવા લાગ્યો. "હે સ્ત્રી! જો ત્હારે મને પરણવું હોય તો અહિં આવ." એ સાંભળી સ્ત્રી તો હાથ ઘસવા લાગી ને બોલી કે, "મેં બહુ ઉતાવળ કરી. જો સ્થિર થઇ હોત તો જરૂર મને પરણત. એણે મને છળ (કપટ) કરીને છેતરી. તો પણ ઠીક થયું. હવે હું હમેશાં વિનય દાખવીશ. ભય ઉપજાવનાર એવું એક પણ વચન નહિં બોલું. જો હું મીઠાં મીઠાં વચન બોલીને તેની દાસી થઇ હોત, તો જરૂર તે મ્હારા પાશમાં આવી જાત. હું જે જે બોલી, તે તે મ્હારે માથે જ આવી પડ્યું. કારણ કે, નિશ્ચે એ અસંખ્ય મંત્ર તંત્રાદિ જાણતો હતો, પણ રંકને હાથ આવેલું રત્ન તે કેમ રહે ? મેં જ મૂર્ખાઇ કરીને મ્હારૂં જ્ઞાન જણાવી દીધું ! એણે તો મને છેતરીને દાવાગ્નિમાં પ્રવેશ કર્યો. હવે હું શું કરૂં ? ક્યાં જઉં ? કોની પાસે એ કહું ?" ઉંચે પર્વત ઉપર રહેલી કુમારિકા કુમારને જતો દેખીને ખેદ ધરતી આ પ્રમાણે કહેવા લાગી અને છાતી કૂટવા લાગી, પણ ક્ષણવાર વિચાર કર્યો તો તેણીને

જણાયું કે, એને રાખવાને કોઇ સમર્થ નથી. હું વૃથા ખેદ કરૂં છું! ભાગ્ય વિના ચિ નામણિ રત્ન ઘરને વિષે રહેજ નહી. તે અહિં આમ ધારતી ઉભી રહી.

હવે એલ્લિક કુમાર તો મૂઠી વાળીને દોડયો. તે ગંગા નદીના પ્રવાહ પાસે પહોંચ્યો. બહુ પાણી જોઇને તે ચારે દિશાએ ફરી ફરીને જોવા લાગ્યો. તે નદીને કાંઠે સૂકું એવું ચંદન વૃક્ષ જોઇને તે હર્ષ પામ્યો. જેવો તે, તે વૃક્ષ ઉપર ચડયો કે, તુરતજ કડકડ શબ્દ કરતું તે ચંદનવૃક્ષ ગજેંદ્રની પેઠે પાણીમાં પડયું, પણ તેણે તુરતજ પોતાની પાસેના જળતારક રત્નનું સ્મરણ કર્યું એટલે તે વૃક્ષ ઉપર બેઠેલો છતાં વિમાનમાં બેઠેલો હોય તેમ ચાલવા લાગ્યો અને જેમ જેમ તેના આધારે ને રત્નના પ્રભાવે વીશ દિવસ પૂર્ણ થયા ત્યારે તે બેન્નાતટ નગર સમીપે આવ્યો.

જેવામાં તેણે તે ચંદન વૃક્ષ ત્યાં રાખ્યું, તેવામાંજ નગરમાં તેનો ગંધ સર્વ સ્થળે પ્રસરી રહ્યો. તેને અનુસારે જેમ ઉત્તમ પુષ્પો પાસે ભમરાઓ જાય, તેમ બહુ શ્રેષ્ઠીઓ ગંધના ગંધથી આકર્ષાઇને ત્યાં આવ્યા. તેમણે પૂછ્યું. "હે કુમાર સાર્થવાહ! આ વૃક્ષનું મૂલ્ય શું?" ત્યારે તેણે કહ્યું. "એનું મૂલ્ય ન કહી શકાય તેટલું છે. તે મણિ, માણેકની બરાબર તોળીને વેચવું છે. આવું ચંદન કોઇ રાજાના ભંડારમાં પણ નથી, માટે તે સૂકું ચંદન સુવર્ણની બરાબર તોળીને તમને આપીશ. કારણ કે, ઉત્તમ કરિયાણું સર્વ ખપી જાય છે." એટલામાં તો બહુ લોક એકઠા થઇ ગયા. ત્યારે શ્રેષ્ઠીઓએ કહ્યું. "અરે લોકો! દૂર જાઓ. જાણતા નથી કે, એ એકલો છે અને આપણે ઘણા છીએ. જો તેનું જરા પણ ચંદન જશે, તો તે આપણુંજ ગયું. કારણ કે, તે આપણો સાધર્મિક છે. માટે કોઇએ તેમાં હાથ નાંખવો નહી. નાંખશે તે ચોર ગણાશે, ને તે અન્યાયીનો રાજા નિગ્રહ કરશે. કારણ કે, તે ન્યાયીનીજ રક્ષા કરે છે. પછી ચારે દિશાઓથી ચંદનને કાપવાનાં ઓજારો-વાંસલા, કુહાડા પ્રમુખ ત્યાં ઘણા આવ્યા. તેણે કરી કાપી કાપીને તે ચંદન કંપાએ (કાંટે) ચઢાવીને સુવર્ણ બરાબર તોળીને તેણે વેચ્યું. સઘળું ચંદન વેચ્યું તેના ઉપજેલા સુવર્ણનાં તેણે રત્નો લીધાં. દાણ વારમાં બધા શ્રેષ્ઠીઓ પણ સુવર્ણ આપી લીધેલું ચંદન લઇને પોત પોતાને સ્થાને ગયા.

હવે એલ્લિક કુમારે પણ હર્ષ પામી સઘળાં રત્નો ગાંઠે બાંધી વેષ ફેરવીને એ બેન્નાતટ શહેરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાંજ પ્રથમ ધનાવહ શ્રેષ્ઠીની દુકાને ગયો. ત્યાં તે સહુ વાર બેઠો. ત્યાં તો તે શ્રેષ્ઠીને ઘણાં ઘરાક આવવાથી મ્હોટો લાભ થવા માંડ્યો. એટલે તેણે કુમારને કહ્યું. "આ એક ભાજનમાં મીંઢળનાં ફળ છે, બીજામાં રોહિણી વૃક્ષની છાલ છે અને ત્રીજા ટોપલામાં જવ છે. એ સર્વે મેં કાલે આણ્યાં છે. વળી આ ગળો, કપૂરો, પાટલાદિ ચોથા ટોપલામાં છે. વળી આ ત્રિગડુ, ત્રિફળાં, શિખર, ગિરિમાળો તથા સૂંઠ વિગેરે છે. તેમાંથી ત્હારે જે જોઇએ તે લે." એમ સાંભળીને એલ્લિક કુમાર બોલ્યો. "હાથ તો ઘણો મોકળો છે, પણ તમે મ્હારા ઉપર શા કારણે એમ કરો છો? એ તો તમારો સ્વભાવજ એવો હશે." શેઠ હસીને બોલ્યા. "સંસારમાં પોતાનો અર્થ સર્વ કોઇને વ્હાલો હોય છે. પારકો અર્થ કોઇ વ્હાલો નથી." ત્યારે કુમાર બોલ્યો. "તમારે પોતાનું શું કાર્ય છે! (શો સ્વાર્થ છે?)" ત્યારે શેઠે કહ્યું. "આજ રાત્રીએ કોઇ દેવતાએ મને સ્વપ્નને વિષે કહ્યું કે, પ્રભાતે સાત ઘડિ સૂર્ય ઉગ્યા પછી આઠમી ઘડિએ પૂર્વ દિશાએથી કોઇ વીશ વર્ષની વયવાળો શ્વેત વસ્ત્રધારી પુરૂષ ત્હારી દુકાને આવશે, તે ત્હારી સર્વ આપત્તિ દૂર કરશે.' એવું સ્વપ્ન આપીને તે દેવ વિજળીની પેઠે અંતર્ધાન થઇ ગયો. પછી પ્રભાતે ઉઠીને મેં વિચાર્યું કે, આ સ્વપ્ન તો ઉત્તમ છે. કારણ કે, સ્વપ્નશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દેવ

વાતચતિનો બનાવ સાંભળીને ઘરમાં આવીને બોલ્યો. "આ શ્રેષ્ઠ વર આવ્યો છે અને આ પુત્રી પણ વિવાહ યોગ્ય થઈ છે. જો એ બેનાં લગ્ન થાય તો, લગ્ન સમાગમ ચંદ્ર અને રોહિણી ના સમાન, સૂર્ય અને રન્નાદેવીના સમાન, કામદેવ અને રતિના સમાન, કૃષ્ણ અને રાધાના સમાન તથા શક્રેંદ્ર અને ઇંદ્રાણીના સમાગમ સમાન શોભાવંત થશે. જો કાંઇ અંતરાય ન થાય તો યોગ ઘણોજ શ્રેષ્ઠ છે. જીવોને લાખોગમે પુણ્ય કરતાં ઘણાં વિઘ્નો નડે છે. પ્રગટ વિઘ્નો ઉપજે છે. માટે સત્પુરુષોએ હમ્મેશાં સાહસ કરવું. એ પુરુષને તમારે ગામ, નામ, ઠામ અને ગોત્રાદિ ન પૂછવું; કારણ કે, એ વિષે તેણે મ્હારી પાસે નિયમ કરાવ્યો છે, ત્યારેજ તે આપણે ઘેર આવ્યો છે."

તે ઉપરથી સુનંદાએ કહ્યું. "હે તાત! એના નામ, ઠામ, ગોત્રાદિની ભલે પૃચ્છા કરશો નહિ, પણ જો મને તે અંગીકાર કરે, તો તેની સાથે મ્હારાં લગ્ન કરો. એમ નહિ તો મને દીક્ષા અપાવો." પુત્રીનો આવો નિશ્ચય જોઇને પિતા હર્ષ પામ્યો. પછી બન્ને જણ સ્નાન કરી, દેવપૂજા કરી ઉત્તમ રસવતી જમ્યા. ત્યાં સુધી ધનશ્રેષ્ઠીની સ્ત્રીએ તે બન્નેની ભક્તિ કરી. પછી તે બન્ને જણ ચિત્રશાળામાં જઇને બેઠા. ત્યાં ધનશ્રેષ્ઠીએ કુમારને કહ્યું. "જો આપને અરુચિકર ન લાગે તો કાંઇક કહેવું છે." ત્યારે કુમારે કહ્યું. "જે મને રુચે તે તમારે બોલવું." ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું. "હે પથિક! આ મ્હારી પુત્રીને આપ પરણો. અંતઃકરણમાં દ્રવ્યલોભ કરીને જે માણસ પુત્રીને વેચે છે, તેને બહુ પાપ લાગે છે. વળી જે માણસ પુત્રીઓને વેચે છે, તે પરલોકમાં ઉત્કૃષ્ટ દુઃખને પામે છે. એ તમનેજ વરી ચૂકી છે. તમે નહિ અંગીકાર કરો તો, તે ચારિત્ર લેશે. બીજા પુરુષને નહિં વરે."

આ સાંભળીને 'એ કન્યા ધર્મિષ્ઠ છે.' એમ જોઇ તે મન ગોપવીને બોલ્યો. "એતો ઘેલી છે, જેને જેને દેખશે, તેને તેને વરશે તો તેની મૂર્ખાની પંક્તિ (ઓળ) માં ગણત્રી થશે. નામ, ઠામ, કુળ, ગોત્રાદિક જાણ્યા વિના વરને વરવાની વાત કરે છે, તો સમજવું કે, એ ઘેલી થઇ છે." કુમારિકા બોલી. "ભલે એને જે કહેવું હોય તે કહે; પણ હું તો એનેજ વરીશ. રાજહંસનું કુળ કોણ પૂછે? તેમનું કુળ તો ઉત્તમજ હોય. તેમની વાણી (વચન) જ કુળાચાર જણાવે છે." કુમારે જાણ્યું કે, રાજહંસી માનસ ( માનસરોવર ) ઉપરજ અભિરુચિ ધરાવે છે. બીજે નહિ, તેમ આ કુમારિકા પણ મ્હારે વિષેજ આસક્ત છે. આમ ધારીને તે પ્રગટપણે બોલ્યો. "હે કુમારિકા! હું તને વરૂં, તેમાં તને શો લાભ છે? હું વિદેશી (પરદેશી) છું. ઘડિમાં અહિં ને ઘડિમાં બીજે. મ્હારો મેળાપ વાદળની છાયા જેવો છે." ત્યારે સુનંદાએ કહ્યું." આપનું વચન સત્ય છે. વાદળને આધારે ચંદ્ર અને સૂર્ય છે, વાદળને આધારે વર્ષાદનું પૂર છે, વાદળને આધારે સર્વ તારા છે અને સર્વ લોક પણ વાદળને આધારે છે; તેમ હું પણ આપને આધારે છું, માટે કૃપા કરીને મ્હારો પાણિ (હાથ) ગ્રહણ કરો અને આપ પુત્ર, પુત્રીઓ વિગેરેનો વિસ્તાર કરો." ત્યારે શ્રેણિક કુમાર કહેવા લાગ્યો. "હે સુનંદા! મ્હારી સાથે ત્હારો વિવાહ સ્વપ્ન તુલ્ય થશે; કારણ કે, પાણિગ્રહણને પાંચ દશ દિવસ થશે, ત્યાં તો હું પરદેશી એટલે પરદેશ પ્રત્યે ચાલી નીકળીશ. કારણ કે, પરદેશી તો યોગીની પેઠે ચાલી નીકળેજ. જેની સાથે લગ્ન થયાં હોય, તે ચાલી નિકળે ત્યારે પરણેલીની શી ગતિ થાય?" ફરી સુનંદાએ કહ્યું. "હું દીક્ષાજ લેવાની હતી, ત્યાંજ તમે આવ્યા અને તમને જોઇને મ્હારૂં મન આવું થયું કે, 'કાં તો આપનો હાથ ગ્રહણ કરવો અથવા તો સંયમ અંગીકાર કરવો.' જો આપ મને પરણીને જતા રહેશો, તો હું શીળવ્રત પાળીશ. મને નિઃકલંકને પરણીને આપ સુખે દેશાંતર જજો."

મેં રાજગૃહ નગરે જોયા હતા." ત્યારે તેણે કહ્યું કે, "રાજગૃહ મ્હારા દુશ્મનને પણ ન હો."

સાર્થવાહનું આ કહેવું સાંભળીને તો વળી પ્રસેનજિત રાજાને મહા સંશય પ્રગટ થયું, તેથી તે કહેવા લાગ્યો. "આશ્ચર્ય છે કે, તે પુત્રે પોતાની સ્થિતિ એકવાર પણ મને જણાવી નહી. તેથી હવે એની સ્થિતિ બીજા પુત્રો આગળ કહેવી નહી." એમ મનમાં ગુપ્ત વિચાર રાખીને તેણે સાર્થવાહને કહ્યું. "તમે કેમ અસત્ય બોલો છો? તે પુત્ર તો આંધળુ, અધમ અને મૂર્ખ હતો. તે અહિંથી નીકળી રઝળીને મૃત્યુ પામ્યો હશે. એમ જે પોતાની ઇચ્છાએ પરથી જતો રહે, તે મૃત્યુજ પામે. રાંકની પેઠે ઘેર ઘેર ફરતો એવો તે મૃત્યુજ પામશે. કર્મ પ્રગટ થઇને કાંઈ બતાવતું નથી, પણ તેને કંઈક બુદ્ધિ આપે છે કે, જે ને આધારે લોક રાંકની પેઠે રળે છે. વિરંચી જે બ્રહ્મા, તે કાંઇ પ્રગટ થઇને તમાચાવડે મારતો નથી, પણ તે તો તેને બુદ્ધિ આપે છે કે, જે બુદ્ધિની સહાય્યથી તે પ્રાણી રંકની પેઠે રળે છે. વળી જે માણસ થાપણ ઓળવે છે તથા બીજાને ઠગે છે, તેમની પેઠે એવો ત્રીજો તું જો અસત્ય બોલનો હોય તો ?" ત્યારે દેવદત્ત સાર્થવાહે રાજાને એકાંતમાં બોલાવીને કહ્યું. "જો ત્યાં શ્રેણિક કુમાર ન હોય અને જો હું અસત્ય ભાષણ કરતો હોઉં, તો મને થાપણ ઓળવવાનું, વિશ્વાસઘાત કર્યાનું, કન્યાવિક્રયનું, કૂડાં તોલમાપનું અને વળી સ્ત્રીહત્યા, ગૌહત્યા અને બાળહત્યા તેમજ મુનિહત્યાનું પાપ લાગો. મેં બેન્નાતટ નગરમાં ધનશેઠની દુકાને તે રાજહંસ જેવા કુમારને બેઠેલો જોયો છે. તે શેઠ કુમારની આજ્ઞાને, દેવતાની આજ્ઞાની પેઠે સર્વ કાર્યમાં પાળે છે. તેજ કુમારના સ્નેહના વચને કરીને હું ધનશેઠને ઘેર ગયો અને તેજમતુરી લીધી. જેથી મ્હારે ઘેર સુવર્ણની તો કોટિ થઇ ગઈ છે! વળી હું એમ પણ જાણું છું કે, તે કુમાર ધનશેઠની પુત્રી વેરે પરણ્યો છે."

તે નાયક (સાર્થવાહ) ની આપેલી આ ખબરથી પ્રસેનજિત રાજા હર્ષ પામ્યો અને પુત્રને તેડાવવાને ઉત્સાહવાન્ થયો. એટલે તેણે વિચાર્યું કે, "જો તે જરૂર ત્યાંજ હશે તો, હું મ્હારા કોઇ વિચક્ષણ સેવકને એક સમસ્યા સહિત ત્યાં મોકલીશ અને જો તે મ્હારો પુત્ર હશે તો તે મ્હારી સમસ્યા સાંભળીને તુરત અહિં આવશે."

પછી તેણે એક પોતાના હુશિયાર સેવકને તેની પાસે મોકલ્યો. તે સેવકે બેન્નાતટ નગરમાં ધનશેઠને ઘેર જઇને ગોપાળ કુમારના હાથમાં સમસ્યા આપી. તે તેણે વાંચી. તે આ પ્રમાણે:—પકવાન ભરીને મુખ બાંધી લીધેલા એવા કંડીઆમાંથી પણ ખાધું અને બાળકોને ખવરાવ્યું. વળી મુખ બાંધેલા પાણીના ઘડામાંથી પણ પાણી પીધું અને બાળકોને પાયું. વળી કૂતરાઓએ અભડાવેલ એવાં ખીરનાં ભાજન તેમને ફેંકતા ફેંકતાં પોતે પણ ત્યાં તે ખીરનું ભોજન કર્યું. આ પ્રમાણે જેની હકીકત છે તેને કેમ છે? તે બેન્નાતટપુરમાં ધનશેઠની પુત્રીને પરણીને ઘરજમાઈ થઇને રહ્યા છે? તેણે પોતાના માતા, પિતા, ભાઇને ત્યજી દીધા છે તે કેમ જીવે છે? જેનાં માત પિતા હમણાં દુઃખી થઇને રહેલાં છે, તે માણસ રાંકની પેઠે કેમ દૂર રહે છે?"

પ્રસેનજિત રાજાએ શ્રેણિક કુમારને લખેલી સમસ્યા:—

> કુકર કહેતાં કોપે ચડિયો, ઘર ઘર જમાઈ થાય ॥
> નૈયા હડથાળી કે કહે, કવણ ભલો બિહું માંય ॥૧॥

કૂતરા જેવો કહેવાથી કોપે ચડ્યો અને ઘરજમાઇ થઇને રહ્યો; એ હૈયાળી મનમાં વિચારીને કહો કે, એ બેમાં કયું કૃત્ય સારૂં કર્યું? (૧)

આ પ્રકારની સમસ્યા વાંચી તેનો અર્થ જાણીને ગોપાળ (શ્રેણિક) ની આંખો

અને તેને ગુણોયના કહેછે, રાજાને તે અતિ વલ્લભ છે, તેથી જો કોઇ તેણીને આંધળી કહે છે તો તેને તે ઉમરિશા કરે છે. ” રાજાની પુત્રી અંધ છે, એવું જાણવાથી અભયે કહ્યું કે, “ આપની પુત્રીનો દોહદ દુઃખે કરીને પૂર્ણ થાય તેવો છતાં પણ તે પૂર્ણ કરવાનો એ ઉપાય છે. ” એણીએ પૂછ્યું. શો ઉપાય છે ? ” અભયે કહ્યું. “ આ રત્ન લઇને રાજા પાસે જઇને આમ કરવું કે, આ રત્નને પાણીમાં બોળીને તેણીની ( પુત્રીની ) આંખે તે પાણી છાંટવું. તેમ કરવાથી તેનાં મનોહર નેત્ર થશે. એમ થવાથી રાજા તુષ્ટમાન થઇને મન માગવાનું કહે, ત્યારે તમે તમારી પુત્રીનો દોહદ પૂરવાનું માગજો. ”

પછી ધનશેઠ રત્ન લઇને રાજા પાસે ગયો. એટલે રાજાએ તેને સંન્માન દીધું અને પરસ્પર પ્રીતિમાં વૃદ્ધિ થઇ. પછી શેઠે એકાંતે કહ્યું. “ આપની પાસે કહેવા યોગ્ય નથી, તો પણ કહું છું કે, આપની પુત્રીને અહિં બોલાવો. ” પુત્રીને બોલાવી એટલે ધનશેઠે રત્નનું પાણી છાંટીને તેને દેખતી કરી. (કુમારિકાએ દિવસે તારા જોયા. ) રાજાએ ધનશેઠને અર્ધ રાજ્ય આપવા માંડ્યું. ત્યારે શેઠે કહ્યું. “ રાજ્યને અમે શું કરીએ? પણ હે સ્વામિન્! મ્હારી પુત્રીને દોહદ ઉત્પન્ન થયો છે તેને પૂર્ણ કરો. ” પછી રાજા પોતાની પુત્રીને તથા સુનંદાને હસ્તિ ઉપર બેસારી પોતે આગળ ચાલ્યો. નૃત્ય થાય છે, છત્ર ચામર વિંજાય છે અને વાજિંત્રના નાદ થઇ રહ્યાછે. એવી રીતે રાજા રસ્તે ચાલવા લાગ્યો. સુનંદાએ સર્વ જિનમંદિરોમાં પૂજા કરી. પછી પોતાને ઘેર આવી સાધુઓને બોલાવી તેમને પ્રાસુક એવા અન્નપાનથી પ્રતિલાભ્યા અને સમગ્ર દેશમાં અમારિપડહ વગડાવ્યો. પછી રાજાને અને ધનશેઠને તથા ગુણોયના અને સુનંદાને ગાઢ પ્રીતિ થઇ. રાજાએ ઘેર ઘેર ધનનું લ્હાણું કર્યું અને અવસરમાં તરિયાતોરણ બંધાવ્યાં.એટલે અભયે પોતાની સ્ત્રી સુનંદાને કહ્યું કે, “ આપણો પુત્ર થશે તેનું નામ અભય કુમાર પાડીશું. કારણ કે, તને અમારિ પ્રવર્તન પ્રમુખ દોહદ થયો હતો.”

હવે કેટલાક દેવનંદિ સાર્થવાહ પૃથ્વિ ઉપર ફરતો ફરતો પુષ્કળ દ્રવ્ય મેળવીને રાજગૃહિ નગરીએ ગયો. ત્યાં પ્રસનજિત રાજાના ઘણા પુત્રો પરસ્પર વિરોધ કરતા, તેથી તે રાજા વિનીત એવા અભય કુમારને સંભારી સંભારીને પિતા પાસે કહેવા લાગ્યો. “ મેં અપમાન કર્યું તેથી તે પુત્ર રાજ્ય ત્યજીને જતો રહ્યોછે. તેનું શું થયું હશે ? અને તેના વિના રાત્રિ દિવસ નિદ્રા આવતી નથી. હું સુખે શ્વાસ પણ લેતો નથી. જ્યારથી તેનો વિયોગ થયો ત્યારથી સુખ ગયું છે. મેં પણ અણવિચાર્યું અકાર્ય કર્યું છે. તે જીવતો છે કે, નહિ ! તે પણ હું જાણતો નથી. વખતે તે દાસ થઇને ક્યાંહિક રહ્યો હશે. વર્ષાદમાં પણ તેને ઘેર ઘેર ભિક્ષા માગવી પડતી હશે. ભૂખ અને તરસથી પીડાતો હશે. ચોમાસામાં રહેઠાણ ન હોવાને લીધે તેના મસ્તક ઉપર વર્ષાદ પડતો હશે. શીયાળામાં ટાઢ અને ઉનાળામાં તાપ વિગેરે દુઃખ તેને સહન કરવું પડતું હશે. ” આવું આવું સંભારીને તે પ્રસેનજિત રાજા દુઃખી થવા લાગ્યો.

એકદા વળી તેને વિચાર થયો કે, “પુત્ર કોનો ? પિતા કોનો ? માતા કોની ? અને સ્ત્રી પણ કોની ! એ સર્વે સ્વપ્ન જાળ સરખું દેખાય છે. આ સર્વે જીવો અનંતા ભવમાં અનેક સંબંધીઓ થઇ ગયા છે, થાય છે અને થશે.” આમ વિચારી તે પોતાના ચિત્તને સ્થિર કરીને બેઠો છે, તેવામાં પેલો દેવનંદિ સાર્થવાહ આવીને કહેવા લાગ્યો. “ હે દેવ ! આપને ઘેર ઘેર પુત્ર છે અને અહિં ઉદાસ કેમ દેખાવ છો ! ” ત્યારે રાજાએ અભય બતાવું સ્વરૂપ કહી બતાવ્યું. તે ઉપરથી સાર્થવાહ કહેવા લાગ્યો. “ હે રાજન્ ! મેં આપના કુમારને બેનાતટ નગરને વિષે ધનશેઠને ઘેર મહાબુદ્ધિમાન્ જોયો છે. તેને મેં કહ્યું કે, “ તમને

આ સાંભળીને કુમારે ગાંઠ બાંધીને કહ્યું. " આજ રૂડી લગ્નની વેળા છે, આપને જે રુચે તે કરો. " એટલે શેઠીએ પોતાની પુત્રી સુનંદાને મહોત્સવ પૂર્વક પરણાવી.

એકદા શ્રેણિક દુકાન ઉપર બેઠેલા છે. તેવામાં તેણે નગરમાં પડહ વગડાતો સાંભળ્યો. તેણે શેઠીને તેનું કારણ પુછ્યું. ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, " સવાલાખ પોઠીઆ ઉપર નાના પ્રકારની વસ્તુઓનો સમુચ્ચય ભરીને દેવનંદિ નામનો સાર્થવાહ અહિં આવેલો છે. તેની પાસે એક પોપટ છે, જે છ છ મહિનાને છેડે બોલે છે અને પુછીએ છીએ ત્યારે તે પોપટ સાચુંજ બોલે છે. એકદા દેવનંદિ સાર્થવાહે તે પોપટને પુછ્યું. " તેજમતુરી ક્યાં છે ? " ત્યારે પોપટે કહ્યું. " તે હાલ બેનાતટમાં છે. " તે ઉપરથી તે ખચ્ચરો, કરિયાણાંની પોઠો લઇને અહિં આવેલો છે. તેણે રાજાને મળીને રૂડું ભેટણું કર્યું. પછી રાજાએ આવવાનું કારણ પુછ્યું, ત્યારે દેવનંદિએ કહ્યું. " તેજમતુરી લેવા આવ્યો. " તે ઉપરથી રાજાએ મંત્રીઓને પુછ્યું. ત્યારે મંત્રીઓએ કહ્યું. " અહિં તો તેજમતુરી ક્યાંય હોય એમ લાગતું નથી. " ત્યારે રાજાએ કહ્યું. " જ્યાં સર્વ વસ્તુઓ મળે છે અને જ્યાં બહુ ધનવાન વ્યવહારિયા આવે છે, તેનેજ એક નગર કહેવું; પણ જ્યાં આવેલી વસ્તુઓ વ્યાપારીઓ લે નહિ અને જ્યાં સર્વ વસ્તુઓ મળે નહિ, તે નગર નહિ પણ ગામડું કહેવાય. " એમ કહી રાજા ખેદ કરવા લાગ્યો. ત્યારે મંત્રીએ કહ્યું. " આ નગર મોટું છે, કોઇના ઘરમાં કદાપિ તે હોય પણ ખરી. માટે પડહ વજડાવો. " આવો વિચાર કરી રાજાના આદેશથી મંત્રીઓ આ પડહ વગડાવે છે. "

શેઠનાં આવાં વચન સાંભળીને શ્રેણિક કુમાર બોલ્યો. " શેઠ, તમે જઇને પડહને સ્પર્શ કરો (હાથ અડાડો.) " તે ઉપરથી શેઠીએ જઇને પડહને સ્પર્શ કર્યો એટલે રાજાના સેવકોએ રાજા પાસે જઇને કહ્યું. " ધનશેઠે પડહને સ્પર્શ કર્યો છે. " તે સાંભળીને રાજા પ્રમુખ સર્વ હસવા લાગ્યા કે, " એના ઘરમાં તો ધુળજ રહી છે, બીજું કાંઇ પણ ધનનો નથી; માટે એ મોટો ઘેલો જણાય છે. કાં તો તે ઉંઘમાંથી ઉઠ્યો હશે એટલે આવીને ધુરતજ પડહનો સ્પર્શ કર્યો હશે ! માટે એ તે ધુળ દેખાડશે તો આપણા નગરનું માહાત્મ્ય જશે. " પછી રાજાએ ધનશેઠીને તેડાવ્યો. રાજાના સેવકોને આવતા જોઇને શેઠીએ કુમારને કહ્યું. " શું કરવું છે ? આ રાજાના સેવકો આવ્યા. " તે ઉપરથી કુમારે કહ્યું. " શેઠ, તમારે લગાર પણ ખેદ ન કરવો. આ રાજવાડીની ધુળ છે, તે સાટે બાંધીને ત્યાં જઇને તે તેનુંજ મનમાં સ્મરણ કરતાં રાજાને જઇને મળો. એ ધુળના પ્રભાવથી જ્યારે ગુણ ગુજમાન થાય, ત્યારે તમારે પુણ્યરૂપે કરીને પણ માંગવી માગવી. તેજ વખતે તેજમતુરી આપશો."

આ પ્રમાણે સાંભળીને તે શેઠી રત્ન લઇ રાજા પાસે ગયો, ને ત્યાં તેને પ્રણામ કર્યો. રાજાએ જોઇ રત્ન લઇ પ્રસન્ન થઇને બોલીને કહ્યું. " આપણે આ ધનશેઠને બાંધીનું ગામ સોંપ્યું છે. જ્યારે ધન મળે ત્યારે એ કામ એના હાથમાંથી લઇને બીજાને સોંપવું નહી." આ પ્રમાણે શેઠને બોલતો તે મળી. પછી રાજાએ કહ્યું." શેઠ, આ સાર્થવાહને જે જોઇએ તે આપજો." ત્યારે શેઠે કહ્યું. " આ સાર્થવાહને જોઇતી તેજમતુરી લેવાને જોઇએ છે કે નથી !" એ સાંભળીને રાજા હર્ષિત થઇને ધનશેઠને તિલક વસ્ત્રાદિકથી સન્માન કરી તેની સાથે દેવનંદિ સાર્થવાહને મોકલ્યો. ત્યાં ગયો એટલે શેઠ પાસે દેવનંદિ સાર્થવાહે મુલ પુછ્યું કે મુલ્ય કેટલું. ત્યારે શેઠે કહ્યું."આ શ્રેણિક કુમાર જાણે મુલ એ સર્વ જાણે છે." એટલે તે સાર્થવાહે આવીને પ્રણામ કરીને કહ્યું. " અહો ! ધનશેઠ ધન્ય છે કે, આવો ઉત્તમ જમાઇ પણ તેને ભાગ્યે મળ્યો છે ! જ્યાં આવા આવા એક હોય તે ઘરને, તે દેશને ધન્ય

માંથી વારંવાર આંસુ પડવા લાગ્યાં. તેણે વિચાર્યું કે:—

> મારણ તાડણ જે કરે, જેવા તેવા સહંતિ ॥
> અમ સરીખા બેટડા, તે બોલે ન રહંતિ ॥૨॥

જેવા તેવા છોકરાઓ તો (તેમનામાં કશી શક્તિ ન હોય તેથી) મારણ તાડન પણ સહન કરે, પરંતુ મ્હારા જેવા પુત્રો તો એક વચન પણ નહિ સહન કરતાં ત્યાં રહે નહી. (૨)

> અમિય રસાયણ આગલી, માય તાય ગુરુ શીખ ॥
> જે નવિ માને બાપડા, તે રળિયા સવિ દીસ ॥૩॥

અમૃતરસથી પણ અધિક એવી જે માતા, પિતા કે, ગુરુની વાણી રૂપ શીખામણ, તેને જે ભાગ્યહીન જનો નથી માનતા, તે નિરંતર સર્વ દિશાઓમાં રઝળતા ફરે છે. (૩)

એમ ચિંતવીને તેણે (મેઘિકે) લેખ લખીને તેજ અનુચર (સેવક) સાથે મોકલાવ્યો. તે પત્ર મર્ગાનજિત રાજાએ વાંચ્યો. તેમાં મેઘિકે આ પ્રમાણે લખ્યું હતું.

> મમ ઉત્તમ બોલડા, સહશે રાયકુમાર ॥
> તું તુમ્હ ભણિયા ગાળિયા, તેહ વયણ કુણ સાર ॥૪॥

અને આપે જે કપાળનાં વચન લખ્યાં, તે તો બીજા રાજકુમારો ખમશે તો......

> જિણ અવસરે [illegible], સ્વામિત્વણ પમાડ ॥
> તિણ નીચ ઉતારણા, કિમ સેવીજ રાઉ ॥૫॥

જે અવસરે સ્વામિનો પ્રસાદ [illegible], તેજ વખતે પ્રગાઢને બદલે ઉલટો ક્રોધ [illegible], તો તે રાજાને કેમ સેવાય ! (૫)

> ઘર જમાઈ ઘર [illegible], તે [illegible] દૂણ ધરંતિ ॥
> પણ અપમાન્યા [illegible], ન રહે દર ફરંતિ ॥૬॥

[illegible] ઘરજમાઈ થઈને રહેવાને કોને શોખ થતો હશે ? પરંતુ જ્યારે પિતા વડેથી પુત્રને અપમાન થાય, ત્યારે વેગળો ન રહે તો શું કરે ? (૬)

આ પ્રમાણે લેખ વાંચી તેનો અર્થ મનમાં વિચારીને ફરીથી મર્ગાનજિત રાજાએ લેખ લખીને મોકલ્યો. મેઘિકે તે લેખ [illegible]. તેમાં આ પ્રમાણે લખ્યું હતું.

> જે મેં સભામાંહિ [illegible], તે અપમાન કે માન ॥
> [illegible] વિચાર કરી, તો આવિજો થાન (૭)

જે મેં તને સભામાં બોલાવ્યો હતો, તે માન દીધું કે, અપમાન ? હે પુત્ર ! તું આ વા[illegible] વિચાર કરીને પછી અહ આવજે. (૭)

> [illegible] અમ્હ [illegible], મેં [illegible] ॥
> [illegible] તેહ વિણ, તે [illegible] રાય [illegible] ॥૮॥

[illegible] આકાશની પેઠે ખાલી દેખાય છે. તેમ [illegible] વિના આ રાજ્યરુદ્ધિ પણ આકાશમય દેખું છું. (૮)

[illegible] લેખ વાંચીને મેઘિકે તેને અમૃતની પેઠે પરિણમાવ્યો. વળી મેઘિકે [illegible] લેખ લખી મોકલ્યો કે—

> [illegible] ॥
> [illegible] ॥૯॥

[illegible] વિના [illegible] નથી. [illegible]

નગરીમાં મુકીને આવ્યો છું. (૯)

પ્રસેનજિત રાજાએ આ લેખ વાંચી ફરી બીજો લેખ મોકલ્યો કે—

એવી કેવી પાળીઓ, જ્યાં ગજ ગુંજે છે ॥
પાંખો છોડ વદય, તું નાહીને કેમ ॥૧૦॥

જેમ વડવાનાં પાદડાં પાણીમાં તરતી વખતે જ્યાં ઘણાં ભ્રમર ગુંજ કરે છે, પણ તે છોડીને જતાં રહે તો માણસ શી રીતે તરી શકે? અર્થાત્ પાંદડાંનાં પાદડાં સમાન તું અમને છોડીને ચાલ્યો ગયો, તેથી અમે શી રીતે તરી શકીએ? (૧૦)

કલ્પવૃક્ષનું પાનડું, છોડ્યું પાપ ચરેલું ॥
તો નિંદા શીશી ઘડી, જે બીજના તે ગીત ॥૧૧॥

જેમ કલ્પવૃક્ષનું પાનડું વાયરેથી ઉડીને બીજે ઠેકાણે પડ્યું. તો ત્યાં પણ તે [illegible] છે ત્યાં ગુણ પામે છે. (૧૧) [illegible] જન શીતળ હોય છે, તેમ તું પણ જ્યાં રહ્યો છે ત્યાં ગુણી અહિં દરબાર છું, ત્યાં [illegible]

આ લેખ વાંચી વળી અભિકે લખ્યું કે "હું જ્યાં ગુણી અહિં [illegible]" આ પ્રમાણે અભિકે ઉત્તર પોતાના પિતા પ્રસેનજિત [illegible] થી આપે નિરંતર પત્ર લખ્યા કરતો. આ પ્રમાણે [illegible] ત રાજા ઉપર લખ્યું.

પછી અભિક કુમારે પોતાના નવાજુ બાળકોને માટે સાચવેલા તથા પોતાની [illegible] ના અને બહેનો શારૂ સુવર્ણ તથા રત્નાદિકના શણગાર ઘડાવ્યા. તથા પિતા અને બાળકો [illegible] માટે ઉત્તમ જાતિના ઘોડાઓ લીધા. આ સર્વે મેઘ જેવી જે ઘોડા તેને નામાંકિત [illegible] અભિકે ગુપ્ત રીતે પિતાને મોકલાવી. પિતાએ હર્ષ પામીને પુત્રને ફરી ભલા (વાણિ[illegible] મોકલાવી અને પત્ર લખીને જણાવ્યું કે, "તેં જે ધનને વિષે ભિલ્લકુમારીનો [illegible] કર્યો, તે મમ મેઘ અને હૃદયને શોભા મળી એવું કર્યું છે; પણ તેં અહિંથી જતાં [illegible] ખિન્ન ઉદ્બોધન કર્યું, તે વખતે ત્યાંના ભિલ્લ લોકો તારા ઉપર કોપાયમાન થયા છે. [illegible] ધીમે ધીમે ધાડ તથા સૈનિકોને નગર [illegible]

પિતાનાં આવાં વચનો વાંચીને તેણે "હું પિતાની પાસે જઉં છું." ત્યારે ગુણવંતી [illegible] આગ્રહ અને પોતાની સ્ત્રીને કહ્યું કે, "હું પિતાની પાસે જાઉં છું. આપના વિના ક્ષણમાત્ર પણ રહી શકીશ નહીં" એવું કહ્યું. તે ઉપર [illegible] "હું પણ આપની સાથે આવીશ. આપના વિના ક્ષણમાત્ર પણ રહી શકાશે નહીં" એવું કહ્યું. તે ઉપરથી અભિકે તે વખતે "હાલથી તને સાથે લઈ જઈ શકાશે નહીં" એવું કહ્યું. "ત્યારે રાજ [illegible] અભિકે તે વખતે "મહારાથી તને સાથે લઈ જઈ શકાશે નહીં" તે પૂછ્યું. ત્યારે તેણે કહ્યું. "ત્યારે એ પુ[illegible] રાએ તેને "પુત્રનું શું નામ પાડવું?" વળી ગુણવંતીએ પૂછ્યું. "ત્યારે એ પુ[illegible] તેને અનુસારે અભય એવું નામ પાડવું." વળી ગુણવંતીએ પૂછ્યું. તેને અનુસારે અભય એવું નામ પાડવું. તેના પિતાનું નામ કામ પિતરે મને પૂછે, ત્યારે [illegible] નવેક વર્ષનો સમજણો થઈને તેના પિતાનું નામ કામ (પારડા) ઉપર [illegible] કહેવું?" આ ઉપરથી અભિક કુમારે ચિત્રશાળાના બારવટિયા (પારડા) ઉપર [illegible] અક્ષર લખ્યા. "રાજગૃહ ગામ, પોતાનું નામ અને ધવળગૃહ ઘર" આ પ્રમાણે [illegible]

એકદા તે છાનોમાનો બહાર જઈને પોતે પૂર્વે આગળ મોકલેલી સેનાની [illegible] જઈ આવીને ભ[illegible] ગયો. સૈન્ય આગળ ચાલ્યું. કુમારે ભિલ્લની રાજધાની પાસે આવીને [illegible] તેણે સિંગી વ[illegible] તે સાંભળી ભિલ્લરાજ તૈયાર થઈને ભિલ્લ સેના સહિત આવ્યો. તેણે સિંગી વ[illegible] ભિલ્લો કિલકિલાટ શબ્દ કરતા પાળ ઉપર ભેગા થઈ ગયા અને ક્રોધથી લાલ [illegible] કરી બોલવા લાગ્યા કે, "શત્રુઓને હણો, હણો." અભિક કુમારે અંગરક્ષક રત્ન[illegible] લાગ્યાં. સું જોઈને ભિલ્લ લોકોએ ફેંકેલાં શસ્ત્રો અભિક ઉપર નિષ્ફળ જવા લાગ્યાં. [illegible] ભિલ્લ સેનાપતિને અભિ[illegible] એ આવીને અભિકને નમસ્કાર કર્યો. નાસતા એવા ભિલ્લ સેનાપતિને અભિ[illegible] વિષમ સ્થાનક પ્રાપ્ત લઈ ગયે [illegible]

લક્ષ્મી કાંઇ કુળક્રમથી ચાલી આવતી નથી, દસ્તાવેજને વિષે પણ તેને લખી આપી ન થી; પણ તે તો ખડ્ગની સહાય્યથી વિજય મેળવીને ભોગવવાની છે. કારણ કે, વસુંધરા જે પૃથ્વિ, તે વીર પુરુષોથી જ ભોગવવા યોગ્ય છે. વળી હરિણોએ સિંહને નથી કર્યો રા જ્યાભિષેક કે, નથી કર્યો સંસ્કાર; પણ તે સિંહે જે મૃગેંદ્રતા ( મૃગ ઉપર સ્વામીપણું ) મે ળવ્યું છે, તે પોતાના પરાક્રમને લીધે જ.

પછી શ્રેણિકે ભિલ્લપતિને કહ્યું. " હે ભિલ્લ ! આગળ થા અને રાજગૃહિનો માર્ગ બ તાવ. વળી જે ધાર આવે તે પણ મને ઉતરાવ, નહિ તો મ્હારે હાથે મૃત્યુ પામીશ. " તે ઉપરથી ભિલ્લે આગળ થઇને રાજગૃહિનો માર્ગ બતાવ્યો. અનુક્રમે સર્વ ધાર પણ ઉલ્લં ઘીને સવાલાખ ભિલ્લ લોકોને પરિવારે યુક્ત પુષ્કળ અર્થ સહિત જઇને માતા પિતાને અ ત્યંત ભક્તિવડે પગે લાગ્યો. શ્રેણિકને આવ્યો જાણીને સર્વે ભાઇઓએ પણ આવીને તેને વિનય સહિત વંદન કર્યું. પિતાએ અને પુત્રોએ મળીને શ્રેણિકને રાજ્ય સોંપ્યું. પ્રસેનજિત રાજાએ તપ અંગીકાર કર્યો. પરાજય પામેલો (હારી ગએલો) તે ભિલ્લ પણ લજ્જાયમાન થઇ તાપસ થઇને કોઢીમાં પ્રવેશ કરીને ઉત્તમાર્થ અંગીકાર કરવા લાગ્યો. એટલે તેના પુત્રને બોલાવીને તેને પોતાનો સેવક કરી તેનો દેશ શ્રેણિકે તેને સોંપ્યો. પછી શ્રેણિકે પોતાના સર્વ ભાઇઓને તેડાવ્યા અને જે જે વૈરિઓ પોતાના પિતાની આજ્ઞા નહોતા પાળતા, તેમને પોતાના પગ પાસે આણીને તેણે નમાવ્યા."

પછી શ્રેણિકે બીજે દિવસે પરીક્ષા કરી કરીને ચારશેને નવાણુ પ્રધાન નીમ્યા. તેમના માંથી એકને સર્વોત્તમ પદ આપવાનો વિચાર કર્યો. કારણ કે, સારા મંત્રિ વિના રાજ્યતંત્ર નભે નહી. "જે જે મંત્રિઓને મેં અધિકાર આપ્યો છે, તે તે સર્વ ઉદ્ધત છે, ઇર્ષ્યાળુ છે. માટે જ્યાં સુધી મને એવો શ્રેષ્ઠ, નિરહંકારી, વિનયી, ધાર્મિષ્ઠ અને વિશુદ્ધ મતિવાળો પ્રધાન ન મળે, ત્યાં સુધી હું પ્રધાનજ રહીશ. રાજા નહી. વિશિષ્ટ મંત્રી વિના રાજ્યતંત્ર સ્થિર રહે નહી. કહ્યું છે કે—ઉત્તમ કુળમાં જન્મેલો, શીળ ગુણે અલંકૃત, સત્ય બોલનારો, ધર્મમાં પ્રીતિ વાળો, રૂપવાન્ અને સુપ્રસન્ન એવો પ્રધાન હમ્મેશાં રાજાએ કરવો. આચારમાં વૃદ્ધિ કર નારો, ધૈર્યવાન્, સર્વ રત્નની પરીક્ષાવાળો, શુદ્ધ અને અવ્યભિચારી એવો ભંડારી કરવો જો ઇએ. તેમજ બીજાના મનની ઇંગિત જે ચેષ્ટાઓ તથા આકારને જાણનારો, તત્વના જ્ઞાન વાળો, પ્રિય વચન બોલનારો, સૌને પ્રિય એને એકજ વાર કહેલું હોય તે ગ્રહણ કરી લે વામાં ડાહ્યો એવો મંત્રીશ્વર પ્રશંસાપાત્ર છે."

આવો વિચાર કરીને શ્રેણિકે એક સુકાઇ ગએલા કુવામાં પોતાની વીંટી ફેંકીને કહ્યું. "જે પુરૂષ આ કૂવાના કાંઠા ઉપર રહીને પોતાની બુદ્ધિની સહાય્યથી આ વીંટીને ગ્રહણ ક રીને પહેરે, તેને હું અર્ધું રાજ્ય અને મુખ્યમંત્રિની મુદ્રિકા (પદ્વી) આપીશ." આમ કહી ને કૂવા ઉપર પોતાના સેવકોને બેસારીને તેમને કહી ગયો કે, "જે માણસ કાંઠા ઉપર રહીને એ વીંટીને કાઢીને પહેરે, તેને મ્હારી પાસે જાહેર કરવો. ( તેડી લાવવો. ) કોઇ મંત્રી પ્રમુખ પણ એમ કરી શકે તો તે પણ મને કહેવું." સર્વે મંત્રીઓ કૂવા ઉપર રહ્યા થકા મુદ્રા જોઇ જોઇને ખેદ પામ્યા અને કહેવા લાગ્યા કે " રાજાએ આપણને કષ્ટ દેવાને અર્થે આ એક કોહેડો માંડ્યો છે." પછી ગામના લોકો પણ આવ્યા. તેઓએ પણ વીંટી પહેરવા માટે વૃથા મહેનત કરી.

હવે શ્રેણિક કુમાર સુનંદાને મૂકીને અહિં આવ્યો. ત્યાં પાછળ તેણીને પુત્ર અવતર્યો. તેનું અભયકુમાર એવું નામ પાડ્યું. તે મ્હોટો થયો ત્યારે તેને નિશાળે મૂક્યો. અનુ

ક્રમે તે પંડિત પાસે બહુ શાસ્ત્ર શીખ્યો. એક વખત નિશાળમાં નિશાળીઆઓ વચ્ચે ત કરાર થતાં કોઇએ તેને કહ્યું. "તું તો ન બાપો (બાપ વગરનો) છે." તે ઉપરથી ઘેર આ વીને અભયે ચોથે પ્હોરે માતાને પોતાના પિતાનું સ્વરૂપ પુછયું. ત્યારે માતાએ કહ્યું. "હું કંઇ જાણતી નથી. અહિં આવી મને પરણીને તું મ્હારા ગર્ભમાં આવ્યા પછી ઓચિંતા વિદેશ ગયા છે." એ સાંભળીને અભયકુમારે પુછયું. "જ્યારે એ ગયા, ત્યારે તને કંઇ કહી ગયા છે! કંઇ બતાવી ગયા છે! કે, તને કંઇ અક્ષર પ્રમુખ લખી આપી ગયા છે!" મા તાએ ઉત્તર આપ્યો કે, "ગયા ત્યારે આ ચિત્રશાળાના બારવટિઆ ઉપર અક્ષરો લખી ગ યા છે." તે ઉપરથી એ અક્ષરો કુમારે જઇને વાંચ્યા. પિતાના સ્વરૂપથી તે જાણીતો થયો અને હર્ષિત મને માતા પાસે આવી કહેવા લાગ્યો. "મેં પિતાનું સ્વરૂપ જાણ્યું છે, જ્યાં તે છે ત્યાં હું જઉં છું." માતાએ પણ સાથે આવવાનું કહ્યું. તે ઉપરથી વૃદ્ધમાતામહ (દાદી) તથા પિતામહ (દાદા) ની રજા લઇને તે પોતાની માતાની સાથે રાજગૃહિ સમીપ આ વ્યો. કેટલીક ભૂમિ ઉલ્લંઘન કરીને રાજગૃહિના ઉદ્યાનમાં આવીને માતાને ત્યાં મુકીને પોતે કુવા પાસે આવ્યો.

ત્યાં લોકોએ તેને કહ્યું. "કુવા ઉપર ઉભા રહીને જે એની અંદર રહેલી મુદ્રાનું ગ્ર હણ કરે, તેને રાજા અર્ધ રાજ્ય અને પ્રધાનની પદ્વી આપવાનો છે." એ સાંભળીને અભ યકુમારે કહ્યું. "જેની શક્તિ હોય તે અજમાવી લ્યો અને મુદ્રિકા પહેરો; પાછળથી વળી કહે શો કે એમ તો અમે પણ કરત." ત્યારે સર્વ લોકોએ કહ્યું. "તુંજ પહેર." તે ઉપરથી અ ભયકુમારે લીલું છાણ લાવીને તે મુદ્રિકા ઉપર નાંખ્યું અને તેની ઉપર બળતો અગ્નિ ફેંક્યો. એમ કરીને પેલું છાણ ચાર ઘડિમાં સુકવી નાંખ્યું. (જેમાં મુદ્રિકા પણ ચોંટી ગઇ.) પછી પાસેના કુવામાંથી નીકવાટે આ કુવામાં પાણી આણ્યું. તે પાણીથી કુવો કાંઠા સુધી ભરાઇ ગયો, એટલે છાણું (સુકાઇ ગએલું છાણ) ઉપર તરી આવ્યું. તેમાં મુદ્રિકા હતી તે કાઢીને તેણે પહેરી. આ વાત શ્રેણિક રાજાએ જાણી ત્યારે તે બહુ હર્ષ પામ્યો અને ત્યાં આવ્યો. એ વા આકૃતિમાન્ કુમારને દેખીને પ્રમોદ પામ્યો. તેને પુછયું. "તું ક્યાંથી આવ્યો ?" ત્યારે તેણે કહ્યું. "હું બેન્નાતટ નગરથી આવું છું." "તું કોનો પુત્ર છે ?" "હું પ્રજાપાળ (રાજાનો) પુત્ર છું." રાજાએ પુછયું. "તે નગરને વિષે ધનશેઠની પુત્રી વિષે તું કંઇ જાણે છે ?" ત્યારે કુમારે કહ્યું. "તેણીને એક પુત્ર થયો છે. તેનું અભયકુમાર એવું નામ રાખ્યું છે." "તે કેટલા વર્ષનો હશે ?" "ઉમ્મરે મ્હારા જેવડોજ અને રૂપમાં પણ મ્હારા તુલ્યજ છે." "ત્હારે તે નો આવો પરિચય ક્યાંથી ?" "મ્હારે અને તેને બહુ મૈત્રી થઇ છે તેથી તેના વિના હું ક્ષણ પણ રહી શકતો નથી." "ત્યારે તું તેને મુકીને અહિં કેમ આવ્યો ?" "હું તેની સાથેજ અહિં આવ્યો છું." "ત્યારે તે ક્યાં છે ?" "તે અને તેની માતા આ પાસેનાજ ઉદ્યાનમાં છે." આ ઉપરથી રાજા તેને આગળ કરીને પાછળ પાછળ ચાલ્યો. ત્યારે લોકો કહેવા લાગ્યા. "ન્હાનો છતાં પણ એ રાજાને લઇ જાય છે."

ત્યાં જઇને રાજા પ્રિયાને હર્ષ સહિત ભેટ્યો. ભેટીને કહ્યું. "હે પ્રિયે ! આપણો પુ ત્ર ક્યાં છે ?" ત્યારે તેણીએ કહ્યું. "આ રહ્યો આ પુત્ર !" એમ કહીને તેને બતાવ્યો. એ ટલે રાજાએ કહ્યું. "હે પુત્ર ! તું અત્યાર સુધી આવું જુઠું કેમ બોલ્યો ?" અભયે કહ્યું. "હું તો સદા માતાના હૃદયમાં વસું છું તેથી એવું બોલ્યો." પછી રાજાએ તેને ખોળામાં બેસા ર્યો. પછી નગરમાંથી પટ્ટહસ્તિ મંગાવીને તેના ઉપર સ્ત્રી તથા પુત્રને બેસારીને મહોત્સ વ પૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો અને પોતાના આવાસ પ્રત્યે લઇ ગયો. પછી રા

અમિ શર્વે બુદ્ધિનિધાન એવા પોતાના પુત્ર અભયકુમારને મુખ્ય મંત્રીની પદવી આપી. પછી તેણે તેની બુદ્ધિને યોગે બહુ દેશ ઉપર વિજય મેળવ્યો.

એકદા દેવ, સાધુ અને સાધ્વીઓએ પૂજ્ય એવા શ્રી મહાવીર પ્રભુના સમવસરણમાં એક શાંત, કૃશ અંગવાળા અને ઇંદ્રિયો ઉપર નિગ્રહવાળા એવા મહર્ષિને જોઈને અભય કુમારે પ્રશ્ન કર્યું કે, "હે પ્રભુ! આ સાક્ષાત્ દેખાય છે તે કોણ સાધુ છે?" વીર પ્રભુએ કહ્યું. "પૂર્વ દિશામાં વીતભય નામનું સ્વર્ગ સમાન નગર છે. તેમાં ઉદાયન નામનો રાજા હતો. તે પ્રજાને ન્યાયમાર્ગે પાળતો હતો. એકદા અમે ત્યાં વિહાર કરતા કરતા સમવ સર્યા. ત્યારે દેવોએ સમવસરણ રચ્યું. ત્યાં એ નગરનો ઉદાયન રાજા અમારો ઉપદેશ સાંભળવાને આવ્યો. કહ્યું છે કે—જેઓને શાશ્વત ધર્મ અને દર્શન રહેલું છે તેઓનું મંદિર લક્ષ્મી કદિ પણ ત્યજી દેતી નથી. અર્થાત્ લક્ષ્મી ત્યાં સદા વાસ કરે છે. હે વિશ્વાધિપતિ! ધર્મના પ્રભાવથી મનુષ્ય ઉત્તરોત્તર સુખ પામે છે; પણ જે મોહાંધ પ્રાણી કદાપિ ધર્મને સં ભારતો નથી, તે કૃપણ જાણવા. ધર્મ સાંભળીએ અથવા દૃષ્ટિએ દેખીએ, કરીએ અથવા કરાવીએ અથવા અનુમોદીએ તો હે રાજેંદ્ર! તે સાત કુળ સુધી પવિત્ર કરે છે. પંડિત પુરુષે એક ધર્મ સદા આચરવો; કારણ કે, તે પરમ બાંધવ સમાન છે અને હમેશાં લક્ષ્મી યુક્ત વાંછિત સિદ્ધિઓ આપે છે. વળી સંસારમાં સર્વ ઠેકાણે દુઃખજ છે. તે ઉપર કહ્યું છે કે—માનુષને યોનીની કુક્ષિને વિષે પણ દુઃખજ છે, ગર્ભાવાસમાં પણ દુઃખ છે, બાળપણામાં પણ મલીન શરીર તથા સ્ત્રીના સ્તનનું દૂધ પીવું એ આદિ દુઃખ છે, તરુણ અવસ્થામાં પણ વિરહ વિયોગનું દુઃખ છે, વૃદ્ધાવસ્થા પણ અસાર છે; આ પ્રમાણે હે મનુષ્યો! સંસાર માં દુઃખજ છે. કંઈ પણ સુખ હોય તો કહો? વળી સંધ્યા સમયના રંગ, પાણીના પરપો ટા અને દાભના અગ્ર ભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપજીવ! તું બોધ પામતો નથી એ શું?"

આવાં આવાં અમારા મુખથી ઉપદેશનાં વચનો સાંભળવાથી જેનું મન પ્રથમથી જ વૈરાગ્યની વાસનાવાળું હતું, એવા ઉદાયન રાજાને વધારે વૈરાગ્ય થયો. તેથી તેણે પ્રભા વતિ સ્ત્રીની કુક્ષિએ જન્મ પામેલા પોતાના કેશવ નામના પુત્રને રાજ્યગાદી સોંપીને દી ક્ષા ગ્રહણ કરી. તે આજ ભવને વિષે કર્મ ક્ષય કરીને મોક્ષ પામશે." એ સાંભળીને અ ભયકુમારે કહ્યું. "હે પ્રભો! છેલ્લો કયો રાજર્ષિ મુક્તિ પ્રાપ્ત કરશે?" ત્યારે પ્રભુએ કહ્યું. "છેલ્લો રાજર્ષિ દેવથી ઉદાયનજ."

આ સાંભળીને પ્રભુને વંદન કરીને અભયકુમારે ઘેર જઈ શ્રેણિક રાજાને કહ્યું. "હે પિતા! મને દીક્ષા લેવાની રજા આપો કે, હું સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષે જાઉં." ત્યારે શ્રેણિકે કહ્યું. "દીક્ષા લેવાનો અવસર તો મ્હારે છે, ત્હારે તો હમણાં રાજ્ય કરવાનો વખ ત છે. તને આવો વિચાર ક્યાંથી થયો? તુંજ મ્હારું રાજ્ય ચલાવવાને સમર્થ છે." અભ યકુમારે કહ્યું. "હે પિતા! આપનો પુત્ર થઈને જો દીક્ષા ન ગ્રહણ કરું, તો તો હું દુર્ગતિ ગામી થાઉં; માટે કૃપા કરીને મને દીક્ષા અપાવો." શ્રેણિકે કહ્યું. "હે વત્સ! જ્યારે હું ક્રોધ કરીને તને એમ કહું કે, "જતો રહે, મ્હારું મુખ મને બતાવીશ નહી." ત્યારે તું જરૂ ર આદરજે." પિતાના આ વચન સાથે સંમત થઈ અર્થાત્ પિતાનું આ વચન કબૂલ કરીને અભયકુમાર પિતાને નમીને પોતાને સ્થાનકે ગયો. ત્યાં જઈ ને વિચારવા લાગ્યો. "જે રીતે વજ્રથી વજ્ર વીંધાય, તેવી રીતે મ્હારી બુદ્ધિથી મ્હારે રાજાની બુદ્ધિ વીંધવી છે. જેમ વજ્ર વજ્રથી વીંધી શકાય છે, તેમ આ રાજાની બુદ્ધિ મ્હારી બુદ્ધિથીજ વીંધી શકા

[illegible] એમ તે ચતુર પ્રધાને વિચાર કર્યો. તેથી તેણે ગુપ્ત પુરુષો મોકલ્યા. તેઓએ જઇને તે બ્રાહ્મણની સોનામહોરોની થેલી જે તેણે નદીમાં સંતાડી, તે લઇ આવ્યા, ને તે પ્રધાનને આપી. હવે પ્રભાતે વરરુચિએ લોકોનાં દેખતાં તે થેલી લેવાને ગંગાની સ્તુતિ કરવા માંડી! એટલે મંત્રી સહિત રાજા ત્યાં આવ્યો. વારંવાર સ્તુતિ કરે પણ ગંગાએ કંઈ આપ્યું નહીં. તે ઉપરથી મંત્રીએ પૂછ્યું. " કેમ, ગંગા આજ કંઈ નથી આપતી ? " ત્યારે બ્રાહ્મણે કહ્યું. " કંઈ સમજાતું નથી. આજ સુધી તો ગંગા મ્હારું માગ્યું આપતાં, આજ આપતાં નથી. શું કરું ! અભાગ્ય ઉદય થાય છે, ત્યારે પુરુષોને દારિદ્ર્ય આવે છે. ભાગ્યોદય થાય છે ત્યારે તો મરુસ્થલી પણ વશવર્તિ થાય છે. " એ ઉપરથી મંત્રીએ પોતે પેલી થેલી બતાવી અને પૂછ્યું કે " એ કોની છે ? " બ્રાહ્મણ વિચારમાં પડ્યો કે " જો એ મ્હારી નથી, એમ કહું તો થેલી જાય છે અને તે મેં મૂકી હતી તેથી મ્હારી છે એમ કહું તો હું ખોટો ઠરું છું. તેમ [illegible] મ્હારી [illegible] જતી રહેશે. " એમ ધારીને બોલ્યો કે, " તે મ્હારી છે. " આ ઉપરથી [illegible] લોકોએ તેને ધિક્કારી કાઢ્યો. ત્યારથી આ બ્રાહ્મણ મંત્રી ઉપર [illegible] તેનાં છિદ્ર જોવા લાગ્યો.

હવે શકડાલ મંત્રી શ્રીયકના વિવાહની સામગ્રી તૈયાર કરાવતો હતો, તે વખતે તે કુટબુદ્ધિ [illegible] બાળકોને આ પ્રમાણે બોલતાં શીખવ્યું. " નંદરાજા નથી જાણતો કે શકડાલ [illegible] મારીને [illegible] રાજ્ય આપવાનો છે. " આવું છોકરા આવું બોલતા હતા તે [illegible] વિચાર્યું કે, " બાળકોનું વચન અન્યથા હોય નહીં. કહ્યું છે કે— [illegible] નહીં. [illegible] નિષ્ફળ હોય નહીં, સ્ત્રી કે, બાળકનાં વચન [illegible] હોય નહીં. એટલે બાળકોનાં વચન સત્ય માનીને મં[illegible] થાય છે. " એમ સાંભળીને રાજા મંત્રી ઉપર [illegible] સહકુટુંબ મારી નાંખવાનું ધાર્યું. તે જાણીને મંત્રીએ એક દિવસે [illegible] પછી તેણે ધર્મનું આરાધન કરી શ્રીયકને બોલાવીને કહ્યું. [illegible] મ્હારું મરણ થશે. રાજા આપણા કુટુંબ ઉપર રોષે ભરાયો છે. તેથી તું મને [illegible] મારી નાંખજે. તેમ કરવાથી સર્વ કુટુંબનું રક્ષણ થશે. "

ત્યાર પછી [illegible] રાજાને નમવા આવ્યો, ત્યારે રાજાએ [illegible] કર્યું. ત્યાં તો [illegible] શ્રીયક [illegible] બોલ્યો. " જેણે રાજાનો દ્રોહ કર્યો છે, તેનું [illegible] " એમ કહીને તેણે પોતાના પિતાનું મસ્તક છેદ્યું, એટલે તો રાજા [illegible] " શ્રીયકે કહ્યું. " [illegible] તેને [illegible] " રાજાએ ફરી [illegible] તેણે [illegible] સ્વરૂપ કહી બતાવ્યું. તે ઉપરથી નંદરાજાએ [illegible] પછી [illegible] અગ્નિસંસ્કાર કરાવી રાજાએ શ્રીયકને કહ્યું. [illegible] મંત્રિઓમાં શિરોમણિ છે! શાસ્ત્રમાં [illegible] સ્વરૂપ કહ્યું છે [illegible] કહ્યું છે કે— [illegible] આજ્ઞા માને, [illegible] રાજાને વલ્લભ થાય. [illegible] અને જે પોતાના સ્થાનમાં [illegible] રાજાને વલ્લભ થાય. તેમજ તેના જેવો બીજો પણ [illegible] અનુષ્ટુપ (૧૧) [illegible] શ્રીયક ! તું મંત્રીમુદ્રા ગ્રહણ કર. " એમ

રાજાએ કહ્યું. ત્યારે શ્રીયકે કહ્યું. "મ્હારો મ્હોટો ભાઈ સ્થુળભદ્ર કોશ્યા ગણિકાના આવાસમાં રહે છે, તેને એ મુદ્રા આપો." રાજાએ વિચાર્યું. "અહો! આવો નિર્લોભી મેં કોઈ જો યો નહી; કારણ કે, પૃથ્વિ ઉપર તો ઘણું કરીને બધુ લોભીઆજ દેખાય છે, લોભને વ શે તો તેઓ વિદેશ જાય છે, સમુદ્રમાં પણ ફરે છે. વળી તૃષ્ણા કેવી છે! તે ઉપર કહ્યું છે કે—સર્વ દાંત પડી ગયા, બુદ્ધિ જાડી થઇ ગઇ, હાથ પગ કંપવા લાગ્યા, આંખમાંથી પાણી ઝરવા લાગ્યું, બળ ગળી ગયું, સૌંદર્ય નાસી ગયું અને યમરાજાની મ્હોટી દાસી જે જરા તે પણ આવી, છતાં તૃષ્ણા એ એકલીજ મુબારી હૃદય રૂપી નગરમાં નૃત્ય કર્યા કરે છે."

પછી રાજાએ સ્થુળભદ્રને તેડવાને પોતાના સેવકને મોકલ્યો. તેણે તે વેશ્યાની ચંદ્ર શાળામાં દેવાંગના સરખી તે સ્ત્રી સાથે પાસા રમવામાં તલ્લીન થએલા સ્થુળભદ્રને પ્રણા મ કરીને શકટાળ મંત્રીના મૃત્યુ વિષે વાત કરી અને કહ્યું કે, 'તેથી હવે રાજા આપને મં ત્રીમુદ્રા આપવાના છે તે માટે બોલાવે છે.' તે વખતે વજ્રઘાત થયો હોય તેમ તેને લાગ્યું. નયનમાંથી આંસુ પડવા પૂર્વક મુખમાંથી તાંબુળ નાંખતાં તેણે કોશ્યા પાસે દરબારમાં જ વાની રજા માગી. ત્યારે કોશ્યાએ કહ્યું. "હે સ્વામીન્! જેમ વર્ષાઋતુમાં પાણી ચડવાથી કમલિની (પોયણી) બૂડે નહી, તેમ સંધ્યા પ્રસરતે એટલી વાર કોણ વાટ જોશે? બીજાં જે જોડલાં છે, તે અખંડ સુખ વૈભવને ભોગવે છે. તેઓ કયારે પણ વિરહના દુઃખને દેખ તાં નથી; પરંતુ તેઓનો જ્યારે વિરહ થાય છે, ત્યારે તેમને મરણથી પણ અનંતગુણું દુઃખ થાય છે. વિરહના દુઃખથી ભય પામેલો મહાદેવ, ત્રણ લોકની લાજ ત્યાગ કરી સ્ત્રીને પાસે રાખીને અર્દ્ધનારી જટેશ્વર રૂપ થયો. એવો જે મહાદેવ તે એક પ્રશંસવા યોગ્ય છે."

ઇત્યાદિ વચનોએ વિનંતી કરીને વળી તેણીએ કહ્યું. "આપ પાછા આવો ત્યાં સુધી કોઇને પણ અહિં મૂકતા જાઓ." તે ઉપરથી સ્થુળભદ્રે ત્યાં પોતાના સેવકને બેસારીને રાજા પાસે જઇ પ્રણામ કર્યો. ત્યાં રાજાએ "મંત્રીમુદ્રા પહેર." એમ કહ્યું. તે સાંભ ળી સ્થુળભદ્રે કહ્યું. "કંઇક વિચારીને કહીશ." એમ કહીને તે ધવળ ઘર પાસેના અશોક વનમાં જઇને વિચારવા લાગ્યો. "જાણું છું કે વૈતરણી નદીરૂપ આ મંત્રીમુદ્રાએજ પિતા નું મૃત્યુ નિપજાવ્યું છે. તો તેનોજ ત્યાગ કરી હું એની વિટંબના ન જોઉં. અહો મિત્ર શોક! ભગવાન્ વિવેક, અરે તમે માર્દવ અને વૈરાગ્ય, હે માતા કરુણા! હે ભગવતિ ક્ષ મા! હે સખી લજ્જા! તમે સૌ સાંભળો. તમે અનુક્રમે પ્રથમ કોઈ ન આવ્યાં તથા મ્હારા બંધુઓને અને મને અહિં અતિગહન એવા યૌવનને વિષે ત્યજી દઇને કયાં જતાં રહ્યાં? ડાહ્યા માણસોને અનુભવ હોય છે અને તેઓ હૃદયથી વિચારે છે કે, કદી બધું જગત્ નાશ થઇ જાય, તો પણ રાજાઓ કોઇના મિત્ર થતા નથી. માટે સ્થુળભદ્ર વિચાર કરે છે કે, છેવટે પરાભવને પમાડનારી એવી જે મુદ્રા, તે મ્હારે લેવી નથી. હું તો મ્હોટા ઉદયનું કારણ એવી જે જિનેશ્વરની મુદ્રા (દીક્ષા) તે ગ્રહણ કરીશ. કહ્યું છે કે—વિવિધ પ્રકાર ની બુદ્ધિવાળા પુરુષોના સ્થાનને મલિન બુદ્ધિપોતાળા રોકે છે. એઓ (રાજાઓ) એ કોપે કરીને વૈરથી સર્વે સત્પુરૂષોને ઉખેડી નાંખ્યા છે. જેમને ઘણાં વસ્ત્રાભૂષણો ધારણ કરાવતા હતા, તેઓ પણ વૈરાગ્યને ભજનારાં થયા. જે માણસ દુઃખનો ઉપદ્રવ થએ છતે પોતાના રજોગુણને મૂકી દઇને દુઃખના પ્રતિકાર રૂપ રજોહરણ મુખવસ્ત્રિકાને ધારણ કરે છે, તે માણસ ઉત્તમ ગણાય છે."

આ પ્રમાણે વિચારી વ્રત અંગીકાર કરીને સ્થુળભદ્રે રાજા પાસે જઈ ધર્મલાભ દીધો. રાજાએ કહ્યું. "આ શું કર્યું?" તેણે ઉત્તર આપ્યો. "[1]આ લોચન. પ્રધાનની મુ

[1] વિચાર, નિશ્ચય—અને બીજો અર્થ લોચ—કેશનો લોચ કરવા ને.

દ્રા દુઃખને દેનારી છે માટે મેં આ કર્યું છે. કહ્યું છે કે—હાથને વિષે મુદ્રા, મુખને વિષે પણ મુદ્રા, બન્ને પગમાં પણ મુદ્રા થાઓ. તે પછી ઘરને વિષે પણ મુદ્રા; આ પ્રમાણે પાંચ મુદ્રાવાળો વ્યાપાર છે." પછી તેણે ગણિકાનું સુખ એ વિગેરે સર્વ ઉપભોગનો ત્યાગ કર્યો. માટે રાજાએ તેની પ્રશંસા કરી કે, "તમને ધન્ય છે કે, તમે આવું વેશ્યાનું સુખ સહસા ત્યજી દીધું. સંયમનું સુખ અલ્પ છે, છતાં અનંત સુખદાયક છે. વળી તેમને ધન્ય છે કે, જેમની બુદ્ધિ નિરંતર વ્રત દાનને વિષે તત્પર છે. વળી જેઓ જિનેંદ્રની આજ્ઞાએ પ્રવર્તીને ધર્મ ધ્યાનવડે પાપ રૂપી વિઘ્નનું નિવારણ કરે છે, જેઓ જિનમંદિરની રક્ષા કરે છે, ઉત્તમ બિંબ કરાવીને તેમની પ્રતિષ્ઠા કરાવે છે, વળી જે સત્શાસ્ત્ર સાંભળવામાં કુશળ છે, આવાજ પુરુષો પૃથ્વિને વિષે શ્રાવક કહેવાય" પછી સ્થુળભદ્ર નંદરાજાને ધર્મલાભ કહીને વનમાં ગયા. ત્યાં શ્રી સંભૂતિવિજય ગુરુની પાસે તેમણે વિધિ પ્રમાણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

હવે પાછળ રાજાએ શ્રીયકને મુખ્યમંત્રીની મુદ્રા સોંપી. શ્રીયક રાજ્યકાર્ય કરતો છતો ત્રણ વખત જિનપૂજા કરતો અને પ્રતિક્રમણાદિ ક્રિયા પણ કરતો. વળી સાત ક્ષેત્રોને વિષે ધન વાપરતો. તેણે એકસો જિનમંદિર અને ત્રણશો ધર્મશાળા વિગેરે કરાવી બહુ પુણ્યનો બંધ કર્યો. કહ્યું છે કે—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનભવન, પ્રતિમા અને પુસ્તક એ સાત ક્ષેત્રોમાં ખરચેલું દ્રવ્ય બહુ ફળે છે. અર્થાત્ મોક્ષના ફળ પ્રત્યે આપે છે. એમ એ અનંત ગુણવાળું છે. અનુક્રમે શ્રીયકે પણ પોતાના પુત્રને પ્રધાનની મુદ્રા અપાવીને પોતે શ્રી ગુરુની પાસે દીક્ષા અંગીકાર કરી.

એકદા તેની બ્હેન મહાસતી જે યક્ષા સાધ્વી, તેણે શ્રી પર્યૂષણ પર્વ આવે છતે શ્રીયકને કહ્યું. "આ વાર્ષિક પર્વ આવ્યાં છે, આજ જે પુણ્ય કરીએ તેનું અનંતગણું ફળ થાય છે. કહ્યું છે કે—એકાગ્ર ચિત્તે જિનશાસનની પ્રભાવના વધારે, પૂજાને વિષે તત્પર રહે, અને એકવીશ વાર કલ્પસૂત્ર સાંભળે; તે પ્રાણી શીઘ્ર ભવસમુદ્ર તરી જાય. વળી સંવત્સરીને વિષે, ચોમાસીને વિષે, અઠ્ઠાઈ મહોત્સવને વિષે, જિનપૂજા અને તપને વિષે સર્વ પ્રાણીઓએ આદર કરવો." એમ કહીને તેણીએ શ્રીયકને નવકારશી પચ્ચખ્ખાણ કરાવ્યું, પછી પોરશીનું પચ્ચખ્ખાણ, પછી સાઢપોરશીનું, પછી પુરિમડ્ઢનું, પછી એકાસણાનું, એમ છેવટ સંધ્યા સમયે ઉપવાસ કરાવ્યો. શ્રીયકે રાત્રીને વિષે કાળ કર્યો. એટલે યક્ષાને બહુ પશ્ચાતાપ થયો. તેણીએ "શ્રીયકની શી ગતિ થઈ હશે?" તે જાણવા સારૂ સંઘ સમેત કાયોત્સર્ગ કર્યો. તે ઉપરથી શાસનદેવીએ કૃપા કરીને યક્ષા સાધ્વીને મહાવિદેહ ક્ષેત્રને વિષે શ્રી સીમંધરસ્વામી પાસે લઇ જઇને મૂકી. ત્યાં તેણીએ તેમની પાસે પોતાના ચિત્તનું વિચિત્ર જે શંકા હતી, તે પૂછી. ત્યારે સીમંધરસ્વામીએ કહ્યું. "શ્રીયક આયુષ્ય ક્ષય થવાથી કાળધર્મને પામ્યો છે, તપને લીધે નહી. કંઇ શોક ન કરવો. આયુષ્ય કોઈ લંબાવી શકતું નથી. તૂટેલું આયુષ્ય સાંધવાને નથી વિદ્યા સમર્થ કે, નથી ઔષધ સમર્થ; નથી સમર્થ ભાઇઓ કે, પુત્રો; નથી સમર્થ અભિષ્ટ દેવતા કે, સ્નેહાળુ માતા; નથી સમર્થ દ્રવ્ય કે, સ્વજન; નથી સમર્થ પરિજન કે, શરીરનું બળ; કે નથી સમર્થ દેવતા કે, દેવેંદ્ર."

શ્રી સીમંધરસ્વામીનાં આવાં વચન સાંભળીને યક્ષાસાધ્વીએ કહ્યું. મ્હારો "ભાઈ કઇ ગતિમાં ઉત્પન્ન થયો છે?" પ્રભુએ ઉત્તર આપ્યો કે, "પહેલા સૌધર્મ દેવલોકમાં મહા તેજવંત દેવતા થયો છે. તે પછી તે ધર્મના પ્રભાવને લીધે મુક્તિ પામશે." તે સાંભળી હર્ષ પામી યક્ષા સાંભળવાનું કરે છે, ત્યાં પ્રભુએ ચાર ચૂલિકા વિષે વ્યાખ્યાન કર્યું. તે સાંભળવાથી તેણીને તે આવડી ગઈ. પછી શાસનદેવીએ તેણીને ત્યાંથી લઇને સંઘમાં મૂકી. ત્યાં

યક્ષાએ ગુરુની અને સંઘની આગળ શ્રીયકની સદ્ગતિની વાત કહી અને તે માટે ચૂલિકાઓ ગુરુને આપી. શ્રી ગુરુએ તેમાંની બે ચૂલિકા દશવૈકાલિક સૂત્રને અંતે અને બીજી બે ચૂલિકા આચારાંગસૂત્રને છેડે પ્રક્ષેપી. પછી યક્ષા સાધ્વી પોતે વિશેષ તપ કરવા લાગી. ત્યારે ગુરુએ કહ્યું. " જે પ્રાણીઓ અષ્ટમી આદિ પર્વને દિવસે તપશ્ચર્યા કરે છે, તેમનાં કર્મ ક્ષીણ થઈને તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે; કારણ કે, તપ નિકાચિત કર્મને તોડનારૂં છે. કહ્યું છે કે- મુનિઓ પોરશી, ઉપવાસ કે, છઠ્ઠ વિગેરે તપશ્ચર્યાથી જે કર્મ ક્ષય કરે છે, તે કર્મ નારકીના જીવો લાખ વર્ષે પણ ખપાવતા નથી. વળી નારકીના જીવ હજાર વર્ષે જે કર્મ ક્ષય કરે છે, તે કર્મને શુભ ભાવથી ઉપવાસ કરનારા જીવો નિર્જરાવે છે. તેમજ જે દૂર છે, જે દુઃખે કરીને આરાધાય તેવું છે અને જે દૂર રહેલું છે, તે સર્વ તપથી સાધ્ય છે. તપ નિશ્ચે દુષ્કર છે. યક્ષા સાધ્વી તપ કરીને અનુક્રમે સ્વર્ગે ગઈ. ઇતિ શ્રીયકની કથા.

## અગ્નિકાપુત્ર તથા ઉદાયી રાજા.

શત્રુઓને મારતાં છતાં પણ જે માણસ સ્વભાવથી તેના ઉપર અત્યંત ક્ષમા કરે છે, તે અગ્નિકાપુત્ર સૂરીશ્વરની પેઠે મોક્ષલક્ષ્મીને પામે છે.

પૂર્વે રાજગૃહિ નગરીને વિષે શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેણે શ્રી વીર તીર્થંકરના ચરણ કમળની સેવા થકી તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું. ન્યાયમાર્ગે જ તે પૃથ્વીનું પાલન કરતો હતો; કારણ કે, રાજા ધર્મિષ્ઠ થાય તો પ્રજા ધર્મિષ્ઠ થાય અને તે પાપી હોય તો પ્રજા પણ તેવી જ. પ્રજા રાજાને અનુસરીને ચાલે છે, તેથી જ "યથા રાજા તથા પ્રજા" એમ કહેવાય છે શ્રેણિક રાજાને ચિલ્લણા પ્રમુખ ઘણી સ્ત્રીઓ હતી. તથા કોણિક, મેઘકુમાર અને અભયકુમાર વિગેરે ઘણા પુત્રો હતા.એકદા કોણિકે પોતાના પિતા શ્રેણિકને કાષ્ઠના પાંજરામાં પૂરીને પોતે રાજ્યપદ ધારણ કર્યું.પછી તે કોણિક શ્રેણિકને નિત્ય પાંચસો કોરડાનો માર મરાવવા લાગ્યો.

હવે શ્રેણિક મૃત્યુ પામ્યા પછી કોણિકે ચંપા નગરી વસાવી. પછી તેણે ચક્રવર્તિના રત્નોએ કરીને ત્રણ ખંડ સાધ્યા અને પછી વૈતાઢ્ય પર્વતના અગ્રભાગે આવેલા બીજા ત્રણ ખંડ સાધવાને તે ગુફા પાસે ગયો. ત્યાં તો તે ગુફામાંથી જ્વાળા નિકળવાથી મૃત્યુ પામીને તે છઠ્ઠી નરકે ગયો. તેનો પુત્ર ઉદાયી થયો, પણ તે તો પિતાએ કરાવેલા સભાસ્થાન, ક્રીડાસ્થાન, શયનસ્થાન પ્રમુખ જોઈ જોઈને ખેદ પામ્યો અને શોક સમુદ્રમાં પડ્યો. શૂન્ય ચિત્તને લીધે તેણે રાજ્યકાર્યભાર પણ વિસારી મૂક્યો. તે ઉપરથી પ્રધાનોએ કહ્યું. "હે સ્વામિન્ ! તમે એક નવીન નગરી વસાવો." તે ઉપરથી તેને અર્થે કોઈ ઉત્તમ જગ્યાની શોધ કરવાને સારૂ તેણે ચતુર નૈમિત્તિકોને મોકલ્યા. તે પ્રધાનો પણ એવી જગ્યાની ખોળમાં ગંગા નદીના તટ સુધી ગયા. ત્યાં તેમણે પુષ્પથી લાલ દેખાતું એવું અને છાયાવાળું પાટલી (રોયડા) નામનું વૃક્ષ જોયું. તે જોઈને તેઓ ચમત્કાર પામ્યા. વળી વધારે આશ્ચર્ય તો એ લાગ્યું કે, એ વૃક્ષ ઉપર બેઠેલા ચાસ પક્ષીના મુખમાં જીવડાં પોતે આવી આવીને પડતાં. તે જોઈને તેમને વિચાર થયો કે, " જો આપણે અહિં જ નગર વસાવીશું, તો જેમ આ પક્ષીના મુખમાં જીવડાં આપો આપ આવીને પડે છે, તેમ આપણા રાજાને પણ સર્વે સંપદાઓ સ્વયમેવ પ્રાપ્ત થશે."

એમ વિચારીને તેમણે આવીને એ વાત રાજાને કહી. ઉદાયન રાજા પણ ચિત્તમાં હર્ષ પામ્યો. તેણે પણ એક વૃદ્ધ અને વિચક્ષણ નૈમિત્તિકને તે તરુવરના માહાત્મ્ય વિષે પ્રશ્ન કર્યું. તે ઉપરથી નૈમિત્તિકે ઉત્તર આપ્યો કે, " હે રાજન્ ! એ તરુનું સ્વરૂપ પણ ઉત્તમ છે. એમ મને જ્ઞાની પુરુષે કહ્યું હતું; એટલું જ નહિ પણ તેણે એમ પણ કહેલું કે, એ

કોઈ મહામુનિની કરોટી ( ખોપરી ) માંથી તે જન્મ પામ્યું ( ઉગ્યું ) છે. વળી તે એકાવતારી છે અને મુગનો જીવ છે. માટે સવિશેષ માનવા યોગ્ય છે." ત્યારે રાજાએ પૂછ્યું. "તે મહામુનિ કોણ ?" તેના ઉત્તરમાં તે વૃદ્ધ નૈમિત્તિક બોલ્યો.

"ઉત્તર મથુરામાં દેવદત્ત નામનો વણિક રહેતો હતો. તે એકદા દ્રવ્ય ઉપાર્જનને અર્થે દક્ષિણ મથુરામાં આવ્યો. ત્યાં તેને જયસિંહ નામના વણિક પુત્ર સંગાથે મૈત્રી થઇ. એકદા જયસિંહે જમવા તેડેલો એવો દેવદત્ત તેને ઘેર ગયો. ત્યાં જયસિંહની બ્હેન અન્નિકા પીરસવા આવી. તેનું સૌંદર્ય જોઇને દેવદત્ત અનુરક્ત થયો. કહ્યું છે કે-પાંચ ઇંદ્રિમાં રસનેંદ્રિય જીતવી કઠણ છે, કર્મમાં મોહની કર્મ જીતવું એ પણ દુષ્કર છે. વળી વ્રતોને વિષે બ્રહ્મચર્ય વ્રત અને ત્રણ ગુપ્તિમાં મન ગુપ્તિ; એમ ચારે વાનાં જીતવાં દુષ્કર છે. વળતે દિવસે દેવદત્તે જયસિંહ પાસે અન્નિકાની માગણી કરી. ત્યારે જયસિંહે કહ્યું. "હે દેવદત્ત ! જો તેણીને પરણીને પણ મ્હારાજ ઘરમાં રહેશે, એને હું પરણાવવાનો છું; કારણ કે, એ અન્નિકા બ્હેન મને પ્રાણથી અધિક વ્હાલી છે." દેવદત્તે તે વાતની હા કહી.

હવે એક ઉત્તમ દિવસે દેવદત્ત અને અન્નિકાનાં લગ્ન થયાં. અનુક્રમે તેઓ સંસાર સંબંધી સુખ ભોગવવા લાગ્યાં. એવામાં એક દિવસે દેવદત્તના માતા પિતા તરફથી એક લેખ મળ્યો કે, "હે પુત્ર ! તું દૂર રહે છે અને અમે તો વૃદ્ધ થયાં છીએ. જો તું અહિં આવીશ, તોજ અમે જીવતાં રહીશું." એ વાંચવાથી તેની આંખોમાંથી આંસુ વર્ષવા લાગ્યાં. અન્નિકા સ્ત્રીએ કારણ પૂછ્યું પણ ઉત્તર મળ્યો નહી. ત્યારે પોતે પત્ર લઇને વાંચી જોયો. તે વાંચીને સ્વામીને પૂછવા લાગી. "હે સ્વામીન્ ! કેમ નથી બોલતા ? આપણે અહિં રહ્યાં છીએ ને માતા પિતા વૃદ્ધ થયાં છે તો તેમને જોવા જવું જોઇએ." દેવદત્તે કહ્યું. ત્યાં કેવી રીતે જવાય ? મેં કહ્યું છે કે, "હું અહિંજ રહીશ. જો ન રહું તો મ્હારી પ્રતિજ્ઞાનો ભંગ થાય. પ્રતિજ્ઞાનો ભંગ કદાપિ ન કરવો. કહ્યું છે કે—દ્રવ્યનો નાશ થાઓ, ભાઈ વિરક્ત થાઓ, રાજ્યનો ક્ષય થાઓ, આપણું તીવ્ર બંધન થાઓ, પ્રાણ દૂર જાઓ, ગમે તેમ થાઓ પણ ધીર પુરુષ પોતાનાં વચન લોપતા નથી. વળી તેટલુંજ માત્ર બોલવું કે, જેટલાનો આપણે નિર્વાહ કરી શકીએ; કારણ કે, આપણા શબ્દો આપણા મૃત્યુ પછી વૃથા થાય તો ભલે થાય, પણ આપણા જીવતાં તો તે વૃથા ન થવા જોઇએ."

સ્ત્રીએ કહ્યું. "હે સ્વામીન્ ! માતા પિતા સમાન તીર્થ નથી, તો તેમને અર્થે કદાચિત્ પ્રતિજ્ઞાનો ભંગ થાય તો તેમાં દોષ ન કહેવાય." આ પ્રમાણે સ્વામીને આશ્વાસન આપીને તેણીએ પોતાના ભાઇને કોમળ વચને સમજાવ્યો. ભાઇએ કહ્યું. "આવી પતિ ઉપર સ્નેહવાળી અને પતિ હિતકારિણી મેં કોઈ જોઈ નથી." પછી તેણીએ પોતાના પતિ દેવદત્તને કહ્યું. "સ્વામિ, ચાલો, મેં મ્હારા ભાઇને સમજાવ્યો છે." અહો ! સાસુ, સસરો, નણંદ, પતિ, દીયર એ સૌ ઉપર ભક્તિવાળી અને ધર્મકાર્યમાં પણ રક્ત એવી સ્ત્રી તો શુભાશ્વને યોગેજ પ્રાપ્ત થાય છે.

હવે દેવદત્ત પ્રિયા સહિત ઉત્તર મથુરા તરફ જવા નીકળ્યો. ગર્ભવતી અન્નિકાએ માર્ગમાં પુત્રને જન્મ આપ્યો. જન્મકાર્ય પછી તેણીએ કહ્યું. "આ પુત્રનું નામ મ્હારાં સાસુ અને સસરો પાડશે." પણ રસ્તામાં સર્વ પરિવાર તેને અન્નિકાપુત્ર કહીને બોલાવવા લાગ્યા. અનુક્રમે દેવદત્ત ઇષ્ટ સ્થાનકે પહોંચ્યો. માતા પિતાને મળ્યો. અન્નિકા પણ વિનય પૂર્વક સાસુ સસરાના ચરણમાં નમી. તેમણે પુત્રનું સંધીરણ એવું નામ પાડ્યું; પણ પ્રસિદ્ધિમાં તો અન્નિકાપુત્ર એજ નામ રહ્યું. હવે સર્વ જનોને હર્ષ ઉપજાવતાં વૃદ્ધિ પામતો

કુમાર અનુક્રમે યૌવન પામ્યો અને ગુરૂ પાસે ધર્મ સાંભળવા લાગ્યો. તેથી તે તેને વિષે બહુ રક્ત થયો. કહ્યું છે કે—જીવોનું રક્ષણ કરવું; ભગવંતને નમસ્કાર કરવો, ભક્તિપૈ શાસ્ત્રનું સાંભળવું; સાધુને વંદન કરવું, મદનો ત્યાગ કરવો, ગુરૂનો સમ્યક્ પ્રકારે વિનય કરવો, લોભરૂપી વૃક્ષનું ઉન્મૂલન કરવું અને ચિત્તને શુદ્ધ કરવું; આ સર્વ મોક્ષ પ્રાપ્તિના ઉપાયછે.

આવા આવા ધર્મોપદેશ સાંભળવાથી અર્ણિકાપુત્ર ભોગને પણ તૃણ સમાન માનવા લાગ્યો. તેથી તેણે જયસિંહ આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે વિનય પૂર્વક શાસ્ત્રનો અભ્યાસ કરી તેણે ગુરૂ પાસે આચાર્ય પદ મેળવ્યું. બહુ પરિવારે યુક્ત એવો તે એકદા વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થએ છતે પુષ્પભદ્ર નગર પ્રત્યે ગયો. આ નગર ગંગાના તટ ઉપર આવેલું હતું. ત્યાં પુષ્પકેતુ રાજા રાજ્ય કરતો હતો. તેની પુષ્પવતિ રાણીને બે બાળક પ્રસવ્યાં. તે બેનાં નામ પુત્રનું નામ પુષ્પચૂળ અને પુત્રીનું નામ પુષ્પચૂળા એવાં પાડ્યાં. ક્રીડા કરતાં અને વૃદ્ધિ પામતાં તે બાળકોને જોઇને રાજાએ વિચાર્યું કે, "જો આ બાળક યુગલને વિવાહને કારણે જુદા પાડીશું તો, નિશ્ચે તેઓ મૃત્યુ પામશે અને તેમની પરસ્પર પ્રીતિ પણ નષ્ટ થશે; વળી હું પણ તેમનો વિયોગ સહન કરી શકું તેમ નથી. એથી એ બન્નેને વિવાહથી જોડી દેવાં." આવો વિચાર કરી તેણે મંત્રી તથા પ્રજા પ્રમુખને બોલાવીને પુછ્યું. "અંતઃપુરમાં જે રત્ન ઉત્પન્ન થાય, તેનો સ્વામિ કોણ ?" ઉત્તર એવો મળ્યો કે, "આપ જ સ્વામિ. આપના અંતઃપુરમાં જે રત્ન ઉત્પન્ન થાય તેને આપ જ પ્રીતિવડે ઇચ્છિત સ્થાને જોડો." રાજાએ ફરી કહ્યું. "મ્હારા પુત્ર પુત્રીનો વિયોગ થાય, તો તેમનું મૃત્યુ થાય. માટે એમનો પરસ્પર વિવાહ કરીશું." સ્ત્રીએ વાર્યા છતાં પણ તેણે તો એમનો વિવાહ કર્યો.

રાણીએ પૂછ્યું. "આપે એવું અધર્મ કર્તવ્ય કેમ કર્યું ?" રાજાએ તેનો તિરસ્કાર કરીને કહ્યું. "જો ફરીથી એવું બોલીશ તો ત્હારો ઘાત કરીશ." તિરસ્કાર પામેલી સ્ત્રીને વૈરાગ્ય ઉત્પન્ન થયો તેથી તેણે વ્રત અંગીકાર કર્યું. અતિ તીવ્ર તપશ્ચર્યા કરી અનુક્રમે પુષ્પવતીનો જીવ સ્વર્ગને વિષે દેવતાપણે ઉત્પન્ન થયો. અનુક્રમે પુષ્પકેતુ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે પુષ્પચૂલે રાજ્યપદ્ધી ધારણ કરી.

હવે પુષ્પવતીનો જીવ જે દેવ થયો હતો, તેણે અવધિજ્ઞાન વડે પોતાના પુત્ર તથા પુત્રીનું અકૃત્ય જોઇ તેનું નિવારણ કરવાને પુષ્પચૂળાને તેણે નરક બતાવી. તેનાં દુઃખ જોઇને તે જાગી. ભયભીત થઇને પતિ પાસે જઇ તેણીએ સર્વ નિવેદન કર્યું. રાજાએ પણ ભયભીત થઇ શાંતિ પૌષ્ટિક પ્રમુખ ઉપાય કરાવ્યા. તે દેવે તો રાણીને નિત્ય નારકીનાં દુઃખ દેખાડવાં શરૂ રાખ્યાં. તેથી રાજાએ સર્વ ધર્મના આચાર્યોને બોલાવીને પૂછ્યું કે, "કહો. નરકનું સ્વરૂપ કેવું હશે ?" ત્યારે કોઇએ કહ્યું ગર્ભાવાસ જેવું, કોઇએ કહ્યું દારિદ્ર્ય જેવું અને કોઇએ કહ્યું પરતંત્રતા જેવું; પણ રાણીએ મુખ મરડીને "કોઇનું કહેવું ખરું નથી." એમ કહ્યું. તે ઉપરથી રાજાએ અર્ણિકાપુત્ર આચાર્યની પાસે જઇને પૂછ્યું. "હે મુને! નરક કેવી હશે ?" ગુરુએ ઉત્તર આપ્યો કે, "પહેલી નરકે જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટિ એક સાગરોપમની, બીજીએ જઘન્ય એક સાગરોપમની અને ઉત્કૃષ્ટિ ત્રણ સાગરોપમની, ત્રીજીએ જઘન્ય ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ સાત સાગરોપમની, ચોથીએ જઘન્ય સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટિ દશ સાગરોપમની, પાંચમીએ જઘન્ય દશ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ સત્તર સાગરોપમની, છઠ્ઠીએ જઘન્ય સત્તર સાગરોપમની અને ઉત્કૃષ્ટિ બાવીશ સાગરોપમની; તેમ જ સાતમી નરકે જઘન્ય બાવીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે, સાતે નરકને વિષે ક્ષેત્રવેદના, તેમ જ પ્રહરણવેદના વિના

[illegible]થી બધેથી અન્યોન્યકૃત વેદના છે; પરંતુ પ્રહરણકૃત વેદના તો પહેલા પાંચ નરકને વિષે છે. તથા પહેલા ત્રણ નરકને વિષે પરમાધામિકૃત વેદના છે. અર્થાત્ પહેલા ત્રણ નરકમાં પરમાધામિકૃત વેદના, પ્રહરણકૃત વેદના, અન્યોન્યકૃત વેદના અને ક્ષેત્રવેદના છે. [illegible] અને પાંચમા નરકને વિષે પ્રહરણકૃત વેદના, અન્યોન્યકૃત વેદના અને ક્ષેત્રવેદના છે, તેમજ છઠ્ઠા અને સાતમા નરકમાં અન્યોન્યકૃત વેદના અને ક્ષેત્રવેદના છે.

ગુરુનું આવું કહેવું સાંભળીને રાજાએ પૂછ્યું. "શું આપે પણ સ્વપ્ન જોયું હતું ?" [illegible] કહ્યું. "જિનેશ્વરે કહેલા આગમથી સર્વ નરકાદિ સ્વરૂપ સમજાય છે." પુનઃ [illegible] પૂછ્યું. "હે ભગવન્ ! કિયા કર્મથી નરક ગતિ પમાય છે ? " ત્યારે ગુરુએ કહ્યું. [illegible] મહાપરિગ્રહથી, ગુરુની નિંદાથી, પંચેંદ્રિય જીવના ઘાતથી અને માંસ [illegible] જીવ તે તે નરક ગતિમાં ઉત્પન્ન થાય છે."

[illegible] જે દેવ, તેણે પુણ્યગુણાને સ્વપ્નમાં દેવલોકનું સ્વરૂપ દેખા[illegible] "સ્વર્ગનું સુખ કેવું હોય ?" તે પૂછવામાં આવ્યું. પાખંડિયો તરફથી [illegible] "[illegible] ઉત્તમ આસન, [illegible] પણ રાજાએ "આ ખોટું છે." એમ કહ્યું. [illegible] આવ્યું. તેમણે જણાવ્યું કે, "[illegible] પ્રકારે આરાધેલો એવો આ [illegible] મહાવ્રત રૂપ યતિધર્મ; તેના સેવનથી બાર દેવલોકનાં સુ[illegible] સિદ્ધાંતમાં કહ્યું છે કે - પહેલા સૌધર્મ દેવલોકમાં બત્રીશ લાખ વિમાન, [illegible] દેવલોકમાં અઠ્ઠાવીશ લાખ વિમાન, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બાર લાખ વિમાન, [illegible] દેવલોકમાં આઠ લાખ વિમાન, પાંચમા બ્રહ્મ દેવલોકમાં [illegible] વિમાન, છઠ્ઠા લાંતક દેવલોકમાં પચાસ હજાર વિમાન, સાતમા મહાશુક્ર દેવલોકમાં [illegible] હજાર વિમાન, આઠમા સહસ્રાર દેવલોકમાં છ હજાર વિમાન, નવમા આનત અને [illegible] એ બે દેવલોકમાં મળીને ચારસો વિમાન, તેમજ અગીઆરમા આરણ અને [illegible] એ બે દેવલોકમાં મળીને ત્રણસો વિમાન છે. [illegible] ધારણ કરવું. [illegible] આભૂષણ પહેરવાં અને [illegible] ઉપર સ્વા[illegible]"

[illegible] કહેવા લાગી કે, "હે નાથ ! મને દીક્ષા [illegible] દીક્ષા [illegible] હું [illegible] અને શુદ્ધ [illegible] રાજાનું [illegible] દીક્ષા [illegible]. ત્યારથી તે [illegible] ઘરમાં રહી [illegible]

[illegible] 'દુકાળ પડશે' એમ [illegible] લાભ [illegible] ગુરુની સેવાના [illegible] કેવળજ્ઞાન [illegible] કેવળજ્ઞાન [illegible] કહ્યું છે. [illegible] ગુરુએ [illegible]

[illegible] આહાર આણી આપ્યો. ત્યારે [illegible]

રુએ કહ્યું. " હે શ્રુતજ્ઞાની વત્સે ! વર્ષાદ વરસતાં છતાં તેં કેમ આહાર આણ્યો ? " તે
ણીએ કહ્યું. " જ્યાં જ્યાં અચિત્ત અપકાય (પાણી) હતું, ત્યાં ત્યાંથી હું યત્ને કરીને અહિં
આવીશું. " ગુરુએ પૂછ્યું. " તેં અચિત્ત પ્રદેશ કેવી રીતે જાણ્યો ? " ઉત્તર-"આપના પ્ર
સાદથી એ જણાયું." ગુરુએ પૂછ્યું. "એ પ્રતિપાતિ (આવીને જતું રહે તેવું જ્ઞાન છે કે,
અપ્રતિપાતિ (કાયમ રહે તેવું ) ?" ઉત્તર આપ્યો કે, "અપ્રતિપાતિ અર્થાત્ કેવળજ્ઞાન."
આ સાંભળીને ગુરુએ ઉઠીને મિથ્યાદુષ્કૃત્ય કહ્યું. " હા ! મેં કેવળીની આશાતના કરી!"
એમ કહી કહીને તેમણે આત્માની નિંદા કરી. પછી સાધ્વીને પૂછ્યું " હું સિદ્ધિ પામીશ
કે નહી ?" ઉત્તર મળ્યો કે, " ધિરજ રાખો, આપને ગંગા નદી ઉતરતાં જ કેવળજ્ઞાન
પ્રાપ્ત થશે." એટલે આચાર્ય તો ઘણા લોકોની સાથે ગંગા નદી ઉતરવા નાવમાં બેઠા. જ્યાં
જ્યાં તે બેસવા જાય, ત્યાં ત્યાં નાવ નીચે બેસતું જાય ! અને એ પ્રમાણે સૌ લોક ડૂબવા
લાગ્યા! એ ઉપરથી તેમણે આચાર્યને પાણીમાં નાંખી દીધા. તેમની દુર્ભાગી કરીને વિરા
ધેલી પાછલા ભવની સ્રી જે મૃત્યુ પામીને વ્યંતરી થઇ હતી, તેણીએ તેમને પાણીમાં જ
શૂળી ઉપર આરોપ્યા. શૂળીએ પરોવાયા છતાં પણ વેદના ન ધરતાં તે વિચારવા લાગ્યા.
"અહો ! મ્હારા રુધિરથી અપકાયના જીવોને વિરાધના થશે." આવા ને આવા વિચાર
માં તે ક્ષપકશ્રેણિ ઉપર ચડ્યા. સર્વ કર્મ ક્ષય પામ્યાં ને કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું. આયુષ
પૂર્ણ થએ અંતકૃત કેવળી થઇ મોક્ષે ગયા. ત્યાં દેવતાએ આવીને તેમનો કેવળમહોત્સવ કર્યો.

(વૃદ્ધ અને વિચક્ષણ નૈમિત્તક ઉદાયન રાજાને કહે છે કે ) તે ઉપરથી એ તીર્થ થ
યું છે અને લોકોમાં પ્રયાગ એ નામે પ્રસિદ્ધ છે. શૂળી ઉપર પરોવાઈ એ આચાર્ય મુક્તિ
એ ગયા, એ ગતાનુગત પરંપરાને લીધે આજ સુધી પણ મિથ્યાત્વિઓ પોતાના અંગ ઉ
પર કરવત મૂકાવે છે.

હવે આચાર્યનું કલેવર જળચરો (પાણીમાં રહેનારા જીવો ) એ ત્રોડી નાખ્યું છતાં
પણ જળના તરંગોએ કરીને અહિં તહિં આથડતી છીપની પેઠે ક્યાંક નદીના તટ ઉપર
ગુપ્ત વિષમ પ્રદેશે વળગી રહ્યું. ત્યાં તેમાં ક્યાંકથી પાટલનું બીજ પડ્યું. અનુક્રમે તે કરો
ટીને ભેદીને તેમાંથી આ પાટલવૃક્ષ ઉગ્યું, ને ધીમે ધીમે વૃદ્ધિ પામ્યું. તે ઉપરથી અહિં
પાટલી વૃક્ષનો મહિમા થયો. "

ઉદાયન રાજાએ આ સર્વ હકીકત જાણી લઇને ત્યાં નવીન નગર સ્થાપવાને પોતા
ના સેવકોને આદેશ કર્યો. વિચક્ષણ એવા તે સેવકોએ પણ પૂર્વ દિશામાં શિવાનો શબ્દ
થયો, તે સાંભળીને તે પ્રમાણે અવધિ (મર્યાદા) નક્કી કરીને પાટલવૃક્ષના આસ્થાન (જગ્યા)
થકી નગરીની રચના કરી અને પાટલવૃક્ષની સમીપે નગરની રચના થઇ. તેથી નગરનું
નામ પાટલીપુત્ર એવું પાડ્યું. રાજાએ ત્યાં આવીને નગરની સ્થાપના કરી અને બહુ દાન
દીધાં. પાટલવૃક્ષને બહુ પુષ્પ આવ્યાં. તેથી તે નગરનું કુસુમપુર એવું પણ બીજું નામ
પાડ્યું. રાજાએ નગરને વિષે કૈલાસપર્વત સમાન સ્ફટિક રત્નના કિરણમય એવું ઉત્તમ
જિનમંદિર કરાવ્યું. તેમાં તેણે ઘણું દ્રવ્ય ખરચી અરિષ્ટરત્નની શ્રી નેમિનાથની પ્રતિમા
મ્હોટા ઉત્સવ પૂર્વક સ્થાપી. વળી આ ઉદાયી રાજાએ ત્યાં કિલ્લો, બીજાં અનેક જિનમં
દિરો, શ્રેણીઓના મહેલો, વાવ્યો, કૂવા, તળાવ, દાનશાળા વિગેરે રમ્ય સ્થળો કરાવ્યાં. તે
થી તે નગરી સ્વર્ગપુરીથી પણ ઉત્કૃષ્ટ થઇ. આ પ્રમાણે જેની સાતે ધાતુએ જિનધર્મ વા
સિત છે એવા ઉદાયી રાજાએ ઘણા કાળ સુધી રાજ્ય કર્યું.

એકદા તે ગુરુ મુખે ધર્મ સાંભળવાને તેમની સમીપે ગયો. ત્યાં શ્રી ગુરુએ કહ્યું.

અનેક જનોએ સહિત તેમને વંદન કરવા ગયો. ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરીને તે ધર્મ સાંભળવા બેઠો. ત્યાં અતિમુક્ત કેવળીએ દેશના આપી કે, "આયુષ્ય વાયુના જેવું ચંચળ છે, યૌવન ઇંદ્રધનુષ્યની પેઠે ચપળ છે, ધન વિજળીના ચમકારા જેવું અને નદીના કલ્લોલ જેવું છે, સ્નેહ હસ્તિના કાન જેવો અસ્થિર છે. વળી આ દેહ છે તે રોગોએ પૂર્ણ છે. એમ જાણીને હે ભવ્ય પ્રાણીઓ! આ મહા નિશ્ચળ એવો જે ધર્મ તે આદરો. જ્યાં સુધી આ કળેવરરૂપી ઘર સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થા હજુ દૂર છે, ઇંદ્રિઓની શક્તિ ગઈ નથી, આયુષ્ય પણ ક્ષીણ થયું નથી; ત્યાં સુધીમાં પંડિત પુરુષોએ ધર્મને વિષે ઉદ્યમ કરવો. કારણ કે, ઘર લાગ્યા પછી કૂવો ખોદાવે, એ ઉદ્યમ કેવો વ્યર્થ (નકામો છે)? કહ્યું છે કે—જે માણસ જીવોની રક્ષા કરે, જિનેશ્વરને પ્રણામ કરે, પોતાની શક્તિ મુજબ શાસ્ત્ર સાંભળે, સાધુને નમસ્કાર કરે, મદનો નાશ કરે, ગુરુને ઉત્તમ પ્રકારે માન દે, કપટનો નાશ કરે, ક્રોધને સમાવી દે, લોભરૂપી વૃક્ષને ઉખેડી નાંખે, ચિત્તને શુદ્ધ કરે અને ઇંદ્રિયોને દમે; તે માણસ મોક્ષસુખને પામે."

આ સાંભળીને રાજાએ બીજા અનેક સુશ્રાવકોની સંગાથે સમકિત મૂળ બારવ્રત અંગીકાર કર્યાં. અતિમુક્ત મુનિ પણ બહુ દેશોમાં વિચરી ભવ્ય જીવોને પ્રતિબોધ દેતા આયુષ્ય ક્ષીણ થએ મુક્તિરમણી વર્યા. ઇતિ અતિમુક્ત મુનિની કથા.

## નાગદત્ત.

દુઃખી છતાં પણ જે મનુષ્ય પારકું અદત્ત (વગર આપેલું) ન લે, તે અનુક્રમે નાગદત્તની પેઠે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે.

વારાણશી નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તે શેહેરમાં યજ્ઞદત્ત નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને ધનશ્રી નામે સ્ત્રી હતી. જિનોક્ત ધર્માચરણ કરતાં તેમને એક પુત્ર થયો. જન્મોત્સવ કરી તેનું નાગદત્ત એવું નામ પાડયું. મોટો થઈ નાગદત્તે પાઠશાળામાં ધર્મ અને કર્મ એ બન્ને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પિતાના મૃત્યુ પછી નાગદત્ત દ્રવ્યને અર્થે કોઈના વહાણમાં બેસીને અન્યદ્વીપે ગયો. ત્યાં લક્ષ્મી મેળવીને પાછો વહાણમાં બેસીને બીજા વ્યવહારીઆની સંગાથે પાછો ફર્યો. રસ્તે સમુદ્રમાં અકસ્માત્ વહાણ નીચા જળમાં (ભમરીમાં) આવી પડયાં. એટલે સર્વે લોકો વ્યાકુળ થવા લાગ્યા. તેઓએ શાંતિ પૌષ્ટિક ઉપાય કર્યા. એટલામાં નાગદત્ત કુમારે વહાણના માલિકને જઇને કહ્યું કે, "આ પાસેના પર્વત ઉપર ઘણાં ભારંડપક્ષીઓ બેઠાં છે, ત્યાં જઇને કોઈ માણસ સહસા તેમને ઉડાડે, તો તેમની પાંખો ફફડવાથી બહુ પવન ઉત્પન્ન થાય, તો તે વાયુને લીધે આ વહાણ નીકળે." વહાણના માલિક ધનદત્ત શેઠે કહ્યું. "ત્યાં જવાની કોનામાં શક્તિ છે? ભયને લીધે ત્યાં જવાને કોઇનામાં ઉત્સાહ નથી, છતાં ત્યાં જે જાય, તેને હું એકસો દિનાર (સોનામ્હોરો) આપીશ." એ ઉપરથી નમસ્કાર મંત્રના ધ્યાન સહિત સાહસિક એવો નાગદત્ત ત્યાં ગયો. તેણે તેમને ઉડાડ્યા. તેમની પાંખોના પવનથી સમુદ્રના જળના કલ્લોલ ઉછળવા લાગ્યા. તેથી વહાણ ખેંચાઇને બહાર નીકળ્યાં, ને પોતાની મેળે ઇષ્ટ સ્થાનકે પહોંચ્યાં.

હવે નાગદત્ત અહિં રહી ગયો. ક્ષુધાથી પીડાતો છતો તે જવાનો ઉપાય ચિંતવવા લાગ્યો. તેણે ધાર્યું કે, "જો હું ક્ષુધાની પીડાથી આર્તધ્યાને મરી જઇશ તો, મ્હારી દુર્ગતિ થશે. માટે ચાર શરણ અંગીકાર કરીને મૃત્યુ લાઉં." એમ ધારીને ઝંપાપાત કર્યો. એટલે તે સમુદ્રમાં મચ્છના મુખમાં પડ્યો. તે મચ્છ ફરતો ફરતો કોઈ તટ ઉપર આવ્યો. ત્યાં તેણે મુખ પહોળું

કર્યું એટલે નાગદત્ત બહાર નીકળી આવ્યો. બહાર આવી તેણે કોઇ જળાશય શોધી તે માંથી નિર્મળ પાણી પીને ફળ પ્રમુખ ખાધાં. ત્યાંથી ભમતો છતો તે પોતાને નગરે આવ્યો, ને ધનદત્ત શેઠી પાસે એકસો દિનાર (જે પોતાના લેણા થયા હતા તે) તેણે માગ્યાં. લોભી એવા ધનદત્ત શેઠે કહ્યું. "ચાલ, ચાલ, દિનાર કેવા? તને કોણે દીધા છે? જૂઠું ન બોલ." નાગદત્તે કહ્યું. "જો નહિ આપીશ તો રાજા પાસે તને શિક્ષા કરાવીશ." ઉત્તર મળ્યો કે, "જા, જા, ત્હારાથી થાય તે કરી લે." પરધનથી અવળા મુખવાળો એવો નાગદત્ત કોઇનું પડી ગએલું ધન પ્રમુખ પણ લે નહી.

હવે તે નગરમાં એક પ્રિયમિત્ર નામે સાર્થવાહ હતો. તેને અત્યંત રૂપવાન એવી નાગવસુ નામની પુત્રી હતી. તેણીએ સર્વ કળાનો અભ્યાસ કર્યો હતો. તેણીની ઇચ્છા નાગદત્તને વરવાની થઈ. શહેરનો કોટવાળ વસુદેવ નામનો હતો. તેણે તેણીનું માગું કર્યું, પણ સાર્થવાહે તો તેણીને નાગદત્તને આપી. એટલે નાગદત્ત તેણીને પરણ્યો. એમ થવાથી વસુદેવને ઇર્ષ્યા થઇ, તેથી તે નાગદત્તને અનર્થમાં નાંખવાને તેનાં છિદ્રો જોવા લાગ્યો.

એકદા રાજા અશ્વ દોડાવતો દોડાવતો આવતો હતો. તેવામાં તેનું એક કુંડળ કાન માંથી નીકળી પડ્યું. એવામાં નાગદત્ત ત્યાં આવી ચડ્યો, પણ તેને તો અદત્તાદાનનું વ્રત છે તેથી તે એ માર્ગ છોડીને બીજે સ્થળે આઠમને દિવસે કાયોત્સર્ગે રહ્યો. ત્યાં એવામાં પેલો કોટવાળ ફરતો ફરતો આવ્યો. તેણે ત્યાં પડેલું કુંડળ લઇને કાયોત્સર્ગે રહેલા નાગદત્ત કુમારની પાસે વસ્ત્રની નીચે તે ઢાંકીને મૂકી દીધું.

રાજાએ જોયું તો કુંડળ મળે નહી! તેવામાં વસુદેવ ત્યાં આવીને કહેવા લાગ્યો. "હું રસ્તેથી ત્યાં આવતો હતો, તેવામાં નાગદત્તે નીચા વળીને કંઇક લીધું, પણ તે શું? તે હું જાણતો નથી." એટલે રાજાના આદેશથી સેવકો ત્યાં ગયા. ત્યાં નાગદત્ત તો કાઉસ્સગ્ગમાં ઉભો હતો, તેની પડખે તેનાં વસ્ત્રો હતાં, તે નીચે ઢાંકી મૂકેલું કુંડળ તેમણે જોયું. તે વાત રાજાને કહી. રાજાએ આદેશ કર્યો કે, "જે એવું કપટકર્મ કરે, તેને શૂળિએ ચડાવો." આવાં હુકમથી તેને ગર્દભ ઉપર બેસારી શૂળિ પાસે લઇ ગયા. વાજિંત્ર વાગતે છતે તેને શૂળિ ઉપર ચડાવ્યો. તેવામાં તો શૂળિ મટીને સિંહાસન થઇ ગયું! પ્રહાર હતો તે આભૂષણ થઇ ગયું! એમ બે ત્રણ વાર થયું. તે ઉપરથી રાજા ત્યાં આવ્યો, એટલે નાગદત્તના પુન્ય પ્રભાવથી પ્રેરાઇને શાસનદેવી ત્યાં આવી આકાશમાં રહીને કહેવા લાગી. "આ ઉત્તમ પુરૂષ નાગદત્ત ભાગ્યશાળી છે. એ પ્રાણ જાય તો પણ પારકી વસ્તુ લે નહી. પૂર્વે ધનદત્ત શેઠે તેની એકસો દિનાર રાખી છે, ને આ વળી વસુદેવે એના માથે આળ મૂક્યું છે. એ નાગદત્ત તો પરદ્રવ્યથી અવળા મુખવાળો છે." એમ કહી શાસનદેવી તો ગઇ.

પછી રાજાએ સન્માન દઇ હસ્તિ ઉપર બેસારી મહોત્સવ પૂર્વક નગરમાં લાવી પોતાને ત્યાં લઇ જઇ તેને બહુ દ્રવ્ય આપ્યું. કહ્યું છે કે—ધર્મ મંગળિકનું મૂળ છે, સર્વ દુઃખ રાશિને ઔષધિનું મૂળ છે, વળી તે ધર્મ અતુલ બળ રૂપ છે. વળી ધર્મ ત્રાણ (શરણ) છે. વળી જીવદયા, સંયમ અને તપ, તે રૂપ જે ધર્મ તે ઉત્કૃષ્ટ મંગળ છે. જેનું મન નિરંતર ધર્મને વિષે વર્તે છે, તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. પછી રાજાએ નાગદત્તને ધનદત્ત શેઠ પાસેથી સો દિનાર અપાવ્યા અને વસુદેવને દેશવટો દીધો. કારણ કે, માણસ અધર્મથી દુઃખ, રોગ, અલ્પાયુ, અપમાન, દુર્ભાગ્ય અને બળહીનપણું પામે છે. પછી ઘણા કાળ સુધી જૈનધર્મ પાળીને નાગદત્તે અંતે દીક્ષા અંગીકાર કરી. સર્વ કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી પૃથ્વિ ઉપર વિહાર કરતા ભવિક જનરૂપી કુમુદ વનને પોતાના વચનરૂપ

અનુત્તરે પ્રવેશીને કેવળીમાં ચંદ્ર સરખો નાગદત્ત મુક્તિને પામ્યો. ઇતિ નાગદત્તની કથા.

---

## બીજા નાગદત્ત.

જે આત્મા ક્રોધ, માન વિગેરે શત્રુને જરા પણ વશ થતો નથી, તે નાગદત્ત કુમાર ની પેઠે મુક્તિ પામે છે.

પૂર્વે બે [illegible] તપ કરવાથી સ્વર્ગે ગયા. ત્યાં સ્થિર થઇ તે બન્ને માંહોમાંહે કહેવા લાગ્યા કે, " આપણામાંથી જે પહેલો ચ્યવીને મનુષ્યલોકમાં જાય, તેને બીજાએ આવીને પ્રતિબોધ કરવો. "

[illegible] નામના નગરને વિષે દત્ત નામનો શેઠ વસતો હતો. તેને દેવદત્તા ના મની સ્ત્રી હતી. પુત્રને અર્થે તેણે નાગદેવતાને આરાધ્યો હતો. તેણે પ્રસન્ન થઇને કહ્યું. " હે [illegible] ! તને પુત્ર થશે. " અનુક્રમે સ્વર્ગમાંથી એક સાધુનો જીવ જે દેવતા હતો, તે ત્યાંથી ચ્યવીને [illegible] પુત્ર થયો. પિતાએ જન્મોત્સવ કરી તેનું નાગદત્ત એવું નામ પા ડયું. [illegible] કળામાં કુશળ થયો. ગાંધર્વની કળામાં કુશળ હોવાથી તે ગંધ ર્વ નાગદત્ત [illegible] નામે પ્રસિદ્ધ થયો. વળી તે સર્પની ક્રીડામાં પણ વ્યસનવાળો થયો.

[illegible] દેવે અવધિજ્ઞાનથી પોતાના મિત્રને વ્યસની જાણીને તેને પ્રતિબોધ [illegible] નાગદત્તે તો વ્યસન જરા પણ મુક્યું નહીં. તે તો સર્પોનેજ [illegible] નાગદત્ત સર્પોનો ક્રીડા [illegible] મિત્ર સાથે ઉદ્યાનને વિષે [illegible] ક્રીડા કરે છે ત્યાં [illegible] રૂપ [illegible] [illegible] તેને [illegible] મિત્રો કહેવા લાગ્યા. " આ કોઇ [illegible] " નાગદત્તે પણ [illegible] " આ કરંડીયામાં શું છે ? " ત્યારે [illegible] કહ્યું. " [illegible] " ત્યારે નાગદત્તે કહ્યું. " તું મ્હારા સર્પોને [illegible], ને હું [illegible] " તે [illegible] નાગદત્તના સર્પ સાથે [illegible] લાગ્યો; સર્પ [illegible] નહીં. ત્યારે નાગદત્ત [illegible] કહેવા લાગ્યો. " [illegible] હું ક્રીડા કરૂં. " તે [illegible] કહ્યું. " હે [illegible] તું [illegible] " તે [illegible] નાગદત્તે [illegible] કહ્યું. " [illegible] " તે [illegible] કહ્યું. " આ [illegible] નાગદત્ત [illegible] સાથે [illegible] છે. [illegible] નથી. [illegible] આ પહેલો [illegible] [illegible] અને [illegible] છે. તે [illegible] [illegible] તે [illegible] [illegible] આ નાગદત્ત [illegible] કરવાથી તે [illegible] પામ્યો; તેનો [illegible] નથી. " [illegible] ડંખથી [illegible] મૂર્છા પામ્યો.

[illegible] " [illegible] [illegible] [illegible] છે. તે [illegible], તે [illegible] પણ [illegible] નથી. " આ [illegible] [illegible] મૂર્છા [illegible].

વળી બોલ્યો કે, "આ ત્રીજી લક્ષીન વિકરાળ ગતિવાળી, સ્વસ્તિકના ચિન્હવડે અંકિત ફણવાળી અને કપટ કરીને ઠગવામાં કુશળ એવી માયા નામે નાગિણી છે. મંત્રને પાઠ વામાં કુશળ મનુષ્ય પણ એને ગ્રહણ કરી શકે તેમ નથી. એના ડસવાની ઉપર કોઈ પણ મંત્ર કે, ઔષધિ બળ કરી શકતી નથી. કેમ કે, એ ગહન વનની રહેનારી છે અને ઘણા કાળથી એવું વિષનો સંચય કરેલો છે." આ પ્રમાણે કહીને તેણીને મંડળમાં એક દિશાએ મૂકી.

વળી બોલ્યો કે, "આ ગોધો સર્પ, જેણે સર્વ જગતને પરાભવ પમાડ્યો છે એવો અને મેરુ પર્વત સરખા ફુંફાડાવાળો લોભ નામનો છે. તેનું બળ સર્વ સર્પ કરતાં અધિક છે. તે જે પ્રાણીને ડસે છે, તેનું મન મહા સમુદ્રની પેઠે પછી પૂરાતું જ નથી. એને વિષે સર્વ પ્રકારનું વિષ એકઠું મળેલું છે." આ પ્રમાણે કહીને તેને મંડળમાં ઉત્તર દિશાએ મુક્યો.

પછી બોલ્યો કે, "આ ચારે ક્રોધ, માન, માયા અને લોભ નામના પાપસર્પો છે. તેના ડંશવડે કરીને આખું જગત જ્વર (તાવ) વાળા મનુષ્યની પેઠે કળકળ્યા કરે છે. એ આશીવિષ સર્પના ડંશનું ઝેર જે પ્રાણીને ચડે છે, તે રૌરવ નરકને વિષેજ પડે છે. તેને બીજું કોઈ પણ આલંબન મળી શકતું નથી."

એ પ્રમાણે દીર્ઘ વર્ણન કરીને તે ગારુડિક દેવે તે સર્પને મુક્યો. તે ગર્વે નાગ દત્તને ડસ્યો. તેથી તેનું મૃત્યુ થયું. ત્યારે તેના સેવકો બોલવા લાગ્યા. "અહો! તેં આ શું કર્યું?" ત્યારે તે દેવે કહ્યું. "મેં તેને વાર્યો પણ તે ન રહ્યો; ત્યારે હું શું કરું?" ત્યારે તેના મિત્રોએ ઘણા ઓષધોપચાર કર્યા, પણ કાંઈ ગુણ થયો નહીં. તે ઉપરથી સેવકો તેને પગે નમીને બોલ્યા. "પ્રસન્ન થઈને એને ઝેર ઉતારો." ગારુડિક દેવે કહ્યું. "મને પણ એ નાગ પૂર્વે ડસ્યો હતો, પણ આવી ક્રિયા કરવાથી હું જીવતો રહ્યો હતો. જો તે મ્હારી ક્રિયા કરે તો તે પણ જીવે. તે ક્રિયા અંગીકાર કરીને પણ જો તે ન પાળે તો, ફરી પણ મૃત્યુ પામે. તે ક્રિયા આ પ્રમાણે છેઃ—( ક્રોધ, માન, માયા ને લોભરૂપી ) ચાર પ્રકારના આશીવિષ પાપી સર્પોએ મને ખાધો; તેથી તેનું વિષ દૂર કરવા માટે હું અનેક પ્રકારના તપોકર્મને આચરું છું અને પર્વત, વન, સ્મશાનભૂમિ, શૂન્યઘર, તથા વૃક્ષના મૂળને સેવું છું; કારણ કે, તે પાપી સર્પોથી હું ક્ષણમાત્ર પણ વિશ્રામો પામતો નથી. વળી ઘણો આહાર કરવો નહીં, તેમ અતિ સ્નિગ્ધ આહાર પણ કરવો નહીં. કારણ કે, અતિ સ્નિગ્ધ આહાર વિષપણે પરિણમે છે. વળી જે આહાર કરવો, તે ઉદરપૂર્તિ જેટલો અને વળી તે ગામ બહાર જ રહીને કરવો. ઉષ્ણ અથવા વિગય રહિત આહાર કરવો. જે આહાર કરવો તે થોડો કરવો. તેમ છાંડવો પણ નહીં. થોડો આહાર, થોડું બોલવું, થોડી નિંદ્રા, થોડી ઉપધિ અને થોડાં ઉપકરણો ધારણ કરનારને દેવતાઓ પણ નમે છે. સિદ્ધ ભગવાનને નમસ્કાર કરીને સંસારમાં જે મન, વચન કાયા રૂપ ત્રણ દંડ અને તેર પ્રકારની ક્રિયા રૂપ વિષને નિવારણ કરનારી જે મ્હોટી વિદ્યા છે, તે હું કહું છું. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનાં પચ્ચખ્ખાણ કરવાં તે."

એ સાંભળીને કુમાર ઉઠ્યો. ત્યારે માતા પિતાએ કહ્યું. "એ અમારો પુત્ર નાગદત્ત, એની મેળે બેઠો થયો." એટલે તો એ તુરત પાછો પડ્યો! ત્યારે તેમણે ગારુડિકને કહ્યું. "એને જીવાડો." પછી દેવતાએ તેને પૂર્વભવ કહી સંભળાવ્યો. તેથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તેણે દીક્ષા ગ્રહણ કરી. લોકોમાં ક્રોધ, માન, માયા ને લોભ એ ચાર જાતનાં સર્પ દુઃખ કહે છે. એ શત્રુઓથી જે ન જીતાય, તે મોક્ષલક્ષ્મી પામે છે. પછી નાગદત્તે કહ્યું. "હવે હું ક્રોધાદિક ચાર સર્પોને વશ નહિ થઉં." એટલે તે દેવ પોતાને

કથાનકો અનેક હૈ। પણ પોતપોતાને ઠેકાણે ગયા. નાગદત્ત પણ અનુક્રમે એ ચારે શત્રુઓ ઉપર જય મેળવીને મુક્તિ પામ્યો. ઇતિ બીજા નાગદત્તની કથા.

મૂળગાથા.

मेअज्ज थूलभद्दो, वयररिसी नंदिसेण सीहगिरी ॥
कयवन्नो अ सुकोसल, पुंडरिओ केसि करकंडू ॥ ५ ॥

મેતાર્ય, સ્થૂલભદ્ર, વયરસ્વામી, નંદિષેણ, બીજા નંદિષેણ, સિંહગિરિ, કયવન્નો સુકોશલ, પુંડરિક કંડરિક, કેશિસ્વામી અને કરકંડુ: એ અગીઆર મહા પુરુષોની કથાઓ આ બીજી ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૨)

મેતાર્ય મુનિ.

જે પ્રાણી [illegible] કાયાએ કરીને જીવરક્ષા કરે, તો તે મેતાર્ય મુનિની પેઠે કર્મ [illegible] શીઘ્ર નાશ કરે છે.

[illegible] સમૃદ્ધિએ કરીને જેણે [illegible] નગરને પણ તિરસ્કાર કર્યો છે, એવા સાકેતપુર નગરમાં ચંદ્રાવતંસ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. તેને સુદર્શના નામે રા[illegible] હતી અને સાગરચંદ્ર તથા મુનિચંદ્ર નામના બે પુત્રો હતા. રાજાએ સાગરચંદ્રને યુવરાજ પદ્વી અને મુનિચંદ્રને ઉજ્જયિની નગરી આપી. અનુક્રમે તે ચંદ્રાવતંસ રાજાને પ્રિયદર્શના નામની બીજી સ્ત્રીથી ગુણચંદ્ર અને બાળચંદ્ર નામે પુત્રો થયા. ચંદ્રાવતંસ રાજા હંમેશાં [illegible] અને પર્વ[illegible] દિવસે [illegible] ધર્મકાર્ય કરતો.

એકદા ચંદ્રાવતંસ હંમેશનું રાજકાર્ય સમાપ્ત કરીને પ્રતિક્રમણ કર્યા પછી [illegible] કાઉસ્સગ્ગ [illegible] એમ વિચારીને કે, "જ્યારે દીવો હોલવાઈ જશે, ત્યારે હું કાઉસ્સગ્ગ પૂરો કરીશ." પછી દાસીએ ધાર્યું કે, "એ દીવો હોલવાઈ જશે, તો રાજાને [illegible]" તેથી તેણે દીવામાં તેલ પૂરવા કર્યું. અનુક્રમે [illegible] પછી [illegible] ત્યારે રાજાએ કાઉસ્સગ્ગ પૂર્ણ કર્યો. પછી [illegible] તેનું મૃત્યુ થયું અને તે સ્વર્ગે ગયો. તેની પાટે સાગરચંદ્ર [illegible] તે પણ ન્યાયથી રાજ્ય ચલાવવા લાગ્યો.

એકદા તે [illegible] માતા પ્રિયદર્શનાને કહેવા લાગ્યો કે, [illegible] પિતા [illegible] આ રાજ્યની [illegible] મુજ આપવી નથી, માટે [illegible] તો [illegible] ગુણચંદ્રને રાજ્ય સોંપી હું દીક્ષા લેવા ઇચ્છું છું." પ્રિયદર્શના બોલી. "[illegible] છું, [illegible] અમારું [illegible]; પણ [illegible] છે, [illegible] તેથી તે [illegible] માટે [illegible] રાજ્ય [illegible]." પ્રિયદર્શનાએ [illegible] તે [illegible] અનુક્રમે [illegible] પ્રિયદર્શના [illegible] — [illegible] [illegible] કરી [illegible] [illegible] પ્રિયદર્શના [illegible].

એકદા રાજા ક્રીડાર્થે બહાર ગયો હતો. તેને માટે પ્રભાતે જમવાને સુદર્શના રાણીએ એક દાસી સાથે મોદક મોકલાવ્યા. રસ્તે પ્રિયદર્શના મળી. તેણીએ રાજાને હણવાને અર્થે પેલા મોદકો હાથમાં લઇ તેને વિષ ( ઝેર ) મિશ્રિત કરીને પ્રીતિથી પાછા આપ્યા. તે લઇને દાસી ગઈ. તે રાજા ક્રીડા કરીને આવીને પ્રિયદર્શનાના બે પુત્ર—ન્હાના ભાઇઓ સહિત સિંહાસને બેઠો. ત્યાં જઇને તેણીએ તે મોદક આપ્યા. રાજાએ તે મોદક ક્ષુધાતુર એવા પોતાના ન્હાના ભાઇઓને વ્હેંચી દીધા; કારણ કે, પોતે મ્હોટો હતો અને તેઓ પોતાથી ન્હાના હતા; પણ જેવા તેઓએ તે ખાધા કે, તુરતજ તેઓ અચેતન થઇ પડ્યા ! એ જોઇને રાજાએ વિચાર્યું કે, " માતા પુત્રને વિષ દે, તે કેમ બન્યું હશે ? " પછી તેણે સુવર્ણ નામની ઔષધિનું પાણી મંગાવીને તેમને પાયું, એટલે તેઓ સાજા થયા. પછી દાસીને પૂછીને વિષ વિધિનું સ્વરૂપ જાણ્યું. એટલે અંતઃપુરમાં જઇને તેણે પોતાની ઓરમાન માતાને કહ્યું. " ધિક્કાર છે તને કે, તેં મને મારી નાખવાને આવું કપટ કર્યું ! પણ તે તો ત્હારા પુત્રો ઉપર પડ્યું; પણ મેં તેમને સાજા કર્યા છે. મને તો મૂળથી જ રાજ્યની ઇચ્છા નથી. ફક્ત ત્હારાજ આગ્રહથી મેં રાજ્ય સ્વિકાર્યું છે, પણ એ રાજ્ય શા કામનું છે? કે જેને લીધે આવી નરકને પમાડનારી પાપબુદ્ધિ ઉત્પન્ન થાય. " એમ કહીને પછી સાગરચંદ્રે પ્રિયદર્શનાના પુત્ર ગુણચંદ્રને રાજ્ય સોંપ્યું અને પોતે સંયમ ગ્રહણ કર્યો. અનુક્રમે સાગરચંદ્ર ઋષિ અગીઆર અંગના પારગામી થયા.

એકદા અવંતિ નગરીથી સાધુનો સંઘાડો આવ્યો. તેમને સાગરચંદ્ર ઋષિએ અવંતિના સમાચાર પૂછ્યા. તે ઉપરથી તેમણે કહ્યું કે, " ત્યાં મુનિચંદ્ર રાજાનો પાખંડી પુત્ર સૌરસિક, તે મુગ્ધુમ નામના પુરોહિતના પુત્ર સહિત સાધુઓને બહુ દુઃખ દે છે, " તે સાંભળીને ગુરુની રજા લઇને સાગરચંદ્ર મુનિ પોતે અવંતિએ ગયા. ત્યાં જઇને તેમણે સાધુઓના ઉપાશ્રયને વિષે વિસામો લીધો. પોતે ' ભાઇના પુત્રને પ્રતિબોધવાને આવ્યા છે' એ વાત પ્રભાતે સાધુઓને કહી. પછી મધ્યાન્હે પોતે દરબારમાં ગયા. તેમને જોઇને લોકો કહેવા લાગ્યા કે, " મહાનુભાગ ! રાજગૃહને વિષે ન જાઓ. ત્યાં રાજપુત્ર બહુ દુષ્ટ છે. પુરોહિતના પુત્ર સહિત તે મુનિઓને બહુ ઉપદ્રવ કરે છે. માટે બીજે જાઓ." પણ મુનિ તો ત્યાં ગયા. તેમને ત્યાં આવતા જોઇને પેલા બન્ને ( રાજપુત્ર અને પુરોહિત પુત્ર ) કહેવા લાગ્યા કે, " હે મુનિ ! તમે અમારી સાથે રમશો ? " મુનિએ હા કહી. એટલે એકાંતે ચોકને વિષે જઇને તેઓ મુનિ સાથે ક્રીડા કરવા લાગ્યા. તેઓ ત્યાં જેમ તેમ બોલતા ધર્મની હેલના કરવા લાગ્યા. તેમને મુનિએ યુદ્ધને પ્રપંચે કરીને મર્મ ઉપર ઘાત કર્યો, તેથી તેમને મુખે ફીણ આવી ગયાં. પછી તેમના શરીરના સાંધા ઉતારી નાંખીને મુનિ બહાર નિકળી ગયા અને બહાર ઉદ્યાનમાં જઇ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

અહિં રાજાએ તેમને રોતા સાંભળ્યા. પછી જાણ્યું કે, " આ મુનિનું કૃત્ય છે. તેમણે જ આ પરાભવ કર્યો છે. " તે ઉપરથી રૂષ્ટ થઇને સેવકોને કહ્યું. " હે સુભટો ! જે મુનિએ આ કુમારોને આવી દશાએ પહોંચાડ્યા છે, તેને શોધી લાવો. " તેઓએ જઇને જોયું તો મુનિ પડિમાપણે ઉભા હતા. તે વાત રાજાને નિવેદન કરી. રાજાએ તે ઉપરથી ત્યાં જઇને કહ્યું. " હે મુનિ ! આવું પાપ કેમ કર્યું ? " મુનિએ કહ્યું. " મ્હોટા કુળમાં જન્મ્યા માટે અમને સાધુઓને મારવાદિ અન્યાય તો તમે કરો છો. " એ સાંભળીને રાજાએ લજ્જાયમાન થઇ મસ્તક નીચું નમાવ્યું. મુનિએ ધર્મલાભ કહીને કહ્યું. " હે ચંદ્રાવતંસના પુત્ર ! ત્હારે અવશ્ય જાણવું કે, હેલના પ્રમુખ ન કરવાં જોઇએ. કહ્યું છે કે—સાધુઓની હેલના

કરવાથી નરક ગતિ મળે છે, પણ જો તેમનું સમ્યક્ પ્રકારે આરાધન કર્યું હોય તો તે મોક્ષલક્ષ્મી પ્રત્યે આપે છે. તમારો પુત્ર આ મુનિઓની હેલના કરે છે, ને તમે એ સહન કરી રહો છો.” રાજાએ કહ્યું. “એ કુમારો તો મુગ્ધ છે, હવે પછી તેઓ એમ નહી કરે.” મુનિએ કહ્યું. “જો તેઓ સંયમ ગ્રહણ કરે તો તેમને છોડી દઉં, નહિ તો ભલે તેઓ પોતે કરેલા પાપકર્મનું ફળ અનુભવે.”

તે ઉપરથી રાજા પોતાના ભાઇને વંદન કરીને તેમને કુમારો પાસે લઇ ગયો. ત્યાં જઇને તેણે કહ્યું. “હે પુત્ર ! આ ત્હારા કાકા થાય, ને તું તો મુનિઓનો અપરાધ કરયા કરે છે. માટે જો તમે દીક્ષા અંગીકાર કરો, તો તે તમને સ્વસ્થ કરશે, નહિ તો વેદનાથી અવશ્યમેવ મૃત્યુ પામશો.” બહુજ પીડાના તેઓએ તે વાતની હા કહી. પછી મુનિએ તેમને સ્વસ્થ કર્યા. એટલે તેઓએ દીક્ષા ગ્રહણ કરી. રાજા પણ સાગરચંદ્ર ઋષિ પાસે ધર્મ સાંભળી સવિશેષ પુન્ય કરનો સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા લાગ્યો. રાજપુત્ર અને પુરોહિત પુત્ર બન્ને જણ શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. પુરોહિતનો પુત્ર બ્રાહ્મણ હોવાથી વખતે કહેતો કે, “સાધુના ધર્મમાં પવિત્રતા નથી.” એમ કહીને મળ વિગેરે જોઇ દુર્ગંછા કરતો. પછી તેઓ અનુક્રમે મૃત્યુ પામીને દેવતા થયા. સ્વર્ગનું સુખ અનુભવતા તે બન્ને પૂર્વભવના સ્નેહને લીધે પરસ્પર કહેવા લાગ્યા. “આપણા બેમાંથી જે પહેલો ચ્યવીને મનુષ્ય થાય, તેને બીજાએ આવીને ધર્મનો બોધ પમાડવો.”

હવે પ્રથમ તે પુરોહિતના પુત્રનો જીવ સ્વર્ગથી ચ્યવીને રાજગૃહ નગરમાં ચાંડાળની સ્રીની કૂખે આવ્યો. તે સ્રી કોઇ શેઠને ત્યાં કામકાજ કરે છે. તે શેઠની સ્રીને માંસ ભક્ષણનો દોહદો ઉત્પન્ન થયો. તે તે ચાંડાળની સ્રીએ માંસ લાવી આપીને પૂર્ણ કર્યો. તેથી શેઠની સ્રીની તેણીના ઉપર પ્રીતિ થઇ.

એકદા તે શેઠની સ્રીને તે ચાંડાળની સ્રી કહેવા લાગી. “અરે સખી ! હમણાં ત્હારૂં મન ઉદાસીન કેમ જણાય છે ? શું તને ત્હારા સ્વામી તરફથી દુઃખ છે ? અથવા બીજું કંઈ કલેશનું કારણ છે ?” શેઠની સ્રીએ કહ્યું. “મ્હારા મનનું દુઃખ કોની પાસે કહું ? મને જે બાળક અવતરે છે, તે કર્મયોગે જીવતું નથી. શું કરવું ?” ચાંડાળની સ્રીએ કહ્યું. “મ્હારે અને ત્હારે સાથે ગર્ભ રહ્યો છે અને મ્હારે પુત્રજ થવાનો છે. જ્હારે બાળક અવતરશે, ત્યારે આપણે એ અદલ બદલ કરીશું.” પછી બાળક અવતર્યા એટલે તેણીઓએ તેમને ફેરવી નાંખ્યા. જ્યારે મેત (ચાંડાળ) નો સ્રી શેઠને ઘેર આવી, ત્યારે શેઠાણી કહેવા લાગી. “આ ત્હારો પુત્ર વૃદ્ધિ પામે છે.” તે ઉપરથી શેઠે તે પુત્રનું જન્મોત્સવ પૂર્વક મેતાર્ય એવું નામ પાડ્યું, હવે શેઠે લાલન પાલન કરાતો તે પુત્ર શાસ્રાદિનો અભ્યાસ કરતો સોળ વર્ષની વયે પહોંચ્યો.

હવે પેલા સ્વર્ગમાં રહેલા બીજા દેવતાએ આવીને મેતાર્યને પોતાનું સ્વરૂપ કહ્યું કે, “આપણે બન્ને સ્વર્ગમાં હતા, ત્યારે પ્રતિજ્ઞા કરી હતી તે યાદ છે કે, ભૂલી ગયો ? માટે હવે આ અવસર છે. દીક્ષા ગ્રહણ કર. કારણ કે, હજારો ઇંદ્રો અને સેંકડો ચક્રવર્તિઓ વાયુથી દીપકની પેઠે કાળથી નાશ પામી ગયા છે. વળી આ શરીર છે તે નાશવંત છે. સંપત્તિ છે તે આપત્તિ યુક્ત છે અને મનુષ્યનો મેળાપ છે તે સ્વપ્ન સમાન છે.” આ પ્રમાણે દેવે બહુ બહુ પ્રકારે પ્રબોધ્યો પણ તે વૈરાગ્ય પામ્યો નહી. પછી તે શેઠીએ મેતાર્યનો આઠ કન્યાઓ સાથે સંબંધ (વિવાહ) કર્યો. શુભ દિવસે લગ્નને અવસરે પરણવાને માટે મેતાર્ય શિબિકામાં બેસીને રાજમાર્ગે ચાલવા લાગ્યો.

હવે પેલા ચાંડાળ જે તે મેતાર્યના પૂર્વભવના મિત્ર-દેવે અધિષ્ઠિત થયો થકો અર્થાત્ તે દેવ, તે ચાંડાળના શરીરમાં પ્રવેશ કરીને બોલવા લાગ્યો કે, "હે સ્ત્રી! આપણો પુત્ર જો મૃત્યુ ન પામ્યો હોત તો, હું પણ તેનો આ પ્રમાણે મહોત્સવ પૂર્વક લગ્નવિધિ કરત." એ ઉપરથી ચાંડાળની સ્ત્રીએ પોતાના પુત્રનું ખરૂં સ્વરૂપ કહી દીધું. તેથી તે ચાંડાળ ક્રોધે ભરાઇને રાજમાર્ગ ઉપર આવીને મેતાર્યને શિબિકામાંથી ઉતારીને સર્વ લોકના દેખતાં કહેવા લાગ્યો. "હે પુત્ર! તું કેમ મ્હારા કુળને વિષે ઉત્પન્ન થઇને આવી કન્યાને પરણે છે? ત્હારે તો આપણા કુળને સરખીજ કન્યા પરણવી જોઇએ. માટે આ કન્યાઓ ને છોડી દઇને આપણે ઘેર ચાલ. યોગ્ય કન્યા સાથે વિવાહ કર." એમ કહીને સર્વના દેખતાં તે ચાંડાળ મેતાર્યને પોતાને ઘેર લઇ ગયો.

ત્યાં પેલો દેવ પ્રત્યક્ષ થઇને મેતાર્યને કહેવા લાગ્યો. "આપણે પૂર્વે સ્વર્ગમાં હતા, ત્યારે વાત થઇ હતી કે, 'એકે બીજાને પ્રતિબોધ પમાડવો.' એ ઉપરથી મેં આવીને તને બોધ આપવા માંડ્યો. પણ તને તે લાગ્યો નહીં; તેથી મ્હારે ફરી આમ કરવું પડ્યું છે. માટે હવે દીક્ષા ગ્રહણ કરવે કરીને મનુષ્ય જન્મ સફળ કર." મેતાર્યે પણ કહ્યું. "તેં મને વિષયસેવન થકી નિવાર્યો છે તે બહુ સારૂં કર્યું છે, પણ તેં મને લોકોમાં વગોવ્યો છે, તે મને બહુ સાલે છે." દેવે કહ્યું. "સંસાર તો વિરસ છે. કારણ કે, પ્રાણથી પણ પણ જે વધારે વલ્લભ છે અને જેના વિના એક ક્ષણવાર સુખ લાગતું નથી એવા એવાનો પણ વિયોગ સહન કરવો પડે છે. અહો! આ સંસારની સ્થિતિ આ પ્રમાણે મહા કષ્ટદાયીછે. વળી કાળને કંઇ વ્હાલું નથી, લક્ષ્મીને કોઇ પ્રિય નથી અને વૃદ્ધાવસ્થાનાં કોઇ સગાં નથી; તોપણ તું અહિં કેમ ધીરજ રાખીને નિરાંતે બેસી રહ્યો છે?" ત્યારે મેતાર્યે કહ્યું. "જો તું મ્હારૂં કલંક ઉતારીશ, તો બાર વર્ષ સુધી ભોગ ભોગવીને પછી હું ત્હારૂં કહ્યું કરીશ. વળી તું કૃપાળુ છે તેથી એમ જરૂર કર." એ ઉપરથી તે દેવના પ્રસન્ન થઇને તેને રત્નના સમૂહને આપે એવો એક બોકડો આપીને કાંઇક વિચાર કરીને સ્વર્ગે ગયો.

પછી તે બોકડો જે રત્નનો સમૂહ આપતો, તેના થાળ ભરીને મેતાર્યનો પિતા રોજ રાજાને ભેટ આપીને પુત્રને અર્થે કન્યા માગવા લાગ્યો. મંત્રીએ તેને કાઢી મૂક્યો છતાં પણ તે હમેશાં એમને એમ કરવા લાગ્યો. તે રત્નોનાં કિરણ સર્વ દિશાઓમાં પ્રસરતાં હતાં. એવાં તે રત્નો જોઇને પણ હર્ષિત થએલા રાજાને તેને પોતાની પુત્રી આપવાનું મન થયું નહીં.

એકદા અભયકુમારે તે ચાંડાળને અભય આપીને કહ્યું કે, "તું એ રત્નો ક્યાંથી લાવે છે?" ચાંડાળે બોકડાનું સ્વરૂપ કહ્યું. તે ઉપરથી અભયકુમારે તે વાત રાજાને કહીને પેલા બોકડાને પોતાને ઘેર આણ્યો; પણ ત્યાં તો તે બોકડો રત્નોને બદલે દુર્ગંધ કરવા લાગ્યો. તેથી તે ચાંડાળને પાછો આપ્યો ને તેણે રાજાને કહ્યું. "એ બોકડો તો એનેજ ઘેર રત્નનો સમૂહ વરસાવે છે. તેથી એ કોઇ દેવતાનાં ચેષ્ટિત છે. માટે એ ચાંડાળ લાગે છે, પણ છે કોઇ ઉત્તમ પુરૂષ. માટે પરીક્ષા કરો." એમ કહીને તેણે તેને "પિતાનું વચન છે" એમ કહીને કહ્યું કે, "મહાવીરસ્વામી વૈભારગિરિ ઉપર આવેલા છે, ત્યાંથી અહિં સુધીનો માર્ગ બહુ વિષમ છે, માટે ત્હારે તે સડક કરાવીને સુગમ કરાવવો." દેવતાની સહાયથી તુરત તેણે એ પ્રમાણે કર્યું. વળી રાજાના આદેશથી તેણે રાજગૃહિનો કિલ્લો કાંગરા સુવર્ણના બનાવરાવ્યા. વળી અભયકુમારે કહ્યું. "જો તું ત્હારા પુત્રને પ્રથમ કિલ્લા સરખા ઉંચા સમુદ્રના પ્રવાહમાં સ્નાન કરાવે, તો ત્હારા પુત્રને જરૂર રાજા પોતાની પુત્રી આપશે." એટલે દેવતાની સહાયથી સમુદ્રમાં પોતાના પુત્રને સર્વ લોકના દેખતાં તેણે

સ્નાન કરાવ્યું, તોપણ રાજાએ તેને પોતાની પુત્રી આપી નહી.

ત્યારે અભયકુમારે કહ્યું. "પૂર્વે તો સર્વ એક વર્ણનાજ હતા. ત્યારે શું ઉત્તમ મધ્યમ વિવાહ નહોતો થતો?" અભયકુમારનું આવા પ્રકારનું બોલવું સાંભળીને શ્રેણિક રાજાએ પોતાની પુત્રી મેતાર્યને આપી. પૂર્વે વરાવેલી કન્યાઓનાં પણ તેની સાથે લગ્ન થયાં. રાજાએ તેને એક ઘર આપ્યું. તેમાં તેણે ભોગ ભોગવી બાર વર્ષ વ્યતિક્રમણ કર્યાં.

વળી દેવે તેને પ્રતિબોધવો શરૂ કર્યો. આ વખતે તો તે વૈરાગ્ય પામ્યો. તેથી પોતાના પુત્રને પોતાની સર્વ લક્ષ્મી સોંપીને પોતે ગુરુની પાસે વ્રત ગ્રહણ કર્યું. અનુક્રમે તેણે જિનકલ્પિ વિહાર આદર્યો.

એકદા મેતાર્ય મુનિ ગોચરિએ ફરતા ફરતા એક સોનીને ઘેર જઇ ચડ્યા. ત્યાં એવું બન્યું કે, શ્રેણિક રાજા હમેશાં ત્રિકાળ જિનપૂજન કરતો. તેને માટે તે સોની હમેશાં સુવર્ણના જવ બનાવતો હતો. તે પડતા મુકી મુનિને વહોરાવવા માટે ઘરમાં ગયો. તેટલામાં એક ક્રૌંચપક્ષી આવીને જવ ચણી ગયું. બહાર આવીને સોનીએ જોયું તો જવ મળે નહી! ત્યારે તેણે મેતાર્ય મુનિને પુછ્યું. "આ મ્હારા સુવર્ણના જવ કયાં ગયા? તમે લીધા કે કોઇ બીજું લઇ ગયું?" મુનિએ વિચાર્યું કે, "કહી દઇશ તો એ ક્રૌંચપક્ષીને મારી નાંખશે" એમ ધારીને તે બોલ્યા વગર મૌન રહ્યા. તે ઉપરથી સુવર્ણકાર બોલ્યો. "તમેજ ચોર છો." એમ કહીને તેણે તેમનું મસ્તક લીલી વાધરી વડે દઢ વીંટ્યું. તે ઉપરથી તે મુનિનાં બે નેત્ર ચિંતવતાં ચિંતવતાં ચક્ષુ નીકળી પડ્યાં અને તેમને તેજ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આયુષ્ય પૂર્ણ થયું, તેથી કાળ કરીને તેજ વખતે મુક્તિ પહોંચ્યા.

હવે પેલો ક્રૌંચપક્ષી ઝાડ ઉપર હતો, જે હજુ આંગણાંમાંજ હતો, તેણે મુનિ પડ્યાં તેના ભયથી પેલા જવ કાઢી નાંખ્યા. તે જવને પડતા જોઇને લોકો કહેવા લાગ્યા. "અહો! આ સોનીએ રાજાના જમાઇ-મુનિના વ્યર્થ ઘાત કર્યો. માટે રાજા એનો સકુટુંબ વધ કરશે." રાજાએ પણ તે વાત જાણીને સેવકોને તેને મારી નાંખવા મોકલ્યા; પણ તેઓ આવ્યા પહેલાં તેને સારી મતિ સુઝી આવી એટલે તેણે સકુટુંબ મુનિનો વેષ ગ્રહણ કરી લીધો. કહ્યું છે કે-લજ્જાથી, ભયથી, વિતર્કથી, વિધિથી, અહંકારથી, સ્નેહથી, લોભથી કે, હઠ અભિમાનથી, કે વિનય, શૃંગાર યા કીર્તિને લીધે, વળી દુઃખથી, કૌતુક-વિસ્મય વ્યાપાર કે, કુળાચારને લીધે, અથવા તો વૈરાગ્યથીજ જે માણસ નિર્મળ એવા ધર્મને આદરે છે, તે મહાન્ ફળ મેળવે છે.

સુભટો તો એકને પાછા રાજા પાસે ગયા. ત્યાં હકીકત જેઈ હતી તેવી કહી. તે ઉપરથી રાજા પોતે ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો "જો તમારામાંથી કોઇ પણ દીક્ષા ત્યજી દેશે તેને હું તેનો ઘાત કરાવીશ. તમે દીક્ષા લીધીજ તેથી હું તમને છોડી દઉં છું." પછી તે સુવર્ણકારે શ્રી વીર ભગવાન્ પાસે જઇને સકુટુંબ સંયમ અંગીકાર કર્યો. અનુક્રમે તે સર્વે મોક્ષસુખના ભોક્તા થયા. ઇતિ મેતાર્યમુનિની કથા.

## સ્થૂળભદ્ર

અતિશયથી મૈત્રીના વાંછક એવા પુરુષો રાજાને પસંદ કરતા નથી. જેવી રીતે કે, સ્થૂળભદ્રે મંત્રીની પદ્વી ત્યજી દઇને સંયમ અંગીકાર કર્યો.

પાટલીપુત્ર નગરને વિષે નવમો નંદરાજા રાજ્ય કરતો હતો. તેને કલ્પક વંશનો શકટાલ નામે મંત્રી હતો. તેને લક્ષ્મીવતી નામની સ્ત્રી. સ્થૂળભદ્ર અને શ્રીયક નામના બે

પુત્રો તથા સાત પુત્રીઓ હતી. ( આ ગાળાના શ્રીયકની કથાથી જાણી લેવું ) શકડાલ મંત્રી દેવગત થયા પછી નંદરાજાએ રિવાજ પ્રમાણે તેના પુત્ર શ્રીયકને પ્રધાન પદી લેવાનું કહ્યું. તેણે કહ્યું "મ્હારો મ્હોટો ભાઈ સ્થુળભદ્ર છે. તે કોશા ગણિકાને ઘેર બાર વર્ષ થયાં રહે છે, તેને બોલાવીને એ પદી આપો." તે ઉપરથી રાજાએ સેવકોને મોકલીને તેને બોલાવ્યો. તે આવીને નમન કરીને ઉભો રહ્યો. રાજાએ તેને સન્માન પૂર્વક કહ્યું. " ત્હારો પિતા મૃત્યુ પામ્યો છે, માટે એ પદ ક્રમ પ્રમાણે તું ગ્રહણ કર." સ્થુળભદ્રે રાજાને કહ્યું. " આપનું કહેવું પ્રમાણ કરું છું, પણ વિચાર કરીને ગ્રહણ કરીશ." એમ કહીને તે અશોકવનમાં ગયો. ત્યાં જઈને વિચારવા લાગ્યો. " જો એ પદ હું ગ્રહણ કરીશ, તો હું પરવશ થઇશ. પરંતુ તેમ કરવાથી એમ પણ થાય કે, તેમના વિચાર પ્રમાણે નહિ અનુસરું તો તે રુષ્ટ થઈ પ્રાણ પણ લે. માટેજ કહ્યું છે કે-દરિદ્રિ, રોગી, મૂર્ખ, ચાકર અને નિત્ય સેવક એ પાંચે જણ જીવતા છતાં મૃત્યુ પામેલા જેવા સમજવા. ખરેખરા ગુણી તો તેજ જાણ કે, જેઓ ભોગ વિલાસને ત્યજીને મુનિગુણને દેનારૂં એવું સંયમ અંગીકાર કરે છે."

આવો વિચાર કરી લોચ કરીને મુખવસ્ત્રિકા અને રજોહરણ આદિક લેઈ રાજા પાસે જઈ ધર્મલાભ કહ્યો. રાજાએ " કિમ્ આલોચિતમ્ ? શું વિચાર કર્યો ? " સ્થુળભદ્રે કરેલો અર્થ કર્યો કે, "કેમ લોચ કર્યો ? " એમ એવું સમજીને તેણે ઉત્તર આપ્યો કે, " હા હા. મેં " લોચિતમ્ " લોચ કર્યો. એ વ્યાપારે મ્હારે સર્યું. મ્હારે એ મુદ્રા વ્યાપાર નહિ જોઈએ; કારણ કે, વ્યાપાર પંચ મુદ્રાવાળો છે. જેમ કે, હાથને વિષે મુદ્રા, મુખે મુદ્રા, બન્ને પગે બે મુદ્રા અને ત્યાર પછી ઘરને વિષે પણ મુદ્રા; એ પ્રમાણે વ્યાપાર પંચ મુદ્રાવાળો છે." એમ કહીને ધર્મલાભ દઈ તેમણે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઈને સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગ રૂપી દીક્ષા ગ્રહણ કરી. પાછળ રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું. તેણે પણ સ્થુળભદ્રના વિયોગથી પીડાતી કોશા વેશ્યાને બોધ પમાડીને શોક ઉતરાવ્યો.

હવે સ્થુળભદ્ર મુનિ ગુરુના ચરણની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા કરતા અભ્યાસ કરવા લાગ્યા. એકવાર વર્ષાઋતુ શરૂ થવા પહેલાં ત્રણ શિષ્યોએ સંભૂતિવિજય ગુરુ પાસે આવીને એવો અભિગ્રહ લીધો—એકે કહ્યું કે, " હું ચાર મહિના સિંહની ગુફા પાસે કાઉસ્સગ્ગે રહીશ. " બીજાએ કહ્યું કે, " હું સર્પના બીલ પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગે રહીશ. " ત્રીજાએ કહ્યું કે, " હું કૂવાના ભારવટિયા ઉપર કાયોત્સર્ગે રહી ચોમાસુ નિર્ગમન કરીશ. " તે વખતે સ્થુળભદ્રે આવીને કહ્યું. " હે ભગવન્ ! હું કોશા ગણિકાની ચિત્રશાળાને વિષે ષડ્રસ ભોજન લેતો છતો ચોમાસુ પૂર્ણ કરીશ. " ગુરુએ સર્વેને કહ્યું. "સૌ પોત પોતાના વાંછિત સ્થાનકે જાઓ, પણ ત્યાં તમારે ધર્મને વિષે તત્પરજ રહેવું."

પછી પેલા ત્રણે શિષ્યો પોત પોતાને ઇચ્છેલે સ્થાનકે જઈને રહ્યા. સ્થુળભદ્ર પણ ગુરુને નમીને કોશા વેશ્યાને ઘેર ગયા. ત્યાં તો તેમને જોઈને તે તુરતજ અંજલિ જોડીને ઉભી થઈને તેમને સન્માન પૂર્વક કહેવા લાગી. " પધારો સ્વામિ પધારો. આદેશ હોય તે ફરમાવો. આપને જે રુચે તે કરવાને દાસી તૈયાર છે." સ્થુળભદ્રે કહ્યું. " તને ધર્મનો લાભ થાઓ. ત્હારી ચિત્રશાળા મને ચોમાસુ રહેવાને અર્પણ કર (સોંપ). " એટલે સજ કરાવીને તેણીએ તેમને સોંપી. કોશાની રજા લેઇ તેમાં તે રહ્યા. વેશ્યાએ વિચાર્યું કે, "સુકુમાર દેહવાળા એ કુમાર વ્રત ભાર નહિ સહન કરી શકવાથી અહિં પાછા આવ્યા છે. લજ્જાને લીધે તે હમણાં કંઈ નહી બોલે, અનુક્રમે બોલશે અને મને લક્ષ્મી આપશે. એને હું ક્ષણવારમાં લાવું અને શૃંગાર રસરૂપી સમુદ્રમાં ડુબાવીશ."

એમ કહીને તે વેશ્યા બાકળુ, સંબાકળુ અને સંભાનેય એ ત્રણ પ્રકારના ધાન્યથી, તથા દૂધ, દહિં, ઘી, કાંજી, છાશ અને મધ એ છ રસોથી; તથા મૂળ, કંદ, ઇક્ષુરસ, લતા, પત્ર, પુષ્પ અને ફળ એ છ પ્રકારના શાકથી મુનિને જમાડવા લાગી. તેમના જમી રહ્યા પછી પડી રહેલું ભોજન તે જમતી. પછી તે વેશ્યા અનેક મનોર્થાદિક કરતી દુસહ ભૃકુટીરૂપ બાણને હલાવતી મુનિની પાસે આવતી, તોપણ તેણીની બહારની સ્થિતિ કે, બહારનું રૂપ જોઇને તે રક્ત થયા નહી; તેમ તેણીની અંતરંગની મલિન સ્થિતિ જોઇને તે વિરક્ત પણ થયા નહી! વેશ્યા તેમને મોહ પમાડવાને જે જે આદર કરવા લાગી, તે તે નિષ્ફળ થવા લાગ્યા; કારણ કે, આકાશમાં ચિત્રની રચના અને જળને વિષે દીપક એ કદી બને નહી.

આમ તે કોશ્યા નિત્ય નિત્ય તેને ક્ષોભ પમાડવાને નવીન નવીન શોભા કરે, પણ સ્થુળભદ્ર મુનિ ધ્યાનરૂપી રસથી ડગ્યા નહી. ઉલટું તેણીના ઉપસર્ગથી તેમનું ધ્યાન વધારે વધારે દીપવા લાગ્યું; કે જેવી રીતે પુષ્કળ પ્રહાર વાગવાથી વીર પુરૂષનું સત્વ વધારેને વધારે પ્રકાશે. પછી પ્રથમ હાવભાવ બતાવીને તેમના ચરણમાં પડીને તેણીએ ભોગ સુખાદિકને વિષે પૂર્વની પેઠે તેમને મનાવવા માંડ્યા. ત્યારે સ્થુળભદ્ર મુનિ બોલ્યા, "હે કોશ્યા! આ જીવે બહુ ભોગ ભોગવ્યા છે, પરંતુ તૃપ્તિ પામ્યો નથી. કહ્યું છે કે-કામભોગ શલ્ય છે, કામભોગ વિષ છે અને કામભોગ આસીવિષ (સર્પની દાઢમાં રહેલા) ઝેર જેવા છે. તે કામભોગ ભોગવ્યા નથી પરંતુ તેની પ્રાર્થના કરવાથી એટલે તેની ઇચ્છા કરવાથી પણ જીવો દુર્ગતિમાં જાય છે. વળી ચેતના રહિત વસ્તુને વિષે પણ રાગ છે તે, દ્વેષને પોષવાને અર્થેજ છે. કારણ કે, મજીઠમાં રંગ છે તો તેને બહુ ખંડાવું પડે છે ને અત્યંત તાપ સહન કરવો પડે છે. વળી મૃતિકા જેવા એકેંદ્રિય જીવને પણ રંગના દોષને લીધે વિણાવું નાંખવું, તથા પત્થરથી પીસાવાનું સહન કરવું પડે છે અને વિષય તો ફક્ત કાયર પુરૂષનેજ વિડંબ કરે છે, પણ ઉત્તમ પુરૂષને નહી. જેમ કે, તંતુ છે તે મચ્છરને બાંધી શકે છે, પણ હસ્તિને બાંધી શકતો નથી. વળી મૈથુનસંજ્ઞામાં આરુઢ થએલો જીવ, નવ લાખ સુક્ષ્મ જીવોને હણે છે. એમ આગમમાં કહ્યું છે. માટે તે મૈથુન જીવોની પહેલી હિંસા છે."

સ્થુળભદ્રે કહેલાં આવાં ઉપદેશ વચનથી કોશ્યા વેશ્યાએ પોતાનો કુળાચાર ધર્મ છોડીને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. 'પૂર્ણ ભાગ્ય વિના કુમાર્ગ ત્યજી શકાતો નથી. જે સ્ત્રી પુરૂષો સન્માર્ગગામી હોય છે, તેજ મોક્ષલક્ષ્મીના ભોક્તા થાય છે.' સ્થુળભદ્ર મુનિએ આ પ્રમાણે ઇંદ્રિયો ઉપર જીત મેળવી. તે જોઇને કોશ્યાએ પણ એમ અભિગ્રહ કર્યો કે, "રાજા પ્રસન્ન થઇને જે પુરૂષને મ્હારી પાસે મોકલે, તે પુરૂષ શિવાય બીજા બધા હવે મ્હારે ભાઈ સમાન છે."

ચોમાસુ પૂર્ણ થએ સ્થુળભદ્ર ગુરુ સમીપે આવ્યા. બીજા ત્રણ શિષ્યો પણ પોત પોતાના અભિગ્રહ પૂર્ણ થએ ત્યાં આવ્યા. તે ત્રણને જોઇને ગુરૂએ કહ્યું. "અહો! તમે દુષ્કર કર્યું છે!" પણ સ્થુળભદ્રને તેમણે ઉઠીને એમ કહ્યું કે, "અહો! તમે અતિ દુષ્કર કર્યું છે!!!" તે ઉપરથી તે ત્રણે મુનિઓ વિચારવા લાગ્યા. "આપણે સામાન્ય કુળમાં જન્મેલા છીએ અને આ સ્થુળભદ્ર તો શકડાળ મંત્રીનો પુત્ર ખરોને! તેથી ગુરુએ એને એ પ્રમાણે અતિ દુષ્કરકારક એમ કહ્યું. છ રસના આહારના ભોગવનારાની તેમણે પ્રશંસા કરી." બત્રીશ લક્ષણવાળા વલયથી કોશ્યા વેશ્યાને વિષે આસક્તિ પામેલા સ્થુળભદ્રે વ્રતનું આચરણ કરીને વિશ્વને જીતનાર એવા કામને, બોધ રૂપી શસ્ત્રથી મારીને ગુરુના પ્રસાદથી "આ દુષ્કરકારક કર્યું" એવું પદ મેળવ્યું. પેલા ત્રણ દુષ્કરકારક મુનિઓ વળી કહેવા લાગ્યા

કે, "ગુરૂને પણ કોઇક અધિક છે, ને કોઇ ઓછા છે! માટે હવે આપણે આવતાં ચોમાસામાં દુષ્કર દુષ્કરકારક થઇશું." એવો નિશ્ચય કરીને તે ત્રણેએ મહા કષ્ટ આઠ મહિના કાડ્યા.

હવે ચોમાસુ આવ્યું ત્યારે સિંહગુફામાં રહેલા મુનિએ આચાર્યને કહ્યું. "હું સ્થુળ ભદ્રે કર્યું તેમ કરીશ." ગુરૂએ કહ્યું. "હે મહાનુભાવ! સ્થુળભદ્રે જે કર્યું છે, તે કોઇ નહીં કરી શકે!" ત્હારે વળી સ્થુળભદ્રનો વાદ શો? સૂર્ય વિના બીજો દિવસ ન કરી શકે. ચંદ્ર વિના બીજો કોણ અમૃત ઝરે? પાણી વિના બીજો કોણ ધાન્ય નિપજાવે? અને ચક્રવર્તિ સિવાય બીજો કોણ છ ખંડ સાધી શકે? માટે તેં આવો અભિગ્રહ કર્યો છે, તે ત્હારૂં પૂર્વનું પુણ્ય પણ નાશ કરશે."

સંભૂતિવિજય આચાર્યે આ પ્રમાણે બહુ નિષેધ કર્યો, છતાં તે નહિ માની તે મુનિ કોશ્યાના આવાસ પ્રત્યે આવ્યો. ત્યાં તેણે તેણીની ચિત્રશાળા માગી. જે તેણીએ આપી. કોશ્યાએ જાણ્યું કે, સ્થુળભદ્ર ઉપર વાદને લીધે તે અહિં આવ્યા છે. તે ઉપરથી તેણીએ તેમને છ રસ યુક્ત આહાર જમાડ્યો. પછી ઉત્તમસ્તનની એવી તે વેશ્યા શૃંગાર, હાવ ભાવ વિગેરે વિલાસ કરતી મુનિ પાસે આવી ઉભી. તેને જોઇને મુનિ ક્ષોભ પામ્યા. કહ્યું છે કે- સારા અવયવે યુક્ત એવી સ્ત્રીને દેખીને કોણ ન પડે? અગ્નિએ કોણ ન બળે? લક્ષ્મીથી કોણ ન મોહ પામે? અને વિધાતાને વશ કોણ ન થાય?

હવે કામાતુર અને ભોગની વાંછાવાળા મુનિને જોઇને વેશ્યાએ કહ્યું. "અમારે દ્રવ્ય જોઇએ. દ્રવ્ય વિના કોઇ આવા ભોગ ભોગવી શકે નહીં." તે ઉપરથી કામાતુર સાધુ બોલ્યા. "મ્હારી પાસે હાલ કંઇ નથી, પછી હું આપીશ." હવે તે વેશ્યા તેમને પ્રતિબોધ પમાડવાને બોલી. "જો ભોગની વાંછા હોય તો નેપાળ દેશને વિષે જાઓ, ત્યાંનો રાજા સાધુઓને લક્ષમૂલ્યવાળી રત્નકંબળ આપે છે. તે લઇ આવો ને પછી તમારૂં ઇચ્છિત કરો."

કામાતુર મુનિ તો ચોમાસું છતાં પણ નેપાળ દેશમાં ગયા. ત્યાંથી રત્નકંબળ લઇને પાછા વળ્યા. રસ્તામાં પાલ્લિપતિનો પોપટ બોલ્યો. "લક્ષ જાય છે." એ સાંભળીને પલ્લિપતિએ જાણ્યું કે, સાધુ પાસે લક્ષમૂલ્યની વસ્તુ છે. તે ઉપરથી તેમની પાસેથી કંબળ લઇ લીધી. તેથી સાધુને ફરી નેપાળ જવું પડ્યું. રૂપ બદલવું પડ્યું. એમ કરીને ફરી રત્નકંબળ લાવ્યા. તેને વાંસની પોલી નળીમાં સંતાડીને લાવ્યા. પોપટ બે ત્રણ વાર બોલ્યો. "લક્ષ જાય છે." પણ પલ્લિપતિને જડી નહીં. તેથી મહાકષ્ટે સાધુજી તે લઇને વેશ્યા પાસે આવ્યા. તે તેણીને આપી. વેશ્યાએ સ્નાન કરીને તેના વડે શરીર લુહિને તે ઘરની ખાળને વિષે ફેંકી દીધી! સાધુએ કહ્યું. "અરે કોશ્યા! આ મહા મુલ્યવાળી રત્નકંબળ અત્યંત કષ્ટે પ્રાપ્ત કરી છે, તેને તું કેમ ખાળમાં ફેંકી દે છે?" વેશ્યાએ કહ્યું. "અરે મૂર્ખ સાધુ! એનો શો શોચ કરે છે? આ મહાકષ્ટે ઉપાર્જિત કરેલો મનુષ્ય અવતાર, વળી તે પણ શુદ્ધ ચારિત્ર યુક્ત તેને મ્હારા મળમૂત્ર મલિન એવા શરીરમાં ફેંકી દેતાં કેમ શોક થતો નથી?" આ સાંભળીને મુનિને કામરાગ વિષ સમાન થઇ પડ્યો. એટલે વેશ્યાએ વૈરાગ્ય પમાડ્યો છે જેને એવા મુનિ બોલ્યા. "હે ગુણની રહનારી! હું મહા મોહજાળમાં પડ્યો, તેને ત્હારા જેવી વેશ્યાએ ચતુરાઇ યુક્ત પ્રપંચ કરીને ઉદ્ધર્યો છે. આ જે અતિચાર મને લાગ્યા છે તે આલોવીને હું પાપ રહિત થઇશ. હવે હું ગુરૂ પાસે જઉં છું. તને હમેશાં ધર્મલાભ થાઓ." કોશ્યાએ કહ્યું. "હે પ્રભો! બ્રહ્મચારી એવા આપને પણ મેં પ્રતિબોધવાને અર્થે જે આશાતના કરી હોય, તે તમે ક્ષમા કરજો."

હવે સ્થુળભદ્રમુનિની સ્તુતી કરે છે. પર્વતની ગુફામાં કે, માણસો વિનાના વનમાં

વાસ કરીને તો હજારો જણ ઇંદ્રિયો વશ્ય રાખી શકે, પરંતુ અતિ મનોહર એવી હવેલીઓમાં સ્ત્રી જનની સમીપે રહીને ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખનાર તો શકડાળ પુત્ર સ્થુળભદ્ર એકજ છે ! કે, જે અગ્નિમાં પ્રવેશ કરયા છતાં દાઝયો નહીં; ખડ્ગના અગ્રભાગને પામ્યા છતાં પણ છેદાયો નહીં; કાળા સર્પના ઘરમાં રહ્યા છતાં ડંશ પામ્યો નહીં ! અને કાજળના ઘરમાં રહ્યા છતાં પણ જેને ડાઘ માત્ર લાગ્યો નહીં ! સદા રાગવતી અને અનુસરનારી એવી વેશ્યાનો સંગ છતાં; છ રસ યુક્ત ભોજન મળતાં છતાં, ઉત્તમ સ્થળ, મનોહર શરીર, તથા નવ યૌવનનો સમાગમ છતાં અને ચોમાસાનો કામોત્પાદક કાળ છતાં આ પ્રમાણે સઘળું વિરૂદ્ધ છતાં પણ જે મહા પુરુષે કામદેવ ઉપર જીત મેળવી, તે સ્ત્રીને પ્રબોધ પમાડવામાં કુશળ એવા સ્થુળભદ્રને નમસ્કાર થાઓ.

પછી વેશ્યાને ધર્મલાભ કહીને સિંહગુફાવાસી મુનિ ગુરુ પાસે આવ્યા, ત્યાં ગુરુએ કહ્યું. " મહાનુભાગ, મ્હારા નિષેધ છતાં પણ તું ત્યાં ગયો; મેં કહ્યું હતું કે, સ્થુળભદ્રે કર્યું તે કોઈ કરી શકશે નહીં. સ્થુળભદ્ર સમાન કોઇ નથી " હે કામદેવ ! આ સ્ત્રીઓ ત્હારાં મુખ્ય શસ્ત્ર છે. વળી વસંત, કોયલ, પંચમરાગ અને ચંદ્ર પ્રમુખ ત્હારા મુખ્યવીરો છે. હરિ, શિવ, બ્રહ્મા વિગેરે ત્હારા સેવકો છે, છતાં એ ખેદયુક્ત છે કે, તું આવા એક મુનિથી પણ આશાભંગ થઇને હણાયો ! વળી હે રતિપતિ મદન ! આ સ્થુળભદ્ર મુનિને, નંદિષેણ, રથનેમિ મુનિશ્વર અને આર્દ્રકુમાર તુલ્ય ગણ્યા; પણ તેં ન જાણ્યું કે, એ તો નેમિનાથ, જંબૂસ્વામી અને સુદર્શન શેઠની પેઠે ચોથા થઇને તને રણક્ષેત્રને વિષેજ હણશે. વળી સ્થુળભદ્ર અને નેમિનાથ એ બન્નેને સરખાવીએ તો, અમે તો સ્થુળભદ્રનેજ ઉત્તમ વીર માનીશું; કારણ કે, નેમિનાથે તો ગિરનાર પર્વત ઉપર ચડીને મોહને જીત્યો, પણ સ્થુળભદ્ર તો મોહનાજ કિલ્લામાં પ્રવેશ કરીને તે મોહને જીત્યો. વળી અસ્થિર મન વાળા પુરુષોજ સ્ત્રીના વિભ્રમોથી મોહ પામેછે, પણ સ્થુળભદ્ર જેવા ધીર પુરુષો એવા એવા સંકટને વિષે પણ મોહ પામતા નથી. જેમ કે, પાષાણ ચૂર્ણ થઇ શકે, લોહ અગ્નિને વિષે બળી શકે, પરંતુ વૈડૂર્યમણિ અગ્નિથી તપતાં છતાં પણ વિકૃતિ પામતો નથી.

હવે નંદ રાજાએ કોશ્યા વેશ્યાના ચરિત્ર સ્વરૂપને જાણીને એક કુશળ સૂથારને તે વેશ્યા સોંપી. અર્થાત્ તે સૂથારને તે વેશ્યાને ઘેર મોકલ્યો. તે સૂથાર ત્યાં ગયો. ત્યાં વિષય રહિત એવી વેશ્યા, તે સૂથારને પ્રતિબોધ પમાડવાને કહેવા લાગી. "સ્થુળભદ્ર વિના બીજો કોઈ પુરુષ ધર્મવાન્ કે કુશળ દેખાતો નથી." તે ઉપરથી સ્થુળભદ્રની પ્રશંસાને નહિ સહન કરી શકવાથી, તે સૂથારે પોતાની કળા દેખાડવા માટે શય્યામાં બેઠાં બેઠાંજ એક તીરથી આંબાની એક લુંબને વીંધી. પછી અર્દ્ધ ચંદ્રાકાર બાણથી તે લુંબનેજ છેદીને મૂળ સહિત તે લુંબને લઇને વેશ્યાના હાથમાં આપી ! એમ કરીને તેણે વેશ્યાને કહ્યું કે, " જોયું મ્હારૂં વિજ્ઞાન ! "

એ ઉપરથી કોશ્યાએ તેનો મદ ઉતારવાને સર્ષવના ઢગલા ઉપર સોય મૂકી તે ઉપર પુષ્પ મૂકીને તેના ઉપર નૃત્ય કરવા માંડ્યું, પરંતુ સર્ષવ, સોય કે, પુષ્પ કિંચિત્ પણ હાલ્યાં નહીં! વેશ્યાની કળાથી સંતુષ્ટ થઈ સૂથારે આદર સહિત કહ્યું. "તને હું શું કહું? હું ખરેખર ત્હારો દાસ છું." ત્યારે વેશ્યા બોલી. "અરે ભાઈ એ કંઈ એકે કળા નથી, એ તો પ્રાણીઓને પૂર્વના અભ્યાસથી જાતિસિદ્ધજ છે. કહ્યું છે કે-માછલાં પાણીમાં તરે છે, પક્ષીઓ આકાશમાં ઉડે છે અને દેવતાઓ ત્રણ્યે જગતમાં ફરે છે. તે તેમને પ્રકૃતિથીજ સિદ્ધ છે. કંઈ આશ્ચર્ય સુજ્ઞ નથી. માટે તેં જે લુંબ આણી તે અભ્યાસને લીધેજ. મેં જે નૃત્ય કર્યું

તે પણ અભ્યાસથીજ; માટે મેં અને તેં જે કર્યું એ કંઇ દુષ્કર નથી; પરંતુ ભોગથીજ ઉછરેલ છે શરીર જેનું એવા અને ભોગમાંજ ઉછરેલા એવા સ્થુળભદ્રે જે નહિ અતિસિદ્ધ કે, નહિ અભ્યાસિત એવું કર્યું તેજ દુષ્કર કહેવાય. તેજ આશ્ચર્યકર્તા કહેવાય કે, જે સ્થુળભદ્રે કર્યું! મ્હારી સાથે બાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા હતા, તેણે આવીને મ્હારી ચિત્રશાળામાં રહીને છ રસનો આહાર લેતાં છતાં પણ અખંડ વ્રત પાળ્યું!" વળી વેશ્યા સુથારને કહેવા લાગી. "એ પ્રેમરૂપી વનમાં નહિ ગૂંચવાતાં બહાર નીકળી આવ્યો, માટે એણેજ દુષ્કર કાર્ય કર્યું."

આવું આવું વેશ્યાએ કહ્યું, ત્યારે સુથારે "સ્થુળભદ્ર કોણ?" એમ પૂછવા ઉપરથી તેણીએ ઉત્તર આપ્યો. "શકડાળ મંત્રીનો પુત્ર." ત્યારે તો સુથારે કહ્યું, "એવા પુરુષનો તો હું દાસાનુદાસ છું." એમ કહીને વૈરાગ્ય પામવાથી ભૂપતિની રજા લઇને તેણે ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરી.

હવે એકદા બાર વર્ષ સુધી દુકાળ પડ્યો, તે વખતે સાધુઓનો સંઘ સમુદ્ર પાટે શ્રી ગુરુની પાસે આવ્યો. આવો વિષમ સમય થવાથી સાધુઓ ક્ષુધાથી પીડાતા હોવાથી ભણતા ગણતા બંધ થયા. તેથી સૌ સિદ્ધાંતો વિસરી ગયાં.

તે ઉપરથી પાટલીપુત્ર નગરમાં સંઘ મળ્યો. ત્યાં જેને જેને જે જે સૂત્ર આવડતાં હતાં, તે તે એકઠાં કરીને *અગીઆર અંગ પૂર્ણ કર્યાં. ત્યાર પછી શ્રી સંઘે બારમા દૃષ્ટિવાદ અંગ માટે બે સાધુઓને શ્રી ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા. તેમને પ્રણામ કરીને સાધુઓએ કહ્યું. "તમને ગુરુ મહારાજ પાટલીપુત્ર નગરમાં બોલાવે છે." ભદ્રબાહુસ્વામી બોલ્યા. "હમણાં મેં મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યું છે, માટે મ્હારાથી ત્યાં હમણાં આવી શકાશે નહી."

સાધુઓએ પાછા આવીને તે પ્રમાણે કહ્યું. "તે ઉપરથી ગુરુએ અને શ્રી સંઘે ફરીથી બે શિષ્યને ત્યાં મોકલાવ્યા. તેમણે ભદ્રબાહુસ્વામીને પૂછ્યું. "જે સંઘની આજ્ઞા પ્રમાણે ન વર્તે, તેને શો દંડ કરવો?" શ્રી ભદ્રબાહુસ્વામિએ ઉત્તર આપ્યો. "તેને શ્રી સંઘની બહાર મૂકવો." ત્યારે શિષ્યોએ તેમને કહ્યું. "આ વચનથી તો તમેજ સંઘની બહાર થયા." ત્યારે ભદ્રબાહુ મુનિ બોલ્યા. "મ્હારે સંઘનો આદેશ પ્રમાણ છે. હમણાં હું એ મહાપ્રાણ ધ્યાનમાં છું, તેથી મ્હારે નવરાશ નથી તોપણ હું તે સાધુઓને સાત વાચના દઇશ. એક વાચના ભિક્ષાચરીથી આવીને આપીશ, બીજી મધ્યાને આપીશ, ત્રીજી બહારની ભૂમિથી પાછા આવીને, ચોથી સંધ્યા સમયે અને ત્રણ વાચના પ્રતિક્રમણ વખતે આપીશ. એમ કરવાથી શ્રી સંઘનું તેમજ મ્હારું કાર્ય પણ થશે."

આ સાંભળી તેમને નમીને બન્ને સાધુ પાછા વળ્યા. આવીને સંઘને સર્વ વાત કહી. તેથી હર્ષ પામીને શ્રી સંઘે સ્થુળભદ્ર પ્રમુખ પાંચસે સાધુને દૃષ્ટિવાદ શીખવાને મોકલ્યા. તેઓ તો ત્યાં જઇ ભણતા ભણતા ઉદ્વેગ પામી થોડું થોડું શીખી સૌ પોત પોતાને સ્થાનકે જતા રહ્યા; ફક્ત સ્થુળભદ્ર એકલા રહ્યા. ત્યારે સ્થુળભદ્રને પણ મનભંગ જોઇને ગુરુએ પૂછ્યું. "કેમ ખેદ પામે છે?" ઉત્તર મળ્યો કે, "અલ્પવાચના આપો છો તેથી મને તૃપ્તિ થતી નથી." ગુરુએ કહ્યું. "ફિકર ન કર. મ્હારું ધ્યાન ક્રમક્રમ પૂર્ણ થવા આવ્યું છે; માટે એ સમાપ્ત થશે કે, તુરત તને સંતોષ થશે ત્યાં સુધી પાઠ આપીશ." ધ્યાન પૂર્ણ થએ ગુરુએ સ્થુળભદ્રને વાચના આપવા માંડી, એટલે સ્થુળભદ્ર બુદ્ધિવંત હોવાથી બે વસ્તુ સિવાય

*૧ આચારાંગ, ૨ સૂયગડાંગ, ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતિ, ૬ જ્ઞાતાધર્મકથા, ૭ ઉપાસકદશાંગ, ૮ અંતગડદશા, ૯ અનુત્તરોવવાઈ, ૧૦ પ્રશ્નવ્યાકરણ અને ૧૧ વિપાક.

કશ પૂર્વ શીખી ગયા.

હવે શ્રીયક પણ સંભૂતિવિજયનો ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લેવાને આતુર થયો. એટલે તેની સાથે બ્હેનો પણ દીક્ષા લેવાને તત્પર થઈ. તે એમ કહીને કે, "સંયમ લક્ષ્મી મહણ કર્યા વિના સંસારનો પાર પામવાનાં નથી." એ ઉપરથી શ્રીયકે પોતાના પુત્ર શ્રીધરને મંત્રીપદે સ્થપાવી રાજાની આજ્ઞા લઇ સાતે બ્હેનોની સાથે દીક્ષા અંગીકાર કરી. શ્રી સંભૂતિવિજયની પાસે તે સર્વે ભણતાં ગણતાં તપશ્ચર્યા કરતાં વિહાર કરવા લાગ્યાં.

એકદા શ્રી પર્યૂષણ પર્વ આવ્યાં, ત્યારે શ્રીયકની બ્હેનો તેને કહેવા લાગી. "હે ભાઈ! આજે વાર્ષિક પર્વ દિવસ છે, માટે આજ તો પચ્ચખ્ખાણ કર; કારણ કે, આવા પર્વને દિવસે દાન, પુણ્ય, તપ કરવાથી અનંત ફળ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-જે,પ્રાણી એકાગ્ર ચિત્તે જિનશાસનની પૂજા પ્રભાવનામાં વૃદ્ધિ કરવા તત્પર રહે અને એકવીશ વખત કલ્પસૂત્ર સાંભળે, તે શીઘ્રપણે ભવસાગર તરી જાય." બ્હેનોનું આવું કહેવું જોઇને શ્રીયકે પોરશી કરી. ત્યાર પછી તેણે સાઢપોરશીનું પચ્ચખ્ખાણ કર્યું. પછી પુરિમઢનું, પછી અવઢપોરશીનું એમ અનુક્રમે ઉપવાસ કર્યો. આખો દિવસ મહોત્સવમાં નિર્ગમન કર્યો; પણ રાત્રિ તો મહા દુઃખદાઇ થઈ પડી! એટલે જેને પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરાવ્યું છે એવો તે અંતે મૃત્યુ પામી પરલોકે ગયો.

ભાઈએ કાળ કર્યો તેથી યક્ષા સાધ્વી દુઃખથી ખેદ પામી શ્રી સંઘની આગળ કહેવા લાગી. "મેં બહુ અવિચારી કાર્ય કર્યું. તેથી મ્હારા ભાઇએ કાળ કર્યો. એ પાપથી હું કેમ છૂટીશ ? મેં સાધુનો ઘાત કર્યો, તેથી મ્હારે નરક ગતિમાં જવું પડશે. માટે હવે હું આત્મઘાત કરીશ." શ્રી સંઘે કહ્યું. "એમાં તમારો દોષ નથી. એ તો તમે હિત બુદ્ધિએ એને ઉપવાસ કરાવ્યો. તમને પુણ્ય થશે અને તમારા ભાઇને પણ સ્વર્ગ પ્રાપ્ત થયું છે." યક્ષાએ કહ્યું. "પણ તે વાત જિનેશ્વર કહે તોજ હું સત્ય માનું." એટલે શ્રી સંઘે કાયોત્સર્ગ કર્યો. તેથી શાસનદેવીએ યક્ષા સાધ્વીને ધીમેથી ઉપાડીને શ્રી સીમંધરસ્વામી પાસે જઇ મૂકી. તેણીએ નમસ્કાર કરી પોતાના સંદેહ પૂછ્યા, ત્યારે અર્હત્ ભગવાને કહ્યું. "એમાં ત્હારો દોષ નથી. શ્રીયક બહુ કર્મોનો ક્ષય કરીને પહેલે દેવલોકે ગયો છે. ત્યાંથી તે મુક્તિ પામશે." ત્યાં શ્રી સીમંધરસ્વામીએ ધર્મોપદેશ રૂપ ચાર ચૂળિકા આપી. તે તેણીએ એકલીએજ ધારી લીધી.

હવે પોતાનો સંશય નિવારણ થયો એટલે તે જિનેશ્વરને વંદન કરી શાસનદેવીની સહાયથી પોતાને સ્થાનકે આવી ચારે ચૂળિકા તેણીએ શ્રી સંઘને આપી. પછી યક્ષા સંઘ સહિત ધર્મકાર્ય કરવા લાગી.

હવે એકદા તે સાતે બ્હેનો પોતાના ભાઈ સ્થુળભદ્રને વંદન કરવાને ગઈ. વનને વિષે શ્રી ગુરુપાદ સંભૂતિવિજય આચાર્યને નમીને પૂછ્યું. "હે સ્વામીન્! અમારો ભાઈ ક્યાંછે?" ગુરુએ કહ્યું. "આગળ જાઓ. અશોકવૃક્ષ આવશે. તેની પાસે તે એકાંતે સજ્ઝાય કરતો હશે." બ્હેનો ત્યાં ગઈ, તો પોતાના ભાઈની જગ્યાએ તેણીઓએ સિંહને દીઠો. તે જોઈ ભય પામીને તેણીઓ પાછી આવતી રહી. આવીને ગુરુને કહ્યું. "અમારા ભાઇને સિંહ ભક્ષણ કરી ગયો છે; કારણ કે, ત્યાં તે નથી. ફક્ત એક સિંહ છે." આચાર્યે કહ્યું. "ખેદ ન કરો. તમારો ભાઇ કુશળ વિદ્યમાન છે. ફરી જાઓ ને વંદન કરો." યક્ષાદિ સર્વે બ્હેનો-સાધ્વીઓ ત્યાં ફરી ગઈ ને સ્થુળભદ્રને વાંદ્યા. તેણીઓએ ત્યાં ચમત્કાર પામીને પૂછ્યું. એટલે સ્થુળભદ્રે "એ સિંહનું રૂપ મેં વિકુર્વ્યું હતું" એમ કહ્યું. એ વાત સાધ્વીઓએ જઇને સં

ભૂતિવિજય આચાર્યને કહી.

હવે સ્થુળભદ્ર સજ્ઝાય કરીને ગુરૂની પાસે વાચના લેવા આવ્યા. ગુરૂએ કહ્યું. " હું તને હવે વાચના નહિ આપું. તું અયોગ્ય છે. તેં સિંહનું સ્વરૂપ કર્યું, તો બીજાની શી વાત ! કાળના માહાત્મ્યથી હવે આગળ વિદ્યા પચશે નહી. માટે સુપાત્રને વિદ્યા આપવી. કુપાત્રને ન આપવી. જેવી રીતે કાચા ઘડાને વિષે નાંખેલું પાણી તે ઘડાનેજ વિનાશ પ માડે છે, તેવી રીતે સિદ્ધાંતનો રહસ્ય પણ આધારનો વિનાશ કરે છે." તે ઉપરથી સ્થુળભદ્રે શ્રી ગુરૂપાદને પ્રણમીને પોતાના અપરાધની ક્ષમા માગી. "હું હવે પછી એવો અપરાધ નહિ કરૂં." પણ ગુરૂએ તો વાચના આપવાની ના પાડી. ત્યારે શ્રી સંઘે મળીને કહ્યું. " હે સ્વામિન્ ! ત્યારે તમે બીજા દશ પૂર્વધારી સાધુઓને વાચના આપો. " ગુરૂએ ઉત્તર આપ્યો કે, "સ્થુળભદ્ર જેવાને પણ આ જ્ઞાનનું અજીર્ણ થયું, ત્યારે બીજાઓને તો તે કયાંથી જ પચશે ? કારણ કે, આ કાળજ દુષમ છે." શ્રી સંઘે કહ્યું. "એમ કરવાથી તો સર્વ પૂર્વનો વિચ્છેદ થશે અને તેનું પાપ આપને લાગશે." ત્યારે ગુરૂએ કહ્યું. "જો સ્થુળભદ્ર હવે પછી બીજા સાધુઓને છેલ્લાં ચાર પૂર્વ ન શીખવે, તો હું એને તેનો પાઠ આપું." શ્રી સંઘે કહ્યું. "આપે કહ્યું તેમ થશેજ." પછી ગુરૂએ સ્થુળભદ્રને છેલ્લાં ચાર પૂર્વ મૂળથી શીખવ્યાં પણ અર્થ શીખવ્યા નહી.

હવે સ્થુળભદ્ર એકલા ચૌદપૂર્વના ધારણહાર પૃથ્વિમાં વિચરતા, તપશ્ચર્યા કરતા અનેક ભવ્યજીવોને પ્રતિબોધ કરતા કાળધર્મ પામી પહેલે દેવલોકે ગયા. ઇતિ સ્થુળભદ્રની કથા.

## વજ્રસ્વામી.

ભવ્ય પ્રાણીએ સર્વદા વજ્રકુમારની પેઠે બાલ્યાવસ્થાને વિષે પણ શિવસુખ દાતા એવો શ્રી જૈનધર્મ ગ્રહણ કરવો. જે પ્રાણી ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત એવી ધર્મની નિશ્ચળ પ્રભાવના કરે છે, તે પ્રાણી સુહસ્તિસૂરિના વંશમાં થએલા વજ્રસ્વામીની પેઠે લબ્ધિ મેળવે છે. એવા વજ્રસ્વામીએ અનુક્રમે કેવી રીતે પ્રવચનનો ઉદ્ધાર કર્યો ? તે કથા હવે અમે કહીએ છીએ.

જંબૂદ્વીપના આભૂષણરૂપ અવંતિ નામના દેશમાં તુંબવન નામનો સન્નિવેશ છે. ત્યાં ધર્મમાં નિપુણ અને દ્રવ્યમાં કુબેરભંડારી સમાન ધનગિરિ નામનો વ્યવહારી વસતો હતો. બાળપણમાજ તે સમતારસનો ધારક હતો. એકદા તેના માતા પિતા તેને માટે કોઈ યોગ્ય કન્યા શોધવા લાગ્યા. જ્યારે ધનગિરિને કન્યા દેવાને અન્ય શેઠીઓ આવવા લાગ્યા, ત્યારે તેણે કહ્યું. "તમે મને તમારી કન્યા (પુત્રી) આપવાને ઇચ્છો છો, પરંતુ હું તો દીક્ષા લેવાનો છું. તો પરણેલી કન્યાને ત્યજી દેઉં તો મને દોષ ન દેવો." ત્યારે ધનપાળ નામના શેઠની પુત્રી સુનંદાએ કહ્યું. "મ્હારે આ ભવમાં ધનગિરિ વિના બીજા પતિને પરણવું નથી." જો કે, ધનગિરિ તે કન્યાને ન ઇચ્છતાં દીક્ષા ગ્રહણ કરવાનો હતો; તોપણ સુનંદા તો બળાત્કારે તેનેજ પરણી.

એકદા વૈરાગ્યવાન્ છતાં પણ કર્મના યોગથી ધનગિરિએ ઋતુને અંતે સ્નાન કરેલી સુનંદા સાથે વિષયસુખ ભોગવ્યું. તેવી જૂંભક નામનો દેવ (જેણે અષ્ટાપદ પર્વત ઉપર ગૌતમસ્વામી પાસે પુંડરીક અધ્યયન સાંભળ્યું હતું) તે સ્વર્ગથી ચ્યવીને સુનંદાના ગર્ભને વિષે અવતર્યો. પછી વખત વીત્યે ધનગિરિએ પોતાની સ્ત્રીને ગર્ભવતી જોઇને કહ્યું. "હે ભદ્રે ! આ ત્હારા ગર્ભનું કલ્યાણ થાઓ. હું તો ત્હારા ભાઈ આર્યશમિતે જેમની પાસે દીક્ષા લીધી છે, તેજ મહાગુરૂ સિંહગિરિ પાસે જઇને ચારિત્ર અંગીકાર કરીશ." એમ કહી

ને તે ધનગિરિ ગુરુ પાસે જઇ સંયમ ગ્રહણ કરી તીવ્ર તપશ્ચર્યા પાળી ગુરુ મુખ થકી સિદ્ધાંતરૂપી અમૃતરસનું પાન કરવા લાગ્યો.

પાછળ શુભ દિવસે ઉચ્ચ ગ્રહોને સમયે જેમ રત્નભૂમિકા વજ્રમણિને જન્મ આપે અને પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે તેમ સુનંદાએ ચિત્તને આનંદદાયક એવા વજ્ર નામે કુમારને જન્મ આપ્યો. તેની સખીઓ તે વખતે કહેવા લાગી. "મ્હારા વ્હાલા, જો ત્હારા પિતાએ દીક્ષા ન લીધી હોત તો, ત્હારો જન્મકર્મ મહોત્સવ ઘણી શ્રેષ્ઠ રીતે કરત; પણ પુરુષ વિના સ્ત્રીથી તે થઇ શકે નહી. વળી હે તાત! જો ત્હારા પિતાએ પૂર્વે દીક્ષા ન ગ્રહણ કરી હોત તો, ત્હારો જન્મ મહોત્સવ ઘણો સારો થાત. પુરુષ વિના એકલી સ્ત્રીઓથી જગતને આનંદકારક જન્મ મહોત્સવ થતો નથી. કહ્યું છે કે-સૂર્ય વિના દીપક દિવસ કરી શકતો નથી." ઇત્યાદિ સખીયોએ કહેલાં વચન ધ્યાનમાં રાખી, તે બાળક ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. તેથી તેને તેનો પૂર્વ ભવ યાદ આવ્યો. એટલે તે દીક્ષા લેવાને આતુર થયો, ને તે કારણ માટે રોવા લાગ્યો. તે એમ ધારીને કે, 'રોયા વિના મ્હારી માતા મને ત્યજી દેશે નહી.' તેની માતાએ તથા તેણીની સખીઓએ તેને અમૃત સમાન મધુર શબ્દોથી, મીઠી મીઠી બોલીથી, ચુંબન વિગેરેથી તથા હીંચકાવવાથી બહુ બહુ પ્રકારે રમાડ્યો. પણ તે રોતો બંધ રહ્યો નહી. આમ રોતાં રોતાં તે કુમાર છ મહિનાનો થયો. સુનંદા પણ બહુ રુદન કરતી કરતી કહેવા લાગી. "મેંજ તેને જન્મ આપ્યો છે. માટે હું તેને હણવાને તો સમર્થ નથી, પણ જો તેનો પિતા અહિં આવે તો તેને આપી દઇને હું સુખી થઉં. જે પુત્રથી ક્ષણવાર પણ સુખ નથી, તે પુત્ર શા કામનો? અત્યારથીજ એ આમ કરે છે, તો મ્હોટો થયે શું નહી કરે?" સુનંદા આમ વિલાપ કરતી કરતી બેભાન બની ગઇ.

એવામાં એકદા ધનગિરિ અને આર્યશમિત પ્રમુખ સાધુઓ સહિત શ્રી સિંહગિરિ આચાર્ય અન્યત્ર વિહાર કરતા કરતા આ નગર પ્રત્યે આવ્યા. એટલે શ્રાવકોએ તેમને મ્હોટા ઉત્સવ સહિત નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી તેમણે તેમને ધર્મનો ઉપદેશ દીધો. મધ્યાને આર્યશમિત સાધુ સહિત ધનગિરિ સાધુએ ગુરુ પ્રત્યે કહ્યું. "હે ભગવન્! આજ્ઞા આપો તો અમે નગરમાં અન્ન વહોરવાને જઇએ." ગુરુ તો જ્ઞાનાતિશયવાળા હતા, તેથી તેમણે કહ્યું. "આજ તમને મહા લાભ થશે. તમારે સચિત્ત અચિત્તનો વિચાર કરવો નહી (જે મળે તે લાવવું.)" તે સાંભળીને "જેમ આપ કહો છો તેમ કરીશું." એમ કહીને તે બન્ને સાધુઓ શ્રાવકોને ઘેરથી ફરતા ફરતા સુનંદાને ઘેર ગયા. તેમને જોઇને દુઃખણી સુનંદાએ પોતાના પતિ પ્રત્યે કહ્યું. "આ પુત્રે તો મને શુન્ય હૃદયની કરી નાંખી છે. એનાથી હું બહુ દુઃખી થઇ છું. એ આપનો પુત્ર છે તો આપજ લઇ જાઓ. મ્હારે એનું જરાએ કામ નથી. એ મને કાળ જેવો લાગે છે. માટે કૃપા કરીને એને તમે લઇ જાઓ. આપ છો તો નિસ્પૃહિમાં અગ્રેસર, પરંતુ એ આપનોજ પુત્ર છે માટે હે કૃપાસિંધુ! આપ એને લઇ જઇને મ્હારા ઉપર દયા કરો."

ગુરુએ કહ્યું હતું, તે સંભારીને ધનગિરિ બોલ્યા. "જેમ તને ગમે તેમ, પણ પાછળથી પસ્તાવો કરીશ નહી. અમને આપી દીધા પછી તને એ પાછો મળશે નહી." તે ઉપરથી સુનંદાએ કહ્યું. "આ મ્હારી સખીઓ તે બાબતની સાક્ષીભૂત છે કે, હું એને ફરી પાછો નહિ માગું." એમ કહીને તેણીએ એને (પુત્રને) સાધુએ વિસ્તારેલા ( પહોળા કરેલા ) પાત્રબંધમાં મૂક્યો. તેને લઇને સુનંદાને ધર્મલાભ કહીને તેઓ પાછા ગુરુ પાસે આવ્યા. બાળકના ભારથી ધનગિરિનો હાથ નમી જતો હતો, તે જોઇને ગુરુ બોલ્યા. "આ બાળ

વજ્રના જેવો સારવાળો થશે. માટે તેનું વજ્ર એવું નામ થાઓ. પછી રાચિત એવા પણ તે બાળકને ગુરુએ ઓળામાં લઇને તેની સન્મુખ જોયું, એટલે તે બાળક હર્ષિત થયો. પછી તેનું પાલન કરવાને ગુરુએ તેને સાધ્વીઓને સોંપ્યો. સાધ્વીઓએ તેને શય્યાતરી ઓને ( રહેવા માટે ઉપાશ્રય આપનારી શ્રાવિકાઓને ) સોંપ્યો.

હવે શોના બંધ થએલા એવા તે વજ્રને શાળામાં સ્તનપાન વિગેરેથી ઉછેરવામાં આવ્યો. તે વખતમાં સાધ્વીઓ અગીઆર અંગ ગણતી હતી, તે તે શીખ્યો. ત્રણ વર્ષનો થયો એટલે સરખી વયવાળા બીજા બાળકોની સાથે તે ધર્મોપકરણ વડે રમવા લાગ્યો. વ જો શય્યાતરી શ્રાવિકાઓના સૌભાગ્યનો નિધાનભૂત એવો તે, જેમ હંસ એક કમળ ઉપરથી બીજા કમળ ઉપર જાય છે, તેમ એકના ઓળામાંથી બીજીના ઓળામાં જવા લાગ્યો. સ્ત્રીઓ પણ સન્માન અને આદરપૂર્વક તેને પોતાની પાસે બોલાવી કાનને અમૃત જેવા વચનોથી ગીત ગાવા લાગી. આમ વજ્ર તો પોતાના ગુણવડે વજ્ર સરખા કઠિન હૃદયને પણ વીંધવા એ યુક્તજ હતું. કારણ કે, વજ્ર વજ્રથીજ વિંધાય છે. હવે સુનંદા પણ વંદન કરવા આવવાને બહાને ત્યાં આવી પોતાના પુત્ર (વજ્ર) ને સ્તનપાનાદિથી પોષવા લાગી.

હવે ત્યાં કન્યા અને પૂર્ણા નામની બે વિખ્યાત નદીઓ હતી. તેમનો પટ નિર્મ[illegible] અને શ્વેત વસ્ત્ર જેવો હતો. અર્થાત્ તેમનાં પાણી નિર્મળ હતાં. તે બે નદીઓની વચ્ચે [illegible] વિભૂતિ (રક્ષા) લગાડવાથી શ્વેત છે શરીર જેમનાં એવા ઘણા તાપસો રહેતા હતા. તે [illegible] પર્વતમાં એક તાપસ બહુ પ્રખ્યાત હતો. કારણ કે, તે લેપવાળી પાદુકા પહેરીને જળ[illegible] ઘાસનાં છતાં પણ નગીયાંને એ જળનો સ્પર્શ થયા વિના નદી ઉતરતો હતો. તે કૌતુક [illegible] વાને બહુ લોકો ત્યાં આવતા. તેઓ તે તાપસની તથા બીજાઓની પ્રશંસા કરીને કહે[illegible] લાગ્યા. " અહો ! આવો પ્રભાવ તો આપણે ક્યાંય દીઠો નથી. ન જોયો જિનમતમાં [illegible] ન જોયો બીજે ક્યાંય. " આમ બોલીને તે તાપસ ભક્તો તો જૈનોને હસવા લાગ્યા [illegible]

એવા અવસરમાં વજ્રસ્વામીના મામા યોગસિદ્ધ આર્યસમિત ગામે વિહાર કરતા [illegible] ના ત્યાં આવી પહોંચ્યા. તેમને વૃદ્ધ શ્રાવકોએ પેલા તાપસની શક્તિની વાત કહી. [illegible] ઉત્તરમાં સાધુએ કહ્યું કે, " એમાં કાંઈ એની પોતાની શક્તિ કે, માહાત્મ્ય ન સમ[illegible] એ તો કોઇ પ્રકારનો લેપ પગે લગાવીને નદીની ઉપર ચાલે છે. " પછી તેમણે એક ઋદ્ધિવાળા શ્રાવકને બોલાવીને એકાંતે કહ્યું. " તમે એમ કરો કે, તે તાપસની પાસે [illegible] અને ત્યાં જઇને આ પ્રમાણે કરો. " એમ કહીને જે કરવાનું હતું તે કહ્યું.

પછી તે શ્રાવક પેલા તાપસ પાસે ગયો. જઇને તેને વંદન કરીને કહેવા લાગ્યો [illegible] હો ! તમારા જેવા કોઈ તાપસને મેં જોયા નથી. કે, જેની આવી જળ ઉપર ચા[illegible] શક્તિ છે. મેં સર્વ જૈનમત જોયો, પણ આવો પ્રભાવ ક્યાંય દીઠો નથી. માટે [illegible] જ મ્હારા ગુરુ થાઓ. " તાપસે કહ્યું. " પાછા ફરી જવા નહિ. " શ્રાવકે કહ્યું. [illegible] હું કહેવું મેરુ પર્વતના જેવું દૃઢ જાણવું. એકવાર મ્હારે ઘેર આપ પારણાને અ[illegible] પધારવું. " તાપસે કહ્યું. " જો તમારી ઇચ્છા હોય તો બધે તેમ કરીએ. " [illegible] જ દિવસે તે તાપસ પેલા શ્રાવકને ત્યાં પારણું કરવા ગયો. ત્યાંથી તે શ્રેષ્ઠિને [illegible] કરાવી તેના પગ ધોયા. તેની શુભ પાદુકા પણ ધોઈ તેને ઉત્તમ ભોજન જમા[illegible] હજારો માણસો સહિત તેને મૂકવા શ્રાવક ગયો. આર્યસમિત આચાર્ય પણ સાથે ચા[illegible] સઘળા નદી પાસે પહોંચ્યા. ત્યાં પેલો તાપસ જેવો નદી ઉતરવા ગયો કે, તુરત [illegible] ... ડુબવા લાગ્યા. " અહો ! આજે આ તાપસનું તપ ક્યાં ગયું ! "

પછી આર્યશમિત આચાર્યે કહ્યું. "અહો લોકો! આજે હવે સાવધાન થઇને જૈન મતનો પ્રભાવ જુઓ!" પછી તેમણે નદી પ્રત્યે કહ્યું. "જો મ્હારો તપ નિશ્ચળ હોય તો ત્હારા બે ભાગ થઈ જાઓ ને મને માર્ગ મળો." તે ઉપરથી નદીએ ઝટ માર્ગ આપ્યો. આર્યશમિતે આ પ્રમાણે કર્યું, તે જોઇને સર્વ તાપસોએ ગર્વ ત્યજીને દીક્ષા લીધી. પછી સર્વેએ કહ્યું. "અહો! આ તપ નિશ્ચે પ્રશંસાને યોગ્ય છે; કારણ કે, તેનાથી વિઘ્ન પરંપરા નાશ પામે છે, દેવતાઓ સેવકરૂપ થાય છે, કામ શાંત થાય છે, ઇંદ્રિય ગણ ઉપર નિગ્રહ રહે છે, કલ્યાણ પ્રાપ્ત થાય છે, મહાઋદ્ધિ આવી મળે છે, કર્મનો સમૂહ નાશ પામે છે અને સ્વર્ગ પ્રાપ્ત થઇ અંતે મોક્ષ મળે છે." પછી તાપસના ઘણા ભક્તો હતા તેઓ પણ શ્રાવક થયા. એ તાપસો બ્રહ્મદ્વીપના વાસી હોવાથી 'બ્રહ્મદ્વીપિક' એ નામે પ્રસિદ્ધ થયા.

હવે વજ્રકુમાર ત્રણ વર્ષનો થયો છે, એટલામાં ધનગિરિ વિગેરે સાધુઓ વિહાર કરતા કરતા પાછા અહિંજ આવ્યા. ધનગિરિને આવ્યા જાણી "હવે તેમની પાસેથી મ્હારો પુત્ર પાછો લઇશ." એમ ધારી સુનંદા હર્ષ પામી, ને તેમની પાસે તેણીએ વજ્રને માગ્યો. મુનિઓએ ના કહી. તે એમ કહીને કે, "તમે સર્વ સાક્ષીએ એને ધનગિરિને આપ્યો છે, તો હવે કેમ પાછો માગો છો! લજ્જા નથી આવતી કે, એકવાર વિક્રય કર્યું કે આપી દીધું, તે પાછું કેમ મગાય?" સુનંદાએ કહ્યું. "મેં પૂર્ણ વિચાર કર્યા વિના પુત્ર આપી દીધો. માટે એ કાર્ય મેં સહસાત્કારે કર્યું છે. તેથી હવે પાછો માગવો એ અયોગ્ય નથી." તે ઉપરથી શ્રી સંઘે કહ્યું. "હે સુનંદા! તેં દ્રઢીકરણ કરીને પ્રથમ ગુરુને પુત્ર આપી દીધો છે, તો હવે ગુરુએ અંગીકાર કરેલો એ તને પાછો આપશે? જે લીધું તે સર્વથા પાછું અપાય નહી."

તે ઉપરથી શ્રી સંઘ અને સુનંદા વાદ કરતા કરતા રાજા પાસે ગયા. સાધુઓ પણ ત્યાં ગયા. પછી રાજાએ કહ્યું. "એ બાળક જેની પાસે જાય, તેને તે સોંપીશ." એટલે સુનંદાએ કહ્યું. "એ આ સાધુઓના ચિરકાળ પર્યંત પરિચયવાળો છે, માટે એને ખાવાનું આપીને પ્રથમ હું બોલાવીશ." રાજાએ એ વાતની હા કહી. પ્રથમ સુનંદાએ તેને વિવિધ પ્રકારનાં ભોજન તથા રમકડાં પ્રમુખ બતાવીને કહ્યું. "આવ પુત્ર અહિં આવ. આ વસ્ત્ર લે. તું મ્હારૂં રક્ષણ કરનાર દેવ તુલ્ય છે, હર્ષ પમાડનાર ગુરુ છે અને તુંજ મ્હારો આધાર છે; માટે આવ મ્હારા ખોળામાં બેસ. હે પુત્ર! ત્હારા પિતા તો દીક્ષા લઇ મને ત્યજીને જતા રહ્યા છે, એટલે હવે તુંજ મ્હારો પ્રાણાધાર છે. હે પુત્ર! આ લોકોની પાસે હું દીન જેવી છું. અહિં આવીને મને આલિંગન દે અને નવમાસ સુધી મેં તને ગર્ભમાં રાખ્યો છે તે રૂપી ઋણમાંથી તું મુક્ત થા." વળી રાજાની આજ્ઞાથી સુનંદા, વજ્રને રમકડાં તથા ખાવાના પદાર્થો બતાવીને કહેવા લાગી. "હે પુત્ર! મેં આ ત્હારે માટે હાથી, ઘોડા, પાળા, રથ વિગેરે રમકડાં આણ્યાં છે, તે તું લે. વળી આ મોદક, મંડક, દ્રાક્ષ, સાકર, ખાંડ પ્રમુખ પણ હું લાવી છું, તેમાંથી જે ગમે તે લે અને અહિં આવ."

. માતાના આ પ્રકારના શબ્દો સાંભળી વજ્ર વિચારવા લાગ્યો. "લોકો માતા પિતાને તીર્થ કહે છે તે સત્ય છે, પરંતુ તેઓ તો આજ લોકમાં સંપત્તિને વખતે સુખ આપનાર થાય છે. સ્વાર્થેજ પુત્રનું રક્ષણ કરે છે, પુત્રને અર્થે નહિ; પણ શ્રી સંઘ અને ગુરુ તો આલોકમાં તેમજ પરલોકમાં પણ સુખને આપનારા થાય છે. વળી શ્રી સંઘ તો તીર્થંકરને પણ માન્ય છે અને શ્રી સંઘની આરાધના કરી, તેજ માતાની આરાધના કરી. વળી માતાં તો અનંતી થઇ ગઇ. કહ્યું છે કે-સમુદ્રના જળ કરતાં પણ અધિક એવું માતાનું દૂધ પીધું

છે. એમ આ જીવે આ સંસારમાં બહુ બહુ માતાઓ કરી છે. હવે આ સંઘ તો મોક્ષાદિ સુખને આપનાર છે. તેનું આરાધન કરવાથી થોડા ભવમાં સુખ મળે છે. જો માતાનું વચન માનીશ તો મ્હારે અધોગતિમાં જવું પડશે." (એમ ધારીને તે માતા પાસે ગયોજ નહી.)

પછી ધનગિરિ સાધુએ રજોહરણ બતાવીને કહ્યું. "હે વજ્ર! જો તેં ધર્મ ભજવાનો અધ્યવસાય કર્યો હોય તો આ કર્મરૂપી રજનું માર્જન કરનાર એવું ધર્મધ્વજ જે રજોહરણ (ઓઘો) છે તે તું શીઘ્ર ગ્રહણ કર. કર્મથી બંધાએલા જીવને બીજું બધું તો ભવે ભવે સુલભ છે, પણ એ કર્મને ઉચ્છેદવાને સમર્થ એવો એક ધર્મજ દુર્લભ છે." ગુરુનું આવું વચન સાંભળીને વજ્ર તો હર્ષ પામ્યો. એટલે શ્રી સંઘે તથા ગુરુએ રજોહરણ અને મુખવસ્ત્રિકા મૂકીને કહ્યું. "હે વજ્ર! જો ત્હારે દીક્ષા લેવાની ઇચ્છા હોય તો, આ રજોહરણ વિગેરે ગ્રહણ કર; નહિં તો ત્હારી માતાએ મૂકી છે તે વસ્તુ લે." વજ્રે વિચાર્યું કે, "શ્રી સંઘ જ માન્ય છે." તે ઉપરથી તે રજોહરણ તથા મુખવસ્ત્રિકાને મસ્તક ઉપર મૂકીને નાચવા કૂદવા લાગ્યો. પછી તે હાથને વિષે રજોહરણ લઇને પિતાના ખોળામાં જઇને બેઠો. એટલે તે સમતારૂપી અમૃતના સરોવરમાંનાં કમળ ઉપર બેઠેલા હંસના બાળકની પેઠે શોભવા લાગ્યો.

આમ થવાથી દુઃખી બનીને સુનંદા વિચારવા લાગી. 'અહો! મ્હારો પુત્ર પ્રવ્રજ્યા લેશે? મ્હારા ભાઈ તથા પતિએ તો તે લીધેલીજ છે, તો હવે ઘરમાં એકલી રહેલી હું પણ તેજ માર્ગ લેઉં." એમ કહીને તે પોતાને ઘેર ગઈ. યતિઓ પણ વજ્રને લઇને પોતાને સ્થાને ગયા. ત્યાં તેને સાધ્વીઓને સોંપ્યો. વજ્ર તેમની પાસે રહીને તે સાધ્વીઓ શીખતી હતી તે અગીઆરે અંગ શીખ્યો. આ પ્રમાણે ફક્ત સાંભળવા માત્રથી પોતાની બુદ્ધિવડે અગીઆરે અંગ શીખી જઇને તેણે "બાળકોનો અજ્ઞતા દોષ" પરિહર્યો. સુનંદાએ પણ સંસારની અસારતા જાણીને સિંહગિરિ ગુરુ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ૭ વર્ષ પછી આચાર્યે વજ્રને દીક્ષા આપી. અનુક્રમે તે આઠ વર્ષનો થયો.

એકદા વજ્રની સંગાથે ગુરુ મહારાજ અવંતી નગરી તરફ વિહાર કરતા હતા. તેવામાં માર્ગમાં વર્ષાદ વરસવા માંડ્યો. એટલે સર્વ સાધુઓએ એક યક્ષમંડપમાં વસતિ લીધી. તે અવસરે વજ્ર સાધુના સત્વની પરીક્ષા કરવાને તેના પૂર્વભવના મિત્ર જૃંભક નામના દેવતા, તેજ વનને વિષે આવી સાર્થવાહનું રૂપ લઇને તંબુ નાંખીને રહ્યો. વરસાદ તો વરસ્યા કરતો હતો, એવામાં તેમણે આવીને ગુરુને નમસ્કાર કરીને કહ્યું. "હે ભગવન્! અમારા ઉપર કૃપા કરીને અમારા તંબુમાં સાધુને આહાર લેવા મોકલો." ગુરુએ જોયું તો વર્ષાદ બંધ પડ્યો હતો. તે ઉપરથી તેમણે વજ્રને આહાર લેવાને મોકલ્યા. માર્ગે વજ્રની પરીક્ષા કરવાને દેવતાએ સૂક્ષ્મ જળબિંદુ વિકૂર્વ્યાં. તે જોઇને સાધુ વનની પર્ણકૂટી (ઝૂપડી)માં ઉભા રહ્યા. ત્યાર પછી તે દેવ પોતાને સ્થાનકે જઇને જ્યારે સાધુને અન્ન વહોરાવવા લાગ્યો ત્યારે તેને જોઇને વજ્રે વિચાર્યું કે, "અહો! આના ચરણ (પગ) ભૂમિને સ્પર્શ કરતા નથી, નેત્ર નિમેષ રહિત છે અને વળી જે આ અન્ન વહોરાવે છે, તે અન્ન આ કાળે સંભવતું નથી." એમ વિચારીને વજ્ર સાધુએ તેને કહ્યું. "અમને યતિઓને (દેવપિંડ દેવતાએ આપેલો) આહાર કલ્પે નહિ." એ સાંભળીને અને વજ્રનું ઉત્કૃષ્ટ સત્વ જોઇને દેવે પ્રગટ થઇને તેને વૈક્રિયલબ્ધિ આપી. વળી એક બીજે અવસરે પણ વણિકનું સ્વરૂપ લઇને દેવોએ વજ્રને ઘેબરનું દાન દેવા માંડ્યું, ત્યારે પણ "દેવતા છે" એમ જાણી જઇને તેણે કહ્યું. "અમને સાધુઓને દેવપિંડ કલ્પે નહી." એ ઉપરથી દેવોએ તેને મહાજ્ઞાનવંત જાણીને આકાશગામિની વિદ્યા આપી. એકદા વળી સ્થવિર સાધુએ વજ્રને કહ્યું. "કેમ પાઠ કરતો નથી?

પાઠ કર." પણ વજ્ર તો પોતે મહા ગંભીર હોવાથી પોતાની શક્તિ દર્શાવ્યા વિના બેસી રહ્યા.

એકદા એમ બન્યું કે, બધા, સાધુ ગોચરી ગયા હશે ને ગુરુ પણ સ્થંડિલે ગયા હશે, તેવે વખતે વસતિમાં વજ્ર એકલા રહ્યા ત્યારે તેમણે એમ કર્યું કે, સર્વ ઉપધિને સાધુના મંડળની પેઠે ચોતરફ મૂકીને પોતે ગુરુજ હોયની ! તેમ વચ્ચે બેઠા ને મ્હોટે સાદે અગીઆર અંગની વાચના આપવા લાગ્યા. એટલામાં ગુરુ બહાર દ્વારપાસે આવી પહોચ્યા; તો તેમણે સાંભળ્યું કે, વજ્ર અગીઆર અંગની વાચના આપેછે. ગુરુએ વિચાર કર્યો કે, "શું ત્યારે સર્વે સાધુઓ આહાર લઇને આવી ગયા કે, વજ્ર તેમને વાચના આપેછે!" પણ દ્વારના છિદ્રમાંથી જોતાં તેમને માલમ પડ્યું કે, તેમ નહોતું. તે ઉપરથી તેમણે પોતાના અંતઃકરણને વિષે વિચાર્યું કે, " અહો ! ધન્ય છે આ બાળક સાધુના ગાંભીર્યને ! કે પોતાને આટલી વિદ્યા અને અગીઆર અંગ સુદ્ધાંનું જ્ઞાન છતાં પણ એ બીજા કોઇ પાસે એ પ્રગટ કરતો નથી." વળી તેમણે વિચાર્યું કે, " જો હું આ પ્રમાણે એકદમ અંદર જઇશ તો, વજ્ર શરમાઇ જશે; માટે મ્હારે તેમ ન કરવું. " એમ ધારીને તેમણે બહારથી જ ઉંચે સ્વરે નૈષેધિકી કહી. એ સાંભળી વજ્રે સર્વ ઉપધિ એક બાજુએ મૂકી દીધી અને પોતે સામા આવીને દ્વાર ઉઘાડી ગુરુના ચરણની રજને દૂર કરવા લાગ્યો. એ ઉપર કવિ કહે છે કે, " આ બાળ સાધુએ જે ગુરુની ચરણના રજનું કપાળને વિષે તિલક કર્યું. તે બીજું કંઇનહિ, પણ મોક્ષરૂપી સ્ત્રીને વરવા કરવાનું કારણ સમજવું. " પછી વાસનાએ કરીને દેદીપ્યમાન એવા તે વજ્રે ગુરુને આસન ઉપર બેસારીને પ્રાસુક જળથી તેમના ચરણ ધોયા.

આમ ગુરુએ તેને બારે અંગના જ્ઞાનવાળો તથા વિનયી જાણ્યો. એટલે એકદા પોતે કોઇ બહાર ગામ જવાના હતા, ત્યારે તેમણે સર્વ યતિઓને કહ્યું. " અમે અહિં આ શપાશ ગામડામાં વિહાર કરવાના છીએ. ચાર દિવસમાં પાછા આવીશું. " યતિઓએ કહ્યું. " ત્યારે અમે પણ આપની સાથે આવીશું. " પણ ગુરુએ ના કહી કે, "ગામડામાં બહુ સાધુઓએ સાથે વિહાર કરવો નહીં. કારણ કે, તેમ કરવાથી આધાકર્માદિ દોષ લાગે છે. શાસ્ત્રમાં આવા સોળ પ્રકારના દોષ બતાવ્યા છે. ૧ આધાકર્મ દોષ, ૨ ઉદ્દેશિક દોષ, ૩ પૂતિ કર્મ દોષ, ૪ મિશ્રજાતિ દોષ, ૫ સ્થાપના દોષ, ૬ પ્રાભૃતિકા દોષ, ૭ પ્રાદુઃકૃત દોષ, ૮ ક્રીત દોષ, ૯ પ્રામિત્ય દોષ, ૧૦ પરાવર્ત્ત દોષ, ૧૧ અભ્યાહૃત દોષ, ૧૨ ઉદ્ભિન્ન દોષ, ૧૩ માલાહૃત દોષ, ૧૪ આચ્છેદ્ય દોષ, ૧૫ અનિસૃષ્ટ દોષ અને ૧૬ અદ્ધ્વપૂરક દોષ; એવા પ્રકારના સોળ પિંડદોષ કહ્યા છે. "

એ સાંભળી સાધુઓએ કહ્યું. " ત્યારે અમને પાછળ કોણ વાચના આપશે ? " ગુરુએ કહ્યું. " વજ્ર વાચના આપશે. " તે વખતે સાધુઓ " ગુરુએ કહેલું વચન અન્યથા ન હોય." એમ ધારી કંઇ બોલ્યા નહીં. ગુરુ પ્રભાતે ગામ ગયા. પછી સાધુઓએ કહ્યું. એટલે વજ્રે તેમને વાચના આપી. તેની મુખબોધિકા ( શબ્દેલાઇથી બોધ પમાડનારી) વાચના ગ્રહણ કરતા થકા સાધુઓ તો વિચારમાં પડ્યા કે, "અહો ! આને સરસ્વતી આવી કે, બૃહસ્પતિ સ્વર્ગ થકી ઉતરી આવ્યા કે, ગુરુ પોતે વિહાર કરીને પાછા આવ્યા ? " જે સમયે ગુરુ વિહાર કરીને પાછા આવ્યા, ત્યારે શિષ્યોને પૂછવા લાગ્યા કે, " તમોને વજ્રે વાચના આપી તે ઠીક પડી કે નહીં ! " તેમણે ઉત્તર આપ્યો કે, " હવે પછી અમને નિત્ય વજ્રજ વાચના આપો. તે બાળ છતાં પણ તેનામાં મ્હોટા માણસનો ભાસછે,કારણ કે અમને લાગેછે કે, અમને વાચના આપવાને માટે સરસ્વતી પોતેજ તેનું રૂપ લઇને અત્રે આવીછે!" પછી ગુરુએ પણ વજ્રનો ઉદય જાણીને તેને દૃષ્ટિવાદ પર્યંત સર્વ શાસ્ત્રાદિ રહસ્યમાં પ્રવીણ કર્યો.

હવે અનુક્રમે વિહાર કરતા કરતા ગુરુ વજ્ર સહિત દશપૂર નામના નગરે જઈ પહોંચ્યા. ત્યાં ગુરુએ વજ્રને કહ્યું. "અવંતી નગરીને વિષે દશપૂર્વિ એવા ભદ્રગુપ્તસૂરિ રહે છે. માટે દશ પૂર્વનો અભ્યાસ કરવાને અર્થે તું તેમની પાસે જા. તેમનો શિષ્ય કે, મ્હારો શિષ્ય કોઈ દશ પૂર્વ શીખ્યો નથી. માટે તું ઉજ્જયિની જઈને ત્યાં રહી દશ પૂર્વનો અભ્યાસ કરીને આવ અને ભવ્ય જનોને બોધ પમાડ. દશ પૂર્વ રૂપી અમૃતનું પાન કરવાથી તને નિરંતર શાસનદેવતા પ્રીતિથી સાન્નિધ્ય કરશે."

ગુરુનું વચન અંગીકાર કરીને ચિત્તમાં હર્ષ પામ્યો થકો વજ્ર બે સાધુઓ સહિત ઉજ્જયિની તરફ ગયો. તે વખતે તે આકાશમાં બુધ અને શુક્રના યોગથી સૂર્યની પેઠે માર્ગમાં શોભવા લાગ્યો. હવે દશ પૂર્વ રૂપી અમૃતના સમુદ્ર સમાન ભદ્રગુપ્ત આચાર્યનાં દર્શન કરવાને આતુર એવા તેઓ ઉજ્જયિની પહોંચ્યા; પણ રાત્રી પડી જવાથી નગરી બહાર રહેવું પડયું.

અહિં પ્રભાતે ભદ્રગુપ્ત આચાર્ય જાગ્યા. એટલે પોતાના શિષ્યોને કહેવા લાગ્યા કે, "આજે મેં એવું સ્વપ્ન જોયું કે, જાણે મ્હારા હાથથી કોઈ દૂધનું ભરેલું પાત્ર લઈને પી ગયું અને તૃપ્ત થઈને અત્યંત પ્રમોદ પામ્યું." આ મ્હારા સ્વપ્ન ઉપરથી મને એમ લાગે છે કે, કોઇ મહા બુદ્ધિશાળી સાધુ આજે મ્હારી પાસેથી દશ પૂર્વ ગ્રહણ કરવા આવશે. મ્હારો આજનો દિવસ સફળ થશે અને મ્હારો દશ પૂર્વનો પરિગ્રહ પણ સફળ થશે કે, એવા સાધુ મ્હારી પાસેથી એ શીખવા આવશે. આજ સુધી હું જાણતો હતો કે, એ દશ પૂર્વ વિચ્છેદ પામશે, પણ આજ તો નિઃસંદેહ કોઇ ઉત્તમ પાત્ર આવશે."

હર્ષથી પૂર્ણ છે મન જેનું એવા ભદ્રગુપ્ત આચાર્ય વિચાર કરે છે, એટલામાં તો વજ્ર સાધુએ દ્વાર પાસે આવીને નૈષેધિકી કહી. તેની આકૃતિ તથા પ્રકૃતિ જોઇને તેમણે નક્કી કર્યું કે, "પોતે રાત્રીને વિષે સ્વપ્નમાં જે પુરૂષ જોયો હતો, તે સાક્ષાત્ તેજ છે." વજ્ર પણ અત્યંત હર્ષ સહિત આચાર્યને પ્રદક્ષિણા દઇને વારંવાર નમી નમીને ગુરુના ચરણને વંદન કરવા લાગ્યો. ગુરુએ પણ હાથવડે બહુમાન સહિત વજ્રને આલિંગન દીધું. પોતે સાંભળી હતી એવીજ આકૃતિ જાણી 'તે વજ્ર છે' એમ ઓળખીને આચાર્યે તેને પૂછયું. "કેમ વિહાર તો સુખે થયો છે ને? શરીરે પણ સુખી છો ને? તપ પણ નિર્વિઘ્નપણે થાય છે ને? ત્હારા ગુરૂ પણ કુશળજ છે ને? આ વખતે ત્હારે કેમ અવંતિમાં આવવું થયું?" મહા ભક્તિવંત એવા વજ્રે ઉત્તર આપ્યો કે, "આપે પ્રથમ જે સુખે વિહારનાં ઇત્યાદિ પ્રશ્નો પૂછ્યાં, તે દેવ ગુરુના ચરણની કૃપાથી તેમજ છે અને અહિં આવવાનું પ્રયોજન તો એ કે, આપની પાસે મ્હારે દશ પૂર્વનું અધ્યયન કરવું છે, માટે અભ્યાસ કરાવો." ગુરુ પણ યોગ્યપાત્ર જાણીને વજ્રને તે સંબંધી પાઠ આપવા લાગ્યા. એટલે વિનય પૂર્વક અભ્યાસ કરતો વજ્ર અલ્પકાળમાં દશપૂર્વિ થયો. કહ્યું છે કે-જળને વિષે તેલ, ખળ પુરુષને વિષે ગુહ્ય વાત, પાત્રને વિષે દાન અને બુદ્ધિશાળી પુરુષને વિષે શાસ્ત્ર એટલાં વાનાં તેને વસ્તુની શક્તિના પ્રમાણમાં વિસ્તાર પામે છે.

પછી ભદ્રગુપ્ત ગુરુની રજા લઇને વજ્રસ્વામી દશપુર નગર તરફ જવા નીકળ્યા. ત્યાં આવીને સિંહગિરિ ગુરુને પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા. ત્યાં તેના પૂર્વ ભવના મિત્ર જે જંભક દેવતા હતા, તેઓએ અહિં આવીને દશ પૂર્વના ધારણહાર એવા વજ્રસ્વામીનો મહોત્સવ કર્યો. પછી ગુરુએ તેને આચાર્યપદની સાથે ગચ્છનો ભાર પણ આપ્યો. ત્યાર પછી તેઓ (સિંહગિરિ આચાર્ય) અનશન વ્રત ગ્રહણ કરીને સ્વર્ગે ગયા.

હવે વજ્રસૂરિ પાંચશો સાધુની સંગાથે પૃથ્વિ ઉપર વિચરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં

વિચરતા, ત્યાં ત્યાં અનેક માણસો સમકિત મૂળ બારવ્રત અંગીકાર કરવા લાગ્યા.

હવે એમ બન્યું કે, પાટલીપુત્ર નામે નગરીને વિષે ધન નામનો વણિક્ ગૃહસ્થ રહે તો હતો. તેને રુક્મિણી નામે અત્યંત સૌંદર્યવતી પુત્રી હતી. તેજ ધનશ્રેષ્ઠીની શાળામાં શ્રી વજ્રસ્વામીની સાધ્વીઓએ વસતિ લીધી હતી. તે સાધ્વીઓ શ્રાવિકાઓને ધર્મોપ દેશ આપતી વખતે વજ્રસ્વામીના સૌભાગ્ય—લાવણ્યાદિ ગુણોની પ્રશંસા કરતી. એમની એવી પ્રશંસા સાંભળીને રુક્મિણી રાગ રહિત એવા પણ એ સાધુ ઊપર રાગવાળી થઇને ચિંતવન કરવા લાગી. "આ ભવમાં વજ્રસ્વામી મ્હારા ભર્તાર થાઓ." એ સાંભળીને સાધ્વીઓ કહેવા લાગી. "હે મુગ્ધે! એમ ન બોલ. તેં એ ખોટું ચિંતવન કર્યું છે. એ મ્હોટા [illegible] છે, અમારા ગુરુ પાસે એ નિષ્ફળ થશે." તે ઉપરથી રુક્મિણીએ કહ્યું. "જો મ્હારો આ નિશ્ચય સફળ નહિ થાય તો, મ્હારે સંયમ એજ શ્રેય છે."

અહિં વિહાર કરતા કરતા વજ્રસ્વામી એજ નગરે આવી પહોચ્યા ને બહારના ઉ [illegible] રાજાએ [illegible] તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો. સર્વ સાધુઓને [illegible] [illegible] કહ્યું કે, "આપનામાં વજ્રસ્વામી કોણ?" તે ઉપર [illegible] ઓળખાવ્યા. એટલે રાજાએ ભક્તિ સહિત તેમને પ્રણામ કર્યા. પછી તેમણે (વજ્રસ્વામીએ) ઉપદેશ આપ્યો. તે સાંભળીને રાજા પ્રમુખ સર્વ લોક પોત પોતાને સ્થા [illegible] [illegible] પણ [illegible] મુખેથી ગુરુના સૌભાગ્યાદિ ગુણોની સ્તુતિ સાં [illegible] સહિત તેમને વાંદવાને આવી. તેણીઓને પણ ગુરુએ ઉપદેશ [illegible] [illegible] અતિ [illegible] કરીને [illegible] છે, તે સકળ કલ્યાણ પ્ર [illegible] પણ પામે છે; એમ શ્રી અરિહંત ભગવાને કહ્યું છે."

[illegible] રુક્મિણીને [illegible] આગમનની ખબર પડી, તેથી તે [illegible] પિતાને કહેવા લાગી. "હે પિતા! જે વજ્રસ્વામીની સાથે મને [illegible] છે. તે આવી પહોંચ્યા છે. તો એજ મ્હારા સ્વામી થાઓ. જો તેમ નહિ [illegible] હું [illegible] શરણ કરીશ." તે સાંભળીને ધનશ્રેષ્ઠી તેણીને [illegible] [illegible] [illegible] વજ્રસ્વામીના [illegible] સૌભાગ્યાદિ ગુ [illegible] [illegible] લાગ્યા. "અ [illegible] ! [illegible] છે [illegible] [illegible] કરે છે!" પછી [illegible] [illegible] વજ્રસ્વામીને વંદન કરીને વિનંતિ કરી. "હે કૃપા [illegible] [illegible] ! [illegible] આ મ્હારી પુત્રી રુક્મિણી છે, તેને આપ ગ્રહણ કરો. [illegible] [illegible] નિશ્ચય લીધેલ છે. વળી હું [illegible] આપીશ. માટે આપ એને ગ્રહણ કરો."

વજ્રસ્વામીએ કહ્યું. [illegible] છે તે [illegible] ચંચળ, તથા [illegible] [illegible] છે. વળી તે [illegible] ઉત્પન્ન કરનાર છે, ત્યારે એ [illegible] કરે! [illegible] નિશ્ચય છે કે, [illegible] [illegible] [illegible] [illegible] ! મ્હારા પ્રત્યે તું કેમ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે? [illegible] [illegible] છે! [illegible] [illegible] છે, સર્વ [illegible] [illegible] છે [illegible] [illegible]

ગ્રામે છે અને જેની અત્યંત ભક્તિ થકી મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે વર્ણવેલો જે ધર્મ, તેજ મ્હારી બુદ્ધિને સાધક છે. માટે જો મ્હારી ઈચ્છા હોય તો હું દમ્ભમેળાપ કરાવું! કહ્યું છે કે-અસ્થિર જન્મને, ચપળ વિજળી જેવા ચંચળ યૌવનને, ધનની પ્રાપ્તિની ઇચ્છાએ મનોરથને, પ્રેમ સ્ત્રીઓના વિલાસોએ શાંતિના મુખને, ક્રૂરી આકૃતિએ મુખોને, મર્યાદાએ વનની જુગારીઓને, દુર્જનોએ સજ્જનોને અને અભ્યાગતોએ ધનને મલિન કર્યાં છે; માટે આ જગતમાં કોણ શું નથી મળ્યું ? વળી વાયુની પેઠે નિરંતર કલંક ધારણ પામેલ કરે છે. ગરુડની પેઠે કોઈ અથવા રેદને પ્રહાર કરે છે અને ક્રૂરતા પલામાંથી ઝરી જતા પાણીની પેઠે આયુષ્ય નષ્ટ થાય છે. તોપણ લોક વિપરીતમાં રહે છે: એ આશ્ચર્ય છે! વળી પણ પુરુષ કુલવાન થઈ ઘરને પછી સદાચાર વિષયમાં મલિન ગુણવાન થાય છે. કુળવાન જન મલિન થાય છે ને કુળવાન પુરુષ ધનવાનો થાય છે. કુળવાન પરોપકારી મિલિત કર્મોથી અવનવવાળો થાય છે અને કુળવાન વિવેકીથી જૈનના મહોત્સવો થાય છે; એવી રીતનો મનુષ્ય. અથવા જેવી નટની પેઠે ધમની નમની ફરી પડદામાં પેસે છે. અથવા જેમ નટ નાના પ્રકારના વેષને ધારણ કરી ને અને પડદામાં પેસે છે, તેમ મનુષ્ય પણ આજપણ વિચિત્ર વેષ ધરીને અને યમપુરીમાં પેસે છે." કહ્યું છે કે લોકના પણ કહીને મહામુનિ બધુના પેઠે અનિચ્છાપૂર્વક પણ કહીને જે કિંચિત માત્ર ભેદ પામ્યો નથી, એવા તે વજ્રસ્વામી અહેમ્મદ વજ્રમય રહેલા છે.

વજ્રસ્વામીનાં આવાં અમૃતમય વચનોથી શાંત થયા છે મોહજ્વર જેનો એવી રુક્મિણીએ દીક્ષા અંગીકાર કરી. તે વખતે બીજા પણ ઘણા આવેલા વજ્રસ્વામીની અંદર વાણીથી આકર્ષાઈને જિનભાષિત ધર્મમાં આદરવાળા થયા. પછી આચાર્યે મહાપરિજ્ઞા નામે અધ્યયન થકી મેળવેલ એવી પદાનુસારિણી લબ્ધિવડે આકાશગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો; પણ હવે પછી પ્રાણીઓ અલ્પ સત્ત્વવાળા થવાના છે, એવું જાણીને તે વિદ્યા કોઈ સાધુને આપી નહીં.

પછી વિહાર કરતા કરતા વજ્રસ્વામી પૂર્વ દિશાએથી ઉત્તર દિશા તરફ ગયા. ત્યાં મોટો દુકાળ હતો, તેથી ક્ષુધાથી પીડાતા સંઘના લોકો આવીને તેમને કહેવા લાગ્યા. "આ દુષ્કાળના સામ્રાજ્યમાં વારંવાર જમતાં છતાં પણ તૃપ્તિ થતી નથી. વળી વિશ્વની અદીઠથી જેમ યોગી પુરુષો ચક્ષુ ઉઘાડતા નથી, તેમ ભિક્ષુકોના ભયથી અહિં પણ લોકો ઘરનાં દ્વાર ઉઘાડતા નથી. વેપાર કરેલી રકાબ પણ કોઈ જમી શકતું નથી. બજારમાં પણ લેવા વેચવાનો વ્યાપાર બંધ થઈ ગયો છે. ભિક્ષુક લોકો દંડવડે પ્રહાર કરતા છતાં પણ હાથમાંથી અન્ન લઈ જઈને ખાઈ જાય છે. વળી વિચરતા વિચરતા કોઈ સાધુ આવે તો તેમને માટે પણ શુદ્ધ અન્ન મળતું નથી. ધર્મમાં પણ ધ્યાન રહેતું નથી. માટે હે પ્રભો! આવા દુઃખથી અમારો ઉદ્ધાર કરવો ઘટે છે; કારણ કે, આપ અદ્ભુત લબ્ધિના સાગર છો."

શ્રી સંઘની આવી વિનંતી ઉપરથી વજ્રસૂરિએ વિચાર્યું કે, "જે છતી શક્તિએ. તે શક્તિ સંઘના કાર્યમાં નહિં વાપરે, તે દુર્ગતિએ જાય છે; કારણ કે, શ્રીસંઘ તો તીર્થંકરને પણ માન્ય છે." એમ વિચારીને તેમણે તુરતજ ધર્મરત્નથી એક મોટો પટ બનાવ્યો. તે ઉપર સર્વ સંઘને બેસારીને પોતે પણ તેના મધ્યમાં બેસી ગગનગામિની વિદ્યાનું સ્મરણ કર્યું. તેના પ્રતાપથી તે પટ આકાશમાં ચાલ્યો. એટલે તે દેવતાના વિમાન સમાન દેખાવા લાગ્યો. એવામાં કોઈ શય્યાતર સાધુ કોઈ કાર્યને અર્થે ગયા હતા તે રહી ગયા. એટલે વજ્રસૂરિને કહેવા લાગ્યા. "હે પ્રભો! હું જ શય્યાતર હતો; હવે આપણે સાધર્મિક છીએ. તો મને આ પ્રમાણે સ્થાને ત્યજીને કેમ જતા રહો છો?" એ સાંભળીને વજ્રસૂરિ આ પ્રમાણે સૂત્ર

ર્થનું સ્મરણ કરવા લાગ્યા: "જેઓ સાધર્મિકના વાત્સલ્યમાં કે, સ્વાધ્યાયમાં કે, ચારિત્રમાં અથવા ધર્મની પ્રભાવનામાં તત્પર હોય, તેમને મુનિએ જરૂર તારવા. એવો આગમોનો અર્થ છે." એ સંભારીને સુનંદાના પુત્ર જે વજ્રસ્વામી, તેમણે તે મુનિને વિદ્યાપટમાં લઈ લીધા. એટલે શ્રી સંઘના તેજથી દિશાઓને ઉજ્વળ કરતો, વિશ્વના સારનો ઉદ્ધાર જેવો તે પટ આકાશમાં ચાલવા લાગ્યો. માર્ગે સર્વ ગંધર્વ લોક તથા સિદ્ધજનો પણ વંદન કરવા લાગ્યા અને સંઘ પણ ભક્તિવડે નમ્ર થઈ વંદન કરવા લાગ્યો. તે વખતે વજ્રસ્વામીને બહુ હર્ષથયો.

એટલામાં તો તેમણે તે પટને મહાપુર નામના નગર પ્રત્યે આણ્યો. ત્યાં સુકાળ હોવાથી શ્રી સંઘ સુખી થયો. વળી બૌદ્ધલોકો સાથે ત્યાં પરસ્પર વાદ થવા લાગ્યો; તેમાં પણ જૈનલોકો તેમના ઉપર વિજય મેળવતા. એવામાં જૈનલોકોનાં વાર્ષિક પર્વ આવ્યાં, ત્યારે બૌદ્ધલોકો બૌદ્ધમાર્ગી એવા પોતાના રાજા પાસે જઈને કહેવા લાગ્યા. "હે રાજન્! જૈન લોકોનાં વાર્ષિક પર્વ આવ્યાં છે. તો આપણે એમ કરવું કે, આપે સર્વ પુષ્પવાળા માળી લોકોને આદેશ કરવો કે 'જૈનલોકોને એક પુષ્પ આપે નહિ' એમ કરવાથી એ લોકોનો ગર્વ ઉતરશે." રાજાએ એમ આદેશ કર્યો. જેથી જૈનલોકોને પુષ્પ મળતાં બંધ થયાં. ત્યારે તેમણે વજ્રસ્વામી પાસે જઈને એ વાત કહી. "રાજાએ આપણને પુષ્પ મળતાં અટકાવ્યાં છે અને પુષ્પ વિના તો શોભા આવશે નહી. માટે આપજ એ પુષ્પો લાવી આપવામાં સમર્થ છો. એ દુષ્ટનો નિગ્રહ કરવામાં અને આપણા તીર્થની થતી અવહેલના અટકાવવામાં આપે આપની શક્તિ ગુપ્ત રાખવી નહી. સાધુઓ પણ તીર્થની ઉન્નતિને અર્થે યત્ન કરે છે. માટે આપે પણ તીર્થપ્રભાવના કરવી."

શ્રી સંઘની પ્રાર્થના ઉપરથી વજ્રસૂરિ આકાશગામિની વિદ્યાવડે માહેશ્વરીના સમીપના વનમાં ગયા, ત્યાં પોતાના પિતા ધનગિરિનો મિત્ર તડિત નામનો માળી હતો. તેણે વજ્રસ્વામીને જોઇને હર્ષથી કહ્યું. "આજે હું કૃત્યકૃત્ય થયો કે, મેં આપના મુખનાં દર્શન કર્યાં, તોપણ આપ કાંઈ કાર્યનો આદેશ કરો." તે ઉપરથી તેમણે કહ્યું. "આવતી કાલે અમારૂં વાર્ષિક પર્વ છે, માટે અમારે મહાપુર નગરમાં પૂજાને અર્થે પુષ્પોનો ખપ છે." એ સાંભળીને માળીએ તેમને એકવીશ ક્રોડ પુષ્પ આપ્યાં. તે લઇને તેઓ ચુલ્લહિમવંત પર્વત ઉપર ગયા. ત્યાં શાશ્વતિ જિનપ્રતિમાનાં દર્શન કરી ત્યાંના દેવતા પાસેથી પણ પુષ્પ લીધાં. પછી માર્ગે હુતાશન યક્ષના વનના દેવતા પાસેથી પણ પુષ્પ લીધાં. આ પ્રમાણે વજ્રસ્વામી બહુ બહુ પુષ્પોના કરંડીઆ લઇને આવ્યા. તે ઉપરથી જિનાલયમાં મહાન્ ઉત્સવ થયો. તેથી અનેક બૌદ્ધલોકો પણ માન મૂકીને શ્રી વજ્રસ્વામીના પગમાં નમ્યા. બૌદ્ધ રાજા પણ જૈનધર્મિ થયો.

હવે દશપુર નગરને વિષે સોમદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને રુદ્રસોમા નામે જૈનમતાનુયાયી પત્નિ હતી. તેમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે પુત્ર હતા. સુબુદ્ધિ એવા આર્યરક્ષિતે અભ્યાસ કરવા માંડ્યો. તે જનોઈ દીધી ત્યાં સુધીમાં તો તેણે પિતા પાસે હતી તે સર્વ વિદ્યા શીખી લીધી; પરંતુ અધિક વિદ્યાનો અભ્યાસ કરવાને અર્થે તેને પાટલીપુત્ર જવું પડ્યું. ત્યાં જઇ તે સર્વ વિદ્યામાં પ્રવીણ થઇને દશપુર નગરે પાછો આવ્યો. તેને સકળ શાસ્ત્રમાં પારંગત જાણીને રાજાએ સામા જઈ મહોત્સવ પૂર્વક હસ્તિ ઉપર બેસારીને સન્માન સહિત શેહેરમાં આણ્યો. વળી તેને લક્ષ્મી પણ આપી. પછી તો બીજા લોકો પણ ભેટ લઇને તેને મળવા આવવા લાગ્યા. બંદીજનો પણ ઘરને આંગણે તેની સ્તુતિ કરવા લાગ્યા. તેના ઘરનાં માણસો પણ તોરણ અને વાસ્તિક વિગેરે રચવા મંડ્યા.

એમ તે મુખમાં કહેવા લાગ્યો.

એક દિવસ તેને વિચાર થઇ આવ્યો કે, "અહો! મને ધિક્કાર છે કે, આવી પદવીને પ્રાપ્ત થયા છતાં હું આજ સુધી પણ મ્હારી માતાના ચરણમાં નમવા ગયો નથી; તો હવે મ્હારે સુખે સુખી અને મ્હારે દુઃખે દુઃખી એવી તે મ્હારી માતાને મ્હારા પ્રયાસનાં ફળ જે વિદ્યા અને ધન તેનાથી આનંદ ઉપજાવું." એમ વિચારી ઘરમાં જઇને માતાના ચરણમાં ભક્તિ સહિત નમ્યો. માતાએ કહ્યું. "હે પુત્ર! દીર્ઘાયુ થાઓ." માતાએ કહ્યું ખરૂં, પણ તેનો બરાબર હર્ષ ન માલમ પડ્યો. તે ઉપરથી પુત્રે વિચાર્યું. "મ્હારી માતા મ્હારી સાથે પ્રસન્ન ચિત્તથી કેમ કંઈ બોલતી નથી? મેં કંઈ અપરાધ તો કર્યો નથી?" તેથી ને ફરીથી નમીને પુછવા લાગ્યો. "હે માતા! હું આટલાં આટલાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને આવ્યો છું, છતાં તને કેમ કંઇ હર્ષ માલમ પડતો નથી?" માતાએ કહ્યું. "આવી નરકના હેતુ રૂપ કુવિદ્યા શીખી આવ્યો તેમાં શું? તેવી કોડી સમાન અને પરાગના પુંજ જેવી વિદ્યા શા કામની? કે જેથી નથી ખબર પડતી જીવ-અજીવની કે નથી જણાતી પરની પીડા; કે નથી થતાં ઉપકારનાં કાર્ય?"

એ સાંભળીને પુત્રે કહ્યું. "ત્યારે હે માતા! તું કહે કે, હું કયા શાસ્ત્રનું અધ્યયન કરૂં તો તને હર્ષ થાય?" માતાએ કહ્યું. "હે પુત્ર! જો તું ખરેખરો માતા ઉપર ભક્તિવંતજ હોય તો મુક્તિસુખને આપનાર એવું જે દૃષ્ટિવાદ, તેનો અભ્યાસ કર અને તે દૃષ્ટિવાદના અભ્યાસમાં પ્રવીણ થવા સારૂ જૈનસાધુનો શ્રાવક થા. કારણ કે, સૂર્ય ઉદય થવા વિના હીમનો નાશ થતો નથી. માટે તોસલિપુત્ર નામે સૂરિ જેઓ ઇક્ષુવનમાં રહેલા છે, તેમની પાસે જઇને મહા કષ્ટ લઇને દૃષ્ટિવાદનો અભ્યાસ કર." પુત્રે કહ્યું. "હું પ્રભાતે તેમ કરીશ." એમ કહીને 'હવે હું ક્યારે પ્રભાત થાય ને દૃષ્ટિવાદ ભણવા જઉં.' એમ વિચારતાં વિચારતાં આર્યરક્ષિતે રાત્રી નિર્ગમી.

પછી પ્રભાતે આર્યરક્ષિત માતા પિતાની રજા લઇને ચાલ્યો. નગર બહાર નિકળ્યો ત્યાં તેને કોઇએ પૂછ્યું. "તું કોણ છે?" તેણે કહ્યું. "હું આર્યરક્ષિત છું." તે સાંભળીને પેલા પુરૂષે તેને આલિંગન કરીને કહ્યું. "હું શાખાપુરમાં રહેનારો ત્હારા પિતાનો મિત્ર મહાદ્વિજ છું. હું ઘરની ચિંતાના ભારમાં બહુ મગ્ન છું; તું પણ ઉત્સુક છે; તો લે આ પ્રભાતને સમયે શેલડીના સાડાનવ સાંઠા." આર્યરક્ષિતે તે લીધા, ને કહ્યું કે, "હું કાર્યની વ્યગ્રતાને લીધે આગળ જઉં છું. માટે આપ આ શેલડીના સાંઠાનો વૃત્તાંત મ્હારી માતાને કહેજો." એમ કહી તે આગળ ચાલ્યો.

પાછળ વિપ્રે શેલડીનો વૃત્તાંત રુદ્રસોમાને કહ્યો. તેથી તેણીએ વિચાર બાંધ્યો કે "મ્હારો પુત્ર સાડાનવ પૂર્વ શીખશે." આર્યરક્ષિતે પણ ધાર્યું કે, "હું સાડાનવ પૂર્વનો અભ્યાસ કરીશ. હું શેલડીના સાડાનવ સાંઠા પામ્યો કરીને ગુરૂને વંદન કરીશ." એમ વિચાર કરીને જેવો તે શાળાના દ્વાર પર્યંત ગયો ત્યાં તેણે શિષ્યોને ભાસવતી પ્રમુખ શિખવતા ગુરુનો શબ્દ સાંભળ્યો. શબ્દ સાંભળીને તે હર્ષ પામ્યો, પણ તેણે વિચાર કર્યો કે, 'હવે શી વિધિએ પ્રવેશ કરવો?' એટલામાં ત્યાં ઢઢ્ઢર નામે ધાર્મિક શ્રાવક આવ્યો. તે નૈષેધિકી કહીને અંદર પેઠો. તેણે ઉંચે સ્વરે કરીને ગુરૂને અને પછી બીજા સાધુઓને પ્રત્યેકને વાંદ્યા. પછી તે ભૂમિ પ્રમાર્જન કરીને બેઠો.

તે જોઇને આર્યરક્ષિત એજ પ્રમાણે પોતે પણ ગુરૂને, ને પછી બીજા સાધુઓને વંદન કરીને બેઠો. ગુરૂએ જાણ્યું, આ કોઇ નવો શ્રાવક છે. તેથી તેને પૂછ્યું "હે શ્રાવક! ત્હારો ગુરુ કોણ?" તેણે કહ્યું. "આ શ્રાવકજ મ્હારો ગુરુ, કે જેની પાસેથી હું આ શીખ્યો."

પછી ગુરુએ પૂછ્યું. " તું ક્યાંથી આવે છે ? " તે ઉપરથી તેણે વિનય પૂર્વક સર્વ વૃત્તાંત ગુરુને કહ્યો. ગુરુએ તેને ભદ્રક પરિણામી જાણીને કહ્યું. " દૃષ્ટિવાદ, દીક્ષા લીધા શિવાય શીખાશે નહીં." ત્યારે તેણે કહ્યું. " ત્યારે પ્રથમ દીક્ષા આપો. " ગુરુએ તેને યોગ્યપાત્ર જાણીને દીક્ષા આપી. પછી તે ગુરુ સાથે વિચરવા લાગ્યો; ને અલ્પ સમયમાં તેણે અગીઆર અંગ તો શીખી લીધાં. પછી ગુરુએ તેને દૃષ્ટિવાદ શીખવ્યું; ને કહ્યું કે " જો વધારે દૃષ્ટિવાદ શીખવાની ઇચ્છા હોય તો, વજ્રસ્વામી પાસે જઇને શીખ. "

એ ઉપરથી તે મદાપુર નામે નગરે થઇને ઉજ્જયિની નગરીએ ભદ્રગુપ્ત આચાર્ય પાસે ગયો. ત્યાં તેને ઓળખીને ગુરુએ કહ્યું. " હે વત્સ ! ઠીક કર્યું. બ્રાહ્મણપણું ત્યજીને સાધુ થયો તે ઠીક કર્યું; પણ હું હવે વૃદ્ધ થયો છું તેથી અનશન કરવાનો છું; માટે તું વજ્રની પાસે જા; તેની પાસે તે શીખજે, પણ ત્યાં તું જૂદે ઉપાશ્રયે રહેજે. કારણ કે, જે વજ્રની સાથે આહાર લે છે, તે તેનીજ સાથે અનશન કરી મરશે. "

ગુરુનું વચન માન્ય કરીને ગુરુને નિર્યામણા ( નિઝામણું તે ) કરીને તે પછી વજ્રસ્વામી પાસે આવ્યો. તે પહેલાં વજ્રસ્વામીને સ્વપ્ન આવ્યું હતું કે, " કોઇક માણસ આવીને મ્હારી પાસેથી બહુ દૂધ પી ગયો; ફક્ત થોડુંજ બાકી રહ્યું. " તે સ્વપ્ન અને તેના [illegible] અર્થ વજ્રગુરુએ પોતાના શિષ્યો પ્રત્યે પ્રભાતેજ કહ્યો હતો કે, " કોઇક અપૂર્વ શિષ્ય આવીને મ્હારી પાસેથી દશ પૂર્વથી કંઇ ઓછું શીખી જશે. " એવામાંતો આર્યરક્ષિત અકસ્માત્ આવીને નૈષેધિકી કહીને દ્વાર પાસે ઉભો રહ્યો. અંદર આવીને વજ્રસ્વામીને નમન કરીને બેઠો. તેને આગમન કારણ પૂછતાં ઉત્તર મળ્યો કે, " ભદ્રગુપ્ત સૂરિએ આપની પાસે દૃષ્ટિવાદ શીખવા મોકલ્યો છે " તે ઉપરથી વજ્રે તેને શીખવવાનું શરૂ કર્યું. ભદ્રગુપ્ત આચાર્યના કહેવા પ્રમાણે જુદે ઉપાશ્રયે રહીને તે શીખ્યો. નવ પૂર્વ શીખી રહીને દશમા પૂર્વના કઠિન યમક શીખતો હતો, તેવામાં તો પિતાનો સંદેશો આવ્યો કે, " ત્હારા વિના અમે બહુ દુઃખી છીએ; માટે અહિં આવીને અમને સુખી કર. "

આ ઉપરથી તે દશમું પૂર્વ ઉતાવળથી શીખવા લાગ્યો, પણ ત્યાં તો ન્હાનો ભાઇ ફલ્ગુરક્ષિત કહેવા લાગ્યો કે, " જો તને માતા અને પિતા ઉપર પ્રેમભાવ હોય તો સત્વર આવીને તેને [illegible] પમાડ. કેટલાક [illegible] દીક્ષાના અર્થિ છે. " આર્યરક્ષિતે કહ્યું. " [illegible] જો ત્હારે દીક્ષા લેવી હોય તો તું પણ લે. પછી તે ન્હાના ભાઇ [illegible] કહેવા લાગ્યો. ત્યારે તેણે ( આર્યરક્ષિતે ) વજ્રસ્વામીને કહ્યું. " હવે મ્હારે [illegible] પૂર્વ કેટલુંક બાકી છે ? " ઉત્તર મળ્યો કે, " હજુ તું એક બિંદુમાત્ર શીખ્યો છે; ને એ પૂર્વ તો સમુદ્ર જેવડું છે. " એ સાંભળીને તેણે વિચાર્યું કે, " નગરથી બ્હાર ની [illegible] છે. માટે મને [illegible] પૂર્વ ઉપરાંત નહિં આવડે. " પછી વજ્રસ્વામીની આજ્ઞા [illegible] લઇને ગુરુને પ્રણમીને આર્યરક્ષિત પોતાના [illegible] દશપુર નગરે આવ્યા. મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કરીને [illegible] ધર્મોપદેશ સંભળાવ્યો. [illegible] કે, " આવો [illegible] નથી. " તે ઉપરથી રાજા શ્રાવક થયો. [illegible] પણ [illegible] દીક્ષા લઇને [illegible] પ્રકારે આરાધના [illegible]. ( એનો સંબંધ આ [illegible] )

હવે શ્રી વજ્રસ્વામી વિહાર કરતા [illegible] દક્ષિણ દિશામાં ગયા. ત્યાં એક વખત તે [illegible] દૃષ્ટિવાદનું [illegible] લાગ્યા. તેથી [illegible]

એ ( શ્લેષ્મના વ્યાધિને લીધે ) એક સૂંઠનો ગાંગડો લઇને કાન ઉપર રાખી મૂક્યો. પછી સ્વાધ્યાયમાં પડ્યા. એટલે પેલો ગાંગડો લેવો ભૂલી ગયા. પ્રતિક્રમણ કરતી વખતે કાન ઉપર મુહપત્તિ પડિલેહતાં તે સૂંઠના ગાંગડાને પોતાની આગળ પડી ગએલો જોયો. એટલે તે બોલી ઉઠ્યાં. " ધિક્કાર છે મને ! કે, મેં આટલો પ્રમાદ સેવ્યો ! હવે મને લાગે છે કે, મ્હારૂં આયુષ્ય સ્વલ્પ રહ્યું છે ! માટે ચાલ હવે હું અનશન કરીને દેહ ત્યાગ કરૂં. " પછી બારવરસી દુકાળ પડ્યો, તેને લીધે તેમણે પોતાના શિષ્યોને બીજે વિહાર કરવા મોકલ્યા.

આવા દુકાળમાં પોતાના શિષ્યોને દુકાળથી ભિક્ષા ન મળવાને લીધે, " હું વિદ્યાના બળથી અન્ન ઉત્પન્ન કરી તમારૂં પોષણ કરીશ. " એમ *વજ્રસેને પોતાના શિષ્યોને કહ્યું. કહ્યું છે કે-સર્વ પ્રકારે સંયમનું રક્ષણ કરવું અને સંયમથી આત્માનુંજ રક્ષણ કરવું; પરંતુ અપવાદના કારણથી મૂકાયા પછી અપવાદનું સેવન કરવું નહી. પણ મુનિઓએ તો ગુરુને કહ્યું. " જે સાધુઓ આહાર ગ્રહણ કરે, તેને નિઃસ્પૃહ અચારિત્રી જાણવો અને ચારિત્ર વિનાની જે ક્રિયાઓ છે, તે સર્વ નિરર્થક છે. વળી આ પુદ્ગળોએ તો વારંવાર ભોજન કરીને તેને છોડેલું છે; તો તેવા ઉચ્છિષ્ટના જેવા આ આહાર ઉપર પણ અમારે શી ઇચ્છા હોય ? માટે અમારે એ અન્ન ગ્રહણ કરવાની ઇચ્છા નથી." એ પ્રમાણે વજ્રસેનને સમજાવીને તેના પાંચસોએ શિષ્યો વજ્રસ્વામીની પાસે આવ્યા. આ પ્રમાણે અત્યંત સૌભાગ્યવાન્ એવા વજ્રસ્વામી, વજ્રસેન શિવાય બીજા સૌને લઇ, ફક્ત એકજ સાધુ ક્ષુલ્લક (બાળ-સાધુ) ને છેતરીને ગામમાં પાછળ મૂકી, પર્વત ઉપર ગયા. તે ક્ષુલ્લક પણ ગુરુની અપ્રીતિ ન થાય, એટલા માટે ગિરિની હેઠળજ રહી ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને એક શિલાતળ ઉપર માખણના પિંડની પેઠે ગળી જઇને દેવલોકે પહોંચ્યો. પેલા શિષ્યો પણ સ્વર્ગે ગયા. પેલા ક્ષુલ્લકના શરીરની પૂજા કરવાને દેવતાઓ ત્યાં આવવા લાગ્યા, તે જોઇને પરિવારે તેનું કારણ ગુરુને પૂછ્યું. ગુરુ (વજ્રસ્વામી) એ ઉપયોગથી જોયું ને તે વાત તેમને કહી. તે પર્વત ઉપર કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ વજ્રસ્વામીને ચલિત કરવાને આવ્યો, પણ તેઓ ચળ્યા નહી. તે ક્ષેત્રમાં દેવની અપ્રીતિ જોઇને, બીજે સ્થળે જઇ વજ્રસ્વામીએ ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ કર્યો; ત્યાંથી કાળ કરી તેઓ સ્વર્ગે ગયા. ત્યાં ઇંદ્રે આવીને તીર્થ સ્થાપ્યું ને તેને વંદન કર્યું.

ત્યાર પછી વજ્રસેન અને તેના શિષ્ય સોપારપત્તન નામે નગરે ગયા. ત્યાં જિનદત્ત શેઠને ઘેર ગયા. તેણે અને તેની સ્ત્રીએ સાધુને વંદન કર્યું; પણ સાધુએ જિનદત્તને વિચારતો જોઇને કારણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું. " આ દુકાળમાં અમારી પાસે પુષ્કળ ધન છે; પણ જરાએ અન્ન નથી. માટે આજે એક લક્ષ સુવર્ણનું બહુ થોડું પણ અન્ન લાવીને આ વિષ તેમાં ભેળવીએ છીએ. તે ખાઇને સૌ સાથે મૃત્યુ પામીશુ " તે જોઇને ગુરુએ કહ્યું. " એમ કરશો નહીં; આવતી કાલે ધાન્યનાં ભરેલાં પુષ્કળ વહાણો આવી પહોંચશે " શેઠીએ કહ્યું. " આપે કહ્યું તે ભલે થાઓ ! આપે કહ્યું તે જો ખરૂં પડશે તો, આ ચારે પુત્રો આપની પાસે દીક્ષા લેશે." પ્રભાત થયું એટલે સુકાળ થયો અને ધાન્ય આવવાથી એ વાત ખરી પડી. તે ઉપરથી શેઠીએ પોતાના કુટુંબ સહિત ચારિત્ર ગ્રહણ કર્યું. તે ચારે પુત્રો નાગેંદ્ર, ચંદ્ર, વિદ્યાધર અને નિવૃત્તિ નામે આચાર્યો થયા. કહ્યું છે કે—ગુરુની આજ્ઞા મસ્તકે ધરવી, સર્વજ્ઞની આજ્ઞા પાળવી અને ઉત્તમ જનની સંગત કરવી, કે જેથી ફરી ભવ થાય નહીં. પછી તે ચારે આચાર્યોની ચાર શાખા થઇ. આજ સુધી સોપારપુર પાટણમાં શ્રી જીરાઉલાના મંદિરમાં તેમની મૂર્તિઓ જોવામાં આવે છે. ઇતિ વજ્રસ્વામીની કથા.

* વજ્રસ્વામીના મુખ્ય શિષ્ય.

## નંદિષેણ મુનિ.

જીવ નિત્ય ઉગ્રતપને કરતો છતો પૂર્વનાં દુષ્કર્મને નંદિષેણ મુનિની પેઠે તત્કાળ નાશ કરે છે.

શ્રીપુર નામે સ્વર્ગ સમાન નગર હતું. ત્યાં [1]મખપ્રિય નામે એક બ્રાહ્મણ રહેતો હ તો. એકદા તેણે ભીમ નામે દાસને કંઇ કાર્ય કરવાનું કહ્યું. ત્યારે તે દાસે કહ્યું. "જો મ ને યજ્ઞમાંથી કંઈ પણ ( શેષ ) આપશો, તો હું તે કરીશ; નહિં તો નહિં." વિપ્રે તે વા તની હા કહી. હવે પોતાને જે મળતું, તેને લઇને તે દાસ (ભીમ) સાધુને આપવા લાગ્યો. આવા પુણ્યકાર્યને લીધે, તે મૃત્યુ પછી સ્વર્ગે ગયો ને ત્યાંથી ચ્યવીને રાજગૃહ નગરને વિષે શ્રેણિક રાજાનો નંદિષેણ નામે પુત્ર થયો.

હવે મખપ્રિય વિપ્ર બહુ બહુ ભવમાં ભ્રમણ કરીને, વનમાં એક હાથણીને ઉદરે અવતર્યો. આ યૂથ ( ટોળા ) નો અધિપતિ હસ્તી એવો હતો કે, "બીજો કોઈ યૂથનો અધિપતિ ન થાય." એવા ઇરાદાથી જે જે બાળક અવતરતું, તેને તેને તે જન્મતાં મારી નાંખતો. આમ હોવાથી પેલી હાથણી વિચારવા લાગી. "હું ગર્ભવતી છતાં મ્હારામાં હ જુ સુધી ઉત્સાહ રહેલો છે. માટે નિશ્ચે મ્હારો પુત્ર થશે તે બળવાન્ થશે. તેથી જન્મ તાંજ તેને બીજે મૂકી આવીને તેનું રક્ષણ કરવું." એમ ધારી તે કપટથી લંગડી થઇને યૂથની પાછળ હળવે હળવે ચાલવા લાગી. અહો ! પશુઓને પણ પોતાના બાળકો ઉપર કેવો સ્નેહ હોય છે ? તે ઉપર એક માતાનું કહેલું કહે છે કે—'હે પારધિ ! કૃપા કરી મને જવા દે; મ્હારાં બચ્ચાંએ હજુ સ્તનપાન પણ કર્યું નથી. વળી તેમને માટે હું માંસ લઇને જઉં છું; તેઓ ચારો ખાવા પણ શીખ્યા નથી એટલે તેઓ મ્હારા આવવાની વાટ જોતા હશે.' આ હાથણીને બીજો કોઈ ન ભોગવો, એવા વિચારથી પેલો યૂથપતિ હસ્તી પણ ક્ષણે ક્ષણે જોયા કરતો; પણ પેલી હાથણી તો કપટે કરીને બહુ ધીમે ધીમે ચાલવા લાગી. તે બે ઘડી પછી તેના ભેગી થઈ. હાથીએ જાણ્યું. 'તેને વાયુ રોગ થયો છે; શું ક રીએ ? આરામ થઈ જશે.' આમ તેને વિશ્વાસ થયો.

એકદા પ્રસવ સમય જાણીને હાથી દૂર છે એવું જોઈ પેલી હાથણી માથા ઉપર ત ણના પૂળા લઇને કોઈ તાપસોના આશ્રમમાં આવી. તેને વિનયવતી તથા શરણે આવેલી જોઇને તાપસોએ કહ્યું. "હે પુત્રી ! તું અહિં નિર્ભયપણે રહે." તે ઉપરથી તેણીએ ત્યાં રહીને એક ઉત્તમ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. પછી તે બાળકને ત્યાંજ મૂકીને તે ધી મે ધીમે (હસ્તી) પાસે ગઈ. સમયે સમયે પયપાન કરાવવા (ધવરાવવા) આવતી. હવે તા પસોએ તે બચ્ચાંને ઘાસ વિગેરે ખવરાવી ઉછેર્યું. તે બચ્ચું પણ સૂંઢમાં પાણી લઇને તાપ સના બાળકોની પેઠે વૃક્ષને સિંચવા લાગ્યું. તે ઉપરથી તાપસોએ તેનું સેચનક એવું ના મ પાડયું. પછી મ્હોટું થયું એટલે તે વિચારવા લાગ્યું. "આ તાપસોએ મ્હારી માતા પાસે થી છેતરીને મને આણ્યું હશે, ને ઉછેરીને મ્હોટું કર્યું છે. માટે હવે હું તેમનો પરાભવ ક રૂં." એમ વિચારીને તે આશ્રમને નુકશાન કરવા લાગ્યો. તે જોઇને તાપસોએ તે વાર્ત શ્રે ણિક રાજાને કહી. તે ઉપરથી રાજા સેનાને તૈયાર કરી તેને બાંધી લેવાને વનમાં આવ્યો; પણ કોઈ તેને બળથી અથવા કળથી વશ કરી શક્યું નહીં. રાજા ખિન્ન થયો. એ જોઇને તેનો પુત્ર નંદિષેણ ઉભો થયો. તેને આવતો જોઇને સેચનકને ઇહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણે પોતાનો અને તેનો સ્વામિ સેવકનો સંબંધ યાદ કર્યો. યાદ ક

1 મખ એટલે યજ્ઞ છે પ્રિય જેને.

રીને ઉભો રહ્યો એટલે નંદિષેણે તેને વશ કરીને પિતાને સોંપ્યો. પિતાએ તેને પોતાનો પટ્ટહસ્તી બનાવ્યો અને પોતાના પુત્રને તેણે વિશેષ ગામ આપીને ખુશી કર્યો.

એવામાં શ્રી વીર ભગવાન્ તેજ નગરના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. એકદા નંદિષેણ તેમની પાસે ધર્મોપદેશ સાંભળવા ગયો; ત્યાં તેણે પ્રશ્ન કર્યું. "હે ભગવન્ ! આ હસ્તી મ્હારા ઉપર કેમ પ્રીતિ રાખે છે ?" ભગવાને તે ઉપરથી તેના પૂર્વ ભવનું વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી શ્રેણિક રાજા પ્રમુખ બીજા લોકો પણ ત્યાં ધર્મ સાંભળવા આવ્યા. પ્રભુએ ઉપદેશ આપતાં કહ્યું: "લોકોને મનુષ્ય ભવ, ઉત્તમ જાતિ અને કુળ, સુંદર રૂપ, નિરોગી શરીર, લાંબુ આયુષ્ય, ઉચ્ચ બુદ્ધિ, ધર્મ શ્રવણ, ધર્મ ગ્રહણ, શ્રદ્ધા અને સંયમ એ સર્વે એકેક પણ પામવાં દુર્લભ છે." એ સાંભળીને બોધ પામી નંદિષેણે પ્રભુ પાસે ચારિત્ર માગ્યું, પણ પ્રભુએ કહ્યું. "હજુ ત્હારે ચારિત્રના આવરણરૂપ એવું કર્મનું ભોગફળ બાકી છે; માટે હે વત્સ ! દીક્ષા લેવાને ઉત્સુક ન થા." આ પ્રમાણે પ્રભુએ વાર્યા છતાં તે તો એક રતીને બીજો ન થયો. એવામાં આકાશવાણી થઇ. "હે નંદિષેણ ! હજુ ત્હારે ભોગફળ બાકી છે, માટે ચારિત્ર લઇશ નહી." એમ કહ્યા છતાં પણ તેણે દીક્ષા ગ્રહણ કરી અને હર્ષથી છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપ કરવા માંડ્યો. પ્રભુની સાથે વિહાર કરવા માંડ્યો તથા સૂત્રાર્થ ધારવા માંડ્યા; બાર પ્રકારની ભાવના ભાવવા માંડી; *બાવીશ પ્રકારના પરીષહોને સહન કરવા લાગ્યો. આ પ્રમાણે તેણે કર્મરૂપી વૃક્ષને ઉન્મૂળ કરવું શરૂ કર્યું. ભોગકર્મના ઉદયથી ઉત્પન્ન થતી એવી ભોગની ઇચ્છાને રૂંધવાને તેણે પ્રબળ તપ કરવા માંડ્યો; આતાપના લેવા માંડી. કહ્યું છે કે-ઉષ્ણ ઋતુમાં તાપ સહન કરવો; શિયાળામાં વસ્ત્ર રહિત થઈ ટાઢ સહન કરવી અને વર્ષાઋતુમાં ઇંદ્રિય ગોપવીને રહેવું. ચારિત્ર લેવાને અટકાવનારી દેવતા તેને નિત્ય ભોગરૂપી સમુદ્રમાં નાંખવાને યત્ન કરવા લાગી. તે ઉપરથી તેણે ચારિત્રની રક્ષા કરવાને અર્થે પર્વત ઉપર ચઢીને ઝંપાપાત કરવાનો વિચાર કર્યો. વિચાર કરીને જેવો તે પડવા જાય છે, તેવામાં દેવે તેને હાથમાં લઇ લીધો ને અન્ય સ્થળે મૂકીને તેને પૂછ્યું. "તું વૃથા શા વાસ્તે મરવાને ઇચ્છે છે ? ભોગફળ અનુભવ્યા વિના તને મૃત્યુ આવવાનું નથી."

ત્યાર પછી નંદિષેણ એકાકી તીવ્ર તપ કરવા લાગ્યો. એકદા પોતાને માટે તે કોઇ વેશ્યાને ત્યાં આહાર લેવાને ગયો. ત્યાં જઇને તેણે ધર્મલાભ કહ્યો. વેશ્યાએ કહ્યું. "એ ધર્મલાભે કરીને મને શું સુખનો લાભ છે ? હું તો નિત્ય દ્રવ્યને ઇચ્છું છું." નંદિષેણ મુનિએ જાણ્યું કે, એ મને હસે છે. તે ઉપરથી તેમણે એક તરણું ખેંચ્યું એટલે તેમના તપના પ્રભાવથી આકાશમાંથી બાર કોટિ રત્નની વૃષ્ટિ થઇ ! મુનિએ કહ્યું. "લે હવે તને આ દ્રવ્યલાભથી સુખનો લાભ થયો !" એમ કહી જેવા તે જવા લાગ્યા, તેવાજ તેમને રોકીને વેશ્યાએ કહ્યું. "શું તમે તપ કરીને અત્યંત દુષ્કર એવી મૃદુતાને જીતી છે ? હવે તો હે પ્રાણવલ્લભ ! મ્હારી સાથે ભોગ ભોગવો; નહિં તો હું મૃત્યુ અંગીકાર કરીશ." મુનિએ જાણ્યું કે, હજુ પણ મ્હારે ભોગકર્મફળ ભોગવવાનું રહ્યું છે; તે ઉપરથી તેમણે તેને અંગીકાર કરી. ત્યાં તેમણે વળી એવો અભિગ્રહ કર્યો કે, "મ્હારે નિત્ય દશ વિટ પુરુષોને પ્રબોધ પમાડી દીક્ષા લેવરાવવી. પછી અન્ન લેવું."

---

* બાવીશ પ્રકારના પરીષહો આ પ્રમાણે:—૧ ક્ષુધાનો, ૨ તૃષાનો, ૩ શીતનો, ૪ તાપનો, ૫ દંશનો, ૬ અચેલકનો, ૭ અરતિનો, ૮ સ્ત્રીનો, ૯ ચર્યાનો, ૧૦ નૈષેધિકીનો, ૧૧ શય્યાનો, ૧૨ આક્રોશનો, ૧૩ વધનો, ૧૪ યાચનાનો, ૧૫ અલાભનો, ૧૬ રોગનો, ૧૭ તૃણસ્પર્શનો, ૧૮ મેલનો, ૧૯ સત્કારનો, ૨૦ પ્રજ્ઞાનો, ૨૧ અજ્ઞાનનો અને ૨૨ સમ્યક્ત્વનો.

પછી ત્યાં નંદિષેણે ઋષિનો વેષ ત્યજી દીધો ને નિત્ય દશ દશ વિટ પુરુષોને પ્રબો ધીને દીક્ષા લેવરાવવા માંડી. એમ કરતાં કરતાં બાર વર્ષ વીત્યાં. બારમા વર્ષને અંતે એકદા ભોજનવેળા થયા છતાં પણ દશમો પુરુષ મળ્યો નહીં, ત્યારે વેશ્યાએ હાસ્યમાં કહ્યું. "હે સ્વામીન્! ત્યારે આપજ દશમા થાઓ." વેશ્યાનું એવું હાસ્યનું બોલવું થયું તેને સત્ય કરીને તેમણે સર્વ લક્ષ્મીને તૃણ સમાન ગણી દીક્ષા અંગીકાર કરી. પછી તેઓ તીવ્ર તપ કર્યા કરી, કર્મ ક્ષય કરીને અંતે મૃત્યુ પામીને મોક્ષે ગયા. ઇતિ નંદિષેણ મુનિની કથા.

## બીજા નંદિષેણ

જે પ્રાણી એકભાવથી સાધુઓની વૈયાવચ્ચ કરે છે, તે નંદિષેણની પેઠે ઉત્તમ કર્મનો બંધ કરે છે.

મગધ દેશના આભૂષણરૂપ એવા નંદીગામને વિષે સોમીલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમીલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે પુત્ર હતો. બાળપણમાંજ તેનાં માત પિતા મૃત્યુ પામ્યાં. શિખાથી તે નખ સુધી તેને કુરૂપ જાણીને, તેના ભાગ્યકર્મના ઉદયને લીધે તેના સગાંએ તેને ત્યજી દીધો; એટલે તે મામાને ઘેર જઇને રહ્યો. ત્યાં તે ચારો પાણી વિગેરે લાવવાનું કામ કરવા લાગ્યો.

એકદા તેનો મામો પોતાના દુઃખી ભાણેજને વિનયવંત જાણીને કહેવા લાગ્યો કે, "ખેદ કરીશ નહિં, મ્હારે સાત પુત્રીઓ છે; તેમાંથી એક તને આપીશ." તે ઉપરથી નંદિષેણ ઘરનું કામ વિશેષ ઉત્સાહથી કરવા લાગ્યો. પણ તેની પુત્રીઓને ખબર પડી કે, 'આપણામાંની એકને પેલા કુરૂપ નંદિષેણ સાથે પરણાવવાની છે.' તે જાણીને પહેલી પુત્રીએ કહ્યું. "જો તમે મને નંદિષેણ સાથે પરણાવશો તો, હું જરૂર મૃત્યુ પામીશ." તે એકને નંદિષેણ આકુળ થઇ ચિંતા કરવા લાગ્યો; પણ તેના મામાએ તેને પોતાની બીજી પુત્રી આપવા કહ્યું. તેથી તે વિષાદ પામતો બંધ થયો. એટલામાં તો બીજીએ પણ પહેલીની પેઠેજ પ્રતિજ્ઞા લઇને કહ્યું. "જો મને તે નંદિષેણ વેરે પરણાવશો તો હું પણ મરી જઇશ." એ પ્રમાણે સાતે કન્યાઓએ કહ્યું!!! ત્યારે નંદિષેણ બહુ ખેદ કરવા લાગ્યો. એટલે વળી તેના મામાએ તેને "બીજા કોઇની પુત્રી અપાવીશ." એમ કહ્યું; પરંતુ બીજા લોકોની કોઇ પણ કન્યાએ તેને પરણવાની હા કહી નહીં.

પોતાનાં આવાં દૌર્ભાગ્ય એઇને અત્યંત ખિન્ન થતો નંદિષેણ વિચારવા લાગ્યો. "હવે મ્હારે અહિં શા માટે રહેવું? મ્હારાં આવાં કર્મ ઉદય આવ્યાં તો હવે મરવુંજ ઉત્તમ છે." આવા વિચારથી વૈરાગ્ય પામેલો તે રત્નપુર નામે નગરે ગયો. ત્યાં પણ સ્ત્રી પુરુષને ભોગ ભોગવતા જોઇને તે પોતાને નિંદતો છતો કહેવા લાગ્યો. "અહો! હું ક્યારે આવો ભાગ્યવાન થઇશ!" પછી તો તે વનમાં જઇને ઝંપાપાત કરવાનો વિચાર કરવા લાગ્યો. ત્યાં તેને એક કાઉસગ્ગે રહેલા મુનિએ વાર્યો. તે ઉપરથી તેમને પ્રણામ કરી તેણે પોતાના કર્મનું સ્વરૂપ કહ્યું. કહ્યું છે કે-ગોમાંને ઘેર એ મિત્ર છે; રોગીઓના ખુશામત કરનારા લોકો મિત્ર છે; દુઃખી પુરુષોના મુનિઓ મિત્ર છે અને નિર્ધન માણસોના મરણ મિત્ર છે.

પછી મુનિએ જ્ઞાનથી તેનો ભાવ જાણી લઇને કહ્યું. "હે મુગ્ધ! એવો મરણ વૈરાગ્ય હિત નથી; મૃત્યુથી કોઇ પણ આત્મા કરેલાં કર્મથી છુટતો નથી. કારણ કે કરેલાં કર્મ તો કોઇ પણ રીતે છુટ થતાં નથી; શુભ અથવા અશુભ જેવું તેવું કર્મ કર્યું હોય, તે અવશ્ય ભોગવવુંજ પડે છે. શ્રી તીર્થંકર ભગવાન પણ કર્મ કરીનેજ, પોતાના પૂર્વનાં પાપકર્મથી

છૂટે છે. માટે તું યાવજ્જીવ શુદ્ધ ધર્મ અંગીકાર કર, તેથીજ તું અન્ય ભવમાં સુખી થઈશ."

એવા ઉપદેશથી વૈરાગ્ય પામી નંદિષેણે ગુરૂ પાસે વ્રત ગ્રહણ કર્યું. પછી તો તે વિનય પૂર્વક અધ્યયન કરતો છતો ધર્મશાસ્ત્રમાં ગીતાર્થ થયો. વળી તેણે એક એવો અભિગ્રહ કર્યો કે, "બાળ, વૃદ્ધ કે, રોગવાળા સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછીજ મ્હારે જમવું." એ પ્રમાણે તે નિત્ય વૈયાવચ્ચ કરવા લાગ્યો.

એ વાત ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને પોતાની સભામાં કહ્યું કે, "નંદિષેણ જેવો વૈયાવચ્ચમાં નિપુણ બીજો કોઈ માણસ નથી." એક દેવે આ વાત નહિં માની રત્નપુરમાં આવી એક રોગી સાધુનું રૂપ લીધું ને અતિસાર યુક્ત દેહ કર્યો. બીજું સાધુનું રૂપ લઈ તે જે ગામમાં નંદિષેણ હતો તે ઉપાશ્રયે ગયો. ત્યાં તો નંદિષેણ આહાર વહોરી લાવી ને ઇર્યાપથિકી પ્રતિક્રમીને, અન્નપાણીનું પચ્ચખ્ખાણ પારીને આહાર લેવા બેઠો. એટલે તે સાધુના રૂપવાળા દેવે કહ્યું. "તમે સાધુની વૈયાવચ્ચ કરવાનો નિયમ કર્યો છે, છતાં તેને તેમ કર્યા વિના કેમ અન્ન લ્યો છો ?" નંદિષેણના પૂછવા ઉપરથી તેણે કહ્યું. "નગરની બહાર એક રોગી સાધુ છે, તેને શુદ્ધ જળનો ખપ છે." તે સાંભળીને શુદ્ધ જળ લેવાને નંદિષેણ શ્રાવકને ઘેર ગયા. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પેલો દેવ-સાધુ જળને અશુદ્ધ કરી નાંખે, એ બહુ બહુ ઘેર ભટકયા પછી પોતાની લબ્ધિના પ્રભાવે, માંડ માંડ, અકસ્માત્ શુદ્ધ જળ કોઈ જગાએથી લઈ, પેલા દેવ-સાધુની સંગાથે તે ( નંદિષેણ ) નગરની બહાર રોગી સાધુ પાસે ગયો. તેમને અતિસારથી પીડાતા જોઈ "તેમની વૈયાવચ્ચથી હું કૃતાર્થ થઈશ." એમ માની તેમને ધોવા લાગ્યો. જેમ જેમ ધોતો જાય, તેમ તેમ બહુજ દુર્ગંધ નીકળવા લાગી. તે ઉપરથી તે કહેવા લાગ્યો. "અહો! આ સાધુ ભાગ્યવાન્ છતાં પણ આવા રોગવાળા છે; માટે રાજા, કે રંક, યતિ કે ઇંદ્ર, કોઈ કર્મથી છુટતું નથી." પછી તે સાધુને ખભા ઉપર બેસાડી પૌષધશાળામાં લાવવાને ચાલવા લાગ્યો. રસ્તે બહુ બહુ દુર્ગંધ તથા તેનાં કડવાં વચનથી પણ તેણે દુર્ગંછા કરી નહીં. તે ધીમો ચાલે ત્યારે કહે કે, "કુડી રસ્તેજ મ્હારૂં મૃત્યુ થશે તો મ્હારી દુર્ગતિ થશે; હું આરાધન પણ નહિં કરી શકું." વળી તે ઉતાવળો ચાલે ત્યારે કહે કે, "આ પ્રમાણે ચાલીશ તો તો મ્હારા પ્રાણજ નીકળી જશે; આ તેં બહુ સારો અભિગ્રહ લીધો જણાય છે!!" ( એ સાંભળી રહીને ) મહા કષ્ટે તે, તે સાધુને ઉપાશ્રયે લાવ્યો.

ત્યાં આવીને તેણે વિચાર કર્યો કે, "આ સાધુને હું કેવી રીતે નિરોગી કરીશ ?" એમ બોલીને તે પોતાની નિંદા કરવા લાગ્યો; પણ તે દેવ સાધુએ જોયું કે 'નંદિષેણ વૈયાવચ્ચ કરવામાં મેરુ સમાન નિશ્ચળ છે.' ત્યારે તે દેવે પ્રત્યક્ષ સઘળું સર્વ દુર્ગંધમય હતું, તે સંહરી લીધું; ને નંદિષેણની ઉપર પુષ્પવૃષ્ટિ કરીને કહ્યું. "હે મુનિ! આપને ધન્ય છે! ઇંદ્રે વર્ણન કર્યું હતું તેના કરતાં પણ આપ અધિક છો." એમ કહી ખમાવીને તે દેવ સ્વર્ગે ગયો.

ત્યાર પછી નંદિષેણ ઋષિએ બાર હજાર વર્ષ પર્યંત તપ કર્યું. તપને અંતે તેણે અણસણ આદર્યું. તે પછી તેને વંદન કરવાને, પોતાની સ્ત્રી સહિત ચક્રવર્તી ત્યાં આવ્યો. તે સ્ત્રીના અતિ સુકુમાર અને કોમળ કેશ જોઈને તેણે નિયાણું બાંધ્યું કે, હું પણ આ તપના પ્રભાવથી બહુ સ્ત્રીનો વલ્લભ થઉં." પછી ત્યાંથી મૃત્યુ પામીને તે મહાશુક્ર દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને સૂર્યપુરીને વિષે અંધકવૃષ્ણિની સુભદ્રા નામે સ્ત્રીને (પેટ ઉપર) દશમો વસુદેવ નામે પુત્ર થયો. ત્યાં તે બહોંતેર હજાર સ્ત્રીઓને પરણ્યો. (એ વાત વિસ્તારથી વસુદેવહિંડમાં નેમિચરિત્રમાંથી જાણી લેવી). ઇતિ બીજા નંદિષેણ મુનિની કથા.

૧ સુકુલિન, ૨ બેસાડીને, ૩ [illegible]

## સિંહગિરિ.

આ કથા વજ્રસ્વામીની કથામાં આવી ગઇ છે, તે ઉપરથી જાણી લેવી.

## કૃતપુણ્ય કુમાર.

નિત્ય દાનાદિ કરનારો ભવ્ય પ્રાણી, કૃતપુણ્ય શેઠની પેઠે આલોકમાં તેમ પરલોકમાં સુખ સંપત્તિને પામે છે.

પૃથ્વિરૂપી સ્ત્રીના કપાળને વિષે આભૂષણ સમાન અને સ્વર્ગપુરી જેવું રાજગૃહ નામે એક નગર હતું. ત્યાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. દુશ્મનરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય જેવો તે રાજા પૃથ્વિનું ન્યાયમાર્ગે પાલન કરતો હતો. તે નગરમાં ધનેશ્વર નામે બહુ દ્રવ્યવાન્ સાર્થવાહ રહેતો હતો. તેને સુભદ્રા નામે શીળવતી સ્ત્રી હતી. પૂર્ણ પુણ્યના ઉદયથી તે દંપતીને કૃતપુણ્ય નામે પુત્ર થયો. તે અનુક્રમે વૃદ્ધિ પામ્યો ને સર્વ કળામાં કુશળ થયો. એટલે તેના માતા પિતાએ તેને શ્રીદ શેઠની ધન્યા નામે પુત્રી સાથે પાણિગ્રહણ કરાવ્યું.

આ શ્રેષ્ઠીપુત્ર તો નિરંતર સાધુઓની સંગતિમાં રહેવાથી વિષયને વિષે અવળા મુખવાળો થયો. તે જોઇને તેના માતા પિતા વિચારવા લાગ્યા. "અહો ! એ જો કદાચિત્ દીક્ષા લેશે તો આપણી શી ગતિ થશે ?" એમ ધારીને તેમણે તેને ગણિકાને ત્યાં રાખ્યો. જેથી તે તેના જેવો થાય. કહ્યું છે કે—આંબો અને લીંબડો એ બે વૃક્ષનાં મૂળ એકઠાં ભેળાં હોય તો સંસર્ગને લીધે લીંબડો આંબા જેવો ન થાય, પણ આંબો લીંબડા જેવો થાય. કૃતપુણ્ય નટ-વિટ ગણિકા પાસે રહેવાથી તેવુંજ શીખ્યો. તે એટલે સુધી કે, ગણિકા ઉપર આસક્ત થઈ જવાથી માતા પિતાને પણ ભૂલી ગયો ! અને તે અનંગસેના નામની ગણિકાનું પડખું જરા પણ મૂકતો નહિ ! તેનાં માત પિતા પણ તેના ભોગને અર્થે પુષ્કળ દ્રવ્ય તેને મોકલતા. ત્યાં રહેતાં તેને બાર વર્ષ વીતી ગયાં. તે તેને ક્ષણ જેવાં લાગ્યાં.

અહિં તેને ઘેર તીવ્ર જ્વર ઉત્પન્ન થવાથી તેનાં માત પિતા મૃત્યુ પામ્યાં. એકદા પેલી અનંગસેના ગણિકાએ પોતાની દાસીને ધન લેવાને અર્થે કૃતપુણ્યને ઘેર મોકલી. તે ગઇને જોયું તો ઘર શૂન્ય હતું. તેથી તે કૃતપુણ્યની સ્ત્રીની પાસે જઇને કહેવા લાગી કે, "હે સ્ત્રી ! ત્હારા પતિએ કુશળ સમાચાર પૂછ્યા છે ને ત્હારી પાસેથી દ્રવ્ય મંગાવ્યું છે. તે મ્હારી શેઠાણી પાસે છે, ને ત્યાંથી ધન મંગાવ્યું છે માટે મને તે આપો. તમારા પતિ કુશળ છે ને તમારી કુશળતા પૂછાવી છે." કૃતપુણ્યની સ્ત્રીએ એ સર્વ સાંભળીને પ્રસન્ન મુખે કહ્યું. "સખિ, મ્હારા સ્વામીની આજ્ઞા હું મસ્તકે ચડાવું છું, પણ દૈવજ વિપરીત છે, ત્યાં કુશળ સમાચાર શા કહું ? તું ધન લેવા આવી છે તે ખરૂં, પણ હું શું કરૂં ? મંદભાગ્યને લીધે મ્હારા સાસુ સસરા મૃત્યુ પામ્યા છે. તેમણે તેને ધન મોકલી મોકલીને તો ઘરની આવી દશા કરી છે. હવે તો મ્હારી પાસે મ્હારા પિતાનું આપેલું એક આભૂષણ છે તે તું લે, લઇ જા. તે આપીને મ્હારા સ્વામીને હર્ષ પમાડ." તે આભૂષણ લઇને દાસી કૃતપુણ્ય શેઠ પાસે ગઇ. તે તેને આપીને દાસીએ ઘરનું સ્વરૂપ કહી બતાવ્યું. તે સાંભળીને તેણે ખિન્ન થઇને તે આભૂષણ વેચવાને આપ્યું.

પછી દાસીએ એ કૃતપુણ્યના ઘરની સ્થિતિ વિષે કુટ્ટિનીને કહ્યું. ત્યારે કુટ્ટિનીએ કહ્યું. "હવે એ નિર્ધન થએલા શેઠને કોઈ રીતે કાઢી મૂકવો જોઇએ." એમ વિચારીને તેના તરફ ધૂળ ચિરે નાંખવા માંડી ! તે જોઇ અનંગસેના તેણીની માતા પાસે કહેવા લાગી. "એ ગુણવાન શેઠે આપણે ત્યાં ઘણાં વર્ષ સુધી રહી આપણને બહુ દ્રવ્ય આપ્યું છે;

તો આપણાથી હવે તેની એમ વિડંબના કેમ થાય ! ” કુટ્ટિનીએ કહ્યું. “ એ તો આપણો કુળાચાર છે. જ્યાં સુધી તેની પાસે દ્રવ્ય હોય, ને તે આપણને આપે ત્યાં સુધી આપણે તેનું સન્માન કરવું. ” એ સાંભળીને કૃતપુણ્ય વિચારવા લાગ્યો કે, “ સ્ત્રીઓના મનમાં એક વાત હોય છે, તો તે બહારથી બીજી જ બોલે છે. ને કરે છે તે તો વળી તદ્દન જુદુંજ. સ્ત્રીઓમાં આ ગુણ સાધારણ હોય છે. આવી સ્ત્રીઓ કેવી રીતે સુખદાયક થાય? વેશ્યા સ્ત્રી દ્રવ્યવાન એવા કુષ્ઠિ માણસને પણ કામદેવ સમાન ગણે છે અને પોતાનો સ્નેહ બતાવે છે. માંસનું બનેલું ને મળની વાસનાવાળું અને ઉચ્છિષ્ટ ભોજન જેવું અનેક પુરુષોએ ચુંબિત એવું જે વેશ્યાનું મુખ તેનું કોણ ચુંબન કરે ! ” ઇત્યાદિ કુટ્ટિનીએ કરેલી વિડંબના સહન કરીને કૃતપુણ્ય પોતાના ઘર તરફ ચાલ્યો.

ઘર આગળ આવીને જુએ છે તો ઘર તદ્દન પડી ગયા જેવું થઇ રહ્યું છે. અંદર ગયો એટલે તેની સ્ત્રીએ તેને આવતો દીઠો. એટલે તે ઉતાવળી ઉભી થઇ. હર્ષ પામી હાથમાં જળનો કળશ લઇને સામી આવી. પછી કૃતપુણ્ય તે જળથી હાથ, પગ અને મુખ ધોઇ પ્રિયાએ આપેલા આસન ઉપર બેઠો. પછી તેણીએ ભોજન સામગ્રી તૈયાર કરવા માંડી. એટલામાં કૃતપુણ્યે સ્નાન કરી દેવમંદિરે જઈ રૂડાં પુષ્પવડે પૂજા કરીને જિનેશ્વર ભગવાનની સ્તોત્રવડે સ્તુતિ કરી. ત્યાંથી આવીને ભોજન કર્યું. જમ્યા પછી તેને તેની સ્ત્રીએ ઘરનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને તે બોલ્યો. “ અહો ! હું અત્યંત દુર્ભાગી કહેવા કે, મેં મ્હારા માતા પિતાને પણ સુખ દીધું નહી ! મ્હારા જેવા પુત્ર હોય તોએ શું ! ને ન હોય તોએ શું ! કહ્યું છે કે-શોક ઉત્પન્ન કરનારા ઘણા પુત્રોવડે શું ? કુળદીપક એવો એક પુત્ર હોય તે સારો. કારણકે, જે પુત્રવડે કુળ પ્રસિદ્ધિને પામે છે. વળી જે પોતાના બંધુઓમાં ધર્મ વધારે અને પિતાના કુળમાં યશ વધારે, તેજ ખરો પુત્ર જાણવો. બીજા પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા પુત્રો તો વૈરીજ સમજવા. વળી શેલડીના ક્ષેત્રમાં જેમ વાંસ નીપજવાથી તે ક્ષેત્ર નાશ પામેછે અને કદલીવૃક્ષ પણ એક વખત ફળ્યા પછી નાશ પામેછે, તેમ દુષ્ટ પુત્રને લીધે કુળ પણ વિનાશ પામેછે, તેવીજ રીતે અહો ! મેં પણ મ્હારા માતા પિતાને અગાધ દુઃખ સમુદ્રમાં નાંખ્યા અને તેમનું પરંપરાએથી સંચય કરેલું દ્રવ્ય પણ ગુમાવ્યું ! ” પણ તેની સ્ત્રીએ કહ્યું. “ હે પ્રિય ! શોક ન કરો. જે બનવાનું હોય તે બનેજ છે. કહ્યું છે કે-ડાહ્યા માણસે ગઇ વસ્તુનો શોક ન કરવો. આવતા કાળની ચિંતા ન કરવી, પણ વર્તમાન કાળ પ્રમાણે વર્તવું. કર્મ એજ પ્રધાનછે. રૂડા ગ્રહ હોય તે શું કરી શકે ! કારણ કે, વશિષ્ટ જેવાએ મુહુર્ત આપ્યા છતાં રામને કેમ વનમાં જવું પડ્યું?” ઇત્યાદિ પ્રિયાનાં વચન સાંભળીને શોકનો ત્યાગ કરીને તેણે મનનું સમાધાન કર્યું અને તે ઘરમાં રહેવા લાગ્યો. અનુક્રમે સંસારનાં સુખ ભોગવતાં છતાં તેની સ્ત્રીને ગર્ભ રહ્યો.

એકદા કૃતપુણ્ય શેઠે પોતાની પ્રિયાને કહ્યું. “ મ્હારા જેવો બીજો કોઇ પાપી પુરુષ નહિ હોય. કારણ કે, મ્હારે લીધે મ્હારા માતા પિતા દુઃખી થઇને મૃત્યુ પામ્યાં મેં ધનનો નાશ કર્યો ! ત્યારે હવે મ્હારે શું કરવું ! દ્રવ્ય વિના વ્યાપાર પણ કેમ થાય ! જેમ બીજ અને પાણી વિના ખેતી થાય નહિ. તેમ નીતિ વિના પણ લક્ષ્મી ઉપાર્જન થઈ શકતી નથી. ” પ્રિયાએ કહ્યું. “ હે નાથ ! ખેદ ન કરો. એવી એવી વૃથા કલ્પના ન કરો. મ્હારી પાસે એક હજાર મ્હોરો છે, તે આપ સ્વિકારો (લ્યો) ને મને કૃતાર્થ કરો. ને તે લઇને આપ વ્યાપાર કરો.” પછી તે એક શુભ દિવસે બહુ મૂલ્યનું સ્વરૂપ કરિયાણું લઇને પૂર્વ દિશા તરફ એક મ્હોટા સાથે સાથે જવાને તૈયાર થયો. તેથી તેની સ્ત્રી તેને શકુને વખતે

એક દેવમંદિરને વિષે શય્યા ઉપર સુવાડી પાછી ઘેર આવી.

હવે તેજ નગરને વિષે એક મહા દ્રવ્યવાન્ ધનદ નામનો વ્યવહારી વસતો હતો. તેની સ્ત્રીનું નામ રૂપવતી હતું. તેને ધર્મ કરતાં થકાં અનુક્રમે જિનદત્ત નામનો પુત્ર થયો. એવામાં તે વ્યવહારી મૃત્યુ પામ્યો. તેથી તેની સ્ત્રીએ જિનદત્તને સર્વ કાર્યમાં કુશળ કરી ચાર શ્રેષ્ઠીપુત્રી સાથે તેનાં લગ્ન કર્યાં. તેણીઓની સાથે તે અનેક પ્રકારના વૈભવ ભોગવવા લાગ્યો, પણ એકદા રાત્રીએ તે અકસ્માત્ મૃત્યુ પામ્યો. એટલે તે સ્થવિર એવી રૂપવતીએ સર્વે વહુઓને બોલાવીને કહ્યું. "જો તમારા સ્વામીના મૃત્યુની રાજાને ખબર પડશે, તો તે આપણું દ્રવ્ય લઇ જશે; કારણ કે, તમારે એક પણ પુત્ર નથી. માટે તમારે રુદન કરવું નહિ પણ ગુપ્ત રીતે કોઇ ન જાણે તેમ શબને ભૂમિમાં સ્થાપી દેવું. હું પણ રુદન નહી કરૂં." તે સાંભળીને ચારે વહુઓએ પણ તેમ કરવાની હા કહી. વળી સાસુએ કહ્યું. "તમે દેવકુળ પાસે સંઘ પડ્યો છે ત્યાં જાઓ. ત્યાં કોઈ માણસ નિંદ્રાવશ હોય તેને ધીમે ધીમે અહિં ઉપાડી લાવો. તેની તમારા સ્વામીની પેઠે ભક્તિ કરજો. તે ત્યાં સુધી કે, જ્યાં સુધી તમને પુત્ર પ્રાપ્તિ થાય ત્યાં સુધી."

તે સાંભળીને તે ચારે વહુઓ પોતાના મૃત્યુ પામેલા પતિના શબને ભૂમિમાં સ્થાપી આવીને સાસુના કહ્યા પ્રમાણે દેવમંદિર પાસે ગઈ. ત્યાં કૃતપુણ્ય શેઠને સુતેલો જોઇને તેને ઉપાડીને ધીમે ધીમે ઘેર લઇ આવી. આવીને કહેવા લાગી કે, "હે પતિ! આપ ચિરકાળ પર્યંત જયવંતા વર્તો." સ્થવિરા રૂપવતી પણ ચારે વહુઓના જોતાં કૃતપુણ્યને કંઠે વળગી લજ્જા છોડી રુદન કરતી કહેવા લાગી. "હે વ્હાલા પુત્ર! તું ત્હારી માતાને આજ સુધી ત્યજી દઇને ક્યાં ગયો હતો? ને ક્યાં રહ્યો હતો? હું ત્હારી માતા નિરાલંબન થઈ પડી હતી; કારણ કે, હે પુત્ર! ત્હારો જન્મ થતાંજ કોઇ પાપી તને લઇ ગયું હતું." પછી પ્રભાતે તે વળી કહેવા લાગી. "ત્હારો મ્હોટો ભાઇ હમણાં મૃત્યુ પામ્યો છે, તો તેની સંપત્તિ હવે ત્હારી ઠરી. મને હર્ષ ને શોક બન્ને થાય છે. તે ત્હારા ભાઇની આ ચારે સ્ત્રીઓ 'નદી જેમ સમુદ્રને મળે છે, તેમ તને મળે છે.' માટે હે પુત્ર! હવે ત્હારે ક્યાંય પણ જવું નહી. અહિં સ્વસ્થ થઇને રહે, ને આ ચારે ત્હારી સ્ત્રીઓ સાથે ભોગ વિલાસ ભોગવ."

કૃતપુણ્યે તો આ સર્વ જોઇને વિચાર્યું કે, "આ તે શું સ્વપ્ન છે કે ખરૂં છે? મને તો અહિં સ્વર્ગનું સુખ મળ્યું!" એમ વિચારીને કૃતપુણ્ય કહેવા લાગ્યો કે, "હે માતા! હું તો આ સર્વ ભૂલી ગયો છું. હમણાં અહિં આવ્યો તે ફક્ત શુભકર્મના ઉદયને લીધેજ." એમ કહીને વળી તે વિચારવા લાગ્યો. "આ લક્ષ્મીનો યોગ અને આ સુંદર સ્ત્રીઓનો યોગ એ બન્ને યોગ પોતાની મેળેજ આકાશમાંથી ઉતરી આવ્યા છે! તો હવે મ્હારે તે વિષે વિકલ્પ શા કરવા?" આમ ધારીને તેણે રૂપવતીને કહ્યું. "હે માતા! હવે હું ત્હારી આજ્ઞા દેવની આજ્ઞાની પેઠે પાળીશ; કારણ કે, તે બન્ને લોકમાં સુખને દેનારી છે."

અનુક્રમે પછી ચારે સ્ત્રીઓને ગર્ભ રહ્યો. ચારેએ પુત્રને જન્મ આપ્યો. ચારે પુત્રોનો જન્મોત્સવ કર્યો. એમ ત્યાંને ત્યાં તેના સુખમાં ને સુખમાં બાર વર્ષ વહિ ગયાં. એકદા રૂપવતીએ પોતાની ચારે વહુઓને કહ્યું. "હવે તમોને ચારેને પુત્રો થયા છે. તેથી હવે રાજા આપણું ધન લઇ શકશે નહી. માટે આ તમારા પતિને તમે જે સ્થાનેથી લઇ આવ્યાં હો, તેજ સ્થાનકે મૂકી આવો." તે સાંભળીને વહુઓએ કહ્યું. "આપણા દ્રવ્યની વૃદ્ધિ કરનારને એમ કેમ મૂકી અવાય?" ત્યારે રૂપવતીએ કહ્યું. "પુત્રોનું સ્વરૂપ ન જણાય.

જો કદાચિત્ એ આપણું ધન લઈ જાય તો પછી આપણે શું કરીએ ? ” એમ કહી તે સ્ત્રીએ તેમને પરાણે ઉત્સાહવાળી કરી. પછી તે કૃતપુણ્યને ભાતાને અર્થે ચાર મોદક બનાવ્યા ને તેમાં એકેક રત્ન મુકયું. તે ચારે મોદક સુઈ ગયેલા કૃતપુણ્યને વસ્ત્રે બાંધ્યા ને એને મુનેસેજ દાસી પાસે ઉપડાવીને અસલને સ્થાનકે મૂકી આવી.

હવે એમ બન્યું કે, તેજ દિવસે બાર વર્ષે પહેલાં ગએલો સંઘ પાછો આવ્યો, ને પ્રથમની પેઠે તે દેવમંદિર પાસે ઉતર્યો. પેલી રૂપવતી પણ કૃતપુણ્યને શય્યા સહિત અહિંજ મૂકીને ગઇ. સંઘ આવ્યો જાણીને કૃતપુણ્યની સ્ત્રી સામી આવી તો તેણીએ પોતાના પતિને ઉપલો જોયો. તેટલામાં તો તે જાગ્યો ! સ્ત્રીને જોઇને હર્ષ પામ્યો. ઉઠીને પ્રિયા સહિત ઘેર ગયો. પ્રિયાએ તેને ભક્તિ ગૌરવવડે અન્ન પાનાદિ જમાડી પોતાને પુત્ર આવ્યાની વાત કહી બતાવી. પછી તેણીએ તેને પૂછ્યું. “ હે પતિ ! પરદેશથી આપ શું શું લાવ્યા ? ” પતિએ ઉત્તર આપ્યો કે, “ પૂર્વભવના પાપના ઉદયથી હું કંઇ કમાયો નહીં. ” પછી પેલા ચાર મોદક હતા તે સ્ત્રીએ લઇને ભાજન (પાત્ર) માં મૂકયા.

તેમનો પુત્ર નિશાળે જતો, તેણે સવારમાં ખાવાનું માગ્યું. એ ઉપરથી માતાએ તેને પેલા ચાર મોદક (લાડુ) માંથી એક મોદક આપ્યો. તે લઇને તે નિશાળે ગયો. રસ્તામાં તેણે લાડુ ખાધો તો તેમાંથી એક રત્ન નીકળ્યું. તેને તે છોકરે પત્થરનો કકડો જાણ્યો. તે તે નિશાળે લઈ ગયો, ને બીજા નિશાળીઆઓને કહેવા લાગ્યો કે, “ આ પત્થર મને પાટી માંજવામાં બહુ કામમાં આવશે. ” પછી તે એમ કહીને તે પત્થર લઇને એક કંદોઈને ત્યાં પાટી માંજવા ગયો. ત્યાં તે પત્થર ( રત્ન ) પાણીના ભાજનમાં પડી ગયો. એટલે તે પાણીના બે વિભાગ થઇ ગયા ! તે જોઇને કંદોઇએ વિચાર્યું “ આ કોઈ ઉત્તમ રત્ન છે. માટે એ છોકરાને સમજાવીને હું તે લઈ લઉં. ” એમ વિચારી તે છોકરાને બે લાડુ આપીને પેલું રત્ન પોતે લઈ લીધું ને તેને ગુપ્ત રાખ્યું.

એકદા શ્રેણિક રાજાનો સેચનક નામનો હસ્તિ ગંગા નદીમાં જળ પીવા તથા સ્નાન કરવાને ગયો હશે, તેને કોઈ મગરમચ્છે પકડી રાખીને રૂંધ્યો, તેથી તે નિકળી શકયો નહીં. રાજા શ્રેણિક, અભયકુમાર સહિત ત્યાં ગયો. ઘણા ઉપચાર કરયા પણ તે સર્વ નકામા થયા ! તેથી રાજા બહુ ખેદ પામ્યો. એટલે બુદ્ધિશાળી એવા અભયકુમારે કહ્યું. “ એ હસ્તિને કોઇ જળજંતુએ રોકયો હશે. માટે જો કયાંહિથી જળકાંતમણિ મળી આવે તો તેને હસ્તિની પાસે ફેંકીએ, તો તેથી જળના બે વિભાગ થઇ જશે અને તેથી પેલો જીવ તત્કાળ હસ્તિને છોડીને જળમાં જતો રહેશે. ” તે સાંભળીને રાજાએ ભંડારમાંથી તેવો મણિ મંગાવ્યો, પણ ભંડારમાંથી તે નીકળ્યો નહીં ! ત્યારે નગરને વિષે પટહ વજડાવ્યો કે, “ જે જળકાંત મણિ લાવશે, તેને રાજા પોતાનું અર્દ્ધરાજ્ય ને પોતાની પુત્રી આપશે.” તે પટહ પેલા કંદોઇએ સાંભળ્યો. તેથી તે રાજા પાસે આવ્યો. રાજા તેને નદી ઉપર લઇ ગયા. ત્યાં બહુ લોક એકઠા થયા. તુરત જ તે કંદોઇએ રત્નને હસ્તિની પાસે ફેંકયું એટલે જળના વિભાગ પડી ગયા ! ને પેલો જીવ હતો તે જળમાં જતો રહ્યો. આ પ્રમાણે હસ્તિ મુક્ત થયો ત્યાં મૃદંગ, પટહ, ભેરી વિગેરે વાજિંત્ર વાગવા લાગ્યાં. રાજાએ હર્ષ પામીને કંદોઇને સન્માન આપ્યું. તેથી તે પણ બહુ પ્રમોદ પામ્યો. પછી રાજા તે હસ્તિ ઉપર બેસીને અભયકુમાર તથા કંદોઇને પણ ઘોડા ઉપર સ્વારી કરાવી બહુ મહોત્સવ સહિત નગરમાં આવ્યો અને યાચકોને દાન આપવા લાગ્યો. પછી સન્માન પામી કંદોઇ તો મણિ લઇને પોતાને ઘેર ગયો.

હવે પાછળ રાજાએ અભયકુમારને એકાંતમાં બોલાવીને કહ્યું. "મ્હારી મનોરમા પુત્રી, જે રાજપુત્રનેજ યોગ્ય છે, તેણીને હું આ કઠીઆરને કેવી રીતે આપી શકીશ?" તે સાંભળીને અભયકુમારે કહ્યું. "હે સ્વામિન્! આપ એ વિષે બેફિકર રહો. હું એ રત્નના ખરા માલિકને શોધી કહાડીશ. પછી આપનું ધાર્યુંજ થશે. આવું શ્રેષ્ઠ રત્ન રાજાને ઘેર કે, કાં તો પ્રધાનને ઘેર હોય; પણ કઠીઆરને ઘેર ન હોય. કહ્યું છે કે—અમૃત તો ચંદ્રમામાં હોય, તેજ સૂર્યમાંજ હોય, રત્ન સમુદ્રમાં હોય, ગ્રહ આકાશમાંજ હોય, ઐરાવણ હસ્તિ દેવલોકમાંજ હોય, મયૂરના શીખંડ-પાંખામાંજ હોય; તેમ ચક્ર પણ ચક્રવર્તિને ત્યાં હોય, બીજે હોતાં નથી. વળી રત્નો પણ રોહણાચળે કે સમુદ્રમાંજ હોય, ને હસ્તિઓ પણ વિંધ્યારણ્યમાંજ હોય છે. બીજે હોતા નથી. તે પ્રમાણે ઉત્તમ વસ્તુઓ પણ રાજાને ત્યાં, મોટા વ્યવહારીઆને ત્યાં કે પ્રધાનને ત્યાંજ હોય છે. બીજે નથી હોતી. માટે આ રત્ન કોઈ વ્યવહારીઆનું હશે. જેનું હશે તે તેનેજ અર્દ્ધરાજ્યને કન્યા મળશે." તે અભયકુમારની આવી બુદ્ધિ ઉપરથી શ્રેણિક રાજા ખુશી પામ્યો.

પછી અભયકુમારે પેલા કઠીઆરને બોલાવવાને સેવકોને આજ્ઞા કરી. તે એમ કહીને કે, "તને અર્દ્ધરાજ્ય અને રાજાની પુત્રી આપવી છે." તે સાંભળીને તે અને તેના સંબંધી સંતુષ્ટ થયા. કઠીઆરો તો ઉત્તમ વસ્ત્ર પહેરી દરબારમાં આવ્યો. તેને સન્માન આપીને અભયકુમારે પૂછ્યું. "આ રત્ન તને ક્યાંથી જડ્યું?" તેણે ઉત્તર આપ્યો કે, "એ તો મ્હારા ઘરમાં કુલક્રમથી છે." તે ઉપરથી અભયકુમારે પહેલાં શીખવી રાખેલા અનુચરોને બોલાવીને કહ્યું. "આને અર્દ્ધરાજ્ય અને કન્યા આપો." સેવકોએ તે સાંભળીને ચાબખા વડે તેના ઉપર એવી રીતે પ્રહાર કર્યા કે, તે ક્ષણમાં નિશ્ચેતન થઈ કાષ્ઠ જેવો થઈ ગયો. થોડી વારે બુદ્ધિ આવી ત્યારે તેને વળી અભયકુમારે પૂછ્યું. "બોલ, સાચી વાત કહે, નહિ તો પ્રહારથી મૃત્યુ આવ્યું સમજજે." મૃત્યુના ભયથી કઠીઆરે ખરી વાત કહી દીધી. અભયકુમારે એ સર્વ વાત સાચી માની; કારણ કે, સુવર્ણનો પર્વત મેરૂ શિવાય અને કલ્પવૃક્ષ સ્વર્ગ શિવાય હોય નહીં. એ ઉપરથી રાજાએ અભયકુમારના વચનથી કૃતપુણ્ય શેઠને અર્દ્ધ રાજ્ય આપ્યું અને પોતાની મનોરમા પુત્રીને પરણાવી. રાજાના આદેશથી અભયકુમારે પછી તે કઠીઆરને પણ એક ગામ અને એક કઠીઆરની કન્યા પરણાવી. એટલા માટે કે, સજ્જનનું કહેવું નિષ્ફળ ન જાય.

ત્યાર પછી તેણે કૃતપુણ્યને મનોરમા સહિત વાજતે ગાજતે તેને ઘેર મોકલાવ્યા. તે દંપતીને જોઈને લોકો કહેવા લાગ્યા. "જેવી રતિ અને કામદેવની, લક્ષ્મી અને કૃષ્ણની, તેમજ ગૌરી અને શંભુની જોડી શોભે છે, તેવી આ જોડી શોભે છે."

હવે તો કૃતપુણ્યને ને અભયકુમારને ચંદ્રને સમુદ્રના જેવી અને કમળને સૂર્યના જેવી પ્રીતિ થઈ. એકદા કૃતપુણ્ય શેઠે અભયકુમારને પોતાની ચાર સ્ત્રીઓ અને તેણીનાથી જન્મેલા ચાર પુત્રો સંબંધી વાત કહી. પણ કહ્યું કે, "હું તે મંદિર ઓળખતો નથી." અભયકુમાર મંત્રીએ કહ્યું. "અહો! આશ્ચર્ય છે કે જે ઘરમાં તમે બાર વર્ષ સુધી રહ્યા, તે ઘર તમે જાણતા નથી!! શું તમારૂં ભાગ્ય!" કૃતપુણ્ય શેઠે કહ્યું. "મને ત્યાં લઈ ગયા ત્યારે હું ઉંઘી ગએલો હતો, ને પાછા મૂકી ગયા ત્યારે પણ એજ અવસ્થામાં હતો અને મને ત્યાં પણ અંદરજ મને રાખ્યો હતો." અભયકુમારે કહ્યું. "તમને તમારા ચાર પુત્રો ઓળખે કે નહિ?" ત્યારે તેણે કહ્યું. "અહો! કેમ ન ઓળખે! તેઓ હમેશાં મ્હારી મુખ પકડતા ને ખોળામાં બેસીને આપા, આપા કહીને નિત્ય બોલાવતા." પછી અભયકુમારે પૂછ્યું.

રીને મુનિને કહેવા લાગ્યો. "અહો! મ્હારાં ધન્ય ભાગ્ય કે, આજે આપનાં પગલાં થયાં! આપ આ શુદ્ધ આહાર ગ્રહણ કરો." એમ કહીને એક ભાગની ખીર તેણે તેમને વહોરાવી. ફરી તે વિચારવા લાગ્યો. "આટલી ખીરે એમને શું થશે?" એમ કહીને તેમને બીજી વાર ખીર વહોરાવી. વળી થોડી ત્રીજી વાર વહોરાવી. તે સાધુઓ ગયા પછી તે ગોવાળની માતા આવી. તેણે તેને બાકીની ખીર પીરસી. અનુક્રમે તે ગોવાળ મૃત્યુ પામ્યો ને તેનો જીવ ફરી અવતર્યો તે તું. તેં ત્રણ વાર વિભાગ કરીને દાન દીધું, તે ઉપરથી તને એવું આંતરે આંતરે ત્રણવાર સુખ મળ્યું."

પ્રભુએ કહેલો પોતાનો પૂર્વભવનો વૃત્તાંત સાંભળીને કૃતપુણ્ય શેઠે પોતાના મોટા પુત્રને ઘરનો ભાર સોંપ્યો. સાતે ક્ષેત્રોમાં તેણે ધનનો વ્યય કર્યો. પછી તેણે શ્રી વીર ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. અંતે દેવલોકને વિષે ગયા. ત્યાંથી ચ્યવીને તે મોક્ષે જશે. ઇતિ.

## સુકોશળ મુનિ

જે પ્રાણી વાઘ, સિંહ પ્રમુખ જનાવરોના ઉપસર્ગોને સહન કરે છે, તે પ્રાણી સુકોશળ મુનિની પેઠે શિવપદને પામે છે.

પૂર્વે અયોધ્યા નામે નગરીમાં ઇક્ષ્વાકુ વંશનો કીર્તિધર નામે રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો. તેને સહદેવી નામે રાણી હતી. તેમને સુકોશળ નામે પુત્ર થયો. તે અનુક્રમે ધર્મશાસ્ત્ર અને કર્મશાસ્ત્ર પ્રમુખ શીખ્યો. એકદા શ્રી ધર્મઘોષ નામે આચાર્ય ત્યાં પધાર્યા. રાજા પ્રમુખ ધર્મ સાંભળવાને ગયા. ગુરુએ ઉપદેશ આપ્યો કે, "જે પ્રાણી આર્ય દેશ, ઉત્તમ કુળ, રૂપ, બળ, આયુષ્ય, બુદ્ધિ અને આવું દુર્લભ મનુષ્યપણું પામીને ધર્મકાર્ય કરતા નથી, તે મૂર્ખ પ્રાણી સમુદ્રમાં જહાજ ડૂબે તેમ સંસારમાંજ ખૂંચી જાય છે. વળી જ્યાં સુધી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત નથી થઇ, શરીરમાં રોગ નથી આવ્યો અને ઇંદ્રિયો પણ હીન નથી થઇ, ત્યાં સુધીમાં ધર્મ આચરવો. વિષયભોગ ફક્ત હલકા પુરુષોનેજ વશ્ય કરે છે પણ ઉત્તમ પુરુષોને નહી. જેમ કે, વેલાથી તો મચ્છર બંધાય પણ કાંઇ હસ્તિ બંધાય નહી. વળી વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત શરીરવાળા માણસનું શરીર સંકોચાઇ જાય છે, દાંત પડી જાય છે, આંખનું તેજ ઘટે છે, શરીરનું રૂપ બદલાય છે, મુખમાંથી લાળ નીકળે છે, બંધુવર્ગ તેની સાથે વાતચિત કરતો નથી, સ્ત્રી પણ સેવા કરતી નથી અને પુત્રો પણ અવજ્ઞા કરે છે. અને ચાકર કહ્યું કરતા નથી. એવું એવું કષ્ટ છે. વળી સંધ્યા સમયના રંગ, પાણીના પરપોટા અને દાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપ જીવ! તું બોધ નથી પામતો એ શું?"

આચાર્યને મુખેથી એ પ્રમાણે ધર્મોપદેશ સાંભળીને કીર્તિધર રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમણે પોતાના ન્હાની વયના પણ સુકોશળ પુત્રને રાજ્ય કારભાર સોંપી દીક્ષા ગ્રહણ કરી. શાસ્ત્રાર્થ ગ્રહણ કર્યા પછી તે એકાકીવિહારી થઇ વિચરવા લાગ્યા.

પાછળ માતાએ પુત્ર સ્નેહને લીધે સુકોશળની દંતપંક્તિ ( દાંતની ઓળ ) ને સુવર્ણથી મઢાવી. તે પુત્ર જ્યારે જ્યારે પિતાને સંભારે, ત્યારે ત્યારે તેની માતા પોતાના પતિ કીર્તિધરના દોષજ બતાવે.

એકદા કીર્તિધર રાજા મુનિ ભિક્ષાને અર્થે અયોધ્યા નગરીમાં આવ્યા. તેમને [illegible] તેથી તે રાણીએ વિચાર કર્યો કે, "જો મ્હારો પુત્ર આને [illegible] આ સાધુ [illegible]" એમ વિચાર

રીને તેણીએ સુકોશલને ખબર ન પડે તેવી રીતે તે મુનિના સેવક પાસે પરાભવ કરાવીને તેમને નગરમાંથી કઢાવી મૂક્યા. એ વાત ધાત્રીએ સુકોશલને કહી, તે ઉપરથી તેણે સાધુને શહેરમાં આવવા વિનંતિ કરી; પણ કીર્તિધરે ઉપસર્ગનો સંભવ બતાવીને અંદર આવવાની ના કહી. એથી સુકોશલે માતાનો અપરાધ (વાંક) સમજીને સર્વ રાજ્ય ત્યજી દઇને તેમની પાસે દીક્ષા અંગીકાર કરી; ને તેમની (પોતાના પિતાની) સાથે વિહાર કરવા લાગ્યો. તેઓ બન્ને તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.

હવે સહદેવી રાણી પોતાના પતિ અને પુત્રના વિયોગને લીધે આર્તધ્યાને મૃત્યુ પામી વનને વિષે વાઘણ થઈ. એકદા તે બન્ને મુનિ (પિતા-પુત્ર) વિહાર કરતા કરતા, આ વાઘણ રહેતી હતી તે વનમાં આવ્યા. વાઘણને સામી આવતી જોઇને 'ઉપસર્ગ થશે' એમ જાણી કીર્તિધરે બીજે માર્ગે જવાનું કહ્યું, પણ સુકોશલે તે ન માન્યું. તે તો સાહસ આદરીને તેજ માર્ગે ગયો ને અનશન કર્યું. ત્યાં તેને વાઘણે વિદારી જીવ લીધો. તેનું રૂડું ધ્યાન હોવાથી તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે સર્વ કર્મ ક્ષય કરી મૃત્યુ પામી મોક્ષે ગયો. વાઘણને સુકોશલની દંતપંક્તિ જોઈ ઈહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પુત્રને ઓળખી પોતે બહુ પશ્ચાત્તાપ કર્યો. આત્માને નિંદવા લાગી ને ત્યાંથી મૃત્યુ પામીને તે આઠમા સહસ્રાર દેવલોકે ગઈ. કીર્તિધર મુનિ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિપદ પામ્યા. ઇતિ.

## પુંડરીક કુંડરીક.

જે પ્રાણી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશ જિનેશ્વરને વંદન કરે, તે પ્રાણી તેજ ભવે મોક્ષે જાય. એવું શ્રી વીર ભગવાનનું કહેવું સાંભળીને ગૌતમસ્વામી ત્યાં ગયા. ત્યાં જઈ પ્રભુને નમસ્કાર કરીને જેવા તેઓ ગોખમાં બેઠા છે, તેવામાં ત્યાં વૈશ્રમણ દેવતા આવ્યો. તે પણ પ્રભુને વંદન કરીને તેમની પાસે ધર્મ સાંભળવા આવ્યો. એટલે તેમણે (ગૌતમસ્વામીએ) પુંડરીક નામનું અધ્યયન કહ્યું, તે તે દેવે સદ્દહ્યું. અનુક્રમે તે (દેવ) ત્યાંથી ચ્યવીને વજ્રસ્વામીના જીવપણે ઉત્પન્ન થયો. તે (પુંડરીક) અધ્યયન આ પ્રમાણે છેઃ—

જે પ્રાણી મન, વચન કાયાએ કરીને શુદ્ધ સંયમ પાળે છે, તે પ્રાણી પુંડરીક મુનિની પેઠે પાપથી મુક્ત થાય છે. વળી જે મનુષ્ય સંયમ લઇને તેની નિરંતર વિરાધના કરે છે, તે મનુષ્ય કુંડરીક મુનિની પેઠે દુર્ગતિએ જાય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કળાવતિ વિજયને વિષે સ્વર્ગપુરી સમાન પુંડરીકિણી નામે નગરી હતી. તેમાં મહાપદ્મ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામે શીળવતી રાણી હતી. આ દંપતીને અનુક્રમે પુંડરીક અને કુંડરીક નામે બે પુત્રો થયા.

એકદા નલિની વનના ઉદ્યાનને વિષે સાધુ પધાર્યા. તે સાંભળીને મહાપદ્મ રાજા પોતાના બન્ને પુત્રોને સાથે લઇને વંદન કરવા ગયો. મુનિએ ધર્મોપદેશ આપ્યો કે, "વ્યાધિ વેદનાથી ભરેલા અસાર સંસારમાં સુખ નથી, એમ જાણતાં પણ આ જીવ જિનપ્રણીત ધર્મને કરતો નથી." એ સાંભળીને વૈરાગ્ય પામી મહાપદ્મ રાજાએ પુંડરીકને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કર્યો.

પુંડરીક પોતાના ભાઇ કુંડરીક સહીત રાજ્ય કરવા લાગ્યો. એકદા પુંડરીક કહેવા લાગ્યો. 'હે ભાઈ કુંડરીક! મને બહુ સમય થયાં સંસાર ઉપરથી ચિત્ત વિરાગી થયું છે. માટે તું રાજ્ય ગ્રહણ કર; હું તો ચારિત્ર અંગીકાર કરીશ." ન્હાના ભાઇએ ઉત્તર આપ્યો કે, "હે મ્હોટા ભાઈ! તું કેમ એમ કહે છે? જે સત્પુરુષો હોય છે તે તો પોતાના વ્હાલાને સુખ આપે છે પણ તું તો મને ઉલટો સંસારરૂપી સમુદ્રમાં નાંખવાને ઇચ્છે છે! એમ કેમ?

વળી જિનેશ્વર ભગવાન કહે છે કે, રાજ્ય તો નરકાદિક દુર્ગતિને આપનારૂં છે." પુંડરીકે કહ્યું. "મને વિષયભોગ બિલકુલ રૂચતા નથી. કારણકે, આ મત્સરી અને વિષયમૂર્તિ જે ઇંદ્રિયો છે, તે માણસોને સંસારમાંજ રાખેછે." ત્યારે કુંડરીકે કહ્યું. " ભાઇ, તું કહે છે તે ખરૂં છે, પણ રાજાનો મ્હોટો પુત્ર હોય, તેણેજ રાજ્ય અંગીકાર કરવું જોઇએ. માટે હવે તું લેશ માત્ર મંજુર આપીશ નહી." એમ કહી પુંડરીકને બોલતો બંધ કરી કુંડરીકે દીક્ષા લીધી.

પુંડરીક પ્રજાનું પાલન કરનો થકો મન વિના શ્રીસુખ ભોગવતો અને ન્હાનો ભાઇ કુંડરીક તો નાના પ્રકારના અભિગ્રહ-તપ પ્રમુખ કરતો સંયમ પાળવા લાગ્યો.

હવે એકદા એમ બન્યું કે, કુંડરીકને કોઇ રાજાની સંપત્તિ જોઇને વિચાર થઇ આવ્યો કે, " અહો ! મેં વૃથા રાજ્ય ખોયું. હવે આવું કષ્ટ સહન કરવું પડેછે. આવા કષ્ટથી સ્વર્ગ મળે છે તેની કોને ખબર છે ? આ રાજ્ય તો પ્રત્યક્ષ સુખનું આપનારૂં છે. મેં વિના કારણે આ કાયાકલેશ વ્હોરી લીધો ! આવી તીવ્ર તપશ્ચર્યા કરવી, ને ઇંદ્રિયોને દમવી એ કાયરને બોલાવવાનેજ હેતુ છે. " આમ વિચારતો ધનનો લોભી કુંડરીક એકેંદ્રિયાદિ જીવની વિરાધના કરતો આવ્યો અને ભાઇ પાસેથી પિતાનું રાજ્ય લેવાને ઇચ્છાતુર થઇ પુંડરીકિણી નગરી પ્રત્યે ગયો. ત્યાં જઇ બહારના ઉદ્યાનમાં પોતાના સમસ્ત ઉપકરણને વૃક્ષની શાખાએ બાંધીને બેઠો. ઉદ્યાનપાળક પાસેથી પુંડરિકે પોતાના ભાઇના આગમનની ખબર જાણી. તેથી તે તેને વંદન કરવાને આવ્યો. ત્યાં તો વાંધા પડી તેણે પેલા વૃક્ષે બાંધેલાં ઉપકરણ જોઇ વિચાર્યું કે, " અહો ! આવા આવા વૈરાગ્યની વાસનાવાળા પણ આ રાજ્યની વિરાધના કરે છે ! તો એ સર્વ મોહનીકર્મનોજ વિલાસ જાણવો. કહ્યું છે કે ક્ષણમાં આસક્ત, ક્ષણમાં મુક્ત, ક્ષણમાં ક્રોધી અને ક્ષણમાં ક્ષમાવાન્ આ પ્રમાણે આત્માને તે કાંઇકાંઇ વાનરના જેવું ઉદ્ધતપણું આપે છે. "

આ તો કુંડરીકે કહ્યું. " હે ભાઇ ! આ ચારિત્ર મ્હારાથી પળાતું નથી, માટે મને રાજ્ય આપો. " મ્હોટા ભાઇએ કહ્યું. " મેં તને પહેલેથીજ કહ્યું હતું કે, તું દીક્ષા ન લે. તો પણ હવે રાજ્યની ઇચ્છા હોય તો તું રાજ્ય લે. મ્હારે સંયમ લેવો છે. " એમ કહી પોતે સંયમનાં ચિન્હ-ઓઘો મુહપત્તિ લીધાં અને છત્ર ચામરાદિ રાજ્યચિન્હ કુંડરીકે લીધાં. પછી પુંડરીક સાધુ તો નિઃશંકપણે વિહાર કરવા લાગ્યો.

અહિ કુંડરીક રાજ્ય પ્રાપ્ત થયા પછી બહુ અન્ન ખાવા લાગ્યો. તે ઉપરથી તેના સેવકો હસવા લાગ્યા ને તેને તેવું કહ્યું. " જેઓ મ્હારો ઉપહાસ કરે છે, તેમને મ્હારે શિક્ષા કરવી પડશે." પણ એવું બન્યું કે, તેજ રાત્રીએ કુંડરીકને વિશુચિકા (ઝાડો અને ઉલટી) થઇ ! સેવકોએ તેને બે ત્રણ દવા આપી, ને તે દવાથી તેને ગુણ થયો નહીં ! તે ઉપરથી તેણે કોપમાં આવી મનને વિચાર કર્યો કે, "જરૂર આ સચિવ વિગેરે માણસોએ મ્હારો ઘાત કરવાને આ ઢંગ કર્યો છે. માટે જો હું જીવતો બચું, તો હું એ સર્વના પ્રાણનો નાશ કરીશ." એમ રૌદ્રધ્યાનમાં ને રૌદ્રધ્યાનમાં તેજ રાતથી મૃત્યુ પામીને તે સાતમી નરકે ગયો.

પુંડરીક મુનિ તો પોતાની મેળેજ ચારિત્ર ગ્રહણ કરી જિનેશ્વરે કહેલા ગુરૂ નિશ્ચે મને પાળવાને અનુકુળ થશે એમ વિચારતા ચાલ્યા કે, " હવે હું ગુરૂ પાસે જઇ તેમને વાંદી દીક્ષા ગ્રહણ કરી ભોજન પામીશ. " એમ વિચારીને તે ચાલતા માર્ગમાં કોઇને પૂછ્યા વગર ઉઘાડે પગે ચાલતાં જતાં કાંટા કાંકરાથી પગમાં લોહી નીકળ્યું, તો પણ રાત્રિએ તે સ્થળે બેસીને રાત્રી ને દિવસ બહુ ભૂખે હોવાથી તે વિચારવા લાગ્યા. " અહો ! હું કેવો ભાગ્યહીન ! કે જે ગુરૂને પણ વાંદી શક્યો નહિ ! તો આ લીધેલું ચારિત્ર પણ કેવળ વ્યર્થ ! એ

ગુરુ પાસે ગયો હોત તો શુદ્ધ સંયમને પાળત." પછી સર્વ સૂક્ષ્મ તેમજ બાદર જીવોને ખમાવીને શુભધ્યાનમાં તત્પર રહેતો થકો તે મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાને ગયો. કહ્યું છે કે–ક્રોડ વર્ષ સુધી તીવ્ર તપશ્ચર્યા કરવાથી પણ મનુષ્ય જે કર્મને નથી ટાળી શકતો, તે જ કર્મને સમતાના અવલંબનથી અર્દ્ધ ક્ષણમાં હણી શકે છે. ઇતિ પુંડરીક કુંડરીકની કથા.

## કેશિ ગણધર.

જે પ્રાણી જાતિમદ, કુળમદ અને ધર્મમદને ત્યજી દે છે, તે પ્રાણી કેશિ ગણધરની પેઠે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

એકદા આમલકલ્પા નગરીમાં શ્રી વીર ભગવાન્ આવીને સમવસર્યા. તેમને વંદન કરીને સૂર્યાભ દેવે વિજ્ઞાપના કરી કે, "હે પ્રભો! આજે હું ગૌતમાદિક ઋષિઓને દીવ્ય નાટક બતાવવા ઈચ્છું છું. માટે કૃપા કરીને મને આજ્ઞા આપો." પણ પ્રભુએ તો હાએ ન કહી, તેમ નાએ ન કહી. પછી તે દેવે ઇશાન કોણમાં પીઠ કરીને ડાબા અને જમણા હાથ થી દેવતા અને અપ્સરાઓને વિકુર્વિ. તેઓ આઠે દિશામાં નૃત્ય કરવા લાગી. વળી તેણે મનુષ્યલોકને વિષે અસંભાવ્ય એવું અત્યંત દીવ્ય અને ઋદ્ધિથી પૂર્ણ એવું બત્રીશ પ્રકારનું નાટક બનાવ્યું. તે સમાપ્ત થયા પછી પ્રભુને નમન કરીને તે સ્વર્ગમાં જતો રહ્યો.

તે જોઇને ગૌતમ ગણધરે પ્રભુને પૂછ્યું. "હે પ્રભો! એ દેવ કોણ હતો? ને એવી એની ઋદ્ધિ ક્યાંથી થઇ?" શ્રી વીર ભગવાને ઉત્તર આપ્યો કે, "એ દેવ નરકમાં જવાનો હતો, પણ ગુરુના પ્રતિબોધથી તેને સ્વર્ગ પદ્વી પ્રાપ્ત થઇ છે. તેનું ચરિત્ર આ પ્રમાણે:—

શ્વેતાંબી નગરીમાં પ્રદેશી નામનો રાજા હતો. તેની સૂર્યકાંતા સ્ત્રીને સૂર્યકાંત નામે પુત્ર થયો. તેમની આજ્ઞાને આધીન એવો તેમનો ચિત્રસારથી પ્રધાન એકદા કાંઈ કામને અર્થે શ્રાવસ્તિ નગરીમાં જિતશત્રુ રાજા પાસે ગયો. ત્યાં ચાર જ્ઞાને શોભતા એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનના ગણધર કેશિમુનિ આવ્યા હતા, તેમને વંદન કરવાને તે ગયો. ગુરુએ ધર્મોપદેશ આપ્યો કે, "ધર્મથી ઉત્તમ કુળને વિષે જન્મ, શરીરે નિરોગીપણું, સૌભાગ્ય, લાંબુ આયુષ્ય, બળ, નિર્મળ બુદ્ધિ, વિદ્યા અને અર્થસંપત્તિ એટલાં વાનાં પ્રાપ્ત થાય છે. વળી તે ધર્મ મહા અટવીને વિષે પણ રક્ષણ કરે છે અને તે ધર્મની સમ્યક્ પ્રકારે ઉપાસના કરવાથી અંતે સ્વર્ગ અને મોક્ષ પણ પ્રાપ્ત થાય છે."

ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને ચિત્રસારથી પ્રધાને કહ્યું. "હે ગુરુ! આપ કૃપા કરીને શ્વેતાંબી નગરીએ મ્હારા સ્વામી (રાજા) ને પ્રતિબોધ પમાડવા પધારો." તે સાંભળીને ગણધર મહારાજાએ કહ્યું. "હે ચિત્રસારથી! તે તો આ લોકથી ડરતો નથી અને પરલોકને પણ માનતો નથી! તે તો ફક્ત સાહસને જ વાંછે છે. તો તે કેવી રીતે બોધને લાયક હોય?" ત્યારે ચિત્રસારથીએ કહ્યું. "બીજા બહુ દ્રવ્યવાન્ વ્યવહારીઆ ત્યાં છે, તેઓ તપસ્વિ સાધુઓને સત્કાર, દાન માનના આપવાવાળા છે. અર્થાત્ તમને લેશમાત્ર અશક્ય નથી. માટે આપે ત્યાં પધારવાની કૃપા કરવી; ને મ્હારા સ્વામીને ધર્મોપદેશરૂપ પ્રવહણથી સંસાર સમુદ્રમાં બૂડતાં અટકાવવો.

એ ઉપરથી ગુરુએ કહ્યું. "વર્તમાન યોગ" એમ કહીને ચિત્રસારથી પ્રધાનનું કહેવું માન્ય કરી વિહાર કરતા કરતા શ્વેતાંબી નગરીના બહારના ઉદ્યાનમાં આવ્યા. ગુરુને આવેલા સાંભળીને ચિત્રસારથી પ્રધાન વિચારવા લાગ્યો. "અહો! મ્હારા જેવો પ્રધાન છતાં મ્હારો રાજા નરકે જાય, તો પછી સ્વામીની કૃપાનું ઋણ હું કેવી રીતે ટાળીશ?

માટે એને હું કોઈ પણ રીતે ગુરુ પાસે લઈ જઉં ! કારણ કે, જેમ વૈદ્ય રોગનો નાશ કરનાર છે, તેમ એ ગુરુ દુષ્કર્મરૂપી રોગનો પ્રતિકાર કરનાર છે.” એમ વિચારીને પ્રધાને અશ્વ ખેલાવવાને બ્હાને રાજાને, ગુરુ હતા તેજ ઉદ્યાન પાસે આણ્યો. અશ્વ ખેલાવી રહ્યા પછી શ્રમ (થાક) દૂર કરવાને રાજા તેમજ પ્રધાન વિગેરે તેજ ઉદ્યાનમાં વૃક્ષની છાયામાં બેઠા.

એટલામાં તેને કાને આચાર્યનો ગંભીર નિર્ઘોષ શબ્દ પડ્યો. તે સાંભળીને રાજાએ પૂછ્યું. “હે સચિવ ! આ શબ્દ સંભળાય છે તે કોનો છે ? તે બરોબર સમજાતું નથી.” તે ઉપરથી ચિત્રસારથી પ્રધાને કહ્યું. “હે સ્વામીન્ ! કેશિ ગણધર નામના જૈનમુનિ આવેલા છે. તે અહિં મનુષ્યોને પ્રબોધ આપે છે, તેમનો એ સ્વર છે. આપની ઈચ્છા હોય તો ચાલો આપણે પણ ત્યાં જઈએ.” આ પ્રમાણે મંત્રીએ પ્રેરણા કરી તેથી તે પ્રદેશી રાજા ગુરુ પાસે જઈને બેઠો. ત્યારે ગુરુ કહેવા લાગ્યા.

“પર્વતના શિખર સમાન ઉંચા એવા મનુષ્ય ભવને વિષે પ્રમાદી થઈને સ્વસ્થ થઈ બેસી રહો છો, તો હે ભવ્ય જીવો ! પછી ભવરૂપી અટવીને વિષે તમે શું કરશો? વળી પાપી પુરૂષો રાત્રીને વિષે કેમ નિર્ભયપણે નિંદ્રા કરતા હશે? તેમને નરકમાં લઈ જવા આવેલી દૂતિકારૂપી એ રાત્રી લાંબી થઈ છે. વળી હે પ્રાણિઓ! જો તમે આત્મા, કર્મ અને પરલોક એ પરોક્ષ હોવાથી ન માનતા હો તો, તમારે તમારા પિતામહ તેના પિતા પ્રમુખ પણ માનવા નહી. કારણ કે, તે પણ તમને તો પરોક્ષજ છે. (તેમને પણ તમે જોયા નથી.) વળી જો પ્રત્યક્ષ પ્રમાણનેજ ખરૂં માનીશું, તો આ યતિઓ પરને બોધ પમાડવાને જે અતિંદ્રિય વિષયની વાત કરે છે, તે પણ તમે ખરી નહિ માનો; પણ તે સર્વ ખરૂં છે. માટે તમારે જીવ અને પરલોક પરોક્ષ છતાં પણ માનવા. વળી બીજું કારણ કે, ધર્મિ પુરુષોના ઇચ્છાદિ ગુણવાળા આત્માને ધર્મપણાથીજ આલોકને વિષે સુખાદિક પ્રાપ્ત થાય છે. બીજી રીતે નહી. ઇત્યાદિ ધર્મ વચનો જીવની સ્થાપનાને અર્થે ( જીવ છે એમ સિદ્ધ કરવાને ) ગુરુએ કહ્યાં.

તે સાંભળીને નાસ્તિક ધર્મવાદી એવો પ્રદેશી રાજા બોલ્યો. “જીવ હોય તો તે દેખાવો જોઈએ, પણ તે દેખાતો નથી માટે તે જીવ નથી.” ગુરુએ કહ્યું. “હું સુખી છું, દુઃખી છું એવી જે પ્રતીતિ થાય છે, તે ધર્મિ વિના થતી નથી અને ધર્મિ છે ત્યારે તેનો જે ધર્મ છે તેજ જીવ છે.” રાજાએ કહ્યું. “હે પ્રભો ! મેં એક ચોરને કોઠીમાં ઘાલીને તે કોઠીનું બારણું ઘણું મજબૂત બંધ કર્યું. પછી કેટલેક કાળે જોયું તો જીવોથી વ્યાપ્ત થયું છે શરીર જેનું એવો તે ચોર મૃત્યુ પામેલો દીઠો. તો તે ચોરનો જીવ ક્યાંથી ગયો ? ને બીજા જીવો તેમાં ક્યાંથી આવ્યા ? વળી મેં બીજા એક ચોરને પિષ્ટની પેઠે ચૂર્ણ કરીને કકડે કકડામાં તેનો જીવ જોયો, પણ તે દેખાયો નહી. તેમજ એક ત્રીજા ચોરને પણ મેં શ્વાસ રોકીને મારી નાંખ્યો, તેને મેં પ્રથમ તોળ્યો હતો, ને પછીથી પણ તોળ્યો, તો તે વખતે જીવ અજીવનો કાંઈ ભેદ (તોલમાં ફારફેર) પડ્યો નહી. તે ઉપરથી નિશ્ચય થાય છે કે, જીવ અને કાયા જૂદાં નથી.”

ગુરુએ ફરીથી કહ્યું. “છિદ્ર વિનાની કોઠીમાં પૂરેલો માણસ શંખ વગાડે છે, તો તે શંખનો શબ્દ શી રીતે સંભળાય ! અર્થાત્ જેમ છિદ્ર વિનાની કોઠીમાંથી શંખનો મૂર્તિમંત (રૂપી) શબ્દ ઘણા સૂક્ષ્મ છિદ્રોથી બહાર નીકળીને સંભળાય છે, તેમજ ઘણાંજ સૂક્ષ્મ છિદ્રોથી અમૂર્ત એવો જીવ પણ બહાર નીકળી જાય છે અને અંદર પેસે છે. એ ત્હારો સંદેહ શું નથી ભેદાતો ? વળી જેમ અરણિના કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે, છતાં તેને ચૂર્ણ કરવા

થી પણ અગ્નિ દેખાતો નથી. તેમજ સર્વ પ્રાણિઓને વિષે જીવ રહેલો છે એમ તું ચિંતવ ન કર. વળી હે નૃપ ! જેમ વાયુથી પૂર્ણ અથવા અપૂર્ણ એવી મશકનો તોલને વિષે ભેદ પડતો નથી, તેમ જીવ રહે છતે અથવા ન રહે છતે મનુષ્યના દેહનો તોલને વિષે ભેદ દેખાતો નથી. એ પ્રકારે ઘણા સૂક્ષ્મ એવા મૂર્તિમંત જીવોના ભેદ દેખાતા નથી, તો પછી અમૂર્તિમંત એવા આત્માના ભેદ ન દેખાય તેમાં તો કહેવુંજ શું ? માટે હે મહારાજા ! કર્મથી નિર્માણ થએલા એવા સૂક્ષ્મ આત્માને નિશ્ચય કરીને તું સાવધપણાથી ધર્મનું આચરણ કર. કહ્યું છે કે—મ્હોટાં રાજ્ય, ઉત્તમ ભોજન, સૌભાગ્ય, આરોગ્યતા, સારું કુટુંબ, મનોહર સ્ત્રી, સારો યશ અને વિલાસ; ટુંકામાં સ્વર્ગ અને મોક્ષ એ સર્વ ધર્મથી મળે છે. વળી હે પૃથ્વિપાળ ! તું પરંપરાથી ચાલતી આવેલી નાસ્તિકતાનો તત્કાળ ત્યાગ કર. કારણ કે, દરિદ્રપણાથી શું શ્રેય થાય છે ? અર્થાત્ કાંઇ શ્રેય થતું નથી. વળી લક્ષ્મી તો આશ્રિતનેજ સન્મુખ થાય છે. કેટલાએક પુરુષો હજારો પુરૂષોનું ભરણ પોષણ કરનારા હોય છે, કેટલાએક લાખો પુરૂષોનું ભરણ પોષણ કરનારા હોય છે અને કેટલાએક તો પોતાનું પણ ભરણ પોષણ કરી શકતા નથી ! માટે એ સર્વ પોતાના સુકૃત અથવા દુષ્કૃતનુંજ ફળ છે." ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને પ્રદેશી રાજાએ સમકિત મૂળ બારવ્રત આદર્યાં. એ પ્રકારે દ્રઢવ્રતવાળો રાજા ધર્મને પાળતો અલ્પકાળમાં વૈરાગ્ય પામ્યો.

એકદા તેની સ્ત્રી સૂર્યકાંતા અન્ય પુરુષ ઉપર આસક્ત થઇ હતી, તેથી તેણીએ તેને પૌષધને પારણે વિષ દીધું. રાજા આરાધના કરી પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરી મૃત્યુ પામીને પહેલે દેવલોકે સૂર્યાભ વિમાનમાં દેવતા થયો, તે આ "સૂર્યાભ દેવતા ચાર પલ્યોપમના આયુષ્યવાળો જાણવો.

એમ ગૌતમસ્વામીને શ્રી વીર ભગવાને કહી સંભળાવ્યું. વળી તેમણે કહ્યું. "હે ગૌતમ ! તે આપણા ઉપર શ્રદ્ધાવાળો થઇ આપણને વાંદવા આવ્યો હતો, તે ભાવપૂજા કરીને ગયો. હવે તે ત્યાંથી ચ્યવ્યા પછી મહાવિદેહ ક્ષેત્રને વિષે મનુષ્ય ભવમાં જન્મીને ત્યાં સર્વ કર્મથી મુક્ત થઇ અને મોક્ષગામી થશે."

આ પ્રમાણે શ્રી વીર ભગવાને સૂર્યાભ દેવતાનો પૂર્વ ભવ વર્ણવ્યો. ત્યાર પછી ગૌતમસ્વામી પ્રભુને નમસ્કાર કરી અન્યત્ર વિહાર કરી ગયા.

વિહારમાં તે એક ઉદ્યાનમાં સમવસર્યા હશે, તેજ ઉદ્યાનમાં કેશિ ગણધર પણ આવીને સમવસર્યા. ત્યાં કેશિ ગણધરે કહ્યું. "હે ગૌતમ ! તમારો વેષ કેમ આવો છે ?" તે ઉપરથી ગૌતમસ્વામીએ ચોવીસમા તીર્થંકરના આચારનું સ્વરૂપ કહી બતાવ્યું; ને કેશિ ગણધરે પાર્શ્વનાથ ભગવાનના આચારાદિકનું સ્વરૂપ કહ્યું. ( એ સંબંધી વિશેષ અધિકાર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેવીશમા અધ્યયનથી જાણી લેવો. )

તે ઉપરથી શાસનના ભેદના ભયથી શ્રી પાર્શ્વનાથના ગણધર કેશિ મુનીએ ગૌતમ સ્વામીના કહ્યા પ્રમાણે વેષ ધારણ કર્યો, અર્થાત્ તેમણે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. અનુક્રમે તે ગણધર સિદ્ધિપદને પામ્યા. કહ્યું છે કે—કેશિ ગુરુ જેવા કોઇ મુનિ થયા નથી ને થશે પણ નહિ ! તેમણે તો અહંકારરૂપી વૃક્ષનું મૂળ ઉન્મૂલન કરી નાંખ્યું. વળી તેમણે 'શાસનમાં ભેદ પડશે' એવા ભયથી પોતાથી ન્હાના એવા પણ ઇંદ્રભૂતિ ( ગૌતમ ) નું કહેવું માન્ય કરી તેમને ગુરુ માન્યા. ઇતિ કેશિ ગણધરની કથા.

## કરકંડૂ.

આ ત્રણે જગતને મિથ્યા માની તત્ક્ષણ સંયમ ગ્રહણ કરનાર કરકંડૂ રાજા જેવા ભવ્યજીવ વિરલા હોય છે.

શ્રી વાસુપૂજ્યસ્વામીના જિનમંદિરથી શોભતી એવી ચંપાપુરી નામે નગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. ચેડા રાજાની પુત્રી પદ્માવતી તેની રાણી હતી. એકદા તેણીને ગર્ભ ધારણ વખતે એવો દોહદ થયો કે, "હું હસ્તિ ઉપર બેસીને રાજા પાસે છત્ર ધરાવું, તથા રાજાનો વેષ પહેરૂં ને ક્રીડા કરવા જઉં" આવો દોહદ ઉત્પન્ન થયો, પણ લજ્જાને લીધે તે રાજાને કહી શકી નહી; પરંતુ તે કૃશ (દુબળી) થતી ગઇ. તે જોઇને રાજાએ પૂછ્યું. તે ઉપરથી તેણીએ વાત કરી. તે રાજા તેણીને હસ્તિ ઉપર બેસારી પોતે છત્ર ધરી વનમાં ગયો. ત્યાં હસ્તિને વિંધ્યાટવી યાદ આવી, તેથી તે મદોન્મત્ત થઇ બહુ દૂર નિકળી ગયો. રાજાએ રાણીને કહ્યું. "શું કરીશું ?" આ હસ્તિ તો ઉભો રહેતો નથી. માટે પેલું વડનું વૃક્ષ આવે છે, તેની શાખાને પકડીને આપણે હસ્તિને મૂકી દઇએ." એમ ધારી તે વૃક્ષ આવ્યું તેને રાજા તો વળગી પડ્યો, પણ રાણી ગર્ભ સહિત હોવાથી શાખાને વળગી શકી નહી. હસ્તિ તો દૂરજ ચાલ્યો ગયો. રાજા વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યો. ત્યાંથી હસ્તિ જોતા જોતામાં અદૃશ થઇ ગયો! તેથી તે પ્રિયાના વિયોગથી બહુ દુઃખી થયો. રાણીને તો હસ્તિ તેણીના દુષ્ટ કર્મને લીધેજ હોયની! તેમ મનુષ્ય વગરના વનમાં લઇ ગયો. કહ્યું છે કે-વિધિ અનુકૂળ હોય છે ત્યારે શાંતિના ઉપાય સ્ફુરાયમાન થાય છે, પણ તેજ વિધિ જ્યારે પ્રતિકૂળ હોય છે ત્યારે તે ઉપાયો નાશ પામે છે.

હવે હસ્તિ તૃષાતુર થવાથી એક તળાવ જોઇને તેમાં પાણી પીવાને ઉતર્યો. એટલે રાણી તેના ઉપરથી ધીમે ધીમે નિચે ઉતરી; પણ ભયભ્રાંત થઇ તેથી તે વનને છોડી બીજે ઠેકાણે ગઈ. અત્યંત ક્રૂર અને અત્યંત ભયાનક એવું વન જોઇને તે ચિત્તને વિષે ચિંતવવા લાગી. "અહો! વિદ્વાન મૂર્ખ થાય છે! વીર પુરુષ બ્હીકણ થઈ જાય છે; ચંડાળ આજ્ઞા કરનારો થાય છે! અને રાજા રંક થાય છે! એવું દુષ્ટ વિધિનું શાસન કેવું આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં છે? વળી એકજ વસ્તુ, જેવી એક સ્થળે દેખાય છે, તેથી જૂદીજ તે ક્ષણમાં બીજે સ્થળે દેખાય છે! અહો! એ દુષ્ટ વિધિનાં વિવિધ કાર્યો હિંડોળાનાં જેવાં અસ્થિર હોય છે! નિર્માણકર્મ રૂપી પંક (માટી) ના પિંડવડે આપણને નિપજાવવાને એ વિધિ કુંભારની પેઠે આ જગત્‌રૂપી ચક્રને ભમાવે છે. ક્યાં રહ્યું મ્હારૂં નગર, ને ક્યાં રહ્યો મ્હારો સ્વામીનાથ ને ક્યાં આ વન? એમાં મ્હારે કોને ઉલંભો દેવો! એ વિધિની આગળ કોઈનું ચાલતું નથી. મેં મ્હારી મેળેજ આ આપત્તિ વ્હોરી લીધી છે તેમાં કોને દોષ દેવો?"

પછી દૃઢ હૃદય કરીને તેણીએ ચાર શરણ ગ્રહણ કર્યાં. આરાધના ઉચ્ચાર પૂર્વક સુકૃત્યની અનુમોદના કરીને સાગારી (આગાર સહિત) અનશન કર્યું. વારંવાર તે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગી અને કોઇ તાપસનો આશ્રમ જોઇને ત્યાં ગઇ. તાપસે તેણીને પૂછ્યું. "હે સ્ત્રી! તું કોણ છે? કોની પુત્રી કે, કોની સ્ત્રી છે? ને ત્હારી આવી દશા ક્યાંથી? આ આશ્રમમાં રહેવાથી તને સમાધિ થશે." એ ઉપરથી તેણીએ પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો; પણ ચેડા મહારાજની પુત્રીને તે એમ ન કહી શક્યો કે, તું અહિં રહે!

પછી તેણીએ વૃક્ષો નીચે પડેલાં ફળ લાવીને ખાધાં ને પછી તાપસને પૂછ્યું. "આ માર્ગ ક્યાં જાય છે?" તાપસે કહ્યું. "એ માર્ગ દંતપુર નગરનો છે. તે નગરમાં દંતવક્ર નામે રાજા છે. તેના રાજ્યમાંથી તું નિર્ભયતાથી ચંપાપુરીએ જજે." તે તાપસને પ્રણા

મ કરી, તેણી તે માર્ગે દંતપુર ગઈ. ત્યાં કોઈ સાધ્વી પાસે જઇ વંદન કરીને બેઠી. ત્યાં સાધ્વીએ પૂછ્યું. "હે શ્રાવિકા ! ક્યાંથી આવે છે ?" તેને રાણીએ પોતાનો વૃત્તાંત કહ્યો. તે ઉપરથી પ્રવર્તિની (સાધ્વી) એ કહ્યું. "આ દુઃખથી ભરેલા સંસારમાં સુખની આશા સ્વપ્નામાં રાજ્ય તુલ્ય જાણવો. વિધિ બે દુર્ઘટ વસ્તુનો મેળાપ કરે છે, ને જે સિદ્ધ વસ્તુ હોય તેનો હઠથી વિયોગ કરાવે છે. આમ તે મેળાપ ને વિયોગમાંજ વ્યગ્ર રહે છે. માટે તું અન્ય મતને ત્યજી દઇને જિનમતનો તથા જિનેશ્વરનો આશ્રય લે. કારણ કે, બીજા સર્વ સંસારને વધારનાર છે."

સાધ્વીનો એવો ઉપદેશ સાંભળવાથી પદ્માવતી રાણીને તો વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તેણીએ તુરત દીક્ષા લીધી, પરંતુ પોતાના ગર્ભની વાત કહી નહી. કારણ કે, તેમ કરવાથી ચારિત્ર ગ્રહણ થઈ શકત નહી. પાછળથી તે વાત કહી ત્યારે સાધ્વીએ કહ્યું. "પ્રથમ કેમ ન કહ્યું ?" પદ્માવતીએ કહ્યું. "પ્રથમ કહ્યું હોત તો મને ચારિત્ર આપત નહી." પછી મહત્તરી સાધ્વીએ તેને ગુપ્ત રાખી. સમયે તેને પ્રસવ થયો. પુત્ર અવતર્યો. પ્રવર્તનીએ કહ્યું. "જો આ બાળકને રક્ષણ કરીશું તો મહા ઉડ્ડાહ થશે ને જો એને કોઇને સોંપીશું, તો પણ સંસારની વૃદ્ધિનું કારણ થશે. માટે એને ગુપ્ત રીતે નગરની બહાર મૂકી આવવો." તે ઉપરથી પદ્માવતી પણ સંસારને અસાર જાણીને તે પુત્રને નામાંકિત મુદ્રા તથા રત્નકંબળ સહિત સ્મશાનભૂમિમાં મૂકી આવી. તેને એક ચંડાળ ગુપ્ત રીતે પોતાને ઘેર લઇ ગયો ને તેને પોતાની સંતાન વગરની સ્ત્રીને સોંપ્યો. આ સઘળું પદ્માવતીએ છાની રીતે જોયા કર્યું. પછી તે પોતાને આશ્રમે ગઇ.

અહિં ચંડાળને ઘેર પેલો બાળક વૃદ્ધિ પામ્યો. બીજા બાળકોની સાથે ક્રીડા કરતો તે રાજતેજને લીધે દીપવા લાગ્યો. કારણ કે, મણિ તે ગમે ત્યાં હોય તોપણ અર્થાત્ પત્થરના ઢગલામાં હોય તોપણ તે મણિજ છે. તે બાળક શરીરે કંડુ (ખરજ) આવવાથી હાથવડે ખજવાળતો. તેથી લોકોએ તેનું નામ કરકંડુ પાડ્યું. તે હવે છ વર્ષનો થયો, ને તેમાં ચક્રવર્તિ રાજાની આકૃતિ દેખાવા લાગી. તે હમેશાં પિતાના આદેશથી સ્મશાનભૂમિએ જતો. અહો ! વિધિને ધિક્કાર છે કે, રાજપુત્ર જેવાને પણ ચંડાળનું કામ કરવું પડે છે ! એકદા ત્યાં બે મુનિઓ આવ્યા. તેઓ ત્યાં વાંસની જાળી જોઇને પરસ્પર કહેવા લાગ્યા. "જે આ વંશ (વાંસ) ના મૂળથી ચાર આંગળ પ્રમાણ મૂકીને, ચાર આંગળનો પર્વ (સાંધાનો કટકો) લે, તે રાજા થાય." સાધુઓનું આ વચન આ બાળકે અને એક બ્રાહ્મણે સાંભળ્યું. પેલા બ્રાહ્મણે છાની રીતે સાધુના કહેવા પ્રમાણે કર્યું. ત્યાં તે બાળક આવ્યો ને બ્રાહ્મણને કહેવા લાગ્યો. "તેં આ મ્હારો પાળેલો વાંસ કેમ લીધો ?" કજીઓ કરતા કરતા તે બન્ને તો રાજા પાસે ગયા. ત્યાં જઇને બન્નેએ પોત પોતાની ફરિયાદ કહી સંભળાવી. લોકો હસીને કહેવા લાગ્યા. "હે ચંડાળ પુત્ર ! જ્યારે તને રાજ્ય મળે, ત્યારે આ બ્રાહ્મણને એક ગામડું આપજે. તું ત્હારો એ વાંસનો કટકો ભલે રાખ." પણ પેલો બ્રાહ્મણ તો પોતાના જાતિસ્વભાવને લીધે ચંડાળ પુત્ર—કરકંડુને મારી નાંખવાનો વિચાર કરવા લાગ્યો. તે જાણીને ચંડાળ પોતાના કુટુંબ સહિત કંચનપુર નગરે ગયો. ત્યાંનો રાજા અપુત્રિયો મરણ પામ્યો હતો, તેથી પ્રધાન વિગેરે લોકો દિવ્ય (હસ્તિ, અશ્વ, પ્રમુખ પંચ દિવ્ય) સજ્જ કરીને બહાર આવ્યા હતા. તે પ્રધાને પ્રદક્ષિણા દઇને કરકંડુને રાજા ઠરાવ્યો. તે વખતે લોકોએ જય જય એવો શબ્દ કર્યો અને વાજિંત્રો વાગવા લાગ્યાં. પ્રધાને ઉત્તમ વેશ લાવીને કરકંડુને પહેરાવ્યો. પછી તે પૂર્વે શોભ્યો હોયની ! તેમ અશ્વ ઉપર બેઠો.

હવે તેને નગરમાં પ્રવેશ કરાવ્યો તે વખતે બ્રાહ્મણોએ ઓળખીને કહ્યું કે, "એ મ્લે[illegible] છે !" એમ કહીને તેને અટકાવ્યો. ક્રોધ પામીને તે તેને શિક્ષા કરવા જાય છે, તેવા માં [illegible] અધિષ્ઠિત હોવાને લીધે અગ્નિના કણ પડવા માંડ્યા ! બ્રાહ્મણો [illegible] કરવા લાગ્યા. "હે રાજન્ ! તું બ્રાહ્મણ છે, તું આચાર્ય છે, તું દેવ છે, તું [illegible], [illegible], વિષ્ણુ, પ્રજાપતિ છે. ત્હારામાં અતિ પવિત્ર શુચિનું તેજ પ્રકાશમાન છે. [illegible] કર્મથીજ [illegible] છે ને કર્મથીજ [illegible] છે. બ્રાહ્મણાદિ વર્ણની જાતિ એ કાંઈ [illegible] નથી. વળી જે પરબ્રહ્મમય પુરુષ કર્મ પ્રકૃતિએ હીન છે, તેની જાતિ [illegible] ન પરાવર્તન પામે ? (ન ફેરવા શકાય ?) નરકમાં કે, તિર્યંચમાં [illegible] કોઈ સ્થાને આત્માની અપમાનના કરવી નહીં; કારણ કે, વખતે [illegible] પણ હોય. એ ઉપરથીજ [illegible] કહે છે કે,—[illegible] [illegible] અહિંસાથી નિર્દોષ પણ છે. હે નૃપતિ ! અમારા જેવા [illegible] [illegible] તેજ [illegible] કરીને મ્હારા ગુરુ છો. અમારું જ્ઞાન પણ ત્હારાથી [illegible] અગ્નિ [illegible] વસ્તુને બાળી શકતો નથી. [illegible] [illegible] નથી. એ સર્વ દેવમય એવો રાજા રક્ષણ ન કરે [illegible], અને [illegible] ક્યાંથી રહે ? વળી રાજા હોય છે તે સર્વ સ્થળે [illegible] સમાન, [illegible] પુત્રોને નિગ્રહ કરવાને યમ સમાન, [illegible] [illegible] આપવામાં અગ્નિ સમાન છે. હે રાજન ! તું અમા[illegible] [illegible] વિશુદ્ધ કર; કારણ કે, તમે તો પ્રજાના પાપ [illegible] સમાન છો."

[illegible] આ પ્રમાણે સ્તુતિ કરી. તે ઉપરથી તે અતિશય [illegible] [illegible] (બ્રાહ્મણ) છું, તે સર્વ મ્હારે માન્ય છે. [illegible] [illegible] બ્રાહ્મણો બોલી ઉઠ્યા. "અમે સર્વ તમારી સાથે [illegible] [illegible] કહ્યું. "આ સર્વ [illegible] (સંસ્કાર) ને તમે સંસ્કારથી બ્રાહ્મણ [illegible] કરવા લાગ્યા. નૈમિત્તિક કહ્યું. "હે રાજન્ ! જે આપ કહો [illegible] બ્રાહ્મણપણું આવે છે. અતિ કાંઈ કામની નથી; કારણ કે [illegible] સુધી બ્રાહ્મણ કહેવાતો નથી. ત્યાર [illegible] બ્રાહ્મણ કહેવાય છે. હવે આપને રુચે તે કરો. [illegible] [illegible] છે."

[illegible] "ત્યારે એ બ્રાહ્મણોએ "[illegible]" [illegible] [illegible] કહ્યું અને તે બ્રાહ્મણમાંથી [illegible] [illegible] [illegible] નામ આપ્યું. આ [illegible] બ્રાહ્મણ કર્યા. [illegible] [illegible] પ્રવેશ કરાવ્યો. ત્યાં તેને ([illegible]) [illegible] [illegible]

હવે એ [illegible] [illegible] [illegible] [illegible]

કહેવરાવે છે." એમ વિચારી તેણે તે બ્રાહ્મણને કહ્યું. "તે કરકંડુ કલ્પ, આચાર ને તપે કરીને રાજા થયો છે. બાકી છે તો તે મ્લેચ્છનો પુત્ર. તેથીજ તે શ્યેનપક્ષી જેમ ગરૂડની સાથે વિરોધ કરે (ને અંતે હારે) તેમ તે એક સૈનિક જેવો છતાં મ્હારી સાથે વિરોધ કરે છે. (તો તેમાં તે વિજયી નહી થાય.) તું તો દૂત છે ને વળી યાચક છે, માટે ત્હારો વધ થાય નહી. તેથી તેનોજ વધ કરીને તને ગામ આપીશ."

તે ઉપરથી તે દ્વીજે એ સઘળી વાત જઇને કરકંડુને કહી. કરકંડુ તો એ વાત સાંભળીને તૈયાર થઇ ચંપાપુરી ઉપર ચડી આવ્યો. દધિવાહન રાજા પણ તેને આવતો જાણી પોતાનો કિલ્લો સજ્જ કરી લડવા તૈયાર થયો. યુદ્ધને માટે ક્ષેત્ર નક્કી કર્યું.

આ વખતે પદ્માવતી સાધ્વીને વિચાર થયો કે, "જો યુદ્ધ થશે તો બહુ જીવોનો સંહાર થશે. માટે એ પિતા-પુત્રને સંગ્રામ કરતાં નિવારણ કરૂં." એમ કહીને કરકંડુની પાસે આવીને તે કહેવા લાગી. "હે પુત્ર કરકંડુ! હું ત્હારી માતા છું, ને આ દધિવાહન રાજા ત્હારા પિતા છે. વાંચ ત્હારી પાસે રહેલી મુદ્રા (વીંટી) ના અક્ષરો." એ અક્ષરો જોઇને તેણે પદ્માવતીને પોતાની માતા તથા દધિવાહનને પિતા તરીકે ઓળખ્યા, ને બહુ હર્ષ પામ્યો. પછી તે સાધ્વી દધિવાહનને બોધ પમાડવાને નગરમાં ગઈ ને દાસી પાસે કહેવરાવ્યું. રાજાએ આવીને પદ્માવતી સાધ્વીને નમસ્કાર કર્યો ને પછી પૂછ્યું. "તેં કેવી રીતે સંયમ ગ્રહણ કર્યો? ને ત્હારા ગર્ભનું શું થયું?" પદ્માવતી સાધ્વીએ ઉત્તર આપ્યો. "હે રાજન્! આ તમારા નગરને ઘેરો ઘાલીને પડ્યો છે તેજ આપનો પુત્ર." એ સાંભળીને રાજા પગે ચાલતો પોતાના પુત્રને મળવા ચાલ્યો. અહિંથી કરકંડુ પણ સામો આવતો હતો. તે પિતાને આવતા જોઇ તેના ચરણમાં પડ્યો. આ વખતે નગરમાં મ્હોટો હર્ષ થઇ રહ્યો હતો. દધિવાહનને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી કરકંડુને રાજ્યભાર સોંપ્યો ને પોતે વ્રત અંગીકાર કર્યું.

હવે કરકંડુ રાજા બે રાજ્યનો સ્વામી થઇ કલિંગ દેશનો રાજા કહેવાવા લાગ્યો, ને ન્યાય પૂર્વક રાજ્ય કરવા લાગ્યો. આ રાજાને બહુ ગોકુળ હતાં. તેમાં એક અત્યંત બળિષ્ટ સાંડ હતો. તેણે બીજા બહુ સાંઢોને પ્રહાર કરવા માંડ્યો, પરંતુ તે સાંડ રાજાને બહુ પ્રિય હતો, એટલે તેને કંઇ કર્યું નહી; પણ થોડા વખતમાં તે મૃત્યુ પામ્યો. રાજા તેને જોવા ગયો. એટલામાં તો તેને મૃત્યુ પામેલો જોઇને તે બોલ્યો, "અહો! જેની ગર્જના દૂરથીજ સાંભળીને મહા ગર્વવાળા સાંડડાઓ પણ નાસી જતા! અને જેની પાસે કોઈ ટકી શકતું નહી, તેને પણ મૃત્યુ તો છેજ! અહો! પાપી કાળ ચેતન અને અચેતન લોકને સરજી સરજીને પાછો પોતાના મ્હોટા ઉદરમાં ગળી જાય છે! તે તૃપ્ત થતો જ નથી. મૂર્ખથી પણ ઉપાય કરીને અનેક વસ્તુનું રક્ષણ કરી શકાય, પણ આ તો સર્વભૂખ, તેનાથી કંઇ પ્રતિકારજ નથી. આપણે અહિં જે જે વસ્તુઓ દેખીએ છીએ, તે તે વસ્તુઓ પાછી નથી દેખાતી. કારણ કે, આ કાળ છે તે કૌતુકથી ત્રણ લોકરૂપી પુષ્પના ગોળાની સાથે ક્રીડા કરે છે. કહ્યું છે કે-જે નહિ થઇને અર્થાત્ સત્વરૂપ ન હોઇને પણ સત્વપણાને પામે છે અને જે થઇને અર્થાત્ સત્વપણાને પામીને પણ અસત્વપણાને પામે છે. માટે અભાવછે આદિ જેને અને અભાવ છે અંતે જેને એવો જે ભાવ, તે અભાવપણાને શી રીતે પામે? અર્થાત્ અસત્વ વસ્તુ સત્વપણાને શી રીતે પામે? માટે આ કુટુંબ, દેહ, લક્ષ્મી, સ્ત્રી, આભૂષણ પ્રમુખ સર્વ રૂના સમૂહની પેઠે અનિત્યજ જણાયછે." ઇત્યાદિ વિચાર કરતાં કરતાં તેને વૈરાગ્ય થવાથી જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું. તેથી તેને પોતાનો પૂર્વ ભવ યાદ આવ્યો. દેવતાએ આવીને તેમને રજોહરણ વિગેરે સાધુનો વેષ આપ્યો. તે લઇ તેમણે પોતાનો

રાજ્યવૈભવ તૃણ સમાન ગણી છોડી દીધો. આ પ્રમાણે કરકંડુ રાજા પ્રત્યેકબુદ્ધ થયા. (અમુક વસ્તુ જોવાથીજ જે બોધ પામી ચારિત્ર અંગીકાર કરે છે તે પ્રત્યેકબુદ્ધ.)

આ પ્રમાણે પોતાના ગોકુળમાં એક ઉત્તમ, ઉજ્વળ, પવિત્ર અને વાંકા શૃંગવાળા સાંઢને વૃદ્ધાવસ્થાને લીધે દુઃખી જોઈ, સર્વ ઋદ્ધિને અસ્થિર ગણી બોધ પામી કલિંગરાજા કરકંડુએ ચારિત્ર ગ્રહણ કર્યું. ઇતિ કરકંડુ મુનિની કથા.

મૂળગાથા.

**हल्ल विहल्ल सुदंसण, साल महासाल सालिभद्दो अ ॥**
**भद्दो दसन्नभद्दो, पसन्नचंदो अ जसभद्दो ॥ ३ ॥**

હલ્લ વિહલ્લ, સુદર્શન શેઠ, શાલ મહાશાલ, શાલિભદ્ર, ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્ર રાજા, પ્રસન્નચંદ્રરાજર્ષિ અને યશોભદ્રસૂરિ; એ આઠ મહાપુરુષોની કથાઓ આ ત્રીજી ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૩)

## હલ્લ વિહલ્લ.

આ સંસારમાં પ્રાણીને કોઇ નહીં ને કોઇ વસ્તુ, વૈરાગ્યની હેતુરૂપ થાય છે; જેમ કે મૃત્યુ પામેલા હસ્તીને જોવાથી હલ્લ વિહલ્લને વૈરાગ્ય પ્રાપ્ત થયો. તે આ પ્રમાણે:—

શ્રેણિક રાજાએ પ્રીતિને લીધે પોતાના બે પુત્ર હલ્લ અને વિહલ્લને પોતાનો સેચનક નામનો પટ્ટહસ્તી આપ્યો. તે ઉપરથી કોણિકને કોપ ચડ્યો. એટલે તેણે શ્રેણિકને સેવકો પાસે શિક્ષા કરાવી. એકદા કોણિક જમવા બેઠો હશે, તે વખતે તેનો પુત્ર થાળીમાં મૂતર્યો, ત્યારે તેણે નાક મરડીને તેને દૂર કર્યો. તે વખતે ચિલ્લણા રાણીએ તેને કહ્યું. "હે પુત્ર કોણિક! જ્યારે ત્હારો જન્મ થયો ત્યારે મને અશુભ સ્વપ્ન આવ્યું હતું, તેથી તને મેં ઉકરડે મૂકી દીધો હતો, પણ ત્હારો પિતા તને ત્યાંથી પાછો લઈ આવ્યો. તે ઉકરડે તને કૂકડે આંગળીએ દંશ દીધો હશે, તેની તને બહુ વેદના થવા લાગી, તેથી તે ત્હારી આંગળીને ત્હારા પિતાએ પોતાના મુખમાં રાખી રાખીને તને શાંત કરી મ્હોટો કર્યો. એવો તેને ત્હારા ઉપર મોહ હતો; એ ત્હારા પિતાને હમણાં તું કોરડાના પ્રહાર કરાવે છે. તે શું એ ઉપકારનો બદલો વાળતો હોઇશ?" એ સાંભળીને કોણિકને પોતાની ભૂલ માલમ પડી. તેથી તે એક કૂહાડો લેઇને શ્રેણિકનું પાંજરૂં ભાગી નાંખવા દોડ્યો. તે એમ ધારીને કે, "એકદમ પાંજરૂં ભાગી નાંખીને તેમને બહાર કાઢું" પણ તેને જોઇને શ્રેણિકને વિચાર થયો કે, "એ હમેશાં તો મને ચાબકાથી મારે છે, ને આજે તો કૂહાડો લઇને મ્હારો પ્રાણ લેવાજ આવ્યો છે." એમ ધારીને તે પોતાની મુદ્રા (વીંટી) ચૂસીને તાલપુટ વિષથી મૃત્યુ પામ્યો ને પહેલી નરકે ગયો.

પછી કોણિકની પત્નિ પદ્માવતીએ પોતાના પુત્ર ઉદયનને માટે તે સેચનક હસ્તીની માગણી કરી. તે ઉપરથી હલ્લ અને વિહલ્લ બન્ને ભય પામીને નાસી જઇ, વિશાળા નગરીમાં માતામહ (માતાના પિતા) ચેડારાજાને શરણે ગયા. ત્યાં જઇને પણ કોણિકે પોતાની સેનાથી તે નગરીને રૂંધી. ચેડારાજાને ને કોણિકને સંગ્રામ થયો. તેમાં હજારો મનુષ્યોના પ્રાણ ગયા. પેલા બન્ને ભાઇઓ સેચનક હસ્તી ઉપર બેઠા બેઠા કોણિકની સેનાને બહુ પાછી હઠાવવા લાગ્યા. કોણિકે જોયું કે, એ બન્ને મ્હારા સૈન્યને બહુ હણી નાખે છે. તેથી તેણે પોતાના સૈન્યની આસપાસ એક ખાંઈ ખોદાવી તેમાં અંગારા ભરાવ્યા.

હવે હલ્લ વિહલ્લ પણ હસ્તિ ઉપર બેસીને સંગ્રામમાં યુદ્ધ કરવા કરતા, પેલી ખાઇ પાસે આવ્યા. ત્યાં હસ્તીએ વિભંગજ્ઞાનથી તે બન્નેને પોતાની પીઠ ઉપરથી હેઠે ઉતાર્યા; ને પોતે ખાઇમાં પડીને મૃત્યુ પામ્યો. ને હસ્તિને પહેલો મૃત્યુ પામ્યો જોઇને, બન્નેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમણે વ્રત ગ્રહણ કર્યાં. શાસનદેવીએ તેમને ત્યાંથી ઉપાડીને શ્રી મહાવીરસ્વામી પાસે મૂક્યા; ત્યાં તેમણે સંયમ લીધો. સંયમ પાળી તપશ્ચર્યા કરતા મૃત્યુ પામીને તે બન્ને સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. ઇતિ હલ્લ વિહલ્લની કથા.

## સુદર્શન શેઠ.

મોક્ષસુખને આપનાર એવું જે શુદ્ધ શીલ અને સમકિત, તેને પાળનાર ભવ્ય પ્રાણીઓ, સુદર્શન શેઠની પેઠે અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત કરે છે.

જંબૂદ્વીપના દક્ષિણ ભાગના આભૂષણરૂપ એવા ભરતખંડમાં ચંપાપુરી નામે નગરી છે. ત્યાં રત્નસિંહ રાજાનો પુત્ર દધિવાહન ન્યાયમાર્ગે પ્રજાનું પાલન કરતો હતો. તેણે રાધાવેધ સાધીને અભયારાણી નામે રાણીને પરણ્યો હતો. ત્યાં અર્હદ્દાસ નામનો અનુપમ ધન સમૃદ્ધિએ યુક્ત એવો એક વ્યવહારી વસતો હતો. તેને અર્હદ્દાસી નામે પત્નિ હતી. બન્ને જણ શ્રી જિનેશ્વરનો પ્રરૂપેલ ધર્મ પાળતાં હતાં.

એકદા અર્હદ્દાસીની કુક્ષિએ કોઇ ગુણવાન્ જીવ અવતર્યો. સદા જિનપૂજામાં રક્ત અને શુદ્ધ સમકિત પાળવામાં તત્પર એવી તે સ્ત્રીએ અનુક્રમે શુભ દિવસે પુત્રરત્નને પ્રસવ્યો. સ્વજન વર્ગને શેઠે સન્માન દેઇને યાચકોને નાનાવિધ દાન આપ્યાં, ને પુત્રનું સુદર્શન એવું નામ પાડ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતા તે સુદર્શને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. કહ્યું છે કે-રૂપ યૌવનથી શોભતો હોય, ઉત્તમ કુળમાં જન્મેલો હોય, છતાં પણ વિદ્યા વિનાનો માણસ રૂપાળાં પણ સુગંધ રહિત કેસુડાનાં ફુલની પેઠે શોભતો નથી. વળી પંડિત પુરુષમાં સર્વ ગુણો હોય છે, ને મૂર્ખ માણસમાં સર્વ દોષજ હોય છે; તો હજારો મૂર્ખ એકઠા કરીએ તોય પણ તેમનામાંથી બુદ્ધિશાળી પુરુષ નહીં બની શકે.

ત્યાર પછી સુદર્શનના પિતાએ તેને મનોરમા નામની એક શેઠીની પુત્રી મહા ઉત્સવપૂર્વક પરણાવી. તેની સાથે સંસાર સુખ ભોગવતો તે સમકિત વ્રત પાળતો હતો. કારણ કે, એ સમકિત મોક્ષબીજ વૃક્ષનું મૂળ છે, પુન્યરૂપી નગરનું દ્વાર છે, મોક્ષરૂપી મહેલની પીઠ છે અને વળી સર્વ સંપત્તિનું નિધાન છે, જેમ સમુદ્ર રત્નોનો ભંડાર છે, તેમ તે સમકિત સર્વ સદ્ગુણોનો ભંડાર છે: ચારિત્રરૂપી ધનનું પાત્ર છે; તો તેવા સમકિતની કોણ પ્રશંસા ન કરે? એવામાં તો પુત્રને ઘરનો ભાર ધારણ કરવાને યોગ્ય જાણીને પિતાએ દીક્ષા લીધી. પિતા કરતાં અધિક ગુણવાળો હોવાથી તે તો રાજાનો વિશેષે કરીને માનીતો થયો. જેમ જળના કુંભથી ઉત્પન્ન થયેલા અગસ્ત્ય, કુંભ સરખા માપવાળા સમુદ્રને પી ગયા; તેવી રીતે વખતે પુત્ર પણ પોતાના ચારિત્રથી પિતા કરતાં ચઢી જાય છે.

હવે તેજ ગામમાં કપિલ નામનો રાજાનો પુરોહિત હતો. તેની સાથે સુદર્શનને મૈત્રી થઇ. તે કપિલ બહુ વખત સુદર્શનને ત્યાં રહેતો, તેથી તેની સ્ત્રી કપિલાએ પૂછ્યું. "હે સ્વામિ! આપ હમણાં ક્યાં રહો છો?" પતિએ કહ્યું. "હું મ્હારા મિત્ર સુદર્શનને ત્યાં રહેતો થકો ગોષ્ઠી કરૂં છું. શી તેની વાત કરૂં? તે રૂપમાં કામદેવ સમાન છે, વાણીમાં બૃહસ્પતિ જેવો છે; બુદ્ધિમાં બુદ્ધ જેવો, તેજમાં સૂર્ય જેવો, શીતળતામાં ચંદ્ર જેવો, કર્મ છેદનમાં મંગળ જેવો, જ્ઞાનમાં શુક્ર જેવો અને દુષ્કર્મના મંદપણાને લીધે શનિ જેવો છે.

વધારે શું કહું ! એક શીળગુણે કરીનેજ તે સર્વેથી ઉત્કૃષ્ટ છે. તેને વિધાતાએ સર્વ ગુણ મય કર્યો છે. " ભર્તારના મુખથી સુદર્શનની આવી સ્તુતિ સાંભળીને કપિલા તેની અનુરાગિણી થઈ. કહ્યું છે કે-હાસ્યથી, હાવભાવથી, મદથી, લજ્જાથી અને વાંકુ જોઈને અર્ધકટાક્ષ ફેંકવાથી; વળી વચનથી, ઈર્ષ્યાથી, કલહથી અને લીલાથી સ્ત્રીઓ જેવું એકે પાશબંધન નથી. તે ઉપરથી તે સુદર્શનની સાથે સંગમ ઈચ્છવા લાગી. એકદા તેનો ભર્તાર કપિલ, કંઈ કાર્યને અર્થે બહાર ગામ ગયો. તે વખતનો લાગ સાધી, તે જૂઠું બ્હાનું લઈને સુદર્શન શેઠને ઘેર ગઈ ને તેને કહેવા લાગી. " આપના મિત્રને તાવ આવ્યો છે તેથી તે આપને બોલાવે છે અને તે માટેજ હું આપને બોલાવવાને આવીછું; માટે આપ વિલંબ કર્યા વિના ચાલો." સુદર્શને કહ્યું. " મને ખબર નહોતી તેથી ઠીક થયું કે તમે બોલાવવા આવ્યાં. " પછી તે સર્વ કાર્ય ત્યજીને મિત્રને ઘેર ગયો, ને ઘરમાં પેઠો કે તુરત જ કપિલાએ બારણાં બંધ કર્યાં. ઘરની અંદર ગયા પછી કપિલા બોલી. " હે સ્વામિ! હું બહુ કાળથી આપનો સંગમ ઈચ્છતી હતી. તો હવે આ શરીર અને આ શય્યા આપને સ્વાધીનજ; સ્વેચ્છાએ ભોગ ભોગવો." પણ તેણીએ જ્યારે એમ જાણ્યું કે, તે માનતો નથી ત્યારે તે પોતાના શરીરથી તેના સ્પર્શ કરવા લાગી. પરંતુ સુદર્શનને તો જરા પણ મનોવિકાર થયો નહીં. તેણે તેણીને કહ્યું. "અરે ! તને કોણે ભુલાવી ? હું તો નપુંસકછું; હવે તે વાત કોઈને પણ કહેવી નહીં. " તેણીએ પણ પછી કહ્યું. " ત્હારે પણ આ મ્હારૂં કુચેષ્ટિત કોઈને જણાવવું નહીં. " એમ કહીને તેણીએ તેને છોડી દીધો.

પછી ઘેર આવીને સુદર્શન શેઠે અભિગ્રહ કર્યો કે, " હવેથી કદિ પણ મ્હારે જેમ તેમ કોઈને ત્યાં જવું નહીં. "

એકદા રાજા વસંત ઋતુ આવ્યો જાણીને મ્હોટા ઐશ્વર્યે સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા નિકળ્યો. મ્હારાણી અભયારાણી પણ વાહનમાં બેસીને કપિલા સહિત ત્યાં આવી. મનોરમા પણ પોતાના છએ પુત્રોને સાથે વસંતશોભા જોવા માટે ચાલી અને સુદર્શન પણ તેજ ઉદ્યાનમાં એ પ્રમાણે આવ્યો. ત્યાં મનોરમાને ને તેના છ પુત્રોને જોઈને કપિલાએ મ્હારાણી અભયાદેવીને પૂછ્યું. " આ કોની સ્ત્રી છે ? અને આ પુત્રો પણ કોના છે ? " અભયાદેવીએ કહ્યું. " એ સ્ત્રી તથા પુત્રો સુદર્શન શેઠના છે. " ત્યારે કપિલાએ કહ્યું. " જ્યારે મેં તેની પરીક્ષા કરી ત્યારે તો કહ્યું કે હું તો નપુંસક છું." તે સાંભળીને અભયાએ કપિલાને કહ્યું. " એ તો તેણે તને છેતરી. " કપિલાએ કહ્યું. " એ ખરૂં પરંતુ ત્હારી ચતુરાઈની પણ ત્યારે ખબર પડે કે, જ્યારે તું એની સાથ ક્રીડા કરે. " રાણીએ કહ્યું. " ત્યારેજ હું અભયા ખરી કે, જ્યારે હું એને વશ કરૂં. "

એકદા રાણીની ધાવી પંડિતાએ તેણીને પૂછ્યું. " હે સખિ ! ત્હારે શું ચિંતા છે ?" તે ઉપરથી રાણીએ પોતાનું વૃત્તાંત યથાસ્થિત કહી બતાવ્યું. ત્યારે પંડિતાએ કહ્યું. " કદાચ મેરૂ શિખર ચલાયમાન થાય, પણ એ સુદર્શન શેઠ શીલ ચલે નહીં. એને પરસ્ત્રી બહેન તુલ્ય છે. " ત્યારે ફરીથી રાણીએ તેનો આગ્રહ કરવાથી પંડિતાએ કહ્યું; ને પોતાની પ્રતિજ્ઞા દ્રઢ કરીને કહ્યું કે, " પર્વ દિવસે એને હું લાવીને આપીશ. "

એકદા કૌમુદી મહોત્સવ આવ્યો. તે સમયે રાજાએ પટહ વજડાવ્યો. તેથી તેનું અંતઃપુર તથા બીજા સર્વે લોક મહોત્સવ કરવા નગરની બહાર આવ્યા; પણ અભયારાણી માથું દુખવાનું બ્હાનું બતાવીને મ્હેલમાં જ રહી. પરંતુ સુદર્શન શેઠ પણ શાળની આઠમ હોવાથી દેવમંદિરમાં જઈ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. હવે પેલી પંડિતા દાસીએ યુક્તિ કરી

;, એક યક્ષની પ્રતિમાને વાહનમાં બેસારીને દેવમંદિરે લઇ ગઇ, ને પાછી વળતી વખતે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા શેઠને તે રથમાં બેસારીને મહેલમાં લાવી. એટલે અભયા રાણી એ કહ્યું. "હે સુદર્શન! મ્હારી સાથે ભોગ ભોગવ." એમ તે વારંવાર કહેવા લાગી; પણ સુદર્શન કંઈ બોલ્યો નહી. ત્યારે છેવટે તેણીએ કહ્યું. "જો તું મ્હારૂં વચન નહિં માન્ય કરે તો હું ત્હારા પ્રાણ લઇશ." છતાં પણ શેઠે તેણીનું વચન અંગીકાર કર્યું નહી. તેથી રાણીએ મ્હોટે સ્વરે બૂમ પાડી કે, "અરે કોઇ આવો! આ દુષ્ટ અહિં મ્હારૂં શીળ ભંગ કરવા આવ્યો છે!" એટલે રાજપુરુષો દોડી આવ્યા ને એહીને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને પૂછવા માંડયું પણ પૌષધનો ભંગ થશે એવા ભયથી તેણે કંઇ ઉત્તર આપ્યો નહી. તે ઉપરથી ક્રોધે ભરાઇ રાજાએ તેને શૂળી ઉપર લઇ જવાની આજ્ઞા કરી.

તે ઉપરથી રાજપુરુષો તેને ગામમાં ફેરવીને સ્મશાનભૂમિ પ્રત્યે લઈ ગયા. અહિં મનોરમા પોતાના સ્વામીનાથની આવી દશા જાણીને વિચારવા લાગી. "મ્હારા ભર્તાર એમ કદાપિ કરે નહી." એમ કહીને તે પણ કાયોત્સર્ગે રહી. તે એમ કહીને કે, "જ્યારે મ્હારા ભર્તારનું વિઘ્ન નાશ થશે, ત્યારેજ હું કાયોત્સર્ગ પાળીશ."

સ્મશાનભૂમિમાં સુદર્શન શેઠને શૂળિ ઉપર આરોપ્યા કે તુરતજ શાસનદેવતાએ શૂળીનું સુવર્ણનું સિંહાસન કરી નાંખ્યું! તે સાંભળીને રાજા ત્યાં આવ્યો. એહીને સિંહાસન ઉપર બેઠેલો જોઇ તે ચમત્કાર પામ્યો. એટલે શાસનદેવીએ કહ્યું. "જો કોઈ આ સુદર્શન એહીનું અશુભ ચિંતવશે, તેના હું પ્રાણ લઈશ. કારણ કે એ તો મહા શીળવાન્ છે." પછી સુદર્શન શેઠને મહા ઉત્સવ પૂર્વક ઘેર લઇ ગયા. તેને વૈરાગ્ય પ્રાપ્ત થયો તેથી તેણે સંયમ ગ્રહણ કર્યો. સર્વ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ને પોતાના શીળના માહાત્મ્યથી તે અંતે મોક્ષ ગામી થયા. મનોરમા પણ અનુક્રમે સંયમ ગ્રહણ કરી કર્મને હણી મોક્ષસુખ પામી. ઇતિ.

---

## શાલ મહાશાલ મુનિ

નિત્ય ભાવ થકી અનિત્યાદિક ભાવના ભાવવાથી માણસને શાલ અને મહાશાલ મુનિની પેઠે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

સ્વર્ગપુરીના જેવી અને જિનેશ્વર ભગવાનના પ્રાસાદે કરીને યુક્ત એવી પૃષ્ઠચંપા નામે નગરી છે. ત્યાં શાલ નામે રાજા રાજ્ય કરતો હતો. તે પ્રજાનું નીતિપૂર્વક પાલન કરતો. તેનો ન્હાનો ભાઇ મહાશાલ યુવરાજની પદ્વીને પામ્યો હતો. શાલના પિતાએ પોતાની પુત્રી યશોમતીને કાંપિલપુર નગરના રાજા પીઠ વેરે પરણાવી હતી. પુન્ય કરતા એવા તે દંપતીને ગાંગિલ નામે પુત્ર થયો.

એવામાં પોતાની મધુર વાણીવડે પૃથ્વિને સૂર્યની પેઠે પ્રબોધ પમાડતા, શ્રી વીર ભગવાન્ પૃષ્ઠચંપાપુરીના ઉદ્યાનને વિષે સમવસર્યા. ત્યાં દેવતાઓએ રૂપ્યમય, રત્નમય અને સુવર્ણમય એમ ત્રણ ગઢ યુક્ત એક યોજન પર્યંત સમવસરણ રચ્યું. તે મધ્યે સિંહાસન ઉપર પ્રભુ દેશના દેવા બેઠા. તે દેશના સાંભળવાને શાલ અને મહાશાલ એ બે ભાઇઓ પણ આવ્યા. પ્રભુ પણ સર્વ જીવને પ્રબોધ પમાડનારી અને એક યોજન સુધી સંભળાય તેવી વાણીએ કરીને દેશના આપવા લાગ્યા. તે ઉપદેશ દેવ દેવી, નર નારી, શાંબર શાંબરી અને તિર્યંચ એ સૌ પોત પોતાની ભાષામાં સમજવા લાગ્યા. એ ઉપદેશ આ પ્રમાણેઃ— તારાનો માર્ગ, તારાની નદી (આકાશ માર્ગને આકાશ ગંગા) ભુજંગ (સર્પ) ના તરંગ અને ગંગા નદીની વેણુના કણ—એની સંખ્યા કરીને ધર્મ કરે; જે મનુષ્ય ધર્મનો અભિલાષી

છે તે કૃતાર્થ થયો સમજવો. વળી વિવેકી માણસ ધર્મ કરવાનો અવસર પ્રાપ્ત કરીને કદી વિલંબ કરે નહી. કારણ કે જુઓ, શ્રી ઋષભદેવ તક્ષશિલા નગરીએ આવ્યા ત્યારે બાહુબળિએ સવારમાં વંદન કરવા જવાનું કહ્યું, તો તે વંદન કર્યા વગર રહ્યો. (કારણ કે પ્રભાતે તો પ્રભુ વિહાર કરી ગયા હતા.) વળી મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે. વળી જેવી રીતે તૃણ કાષ્ટથી અગ્નિ તૃપ્ત થતો નથી; હજારો નદીઓથી લવણસમુદ્ર તૃપ્ત થતો નથી તેમ આ જીવ પણ કામભોગથી તૃપ્ત થતો નથી. માટે વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં, શરીર રોગયુક્ત થયા પહેલાં અને ઇંદ્રિય પણ હીન થયા પહેલાં ધર્મ આચરવો.

પ્રભુનો એવો ધર્મોપદેશ સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી શાલે મહાશાલને કહ્યું. "હે ભાઇ! તું રાજ્ય ગ્રહણ કર; કારણ કે રાજસુખ મને તૃણ સમાન લાગે છે. માટે હું દીક્ષા લઇશ." મહાશાલે કહ્યું. "રાજ્ય તો નરકે લઇ જનારૂં છે ત્યારે ત્હારો ભાઇ તને વ્હાલો નથી કે, તું તેને નરકમાં લઇ જવા માગે છે? મુક્તિસુખ ત્હારે એકલાને ભોગવવું છે અને નરકમાં મને મોકલવો છે? એ ત્હારી કેવી પ્રીતિ? વળી વિદ્યા, ઔષધ, પિતા, બાંધવ, પુત્ર, અભિષ્ટ કુળદેવતા, માતા, દ્રવ્ય, સ્વજન, પરિજન, શરીર સંબંધી બળ, સુર કે અસુર કોઈ ત્રુટેલું આયુષ્ય સાંધવાને સમર્થ નથી. જીવ જો એક દિવસ પણ એકાગ્ર ચિત્તે ચારિત્ર પાળે તો, મોક્ષે નહિં તો છેવટ વૈમાનિક દેવતા તો થાયજ."

એ પ્રમાણે પરસ્પર વિવાદ કરીને બન્ને ભાઈઓ દીક્ષા લેવાને આતુર થયા. તેથી તેમણે કાંપિલપુરથી પોતાના ભાણેજ ગાંગિલને માતા પિતા સહિત ત્યાં બોલાવ્યો. ત્યાં તેને મહોત્સવ પૂર્વક રાજ્ય ઉપર બેસારી, ભગવંતને મંદિરે અઠ્ઠાઇ મહોત્સવ કરી સાત ક્ષેત્રમાં ધન વાપરીને બન્ને ભાઇઓએ શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી. નિરંતર શુદ્ધ સંયમ પાળતા, તપ ક્રિયા અનુષ્ઠાનમાં તત્પર એવા તેઓ ગુરુ પાસે શાસ્ત્રનો અભ્યાસ કરતા બહુશ્રુત થયા.

એકદા શ્રી વીર પ્રભુએ શાલ મહાશાલ મુનિ સહિત ગૌતમસ્વામીને રાજગૃહિથી ચંપાપુરીમાં ગાંગિલને પ્રતિબોધવાને મોકલ્યા. એટલે તેઓ ત્યાં જઇને બહારના ઉદ્યાનમાં રહ્યા. ગાંગિલ રાજા પોતાના માતા પિતા સહિત તેમને વંદન કરવાને આવ્યો. ત્યાં ગૌતમસ્વામીએ તેમને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. "સંધ્યા સમયના રંગ, પાણીના પરપોટા અને ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપ જીવ! તું બોધ નથી પામતો એ શું? વળી સંપત્તિ પાણીના પુરના જેવી ચંચળ છે, યૌવન પણ ચાર દિવસનું છે અને આયુષ્ય પણ શરદ ઋતુના મેઘ જેવું અસ્થિર છે તો પછી ધન શા કામમાં આવશે? માટે હે ભવ્ય જીવો! તમે ધર્મ આદરો."

આ ઉપદેશ સાંભળીને ગાંગિલે, પોતાના માત પિતા (યશોમતિ અને પીઠ) સહિત ચારિત્ર અંગીકાર કર્યું. તે વખતે ગૌતમસ્વામીએ કહ્યું. "તમે દીક્ષા લીધી છે તો તે શુદ્ધ પાળવી. શુદ્ધ ચારિત્ર વિના મુક્તિ નથી. કેટલાક પ્રાણી સિંહની પેઠે ચારિત્ર લઇને શિયાળની પેઠે (જેમ તેમ) પાળે છે; કેટલાક શિયાળની પેઠે ગ્રહણ કરીને સિંહની પેઠે તીવ્રપણે પાળે છે; વળી કોઇ તો શિયાળની પેઠે લઇને શિયાળની પેઠે પાળે છે; પણ સૌથી ઉત્તમ તો એવા હોય કે, સિંહની પેઠે લે અને પાળે પણ સિંહની પેઠે. માટે તમે આવા ઉત્તમ ગણાવેલાના જેવા થજો; કે જેથી તમને ઝટ મુક્તિ મળશે. કહ્યું છે કે-જીવ જો એક દિવસ પણ એકાગ્ર ચિત્તે ચારિત્ર પાળે તો મોક્ષે નહિ તો છેવટ વૈમાનિક દેવતા તો થાયજ."

પછી ગાંગિલ, યશોમતિ, પીઠ, શાલ અને મહાશાલ એ સૌ શ્રી ગૌતમ સાથે ચાલતા થયા. તેઓ ભાવના ભાવવા લાગ્યા કે "આપણે આવ્યા છીએ એકલા, ને મરવું છે પણ એકલા. જે ધર્મ કરે છે તે સ્વર્ગે જાય છે; ને જે પાપકૃત કરે છે તે નરકે જાય છે. જે મૂઢ પ્રાણીઓ શરીર, પુત્ર, ગૃહાદિને મ્હારાં મ્હારાં કર્યા કરે છે તે પણ તેમને ત્યજી દઈને ભવ સાગરમાં ડૂબે છે. જ્યારે પ્રાણને દેહ થકી જુદો માન્યો છે, ત્યારે તત્વવેત્તા—ડાહ્યા માણસો આ ગૃહાદિક કેમ પોતાનું માને છે? કુટુંબ ધન ધાન્યાદિ સર્વ દુઃખનાં કારણ છે. તેથી જે કુબુદ્ધિ પ્રાણી આ દેહને પોતાનો માને છે, તે માઠાં કર્મ બાંધે છે. કહ્યું છે કે-જે ડાહ્યો માણસ ધર્મકૃત આચરે છે તે સ્વર્ગે જાય છે અને જે પ્રાણી પાપકૃત્ય કરે છે તે દુઃખની ખાણ રૂપ એવી નરક ગતિને પામે છે અને જેઓ અસાર સંસારનો ત્યાગ કરે છે તે મોક્ષગતિને પામે છે. માટે હે જીવ! તું આ ધર્મજ શરણ છે એમ ધારીને તેને સ્વીકાર અને આ અસાર સંસારને ત્યજી દે."

ઇત્યાદિ ભાવના ભાવતાં તેઓને માર્ગે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એટલામાં તેઓ શ્રી વીર ભગવાન્ પાસે ગયા. ત્યાં ગૌતમસ્વામીએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દીધી અને પોતાની સાથે હતા તેમને પણ તેમ કરવાનું કહ્યું. ત્યારે શ્રી ભગવાને કહ્યું. "હે ગૌતમ! કેવળીની આશાતના ન કરો." ગૌતમે પૂછ્યું. "હું કયા કેવળીની આશાતના કરૂં છું?" પ્રભુએ ઉત્તર આપ્યો. "આ શાલ અને મહાશાલ વિગેરેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે." તે જાણીને ગૌતમ પોતાને હાથે જેમને દીક્ષા આપેલી છે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું જાણીને, પોતાની નિંદા કરતો ઉભો થઇને તેમની ભક્તિ પૂર્વક ક્ષમા માગવા લાગ્યો. પછી તેણે પ્રભુને કહ્યું. 'હે ભગવાન્! હુંજ ભાગ્ય રહિત છું! જેમને હું દીક્ષા આપું છું તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે; ને મને નહિ!" ભગવાને કહ્યું. "ગૌતમ, ખેદ ન કર; તને પણ પ્રાપ્ત થશે. જે અષ્ટાપદ પર્વત ઉપર જઇને ચોવીશ જિનેશ્વરને વંદન કરે, તેને તેજ ભવે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી મળે."

એ સાંભળીને ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર જઇને ચોવીશે તીર્થંકરની પ્રતિમાઓને નમીને તથા કેવળીને પણ વંદન કરીને પંદરસોને ત્રણ તાપસોને પ્રબોધીને તેમને દીક્ષા આપી. તેમને પણ અનુક્રમે પ્રભુની મૂર્તિ જોતાંજ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. હવે શાલ અને મહાશાલ પણ આયુષ્ય ક્ષીણ થયે મૃત્યુ પામીને મુક્તિવધુને વર્યા. ઇતિ.

---

## શાળિભદ્ર.

જે પ્રાણી એકવાર પણ ભાવ સહિત સાધુને શુદ્ધ દાન આપે તો, તે પ્રાણી શાળિભદ્રની પેઠે અગણિત લક્ષ્મી પ્રાપ્ત કરે છે. વિષયભોગને વિષે માણસો જેની હરિફાઈ કરતા હતા, એવો તે પણ મુક્તિ પામીને સૌથી ઉત્કૃષ્ટ થયો. એવા શ્રી શાળિભદ્રને ધન્ય છે!

જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ગોભદ્ર નામે રાજાનો માનીતો શેઠી રહેતો હતો; તેને ભદ્રા નામની શીળવની સ્ત્રી હતી. અન્યદા તેણીએ સ્વપ્નને વિષે શાળિક્ષેત્ર જોયું; ને અનુક્રમે તેણીને પુત્ર પ્રસવ્યો તેથી તેનું શાળિભદ્ર એવું નામ પાડ્યું. આઠ વર્ષની યોગ્ય વયે તેને નિશાળે મૂકયો. ત્યાં તે સકળ કળામાં પારંગત થયો. કહ્યું છે કે—જેણે પહેલી અવસ્થામાં વિદ્યા ઉપાર્જિ નથી, બીજી અવસ્થામાં ધન ઉપાર્જ્યું નથી અને ત્રીજી અવસ્થામાં ધર્મ ઉપાર્જ્યો નથી તે ચોથી અવસ્થામાં શું કરી શકશે?

અનુક્રમે શાળિભદ્ર યૌવનાવસ્થાને પામ્યો. ત્યારે તેને બત્રીશ શ્રેષ્ઠી પુત્રીઓ પરણાવી. એટલે તે પોતાના દેવવિમાન સરખા મહેલમાં રહેતો થકો, ભોગવિલાસ ભોગવતો વખત જતો તે પણ જાણતો નહી. સ્વર્ગને વિષે જેવું ઇંદ્ર અપ્સરાઓ સાથે સુખ ભોગવે છે તેવું તે અહિં ભોગવવા લાગ્યો.

એકદા ગોભદ્ર શેઠને વૈરાગ્ય ઉત્પન્ન થયો તેથી તેમણે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી, ને ઉત્તમ પ્રકારે સંયમ પાળી અનશન કરી મૃત્યુ પામી અનુક્રમે તે સ્વર્ગમાં દેવતા થયો. તે પોતાના પુત્રની ઉપર પ્રીતિને લીધે નિત્ય દીવ્ય આભુષણાદિ આપવા લાગ્યો. કહ્યું છે કે—જિનેશ્વરના પંચ કલ્યાણકને વિષે, મ્હોટા મુનીશ્વરના તપના માહાત્મ્યને લીધે, અથવા જન્માંતરના સ્નેહ થકી, સુર ( દેવતા ) અહિં પૃથ્વી ઉપર આવે. મનુષ્યલોકની ગંધ ચારસો પાંચસો યોજન સુધી ઉંચી જાય છે તેથી તેઓ અહિં આવી શકતા નથી.

હવે એકદા નગરને વિષે કોઇ વણિક્ શ્રેણિક રાજા પાસે રત્નકંબળ લઇને વેચવા આવ્યો. રાજાના પુછવાથી તેણે એકેક કંબળનું મૂલ્ય સવાલાખ સોનૈયા બતાવ્યા. તેથી આશ્ચર્ય પામી રાજા બોલ્યો. " અહો ! સવાલક્ષના તો બહુ અશ્વ ખરીદી શકાય; માટે આ પણ એવી રત્નકંબળ નહિ જોઇએ." તે ઉપરથી તે વણિક્ નગરને વિષે વેચવા ચાલ્યો.

એવામાં તે રત્નકંબળની ચિલ્લણા રાણીને ખબર પડી. તેથી તેણીએ રાજા પાસે એવી "એક કંબળ અપાવો" એમ કહ્યું. એમ રાણીએ આગ્રહ કર્યો. તેથી તેણે પેલા વણિક્‌ને બોલાવીને એક રત્નકંબળ માગી, પણ તેણે તો કહ્યું. "મેં તો સર્વ ભદ્રાને લક્ષ લક્ષ દ્રવ્યે આપી દીધી." તે સાંભળીને રાજાએ એમાંની એક ભદ્રા પાસેથી લેવાને, લક્ષ મૂલ્ય આપીને અનુચરને મોકલ્યો. અનુચરે ભદ્રા પાસે જઈ લક્ષ મૂલ્ય લઇ એક કંબળ આપવાનું કહ્યું. ત્યારે ભદ્રાએ કહ્યું. " મેં તે સોળ કંબળના બત્રીશ કટકા કરીને મ્હારા શાળિભદ્રની બત્રીશ સ્ત્રીઓને વ્હેંચી આપ્યા છે. તે સર્વ ખંડ તે વહુઓએ પણ, હાથ પગ ધોઇને તે વડે પગ લુહીને નાંખી દીધા છે. માટે જો રાણીને જરૂર હોય તો એ ખંડ પડ્યા, લઈ જાઓ. " સેવકે જઇને તે સર્વ હકીકત રાજાને કહી. રાણી બોલી. " અહો ! વણિક્ સ્ત્રીઓ પણ ધન્ય છે કે આવી આવી રત્નકંબળોનો તેઓ ઉપભોગ કરે છે ! અહો ! લક્ષ્મી ભોગના કામમાં ન આવે તો પછી તે શા કામની ? કારણ કે તે નદીના વેગ તથા હસ્તિના કાન જેવી ચપળ છે. કહ્યું છે કે—સંધ્યા સમયના રંગ, પાણીના પરપોટા અને ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપી જીવ ! તું બોધ નથી પામતો એ શું ? વળી સંપત્તિ પાણીના પુર જેવી ચંચળ છે, યૌવન ત્રણ ચાર દિવસનું છે અને આયુષ્ય પણ શરદ ઋતુના મેઘ જેવું અસ્થિર છે તો પછી ધન શા કામમાં આવશે? માટે હે ભવ્યજીવો ! તમે ધર્મ આદરો.

પછી શાળિભદ્રની એવી ઋદ્ધિ સાંભળીને રાજાએ તેને પોતાની પાસે બોલાવવા માણસ મોકલ્યાં. પણ ભદ્રાએ રાજા પાસે આવીને કહ્યું. " મ્હારો પુત્ર ક્યાંય પણ બહાર જતો નથી. માટે હે રાજન્ ! આજે આપ મ્હારે ત્યાં આવીને મ્હારૂં ગૃહ પવિત્ર કરો. " તે ઉપરથી રાજાએ આશ્ચર્ય પામીને કહ્યું. " ત્યારે તો હે ભદ્રા ! હું પોતે શાળિભદ્રને જોવા માટે ત્હારે ઘેર આવીશ." તે ઉપરથી ભદ્રાએ કહ્યું. " જરા ખમીને આવજો. " એમ કહીને તે પોતાને ઘેર આવી. પછી ગોભદ્ર શેઠે ત્યાં વિચિત્ર ગજ, અશ્વ, કેળ પ્રમુખની વિચિત્ર રચના કરાવી, ને રાજમાર્ગે પણ રાજાના મહેલ સુધી અપૂર્વ દીવ્ય પટકૂળાદિકની વિચિત્ર શોભા કરાવી. પછી ભદ્રાએ રાજાને મળવા બોલાવ્યા.

પ્રદેશમાંથી તે ભદ્રાક નિકળ્યો એટલે તો રાજમાર્ગે સ્થાને સ્થાને અપૂર્વ રીતિએ દ્વારને શણગારી દીધાં હતાં. સ્થાને સ્થાને સુવર્ણના કળશ, ઇંદ્રનીલમણિનાં તોરણો, તથા મધુરીક મોતીના સાથીઆ તથા દીવ્ય વસ્ત્ર આદિની શોભા થઈ રહી હતી. પગલે પગલે દીવ્ય અને સુગંધી દ્રવ્ય વેરેલું હતું. એમ સર્વ ભૂમિને શોભાવી દીધી હતી. તે સ્થળે તો એવો રાજા ભદ્રાને ઘેર આવ્યો. એટલે ભદ્રાએ લઈ જઈને તેમને ચોથે માળે સિંહાસન ઉપર બેસાડ્યા.

ત્યાં બેસારીને તે સાતમી ભૂમિકાએ જઇ શાલિભદ્રને કહેવા લાગી. "હે પુત્ર! તને જોવાને શ્રેણિક આવ્યા છે." તે સાંભળીને તેણે કહ્યું. "હે માતા! તેની પાસે જે વેચવાનું હોય તે ખરીદ કરો." માતાએ કહ્યું. "હે પુત્ર! તે કોઇ કરિયાણાનો વેચનાર નથી. એ તો મગધ દેશનો અધિપતિ ને આપણો રાજા શ્રેણિક મહારાજ છે. તે તને મળવાને આવ્યા છે." શાલિભદ્ર તો આવા પ્રકારની માતાની વાણી સાંભળીને ચિત્તને વિષે દુઃખી થયો. "અહો! મ્હારા જીવિતને ધિક્કાર છે! કે મ્હારે માથે પણ ધણી છે! હવે હું આ જે કાયાના ભોગવિલાસ છે તે નહી ભોગવું. હવે હું શ્રી વીર પ્રભુ પાસે જઇને દીક્ષા લઇશ." પછી તે માતાના આગ્રહથી સુશોભિત એવો શાલિભદ્ર રાજા પાસે આવ્યો ને તેને પ્રણામ કર્યા. રાજાએ તેને આલિંગન કરીને ખોળામાં બેસાડ્યો, એટલે તો અગ્નિના સ્પર્શથી જેમ માખણ ઓગળે, તેમ શાલિભદ્રનું શરીર ઓગળવા લાગ્યું. અર્થાત્ રાજાના સ્પર્શથી તેને પરસેવો વળ્યો. તે જોઇને રાજાએ તેનું કારણ પૂછ્યું. ત્યારે ભદ્રાએ ઉત્તર આપ્યો. "હે રાજન્! એના પિતા સંયમ ગ્રહણ કરી મૃત્યુ પામીને દેવલોકે ગયા છે, ત્યાંથી તે તેના પુત્ર ઉપર સ્નેહને લીધે મનવાંછિત દિવ્ય વસ્તુઓ મોકલે છે. તેથી હમણાં તે મનુષ્યના ગંધને લીધે અત્યંત દુઃખ પામે છે. માટે એને તમે મૂકી દો."

રાજાએ એને મૂકી દીધો એટલે કર્મથી મુકાએલો જીવ જેમ મુક્તિએ જાય, તેમ તે સાતમી ભૂમિએ ગયો. પછી ભદ્રાએ રાજાની ભક્તિને અર્થે તેને દીવ્ય પાણીથી સ્નાન કરાવ્યું. એવામાં રાજાની વીંટી ક્યાંહિ પડી ગઇ, તેની તેને ખબર રહી નહી. સ્નાન કરી રહ્યા પછી તે અહિં તહિં જોવા લાગ્યો, પણ તે હાથ આવી નહી. તેથી તે ગાભરો બની ગયો. તે જાણીને ભદ્રાની આજ્ઞાથી દાસીએ કુવામાં પડેલી તેની વીંટી બતાવી. સાથે બીજી બહુ વીંટીઓ પડી હતી, તેથી દાસીએ બધી લાવીને રાજાને કહ્યું. "આમાં આપની હોય તે લઇ લ્યો." રાજાએ જોયું તો પોતાની મુદ્રિકામાં ને બીજી બધી હતી તેમાં અંગારાને રત્નના જેવું, સરસવને સુવર્ણમેરૂ જેવું અંતર જોયું. તેથી તેણે દાસીને પૂછ્યું. "આ મુદ્રા વિગેરે આભૂષણો કોનાં છે?" ત્યારે દાસીએ કહ્યું. "એ આભૂષણો શાળિભદ્રનાં અને તેની સ્ત્રીઓનાં છે. એ એકવાર પહેરી પહેરીને તેણે ઉતારી નાંખ્યાં તે આ કુવામાં નાંખી દઇએ છીએ ને ગોભદ્ર દેવ નિત્ય પાછાં નવાં નવાં મોકલે છે. તે એઓ પહેરે છે." દાસીનું આવું કહેવું સાંભળીને રાજા બહુ વિસ્મય પામ્યો.

પછી ભદ્રાએ રાજાને તેના પરિવાર સહિત દીવ્ય ભોજન જમાડ્યાં, ને સૌને આભૂષણ આપ્યાં. તે ઉપરથી શ્રેણિક રાજા કહેવા લાગ્યો. "અહો! ક્યાં મ્હારૂં સુખ અને ક્યાં આનું સુખ!" એમ તે બન્ને વચ્ચેના અંતર વિષે વિચાર કરતો કરતો પોતાને મહેલે આવ્યો.

એવામાં એકદા ત્યાં શ્રી ધર્મઘોષ આચાર્ય આવ્યા. તે સાંભળીને શાળિભદ્ર તેમની પાસે ગયો, ને તેમને વિનય પૂર્વક વાંદ્યા. ત્યાં તે ગુરૂએ ઉપદેશ આપ્યો. "ઘરને ઉંદરોએ જર્જરિત કરી નાંખ્યું છે; વસ્ત્રો તો જૂઓના ભંડારરૂપ થયાંછે; શય્યા પણ માકણથી ભર

ઘર છે; શરીરને વિષે રોગ ઘર કરીને બેઠા છે; ભોજન પણ લૂખાં મળે છે; ધંધો ભાર વહી વહીને પેટ ભરવાનો છે; ઘેર કડવાં વચન કહેનારી કાણી ને કુરૂપ સ્ત્રી છે. આવાં આવાં બે પુરૂષને દુઃખ છે તે પણ ઘરનો સંગ છોડતો નથી ! અહો ! એવા મૂઢને ધિક્કાર છે!! મૂઢ પુરૂષો વિચાર કરે છે કે, અર્થ સંપત્તિ આજ, કાલ, પરોર અથવા પરાર મળશે; પણ તે દુર્ધ્યાનીમાં રહેલા પોતાના ગળતા આઉખાને નથી દેખતા ! માટે જે પુરૂષ આદર સહિત શુદ્ધ સંયમ લઈને પાળે છે તેને સ્વર્ગ અને મોક્ષ તો હાથમાંજ છે. "

મુનિનાં આવાં વચનો સાંભળીને શાળિભદ્રે કહ્યું. " હું મ્હારી માતાની આજ્ઞા લઈ ને આપની પાસે [illegible] લઈશ. " એમ કહી માતા પાસે જઈ કહેવા લાગ્યો. " હે માતા ! હું ધર્મઘોષસૂરિ પાસે ધર્મ સાંભળીને આવ્યો છું, તેથી મ્હારે દીક્ષા લેવી છે; માટે મને આજ્ઞા આપો. " માતાએ કહ્યું. " હે પુત્ર ! ત્હારૂં શરીર સુકોમળ છે, તેથી ત્હારાથી ચારિત્રનાં દુઃખ નહી સહન થાય. " ત્યારે શાળિભદ્રે કહ્યું. " સુખના લાલચુ એવા જે પુરૂષો કષ્ટ [illegible] નથી સહન કરતા, તેને કાયર જાણવા. જેમ બાળક [illegible] [illegible] પણ [illegible] કે હું [illegible] [illegible] છું, એ જેમ ભ્રાંતિ છે તેમ આ સંસારમાં [illegible] [illegible] [illegible] છું; [illegible] જીવ જોતાં એ સર્વ દુઃખમય છે. " માતાને એમ સમજાવીને [illegible] [illegible] એક એક સ્ત્રીને પ્રતિબોધ પમાડીને તેણીનો ત્યાગ કરવા માંડ્યો અને સાત [illegible] [illegible] [illegible] કરવા માંડ્યો.

હવે શાળિભદ્રની ન્હાની બ્હેન જેને ધના શેઠની સાથે પરણાવી હતી, તે પતિના [illegible] તેલ [illegible] હતી; તે વખત તેણીની આંખમાંથી આંસુનું ટીપું પડ્યું. તે ધના [illegible] [illegible] ઉપર પડ્યું. તે પડ્યું જાણીને ધના શેઠે પોતાની પ્રિયાને રૂદનનું કારણ પૂછ્યું. તેણીએ [illegible] [illegible] કે, " મ્હારા ભાઈ શાળિભદ્ર દીક્ષા લેવાના છે, તેથી નિત્ય એકેક સ્ત્રીનો ત્યાગ કરે છે તેથી મને આ બ્હેનના આંસુ આવ્યાં. " આ સાંભળીને ધના શેઠે કહ્યું. " [illegible] ! ત્હારો ભાઈ [illegible] [illegible] છે. " સ્ત્રીએ કહ્યું. " ત્યારે જો આપનામાં શક્તિ હોય તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ત્યાગ નથી કરતા ? " સ્ત્રીનું આવું ઉપહાસનું વચન સાંભળીને [illegible] કહ્યું. " હવેથી ત્હારો પણ મ્હારે ત્યાગ છે. " પછી પોતાના પતિનું [illegible] [illegible] [illegible] [illegible] આઠ સ્ત્રીઓ કહેવા લાગી. " એ સ્ત્રી તો મૂર્ખ છે. એણે કહેલું સાંભળીને આપ ત્યાગ કરવું ન ઘટે. " પછી પત્નીને પણ કહ્યું. " હે સ્વામી ! [illegible] [illegible] જે મ્હારી મૂર્ખતામાં કહ્યું, તે આપ ક્ષમા કરો. હવે પછી હું આપનો [illegible] [illegible] નહી કહું. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]; [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી. " આ સાંભળીને તો ધના શેઠે તેઓને [illegible] આપ્યો.

[illegible] પછી તે ત્યાંથી શાળિભદ્રને ઘેર આવીને તે બન્નેને કહેવા લાગ્યા. " હે શાળિભદ્ર ! [illegible] [illegible] [illegible] [illegible] છો ? કે એકેક સ્ત્રીને ત્યજો છો ? [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ! માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. "

[illegible] ત્યાં [illegible] [illegible] [illegible] શ્રી વીર ભગવાન્ સમાવસર્યા. શાળિભદ્ર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] ધના શેઠે [illegible] [illegible] પ્રભુ પાસે [illegible] શાળિભદ્ર [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

બે, ત્રણ, ચાર માસના ઉપવાસ પ્રમુખ કરવે કરીને કાયાને શોષવા લાગ્યા.

અન્યત્ર વિહાર કરીને પાછા ફરતા ફરતા તે બન્ને મુનિ, વળી વીરસ્વામીની સાથેજ રાજગૃહિ નગરી પ્રત્યે આવ્યા. ત્યાં ભવ સમુદ્રનો પાર પામવાને ઈચ્છાતુર એવા બહુ લોકો તેમને વંદન કરવા આવ્યા. પ્રભુએ તેમને આ પ્રમાણે દેશના દીધી. "મનુષ્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, કુળ, રૂપ, આરોગ્ય, મ્હોટું આયુષ્ય, બુદ્ધિ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમ આ સર્વ આ લોકમાં દુર્લભ છે." અન્યદા માસખમણને પારણે, ધન્યશેઠ અને શાળિભદ્ર બન્ને ભિક્ષાને અર્થે જતાં, પ્રભુને વંદન કરીને પૂછવા લાગ્યા. "હે પ્રભો ! આજે અમારૂં પારણું કોને હાથે થશે ?" પ્રભુએ કહ્યું. "આજે ત્હારે અને ધન્યને બન્નેને ત્હારી માતાને હાથે પારણું થશે." તે સાંભળીને શાળિભદ્રે "ઇચ્છામિ" એમ કહી પ્રભુને વંદન કરીને ધન્યને સાથે લઇને ભિક્ષાને અર્થે નગરમાં ચાલવા માંડયું. તેઓ બન્ને શાળિભદ્રને ઘેર આવ્યા; પણ તેમને ભદ્રાએ અગાઉ કદી જોયા ન હોય તેમ તે ભદ્રાને ખબર પડી નહી. તે તો બિચારી પોતાનાજ ધ્યાનમાં હતી કે, 'હું આજે શાળિભદ્રને વંદન કરવા જઇશ.' તેમના તરફ ભદ્રાનું ધ્યાન ન ગયું, તે જોઇને તે બન્ને સાધુ ઘરથી બહાર નિકળ્યા. નગરના દરવાજા સુધી ગયા ત્યાં તેમને એક વૃદ્ધ સ્ત્રી દહિં લઇને ગામમાં આવતી હતી, તે સામી મળી. શાળિભદ્રને જોઇને તેણીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું, તેથી તે તેમના ઉપર પ્રીતિવાળી થઇ ને તેમને દહિં વહોરાવ્યું. તે લઇને તેઓ બન્ને પ્રભુ પાસે આવ્યા.

ત્યાં આવીને શાળિભદ્ર મુનિએ કહ્યું. "હે સ્વામિન્, આપ કહેતા હતા કે ત્હારી માતાને હાથે પારણું થશે; પણ એમ ન થયું તેનું કારણ શું ?" પ્રભુએ કહ્યું. "મેં સત્ય જ કહ્યું છે. કારણ કે, સાંભળ—

પૂર્વે શાળિગ્રામ નામે ગામમાં ધન્યા નામની વિધવા સ્ત્રી રહેતી હતી. તેને સંગમ નામે પુત્ર હતો. તે નિત્ય ગામનાં ઢોર ચરાવવા સીમમાં જતો. એકદા ઘેર ઘેર ઉત્સવને લીધે ખીર રંધાતી જોઇને તેણે પણ પોતાની માતા પાસે તે માગી. માતાએ કહ્યું. "હું દારિદ્રી ક્યાંથી ખીર આપું ?" પણ તે તો બહુ હઠ કરીને રોવા લાગ્યો. કહ્યું છે કે— ચોર, બાળક, દુર્જન, બ્રાહ્મણ, નિત્ય આવનારો પ્રાહુણો, ધૂત્કારી, ધુર્ત્ત અને રાજા એટલા પરની પીડા જાણતા નથી. તે ઉપરથી ચાર પાડોશણોએ એ વાત જાણી. તેથી એકે દૂધ આપ્યું; બીજીએ ચોખા આપ્યા; ત્રીજીએ સાકર આપી; તો ચોથીએ ઘૃત આપ્યું. તે લઇને તે વૃદ્ધાએ ખીર નીપજાવી પોતાના પુત્રને આપી, ને પોતે પાડોશીને ઘેર ગઈ. છોકરો ખાવા બેસે છે એટલામાં કોઈ એક મુનિ માસખમણને પારણે તે સંગમને ઘેર આવ્યા. સંગમ પણ ચારિત્રના પાત્રરૂપ અને તપથી દુર્બળ શરીરવાળા તે મુનિને જોઈ હર્ષથી વિચાર કરવા લાગ્યો કે, "મંદભાગ્યવાળા પ્રાણીને ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણેનો યોગ મળવો દુર્લભ છે. તે આજે મને મળ્યો છે." એમ કહીને પોતાના ભાજનમાંની બધી ખીર તેમને વહોરાવી દીધી. ઉત્તમ પાત્રને દાન દઇને તે બહુ હર્ષ પામ્યો. મુનિ પણ શુદ્ધ આહાર લઈ, ધન્ય માનતા પોતાને આશ્રમે ગયા. એવામાં સંગમની માતા ત્યાં આવી, તેણીએ તેનું ભાજન ખાલી જોઈ બીજી હતી તે પીરસી; તે એમ ધારીને કે, 'ભૂખ્યો હતો તેથી તે સઘળી ખાઇ ગયો હશે.' પણ સંગમ તો હજુ ભૂખ્યોજ હતો. તેથી માતાએ બીજી વાર પીરસેલી ખીર કંઠ સુધી આવી ત્યાં સુધી તે ખાઈ ગયો. રાત્રીએ અજીર્ણ થયું તેથી તે મૃત્યુ પામ્યો. એનો જીવ તે ભદ્રા શેઠાણીને ત્યાં પુત્ર ઉત્પન્ન થયો તેજ તું. (વીર પ્રભુ શાળિભદ્રને કહે છે ) કેમ, હે શાળિભદ્ર ! હવે સમજ્યો કે, ત્હારા પૂર્વ ભવ સંબધી તે

માતા હતી, તેજ માતાએ આજે તને દહિં વહોરાવ્યું."

આ સાંભળીને પછી પારણું કરીને સર્વ વસ્તુ અસાર માનતા તે બંન્ને (ધન્યશેઠ અને શાળિભદ્ર) વીર પ્રભુની આજ્ઞા લઈ વૈભારગિરિ ઉપર જઈને શુદ્ધ ભૂમિ ઉપર અનશન લઈ ઉભા રહ્યા.

પછી ભદ્રા આવીને વીર ભગવંતને વંદન કરી પૂછવા લાગી. "હે પ્રભો! આજે મ્હારે ઘેર ધનો અને શાળિભદ્ર કેમ ભિક્ષાને અર્થે ન આવ્યા?" તે સાંભળીને પ્રભુએ બેનેસી હકીકત કહી. તેથી તે દુઃખી થઈને વૈભારગિરિ ઉપર ગઈ, ને કહેવા લાગી. "હે પુત્ર! હું ખરે મંદભાગ્યણી ઠરી કે તને મેં આવ્યો ન જાણ્યો! એક વાર ત્હારૂં મુખ તો બતાવ." એમ કહીને તે બહુ રુદન કરવા લાગી. શ્રેણિક રાજા પણ ત્યાં આવ્યો હતો, તે તેણીનું રુદન સાંભળીને કહેવા લાગ્યો. "હે શાળિભદ્ર! એક વાર તો ત્હારી માતાને મુખ બતાવ. કારણ કે માતા જેવું એકે ઉત્તમ તીર્થ નથી." પછી શ્રેણિક રાજા ભદ્રાને કહેવા લાગ્યો. "હે ભદ્રા! તને ધન્ય છે કે આવો તને પુત્રરત્ન સાંપડ્યો!" એમ કહીને તેણીને પ્રબોધ પમાડી એટલે તે પોતાની વહુઓ સહિત ઘેર આવી. શ્રેણિક રાજા પણ પોતાને સ્થાને ગયો. શુદ્ધ ધ્યાને ચડી મૃત્યુ પામી ધન્યશેઠ અને શાળિભદ્ર સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.

ભદ્રા પણ અનુક્રમે વૈરાગ્ય પામી, વીર પ્રભુ પાસે ચારિત્ર લઈ તપશ્ચર્યા કરી મૃત્યુ પામી સ્વર્ગે ગઈ; ત્યાંથી ચ્યવીને મુક્તિ પામશે. ઇતિ શાળિભદ્રની કથા.

## ભદ્રબાહુસ્વામી.

જે માણસ નિત્ય જિનેશ્વર ભગવાનના શાસનની ઉન્નતિ કરે છે, તે માણસ ભદ્રબાહુ આચાર્યની પેઠે બહુ સંપત્તિ મેળવે છે.

દક્ષિણ દિશામાં આવેલા પ્રતિષ્ઠાનપુર નામે નગરમાં, ભદ્રબાહુ અને વરાહ એ નામના બે નિર્ધન બ્રાહ્મણ-ભાઈઓ વસતા હતા. એકદા ત્યાં યશોભદ્ર આચાર્ય વિચરતા વિચરતા આવ્યા. તેમની પાસે પેલા બન્ને ભાઈઓ ધર્મદેશના સાંભળવા ગયા. તે આ પ્રમાણે —"હે લોકો! બધી જાતના ભોગો ક્ષણભંગુર છે, તે ભોગથીજ આ સંસાર થાય છે. તેથી સુખ માટે યત્ન કરો, ને ભમવા વિગેરે વ્યાપારથી ઘણું થયું! હવે જો અમારા વચન ઉપર વિશ્વાસ હોય તો તમે શંકરો આશારૂપી પાશની શાંતિથી સ્વચ્છ થએલા ચિત્તને જે કામનો નાશ કરી શકે છે, એવા સ્વપ્રકાશ આત્મામાં એકામ કરો." તેમનો અમૃત સમાન અને સંસારરૂપી બંધનને છોડનારો એવો ઉપદેશ સાંભળીને તેઓ ઘેર આવ્યા; ને વિચાર કરવા લાગ્યા. "આપણી પાસે કંઈ પણ લક્ષ્મી તો છેજ નહી કે, જેથી આપણે આ મનુષ્યભવ સફળ કરીએ. માટે ચાલો આપણે સંયમ આદરીએ." એમ પૂર્ણ વિચાર કરીને તેમણે સૂરિ પાસે આવી દીક્ષા લીધી. અનુક્રમે ભદ્રબાહુ ચૌદ પૂર્વધારી અને સૂરિના છત્રીશ ગુણ યુક્ત થયા. પછી તેમણે દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કંધ, કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર, આવશ્યકસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, સૂયગડાંગસૂત્ર, આચારાંગસૂત્ર અને ઋષિભાષિત એ દશ સૂત્રો ઉપર નિર્યુક્તિ રચી. પોતે વળી ભદ્રબાહુસંહિતા નામનો ગ્રંથ રચ્યો.

તે વખતે સંભૂતિવિજય આચાર્ય પણ દશ પૂર્વધારી વર્તતા હતા. એવામાં શ્રી યશોભદ્રસૂરિ સ્વર્ગે ગયા. ભદ્રબાહુ અને સંભૂતિવિજય બન્ને સ્નેહથી સાથે વિચરવા લાગ્યા. વરાહ મુનિ પણ વિદ્વાન થયા હતા; પરંતુ બહુ અહંકારી થયા ને પોતાના ભાઈ ભદ્રબાહુ પાસે સૂરિપદ માગવા લાગ્યા પણ ભદ્રબાહુએ કહ્યું. "હે વત્સ! તું વિદ્વાન છે,

ક્રિયાવાળો છે, તત્ત્વવેત્તા છે, એ સર્વ ખરૂં; પણ અર્થવાળો છે માટે તને એ પદ નહી આપું." આ તેમનું કહેવું તેને રૂચ્યું નહીં. કારણ કે ગુરૂનું વચન મિષ્ટ છતાં કોઇને વિષરૂપ પણ પ્રગમે છે; સુકોમળ છતાં અભવ્યને કર્ણમાં શૂળના જેવું લાગે છે.

વરાહે તો દીક્ષાને છોડી દીધી, ને તે મિથ્યાત્વી થયો. બ્રાહ્મણનો વેષ પાછો તેણે અંગીકાર કર્યો, ને પોતે વરાહસંહિતા વિગેરે નવા ગ્રંથો લખ્યા. વળી તે મહા જ્યોતિષી થયો; ને લોકોમાં આ પ્રમાણે પોતાની ખ્યાતિ વધારવા લાગ્યો. "હું બાલ્યાવસ્થામાં લગ્નનો અભ્યાસ કરતો હતો, ને રાત્રી દિવસ તેજ વિચારમાં ફરતો હતો. એકદા હું પ્રતિષ્ઠાનપુરમાં લગ્ન માંડતો હતો. તે લગ્ન ભુંસી નાંખ્યા સિવાય હું પોતાને સ્થાનકે આવીને સુતો; ત્યાં યાદ આવ્યું કે, મેં જે લગ્ન માંડ્યું હતું તે ભુંસી નાંખ્યું નથી, તેથી પાછો હું ત્યાં ભુંસી નાંખવા આવ્યો. ત્યાં આવીને જોઉં છું તો લગ્નને સ્થાને સિંહને જોયો. તો પણ હું નિર્ભય થઇને સિંહની નીચે હાથ ઘાલીને જેવું લગ્ન ભુંસું છું, તેવોજ સૂર્યદેવ પ્રગટ થઇ કહેવા લાગ્યો. "હે પુત્ર! હું ત્હારી અત્યંત દ્રઢ એવી લગ્ન ભક્તિથી અત્યંત તુષ્ટ થયો છું. માટે મારી પાસે વરદાન માગ." ત્યારે મેં કહ્યું. "જો આપ પ્રસન્ન થયા હો તો મને આપ પોતાના વિમાનમાં લઇ જઇને સર્વ જ્યોતિષ્ચક્ર બતાવો." મ્હારા ઉપર કૃપા કરી તેઓ મને પોતાના વિમાનમાં બેસાડી લઇ ગયા; ને સર્વ જ્યોતિષ્ચક્ર મને બતાવ્યું અને ચાર માનાદિક પણ મને કહ્યું. પછી હું મને કૃતકૃત્ય માનીને ગુરૂદેવની આજ્ઞા લઇ વિશ્વના લોકો ઉપર ઉપકાર કરવાને અહિં પૃથ્વિ ઉપર આવ્યો. ગુરૂદેવે મ્હારૂં નામ વરાહમિહિર પાડ્યું છે; ને હું પરોપકારાર્થે ફર્યા કરૂં છું."

આ પ્રમાણે તે વરાહ લોકોને કહેવા લાગ્યો. લોકો પણ તેનું સન્માન કરવા લાગ્યા. એ ઉપરથી પ્રતિષ્ઠાનપુરના રાજા જિતશત્રુએ તેને પોતાનો પુરોહિત બનાવ્યો; ને તેને માન આપ્યું. ત્યાં રહ્યો છતો તે, "આ શ્વેતાંબર સાધુઓ વ્યાખ્યાન કરે છે, તે કાગડાની પેઠે અશુભ શબ્દ કરે છે." એમ કહીને તેમની નિંદા કરવા લાગ્યો. તે સાંભળવાથી શ્રાવકોના માથામાં તો શૂળ પેદા થયું. તેઓ પરસ્પર કહેવા લાગ્યા. "આપણને ધિક્કાર છે કે, આપણા છતાં એ આપણા ગુરૂની અવહેલના કરે છે. અહો! એ આપણને બહુ સાલે છે! એ બહુ નિંદા કરે છે! પણ કળાવાન્ છે ને વળી રાજાનો માનીતો છે; માટે શું કરવું?" એમ વિચારીને તેમણે શ્રી ભદ્રબાહુ ગુરૂને તેડાવ્યા ને તેમનો નગર પ્રવેશનો મહોત્સવ કરીને તેમને ઉપાશ્રયે લઇ ગયા. ત્યાં તેમના વ્યાખ્યાનમાં અનેક વ્યવહારીઆ અને રાજપુત્રો આવવા લાગ્યા. ભદ્રબાહુસ્વામીને આવ્યા સાંભળીને વરાહ બહુ ગ્લાનિ પામ્યો; પણ તેમનું નામ લઇ શક્યો નહી.

એવામાં રાજાને ત્યાં પુત્ર આવ્યો; ને તેણે વરાહ પાસે જન્મપત્રિકા કરાવી. એ પત્રિકામાંથી વરાહે કહ્યું કે, "પુત્રનું આયુષ્ય સો વર્ષનું છે." રાજાએ દાન દેવા માંડ્યું; લોકો વધામણી લઇને રાજાને ઘેર આવવા લાગ્યા. હવે તો વરાહનું માન બહુ વધ્યું. રાજાએ તેને બહુ દ્રવ્યનું દાન દીધું; પણ વરાહે ગુરૂની અવહેલના કરવાને માટે રાજાને કહ્યું. "હે રાજન્, સર્વ લોક આપણે ત્યાં વધામણીને અર્થે આવી ગયા; પણ એક ભદ્રબાહુ આચાર્ય અહિંઆં છે તે આવ્યા નહી. માટે તેને દેશાંતરની શીક્ષા કરો." તે ઉપરથી રાજાએ પ્રધાન સાથે કહેવરાવ્યું. "તમે કેમ નથી આવ્યા?" ત્યારે આચાર્યે કહ્યું. "હું બીજી વાર આવીશ." રાજાએ પૂછાવ્યું. "એમ કેમ કહો છો?" તેમણે કહેવરાવ્યું. "જો ખરૂં કહીશ તો દુઃખ ઉપજશે." રાજાએ કહ્યું. "આપ નિર્ભય રહો; ને જે ખરૂં હોય તે

જ કહો." તે ઉપરથી ગુરુએ કહેવરાવ્યું. "હે રાજન્! આજથી સાતમે દિવસે રાત્રીએ બિલાડીના મુખથી આપના પુત્રનું મૃત્યુ થશે, એટલે પછી શોક મૂકાવવાને હું આવીશ." રાજાએ પૂછાવ્યું "આપે એ કેમ જાણ્યું ?"

એમ કહીને રાજાએ ગામમાંથી તમામ બિલાડીઓ બહાર કઢાવી મૂકી. સાતમે દિવસે મધ્યરાત્રીએ ધાત્રી દ્વારશાખાના અગ્રભાગ પાસે પુત્રને ધવરાવવા બેઠી હતી. તે વખતે બારણાના વચ્ચેની આડી ભૂંગળ બાળકના મસ્તક ઉપર પડી તેથી તેનું મૃત્યુ થયું. તેની લોકોને ખબર પડી એટલે તેઓ કહેવા લાગ્યા. "વરાહ અજ્ઞાની છે; ખરા જ્ઞાની તો આ ભદ્રબાહુ ગુરુ છે." રાજાએ પણ વરાહને ધિક્કાર દીધો.

પછી ભદ્રબાહુસ્વામી સો શ્રાવક સહિત રાજા પાસે શોક મૂકાવવા ગયા. ત્યાં તેમનો શોક ટાળવાને ગુરુએ બહુ શ્લોક કહ્યા. રાજાએ પૂછ્યું. "આપે બાળકનું આયુષ્ય સાત દિવસનું કેમ જાણ્યું ? અને મરણ બિલાડીના મુખથી નથી થયું એમ કેમ ?" ગુરુએ કહ્યું. "ભૂંગળના મુખ ઉપર બિલાડીનું રૂપ છે. જ્યારે તમારે ત્યાં પુત્રનો જન્મ થયો, તે વખતેજ અમે સૂક્ષ્મબુદ્ધિથી જોયું તો પુત્રનું આયુષ્ય તેટલું જાણ્યું." એ સર્વ જોઇને વરાહ તો એટલો ખેદ પામ્યો કે, પોતાનાં પુસ્તક સુદ્ધાં પાણીમાં બોળવા લાગ્યો ! ભદ્રબાહુસ્વામીએ તેને વાર્યો. તે એમ કહીને કે "સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રમાં તો બધું ખરૂં કહ્યું છે; પણ એનો ખરો જ્ઞાતા દુર્લભ છે. કહ્યું છે કે-મંત્ર વિનાનો એકે અક્ષર નથી; ઔષધિ વિનાનું એકે મૂળિયું નથી; ધન વિનાની પૃથ્વી નથી; પણ એનો આમ્નાય જાણવો એજ મુશ્કેલ છે. આ વિષયમાં વરાહને અજ્ઞાનનું કારણ એ કે તેને વિદ્યાનો ગર્વ થયો છે, તેથી તે સમ્યક્પ્રકારે બધું જાણી શકતો નથી. પ્રભુનો પ્રસાદ ( કૃપા ), યૌવન, લક્ષ્મી, રૂપ, ઉચ્ચકુળ, શૌર્ય અને વિદ્યા એ સર્વ ગર્વના કારણભૂત છે."

એકદા કોઇએક શ્રાવક આવીને વરાહને કહેવા લાગ્યો. "તમારા જેવાં કૃપણ જીવડાં દીપતાં હતાં તે રાત્રી તો ગઇ; હવે તો સૂર્યના કિરણથી દશે દિશામાં પ્રકાશ કરતો એવો દિવસ ઉગ્યો છે; તેથી તમારા જેવા દેડકા, કીડા પ્રમુખ હવે કોણ માત્ર ? (અર્થાત્ તમે હવે ઝાંખા પડી ગયા છો. )" એમ કહીને તે શ્રાવક નાસી ગયો. તેના ઉપર વરાહ બહુ બહુ કોપે ભરાયો, તેથી લોકો તેની નિંદા કરવા લાગ્યા.

એકદા રાજાએ વરાહને અને ભદ્રબાહુને પૂછ્યું. "આજે શું થશે ?" ત્યારે વરાહે કહ્યું. "આજે પાછલે પહોરે, અમુક જગ્યાએ મેઘ વરસશે. તે વખતે કુંડાળા મંડળમાં બાવન પળ જેવડો એક મત્સ્ય આકાશ થકી પડશે." ભદ્રબાહુએ કહ્યું. "એ મત્સ્ય એકાવન પળ જેવડો પડશે અને તે મંડળની બહાર પૂર્વ દિશાએ પડશે." એવામાં તો સંધ્યા સમયે વરસાદ પડવા લાગ્યો ને ગુરુ (ભદ્રબાહુ)ના કહેવા પ્રમાણે તેટલો મોટો અને તે જગ્યાએ કહ્યું હતું તે સ્થાને મત્સ્ય પડ્યો. તે ઉપરથી તેમનું માન વધ્યું, ને વરાહનું અપમાન થયું. તે ઉપરથી રાજા જૈનધર્મી થયો.

રાજાથી અપમાન પામેલો વરાહ તાપસી દીક્ષા લઇ અજ્ઞાનકષ્ટ કરતો ગુરુ ઉપર દ્વેષ રાખતો મૃત્યુ પામીને જૈનધર્મનો દ્વેષી વ્યંતર દેવતા થયો; પણ વજ્રપંજર સમાન એવા સાધુઓ તેમની ઉપર તેનું કંઇ ચાલ્યું નહીં. તેથી તે શ્રી સંઘ ઉપર પીડા કરવા લાગ્યો. ઘેર ઘેર રોગની ઉત્પત્તિ કરી મૂકી. શ્રાવકોએ પોતાના દુઃખનું કારણ ગુરુ પાસે કહ્યું. "હે ભગવાન્! આપના જેવા જગત્પૂજ્ય અમારા ગુરુ છતે સંઘને કેમ પીડા હોય !"

ગુરુએ કહ્યું. "તમે ભય રાખશો નહીં. એ તો વરાહ મૃત્યુ પામીને વ્યંતર થયો છે, તે દ્વેષને લીધે શ્રી સંઘને પીડા કરે છે. હું તેનો ઉપાય કરૂં છું." એમ કહીને તેમણે ઉ

ભાધાનું ઉપસર્ગહર સ્તોત્ર રચ્યું, ને તે શ્રાવકોને આપ્યું; ને તેનો પાઠ કરવાનું કહ્યું. શ્રા વકો તે સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા એટલે પેલા વ્યંતરનું કંઈ ચાલ્યું નહીં; ને રોગ શાંત થયો. પછી તો લોકો જે તે કાર્યમાં પણ ઉપસર્ગહર સ્તોત્ર ભણીને દેવતાઓને બોલાવવા લાગ્યા. તેથી ધરણેંદ્રે આવીને ગુરુ પાસે છઠ્ઠી ( છઠ્ઠી ) ગાથા ઠરાવી નાંખી. (એટલે હવે પાંચ ગાથા રહી છે.) એ સ્તોત્રનું હમણાં પણ સ્મરણ કરતાં ઉપસર્ગ શાંત થાય છે.

પછી ચૌદ પૂર્વધારી એવા ભદ્રબાહુસ્વામી બહુ કાળ પર્યંત ભવ્યજીવોને બોધ આપી સ્વર્ગે ગયા; ત્યાંથી ચ્યવીને અવશ્ય મુક્તિ પામશે. ઇતિ ભદ્રબાહુસ્વામીની કથા.

## દશાર્ણભદ્ર રાજા.

જે લોકો ઋદ્ધિનો ગર્વ છોડી દે છે, તેઓ દશાર્ણભદ્ર રાજાની પેઠે મુક્તિપદને પ્રાપ્ત કરે છે.

આ ભરતક્ષેત્રમાં દશાર્ણપુર નામે નગરમાં દશાર્ણભદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તે પ્રજાનું રૂડી રીતે પાલન કરતો હતો. કહ્યું છે કે પ્રજાનું પાલન કરવું એજ રાજાઓનો અલંકાર છે; મુકુટ, કડાં, બેરખા ઇત્યાદિ તો કેવળ ના લોકોનાં આભૂષણ કહેવાય છે. તે રાજા નિત્ય ત્રણકાળ જિનપૂજા કરતો. કહ્યું છે કે-પ્રભાતની જિનપૂજા રાત્રીનાં કરેલાં પાપકર્મ નાશ કરે છે, મધ્યાન્હની જિનપૂજા આખા જન્મના કરેલાં પાપને હણે છે અને રાત્રીની અર્થાત્ સંધ્યા સમયની જિનપૂજા સાત ભવના પાપને દૂર કરે છે.

એકદા દશાર્ણપુરની પાસે આવેલા દશાર્ણ પર્વત ઉપર શ્રી વીર ભગવાન સદુપરિ વાર આવીને સમવસર્યા. ત્યાં દેવતાઓએ રૂપ્યમય, સુવર્ણમય અને રત્નમય એવું એક યો જન પર્યંત સમવસરણ રચ્યું. તેમાં સિંહાસન ઉપર બેસીને ચોત્રીશ અતિશયે શોભતા એવા પ્રભુએ ચાર મુખ કરીને ધાસક ઉદ્ધારક બાર પર્ષદાની આગળ દેશના દેવા માંડી. તે વખતે ઉદ્યાનપાળકે જઈને દશાર્ણભદ્ર રાજાને પ્રભુના આગમનની વાત કહી. રાજાએ તેને ઇનામ આપ્યું. પછી તેણે ઉભા થઈને સાત આઠ પગલાં પ્રભુ સન્મુખ જઈને પ્રભુની સ્તુતિ કરી. “હે પ્રભો! હે જગતનું કલ્યાણ કરવાવાળા, કલ્યાણરૂપી લક્ષ્મીના સ્થાન અને સર્વજ્ઞની શ્રેણિમાં સંસ્તુત (સ્તુતિ પામેલા) હે સર્વજ્ઞ જિન! તમે જયવંતા વર્તો. વળી હે સર્વ કળાના સમુદ્ર! અને વિજ્ઞાન આદિના ઉદધિના સમુદ્ર! મને ગર્વ રહિત કરીને આ મનુષ્યભવ સમુદ્રમાંથી શીઘ્ર તારો! હે ત્રણે જગતને વંદન કરવા યોગ્ય પ્રભો! આજ આપના સમગ્ર ગુણનું સ્મરણ કરી કરીને, તથા આપની સ્તુતિ ઉચરી ઉચરીને અને આપના મુખનું દર્શન કરી કરીને હું અજ્ઞાનરૂપ અંધકાર રહિત થઈશ.”

આ પ્રમાણે સ્તુતિ કરી રહ્યા પછી તે દશાર્ણભદ્ર રાજા વિચારવા લાગ્યો. “કાલે સ વારે હું પ્રભુને એવા મહોત્સવ પૂર્વક વંદન કરવા જઈશ કે, તેવી રીતે કોઈ પણ ગયું ન હી હોય!” પછી તેણે લોકોને વીરસ્વામીના આગમનની ખબર પાડવાને નગરમાં પટહ વજડાવ્યો. સ્થાને સ્થાને તેણે ધ્વજ, તોરણ, ચંદનમાળાદિ બંધાવ્યાં. તેથી અને અગરુ, કપૂર આદિ સુગંધી દ્રવ્યોના ધૂમથી આકાશમંડળ વ્યાપ્ત થઈ રહ્યું.

પછી પ્રભાતે તે સર્વ શૃંગારના સારરૂપ એવા હસ્તી ઉપર આરૂઢ થઈ સજ્જ થઈને ચાલ્યો. સાથે અઢાર હજાર હસ્તિ, ચોરાશી લાખ અશ્વ, એકવીશ હજાર રથ, એકાણું કોટિ પાયદળ, સોળ હજાર ધ્વજ, પાંચ મેઘાડંબર છત્ર, સુખાસને બેઠેલી પાંચસે શોભાવંત એવી રાણીઓ અને આભૂષણ પ્રમુખ પહેરીને સજ્જ થઈ રહેલા સામંત સચિવાદિ સા

હ્યા. સ્થળે સ્થળે ગીત નૃત્ય થઇ રહ્યાં હતાં. લોકો પણ પોત પોતાની ઋદ્ધિ પ્રમાણે તૈયાર થઈ આવ્યા. આવા અત્યુત્તમ પરિવારથી શોભતો રાજા યાચકોને રુપ્યમય, સુવર્ણમય અને મુક્તામય દાન દેતો, પુષ્પના સમૂહથી ઢાંકી રહેલા રાજમાર્ગે ચાલતો, જગતને તૃણ સમાન ગણવા લાગ્યો. પ્રભુના સમવસરણ પાસે પહોંચ્યો એટલે વાહનને ઉભાં રખાવીને, પોતે પંચાભિગમ પૂર્વક પ્રભુને પ્રદક્ષિણા દઇને યોગ્ય સ્થાનકે બેઠો. ત્યાં તે હર્ષમાં ચિંતવવા લાગ્યો. "અહો ! આજે હું જેવી જેવી અને જેટલી જેટલી ઋદ્ધિ સહિત પ્રભુને વંદન કરવા આવ્યો છું, તેટલી ઋદ્ધિથી તો કોઇ દિવસ ઇંદ્ર કે ચક્રવર્તી રાજા પણ વંદન કરવા આવ્યો નહિ હોય !"

રાજાનાં આ ગર્વ વચનોને સૌધર્મ ઇંદ્ર અવધિજ્ઞાન વડે જાણ્યાં, તેથી તેણે કહ્યું. "અહો ! આ રાજા શ્રેષ્ઠ છે, પરંતુ તે ગર્વ ધરે છે તે ઠીક નહીં. કારણ કે, લોકોમાં ગર્વને સારો કહ્યો નથી. કહ્યું છે કે-દોષ રૂપી શાખાને વધારનારા અને ગુણરૂપ મૂળને નીચે લઈ જનારા માનરૂપી વૃક્ષને સરળતારૂપી શસ્ત્રથી ઉન્મૂલન કરવો. વળી જેમ સૂર્ય મેઘનો, સર્પ પ્રાણીઓના જીવિતનો અને હસ્તિ પાયણીનો નાશ કરે છે; તેમ ગર્વ પણ યોગ્ય આચરણનો, વિનયનો અને કીર્તિનો નાશ કરે છે. એવી રીતે ગર્વ, ત્રણ વર્ગના ઉપકાર કરનારા સમૂહને નીચ પુરુષોની પેઠે નાશ કરે છે. અહો ! વિશ્વપૂજ્ય એવા જે પ્રભુ તેમને વંદન કરવા આવવામાં તેનો ભક્તિરાગ અતુલ્ય છે; પણ એને એના આ અહંકારનો દોષ લાગે છે. વળી સમગ્ર દેવતાઓ અને સર્વ ઇંદ્ર મળીને પોતાની ઋદ્ધિથી એકી વખતે જિનેશ્વર ભગવંતની પૂજા કરવી ધારે, તોપણ તે થઈ શકે નહીં; કારણ કે અનંત ગુણવાળા એવા જિનેશ્વરની પૂજા કોઈ પણ કરવાને સમર્થ નથી.

એમ વિચારીને દશાર્ણભદ્રનો ગર્વ ઉતારવાને ઇંદ્રે આકાશમાં ચોસઠ હજાર હસ્તિ વિકુર્વ્યા. એકેક હસ્તિને પાંચસોને બાર બાર મુખ કર્યાં; એકેક મુખે આઠ આઠ દંતશૂળ કર્યા; દંતશૂળે દંતશૂળે આઠ આઠ વાવ્યો અને દરેક વાવ્યોએ આઠ આઠ કમળ વિકુર્વ્યાં; દરેક કમળે એકેકી કર્ણિકા અને પ્રત્યેક કર્ણિકા ઉપર ઇંદ્રે પોતાને બેસવાનાં સિંહાસન વિકુર્વ્યાં. ત્યાં ઇંદ્ર પોતે પોતાની આઠ અગ્રમહિષી (પટરાણી) સહિત બેઠો. વળી તેણે પ્રત્યેક કમળને લક્ષ લક્ષ પત્ર વિકુર્વ્યાં. ને તેમાંના પ્રત્યેક પત્ર ઉપર બત્રીશ દેવ દેવી બત્રીશ પ્રકારનાં નાટક કરવા લાગ્યાં. આ સર્વ ઇંદ્રે પોતાની શક્તિથી વિકુર્વ્યું.

એમ કરીને પોતાના અત્યદ્ભુત રૂપથી, પોતે એ વીર ભગવાનના ગુણ ગાનગર્ભ નાટકને નિહાળતો, આકાશમાંના દુંદુભિના નાદે પોતે નીચે ઉતરીને પ્રભુને પ્રદક્ષિણા દઈ, વંદન કરીને યોગ્ય સ્થાનકે બેઠો.

દશાર્ણભદ્ર રાજા તો સૌધર્મેંદ્રની ઋદ્ધિ જોઇને ચિત્રામણમાં આળેખ્યા જેવો થઇ ગયો. જ્યારે ઇંદ્રે હસ્તી ઉપરથી ઉતરવાનું કર્યું, ત્યારે હસ્તીએ પોતાના સ્વામીને સુખે નીચે ઉતારવાને સઘળો ભાર પોતાના બે આગલા પગ ઉપર લઇ લીધો. તેથી ભારને લીધે તેના તે બન્ને પગ ઢીલા કાદવમાં પેસે તેમ પૃથ્વિમાં પેસી ગયા. પછી ઇંદ્રે નીચે આવીને પ્રભુને પ્રણામ કર્યો. જ્યાં હસ્તીના પગ પૃથ્વિને વિષે પેસી ગયા હતા, તે સ્થાનનું ગજપદ એવું નામ પડ્યું અને તે લોકોમાં તીર્થની પેઠે પૂજાવા લાગ્યું.

દશાર્ણભદ્ર રાજા તો આવા દેદિપ્યમાન ઇંદ્રને જોઇને ચિંતવવા લાગ્યો. "અહો ! ધન્ય છે એની ભક્તિ, શક્તિ, રૂપ તથા ઋદ્ધિને! તેની સમૃદ્ધિ પાસે મારી સમૃદ્ધિ તૃણ સમાન છે. અહો! ધિક્કાર છે મને કે મેં વૃથા ગર્વ કર્યો! કોઇએ જિનેશ્વરને સર્વ પ્રકારે

નથી પૂજ્યા. આ શક્ર (ઇંદ્ર) ની પ્રભુ ઉપર અત્યંત ઉત્કૃષ્ટ દૃઢ ભક્તિ છે. એટલા માટે હવે મ્હારે આ રાજ્યલક્ષ્મી કામની નથી. જો હવે હું દીક્ષા નહી લઉં તો સર્વથા હાસ્યો૦ ક હેવાઉંશ. માટે હવે તો હું વ્રત ગ્રહણ કરૂં, તોજ ઇંદ્રથી શ્રેષ્ઠ ગણાઉં."

મહા બુદ્ધિમાન્ એવા તેણે એમ વિચારીને આવા ગજ, અશ્વ, સ્ત્રી આદિથી શ્રેષ્ઠ જે રાજ્ય તે ત્યજી દઇને, પંચમુષ્ટિ લોચ કરીને પ્રભુ પાસે સંયમ લીધો. ઇંદ્રે જાણ્યું કે રાજા જીત્યો. તેથી તેણે ભક્તિ સહિત તેને નમસ્કાર કર્યા ને કહ્યું. "હે દશાર્ણભદ્ર ! સં યમ લક્ષ્મીથી તમે વિરાજન થયા માટે તમને ધન્ય છે કે તમે, બીજાથી નહિ પૂરી શકા ય એવી પોતાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરી." એમ વારંવાર તેને તથા શ્રી વીર પ્રભુને વાંદીને ઇંદ્ર પોતાને સ્થાનકે ગયો.

અનુક્રમે કર્મ ક્ષય કરીને દશાર્ણભદ્ર મુનિ મુક્તિ પામ્યા. ઇતિ દશાર્ણભદ્ર રાજાની કથા.

## પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

શુભ ધ્યાનને વિસ્તારવાથી ક્ષીણ થયાં છે કર્મ જેનાં એવો પ્રાણી પ્રસન્નચંદ્ર રાજર્ષિ ની પેઠે ક્ષણ માત્રમાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

પોતનપુર નામે નગરમાં સોમચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે રાણી અને પ્રસન્નચંદ્ર નામે પુત્ર હતો.

એકદા રાણી, રાજાના મસ્તકના કેશ જોતી હતી, ત્યાં તેણીએ માથામાં પળી જોયા; તે તેણીએ ખેંચી લઇને તેના હાથમાં મૂક્યા. તે એમ કહીને કે 'પળી આવ્યા તે વૃદ્ધાવસ્થા સૂચવે છે.' રાજાએ પણ કહ્યું. "મ્હારા પૂર્વજો તો આ ચેત વાળ થયા પહેલાં, પુત્રને રાજ્યભાર સોંપીને વ્રત ગ્રહણ કરતા અને મને તો વૃદ્ધાવસ્થા થઈ, તો પણ વૈરાગ્ય થયો નહી. માટે હું અધમ ઠર્યો. કારણ કે, અધમ પુરુષો પળી આવે છે ત્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી જા ણતા નથી; મધ્ય પુરુષો મસ્તકે પળી ઉગે છે ત્યારે જાણે છે, પણ તે પુરુષોનેજ ધન્ય છે કે, જે માથે પળી દેખ્યા પહેલાંજ વૈરાગ્ય પામે છે. વળી લજ્જાથી કે ખેદથી જે માણસો વૃદ્ધાવસ્થા પર્યંત કુળધર્મ અખંડપણે પાળે છે તેમનું મૃત્યુ પણ મહોત્સવરૂપ છે. વિદ્વાન માણસો જવાન અવસ્થામાં પણ મનને વિષે જરાવસ્થાથી પરાભવ પામેલા હોય છે, પણ મંદબુદ્ધિવાળા બીજા તો વૃદ્ધાવસ્થાને વિષેજ વૃદ્ધાવસ્થાથી પરાભવ પામેલા હોય છે."

એમ કહીને સુકાઈ ગએલા તૃણની પેઠે રાજ્યનો ત્યાગ કરીને સોમચંદ્ર રાજાએ ન્હા ની વયના એવા પણ પ્રસન્નચંદ્રને રાજ્યને વિષે સ્થાપ્યો, ને પોતે વનમાં પરિવ્રાજક થ યો. તે વખતે રાણી ધારિણી પણ ધાત્રી સહિત રાજાની સંગાથે ગઈ.

સોમચંદ્ર રાજાએ વનમાં જઇને તાપસનું વ્રત લીધું. તે વખતે ત્યાં તેની વ્રતલક્ષ્મી આ પ્રકારની હતી:—ઝૂંપડી તે મહેલ; ઇંગુદી ફળના તેલના દીવા તેજ માણિક્યના દીપક; શ્રદ્ધા એજ તેનું શ્રેષ્ઠ અંતઃપુર તેમજ પક્ષીઓ અને મૃગો એજ તેનાં પ્રીતિપાત્ર હતાં. વળી સર્વ આસનને જીતવાને યોગ્ય એવા જે સમ-દમ આદિ તેજ તેની સેના; તેના વડે તે અંતરંગના શત્રુઓનો નિગ્રહ કરતો. વળી ક્ષણે ક્ષણે તે ઉત્તમ જનોનું મનન અને ગુ રૂગુણોનું ચિંતવન કરતો. આ પ્રમાણે સોમચંદ્ર રાજાને પ્રવ્રજ્યા રાજ્ય સમાન હતી.

હવે એમ બન્યું કે ધારિણીને વનમાં આવ્યા પહેલાં ગર્ભ રહ્યો હતો, તેથી તેને પ્ર સવ થએ પુત્ર આવ્યો; પણ તે બિચારી પ્રસવને રોગે મૃત્યુ પામી. તાપસો પાસે તો વલ્કલ જ હોય, તેથી તેઓ પુત્રને તેમાં લપેટી રાખતા. તે ઉપરથી તે બાળકનું વલ્કલચીરી

એવું નામ પડયું. રાણી ધારિણી સ્વર્ગે ગઇ છતાં અવધિજ્ઞાને પોતાના પુત્રને બાળ જાણીને મોહને લીધે મહિષીનું રૂપ કરી આવીને તેને સ્તનપાન કરાવવા લાગી. કહ્યું છે કે-રાગવંત જીવો કર્મ બાંધે છે, ને ગયો છે રાગ જેમનો એવાઓ તો કર્મથી છૂટે છે (મોક્ષ પામે છે). આ પ્રમાણે સંક્ષેપમાં જિનેશ્વર બંધ અને મોક્ષ સંબંધી ઉપદેશ કહે છે.

એમ કરતાં કરતાં ધાત્રીથી પળાતો, મહિષીથી સ્તનપાન કરાતો અને રાજર્ષિના ખોળામાં રહી વનના ધાન્યથી પુષ્ટ થતો તે બાળક, બાલ્યાવસ્થા મૂકી મ્હોટો થયો; પણ તે લોક વ્યવહારને બિલકુલ જાણતો નહી.

એકદા કોઇએ પ્રસન્નચંદ્રને કહ્યું-કે, "તમારો ન્હાનો ભાઈ વલ્કલચીરી તેના પિતા પાસે છે." તે સાંભળીને તેણે પોતાના ભાઇ વિનાનું રાજ્ય શૂન્ય માનીને તેને તેડવાને માણસો મોકલ્યાં, પણ તે આવ્યો નહી. તે ઉપરથી પ્રસન્નચંદ્રે વિચાર્યું કે ઉપાય કર્યા વિના તે આવશે નહી. એમ ધારીને તેણે પોતાની પાસે બીજા કોઈ ન જાણે તેમ કપટના ઘરરૂપ એવી વેશ્યાઓને બોલાવી. કહ્યું છે કે—તેઓ માયારૂપી ઉપનિષદ્‌નું શાસ્ત્ર છે; નહિં ખેડેલી એવી વિરુદ્ધ લતાઓનું ક્ષેત્ર છે અને મુગ્ધ માણસોનો વશીકરણમંત્ર છે. એવી કપટરૂપ વેશ્યાઓને બોલાવીને તેણે કહ્યું. "મ્હારો ભાઇ વનમાં રહે છે, તે સર્વ લોક વ્યવહારથી અજ્ઞાન છે; તે કોઇ રીતે અહિં આવતો નથી. તો તે અહિં આવે તેમ કરો." વેશ્યાઓએ કહ્યું. "અમારી બુદ્ધિ જુઓ, અમે તેમ કરીશું કે, જેથી તમારો ભાઇ વલ્કલચીરી અહિં આવશે." એમ કહી વેશ્યાઓ તો તેમ કરવાને હર્ષિત થઇ. પછી તેણીઓ મુનિનો વેષ લઇને સિંહકેસરીઆ મોદક વિગેરે પકવાન્ન લઈ સિંહપોત નામના વનમાં ગઇ.

ત્યાં તેણીઓએ તે જન્મથી બ્રહ્મચારી એવા ક્ષત્રીપુત્રને જોયો. તે બીલી, પુષ્પ, ફળ, કંદમૂળ આદિ લઇને જતો હતો. તેને જોઇને તે સ્ત્રીઓ તેની પાસે આવી. તેણીઓને જોઈ "આ તાપસો ક્યાંથી આવ્યા ?" એમ વિચાર કરતા એવા વલ્કલચીરીએ વંદના કરીને તે વેશ્યાઓને કહ્યું. "અહો તાપસો ! તમારો દેશ કયો ? ને તમારો આશ્રમ કયાં ? ને તમે કયાં જાઓ છો ?" તે વેશ્યાઓએ જવાબ આપ્યો. "હે મુનિપુત્ર ! અમે વીતરાગના યતિ છીએ; પરમાર્થ કરવામાં અનુરાગ છીએ ને પોતન નામના આશ્રમ થકી અહિં તને જોવાને અને ત્હારી ભક્તિ કરવાને આવ્યા છીએ. કારણ કે, અતિથિની સેવા કરવાથી તપની વૃદ્ધિ થાય છે અને તપસ્વીની સેવાથી તો સ્વર્ગ અને મોક્ષનું સુખ મળે છે."

તે ઉપરથી ઉદાર ઋષિકુમારે કહ્યું. "મેં આ ફળ વનમાંથી આણ્યાં છે તે તમે ગ્રહણ કરો. હું વનમાંથી બીજાં ઘણાં લાવીશ. તમને દાન દેવાથી આજ હું કૃતાર્થ થઈશ." વેશ્યાઓએ કહ્યું. "ત્હારાં આણેલાં આ ફળ વિરસ છે માટે તેની અમને ઇચ્છા થતી નથી, પણ અમને તો અમારાં પોતના આશ્રમનાં ફળ ખાવાની ઇચ્છા થાય છે." ત્યારે તેણે પૂછયું. "એ તમારાં ફળ કેવાં છે ?" તે પ્રશ્ન ઉપરથી વેશ્યાઓએ તેને મોદક આદિ પકવાન્ન ખાવા આપ્યાં. તેથી તો તે ખાઈ ખાઇને, બિલી આદિનાં ફળ ઉપરથી બહુ ઉદ્વિગ્ન થયો. પછી તેમનાં અંગનો સ્પર્શ થવાથી તે પૂછવા લાગ્યો. "અહો ઋષિઓ ! આપનાં અંગોપાંગનું આવું કોમળપણું કયાંથી ? (વળી તેમનાં સ્તન જોઇને પૂછયું) અને આપનાં હૃદય ઉપર આ બે રમણીય વેદિકા કયાંથી ?" વેશ્યાઓએ ઉત્તર આપ્યો. "જેઓ અમારા આશ્રમમાં રહે છે તેને આવાં સ્વાદિષ્ટ ફળ ખાવાથી એવાં બે સુખદ ને સુકોમળ વેદિકા થાય છે." પછી તે ઋષિકુમારે તે બન્ને વેદિકારૂપ ફળ ઉપર હસ્તથી સ્પર્શ કર્યો, તેથી તો તેને બહુજ સુખ લાગ્યું. તેથી તેણે પૂછયું. "હે ઋષિવરો ! ત્યારે મને કેવી રીતે

આવાં ફળ થશે?" ત્યારે તેણીઓએ કહ્યું. "આ વનને ત્યજીને અમારા પોતાના આશ્રમમાં આવે તો સર્વ ઇચ્છિત મળી રહેશે." એમ કરતાં કરતાં તેને તો પેલી વેશ્યાઓના અંગનો સ્પર્શ તથા મોદક આદિ વસ્તુઓનો સ્વાદ અધિક લાગવાથી, તે વનફળનો સ્વાદ તે ભૂલી ગયો. તેથી કહેવા લાગ્યો. "તમે અહિં ક્ષણ વાર ઉભા રહેો. હું આ તાપસોનાં ઉપકરણો સંતાડીને છાનો અહિં આવું છું."

એમ કહીને વલ્કલચીરી ગયો, ને તે ઉપકરણો મૂકીને આ વેશ્યાઓ પાસે આવ્યો. તેવામાં તો સોમચંદ્ર રાજર્ષિને આવતા દેખીને તે બધી દિશાઓમાં જૂદી જૂદી નાસી ગઇ. વલ્કલચીરી તેમની પછવાડે એકલો ચાલ્યો. વેશ્યાઓ જતી રહેવાથી તે એકલો પડ્યો. મૃગના બાળકની પેઠે એકલા ફરતા એવા તેની દૃષ્ટિએ એક રથી પડ્યો. રથીને જોઇને તેણે કહ્યું. "હું નમસ્કાર કરું છું." રથવાળાએ પૂછ્યું. "તું ક્યાં જાય છે?" વલ્કલચીરીએ કહ્યું. "મ્હારે પોતન નામના વનમાં જવું છે." રથીએ કહ્યું. "મ્હારે પણ ત્યાંજ જવું છે માટે તું પણ રથમાં બેસી જા." એટલે તે રથમાં બેઠો. રથમાં રથવાળાની સ્ત્રી બેઠી હતી તેણીને જોઇને વળી તે મુનિપુત્ર બોલ્યો. "હે તાત! વંદન કરું છું." તે સાંભળીને રથવાળો અને તેની સ્ત્રી વિચાર કરવા લાગ્યાં. "અહો! આ મુનિપુત્ર આશ્રમમાં જન્મ્યો છે તેથી એને સ્ત્રી પુરુષના ભેદની પણ ક્યાંથી ખબર હોય?" વળી તે રસ્તે રથને જોડેલા બળદોને જોઇને બોલ્યો. "અહો! આ હરિણોને વૃથા તાડન કરીને શા માટે દુઃખ દ્યો છો?" રથવાળાએ કહ્યું. "આ બળદોએ એવાં કર્મ કર્યાં હશે કે જેથી કર્મવિપાકને લીધે તેમને આ ભવમાં આવી વેદના અનુભવવી પડે છે."

એમ વાતચિત કરતાં કરતાં તો મુનિપુત્રે પોતાના વિનયને લીધે રથવાળાને વશ કર્યો. તેથી તેણે તેને મોદક ખાવા આપ્યા. તે ખાઇને તે બોલવા લાગ્યો. "અહો! જાણ્યું! તે ફળોજ હવે મ્હારા સુભાગ્યે મ્હારા સન્મુખ આવ્યાં." માર્ગે રથવાળાએ એક તસ્કરને મારીને તેનું દ્રવ્ય લઇ લીધું, ને અનુક્રમે તે પોતનપુર આવ્યો. મુનિકુમારે પૂછવા ઉપરથી રથવાળાએ કહ્યું. "આ પોતનાશ્રમ. અહિં સુખેથી તું રહે." એમ કહીને તે પોતાને ઘેર ગયો.

હવે મુનિપુત્ર તો દુકાને દુકાને ને ઘેર ઘેર સ્ત્રી પુરુષને જોઇને 'તાત, તાત,' એમ કહેવા લાગ્યો. ફરતો ફરતો તે વેશ્યાવાડે ગયો. ત્યાં કોઇ વેશ્યાને જોઇને 'અભિવંદન કરું છું' એમ બોલ્યો. તે સાંભળીને વેશ્યા બોલી. "અહો! આ કોઇ મુગ્ધ ઋષિપુત્ર છે. અહો! જો તે મ્હારાં અંગનો સ્પર્શ કરે તો મ્હારાં ભાગ્ય સમજવાં અને હું કૃતાર્થ થઇશ." એમ વિચારીને તેને પોતાના ઘરમાં લઇ ગઇ. ત્યાં તેને પોતાના અંગનો સ્પર્શ કરવવાને અર્થે તેણીએ તેને સ્નાન કરાવ્યું. તેનો સ્પર્શ બહુ લાભકારી છે એમ માનતી તે તેના નખનું વાગવું આદિ પણ સહન કરી રહી. એટલુંજ નહિં પણ તેનું સુકોમળ શરીર જોઇને પોતાની પુત્રી તેને પરણાવવાનું ધાર્યું. મુનિએ તો ધાર્યું કે, "આવી પરોણાગત મેં ક્યાંહિં પણ જોઇ નહી." વિવાહ નક્કી થવાથી વેશ્યાને ઘેર વાજિત્રો વાગવા લાગ્યાં. વલ્કલચીરીનાં લગ્ન વેશ્યાપુત્રી સાથે થયાં. તેનો સ્પર્શ તો તેને બહુ સુખ ઉપજાવવા લાગ્યો.

એવામાં રાજાએ મોકલેલી વેશ્યાઓએ પાછી આવીને કહ્યું. "હે રાજન્! અમે તમારા ભાઇને સમજાવીને અહિં તરફ લાવતી હતી; તેવામાં તમારા પિતાને અમે આવતા જોયા. તેથી અમે આપના ભયથી નાસી આવી. એ વલ્કલચીરી એકલો પડી ગયો હશે. તો હવે અમે શું કરીએ! તોપણ અમે તેને પોતનાશ્રમનાં ફળ બતાવ્યાં છે. તે ઉપરથી તે અહિં આવશે."

રાજા ખેદ પામી વિચારમાં પડ્યો. " અહો ! મેં મ્હારા ભાઈનો તાતથી વિયોગ પ ડાવ્યો તે ઠીક ન કર્યું. અને પણ મળ્યો નહી. તો હવે શું કરવું ? ' હાથ દાઝ્યા ને પોં ખ પણ ન ખવાયો ' એવું થયું. " એમ તે તો શોકાતુર થયો ને રાજ્યકાર્ય ત્યજી દઈને વિચાર સાગરમાં પડ્યો. તેવામાં કોઈ વેશ્યાને ઘેર નવીન વિવાહ થાય છે એમ માણસે આ વીને કહ્યું. તે ઉપરથી તેણે પાસે રહેલી વેશ્યાઓનેજ ત્યાં શોધ કરવા મોકલી. વેશ્યાઓ આવીને યથાસ્થિત વૃત્તાંત કહેવા લાગી, તે જોઈને તે પોતાના ભાઈનોજ વિવાહ થયો જાણીને પેલી વેશ્યાને બોલાવી કહેવા લાગ્યો. " અહો ! તેં મ્હારા ભાઈને કેમ ત્હારી પુત્રી પરણાવી ? " વેશ્યાએ કહ્યું. " તે પોતાની મેળેજ મ્હારે ત્યાં આવ્યો ને મ્હારી પુ ત્રી મેં નિમિત્તિઆના વચનથી તેને આપી. એમ દૈવેજ આ બનાવ બનાવ્યો છે. માટે હે નરેશ્વર ! મ્હારો અપરાધ ક્ષમા કરો. "

પછી રાજા પ્રસન્નચંદ્ર ત્યાં ગયો ને પોતાના ભાઈ તથા તેની પ્રિયાને જોઈને મંત્રીને પૂછવા લાગ્યો. " હવે આપણે શું કરવું ? મ્હારા ભાઈએ બહુ નીચકૂળની કન્યા અંગીકા ર કરી ! " મંત્રીએ કહ્યું. " એમાં કોઈને દોષ ન દેવો. રાજાઓ નીચકૂળની કન્યા પણ લાવે છે. કહ્યું છે કે—વિષથી પણ અમૃતનું ગ્રહણ કરવું, વિષ્ઠા થકી પણ કાંચન લઈ લેવું; અધમ પુરુષથી પણ વિદ્યા શીખવી; ને નીચકૂળ થકી પણ કન્યારત્ન અંગીકાર કરવું. "

એ ઉપરથી રાજા તેને તેની પ્રિયા સહિત પોતાના પટ્ટહસ્તી ઉપર બેસારીને, બહુ માન સહિત દાન દેતો દેતો પોતાને મહેલે લાવ્યો. પછી તેને રહેવાને માટે એક જૂદો આવાસ આપ્યો; ને પુષ્કળ દ્રવ્ય પણ આપ્યું. એમ રાજા પોતાના ભાઈ સહિત રાજ્ય કરવા લાગ્યો. ત્યાં રાજાએ તેને સંપ્રદાય (રૂઢી) ને જાણનારા વિદ્વાન માણસો પાસે થોડા દિવસની અંદર વ્યવહારમાં કુશળ કર્યો. વળી તે વલ્કલચીરી રાજાના આગ્રહથી લેખન કળા, ગણિતકળા, નીતિમાં પ્રવીણ અને કાવ્યકળામાં ચતુર થયો. ટુંકામાં સર્વ કળાઓનો જાણ થયો.

એકદા અન્યાય કરવાથી બંધાએલા રથીને તેણે છોડાવી મૂકયો. કારણ કે જે વલ્કલ-ચીરીની ભૃકુટીમાં લક્ષ્મી, બાહુમાં ગૌરી, જીભમાં સરસ્વતી અને હૃદયમાં દયા વસતી હ તી. પછી રાજાએ ઘણી કન્યાઓની સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું અને તેને યુવરાજ પદ્વી આપી. તેથી તો તે પોતાના ભાઈને ઘણો જ વ્હાલો થઈ પડ્યો.

અહિં પાછળ સોમચંદ્ર રાજર્ષિ કુમારને ન જોવાથી, આંસૂના પ્રવાહમાં ભીંજાવા લાગ્યા; પણ પ્રસન્નચંદ્ર રાજાએ વલ્કલચીરિની તમામ હકીકત કહેવરાવ્યાથી તેણે શોક છો ડ્યો અને પારણું કર્યું. હવે બન્ને ભાઈઓને સાથે રહેતાં ગોષ્ઠીસુખ અનુભવતાં થકાં કેટ લોક કાળ વીતી ગયો.

પછી બાર વર્ષને અંતે એકદા પ્રસન્નચંદ્રનો પુત્ર તેના ખોળામાંથી ઉતરીને રમતાં ર મતાં વલ્કલચીરીના ખોળામાં આવ્યો. તે જોઈને તેને પોતાની બાળ અવસ્થા યાદ આ વી. તેથી તે કહેવા લાગ્યો. " અહો ! હું અધમ છું કે, મ્હારો જન્મ થયા પછી મ્હા રી માતા મૃત્યુ પામી. તે પછી મ્હારા તાતે મને ઉછેરીને મ્હોટો કર્યો ત્યારે હવે વૃદ્ધાવ સ્થામાંજ હું તેમને ત્યજીને અહિં રહું છું. હું પિતા પાલનના ઋણથી કયારે મુક્ત થ ઇશ ? મ્હારા કૃત્રિમ સ્નેહપણાને ધિક્કાર છે ! હું બહુ દુષ્ટ ઠર્યો ! મને સુખ પ્રાપ્ત થયું એટલે મેં મ્હારા પિતાની જરા પણ સંભાળ ન કરી ! માટે હું બહુ અધમ ઠર્યો ! કહ્યું છે કે-શેરડીનું ક્ષેત્ર, વંશ ( વાંસડા ) નું વન, કેળનું વૃક્ષ અને વિષવૃક્ષ એ સર્વને ફળ આવ્યા પછી પોતે વિનાશ પામે છે, તેમ કુપુત્રથી પણ કુળ વિનાશ પામે છે. વળી પશુ

ઓને સ્તનપાન કરતાં સુધી માતા ઉપર હેત હોય છે; અધમ પુરુષોને પોતાને આધાર મળે ત્યાં સુધી હેત હોય છે; મધ્યમ પુરુષોને ઘરનાં કામકાજ કરે ત્યાં સુધી માતા ઉપર હેત હોય છે; પણ ઉત્તમ પુરુષો તો તે માતાને જીવિત પર્યંત તીર્થરૂપ ગણે છે.

આવો વિચાર થઇ આવવાથી વલ્કલચીરિ તો પિતાને મળવાને બહુ ઉત્સુક થયો ને પોતાના ભાઇને કહેવા લાગ્યો. " હું એક વાર પણ પિતાજીને વંદન કરવા ગયો નથી. તો હવે હું તેમને વંદન કર્યા પહેલાં ભોજન નહિં લઉં; માટે હે ભાઇ ! મને આજ્ઞા આપો કે હું ત્યાં જઉં." તે ઉપરથી બન્ને ભાઇઓ પોતાના પિતાની સેવાને અર્થે વનમાં ગયા. વનમાં જતાં જતાં વલ્કલચીરિ ભાઇને કહેવા લાગ્યો. "અહિં બિલી, ગુંદી પ્રમુખ વૃક્ષો બહુ છે. જેઓ ફળવાળા છતાં માર્ગે જનારા પંથીજનોને નમસ્કાર કરેછે." આ પ્રમાણે વાત કરતા કરતા તેઓ પિતા પાસે પહોંચ્યા. ત્યાં જઇને તેઓ પિતાના ચરણકમળમાં મસ્તક નમાવીને બહુ હર્ષ પામ્યા. પિતાએ પણ તેમને પોતાના ખોળામાં બેસારીને તેમનું ગૌરવ વધાર્યું. તેને આનંદમાં આંસુ આવ્યાં. તેથી નમન કરતા પુત્રોનાં ચરણકમળ ભીંજાયાં.

પછી વલ્કલચીરિ પોતે પૂર્વે ઓપવેલાં તાપસનાં ઉપકરણ-ભાંડાદિક કાઢવાને ગયો. ઝુંપડી મધ્યે તેણે તેમને પ્રથમ મૂકયાં હતાં, તેથી આજ તે રજે ભરાયાં હતાં. એટલે તેમને પોતાના ઉત્તરીયવસ્ત્રના છેડાથી યત્નાપૂર્વક તે પુંજવા લાગ્યો. તેમ કરતાં તેને વિચાર થયો કે, " મેં પૂર્વે પણ આવાં યતિનાં પાત્રોને કયાંહિક પડિલેહ્યાં છે." ઉહાપોહ કરતાં તેણે પોતાનો પૂર્વ ભવ જોયો. જાતિસ્મરણ જ્ઞાન થવાથી તેને યાદ આવ્યું કે, " મેં પૂર્વે ગુરુની સમીપે જિનેશ્વર સંબંધી ચારિત્ર ગ્રહણ કર્યું હતું, ને તે શુદ્ધ રીતે પાળ્યું હતું; આયુષ્ય બહુ ઓછું હોવાથી ત્યાંથી દેવલોકે ગયો હતો; ને ત્યાંથી વળી ચ્યવીને કર્મયોગે રાજાનો પુત્ર થઇ જૈનધર્મ પાળ્યું છું. તો હવે આ રાજ્ય અને જીવિતવ્ય હસ્તિના કાનની પેઠે ચપળ છે. અંતરાય હશે તેથી આટલા સમય સુધી તો હું ઠગાયો કે પાસે રહેલું એવું સાધુપણું પણ હું ન ઓળખી શક્યો ! માટે આ અગાધ ભવ અસાર છે, નાના પ્રકારના દુઃખને આપનારોછે અને હસ્તી, અશ્વ, સ્ત્રી અને લક્ષ્મી આદિનું સુખ નાશવંત છે."

આ પ્રમાણે બાર ભાવના સહિત અસાર સંસારના સ્વરૂપનું ધ્યાન કરતાં તેને, સર્વ કર્મ ક્ષણમાં ક્ષીણ થઇ ગયાને લીધે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું; દેવતાઓએ આવીને તેને યતિનો વેષ આપ્યો, ને એક સુવર્ણકમળ ઉપજાવ્યું. તે ઉપર બેસીને તેણે સોમચંદ્ર રાજર્ષિને તથા પ્રસનચંદ્ર રાજાને આ પ્રમાણે ઉપદેશ આપ્યો.

" આ સંસાર એક મ્હોટા સ્મશાન જેવો છે, તેમાં મોહરૂપી ભૂતોનાં ટોળાં ભમ્યા કરે છે; રાગ અને દ્વેષ રૂપી વિઝાધિક છે; ક્રોધ નામનો ભયંકર વેતાળ રહેછે; લોભ નામનો રાક્ષસ વિક્ષોભ પમાડ્યા કરેછે; ને ઇંદ્રિયોનો સમૂહ છે તે પ્રેત રૂપ છે. વળી તેમાં કષાય રૂપ અગ્નિ જ્વલિત થઇ રહ્યો છે; મિથ્યાત્વ રૂપ મહા ગૃધ્ર અને માયા રૂપ શિયાળ તેમાં છે; એટલુંજ નહિ પણ એ સંસારરૂપ સ્મશાનમાં અભિમાન એ મહાશૂળ છે; કામદેવ એ પિશાચ છે; વૃદ્ધાવસ્થા એ રોગ છે; જન્મ મરણ એ શાકિનીઓ છે. તો આવા ભયંકર સંસારમાં પ્રાણીઓ કેમ નિશ્ચિંત રહ્યા થકા ભમ્યા કરેછે ? એની નજીક સર્વજ્ઞના શાસનવાળું બ્રહ્મપત્તન નામે નગર છે, ત્યાંથી નિર્ભયપણે શાખાપુર સમાન નિર્વાણપુરે જવાય છે. ( તો ત્યાં જવાને કેમ પ્રાણીઓ વિચાર કરતા નથી ! ) કારણ કે, જિનેશ્વરે ભાખેલો એવો ધર્મ સાંભળે તો પ્રાણી સર્વ કર્મનો ક્ષય કરીને પરમસુખનો ભોક્તા થાય છે."

કેવળીના મુખથી આવો ધર્મોપદેશ સાંભળીને મહોદયની વાંછાએ મુનિ અને

ભૂપ બન્ને, જિનશાસનની વાસનાવાળા થયા. તે વખતે શ્રી વીર પ્રભુ પોતનપુરના અનો દર ઉદ્યાનમાં સમવસર્યા હતા. તેથી વલ્કલચીરી સ્વયંબુદ્ધ, પોતાના ભાઈ અને પિતાને લઈને તેમને વંદન કરવાને ગયો. ત્યાં તેમને વીર ભગવાને કહ્યું. "હે વલ્કલચીરી ! તું કેવળી છે; તેથી ત્હારે મ્હારા કેવળી વિના બીજા સાધુને વાંદવા નહી." એટલે તે કેવળી ની સભામાં ગયો. પછી પ્રભુએ સોમચંદ્રને એક બીજા સ્થવિર પાસે ક્રિયાવ્યવહાર શી ખવાને મૂકયા. હવે જિનેશ્વરે આ પ્રમાણે ધર્મદેશના દીધી. "આયુષ્ય વાયુ સમાન ચપ ળછે; બળ ઈંદ્રધનુષ્યની પેઠે ચંચળછે; યૌવન વિજળી જેવું અસ્થિરછે; ધન પર્વતની નદીના કલ્લોલ સમાન ક્ષણ વિનાશી છે; સ્નેહ હસ્તીના કાનની પેઠે ચંચળ છે અને આ શરીર રોગથી ભરપૂર છે. એમ જાણીને હે ભવ્ય પ્રાણીઓ ! તમે નિત્ય ધર્મ આદરો, કારણ કે તેજ મદા નિશ્ચળ છે."

એ સાંભળીને પ્રતિબોધ પામી પ્રસન્નચંદ્ર રાજા સંસારને અસાર માનતો ઘેર આવ્યો. ત્યાં પોતાના ન્હાની ઉંમરના પુત્રને પણ રાજ્યભાર સોંપી, પ્રભુ પાસે આવીને તેણે દીક્ષા લીધી. અનુક્રમે વિશ્વરૂપી કમલિનીના પતિ એવા શ્રી જિનેશ્વર ભગવાન્ સાથે વિહાર ક રતાં તે દશ પૂર્વધારી થયો. એટલે તેમની રજા લઈને એકાકી પર્વત ઉપર ગુફાદિકને વિષે વિષમ સ્થાને રહી કર્મ ક્ષય નિમિત્તે તેમણે કાયોત્સર્ગ કર્યો.

એકદા તે રાજગૃહ નગરની પાસેના વનમાં પરમાત્માના ધ્યાનને ધ્યાતો થકો એકાગ્ર ચિત્તે રહેલ છે. તે વખતે શ્રી વીર પ્રભુ આવીને વૈભારગિરિ પાસે સમવસર્યા. તેમને વંદન કરવાને શ્રેણિક રાજા આવતો હતો, તેણે માર્ગે વનમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને ધ્યાનમાં લીન જોઈને વાંદ્યા. વંદન કરીને તેમની પ્રશંસા કરતો કરતો તે પ્રભુ પાસે જઈને તેમને ત્ર ણવાર પ્રદક્ષિણા દઈને યથાસ્થાને બેઠો. પછી ઉઠીને અંજળિ જોડીને પૂછવા લાગ્યો. "હે પ્રભો ! મેં અહિં આવતાં રસ્તે પ્રસન્નચંદ્ર રાજર્ષિને એકાગ્ર ચિત્તે ધ્યાન ધરતા જોયા ને તેમને વાંદ્યા છે. જો તે હમણાં મૃત્યુ પામે તો કઈ ગતિએ જાય ?" ભગવતે ઉત્તર આ પ્યો. "સાતમી નારકીએ જાય !" રાજાએ વિચાર્યું. "એવા સાધુને આવી નીચીગતિ કેમ ? તેમને સમકિત લાગતું નથી, માટે ભગવાનને ફરીથી પૂછી જોઉં." "હે પ્રભો ! એ તે રાજર્ષિ હમણાં મૃત્યુ પામે તો કઈ ગતિએ જાય ?" એ સાંભળી પ્રભુએ ઉત્તર આપ્યો. "છઠ્ઠી નારકીએ જાય." રાજાને એ પણ શંકાવાળું લાગ્યું તેથી ફરીથી પૂછ્યું. ત્યારે ઉત્તર મળ્યો કે "પાંચમી નારકીએ જાય."

પ્રભુને આ પ્રમાણે તેણે પૂછ્યાજ કર્યું. છેવટે ઉત્તર મળ્યો કે, "સર્વાર્થસિદ્ધ વિમા ને જાય." આ વચન પણ શ્રેણિકને શંકાવાળું લાગ્યું, તેથી વળી તેણે પ્રભુને પૂછ્યું. "આમ એમ શંકા પમાડે એવું કેમ કહો છો ?" ત્યારે પ્રભુએ જવાબ દેવા માંડ્યો, એટલામાં તો આકાશમાં દેવદુંદુભિનો નાદ થયો! ત્યારે વળી શ્રેણિકે પૂછ્યું. "હે ભગ વન્ ! આ નાદ શેનો થયો ?" પ્રભુએ કહ્યું. "એનો પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેનો દેવતાઓ મહોત્સવ કરેછે." વળી પણ શ્રેણિક રાજાએ કહ્યું. "વળી પણ આપ તો શંકા યુક્ત વચનજ કહોછો એમ કેમ ?" પ્રભુએ કહ્યું. "હે શ્રેણિક ! મેં જે જે કહ્યુંછે તે તે સત્યજ છે; કારણ મનનું પરિણામ વિષમ છે. કારણ કે, તેં જ્યારે એ ઋષિને વાંદ્યા હ તા, ત્યારે એમના મનનો શુભ પરિણામ હતો; ત્હારા ગયા પછી વળી ત્હારો સેવક દુર્મુખ આ વ્યો ને તેમને જોઈને બોલ્યો. "ધન્ય છે ! આ ઋષિને! કે તેમણે રાજ્ય ત્યજીને વ્રત ગ્ર હણ કર્યું !" એ સાંભળીને પણ તેના પરિણામ શુભજ રહ્યા; પણ એટલામાં તો ત્હારો દુર્મુખ નામનો સેવક આવ્યો, તેણે તે ઋષિને જોઈને કહ્યું. "અરે ! આ પાખંડી વ્રત લઈને બેઠો

છે ! એને બહુ પાપ લાગશે. કારણ કે એણે રાજ્ય પોતાના બાળપુત્રને સોંપ્યું છે ને ચં પાનો રાજા દધિવાહન પ્રમુખ રાજાઓ તેની નગરીને ઘેરો ઘાલીને પડ્યા છે. તેઓ હાલેક માં તેને હણીને એનું રાજ્ય લઈ લેશે. ” દુર્મુખે આ પ્રમાણે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કહીને તેના ધ્યાનથી તેને ચલિત કર્યો. તે ઉપરથી તે પોતાના મનમાં યુદ્ધ કરવા લાગ્યો. તે વ ખતે જો તેનું મૃત્યુ થયું હોત તો તે સાતમી નારકીએ જાત; પણ તેં બીજી વાર પૂછ્યું ત્યારે તેને યુદ્ધ કરતાં સર્વ શસ્ત્રોની સમાપ્તિ થઈ ગઈ હતી; તેણે સર્વ શત્રુને હણ્યા હતા, ફક્ત એકજ શત્રુ હણવો બાકી રહ્યો હતો. તેથી તેને મારવાને તેણે પોતાના મસ્તક ઉપ રથી મુકુટ લેવાને હાથ ફેરવ્યો, પણ મસ્તક મુંડેલું હતું એમ તેને માલમ પડ્યું ! તેથી તે વિચારવા લાગ્યો. “ અહો ! મેં વૃથા યુદ્ધ કર્યું ! હું કોણ ? હું તો યતિ છું ! મ્હા રે તો સર્વ સંગનો ત્યાગ છે. યતિને તો સર્વ શત્રુ, મિત્ર, પુત્રની ઉપર સમદૃષ્ટિજ હોય છે. કહ્યું છે કે-સાધુઓ તો શત્રુને મિત્ર ઉપર, તૃણને સ્ત્રીજન ઉપર. સુવર્ણ-મણિ કે માટી ઉ પર અને મોક્ષને સંસારને વિષે સમચિત્તવાળા હોય છે. ” એવું તેનું ધ્યાન થયું. ને ઉપરથી તેણે સાતમી નારકીથી ઉતરતાં ઉતરતાં, સૌધર્મ દેવલોકની ગતિ પ્રાપ્ત કરી. પછી અનુક્રમે તેણે સર્વાર્થસિદ્ધ વિમાનની ગતિ પ્રાપ્ત કરી. ને તેં હમણાં પૂછ્યું ત્યારે તો તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ”

આ વૃત્તાંત સાંભળીને શ્રેણિક રાજાએ જઈને પ્રસન્નચંદ્ર કેવળીને વંદન કર્યું. પછી ને ત્યાંથી પોતાને સ્થાને ગયો. કેવળી પણ અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ દેતા આયુષ્ય ક્ષય થએ મુક્તિએ ગયા. ઇતિ પ્રસન્નચંદ્ર રાજર્ષિની કથા.

## યશોભદ્રસૂરિ.

જે ભવિક જન ભવ્યજીવોને પોતાની અમૃત સમાન મધુર વાણીથી બોધ પમાડે છે, તે શ્રી યશોભદ્રસૂરિની પેઠે સ્વર્ગ સુખ પ્રાપ્ત કરે છે.

આ પૃથ્વિ ઉપર નગર નગરને વિષે ને ગ્રામ ગ્રામને વિષે વિહાર કરતા, ભવ્ય જી વોને બોધ કરતા ચૌદ પૂર્વધારી શ્રી શય્યંભવસૂરિ એકદા પાટલીપુર નગરે આવ્યા. ત્યાં એક યશોભદ્ર નામનો વિપ્ર તેમની પાસે આવ્યો. તેને ગુરુએ આ પ્રમાણે ઉપદેશ દીધો. “ હે પ્રાણીઓ ! આ સંસારના ભોગ ક્ષણભંગુર ને બહુ પ્રકારના છે; ને તે ભોગને લીધે જ ભવમાં રઝળવું પડે છે; માટે તમે આ ભવને અર્થે તત્વની શોધમાં ફરો ને શાસ્ત્ર સાંભળો. વળી ચિત્તને આશાના ફંદમાંથી મુક્ત કરીને સ્વસ્થ કરો ને સર્વત્ર આત્યંતિક સુખનું ધામ એવું જે અમારૂં વચન તેના ઉપર શ્રદ્ધા રાખો. વ્યાધિ અને વેદનાથી પૂર્ણ એવા અસાર સંસારને વિષે સુખ નથી એમ જાણતા છતાં પણ આ જીવ જિનોપદિષ્ટ ધ ર્મ કરતો નથી. જીવિતવ્ય અને ઋદ્ધિ અસ્થિર છે, ને યૌવન પણ ક્ષણભંગુર છે; તે પ્રત્ય ક્ષ જાણતાં છતાં પ્રાણી ચેતતો નથી. ” ઇત્યાદિ ધર્મોપદેશના સાંભળીને યશોભદ્ર વિપ્ર શય્યં ભવસૂરિ પાસે દીક્ષા લીધી. ગુરુ પાસે શુદ્ધ વિનય સહિત રહેતાં વિદ્યા ગ્રહણ કરી તે અ નુક્રમે સૂત્રાર્થ સહિત ચૌદપૂર્વ શીખ્યો. એવામાં ગુરુએ તેને સૂરિપદ સ્થાપ્યો; ને પોતે ઉત્ત મ વિધિ સહિત આરાધના કરીને સ્વર્ગે ગયા.

એકદા યશોભદ્રસૂરિ દક્ષિણ દિશામાં પ્રતિષ્ઠાનપુર નામે નગરમાં ગયા. ત્યાં ભદ્રબા હુ અને વરાહ નામના બે મહર્દ્ધિક બ્રાહ્મણો રહેતા હતા; તેઓ બીજાઓની સાથે સૂરિ પાસે ધર્મ સાંભળવાને આવ્યા. ગુરુએ ઉપદેશ આપ્યો. “ ચક્રવર્તિની ઋદ્ધિ છોડીને દાસપણું કોણ ઇચ્છે ? ઉત્તમ રત્નો છોડીને પાષાણના કકડાને કોણ વાંછે ? આ જીવિતવ્ય

જળબિંદુ સમાન છે; સંપત્તિ સમુદ્રના કલ્લોલના જેવી ચપળ છે; ને પ્રેમ સ્વપ્ન સમાન છે. નારકીઓનાં દુઃખ પણ કાળે કરીને નાશ પામે છે તો પછી મનુષ્યોનાં દુઃખ નાશ પામે એમાં તો કહેવુંજ શું? માટે હે પ્રાણી! તું વિરતિવાળો કેમ નથી થતો? કે, જેથી કરીને ત્હારે તે દુઃખો ભોગવવાં પડે નહી. માટે હવે તને ગમે તેમ કર. અગ્નિમાં તપાવેલી સોયથી ભેદાએલા જીવને જેવું દુઃખ થાય છે, તેથી આઠગણું દુઃખ ગર્ભમાં થાય છે."

યશોભદ્રસૂરિનો આવો ઉપદેશ સાંભળીને પ્રાપ્ત થયો છે વૈરાગ્ય જેમને એવા તે બન્ને ભાઇઓ પેરે જ વિચારવા લાગ્યા. "આપણે જન્મ શા માટે વૃથા ગાળવો પડે? ભોગ સુખ સર્વે અનિત્ય છે. કારણ કે, જેમ ખારી ભૂમિ ઉપર મીઠું જળ હોવાને અર્થેજ છે, તેમ આ શરીર ઉપર પણ કપૂર-કસ્તુરિ આદિનાં વિલેપન હોવાને અર્થેજ છે. સંપત્તિ જળવરંમના જેવી ચંચળ છે; યૌવન ત્રણ ચાર દિવસનું છે; આયુષ્ય પણ શરદ્ ઋતુના વાદળાના જેવું ચપળ છે; તો આ લક્ષ્મી પછી શા કામની છે; માટે નિત્ય ધર્મ કરો. વળી કાયા પાપથી ભરેલી છે, પ્રકૃતિ પણ ચપળ છે; લક્ષ્મી પણ અસ્થિર છે; વિષયભોગ મહારોગ છે; કમળ સમાન નેત્રવાળી સ્ત્રીઓ સર્પ જેવી છે; ગૃહવાસ પાશ સમાન છે; સ્નેહી જનનું સુખ છે તે પણ અસ્થિર છે; માટે હે નિપુણ જનો! આવા અસાર સંસારને વિષે તમે (ધર્મને વિષે) સાવધ રહેો."

આવો વિચાર કરી માતાની આજ્ઞા લઇ બન્ને ભાઇઓએ ગુરુ શ્રી યશોભદ્રસુરિ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ગુરુએ તેમને એટલે સુધી અધ્યયન કરાવ્યું કે તેઓ બાર અંગના જાણ થયા. અનુક્રમે તેમણે ભદ્રબાહુને સુરિપદ આપ્યું; ને પોતે શ્રી શત્રુંજયાદિ તીર્થની યાત્રાએ ગયા. પછી શુદ્ધ ચારિત્ર પાળ્યું; ને આયુષ્યનો અંત જાણી ગુરુ પાસે આરાધના કરી. અનુક્રમે ગચ્છભાર ભદ્રબાહુને સોંપી મૃત્યુ પામી તેઓ સ્વર્ગે ગયા. ઇતિ.

---

મૂળગાથા.

जंबुपहु वंकचूलो, गयसुकुमालो अवंतिसुकुमालो ॥
धन्नो इलाइपुत्तो, चिलाइपुत्तो अ बाहुमुणि ॥ ४ ॥

જંબુસ્વામી, વંકચૂળકુમાર, ગજસુકુમાળ, અવંતિસુકુમાળ, ધન્યકુમાર, ઇલાચીપુત્ર, ચિલાતિપુત્ર અને યુગબાહુ મુનિ; એ આઠ મહાપુરુષોની કથાઓ, આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૪)

## જંબૂસ્વામી.

જે પ્રાણી, બાલ્યાવસ્થાને વિષે પણ વૈરાગ્ય પામી આદર સહિત ધર્મ પ્રત્યે અંગીકાર કરે છે, તે પ્રાણી જંબુસ્વામીની પેઠે મોક્ષસુખનો ભોક્તા થાય છે.

આ પૃથ્વીને આભૂષણરૂપ એવા મગધ નામે દેશમાં સુગ્રામ નામનું એક ગામ છે. તેમાં રાષ્ટ્રકૂટ નામનો કણબી અને તેની સ્ત્રી રેવતી વસતાં હતાં. તેમને અનુક્રમે ભવદત્ત અને ભવદેવ નામે પુત્ર થયા. તેઓ મોટા થયા ત્યારે ધર્મ કર્મમાં તત્પર થયા.

એકદા સુસ્થિત આચાર્યની પાસે વૈરાગ્યરંગ ચિત્ત થયાથી ભવદત્તે દીક્ષા ગ્રહણ કરી. ને ગુરુ સાથે શીખીને ગીતાર્થ થયો. એવામાં તેણે એક વાર ગુરુને કહ્યું. "હે પ્રભો! સંબંધી જનોને સમજાવીને પ્રતિબોધવા જવાની મારી ઇચ્છા છે, માટે આજ્ઞા આપો." ગુરુએ

આજ્ઞા આપી. તેથી તે સુગ્રામ ગામે ગયો. ત્યાં ભવદેવનાં નાગિલા સાથે લગ્ન થતાં હતાં, તેથી સાધુને કોઇએ આવ્યા જાણ્યા નહીં. એટલે તે ગુરુ પાસે પાછા આવ્યા. બીજા સાધુઓએ તેમની મશ્કરી કરી. તેથી ભવદત્ત, ભાઇને પ્રતિબોધ પમાડવાને ફરી પણ સુગ્રામ ગામે આવ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે 'ભાઇને દીક્ષા અપાવીશ' એમ કહી પછી ત્યાં ગયો. તે વખતે નાગિલાને આભૂષણ પહેરાવવાનો ઉત્સવ થઈ રહ્યો હતો. અર્ધ શણગાર સજાવ્યો, તેવામાં ખબર પડવાથી ભવદેવ, ભવદત્તને આવીને નમ્યો. ને તેણે તેમને શ્રદ્ધાથી શુદ્ધ અન્ન પાન વહોરાવીને પ્રતિલાભ્યા. ભવદત્તે જતી વખતે ભવદેવને કેટલેક સુધી સાથે લીધો ને તેને કહ્યું. "હે ભવદેવ ! તને ધન્ય છે કે સાધુ ઉપર ત્હારી આવી રૂડી ભક્તિ છે,"

એવી વાણીથી તેને પ્રીતિ ઉપજાવીને તેના હાથમાં પોતાનું ઘી ભરેલું પાત્ર આપ્યું. બીજા સગાંઓને છોડી દઈ ભવદત્ત, ભવદેવ સાથે બાલ્યક્રીડાદિ વાર્તા કરતો ગુરુ પાસે આવ્યો. તેમને નમીને ભવદત્તે કહ્યું. "હે ભગવન્ ! આ મ્હારા ભાઇને મેં આપની પાસે આણ્યો છે; એને દીક્ષા લેવાની ઇચ્છા છે." ગુરુએ દીક્ષા આપી. તે ભવદેવે મ્હોટા ભાઇના અનુરોધને લીધે દાક્ષિણ્યતાએ અંગીકાર કરી. પછી ભવદત્તે એક મુનિ તથા પોતાના ભાઇને સાથે લઈ, ગુરુને નમસ્કાર કરી બીજે વિહાર કર્યો. ભવદેવ ભાઇના વચનને લીધેજ સંયમ પાળવા લાગ્યો; પણ તેને હસ્તીને હાથણી યાદ આવે તેમ નાગિલા યાદ આવ્યા કરતી. અનુક્રમે ભવદત્ત તો તીવ્ર તપશ્ચર્યા કરી કાળધર્મ પામી સ્વર્ગે ગયો. એટલે એકલો પડ્યો એવો ભવદેવ સાધુઓને સુતા મૂકીને, નાગિલાનું સ્મરણ કરતો રાત્રીને વખતે નીકળી ગયો. કહ્યું છે કે—નારી અને લક્ષ્મીથી મોહિત એવો રાગી પુરુષ બહુ કર્મ બાંધે છે અને નિર્મળ અંતઃકરણવાળો નિરાગી માણસ બહુ સુખ પ્રાપ્ત કરે છે. વળી એક સુકો અને એક લીલો એવા બે માટીના ગોળા ભીંત ઉપર પછાડ્યા, તો તેમાંથી ફક્ત લીલો ગોળોજ ભીંત ઉપર ચોટી રહ્યો.

હવે ભવદેવ તો ચાલતો ચાલતો સુગ્રામ ગામની સીમે આવ્યો ને ત્યાં આવેલા એક જિનમંદિરમાં રહ્યો. એવામાં ત્યાં એક ઉત્તમ વૃદ્ધ શ્રાવિકા, એક બીજી સ્ત્રીની સાથે આવી. ( તે બીજી સ્ત્રી નાગિલા હતી. ) ભવદેવ કોઇને ઓળખી શક્યો નહીં, તેથી પૂછવા લાગ્યો. "નાગિલા શું કરે છે ?" ઇત્યાદિ પૂછ્યું. ત્યારે નાગિલાએ તેને ઓળખી કાઢ્યો ને તેને સામું પૂછ્યું. "અહો ! તમે નાગિલાના પતિ છો કે ?" ભવદેવે કહ્યું. "હા, હું તેણીનો પતિ છું; પણ મ્હારા મ્હોટા ભાઇ ભવદત્તે મને કપટથી ગુરુ પાસે લઇ જઈ પરાણે મ્હારા મન વિના દીક્ષા અપાવી. મેં નાગિલાના સ્મરણમાં ને સ્મરણમાંજ બાર વર્ષ સુધી ચારિત્ર પાળ્યું છે. હવે તો તે હશે કે નહિં હોય !"

ભવદેવ આ પ્રમાણે કહેછે, એટલામાં નાગિલાની સાથે તેણીની સખી જે વૃદ્ધ સ્ત્રી હતી, તેણીનો પુત્ર ત્યાં આવ્યો. ને ભવદેવના સાંભળતાં તે પૂર્વે શીખવી રાખ્યા પ્રમાણે કહેવા લાગ્યો. "હે માતા ! મને આજે ગામમાં જમવા જવાનું નોતરું મળ્યું છે, ત્યાં દક્ષણા પણ મળવાની છે, માટે તું ઘેર ચાલ; વિલંબ ન કર. મ્હારે પ્રથમ પીધેલું દૂધ ભાજનમાં વમીને કાઢી નાંખવું છે; ને ત્યાં જઈ જમી આવીને તથા દક્ષણા લઈ આવીને, અહિં આવી પેલું વમન કરેલું પછી પી જઇશ." આ સાંભળીને ભવદેવ તો હસીને કહેવા લાગ્યો. "અહો ! આ બાળક એવું વમન કરેલું નિંદવા યોગ્ય અન્ન પાછું ખાશે ?" તે સાંભળીને નાગિલા બોલી. "હું આપની સ્ત્રી નાગિલા છું, આપ ત્યારે પૂર્વે વમેલી ( ત્યાગ કરેલી ) એવી મને ફરીથી ભોગવવાને કેમ ઇચ્છો છો ? એવો કોણ અજ્ઞાન હોય કે ત્ય

છ દીધેલી સ્ત્રીને વમેલા આહારની પેઠે ફરી અંગીકાર કરવાને વાંછો ? સ્ત્રીને તો અનંત દુઃખની કારણરૂપ કહી છે. માટે હે મુહાશય ! નવી પરણેલી વહુની પેઠે મને સંભારતા તમે અહિં આવ્યા ! પણ જોતા નથી કે હવે હું અવસ્થાએ કરીને જર્જરિત થઈ ગઈ છું? સંસાર આવો અસાર છે. કહ્યુ છે કે—અતિ વિશુદ્ધ વસ્તુને પણ મલિન કરવાને સમર્થ એવો આ દેહ વૃદ્ધાવસ્થાને આધીન થયા છતાં પણ, પ્રાણી વૃથા મોહ પામ્યા કરે છે. આ સ્ત્રી સમસ્ત મળ—શ્લેષ્મ-મેદ અને અસ્થિથી પરિપૂર્ણ, તેમજ સ્નાયુ પ્રમુખથી શીવેલી કોથળી જેવી છે; ફક્ત તે બહારથીજ રમણિક છે. વળી હે સાધો ! સંસાર સમુદ્રમાં પડતા એવા પ્રાણીઓને તારવામાં વહાણરૂપ એવી આ દીક્ષાને ત્યાગ કરીને દુર્ગતિને આપનારી સ્ત્રીને શા માટે અંગીકાર કરશો ? મેં જીવિત સુધી ગુરુની પાસે શીળવ્રત અંગીકાર કર્યું છે. કારણ કે, સ્ત્રીઓને શીળ એજ ઉત્તમ આભૂષણ છે. કહ્યું છે કે—મનુષ્યોને કુળની ઉન્નતિ કરનારૂં, ઉત્તમ આભૂષણરૂપ, અપ્રતિપાતિ (મળીને નાશ ન પામે એવા) ધનરૂપ, સુગતિના સ્થાનરૂપ, દુર્ગતિને નાશ કરનારૂં, પવિત્ર યશની વૃદ્ધિ કરનારૂં, સંસારથી નિવૃત્તિ પમાડનારૂં અને કલ્પવૃક્ષરૂપ શીળવ્રતજ છે. માટે હે નાથ ! મ્હારૂં કહ્યું માનીને તમે ગુરુની પાસે જાઓ અને શુદ્ધ ચારિત્ર પાળીને યાવત્ મોક્ષ પ્રાપ્ત કરો."

સ્ત્રીનો પ્રતિબોધ પામીને ભવદેવ તેને ખમાવીને પોતે ગુરુ પાસે ગયો. ત્યાં તેણે પોતાનું દુશ્ચરિત્ર સમ્યક્ પ્રકારે આલોચીને ફરી ચિરકાળ પર્યંત શુદ્ધ ચારિત્ર પાળ્યું; ને ત્યાંથી કાળ કરીને તે સૌધર્મે દેવલોકે દેવતા થયો.

હવે મ્હોટા ભાઈ ભવદત્તનો જીવ જે સ્વર્ગને વિષે દેવતા થયો હતો, તે ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કળાવતી વિજયે પુંડરીકિણી નગરીને વિષે વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા નામની સ્ત્રીને ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું સાગરદત્ત એવું નામ પાડ્યું. અનુક્રમે તે વૃદ્ધિ પામ્યો એટલે તેને પિતાએ એક હજાર કન્યાઓ પરણાવી. તેમની સાથે ભોગ ભોગવતો તે જતા એવા કાળને પણ જાણતો નહોતો. એકદા તે પ્રાસાદની સાતમી ભૂમિકાએ બેઠો છે, તેવામાં તેણે આકાશમાં ગર્જના અને વિજળી સહિત સર્વ દિશામાં વાદળાં વ્યાપી રહેલાં જોયાં; પણ એવામાં તો ઉત્કટ વાયુ નીકળ્યો તેણે એ સર્વ ગાજવીજ તથા વાદળાંને વિંખેરી નાંખ્યાં. તે જોઇને સાગરદત્તને સર્વ સંસારની વસ્તુ ક્ષણભંગુર લાગી, તેથી તેણે કહ્યું. "આવા વજ્રકાયાવાળા અરિહંત ભગવાનની કાયા પણ અનિત્ય છે, તો કદલીના સરખા કોમળ આ બે જંતુઓ (પ્રાણીઓ) તેમની તો શી વાત કરવી !"

આમ ચિંતવતો સાગરદત્ત સંસારની પ્રત્યેક વસ્તુની અસારતા જોતો પ્રતિબોધ પામ્યો ને તેણે ગુરુ પાસેથી ભાવ સહિત સંયમ લીધો.

હવે આજ વિજયને વિષે વીતશોકા નામની નગરીમાં પદ્મરથ રાજાની પટરાણી વનમાળાની કુક્ષિએ ભવદેવનો જીવ સ્વર્ગ થકી ચ્યવીને પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું શિવકુમાર એવું નામ પાડ્યું. તે વૃદ્ધિ પામ્યો ને યુવાવસ્થા પ્રાપ્ત કરી ત્યારે પિતાએ તેને સુકોમળાંગી કન્યાઓ સાથે પરણાવ્યો. એકદા તે શિવકુમાર સ્ત્રીઓ સાથે પોતાના મહેલના ગોખમાં બેઠો હતો, તેવામાં તેણે કામસમૃદ્ધ નામે સાર્થવાહને ઘેર સાગરદત્ત મુનિને વહોરતા દીઠા; ને દેવતાઓએ ત્યાં તે સાધુ ઉપર પુષ્પવૃષ્ટિ કરી તે પણ તેણે જોયું. એ જોઇને શિવકુમાર બહુ આનંદ પામ્યો. મુનિ ત્યાંથી વહોરીને પોતાને સ્થાનકે ગયા ને પારણું કર્યું. રાજપુત્ર શિવકુમાર પણ ત્યાર પછી એ સાધુ પાસે ધર્મ સાંભળવા ગયો. ત્યાં મુનિએ તેને ઉપદેશની સાથે તેના પૂર્વભવની કથા પણ કહી. તે સાંભળીને તેનું મન વૈરાગ્યમય થઇ રહ્યું.

એટલે પછી તે ગુરુને નમીને ઘેર આવ્યો; ને માતા પિતા પાસે તેણે દીક્ષા લેવાની આજ્ઞા માગી. તેમણે કહ્યું. "જો તું એનું નામ લઇશ, તો અવશ્યમેવ અમારું મૃત્યુ થશે. તું તો કરજોડાવંત છે અને વળી માત પિતાની હત્યા તે કોણ વ્હોરે?" પુત્રે કહ્યું. "હે પિતા! હે માતા! આપ કહો છો તે સર્વ સત્ય છે, પણ અનંત ભવને વિષે જીવને અનંત સંબંધ થયો છે; હું હજાર વાર ઉત્પન્ન થયો હોઇશ; વળી હજારો વાર માતા તરીકે, હજારો વાર પિતા તરીકે, તેટલીજ વાર પુત્ર તરીકે અને સ્ત્રી તરીકે પરસ્પર સંબંધ થયા હશે; માટે કોના માતા પિતા અને કોનો પુત્ર!" પિતાએ કહ્યું. "હે પુત્ર! ત્હારે એમ બોલવું ન ઘટે; અમારે તુંજ આધાર છે." ઇત્યાદિક વચનો કહીને તેમણે તુરત તો શિવકુમારને અટકાવ્યો; પણ હવે તે નિત્ય છઠ્ઠ છઠ્ઠનો તપ અને પારણે આયંબિલ કરવા લાગ્યો ને એ પ્રમાણે દૃઢધર્મ શ્રાવકની સાથે ધર્મકાર્ય કરતો બાર વર્ષ પર્યંત ઘર મધ્યે રહ્યો. ત્યાર પછી તેણે અનશન ગ્રહણ કર્યું ને આયુષ્યનો ક્ષય થયે ભાવચારિત્રવાન્ શિવકુમાર બ્રહ્મદેવલોકને વિષે વિદ્યુન્માળી દેવતા થયો.

એવામાં શ્રી વીરસ્વામી રાજગૃહ નગરને વિષે સમવસર્યા. તેમને વંદન કરવાને વિદ્યુન્માળી દેવ આવ્યો. તેની કાંતિ સર્વ અન્ય દેવ કરતાં વિશેષ તેજોમય જોઇને શ્રેણિક રાજાએ અંજલિ જોડીને પ્રભુને તેનું કારણ પૂછ્યું. પ્રભુએ તેના ઉત્તરમાં તેનો પૂર્વભવ કહી સંભળાવ્યો. તેનો પૂર્વભવ સાંભળ્યા પછી શ્રેણિક રાજાએ પૂછ્યું. "હે પ્રભો! એ દેવ હવે ચ્યવીને ક્યાં જશે?" પ્રભુએ કહ્યું. "આજથી સાતમે દિવસે આજ નગરમાં ઋષભદત્ત શેઠનો પુત્ર જંબૂ નામે થશે, તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ પામશે. તેના પછી બીજો કોઇ કેવળી થશે નહીં." ત્યાર પછી વિદ્યુન્માળી દેવની ચારે સ્ત્રીઓએ પ્રભુને પ્રણામ કરીને પૂછ્યું. "હે ભગવન્! ત્યારે અમારી શી ગતિ થશે?" પ્રભુએ ઉત્તર આપ્યો. "તમે પણ વ્યવહારીઓની પુત્રીઓ થશો ને ત્યાંથી એજ જંબુકુમારની સ્ત્રીઓ થશો." આવો ઉત્તમ વૃત્તાંત સાંભળીને વિદ્યુન્માળી અને તેની ચારે સ્ત્રીઓએ સર્વે પ્રભુની આગળ નાટક કરવા લાગ્યાં. પછી હર્ષવંત એવો તે દેવ તેણીઓને લઇને પોતાને સ્થાનકે ગયો.

એકદા વૈભારગિરિ ઉપર શ્રી સુધર્માસ્વામી આવી સમવસર્યા હતા, તેમને વંદન કરવાને ઋષભદત્ત શેઠની સ્ત્રી ધારિણી આવી હતી. તેણીએ વ્યાખ્યાનને અંતે ગણધર મહારાજાએ જંબૂવૃક્ષ વિષે વિચાર કર્યા પછી પૂછ્યું. "હે ભગવન્! મને પુત્ર થશે કે નહીં?" તેમણે ઉત્તર આપ્યો. "હે મહાસતી! સાધુઓને સાવદ્ય ઉપદેશ કહેવો યોગ્ય નથી; તો પણ મહત્ પુણ્યલાભ હોય તો સાધુ નિરવદ્ય કહે. તે ઉપરથી કહું છું કે, એકસો ને આઠ આંબિલ કરવાથી તને સ્વપ્નમાં જંબૂવૃક્ષથી સૂચિત પુત્ર થશે." એ ઉપરથી ઘેર આવીને તેણીએ ગુરુના કહ્યા પ્રમાણે તપ કરવા માંડ્યો. એટલે વિદ્યુન્માળી દેવતાનો જીવ સ્વર્ગ થકી ચ્યવીને જંબૂ સ્વપ્ન સૂચિત ધારિણીની કુક્ષિએ અવતર્યો. અનુક્રમે તેણીએ પુત્રને જન્મ આપ્યો; તેનું સ્વપ્ન ઉપરથી જંબૂકુમાર એવું નામ પાડ્યું.

એ વખતે સમુદ્રપ્રિય શેઠની પદ્માવતી સ્ત્રીએ સમુદ્રશ્રી નામની પુત્રીને જન્મ આપ્યો; સમુદ્રદત્ત શેઠની કમળમાળા નામની સ્ત્રીએ પદ્મશ્રી નામની પુત્રીને જન્મ આપ્યો; સાગરદત્ત શેઠની વિજયશ્રી નામની સ્ત્રીએ પદ્મસેના નામની પુત્રીને જન્મ આપ્યો અને કુબેરદત્ત શેઠની જયશ્રી નામની સ્ત્રીએ કનકસેના નામની પુત્રીને જન્મ આપ્યો. આ ચારે કન્યાઓ તે વિદ્યુન્માળી દેવની સ્ત્રીઓ હતી, તે સ્વર્ગ થકી ચ્યવીને ઉત્પન્ન થઇ. વળી કુબેરસેનની સ્ત્રી કમળાવતીએ નભઃસેના નામની પુત્રીને, શ્રમણદત્ત શેઠની સુષેણા સ્ત્રીએ કનકશ્રી નામની પુત્રીને, વસુષેણની સ્ત્રી વીરમતીએ કનકવતી નામની પુત્રીને અને વસુપાલિત શેઠની જય

સેન્ય શ્રીએ જયશ્રી નામની પુત્રીને જન્મ આપ્યો. એ આઠ કન્યાઓ મ્હોટી થયે જંબુકુ મારને પરણવાની ઇચ્છાવાળી થઇ. જંબુકુમારના માત પિતા પણ પોતાના પુત્રને માટે 'એ આઠ કન્યાઓના માત પિતા આપશે ' એમ માનતા અને એ પ્રમાણે એ આઠ કન્યાઓ ની સાથે જંબુકુમારનો સંબંધ પણ થયો. એવામાં સુધર્માસ્વામી આવીને બહારના ઉદ્યાન માં સમવસર્યા. સર્વ લોકો ધર્મોપદેશ સાંભળવા ગયા. તેમાં જંબુકુમાર પણ ગયો. ગણધ ર મહારાજએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો:—"જરા અને મરણરૂપ એ બન્ને કાંઠાથી અપાર એવી લક્ષ્મીના મગરરૂપ મોજાં ન હોત તો આ સંસારરૂપ સમુદ્ર લોકોને તર વો મુશ્કેલ થાત. આ ભવસાગરને વિષે મનુષ્યનું આયુષ્ય મેઘની માફક ગાજ્યા કરે છે; લક્ષ્મી વિજળીના જેવી ચપળ છે; માટે આયુષ્ય અને લક્ષ્મીને અર્થે સ્થિરાત્મા એવા વિવેકી પંડિત પુરુષે નિરંતર પર્યંત સ્થિર એવાં ત્રણ રત્નો ગ્રહણ કરવાં. તેમાં વળી શુદ્ધ મને ઉપાશ્રય, ભોજન, પુસ્તક, વસ્ત્ર આદિથી જ્ઞાનીની ભક્તિ કરવી; તેમ કરવાથી તે જ્ઞા નને આવરે. દેવાધિદેવના, જિનમંદિર અને યાત્રા અર્ચનાદિથી—જિનેશ્વરના તીર્થની પ્રભાવના કરવાથી ગુરુના સમકિતનું ઉપાર્જન કરે અને ચારિત્રના પાત્ર એવા ઉત્તમ સા ધુઓની ભક્તિ કરે, તથા આવશ્યક (પ્રતિક્રમણ) કરીને અને તપશ્ચર્યા કરીને શુદ્ધરૂપ ચારિત્ર નું ઉપાર્જન કરે; વળી યોગ્ય કાળે અધ્યયન કરવાથી જ્ઞાન, અશંકિત મનથી દર્શન તથા મૂળ ગુણ અને ઉત્તર ગુણથી ચારિત્રને સેવે. આ પ્રમાણે ત્રણ રત્નો ઉપાર્જન કરીને ગૃહ સ્થ કે સાધુ સમયમાં અને આયુ તો જડ મોહાંધકારને હણે છે અને શાશ્વતપદને પ્રાપ્ત કરેછે. પરંતુ જેઓ કે જુના અજ્ઞાનમાં મુગ્ધ થઇને તથા પ્રમાદને વશ થઇને પડ્યા રહે છે તેઓ આ અપાર એવી ભવરૂપી અટવીને વિષે નિત્ય ભ્રમણ કરયા કરે છે."

ઇત્યાદિ ધર્મોપદેશનાં વચનો સાંભળીને જંબુકુમાર દીક્ષા લેવાને ઉત્સુક થયો. ગુરુએ માતા પિતાની અનુજ્ઞા વિના તે આપવાની ના કહી. તે ઉપરથી પોતાની મેળેજ શીળ વ્રત લેઇને આતુર એવો તે ઘેર આવ્યો. માર્ગમાં આવી જુએ છે તો વૈરિઓએ રાજગૃહને ઘેરી લીધું છે અને કિલ્લા ઉપર બેઠેલા રાજપુરુષોએ યંત્રવડે ફેંકેલા પત્થરોને જોઇ પોતા ને વિઘ્ન થશે એમ જાણીને તે પાછો ગુરુ પાસે ગયો. ત્યાં જઇ શીળવ્રત ગ્રહણ કરી પોતા ને ઘેર પાછો આવ્યો, ને માત પિતાને કહેવા લાગ્યો. "હે માતા પિતા! હું હવે દીક્ષા લેવા ઇચ્છું છું, માટે મને રજા આપો." તે સાંભળીને માત પિતાએ કહ્યું. "તું અમારો એક નો એક પુત્ર છે. ત્હારા વિના અમે નિરાધાર થઇએ; તો પછી અમારૂં શું થાય! વળી આઠ કન્યા પરણવાનો અમારો મનોરથ છે તેને તો પૂર્ણ કર." માતા પિતાના વચનના આગ્રહથી જંબુકુમાર બોલ્યો "હું અત્યંત આગ્રહથી કન્યાઓનું પાણિગ્રહણ કરીશ. પણ જો હું તેઓને પ્રતિબોધ પમાડી શકીશ તો હું તેઓની સાથે દીક્ષા લેવાનો; નહિ તો હું ગૃહસ્થાશ્રમે રહીશ." પછી તેણે તે કન્યાઓના માત પિતાને પણ કહ્યું કે "હું દીક્ષા લેવાનો છું." તે ઉપરથી તેમણે તેમની પુત્રીઓને કહ્યું. "જંબુકુમાર લગ્ન કર્યા પછી તમને પ્રતિબોધ પમાડીને દીક્ષા ગ્રહણ કરશે." એટલે તે સર્વે (આઠે) કન્યા ઓ જંબુ પાસે આવીને કહેવા લાગી. "અમે તો તમનેજ વરી ચુકી છીએ. જો આ પણ તમે અમને પતિ થશો તો ઠીક; નહિં તો અમે તમારે હાથેજ દીક્ષા લઇશું. વળી જો અમે તમને સંસારમાં આસક્ત કરીશું તો તમે અમારા પતિ થઇને રહેશો; નહિં તો અમે તમારી સાથેજ સંયમ લઇને ચાલી નીકળશું."

પછી શુભ દિવસે લગ્ન ઉત્સવ કરીને, મંગળને વિષે વસ્ત્ર આભૂષણ ધારણ કરાવીને અને

વિદ્ પુરુષોના વિચારશીળ અંતઃકરણમાં તો નથી વિષય કે નથી પરિગ્રહ! એવામાં કોઈ વિદ્યાધર આકાશમાર્ગે જતો હશે, તેણે તેને કૂવાની અંદર લટકી રહેલો જોઇને, કરૂણાને લીધે આવીને કહ્યું. "હે મહાનુભાગ! આ મ્હારા હસ્તને અવલંબીને બહાર આવ્ય." તે સાંભળીને પેલો દરિદ્રી બોલ્યો. "એક ક્ષણ ખમો, આ એક મધુર મધુબિંદુ મ્હારા મુખમાં પડવા દ્યો." વિદ્યાધરે ઘણી વાર સુધી કહ્યા કર્યું, તો પણ મધુબિંદુના અલ્પસુખને પણ ન છોડી તે બ્હાર નીકળ્યો નહી. એટલે તે વિદ્યાધર પોતાને સ્થાનકે ગયો. પછી તે દરિદ્રી બહુ દુઃખીઓ થયો.

(જંબૂકુમાર પ્રભવને કહે છે) માટે હે પ્રભવ! એ પ્રમાણે હું આ અસાર સંસારના અલ્પ સુખમાં બૂડી ગએલો છું. એ કથા મેં કહી. તેનો ઉપનય આ પ્રમાણે છેઃ— જે દરિદ્રી પુરુષ તેને સંસારી જીવ જાણવો; વિકટ અટવીને ભવ જાણવો; હસ્તીને મૃત્યુ જાણવું; કૂવાને મનુષ્યભવ; અજગરને નરક; ચાર સર્પને ચાર કષાય (ક્રોધ-માન-માયા-લોભ; વડના વૃક્ષને આયુષ્ય; બે ઉંદરને શુકલ અને કૃષ્ણ પક્ષ; માખીઓને વ્યાધીઓ અને મધુબિંદુને વિષયસુખ જાણવું. તેમજ વિદ્યાધરને ગુરુ જાણવા. આવા અસાર સંસારમાંથી જે નીકળી જાય છે, તેઓ મુક્તિ પામે છે અને બીજાઓ પેલા દરિદ્રીની પેઠે નરકાદિ દુઃખના ભોક્તા થાય છે." તોપણ વળી પ્રભવે પ્રશ્ન કર્યું. "હે જંબૂ! તું ત્હારી સ્નેહાળુ માતા, ત્હારા પૂજ્ય પિતા, ત્હારી આજ્ઞાધીન પત્નીઓ અને આ અન્ય બંધુઓને ત્યજીને કેમ વ્રત અંગીકાર કરીશ?" તે ઉપરથી જંબૂકુમારે ઉત્તર આપ્યો. "હે પ્રભવ! સંસારની અસારતા ઉપર હું તને એક કથા કહું છું તે તું સાંભળ—

મથુરા નગરીને વિષે કુબેરસેના નામની ગણિકાને કોઇ પુરુષની સાથે ભોગ ભોગવતાં એક પુત્ર પુત્રીનું જોડલું જન્મ્યું. દશ દિવસ થયા પછી કુટ્ટિનીએ તેણીને કહ્યું. "આપણે બાળક ન પાળીએ; માટે તેમને તું કયાંય મૂકી આવ." તે ઉપરથી કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામની બે વીંટીઓ કરાવી એકેક તે બાળકને પહેરાવી. સ્તનપાન કરાવી તેમને એક પેટીમાં મૂકીને, તે પેટી યમુના નદીના પ્રવાહમાં વહેતી મૂકી આવી. વહેતી વહેતી તે પેટી સૂર્યપુર નગરે પહોંચી. તે ત્યાંના બે વ્યવહારીઆને હાથ આવી. તેને ઉઘાડી તેમાંથી એકે પુત્ર અને બીજાએ પુત્રી ગ્રહણ કરી. પહેરાવેલી મુદ્રિકામાં હતાં તે પ્રમાણે તેમનાં નામ પાડ્યાં. બન્ને બાળક મ્હોટાં થયાં, ત્યારે તે વ્યવહારીઆઓએ વિચાર કરી સમ્મત થઇ તેમનાં પરસ્પર લગ્ન કર્યાં. લગ્ન કર્યા પછી સ્ત્રી પુરુષ બન્ને દેવગૃહમાં રમતાં હશે, ત્યાં પ્રતિજ્ઞામાં મૂકેલી એક બીજાની મુદ્રિકાઓ બન્નેએ જોઇ. નામ વાંચવાથી કુબેરદત્તાને શક આવ્યો કે "આપણે બન્નેને ભાઇ બ્હેનનું સગપણ હોવું જોઇએ." કુબેરદત્તને પણ તેણીએ એ વાત કહી. ત્યાંથી જઈ બન્નેએ પોત પોતાના માત પિતાને તે સંબંધી પૃછા કરી તો તેમણે કહ્યું કે, "યમુના નદી મધ્યે તણાતી આવતી એક પેટીમાંથી તમે બન્ને નીકળ્યાં છો." તે ઉપરથી કુબેરદત્તાએ વૈરાગી થઇને દીક્ષા લીધી. કુબેરદત્ત પણ વ્યાપારને અર્થે બહુ કરિયાણાં લઈને મથુરા નગરીએ ગયો. ત્યાં જઇને તેણે પેલી મુદ્રા ગોપવી રાખીને પેલી કુબેરસેનાને પોતાની પત્ની તરીકે રાખી. અનુક્રમે તેના સંયોગથી કુબેરસેનાને પુત્ર થયો. અનુક્રમે કુબેરદત્તાને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, તે ઉપરથી તેણીએ આ અયોગ્ય સંબંધ જોયો એટલે પોતાની ગુરુણીની આજ્ઞા લઇને તેમને પ્રતિબોધવાને તે મથુરા નગરીમાં ગઈ. ત્યાં જઈ તે પેલી કુબેરસેના વેશ્યાના ઘરની પાસે રહેલા ઉપાશ્રયને વિષે ઉતરી. પોતાની માતા (કુબેરસેના) તથા ભાઇ (કુબેરદત્ત) ને પ્રતિબોધવાને માટે પારણામાં રહેલા

તેમના બાળકને હુલરાવતી હુલરાવતી આ પ્રમાણે કહેવા લાગી. " સુઈ જા, કુબેરદત્તના ભાઈ સૂઈ જા, કુબેરદત્તના દીકરા—" ઇત્યાદિ સાધ્વીનાં આવાં પરસ્પર વિરૂદ્ધ વચનો સાંભળીને કુબેરદત્ત આવીને કહેવા લાગ્યો. " અહો તમે એમ કેમ કહો છો ? " એટલે સાધ્વી ( કુબેરદત્તા ) એ પોતે ગોપવી રાખેલી પોતાની વીંટી બતાવી. ને કહેવા લાગી. " આ વેશ્યા આપણી માતા થાય; હું ત્હારી બ્હેન થાઉં; તેં જે આ વેશ્યા સાથે સંબંધ કર્યો તેથી મેં આ બાળકનાં અઢાર જાતનાં સગપણ ગણી બતાવ્યાં." એ સાંભળીને કુબેરદત્ત બહુ લજ્જિત થયો; ને પોતાનાં આવાં ચરિત્રથી આત્માની નિંદા કરવા લાગ્યો. પછી તેણે પોતાનું દ્રવ્ય સાત ક્ષેત્રમાં ખરચ્યું ને ગુરુ પાસે દીક્ષા લીધી. તીવ્ર તપશ્ચર્યા કરીને આયુષ્યને અંતે તે કાળ કરીને દેવલોકે ગયો. કુબેરસેના પણ પોતાના દુશ્ચેષ્ટાનું ચિંતવન કરતી ભવવાસથી વિરક્ત થઈ પોતાનો કુળધર્મ ત્યજી શ્રાવિકા થઈને શ્રાવક ધર્મ પાળીને અંતે સ્વર્ગે ગઈ."

ઉપર પ્રમાણે જંબૂકુમારે કહેલી કથાને સાંભળીને પ્રભવે પૂછ્યું. " હે જંબૂ! તને અપુત્રને શુભ ગતિજ ક્યાંથી થશે! કહ્યું છે કે—અપુત્રિઆને ગતિ નથી તેમજ તેને સ્વર્ગ પણ પ્રાપ્ત થતું નથી. માટે મનુષ્યો પુત્રના મુખને જોઇને સ્વર્ગે જાય છે." ત્યારે જંબુકુમારે કહ્યું. " હજારો બ્રહ્મચારી કુમારો પુત્ર વિનાના છતાં સ્વર્ગે ગયા છે; પણ તને ખબર છે કે પુત્ર છતાંએ ઘણા માણસ દુર્ગતિએ જાય છે! સાંભળઃ—

ઇંદ્રની નગરી તુલ્ય તામ્રલિપ્તી નામે નગરી છે. ત્યાં મહેશ્વરદત્ત નામે શેઠી હતો. તે નિત્ય સ્નાન-હોમ-પિતૃ તર્પણાદિ કરતો. તેને નાગિલા નામે દુશ્ચારિણી સ્ત્રી હતી. તે શેઠી એકદા પોતાના પિતાના શ્રાદ્ધને દિવસે એક પાડાને મારીને પોતાના પુત્ર સહિત તેનું માંસ ખાવા બેઠો. એવામાં ત્યાં એક સાધુ ભિક્ષાને અર્થે આવ્યા, પણ શેઠીને માંસ ખાતાં દેખી નીચેનો શ્લોક બોલતા બોલતા પાછા વળી બહાર નીકળી ગયા. એ શ્લોકનો અર્થ આ પ્રમાણેઃ—" જુઓ, આ પોતાના પિતાનું શ્રાદ્ધ કરે છે! પોતાના પિતાનુંજ માંસ ખાય છે; વળી તે પોતાના ખોળામાં બેઠેલા એવા પુત્ર- શત્રુનું તે પોષણ કરે છે! અહો! શો મોહનો વિસ્મય છે!" મુનિનું આવું કહેવું સાંભળી શેઠી બહાર આવીને સાધુને પૂછવા લાગ્યો. " હે મુને! તમે એવું અઘોર શું કહ્યું!" ત્યારે સાધુએ ઉત્તર આપ્યો. " આ ત્હારી નાગિલાનો જે જાર હતો, તે ત્હારો શત્રુ કહેવાય; તેને તેં મારી નાખ્યો તેજ પાછો ત્હારી સ્ત્રીના ઉદરને વિષે ઉત્પન્ન થયો ને ત્હારો પુત્ર થયો. હવે જે ત્હારો બાપ હતો તે મૃત્યુ પામીને આ પાડો થયો હતો, તેનેજ મારી નાંખીને તમે એનું માંસ ખાઓ છો. વળી આ જે કૂતરી પાડાના હાડકાં ખાય છે તે ત્હારી અંબા નામની માતા છે." એ ઉપરથી મેં તમને એ પ્રમાણે કહ્યું." શેઠે કહ્યું. " હે મુનિ! તમે જે કહ્યું, તે સત્ય છે તેની શી ખાત્રી!" ત્યારે મુનિએ કહ્યું. " આ કૂતરીને ઘરમાં લઈ જાઓ; તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી તેણીએ ધન દાટેલું છે તે સ્થાન તે બતાવશે" એમ કહીને મુનિ ગયા. પછી તેમના કહ્યા પ્રમાણે તેણે કર્યું એટલે કૂતરીએ ધન બતાવ્યું. એ જોઇને શેઠે પ્રતિબોધ પામ્યો ને સાધુએ કહેલો જૈનધર્મ આદર્યો."

જંબુકુમારે કહેલી ઉપરની કથા સાંભળીને પ્રભવ પ્રમોદ પામી પાંચસેને ચોર સહિત વૈરાગ્ય વાસિત ચિત્તવાળો થયો.

ત્યારે સમુદ્રશ્રી જંબુકુમારને કહેવા લાગી. " હે સ્વામિનાથ! તમે આ પ્રાપ્ત થયેલા ભોગોને ત્યજી દઇને પશ્ચાત્તાપના ભાજન ન થાઓ. સાંભળો તેનું વૃત્તાંતઃ—

પૂર્વે સુસિમ નામના ગામમાં એક બક નામનો ખેડૂત રહેતો હતો. એકદા તેણે

ચોમાસાની ઋતુ આવે પોતાના ક્ષેત્રમાં કંગુ, કોદ્રા, ચણા, બંટી, ચોળા, મગ આદિ ધાન્ય વાવ્યાં. ને પછી કાર્ય પ્રસંગે માળવામાં પોતાની પુત્રીને ઘેર ગયો. ત્યાં પુત્રીએ પોતાને ગો ળના પુડલા આદિ જમાડ્યા. ત્યારે પિતાએ પૂછ્યું. "આ ગોળ વિગેરે કેમ ઉત્પન્ન કરાય?" ત્યારે પુત્રી વિગેરે સ્વજનોએ કહ્યું. "કૂવો ખોદવો ને પછી વાડીમાં ઘઉં ને શેરડી વિગેરે વાવવાં." એ સાંભળીને પેલો ખેડુત ઘઉંનાં બીજ લઇને ઝટ ઘેર જઇને પોતાના ક્ષેત્રમાં પ્રથમ વાવેલાં ધાન્ય ઉખેડી નાંખવા લાગ્યો. તેના સંબંધીઓએ તેને કારણ પૂછ્યું. ત્યારે તેણે તેમને મૌન રહેવાનું કહ્યું. "આ ક્ષેત્રમાં મ્હારે ઘઉં ને શેરડી વાવવી છે. તેના મીઠા ગોળના પુડલા થશે તે આપણે પછી જમીશું. આ ચોળા પ્રમુખ ધાન્ય ખાઇ ખાઇને પેટ બળી ગયાં છે." એમ તે કહેવા લાગ્યો. ત્યારે વળી તેના સ્વજનોએ કહ્યું. "એમ ધાન્ય નહી ઉપજે." વાર્યા છતાં પણ બકે માન્યું નહી. તેણે તો ઉગેલાં સર્વ ધાન્યને ઉખેડી નાં ખ્યાં, ને પછી કૂવો ખોદવા માંડ્યો. બહુ ઉંડું ખોદ્યું પણ જળ નીકળ્યું નહી; ને પેલાં બીયાં આણ્યાં હતાં તે પણ ખવાઇ ગયાં અને ચોળાને મગથી પણ ભ્રષ્ટ થયો. આ પ્રમા ણે હે સ્વામિનાથ! જેમ બક દુઃખી થયો, તેમ તમે પણ આલોકથી ભ્રષ્ટ થઇને દુઃખી થ શો; માટે આ સ્ત્રીવિલાસાદિ ભોગ પ્રાપ્ત થયા છે તે તમે ન ત્યજો."

તે સાંભળીને જંબૂકુમારે કહ્યું. "હું કંઈ માંસના લોભી કાગડા જેવો નથી કે દુઃખી થઉં. તેની કથા આ પ્રમાણે છેઃ—

વિંધ્ય પર્વત ઉપર રહેતો એક મદોન્મત્ત હસ્તી એકદા ગ્રીષ્મ ઋતુમાં તૃષાથી પી ડાતો રેવા નદી ઉપર જળ પીવા ગયો. ત્યાં તેનો પગ અકસ્માત્ લથડી પડ્યો, તેથી તે પર્વતનાં શીખર તૂટી પડે તેમ નદીમાં પડ્યો. આયુષ્ય પૂર્ણ થયું હશે એટલે તે તુરત મૃત્યુ પામ્યો. પછી તેને મૃત્યુ પામેલો જોઇ શિયાળીઆં તેનું માંસ ફાડી ખાઇ ખાઇને જતા રહેતાં. એ જાનવરોએ તો એમ કરી કરીને હસ્તીના અપદ્વારમાં એક મ્હોટું બાકું પાડયું. તે દ્વારમાં પેસીને કાગડા પણ તેનું માંસ ખાઇ ખાઇને સુખ માનવા લાગ્યા. તે એટલે સુધી કે એક કાગડો તો તેમાં પેસીને તે માંસ ખાતો તેમાંજ રહ્યો, એવામાં તો તાપને લીધે હસ્તીના કળેવરનું છિદ્ર સુકાઇ ગયું તેથી પૂરાઇ ગયું; ને પેલો કાગડો માંહિ રહી ગ યો! ત્યાર પછી વર્ષાઋતુ આવી ત્યારે તે કળેવર મહાસમુદ્રમાં તણાઈ ગયું; ત્યાં જળથી પલળી તે પ્રફુલ્લિત થયું, ને છિદ્ર ઉઘડ્યું; તેમાંથી પેલો કાગડો બહાર નીકળ્યો; પણ જુએ છે તો સર્વ સ્થળે જળ જળને જળજ જોયું; ફરી ફરીને પાછો પેલા કળેવર ઉપરજ બે સે; પણ સમુદ્રનો પાર પામે નહી. હવે પેલું કળેવર તો જળ ભરાઇ જવાથી જળમાં ડૂબી ગયું એટલે તે કાગડો પણ તેની સાથે ડૂબીને મૃત્યુ પામ્યો.

(જંબૂકુમાર પોતાની પ્રિયાને કહે છે) હે પ્રિયે! જેમ આ કાગપક્ષી હસ્તીના કળે વર ઉપર રાગવાન્ રહ્યો તો સમુદ્રમાં ડૂબ્યો; તેમ જો હું પણ તમારા અંગ ઉપર આસ ક્ત રહું તો સંસાર સમુદ્રમાં ડૂબું. માટે કહે હું શા માટે તે કાકની પેઠે કરૂં?"

પછી પદ્મશ્રીએ જંબૂકુમારને કહ્યું. "હે સ્વામી! અમને ત્યજવાથી તમે વાનરની પેઠે બન્ને પ્રકારે ભ્રષ્ટ થશો. તે વાનરની કથા આ પ્રમાણેઃ-હસ્તિનાગપુરનો સ્વામી અરિકે સરી રાજા એકદા બીજા અનેક રાજાઓ સાથે મૃગયા રમવા ગયો હતો. વને વન ભમતાં ભમતાં વર્ષાદ પડવા લાગ્યો તેથી તે એક લતાગૃહમાં રહ્યો. વળી આગળ ચાલીને કોઇએક જળાશય પાસે ગયો. ત્યાં એક દેવકુમારી જેવી રૂપવંતી સ્ત્રીને જોઈ તે હર્ષ પામ્યો, ને તેણી ને પોતાની સાથે લીધી. તેણીને વિશિષ્ટ વસ્ત્રાભરણથી શણગારી મહોત્સવપૂર્વક પોતાના

નગરમાં ભાઇ ગયો. ત્યાં તેઓને પાણી પીને થાક ઉતાર્યો હતો. પછી જેમ ઉંટ ઉંટડી સાથે ભોગ ભોગવે છે, તેવી રીતે તે રાજા પણ તેઓની સાથે ભોગવિલાસ ભોગવવા લાગ્યો.

એકદા એક વખત ચિત્રશાળામાં બેઠાં છે, તેવામાં કોઈ જાતની ગંધે વાનર તે નગરે નગર દેખીને રંજન કરતો વાનરને રૂપ કરાવતો ત્યાં આવ્યો; પણ રાજાના ચિત્રાંગને ભોગવવાની પ્રીતે એકને તે વાનર નાખ્યો ઉઠ્યો નહીં. ત્યારપછી બહુ પ્રહાર કરવા માંડ્યો પણ ચૂપ. તે તો રાજાની પ્રીતના ભુખાળા માથું જ લેઇ રહ્યો. ત્યારે વિરહ ભરી ગયેલ વાનર પણ એમ કરવા લાગ્યો. તે એકને ત્યાંથી કહેવા લાગી. "અરે વાનર! મેં તને ના કહી તો પણ તેં ભારે લોભ કર્યો. માટે હવે તું શાને ભાગે જાય છે. વિવેક [illegible] કારણ કે છતે જેવાં કર્મ કર્યાં હોય તે તેવાંજ તે પામે છે." આમ બોલ પામી વાનરે નમન કરી આખને રંજન કર્યો. રાજાએ ત્યારપછી દયાથી બન્નેને છોડી મૂક્યાં. [illegible] પૂછ્યું "એ વાનર કોણ અને કેમ બેઠો!" [illegible] "હે દેવ! તારા વનમાં પરસ્પર એક વાનર ને વાનરીનું જોડું હતું. તે પરસ્પર બહુ પ્રીતિવાળું હતું. એકદા વનમાં બહુ તાપથી પીડાતા તેઓએ વૃક્ષ ઉપરથી જળાશયમાં ઝંપાપાત કર્યો. જળમાં પડવાથી તો તે બન્ને સ્ત્રી પુરુષનું જોડું બની ગયું. ત્યારે વાનરે કહ્યું, "હે પ્રિયે! આ સ્થળમાં તો મહાત્મ્યે નિર્વાહ થશે; એવી કરી પાછાં, તે પાણીની પેઠે [illegible] તે ઉત્તમ મદન કરવી પડશે. માટે આપણે ફરીથી ઝંપાપાત કરીએ તે દેવ દેવી થઈએ. એમ કરીશું તો ઠીક થશે. પછી મનમાન્યા ભોગ ભોગવીશું. ફરીથી ઝંપાપાત કરશું તો આપણે દેવ થઈશું." પણ સ્ત્રીએ કહ્યું, "આ મનુષ્યપણું પણ તેજ આપણું બહુ છે; અધિક લોભ ન કરો. કારણ કે, લોભ પાપનું મૂળ છે; કુમ વ્યાધિનું મૂળ છે અને સ્નેહ દુઃખનું મૂળ છે; માટે એ ત્રણેને ત્યજીને સુખી થઈએ." આમ કહ્યા છતાં પણ વાનરે માન્યું નહીં; ને ફરીથી ઝંપાપાત કર્યો, તેથી તે પાછો મનુષ્ય મટીને વાનર થયો. હે સ્વામીનાથ! એ સ્ત્રી હું, ને વાનર આ. તે મને દેખીને રડે છે કે મેં એનું કહ્યું માન્યું નહીં." (પદ્મશ્રી જંબૂકુમારને કહે છે) હે સ્વામી! આ વાનર જેમ ત્યાંથી ભ્રષ્ટ થયો તેમ તમે પણ થશો. માટે આ દેવાંગના જેવી સ્ત્રીઓને ન ત્યજવી."

પદ્મશ્રીએ કહેલી વાનરની કથા સાંભળીને જંબૂકુમારે કહ્યું. "હું કંઈ અંગારકારક જેવો નથી કે બહુ બહુ ભોગ ભોગવવા છતાં અતૃપ્ત ને અતૃપ્તજ રહું. એ સાંભળ—

સંદપુર નગરને વિષે એક ચંદ્ર નામે અંગારકારક (કોયલા બનાવનાર) રહેતો હતો. તે એકદા ગ્રીષ્મ ઋતુને વિષે પાણી લઈને અટવી માંહે કોયલા બનાવવા ગયો. ત્યાં કોયલા બનાવતાં બનાવતાં તાપથી પાણી ખૂટ્યું. તૃષા તો તેને બહુ લાગવા માંડી તે એટલે સુધી કે તેનું તાળવું પણ સુકાઈ ગયું. તાપથી ઉપમાં તે તૃષાથી પીડાતો છતો વાવ, કુવા, તળાવ, નદી, દ્રહ આદિનાં જળ પી ગયો, છતાં તરસ ન છીપવાથી કોઈ મહોલ્લાના કૂવા પાસે ગયો; ત્યાં વડ પાસે રહી દોરડાવડે ઘાસનો પૂળો બાંધી તેને કૂવામાં નાંખી તે વડે જળ કાઢીને ઉપર ચોટી આવેલું જળ ટીપાંવડે ચાટવા લાગ્યો; પણ તૃપ્તિ ન પામ્યો. એવી રીતે (જંબૂકુમાર પદ્મશ્રીને કહે છે) હે પ્રિયે! સર્વ પ્રાણીઓ સ્તનપાન, સ્ત્રીભોગ, ઉત્તમ વસ્ત્રાભરણ આદિનું સુખ ભોગવતાં છતાં પણ તૃપ્તિ પામતા નથી. પણ હું તેમના જેવો અતૃપ્ત નથી."

પછી પદ્મસેનાએ કહ્યું. "હે સ્વામીનાથ! આપ યુક્તિ યુક્તિ કરતાં, આપોઆપ પ્રાપ્ત થયેલી લક્ષ્મીને ત્યજી દો છો, તો શિયાળની પેઠે બે પ્રકારે ભ્રષ્ટ ન થાઓ. તે વાત એમ છે કે—એક શિયાળ હતો તે એક વાર કોઈ અટવીમાંથી માંસનો કકડો લઈ આવીને નદીને

તીરે ગયો. ત્યાં તે ખાવાનો વિચાર કરવા લાગ્યો, પણ એટલામાં તેણે નદીના જળમાં એક માછલું દીઠું, તેને તે લેવાની ઈચ્છા થઈ. તેથી તે પોતાનો માંસનો કકડો નદીના તીર ઉપર મૂકીને જળમાં માછલું લેવા ગયો, એવામાં માછલું તો જળને વિષે જતું રહ્યું; ને પાછળ એક સમળી આવી. તે તેનો નદી ઉપર મૂકેલો માંસનો કકડો લઇને ઉડી ગઈ. આમ થવાથી, શિયાળ તો બન્ને ઠેકાણેથી ભ્રષ્ટ થઈ બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તો આપને પણ મોક્ષ મેળવવાના લોભમાં અમને અને આ સંપત્તિને ત્યજવાથી તેના જેવું થશે."

પદ્મસેનાનું આવું કહેવું સાંભળીને તેણીને જંબૂકુમારે કહ્યું. "હે પ્રિયે ! હું વિદ્યુન્માળી વિદ્યાધરની પેઠે રાગને લીધે આસક્ત થઈ જઉં તેવો નથી; ત્હારે પણ આસક્ત ન થવું. સાંભળ તે વિદ્યાધરનું વૃત્તાંત:—

વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિના આભૂષણરૂપ ગગનવલ્લભ નામના નગરને વિષે મેઘરથ અને વિદ્યુન્માળી નામના બે વિદ્યાધર ભાઇઓ હતા. એકદા તેઓ માતંગીવિદ્યા સાધવાને વસંતપુરમાં જઈ માતંગનો વેષ લઈ માતંગ (ચાંડાળ) ને ઘેર જઈ રહ્યા; કારણ કે માતંગીવિદ્યા સાધવામાં માતંગીનું પાણિગ્રહણ કરવું પડે છે; અર્થાત્ ચંડાળકન્યાને પરણ્યા વિના માતંગીવિદ્યા સિદ્ધ થતી નથી. ત્યાં ગયા એટલે ચાંડાળોએ તેમને, "કોણ છો? ક્યાંથી શા કામે આવ્યા છો?" ઈત્યાદિ પૂછ્યું. તેમણે ઉત્તર આપ્યો. "અમારા પિતા સાકેતપુરના મ્લેચ્છ રાજાએ અમને કાઢી મૂક્યા છે તેથી અમે અહિં આવ્યા છીએ." ચાંડાળોએ તો હર્ષ પામી તેમને પોતાને ત્યાં રાખ્યા ને પોતાની પુત્રીઓને તેમની સાથે પરણાવી. એટલે મ્હોટો ભાઈ મેઘરથ તો પોતાની પત્ની પાસે સર્વ સેવા કરાવી. પોતે બ્રહ્મચારીપણે રહી એક વર્ષમાં વિદ્યા સાધી રહ્યો; પરંતુ ન્હાનો ભાઇ વિદ્યુન્માળી પ્રિયાને વશ થઇ ભોગમાં આસક્ત થઇ ગયો; ને તેથી તેની સ્ત્રીને ગર્ભ રહ્યો. એવામાં મેઘરથે આવીને પૂછ્યું. "હે ભાઇ વિદ્યુન્માળી! તું વિદ્યા સાધી રહ્યો કે નહી?" તે સાંભળીને તેણે પોતાની હકીકત કહી. મેઘરથે તેને કહ્યું. "હે મૂઢ! તેં ત્હારા આત્માને મ્લેચ્છ સ્ત્રીના સંગથી કેમ દૂષિત કર્યો?" વિદ્યુન્માળીએ કહ્યું. "હે જ્યેષ્ઠ ભ્રાતા! હે સદાચાર યુક્ત ગુણગણાલંકૃત! મ્હારો અપરાધ એક વાર ક્ષમા કરો. આપે હવે મ્હારા ઉપર પ્રીતિમાં તત્પર રહી એક વર્ષ પછી મને તેડવા આવવું. હવે હું કામને વશ કરી વિદ્યાને સાધીશ." તે ઉપરથી મેઘરથ તો ગયો, ને એક વર્ષ વિત્યા પછી પાછો પેલાને બોલાવવા આવ્યો; પણ ત્યાં આવીને જુએ છે તો તેની સ્ત્રીને ફરીને ગર્ભવતી જોઇ! તેથી તે કહેવા લાગ્યો. "અરે! હજુ પણ આ શું?" વિદ્યુન્માળીએ લજ્જાથી નીચું મુખ કર્યું; ને વળી બીજા એક વર્ષની અવધિ માગી. ત્રણ વર્ષ થયાં એટલે વળી મેઘરથ પાછો આવ્યો; જુએ છે તો ભાઇ તો હજુ એવો ને એવોજ મોહાસક્ત છે. તેણે જાણ્યું કે એ હવે મ્લેચ્છકુળમાંજ મગ્ન રહેવાનો. તેથી તે ઘેર પાછો ગયો; ને ગરજ વિનાનો અને ભોગની ઇચ્છા વિનાનો થઇને ઝટ વિદ્યા પારગામી થયો. વિદ્યુન્માળી તો અનુક્રમે ચાંડાળીનો દાસ થઇને રહ્યો. પછી તો તેને નિઃશંક મને નીચમાં નીચ આદેશ કરવા લાગી. પછી છેવટે એવા દુર્ગંધ યુક્ત ઘરમાંજ મૃત્યુ પામી તે નરક ગતિને પામ્યો.

(જંબૂકુમાર પદ્મસેનાને સમજાવે છે) હે પ્રિયે! હું તેની પેઠે સંસારમાં મગ્ન નહી રહું ને ત્હારે પણ ન રહેવું."

જંબૂકુમારનું આવું કહેવું સાંભળીને કનકસેનાએ કહ્યું. "હે પ્રિય! મ્હારૂં વચન માનો; ને શંખ ધમનારના જેવા લોભી ન થાઓ. સાંભળો તેનું ચરિત્ર:—

પૂર્વે શાળિગ્રામ નામના નગરને વિષે કણકૂટ નામનો એક કણબી રહેતો હતો. તે એક બીજા કણબીનું ક્ષેત્ર સાચવવા રહ્યો. ત્યાં રહેતો તે નિત્ય પોતાનો શંખ ફૂંકવાથી અનાજ ખાઇ જનારા જીવોને દૂર નસાડી મૂકતો. એકદા રાત્રી પડવા આવી એટલે નિત્ય નિયમ પ્રમાણે પોતાના શંખ સહિત તે ક્ષેત્રની રક્ષા કરવા ચાલ્યો. તેજ મધ્યરાત્રીને સમયે કોઇ ચોર લોકો બીજેથી કોઇની ગાયો હાંકી લઈ આવતા હતા. તેઓએ પેલાનો શંખ નાદ સાંભળ્યો, તેથી 'પાછળ કોઇ વારે આવે છે' એમ સમજી ગાયો મૂકીને ભયને લીધે તેઓ દૂર નાસી ગયા; પ્રભાતે ત્યાં ગાયો ચોર મૂકીને જતા રહ્યા જાણીને તે પોતાને ત્યાં લઈ ગયો. આ કણબી તો પોતાના નિયમ પ્રમાણે નિત્ય શંખ ફૂંકયા કરતો.

એક વાર ફરી પેલા ચોરો ત્યાં થઇને જતા હશે, તેમણે વળી પ્રથમ જેવો શંખનાદ સાંભળ્યો. તે ઉપરથી તેમણે વિચાર કરવા માંડ્યો. "અહો! સદા આ શંખ કોણ વગાડે છે?" બરાબર તપાસીને જોયું તો તેમણે પેલા કણબીને દીઠો. ત્યારે પોતે 'અત્યાર સુધી છેતરાયા' એમ માની તેમણે પેલા કણબીને બાંધીને મુષ્ટિ આદિકથી ખૂબ માર માર્યો. તેથી તે અચેતન થઇ ભૂમિ ઉપર પડ્યો; ને તેનું સર્વ ધન પેલા ચોર લઈ ગયા.

માટે (કનકસેના જંબુકુમારને કહે છે) હે પ્રિય! આપ અધિક લક્ષ્મીની ઇચ્છા કરવા જતાં આ શંખ વગાડનારની પેઠે દુઃખી થશો."

ત્યારે જંબૂકુમારે કહ્યું. "હે પ્રિયે! હું કંઈ પેલા વાનર જેવો મૂર્ખ નથી. તે વાનરની તને ખબર નહી હોય, તો સાંભળ હું કહું:—

અનેક જાનવરોથી વ્યાકુળ એવા વંધ્ય પર્વતને વિષે એક વાનર, નિત્ય પોતાની પ્રિયાઓ સાથે ક્રીડા કરતો સુખમાં દિવસ નિર્ગમન કરતો હતો. એવામાં બીજો એક બળિષ્ટ વાનર ત્યાં આવ્યો. તે પેલાની પ્રિયા સાથે રમવા લાગ્યો. પ્રિયાઓએ પણ તેને અંગીકાર કર્યો; ને પોતાના પતિને તૃણ તુલ્ય પણ ન ગણતાં પરસ્પર કહેવા લાગી. "એ વાનર તો હવે વૃદ્ધ થયો છે, માટે એને ત્યજી દેવો." એમ વિચારી તેને છોડીને પેલા યુવાન વાનરની સાથે સૌ રહેવા લાગી. કહ્યું છે કે—ફળ વિનાના વૃક્ષને પક્ષીઓ ત્યજી દે છે, સુકાઇ ગએલા સરોવરને સારસો ત્યજી દે છે, સુગંધ વિનાના પુષ્પને ભ્રમરો ત્યજી દે છે, બળી ગએલા વનને મૃગો ત્યજી દે છે, નિર્ધન થએલા મનુષ્યોને ગણિકા ત્યજી દે છે અને ભ્રષ્ટ થએલા રાજાને સેવકો ત્યજી દે છે; માટે સૌ માણસો પોત પોતાની મતલબને સાધે છે; કોઇ કોઇને વ્હાલું નથી. વૃદ્ધ વાનર પેલા યુવાન સાથે યુદ્ધ કરવા લાગ્યો; પણ યુવાનને તો પેલી વાનરીઓની સહાય્ય હતી તેથી વૃદ્ધ વાનરને નાસી જવું પડ્યું. નાસતાં નાસતાં બહુ તૃષાતુર થવાથી જળની શોધમાં ફરતાં શિલારસને પાણી જાણી તેણે તેમાં મુખ નાંખ્યું એટલે તો તે તેમાં ચોટી ગયું; ને મુખ કાઢવાને માટે તેણે પગ નાંખ્યા, તે પણ ત્યાં ચોટી રહ્યા! એમ તે સર્વ અંગે ત્યાં ચોટી ગયો ને મૃત્યુ પામ્યો.

માટે (જંબૂકુમાર પોતાની પ્રિયાઓને કહે છે) હે સ્રીઓ! હું તે વાનરની પેઠે તમારા જેવી સ્રીઓની વાંછાથી સંસારરૂપી શિલારસમાં નહિ ડૂબું, તે સિદ્ધ જાણજો."

ત્યાર પછી નભઃસેના કહેવા લાગી. "હે પ્રિયપતિ! અધિક લોભથી આપ પેલી બુદ્ધિ નામની સ્રીની પેઠે હાસ્યતા અને અનર્થને પામશો. એ વાત એમ છે કે:—

નંદિ નામના ગામને વિષે સિદ્ધિ અને બુદ્ધિ નામની બે વૃદ્ધ સ્રીઓ રહેતી હતી. ત્યાં એક મનવાંછિત દેનારો ભોલિમ નામનો યક્ષ હતો; તેની મૂર્ત્તિ નગરની બહાર આવેલી હતી. પેલી સિદ્ધિ નિત્ય ઉત્તમ પુષ્પ આદિથી તે યક્ષની પૂજા કરતી, તેથી તેણીને

યક્ષ સંતુષ્ટ થઇને બે બે મ્હોરો આપવા લાગ્યો. આવા યક્ષના પ્રસાદથી તો તેણીએ પોતાના કાષ્ઠનાં ભાજન મૂકીને સુવર્ણના ભાજનમાં જમવા માંડયું અને એક ઉત્તમ ઘર કરાવ્યું.

આ પ્રમાણે સિદ્ધિને લક્ષ્મી પ્રાપ્ત થઈ જોઇને, બુદ્ધિ સ્નેહ બતાવી એકાંતે પૂછવા લાગી. "હે બ્હેન! આપણે તો કુળક્રમાગત દરિદ્રિ છીએ; પણ તું હમણાં વિભવરૂપ સમુદ્રની જળરેલી કેવી રીતે થઈ (અર્થાત્ તને સંપત્તિ કેવી રીતે મળી)?" સિદ્ધિએ તો પોતાની હકીકત યથાસ્થિત જણાવી. તેથી બુદ્ધિએ પણ પૂજાદિ કરી યક્ષને આરાધ્યો ને તેને સંતુષ્ટ કરી તેની પાસેથી સિદ્ધિથી બમણું એટલે ચાર ચાર મ્હોરો લેવા માંડી. તે જોઇને ફરી સિદ્ધિએ તેણીનાથી પણ બમણું માગ્યું, એટલે યક્ષ તેણીને (સિદ્ધિને) આઠ આઠ મ્હોરો આપવા માંડી. વળી બુદ્ધિએ એણીનાથી બમણું માગ્યું; તેથી યક્ષ એણીને એ પ્રમાણે આપવા લાગ્યો. ત્યારે તો સિદ્ધિને ઇર્ષ્યા થઇ; ને વિચાર્યું કે, "હવે હું યક્ષપાસે કંઈ એવું માગું કે જેનું બમણું જો બુદ્ધિ માગવા જાય તો તેણીને તેની અદેખાઈનું યોગ્ય ફળ મળે." એમ વિચારીને યક્ષ પાસે જઈ તેણીએ એકાંતે એમ માગ્યું કે, "મ્હારી એક આંખ તું ફોડ દે;" યક્ષે 'તથાસ્તુ' કહ્યું. ને તે એક આંખે અંધ થઈ. એટલામાં તો બુદ્ધિ ત્યાં આવીને કહેવા લાગી. "હે યક્ષ! આપે જે સિદ્ધિને આપ્યું તેથી બમણું મને આપો." તેથી તો તેણે તેણીની બે આંખો લઈ લીધી, ને બુદ્ધિ અંધ થઇ! તેથી તેણીને બહુ ક્રોધ વ્યાપ્યો. આમ થવામાં પોતાનો દોષ હતો તે છતાં, એટલે કે તેણીને કંઈ કારણ નહીં છતાં ક્રોધ વ્યાપ્યો. કહ્યું છે કે—વિના કારણે ક્રોધ કરનારા અસંખ્યાતા જીવો છે, કારણથી ક્રોધ કરનારા સંખ્યાતા જીવો છે, પરંતુ કારણ મળવા છતાં પણ ક્રોધ ન કરનારા જીવો તો પાંચ છ (વિરલા) દેખાય છે. વળી તેવું કોઈ ઘર નથી, તેવું કોઈ રાજ્ય નથી અને તેવું કોઈ મંદિર નથી, કે જ્યાં કારણ વિના ક્રોધ કરનારા બે ત્રણ જીવો પણ ન દેખાતા હોય! વળી ઇર્ષ્યા કરવાથી માણસને આ લોકમાં અંધાપણું તથા પરવશતા પ્રાપ્ત થાય છે; ને પરલોકમાં તો તે નરકાદિકનાં સર્વોત્કૃષ્ટ દુઃખ પામે છે.

માટે હે સ્વામિનાથ! આપ અધિક અધિક સંપત્તિ મેળવવાની ઇચ્છાએ બુદ્ધિની પેઠે અનર્થમાં પડશો."

ત્યારે જંબૂકુમારે કહ્યું. "હે પ્રિયે! હું જાતિવંત અશ્વ જેવો છું; અન્યમાર્ગે જઉં તેવો નથી. એ કથા તું સાંભળ:—

વસંતપુર નામે નગરને વિષે ન્યાયી અને ધર્મવંત એવો જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા તેણે સભા વચ્ચે કહ્યું કે, "મ્હારા રાજ્યમાં એવો કયો પુરુષ છે કે, જે અશ્વની પરીક્ષા સારી રીતે જાણતો હોય?" ત્યારે અશ્વવિદ્યામાં ચતુર એવા પુરુષોએ તેના ચતુર અશ્વોમાંથી એક જાતિવંત અશ્વ શોધીને કહ્યું. "જે રાજ્યમાં આવો અશ્વ વૃદ્ધિ પામે તે રાજ્ય સર્વ પ્રકારે વિજયી નીવડે, ને તે રાજાને બીજા રાજાઓ જીતી શકે નહીં." એટલામાં તે રાજા વિચાર કરવા લાગ્યો. "આ અશ્વને ક્યાં રાખવો? કે તેની સર્વ પ્રકારે રક્ષા થાય. જિનદાસ શેઠ વિવેકી અને દયાવાન છે માટે તેને સોંપીએ." એમ વિચારીને તેને બોલાવીને તે રક્ષા કરવાને સોંપ્યો. જિનદાસ તેને પોતાને ત્યાં લઇ ગયો; ને ઉત્તમ બુદ્ધિએ તેને રાખવાને માટે સ્થાન બનાવ્યું, ને તેને ત્યાં રાખી ઘાસ દાણા આદિકે ઉછેરવા માંડયો. આ અશ્વ જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ રાજ્યની પણ વૃદ્ધિ થવા લાગી.

જિનદાસ શેઠી તે અશ્વ ઉપર બેસી નિત્ય [illegible] પાસે [illegible]; ત્યાંથી

પાછા આવતાં શ્રી ઋષભદેવસ્વામીને મંદિરે ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરીને પછી ઘેર લ ઇ આવતો. આમ તે અંધ જિનદાસનું ઘર, તળાવ અને જિનમંદિર શિવાય બીજે ક્યાં ય પણ જતો નહીં; ને બીજો માર્ગ જાણતો પણ નહીં.

આ રાજાનો કોઇ બીજો દુશ્મન રાજા હતો, તેણે તેની ઉન્નતિની ઇર્ષ્યાથી પોતાની સભામાં એક વાર કહ્યું. "એવો કોઇ છે કે જે તે અંધ અહિં લઇ આવે; લઇ આવનારને હું પાંચ ગામ બક્ષીસ આપીશ." તે સાંભળી એક જણે બીડું ઝડપ્યું. કપટશ્રાવક થઇને તે વસંતપુર ગયો. ત્યાં જઇને તે જિનમંદિરમાં જઇ ચૈત્યવંદન કરી પછી ગુરુને વંદન કરવા ગયો. ત્યાં જિનદાસે તેને ઉત્તમ શ્રાવક જાણી પોતાને ઘેર લઇ જઇ ભોજન કરાવ્યું. પછી પોતાની સાથે તેને ધર્મગોષ્ટિ કરવા કહ્યું. રાત્રીએ પણ એજ કાર્ય માટે તેણે તેને પોતાને ત્યાં રાખ્યો. એમ કરતાં કરતાં તેણે તેને સદાને માટે પોતાને ત્યાં રહેવાનું કહ્યું.

એકદા શેઠ કોઇ કાર્ય અર્થે ગ્રામાંતર ગયો. ત્યારે પેલા કપટશ્રાવકે પેલા અંધ ઉપર બેસી પોતાના નગર ભણી ચાલવા માંડ્યું; પણ અંધ તો બીજો માર્ગ કદિ ગયેલો નહીં, તેથી તે તળાવે ગયો; પાણી પીને પાછો વળ્યો ને જિનમંદિરે આવ્યો. ત્રણ પ્રદક્ષિણા દઇ નમન કરીને પાછો ઘેર આવ્યો. પેલા કપટશ્રાવકે વળી ફરી તેને ચલાવ્યો, પણ તે તો ત્યાંને ત્યાંજ ગયો ને આવ્યો; તેથી પેલો ખિન્ન થઇ તેને મૂકી દઇને જતો રહ્યો. આ વૃત્તાંતની રાજાને ખબર પડી. સેવકોએ પણ અંધને પાછો આવ્યો જાણીને તે સર્વ વૃત્તાંત જિનદાસ શેઠ આવ્યા ત્યારે તેમને કહ્યો. તે ઉપરથી રાજાએ પણ શેઠનું બહુ સન્માન કર્યું; ને શેઠ પણ સુખી થયો.

માટે હે પ્રિયે! જેમ એ અંધ ત્રણ માર્ગજ જાણતો હતો, તેમ હું પણ જ્ઞાન, દર્શન, ને ચારિત્ર એ ત્રણ જાણું છું. એ ત્રણ શિવાય બીજાથી અજાણ્યો છું."

જંબૂકુમારે ઉપર કહેલી વાત સાંભળીને કનકશ્રીએ કહ્યું:—

"હે પ્રાણનાથ! પૂર્વે એકદા હેમપુર નામના નગરથી બે ભાઇઓ દેશાંતર જવા નીકળ્યા. રસ્તે ચાલતાં તેમણે વનમાં પાંચ રાફડા જોયા. એક ન્હાનો હતો તે ફોડી જોયો, તો તેમાંથી પીવા યોગ્ય જળ નીકળ્યું; તે જળ પીને બન્ને ભાઇઓ હર્ષ પામ્યા. પછી મ્હોટા ભાઇએ ન્હાના ભાઇને કહ્યું. "હે ભાઇ! હવે બીજો રાફડો ફોડીએ." એમ કહી બીજો ફોડ્યો, તો તેમાંથી દ્રવ્ય નીકળ્યું, ત્રીજામાંથી રૂપું, ને ચોથામાંથી સુવર્ણ નીકળ્યું. એટલે લોભ થવાથી તેમણે પાંચમો ફોડવા માંડ્યો. ત્યારે મ્હોટા ભાઇએ કહ્યું. "હવે બહુ લોભ ન કરવો. કહ્યું છે કે-લોભ એ મોહરૂપી વિષવૃક્ષનું મૂળ છે; જે પુણ્યને પી જવામાં અગસ્ત્ય સમાન છે, ક્રોધાગ્નિને પ્રદિપ્ત કરવામાં અરણિના કાષ્ટ સમાન છે; પ્રતાપરૂપી સૂર્યને ઢાંકવામાં મેઘ સમાન છે; કલેશનું ક્રીડાગૃહ છે; વિવેકરૂપી ચંદ્રમાને રાહુ સમાન છે; આપત્તિરૂપી નદીનો સમુદ્ર છે; ને કીર્તિરૂપી લતાનો નાશ કરવામાં હસ્તી જેવો છે; માટે લોભને છોડવો. વળી મ્હોટા લાભે કરીને પણ લોભ છોડી શકાતો નથી. કારણ કે, માત્રાથી અધિક એવો લોભ શબ્દ, માત્રાથી ઓછા એવા લાભ શબ્દે કરીને કેમ છોડી શકાય! અર્થાત્ લાભ શબ્દ કરતાં લોભ શબ્દમાં એક માત્રા વધારે હોવાથી લોભ છોડવો કઠણ છે. માટે મ્હોટો ભાઇ ન્હાના ભાઇને કહે છે) એક રાફડો રહેવા દે, પણ ન્હાનાએ માન્યું નહીં ને ફેર ખોદવા માંડ્યો. એટલે મ્હોટો ભાઇ દૂર જઇને બેઠો. ન્હાનાએ પાંચમો રાફડો ખણી કહાડ્યો, એટલે તેમાંથી એક દ્રષ્ટિવિષ સર્પ નીકળ્યો, તેથી તે ત્યાં બળીને ભસ્મ થઇ ગયો! ને મ્હોટો ભાઇ સુખી થયો. માટે (સ્વામી જંબૂકુમાર

કહે છે) હે પ્રિયપતિ! આપ એની પેઠે લોભ કરીને દુઃખ ન વહોરો."

જંબૂકુમારે કહ્યું. "હું શકુનિકર પક્ષી જેવો નહિં થઉં. સાંભળઃ—

કોઈ ગામને વિષે લોકોએ ક્ષેત્રની રક્ષા કરવાને ત્યાં નળીનાં યંત્રો બાંધ્યાં. તેની ઉપર આવીને કોઈ શકુનિકર પક્ષી બેઠું. પછી જવાના ભયથી તેણે તે યંત્ર ઉપર દૃઢ પગ રાખ્યા. તેથી તે સમજ્યું કે 'હું બંધાણું છું' જો કે ખરૂં જોતાં તે બંધનમાં આવ્યું ન હોતું, તો પણ એમ ધારીને તે ત્યાંથી ઉડ્યું નહીં.

પણ હે પ્રિયા, હું તો બોધરૂપી તરવારવડે મોહપાશ કાપી નાંખીને મ્હારી ઇચ્છાએ જતો રહીશ. તે પક્ષીની પેઠે વૃથા બંધાઇ નહીં રહું. વળી એક બીજી વાત છે તે પણ સાંભળઃ—

વિંધ્ય પર્વતને વિષે કોઈ જળથી ભરેલા સરોવરને વિષે પોતાના કુટુંબ સહિત એક કાચબો રહેતો હતો. એક વાર જળ ઉપર બાઝી ગએલી શેવાળ વાયુથી ખસી જવાને લીધે તેણે રાત્રીએ પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્રમા જોયો; તેથી તે હર્ષ પામ્યો. 'પોતાના કુટુંબને તે બતાવવો,' એમ વિચાર કરીને તે સરોવરને તળીએ જઇને સૌને બોલાવી લાવ્યો. પણ તેટલામાં તો પેલી શેવાળ પાછી મળી ગઈ! તેથી તે આમથી તેમ ફરતો ફરતો ચંચળ નેત્રવડે બહુ બહુ જોવા લાગ્યો, તોપણ ચંદ્રમંડળને ક્યાંહિં દીઠું નહીં.

તેની પેઠે હે પ્રિયે! હું આવો જૈનધર્મ, સંયમનું સ્વરૂપ તથા ગુરુની સામગ્રી પામીને તે ત્યજી દઇશ નહીં."

તે સાંભળીને જયશ્રી બોલી. "હે પ્રાણનાથ! આપ અમને નાગશ્રીની પેઠે શું છેતરો છો? તે કથાનક હું આપને કહું છું તે સાંભળોઃ—

પદ્મપુર નામના નગરને વિષે કેળિપ્રિય નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનો સ્વભાવ એવો હતો કે લોકો પાસેથી તેણે નિત્ય નવી નવી વાર્તા સાંભળવી. તેથી તેણે હુકમે શાં દરેક માણસનો વારો કાઢ્યો હતો. એક વાર એક બ્રાહ્મણનો વારો આવ્યો. તે બ્રાહ્મણ મહા મૂર્ખ હતો તેથી તે વિચારવા લાગ્યો. "હું શું વાત કહીશ; જો રાજાને હું કોઇ નવી ન કથા નહીં કહી શકું તો તે મને કારાગૃહને વિષે નાંખશે." તેની પુત્રીએ તેને ચિંતાને લીધે મ્લાન મુખવાળો જોઇને કહ્યું. "હે તાત! આપ ચિંતા ન કરો; હું રાજા પાસે જઇને કથા કહીશ." એમ કહી તે રાજા પાસે જઇને કહેવા લાગી. "હે પ્રજાપાળ! મ્હારા તાતને ઠેકાણે આજે હું કથા કહીશ." રાજાએ તેણીને કહ્યું. "ત્યારે હમણાંજ અહિં કહે." તે ઉપરથી તે કુમારી કન્યા કહેવા લાગીઃ—

"આજ નગરને વિષે નાગશર્મા નામનો બ્રાહ્મણ રહે છે; તેને સોમશ્રી નામે પત્ની અને નાગશ્રી નામે પુત્રી છે. તે પુત્રીને તેઓએ એક વૃદ્ધ બ્રાહ્મણને આપી હતી. ને તેથી તેઓ વિવાહની સામગ્રી લેવા બહાર ગયા હતા. ઘેર કન્યા એકલી હતી; તેવામાં પેલો વૃદ્ધ બ્રાહ્મણકુમાર (જમાઇ) ત્યાં આવ્યો. પછી કુમારિકાએ પોતાનો ભવિષ્યનો ભર્તાર જાણીને તેને ભાત સહિત ભોજન કરાવ્યું; ને પછી સુકોમળ શય્યાવાળા પલંગ ઉપર તેને સુવાડ્યું કહ્યું, ને પોતે વિચાર્યું કે, પાણિગ્રહણ કરતા પહેલાં પતિનો હસ્તસ્પર્શ પણ કરવો કહ્યો નથી; ને અહિં જગ્યા થોડી છે; માટે હું પલંગની પાસે હેઠળ સુઇ જઉં." એમ વિચારી તે નિર્વિકાર ચિત્તે સુતી. તેવામાં પેલો પલંગ ઉપર સુતેલો પતિ ઉંઘમાં ને ઉંઘમાં ગબડી પડ્યો! ને તે તેણીના ઉપર પડ્યો. એટલે બાળની ભારથી તેના પ્રાણ નીકળી ગયા. તે જોઇને પેલી કન્યાએ વિચાર્યું કે, "અહો! હું પાપિણી કરી! મેં એને માર્યો! લોકો જાણશે તો શું કહેશે!" એમ વિચારી તેના ખંડ ખંડ કરીને ઘરતીમાં ખાડો ખોદીને

તેમાં દાટયા; ને પાછી ઉપર ધૂળ—માટીનો કચરો કરીને દાબી દીધો ને તે ઉપર ગોબરનું છાણ લીંપીને તે જગ્યાને પુષ્પ ગંધાદિ દ્રવ્યવડે સુવાસિત કરી દીધી. એટલામાં તે કન્યાના મા બાપ વિવાહની સામગ્રી લઈને આવ્યા.

આટલું વૃત્તાંત રાજાને કહીને પેલી કન્યા ચુપ રહી. ત્યારે રાજાએ પૂછયું. " પછી શું થયું ? " કન્યાએ કહ્યું. " હવે વખત થયો એટલે હું જઈશ." ત્યારે રાજાએ ફરી પૂછયું. " ત્યારે તે કન્યાને હું કેવી રીતે જોઈશ ? " તેણીએ ઉત્તર આપ્યો. " સંસારનું નાટક ભજવી બતાવનારી તે નટી હું જ છું. ત્યારે રાજાએ પૂછયું. " હે કુમારિકા ! તેં જે કહ્યું તે શું સત્ય છે ? " કુમારિકાએ ઉત્તર આપ્યો. " હે પૃથિવીપતી ! આપે લોકો પાસેથી આજ પર્યંત જે જે કથાઓ સાંભળી છે, તે જો ખરી હોય તો આ ખરી સમજવી. " આમ કહીને કન્યા પોતાને ઘેર ગઈ.

માટે ( જયશ્રી જંબુકુમારને કહે છે ) હે સ્વામિનાથ ! જેમ આ કન્યા રાજાને છેતરી ગઈ, તેમ તમે પણ અમને શા માટે કથાઓ કહી કહીને છેતરો છો ? "

ત્યારે જંબૂકુમારે કહ્યું. " હે સ્ત્રીઓ ! હું કંઈ લલિતાંગ કુમારની પેઠે ભોગમાં આસક્ત નથી. તે લલિતાંગ કુમારની કથા એમ છેઃ—

કંદર્પકોશ નામે નગરમાં સતાયુધ રાજા રાજ્ય કરતો હતો. તેની લીલાવતી નામે રાણી એકદા સર્વાંગે આભૂષણ સજીને ગોખમાં બેઠી હતી. તે વખતે તેણીએ અશ્વ ઉપર આરુઢ થયેલા ને કામદેવના અવતાર જેવા લલિતાંગ નામે કુમારને જતાં જોયો; જોતાંજેન જ તેને કામબાણનો પ્રહાર થવા લાગ્યો. હવે એમ બન્યું કે લલિતાંગે પણ લીલાવતીને જોઈ, તેથી પોતે પણ તેણીના સમાન જ સ્થિતિમાં આવી પડ્યો, પણ રાજાની રાણી એટલે મળવી દુર્લભ, એમ જાણીને તે તો પોતાને ઘેર ગયો.

અહિં લીલાવતી તો ભૂત આવ્યું હોય, તેમ કામની પીડાથી દુઃખી થવા લાગી. પણ દાસી રાણીના મનનો અભિપ્રાય જાણી ગઈ, તેથી કહેવા લાગી. " હે સ્વામિની ! હું તે સમુદ્રપ્રિય શેઠના પુત્ર લલિતાંગને અહિં તેડી લાવીશ. " એમ કહી ત્યાં જઇ તેને એકાંતે કહ્યું. " હે વણિક્ પુત્ર ! મ્હારી બાઇ તમારી જોડે ભોગ ભોગવવાની ઇચ્છા રાખેછે." લલિતાંગે કહ્યું. " મને પણ એવી ઇચ્છા છે; માટે યોગ્ય અવસરે મને કહેવું; હું આવીશ. " દાસીએ આવીને એ વાત રાણીને કહી; પણ રાજા તો થોડોજ વખત બહાર જતો, તેથી અવસર મેળવવો અશક્ય હતો. તોપણ એકવાર અવસર મેળવીને તે લલિતાંગને મહેલમાં તેડી આવી. લલિતાંગ ત્યાં ઉત્તમ વસ્ત્રાભૂષણ સજીને આવ્યો કે, તુરત રાજા પણ ત્યાં આવ્યો ! એટલે રાણીએ ભયથી તેને દાસી પાસે સંસાર નામના ખાળકૂવામાં પેસાર્યો અને તેને કહેવામાં આવ્યું કે " ત્હારે ચુપ રહેવું. રાજા આવ્યા છે, તે જો ત્હારા અહિં આવ્યાની વાત જાણશે તો શૂળી ઉપર ચડાવી પ્રાણ લેશે. " એ સાંભળી તે તો બિચારો અંગ છૂપાવીને ખાળમાં રહ્યો. રાણી તેના ઉપર દયા લાવીને તેને ભોજન આપે તે તે ખાય; પણ ત્યાંની દુર્ગંધનું દુઃખ અનુભવતો તે પોતાના ઘરનું સુખ યાદ લાવીને બહુ ખિન્ન થયો. એટલામાં વર્ષાદ થવાથી તે અશુચિની ખાળમાં બહુ પાણી ભરાવાથી તે ખેંચાયો ને નગરની બહારના છેડા ખાળને મુખે નીકળ્યો; ત્યાં તે મૂર્છા પામ્યો. તેની ધાત્રીએ તેને ત્યાં એવી અવસ્થામાં જોયો ને ઘેર આણ્યો. ત્યાં તેને સ્નાન આદિથી સજ્જ કર્યો. સ્વજનોએ તેને " આટલા દિવસ ક્યાં હતો ! " એમ, પૂછયું પણ તે કાંઈ ઉત્તર આપી શક્યો નહી. પછી જ્યારે તે મહા મહેનતે સાજો થયો, ત્યારે એક દિવસ

ભીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરી વિનંતી કરીને કહેવા લાગ્યો કે, "સંસાર સમુદ્રને તારવામાં નાવ સમાન હે મુનીશ્વર! ચારિત્રરૂપ વહાણ વડે કરીને મને કુટુંબ સહિત તારો." એટલે સુધર્માસ્વામીએ જંબૂકુમાર સહિત પાંચશોને સત્તાવીશ જણને દીક્ષા આપી; ને દીક્ષાને અંતે દેશના દીધી કે:—"કેટલાએક જીવ એવા હોય છે કે તેઓ દીક્ષા લેતી વખતે સિંહ તુલ્ય હોય છે, પણ પાળવામાં શિયાળ જેવા નરમ થઇ જાય છે; વળી કેટલાએક એવા હોય છે કે દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીન, ને પાળવામાં પણ તેવાજ અશક્ત; વળી કેટલાએક એવા હોય છે કે દીક્ષા લેતી વખતે શિયાળ જેવા દીન છતાં, પાળવામાં તો સિંહ સમાન શૂરા હોય છે; ને કેટલાએક સિંહના જેવી શૂરી વૃત્તિથી દીક્ષા ગ્રહણ કરે છે ને પાળે છે પણ તેવી પરાક્રમ યુક્ત વૃત્તિથી. માટે તમારે છેલ્લા ગણાવેલા ચોથા વર્ગના જીવોની પેઠે નિરતિચારપણે સંયમ પાળવો કે જેથી મુક્તિ પણ અલ્પ પ્રયાસે મળી શકે. વળી પ્રમાદ ન કરવો. કારણ કે, તેમ કરવાથી દીક્ષા છતાં પણ સંસારમાં ભમવું પડે છે. ચૌદપૂર્વના ધારણહાર, આહારક લબ્ધિવાળા, મનઃપર્યવ જ્ઞાનવાળા અને વીતરાગભાવને પામેલા એવા મુનિને પણ પ્રમાદના વશથી ચાર ગતિમાં ભ્રમણ કરવું પડે છે."

હવે અનુક્રમે જંબૂ મુનિએ તો વિશેષ પ્રકારે તપશ્ચર્યા કરવા માંડી; બીજા યતિઓ પણ તેની આ પ્રમાણે સ્તુતિ કરે છે—"જેણે નવાણું ક્રોડ સોનામ્હોરો અને આઠ સ્ત્રીઓને ત્યજીને દીક્ષા લીધી એવા શ્રેષ્ઠ મુનિશ્વર તથા છેલ્લા કેવળી જે જંબૂસ્વામી, તે પહેલા વાંદવા યોગ્ય છે."

ત્યાર પછી જેમ હસ્તીગણ સહિત હસ્તીનો નાયક-યૂથપતિ ચાલે, તેમ શિષ્યો સહિત વિહાર કરતા સુધર્માસ્વામી ચંપા નગરીના બહારના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તેમના ચરણારવિંદને નમસ્કાર કરવાને તથા તેમની દેશના સાંભળવાને બહુજન આવવા લાગ્યા. તેમને આવતા જોઇ શ્રેણિક રાજાનો પુત્ર કોણિક પણ ત્યાં આવ્યો. કોણિક સહિત શ્રીસંઘે આચાર્ય ગુરુને ત્રણ પ્રદક્ષિણા દીધી; ને પછી સૌ ધર્મદેશના સાંભળવા બેઠા. તે ધર્મદેશના આ પ્રમાણે:—"મનુષ્યનો જન્મ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, શ્રેષ્ઠ રૂપ, આરોગ્ય શરીર, લાંબું આયુષ્ય, તીવ્ર બુદ્ધિ, શાસ્ત્ર શ્રવણ, ગ્રહણ, શ્રદ્ધા અને સંયમ એટલાં વાનાં પામવાં બહુ દુષ્કર છે." દેશનાને અંતે કોણિકે શુદ્ધ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી તે જંબૂમુનિને જોઇને પૂછવા લાગ્યો. "હે સુધર્મ ગુરુ! હસ્તીઓમાં જેમ ઐરાવત, નક્ષત્રોમાં જેમ ચંદ્રમા, પર્વતોમાં જેમ મેરુપર્વત, ધાન્યોમાં જેમ શાળિધાન્ય, વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, સમુદ્રોમાં જેમ ક્ષીરસમુદ્ર, પુષ્પોમાં જેમ ચંપક પુષ્પ, ધાતુઓમાં જેમ સુવર્ણ અને રસોમાં જેમ સુધારસ શ્રેષ્ઠ છે, તેમ આપના આ શિષ્યોને વિષે આ શિષ્ય શ્રેષ્ઠ દીપે છે તેનું શું કારણ?"

એ ઉપરથી સુધર્માસ્વામીએ જંબૂમુનિના પૂર્વ ભવનું વૃત્તાંત કહી સંભળાવીને કહ્યું કે, "એના એ પૂર્વ ભવના તપના પ્રભાવથીજ એને આવી મહા ઋદ્ધિ પ્રાપ્ત થઇ." એવું સાંભળીને રાજા હર્ષ પામ્યો ને પોતાને સ્થાને ગયો. અન્ય લોકો પણ જૈનધર્મ અંગીકાર કરી ગુરુને નમીને પોત પોતાને ઘેર ગયા. ગણધર સુધર્માસ્વામી, જંબૂમુનિ પ્રમુખ સાધુઓની સંગાથે વિહાર કરતા, શ્રી મહાવીરસ્વામીને વંદન કરવા ગયા. જંબૂમુનિ, અનુક્રમે ગુરુ પાસે અભ્યાસ કરતાં, અગીયાર અંગ અને ચૌદપૂર્વ સૂત્રને અર્થ સહિત ભણ્યા. પછી શ્રી વીર પ્રભુના નિર્વાણ પછી દશમે વર્ષે, સુધર્માસ્વામીએ જંબૂમુનિને આચાર્યપદ આપ્યું; ને વીશમે વર્ષે તેમણે તેને ગચ્છનો સર્વ ભાર સોંપ્યો; ને પોતે મુક્તિ પામ્યા.

ત્યાર પછી જંબૂસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ બહુ ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી પ્રભવ મુનિને સૂરિપદ સહિત ગચ્છનો ભાર સોંપી, શ્રી વીર ભગવાનના નિર્વાણ પછી ચોસઠમે વર્ષે, સકળ કર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા. તેમના પછી ૧ મનઃપર્યવજ્ઞાન, ૨ પરમઅવધિજ્ઞાન, ૩ ક્ષપકશ્રેણિ, ૪ ઉપશમશ્રેણિ, ૫ પુલાકલબ્ધિ, ૬ આહારક શરીરની લબ્ધિ, ૭ મોક્ષ, ૮ જિનકલ્પિપણું, ૯ પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર, તેમજ ૧૦ કેવળજ્ઞાન એ સર્વે વિચ્છેદ પામ્યાં.

વર્ષાઋતુનું આગમન એ જેનું કારણ છે, માધુર્યથી ભરેલી વાણી એ જેનાં ફૂલ છે, જે ભવના તાપને મટાડે છે અને જેને ભવ્ય જીવો સેવે છે એવો તે અદ્વિતીય જંબૂવૃક્ષ સર્વના આનંદને અર્થે થાઓ. ઇતિ જંબૂસ્વામીની કથા.

## વંકચૂળ કુમાર

સંસારથી બ્હીકણ એવો પ્રાણી, વિષમ અવસ્થામાં આવી પડ્યા છતાં પણ વંકચૂળ કુમારની પેઠે અંગીકાર કરેલા અભિગ્રહને છોડતો નથી.

પૃથ્વીરૂપી સ્ત્રીના લલાટના ભૂષણરૂપ એવા વિરાટ દેશને વિષે પેઢાળપુર નામનું નગર છે. ત્યાં શ્રીચૂળ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પુષ્પચૂળ અને પુષ્પચૂળા નામે પુત્ર અને પુત્રી હતાં. પુષ્પચૂળ યૌવનાવસ્થા પામ્યો ત્યારે દ્યુતનો વ્યસની થયો; ને ચોરી કરવા લાગ્યો. વળી પોતાની વાંકી ચાલને લીધે તે લોકોને પણ છેતરવા લાગ્યો. તેથી લોકોએ તેનું વંકચૂળ એવું નામ પાડ્યું. તેના માત પિતાએ તેની અયોગ્ય વર્તણુકને લીધે તેને દેશપાર કાઢ્યો. કહ્યું છે કે—વૈરી, અગ્નિ, વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચ વધાર વૃદ્ધિ પામે તો મહા અનર્થના કર્તા થાય છે. વળી દ્યુત સર્વ આપત્તિનું ધામ છે, એટલુંજ નહિ પણ તેથી બુદ્ધિ દુર્બુદ્ધિ થાય છે, ને કુળ મલીન થાય છે. કેવળ અધમ પુરુષોજ દ્યુતની પ્રશંસા કરે છે. દ્યુતથી તો નળ રાજાને રાજ્ય ખોવું પડ્યું; સ્ત્રીનો વિયોગ થયો અને તેની સર્વ ઋદ્ધિ પણ ગઈ; એટલુંજ નહિં પણ ભાગ્યવંત અને ભૂજાબળવાળા પાંચ પાંડવોને પણ અરણ્યમાં જવું પડ્યું. બહાર કાઢી મૂક્યો એટલે વંકચૂળ તો સ્ત્રી અને બ્હેનને સાથે લઇને, ભીલડીઓના નૃત્યથી અલંકૃત એવી એક પલ્લીને વિષે ગયો. ત્યાં પલ્લીપતિ મૃત્યુ પામવાથી તે વંકચૂળ પલ્લીપતિ થયો. ત્યારથી તે બહુ ચોરોના પરિવારને સાથે લઇને ગામે ગામ ને નગરે નગર ચોરી કરવા જવા લાગ્યો.

એકદા જ્ઞાનતુંગ નામના આચાર્ય વર્ષાકાળને વિષે મેઘ વરસતો હતો, તેવામાં તે પલ્લીમાં આવી પહોંચ્યા. પલ્લીપતિએ (વંકચૂળે) તે ઉપરથી તેમને કહ્યું. "જો તમે અહિં રહીને કોઇને ઉપદેશ ન આપો તેવું હોય, તો ખુશીથી અહિં રહો." આચાર્યે તે વાતની હા કહી; ને તેણે આપેલા સ્થળને વિષે તેઓ સ્વાધ્યાય, અધ્યયન અને તીવ્ર તપશ્ચર્યા કરતા રહેવા લાગ્યા. આખું ચોમાસુ એ પ્રમાણે નિર્ગમીને પારણાને દિવસે ત્યાંથી વિહાર કરતી વખતે ગુરુ, વંકચૂળને કહેવા લાગ્યા. "હે વંકચૂળ! ચોમાસુ ગયું, હવે અમે વિહાર કરીશું." તે સાંભળીને વંકચૂળ કેટલાક પરિવાર સહિત તેમની પાછળ તેમને વળાવવાને આવ્યો. ચાલતાં ચાલતાં વંકચૂળનો સીમાડો પૂરો થયો, એટલે ગુરુએ તેને પૂછ્યું. "આ કોની સીમ છે?" વંકચૂળે કહ્યું. "મ્હારી નથી." ત્યારે આચાર્ય બોલ્યા. "હે મહાભાગ! અમે ત્હારા ગામને વિષે નિરંતર સ્વાધ્યાય-અધ્યયનાદિમાં રહીને લેશમાત્ર ઉપદેશ આપ્યો નથી, માટે હવે તો કંઇ અભિગ્રહ લે; તેમ કરવાથી પ્રાણી સુખ પ્રાપ્ત કરે છે. કહ્યું છે

કે-નિયમ છે, તે સમસ્ત લક્ષ્મીનું વગર સાંકળે બંધનરૂપ અને ભૂત-પિશાચ આદિનો વગર અક્ષરનો રક્ષામંત્ર છે." તે સાંભળીને વંકચૂળે કહ્યું. "હે ભગવન્! ત્યારે કંઈ (અભિગ્રહ) આપો." એટલે ગુરુએ તેને ચાર નિયમ આપ્યા. તે આ પ્રમાણેઃ—"અજાણ્યું ફળ ખાવું નહિં; કાગના માંસનું ભક્ષણ કરવું નહિં; રાજાની રાણી ત્હારા ઉપર પ્રીતિવાળી દેખાય તોપણ તેણીનો સંગ કરવો નહિં અને કોઇ ઉપર પ્રહાર કરવો હોય તે વખતે સાત પગલાં પાછું હઠવું." આ ચાર નિયમો ગ્રહણ કરી ગુરુને પ્રણામ કરીને વંકચૂળ પાછો વળ્યો.

એકદા તે કોઇ ગામ ઉપર ધાડ પાડીને પાછો ફરતાં માર્ગે ભૂલો પડ્યો. અટવીમાં ભટકતાં ભટકતાં તેને ત્રણ ત્રણ લાંઘણ થઈ. એવામાં તેના ચોર-સેવકોએ ક્યાંહિ મનોહર ફળ દીઠાં, તેથી તેઓ કહેવા લાગ્યા. "આ ફળ રહ્યાં, ચાલો તે લઇને ખાઇએ." વંકચૂળે તે ફળ જોઇને પૂછ્યું. "એ ફળનું નામ શું?" તેમણે ઉત્તર આપ્યો. "નામની અમને ખબર નથી." વંકચૂળે તેમને પોતાને અજાણ્યું ફળ ન ખાવું એવો નિયમ છે, એમ કહી પોતે તે ખાધાં નહી. ને તેમને ખાતાં વાર્યા. તેમણે કહ્યું. "અમારે એવો નિયમ નથી માટે અમે તો ખાઇશું." તેમણે સર્વેએ એ અજાણ્યાં પણ મનોહર દેખાતાં ફળ ખાધાં, તેથી તેઓ મૃત્યુ પામ્યા. તે ઉપરથી વંકચૂળને વિચાર થયો કે, "આ જરૂર વિષફળ હોવાં જોઇએ. તે ખાવાની ગુરુએ મને ના કહી છે." એમ વિચારી એકલો પડેલો તે પોતાને સ્થાનકે ગયો; ત્યાં મધ્ય રાત્રીને સમયે તે વિચારવા લાગ્યો. "જો મ્હારે એવો નિયમ ન હોત તો, મ્હારૂં પણ મૃત્યુ થયું હોત. કહ્યું છે કે—જે શુદ્ધ મનવાળા પ્રાણીઓ, અંગીકાર કરેલું વ્રત છોડતા નથી, તેમને સર્વ સંપત્તિ આવી મળે છે."

એકદા વંકચૂળ કોઈ ગામ ગયો હશે, એટલે પાછળ તેના વૈરિ-રાજાના નાટકવાળાઓએ આવીને તેના મહેલ પાસે નાટક કરવા માંડ્યું, ને વંકચૂળને મહેલમાંથી બોલાવવા ગયા. ત્યાં તેની બ્હેને વિચાર્યું. "જો આ લોકોને ખબર પડશે કે વંકચૂળ અહિં નથી તો નિઃશંસય એમનો રાજા જે આપણો વૈરિ છે, તે આખા ગામનો નાશ કરશે." એમ ધારીને તેણીએ વંકચૂળનાં વસ્ત્ર પહેરીને ત્યાં આવી બેસી નૃત્ય જોઇને તેમને દાન આપ્યું. પછી ઘેર જઇને પુરુષના ને પુરુષનાજ વેષમાં પોતાની ભોજાઈ સાથે સૂઇ ગઈ!

એટલામાં વંકચૂળ ત્યાં આવ્યો તો પોતાની સ્ત્રીને અન્ય પુરુષની સંગાથે સૂતેલી જોઈ તેણે ક્રોધાતુર થઇને તેમને બન્નેને મારવાને પોતાનું ખડ્ગ ખેંચ્યું. પણ પોતાનો નિયમ હતો તે યાદ આવવાથી તે સાત ડગલાં પાછો હઠ્યો. એટલે તો ખડ્ગના પ્રહારના પડઘાથી પુષ્પચૂળા જાગી ગઈ ને "મ્હારો ભાઇ વંકચૂળ ચિરકાળ પર્યંત આયુષ્ય ભોગવો." એમ કહી ઉભી થઈ. એટલે વંકચૂળે તેણીને પ્રણામ પૂર્વક પુરુષના વેષનું કારણ પૂછ્યું. તેથી તેણીએ "શત્રુના નાટકીઆ આવ્યા હતા" તે સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. વંકચૂળ હર્ષ પામ્યો ને ગુરુએ આપેલા નિયમની પ્રશંસા કરવા લાગ્યો. "અહો! તે મુનિ નિઃશંસય બહુ જ્ઞાની હતા."

એકદા વંકચૂળ રાત્રીને સમયે કોઈ વણિકને ઘેર ગયો. તો બાપ દીકરો નામા સંબંધી તકરારમાં પડ્યા હતા, ત્યાંથી વેશ્યાને ઘેર ગયો, તો તે વેશ્યા કોઈ કોઢીયા સાથે ભોગ ભોગવતી હતી; એટલે ત્યાંથી તે કોઈ રાજાના મહેલની ભીંત ફાડીને તેના અંતઃપુરને વિષે ગયો. રાણીને શરીરે તેનો હાથ લાગ્યો, તેથી તે તેને કહેવા લાગી. "મ્હારી સાથે ભોગ ભોગવ, હું તને બહુ રત્નો આપીશ." વંકચૂળ. ગુરુએ આપેલો નિયમ સંભારીને કહેવા લાગ્યો. "તું તો મ્હારી માતા સમાન છે." એ સાંભળીને તો તે વિલક્ષ થઇ ગઈ, ને તેને

માથે અસત્ય આળ મૂકી પોકાર કરવા લાગી. તે સાંભળી રાજાના સેવકો ત્યાં આવ્યા. તેમણે તેને બાંધી લઈ જઈને પ્રભાતે રાજાની સમક્ષ ખડો કર્યો. રાજાના પૂછવા ઉપરથી તેણે રાત્રી સંબંધી હકીકત કહી; પણ તેણે તો રાત્રીને વિષે ભીંતની પાછળ ઉભા રહીને સર્વ ખરો વૃત્તાંત જાણ્યો હતો, તેથી વંકચૂળના સદ્‌ગુણથી રંજિત થઈને રાજાએ તેને પોતાનો સામંત બનાવ્યો. પોતે રાણીનું સ્વરૂપ જાણતો હતો, છતાં તેણે તે પ્રગટ કર્યું નહી. કારણ કે, પોતાના ઘરનું સ્વરૂપ કોઈ પાસે કહેવું નહી. કહ્યું છે કે-પોતાનું ચિંતિત, છાનું કરેલું કામ, ઘરનું દુશ્ચેષ્ટિત, પોતે કંઈ છેતરાયો હોય તે અને પોતાને થયેલું અપમાન; એટલાં વાનાં મતિમાન પુરુષે પ્રકાશ કરવાં નહી. પછી તો વંકચૂળ, રાજાના ઉપદેશથી પોતાનો ચોરીનો ધંધો છોડી દઈને સન્માર્ગે પ્રવર્તવા લાગ્યો.

એકદા રાજાના આદેશથી કોઈ જબરા શત્રુને જીતી આવી, વંકચૂળ પોતાને થયેલા પ્રહારથી દુઃખી થતો ઘેર આવ્યો. વૈદ્યો તેનું ઔષધ કરવા લાગ્યા, પરંતુ પ્રહારની પીડાથી અન્ય રોગો ઉત્પન્ન થયા; પણ તેની મૂળવેદના મટી નહી. ઉલટું દિવસે દિવસે તેનું શરીર ક્ષય પામવા લાગ્યું, ને તેને પથ્ય (ચરી) પણ ગમે નહી. એટલે રાજાએ તેનો રોગ ટાળવાને અર્થે નગરને વિષે પટહ વજડાવ્યો કે, "જે આ વંકચૂળને જીવાડશે, તેને રાજા યથેચ્છ દાન આપશે." તે સાંભળીને એક વૈદ્યે આવીને ઔષધ બતાવ્યું કે "કાગડાના માંસનું ભક્ષણ કરો." તે સાંભળીને વંકચૂળે કહ્યું. "મ્હારે કાગડાનું માંસ અભક્ષ્ય છે, માટે હું તે નહિં ખાઉં." તે ઉપરથી રાજાએ ધર્મકર્મમાં જાણ એવા તેના મિત્ર શુદ્ધ શ્રાવક જિનદાસને તેને સમજાવવા માટે બોલાવવાને પોતાનું માણસ મોકલ્યું; કારણ કે, પ્રાણી મિત્રનું કહેવું ઉલ્લંઘન કરતો નથી. જિનદાસે આવીને વંકચૂળને પૂછ્યું. "હે મિત્ર! શરીરે સુખ છે કે?" વંકચૂળે કહ્યું. "હે ધર્મબંધો! તું ભલે આવ્યો. મ્હારૂં શરીર જરા અસ્વસ્થ છે. કારણ કે, આ શરીર રોગનેજ આધીન છે, ને આ જીવિત છે તે કર્મને આધીન છે; આરાધના કરાવવી તે ત્હારે આધીન છે. માટે હે મિત્ર! તને જે ઉચિત લાગે તે કર." જિનદાસ તો તેનો આશય જાણી લેવાની ઇચ્છાથી બોલ્યો. "તમારા દેહના આરોગ્યને અર્થે આ કાગના માંસનું ઔષધ ગ્રહણ કરો." તે સાંભળી સાહસિકોમાં શ્રેષ્ઠ એવો વંકચૂળ ક્રોધ કરીને બોલ્યો. "હે મિત્ર! મ્હારૂં જીવિત કંઠે આવી રહેલું છે તોપણ તેમાં શું? જેમ વાયુથી વાદળાં નષ્ટ થાય છે, તેમ દેહ પણ રોગથી નષ્ટ થાય છેજ. તો એવા અસ્થિર જીવનને અર્થે કયો ધીર પુરુષ પોતાના અભિગ્રહનું ખંડન કરશે?"

તે સાંભળીને જિનદાસ પણ તેની પ્રશંસા કરીને કહેવા લાગ્યો. "તો હે મિત્ર! યથોચિત (કહું છું તે) સાંભળ. તું એકલોજ છે, સર્વ પદાર્થો અનિત્ય છે; માટે દેહ, કુટુંબ, યૌવન, વિભવ, ભવ (સંસાર) કે જીવિત અને અકૃત્યને વિષે ત્હારે વૃથા પ્રતિબંધ ન કરવો." એ સાંભળી ચાર શરણ આદરી, તથા નમસ્કાર મંત્રનું ધ્યાન ધરીને, ઉત્તમ કરણી કરી બુદ્ધિમાન એવો વંકચૂળ મૃત્યુ પામીને બારમા અચ્યુત દેવલોકે ગયો. ઇતિ વંકચૂળની કથા.

## ગજસુકુમાળ.

પ્રાણનાશક ઉપસર્ગો સહન કરનાર પ્રાણી ગજસુકુમાળ મુનિની પેઠે મોક્ષ પામે છે.

આ ગજસુકુમાળની કથા સુળસા, નાગશ્રેષ્ઠી તથા શ્રીકૃષ્ણના ભાઈઓની કથા કહ્યા વિના કહી શકાય તેમ નથી; માટે એઓનો સંબંધ પ્રથમ કહેવો પડશે. તે આ પ્રમાણે:—

ભદ્દિલપુર નગરને વિષે નાગશ્રેષ્ઠી નામે એક વ્યવહારી વસતો હતો. તેને સુળસા

નામની સ્ત્રી હતી. વસુદેવના સાત પુત્રો માંહિલા છ પુત્રોને કંસે માર્યા, તે છ પુત્રોને કોઈ દેવતાએ નાગશ્રેષ્ઠીના ઘરને વિષે મૂક્યા. તેમને સુળસાએ ઉછેરીને મ્હોટા કર્યા. અનુક્રમે તે છએ દેવકીના પુત્રોને બત્રીશ બત્રીશ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. પણ તેમણે તો ( પાછળથી ) પ્રબોધ પામીને બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી. સર્વે ચરમ શરીરી તથા દ્વાદશાંગીના જાણનાર થયા.

એકદા તેઓ શ્રી નેમિનાથ પ્રભુ સાથે દ્વારિકા પ્રત્યે આવ્યા. છઠ્ઠનું પારણું હોવાથી તે છએ બબ્બે બબ્બે થઇને નગરને વિષે ભિક્ષાને અર્થે ગયા. પહેલા બે ફરતા ફરતા શ્રી કૃષ્ણને ઘેર ગયા. ત્યાં દેવકીજીએ તેમને મોદકથી પ્રતિલાભ્યા. તેમના ગયા પછી બીજા બે પણ ત્યાંજ આવી ચડ્યા. તેમને પણ તેણીએ વંદન કરીને મોદક વહોરાવ્યા; પણ તેમના ગયા પછી તો એવાજ રૂપના છેલ્લા બે સાધુઓ પણ ત્યાં આવ્યા! તેમને જોઇને દેવકીજી વિસ્મય પામ્યાં; ને તેમને મોદક વહોરાવીને બોલ્યાં. "આપ વારંવાર અહિંજ ભિક્ષાર્થે આવો છો, તો શું દિગ્મૂઢ થયા છો ? કે નગરને વિષે બીજે ભિક્ષા મળતી નથી ? કે શું મનેજ વિભ્રમ થયો છે ?" સાધુ બોલ્યા. "હે મહાસતી ! અમે દિગ્મૂઢ નથી થયા, અમે છ ભાઇઓ છીએ; સર્વની આકૃતિ એકજ છે. ભદ્દિલપુરના નાગશ્રેષ્ઠિ શ્રાવક અને સુળસા શ્રાવિકાના અમે પુત્રો છીએ. અમે સર્વેએ સાથે નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી છે. તે બબ્બે બબ્બે જૂદા જૂદા તમારે ઘેર ભિક્ષાને અર્થે આવ્યા હોઇશું."

ત્યારે દેવકીજી વિચારમાં પડ્યાં. "અહો ! આ સર્વની આકૃતિ મ્હારા કૃષ્ણ જેવી છે, તેનામાં ને આમનામાં તિલમાત્ર પણ અંતર જણાતું નથી. અતિમુક્ત મુનિએ પૂર્વે મને આઠ પુત્ર થવાનું કહ્યું હતું, તો એમાંના છ પુત્ર શું એ સુળસાએ જણ્યા ?" આ પ્રમાણે તેણીને સંદેહ થયો. તે ટાળવાને અર્થે પોતે શ્રીનેમિ પ્રભુ પાસે ગયાં. ત્યાં જઇને તેમને વંદના કરીને જેવાં તે કહેવા જાય છે, તેવાંજ તેમનો ભાવ જાણી લઇને પ્રભુએ કહ્યું. "ત્હારા અનીકસેન આદિ આ છએ પુત્રો જીવતા છે. તેમને સુળસાએ ઉછેર્યા છે." તે સાંભળીને તેણીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું; તેણીએ પ્રત્યેકને જૂદા જૂદા વાંદ્યા. પછી પ્રભુને કહેવા લાગ્યાં. "હે પ્રભુ ! મેં એક પણ પુત્રને રમાડ્યો નહી તેથી મને બહુ દુઃખ થાય છે." ત્યારે પ્રભુએ કહ્યું. "તમારા પૂર્વે કરેલાં કર્મનું આ તમને ફળ મળે છે. તમે પૂર્વભવને વિષે તમારી શોક્યનાં સાત રત્નો ચોરી લીધાં હતાં, ને જ્યારે તે બહુ રુદન કરવા લાગી, ત્યારેજ તમે પ્રપંચ કરીને તેણીને એક રત્ન પાછું આપ્યું હતું."

તે સાંભળી પોતાના પૂર્વભવના દુષ્ટ કર્મને નિંદતી તે ઘેર આવી. તેટલામાં ત્યાં કૃષ્ણ આવ્યા ને માતાને દુઃખી જોઇને પૂછવા લાગ્યા. "હે માતા ! તમને શું દુઃખ છે?" તેમણે ઉત્તર આપ્યો. "હે પુત્ર! મ્હારૂં જીવિત નિષ્ફળ ગયું! ત્હારાથી મ્હોટા ત્હારા છ ભાઇઓ ને તો સુળસાએ પાલન પોષણ કરી ઉછેર્યા, ને તને પણ યશોદાએ મ્હોટો કર્યો, ને મ્હારો (બાળકને પાળવા પોષવાનો ) મનોરથ તો પૂર્ણ થયોજ નહી. માટે હે પુત્ર ! હું દુઃખી છું. મ્હારો તે મનોરથ તું પૂર; બાળકને લાલન પાલન કરવાનો હર્ષ તે દેવતાઓને પણ દુર્લભ છે." શ્રી કૃષ્ણે કહ્યું. "હે માતા! તમારે ખેદ ન કરવો. હું હરિણીગમેષી દેવને આરાધીને તેને પ્રસન્ન કરીને તમારો મનોરથ પૂર્ણ કરીશ." એમ કહીને તેણે તે દેવની આરાધના કરી. તે ઉપરથી તે પ્રગટ થઇને બોલ્યો. "દેવકીજીને આઠમો પુત્ર થશે, પણ તે પુણ્યવાન્ જીવ યૌવનાવસ્થા પામીનેજ દીક્ષા લેશે." ત્યાર પછી કેટલોક કાળ વ્યતીત થયે એક મહર્દ્ધિક દેવતા સ્વર્ગ થકી ચ્યવીને રૂડે સ્વપ્ને સૂચિત દેવકીજીની કુક્ષિએ

અવતર્યો. અનુક્રમે તેણીને પુત્ર પ્રસવ્યો. પિતા વસુદેવે પુત્રનો જન્મોત્સવ કર્યો ને પુત્રનું ગજસુકુમાળ એવું નામ પાડ્યું. તે તો નિરંતર દેવકીજીના સ્તનપાન-લાલન-પાલનથી ઉછરવા લાગ્યો. માતાના અને ભાઇઓના નેત્રને આલ્હાદ પમાડતો તે મનોહર વચનો બોલતાં શીખ્યો. યૌવનરુઢ થયો એટલે પિતાની આજ્ઞાથી દ્રુમરાજાની પ્રભાવતી નામની પુત્રીની સાથે તેણે પાણિગ્રહણ કર્યું. વળી બીજી પણ એક કન્યા જે સોમશર્મા બ્રાહ્મણની સોમા નામની પુત્રી હતી, તેણીને પણ માત પિતાએ પુત્રની ઇચ્છા વિરુદ્ધ પરણાવી.

હવે તેજ દિવસે શ્રી નેમિનાથ પ્રભુ બહારના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે સમુદ્રવિજય રાજા અને શ્રી કૃષ્ણ પરિવાર સહિત તેમની પાસે ઉપદેશ સાંભળવાને ગયા. ત્યાં ભગવતે ઉપદેશ આપ્યો. તે આ પ્રમાણે:—" જેવી રીતે દંતૂશળ વિના હસ્તી શોભતો નથી; વળી ગતિ હીન અશ્વ, ચંદ્ર વિનાની રાત્રી, સુગંધ વિનાનું પુષ્પ, જળ વિનાનું સરોવર, છાયા વિનાનું વૃક્ષ, લાવણ્ય વિનાનું રૂપ, સુલક્ષણ વિનાનો પુત્ર, ચારિત્ર હીન યતિ અને દેવ વિનાનું દેહેરૂં શોભતું નથી, તેવી રીતે ધર્મ વિનાનો પુરુષ શોભતો નથી." ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને ગજસુકુમાળનું અંતઃકરણ વૈરાગ્ય વાસિત થયું. તેથી તેણે માત પિતાની આજ્ઞા લઇ શ્રી સહિત દીક્ષા ગ્રહણ કરી. કહ્યું છે કે—જેવી રીતે ચક્રવર્તિ રાજા એક મુહૂર્તમાત્રમાં પોતાની વિસ્તારવંત ઋદ્ધિને ત્યજી દે છે, તેવી રીતે એક દુર્બુદ્ધિ પુરુષ પોતાના ખપ્પર, દંડ પ્રમુખને ( અર્થાત્ ઘણી થોડી વસ્તુને ) પણ છાંડી શકતો નથી.

હવે સંયમ અંગીકાર કર્યા પછી ગજસુકુમાળ તો નિત્ય છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરતો નગરની બહાર જઇ કાયોત્સર્ગે રહેવા લાગ્યો, ને ધ્યાનને વિષે તત્પર થઇ પરમાત્મામાં લીન થયો. એકદા ગજસુકુમાળ પ્રભુની આજ્ઞા લઇને સાયંકાળે સ્મશાનને વિષે કાયોત્સર્ગે રહેલ છે, તે વખતે તેને જોઇને પેલો પાપી સોમશર્મા બ્રાહ્મણ વિચારવા લાગ્યો. "આ દુષ્ટે મ્હારી પુત્રીનું પાણિગ્રહણ કરીને તત્કાળજ આવું કર્યું." એમ ધારીને તે અધમ બ્રાહ્મણ બહુ કોપાયમાન થયો. એટલે તેણે એક ઘડાનો કાંઠો લઇને ગજસુકુમાળના મસ્તક ઉપર મૂકીને તેને વિષે, ચિતામાંથી બળતા અંગારા લાવીને નાંખ્યા. પણ તે અંગારા તો ગજસુકુમાળનાં કર્મરૂપી ઇંધનો એવી રીતે બળી ગયાં કે; તેને ક્ષણમાત્રમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું; ને (ત્યાંથી મૃત્યુ પામીને) તે તુરતજ મુક્તિ પામ્યો.

હવે પાછળ એમ બન્યું કે, શ્રીકૃષ્ણ નેમિ પ્રભુને વંદન કરવા આવ્યા. તેમણે ગજસુકુમાળને નહિ જોઇને પ્રભુને પૂછ્યું. પ્રભુએ ઉત્તર આપ્યો. " બ્રાહ્મણથી તેનું નિર્વાણ થયું છે." પ્રભુનું આવું વચન સાંભળીને શ્રીકૃષ્ણને મૂર્છા આવી. સાવધ થયા પછી વળી તેણે પૂછ્યું. " હે પ્રભો ! તેને કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું ? " શ્રી ભગવાને કહ્યું. "બ્રાહ્મણની સહાય્યથી. તે બ્રાહ્મણે તેના મસ્તક ઉપર અંગારા ભરેલો ઘડાનો કાંઠો મૂક્યો. તેને લીધે તેનાં સર્વ કર્મ ક્ષય પામ્યાં. જો તે બ્રાહ્મણે આ પ્રમાણે તેને સહાય્ય ન કરી હોત તો, તેનાં કર્મ બહુ કાળે ક્ષય પામત. જેમ તમેજ હમણાં અહિં આવતાં માર્ગને વિષે ઓરડી ચણનાર બ્રાહ્મણને એક ઇંટ આપી, ને તે ઉપરથી તમારા સર્વ પરિવારે પણ એકેક ઇંટ આપી; તેથી તે બ્રાહ્મણનું કાર્ય તત્ક્ષણ સિદ્ધ થયું, ને તે ઓરડી પણ તુરતજ ચણાઈ ગઈ; તેવીજ રીતે ગજસુકુમાળનાં પણ તે બ્રાહ્મણની સહાય્યથી સર્વ કર્મ નાશ પામ્યાં. તે બ્રાહ્મણ ઉપર કોપ કરવો નહિં." શ્રી કૃષ્ણે તે બ્રાહ્મણનું નામ પૂછ્યું. ત્યારે પ્રભુએ ઉત્તર આપ્યો, " તમે તેને પોળમાં પેસતાંજ દેખશો, ને તેનું ઉદર ફાટીને અકસ્માત્ મૃત્યુ થશે તે ઉપરથી જાણજો."

પછી શ્રીકૃષ્ણે જઇને ગજસુકુમાળના દેહને અગ્નિસંસ્કાર કર્યો. પાછા તે પ્રભુ પાસે આવ્યા, ત્યાં તેમણે તેનો શોક ઉતરાવ્યો. પ્રભુને નમીને ત્યાંથી તે બહાર નીકળ્યા. એટલામાં પેલો બ્રાહ્મણ વનમાંથી આવતો દીઠો. જે તેને જોઇને હૃદય ફાટી જવાથી અકસ્માત્ મૃત્યુ પામ્યો. તે જોઇને તે બ્રાહ્મણને શ્રીકૃષ્ણે ઓળખ્યો. પછી તેને દોરડાવડે બંધાવીને નગરમાં ઘસડાવ્યો ને ઉદ્ઘોષણા કરાવી કે, "જે યતિને હણશે તેને આ પ્રમાણે વગોવવો પડશે." ત્યાર પછી પ્રભુએ દેવકીજીનો પણ સંસારની અનિત્યતા વિષે ઉપદેશ દઈ શોક ઉતરાવ્યો. ઇતિ ગજસુકુમાળની કથા.

## અવંતિસુકુમાળ.

વાઘ, મનુષ્ય પ્રમુખે કરેલા બહુ ઉપસર્ગોને સહન કરનાર પ્રાણી, અવંતિસુકુમાલની પેઠે ચિંતિત પ્રાપ્ત કરે છે.

એકદા શ્રી સુહસ્તી આચાર્ય પૃથ્વી ઉપર ભવ્યજીવોને પ્રબોધ પમાડતા વિહાર કરતા કરતા શ્રી જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરવાને અર્થે ઉજ્જયિની નગરી પ્રત્યે આવ્યા. ત્યાં ભદ્રનામે શેઠી વસતો હતો; તેને ભદ્રા નામની સહધર્મચારિણી પત્નિ હતી. ધર્મકર્મમાં તત્પર એવા તે ભદ્રા દંપતીને એક શુભ સ્વપ્ને સૂચિત એવો પુત્ર થયો. પિતાએ તેનો જન્મોત્સવ કરીને અનુક્રમે અવંતીસુકુમાળ એવું નામ પાડયું. કુમારાવસ્થામાં તે ધર્મકર્મ શાસ્ત્ર ભણ્યો ને યૌવનાવસ્થા પ્રાપ્ત થયે બત્રીશ વ્યવહારીઆનાં બત્રીશ દેવકુમારી તુલ્ય રૂપવતી પુત્રીઓ સાથે તેણે પાણિગ્રહણ કર્યું.

એકદા ભદ્રશેઠની આજ્ઞા લઇને ભદ્રા શેઠાણીએ આપેલા ઉપાશ્રયને વિષે શ્રી સુહસ્તિ આચાર્ય આવીને રહ્યા. એક વાર આચાર્ય સાયંકાળને સમયે મધુર વાણીએ આદર સહિત નલિનીગુલ્મ વિમાનનું અધ્યયન કરવા લાગ્યા. પાસેજ ભદ્રાનો પુત્ર અવંતીસુકુમાળ પોતાના મહેલને વિષે પોતાની બત્રીશ સ્ત્રીઓની સાથે ભોગ વિલાસ કરતો હતો; તેણે તે અધ્યયન સાંભળ્યું. સાંભળતાં સાંભળતાં તેને વિચાર આવ્યો કે, "આ જે ગુરુજી કહે છે, તે નાલનીગુલ્મ વિમાન મેં પોતે કયાંહિ નજરે જોયું છે." આમ ફરી ફરી ઈહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું; તેથી તે બોલ્યો. "હું પાછલે ભવે એ નલિની ગુલ્મ વિમાનને વિષે દેવતા હતો; ત્યાંના અને અહિંના સુખની વચ્ચે, મેરુને સરસવ જેટલું અંતર છે; માટે જો હવે મને તે સુખ પ્રાપ્ત થાય તો બહુ સારું. દેવલોકને વિષે દેવતાઓને જે સુખ છે તેની પાસે મનુષ્યનાં સુખ કંઈ ગણત્રીમાં નથી. સો વરસ સુધી કહેનાર માંડીએ તોપણ તેમનાં સુખ કહી શકાય નહિ એવાં છે." એમ વિચારીને તે ગુરુ પાસે ગયો, ત્યાં તેમને ભક્તિપૂર્વક નમન કરીને કહેવા લાગ્યો. "હે ગુરુ! આપ નલિનીગુલ્મ વિમાનનું સ્વરૂપ કહો છો, તો શું આપ ત્યાંથી હમણાંજ આવો છો?" ગુરુએ કહ્યું. "અમે હમણાં ત્યાંથી નથી આવ્યા; એ તો સિદ્ધાંતને વિષે એનું સ્વરૂપ બતાવેલું છે, તે અમે બોલી જતા હતા. તે વિમાનના દેવતાઓ બહુ સુખી છે." અવંતીસુકુમાળે કહ્યું. 'હે આચાર્ય! હું તેજ વિમાન થકી ચ્યવીને અહિં આવેલો છું, તેથી હવે ત્યાંનાં સુખ ફરી સ્મરણમાં આવવાથી હું આ સ્થાનને વિષે રહેવાને અસમર્થ છું. તે દેવસુંદરીઓની પાસે આ મ્હારી સ્ત્રીઓ રાક્ષસી તુલ્ય લાગે છે; માટે હું અહિં રહી શકું તેમ નથી. તેથી આપ મને દીક્ષા આપો કે જેથી હું મ્હારો જન્મ કૃતાર્થ કરું." ગુરુએ તેની માતા અને સ્ત્રીઓની સમ્મતિ વિના દીક્ષા આપવાની ના કહી; તેથી તે વિમાનમાં જવાની ઈચ્છાવાળા તેણે પોતે પો

નાની મેળે સંયમ ગ્રહણ કર્યો. પછી ગુરૂને નમી સ્મશાનભૂમિમાં જઈને કાયોત્સર્ગે રહ્યો. ત્યાં તેના કોઇ પાછલા ભવની સ્ત્રી જે મૃત્યુ પામીને શિયાળણી થઇ હતી, તે ત્યાં આવી અવંતીસુકુમાળને કાયોત્સર્ગે રહેલા જોઇ ક્રોધાયમાન થઇ તેને કરડવા લાગી; કરડી કરડીને તેના કકડા કરી નાંખ્યા. સુકોમળ એવો અવંતીસુકુમાળ ત્યાંથી મૃત્યુ પામીને નલિનીગુલ્મ વિમાને ગયો.

પ્રભાતે માતા પિતા તથા તેની સ્ત્રીઓ તેના મૃત્યુનું સ્વરૂપ સાંભળીને બહુ દુઃખી થયાં. અતિશય જ્ઞાનવાળા ગુરુએ ત્યાં આવીને તેમને કહ્યું. "એક શિયાળણીએ કોપ કરીને કાયોત્સર્ગે રહેલા અવંતીસુકુમાળને એવી રીતે કરડી કરડીને કકડા કર્યા કે, શુભ ધ્યાનથી મૃત્યુ પામીને તે નલિનીગુલ્મ વિમાને ગયો છે. તેને અહિંના સુખ રૂચતાંજ નહોતાં." તે સાંભળીને તે મૃત્યુ પામ્યો હતો, તેજ સ્થળે તેના માત પિતાએ મહાકાળ નામનો એક મ્હોટો પ્રસાદ ચણાવ્યો. ને તેમાં શ્રી પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. ત્યાર પછી તેની સર્વ સ્ત્રીઓએ પણ દીક્ષા અંગીકાર કરી. ઇતિ અવંતિસુકુમાળની કથા.

## ધન્યકુમાર.

જે પ્રાણી નિરંતર પોતાની શક્તિને અનુસારે સુપાત્રને વિષે આદર સહિત દાન દે છે, તે પ્રાણી ધન્યશેઠની પેઠે સુખનો ભોક્તા થાય છે. વળી જે પ્રાણી મુનિને દાન દીધા પછી પશ્ચાત્તાપ કરે છે, તે પ્રાણી ધન્યશેઠના ત્રણ મ્હોટા ભાઇઓની પેઠે દુઃખના ભાજન થાય છે.

આકાશ સુધી ઉંચાં થયેલાં જિનાલયોથી અલંકૃત એવા પ્રતિષ્ઠાનપુર નગરને વિષે જિતશત્રુ રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતો હતો. ત્યાં લાભને લીધે એક નિર્ધન કુટુંબ આજીવિકાને અર્થે આવ્યું હતું. તે કુટુંબમાં ઉદાર સ્વભાવનો, દાતારના ગુણવાળો, વિનયી તથા દયાળુ એવો એક પુત્ર હતો. તે ગામનાં ઢોર ચારવા જતો. એક વાર કંઇ ઉત્સવને દિવસે બીજા લોકોને ઉદ્યાનમાં ખીરનું ભોજન ખાતા જોઇને, પેલા બાળકે વાછરડાંઓને ત્યાં મૂકી ઘેર આવીને માતાને કહ્યું. "હે માતા! આજે લોકો ખીરનું ભોજન કરે છે; માટે તે મને આપ." માતાએ કહ્યું. "હે પુત્ર! દ્રવ્ય વિના હું તને ક્યાંથી ખીરનું ભોજન આપું?" પણ પુત્ર તો કહેવા લાગ્યો. "ગમે તેમ કરીને પણ મને આણી આપ." કહ્યું છે કે—ચોર, બાળક, આંધી, વૈદ્ય, ભાટ, પ્રાહુણો, વેશ્યા, ધૂર્ત અને રાજા એ નવ જણ પરની પીડા જાણતા નથી. આમ પુત્રે તો ખીરના ભોજન માટે રૂદન કરવા માંડ્યું. માતા પોતે પણ ખીરનું ભોજન ન આપી શકવાથી રૂદન કરવા લાગી. તે જોઇ તેણીની (ચાર) પાડોશણો તેણીને દુઃખનું કારણ પૂછવા લાગી. પેલીએ પોતાના પુત્રનો મનોરથ કહી બતાવ્યો. તેથી તેણીઓનાં મન દયાળાં થયાં. એટલે એકે દૂધ, તો બીજીએ સાકર ને ત્રીજીએ ચોખા તેમ જ ચોથીએ ઘૃત આપ્યું. તેની માતાએ ખીર બનાવીને પોતાના પુત્રને આપી. પછી પીરસીને કંઇ કાર્ય પ્રસંગે માતા બહાર ગઇ.

એટલામાં તેના પુન્યથી ખેંચાએલા કોઇ મુનિ માસખમણને પારણે ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમને જોઇ વિના મેઘે વૃષ્ટિ થવાની પેઠે રોમાંચિત થઇ, તે બાળક ઉભો થઇ હાથમાં થાળ લઇ વંદન કરી તેમને કહેવા લાગ્યો. "હે ભગવન્! આ ખીર ભોજન પ્રાસુક છે, માટે મ્હારા ઉપર કૃપા કરીને આપ એ ગ્રહણ કરો; જેથી હું કૃતાર્થ થઉં." મુનિએ પણ શુદ્ધ આહાર જાણીને તે વહોર્યો. વહોરીને તે તો ગયા. એટલામાં માતાએ આવીને જોયું તો જાણ્યું કે, "મ્હારો પુત્ર બહુ ભૂખ્યો હશે, તેથી સઘળી ખીર જમી ગયો." એમ

ધારીને તેણીએ બીજી પીરશી તે પુત્રે ખાધી. પછી તે વાછરડાં ચારવાને બહાર ગયો, ત્યાં તેને સાધુ મળ્યા; તેમને પ્રણામ કરીને તે તેમની પાસે બેઠો.

"આ દુષ્પ્રાપ્ય એવો મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને ઉત્તમ મનુષ્યોએ એવું કંઇ કરવું કે જેથી શીઘ્ર મુક્તિ પ્રાપ્ત થાય. વ્યાધિ અને વેદનાથી ભરેલા આ અસાર સંસારને વિષે લેશમાત્ર સુખ નથી; એમ જાણતાં છતાં પણ જીવ જિનવરે કહેલો ધર્મ કરતોજ નથી. આવો ધ ર્મોપદેશ સાંભળીને બાળક તો હર્ષ પામ્યો. ઘેર આવ્યા પછી પેટમાં અકસ્માત્ પીડા થઇ આવવાથી તે મૃત્યુ પામ્યો. તેનો જીવ ત્યાંથી ચ્યવી તેજ નગરને વિષે ધનસાર શેઠની શી લવતી સ્ત્રીની કુક્ષિએ ત્રણ પુત્ર ઉપર ચોથો પુત્ર અવતર્યો. શુભ સ્વપ્ન આવ્યા પછી શુભ અવસરે શેઠની સ્ત્રીએ ઉંચ ગ્રહો રહે છતે પુત્રને જન્મ આપ્યો. માતા પિતાએ ચારે પુ ત્રોનાં નામ અનુક્રમે-ધનદત્ત, ધનદેવ, ધનચંદ્ર અને ધન્ય એ પ્રમાણે આપ્યાં હતાં. પહે લાના ત્રણ પુત્રોને અનુક્રમે-ધનશ્રી, ધનદેવી અને ધનચંદ્રા એ પ્રમાણે સ્ત્રીઓ પરણાવી. ધન્યનો જન્મ થતી વખતે નાળછેદન કરી ભૂમિને વિષે દાટતાં એક નિધાન નીકળ્યું, તે થી તેનું ધન્ય એવું નામ આપ્યું. જેમ જેમ આ ધન્યકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો, તેમ તેમ શેઠના ગૃહને વિષે લક્ષ્મી દિવસે દિવસે વધવા લાગી. યોગ્ય વયે ધન્યકુમારને કળા ચાર્ય પાસે ભણવા મૂક્યો. ત્યાં તે સકળ ધર્મ-કર્મ શાસ્ત્ર-કળા પ્રમુખ શીખ્યો, એટલે માત પિતાએ તેનું બહુ ગૌરવ કરવા માંડ્યું. ત્યારે તેના ત્રણ મોટા ભાઇઓએ તેનું કારણ પૂછ્યું. "અમે સૌ સગા ભાઇઓ છીએ, છતાં તમે કેમ એને અધિક આદર આપો છો?" માતા પિતાએ કહ્યું "એ એના ગુણને લીધે પૂજવા યોગ્ય છે. કહ્યું છે કે-ગુણજ પૂ જાય છે, જ્ઞાતિ (ઉત્પત્તિ સ્થાનક) પૂજાતું નથી; જુઓ કે, વનમાં ઉપજેલું પુષ્પ તે મા ણસો ગ્રહણ કરે છે; ને અંગે ઉપજેલો મેલ તેઓ ત્યજી દે છે." ત્યારે તે સાંભળીને તેમ ણે કહ્યું. "હે પિતાજી! અમારી પરીક્ષા કરો." તે ઉપરથી પિતાએ તેમને ચારેને જૂદા જૂ દા બત્રીશ બત્રીશ રૂપીઆ આપ્યા ને કહ્યું કે, "તમે એનાથી વ્યાપાર કરી આવો ને લાભ દેખાડો." તે લઇને તે સૌ બજારમાં ગયા. ધન્યકુમારે પોતાના બત્રીશ રૂપીઆનો એક મહાબળવંત મેંઢો (બોકડો) લીધો, ને તેને રાજપુત્રના મેંઢા સાથે લડાવવાની સરત કરી. 'જેનો મેંઢો હારે તે જીતનાર મેંઢાના ધણીને એક હજાર સોનામ્હોરો આપે' એવો ઠરાવ કર્યો. પરિણામ એ આવ્યું કે ધન્યકુમારનો મેંઢો જીત્યો ને તેને એક હજાર મ્હોરો મળી. તે લઇને તે ઘેર આવ્યો.

બીજા ત્રણ ભાઇઓએ વ્યાપાર કર્યો, પણ તેમાંથી તેઓ બહુ થોડું કમાયા. માત પિતાએ ધન્યકુમારની પ્રશંસા કરી, ત્યારે પેલા ત્રણે કહેવા લાગ્યા. "એણે એક વાર એ ટલું ઉપાર્જન કર્યું તેમાં તેની શી પ્રશંસા કરો છો? અમે આજ સુધી અનેકવાર લાવ્યા છીએ તે સર્વ વિસ્મરણ થયું લાગે છે." ત્યારે વળી પિતાએ ચારે પુત્રોને જુદું જુદું સાઠ સાઠ માસા સુવર્ણ આપ્યું. સર્વેએ તેનો હોંશથી વ્યાપાર કર્યો; પણ ત્રણને તો લાભ ન થયો; તેથી તેઓ વીલે મોઢે ઘેર આવ્યા. પરંતુ ધર્મધુરંધર અને બુદ્ધિવંત એવો ધન્યકુ માર તો બજારમાં જઇને કોઇની દુકાન ઉપર બેઠો.

હવે એમ બન્યું કે, ત્યાં એક મહા ધનવંત પણ કૃપણ શિરોમણી શેઠ વસતો હતો, તેણે બહુ આરંભે કરીને પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું હતું; પણ ધર્મકાર્યમાં તે કંઇ આપતો નહી. પોતાના પરિવારને તે જુનાં વસ્ત્ર-અન્ન આપતો, ને પોતે પણ તેવાંજ વાપરતો. ઘૃ તને સ્થાને તેલ ખાતો; તે પણ બહુ થોડુંજ. વાર્ષિક પર્વ આદિને વિષે તે લેશમાત્ર પણ ધન ખરચતો નહી. તાંબૂલને સ્થાને ગુટિકાદિનાં પત્ર ખાતો. બીજાને દ્રવ્યનો સુમાર્ગે વ્ય

ચ કરતા જોઇને તેને માથું દુખવા આવતું. આખો દિવસ લક્ષ્મી લક્ષ્મી કરતો ને કોઇનો પણ વિશ્વાસ કરતો નહિ. પોતે જે દ્રવ્ય મેળવ્યું હતું તે દાટેલું હતું, તે ભૂમીમાંથી બહાર કાઢી વટાવી તેનાં રત્નો લીધાં, ને તેમને તેણે પોતાના ખાટલામાં રાખ્યાં. તે ખાટલાને ભૂમિ ઉપર મૂકી રાત્રીને સમયે પોતે તે ઉપર સુતો. એકદા વૃદ્ધાવસ્થાથી અંગોપાંગ જીર્ણ થવાથી તે મૃત્યુને બિછાને પડ્યો. ત્યારે તેના પુત્રોએ તેને ખાટલેથી હેઠો ઉતારવા માંડ્યો પણ તે તેને ગંમ્યું નહિ. તેણે કહ્યું. "મને ઉતારો નહીં; મને અહિંજ સુવાથી આરામ રહે છે." ત્યારે પુત્રોએ કહ્યું. "હે તાત! આપની જે ઇચ્છા હોય તે કહો." તોપણ શેઠે મોહને લીધે પોતાની પાસેના ધનની વાત ન કહેતાં એટલુંજ કહ્યું. "મ્હારે બીજું પુન્ય તો રહ્યું. ફક્ત આ ખાટલોજ મ્હારી સાથે બાળજો." શેઠે લોભને વશ થઇને પોતાના પુત્રોને આ પ્રમાણે કહ્યું. કહ્યું છે કે—તૃષ્ણા એ એક અગાધ ને ન પૂરી શકાય તેવી ખાણ છે. તે મ્હોટી પુણ્યાંઇથીજ પૂરી શકાય તેવી છે. વળી નીચી ગતિએ જવાને ઇચ્છતા કૃપણ પુરુષો ધનને નીચે નાંખે છે ( અર્થાત્ જેમ આ કૃપણ શેઠીએ ખાટલાની નીચે રાખ્યું તેમ ); ને ઉંચી ગતિને પામવાની ઇચ્છાવાળા સજ્જનો તેને દેરાસર વિગેરે ઉંચે સ્થળે વાપરે છે. પછી તે કૃપણ શેઠીના પુત્રોએ રોષ કરીને તે વાતની હા કહી કે "તમને ને તમારા ખાટલાને સાથેજ બાળીશું." એટલામાં તે મૃત્યુ પામ્યો, ને રત્નોથી અજાણ પુત્રો તેને તેજ ખાટલામાં સ્મશાનભૂમિએ લઇ ગયા, ને ત્યાં ખાટલો પણ સાથે બાળવનું કરવા લાગ્યા: પરંતુ તેને માટે સ્મશાનના રક્ષકો ( ચાંડાળો ) ની સાથે તેમને તકરાર થઇ, તેથી તેઓએ તે ખાટલો ચાંડાળોને આપી દીધો. ચાંડાળ લોકો તે લઇને બજારમાં વેચવા ગયા; ત્યાં તેમણે તે ચોક વચ્ચે મૂક્યો. તેના ગર્ભ સહિત તેને શુભ લક્ષણે યુક્ત જોઇને ધન્યકુમારે ખરીદ કર્યો. કહ્યું છે કે-બુદ્ધિવંત માણસ તૃણ આદિથી ઢંકેલી ભૂમિને વિષે રહેલા નિધિને જો કે ચક્ષુવડે જોઇ શકતા નથી, તોપણ બુદ્ધિરૂપી ચક્ષુથી જુએ છે. પછી તે ખાટલો ધન્યકુમારે ઘેર આણ્યો, ને તેમાંથી પેલાં રત્નો બહાર કાઢીને પિતાને આપ્યાં; તેથી તો પિતાએ તેનું બહુ સન્માન કર્યું.

આ હકીકતથી તેની કીર્તિ બહુ વધી ને તેના ભાઇઓ તેની ઇર્ષ્યા કરવા લાગ્યા. ઇર્ષ્યાને લીધે તો તેઓએ તેનું મૃત્યુ નિપજાવવા સુધીની ઇચ્છા કરી! આ વાત તેમની સ્ત્રીઓએ પ્રીતિને લીધે પોતાના દીયર ( ધન્યકુમારને ) જણાવી. પરંતુ ધન્યકુમારે કહ્યું. "મેં તો તેમનો અપરાધ કર્યો નથી; તો તેઓ શા માટે મને દુઃખી કરવાનું ધારે છે?" ત્યારે પેલી સ્ત્રીઓ (ધન્યકુમારની ભોજાઇઓ ) એ ધન્યકુમારને કહ્યું. "હે વત્સ! ખળ પુરુષોનો એવો સ્વભાવજ હોય છે. કહ્યું છે કે—વિના કારણે રોષ કરનારા માણસો અસંખ્યાતા હોય છે, ને કારણે કરીને રોષ યુક્ત જનો તો સંખ્યાતા છે; પણ કારણ છતાં એ ક્રોધ ન કરનારા તો જગત્‌માં બહુ થોડા હોય છે." આવું જોઇને ધન્યકુમારે વિચાર્યું કે "હવે મ્હારે અહિં રહેવું યોગ્ય નથી; કારણ કે, તેમ કરવાથી વિઘ્ન થાય તેમ છે. મ્હારાભાઇઓને મને જોઇને દુઃખ થાય છે; પણ મ્હોટા લોકોનો એવોજ સ્વભાવ હોય છે કે, બીજાને પીડા નજ કરવી; માટે હવે મ્હારે અહિં એક ક્ષણ પણ રહેવું જોઇતું નથી." આવો વિચાર કરીને તે રાત્રીને વિષે એકલો છાની રીતે ઘેરથી જતો રહ્યો.

પોતાનું શહેર ત્યજીને તે અન્ય ગ્રામ, નગર અને આકર વિગેરેને વિષે બહુ ફર્યો. ત્યાં એક ક્ષેત્રના સ્વામીએ તેની ઉત્તમ આકૃતિ જોઇને તેને પોતાની પાસે ભોજનને અર્થે નિમંત્ર્યો. એટલામાં તે ક્ષેત્રના સ્વામીની સ્ત્રી ભોજન લઇને ત્યાં આવી, તેથીને તેણે

કહ્યું. "હે પ્રિયે! આ કોઈ પુન્યવાન્ પુરુષ છે, તેને તું રૂડી રીતે ભોજન કરાવ. કહ્યું છે કે— જેના ઘરમાંથી પ્રાહુણો ભોજનાદિક પામ્યા વિના પાછો જાય છે, તેના પિતૃઓ અને દેવતાઓ તેનાથી વિમુખ થાય છે." હવે પેલી ક્ષેત્રના સ્વામીની સ્ત્રીએ ધન્યકુમારને ખીર પીરસી. એવામાં તે ક્ષેત્રના સ્વામીને ક્ષેત્રને વિષે હળ ખેડતાં ખેડતાં, તે હળ ભૂમિને વિષે કોઈ કળશ નડવાથી અટક્યું. તપાસ કરતાં ભૂમિ મધ્યેથી એક સુવર્ણનો કળશ નીકળ્યો. તે લઇને તેણે તે ધન્યકુમારને આપ્યો. તે એમ કહીને કે, "હે પ્રાહુણા! આ ત્હારે જ ભાગ્યે નીકળ્યો છે, તે તું ગ્રહણ કર અને ઇચ્છા પ્રમાણે ભોજન કર." ધન્યકુમારે ઇચ્છાપૂર ખીર ભોજન જમીને પોતાની ઉદાર પ્રકૃતિને લીધે તે સુવર્ણ કળશ તે ક્ષેત્રના સ્વામીનેજ પાછો આપ્યો, ને તેને પ્રણામ કરીને તે ત્યાંથી ચાલ્યો.

ચાલતાં ચાલતાં તે રાજગૃહ નગર સમીપે આવી પહોંચ્યો. ત્યાંના બહારના ઉદ્યાનમાં જઇને બેઠો, એટલે તો દેવતાના અનુભાવથી અને ધન્યકુમારના પુન્ય પ્રભાવથી, સુકાઇ ગએલું વન પુષ્પ અને ફળ આવવાથી પ્રફુલ્લિત થઇ ગયું. માળી ધન્યકુમારના આગમનથી પોતાનું વન ફળ્યું જોઇને હર્ષ પામી તેને પોતાને ત્યાં લઇ ગયો, ને તેની ભોજનાદિકથી રૂડે પ્રકારે ભક્તિ કરી.

હવે ત્યાં શ્રેણિક રાજાની પુત્રી સોમશ્રી, શાળિભદ્રની ન્હાની બ્હેન સુભદ્રા અને ઉપર જણાવેલા માળીના શેઠ કુસુમપાળ શેઠની પુત્રી પુષ્પવતી ( કુસુમશ્રી ) એ ત્રણે એકજ દિવસે જન્મેલી હોવાથી પરસ્પર સખીઓ હતી. એણીઓ એક દિવસે માંહોમાંહે વિચારવા લાગી કે, "જો આપણ ત્રણેનો એક પતિ થાય તો આપણો કદાપિ વિયોગ થાય નહિં." એવામાં તો માળીના શેઠ કુસુમપાળ શેઠની પુત્રી પુષ્પવતીએ પોતાની સખીઓને કહ્યું. "હે સખિઓ! આ ધન્યકુમાર બહુ ગુણવાન્ દેખાય છે, માટે તે આપણો પતિ થાય તો સારૂં." તે ઉપરથી સોમશ્રીએ જઇને પોતાના પિતાને કહ્યું. "હે તાત! આ ધન્યકુમાર મ્હારો પતિ થાઓ." રાજાએ હર્ષ પામી તે ઉપરથી તેણીને ધન્યકુમારને આપી. ત્યાર પછી શાળિભદ્રની માતા ભદ્રાએ તથા માળીના શેઠ કુસુમપાળ શેઠે પણ પોતપોતાની પુત્રીઓ તેને આપી. રાજાએ ધન્યકુમારને બહુ ગામોનો ગ્રાસ આપ્યો, એટલે તે પણ પૂર્વે કરેલાં પુન્યના યોગથી ભોગ ભોગવવા લાગ્યો.

એકદા તે પ્રિયાઓ સહિત ક્રીડા કરતો છતો ગોખને વિષે બેઠો હતો, તેવામાં તેણે રાજમાર્ગને વિષે પોતાના માત પિતાને બહુ દુઃખી અવસ્થામાં જતા જોયા. તેથી તેણે છડીદારને મોકલી તેમને પોતાની પાસે બોલાવ્યા. બોલાવીને વસ્ત્રાભરણથી તેમની ભક્તિ કરી. પ્રિયાઓ સહિત તેમને વંદન કર્યું; ને પછી પૂછ્યું. "હે માત પિતા! આપનું સર્વ ધન કયાં ગયું?" તેમણે ઉત્તર આપ્યો. "ભાઈ, ત્હારા ગયા પછી સર્વ ધન પણ નાશ પામ્યું ને એ અવસ્થામાં અમે ત્યાં રહ્યા. એવામાં સાંભળ્યું કે, 'તને રાજાએ પોતાની પુત્રી પરણાવી છે.' તેથી અમે અહિં આવ્યા છીએ." વળી ધન્યકુમારે પૂછ્યું. "હે માતા! મ્હારા ભાઇઓ કયાં છે?" માતાએ કહ્યું. "લજ્જાને લીધે તેઓ નગરની બહાર રહ્યા છે." તે પરથી ધન્યકુમારે તેમને પણ સન્માનાદિ સહિત બોલાવી જૂદાં જૂદાં ગામો આપ્યાં. કહ્યું છે કે- સત્પુરુષો નિરંતર શત્રુ-મિત્રને વિષે સરખી રીતે પ્રમોદવાળા કરુણાયુક્ત હોય છે. એ પ્રમાણે તે ધન્યકુમારે સર્વ કુટુંબને સન્માનાદિકથી સંતોષ ઉપજાવ્યો, તેથી તેનાં માત પિતા તેને ધન્ય ધન્ય કહેવા લાગ્યાં. આવું જોઇને ફરી પણ તેના ભાઇઓ તેની ઈર્ષ્યા કરવા લાગ્યા. તેઓએ કહ્યું. "આ ઘરનું ધન વેંચીને અમને ભાગ પાડી આપો એટલે અમારે જુદું રહે

યું છે." ત્યારે શેઠે વિચાર્યું. "આ મ્હારા પુત્રો નિર્ભાગ્ય શિરોમણિ છે." એમ ધારીને તેણે તેમને કહ્યું. "હે પુત્રો! ધન્યકુમારની ઈર્ષ્યા ન કરો. એ સઘળું એના ભાગ્યને લીધે મળ્યું છે." તોપણ તેઓ ફરી ફરીને કહેવા લાગ્યા. "હે તાત! તમે ધન્યકુમારની વૃથા પ્રશંસા ન કરો. જ્યારે પૂર્વે એ આપણા ઘર થકી જતો રહ્યો હતો, ત્યારે તે ઘરમાંથી બહુ રત્નો લઈને ગયો છે, તેને લીધેજ તે અહિં ઋદ્ધિવંત થયો છે ને રાજાએ પણ તેથીજ તેને સન્માનાદિ આપ્યું છે; માટે આજ અમે જુદું ઘર કર્યા વિના જમવાના નથી." ભાઈઓનાં આવાં વચન સાંભળીને ફરી પણ ધન્યકુમાર પોતાના કુટુંબને રાત્રીને વિષે સતું મૂકીને જતો રહ્યો. દૂર દેશાન્તરમાં અનેક નગરો પ્રત્યે ભ્રમણ કરીને અંતે તે કૌશાંબી નગરીએ આવ્યો; ત્યાં સતાનિક રાજા રાજ્ય કરતો હતો; તેના ખજાનામાં એક અમૂલ્ય રત્ન હતું, પણ કોઈ તેની પરીક્ષા જાણતું નહોતું. એટલે આ વખતે રાજાએ નગર મધ્યે ઉદ્ઘોષણા કરાવી કે, "જે એ રત્નની પરીક્ષા કરી શકશે, તેને રાજા સંતુષ્ટ થઈને એકસો હસ્તી, પાંચસો અશ્વ, પોતાની સૌભાગ્યમંજરી નામે પુત્રી અને પાંચસો ગામનો ગ્રાસ આપશે." એ ઉદ્ઘોષણા ધન્યકુમારે સાંભળી. તેથી પટહ પ્રત્યે સ્પર્શીને તે રાજસભામાં ગયો. ત્યાં જઈને તેણે પેલા રત્નની પરીક્ષા કરી એટલે સર્વ સભા ચમત્કાર પામી; તેથી રાજાએ તેને મહોત્સવ પૂર્વક પોતાની પુત્રી તથા પૂર્વોક્ત ગ્રામાદિ આપ્યાં. લોકોને વિષે પણ 'ધન્યકુમાર બહુ ઉત્તમ પુરુષ છે' એવી ખ્યાતિ થઈ. પછી તેણે દેશો દેશ દ્રવ્યાર્જન નિમિત્તે બહુ માણસો મોકલ્યાં. એકદા લોકાચાર નિમિત્તે તેણે નગરની બહાર ખ્યાતિને અર્થે એક તળાવ ખોદાવવા માંડ્યું.

અહિં પાછળ ધન્યકુમારના ગયા પછી એમ બન્યું કે, તેના માત પિતાનું સર્વ ધન ગયું. એટલે વળી શેઠ, ધન્યકુમાર વિના દુઃખી થયો. કહ્યું છે કે—દરિદ્રી પુરુષને સમકાળે ઋણ, દૌર્ભાગ્ય, આળસ્ય, ક્ષુધા અને પુત્ર પુત્રી આદિકની સંતતિ એ પાંચ વ્યથાઓ ઉપજે છે. એટલે શેઠાએ વિચાર્યું. "માણસ ધન વિના ગૌરવ પ્રાપ્ત કરી શકતો નથી. પૂર્વે તો હું ધન્યકુમારના પ્રભાવે કરીને વિખ્યાત થયો હતો, તે હવે હું આ નગરને વિષે હલકો ધંધો કેમ કરી શકીશ?" તે ઉપરથી તે પોતાના સર્વ કુટુંબિઓ સહિત વિચાર કરીને, દ્રવ્ય ઉપાર્જન કરવાને વિદેશ પ્રત્યે ચાલ્યો. ધન્યકુમારની બે સ્ત્રીઓને તો તેણે તે સ્ત્રીઓને પીયર મોકલાવી દીધી. પછી શેઠે સુભદ્રાને કહ્યું. "હે વત્સે! તું પણ ત્હારા પિતાને ઘેર જા." ત્યારે સુભદ્રાએ કહ્યું. "હે તાત! આપે જે કહ્યું તે યુક્તજ છે! પણ મ્હારી એક વિજ્ઞપ્તિ છે તે એકાગ્ર ચિત્તે સાંભળો. જ્યારે સાસરે સુખ વિભવાદિ હોય, ત્યારે ભલે સ્ત્રીઓ પોતાના પિતાને ઘેર રહે; પણ જ્યારે ત્યાં દુઃખ હોય ત્યારે તેણીઓએ સુખને અર્થે કદિ પણ પીયર જવું નહી. સાસરામાં દુઃખ દેખીને જે સ્ત્રી પિતાને ઘેર જતી રહે છે, તે દુષ્ટ જાણવી. રૂડી સ્ત્રીઓ પોતાના પીયરનું સુખ ત્યજીને, દુઃખ હોય ત્યાં પણ પતિના ગૃહને વિષેજ રહે છે. માટે તેણીએ તો સુખ દુઃખને વિષે, કે દેશ પરદેશને વિષે પણ દેહની છાયાની પેઠે સાસરીઆની સાથેજ રહેવું કહ્યું છે. માટે ગમે તેવી વિપત્તિ હશે તોપણ હું આપની સાથેજ રહીશ." ડાહી વહુનાં આવાં વચન સાંભળી શેઠ બહુ હર્ષ પામ્યો ને ઘેર તાળું દઈને સપરિવાર ચાલી નીકળ્યો.

હવે એક ગામથી બીજે ગામ, એક નગરથી બીજે નગર અને એક દેશથી બીજે દેશ એમ ફરતાં ફરતાં તે ધનસાર શેઠ મજૂરી કરતો કરતો કૌશાંબી નગરી પ્રત્યે આવ્યો. ત્યાં તેણે એક માણસને પૂછ્યું. "હે ભાઈ! અહિં જે નિર્ધન માણસો આવે છે, તે કેવી

ઉપતા, સ્ત્રીનાં ચરિત્ર અને મેઘ વરસશે કે નહિં વરસે? એટલાં વાનાં દેવ પણ જાણી શકતા નથી, તો પછી મનુષ્યની શી વાત? વળી અપાર એવા પણ સમુદ્રનો પાર પામી શકાય, પણ સ્વભાવથીજ વક્ર એવી સ્ત્રીઓના દુશ્ચરિત્રનો પાર ન પમાય." એ સાંભળીને વજ્રથી હણાયો હોય એવો ધનસાર શ્રેષ્ઠી ચિંતવવા લાગ્યો. "અહો! એ વહુએ શું આદર્યું? ધિક્કાર છે! તેણીએ બન્ને કુળ કલંકિત કર્યાં. પછી તેણે તો જઇને તે સર્વ વૃત્તાંત તેજ ગામના વ્યવહારીઓને નિવેદન કર્યું; પણ તેઓએ તો કહ્યું કે, "ધન્યકુમારને અમે કુમાર્ગે પ્રવર્તતાં કદાપિ જોયો નથી. એતો અહિં પરસ્ત્રીઓનો ભ્રાતા ગણાય છે. તો તમે કહો છો કે, તેણે વિપરીત કર્યું છે તેનો હેતુ કંઈ બરાબર સમજાતો નથી. એ બહુ ગંભીર અંતઃકરણનો છે, તથાપિ તેની પાસે અમે તમારી વહુને છોડી દેવાની વાત કરીશું."

પછી શ્રેષ્ઠી તો પોતાને સ્થાને આવ્યો. પેલા વ્યવહારીઆ પણ ધન્યકુમાર રાજાને જઇને કહેવા લાગ્યા. "હે ધન્યકુમાર! તમે રાજાના જમાઇ છો; તમે સાધુ પુરુષોમાં શિરોમણિ છો; માટે તમારે પરસ્ત્રીનું હરણ કરવું એ ઉચિત ન કહેવાય." તેમની આ વાત સાંભળ્યા છતાં ધન્યકુમાર તો તે ઉપર લક્ષ ન આપતાં બીજી વાત કાઢવા લાગ્યો. ત્યારે પેલાઓએ જાણ્યું કે, ધન્યકુમારને આ વાત ગમતી નથી, તેથી તેઓ તો ત્યાંથી આવતા રહ્યા, ને પોત પોતામાં વિચારવા લાગ્યા. "આ પ્રથમ તો બહુ ઉત્તમઆચરણવાળો હતો; હમણાં એની પ્રકૃતિ બદલાણી જણાય છે. કહ્યું છે કે—અથાગ લક્ષ્મી, રાજાનું સન્માન ને મ્હોટા કુળમાં જન્મ, એ ત્રણે વાનાં ઝટ માણસને વિકાર પમાડે છે."

પછી તો ધનસાર શ્રેષ્ઠી ધન્યકુમારનીજ પાસે જઇને બોલ્યો. "જો મેં કંઈ અપરાધ કર્યો હોય તો મ્હારો દંડ કરો; પણ આપ અન્યાય ત્યજીને મ્હારી વહુને છોડી મૂકો." તે સાંભળીને ધન્યકુમારે તો ઉલટો સુભટોને આદેશ કર્યો કે, "આ અનાર્ય વહુને શોધવા આવ્યો છે, તેને લઈ જઇને અંદરના ઓરડામાં પૂરી મૂકો." તે સુભટોએ તેને ઉપાડીને ઓરડામાં પૂરી દીધો. પછી ત્યાં જઇને ધન્યકુમારે હાથ જોડીને પિતાને પ્રણામ કરીને કહ્યું. "હે તાત! ક્ષમા કરો; મેં બાળક થઇને આપનો અપરાધ કર્યો છે. હું આપનો પુત્ર ધન્યકુમાર છું."

આ સાંભળીને ધનસાર શ્રેષ્ઠી હર્ષ પામ્યો. ધન્યકુમારે કહ્યું. "તમારે અહિં રહીને હમણાં ઉંચે શબ્દે ન બોલવું." એમ કહીને તેની બહુ ભક્તિ કરી. એટલે તે પોતાની સ્ત્રી તથા બીજા સર્વને ભૂલી ગયો. એવામાં ધન્યકુમારની માતા પણ ત્યાં આવીને બોલી. "હે સત્પુરુષ! તમે મ્હારી વહુ તથા મ્હારા પતિને કેમ રોકી રાખ્યો છે? તેમનો શો દોષ છે?" તે સાંભળીને તેણે તેણીને પણ પેલા ઓરડામાં મોકલાવી દીધી. પછી પોતે પણ ત્યાં જઇ પૂર્વની પેઠે પ્રણામ કરી માતાની પાસે ક્ષમા માગી. એવામાં પેલા ત્રણ ભાઇઓ પણ ત્યાં ફરિયાદ કરવાને આવ્યા. તેમને પણ તેણે અંદર પૂરાવ્યા. એટલે છેવટે તેની ભોજાઇઓ આવીને ધન્યકુમારના બારણે પોકાર કરવા લાગી કે, "આ રાજા અન્યાય કરે છે કે, જેણે અમારા પતિને પણ રોકી રાખ્યા છે. હવે અમે કોની આગળ પોકાર કરીશું." તેણીઓ એક પહોર સુધી ત્યાં ઉભી રહી; પણ તેમને કોઇએ પ્રત્યુત્તર ન આપ્યો. એટલે તેણીઓ પોતાને સ્થાનકે પાછી ગઇ.

બીજે દિવસે પ્રભાતે તેણીઓએ રાજા સતાનિક પાસે આવીને "ચિરંજીવ, ચિરંનંદ" કહી ફરિયાદ કરી કે, "હે રાજા! અમે આપના નગરને વિષે આવી મજૂરી કરીએ છીએ. એવામાં અહિં ધન્યકુમાર રાજાએ પહેલાં અમારી દેરાણી, પછી અમારો સસરો, પછી સાસુ ને છેવટે અમારા પતિઓને પણ કારાગૃહને વિષે પૂર્યા છે. તમારા જેવા પ્રજાપાળ

રાજા છતાં અમારા સર્વ કુટુંબને તેણે પૂરી રાખ્યું છે. તો તેમના વિના અમે શી રીતે રહીએ ! તે ધન્યકુમાર તો ઉત્તર પણ આપતો નથી." તે સ્ત્રીઓનું આવું બોલવું સાંભળી ને સતાનિક રાજાએ પોતાના એક સેવકને મોકલી ધન્યકુમારને કહેવરાવ્યું કે "આ સ્ત્રીઓના કુટુંબને છોડી મૂકો; ને અન્યાય માર્ગે આચરણ ન કરો. તે ઉપરથી ધન્યકુમારે કહ્યું. "હે રાજસેવક ! હું કદાપિ અન્યાય કરૂં તેવો નથી, છતાં પણ એ હું અન્યાય કરૂં તો રાજાથી શું થાય તેમ છે ?" આ સાંભળી તેણે તો ધન્યકુમારના સર્વ શબ્દો રાજાને કહી સંભળાવ્યા. રાજા સતાનિકને ક્રોધ ચડ્યો; તેથી તેણે તે જમાઇને હણવાને પોતાના સર્વ સુભટોને મોકલ્યા. એ સાંભળીને ધન્યકુમાર પોતાની પ્રિયાઓ તથા સર્વ વસ્તુઓને ગાડામાં ઘાલીને રહ્યો. એટલામાં સૈન્ય આવ્યું; તેની સાથે યુદ્ધ થયું. તેમાં સકળ સૈન્ય ધન્યકુમારથી હાર પામીને નાસી ગયું, એટલે રાજા જાતે રણે ચડ્યો. તે ઉપરથી મંત્રીઓએ તેને સમજાવીને કહ્યું. "હે રાજન્ ! કોપ ન કરો. જમાઇ સાથે લડવા જવું એ યોગ્ય નથી. ધન્યકુમારે જે કહ્યું છે તેમાં કંઇ મર્મ હોવો જોઇએ. કારણ કે, તે કદાપિ અન્યાયે ચાલે તેવો નથી; માટે પેલી સ્ત્રીઓને બોલાવીને ફરી પૂછવાથી કારણ સમજાશે." એમ કહી મંત્રીઓએ તેણીઓને પૂછ્યું. "તમારે કોઇ દીયર કે ભાઇ છે ?" ત્યારે તેણીઓએ કહ્યું. "અમારો ધન્યકુમાર નામે દીયર, પૂર્વે અમારા નગરથી ક્યાંહિ જતો રહ્યો છે, તે અત્યારે જીવતો હશે કે મૃત્યુ પામ્યો હશે, તેની અમને ખબર નથી." ત્યારે સચિવોએ તેણીઓને પૂછ્યું. "તમે કાંઈ તેનાં અંગલક્ષણ જાણો છો ! જાણતાં હો તો કહો." તેણીઓએ કહ્યું. "અમારા દીયરના ચરણમાં પદ્મનાં ચિન્હ છે તથા ઉર્ધ્વરેખાઓ છે." ત્યારે પ્રધાનોએ તેણીઓને સમજાવી કે, "એ ધન્યકુમારનાં ચિન્હો જોવાને અર્થે તમે ત્યાં જઇને જાગવડે એનાં ચરણ ધૂઓ." એમ સમજાવવાથી તેણીઓ તો ત્યાં ગઈ. તેમને જોઇને ધન્યકુમારે કહ્યું. "તમે અહિં કેમ આવી છો ? તમારે અહિં શું કામ છે ?" તેણીઓએ ઉત્તર આપ્યો. "તમે અમારા દીયર છો." ધન્યકુમારે કહ્યું. "શું તમે આકાશને વિષે ઉધીને આવો છો કે કંઈ વિભ્રમ થયો છે ?" તે ધન્યકુમાર તો રાજગૃહના રાજા શ્રેણિકનો જમાઈ છે." ત્યારે પેલીઓએ કહ્યું. "અમારા દીયરના ચરણને વિષે ચિન્હો છે, માટે તમે અમને તમારા ચરણ ધોવા દો." ધન્યકુમારે કહ્યું. "પરસ્ત્રી સાથે તો હું વાત પણ ન કરૂં, તો સ્પર્શની તો વાતજ શી ? એમ કરવાથી મને પાપ લાગે." એ સાંભળીને તો તેની ભોજાઇઓ મૌન રહી; ને ખેદ કરવા લાગી. સચિવોએ કહ્યું. "ખિન્ન ન થાઓ. સ્થિર મન કરો." તેમને આ પ્રમાણે કહી પછી તેમને ધન્યકુમારને કહ્યું. "હે ધન્યકુમાર ! આ તમારા ભાઇઓની સ્ત્રીઓનો ખેદ અપહરો. એણીઓને દિલગીર કરવાથી તમને પાપ લાગશે." એટલે ધન્યકુમારે કપટ ત્યજીને પોતાની ત્રણે ભોજાઇઓને પોતાને ઘેર મોકલાવી. પછી પોતે પણ ત્યાં જઈ સર્વ કોપ ત્યજીને તેમની સર્વની ભક્તિ કરી તેમને જમાડ્યા.

પછી તે રાજાને નમન કરવા ગયો. ત્યાં રાજાએ તેને પોતાની સાથેજ આસન ઉપર બેસાર્યો ને કહ્યું. "હે ધન્યકુમાર ! તમને ધન્ય છે; પણ આ તમારી ભોજાઇઓને તમે કેમ બહુ વખત સુધી ખેદ પમાડી ?" ધન્યકુમારે કહ્યું. "હે રાજન્ ! સાંભળો. ભાઇની સ્ત્રીઓજ ભાઇઓને પરસ્પર ભેદ પમાડે છે. કહ્યું છે કે—ગાઢ સંબંધથી બંધાએલા ભાઇઓને વિષે ભેદ પમાડનાર સ્ત્રીઓજ છે; જુઓને, તાળાને ભેદ પમાડનાર પણ માંહિ આવી મળનાર કુંચીજ છે. સ્ત્રીના વચનથી ભાઇઓ જુદા થાય છે. મેં ભોજાઇઓને ખિન્ન કરી તે એટલાજ માટે."

આવાં આવાં પ્રીતિ વચનોવડે રાજાને સંતોષ પમાડીને ધન્યકુમાર ઘેર આવ્યો. ત્યાં પિતા વિગેરેને ભક્તિપૂર્વક પ્રણામ કરીને ઘરનો પાછલો વૃત્તાંત પૂછ્યો. શ્રેષ્ઠીએ કહ્યું. "ભાઇ, ત્હારા ગયા પછી રાજાએ આપણું સર્વસ્વ હરી લીધું. આપણું જે દ્રવ્ય દેશાંતરમાં વ્યાપારમાં રોકાયેલું હતું, તે પણ નાશ પામ્યું; એટલે તો અમે સર્વ દરિદ્રી થયા, તેથી ઘેર તાળાં દઇને આજીવિકા નિમિત્તે અહિં આવ્યા."

હવે રાજા અને ધન્યકુમારની વચ્ચે બહુ પ્રીતિ બંધાણી. તેઓ બન્ને સુખેથી કરી કાળને ક્ષણની પેઠે નિર્ગમવા લાગ્યા. એવામાં ધનસાર શ્રેષ્ઠીએ પ્રસંગ જોઇને પોતાના પુત્રોને કહ્યું. "જોયું તમારા ભાઇનું ભાગ્ય કે?" એ સાંભળી શરમાઇ જઇ તેઓ ધન્યકુમારને બહુમાન આપવા લાગ્યા.

ત્યાર પછી ધન્યકુમાર પોતાની બે સ્ત્રીઓ તથા માત પિતાદિને સાથે લઇને રાજગૃહ નગરે ગયો. ત્યાં શ્રેણિક રાજાએ તેને મહા મહોત્સવ પૂર્વક શહેરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં પણ તે ફરી ચાર વ્યવહારીયાની પુત્રીઓને પરણ્યો. આ પ્રમાણે તેને આઠ સ્ત્રીઓ થઇ. હવે તો ધનદ (કુબેરભંડારી) અને ધન્યકુમારમાં કંઇ પણ અંતર રહ્યું નહી. તેના ભાઇઓ પણ તેણે આપેલા ગામોમાં સુખે રહેવા લાગ્યા. એવામાં ત્યાં દુષ્કાળ પડ્યો, તેથી સર્વ લોકો વિદેશ જવા માંડ્યા; ને ધન્યકુમારના તે ભાઇઓ પણ ધન જવાથી ગર્વ રહિત થયા. તેમના ગામમાં નીપજ ન થવાથી તેઓ નિર્ધન થયા; ને ધન્યકુમારની સ્પર્દ્ધા કરતા તેઓ માળવા દેશમાં ગયા. આજીવિકાને અર્થે પોઠીયા ઉપર બહુ ભાર ભરી ગામે ગામ ફરવા લાગ્યા; પણ નિર્ભાગ્ય હોવાથી ખિન્ન થયા છતાં પણ લાભ ન મળ્યો; તેથી તેઓ ત્યાંથી ઘઉંની ગુણો ભરીને પોઠીઆ ઉપર નાંખી વ્યાપાર કરવા માટે રાજગૃહ નગર પ્રત્યે ગયા. ત્યાં ચોટામાં સાટું કરતા હતા, તેવામાં અશ્વારૂઢ થયેલો ધન્યકુમાર દરબારમાંથી આવતો હતો; તેની આવી લક્ષ્મી તથા આ ભાઇઓની આવી સ્થિતિ જોઇને લોકો કહેવા લાગ્યા. "હા દૈવ! તું શું કરે છે? બંધુ બંધુને વિષે પણ તું અંતર રાખે છે. એક ઉદરથી ઉત્પન્ન થયેલા ને એકજ નક્ષત્રમાં જન્મેલા પણ બોરડીના કાંટાની પેઠે સમાન સ્વભાવના નથી." લોકોના મુખથી આવું સાંભળીને દયાળુ એવો ધન્યકુમાર અશ્વ ઉપરથી ઉતરી ભાઇઓના પગમાં પડ્યો, એટલે ત્રણે જણ લજ્જાથી નીચા મુખવાળા થયા. તેમને તે પોતાને ઘેર લઇ ગયો. ત્યાં તેમને ઉંચા આસન ઉપર બેસારીને કહ્યું. "આ મ્હારી લક્ષ્મી છે તે તમારીજ સમજી યથેચ્છ ઉપભોગ કરો. કારણ કે, જે લક્ષ્મી ભાઇઓના ઉપયોગમાં નથી આવતી, તે ઘણી હોય તોપણ કામની નથી. પોતાના કુટુંબનું પોષણ કરનાર કાગડો પણ સત્પુરુષોની પ્રશંસા પામે છે." પણ ભાઇઓએ તેને કહ્યું. "અમે ત્હારા ઘરમાં રહીશું નહિ." ત્યારે ધન્યકુમારે કહ્યું. "તમે સર્વ વ્હેંચી લ્યો ને તેનો ચોથો હિસ્સો મને આપો." ભાગમાં દરેકને ભાગે સુવર્ણની ચૌદ ચૌદ કોટી આવી. એટલે ભાઇઓએ આપ્યું તે ધન્યકુમારે પણ ગ્રહણ કર્યું. કહ્યું છે કે—બીજાઓએ આપેલું નથી ગ્રહણ કરતા એવા તો જગત્‌માં ઘણા થોડા પ્રાણીઓ હોય છે. ઘણા તો પોતાનું તથા અન્યનું દ્રવ્ય વાંછે એવા હોય છે.

હવે પોત પોતાના વિભાગમાં આવેલું સુવર્ણ લઇને પેલા ત્રણ ભાઇઓએ જવા માંડ્યું, ત્યારે તે દ્રવ્યની અધિષ્ઠાયિકા દેવીએ તેમને દ્વારને વિષે રોક્યા; એટલે તેઓ વિલક્ષ થયા ને પોતાનો મત્સર ત્યજી ધન્યકુમાર પાસે આવીને કહેવા લાગ્યા. "ત્હારૂં ભાગ્ય હવે અમે દીઠું. અમે નિર્ભાગીઓએ વૃથા ત્હારા ઉપર ઇર્ષ્યા કરી. હવે પછી અમે લેશ

માત્ર ત્હારી ઇર્ષ્યા કરીશું નહી.” તે સાંભળી ધન્યકુમારે કહ્યું. “હે ભાઇઓ! તમે તમારે ભલે અહિં સમાધિવડે આ લક્ષ્મીને ભોગવો ને દેવપૂજાદિ પુન્યકૃત્ય કરતા સુખે રહો.” એ ઉપરથી તેઓ ત્યાંજ ધર્મકરણી કરતા રહેવા લાગ્યા.

એવામાં એકદા ચાર જ્ઞાનના ધારણહાર એવા ધર્મઘોષસૂરિ વિહાર કરતા ત્યાં આવ્યા. તેમની પાસે ધર્મ સાંભળવાને ધન્યકુમાર સહકુટુંબ ગયો. ગુરુએ ઉપદેશ આપ્યો કે, “જીવની રક્ષા, જિનેશ્વરની પૂજા, ભક્તિવડે શાસ્ત્ર શ્રવણ, સાધુને નમસ્કાર, આઠ મદનો પરાજય, ગુરુનું સન્માન, માયાનો ત્યાગ, ક્રોધનો ઉપશમ, લોભરૂપી વૃક્ષનું ઉન્મૂલન, ચિત્તની વિશુદ્ધિ, ને ઇંદ્રિયોનું દમન એટલાંવાનાં મોક્ષ પ્રાપ્તિનાં હેતુ છે.” દેશનાને અંતે ધન્યકુમારે પૂછ્યું. “હે ગુરુ! આ મ્હારા વડીલ ભાઇઓ વ્યાપાર કરતાં છતાં પણ નિર્ધન રહે છે ને તેમનું દ્રવ્ય ઘરમાં રહેતું નથી તેનું કારણ શું?” સૂરિએ ઉત્તર આપ્યો. “તેમણે પૂર્વભવને વિષે બહુ દાન આપ્યાં છતાં પણ તેની શ્રદ્ધા રાખી નહિ. (સુપાત્રે દાન આપીને પશ્ચાતાપ કર્યો.) તેમનો સંબંધ સાંભળ:—

લક્ષ્મીપુર નગરને વિષે એ ત્રણે સગા ભાઇઓ હતા; પરસ્પર પ્રીતિવાળા હતા પણ દરિદ્રી હોવાથી વનમાંથી કાષ્ટ લાવી તે વેચીને તેઓ આજીવિકા કરતા હતા. એકદા તેઓ નિત્યની પેઠે સાથે ભાતું લઇને કાષ્ટ લેવા ગયા છે, ને મધ્યાન્હ સમયે તે ખાવા બેસે છે તેવામાં કોઈ માસખમણના પારણાના અર્થિ મુનિ ત્યાં આવ્યા; તેમને જોઈ તેઓએ હર્ષ પામી એક એકથી અધિક વહોરાવ્યું, પણ તેના ગયા પછી તો તેઓ પશ્ચાતાપ કરવા લાગ્યા કે, “આ સાધુ અહિં આવીને આપણું ભાતું લઇ ગયો. તે ન્હોતો આપણો ગોત્રજ કે ન્હોતો સંબંધી. પણ તેમાં તેનો શો દોષ! આપણેજ મૂર્ખ કે તેને આપી દીધું.” આમ પશ્ચાતાપ કરતા કરતા તેઓ ઘેર આવ્યા. તેઓએ સુપાત્રે દાન તો દીધું, પણ પશ્ચાત્તાપ કર્યો તેથી તેઓ અલ્પ પુન્યને લીધે મૃત્યુ પામ્યા પછી અલ્પ ઋદ્ધિવાળા વ્યંતર જાતિના દેવતા થયા. ને તે ગતિમાંથી આવ્યા પછી તેઓ ત્હારા ભાઇપણે ઉત્પન્ન થયા. તેમના દાનના પ્રભાવથી લક્ષ્મી ફક્ત તેમને દર્શનમાત્ર મળી (અર્થાત્ તેઓ તેને જુએ, પણ તેમના કામમાં આવે નહી.) માટે જે અન્ય પ્રાણી સાધુને દાન દઇને પશ્ચાતાપ કરે છે, તે દાન ફળ પ્રાપ્ત કરતો નથી; તે તો ઉત્તમ વહાણ પામીને (તેમાં ન બેસતાં) સમુદ્રને વિષે ઝંપાપાત કરવા જેવું કરે છે. ભાગ્યશાળી પ્રાણીઓ દાનનું પુન્ય પ્રાપ્ત કરીને તેને હૃદયને વિષે સદ્દહે છે, પણ ભાગ્યહીન જનો તે સદ્દહતા નથી; કહ્યું છે કે—શ્વાનના ઉદરને વિષે ખીરભોજન રહેજ ક્યાંથી? મુજ્ઞ જનોએ તો દાન દઇને પશ્ચાતાપ ન કરવો; પણ એ પુણ્યરૂપી વૃક્ષને ભાવરૂપી જળવડે સિંચન કર્યા કરવું.”

પછી શાળિભદ્રની બ્હેન સુભદ્રાએ ગુરુને પૂછ્યું. “હે કૃપાવંત ગુરુજી! મ્હારે કયા કર્મના યોગે મસ્તકે માટીના ટોપલા ઉપાડવા પડ્યા?” તેના ઉત્તરમાં ગુરુએ તેણીને પણ તેણીનો પૂર્વભવ આ પ્રમાણે કહી સંભળાવ્યો. “જ્યારે આ ધન્યકુમાર પૂર્વભવને વિષે ગોવાળનો જીવ હતો, ત્યારે તમે ચારે જણીઓ તેની પાડોશણો હતી. એકદા તે ગોવાળે ખીર માગી, ત્યારે એક પાડોશણે દૂધ, બીજીએ ચોખા, ત્રીજીએ સાકર અને ચોથીએ ઘૃત આપ્યું; તેથી તેણીઓએ એ દાનને લીધે પુન્ય ઉપાર્જન કર્યું. તે વખતે, હે સુભદ્રા! તેં જેવી રીતે માટી વહેવારૂપ કર્મબંધ ઉપાર્જ્યું, તે સંબંધ સાંભળ:—કોઇ કશેરા કરનારી દાસી એકદા જાળાં વીણતી હતી, તેને તેં હસતાં હસતાં કહ્યું. “તું તો નિત્ય ભારજ વહેતી રહે.” આમ બોલીને તેં તેણીનું મન બહુ દૂભવ્યું. હવે ગોવાળને ખીર ભોજનનું એક

ઉપકરણ આપવાના પુન્યથી તું આ ભવમાં શાળિભદ્રની બ્હેન થઇ અને સાથેજ દાસીને 'ભાર વહેતી રહે' એવો શાપ આપવાથી આ ભવમાં ત્હારે પણ ભાર વહેવો પડ્યો."

ધન્યકુમાર આ સર્વ સાંભળી સપરિવાર જૈનધર્મ અંગીકાર કરી ઘેર ગયો. પ્રતિદિન તેની લક્ષ્મી વૃદ્ધિ પામતી ગઇ, તે રાજાનો પણ માનીતો થયો; ને પોતાની આઠે સ્ત્રીઓની સાથે દોગુંદક દેવતાઓની પેઠે સુખ ભોગવતો રહેવા લાગ્યો. ત્યાર પછી તેણે કેવી રીતે દીક્ષા લીધી? તથા તપ પ્રમુખ પુન્યકર્મ કરીને તે કેવી રીતે અનુત્તર વિમાને ગયો? તે સર્વ સંબંધ શાળિભદ્રની કથાથી જાણી લેવો. ઇતિ ધન્યકુમારની કથા.

## ઇલાચીપુત્ર.

હૃદયને વિષે અનિત્યત્વાદિ શુદ્ધ ભાવના ભાવવાથી પ્રાણીને ઇલાચીકુમારની પેઠે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

પૃથ્વીના ભૂષણરૂપ ઇલાવર્દ્ધન નામે નગરને વિષે સેંકડો રાજાઓથી સેવાતો એવો જિતશત્રુ નામે ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ઇભ્યનામે એક્ષ્ી રહેતો હતો; તેને શીળાદિ સદ્‌ગુણવડે ભૂષિત એવી ધારિણી નામે સ્ત્રી હતી. તેમને સર્વ પ્રકારના સુખમાં ફક્ત એકજ દુઃખ હતું, તે એ કે, તેમને સંતાન ન્હોતું, તે ઉપરથી તે દંપતીએ શ્રી જિનની અધિષ્ઠાયિકા ઇલાદેવીને આરાધીને કહ્યું કે, "જો અમને પુત્ર થશે તો તેનું ત્હારે નામે નામ સ્થાપશું." અનુક્રમે તેમને પુત્ર થયો. તેનો જન્મોત્સવ કરીને ઇલાચીપુત્ર એવું નામ પાડ્યું. પછી ધાત્રીઓના લાલનમાં ને પાલનમાં તે આઠ વર્ષનો થયો એટલે પિતાએ તેને ભણવા માટે અધ્યાપક પાસે મૂક્યો. ત્યાં તે કુમારે વિષમ એવાં શાસ્ત્રોને પણ સૂત્રાર્થ સહિત પાઠે કર્યાં. પછી તે યૌવનવસ્થા પામ્યો છતાં સ્ત્રીજનને વિષે જરા પણ મોહિત થયો નહી; પરંતુ સાધુની પેઠે શાસ્ત્રના સમ્યક્ પ્રકારે આલોચનમાં પડ્યો. કહ્યું છે કે—નિરંતર પોતાની સ્ત્રી, ભોજન અને ધન એ ત્રણ વસ્તુને વિષે સંતોષ રાખવો. પણ દાન, અભ્યાસ અને તપ એ અન્ય ત્રણ વસ્તુને વિષે સંતોષ ન રાખતાં વૃદ્ધિ કર્યા કરવી. વળી પંડિત પુરુષોમાં સર્વ ગુણોજ હોય છે, ને મૂર્ખને વિષે કેવળ દોષજ છે; માટે સેંકડો ગમે મૂર્ખમાંથી એક પણ બુદ્ધિમાન્ જન મળી શકતો નથી. મૂર્ખ પિતાએ વિચાર્યું કે, "એ પુત્ર ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગથી શૂન્ય રહેશે, માટે તેણે તેને લુચ્ચા લોકોની ટોળીમાં મૂક્યો.

હવે એવામાં વસંતઋતુ આવી એટલે ઇલાચીપુત્ર ફળ અને પુષ્પથી શોભી રહેલા નાના પ્રકારના અશોક, ચંપક, આમ્ર અને જંબૂ વિગેરે વૃક્ષોવાળા વનમાં (બીજાઓની સાથે) ગયો, એટલે લંખીકાર નામના નટની પુત્રીને તેણે નૃત્ય કરતાં જોઇ. તેણીને અંગીકાર કરવાની ઇચ્છાએ ફરી ફરી વિચાર કરતો તે ખીલાની પેઠે ચેષ્ટા રહિત થઇને ઉભો થઇ રહ્યો. મનોવિકાર જાણવામાં કુશળ એવા તેના સમાન વયના સેવકો તેને જોઇને કહેવા લાગ્યા. "ત્હારા પિતા ત્હારા વિના અધીરા થઇ રહ્યા હશે, માટે ચાલો હવે જલદી ઘેર જઇએ." એમ કહીને તેને ઘેર લઇ ગયા. ત્યાં જઇ તે શયનને વિષે સુતો, પણ લેશ માત્ર સુખ ભોગવી શક્યો નહી. પુત્રને આવી સ્થિતિમાં આવી પડેલો જોઇ પિતા તેની પાસે આવી પૂછવા લાગ્યો. "હે પુત્ર! ત્હારું મન કેમ આમ થઇ ગયું છે? કોઇએ ત્હારો અપરાધ કર્યો છે? ત્હારા સમાન વિચારવાન્ અન્ય કોઇ નથી." પિતાએ આમ પૂછ્યા છતાં પણ પુત્ર તો મૌનજ રહ્યો; એટલે તેના મિત્રોએ કહ્યું. "એને તો 'લંખીકાર-

નટની પુત્રીને પરણવાનું મન થયું છે.” એ સાંભળીને પિતાએ કહ્યું. “અરે! તું કુલીન થઈને એવી અકુલીન કન્યાને પરણવા કેમ ઇચ્છે છે?” પુત્ર બોલ્યો. “પિતાજી, હું સન્માર્ગ પ્રવર્તનાદિ સર્વ જાણું છું, પણ અહિં શું કરૂં! મ્હારૂં મન એણીને વિષેજ લાગેલું છે.” પિતાએ એ જાણીને મનમાં વિચાર્યું. “એને કુસંગતિ કરાવી એ મેં બહુ અવિચારી કાર્ય કર્યું છે, હવે એ વારી શકાય એમ નથી. જો એને હું નિષેધ કરીશ તો એ મૃત્યુ પામશે, તો પછી મ્હારે શું કરવું! મ્હારે એક તરફ નદી અને એક તરફ વાઘ જેવું થયું છે.” એમ વિચારીને તે પેલા નટ પાસે ગયો ને તેણે પોતાના પુત્રને અર્થે તેની પુત્રીની માગણી કરી. નટે કહ્યું. “શેઠ, જો તમારા પુત્રની ઇચ્છા એવી હોય તો તેને અમારી પાસે મોકલો.” પિતાએ આવીને પુત્રને ખેદ સહિત કહ્યું. “હે પુત્ર! એ નટની પુત્રીને રહેવા દે; એ નહીં મળે.” તે ઉપરથી પુત્રે વિચાર્યું. “પિતાજીએ મ્હારે અર્થે વિરુદ્ધપણું ઇચ્છ્યું છે પણ હું તેણીના વગર જીવી શકું એમ નથી.” એમ કહી ગુરુજનનો ઉપદેશ નહિ ગણી, તે પોતેજ પેલા લંખીકાર નટને ત્યાં ગયો. ત્યાં નટે કહ્યું. “હે ઇલાચીપુત્ર! જો તું અમારી નૃત્યકળા શીખે, તો તને એ કન્યા આપીએ.” કામાર્થી એવા ઈલાચીકુમારે તો એ ઉપરથી એ કળા શીખવા માંડી. કહ્યું છે કે—જ્યારે કામના બાણથી માણસના અંતઃકરણરૂપ કુંભ જર્જરિત થાય છે, ત્યારે તેમાં થોડા ઉપદેશરૂપ જળ ક્યાંથી રહી શકે! વળી સ્ત્રીરૂપી શસ્ત્રથી જેમનાં હૃદય ભેદાયલાં છે, એવા મનુષ્યો પ્રાણોને ત્યાગ કરે છે, તો તૃષ્ણા અને અભિમાનનો ત્યાગ કરે તેમાં કંઈ દુષ્કર નથી.

પછી તો પોતાની પ્રકૃષ્ટ બુદ્ધિને લીધે તે અલ્પસમયમાં નૃત્યકળાને વિષે પ્રવીણ થયો એટલે પેલા નાટકકાર લંખીકારે તેને કહ્યું. “હવે ત્હારૂં વિજ્ઞાન લોકોને બતાવીને દ્રવ્ય ઉપાર્જન કર. જેથી તને મહોત્સવ પૂર્વક આ કન્યા આપું.” તે ઉપરથી લંખીકાર પ્રમુખને સાથે લઈને ઈલાચીકુમાર બેનાતટ નગરે ગયો; ત્યાં જઈ તેણે મહીપાળ રાજાને કહ્યું. “અમારે આપને નાટક બતાવવું છે.” ભૂપાળે તે વાતની હા કહી, એટલે તેણે વિનય સહિત એવી રીતે નાટ્ય ને નૃત્યના પ્રયોગ કર્યા કે, તેથી સર્વ લોકો ચમત્કાર પામ્યા! પણ તે વખતે રાજાએ લંખીકારની પુત્રીને દીઠી; તેથી તે તેણીના ઉપર મોહિત થઈ, તેણીને લઈ લેવાના વિચારમાં પડ્યો. એટલે તે ઇલાચીપુત્રને કહેવા લાગ્યો. “હે ઈલાચીપુત્ર! હવે એ વાંસ ઉપર સજ્જ થઈ શરીરને બાંધીને નૃત્ય કરો.” ઇલાચીએ એમ કર્યું; ત્યારે વળી રાજાએ તેને નિરાધાર રહેવાનું કહ્યું. એટલે તે આકાશમાં નિરાધાર પણ રહ્યો. રાજાએ જોયું કે, તેનું કોઇ વાતે પણ મૃત્યુ થયું નહી. ત્યારે લંખીકારની પુત્રી તેને કોઈ પણ રીતે મળે એવું રહ્યું નહી. પરંતુ રાજાએ ઈલાચીને ત્રણ ત્રણ વાર નૃત્ય કરવાનું કહી ચોથી વાર પણ અદ્ધર રહેવાનું કહ્યું. તે વખતે તે ઇલાચી જાણી ગયો કે “રાજા કોઇ પણ રીતે મ્હારૂં મૃત્યુ નિપજાવીને મ્હારી ભવિષ્યની સ્ત્રીને લઇ લેવા ઇચ્છે છે.” એટલે તે ચિંતવવા લાગ્યો. “અહો! વિષમ એવા પણ વિષયને વિષે રક્ત હોવાથી આ રાજા નીચ કુળમાં પણ ઉત્પન્ન થયેલી એ નટીને અર્થે મ્હારૂં મૃત્યુ નિપજાવવાને મ્હારી પાસે ફરી ફરીને નૃત્ય કરાવે છે; એના અંતઃપુરમાં દેવાંગના તુલ્ય સ્ત્રીઓ છતાં એ આને વિષે મન રાખે છે; માટે મને અને એને બન્નેને ધિક્કાર છે! કહ્યું છે કે—સ્વાધીન સ્ત્રીઓ છતાં પણ નીચ પુરુષ પરસ્ત્રીને વિષે લંપટ થાય છે. જેમ કાગડો જળ ભરેલું તળાવ મૂકીને ઘડા ઉપર જઇ બેસે છે, તેમ મેં પણ મ્હારા માત પિતાના વચનનું ઉલ્લંઘન કરીને આવું અકાર્ય કર્યું. તેથી મ્હારૂં નિર્મળ કુળ પણ કલંકિત થયું.” આ પ્રમાણે તેનું ચિત્ત વૈરાગ્યવાસિત

થયું છે, એટલામાં વળી તેણે કોઇ વ્યવહારીઆના ઘરમાં શાંત ચિત્તવાળા મુનિને ભિક્ષાને અર્થે પ્રવેશ કરતા જોયા. એટલે તેણે વિચાર્યું. "રૂપમાં રંભા ઉપર પણ વિજય મેળવનાર એવી આ ધનપતિની સ્ત્રીને દેખીને, આ સાધુ લેશમાત્ર પણ સામું જોતા નથી; માટે તે અવશ્ય વંદન કરવા યોગ્ય છે. કહ્યું છે કે—મેઘની વૃષ્ટિથી ખિન્ન થયેલા વૃષભો જેમ પૃથ્વી સામું જોઇને ચાલે છે, તેમ આ સાધુઓ પણ પરસ્ત્રીના રૂપને જોઇને તેણીના સામું જોતાજ નથી, તો તેઓ કેમ વંદનીય ન હોય? વળી એ સાધુઓ તો અકાર્યને વિષે આળસુ છે; પારકા પ્રાણ લેવાને પાંગળા છે; પરની વાત સાંભળવાને બ્હેરા છે અને પરસ્ત્રીને જોવામાં અંધ છે; પણ હું તો એ નીચ કુળમાં જન્મેલી સ્ત્રીને વિષે મોહિત થયો."

વાંસ ઉપર રહેલો ઇલાચીપુત્ર હૃદયને વિષે આવી અનિત્ય ભાવના ભાવે છે, તેવામાં તેનો કર્મ સમૂહ ભેદાવાથી તે કેવળજ્ઞાન પામ્યો; એટલે દેવતાઓએ આવીને તેને યતિનો વેષ આપ્યો, ને સુવર્ણકમળની રચના કરી. તે સુવર્ણકમળ ઉપર બિરાજમાન થઇને ઇલાચીપુત્રે રાજાની સમક્ષ ધર્મોપદેશ દીધો. "હે ભવ્ય જીવો! જેમ સમુદ્રને વિષે ચિંતામણી રત્ન પ્રાપ્ત કરવું એ દુર્લભ છે, તેમ આ સંસારને વિષે પણ મનુષ્ય જન્મ મેળવવો અતિ દુર્લભ છે." પછી રાજાએ કેવળીને પૂછ્યું. "આપને એ સ્ત્રી ઉપર કેમ રાગ થયો?" ત્યારે કેવળીએ કહ્યું. "પૂર્વે વસંતપુર નામના નગરને વિષે રાજાનો પુરોહિત મદન નામે બ્રાહ્મણ વસતો હતો; તેને મોહિની નામની પ્રાણથી પણ અધિક વલ્લભ વલ્લભા (સ્ત્રી) હતી. એકદા એ દંપતીએ સુગુરુ પાસે શ્રાવક વ્રત ગ્રહણ કર્યું અને દૃઢ સાંકળથી હોય ની! તેમ તેઓ પરસ્પર પ્રીતિથી એવા જોડાયા કે, તે પ્રીતિનો કદાપિ ભંગ થયો નહી. એકદા મોહિનીએ મૂઢતાને લીધે જરા જાતિમદ કર્યો અને તે અનુક્રમે જ્યારે મૃત્યુ પામી ત્યારે પણ તે ગુરુની સન્મુખ તેની આલોચના (આલોયણ) કર્યા વિના મૃત્યુ પામી. મૃત્યુ પામીને તે દેવલોકે ગઇ; ને બ્રાહ્મણ પણ અનુક્રમે મૃત્યુ પામી દેવલોકે ગયો. ત્યાંથી આયુષ્ય ક્ષય થયે ચ્યવીને મદનનો જીવ—જે દેવતા હતો, તે હું-ઇલાચીપુત્ર થયો અને મોહિનીનો જીવ જાતિમદ કરવાથી તે લંખીકાર નટની પુત્રીપણે ઉત્પન્ન થયો. એટલે પૂર્વ ભવના મોહને લીધે આ ભવમાં પણ મને તેણીના ઉપર મોહ થયો."

એ વૃત્તાંત શ્રવણ કરવાથી જેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, એવાં રાજા, રાણી, નટ પુત્રી વિગેરે ધર્મ પામ્યાં; ને શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયાં. ઇતિ.

## ચિલાતીપુત્ર.

સંસારી જીવ ઘણાં પાપ કર્યા છતાં પણ (ધર્મને લીધે) તે સર્વ કર્મથી છૂટે છે; ને ચિલાતીપુત્રની પેઠે સ્વર્ગાદિ સુખ પ્રાપ્ત કરે છે.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે યજ્ઞને માનનારો એક યજ્ઞદેવ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે પોતાને પંડિત માનતો, ને નિરંતર અનંત સંસારને આપનારી એવી જિનમતની નિંદા કરતો. એકદા કોઈ બાળ સાધુએ તેને વાદ કરવાને બોલાવ્યો. ત્યારે તેણે કહ્યું. "જે મને જીતશે તેનો હું શિષ્ય થઇશ." પછી તે બાળ સાધુ તે બ્રાહ્મણને પોતાના ગુરુ પાસે લઈ ગયો, ત્યાં તે ક્ષણમાત્રમાં હાર્યો, ને અંતે જૈનમતમાં દીક્ષિત થયો. એકદા શાસન દેવીએ તેને કહ્યું. "જેમ ચક્ષુવાળો માણસ પણ સૂર્યનાતેજ વિના જોઇ શકતો નથી, તેમ જીવ પણ જ્ઞાન સહિત છતાં, શુદ્ધ ચારિત્ર વિના મુક્તિ દેખતો નથી." એ સાંભળીને એ બ્રાહ્મણ પણ અન્ય સર્વ યતિઓની પેઠે શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યો; પણ તેની સ્ત્રી શ્રીમતી

એ તેને વશ કરવાને તપને પારણે તેના ઉપર કામણ કર્યું. તે કામણથી તેનું શરીર દુર્બળ થઈ જવાથી મૃત્યુ પામીને તે સ્વર્ગે ગયો. તેની સ્ત્રી પણ તેના દુઃખે દુઃખી થઇને દીક્ષા ગ્રહણ કરીને સ્વર્ગે ગઇ. પોતાનાં કરેલાં કામણની તેણીએ ગુરુ પાસે આલોયણ ન કરી.

હવે તે યજ્ઞદેવનો જીવ સ્વર્ગથી ચ્યવીને રાજગૃહ નગરને વિષે ધનસાર્થવાહની ચિલાતી નામની દાસીને ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું ચિલાતીપુત્ર એવું નામ પાડયું. યજ્ઞદેવની સ્ત્રીનો જીવ પણ, સ્વર્ગથી ચ્યવીને તેજ ધનશેઠની સ્ત્રી સુભદ્રાની કુક્ષિએ પાંચ પુત્ર ઉપર છઠ્ઠી સુસુમા નામે પુત્રીપણે ઉત્પન્ન થયો. હવે ધનશેઠે પોતાની સુસુમા પુત્રીની રક્ષાને અર્થે પેલા ચિલાતીપુત્રને રાખ્યો. જ્યારે જ્યારે પેલી રોવા માંડે, ત્યારે ત્યારે પેલો દાસીપુત્ર તેણીની યોનિને વિષે પોતાની આંગળી નાંખે; એટલે તેથી સુખ પામી તે રડતી બંધ રહે. આ વાતની ધનશેઠને ખબર પડી, ત્યારે તેણે રાજાના દંડના ભયે તે દાસીપુત્રને પોતાના ઘરથી કાઢી મૂક્યો. કહ્યું છે કે—શિષ્યને શિક્ષા કરનાર ગુરુ હોય છે; દુરાત્મા પુરુષોને શિક્ષા કરનાર રાજા હોય છે અને જેમનાં પાપાચરણ ગુપ્ત છે તેમને યમ પોતેજ શિક્ષા કરે છે.

હવે અહિંથી રખડતો એટલે તે ચિલાતીપુત્ર સિંહગુફા નામની ભિલ્લલોકોની પલ્લીએ ગયો, ત્યાં તો તે પલ્લીનો પતિ મૃત્યુ પામ્યો હતો, તેથી ચોરોએ આ ચિલાતીપુત્રને તેના પ્રચુર શસ્ત્રોથી આશ્ચર્ય પામીને પોતાનો સ્વામી બનાવ્યો. માણસનું ભાગ્ય દેશાંતરને વિષે પણ ઉદય પામે છે. કહ્યું છે કે-મેઘથી આચ્છાદિત છતાં પણ સૂર્યની કાંતિ અંધકારને નિવારે છે, પણ ચિલાતીપુત્રને અહિં વિરહરૂપી શસ્ત્રની પીડા થવા લાગી, તેથી તેને સુસુમાપુત્રી યાદ આવી. એટલે તેણે પોતાના સર્વ ચોર-સેવકોને ધનશેઠને ત્યાં ચોરી કરવા જવા સારૂ લીધાં, ત્યાં એમ વ્યવસ્થા કરી કે, “જે માલ હસ્તગત થાય તે સર્વ તેમનો; ફક્ત સુસુમાપુત્રી ચિલાતીપુત્રની.” આમ ઠરાવ કરીને રાત્રીને વિષે સર્વે જણ તે શેઠને ઘેર ચોરી કરવા પેઠા. ચોરોને જોઇને શેઠ ભયથી વ્યાકુળ થઇ પોતાના પાંચે પુત્રોને લઇને એકાંતમાં સંતાઈ ગયા. કહ્યું છે કે—નિત્ય પ્રવાસ (પંથ) સમાન અન્ય વૃદ્ધાવસ્થા નથી; ક્ષુધા સમાન વેદના નથી; મરણ સમાન બીજો ભય નથી; દારિદ્ર સમાન વૈરી નથી. હવે પેલા ચોરો ધન લઇને તથા ચિલાતીપુત્ર સુસુમાપુત્રી લઇને ચાલ્યા. એટલામાં તો શેઠીએ કોલાહલ કરી મૂક્યો; તેથી નગરરક્ષક વિગેરે ત્યાં આવ્યા. તેમને લઈ પોતાના પાંચે પુત્રો સહિત શેઠ પેલા ચોરોની પાછળ ગયો. ચોરોએ નગરરક્ષકોને પોતાની પાછળ શસ્ત્ર સહિત આવતા જોયા, તેથી તેઓ ભયથી સર્વ માલ પાછો મૂકી દઇ દિશામાં નાશી ગયા. પેલા રક્ષક જનો અને શેઠ તથા તેના પુત્રો તો આગળ ચાલ્યા. ખભા ઉપર સુસુમાપુત્રીને બેસાડીને ઉતાવળથી ચાલતા ચિલાતીપુત્રે તેમને પોતાની પાછળ આવતા જોયા, એટલે તેણે તેણીનું મસ્તક છેદી નાંખ્યું ને ધડને ત્યાં પડતું મૂકી મસ્તક હાથમાં લઇ તે જતો રહ્યો. એટલામાં શેઠ ત્યાં આવ્યા. ત્યાં શેઠે પોતાનું સર્વ ધન મળ્યું દેખીને તથા પુત્રીનું ધડ જોઇને બહુ વિલાપ કરી પાછો વળ્યો. પછી નગરને વિષે આવી શ્રી વીર પ્રભુ પાસે ધર્મ શ્રવણ કરવા ગયો. ત્યાં તેમણે ઉપદેશ આપ્યો કે, “એવા રી શ્રીમંતોના ચિત્તને વિષે નિરંતર એવી ચિંતા રહ્યા કરે છે કે, અહો! મ્હારે એકએ ઓછી થશે નહીં; પુત્રો પણ સારુખી નથી; મ્હારૂં કુટુંબ પણ મ્હારા ઉપર સ્નેહાળુ નથી; વળી રાજા મ્હારા ઉપર દ્વેષ ધરે છે; આ ખલ પુરુષો મ્હારા ઉપર દ્રષ્ટિ કરે છે, મ્હારૂં શરીર રોગે પીડિત છે અને પુત્ર પણ મહા દેવાદાર છે. માટે બુદ્ધિમાન મનુષ્યોએ આ

સંસારરૂપી સમુદ્રને વિષે દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને,અવશ્ય આત્મહિત કરવું. વિવેકી પુરુષો તો પૂર્વ જન્મમાં કરેલું પુન્ય હજુ પહોંચતુ હોય છે, ત્યાંજ ફરીથીતે નવું ઉપાર્જન કરવા માંડે છે; અને અવિવેકી પુરુષો ધર્મરૂપ દ્રવ્યથી નિર્ધન છતાં પણ બીજને ભક્ષણ કરનારાની પેઠે ધર્મરૂપી ધન મેળવવાનો ઉપાય કરતા નથી. માણસો જેમ આલોકને અર્થે ઘણો પ્રયાસ કરે છે, પણ જો તેના લાખમા અંશનો પ્રયાસ પરલોકને અર્થે કરે તો તે સુખી થાય. હે પ્રાણી! તું તત્કાળ પ્રબોધ પામ. કારણ કે, ઘર બળતે છતે આ ચોરો ત્હારૂં સર્વ ધન લૂટી લે છે. માટે જ્યાં સુધી વૃદ્ધાવસ્થાની પીડા આવી પહોંચી નથી, વ્યાધિએ જીવને દુઃખી કર્યો નથી અને ઇંદ્રિઓ ક્ષીણતા પામી નથી, ત્યાં સુધીમાં ધર્મ આચરો.”

શ્રી વીર ભગવંતના મુખ થકી એવી દેશના શ્રવણ કરીને પાંચે શ્રેષ્ઠીપુત્રોએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને શ્રેષ્ઠીએ (ધનસાર્થવાહે) પોતે તો વૈરાગ્ય પામીને શ્રી વીર જિનેશ્વર પાસે સ્વર્ગ અને મોક્ષ ગતિને આપનાર એવો સંયમ ગ્રહણ કર્યો. સંયમ ગ્રહણ કર્યા પછી તીવ્ર તપશ્ચર્યા કરી તે શ્રેષ્ઠી સ્વર્ગે ગયો.

હવે પેલો ચિલાતીપુત્ર હસ્તમાં મસ્તક લઇને રુધિરથી વ્યાપ્ત શરીરવાળો છતાં ઉતાવળથી માર્ગ કાપતો હતો, તેવામાં તેણે કાયોત્સર્ગે રહેલા એવા એક શાંત મુદ્રાવંત મુનિને દીઠા. મુનિને જોઇને તે બોલ્યો. “હે મુનીશ્વર! જલદી ધર્મ કહો, નહિં તો હું આ સ્ત્રીના મસ્તકની પેઠે તમારૂં મસ્તક છેદી નાંખીશ.” મુનિએ જોયું કે, પાત્ર અનુકૂળ છે, તેથી તે ‘ઉપશમ-વિવેક-સંવર’ એ પ્રમાણે એ ત્રણ પદનું ઉચ્ચારણ કરીને આકાશ માર્ગે ચાલ્યા ગયા.

આ ચોર-ચિલાતીપુત્રે વિચાર્યું. “આ મુનિએ આકાશગામિની વિદ્યાનું ઉચ્ચારણ કર્યું કે, કોઈ મંત્રાક્ષર કહ્યા? કે કોઈ ધર્મમંત્ર કહ્યા?” એમ ચિંતવન કરી મુનિની જ જગ્યાએ ઉભો રહી તે ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદનું ધ્યાન ધરવા લાગ્યો. પણ તેને વિચાર આવ્યો કે, “ઉપશમ શબ્દનો અર્થ શો? એટલે તેણે પોતેજ તેનો અર્થ બેસાર્યો કે, ‘ઉપશમ એટલે ક્રોધની ઉપશાંતિ, ક્રોધનો ત્યાગ.’ એમ વિચારી તેણે ઉપશમ આદર્યો. વળી તેણે વિવેક શબ્દનો અર્થ ધારવા માંડ્યો, તે પણ તેણે ધાર્યો કે, ‘કરવા યોગ્ય કૃત્ય હોય, તેનો અંગીકાર અને ન કરવા યોગ્ય હોય તેનો પરિત્યાગ કરવો એ વિવેક.’ એમ સમજીને તેણે વિવેકનો અંગીકાર કર્યો. છેવટે સંવર શબ્દનો અર્થ પણ તે સમજ્યો કે, પાંચ ઇંદ્રિઓનો જે પ્રસાર, તેનો નિરોધ કરવો, અર્થાત્ પાંચ ઇંદ્રિઓને તેમના તેમના તે તે વિષયમાં જતી રોકવી, એવું નામ સંવર.’ એ અર્થ સમજીને તેણે સંવર પણ આદર્યો. આમ તે ઘોર તે ત્રિપદીનું ધ્યાન ધરતો ત્યાં કાયોત્સર્ગે રહ્યો. તેનું સર્વ શરીર રુધિરથી ખરડાયલું હતું, તેની ગંધથી ત્યાં શુચિમુખી કીડિઓએ આવીને તેનું સર્વ શરીર ચાલણી જેવું કરી મૂક્યું, તે સર્વ વેદના તેણે સહન કરી ને અઢી દિવસમાં તેણે સ્વર્ગ પદવી પ્રાપ્ત કરી.

જે ત્રણ જગતમાં સમ્યક્ પ્રકારે ઉપશમ, વિવેક અને સંવરરૂપ સંયમ પ્રત્યે આરૂઢ થએલા છે, તે ચિલાતીપુત્રને હું નમસ્કાર કરૂં છું. જેના રુધિરના ગંધે કરીને પગને વિષે ચડેલી કીડિઓ જેના મસ્તકને ખાય છે એવા તે દુષ્કારકારક ચિલાતીપુત્રને હું વંદન કરૂં છું, કીડિઓએ ચાલણીના સરખો કરી નાંખેલો ધીર એવો ચિલાતીપુત્ર તેવીજ રીતે મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. જે ચિલાતીપુત્રે અઢી દિવસે કરીને અપ્સરાઓના સમૂહથી વ્યાપ્ત તથા રમ્ય એવું દેવભવન પ્રાપ્ત કર્યું, તે ચિલાતીપુત્રને હું વંદન કરૂં છું. ઇતિ ચિલાતીપુત્રની કથા.

## યુગબાહુ મુનિ.

પાટલીપુર નામના અતિ રમ્ય નગરને વિષે વિક્રમબાહુ રાજા રાજ્ય કરતો હતો. તેને મદનરેખા નામે રાણી હતી અને મતિસાગર નામનો મંત્રીશ્વર હતો. એકદા રાજા, રાણીને ચિંતાએ કરીને ખિન્ન થયેલી જોઈને, તેણીના દુઃખનું કારણ જાણવાની ઇચ્છાથી પૂછવા લાગ્યો. "હે પ્રિયે! તને શી વસ્તુની ચિંતા છે?" પ્રિયાએ ઉત્તર આપ્યો. "આપના જેવા પતિ અને સર્વ પ્રકારે લાડ લડાવો છો, તો મ્હારે અન્ય કોઈ દુઃખ નથી; ફક્ત મને એકે સંતાન નથી તેજ દુઃખ છે." પ્રિયાના દુઃખનું કારણ જાણીને રાજા સંતાનને અર્થે વિશાળ પૂજન પૂર્વક કુળદેવતાની આરાધના કરવા લાગ્યો. અનુક્રમે રાણીને ગર્ભ રહ્યો અને સમય પૂર્ણ થયે તેણીએ પુત્ર પ્રસવ્યો. તેનો જન્મ મહોત્સવ કરીને રાજાએ તેનું યુગબાહુ એવું નામ પાડ્યું. વૃદ્ધિ પામતો તે શાળાએ જવાની યોગ્ય વયે પહોંચ્યો, ત્યારે પિતાએ તેને અભ્યાસ કરવાને શાળાએ મૂક્યો. કહ્યું છે કે—ધનહીન હોય તે હીન કહેવાનો નથી. કારણ કે, ધન તો કોઇને નિશ્ચળ નથી. ખરો હીન તો તે માણસ કહેવાય કે, જે વિદ્યાથી હીન હોય તે. કારણ કે, તે (વિદ્યા) પુરુષોને યશ કરનારી, કલ્યાણ કરનારી અને સમ્યક્ પ્રકારે આરાધીએ તો મનવાંછિત પણ આપનારી છે.

એકદા શાળાને વિષે કોઈ વિદેશી અતિથિ આવ્યો. તે કહેવા લાગ્યો કે, "લોકોત્તર જ્ઞાન ઉત્તમ છે." પણ ઉપાધ્યાયે કહ્યું. "જેની બુદ્ધિ શસ્ત્રકળા તથા શાસ્ત્રને વિષે પ્રસાર પામે છે, તેને ઉત્તમ કહેવો." ઉપાધ્યાયનું એવું કહેવું સાંભળીને રાજપુત્ર યુગબાહુ ત્યાંથી વનને વિષે જઈ સાધુને પૂછવા લાગ્યો. "હે મુનિ! પુરુષોને લોકોત્તર કળાની પ્રાપ્તિ કેવી રીતે થાય?" મુનિએ ઉત્તર આપ્યો. "હે વિક્રમબાહુ નંદન! શુભ કર્મના અનુકૂળપણાથી સર્વ શુભ વિદ્યા આદિ ઉત્પન્ન થાય છે અને અશુભ કર્મના ઉદયથી દુઃખ, મૂર્ખતા આદિ થાય છે. વળી પંચમી આદિનો તપ કરવાથી, અથવા દેવતાનું આરાધન કરવાથી મનુષ્યને મુક્તિનું સુખ આપનારૂં એવું જ્ઞાન પ્રગટ થાય છે. જેવી રીતે સૂર્યના પ્રકાશથી અંધકારનો સમૂહ નાશ થઈ જાય છે, તેવી રીતે તપ કરવાથી મનુષ્યનાં અતિ દૃઢ એવાં પણ કર્મ ક્ષીણ થઈ જાય છે." મુનિનાં એવાં વચન સાંભળીને યુગબાહુએ છ મહિના પર્યંત પંચમીનો તપ કર્યો.

એવામાં એકદા અકસ્માત્ વર્ષાદ આવ્યો. તે ઉપર કવિ ઘટના કરે છે કે, આકાશને વિષે સૂર્ય મેઘના સમૂહથી છવાઈ ગયો અને પથીજનોની સ્ત્રીઓનાં મુખચંદ્ર કાજળવાળાં આંસુથી આચ્છાદિત થયાં. જળથી સર્વ સરોવર ઝરા આદિ ભરાઈ ગયાં; આમ વર્ષાદ વર્ષવા લાગ્યો, તેથી કોઈક પુરુષે આવીને રાજાને કહ્યું. "હે રાજન્! ગંગાનો પ્રવાહ પ્રસરતો પ્રસરતો નગરને ડૂબાવી દેશે." ત્યારે રાજા તે પ્રવાહને પાછો વાળવાને અર્થે જવા લાગે છે, એટલે તેનો પુત્ર (યુગબાહુ) બોલ્યો. "પિતાજી, મને આજ્ઞા આપો. હું ત્યાં જઈશ." રાજાએ કહ્યું. "હે પુત્ર! તું આ સુવર્ણનું પૂતળું લઈને જા; ને ત્યાં જઈને સમ્યક્ પ્રકારે પૂજા કરીને આ પૂતળાને પ્રવાહમાં નાંખજે એટલે જળનો ઉપસર્ગ શાંત થશે." પિતાને પ્રણામ કરીને પુત્ર ત્યાં ગયો ને તેમની આજ્ઞાને અનુસરીને સર્વ કર્યું. એવામાં તેણે પ્રવાહને વિષે કોઈ સ્ત્રીનો કરુણા સ્વર સાંભળ્યો. તેણીને બચાવી લેવાને યુગબાહુ વિચાર કરે છે, તેવામાં તો કોઈક સ્ત્રી રુદન કરતી અને જળચરોને હણતી, જળ મધ્યે પ્રકટ થઈને કહેવા લાગી કે, "કોઈ રાજા કે રાજપુત્ર એવો છે કે, જે તણાઈ જતી મને આ પ્રવાહમાંથી રક્ષણ કરે!" વળી તે બોલી: "હે પૃથ્વી! તું રત્નગર્ભા છતાં વંધ્યા જેવી

જ છે. કારણ કે, તે એવો કોઈ નર નથી પ્રસન્ન લાગતો કે, જે મ્હારા પ્રાણનું રક્ષણ કરે?"

જળમાં રહેલી સ્ત્રીનું આ વચન સાંભળીને રાજપુત્ર સર્વ પરિવારની અવગણના કરીને તેણીને ખેંચી લેવાને પ્રવાહમાં પડ્યો. તે વખતે સૈનિકોથી બેરાએલો તે સ્ત્રી રૂપ પૃથ્વીનું રક્ષણ કરવાને જળની અંદર પડેલા નારાયણ ભગવાનની પેઠે શોભવા લાગ્યો. પછી કુમાર તરતો તરતો તે સ્ત્રીની પાસે ગયો, એટલે તે તો દૂર દૂર જવા લાગી. કુમાર પણ ધીમે ધીમે તેણીની પાછળ જવા લાગ્યો. તે એટલે દૂર ગયો કે, સેવકોની દૃષ્ટિથી પણ અગોચર થયો. તેઓએ તેને જોયો નહી એટલે અનુરાગને લીધે તેઓ બહુ દુઃખી થયા. સૂર્ય પણ કુમારનું હરણ થયું જાણી, તેજ દુઃખથી હોયની! તેમ અસ્ત પામ્યો. રાત્રીને સમયે જેમ ચક્રવાક પોતાનો મિત્ર અન્ય દેશમાં રહ્યો હોવાથી બહુ રોદન કરે છે, તેમ લોકો પણ તે સમયે રાજપુત્ર અન્ય દેશ તરફ જતો રહ્યો હોવાથી બહુજ શોક કરવા લાગ્યા; ને કહેવા લાગ્યા કે, "એ કુમાર તો સૂર્યપુત્ર જે કામદેવ, તેનું શરીર જોવાની ઈચ્છાથીજ હોયની! તેમ સમુદ્રને રસ્તે પાતાળમાં ગયો છે."

પછી સેવકોએ નગરમાં આવીને તે સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કર્યું. તે વૃત્તાંતના દુઃખથી હૃદયમાં ઉત્પન્ન થયેલ શોકરૂપ શસ્ત્રથી પીડાયેલ રાજા જાણે તેને વજ્રનો આઘાત થયો હોયની! તેમ પડી ગયો. ચંદન આદિ શીતળ ઉપચારોવડે તેને સ્વસ્થ કરેલો એટલે તે પુત્રના ગુણનું સ્વરૂપ કહેવા લાગ્યો. "અહો પુત્ર! તે ત્હારી ભક્તિ ક્યાં! તે ત્હારી શક્તિ ક્યાં!! તે ત્હારી ક્ષમા અને બુદ્ધિ પણ ક્યાં!!! એ ત્હારા ગુણોમાંનો એક ગુણ પણ અન્ય સ્થળે ક્યાંહિ દેખાતો નથી. હે વત્સળ પુત્ર! તું મને જન્મથીજ વ્હાલો હતો; તો હવે વૃદ્ધાવસ્થાથી જર્જરિત એવા મને ત્યજીને ક્યાં જતો રહ્યો?" એટલે રાજાને પ્રધાને કહ્યું. "આ સંસાર સમુદ્રને વિષે પ્રાણીઓ પાણીના પરપોટાની પેઠે ઉત્પન્ન થાય છે અને ફરી નાશ પામે છે. તેમાં જાણવાનું એટલુંજ છે કે, ઇષ્ટ વસ્તુનો વિયોગ સત્પુરુષોને વૈરાગ્યના કારણભૂત થાય છે, પણ મોહાંધ પુરુષોને તેજ અત્યંત ક્રોધ-શોક કરાવે છે, એજ આશ્ચર્યકારક છે. દૈવની શક્તિનું નથી ઉલ્લંઘન કરી શક્યો ચક્રવર્તિ રાજા કે સ્વર્ગાધિપતિ ઇંદ્ર, એમ ડાહ્યા પુરુષો કહે છે. કહ્યું છે કે—અનેક સેવકોથી સેવન કરાએલા અને મ્હોટા સૈન્યવાળા કયા દેવે, સ્વભાવથી ભયંકર એવો આ કાળ વશ કરાયો છે? અર્થાત્ કોઈથી નથી કરાયો."

મંત્રીનાં આવાં વચન સાંભળીને નૃપતિ ખડ્ગ ખેંચીને બોલ્યો. "બસ, એવું બોલતો બંધ રહે અને મ્હારી દૃષ્ટિથી દૂર થા." તે ઉપરથી ફરી અંજળિ જોડીને મંત્રીશ્વરે કહ્યું. "હે રાજન્! મેં મૂર્ખતાથી એ કહ્યું, તોપણ મ્હારે જરા બીજું કહેવાનું છે, તે કહું છું. શુભાશુભ કર્મ દૈવજ કરાવે છે. સુપ્તિના સંહારના કારણનું વર્ણન એ શોકારૂપજ છે. વૃદ્ધાવસ્થા નિત્ય પાછળ લાગેલી છે; રાજપુત્ર આવશે; માટે ચિત્તમાં ખેદ ન કરવો." મંત્રીશ્વર એમ કહે છે, એટલામાં તો અકસ્માત્ પ્રભાતના મંગળ શબ્દનો ધ્વનિ સંભળાયો અને કોઇક પુરુષ રાજા પાસે આવીને કહેવા લાગ્યો. "હે દેવ! અંધકારના સમૂહને હણનાર સૂર્ય સમાન કાંતિવાળા સુભબાહુના આગમનની આપને વધામણી દઉં છું." એ સાંભળી વધામણી લાવનારને ઇનામ આપીને પ્રફુલ્લિત નયને રાજા ઉભો થયો. એવામાં તો સમસ્ત લોકોના શોકનું ઉન્મૂલન કરનો, ઉત્તમ પ્રકારના અલંકારથી દેદિપ્યમાન દેહવાળો, ઉદયકાળે દુઃખે જોઈ શકાય એવા સૂર્ય સમાન અને નૃપતિની પ્રતિરૂપ એવો રાજપુત્ર ત્યાં આવ્યો. પ્રણામ કરતા પુત્રને આલિંગન દઈને રાજા પૂછવા લાગ્યો. "હે પુત્ર! તું ક્યાં

ગયો હતો ! અને અહિં કેવી રીતે આવ્યો ?" કામદેવ સમાન સ્વરૂપવાન પુત્રે ઉત્તર આપ્યો કે, "પિતાજી, હું ગંગાનદીના પ્રવાહને પાછો વાળવાને ગયો હતો, ત્યાં તેમાં કોઈ સ્ત્રીને રૂદન કરતી સાંભળીને તેમાં મેં પ્રવેશ કર્યો, ત્યાં તો મને મૂર્છા આવી અને મ્હારૂં ચૈતન્ય પણ જતું રહ્યું. એમ આગળ ચાલતાં હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઉં છું ? એનું પણ મને ભાન રહ્યું નહિં. થોડા વખતમાં હું સચેત થયો ને જોઉં છું તો હું ગંગા નદીના તટ ઉપર બેઠેલો હતો. જોવા લાગ્યો તો આપણું નગર ન મળે, ન મળે આપણી ગંગા, કે ન દીઠી પેલી કન્યા ! આ શો અકસ્માત્ થયો ? એ મ્હારા વિચારમાં આવ્યુંજ નહિં. આ તે શું ઇંદ્રજાળ છે ? કે મને સ્વપ્ન આવ્યું છે ? અથવા તો મતિવિભ્રમ થયો છે ? આમ ક્ષણભર હું વિચાર કરીને ઉભો થયો ને ફરવા લાગ્યો, ત્યાં મેં એક કલ્પવૃક્ષ દીઠું. તે સ્થળે ઉદ્યાનને વિષે એક વિચિત્ર સાતમાળનો મહેલ મ્હારા જોવામાં આવ્યો. મેં તેમાં પ્રવેશ કર્યો ને અનુક્રમે હું તેની છઠ્ઠી ભૂમિકાએ ગયો. ત્યાં મેં અપૂર્વ વીણાનાદ શ્રવણ કર્યો. આગળ જઉં છું તો બારણા આગળ ઉભેલી એક છડી ધારણ કરનારી દાસીએ આવીને મને કહ્યું. "હું શારદા દેવીની શબ્દવિદ્યા પ્રતિહારિણી છું; તેણીએ તમને બોલાવવાને માટે મને મોકલી હતી; માટે તે દેવી પાસે આગળ ચાલો." એમ કહીને તે મને ત્યાં લઈ ગઈ. મેં શારદા દેવીનાં દર્શન કર્યાં. સુંદર અને મનોહર અપ્સરાઓનો પરિવાર તેણીને નમન કરી રહ્યો હતો. એણીએ મ્હારા તરફ ઘણી વાર મુખી કુતુહલને લીધે જોયા કર્યું. વળી એ શારદા દેવીને ડાબી અને જમણી બાજુએ તર્કવિદ્યા અને સાહિત્યવિદ્યા પંખાવડે વાયુ ઢોળતી હતી. મેં દેવીને નમસ્કાર કર્યો એટલે તેણીએ મને બોલાવીને પોતાના ખોળામાં બેસાર્યો અને અમૃત સમાન મધુરી વાણીથી કહ્યું. "હે રાજપુત્ર ! ત્હારા હૃદયને વિષે લેશ માત્ર વિસ્મય પામીશ નહિં." પણ હું તો વિનય કરવા મંડ્યો. એ જોઇને વાગ્દેવી કહેવા લાગ્યાં. "સમ્યક્ પ્રકારે આરાધન કરવાવાળા એવા તને જોઇને મેં ત્હારા સત્વની પરીક્ષા કરી છે. મેં તને મ્હારૂં ક્રીડાવન દેખાડવાને મ્હારી પ્રતિહારિણીને મોકલીને અહિં બોલાવ્યો છે. તું સત્યવાન્ નીવડ્યો છે. હું ત્હારા તપથી તુષ્ટમાન થઈ છું. ત્હારા પૂર્વના કરેલા કર્મનો સંબંધ તને કહું છું, તે તું સાંભળ:—

પૂર્વે પુષ્પપુર નગરને વિષે કોઇએક નિર્ધન પુરૂષ વસતો હતો. એકદા સર્વ નગરના લોકો કૌમુદી મહોત્સવ કરતા હતા, તે વખતે તે ચિંતવવા લાગ્યો. "અહો ! મ્હારા જેવો નિર્લક્ષપાત્ર ખરેખર મંદભાગ્ય છે; પૃથ્વી ઉપર મ્હારા જેવો કોઈ નહિ હોય ! કારણ કે, આવા મહોત્સવમાં પણ મને લેશમાત્ર ભિક્ષા મળી નહીં; મ્હારા પ્રાણ મને છોડી જતા નથી. અહિં મને ભિક્ષા મળી નહી, તે અવશ્ય મ્હારા પૂર્વભવના કર્મનું વિલસિત છે. મ્હારે અને નગરમાં રહેનારા બીજા પ્રાણીઓને મનુષ્યપણું સમાન છતાં આ જે વિશેષ (તફાવત) રહ્યો, તે મ્હારા માનવા પ્રમાણે પુન્ય અપુન્યનુંજ કારણ છે. મેં પૂર્વ ભવે કંઇ પુન્યકર્મ નહિ ઉપાર્જન કર્યું હોય, તેને લીધેજ હું આ જન્મમાં સંપત્તિ રહિત અને દુઃખનો ભાજન થયો છું. માટે હવે ચાલ, હું કોઈ સ્થળે જઇને ઝંપાપાત કરૂં કે જેથી હવેને જન્મે ફરી દુઃખી ન થઉં." એમ ઠરાવ કરીને તે ઝંપાપાત કરવા ચાલ્યો. તે સ્થળે જઈ તેણે અભિષ્ટ દેવતાને નમસ્કાર કર્યો, ને ઝંપાપાત કરવા પહેલાં તે ચોતરફ જોવા લાગ્યો તો પોતાની બાજુમાંજ અશોકવૃક્ષને તળે તેણે એક મહા સમતાવંત મુનિને દીઠા. તેમને તેણે પંચાંગે કરીને પ્રણામ કર્યો. આ મુનિ ત્રણ જ્ઞાને યુક્ત હતા, તેથી તેમણે ધ્યાનને અંતે તેના ઉપકારને અર્થે મધુર વાણીથી કહ્યું. "હે વત્સ ! તું ક્યાંથી આવ્યો ?" તેણે કહ્યું. "હું નિર્ધન છું; મ્હારૂં દારિદ્ર હજુ ગયું નહિં. આપના દર્શનથી

હું આજ કૃતાર્થ થયો.” મુનિએ તેને સમજાવ્યો કે, “વત્સ, તું મૂર્ખ કેમ થયો છે? તું તત્વને જાણતો નથી. સાંભળ-આલોકને વિષે ઋદ્ધિ, લક્ષ્મી, સુખ સંપત્તિ પ્રાપ્ત થવી સુલભ છે, પણ ચિંતામણીરત્ન જેવો જે આ મનુષ્ય જન્મ છે, તે મેળવવો અત્યંત કઠણ છે. આ અસાર દેહ નાશ પામશે, માટે ત્હારે તપશ્ચર્યા કરવી. બુદ્ધિમાન્ જનોએ દુષ્કર્મનો નાશ કરવાને અર્થે તપરૂપી અગ્નિવડે કાયાનું શોષણ કરવું ને આત્માને નિર્મળ કરવો. હે વત્સ! ત્હારે ત્હારા પૂર્વકર્મનું નિર્મૂલન કરવાને અર્થે જ્ઞાનપંચમીની તપશ્ચર્યા કરવી. અજ્ઞાનતારૂપી જ્વરના ઉદ્ગારો માણસનો ત્યાં સુધીજ પરાજય કરે છે કે, જ્યાં સુધી કરેલી તપશ્ચર્યાનો પૂર્ણ વૈભવ પ્રગટ થતો નથી. જેમનો તપરૂપી કુહાડો બહુજ ઉગ્ર રહ્યું વર્તમાન છે, તેમના દુષ્કર્મરૂપી વેલાઓ સમૂળ ઉન્મૂલન પામે છે. જેણે અતિ નિર્મળ એવો તપધર્મ ભાવ સહિત આરાધ્યો છે, તેણે દાનધર્મ અને શીળધર્મ પણ નિશ્ચે આરાધ્યા સમજવા. તપરૂપી મનોરથનો રોહક અસાધારણ સંપત્તિવાળો છે અને તે અવશ્ય મનોરથરૂપી વૃક્ષના ફળને વિસ્તારે છે. માટે હવે ત્હારો અંતરાય ક્ષીણ થવાથી આ પંચમીનું તપ કરીશ તો ત્હારા મનોરથરૂપી વૃક્ષને સર્વ મનવાંછિત ફળ પ્રાપ્ત થશે.”

મુનિની આવી દેશના સાંભળીને તે ડાહ્યા પુરુષે તપધર્મનો અંગીકાર કર્યો. પછી પોતે ઘેર જઇને પંચમ્યાદિ તપ કરવા લાગ્યો. એમ તેણે પોતાના જન્મને કૃતાર્થ કર્યો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામી, તે પંચમીના તપના પ્રભાવથી રાજાનો પુત્ર થયો; તે યુગબાહુ તુંજ. હે યુગબાહુ! આવો ત્હારો પાછલા ભવનો સંબંધ છે.” એમ દેવીએ કહ્યું. વળી સંતુષ્ટ થએલાં તે દેવી બોલ્યાં. “શસ્ત્રકળા અને શાસ્ત્રકળાને વિષે ત્હારું કૌશલ્ય લોકોત્તર (અસાધારણ) થાઓ.” એમ કહીને તેમણે મને બે મંત્ર આપ્યા. એક પ્રતિપક્ષી (શત્રુ) નો પરાજય કરનાર અને બીજો કામમંત્ર (મનવાંછિત પૂર્ણ કરનાર). આ પ્રમાણે મેં મ્હારા પૂર્વ ભવનો સંબંધ સાંભળ્યા પછી શસ્ત્ર શાસ્ત્રાદિ કળા-કૌશલ્યની વિદ્યાનો મંત્ર ગ્રહણ કર્યો. તેટલામાં તો મેં મને પોતાને ગંગાનદીના તીરના પ્રદેશ ઉપર જતો જોયો. એટલે તો હૃદયને વિષે આનંદિત થતો આપને પ્રણામ કરવાને હું અહિં આવ્યો.”

યુગબાહુનો આ વૃત્તાંત શ્રવણ કરીને નૃપતિએ તેને યુવરાજ પદવી આપી. પછી આમ્રવૃક્ષની પેઠે સંપત્તિ પ્રાપ્ત કરીને, તે અર્થિ જનોના મનોરથ પૂર્ણ કરવા લાગ્યો. ત્યારથી તે યુગબાહુ માત પિતાની ભક્તિમાં તત્પર અને જૈનધર્મ પાળવામાં એક ચિત્ત થઇને પંચમ્યાદિ પર્વને દિવસે તપશ્ચર્યા કરવા લાગ્યો.

એકદા અર્ધરાત્રીને સમયે તેણે પોતાના આવાસમાં સૂતાં સૂતાં કોઇ કરુણામય સ્વર સાંભળ્યો; તેથી તે ક્યાંથી આવે છે? તે જાણવાની ઇચ્છાથી ઝટ બેઠો થઇ તેણે શય્યા ત્યાગ કરી, હસ્તને વિષે ખડ્ગ લઇ તે સ્વર સન્મુખ ચાલી નીકળ્યો. તો વનમાં તેણે એક સ્ત્રીને રુદન કરતી દીઠી; ને એક પુરુષ તેની પાસે ભોગની પ્રાર્થના કરતો હતો, તેને પણ તેણે જોયો. જોઇને કુમાર એક વૃક્ષની પાછળ સંતાઇને ઉભો રહ્યો. પેલો પુરુષ તે સ્ત્રી પ્રત્યે કહેવા લાગ્યો. “હું ત્હારો દાસ થઇને રહેવાનું કબૂલ કરું છું, છતાં પણ તું ઉત્તર આપતી નથી; તો લે આ મ્હારી તરવાર અને સ્મરણ કર ત્હારા ઇષ્ટદેવનું.” તે સાંભળીને તે સ્ત્રી કહેવા લાગી. “હે મૂઢ! હું અન્ય કોઇનું સ્મરણ કરતી નથી; મ્હારા હૃદયને વિષે તો યુગબાહુ કુમાર રમ્યા કરે છે, તેજ મ્હારા ઉત્કૃષ્ટ દેવતા છે. મ્હારા જેવી મંદભાગિનીને જો દૈવ તેનું દર્શન અહિં નહિ કરાવે, તો હું માગી લઉં છું કે, “ભવાંતરને વિષે પણ તે મ્હારો પ્રાણનાથ થાવ.”

એ સાંભળીને "મ્હારૂં નામ એ સ્ત્રી ક્યાંથી જાણે ?" એમ વિચારી યુગબાહુ કુમાર હર્ષિત થઇ ખડ્ગ ખેંચીને દોડ્યો. "અરે ક્રૂર ચાંડાળ! સ્ત્રીઘાતી તું ક્યાં જાય છે!" એમ તિરસ્કાર કર્યો, એટલે પેલો પુરૂષ કહેવા લાગ્યો. "અરે ભલા માણસ, તું અહિંથી દૂર જતો રહે. પ્રાણીનું આયુષ્ય ક્ષીણ થયે અધિકાની પેઠે તું શા માટે અહિં મરવા આવે છે!" કુમારે ઉત્તર આપ્યો. "પ્રાણ છૂટી જતા હોય તો પણ બુદ્ધિમાન્ પુરૂષોએ સ્વાર્થ ત્યજીને પરમાર્થ કરવો ઘટે છે. પણ તેં આ અતિ ક્રૂર કર્મ શું આદર્યું છે! તે તને ઉચિત છે! એ ઉભય લોકને વિરૂદ્ધ છે; સુબુદ્ધિ જન એમ ન કરે." આ સાંભળી તે પુરૂષ બોલ્યો. "અરે દુષ્ટ! શું તું મને ઉપદેશ કરવા આવ્યો છે!" એમ કહીને તે યુગબાહુને હણવાને ઉઠ્યો. બન્નેનું ખડ્ગ યુદ્ધ ચાલ્યું. તેમાં પેલા પુરૂષે કુમારને પરાક્રમી જોઇને, તેને નાગપાશથી બાંધી લીધો. તે ઉપરથી કુમારે સરસ્વતીએ આપેલો મંત્ર સ્મરણ કરી તેના નાગપાશને તોડ્યો. અનુક્રમે બન્નેને બહુ યુદ્ધ થયું. છેવટે કુમારે પેલા પુરૂષને સ્વામિની વિદ્યાથી સ્તંભાવી મૂક્યો. એવામાં પેલી સ્ત્રીએ યુગબાહુનું રૂપ જોયું એટલે વિસ્મય પામી તે ચિંતવવા લાગી. "જો આ અહિં આવ્યો છે એ રાજપુત્ર યુગબાહુજ હોય, તો તો આ અધમ એવા પણ વિદ્યાધરે નિઃસંશય મ્હારા ઉપર ઉપકાર કર્યો." પછી કુમારે પેલા પુરૂષને બંધનથી મુક્ત કર્યો એટલે તેણે તેને પ્રણિપાત કર્યો. એટલામાં તો કોઇ વિદ્યાધર સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરતો છતો વિમાનમાંથી ઉતરીને ત્યાં પ્રકટ થયો, ને રાજકુમારની પાસે આવીને કહેવા લાગ્યો. "હે યુગબાહુ! તું સ્વસ્થ થઇને મ્હારૂં વચન સાંભળઃ—

ભરતક્ષેત્રની સીમા ઉપર આવેલા વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણિમાં અલકાપુરીને પણ તિરસ્કાર કરનારૂં એવું ગગનવલ્લભ નામે નગર છે. ત્યાં મણિચૂડ નામે વિદ્યાધર રહેતો હતો. તેને મદનાવલિ નામે સ્ત્રી હતી. આ દંપતીને જગદેવતાએ એક પુત્રી આપી હતી. તેણીનું નામ અનંગસુંદરી એવું પાડ્યું. તે અનુક્રમે યૌવન પામી ચોસઠ કળામાં કુશળ થઇ, એટલે તેણીએ પ્રતિજ્ઞા કરી કે, "જે કોઇ પુરૂષ મ્હારા પૂછેલા ચાર પ્રશ્નનો ઉત્તર આપશે, તે મ્હારો ભર્તાર થશે; પછી તે ભલે તો ખેચર ( વિદ્યાધર ) હો અથવા ભૂચર ( પૃથ્વી ઉપર ચાલનાર મનુષ્ય ) હો." તેણીની આ પ્રતિજ્ઞા સાંભળીને અનેક વિદ્યાધરો અને રાજાઓ ત્યાં આવ્યા. સર્વ અહંકારથી ભરેલા હતા, પણ કોઇ તેણીના પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નહિં; એટલે પુન્ય રહિત જીવોને જેમ લક્ષ્મી ફળીભૂત થતી નથી, તેમ તેમના મનોરથ પણ ફળીભૂત થયા નહી. આ જોઇને રાજા મણિચૂડે એક ઉત્તમ નૈમિત્તિક ( જોષી ) ને પૂછ્યું. તેણે પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, "યુગબાહુ નામનો ભૂચર, એ અનંગસુંદરીનો ભર્તાર થશે." ત્યારથી જેમ લક્ષ્મી કૃષ્ણને વિષે અનુરાગ યુક્ત થઇ હતી, તેમ તે ( અનંગસુંદરી ) આપનાં કાર્ય ને સદ્ગુણ કાને પડવાથી આપને વિષેજ ચિત્ત લગાડીને રહી છે. એક પરમ દિવસે પ્રભાતે શંખપુરના સ્વામી પવનવેગ નામના વિદ્યાધરે સભામાં આવીને મણિચૂડની પાસે તેની પુત્રીની માગણી કરી, ત્યારે રાજાએ તેને પેલા ચાર પ્રશ્નનો ઉત્તર આપવાનું કહ્યું. પણ તે તો તેને ન આવડ્યા, તેથી તે વિલક્ષ બની ગયો એટલે છેવટ તે અનંગસુંદરીનું હરણ કરી ગયો; તેથી પેલા અન્ય સર્વ વિદ્યાધરો સ્વસ્થાનકે ગયા. એ અનંગસુંદરીનો હું મામો થઉં છું. દૈવયોગે હું અહિં આવી પહોંચ્યો છું. આ તે અનંગસુંદરી ને આ તે પવનવેગ. વળી આ પવનવેગ મ્હારો જમાઈ થાય છે."

અનંગસુંદરીનો મામો આ પ્રમાણે કથાનક કહે છે, ત્યાં અકસ્માત્ મણિચૂડ પણ સહુપરિવાર આવી પહોંચ્યો; ને તેણે યુગબાહુને કહ્યું. "હે બળવંત ભુજાદંડવાળા યુગબા-

હુ! આ મ્હારી પુત્રી મ્હારા જીવિત સમાન છે. નિમિત્ત જોનારા નૈમિત્તિકે મને પૂર્વે 'આપ એના ભર્તાર થશો' એમ કહ્યું છે. વળી આ વિદ્યાધરના સ્વામીએ પણ આપને એ જણાવ્યું હશે; માટે એ કન્યાનું હું તમને દાન દઉં છું. એમાં મ્હારી પ્રભુતા (માન, મ્હોટાઇ) છે, એટલુંજ નહિં પણ એ કન્યાની પ્રતિજ્ઞાનો નિર્વાહ પણ આપના ઉપરજ રહેલો છે. આપના સમાન વિના કારણે ઉપકારી પુરુષો કયાં હોય? (પણ ખરે) જો સૂર્ય ન હોય તો વિશ્વનું જીવિત કેમ ટકી રહે?"

વનને વિષે આ વાત થાય છે, એવામાં તો ત્યાં પોતાના પુત્રનો વૃત્તાંત જાણ્યાથી, વિક્રમબાહુ રાજા પણ આવ્યો. આ બન્ને રાજાનો સંયોગ અહિં ગંગાના અને યમુનાના પ્રવાહ જેવો પ્રશંસા કરવા યોગ્ય થયો. હવે પવનવેગે પણ યુગબાહુને પ્રણામ પૂર્વક કહ્યું, "હે રાજન્! મેં સ્ત્રીહરણનું પાપ કર્યું છે, માટે મને ક્ષમા આપો." પછી યુગબાહુએ તેને પોતાનો સેવક બનાવ્યો. ત્યાર પછી મણિચૂડ વિદ્યાધર અન્ય સર્વ વિદ્યાધરોને પોતાની નગરી પ્રત્યે તેડી ગયો; ત્યાં નગરીની બહાર તેણે એક રમ્ય મંડપ રચાવ્યો ને તેમાં આસનો મૂકાવ્યાં. તે ઉપર સર્વ ભૂચર અને ખેચર (રાજા અને વિદ્યાધર) આવીને બેઠા. પછી મણિચૂડ, વિક્રમબાહુ અને યુગબાહુ એ ત્રણે ત્રણ ઉત્તમ સિંહાસન ઉપર વિરાજમાન થયા; એટલે અનંગસુંદરી પણ યોગ્ય વસ્ત્રાભૂષણ સજીને ત્યાં આવીને પિતાને નમન કરીને તેમની સમીપે બેઠી. ત્યારે રાજા મણિચૂડે કહ્યું. "આ મ્હારી પુત્રીએ જે ચાર પ્રશ્નો પૂછ્યા હતા, તેના ઉત્તર આજ સુધી પણ કોઇ આપી શકયું નથી; તે ઉત્તર હવે આ યુગબાહુ કુમાર આપશે." તે પછી યુગબાહુએ એ કુમારીના ચારે પ્રશ્નોના ઉત્તર એક સુવર્ણની પૂતળી પાસે અપાવ્યા. તે આ પ્રમાણે:—

પ્રશ્ન—કળાવાન્ કોણ? ઉત્તર—પુન્યમાં રુચિવાળો. પ્રશ્ન—સદ્બુદ્ધિવાળો કોણ? ઉત્તર—કરુણામાં તત્પર હોય તે. પ્રશ્ન—સારા ભાગ્યવાળો કોણ? ઉત્તર—સારું બોલનારો. પ્રશ્ન—વિશ્વને જીતનાર કોણ? ઉત્તર—ક્રોધને જીતનારો.

એ પ્રકારે સમસ્યા પૂરી એટલે જય જય શબ્દ થવા લાગ્યા. તેથી નૃપકુમારી અનંગસુંદરીએ યુગબાહુ રાજપુત્રના કંઠને વિષે સહર્ષ ચિત્તે વરમાળા આરોપી અને સર્વેએ જય જય શબ્દ કર્યો. પછી શુભ મુહૂર્તે મણિચૂડ રાજાએ પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું, ને વિક્રમબાહુ આદિ રાજાઓનું વસ્ત્રાલંકાર આદિથી સન્માન કર્યું. એટલે વિક્રમબાહુ વર કન્યા સહિત પોતાની નગરીએ ગયો. અનુક્રમે સર્વ રાજા અને પવનવેગાદિ વિદ્યાધરો પણ પોત પોતાને સ્થાનકે ગયા.

એકદા વિક્રમબાહુ રાજાએ જિનેશ્વર ભગવાનની ઉત્તમ રીતે પૂજા કરી અને બંદિજનોને મુક્ત કરી તેમજ મંત્રીશ્વરની રજા લઇ યુગબાહુને પોતાને પદે સ્થાપી ગુરુ પાસે સંયમ અંગીકાર કર્યો. ત્યાર પછી યુગબાહુ ભૂપતિએ પણ પોતાના પિતાએ આપેલી વિદ્યાના બળે સર્વ શત્રુઓને વશ કર્યા. મણિચૂડ વિદ્યાધરે પણ દીક્ષા લઇને યુગબાહુને વિદ્યાધરોનો અધિપતિ બનાવ્યો. એકદા અનંગસુંદરીએ ઉત્તમ દિવસે શુભ સ્વપ્નથી સૂચિત એવા એક પુત્રરત્નને જન્મ આપ્યો. તેનો જન્મોત્સવ કરીને તેનું રત્નબાહુ એવું નામ પાડયું. અનુક્રમે પુત્ર વૃદ્ધિ પામ્યો. તેને ધર્મ કર્મ શાસ્ત્રનું અધ્યયન કરાવ્યું.

એકદા વિક્રમબાહુ મુનિ, કે જેમને હમણાં આચાર્યપદ પ્રાપ્ત થયું હતું, તે વિચરતા વિચરતા ત્યાં આવ્યા; એટલે યુગબાહુ તેમની પાસે ધર્મ શ્રવણ કરવા ગયો. ગુરુએ ઉપદેશ આપ્યો કે, "શાશ્વત એવો જે ધર્મ, તે પિતા—માતા—સ્ત્રી—મિત્ર—પુત્ર—સ્વામી કે બંધુ

થી પણ અધિક છે; મૃત્યુ પછી પણ તેજ સંબાધિ આપે છે અને દુઃખને દૂર કરનારો પણ તેજ છે; ( પરંતુ ) આ સ્વજન વર્ગમાંથી કોઇ તેવા નથી. વળી આ ધર્મ છે તે પ્રાણીઓને મહા મંગળિકનું કારણ છે; માતાની પેઠે સર્વ દુઃખનું શૂળ હરનારો છે; પિતાની પેઠે સારા ચિંતિત અર્થને પૂરનારો છે અને મિત્રની પેઠે હર્ષ પ્રત્યે આપનારો છે. આ ઇચ્છિતપણાની સિદ્ધિ ચીજાવીના ચમત્કાર જેવી છે; કારણ મોક્ષની આડા આવનાર કર્માદિને નાશ કરે છે અને સ્નેહાદિ પણ જળતરંગ સમાન ચપળ છે; તેથી આ ભાવિત એવો ધર્મજ સેવન કરવા યોગ્ય છે."

ઇત્યાદિ ધર્મોપદેશ શ્રવણ કરી વૈરાગ્ય પામી યુગબાહુ નૃપતિએ પુત્ર ચંદ્રબાહુને રાજ્ય પર બેસારી પોતે ગુરુ પાસે દીક્ષા લીધી. ગુરુએ કહ્યું. "શુદ્ધ ચારિત્ર પાળજો; કારણ કે, તેવા ચારિત્રથી સ્વર્ગ અને મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે—કેટલાએક સિંહ સમાન થઇને ચારિત્ર ગ્રહણ કરે છે, પણ પાળવામાં તે શિયાળ સરખા થાય છે. ( અર્થાત્ ગ્રહણ કરતી વખતની હરણ પાળતી વખતે રહેતી નથી; ) કેટલાએક શિયાળ સમાન ગ્રહણ કરે છે, પણ પાળે છે સિંહની પેઠે; કેટલાએક શિયાળ જેવા બનીને તે ગ્રહણ કરે છે, ને પાળે છે પણ શિયાળની પેઠે; પણ સર્વથી ઉત્તમ જીવ તો તેજ કે, જે સિંહ સમાન થઇ ગ્રહણ કરે છે ને પાળે છે પણ સિંહ જેવાજ થઇને. માટે તમારે આ દીક્ષા અને મોક્ષ ધર્મની સમાન ચારિત્રનું પાલન કરવું." ગુરુનું આવું વચન શ્રવણ કરીને પછી છઠ્ઠ-અઠ્ઠમ-પક્ષખમણ-માસખમણ આદિ તપશ્ચર્યા કરતાં કરતાં તેમણે ઘાતિકર્મનું છેદન કર્યું. અનુક્રમે તપ કરતા એવા તેમને સર્વ કર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ઉપરે અનેક ભવ્યજીવોને ચિરકાળ પર્યંત પ્રબોધીને યુગબાહુ મુનિ મોક્ષે ગયા. ઇતિ યુગબાહુ મુનિની કથા.

મૂળગાથા.

**अज्जगिरि अज्जरक्खिय, अज्जसुहत्थी उदायगो मणगो॥**
**कालिपसूरी संबो, पज्जुन्नो मूलदेवो अ ॥ ५ ॥**

આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસૂરિ, આર્યરક્ષિતસૂરિ, ઉદાયનરાજર્ષિ, મનકપુત્ર, કાલિકાચાર્ય, બીજા કાલિકાચાર્ય, ત્રીજા કાલિકાચાર્ય, શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમાર; તેમજ મૂળદેવ. એ અગીઆર મહા પુરુષોની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૫)

## આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસૂરિ

આ પૃથ્વી ઉપર અરિહંત ભાષિત ધર્મ કરનારા ભવ્ય પ્રાણીઓ, આર્યમહાગિરિ તેમજ આર્યસુહસ્તિસૂરિની પેઠે વિજય અને સુખ પ્રાપ્ત કરે છે.

સ્થૂલભદ્ર મુનીંદ્રને આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ નામના બે શિષ્યો હતા. ધર્મના શરણરૂપ અને જ્ઞાનના ચક્ષુરૂપ તેઓ બન્ને સહિત દશ પૂર્વધારી થઇને પૃથ્વીને પવિત્ર કરતા હતા. તેમાં આર્યમહાગિરિ તો અનેક શિષ્યોને વાચનાજ આપતા; પોતાના ગચ્છનો સર્વ ભાર તેમણે આર્યસુહસ્તિ ઉપર નાંખ્યો હતો. આમ તે જિનકલ્પીની સમાન એકાકી થયા. જિનકલ્પના વિચ્છેદને લીધે ગચ્છમાં રહ્યા છતાં જિનકલ્પી આર્ય મહાગિરિ તપશ્ચર્યા કરતા પૃથ્વીને વિષે વિહાર કરતા હતા.

એકદા એ બેઉ સૂરિ પાટલીપુત્ર નગરે ગયા; ત્યાં સુહસ્તિ આચાર્યે વસુભૂતિ નામના શેઠને પ્રતિબોધ્યો; એથી તે જીવ-અજીવ-આદિ નવતત્વનો જાણનારો થયો. પછી પોતે પો

તાના કુટુંબિઓને બોધ દેવા લાગ્યો: પણ તે તેમને પ્રતિબોધી શક્યો નહીં. એટલે તેણે ગુરુ સુહસ્તિને તે કારણે પોતાને ઘેર બોલાવ્યા. તેમણે ત્યાં આવીને સંસારરૂપી દાવાનળના તાપને શમાવનારી દેશના દેવી શરૂ કરી. એવામાં ત્યાં ભિક્ષાને અર્થે આર્યમહાગિરિ આવી ચડ્યા; એટલે તત્ક્ષણે શ્રી સુહસ્તિસૂરિએ ઉઠીને ભક્તિ પૂર્વક તેમને વંદન કર્યું. ત્યારે શેઠી વસુભૂતિએ સુહસ્તિસૂરિને કહ્યું. "હે ભગવન્! આપ જે સર્વના ગુરુ છો, તેમના પણ શું આ ગુરુ છે ?" શ્રી સુહસ્તિ આચાર્યે ઉત્તર આપ્યો. "એ મ્હારા ગુરુ છે; જિન કલ્પી થઈ બીજે ભક્તપાન કરે છે; તપશ્ચર્યા કરતા તેઓ કર્મરૂપી રોગને હણે છે." આમ સૂરિનો તેમના ગુરુ તરફ આવો શ્રેષ્ઠ ભક્તિભાવ જોઈને અને ધર્મોપદેશ શ્રવણ કરીને સકળ કુટુંબ પ્રબોધ પામ્યું, એટલે આચાર્ય સુહસ્તિ પોતાને સ્થાનકે ગયા.

હવે પાછળથી વસુભૂતિએ પોતાના બંધુવર્ગ પ્રત્યે કહ્યું કે, "આ મુનિ મોક્ષમાર્ગને દેખાડનારા છે, માટે જ્યારે જ્યારે આપણે ત્યાં આવે, ત્યારે ત્યારે આપણે તેમને બહુમાન પૂર્વક ભક્તપાન આપવું. કારણ કે, તેનું દાન બહુ ફળ આપનારું છે. મોક્ષફળદાયી છે." એકદા આર્યમહાગિરિજી ત્યાં ભિક્ષાને અર્થે આવી ચડ્યા. ત્યાં શ્રાવકો તેમને ભક્તપાન વહોરાવવા બહુ વિનય ભક્તિ સહિત ઉદ્યમવંત થયા; 'તે સર્વ વસ્તુ અશુદ્ધ છે.' એમ જ્ઞાનવડે મહાગિરિએ જાણ્યું, ને ઉપાશ્રયે ગયા. ત્યાં જઈ સુહસ્તિસૂરીને કહેવા લાગ્યા. "ત્હારા ઉપદેશથી તો પેલા સર્વ શ્રાવકો મને અશુદ્ધ આહાર વહોરાવવા ઉદ્યમવંત થયા." તે સાંભળી વિનયવંત સુહસ્તિસૂરીએ કહ્યું. "ક્ષમા કરો; ફરી હું એવું નહિં કરૂં."

અન્યદા જીવંતસ્વામીની પ્રતિમાની રથયાત્રા જોવાને બન્ને સૂરિ અવંતી નગરીએ વિહાર કરી ગયા. ત્યાં અનેક વૈરિઓ ઉપર વિજય મેળવનાર સંપ્રતિ રાજા રાજ્ય કરતો હતો. મહા ઉત્સવ સહિત જીવંતસ્વામીનો રથ નગરમાં ફરવા નીકળ્યો. સંસારરૂપી સમુદ્રને તરી જવાને વહાણરૂપ એવો આ રથ ચાલ્યો, તેની પાછળ સંઘ સહિત બન્ને સૂરિ પણ ચાલતા હતા. રથ નગરની મધ્યે ફરતો ફરતો રાજદ્વાર પાસે આવી પહોંચ્યો, તે વખતે રાજા ગવાક્ષમાં બેઠો હતો; તેને સુહસ્તિ આચાર્યને જોઇને વિચાર થયો કે, "આવા શાંતાત્મા પુન્યમૂર્તિ મુનિને મેં પૂર્વભવે કે આજ ભવમાં ક્યાંય પ્રથમ દીઠા છે ખરા; એમને જોવાથી મને બહુજ મોહ ઉપજે છે. કહ્યું છે કે-જેને જોવાથી હર્ષ ઉત્પન્ન થાય છે અને દ્વેષ નાશ પામે છે, તેને પૂર્વભવનો બંધુ જાણવો." આમ ફરી ફરી વિચાર કરતા એવા રાજાને મૂર્છા આવી, ને તે ભૂમિ ઉપર પડ્યો; પણ મંત્રીઓના વાયુ પ્રક્ષેપ આદિ શીતોપચારથી તે સચેતન થયો; ને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તત્ક્ષણ ઉભા થઇને ગુરુ પાસે જઈ રાજાએ તેમને ત્રણ પ્રદક્ષિણા દીધી ને પોતાના પૂર્વ ભવના ગુરુ આ ભવમાં અહિં મળ્યા એથી તેણે તેમની પાસે બહુ મસ્તક નમાવ્યું. બે હાથ જોડીને રાજાએ હર્ષ સહિત પ્રશ્ન કર્યું કે, "હે ભગવન્! જૈનધર્મનું ફળ શું ?" ગુરુએ ઉત્તર આપ્યો. "મોક્ષ ફળ તો અમૂલ્ય, બાકી અપર ફળ તો કલ્પનાથી ઘણાં થાય." વળી નૃપતિએ બીજું પ્રશ્ન કર્યું કે, "આ અસ્પૃષ્ટ એવા સામાયિકનું ફળ શું ?" ઉત્તર મળ્યો કે, "સામાયિક કરનારો પ્રાણી જે પુન્ય બાંધે છે, તેની સંખ્યા થઇ શકતી નથી. કહ્યું છે કે—સામાયિક કરવાથી શ્રાવક સાધુ સમાન થાય છે, માટે વારંવાર સામાયિક કરવું. વળી અસ્પૃષ્ટ સામાયિકથી રાજ્ય પ્રાપ્ત થાય છે; એ રાજ્ય ફળ."

એ સાંભળી રાજાએ વળી પૂછ્યું. "હે ભગવન્! આપે મને ઓળખ્યો કે નહિ ?" ઉપયોગ મૂકી જાણીને ગુરુએ કહ્યું. "જ્ઞાનના ઉપયોગી હોવાથી વિહાર કરતા આપણે

શ્રી મહાગિરિસૂરિની સંગાથે કૌશાંબી નગરીએ ગયા હતા. ત્યાં સાધુ ઘણા હતા ને વસતિ ન્હાની હોવાથી, આપણે જૂદું રહેવું પડયું હતું. તે વખતે મ્હોટો દુકાળ હતો. મહર્દ્ધિક શ્રાવકો આપણને બહુ અન્ન વહોરાવતા હતા. કોઈક શ્રાવકને ત્યાં આપણા સાધુઓ ભિક્ષાર્થે ગયા હશે, ત્યાં તેમની પાછળ કોઈ રંક પ્રાણિ ગયો; તેણે તેમની પાસે બહુ અન્ન જોઈને કહ્યું. "હું દીન છું, ક્ષુધાતુર છું, મરી જઉં છું, માટે મને કંઈક આપો." ત્યારે પેલા સાધુઓએ કહ્યું. "અમારા ગુરુ જાણે; અમે તો તેમને આધીન છીએ; અમે પોતે કંઈ આપી શકીએ નહીં." ત્યારે તે રંક માણસે ગુરુ પાસે જઈને ભોજનની યાચના કરી. જ્ઞાન યુક્ત ગુરુએ તેનો આગલો વૃત્તાંત (ભવ) દેખીને કહ્યું. "જો દીક્ષા લે તો ભોજન મળે." તે રંકે વિચાર્યું. "હું ઘણા કાળથી કષ્ટ તો સહન કરૂંજ છું, માટે આ તો વ્રતનું કષ્ટ છે તે તો સહન કરવું સારૂં; કારણ કે, ત્યાં કચ્છિત ખાવાનું તો મળે છે!" એમ વિચારી તેણે દીક્ષા લેવાની હા કહી અને આચાર્યે તેને દીક્ષા આપી. ગુરુએ પછી તેનું અલ્પ આયુષ્ય જાણીને ભાવવૃદ્ધિને અર્થે બીજા સાધુની સંગાથે સાધ્વી પાસે મોકલ્યા. ત્યાં આ નવા સાધુને સાધ્વીએ અને શ્રેષ્ઠીની પુત્રી તથા પત્નીએ ઉભા થઈને વંદન કર્યું. યતિએ વિચાર્યું. "અહો! જે મેં કદિ પણ જોયેલ નહિ, તેવું આજે ભોજન કર્યું! વળી આવી સાધ્વીઓ પણ આજજ દીક્ષા પામેલા એવા પણ મને વંદન કરે છે!" આમ તેના ભાવ વૃદ્ધિ પામવા લાગ્યા ને તે પછી શાળામાં ગયો. ત્યાં કોઈ બળિષ્ટ આહારનું અજીર્ણ થવાથી તે બહુ પીડાવા લાગ્યો; ગુરુએ ત્યાં તેને બહુ નિઝામ્યો; તે રંકનો જીવ મૃત્યુ પામીને કુણાલ ભૂપતિનો પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે તું અને અમે તે રંકને દીક્ષા આપનારા."

પછી ભૂપતિએ કહ્યું. "હે ભગવન્! આ રાજ્યપ્રાપ્તિ આપની કૃપાથીજ છે; જો તે વખતે મને આપનું દર્શન ન થયું હોત તો, મને સંયમ ક્યાંથી મળત? પાછલા ભવમાં આપ મ્હારા ગુરુ હતા તો આ ભવમાં પણ આપજ મ્હારા ગુરુ થાઓ." સુહસ્તિ આચાર્યે કહ્યું. "હે રાજન્! સ્વર્ગ અને મોક્ષ આદિના સુખના દેનારા એવા જૈનધર્મને ભજો, કે જેથી આ સંસાર થકી તમારો નિસ્તાર થાય." પછી રાજા બહુ પરિવાર સહિત ગુરુ પાસે ધર્મ શ્રવણ કરવા ગયો. ગુરુએ ઉપદેશ આપ્યો. "ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગના સંસાધન વિના માણસનું આયુષ્ય પશુની સમાન વિફળ છે; ને તેમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહ્યો છે. કારણ કે, તેના વિના અર્થ કે કામ સધાતા નથી. જે અધમ પ્રાણીઓ પોતાને પ્રાપ્ત થયેલો ધર્મ ત્યજી દઈને ભોગોપભોગની આશામાં દોડયા જાય છે, તેઓ કલ્પવૃક્ષને ઉન્મૂલન કરીને આંગણાને વિષે ધંતુરાનું વૃક્ષ વાવે છે; ચિંતામણિ રત્ન ત્યજીને કાચના કટકાનો સ્વીકાર કરે છે અને મેરૂપર્વત સમાન હસ્તીને વેચી દઈને ગધેડાને ખરીદે છે." આવો ધર્મોપદેશ શ્રવણ કરીને સંપ્રતિ રાજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. "આવા દેવ, ગુરુ અને ધર્મ તેજ મ્હારા દેવ-ગુરુ-ધર્મ થાઓ." આ પ્રમાણે જેની સાતે ધાતુઓ જૈનધર્મથી વાસિત થઈ છે એવો તે શ્રાવક શિરોમણિ થયો. કહ્યું છે કે-જે પ્રાણી જિનેશ્વર ભાષિત ધર્મ ભાવથી આદરે છે, તે પ્રાણી સકળ કલ્યાણનો ભોક્તા થાય છે અને તેને મોક્ષપદ પાસેજ છે. પછી તો રાજા ત્રણે સંધ્યા સમયે (પ્રભાત, મધ્યાન્હ અને સાંયકાળ) જિનપૂજા કરવા લાગ્યો; સાધર્મિક વાત્સલ્ય અને સાતક્ષેત્રને વિષે દ્રવ્ય વાપરવા લાગ્યો; કિંચિત્ સમય પણ તે વૃથા નિર્ગમન કરતો નહિ. કારણ કે, વિવેકી પુરુષ ધર્મનો અવસર પામીને તેનો વિસ્તાર કરવામાં વિલંબ કરે નહિ; તે ઉપર દૃષ્ટાંત કહે છે કે-જો બાહુબળિએ તક્ષશિલા નગરીને વિષે "પ્રભુને સવારે વંદન કરવા જઈશ" એમ કહીને વિલંબ કર્યો, તો વળતી પ્રભાતે તે વાંદી શકયો ન

હી. કારણ કે પ્રભુ તો વિહાર કરી ગયા હતા. વળી સંપ્રતિ રાજા યાચકોના દારિદ્રને દૂર કરનાર એવાં દાન પણ આપવા લાગ્યો. એમ કરી દશે દિશાએ દિગ્યાત્રા કરીને તેણે ભરતક્ષેત્રના ત્રણે ખંડને સાધ્યા, એટલે તો એ ત્રણ ખંડના સ્વામીની આઠ હજાર રાજાઓ સેવા કરવા લાગ્યા; પચાસ હજાર હસ્તી, એક ક્રોડ અશ્વો, સાત ક્રોડ સેવકો અને નવ ક્રોડ રથ, એવું તેના સૈન્યનું માન થયું. અનેક દેવતાઓ તેની સર્વત્ર સાન્નિધ્ય કરવા લાગ્યા અને તેના ભંડારમાં સુવર્ણ અને રૂપ્ય આદિ ઉત્તમ ધાતુઓનું તો પ્રમાણજ રહ્યું નહિ.

આમ શ્રી સુહસ્તિસૂરિએ કહેલા ધર્મ પ્રમાણે આચરણ કરતા સંપ્રતિ રાજાએ બહુ પુન્ય ઉપાર્જન કર્યું. શ્રી સંઘની સંગાથે તે પ્રતિવર્ષ ચૈત્યયાત્રા કરવા લાગ્યો; તે સમયે અશ્વને બદલે શ્રાવકો પોતેજ તીર્થંકરના રથને ચૈત્યના દ્વારથી ખેંચી લઈ જતા; તે જાણે તેઓ પોતાના આત્માને સંસાર થકી ખેંચી લેતા હોયની ! તેમ દેખાતા હતા.

એટલામાં શ્રી સુહસ્તિ આચાર્ય જૂદા જૂદા દેશોમાં વિહાર કરીને ફરી ત્યાં આવ્યા. તે સમયે, જેમને જરા પણ માન નથી એવા સમકિતી શ્રાવકો જિનચૈત્ય થકી પોતાની દૃષ્ટિ ફેરવીને ચમત્કાર સહિત તે રથની સામું જોવા લાગ્યા. નવ પ્રકારનાં વાજિત્રો વાગતાં હતાં, તેથી આનંદમાં મગ્ન થતા લોકોને સ્વપ્ન જેવો મહોત્સવ થયો. ધર્મરૂપી સમુદ્રના મહાન્ મોજાઓની સમાન સંખ્યાબંધ ભમતા શ્રાવકોનાં પાતકો તે રથનાં દર્શનથી નાશ પામ્યાં. પ્રત્યેક દુકાનની એબ્રિએ જિનભક્ત શ્રાવકો પૂજન કરવા લાગ્યા અને કેસરના જળના છાંટા નાંખવા લાગ્યા. આમ ચતુર્વિધ સંઘ અને ચતુરંગ સેનાએ પરવર્યો એવો તીર્થંકરનો રથ મોહને ટાળનારી એવી યાત્રાએ ચાલ્યો. ચાલતાં ચાલતાં તે ત્રણે ખંડની લક્ષ્મીના આધારભૂત એવા સંપ્રતિ નૃપતિના ભાગ્ય થકી ખેંચાતો હોયની ! તેમ ધીમે ધીમે રાજ્ય દ્વાર પાસે આવ્યો. ત્યાં રાજાએ અષ્ટ કર્મનું છેદન કરવાનેજ હોયની ! તેમ અષ્ટપ્રકારી પૂજા એ લોકો પાસે પૂજન કરાવ્યું. પછી વૈતાઢ્ય પર્વત સુધીના સામંતોને તેડાવીને સંપ્રતિ રાજાએ કહ્યું કે, "જો તમે ખરેખરા મ્હારા ભક્ત હો તો સાધુઓના ઉપાસક થાઓ."

આ પ્રમાણે સંપ્રતિ રાજાના આદેશથી તેના સામંતો જૈનધર્મના સાધુઓના ઉપાસક થયા. શુદ્ધ બુદ્ધિવાળો સંપ્રતિ રાજા પણ આર્ય દેશના સર્વ ભૂપોને જૈનધર્મી કરીને વિચારવા લાગ્યો. "હવે મ્હારે અનાર્ય દેશમાં કેવી રીતે જૈનધર્મનો વિસ્તાર કરવો ? સાધુ વિના સો કોને બીજા કોઈ ઉપદેશ આપશે ? માટે પ્રથમ તો શ્રાવકોને ત્યાં મોકલવા. તેઓ ત્યાં જઈને ધર્મોપદેશ આપીને ત્યાંના લોકોને શ્રાવક કરશે." એમ વિચારી બહુ શ્રાવકોને યતિનો વેષ આપીને પરદેશ મોકલ્યા; ને સાથે સૂચના આપી કે, "તમે ત્યાં બેતાળીશ દોષ વર્જિત આહાર ગ્રહણ કરજ્યો ને સ્વાધ્યાય આદિ સર્વ સાધુની ક્રિયા કરજો. જેઓ એ પ્રમાણે કરશે, તેનો ગ્રાસ બમણો કરી આપીશ; ને એ પ્રમાણે નહિ વર્તે તેમનો ગ્રાસ સમૂળો લઈ લઈશ."

એ ઉપરથી સાધુઓનો વેષ લઈને તેઓ નિર્વાહમાત્ર ધન પાસે રાખીને અનાર્ય દેશમાં ગયા. ત્યાંના લોકો તેમને શ્રી સંપ્રતિ રાજાના ગુરુ જાણીને તેમનો ઉપદેશ શ્રવણ કરવા લાગ્યા. "અહિંસા, સત્યતા, ચોરીનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ અને બ્રહ્મચર્ય એ પાંચ સૂત્રને વિષે સર્વ ધર્મ પ્રતિષ્ઠિત છે. વળી ધર્મથી પ્રાણી મહાન્ રાજ્ય, ઉત્તમ ભોજન, સૌભાગ્ય, આરોગ્ય, યોગ્ય કુટુંબ, ઉત્તમ સ્ત્રી, ઉત્કૃષ્ટ યશ વિલાસ અને પ્રાંતે સ્વર્ગ તથા મોક્ષનાં સુખ પ્રાપ્ત કરે છે અને અધર્મથી દારિદ્ર, પરની સેવા, દુષ્ટ સંગત, એકાકીપણું, દીનતા, હલકું ભોજન અને કદરૂપ પામે છે."

આમ તેઓ તેમને ઉપદેશ આપે અને લોકો પણ બદલામાં તેમને શુદ્ધ અન્ન પાન

વહોરાવે. એમ કરતાં કરતાં તેઓમાંના બહુ જૈનધર્મી થયા; જૈનધર્મ અંગીકાર કરીને જિનચૈત્ય કરાવવા લાગ્યા. પછી તેમણે સાધુઓને પૂછ્યું. "આપના ગુરુ કોણ ?" તેઓએ ઉત્તર આપ્યો. "શ્રીસુહસ્તિ આચાર્ય." અનુક્રમે અનાર્ય દેશમાં હવે સાધુઓનો વિહાર શરૂ થયો જાણી સંપ્રતિ હર્ષ પામ્યો અને ગુરુએ પણ તે ઉપરથી પોતાના શિષ્યો (ખરા સાધુઓ) ને ત્યાં વિહાર કરાવ્યો. એટલુંજ નહિં પણ જેઓ કૃત્રિમ સાધુ થઇને પ્રથમ અનાર્ય દેશમાં ગયા હતા, તેઓએ પણ એ વેષ કાયમ રાખ્યો, ને ગ્રહણ કરેલું ચારિત્ર તે રાખ્યુંજ. પાળ્યું; છોડ્યું નહી. સુકૃતિ પ્રાણિઓ આદરેલું ત્યજતા નથી. કહ્યું છે કે શિવે એક વાર કાળકૂટ વિષ ગ્રહણ કર્યું, તે હજુ ત્યજતા નથી; કાચબો પણ પોતે ધારણ કરેલી પૃથ્વીને મૂકી દેતો નથી; તેમ સમુદ્ર પણ દુર્વહ વડવાગ્નિને વહન કર્યા કરે છે; પરંતુ ત્યજી દેતો નથી.

એકદા ગુરુ મહારાજાએ ( સુહસ્તી આચાર્યે ) કહ્યું. "હે સંપ્રતિ રાજા ! ત્યારે દાન તો વિશેષ આપવું; કારણ કે, દાન વિના ભોગ નથી. જિનેશ્વર ભગવાને ચાર પ્રકારનો ધર્મ કહ્યો છે, તેમાં પણ દાનધર્મ મુખ્યપણે વર્ણવ્યો છે; કારણ કે, દાનધર્મ વિના બીજા ધર્મ કરી શકાય નહી એવા છે." એ સાંભળીને રાજાએ ચોરેચૌટે અને ગામે ગામ બહુ દાનશાળા કરાવી.

વળી અન્ય કોઈ અવસરે ગુરુએ સંપ્રતિ રાજાને કહ્યું. "હે રાજન્! જિનભવન, જિનબિંબ, પુસ્તક લખાવવાં, ચતુર્વિધ સંઘ અને સાત ક્ષેત્ર—એટલાં વાનામાં જે દ્રવ્ય વાવ્યું હોય છે, તે અનંતગણું થાય છે અને મોક્ષફળ આપે છે. કહ્યું છે કે-રાજાને અથવા રંકને, બુદ્ધિવંતને અથવા જડને, નિરોગીને અથવા રોગીને, લક્ષ્મીવંતને અથવા દરિદ્રિને, બળવંતને અથવા નિર્બળને, રૂપવંતને અથવા કુરૂપવંતને, સૌભાગીને અથવા દુર્ભાગીને એ સર્વને મનુષ્ય જાતિ સમાન છતાં જે જે કર્મનો બંધ છે, તે તો પુણ્યવંત એવા જીવ વિના છૂટતો નથી. અર્થાત્ પુન્યરૂપ શુદ્ધિબીજ કર્મનો બંધ છૂટે છે. વળી જે ભવ્ય પ્રાણી જિનેશ્વર ભગવાનના પ્રાસાદ કરાવે છે, તે પ્રાણી હરિષેણની પેઠે ઝટ મોક્ષ પ્રાપ્ત કરે છે. તે આ પ્રમાણે:—પૂર્વે શ્રી હરિષેણ ચક્રવર્તિએ ગુરુના મુખથી ઉપદેશ સાંભળીને છખંડ પૃથ્વીને વિષે આકાશને સ્પર્શ કરનારાં મંદિરો રચાવ્યાં; તેથી તેણે સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિ મેળવી હતી." આ સાંભળીને સંપ્રતિ રાજાએ પણ પોતાની ત્રણ ખંડ પૃથ્વીને એવાં મંદિરોથી ભૂષિત કરી દીધી.

હવે તે રાજાએ જે દાનશાળા પ્રમુખ આરંભાવી હતી, તેમાં જે જે અન્ન અને ઘૃતાદિ ભોજન બાકી રહેતું, તે તે શાળાના ઉપરી રસોઇઆ પ્રમુખ લઈ જતા. એકદા રાજાએ તે ઉપરીઓને કહ્યું. "જે ભોજન બાકી રહે, તે યતિઓને આપવું. કારણ કે, તે શુદ્ધ કહેવાય. કેમકે સાધુઓ પોતાને માટે નહિ કરેલો અને નહિ કરાવેલો એવો આહારજ ગ્રહણ કરે છે. તમારા ઘરના નિર્વાહ માટે હું તમને ધન આપીશ અથવા તમારૂં વાંછિત પૂર્ણ કરીશ. રાજાની આજ્ઞા થઇ એટલે પેલા દાનશાળાના અધિકારીઓ સાધુઓને પ્રાસુક અન્ન પાનાદિ આપવા લાગ્યા. આ અન્ન પાનાદિ વિશેષ અશુદ્ધ છતાં સાધુઓ તો શુદ્ધબુદ્ધિથી ગ્રહણ કરતા.

સંપ્રતિ રાજાના સેવકો જે અન્ન પાનાદિ વહોરાવતા હતા, તે અશુદ્ધ છે એમ શ્રી સુહસ્તી આચાર્ય જાણતા હતા, છતાં પણ તે પોતાના શિષ્યો ઉપર પુત્રની પેઠે રાગી હોવાથી તેમણે કંઈ ગણકાર્યું નહી. એક વાર એ વાતની શ્રી આર્યમહાગિરિને ખબર પડી, તેથી તેમણે કહ્યું. "અહો ! તમે 'રાજપિંડ સદોષ છે' એમ જાણતાં છતાં તે ગ્રહણ કરો છો? અને બીજા સાધુઓને પણ તે ગ્રહણ કરવાને અનુજ્ઞા આપો છો? તમને ખબર નથી કે દાનશાળાનો આહાર સાધુને લેવો યોગ્ય નથી. તેમાં આધાકર્મ દોષ, ઉદ્દેશિક દોષ, પૂતિકર્મ દોષ, મિશ્રજાતિ દોષ, સ્થાપના દોષ, પ્રાભૃત દોષ એ આદિ દોષ લાગે છે." સુહસ્તી આચાર્યે કહ્યું. "હે પ્ર

સરોવર અને છાયા રહિત વૃક્ષ, ચતુરાઈ વિના રૂપ, ગુણ વિના પુત્ર, ચારિત્રહીન યતિ અને દેવ વિના ભુવન શોભતાં નથી; તેવી રીતે ધર્મ વિના પુરુષ શોભતો નથી.” આવો ધર્મોપદેશ સાંભળીને રાજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. અનુક્રમે આર્યરક્ષિતસૂરિ પ્રમુખ સર્વ સૂરિઓ અવસરે દેવલોકે ગયા. ઇતિ આર્યરક્ષિતસૂરિની કથા.

## ઉદયન રાજર્ષિ.

અનર્થકારક એવા ધનને ભોગવતાં છતાં પણ જેણે પોતાનું ધૈર્ય ત્યજ્યું નહી, એવા ઉદયન નૃપતિએ રાજર્ષિપદ મેળવીને પ્રાંતે મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

એકદા શ્રી વીરપ્રભુ રાજગૃહ નગરને વિષે સમવસર્યા; એટલે તેમની પાસે અભયકુમાર ધર્મોપદેશ શ્રવણ કરવા ગયો; ત્યાં તેણે એક ઉત્કૃષ્ટ મુનીશ્વર જોયા. તે ઉપરથી “તે કોણ છે?” એવું તેણે પ્રભુને પ્રશ્ન કર્યું. પ્રભુએ કહ્યું. “એ અંતિમ રાજર્ષિ ઉદયન નૃપ છે.” અભયકુમારે પૂછ્યું. “એણે સંયમ કેમ ગ્રહણ કર્યો? અને એ મુક્તિ કેવી રીતે પામશે?” પ્રભુએ ઉત્તર આપ્યો. “સિંધુ દેશના આભૂષણરૂપ વીતભય નામના નગરને વિષે ઉદયન રાજા રાજ્ય કરતો હતો. તેને ચેડા રાજાની પુત્રી પ્રભાવતી નામની પટ્ટરાણી હતી. ત્યાં વિષય લોલુપ કુમારનંદી નામનો સોની રહેતો હતો; તેને એકદા બે દેવીઓનાં દર્શન થયાં. તે વખતે તેણે તેણીઓને પૂછ્યું. “આપ કોણ છો?” તેણીઓએ ઉત્તર આપ્યો. “અમે પંચશીલદ્વીપમાં રહેનારી હાસા અને પ્રહાસા નામની દેવીઓ છીએ; જો ત્હારે ભોગની ઇચ્છા હોય તો તું ત્યાં આવ અને અમારો પતિ થા.” એમ કહીને તે દેવીઓ ગયા પછી તે સુવર્ણકાર પણ તેણીઓનો પતિ થવાની ઇચ્છાએ કોઈ પુરુષની સંગાથે નાવમાં બેસીને સમુદ્રમાં ચાલ્યો. રસ્તે તેણે સોબતીને પૂછ્યું. “મ્હારે હાસા-પ્રહાસા દેવીઓનો યોગ કેવી રીતે થશે?” પેલાએ ઉત્તર આપ્યો. “સામા દેખાતા પર્વતના કાંઠે એક મ્હોટું વૃક્ષ છે, તેની હેઠળ નાવ જાય કે તુરત જે સાહસીક થઇને તેની શાખાને હસ્તવડે પકડી લે, ને રાત્રે ત્યાં વિશ્રામાર્થે ભારંડ પક્ષી આવે તેના ચરણે વળગી રહે, તે ત્યાં મૃત્યુ પામીને તે દેવીઓનો પતિ થાય.” પેલા સોબતીનું આવું વચન સાંભળી તે ઇચ્છિત સ્થળે પહોંચ્યો. ત્યાં પેલી દેવીઓએ કહ્યું. “અમારે ત્હારૂં ત્હારા આ દેહે કામ નથી.” એમ કહીને તેણીઓએ તેને તેને ઘેર મૂકયો. ત્યાં તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો ને મૃત્યુ પામીને તે વ્યંતર થયો. ને એ પ્રમાણે પેલી દેવીઓનો ભર્તાર થયો.

પેલો સોબતી જેનું નામ નાગિલ હતું, તેનું પાછળ સમુદ્રમાં નાવ ભાગ્યું; ત્યાંથી તે તરીને બહાર નીકળ્યો ને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તેમાં તપશ્ચર્યા કરી મૃત્યુ પામી તે બારમે દેવલોકે દેવતા થયો.

હવે એમ બન્યું કે, તેજ બારમા દેવલોકના દેવતા નંદીશ્વરદ્વીપે યાત્રાર્થે ગયા, ત્યાં તેમાં પેલો નાગિલ જે મૃત્યુ પામીને દેવ થયો હતો, તેણે ગળે મૃદંગ બાંધીને આવેલ વ્યંતર (મૂળ સુવર્ણકાર) ને ઓળખ્યો, ને પૂછ્યું. “તું વ્યંતર થયો, તને આ શું થયું?” તેણે ઉત્તર આપ્યો. “હું બહુ દુઃખમાં પડ્યો છું; મને આ મહા કષ્ટ થકી તાર.” પેલા દેવતાએ કહ્યું. “જો તું દેવાધિદેવની નવીન પ્રતિમા કરાવીને ગોશીર્ષચંદન આદિથી તેની ઉત્તમ પ્રકારે પૂજા કરીને ફરી અન્ય સ્થળે પણ તેની ઉત્કૃષ્ટ રીતે પૂજા કરાવે તો, તેજ ત્હારો આ કર્મથી નિસ્તાર થાય.” એ સાંભળીને વ્યંતરે એમ કર્યું અને તેજ પ્રતિમાને તેણે કોઇ વહાણવાળાને વીતભય નગરે પહોંચાડવા કહ્યું. તેણે તે પ્રતિમા પ્રભાવતી રા

ાણીએ બહુ કાળ પર્યંત પૂજા કરી; ને છેવટે
માને તેણીએ પોતાની એક કૂબડી દાસીને પૂ
શોપે પ્રકારે તેનું પૂજન કરવા લાગી. રાણીને
.વીર પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી; ને અનુક્રમે
ઉત્પન્ન થયો.

દેવાધિદેવની પૂજા કર્યા કરે છે, તેવામાં કોઇ
કરતો કરતો, તેજ નગરમાં આવી પહોંચ્યો. તે
રો. ત્યાં અન્યદા તેને શરીરે કોઇ મહા વ્યાધિ
.. તેના .સેવા કરી; તેથી તે શ્રાવકે હર્ષ પામીને તેણીને
.પી. તેમાંની . .વાથી તે કુબ્જાનું રૂપ દેવાંગના સમાન થઇ ગયું.
એટલે તો તેણીનું મન કોઇ પોતાને વાસ્તે ઉત્તમ વર ખોળી કાઢવાનું થયું. તેવામાં કોઇએ તેને
કહ્યું કે, "અવંતીનો પ્રદ્યોતન રાજા ત્હારે યોગ્ય છે." તેથી તેણીએ એક બીજી ગુટિકા ખાધી;
તેથી તે ગુટિકાના અધિષ્ઠાયિક દેવતાએ તેણીનો મનોગત ભાવ અને તેણીનું રૂપ તે પ્રદ્યોતન
રાજા આગળ નિવેદન કર્યું. એટલે તે અનળગિરિ નામના પોતાના હસ્તિ ઉપર બેસી
ગુપ્ત રીતે ત્યાં જઇ પેસી દાસીને દેવાધિદેવની પ્રતિમા સહિત પોતાને સ્થળે લઇ આવ્યો.

અહિં પાછળ ઉદયન રાજાના હસ્તીનો મદ ગળવા લાગ્યો. તે ઉપરથી કારણ શો
ધતાં માલમ પડ્યું કે, દાસી તથા દેવાધિદેવની પ્રતિમાનું હરણ થયું છે. એટલે ઉદયન રાજા
કોપાયમાન થઇ કેડ બાંધી મહા સેના સહિત પ્રદ્યોતન રાજાની અવંતી નગરીએ આવ્યો.
ત્યાં આવીને ઉદયન રાજાએ પોતાની પાસે પ્રતિમા સહિત દાસી માગી, પણ તેણે તે આપી
દેવાની ના કહી; તેથી મહા યુદ્ધ થયું. તેમાં ઉદયને પ્રદ્યોતન રાજાને બાંધ્યો. દાસી ક્યાંહિ
ક નાસી ગઇ, એટલે પ્રતિમા લઇ જવાનું કરતાં, તે ત્યાંથી ચળી નહિ. તેવામાં ઉદયનની પત્ની
પ્રભાવતીનો જીવ જે સૌધર્મ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયેલ છે, તે દેવ ત્યાંથી આવી ઉદ
યનને કહેવા લાગ્યો. "હે ઉદયન! ત્હારા મૃત્યુ પછી ત્હારા વીતભય નગરને વિષે ધૂળકોટિ
પડશે, તેમાં સર્વ વસ્તુ દટાઇ જશે; માટે ત્હારે આ પ્રતિમા ત્યાં લઇ જવી નહી; અહિંજ રહે
વા દેવો." એ સાંભળીને ઉદયને તે પ્રતિમા ત્યાંજ રહેવા દીધી. પ્રદ્યોતનના કપાળને વિષે
'આ મ્હારો દાસીપતિ છે' એવા અક્ષરો લખાવ્યા ને ત્યાંથી તે પાછો વળી નીકળ્યો, ને
પોતાના નગર ભણી ચાલ્યો. માર્ગમાં પર્યૂષણ પર્વ આવ્યાં, તેથી રાજા ત્યાં રહ્યો ને તેણે તે
દિવસે પ્રભુની પૂજા કરી. પોતે ઉપવાસ કરવાથી પોતાના રસોઇઆને બોલાવીને તેણે આ
દેશ કર્યો કે, "તમે ચંડપ્રદ્યોતનને જઇ પૂછો, ને તેને જે રસોઇ રૂચે તેવી આપો." એટલે
તેમણે જઇને પૂછ્યું. "આજે આપને માટે શી રસોઇ કરવી છે?" પ્રદ્યોતને વિચાર્યું. "મ
ને આજ સુધી તો કંઇ પૂછ્યું નથી, હું તો નિત્ય ઉદયનની સાથે આહાર લઉં છું અને
મ્હારે માટે આજ જુદી રસોઇનું પૂછે છે, માટે નિશ્ચે આજે મને વિષ દેશે." તેથી તેણે સેવ
કોને પૂછ્યું. "તમે મને કદી પૂછતા નહોતા, ને આજે પૂછો છો તેનું શું કારણ?" સેવકો
એ રાજાની સર્વ હકીકત કહી; ત્યારે તેણે પણ કપટથી કહ્યું. "હું પણ શ્રાવક છું; દુઃખમાં
પર્યૂષણ પર્વ ભૂલી ગયો છું; તેથી હવે હું એ એની સાથે ઉપવાસ કરીશ." સેવકોએ પ્રદ્યોતને
કહ્યું, તે રાજાને જઇને નિવેદન કર્યું. રાજાએ ત્યાં વિચાર્યું, "અહો! એ મ્હારો સમાનધ
ર્મી છે, તો તેને ખમાવ્યા વિના પ્રતિક્રમણ કરવું તે શુદ્ધ થયું કહેવાય નહી." એમ ધારી તેને
બંધનથી છોડાવ્યો, ને તેને મસ્તકે સુવર્ણનો પટ્ટબંધ કરાવ્યો. પછી ખમાવીને તેને પોતાને

નગર પાછો મોકલાવ્યો. ત્યાર પછી પ્રદ્યોતન રાજા શુદ્ધ જૈનધર્મ પાળવા લાગ્યો. ઉદયન રાજા પણ પછી પોતાને નગરે આવી પહોંચ્યો.

એકદા પરમ અર્હદ્‌ભક્ત એવા એ ઉદયન રાજાએ શ્રી વીર પ્રભુની આગળ આ પ્રમાણે ધર્મ સાંભળ્યો. "મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ વાનાં જીવને સંસાર સમુદ્રમાં નાંખે છે. વળી જે પ્રાણી આર્ય દેશ, કુળ, રૂપ, બળ, આયુ, બુદ્ધિ અને પરાક્રમ એટલાં વાનાં સહિત મનુષ્ય જન્મ પામીને ધર્મકાર્ય કરતો નથી, તે જડ પ્રાણી નાવને ત્યજી દઈને સમુદ્રમાં પાછું મુકવા જેવું કરે છે." ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને વૈરાગ્ય પામી પોતાના ભાણેજને રાજ્યપાટ અભિષેક કરી તેણે શ્રી વીર જિન આગળ સંયમ લીધો. પછી નાના પ્રકારની તપશ્ચર્યા કરતાં દેશ પ્રદેશ વિહાર કરી અનુક્રમે ફરી ઉદયન રાજર્ષિ પોતાના નગરે આવ્યા. ત્યાં ભાણેજે, 'પોતાનું રાજ્ય એ પાછું લઈ લેશે' એમ ધારી તેને ખાવામાં વિષ આપ્યું, પણ શાસનદેવીના સાંનિધ્યથી સર્વ વિષ ઉતરી ગયું; અંતે તે રાજર્ષિ મહાધ્યાનને વિષે લીન થઈ સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિ પામશે."

આ પ્રમાણે શ્રી વીર પ્રભુએ અભયકુમારને પ્રશ્નનો ઉત્તર આપ્યો; એટલે તેણે ઉભા થઈને એ મહામુનિ રાજર્ષિને ભક્તિ સહિત પ્રણામ કર્યા. ત્યાર પછી અનુક્રમે આયુ પૂર્ણ થયે ઉદયન રાજર્ષિ મુક્તિ પામ્યા. પ્રભાવતીનો જીવ પણ મોક્ષ પામશે. ઇતિ ઉદયન રાજર્ષિની કથા.

---

## મનકપુત્ર.

જેવી રીતે મનક મુનિ શ્રુતની પેઠે સિદ્ધાંતના આરાધન થકી અને અર્થ ધારવા થકી સુખદ સ્થાનને પ્રાપ્ત કરે છે.

એકદા એમ બન્યું કે, શય્યંભવ નામે બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો, તે વખતે શ્રી પ્રભવ સ્વામી પોતાની પાટે સ્થાપવાને યોગ્ય પુરુષની શોધમાં હતા. તેમણે ઉપયોગ મુકીને જોયું તો પેલા યજ્ઞ કરનારા શય્યંભવ બ્રાહ્મણને યોગ્ય જાણ્યો; એટલે તેને યજ્ઞકર્મ કરતો અટકાવવા અને પ્રતિબોધ કરવાને પોતાના બે શિષ્યોને તેની પાસે મોકલ્યા. તેઓ તેના યજ્ઞ પાસે જઈ, બે કહેવા લાગ્યા. "અહો! તત્વ કષ્ટ છે! કષ્ટ છે!" આમ બોલવાનું કારણ તેમને તેણે પુછ્યું. ત્યારે તેઓએ ઉત્તર આપ્યો. "અમારા ગુરુજી કહે છે કે, આ યજ્ઞના સ્તંભની હેઠળ તત્વ છે, અર્થાત્ શાંતિનાથ પ્રભુની પ્રતિમા છે." તપાસ કરતાં ત્યાંથી તે પ્રતિમા નીકળી એટલે તો શય્યંભવે પ્રતિબોધ પામી વૈરાગ્ય થકી ગુરુ પાસે સંયમ અંગીકાર કર્યો.

અહિં બ્રાહ્મણ તેની પત્ની ગર્ભવતી હતી, તેણીને પુત્ર પ્રસવ થયો. માતાએ તેનું મનક એવું નામ પાડ્યું. તે અનુક્રમે વૃદ્ધિ પામ્યો એટલે માતાએ તેને નિશાળે મુક્યો. કહ્યું છે કે-જેણે પહેલી અવસ્થામાં વિદ્યા, બીજી અવસ્થામાં ધન અને ત્રીજી અવસ્થામાં ધર્મ ઉપાર્જ્યો નથી, તે પુરુષ ચોથી અવસ્થામાં શું કરશે? એકદા નિશાળીઆ તેને 'ન બાપનો' એમ કહી હસવા લાગ્યા. તે ઉપરથી ઘેર આવી તેણે પોતાની માતાને પુછ્યું. "મ્હારા પિતાનું નામ શું? અને તે ક્યાં ગયા છે?" માતાએ કહ્યું. "ત્હારા પિતાએ જૈનધર્મની દીક્ષા લીધી છે. હમણાં તે શય્યંભવસૂરિ જિનશાસનના અભ્યુદયને અર્થે વિચરતા પાટલીપુત્ર નગરમાં છે." એ સાંભળીને માતાની આજ્ઞા લઈ મનક પિતાને મળવા ચાલ્યો. પાટલીપુત્ર નગર પાસે પહોંચ્યો એટલામાં શય્યંભવસૂરિ પોતેજ સ્થંડિલ જવાને આવતા હતા. તેમને મનકે પુછ્યું. "શય્યંભવસૂરિ ક્યાં છે અને તે કેવા છે?" સૂરિએ પ્રસન્નચિત્તે ઉત્તર આપ્યો.

"હું જ તે છું; ત્હારે એ સંબંધ અન્ય કોઈ આગળ જણાવવો નહી." એમ કહીને તે તેને શાળામાં લઈ ગયા, ત્યાં મનકે તેમની પાસે વ્રત અંગીકાર કર્યું. એમ કરતાં સૂરિએ જાણ્યું કે, મનક અલ્પ આયુષ્યવાળો છે, તેથી તેનાથી સર્વ સિદ્ધાંતનું અધ્યયન થઈ શકશે નહી. એટલે તેમણે સિદ્ધાંતોનાંથી સારરૂપી શ્રી દશવૈકાળિક સૂત્ર રચીને મનકને પઠન કરવા આપ્યું. છ માસની અંદર તેણે તેનું અધ્યયન કર્યું ને તે લઘુ વયનો છતાં ગુરુના ઉપદેશથી વૈરાગ્યવાસિત થયો. અનુક્રમે આયુષ્યને અંતે ગુરુએ સમ્યક્ આરાધન કરાવી અને મનક શુદ્ધભાવથી મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. શ્રી સંઘ તે મૃતદેહને અગ્નિસંસ્કાર કરી ગુરુ પાસે ધર્મોપદેશ શ્રવણ કરવા આવતાં ગુરુની આંખમાંથી આંસુ આવ્યાં. ઉપદેશને અંતે શ્રી સંઘે આંસુ પડવાનું કારણ પૂછ્યું, ત્યારે ગુરુએ કહ્યું. "તે મનક મ્હારો પુત્ર હતો." ત્યારે શ્રી યશોભદ્રસૂરિ વિગેરે સાધુઓએ કહ્યું. "આપે અમને એ કેમ પૂર્વે ન નિવેદન કર્યું?" ગુરુએ કહ્યું. "જો હું મ્હારા પુત્રનો સંબંધ જણાવત તો એ મનક ચારિત્ર આરાધી શકત નહી અને વળી વૈયાવચ્ચ વિના કર્મનો ક્ષય પણ થાત નહી."

મનક અધ્યયન કરી રહ્યો તેથી હવે દશવૈકાળિકનું કંઇ પ્રયોજન નથી, એમ ધારી ગુરુ શય્યંભવસૂરિ તેને પાછું સિદ્ધાંત મધ્યે ક્ષેપવા લાગ્યા. ત્યારે શ્રીસંઘ તથા યશોભદ્રસૂરિ તેમને વિનંતિ કરવા લાગ્યા. "હે ભગવન્! આ દશવૈકાળિક સૂત્રને જુદા સિદ્ધાંત તરીકે રહેવા દો. એ સિદ્ધાંતોનો સારભૂત ગ્રંથ સાધુઓ ઉપર ઉપકારને અર્થે થશે." એ હેતુથી શ્રી શય્યંભવસૂરિએ એ દશવૈકાળિક સૂત્રની સ્થાપના કરી, તે હવે સાધુઓ ભણે છે. જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા એવા અને પૂર્વમાંથી ઉદ્ધરીને દશવૈકાળિક સૂત્રના કર્તા એવા મનકના પિતા શ્રી શય્યંભવ ગણધરને હું વંદન કરું છું. મનકને અર્થે શ્રી શય્યંભવ સૂરિએ પૂર્વમાંથી દશ અધ્યયનો ઉદ્ધર્યાં ને તે સંધ્યા સમયે પણ પઠન કરી શકાય તે ઉપરથી તેનું દશવૈકાળિક એવું નામ પાડ્યું. આર્ય મનકે તેનો છ માસમાં અભ્યાસ કર્યો ને છ માસ પર્યંત દીક્ષા પાળી. પછી તે સમાધિએ મૃત્યુ પામ્યો. ત્યાર પછી યશોભદ્રસૂરિના પૂછવાથી શય્યંભવ સૂરિએ સંઘને આનંદ ઉપજાવવાને અર્થે દશવૈકાળિક સૂત્ર કહ્યું. ઇતિ મનકપુત્રની કથા.

## કાળિકાચાર્ય.

એકદા હઠ કરીને દત્ત રાજાએ કાળિકાચાર્યને યજ્ઞનું ફળ પૂછ્યું. ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, "યજ્ઞ કરનાર નરકગતિ પામે છે." સાંભળો:—તુરમિણી નામની નગરીને વિષે કાળિક નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને ભદ્રા નામની બ્હેન હતી અને દત્તનામનો તે બ્હેનનો પુત્ર હતો. અનુક્રમે કાળિકે ગુરુ પાસે ધર્મોપદેશ શ્રવણ કરી વૈરાગ્ય પામી સંયમ ગ્રહણ કર્યો. હવે દત્તને શીખામણ આપનાર કોઈ ન હોવાથી તે બહુ ઇચ્છાચારી થયો; એટલે તે ધીરે ધીરે સાતે વ્યસનનો સેવનાર થયો. અનુક્રમે દૈવયોગે તે દત્ત જિતશત્રુ રાજાનો સેવક થયો. અજ્ઞાની એવા જિતશત્રુ રાજાએ તેને વળી પ્રધાનપદ આપ્યું. એટલે તો તેણે અનુક્રમે સર્વ સેવકોને વશ કરી રાજાને પણ કાઢી મૂકી પોતે રાજ્યપદ ધારણ કર્યું. કહ્યું છે કે-દુરાચારી પુરુષ, વાનર, સર્પ, વાઘ, બિલાડી અને અગ્નિ એટલાનો વિશ્વાસ કરી ઉપકાર કરવો નહી. આ પ્રદી એ વિશ્વાસઘાતિનો રાજન પુરુષ તથા પ્રજા વિશ્વાસ કરતી બધ થઈ. કારણ કે, જેઓ કુળાચારથી ભ્રષ્ટ થાય છે અને પરલોકથી બ્હીતા નથી, તેનો કોઈ પણ વિશ્વાસ કરતું નથી.

હવે પાપી પ્રકૃતિવાળો દત્ત રાજ્ય કરવા લાગ્યો. ત્યારે જિતશત્રુ રાજા કોઈ અન્ય

સ્થળે ગુપ્ત રીતે રહ્યો. દુરાગ્રહી, મૂઢ અને અવિનીત દત્ત સર્વ રાજ્યચક્રને કબજે કરીને સર્વ ને ઈર્ષ્યાનું ભાજન થયો. તેણે યજ્ઞ કરાવ્યો તેમાં તે અનેક જીવોને નિરંતર હણવા લાગ્યો. જેમ જેમ યજ્ઞને વિષે હણાતા પ્રાણીઓના રુધિરનો પ્રવાહ પ્રસરતો ગયો, તેમ તેમ તે બહુ હર્ષ ધરવા લાગ્યો.

એવામાં સૂરિપદને પામેલા એવા કાળિકાચાર્ય ત્યાં આવ્યા. તે સાંભળીને દત્ત ત્યાં આવ્યો, ને સૂરિને યજ્ઞનું ફળ પૂછવા લાગ્યો. ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, "ધર્મકાર્યથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને પાપકાર્યથી નરક મળે છે." ફરીને દત્તે પૂછયું ત્યારે પણ ગુરુએ કહ્યું. "નરક પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-અસ્થિને વિષે મહાદેવ વસે છે, માંસને વિષે કૃષ્ણ વસે છે અને રુધિરને વિષે બ્રહ્મા વસે છે માટે માંસ ભક્ષણ ન કરવું. જે પ્રાણી તલ કે સરશવના દાણા જેટલું પણ માંસ ભક્ષણ કરે, તે ચંદ્રમા અને સૂર્ય રહે ત્યાં સુધી નરકનાં દુઃખ સહન કરે છે. હે રાજા! જો સાત દિવસ મધ્યે ત્હારા મુખને વિષે વિષ્ટા પડે તો જાણજે કે, ત્હારી નરકને વિષેજ ગતિ છે." ત્યારે રાજા ક્રોધે ભરાઇને બોલ્યો. "હે ચાંડાળ! ત્હારી શી ગતિ થશે?" તેમણે ઉત્તર આપ્યો. "હું સંયમ પાળીને સ્વર્ગે જઇશ." ત્યારે દત્ત તેને પોતાના સેવક પાસે ખડ્ગવડે પ્રહાર કરાવવા લાગ્યો; તોપણ આચાર્યે તો એજ કહ્યું કે, "ત્હારી અધોગતિજ થવાની." આમ તુરમિણી નગરીને વિષે દત્ત રાજાએ યજ્ઞનું ફળ પૂછયું ત્યારે સમયના જાણ કાળિકાચાર્યે હિતને અર્થે સત્યજ બો લ્યા; પણ ભય ન ધર્યો. પછી દત્તે મનમાં વિચાર્યું કે, "જો હું સાત દિવસથી વધારે જીવીશ, તો જરૂર આ આચાર્યને હણીશ." પછી દુર્મતિ દત્ત તે આચાર્યની આગળ પોતાના સેવકોને મૂકીને પોતાના મહેલમાં સાત દિવસ રહેવા ગયો.

હવે અહિં જિતશત્રુ રાજાને તેની ભક્ત પ્રજાએ ગુપ્ત રાખ્યો હતો, તેને હવે રાજ્ય અપાવવાને અર્થે પ્રગટ કર્યો. સાતમે દિવસે રાજમાર્ગની રક્ષા કરાતી હતી અને અશુચિ વસ્તુઓ રસ્તા ઉપરથી સાફ કરાતી હતી; તે દિવસને દત્ત રાજાએ ભ્રાંતિથી આઠમો દિવસ ગણ્યો, ને હર્ષ પામી ઘોડા ઉપર આરૂઢ થઇ છત્ર ચામર ધરાવતો તે રાજમાર્ગે ફરવા નીકળ્યો. એવામાં કોઈ માળી પુષ્પનો કંડીઓ લઇને રાજમાર્ગે આવતો હતો, તેણે રસ્તે રાજાની સવારીમાં ઉચ્ચ મૃદંગ આદિ વાજિંત્રના નાદ સાંભળ્યા; તેથી તેને અકસ્માત્ એકદમ સ્થંડિલની ચિંતા થઇ, પણ બહુ લોકની ઠઠમાંથી નીકળી શકાય તેમ નહીં હોવાને લીધે તેણે ત્યાંજ સ્થંડિલ કર્યું. ને પોતાની પાસેના પુષ્પોનો સમૂહ તે ઉપર નાંખીને તે ઢાંકી દીધું. એટલામાં રાજાની સવારી ત્યાં આવી ને અશ્વના પગની ખરીથી ઉડેલી વિષ્ટા તેના મુખમાં પડી! એ જોતાંજ તેને સૂરિના વચનની ખાતરી થઇ ને પોતે એકદમ પોતાના મહેલ તરફ પાછો વળ્યો; પણ તેવામાં પ્રધાનના મોકલેલા એક સેવકે આવીને તેનો ઘાત કર્યો. તે મૃત્યુ પામીને સાતમી નારકીએ ગયો. જિતશત્રુ રાજા ફરી પોતાને રાજ્યે આવ્યો ને કાળિકાચાર્યની સેવા કરી તેણે જૈનધર્મ અંગીકાર કર્યો. ઇતિ કાળિકાચાર્યની કથા.

---

## બીજા કાળિકાચાર્ય.

શ્રીપુર નગરના રાજા પ્રજાપાળની રાણીએ એક પુત્ર પ્રસવ્યો. તેનું કાળિક કુમાર એવું નામ પાડયું. વળી તેને ભાનુમતિ નામે પુત્રી હતી. યોગ્ય વયે કાળિક કુમાર એકદા ગુરુ પાસે ગયો, ત્યાં ધર્મોપદેશ સાંભળવાથી વૈરાગ્ય પામી તેણે દીક્ષા ગ્રહણ કરી. તેણે બહુ શ્રુતનો અભ્યાસ કર્યો, તેથી ગુરુએ તેને આચાર્યપદ આપ્યું. અહિં પ્રજાપાળ રાજાએ પો

તાની પુત્રી ભાનુમતિને ભ્રગુકચ્છ (ભરુચ નગર)ના જિતારિ રાજાને આપી. તેણીને બળમિત્ર અને ભાનુમિત્ર નામના બે પુત્રો થયા. તેમને એક બળભાનુ નામનો ભાણેજ હતો.

એકદા ત્યાં કાલિકસૂરિ ગુરુ આવ્યા, તેમનો ધર્મોપદેશ સાંભળીને બળમિત્ર અને ભાનુમિત્રના ભાણેજ એવા બળભાનુએ દીક્ષા ગ્રહણ કરી. ત્યાંજ ગામમાં ગુરુના એક બાળ શિષ્યે ગંગાધર નામના પુરોહિતને વાદમાં જીત્યો. ત્યાર પછી ત્યાંથી વિહાર કરી ગયા અને ફરતા ફરતા ફરી પણ ત્યાંજ આવ્યા; ને બળમિત્ર તથા ભાનુમિત્ર રાજાના આગ્રહથી ત્યાં ચોમાસુ રહ્યા. હવે પેલા ગંગાધર પુરોહિતને પૂર્વના વૈરને લીધે મનમાં એમ આવ્યું કે, "એ આચાર્યને ગામમાંથી કઢાવી મૂકાવવા.' એમ વિચારી તેણે છાની રીતે ભૂપતિ પાસે જઇને કહ્યું. "હે દેવ! જ્યાં આ સાધુઓ વિચરે છે, ત્યાં માણસો ગએ છતે ગુરુના પગનું આક્રમણ થવાથી અર્થાત્ ગુરુના ચરણનું ઉલ્લંઘન થવાથી પાપના કારણરૂપ અવજ્ઞા થાય છે. વળી હે દેવ! જ્યાં દેવ અને સાધુની પૂજાનું કવચિત્ ઉલ્લંઘન થાય છે, તે પાપ રાજાને લાગે છે અને તેનો મહા ભય ભોગવવો પડે છે." રાજાએ કહ્યું." શું કરીએ! ગુરુજી શાંતિથી રહ્યા છે; તેમને કેમ કહેવાય કે જતા રહો?" પુરોહિતે કહ્યું. "નગરમાં ઘેર ઘેર નવીન રસોઇ કરાવો અને જ્યારે ગુરુ વહોરવા આવે ત્યારે તેમને કહેવું કે, 'આપને માટેજ આ રસોઇ કરાવી છે.' એમ કહેશો એટલે અનેષણીક આહાર જાણીને ગુરુ પોતાની મેળે અહિંથી બીજે જતા રહેશે." ભૂપે એ પ્રમાણે કર્યું એટલે ગુરુ પ્રતિષ્ઠાનપુરમાં ચોમાસુ રહેવા ગયા. ત્યાં તેમનો મહાન્ પ્રવેશ મહોત્સવ થયો. ત્યાં શાલિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો; તેણે પર્યૂષણ પર્વ આવ્યાં જોઇને પૂછ્યું. "હે સ્વામી! પર્યૂષણ પર્વ કયે દિવસે કરશું!" ગુરુએ કહ્યું. "ભાદ્રવા શુદિ પંચમીને દિવસે." ભૂપતિએ કહ્યું. "પંચમીને દિવસે તો અહિં ઇંદ્રમહોત્સવ થાય છે, માટે જો તેની (પાંચમની) પહેલાં કે પછી પર્યૂષણ મહોત્સવ થાય તો હું પણ તે સમયે તપ-નિયમ-જિનાલયમાં ઓચ્છવ પ્રમુખ કરાવું." ગુરુએ કહ્યું. "ભાદ્રવા શુદિ પાંચમ પછી એક પહોરે પણ એ પર્યૂષણ ઉત્સવ ન થવો જોઇએ, પણ તે પહેલાં કરવો હોય તો થાય. કહ્યું છે કે—તે કાળ તે સમયને વિષે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામીએ આષાઢ ચોમાસાના એક માસ અને વીશ દિવસ (આષાઢ શુદિ પૂનમથી પચાસ દિવસ) વીતે છતે પર્યૂષણ કર્યાં છે. વળી આષાઢ શુદિ પૂનમથી એક માસ અને વીશ દિવસ ગએ છતે પર્યૂષણ પર્વ જાણવું. પછી જેમ આષાઢ શુદિ દશમથી આષાઢ શુદિ પૂનમ સુધી પાંચ દિવસની અનુજ્ઞા લેવાય છે, તેમ ઉપદ્રવાદિ કારણ હોય તો *શ્રાવણ વદિ પાંચમથી માંડીને ભાદ્રવા શુદિ પાંચમ સુધી પાંચ પાંચ દિવસની અનુજ્ઞા લેવી. પરંતુ ઉપદ્રવાદી કારણને લીધે ચોથને દિવસે પણ સંવત્સરી પર્વ કરવું હોય તો થાય છે."

રાજાએ આચાર્યનું વચન માન્ય કર્યું ત્યારે સૌએ ઉત્તરપારણાં કર્યાં. સર્વ શ્રાવકોએ, સર્વ આચાર્યને સમ્મત એવું સંવત્સરી પર્વ કાલિકાચાર્યની સાથે ચોથને દિવસે કર્યું. પછી સર્વ આચાર્યોએ સર્વ ઠેકાણે કાલિકાચાર્યની પેઠેજ સંવત્સરી પર્વ કર્યું. કહ્યું છે કે—ગીતાર્થ આચાર્યો કંઇ પણ પ્રયોજનને ઉદ્દેશીને જે કંઇ આચરણ કરે છે, તેમાં દોષ તો સ્વલ્પમાત્ર (થોડો) અને ગુણ ઘણા હોય છે, માટે સર્વ લોકોને તે પ્રમાણ થાય છે. ગીતાર્થ આચાર્યોએ કહેલી આચાર સંબંધી આજ્ઞા, જો તીર્થંકર ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ ન હોય તો તે ભગવંતની આજ્ઞાજ સમજવી. કોઇ પણ ગીતાર્થ આચાર્ય દંભ અથવા કપટ નહિ કરતાં કંઇ કારણથી કોઈ સ્થાનકે જે અસાવદ્ય આચરણ કરે છે અને જે બીજા આચાર્યો તેને રોકે

*આ દેશને પૂર્ણિમા મહિનાની ગણત્રી સમજવી.

નહિં, તથા તે વાત બહુ સમ્મત થાય તો તે આચારજ સમજવો.

હવે એક વખતે કાળિકાચાર્ય ઉજ્જયિનીમાં હતા, ત્યારે પોતાના શિષ્યોને પ્રમાદ વશ થએલા જોઇને તેમણે કહ્યું કે, "અરે સાધુઓ! વ્રત પાળવામાં લેશ માત્ર પણ પ્રમાદ ન કરવો. કારણ કે, પ્રમાદ સાધુઓને સંસાર સમુદ્રમાં નાંખી દે છે. કહ્યું છે કે ચૌદપૂર્વિ, આહારક લબ્ધિવાળા, મનઃપર્યવ જ્ઞાનવાળા, તથા વીતરાગ (ઉપશમ) ચારિત્રી એવા પુરુષો પણ પ્રમાદના વશથી તુરત ચારે ગતિમાં જાય છે. ધર્મમાં પ્રમાદ કરવાથી જે હાની થાય છે, તે ચોરના લૂંટવાથી, અગ્નિએ બાળવાથી અને જુગટામાં હારી જવાથી પણ થતી નથી." ગુરુએ એવી શીખામણ આપી તોપણ શિષ્યોએ પ્રમાદ મૂકયો નહી. ત્યારે કાળિકાચાર્યે વિચાર કર્યો કે, "આ પ્રમાદી શિષ્યોનો ત્યાગ કરીએ. કહ્યું છે કે જે શિષ્યો પોતાની મરજી પ્રમાણે જાય, આવે, ઉભા રહે તથા બેસે, એવા સ્વચ્છંદે ચાલનાર શિષ્યોનો ગુરુએ પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાગ કરવો." એમ વિચારી સાધુઓને પ્રમાદથી છોડાવવા માટે શય્યાતર શ્રાવકને શીખામણ દઇને કાળિકાચાર્ય રાત્રીએ છાના નીકળ્યા, તે સુવર્ણ ભૂમિએ પોતાના સાગરચંદ્ર નામના શિષ્ય પાસે આવ્યા. ત્યારે 'કોઈ વૃદ્ધ સાધુ આવે છે' એમ જાણી સાગરચંદ્રે ઉભા થઇને વંદન કરીને કહ્યું કે, "આપ અહિંજ રહો." પછી કાળિકાચાર્ય ત્યાંજ રહ્યા, પણ સાગરચંદ્રે એમને ઓળખ્યા નહી.

પછી વ્યાખ્યાન પૂર્ણ થયા પછી સાગરચંદ્રે ગુરુને પૂછયું. "હે મહાનુભાવ! આજે મેં કેવું વ્યાખ્યાન કર્યું?" ગુરુએ કહ્યું. "શ્રેષ્ઠ." એટલે તો સાગરચંદ્ર ગુરુએ વખાણેલી પોતાની વ્યાખ્યાન કળાથી બહુ હર્ષ પામ્યા. પછી બન્ને આચાર્યોએ ધર્મના સ્થાપન અને ઉત્થાપનને માટે વાદ કર્યો. તેમાં સાગરચંદ્રે કહ્યું કે, "પરલોકને વિષે સુખ કરનારો ધર્મ નથી. પરલોકમાં રહેનારના સાક્ષાત્ અભાવથી પ્રથમ પરલોકજ નથી, તો પછી પુન્ય પાપનું ફળ કોણ ભોગવે?" કાળિકાચાર્યે કહ્યું. "હું સુખી છું, દુઃખી છું, એવો પ્રત્યક્ષ અનુભવ જે મનુષ્યમાત્રને છે, તેનો અનુભવનાર કોઈ પણ હોવો જોઇએ. એ અનુભવ, પંચ મહાભૂતના સમુદાયથી જુદા પડી તેમાંજ કોઇ પણ બાધા વગર રહેનારા આત્માથીજ ઉત્પન્ન થાય છે. તે વિના બીજી કઇ વસ્તુથી ઉત્પન્ન થાય? એ પ્રત્યક્ષ અનુભવ ઉપરથી આપણા શરીરમાં આત્મા સિદ્ધ થાય છે અને આપણાથી બીજા લોકોના શરીરમાં તો અનુમાનથી સિદ્ધ થાય છે. તે આવી રીતે-પ્રાણીમાત્ર જે કંઇ કરે છે, તે પોતાની બુદ્ધિથી તથા ઇચ્છાથી કરે છે. એ વાત પ્રત્યક્ષ દેખાય છે અને બુદ્ધિ તથા ઇચ્છા છે, તે ચેતન-આત્મા વિના બીજી વસ્તુને સંભવતી નથી."

હવે અહિં પાછલી રાત્રીએ સાધુઓ ઉઠયા અને ગુરુને બોલાવવા લાગ્યા, પણ કોઇએ ઉત્તર આપ્યો નહી. તેથી તેઓએ શૂન્ય ચિત્તવાળા થઇને શય્યાતર શ્રાવકને પૂછયું કે, "ગુરુ કયાં છે?" તેણે કહ્યું. "જ્યારે તમે પોતેજ પોતાના ગુરુની સ્થિતિ જાણતા નથી, ત્યારે પછી હું શું જાણું." આ પ્રમાણે શય્યાતર શ્રાવકે મશકરી કરીને પછી સાધુઓને કહ્યું કે, "ગુરુ પ્રમાદી એવા તમને ત્યજી દઇને ચાલ્યા ગયા છે." પછી તે સર્વ સાધુઓ પ્રમાદનો ત્યાગ કરી ગુરુએ કહેલી વિધિ પ્રમાણે ચારિત્ર પાળવા લાગ્યા. પછી ગુરુએ વેળુ (રેતી) થી એક કોપણી ભરીને તે પાછી ખાલી કરી. તેજ પાછી વેળુથી ભરી, એમ વારંવાર કરવાથી વેળુ રાખાડ જવાને લીધે અર્ધોઅર્ધ દેખાવા લાગી. તે દેખાડીને ગુરુએ શિષ્યોને કહ્યું કે, ગૌતમસ્વામી પારંપરીજ વિદ્યા પાતી [illegible] છે કે, જેમ આ [illegible] ઓછું દેખાય છે તેમ."

એકદા શ્રી કાળિકાચાર્ય પ્રતિષ્ઠાનપુરને વિષે ચાતુર્માસ રહ્યા હતા, તે વખતે પ્રથમ દેવલોકનો સ્વામી ઇંદ્ર મહાવિદેહ ક્ષેત્રને વિષે શ્રી સીમંધરસ્વામીને વંદન કરવા ગયો. ત્યાં પ્રભુએ કહ્યું કે, "સર્વ તીર્થોથી શત્રુંજયનું તીર્થ ઉત્તમ છે અને કાળિકાચાર્ય જેવું નિગોદનું સ્વરૂપ કહે છે, તેવું બીજો કોઈ કહેતો નથી." પછી ઇંદ્રે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને સાંજે પોરિસીને સમયે ગુરુ કાળિકાચાર્ય પાસે આવ્યો. ત્યાં ગુરુને પ્રણામ કરીને તેણે કહ્યું, "હે ભગવન્! મને નિગોદનું સ્વરૂપ કહો." ગુરુએ તે યથાર્થ કહ્યું. ત્યારે વળી ઇંદ્રે પૂછ્યું. "હે ભગવન્! હું વૃદ્ધ થયો છું અને અનશન ગ્રહણ કરવાની ઇચ્છા કરું છું માટે મ્હારું આયુષ્ય કેટલું છે?" ગુરુએ જ્ઞાનથી જાણીને કહ્યું કે, "ત્હારું આયુષ્ય બે સાગરોપમનું છે." આથી તો ઇંદ્રે હર્ષ પામીને પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. પછી તેણે વિચાર્યું કે, "જેવો નિગોદનો વિચાર શ્રી સીમંધરસ્વામીએ કહ્યો હતો, તેવોજ ગુરુએ કહ્યો." પછી ઇંદ્રે કહ્યું. "હે સુરિ! જ્યાં સુધીમાં સાધુઓ અહિં આવશે, ત્યાં સુધી હું અહિં રહીશ." ગુરુએ કહ્યું. "ત્હારું સ્વરૂપ જોઈને સાધુઓ નિયાણું કરશે." ગુરુનાં આવાં વચન સાંભળી ઇંદ્ર પત્થરના બારશાખવાળા ઉપાશ્રયનું બારણું મૂળ સ્થાનકથી ફેરવી બીજી તરફ કરીને ચાલ્યો ગયો.

પાછળ સાધુઓ પણ વિહાર કરીને આવ્યા. તેમણે ઉપાશ્રયનું બારણું બીજે ઠેકાણે જોઈને પૂછ્યું. "હે ભગવન્! આ બારણું કોણે ફેરવી નાંખ્યું?" પછી ગુરુએ ઇંદ્રના આગમન વિગેરેની સર્વ વાત કહી, એટલે તે સર્વે સાધુઓ હર્ષ પામ્યા. ઇતિ બીજા કાળિકાચાર્યની કથા.

## ત્રીજા કાળિકાચાર્ય.

જિનેશ્વર પ્રભુના શાસનને વિષે નિરંતર પ્રભાવના કરનારાઓ આલોક અને પરલોકમાં કાળિકાચાર્યની પેઠે સુખ પ્રાપ્ત કરે છે.

મગધદેશને વિષે ધારાવાસ નગરમાં વજ્રસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુરસુંદરી નામે પ્રિયા હતી. તેઓને કાળિક કુમાર નામે પુત્ર અને સરસ્વતી નામે પુત્રી હતા. એકદા કાળિક કુમાર કેટલાક રાજપુરુષો સહિત ક્રીડા કરવા માટે વનમાં ગયો હતો, ત્યાં તેણે ગુણધર નામના સૂરિને દીઠા એટલે તે વંદના કરીને તેમની આગળ બેઠો. ગુરુએ તેને ધર્મોપદેશ આપ્યો કે, "નરભવ, મનુષ્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, શ્રેષ્ઠ કુળ, ઉત્તમ રૂપ, આરોગ્ય, લાંબુ આયુષ્ય, ઉત્તમ બુદ્ધિ, ધર્મ શ્રવણ, ધર્મનું ગ્રહણ, તેની ઉપર શ્રદ્ધા અને સત્તર પ્રકારનો સંયમ એટલાંવાનાં આ સંસારને વિષે પામવાં દુર્લભ છે." ગુરુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને બોધ પામેલા કાળિક કુમારે માતા પિતાની આજ્ઞા લઈ સરસ્વતી બ્હેન સહિત ગુરુની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. પછી તે કાળિક મુનિ ગુરુની પાસે અભ્યાસ કરતો છતો સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, છંદ, અલંકાર અને નાટકાદિ આગમોને વિષે પ્રવીણ થયો. પછી ગુરુએ તેને યોગ્ય જાણીને સૂરીપદ આપ્યું એટલે તો તે પૃથ્વી ઉપર વિહાર કરતાં છતાં અનેક ભવ્ય જીવોને પ્રબોધ પમાડવા લાગ્યા.

એકદા કાળિકાચાર્ય ઉજ્જયિની નગરીના બહારના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે પ્રાપ્ત થયું છે યૌવન જેણે એવી સરસ્વતી સાધ્વી આચાર્યને વંદન કરીને પાછી નગરના દરવાજામાં આવતી હતી, એવામાં ત્યાંનો ગર્દભિલ્લ રાજા, કે જે તેજ અવસરે નગરની બહાર ફરવા જતો હતો, તેણે સરસ્વતીના રૂપને જોઈને તેણીને બળાત્કારે પોતાના અંતઃપુરમાં મોકલાવી દીધી. ગુરુએ ગર્દભિલ્લ રાજાનું આવું કૃત્ય જાણી સાધ્વીને છોડાવવા માટે શ્રી સંઘને રાજા પાસે મોકલ્યો. પછી શ્રી સંઘે રાજા પાસે જઈને કહ્યું. "હે સ્વામીન્!

એ મહા સાધ્વીને છોડી દ્યો. તપરૂપ ધનવાળા તપસ્વીઓ જે રાજાની ભૂમિમાં તપ કરે છે, તેનો છઠ્ઠો ભાગ રાજાને પણ મળે છે, માટે એણીને છોડી દ્યો. વળી તમે પ્રજાનું પાલન કરનાર છો; તપસ્વીઓને રાજાનોજ આધાર છે. કહ્યું છે કે-રાજાના હસ્તની છાયાનો આશ્રય કરીને સુખે રહેલા નિર્ભય પ્રાણીઓ ધર્માદિ કાર્યને વિસ્તારે છે." શ્રી સંઘનાં આવાં વચન સાંભળી રાજાએ કહ્યું. "હું એણીને નહી છોડું, આવો ઉપદેશ તમારે મરજ દ્યો. પણ રાજાની આગળ નહી." પછી શ્રી સંઘે તે સર્વ હકીકત ગુરૂને કહી એટલે ગુરૂએ પોતે રાજા પાસે જઇને કહ્યું. "હે રાજન્! આ તપસ્વિની મ્હારી બ્હેન થાય છે, માટે એણીને છોડી દ્યો. તમે પ્રજાપાળ છો અને તપસ્વીઓના આધાર છો." આ પ્રમાણે ગુરૂએ બહુ કહ્યું, છતાં જ્યારે રાજાએ સરસ્વતી સાધ્વીને છોડી નહી, ત્યારે તેમણે પોતાને સ્થાને આવીને શ્રી સંઘને બોલાવીને કહ્યું. "આ દુષ્ટ રાજાએ સરસ્વતીનું હરણ કર્યું છે, તો એને શિક્ષા કરવી જોઇએ. કારણ કે સામર્થ્ય છતાં જે પુરુષ જિનમતથી વિરૂદ્ધ એવા માણસને નથી શિક્ષા કરતો, તો તેને પારાંચિત (બહુ) પાપ લાગે છે. કહ્યું છે કે-મ્હોટા મુનિઓ પોતાની પુલાકલબ્ધિએ કરીને દેવ, ગુરૂ અને સંઘના કાર્યને માટે ચક્રવર્તીની સેનાને પણ ચૂર્ણ કરી નાંખે છે." એમ કહીને તેમણે પોતાનો વેષ સાધુને આપી અને શ્રી સંઘને ભલામણ કરી પોતે શાકકૂળ રાજાના મ્લેચ્છ દેશને વિષે ગયા. ત્યાં રાજા પાસે જઇ પોતાની કળા દેખાડી અને સુંદર વચનો કહી તેને આનંદ પમાડ્યો. આ પ્રમાણે કાળિકસૂરીએ હર્ષિત કરેલા રાજાએ તેમને કહ્યું. "આપને જે કાર્ય હોય તે કહો." ગુરૂએ કહ્યું. "અવસર આવેથી કહીશ."

એકદા શાકકૂળ રાજા સભામાં બેઠો હતો, એવામાં તેને સાધનસિંહ રાજાએ એક દૂતની સાથે છરી સહિત એક કચોળું મોકલ્યું. તે જોઇને શાકકૂળ રાજા શ્યામ મુખવાળો થઇ ગયો. પછી તે કચોળાને મસ્તક ઉપર ચડાવીને શાકકૂળ રાજાએ સાધનસિંહ ભૂપતિના દૂતને ઉતારો આપ્યો. પછી કાળિકાચાર્યે શાકકૂળ રાજાને એકાંતમાં બોલાવીને કચોળાની પ્રાપ્તિ સંબંધી સર્વ વાત પૂછી એટલે તેણે કહ્યું કે, "અમારા છન્નુ રાજાઓમાં એક સાધનસિંહ નામનો મુખ્ય રાજા છે; તે જ્યારે અમારે રાજ્યયોગ્ય પુત્ર થાય, ત્યારે છરી સહિત કચોળું મોકલે છે. તે વખતે અમારે પોતાનું મસ્તક છેદીને તેને મોકલવું જોઇએ." પછી સૂરીએ કહ્યું. "એવો કોણ મૂર્ખ હોય કે, જેનાથી સુખ પામી શકાય એવું પોતાનું મસ્તક આપી દે?" રાજાએ કહ્યું કે, "શું કરીએ! અમે પરવશ પડેલા છીએ." કાળિકાચાર્યે કહ્યું. "જો તમે મ્હારૂં કહ્યું કરો તો દીર્ઘકાળ સુધી જીવી શકો." રાજાએ કહ્યું. "આપ જ્ઞાની છો માટે અમારા જીવનનો ઉપાય કહો." કાળિકાચાર્યે કહ્યું. "ઉજ્જયિની નામે ઉત્તમ નગરી છે, તેને છન્નુ ગામ છે, માટે જો તમે સર્વે રાજાઓ એકઠા થઇને મ્હારી સાથે આવો, તો હું તમને ત્યાંનું રાજ્ય અપાવી દઉં. માટે તમે સર્વે રાજાઓને તેડાવો." પછી સર્વે (છન્નુ) રાજાઓ એકઠા થઇ વિચાર કરી પોત પોતાની ચતુરંગિણી સેના લઇ કુટુંબ સહિત ચાલ્યા; પરંતુ રસ્તામાં વર્ષાકાળ પ્રાપ્ત થવાથી તેઓએ સોરઠ દેશમાં આવેલા ઉંદુક પર્વતની પાસે પડાવ કર્યો.

વિલંબ થવાને લીધે ભાતું થઇ રહેવાથી સર્વે રાજાઓએ આચાર્યને કહ્યું. "હે કાળિક અવધૂત! ભાતા વિના શી રીતે ઉજ્જયિની નગરીએ પહોંચીશું અને ત્યાંનું રાજ્ય લઇ શકીશું?" આચાર્યે કહ્યું. "સ્થિર થાઓ, સૌ સારૂં થશે." આ વખતે સરસ્વતી સાધ્વી આંબિલનો તપ કરતી હતી, તે વાત શાસનદેવીએ આચાર્યને કહી; એટલે કાળિકાચાર્યે સુવર્ણ ચૂર્ણની ઇંટો બનાવી સર્વે રાજાઓને વહેંચી આપી. તેથી સર્વે રાજાઓ સ્વસ્થ થયા. પછી કાળિકાચાર્યની આજ્ઞાથી આગળ ચાલેલું સૈન્ય ગુજરાત માર્ગે થઇને ઉજ્જયિની પાસે આવી પહોંચ્યું, તે વખતે ગર્દભિલ્લ રાજા તેઓની સન્મુખ આવી યુદ્ધ કરવા લાગ્યો;

પણ શત્રુના મ્હોટા સૈન્યને જોઈને તે પાછો નગરમાં નાસી ગયો. પછી કાલિકાચાર્યની આ જ્ઞાથી સર્વે રાજાઓએ ઉજ્જયિનીને ઘેરો ઘાલ્યો; એટલે ગર્દભિલ્લે વિચાર્યું કે, "આ મ્હોટું સૈન્ય આવ્યું છે, તો હવે શું કરવું!" એવામાં કાલિકાચાર્યે તેને સમાચાર મોકલ્યા કે, "સરસ્વતી સાધ્વીને છોડી દે, નહિં તો ત્હારૂં મૃત્યુજ થવાનું છે." પછી સૂરીને આવેલા સાંભળી તથા શત્રુનું મ્હોટું સૈન્ય જાણી ગર્દભિલ્લ રાજા ગર્દભીવિદ્યાનું સાધન કરવા બેઠો.

આ વાત કાલિકાચાર્યે જાણી, તેથી તેમણે સર્વે રાજાઓને કહ્યું કે, "આ ગર્દભિલ્લ રાજા આજે આઠમીનો દિવસ હોવાથી ગર્દભીવિદ્યાનું સાધન કરવા બેઠો છે, તે જ્યારે કિલ્લા ઉપર ચઢીને ગધેડાનો શબ્દ કરશે, તે વખતે બે ગાઉમાં તે શબ્દને સાંભળશે તે મૃત્યુ પામશે; માટે શબ્દવેધ કરનારા એકસો ને આઠ સામંતો મ્હારી પાસે રહો ને બાકીના સઘળા સૈન્યને ચાર ગાઉ ઉપર લઈ જાઓ. પછી જ્યારે હું બાણ છોડું ત્યારે તમારે એકસો ને આઠ બાણ છોડવાં. તેથી શબ્દ કરતી એવી ગર્દભીવિદ્યાનું મુખ બાણોએ કરીને ભરાઈ જશે એટલે તે વિદ્યા કોપથી રાજાને પગ પ્રહારથી હણી તથા તેના મુખમાં મૂત્ર કરી ચાલી જશે અને પછી તે રાજા મૃત્યુ પામશે, એટલે તેનું રાજ્ય આપણે લેઇ લઇશું." પછી એ પ્રમાણે કાલિકાચાર્યે શબ્દવેધી સામંતોને બેસાડી ગર્દભિલ્લ રાજાને હણી તેનું રાજ્ય શાહૂઓ રાજાને આપ્યું. પછી શુદ્ધ શીલવતી સરસ્વતી સાધ્વીને અંતઃપુરમાંથી બહાર કાઢી સર્વ રાજાઓને જુદા જુદા દેશ આપ્યા અથવા તો પોતાના ભાણેજને આપ્યા. પછી કાલિકાચાર્યે ગુરૂ પાસે જઈ પ્રાયશ્ચિત ગ્રહણ પૂર્વક ચારિત્ર ગ્રહણ કરી અનેક ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી સ્વર્ગ સુખ પ્રાપ્ત કર્યું. સરસ્વતી સાધ્વી પણ નિર્મળ એવા ચારિત્રને પાળીને સ્વર્ગ પ્રત્યે ગઈ. ઇતિ ત્રીજા કાલિકાચાર્યની કથા.

## શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમાર

શ્રી કૃષ્ણનો પુત્ર શાંબકુમાર પોતાને સ્થાને રહ્યો છે, તોપણ એક ભાવ સહિત શ્રી નેમિનાથના વંદન થી મોક્ષ સુખદાયી ફળ પામ્યો.

પૂર્વે ત્રિખંડનો અધિપતિ શ્રી કૃષ્ણ દ્વારિકા નગરીને વિષે રાજ્ય કરતો હતો. તેને રુક્મિણી પ્રમુખ બહુ સ્ત્રીઓ હતી. એકદા રુક્મિણીએ સ્વપ્નને વિષે પોતાને લક્ષ ધુળક થી શોભતા એવા વિમાનમાં બેઠેલી જોઈ તે વાત શ્રીકૃષ્ણને કહી. કૃષ્ણે કહ્યું. "તને પુત્ર થશે." રુક્મિણીને કૃષ્ણે કહ્યું તે વાત કોઈ કળહ કરાવવામાં ઉત્સુક સ્ત્રીએ સત્યભામાને કહી. તે ઉપરથી અદેખી એવી સત્યભામાએ પણ કૃષ્ણને જઈને કહ્યું. "મેં આજે સ્વપ્નને વિષે ઐરાવત હસ્તિ જોયો." શ્રી કૃષ્ણે તેણીની ચેષ્ટા ઉપરથીજ તેનું બોલવું અસત્ય જાણી તેણીને કહ્યું. "અરે સ્ત્રી! તું પારકાને સંપત્તિ મળનારી જોઈ શા માટે ખેદ કરે છે!" સત્યભામાએ તે ઉપરથી કહ્યું. "મ્હારૂં કહેવું અસત્ય નહિં થાય." પછી તો રુક્મિણીને અને સત્યભામાને પરસ્પર વિવાદ થયો; ત્યારે સત્યભામા બોલી. "જેણીનો પુત્ર પ્રથમ પરણે, તેણીને બીજીએ પોતાના મસ્તક ઉપરની વેણી છેદીને આપવી." આ વાતના બળેએ સાક્ષી રાખ્યા. દૈવયોગે બન્નેને ગર્ભ રહ્યો. અનુક્રમે રુક્મિણીએ પ્રથમ પુત્ર પ્રસવ્યો, ઉદ્યોતકારક હોવાથી તેનું પ્રદ્યુમ્ન એવું નામ પાડ્યું. બીજે દિવસે સત્યભામાએ પુત્ર પ્રસવ્યો, તેનું ભાનું એવું નામ પાડ્યું.

એવામાં એમ બન્યું કે, ધૂમકેતુ નામનો કોઈ દેવતા રુક્મિણીના ગૃહને વિષે ગુપ્ત રીતે પ્રવેશ કરીને બાળકને લઈને વૈતાઢ્ય પર્વત ઉપર જતો રહ્યો. ત્યાં ટંકશિલા ઉપર બાળકને

મૂકીને તે દેવતા ત્યાંથી ચાલ્યો ગયો. એવામાં ત્યાં કોઈ કાળસંવર નામનો વિદ્યાધર આવી ચડ્યો, તે બાળકને જોઈ પોતાને ઘેર લઈ ગયો, ને તેને પાલન કરવાને અર્થે તેણે પોતાની કનકમાળા નામની પત્નિને આપી તેને પુત્ર કરીને સ્થાપ્યો; ને તેણીને કહ્યું કે, "ત્હારે એવી વાત બહાર પાડવી કે, 'મને ગૂઢગર્ભ હતો તે આજ પ્રસવ્યો છે.' તેણીએ તો તેમ કર્યું; ને બાળકનું ઉત્કૃષ્ટ તેજ જોઈ પ્રદ્યુમ્ન એવું નામ દીધું; ત્યાં તો તે સ્તનપાન આદિથી વૃદ્ધિ પામવા લાગ્યો.

પાછળ દ્વારિકામાં તો શ્રી કૃષ્ણ પુત્રને વિયોગે અતિ દુઃખી થવા લાગ્યો. તે જોઈને નારદે જઈને શ્રી સીમંધરસ્વામી પાસેથી પ્રદ્યુમ્નના હરણ સંબંધી સર્વ વાત જાણી લીધી. ને તે સર્વ વાત શ્રીકૃષ્ણને કહી; પછી રુકિમણીને પણ કહ્યું. "તેં પૂર્વભવને વિષે કોઈ મોરલીનાં ઈંડાં કંકુવાળાં કરીને કોઈ સ્થાનક મૂકી રાખ્યાં, ને સોળ પહોર સુધી એમને એમ રહેવા દીધાં. ત્યાં સુધી મોરલી 'એ ઈંડાં પોતાનાં નથી,' એમ જાણી બહુ દુઃખ પામી. સોળ પહોર પછી તને દયા આવી એટલે તેં તે ધોઈ નાંખ્યાં એટલે મોરલીએ પોતાનાં ઈંડાં ઓળખ્યાં ને તે બહુ હર્ષ પામી. આવા વિયોગ કર્મ કરાવવા થકી હે રુકિમણી! તને પણ ત્હારા પુત્રનો સોળ વર્ષ પર્યંત વિયોગ રહેશે. એ વાત હું શ્રી સીમંધરસ્વામી પાસેથી સાંભળી આવ્યો છું." એ સાંભળીને રુકિમણીને કંઈક આશા રહી.

હવે પ્રદ્યુમ્ન કુમાર તો વૃદ્ધિ પામતો સર્વ શાસ્ત્રમાં કુશળ થયો ને યુવતીઓના ચિત્તને વિષે પ્રમોદ ઉપજાવવા લાગ્યો. ઉદ્યોગવંત કુમારને જોઈને વિદ્યાધરની પત્ની કનકમાળા કામદેવથી વ્યાકુળ થઈ; તેથી કામાતુર થતી તે કુમારને કહેવા લાગી. "હે કુમાર! મ્હારી સાથે ભોગ વિલાસ ભોગવ અને મ્હારા કામજ્વરને ત્હારા શરીરના આલિંગન થકી શાંત કર." તેણીનાં આવાં વચન સાંભળીને પ્રદ્યુમ્ન કુમાર બોલ્યો. "ત્યારે શું હું ત્હારો પુત્ર નથી?" વિદ્યાધર પત્ની બોલી. "ના, હું ત્હારી માતા નથી. મ્હારા સ્વામી તને ક્યાંહિથી અહિં લઈ આવ્યા તેથી તને મેં વૃક્ષની પેઠે ઉછેર્યો છે; માટેજ હું ત્હારી પાસે કામભોગનાં ફળ મેળવવાની વાંછા રાખું છું. એમાં તને કિંચિત્માત્ર દોષ નથી. સત્પુરુષોએ પ્રત્યુપકાર કરવો જોઈએ. વળી સદા વિજયને આપનારી એવી ગૌરી અને પ્રજ્ઞપ્તિ એ નામની બે વિદ્યાઓ મ્હારી પાસે છે તે તમે ગ્રહણ કરો." પ્રદ્યુમ્ને વિચાર્યું કે, "હમણાં તો વિદ્યા ગ્રહણ કરી લેઉં અને પછી એવું અનાચાર કાર્ય નહિં કરૂં." એમ વિચારીને બોલ્યો. "હે માતા! મને વિદ્યાદાન દ્યો. પછી બીજું કાર્ય હું યોગ્ય અવસરે કરીશ." પછીએ બન્ને વિદ્યાઓ આપી, તે કુમારે વિધિ સહિત સાધી. ત્યારે વિદ્યાધર પત્નીએ કહ્યું. "હે પ્રદ્યુમ્ન! હવે તો તું મ્હારી સાથે ભોગ ભોગવ અને મ્હારાં કહેલાં વચનને ખરાં પાડ. કહ્યું છે કે-સજ્જન પુરુષોએ સહજમાં કહેલું વચન પણ પત્થરમાં કોરેલા અક્ષરોની પેઠે અન્યથા થતું નથી. વળી પાંચ ઇંદ્રિઓને વિષે રસના જીતવી એ અશક્ય છે; કર્મને વિષે મોહનીકર્મ, વ્રતને વિષે બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિને વિષે મન ગુપ્તિ જીતવાં એ બહુ અશક્ય છે; એ ખોટું નથી. પ્રદ્યુમ્ને પછીથી કહ્યું. "તું તો મ્હારી માતા છે અને માતાની સાથે જેને સંસારનો સંબંધ થાય તેને નરક ગતિમાં જવું પડે છે. તે વિષે તમેજ શું કહો છો?" એમ કહીને કુમાર બહાર નીકળી આવ્યો. [illegible] તો પછીએ ચરિત્ર કરવા માંડ્યાં. પોતાનાજ નખવડે પોતાનું શરીર વલુરીને તેણીએ કકળાટ કરી મૂક્યો કે, "અરે લોકો! દોડો દોડો આ પ્રદ્યુમ્ન કુમાર વિષ [illegible] અને વિદારીને જતો રહે છે. શું છે? શું છે? એમ કરતા તેના પુત્રો [illegible] તેમણે [illegible] પ્રદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા માંડ્યું પણ

પ્રદ્યુમ્ને વિદ્યાબળથી તે સર્વને હણ્યા. સુતને હણ્યા જાણી પિતા કાળસંવર વિદ્યાધર યુદ્ધ કરવા આવ્યો. તેને પણ પ્રદ્યુમ્ને વિદ્યાના જોરે સ્તંભાવ્યો. એટલે કાળસંવર બોલ્યો: "હે મહાનુભાગ! તું પુત્ર થઇને મને કેમ આવી કદર્થના પમાડે છે? મને તું છૂટો કર; પછી તું જેમ કહીશ તેમ હું કરીશ." કુમારે તેજ ક્ષણે કાળસંવરને છૂટો કર્યો. પછી પ્રદ્યુમ્ન પિતા કાળસંવર પાસે જઈ પ્રણામ કરીને કહેવા લાગ્યો. "અહો તમારી સ્ત્રી તો બહુ ઉત્તમ છે; એવી કે તે કહેવાને હું અસમર્થ છું." એવામાં અકસ્માત્ ત્યાં નારદ આવ્યા, તેમને પ્રદ્યુમ્ને નમસ્કાર કર્યો. નારદે કહ્યું. "હે પ્રદ્યુમ્ન! ત્હારા પિતા તો દ્વારિકાને વિષે કૃષ્ણ અને રુકિમણી છે; એમ શ્રી સીમંધરસ્વામીએ કહ્યુ છે." એમ કહીને તેણે સર્વ હકીકત સત્ય હતી તે નિવેદન કરી. વળી વધારે એ કહ્યું કે, "સત્યભામાને ભાનુ નામે પુત્ર છે. ત્હારી માતાને અને સત્યભામાને પૂર્વે સરત થઇ છે, તે પ્રમાણે જો એ સત્યભામાનો પુત્ર ભાનુ પ્રથમ પરણશે, તો ત્હારી માતાને પોતાની વેણી સત્યભામાને આપવી પડશે. આમ તું પુત્ર છતાં ત્હારી માતા મરણ પામશે."

નારદનું આવું કહેવું સાંભળીને તેણે પોતાની પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી વિમાન રચ્યું, ને તેમાં નારદ સહિત બેસી તે દ્વારિકાના બહારના ઉદ્યાનમાં આવીને ઉતર્યો. નારદને વિમાન સહિત ત્યાંજ મૂકી પોતે અન્ય વેષ લઇ નગરીમાં ગયો. ત્યાં ભાનુ કુમારનાં લગ્ન થતાં જોયાં. એટલે તેણે પોતાની વિદ્યાના બળથી કન્યાનું અપહરણ કરી તેણીને નારદ પાસે બહારના ઉદ્યાનમાં મૂકી. પછી તેણે કૃષ્ણનો આખો બાગ ફલ ફૂલ રહિત કરી નાંખ્યો, ને વળી એ જ વિદ્યાના બળથી સર્વ જળાશય પણ શોષવી નાંખ્યાં, ને વિવાહ સામગ્રીમાં લાવેલા ઘાસ વિગેરેને પણ તેણે અદૃશ્ય કરી મૂક્યાં. પછી તો પોતે બ્રાહ્મણનું રૂપ લઇ વેદનો પાઠ ભણતો ભણતો નગરીમાં જઇ કોઈ શ્રેષ્ઠીની દુકાન ઉપર જઇને બેઠો. ત્યાંથી જતી કોઈ કુબ્જા દાસીને તેણે પોતાની મુષ્ટીના ઘાતથી પાંશરી કરી; એટલે તે દાસી તેને કોઈ મહા કળાવાન્ જાણી પોતાની રાણી સત્યભામાને ત્યાં લઈ ગઇ; ને પોતાને તેણે પાંશરી કરી એ રાણીને બતાવ્યું. ત્યાં તો સત્યભામાએ આસનાદિથી તેનું સન્માન કરીને કહ્યું. "અહો વિપ્ર! મને રુકિમણીથી અધિક રૂપવંતી કર." એટલે "અવસર ઠીક છે" એમ ધારી પ્રદ્યુમ્ન પણ કહેવા લાગ્યો. "તમે માથું મુંડાવીને, જીર્ણ વસ્ત્ર પહેરી તમારી કુળદેવી પાસે બેસી બડબડ એવો વિદ્યાના જાપ જપો અને કહેતાં જાઓ કે, 'मां विरूपां कुरू कुरू स्वाहा.'" એ સાંભળીને સત્યભામાએ સર્વ એના કહેવા પ્રમાણે કર્યું ને એકાંતે જઇ જાપ જપવા બેઠી. સર્વ દાસીઓ પણ તેણીની પાસે જઇને બેઠી, એટલે લાગ જોઇને પ્રદ્યુમ્ને વિવાહને અર્થે આણેલું સર્વ અન્ન પાન વિણસાડી નાંખ્યું.

આ પ્રમાણે સર્વ વસ્તુ પોતાને મનગમતી કરી પ્રદ્યુમ્ન રુકિમણીને ત્યાં ગયો, ત્યાં તેને જોઈ તે હર્ષ પામી તેને માટે આસન લેવા ગઈ; એટલે ભાઇ તો શ્રી કૃષ્ણના સિંહાસન ઉપરજ બેસી ગયા! રુકિમણી આવીને જૂએ છે તો બાળમુનિ કૃષ્ણના સિંહાસન ઉપર વિરાજમાન થઇ ગયા છે; તે જોઇને તે બોલી. "કૃષ્ણના સિંહાસન ઉપર કૃષ્ણ અથવા કૃષ્ણના પુત્ર શિવાય અન્યને દેવતાઓ બેસવા દેતા નથી." બાળમુનિનો વેષધારી પ્રદ્યુમ્ન બોલ્યો. "પણ મ્હારી તપસ્યાનું બળ અધિક છે. હું અહિં સોળ વરસને અંતે પારણું કરવા આવ્યો છું; માટે મને પારણું કરાવ; નહિંતર હું સત્યભામાને ઘેર જઇશ." ત્યારે રુકિમણીએ કહ્યું. "મેં તને ના ક્યાં કહી છે? પણ મને પુત્ર વિયોગ બહુ સાલે છે." પ્રદ્યુમ્ને પણ કહ્યું. "તેમ મને પણ માતાનો એવોજ વિયોગ છે; માટે તું એમાં ખેદ શાનો કરે છે? ત્હારો પુત્ર ક્યાં ગયો છે?" એ ઉપરથી રુકિમણીએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પાને દેવીની આરાધના

કરી ઉત્તર મેળવ્યો હતો કે, 'સોળ વર્ષને અંતે પુત્ર સંયોગ થશે' તે પણ કહી સંભળાવ્યું. વળી પણ કહેવા લાગી કે, "સોળ વર્ષ તો થઈ ગયાં, પણ હજુ પુત્ર આવ્યો નહી. તો હવે તું જ્ઞાની આવ્યો છે, તો ત્હારાં શાસ્ત્ર તો કંઈ જો ને મ્હારા પુત્રનો ક્યારે સમાગમ થશે? તે કહે." ત્યારે પેલા બાળમુનિ વેષધારી પ્રદ્યુમ્ને કહ્યું. "કહ્યું છે કે-આ પૃથ્વી ઉપર સુખના અભિલાષી પ્રાણીઓએ ગુરુ પાસે, પિતા પાસે, દેવ પાસે, કે રાજા પાસે ખાલી હાથે જવું નહી." ત્યારે રુક્મિણીએ તેને ક્ષીર ભોજન આપ્યું, તે તેણે ખાધું; ને પછી કૃષ્ણને માટે કરી મૂકેલા મોદક ખાવા માગ્યા. ત્યારે તેણીએ કહ્યું. "તેને માટે કરેલો એક પણ મોદક અન્યને અપાય નહી." બાળમુનિએ કહ્યું. "મને એક મોદક તો આપ. તપસ્વીને શું નથી પચતું? સર્વ પચે છે." એટલે રુક્મિણીએ તેને એક મોદક આપ્યો. એટલે તે ખાઇને ફરી ફરી બીજા માગવા લાગ્યો. રુક્મિણી તેને આપતી ગઈ ને કહેવા લાગી. "અહો મુનિ! તું તો બહુજ બળવાન્ જણાય છે; આટલા આટલા મોદકથી પણ ત્હારી ક્ષુધા શાંત થતી નથી!"

હવે સત્યભામા મંત્ર જપે છે, ત્યાં શું બન્યું તે જુઓ. એક સેવકે ત્યાં આવીને નિવેદન કર્યું કે, "કોઈ દેવ, દાનવ કે પુરુષે આપણો બાગ સૂકવી નાંખ્યો છે. જળ પણ શોષવી નાંખ્યાં છે અને કોઈ તૃણાદિ સર્વ ભક્ષણ કરી ગયું છે; ભાનુ કુમારને અશ્વ ઉપરથી પાડી નાંખ્યા છે; એમ લોકોમાં હસાહસ થઈ રહી છે." આટલું તે સેવક બોલી રહ્યો, એટલામાં બીજાએ આવીને ઉમેરો કર્યો કે, "બાઈ કન્યાનું હરણ થયું છે; ભાનુકુમારને પરણવા આવેલી કન્યાને કોઇ હરી ગયું છે." આ સાંભળીને બહુ વિષાદમાં પડી ક્રોધાતુર થઇ સત્યભામાએ પોતાની દાસીને હસ્તમાં પાત્ર આપીને રુક્મિણીને ઘેરથી રુક્મિણીના કેશ લઈ આવવાનું કહ્યું. ત્યાં દાસી ગઇ એટલે તેણીનાજ વાળથી પેલા બાળમુનિએ પાત્ર પૂર્યું. પણ દાસીને ખબર પડી નહી કે પોતાનાજ વાળ પેલાએ લઇ લીધા છે! તે તો લઇને ગઇ પણ સત્યભામાએ તેણીને મુંડેલી જોઇ, તેથી તે બહુ ખેદ પામી. પછી તેણીએ કૃષ્ણને કહ્યું. "હવે તમે પેલી અમારી હોડ પ્રમાણે રુક્મિણીના કેશ મને અપાવો." કૃષ્ણે કહ્યું. "પણ ત્હારાજ કેશ ત્હારા મસ્તક ઉપર નથી તે શું? સત્યભામાએ કહ્યું. "એવી હાંસી રહેવા દો." તે ઉપરથી કૃષ્ણે બળભદ્રને રુક્મિણીને ત્યાં કેશ લેવાને મોકલ્યા. તેને જોઈ પ્રદ્યુમ્ને કૃષ્ણનું રૂપ કર્યું. તે દેખી લજ્જા પામી બળભદ્ર પાછા વળ્યા; ને સભામાં આવી કૃષ્ણને દેખીને બોલ્યા. "તમે બે રૂપ કરીને એક રૂપે ત્યાં રહ્યા, ને ત્યાં મને શા વાસ્તે મોકલ્યો? વહુ રુક્મિણી પણ લજવાણી." ત્યારે કૃષ્ણે કહ્યું "પણ હું તો ત્યાં ગયોજ નથી; ને એમ કેમ બને?" સત્યભામાને હવે બોલ્યા વિના ચાલ્યું નહી કે, "અહો સ્વામી તે સર્વ તમારાં કર્તવ્ય છે." એ ઉપરથી વિલક્ષ થએલા કૃષ્ણ રુક્મિણીને ત્યાં આવ્યા. ત્યાં તો રુક્મિણી પોતાના પુત્રનો સમાગમ હજુ નહિં થવાથી દુઃખ પામતી હતી. તેવામાં ત્યાં નારદ આવ્યા ને જૂદા જૂદા કૃષ્ણ રુક્મિણી બન્નેને કહેવા લાગ્યા. "જેણે હમણાં કૃષ્ણનું રૂપ કર્યું હતું, ને જે હમણાં વળી અત્યારે બાળમુનિના વેષમાં છે, તે આપનોજ પુત્ર મહા લબ્ધિવાન્ પ્રદ્યુમ્ન છે." એટલે પ્રદ્યુમ્ન પણ શીઘ્ર આવીને માતા પિતાના ચરણમાં નમ્યો ને કહેવા લાગ્યો કે, "હું આપનો પુત્ર છું. વળી અંજલિ જોડી તે માતા પ્રત્યે બોલ્યો. "હે માતા! જ્યાં સુધી હું આપની પાસે સ્વજન સંબંધી વર્ગ સમક્ષ કંઇ પણ ચમત્કાર ન બતાવું, ત્યાં સુધી તમારે મ્હારું ખરું સ્વરૂપ કોઇને કહેવું નહી." માતાએ તે ઉપરથી પુત્રને આલિંગન દઇને કહ્યું. "હે પુત્ર! ત્હારા આગમનની વાત હું કોઇને નહી કહું." કૃષ્ણે પણ તેમજ કહ્યું. પછી પ્રદ્યુમ્ન રુક્મિણીને રથમાં બેસારીને ચાલ્યો. વળી તે શંખને વગાડી સર્વ યાદવાદિક જનોને ક્ષોભ પમાડતો છતો

કહેવા લાગ્યો કે, "હું રૂક્મિણીને લઈ જઉં છું; કૃષ્ણની શક્તિ હોય તો રક્ષણ કરવા આવે. વૈરિની સેના સાથે યુદ્ધ કરવાને હું એકલોજ સમર્થ છું; એટલુંજ નહિં પણ હું સમુદ્રનાં જળ શોષી નાંખું છું; અગ્નિને પાન કરવાને સમર્થ છું; નાગને હસ્તને વિષે ગ્રહણ કરવાની અને કુલાચળ પર્વતને ઉપાડવાની પણ મ્હારામાં શક્તિ છે. વળી આખી પૃથ્વીને હથેળીમાં ધારણ કરી શકું છું; ભુજાથી સમુદ્રને તરી જઉં છું અને એકલો છતાં એ કૃષ્ણના સકળ સૈન્યને પૂરો પડું એવો છું."

એમ બોલતો પ્રદ્યુમ્ન નગરથી બહાર નીકળ્યો. તે જોઈને કૃષ્ણે ચિંતવ્યું. "અહો! આ કોઈક માયાવી અને છેતરીને મ્હારી સ્ત્રીનું હરણ કરી જાય છે. કહ્યું છે કે-માયાવી જન મીઠું મીઠું બોલે છતાં તેનો વિશ્વાસ કરવો નહીં; કારણ કે, નીલકંઠ જે મોર તે પણ બોલે છે મધુર મધુર શબ્દો; છતાં વિષધર એવો જે નાગ તેનું ભક્ષણ કરે છે! માટે આ માયાવીને હું હવે હણ્યા વિના નહિં રહું." પછી તે "રે દુર્બુદ્ધિ! તું કેમ મરવાને તત્પર થયો છે!" એમ બોલતો બોલતો કૃષ્ણ સૈન્ય સહિત પ્રદ્યુમ્નની પછવાડે ધાયો અને ધૂંસરૂં ઉપાડી ઉપાડીને ફેંકવા લાગ્યો. એટલે પ્રદ્યુમ્ને તુરતજ વિદ્યાના બળથી તેના સૈન્યને હરાવ્યું ને તેને (કૃષ્ણને) પણ હસ્તિને જેમ દંત રહિત કરે, તેમ તેને પણ શસ્ત્ર રહિત કર્યો. એ જોઈ શ્રી કૃષ્ણ તો વિલક્ષ બની ગયા; એટલે તો નારદ આવીને કહેવા લાગ્યા. "હે કૃષ્ણ! આ તો ત્હારો પુત્ર પ્રદ્યુમ્ન છે; નિઃસંદેહ થા; સિંહનો પુત્ર સિંહ સમાનજ બળવાન્ હોય." તે સાંભળીને કૃષ્ણે યુદ્ધ મુકીને તેને આલિંગન દીધું. પ્રદ્યુમ્ન પણ માતા પિતા પાસે આવીને તેમની સ્તુતિ કરી પાયે પડ્યો ને બોલ્યો. "મ્હારો અપરાધ ક્ષમા કરો; મેં એ કૌતુક વાસ્તે કર્યું છે."

પછી શ્રી કૃષ્ણ પ્રદ્યુમ્ન પુત્રને પોતાના પટ્ટહસ્તી ઉપર બેસારી નગરમાં પોતાના મહેલને વિષે લાવ્યો. તે સમયે નગરની સ્ત્રીઓ માંગળિક ગીતો ગાવા લાગી. ભાટ ચારણ આદિને સુવર્ણ દાન દેવાવાં લાગ્યાં; સ્ફુરિત ઘોષ કરતા હસ્તીઓ પણ હર્ષથી નૃત્યોત્સવ કરવા લાગ્યા. માંગળિક વાજિત્ર-દુંદુભિ આદિના નાદ થવા લાગ્યા; વૈતાળિકો ગાયન કરવા લાગ્યા અને કૃષ્ણની શ્લાઘા કરતાં કરતાં તેના પૂર્વના રાજાઓને પણ ઉદ્દેશીને આશિષ વચન આપવા લાગ્યા.

એવામાં તો દુર્યોધન ત્યાં આવીને કૃષ્ણને કહેવા લાગ્યો. "મ્હારી પુત્રી-જે ત્હારા પુત્રની સ્ત્રી તેણીનું કોઈએ હરણ કર્યું, તેની શુદ્ધિ જણાતી નથી." ત્યારે દુઃખી થતો કૃષ્ણ બોલ્યો. "જ્યારે શોધજ લાગતી નથી ત્યારે વાસણ તો થાયજ કેમ?" તે સાંભળીને પિતાને ખેદ ધરતા જોઈને પ્રદ્યુમ્ન બોલ્યો. "હે તાત! ખેદ ન કરો; હું હમણાં તેણીને મ્હારી પ્રજ્ઞપ્તિ વિદ્યાના જોરથી અહિં લાવું છું." એમ કહી શીઘ્ર તેણે કન્યાને ત્યાં આણી. ત્યારે કૃષ્ણે અને દુર્યોધને પ્રદ્યુમ્નને કહ્યું. "તું એ કન્યાને પરણ." પણ તેણે ઉત્તર આપ્યો. "એ કન્યા તો મ્હારી વધુ કહેવાય; માટે તમારા ભાનુની સાથે પરણાવો." તે ઉપરથી તેણીને મહોત્સવ સહિત ભાનુ સાથે પરણાવી. પ્રદ્યુમ્નનું પણ આવું સાહસિકપણું દેખીને બહુ વિદ્યાધરોએ આગ્રહથી પોતાની રૂપવતી કન્યાઓ તેને આપી.

એકદા સત્યભામાએ ને જીર્ણ મંચ ઉપર સૂતેલી જોઈ રીસાયલી જાણી શ્રી કૃષ્ણે તેનું કારણ પૂછ્યું; ત્યારે તેણીએ કહ્યું. મ્હારે પ્રદ્યુમ્ન સમાન પુત્ર જોઈએ છીએ." એટલે કૃષ્ણ બોલ્યા. "અહો! એમાં આટલો ખેદ શો? ત્હારી ઇચ્છા હું પૂર્ણ કરીશ." એમ કહીને તેણે એક ઉપવાસનો તપ કરીને હરિણગમેષી દેવની આરાધના કરી; જેથી તે પ્રગટ થઈને બોલ્યો. "અહો કૃષ્ણ! ત્હારે શું જોઈએ છીએ?" કૃષ્ણે તેની પાસે પ્રદ્યુમ્ન કુમાર સમાન પુત્ર માગ્યો. હરિણ

ગમેષીએ કહ્યું. "તેવો પુત્ર થશે." એમ કહીને તેને એક હાર આપીને તે અંતર્ધ્યાન થયો. એ હાર પ્રાપ્ત થયાની સર્વ ખબર પ્રદ્યુમ્નને પડી, એટલે તેણે શીઘ્ર જઈ જંબૂવતીને પોતાની વિદ્યાના બળથી સત્યભામાનું સ્વરૂપ આપી ગુપ્ત રીતે કૃષ્ણના મહેલમાં મોકલી. કૃષ્ણે પણ સત્યભામા આવી જાણીને પેલો હાર જંબૂવતીની કોટમાં પહેરાવ્યો અને તેણીની સાથે ભોગ વિલાસ ભોગવ્યા. તે વખતે દેવલોકથી કોઇએક દેવ ચ્યવીને જંબૂવતીની કુક્ષિએ શુભ સ્વપ્ને સૂચિત અવતર્યો. જંબૂવતી હર્ષ પામી પોતાને સ્થળે ગઇ; એવામાં વળી સત્યભામા ભોગને અર્થે શ્રી કૃષ્ણ પાસે આવી. કૃષ્ણે વિચાર્યું. "અહો સ્ત્રીઓને ભોગને વિષે એટલી અભિલાષા હોય છે કે તેણીઓ તૃપ્ત થતીજ નથી; આ સત્યભામા ફરીને ભોગને અર્થે આવી. સ્ત્રીઓને શાસ્ત્રને વિષે જેવી વર્ણવેલી છે, તેવીજ તેણીઓ છે. કહ્યું છે કે-તેણીઓને આહાર બમણો હોય છે, નિદ્રા ચોગણી હોય છે, વ્યવસાય છ ગણો હોય છે અને કામ તો આઠ ગણો હોય છે." એમ ધારી શ્રી કૃષ્ણે તેણીની સાથે વિલાસ કર્યો. તેજ વખતે પ્રદ્યુમ્ન કુમારે ભંભા વગાડી એટલે શ્રી કૃષ્ણ ક્ષોભ પામ્યા. તેથી કૃષ્ણ ક્ષોભ પામીને સત્યભામા પ્રત્યે કહેવા લાગ્યા. "હે પ્રિય! ત્હારે પુત્ર થશે." સત્યભામા બોલી. "હે પ્રભો! આપનું વચન સત્ય અને નિશ્ચળ થાઓ."

હવે પ્રભાતે શ્રી કૃષ્ણે પેલો હાર જંબૂવતીના કંઠમાં જોયો એટલે તેણે ધાર્યું કે "રાત્રીએ પ્રદ્યુમ્ને પોતાની વિદ્યાના બળથી પ્રથમ જંબૂવતીને મ્હારી પાસે મોકલી હશે." હવે અનુક્રમે જંબૂવતીએ રૂડાં સ્વપ્ને સૂચિત શાંબ નામના પુત્રને પ્રસવ્યો. સત્યભામાને પણ પુત્ર થયો તેનું નામ ભીરૂક પાડયું. ત્યાર પછી ઉપાયે કરી પ્રદ્યુમ્ન રુકમૈયાની પુત્રી વૈદર્ભિને પરણ્યો, ને જંબૂવતીનો પુત્ર શાંબ હેમાંગદ રાજાની પુત્રી સુહરિણીને પરણ્યો.

હવે એમ બન્યું કે, જંબૂવતીનો પુત્ર શાંબ નિત્ય સત્યભામાના પુત્ર ભીરૂકને રમતાં રમતાં બહુ બ્હીવરાવે, તે ઉપરથી સત્યભામા જંબૂવતી પાસે ફરિયાદ કરવા આવી; એટલે માતા તો "મ્હારો પુત્ર બહુજ શાંત છે" એમ કહેવા લાગી. સત્યભામાએ તે ઉપરથી કૃષ્ણને કહ્યું કે, "મ્હારા પુત્રને શાંબ હમ્મેશાં બ્હીવરાવે છે." કૃષ્ણે જંબૂવતીને કહ્યું. "ત્હારો પુત્ર શાંબ બહુ અન્યાયી સંભળાય છે; કારણ કે, તે જેને તેને બહુ બ્હીવરાવે છે." એમ કૃષ્ણના કહેવા છતાં પણ માતાએ તો પોતાના પુત્રનાં વખાણજ કર્યા કર્યાં અને તે કહેવા લાગી. "એ તો ડાહ્યો છે." ત્યારે કૃષ્ણે કહ્યું. "એનું ન્યાયીપણું ને ડાહાપણ કોઈક વાર દેખાડીશ." એમ કહી એકદા કૃષ્ણે આભીર (ભરવાડ) નો વેષ લીધો ને જંબૂવતીને આભીરિણીનો વેષ લેવરાવ્યો અને તેઓ દહીં વેચવાને મિષે બહાર ચાલ્યા. તેમને જોઇ તે ત્યાં રમતો શાંબકુમાર આભીરિણી (જંબૂવતી) ને કહેવા લાગ્યો. "અહિં ચાલ, ત્હારૂં ગોરસ અમારે લેવું છે." એમ કહી તેણીને ખેંચીને એક શૂન્ય ઘરમાં લઇ ગયો. ત્યાં ગયો એટલે કૃષ્ણ અને જંબૂવતીએ પોતાનાં સત્ય સ્વરૂપ પ્રકટ કર્યાં. તે જોઇ શરમાઇ જઇ શાંબ જતો રહ્યો. એટલે કૃષ્ણે કહ્યું. "જોયું ત્હારા પુત્રનું ડાહાપણ ને સ્વરૂપ! કેવો દુર્ગુણી છે?" જંબૂવતી બોલી. "એ તો મ્હારો પુત્ર ભંડક છે; એ તો બાળકની ક્રીડા કરે છે." કૃષ્ણે કહ્યું. "સિંહણ પોતાના પુત્રને નિત્ય ભંડકજ માને છે, તે ખરૂંજ છે." વળી બીજેજ દિવસે શાંબ હાથમાં લાકડાની ખીલી લઇને ચોકમાં ફરતો હતો, તે કૃષ્ણ અને લોકોના સાંભળતાં આશ્ચર્ય કહેવા લાગ્યો. "અહો! જે મ્હારી ગઈ કાલની વાત પ્રકટ કરશે, તેના મુખને વિષે આ ખીલી ઘાલીશ." તે સાંભળીને શ્રી કૃષ્ણે તેને નિર્લજ્જ અને મ્લેચ્છાચારી કહીને દ્વારિકા થકી બહાર કાઢી મૂકયો. તેને જતી વખતે પ્રદ્યુમ્ને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી.

આમ સત્યભામાના ભીરૂકની એક અડચણ તો દૂર થઇ, પણ એટલેજ પત્યું નહી.

પ્રદ્યુમ્ન પણ ભીરૂકને નડવા લાગ્યો. એ ઉપરથી સત્યભામાએ કહ્યું. "પ્રદ્યુમ્ન, તું પણ શાંબની પેઠે કેમ અહિંયી જતો નથી ? આ નગરીમાંથી તું પણ જતો રહે." પ્રદ્યુમ્ન બોલ્યો. "હે માતા ! કયાં જઉં ?" સત્યભામાએ કહ્યું. "કયાં શું ? સ્મશાનમાં જા !" પ્રદ્યુમ્ને કહ્યું. "ત્યારે મ્હારે અહિં કયારે પાછા આવવું ?" તેણીએ ઉત્તર આપ્યો. "જ્યારે હું હાથે ગ્રહીને શાંબને નગરમાં લાવું ત્યારે." પ્રદ્યુમ્ન ને ઉપરથી બોલ્યો. "ભલે માતા, તેમ થાઓ!" એમ કહી પ્રદ્યુમ્ન ચાલી નીકળ્યો. નગર બહાર પ્રદ્યુમ્ન અને શાંબ એકઠા મળ્યા.

હવે તો સત્યભામા અત્યંત હર્ષવતી થઈ, ને પોતાના ભીરૂકને પરણાવવાને અર્થે તેણીએ નવાણુ કન્યાઓ મેળવી, પણ સોમી મળતી નથી; તેથી સત્યભામા દુ:ખાર્ત થઈ. આ સર્વ વૃત્તાંત પ્રદ્યુમ્ન કુમારે પ્રજ્ઞપ્તિના બળથી જાણી એટલે પોતે જિતશત્રુ રાજા થયો. શાંબને કન્યારૂપ બનાવ્યો અને એજ શક્તિથી તેણે પોતાનો સાથ પણ વિકુર્વ્યો. હવે આ જિતશત્રુની કન્યાને સત્યભામાએ પોતાના પુત્રને અર્થે માગી. જિતશત્રુએ કહ્યું. "જો સત્યભામા મ્હારી પુત્રીને પોતાને હાથે ઝાલીને નગર મધ્યે લઈ જાય અને વિવાહ સમયે મ્હારી પુત્રીનો હાથ ભીરૂકના હાથની ઉપર રખાવે તો હું મ્હારી પુત્રી ભીરૂક પ્રત્યે આપું." સત્યભામાએ સર્વ અંગીકાર કર્યું; ને તે કન્યાને પોતે હાથે ઝાલીને મહોત્સવપૂર્વક નગરમાં આણી. ત્યારે લોકો પણ જિતશત્રુ રાજાની પુત્રીને ઠેકાણે શાંબને દેખીને તથા સાથે પ્રદ્યુમ્નને પણ જોઇને બોલવા લાગ્યા. "અહો સત્યભામા પોતાના પુત્રના વિવાહ સમયે શાંબ અને પ્રદ્યુમ્નને મનાવીને પાછા લાવે છે." આ પ્રમાણે શાંબ, કન્યાના વિકુર્વેલા વેશમાં સત્યભામાને ઘેર ગયો. ત્યાં વિવાહ સમયે શાંબે ભીરૂકના જમણા હાથ ઉપર પોતાનો ડાબો હાથ મુક્યો અને પછી કન્યાઓના હસ્ત પોતાના જમણા હસ્તથી ગ્રહણ કર્યા; ને સમકાળે વિધિ પ્રમાણે અગ્નિની આસપાસ ફેરા ફરી તે તેણીઓને પરણ્યો. પછી બીજી સઘળી સ્ત્રીઓ સાથે શાંબ પણ ભીરૂકના વાસગૃહે ગયો. ત્યાં જઈ તેણે પોતાનું મૂળરૂપ પ્રકટ કર્યું. ભીરૂક આવ્યો તેને શાંબે ભ્રકુટી ચડાવીને બ્હીવરાવ્યો એટલે તે નાઠો ને માતા પાસે જઇને કહેવા લાગ્યો. "હે માતા ! કન્યાને સ્થાને શાંબ છે." સત્યભામા તે ખરૂં નહી માની પોતે જોવા આવી, તો ખરેખર શાંબને જોયો ! શાંબ પણ ઉભો થઇને માતાને ચરણે નમ્યો. સત્યભામાએ તો કોપાયમાન થઇને પૂછ્યું. "રે ધૃષ્ટ! તને અહિં કોણ લાવ્યું ?" તે બોલ્યો. "તેં પોતે મને અહિં આણ્યો અને આ કન્યાઓ સાથે મ્હારો વિવાહ પણ તેં કરાવ્યો. એ બાબત સર્વ લોકો સાક્ષી છે." સત્યભામાએ પૂછી જોયું તો સર્વ લોકોએ તેમજ કહ્યું. એટલે હવે શાંબ નવાણુ કન્યાઓનો પતિ થયો. સત્યભામા બોલ્યા વિના રહી નહી કે જેનો બંધુ (પ્રદ્યુમ્ન) માયાવાળો (કપટી), પિતા (કૃષ્ણ) પણ માયાવી, માતા (જંબૂવતી) પણ માયાકપટી અને જેણે વળી મને પણ માયિક કન્યાનું રૂપ લઇને છેતરી એ (શાંબ) હવે મ્હારો સહજ શત્રુ થયો છે."

હવે સત્યભામાનો તો બધો ખેલ બગડ્યો એટલે નિશ્વાસ મૂકી દુ:ખી થતી તે પોતાને ઘેર જઈ જૂના ખાટલા ઉપર સૂતી. શાંબ કુમાર પણ (દાદા) વસુદેવને નમસ્કાર કરવાને ગયો ને ત્યાં કહેવા લાગ્યો. "આપ તો બહુ ગી પરણ્યા તે ઘણે વર્ષે પરણ્યા, પણ હું તો સઘ વારમાંજ એકસો કન્યા પરણ્યો." વસુદેવે કહ્યું. "તું તો કુવાનો દેડકો મૂર્ખ છે." એ સાંભળી શાંબે ઉભા થઇને તેમની પાસે ક્ષમા માગી. હવે સર્વે સ્ત્રીઓ શાંબની થઈ, પછી પ્રદ્યુમ્ને પણ પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું. હવેથી શાંબ અને પ્રદ્યુમ્ન સર્વ યાદવોને વિષે કૃષ્ણ મનાવા લાગ્યા. શાંબે સર્વ પત્નિ સહિત પોતાના માતા પિતાને વંદન કર્યું. પ્રદ્યુમ્ને પણ પોતાની માતાને પ્રણામ કર્યા.

હવે એકદા કોઇ ભૂપતિએ શ્રી કૃષ્ણ વાસુદેવને એક જાતિવંત અશ્વ ભેટ મોકલ્યો. તે વખતે તેના શાંબ અને પાલક એ બે કુમારો આવીને કહેવા લાગ્યા. "એ અશ્વ અમને આપો." ત્યારે કૃષ્ણે કહ્યું. "જે કાલે શ્રી નેમિનાથ પ્રભુને પ્રથમ વંદન કરશે, તેને હું એ અશ્વ આપીશ." તે ઉપરથી અશ્વ લેવાની ઇચ્છાએ પાલક મધ્યરાત્રીએ ઉઠ્યો ને કળકળાટ કરી મૂકી સર્વ સેવકોને જગાડ્યા ને એટલામાં સૂર્યોદય થયો. ત્યારે પરવારી પ્રભુને વંદન કરવા ગયો; ત્યાં જઇ તેમને વંદન કરીને બોલ્યો. "હે પ્રભો! મ્હારા પિતાને કહેજો કે હું અહિં તમને પહેલો વંદન કરવાને આવ્યો છું." પ્રભુને એમ કહી પિતા પાસે આવી તે અશ્વ માગવા લાગ્યો. ત્યારે પિતાએ કહ્યું. "ચાલ, પ્રભુ પાસે જઇ પૂછીએ કે કોણે પહેલું વંદન કર્યું છે?" આમાં એમ બન્યું હતું કે, શાંબ કુમારે મધ્યરાત્રીએ જાગી ધીરેથી ઉઠી, પાપની બ્હીકથી પોતાને સ્થાનેજ રહ્યા રહ્યા પ્રભુને નમસ્કાર કર્યો હતો. એટલે જ્યારે પાલક અને કૃષ્ણ પ્રભુને પૂછવા ગયા ને ત્યાં તેમને વંદન કરીને કૃષ્ણે પૂછ્યું, ત્યારે પ્રભુએ કહ્યું. "દ્રવ્યવંદને તો પ્રથમ મને પાલકે વાંદ્યા છે; પણ ભાવવંદને શાંબે વાંદ્યા છે અને વાંદવાનું ફળ પણ શાંબે ઉપાર્જ્યું છે. હૃદયમાં ધ્યાન ધરવાનું ફળ શાંબે ઉપાર્જન કર્યું અને પાલકે તો સાક્ષાત્ દર્શન કર્યાં તોપણ તેને તેવું ફળ ન મળ્યું; તેથીજ જ્ઞાની પુરુષો અંતરંગ વિધિને બાહ્ય વિધિથી અધિક માને છે. ત્યાર પછી શ્રી કૃષ્ણે શાંબકુમાર પ્રત્યે એ અશ્વ આપ્યો.

અનુક્રમે કેટલેક દિવસે શાંબ અને પ્રદ્યુમ્નને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી અને તેમણે બતાવેલા સંયમ માર્ગે તપશ્ચર્યા કરી, સર્વ કર્મ છેદી શ્રી ગિરનાર પર્વત ઉપર તેઓ મોક્ષ પામ્યા. ઇતિ શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમારની કથા.

## મૂળદેવ રાજા.

મુસાફને મનઃશુદ્ધિ સહિત શુદ્ધ દાન આપનાર માણસ મૂળદેવની પેઠે રાજ્યાદિ સુખ પ્રાપ્ત કરે છે.

ગૌડ દેશમાં પાટલીપુત્ર નામે પ્રખ્યાત નગર છે. અતિ શોભાયમાન એવા તે નગરને વિષે બહુ બુદ્ધિશાળી ને કળાવાન્ એવો મૂળદેવ નામે રાજપુત્ર હતો. વળી તે ધૂર્તવિદ્યામાં પ્રવીણ, રૂપગુણનો બાંધવ અને કપટ કરવામાં કુશળ હતો. ચોરની સાથે ચોર, સાધુની સાથે સાધુ, વાંકાની સાથે વાંકો, સરળની સાથે સરળ, ગાંડાની સાથે ગાંડો, ડાહ્યાની સાથે ડાહ્યો, વ્યસનીની સંગાથે વ્યસની અને સુભટની સાથે સુભટ જેવો હતો. જુગટીઆની સાથે જુગટીઓ, લવારો કરનારની સાથે તેવો અને સ્ફટિક મણિની પેઠે તત્કાળ જેની તેની સાથે મળી જાય તેવો હતો. ચતુર પુરુષોને વિષે અગ્રણી એવો તે વિચિત્ર કુતુહળો કરીને લોકોને વિસ્મય પમાડતો અને વિદ્યાધરની પેઠે મનમાં આવે ત્યાં ફરતો ફરતો.

એકદા આ દુર્વ્યસનમાં આસક્ત એવા મૂળદેવનું તેના પિતાએ અપમાન કર્યું, તેથી તે એકલો પોતાના નગરનો ત્યાગ કરીને ઉજ્જયિની નગરીએ ગયો. ત્યાં જઇ તેણે ગુટિકા પ્રયોગથી કુબ્જ એવા વામનનું રૂપ ધારણ કર્યું ને પોતાની અનેક પ્રકારની કળાઓ બતાવીને તે લોકોને વિસ્મય પમાડવા લાગ્યો.

હવે એજ નગરમાં રૂપ-લાવણ્ય-કળા-વિજ્ઞાન આદિ ગુણોએ યુક્ત અને સદા કુશળ એવી દેવદત્તા નામની ગણિકા વસતી હતી. ગુણવાન્ અને કળાવાન્ જેઓ જેઓ હતા, તેમાં તે મેરુ હતી. તેની આકૃતિ સમાન બીજી કોઇ આકૃતિ હતી નહી. એકદા પ્રભાતસમયે તેણીના ઘરની પાસે મનોહર તેને રીઝ પમાડવાને માટે ગુંજારવ જેવા મધુર સ્વર

થી ગાવા લાગ્યો. તેનો મીઠો સ્વર સાંભળીને દેવદત્તા વિચારવા લાગી. "અહો ! આ સ્વર કોનો હશે!" એમ કહી તે જાણવાને અર્થે તેણીએ પોતાની દાસીને મોકલી. ઘરની બહાર જોઇ આવી તેણીએ પોતાની બાઇને કહ્યું. "કોઈ ગંધર્વ કાનને મીઠો એવો સ્વર ગાય છે. દેખાય છે વામન જેવો પણ ગુણોએ પૂર્ણ છે. વળી એ અધિક અધિક વામન દેખાય છે." એ સાંભળીને ગણિકાએ પોતાની માધવી નામની કુબ્જા દાસીને તેને બોલાવવા મોકલી. કારણ કે, તેઓની જાતિને પ્રાયે કળા બહુ પ્રિય હોય છે. દાસીએ આવીને તેને કહ્યું. "મ્હારી બાઈ દેવદત્તા ગણિકા તમને બોલાવે છે." મૂળદેવે કહ્યું. "હું ત્યાં નહિં આવું. એવી કુદ્દિની વિટ પુરુષોને સેવનારી વેશ્યાના ઘરમાં કયો સત્પુરુષ પ્રવેશ કરે ?" એ સાંભળીને કુબ્જા દાસી પાછી ફરતી હતી, તેવામાં વિનોદમાં પેલાએ તેણીની પીઠ ઉપર મુષ્ટિઘાત કર્યો એ રહ્યો તો તે સરળ (પાંશરી) થઈ ગઈ. સરળપણું આવ્યું તેથી હર્ષ પામતી દાસી પોતાની બાઇ પાસે ગઇ. વેશ્યાએ તેનું કુબ્જાપણું જતું રહ્યું જોઇ, 'આમ કેમ અને કેવી રીતે થયું ? તે પૂછ્યું. દાસીએ ઉત્તર આપ્યો. "પેલા સંગીતમાં કુશળ એવા વામને મને [illegible] ઘાતથી આવી કરી." દેવદત્તાને બહુ ચમત્કાર લાગ્યો. તેથી તેણીએ દાસીને ફરી કહ્યું- "આવા ઉપકારી પુરુષને તું જરૂર એક વાર તો અહિં તેડી લાવ." દાસી ત્યાં [illegible] ધુર મધુર વચનો બોલી ખુશી કરી તે ધૂર્તરાજને હાથે ગ્રહી પોતાની બાઇ પાસે તેડી [illegible] તેને જોઇ તેને આસન ઉપર બેસવાને કહ્યું. હૃદયને ગમતો સુભગ સંવાદ [illegible] તુલ્ય થઇ; કારણ કે બન્ને ચતુર હતાં. કહ્યું છે કે-મૃગ મૃગની સંગાથે [illegible] પોતાના ટોળામાં ભળે છે, અશ્વો અશ્વમાં સારા લાગે છે; મૂર્ખ મૂર્ખને [illegible] ડિતોની સાથે મેળ આવે છે, તેમ જેમનાં શીલ અને વ્યસન સમાન હોય [illegible] બને છે. એટલામાં કોઇ વીણા વગાડવામાં પ્રવીણ માણસ હાથમાં વીણા [illegible] વ્યો, ને વીણા વગાડી સર્વને આશ્ચર્ય પમાડવા લાગ્યો. વીણાનો [illegible] છ સમજતો હતો; તેથી દેવદત્તા હર્ષ પામતી મસ્તક ધૂણાવતી [illegible] જોરથી રહેવાયું નહી; તેના ધાર્યામાં વીણામાં કંઇ [illegible] "હું જાણતો હતો કે, 'ઉજ્જયિની નગરીના લોકો બહુ [illegible] રા છે. હંસની પેઠે દૂધ-પાણી પારખી કાઢનારા છે." [illegible] મ હસવું આવે છે, કંઇ છે? કળાવાનની પ્રશંસા [illegible] હોય તો કહો." મૂળદેવે કહ્યું. "વીણામાં કંઇ [illegible] ક્ષીણ જણાય છે? જેવું લાગતું હોય તેવું [illegible] સગર્ભા છે અને વંશ (વાંસ) શલ્ય [illegible] ઉપરથી મૂળદેવે એ વીણા પોતાના [illegible] તંત્રીમાંથી કેશ કાઢીને બતાવ્યો. [illegible] લાગ્યો; તેથી બાજુ ઓનાના [illegible] મને કંઇ જેવા લેવા [illegible] છે." પેલો વીણાવાળો [illegible] ને અને આપ વીણા [illegible] જ બહુજ સારી રીતે [illegible]

[illegible] પીર [illegible]

દેવદત્તાએ [illegible]
ત નામે નવર [illegible]

ળદેવ નામે સેવક છું." આમ વાત કરે છે, તેવામાં ત્યાં વિશ્વભૂતિ નામે નાટ્યાચાર્ય આ વ્યો. તેના વિષે દેવદત્તાએ મૂળદેવ આગળ વાત કરતાં કહ્યું. "એ સાક્ષાત્ ભારતીદેવીજ છે." મૂળદેવે પણ કહ્યું. "તમે કહો છો તે સત્ય છે; તમે જેની પાસેથી આવી કળાઓ મ ળવી છે, તે કળાવંતજ છે." એમ કહી મૂળદેવે વિશ્વભૂતિમાં કેટલી કળા હશે? તે બા હ્ય અર્થ ઉપરથી જાણી લીધું. કારણ કે, જેવો તે હોય તેવાજ બાહ્ય પદાર્થ પણ હોય. વળી તેણે વિચાર્યું. "એ વિશ્વભૂતિ પોતાને એક પંડિત જેવો માને છે, તો ચાલ હું તામ્ર અને સુવર્ણના અલંકાર વિષેનું અંતર બતાવી આપું." એમ ધારીને, ભારતશાસ્ત્ર કે જેને વિષે વિશ્વભૂતિ પોતાનું બહુ જાણપણું છે એમ દેખાડતો હતો, તેમાંજ ધૂર્તરાજ મૂળદેવે "અમુક સ્થાને પૂર્વાપર વિરોધ છે એમ કેમ?" એવું પ્રશ્ન કર્યું. અજ્ઞાની થઇ વિશ્વભૂતિ ક્રોધ કરી અસંબદ્ધ બોલવા લાગ્યો. ત્યારે મૂળદેવે કહ્યું. "બુદ્ધિવંત માણસે ઉ પાધ્યાયને પ્રશ્ન કર્યું તેમાં ઉપાધ્યાય અજ્ઞાની થઇ રોષ કરવા લાગ્યા; એવો રોષ તો ના ટકને વિષે વિદ્યાર્થીની સ્ત્રીઓ દેખાડે (ભજવી બતાવે); અન્ય સ્થળે તો ક્યાંય દેખા તો નથી." આમ મ્હેણું મારી મૂળદેવે વિશ્વભૂતિની હાંસી કરી. વિશ્વભૂતિ તો મૌનજ ર હ્યો. સ્મરાક્ષી દેવદત્તા પણ મૂળદેવ તરફ હર્ષ સહિત જોતી, વિશ્વભૂતિનું વિલક્ષણપણું દૂર કરવાને બોલી. "ઉપાધ્યાય, હમણાં તમારૂં ચિત્ત અસ્થિર છે; આપ તો વિજ્ઞાનશાળી છો; માટે ક્ષણ પછી બરાબર વિચારીને ઉત્તર આપજો." પછી તેણે દેવદત્તાને કહ્યું. "હે દેવદત્તા! હવે અમારે નાટકનો અવસર થયો છે, માટે તમે તૈયાર થાઓ." એમ કહીને વિશ્વભૂતિ અન્યત્ર ગયો. પછી દેવદત્તા બોલી. "આપણને સ્નાનાર્થે અંગમર્દન કરનારનો ખપ પડશે." ધૂર્તરાજ મૂળદેવ બોલ્યો. "જો આજ્ઞા હોય તો, હે સુભ્રુ! હું અંગમર્દન ક રૂં." વેશ્યાએ પૂછ્યું. "શું તમને એ કળા આવડે છે?" પેલાએ ઉત્તર આપ્યો. "તદ્દન તો નથી શીખ્યો; પણ લગભગ જાણું છું. વળી અભ્યંગનું જ્ઞાન તને છે (એટલે વાંધો ન હી આવે)." પછી દેવદત્તાએ સર્વ તૈલાદિ મંગાવ્યું; એટલે મૂળદેવે અભ્યંગ કરવું શરૂ કર્યું. તે સમયે વામને, મૃદુ, મધ્ય કે દૃઢ સ્થાન વરતીને તે તે સ્થાનને યોગ્ય અભ્યંગ કર્યું. તે એવી કળાથી કર્યું કે, તેણીના શરીરને બહુજ સુખ થયું. મૂળદેવની આવી અ ભ્યંગ કળાને વિષે ચતુરાઈ જોઇને દેવદત્તા તેને પાયે પડીને કહેવા લાગી. "તમે ગુણે ક રીને કોઈ ઉત્કૃષ્ટ પ્રખ્યાત પુરુષ છો; તો તમે તમારૂં સત્ય સ્વરૂપ શા માટે ગોપવો છો? પ્રસન્ન થઇને તમારૂં સ્વરૂપ પ્રકટ કરો. મને શા માટે મોહમાં રાખો છો."

વેશ્યાનાં આવાં ભક્તિ ભર્યાં વચન સાંભળીને મૂળદેવે પોતાના મુખ થકી ગુટિકા કા ઢી લીધી એટલે તો તે પોતાને મૂળ રૂપે પ્રકટ થયો. લાવણ્યના સાગર એવા તેનું અનંગ તુલ્ય રૂપ જોઇને દેવદત્તા વિસ્મય પામીને બોલી. "હે ભલા પુરુષ! હવે તમે મ્હારા ઉપર પ્ર સન્ન થાઓ. હું તમને સ્નાન કરાવું." એમ કહી સાનુરાગિણી એવી તેણીએ તેને સ્નાન કરવાનું વસ્ત્ર આપ્યું, ને પોતાને હાથે તેને અભ્યંગ કરવા લાગી. પ્રથમ ખળથી પ્રક્ષાલન કરી પછી સુગંધી પીઠી ચોળી, કોકરવરણા પાણીથી તેને ન્હવરાવી તેના શરીરને પવિત્ર બના વ્યું. ને પછી તેને પહેરવાને એક દેવદૂષ્ય વસ્ત્ર આપ્યું. તે તેણે પહેર્યું. સ્નાનક્રિયા પૂરી થયા પછી બન્નેએ એક અને સુગંધી ભોજન ગ્રહણ કર્યાં. મિત્ર બન્યાં એવાં તે બન્નેનો થોડો સમય એકાંતમાં કળારહસ્ય વિષે પરસ્પર સંવાદ કરવામાં સુખમય નિગમ્યો. પછી તે બોલી. "તમે તમારા અસાધારણ ગુણોથી મ્હારૂં હૃદય હરણ કર્યું છે; માટે હવે હું ક્ષણ વાર પણ તમારા વિના રહી શકું એમ નથી." મૂળદેવે કહ્યું. "અમારા જેવા નિર્ધનને વિષે તમારો આવો અનુરાગ યોગ્ય નથી." એટલે ગણિકા બોલી. "કેસરિસિંહની પેઠે તમારે વળી વિ

દેવા દો! તમારે તો સર્વ સ્વરૈરાજ છે. માટે તમારે મ્હારૂં વચન માન્ય રાખવું. એટલે મૂળદેવે કહ્યું. "જાઓ, તમે કહો તેમ." પછી બન્ને જણ હાસ્ય વિનોદ સહિત ક્રીડા કરે છે, એવામાં કોઈ રાજપુરૂષે આવીને કહ્યું કે, "નાટકનો અવસર થયો છે માટે બોલાવે છે." એટલે તે મૂળદેવને પણ વેષ બદલાવી સાથે લઈ દરબારમાં ગઈ. ત્યાં જઈ રાજા પાસે નૃત્ય શરૂ કર્યું. તે રંભાના જેવું ઘણા ઉત્તમ પ્રકારનું કર્યું; સાથે મૂળદેવે અતિ નિપુણપણે ઢોલકાં વગાડ્યાં; તેથી રાજા સંતુષ્ટ થઈને બોલ્યો. "હે ગણિકા! ઇચ્છિત વસ્તુ માગ." ત્યારે ગણિકાએ કહ્યું. "આપનો એ પ્રસાદ હમણાં ભલે ભંડારમાં રહો. (હું માગું ત્યારે આપજો). ફરી પણ ગણિકાએ મૂળદેવ સહિત નૃત્ય કર્યું. ત્યારે રાજાએ પોતાના અંગ ઉપરનાં આભૂષણો ઉજ્જયિનીના સ્વામી મૂળદેવને તથા પછી ગણિકાને આપ્યાં. આ વખતે ધૂર્તરાજ મૂળદેવે પોતે વીણા બજાવીને સર્વનાં મન હરણ કર્યાં. આ સમયે પાટલીપુત્ર નગરના સ્વામીનો વિમળસિંહ નામનો દ્વારપાળક ત્યાં આવ્યો હતો, તે આ વીણાનાદ સાંભળીને રાજા પ્રત્યે કહેવા લાગ્યો. "હે દેવ! આ કળાથી લોકોનાં મન રંજન કરનાર ગુપ્ત વેષમાં મૂળદેવજ હોવો જોઈએ. આવા વિજ્ઞાનાતિશયનો બીજો કોઈ જાણનાર ક્યાંય પણ નથી." રાજાએ એ સાંભળીને કહ્યું. "જો ખરૂં હોય તો મૂળદેવને મૂળરૂપે બનાવ; એને મૂળરૂપે જોવાની મને બહુ તીવ્ર આકાંક્ષા થઈ છે." એ ઉપરથી મુખમાંથી ગુટિકા લઈ લઈ મૂળદેવ મૂળરૂપે પ્રગટ થયો એટલે તે વાદળાથી નિર્મુક્ત એવા ચંદ્રમા સમાન દીપવા લાગ્યો. "વિજ્ઞાની એવા આપને મેં સારી રીતે પીછાણી કાઢ્યા" એમ કહી વિમળસિંહ પણ તેને ભેટી પડ્યો. મૂળદેવ પછી રાજાને ચરણે નમ્યો; રાજાએ તેનો પ્રસાદવડે ગૌરવ સહિત સત્કાર કર્યો. આ સર્વ ઉપરથી દેવદત્તા તો તે મૂળદેવ ઉપર બહુજ અનુરાગિણી થઈ."

હવે, હજુ પણ મૂળદેવ જૂગટું રમ્યા વિના રહી શકતો નથી. તે ઉપરથી "હે મૂળદેવ! એ જૂગટું અનિષ્ટનું મૂળ છે અને એનાથી બહુ દુઃખ થશે." એમ કહી દેવદત્તા નિવારવા લાગી. કહ્યું છે કે-આ દ્યૂત સર્વ આપત્તિનું ધામ અને દુઃખનું કારણ છે. દુર્બુદ્ધિ જનોજ દ્યૂત સેવે છે. દ્યૂતના વ્યસનથી કુળ મલિન થાય છે. એને ફક્ત અધમ પુરૂષોજ પ્રશંસે છે. વળી દ્યૂતથી નળ રાજા અને પાંડવોનું રાજ્ય ગયું છે. મદિરાના વ્યસનથી કૃષ્ણનું રાજ્ય ગયું છે; હિંસાથી રાઘવપિતા (દશરથ) દૂષિત થયા છે; માંસના વ્યસનથી શ્રેણિક રાજા દૂષિત થયા છે અને ચોરીના વ્યસનથી પણ બીજા અનેક પ્રાણિઓ વિનાશ પામ્યા છે. વળી વેશ્યાથી કયવન્નો શેઠ ધન રહિત થયો છે અને પરસ્ત્રી ઉપર દૃષ્ટિ કરવાથી રાવણ ખરાબ થયો છે. વેશ્યાનાં આવાં બોધ વચન છતાં પણ મૂળદેવે દ્યૂત વ્યસન ત્યજ્યું નહી.

હવે એમ બન્યું કે તેજ નગરમાં એક અચળ નામનો ધનવાન શેઠી રહેતો હતો. મૂળદેવની પહેલાં તે તે વેશ્યાનો આસક્ત હતો. તેથી મૂળદેવને પોતાની વેશ્યા સાથે સુખ ભોગવતો જોઈને તેને અત્યંત ઇર્ષ્યા થઈ. તે કારણે વળી તે મૂળદેવની ઘાત કરવા તેનાં છિદ્રો જોવા લાગ્યો. આ વખતે દેવદત્તાની માતા પણ દેવદત્તાને કહેવા લાગી. "હે પુત્રી! આ નિર્ધન અને દ્યૂતવ્યસની મૂળદેવનો ત્યાગ કર; આપણે તો ધનવાન્ જોઈએ. પેલો અચળ તો નિત્ય આપણને વિવિધ પ્રકારનું દ્રવ્ય આપતો હતો." દેવદત્તાએ કહ્યું. "હે માતા! હું દ્રવ્યની ઉપર અનુરાગવાળી નથી; હું તો સદ્ગુણી ઉપરજ પ્રીતિ રાખનારી છું." એટલે તેણીની માતાએ કોપથી પૂછ્યું. "ત્હારા આ મૂળદેવના કેવાક ગુણ છે?" દેવદત્તા બોલી. "એ ધીર અને ઉદાર ચિત્તવાળો છે, વિદ્યાવંત છે; ગુણીજન ઉપર રાગી છે અને પોતે પણ ગુણી છે. વળી એ શરણે આવેલો છે; માટે હું તેને નહિં ત્યજું." ત્યારે તો આધક કોપ કરીને પેલી

ધુકા કુટ્ટિની કહેવા લાગી. "જે હું માગું છું તે એ આપી શકતો નથી; ત્યારે શું ઘેલી બેસી થઈ છે ? લતા જેમ કંટક યુક્ત તરુને વળગી રહે, તેમ તું એ મૂળદેવને વળગી રહી છે તો તેનું ફળ શું ! એ મૂળદેવ આપત્તિનું પાત્ર છે. માટે હરેક રીતે એનો ત્યાગ કર." દેવદત્તાએ કહ્યું. "તું કેમ મુઝાય જાય છે ? એ બેમાં પાત્ર કુપાત્રની પરીક્ષા કરીએ." એમ કહીને તેણીએએ અચળ શેઠીને ત્યાં એક દાસી સાથે કહેવરાવ્યું કે, "આજે દેવદત્તાને શેલડી ખાવાનું મન થયું છે." એ સાંભળીને અચળે શેલડીનું એક ગાડું તેણીને ત્યાં મોકલાવ્યું. તે આવ્યું એટલે કુટ્ટિની બોલી. "જોયું આનું ઉદાર ચિત્ત ? એજ આપણને ચિંતામણિ મળ્યો છે." ત્યારે દેવદત્તાએ કહ્યું. "શું આપણે તે હાથણી છીએ કે ગાડું ભરીને શેલડી મોકલાવી ?" એ પછી પ્રથમની પેઠે મૂળદેવને પણ કહેવરાવ્યું કે, "દેવદત્તાને શેલડી ખાવી છે." તે ઉપરથી મૂળદેવે શેલડીના પાંચ સાંઠા આણ્યા; ને તેનો કઠોર કઠોર ભાગ જે માંહી હતો, તે કાઢી નાંખ્યા; ને બાકીનાના બબ્બે આંગળ પ્રમાણે કકડા કર્યા. પછી તે કકડાને એક રૂપાના ભાજનને વિષે મુકી જાણે અમૃતથી સિંચન કરેલાજ હોયની ! તેમ કપુરથી વાસિત કરી અત્રાને ત્યાં મોકલ્યા. તે જોઈ દેવદત્તાએ કુટ્ટિનીને કહ્યું. "જો આ મૂળદેવને અચળ વચ્ચેનું અંતર ! તે સુવર્ણને પીતળના જેવું છે; મેરુને સરસવના જેવું છે; હંસી અને કાગડીના જેવું છે." ત્યારે તો અક્કાએ ચિંતવ્યું. "અહો ! આ તો મહા મોહથી અંધ બની ગઈ છે; મૃગી મૃગ તૃષ્ણા તરફ દોડે તેમ એ એ ધુર્તની પાછળ જાય છે; માટે એવો કોઈ ઉપાય કરું કે જેથી એ મૂળદેવ અહિંથી ચાલ્યો જાય."

એમ વિચારી તે કુટ્ટિનીએ અચળને કહ્યું. "હે અચળ ! તું એવો કોઇ ઉપાય કર કે, જેથી તે દેવદત્તાનો વલ્લભ ધુર્ત મૂળદેવ અમારા ઘરમાં આવે નહી." પછી કુટ્ટિનીના શિખવ્યા પ્રમાણે અચળ ગામ જવાનો મિષ કરીને ગામ બહાર ચાલી નીકળ્યો. એટલે દેવદત્તાએ નિઃશંક થઈ મૂળદેવને બોલાવી બોલાવ્યો; કારણ કે, તેના વિના તેણીને ચેન પડતું જ નહી. એવામાં અકસ્માત્ પેલી કુટ્ટિનીએ અચળને ત્યાં આણ્યો. તેથી દેવદત્તાએ મૂળદેવને પલંગની નીચે સંતાડ્યો. અચળ આવીને પલંગ ઉપર બેઠો ને કહેવા લાગ્યો. "હે પ્રિયા ! મને આજે એક એવા પ્રકારનું સ્વપ્ન આવ્યું છે કે, મ્હારે આજ પલંગ ઉપર બેસીને સ્નાન કરવું; નહિંતર મ્હારી દેવદત્તાનું મરણ થશે." દેવદત્તાએ કહ્યું. "અહો ! એ તે શું ઉચિત કહેવાય ! આ દેવદૂષ્ય વસ્ત્ર આદિ સર્વે ખરાબ થશે." અચળે કહ્યું. "જા રે, આને મ્હારી કૃપણતા કેવી ! ત્હારા જેવી સ્ત્રીઓ તો પોતાનું શરીર પણ પતિના સુખને અર્થે અર્પણ કરે છે જેને અચળ જેવો પતિ છે, તેને શી વાતની ખોટ છે ? જેને સમુદ્ર સાથે મિત્રતા છે, તેને વળી લવણ (મીઠા) ની ખોટ હોય ?" એટલે તો અચળના વચન ઉપર અનુરક્ત થઈ કુટ્ટિનીએ દેવદત્તાના પલંગ ઉપર અચળને બેસાડ્યો ને તેને સ્નાન કરાવ્યું. નીચે રહેલો મૂળદેવ તો મળ આદિ ન્હાવણની સામગ્રીથી ભરાઇ ગયો. આમ તેનું બહુ અપમાન થયું. પછી તો અચળે પોતાને હાથે તેને ખેંચી કાઢીને ઘર બહાર કાઢી મુકયો. મૂળદેવ પણ પોતાના કર્મનો દોષ કહી ગામ બહાર જઈ સમીપના તળાવ પાસે ગયો. ત્યાંથી તે બેન્નાતટ નગર તરફ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં અનુક્રમે તે બાર યોજનના વિસ્તારવાળી એક અટવી પાસે આવી પહોંચ્યો. અપાર સમુદ્રના જેવી આ અટવી ઉતરી જવાને તે તરસ્યો જેવો કોઇ સથવારો શોધવા લાગ્યો. એવામાં ત્યાં એક કાર્પટિકનો વેષ ધારણ કરનારો ટક્ક નામનો બ્રાહ્મણ સંબલ (ભાતું) સહિત ત્યાં આવ્યો. તેને જોઇને મૂળદેવ બહુ હર્ષ પામ્યો, ને કહેવા લાગ્યો. "આ અરણ્યમાં હું આવ્યો ને મ્હારી ભીડ ભાગવા જેવા તમે

મળી ગયા તે બહુજ સારૂં થયું. હે વિપ્રવર! આપણે મનગમતી વાતો કરતા જઈશું. વિદ્યા ને વાર્તા વિનોદ છે તે માર્ગના ખેદને દૂર કરનાર હોવાથી હિતકર્ત્તા છે. હે દ્વિજ! ત્હારે કેટલે દૂર ને કયે સ્થળે જવું છે? તે કહે કે જેથી આપણે મૈત્રી કરીએ." વિપ્રે કહ્યું. "મ્હારે આ અરણ્યને પાર જવું છે; તમારે ક્યાં જવું છે?" મૂળદેવ બોલ્યો. "મ્હારે બેનાતટપુરે જવું છે." એમ કહીને બન્ને જણ રસ્તે પડ્યા. ચાલતાં ચાલતાં અનુક્રમે તેઓ એક તળાવ આગળ આવી પહોંચ્યા. મૂળદેવ હાથ પગ ધોઇને વૃક્ષની છાયામાં બેઠો. પેલો વિપ્ર પણ પોતાનું નિત્યકર્મ કરી રહી ત્યાં આવીને જમવા બેઠો; પણ મૂળદેવને કંઈ આપ્યું નહી. મૂળદેવ જાણે પોતે ખાઈ રહીને પછી મને આપશે. પણ એણે કંઈ આપ્યું નહી. સાંઝે પણ ન આપ્યું. મૂળદેવે વિચાર્યું. "એ મહા કૃપણ જાતિનો છે; તોપણ કાલે આપશે. પરંતુ બીજે દિવસે એ જ્યારે એણે એકલાંજ ખાધું; ત્યારે તે બોલ્યો. "ધિક્કાર છે આ બ્રાહ્મણ જાતિને! લોકો એને નીચ જાતિ કહે છે તે સત્યજ છે; જો મ્હારી પાસે કંઇ હોય તો હું તો એને આપ્યા વિના જમુંજ નહી." પછી તો અનુક્રમે અટવીનો છેડો આવ્યો એટલે વિપ્ર બોલ્યો. "હે મહાભાગ્ય! ત્હારૂં કલ્યાણ થાઓ; હવે હું મ્હારે માર્ગે જઇશ." મૂળદેવે પણ કહ્યું. "હે દ્વિજ! ત્હારી સહાયથી હું આ અટવીને પાર આવ્યો છું; હુંએ મ્હારે રસ્તે જઇશ. મ્હારૂં નામ મૂળદેવ છે; હું બેનાતટ નગરે જઉં છું; મ્હારૂં કંઇ કાર્ય હોય તો ત્યાં આવજો. આપનું નામ ઠામ પણ જણાવશો." "લોકોએ મ્હારા પિતાનું નામ નિર્ધૃણશર્મા એવું પાડ્યું છે; હું તેનો પુત્ર છું, ને મ્હારૂં નામ સદ્ધડ છે." એમ કહીને બ્રાહ્મણ જૂદો પડ્યો.

બ્રાહ્મણથી જૂદો પડ્યા પછી બેનાતટ તરફ જતાં માર્ગમાં કોઇક ગામ પાસે આવી પહોચતાં, મૂળદેવ તે ગામમાં કોઇકને ઘેર ભિક્ષાને અર્થે ગયો. ત્યાં તેને અડદના બાકળા મળ્યા. તે લઇને તે ગામ બહાર આવીને જેવો ખાવા બેસે છે, તેવામાં કોઇ માસખમણે પારણાના અર્થે મુનિ ત્યાં આવ્યા. એવા પુન્યવંત જીવને જોઇને મૂળદેવ હર્ષ પામ્યો. ને બોલ્યો. "અહો! હું આ અડદના બાકળા ખાવા બેઠો, ત્યાંજ મ્હારા સુકૃત્યના ઉદયથી સંસારને વિષે પ્રવહણ સમાન એવા આ સુપાત્ર (સાધુ) નો મને યોગ થયો. જો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ત્રણ રત્નોથી શોભતા આ મુનિને હું આ અડદના બાકળાથી સંતોષું, તો નિશ્ચે મને એ વિવેકરૂપી વૃક્ષનું ફળ મળશે." એમ ધારી એ બાકળા સાધુને વહોરાવીને બોલ્યો. "તેમને ધન્ય છે કે જેમના બાકળા પણ સાધુના પારણામાં ખપ આવ્યા." તેની ઉત્કૃષ્ટ ભાવનાથી સંતુષ્ટ થઇ કોઈ દેવી આકાશમાંથી બોલી. "હે ભદ્ર! તને હું શું આપું? તે તું અર્ધ શ્લોકમાં માગી લે." તે સાંભળીને મૂળદેવ બોલ્યો. "હે દેવી! દેવદત્તા ગણિકા સહિત સહસ્ર ગામનું રાજ્ય હું માગું છું." દેવીએ કહ્યું. "એમ થાઓ." પછી ત્યાંથી મૂળદેવ મુનિને વંદન કરીને ફરી ગામ મધ્યે જઇને ભિક્ષા માગી આવ્યો ને જમ્યો.

ત્યાંથી જમીને ચાલી નીકળ્યો. તે મહા શ્રમ સહન કરતો અનુક્રમે બેનાતટપુરે આવી પહોંચ્યો. ત્યાં કોઇ ધર્મશાળાને વિષે જઇને સૂતો ને નિંદ્રાવશ થયો. રાત્રીના છેલ્લા પ્રહરને વિષે તેને એવું સ્વપ્ન આવ્યું કે, 'પૂર્ણમંડળ યુક્ત (પૂર્ણિમાના) ચંદ્રમાએ તેના મુખને વિષે પ્રવેશ કર્યો.' એજ સમયે ત્યાં સુતેલા એક કાપડિકને એજ પ્રકારનું સ્વપ્ન આવ્યું હશે, તેથી જાગીને તે એક બીજા કાપડિકને તેનું ફળ પૂછતો હતો. પેલા બીજાએ ફળ પૂછનાર કાપડિકને ફળ કહ્યું કે, "તને થોડા વખતમાં ઘી ગોળ સહિત મોટો (રોટલો) ખાવાનો મળશે." પેલો કાપડિક તો હર્ષ પામ્યો ને બોલ્યો. "જાણે તેમ થાઓ." કહ્યું છે -શિયાળને બોર મળે તો તે પણ તે ઉત્સવરૂપ માને છે, પણ રાજ મૂળદેવે તો પોતાનું સ્વપ્ન કોઇને કહ્યું નહી;

નહી. રાજા મુસાફરને પુછ્યું. "તમે ક્યાંથી આવો છો?" સાર્થવાહ અચળે કહ્યું. "પારસકુળથી." એમ કહી તેણે રાજાને પોતાના કરિયાણાં જોવા આવવા વિનંતિ કરી. તે ઉપરથી [illegible] પાંચ પ્રકારના માંડવી આદિ ઉપર દેખરેખ રાખનારા પોતાના સેવકો સહિત તેને [illegible] ગયો. ત્યાં અચળે તેને મજીઠાદિ કરિયાણાં બતાવ્યાં. તે જોઈને પછી રાજા બોલ્યો. "હે અચળ! સત્ય કહે. ત્હારી પાસે શાં શાં કરિયાણાં છે? અમારા રાજ્યમાં જે દાણચોરી કરે છે, તેનો શિરચ્છેદ કરવામાં આવે છે." અચળે કહ્યું. "હું ક્યારે પણ અસત્ય બોલતોજ નથી; તો આપની પાસે શા માટે બોલું?" પછી મુસાફરને શરીર, મુખ આદિ બરાબર જોઈ ઓળખી કરીને, "એ અચળજ છે" એટલે તેણે હુકમ કર્યો કે, "આ શેઠ અસત્ય કહે છે, માટે એને [illegible] જર્જરિત કરો." એ સાંભળી સાથે આવેલાઓ તેને પાદપ્રહારથી [illegible] કરી [illegible] રાજા પાસે લઇ ગયા. ત્યાં રાજાએ તેને પુછ્યું. "અરે અચળ! તું મને ઓળખે છે કે નહી?" અચળે કહ્યું. "સૂર્યની પેઠે જગત્ ઉપર ઉદ્યોત કરનારા એવા આપને કેમ ન ઓળખું?" આખીને આવેલા અચળને દેખી દેવદત્તા પણ [illegible] [illegible] [illegible] છે." દેવદત્તાને જોઇને તો અચળ બહુજ શરમાયો. દેવદત્તાએ કહ્યું. "[illegible] આમને" જેમની તેં બહુ દુર્દશા કરી હતી તે આ મુસાફર. હવે એ [illegible] [illegible] [illegible] હતી સઇ ત્હારા પ્રાણ એ તો તું શું કરે? પણ એ એવા નથી. [illegible] અનીતિ કરનાર છે, તેથી એઓ સર્વ જીવ ઉપર ઉપકાર કરનારા છે. જેવું [illegible] [illegible] તેવુંજ બોલવું અને તે પ્રમાણેજ કાર્ય કરવું. એમ જેમને [illegible] [illegible] છે, તેવા પુરૂષોને ધન્ય છે. મુખ હસતું, હૃદય કોમળ, વાણી અમૃત [illegible] [illegible] [illegible] [illegible] હોય છે, તેમને શી ચિંતા નથી? હે અચળ! તું તો દુર્જન [illegible] છે. તેં આમને જે કર્યું છે તેટલા ઉપરથી તું જાણે પોતે છો." પછી અચળ બોલ્યો. "હું [illegible] [illegible] છું, મેં જે અપરાધ કર્યા હોય તે કૃપા કરીને ક્ષમા કરો." પછી તેને [illegible] કર્યો એટલે મુસાફરને બહુજ નમીને તે બોલ્યો. "હું સર્વથા [illegible] [illegible] છું; મેં [illegible] અપરાધ કર્યો છે, તેથીજ [illegible] રાજાએ મને પોતાની નગરીમાંથી કાઢી મૂક્યો છે. મુસાફરે તો "હું તને છોડી દઉં છું" એમ કહી તેને સન્માન સહિત [illegible] [illegible] એટલે તે [illegible] ગયો અને મુસાફરે [illegible] હતું તેથી તેને રાજાએ [illegible] [illegible] [illegible] હવે એકદા મુસાફરની પ્રશંસા તેની પાસે આવીને [illegible] [illegible]. "હે દેવ! [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ક્ષમા કરો છો, તથાપિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. હે [illegible]! એ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, તે તેની રક્ષા કરવા કોઇ સમર્થ નથી. [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોય તેમ [illegible] [illegible] કરે છે." તે સાંભળીને [illegible] બોલ્યો. "[illegible] હું [illegible] [illegible] [illegible]." [illegible] [illegible] [illegible] તેણે [illegible] [illegible]. પછી તેણે [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરે છે, તેને [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વૃદ્ધિ કરી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરીએ છે. [illegible] દુ:ખીઆ, અનાથ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહ્યું. "[illegible] [illegible] [illegible] [illegible]

શકાતો નથી; કારણ કે, તે પિશાચની પેઠે એક ક્ષણમાં નાશી જાય છે; તોપણ હું મ્હારૂં સર્વ બળ અજમાવી તેને પકડી આવીશ." ત્યારથી નગર રક્ષક કોટવાળે બહુ બહુ તપાસ કરી પણ ચોર જડ્યો નહી. એટલે મૂળદેવને બહુ ક્રોધ ઉત્પન્ન થયો. તે વખતે મહા બળવંત એવો તે નીલ વસ્ત્ર ઓઢી લઈ, રાત્રીને સમયે પોતાના મહેલથી બહાર નીકળ્યો; ને પ્રત્યેક ચોરે ચકલે ભમવા લાગ્યો, પણ જળને વિષે પગ દેખાય નહી તેમ ક્યાંય ચોર દેખાયો નહી. એટલે ખિન્ન થઈને રાજા ખંડદેવના દેરામાં ગયો અને કદાચિત્ ચોર અહિં આવશે એમ ધારી ત્યાં સુતો; એટલામાં નિશાચર (રાક્ષસ) જેવો નિશાચરો (ચોર લોકો) નો સરદાર મંડક નામનો ચોર ત્યાં આવ્યો. તે કોઈને સુતેલો જોઈને બોલ્યો. "અરે! આ કોણ સુતું છે?" રાજાએ તેની ઘોઘા ઉપરથી જાણ્યું કે, 'એજ ચોર જણાય છે' તેથી તે બોલ્યો. "હું કાર્પટિક (યાત્રાળુ-મુસાફર) છું." ચોરે કહ્યું. "ત્યારે ચાલ આવે મ્હારી સાથે, તને પણ લક્ષ્મીવાન્ કરૂં." રાજાએ કહ્યું. "ભલે, ચાલ આવું." એમ કહી તે તેનો સેવક થયો ને સાથે ચાલ્યો. તેને સાથે લઈ કોઈ ગૃહસ્થના ઘરમાં ચોરે ખાતર દીધું ને અંદરથી સાર સાર વસ્તુ ગ્રહણ કરી તે રાજાના મસ્તક ઉપર મૂકીને ચાલ્યો. રસ્તે રાજાએ વિચાર્યું. "જ્યાં સુધી હું આ ચોરનું ગુહ્યસ્થાન-દ્રવ્ય આદિ દેખીશ નહી, ત્યાં સુધી હું મ્હારી જાતિને પ્રગટ નહિ કરૂં. સ્વાર્થને લીધે ચોરની પણ સેવા કરવી પડી; કૃષ્ણને પણ કાર્ય વશે ગધેડાના પગ મર્દવા પડ્યા હતા. ધૂર્ત પુરુષો કારણવશે સરળ થાય છે અને કારણવશે રાક્ષસ જેવા કઠોર થાય છે અને બળવંત કે નિર્બળનો પણ (કાર્યવશે) વિનય કરે છે." ચાલતાં ચાલતાં એક જીર્ણ ઉદ્યાન પાસે બન્ને આવી પહોચ્યા. ત્યાં ચોરે પોતાની ગુપ્ત ગુફાનું દ્વાર ઉઘાડ્યું ને બન્ને અંદર પેઠા. ત્યાં પેઠી વસ્તુઓ રાજા પાસેથી લઈ નીચે મૂકી ચોરે પોતાની બ્હેનને કહ્યું. "આ અતિથિના પગ ધોઓ." એમ કહી તેને કૂવાને કાંઠે બેસારી પોતે બીજે સ્થાને ગયો.

રાજાના પગ ધોતાં ધોતાં ચોરની બ્હેન રૂપસુંદરીએ તેને ઉત્તમ લક્ષણ યુક્ત દીઠો. તે જોઈને તેણીને અનુકંપા આવી અને તેના ઉપર મોહિત થઈને તે બોલી. "હે મહાભાગ! પગ ધોવાને બ્હાને સર્વને આ કૂવામાં નાંખી દેવામાં આવે છે; ચોરને દયા ક્યાંથી? પણ હું તો તેને આ કૂવામાં નહિ નાંખું; કારણ કે, ત્હારા તેજે મને વશ કરી લીધી છે." મહાન્ પુરુષોનો અનુભાવ અદ્ભૂત વશીકરણ છે, માટે પેલી કહેવા લાગી. "મ્હારા આગ્રહે તું અહિંથી શીઘ્ર જતો રહે, નહિં તો ત્હારૂં અને મ્હારૂં અનિષ્ટ થશે." રાજા પણ વિચાર કરીને નાઠો. તે ગયો એટલે પોતાનું દાક્ષિણ્ય રાખવાને પેલી બોલવા લાગી. "હે ભાઇ! દોડ દોડ. આ અતિથિ જતો રહે છે." તે સાંભળી ક્રોધ કરી ચોર તરવાર સહિત તેની પાછળ પડ્યો. રાજાએ એક સ્તંભનો આશ્રય લીધો. તે સ્તંભ ઉપર પેલી તરવારનો પ્રહાર કર્યો ને પાછો વળ્યો. રાજાએ ચોરને બરાબર ઓળખી રાખ્યો ને છાનોમાનો બહાર નીકળી તે પોતાના મહેલમાં ગયો. રાજા પ્રભાતે જાગી પ્રાતઃકર્મ કરી કંઈ બ્હાનું કાઢી બજારમાં પેલા ચોરને જોવા ચાલ્યો; એટલામાં તે કોઈની દુકાને વસ્ત્ર ખરીદ કરતો હતો તેને બરાબર ઓળખીને પાછો આવ્યો. પાછા આવી પોતાના સેવકોને આદેશ કર્યો કે, "અમૂક દુકાને અમૂક માણસ બેઠો છે, તેની ભક્તિ કરવી છે માટે તેને અહિં તેડી લાવો." એમ નિશાની આપી સેવકોને મોકલ્યા. તેઓ પણ સન્માનાદિ સહિત તેને ભૂપ પાસે લઈ આવ્યા. ત્યાં આવી પેલો ચોર રાજાને નમન કરીને ઉભો રહ્યો. તેનો સત્કાર કરી રાજાએ પોતાની પાસે બેસારીને પૂછ્યું. "તમે ક્યાં રહો છો અને તમારૂં નામ શું?" ચોરે ઉત્તર આપ્યો. "હું પાસેના શ્રીપુર ગામમાં રહું છું ને મ્હારૂં નામ દેવદત્ત છે; મ્હારી બ્હેનનું નામ કમળા છે." રાજાએ કહ્યું. "તમારી બ્હેનને મને આપો. હું તમને

અપાર લક્ષ્મી આપીશ.” તે વાતની ચોરે હા કહી; પોતે પોતાની બ્હેનને ત્યાં લઇ આવ્યો ને તેણીને રાજાને પરણાવી. પછી રાજાએ તે ચોરને મુખ્ય પ્રધાનની પદી આપી. કહ્યું છે કે-સમુદ્રના મધ્યની પેઠે રાજાઓનું હૃદય કોઇ જાણતું નથી. ચોરને એ પદ આપીને વળી નિત્ય નિત્ય ઉત્તમ વસ્ત્રાભૂષણ પણ આપવા લાગ્યો. ધૂર્તને ધૂર્ત પુરુષજ વશ કરી શકે છે. હવે રાજા પણ પ્રપંચ કરીને પોતાની પત્ની થયેલી પાસે તેના ભાઇને ઘેરથી બહુ દ્રવ્ય અણાવવા લાગ્યો. બહુ દિવસ પછી રાજાએ 'હવે ત્યાં કેટલુંક ધન રહ્યું છે ?' એમ પૂછ્યું. ત્યારે પેલીએ કહ્યું. “હવે તો બિલકૂલ રહ્યું નથી.” તે ઉપરથી રાજાએ ચોરને હણી તેની ગુફા પોતાને સ્વાધીન કરી.

એકદા મૂળદેવ રાજા ગુરુ પાસે ગયો હશે, ત્યાં ગુરુએ ધર્મોપદેશ આપ્યો કે, “સંપત્તિઓ પાણીના તરંગ જેવી ચંચળ છે, યૌવન ત્રણ ચાર દિવસનું છે, આયુષ્ય શરદ ઋતુનાં વાદળાં જેવું છે, માટે હે પ્રાણિઓ ! તમે ધનવડે કરીને અનિંદ્ય એવા ધર્મને શા માટે નથી કરતા ? ચિત્તનું હરણ કરનાર સ્ત્રીઓ, અનુકૂળ સ્વજનો, સારા બંધુઓ, નમ્ર વાણીવાળા ચાકરો, શ્રેષ્ઠ ગતિવાળા હસ્તીઓ અને વેગવંત અશ્વો એમાંનું પ્રાણીને આંખ મીંચાયા પછી કંઈ પણ રહેતું નથી. વળી દેવ ગુરુની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, શાસ્ત્ર શ્રવણ અને પરોપકાર એ આઠ મનુષ્ય જન્મનાં ફળ છે.” ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને તે શ્રી શત્રુંજય-ગિરનાર-આબુ આદિ તીર્થે યાત્રા કરવા નીકળ્યો. તે સર્વ સ્થળે વિસ્તાર પૂર્વક યાત્રા કરી પાછો આવ્યો ને પોતે સાત ક્ષેત્ર આદિમાં બહુ ધનનો વ્યય કર્યો. પછી પોતાના પુત્ર રણસિંહને રાજ્ય સોંપી પોતે ગુરુ પાસે દીક્ષા લીધી. તપશ્ચર્યા પ્રમુખ કરી આયુષ્યને અંતે તે સ્વર્ગે ગયો. ત્યાંથી ચ્યવીને તે મોક્ષગતિ પામશે. આ પ્રમાણે જે પ્રાણી સાધુને શુદ્ધ આહાર વહોરાવે છે, તેઓ નિશ્ચે સ્વર્ગાદિ સુખ પ્રાપ્ત કરે છે. ઇતિ મૂળદેવ રાજાની કથા.

મૂળ ગાથા

**पभवो विन्हुकुमारो, अद्दकुमारो दढप्पहारी अ ॥**
**सिज्जंस कूरगडू अ, सिज्जंभव मेहकुमारो अ ॥ ६ ॥**

પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દઢપ્રહારી, શ્રેયાંસકુમાર, કૂરઘટ મુનિ, શય્યંભવસૂરિ અને મેઘકુમાર; એ આઠ મહા પુરુષોની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૬)

## પ્રભવસ્વામી.

આ કથા જંબૂસ્વામીની કથામાં આવી ગઈ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## વિષ્ણુકુમાર.

જે પ્રાણી નિરંતર જિનેશ્વરના મતની પ્રભાવના કરે છે, તે પ્રાણી વિષ્ણુકુમારની પેઠે થોડામાત્રમાંજ મુક્તિ પામે છે.

શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં જંબૂદ્વીપના ગજપુર નામના નગરને વિષે ઇક્ષ્વાકુ વંશનો પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. તેને પોતાની જ્વાલાદેવી નામની રાણીથી પ્રથમ વિષ્ણુકુમાર નામે પુત્ર થયો હતો. ત્યાર પછી ચૌદ સ્વપ્નથી સૂચિત એવો એક બીજો પુત્ર આવ્યો. તેનું મહાપદ્મ એવું નામ પાડ્યું. બન્ને ભાઈ વીશ ધનુષ્ય માનના દેહવાળા અને ત્રીશ હજાર વર્ષના આયુષ્યવાળા હતા. એકદા પિતાએ મહાપદ્મને યુવરાજ પદવી આપી.

હવે અવંતી નગરીમાં તે સમયે જૈનધર્મનો દ્વેષી શ્રીધર્મ નામે રાજા રાજ્ય કરતો હતો.

તેને નમુચિ નામે પ્રધાન હતો, તે પણ મિથ્યાદષ્ટિ હતો. એકદા શ્રી મુનિસુવ્રતસ્વામીના શિષ્ય સુવ્રતાચાર્ય ત્યાં સમવસર્યા. તેમને જીતવાને કરી છે પ્રતિજ્ઞા જેણે એવો નમુચિ પ્રધાન ત્યાં આવ્યો; પણ સભા વચ્ચે સુવ્રતાચાર્યના શિષ્યે તેના ઉપર વિજય મેળવ્યો. તેથી નમુચિને બહુ ક્રોધ ઉત્પન્ન થયો; એટલે રાત્રીને વિષે તે ઉપાશ્રયે ગયો. ત્યાં જેવો તે ખડ્ગ ઉંચું કરી પ્રહાર કરવા જાય છે. તેવો તેને શાસનદેવીએ સ્તંભાવ્યો. પ્રભાતે લોકોએ તેને એવીજ રીતે ખડગ સહિત સ્તંભાવેલો જોયો. એટલે નમુચિ બહુ ખેદ પામ્યો. રચીને ખમાવીને તેણે શિષ્યને પણ ખમાવ્યો. "હવે પછી હું સાધુઓ પ્રત્યે અપરાધ નહિં કરૂં." એમ બોલ્યો એટલે લોકોના પણ આગ્રહથી શાસનદેવીએ તેને મુક્ત કર્યો. ત્યાર પછી બહુ ખેદ ધરતો દેશ્યા શિષ્યે પોતાનો પરાભવ કર્યો, તે મનમાં ધારણ કરતો તે ગજપુર (હસ્તિનાગપુર) નગરે જઇને રહ્યો. ત્યાં મહાપદ્મ રાજાએ તેને પોતાનો પ્રધાન બનાવ્યો. મહાપદ્મ રાજાનો એક કહો દુશ્મન સામંતસિંહ નામનો રાજા તેની આજ્ઞા પાળતો નહીં. તેને કોણ જીતવા સમર્થ છે? એવું મહાપદ્મ રાજાએ બીડું ફેરવ્યું, તે નમુચિએ ઝડપ્યું. ને તેને જીતવાને ચાલ્યો. ત્યાં જઈ અલ્પ સમયમાં નમુચિએ સામંતસિંહને પ્રહારથી વશ્ય કર્યો. વૈરિને જીતીને પાછો આવ્યો, ત્યારે રાજાએ કહ્યું. "હે નમુચિ! વર માગ." નમુચિએ કહ્યું. "અવસરે માગી લઇશ. હાલમાં તે ભંડારે રાખો."

હવે અહિં એકદા રાજમાતા જ્વાળાએ પોતે જિનેશ્વરની રથયાત્રા કરાવી. એટલે તેણીની શોકયે બ્રહ્માનો રથ કરાવ્યો. તેમાં બન્નેને વાદ થયો. એક કહે 'મ્હારો રથ પહેલો ચાલે ને બીજી કહે મ્હારો રથ પહેલો ચાલે.' આ વિવાદનો નિર્ણય કરવાને રાજા પણ અસમર્થ થયો; તેથી તેણે બન્નેને નિષેધ કર્યો. ત્યાર પછી મહાપદ્મ દેશાંતર ભ્રમણ કરવા ગયો. તે બહુ કાળ પછી પાછો આવ્યો. હવે પદ્મોત્તર રાજાએ મહાપદ્મને રાજ્યગાદી સોંપીને તેણે તથા વિષ્ણુકુમારે મુનિસુવ્રતસ્વામી પાસે સંયમ ગ્રહણ કર્યો. એટલે રાજા થયેલા મહાપદ્મે પોતાનો રથયાત્રાનો મનોરથ વિસ્તારથી પૂર્ણ કર્યો. વળી તેણે દિગ્યાત્રા કરી છ ખંડ સાધ્યા. ત્યાર પછી બાર વર્ષે પોતે ચક્રવર્તિપણાનો અભિષેક ગ્રહણ કર્યો. આ વખતે વિષ્ણુકુમારને દુસ્તર તપશ્ચર્યાના પ્રભાવથી એકસો લબ્ધિઓ પ્રાપ્ત થઈ.

એકદા શ્રીસુવ્રતાચાર્ય હસ્તિનાગપુર નગરને વિષે ચોમાસુ રહ્યા. તે વખતે નમુચિ પ્રધાને રાજા પાસે તેણે આપેલું વચન માગ્યું કે, "મને સાત દિવસનું રાજ્ય આપો." ચક્રવર્તીએ તે આપ્યું ને પોતે ધર્મધ્યાનમાં રહ્યો. નમુચિ રાજ્ય ચલાવવા લાગ્યો. તેણે યજ્ઞ આરંભ્યો તેમાં સર્વ દર્શનવાળાઓ દર્શન કરવા આવ્યા; પણ એક સુવ્રતાચાર્યને ન આવ્યા જાણી તેણે આદેશ કર્યો કે, "તમારે સર્વ સાધુઓએ મ્હારા રાજ્યમાં રહેવું નહી." ગુરુએ સર્વ સાધુઓને એકત્ર મેળવીને કહ્યું. "આ નમુચિ દુષ્ટ માણસ છે, તો હવે આપણે શું કરવું? એને શિક્ષા કરે એવો સમર્થ કોણ છે?" સાધુઓ બોલ્યા. "વિષ્ણુકુમારે છ હજાર વર્ષ પર્યંત તપશ્ચર્યા કરીને તેના ફળ તરીકે બહુ લબ્ધિઓ મેળવી છે. હમણાં તે મેરૂપર્વત ઉપર કાયોત્સર્ગે રહેલા છે. તે મહાપદ્મ રાજાના વડીલ ભાઈ થાય છે તેનાથી આ શાંત થશે." ત્યારે ગુરુએ કહ્યું. "કોઇ સાધુ તેને અહિં લાવવાને સમર્થ છે?" એકે કહ્યું. "હું લબ્ધિવડે ત્યાં જવાને તો સમર્થ છું, પણ પાછો આવી શકું એવી મ્હારામાં લબ્ધિ નથી." ગુરુએ કહ્યું. "પણ તને પાછો લઈ આવવાને તો તે સમર્થ છે. કાર્ય મહા લાભવાળું છે ને સંઘને અર્થે સર્વ દુઃસાધ્ય સાધ્ય થાય." એ ઉપરથી પેલો સાધુ તો ગુરુને નમીને ગયો. મેરૂપર્વત ઉપર પહોંચ્યો ને વિષ્ણુકુમારને મળ્યો. ત્યાં તેણે તેમને ગુરુએ આપેલા સર્વ સમાચાર કહ્યા. "આ કાર્ય મ્હોટું છે;

માટે તમે નહી આવો તો સર્વ સાધુઓનો ઘાત થશે." એ સાંભળી વિષ્ણુકુમારે આવવાની હા કહી ને તેને સાથે લઇ તે ગુરુ પાસે આવ્યા. ગુરુએ કહ્યું. "આ દુષ્ટ નમુચિ શિક્ષાને યોગ્ય છે." તે ઉપરથી વિષ્ણુકુમાર નમુચિ પાસે ગયા ને બોલ્યા. "તું રાજા છે; પ્રજાનો રક્ષણકર્ત્તા છે, તો ત્હારે સર્વ તપસ્વીઓની રક્ષા કરવી જોઇએ અને સાધુઓને રહેવાને સ્થાન આપવું જોઇએ." નમુચિએ કહ્યું. "તમને રહેવાનું સ્થાન આપું." વિષ્ણુકુમારે પૂછ્યું. "કેટલાં પગલાં?" તે ઉપરથી નમુચિએ ત્રણ પગલાં જગ્યા આપી. તે સાંભળી વિષ્ણુકુમારનું મન ક્રોધથી ધમધમ્યું એટલે તેણે પોતાનું શરીર લક્ષયોજન પ્રમાણ વિસ્તાર્યું. એક પગલું વિસ્તારીને પૂર્વ સમુદ્રમાં મૂક્યું ને બીજું પગલું પશ્ચિમ સમુદ્રમાં મૂકીને તે બોલ્યા. "હે નમુચિ! હવે ત્રીજું પગલું ક્યાં મૂકું?" એમ કહી પૃથ્વીને કંપાવી ત્રીજું પગલું નમુચિના મસ્તક ઉપર એવી રીતે મૂક્યું કે, નમુચિ મૃત્યુ પામ્યો! એટલે તો દેવતાઓએ આકાશને વિષે જય જય શબ્દ કર્યો; ને નૃત્યાદિક કરી વિષ્ણુકુમારનો ક્રોધ શાંતિને પમાડ્યો. ત્યાર પછી તેમણે ગુરુ પાસે આવી આલોચના લીધી. પછી લોકોએ પોતાનાં પડી ગએલાં ઘર સજ્જ કરાવ્યાં ને ધોળાવ્યાં. તે કાળથી લોકોએ ગોમયનો બળિરૂપ કર્યો છે; ને હજી પણ લોકો દીવાળીમાં ઘરોને સાફ કરીને ધોળે છે.

પછી મહાપદ્મ રાજાએ ગુરુએ વાંદીને અનેક જિનાલયો કરાવ્યાં. વિષ્ણુકુમારને પણ દેવતાઓ સેવવા લાગ્યા. તે અનુક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિપદને વર્યા. શીતળ એવું ચંદન ઘણું ઘસવાથી અથવા તો શીતળ ચંદ્રકાંતને સૂર્યકિરણનો સ્પર્શ થવાથી જેમ તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ કોપ ઉપજાવે એવો પરાભવ થાય તો શાંત એવા મુનિથી પણ કોપરૂપ અગ્નિ ઉત્પન્ન થાય છે. વિષ્ણુકુમાર મુનિરાજની ત્રિપદી સમસ્યા કે, જે સમ કાળમાં ત્રણે જગતને વ્યાપી રહી, તેની પૂર્ત્તિ બીજા સેંકડો મહાકવિ તો રહ્યા, પરંતુ સર્વજ્ઞ કેવળીથી પણ કરી શકાય નહી. પૃથ્વીને વિષે આ એક નવીજ વિષ્ણુની પદત્રયિ ઉત્પન્ન થઈ. જેને જોતાં વારજ નમુચિના પ્રાણ જતા રહ્યા. શ્રી વિષ્ણુકુમાર તે હાથમાં વજ્ર લઇ ભય ઉપજાવનારો સાક્ષાત્ ઇંદ્રજ સમજવો. કારણ કે, ધર્મના ધ્વંસ કરનાર નમુચિને તેણે ક્ષણમાત્રમાં મારી નાંખ્યો. ઇતિ વિષ્ણુકુમારની કથા.

## આર્દ્રકુમાર.

શ્રી વીતરાગ ભગવંતની પ્રતિમાના દર્શનથી પ્રાણી આર્દ્રકુમારની પેઠે ઝટ સમકિત પ્રાપ્ત કરે છે.

આજ સમુદ્રને વિષે આર્દ્રક નામનો અનાર્ય દેશ છે. બહુ ધન ધાન્ય લક્ષ્મીઆદિ ઉત્તમ વસ્તુએ શોભતા એવા તે દેશમાં આર્દ્રક નામનો રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતો હતો. તેને આર્દ્રિકા નામે શીળવતી રાણી હતી. પ્રાણીઓને પરસ્પર પ્રીતિ હોય છે તે પ્રીતિ, વંધ્યાદ્રિ ઉપર હસ્તીની પ્રીતિની પેઠે જન્મ નિવાસને લીધે હોય છે; અથવા અંબુજ (કમળ) ઉપર ભ્રમરની પ્રીતિની પેઠે ઉપકારને લીધે હોય છે; કાં તો ચંદ્રમા ઉપર સમુદ્રની પ્રીતિની પેઠે સંબંધને લીધે હોય છે. કાં તો મેઘ ઉપર ચાતકની પ્રીતિની પેઠે વાંછાને લીધે હોય છે. આ પ્રીતિ સર્વત્ર એક બીજાના નિમિત્તથી હોય છે; નિષ્કારણ પ્રીતિ તો તેજ કહેવાય કે, જેવી મયૂરને મેઘ ઉપર હોય છે; પણ તેવી પ્રીતિ તો કોઇકજ સ્થળે હોય છે. ( પ્રીતિ વિષે જે આ વિવેચન કર્યું છે તે નીચેના પ્રસંગને અનુસરીને છે તે કહે છે:— ) શ્રેણિક રાજા દર વર્ષે આર્દ્રક રાજાને પોતાના મંત્રીની સાથે કોઇને કોઈ ઉત્તમ પ્રકારનું

ભેટણું મોકલતો હતો. તે પ્રમાણે એક વખતે એક મંત્રી પ્રીતિરેખ અને ભેટણું લઈને આર્દ્રક રાજાના નગરમાં ગયો. તેણે ત્યાં જઈ તે રાજાને અર્પણ કર્યાં. રાજા આર્દ્રકે તે લઈને શ્રેણિક રાજાને મન ને વચનથી પ્રણામ કર્યા; ને મગધ દેશના કુશળ સમાચાર પૂછ્યા. શ્રેણિકના મંત્રીએ તે ઉપરથી સર્વના કુશળ સમાચાર આપ્યા. પછી આર્દ્રકુમારે હાથ જોડી પોતાના પિતા આર્દ્રક રાજાને પૂછ્યું. "હે પિતાજી! તમારે મગધ દેશના રાજા સાથે પ્રીતિ ક્યાંથી?" પિતાએ કહ્યું. "મ્હારે ને એને બહુ વખતની પ્રીતિ છે; અહિંના રાજાઓને પૂર્વકાળમાં ત્યાંના રાજાઓની સાથે સારો સંબંધ હતો. એટલે આ કુળક્રમાગત જેવી પ્રીતિ છે." પિતાનાં આ વચનો સાંભળીને આર્દ્રકુમારે પેલા પ્રધાનને પોતાના આવાસમાં બોલાવી એકાંતમાં પૂછ્યું. "તમારા શ્રેણિક રાજાનો પુત્ર કોણ છે?" પ્રધાને ઉત્તર આપ્યો. "મહા બુદ્ધિશાળી અને પાંચસોએ મંત્રીઓમાં મુખ્ય એવો અભયકુમાર નામે પુત્ર છે." આર્દ્રકુમારે કહ્યું. "તેની સાથે મ્હારે મૈત્રી કરવી છે; માટે જ્યારે તમે અહિંથી જાઓ, ત્યારે મ્હારી પાસે થઈને જજો. મ્હારે એને કંઈ ભેટણું મોકલવું છે." એ પછી મંત્રી પોતાને સ્થાનકે ગયો. આર્દ્રક રાજાએ એની અન્ન પાનાદિકે રૂડે પ્રકારે ભક્તિ કરી. આમ તે મંત્રી ત્યાં સુખે રહ્યો.

એકદા આર્દ્રક રાજાએ શ્રેણિક રાજાને યોગ્ય એવાં મણિ-મુક્તાફળાદિ સાર વસ્તુઓ પોતાના પ્રધાનને આપીને કહ્યું. "તમે આ વસ્તુઓ લઈને રાજગૃહી જાઓ; ને એ શ્રેણિક રાજાને અર્પણ કરજો." એ ઉપરથી તે, તે વસ્તુઓ લઈને આર્દ્રક રાજાનો પ્રધાન પેલા શ્રેણિક રાજાના પ્રધાન સાથે રાજગૃહી ભણી જવા નીકળ્યો. શ્રેણિક રાજાનો પ્રધાન ત્યાંથી ચાલતાં પહેલાં આર્દ્રકુમાર પાસે જઈ આવ્યો. 'પોતાને જવાનું છે એમ કહ્યું' તે ઉપરથી તેણે અભયકુમારને આપવાને અર્થે કોટિ મૂલ્યવાળાં મણિ મુક્તાફળ પરવાળાદિ તેને આપ્યાં ને કહ્યું કે, "અભયકુમારને મ્હારા પ્રણામ કહેજો ને મ્હારી વતી એ વસ્તુઓ અર્પણ કરજો." પછી આર્દ્રક રાજાએ એ શ્રેણિક રાજાના પ્રધાનનું પણ ઉત્તમ વસ્તુઓ આપી સન્માન કર્યું. એટલે બન્ને મંત્રીઓ ત્યાંથી શુભ દિવસે પ્રવહણમાં બેસી ચાલી નીકળ્યા. અનુક્રમે રાજગૃહ નગરે પહોંચ્યા. ત્યાં આર્દ્રક રાજાના મંત્રીએ પેલી સર્વ વસ્તુઓ શ્રેણિક રાજાને અર્પણ કરી. તે જોઈને તે બહુ હર્ષ પામ્યો, ને તે મંત્રીનું બહુ સન્માન કરવા લાગ્યો. શ્રેણિક રાજાના મંત્રીએ પણ આર્દ્રકુમારે આપેલી વસ્તુઓ અભયકુમારને અર્પણ કરી. એ ભેટણું જોઈને હર્ષવંત થયેલા અભયકુમારે ચિંતવ્યું. "આ આર્દ્રકુમારે તત્વ (મત) ની વિરાધના કરી હશે, તેથી કર્મજ બુદ્ધિને લીધે એનો અનાર્ય દેશમાં જન્મ થયો છે. બાકી એ આસનભવ્ય અને મુક્તિગામી છે. માટે કોઈ એવો પ્રપંચ કરવો કે, જેથી એ પરમ અરિહંતનો ભક્ત થાય. જો તે તીર્થંકરની પ્રતિમા દેખશે તો તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થશે. માટે એવી પ્રતિમા તેને મોકલવી." એમ વિચારી એક પેટી લાવી તેમાં શ્રી ઋષભ દેવસ્વામીની પ્રતિમાને પૂજાના સર્વ ઉપકરણો સહિત મૂકી. સાથે એક શ્લોક પણ લખીને મૂક્યો કે, "મ્હારૂં ચિત્ત તમારા વિષે લાગેલું છે, તમારા ગુણ શ્રવણ કરીને મ્હારા કાનને બહુજ સંતોષ થયો છે; મ્હારી ઇચ્છા તમારૂં નામ ગ્રહણ કર્યા કરે છે; ફક્ત એક દૃષ્ટિજ તરફડ્યા કરે છે." એમ લખી પેટી બંધ કરી તાળું વાસી તે પેલા આર્દ્રક રાજાના મંત્રીને આપીને કહ્યું. "આ પેટી તમારે આર્દ્રકુમારને છાની રીતે આપવી." શ્રેણિક રાજાએ પણ આર્દ્રક રાજાને યોગ્ય ભેટણું મોકલાવ્યું ને તે મંત્રીને પણ સારી રીતે સન્માન્યો. પછી એ સર્વ લઈને આર્દ્રક રાજાનો પ્રધાન પ્રવહણ માર્ગે ચાલ્યો; ને કેટલેક દિવસે પોતાને નગર પહોંચ્યો. ત્યાં જઈ નૃપે આપેલું ભેટણું નૃપને સોંપ્યું; તે તેણે હર્ષથી ગ્રહણ કર્યું.

પછી તો તે મંત્રી આર્દ્રકુમાર પાસે ગયો, ને ત્યાં જઈ પેલી પેટી તેને છાની રીતે આ પા. તે ઉઘાડી તો આર્દ્રકુમારે તેમાં રહેલી પ્રતિમા જોઈ. એવા અપૂર્વ બિંબને જોઇને તેણે વિચાર્યું. "અહો! મ્હારા મિત્રે આ શી અપૂર્વ વસ્તુ મોકલી ? મેં એવી વસ્તુ આજ પ ર્યંત ક્યાંય પણ દીઠી નથી. તે મોકલવાનું કંઈ કારણ હશે!" એમ વિચારી તે પોતાને અંગે મૂકી જોવા લાગ્યો; પણ તેથી શોભા લાગી નહી. તેણે કંઠે, હૃદયે, મસ્તકે ધારણ કરી જોઈ પણ તેથી તેની કાયાને કાંઇ પણ શોભા મળી હોય તેમ લાગ્યું નહી. એટલે તેણે તે પ્રતિમાને પાસે રહેલા સિંહાસન ઉપર અલંકાર સહિત બેસારી પોતે તેના સામો ઉભો રહી ધ્યાન ધરવા લાગ્યો. "શું મેં આવું રૂપ પૂર્વે ક્યાંય પણ જોયું છે?" એમ ભાવના ભાવતાં ભાવતાં તેને મૂર્છા આવી ને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેને પોતાનો પૂર્વનો ભવ સ્મરણમાં આવ્યો. તેથી તે પોતાનું પૂર્વ ભવનું ચરિત્ર આ પ્રમાણે વિચારવા લાગ્યો.

"હું મ્હારા પૂર્વના ભવમાં આથી ત્રીજે ભવે મગધદેશના અલંકારરૂપ વસંતપુર ન ગરને વિષે સામાયિક નામનો કણબી હતો. વળી મ્હારે બંધુમતિ નામની સ્ત્રી હતી. એ કદા હું સુસ્થિત આચાર્ય પાસે મ્હારી સ્ત્રી સહિત ધર્મશ્રવણ કરવા ગયો હતો, તે વખતે ગુરુએ જિનેંદ્રાગમમાં કહેલા ધર્મને વિષે ઉપદેશ આપ્યો હતો કે, "પ્રતિ દિન ત્રણે કાળ જિને શ્વરનું પૂજન, સંઘનું સન્માન, સ્વાધ્યાય, ગુરુની સેવા, યથાવિધિ દાન અને બે વખત પ્રતિ ક્રમણ કરવું. શક્તિ પ્રમાણે વ્રતનું પાલન, જ્ઞાનનું ભણવું એ પ્રકારનો શ્રાવકનો ધર્મ છે." એ પ્રકારનો ઉપદેશ શ્રવણ કરી મેં તથા મ્હારી સ્ત્રીએ શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં હતાં. તે વ્રત મેં બહુ વખત સુધી તો પાળ્યાં, પણ એકદા પ્રમાદને લીધે ખંડિત કર્યાં. પ છી અનુક્રમે મ્હારી સ્ત્રી એકદા અનશન વ્રત ગ્રહણ કરી મૃત્યુ પામી. ત્યારે મને પણ વિચાર થયો કે, "સ્ત્રી વિનાનું જીવિત શા કામનું છે?" એમ વિચારી હું પણ અનશન લઇ મૃત્યુ પા મી સ્વર્ગને વિષે દેવતા થયો, ને ત્યાંથી ચ્યવીને આ અનાર્ય દેશમાં અવતર્યો છું. હું રાજપુત્ર છું, પણ ધર્મ રહિત છું. વ્રત લઇને ખંડિત કર્યું તેથીજ મ્હારો અનાર્ય દેશમાં જન્મ થયો છે. આ અભયકુમારે જિનબિંબ મોકલીને મને પ્રતિબોધ પમાડ્યો છે; એટલે તે મ્હારો પરમ બાંધવ અને ગુરુ થયો છે. માટે હવે પિતા પાસે જઇ આજ્ઞા માગી આ ર્યદેશમાં અભયકુમાર મંત્રીશ્વરને જઇને મળું." એમ વિચારી જિનપ્રતિમાની ઉત્કૃષ્ટ ભા વે પૂજા કરી પિતાને જઇને મળ્યો; ને અભયકુમારને મળવા જવાની પોતાની ઇચ્છા જણા વી. પિતાએ કહ્યું. "પરદેશ વિષમ છે માટે ત્હારે જવું નહી. હે વત્સ! સાજનની શો ભા પોતાને સ્થાનેજ રહેવામાં છે." એમ કહી પિતાએ તેને નિષેધ્યો. એ ઉપરથી આર્દ્ર કુમાર બંધને બાંધેલા હસ્તીની પેઠે ઉત્કંઠિત રહ્યો. તે બેસતાં, ઉઠતાં, ખાતાં, પીતાં, (સ ર્વ ક્રિયામાં) અભયકુમાર જે દિશામાં વસે છે તેજ દિશા તરફ મન રાખવા લાગ્યો. પછી તે મગધ દેશથી આવતા પાંથ જનોને, મગધ દેશ કેવો છે? અભયકુમાર મંત્રી કેવા છે? વિગેરે પ્રશ્ન પૂછવા લાગ્યો.

કુમારની આવી રીતભાત જોઇ તેનું ચિત્ત ચલિત થયું છે, એમ ધારી આર્દ્રક રાજાએ પો તાના સેવકોને કહ્યું. "તમારે પાંચસો જણાએ આર્દ્રકુમારની સેવામાં તત્પર રહેવું. તે અ ભયકુમાર મંત્રીને મળવાને રાજગૃહ નગરે જવાને ઉત્સુક છે. માટે એ ન જાય તેમ તમારે તેની ચાકરી પાસે રહેવું." "ઠીક" કહીને સેવકો તો કુમારની સેવામાં ગયા. રાજાએ પણ ક હ્યું. "હે પુત્ર! આ મ્હારા સેવકોને ત્હારી સેવામાં મોકલ્યા છે. ત્હારે જે જોઇએ તે તે વસ્તુ બં દરમાંથી લેજે." પછી પિતાએ આપેલા સેવકોથી વીંટાયલો તે પોતાને સ્થાનકે આવ્યો. જ્યારે જ્યારે તે ક્રીડા કરવાને બહાર જાય, ત્યારે ત્યારે પણ સર્વ સેવકો તેના દેહની છાયાની

પડે તેની સાથેજ જાય. એથી તો આર્દ્રકુમાર પોતાને બંધીખાનામાં નાંખ્યો હોય, તેમ માનવા લાગ્યો. તેણે વિચાર્યું કે, "હવે શું કરવું? સોનાની બેડી જેવા આ સેવકો લાગે છે; એ તો મ્હારા પગ બંધનક થયા છે. તો હવે કેમ કરવું? અભયકુમાર કેમ મળે?" એમ વિચારી પોતે એક યુક્તિ શોધી કાઢી, પોતે નિરંતર નગર બહાર જવા લાગ્યો ને અશ્વ ખેલાવતો ખેલાવતો બહુ દૂર સુધી એકલો જવા લાગ્યો ને ત્યાંથી પાછો આવતો. સેવકો પણ નિરંતર પાસે રહી રહીને વિશ્વાસી થઇ ગયા. એટલે તેમના મનમાં કંઇ પણ સંદેહ આવતો નહી. વળી કુમાર તેમને રૂડું અન્ન પાનાદિ આપતો. જો કે સર્વ સેવકો અશ્વારૂઢ થઇને કુમારની પાસેજ રહેતા હતા, તોપણ કુમારે પોતાના માણસો પાસે એક પ્રવહણ તૈયાર રખાવ્યું હતું. જિનપ્રતિમા પણ તે પોતાની પાસે ગુપ્ત રાખતો.

એકદા અવસર જોઇ તેણે કેટલાંએક ઉત્તમ ઉત્તમ રત્નો પોતાની પાસે રાખી લીધાં; પ્રતિમા પણ પાસે રાખી, ને પોતે અશ્વ ખેલાવતો ખેલાવતો સમુદ્ર સુધી એકલો પહોંચ્યો. ત્યાં જઇ શીઘ્ર પ્રવહણમાં બેઠો, ને પ્રવહણ હંકાર્યું. સમુદ્ર રસ્તે લક્ષ્મીપુર નગર આવ્યું. ત્યાં વહાણમાંથી ઉતરી આર્દ્રકુમાર નગરમાં ગયો. તેવામાં શ્રી પુન્યનંદનસૂરિ ત્યાં આવેલા હતા. તેમની પાસે તે ધર્મશ્રવણ કરવાને ગયો. ત્યાં સૂરિએ દેશના દીધી કે, "ધર્મ છે તે ભવોદ્ભવ રાજાપણું, ચક્રીપણું અથવા વાસુદેવપણું એવી એવી સંપદા પ્રત્યે આપે છે; વધારે શું કહેવું? સ્વલ્પ દિવસોમાં તે અરિહંતની લક્ષ્મી ગુદ્ધાં અપાવે છે. માટે એવા ધર્મકાર્યની ધન્યતા પ્રત્યે આદરો; વિષયની આસક્તતાને બંધ કરો; સંતોષરૂપી ઉત્તમ મિત્રની સાથે મૈત્રી કરો અને પરલોકની વાંછાએ લક્ષ્મી મેળવો. વળી જે પ્રાણી લજ્જાથી, ભયથી, વિતર્ક વિધિથી, મત્સરથી, સ્નેહથી, લોભથી, હઠથી, માનથી, વિષયથી, શૃંગારથી, કે કીર્ત્યાદિથી, દુઃખથી, કૌતુકથી, વિસ્મયથી, ભાવથી, કુળાચારથી કે વૈરાગથી નિર્મળ ધર્મને ભજે છે, તેમને અપ્રાપ્ય ફળ પ્રાપ્ત થાય છે. વળી આ જીવિત છે તે સંધ્યાના રાગ સરખું અને જળના પરપોટા સરખું ચંચળ છે, ને યૌવનાવસ્થા નદીના પુરના જેવી થયેલ છે. આમ જોતાં છતાં, પાપી જીવો કેમ બોધ પામતા નથી? આ માયારૂપી રાત્રી ગાઢ અંધકારરૂપી મોહથી વ્યાપ્ત છે. માટે હે લોકો! તમે જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ રાખી નિપુણપણે જાગતા રહેો; કારણ કે, આ કાળરૂપી ચોર પ્રાણીઓના જીવિતરૂપી ધનને હરી જવાને જગત્‌ને વિષે ઘર ઘર પ્રત્યે ભમ્યા કરે છે. વળી ધર્મરૂપી સંબળથી, મનુષ્ય-વિદ્યાધર-નાગેંદ્ર આદિનું સુખ મળે છે. ચંદ્ર સમાન નિર્મળ યશ થાય છે, ને નિરંતર સન્માનાદિ પ્રાપ્ત થાય છે. એજ પ્રમાણે પાપકાર્યથી દુઃખ, દુર્ગતિ ને નારકી આદિની દુઃસહ પીડા સહન કરવી પડે છે. તથા બહુ નિંદા ને અપકીર્તિ ખમવી પડે છે. માટે હે ભાઇઓ! જો તમારૂં ઇષ્ટ ચાહતા હો તો તે ધર્મ પ્રત્યે આદરો." ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળવાથી જેનું ચિત્ત વૈરાગ્યથી વાસિત થયેલું છે એવા આર્દ્રકુમારે સાત ક્ષેત્રોને વિષે ધન વાવરીને સર્વવિરતિ સામાયિક મન દંડ ઉચ્ચાર પૂર્વક યતિ વેષ ગ્રહણ કર્યો. અર્થાત્ તેણે ચારિત્ર ગ્રહણ કર્યું. એટલે તો આકાશમાં રહેલા દેવતાએ કહ્યું. "જો કે તું મહા સત્યવંત છે તોપણ હમણાં તું દીક્ષા ગ્રહણ કરે છે એ યુક્ત નથી. કારણ કે હજુ ત્હારે બહુ ભોગાવળી કર્મ ભોગવવાનાં બાકી છે. માટે તે ભોગ ફળ ભોગવીને થોડા કાળ પછી દીક્ષા લેજે. કારણ કે, કરેલાં કર્મ ભોગવ્યા વિના જીવ છૂટતો નથી. ક્યાંઇક જીવ બળવાન્ હોય છે; ને ક્યાંઇક કર્મ બળવાન્ હોય છે; જીવને ને કર્મને પૂર્વથીજ વૈરભાવ ચાલ્યો આવે છે." આમ દેવતાએ વાર્યા છતાં પણ આર્દ્રકુમાર યતિ થયો. તેણે પોતાની મેળેજ બોધ પામી યતિ વેષ ગ્રહણ કરી લીધો. એટલે એ એક પ્રત્યેકબુદ્ધ કહેવાયો. અહિંથી નિરતિચાર ચારિત્ર પાળતા

આર્દ્રકુમાર યતિએ વસંતપુર પાસે વિહાર કર્યો. ત્યાં જઈ તે બહારના કોઈ દેવમંદિરમાં રાત્રીને સમયે કાયોત્સર્ગે રહ્યા.

હવે કથા એમ છે કે, એજ આર્દ્રકુમારની પૂર્વ ભવની સ્ત્રી બંધુમતીનો જીવ, દેવલોકથી ચ્યવીને આજ વસંતપુર નગરમાં ધનદત્ત શેઠીની પુત્રી શ્રીમતી નામે થયો. શેઠે તેનો જન્મોત્સવ કર્યો. સમય ગયે તે ધર્મકર્મ આદિ સર્વ કળામાં કુશળ થઈ. એકદા તે પોતાની સમાન વયની સખીઓની સાથે એજ દેવમંદિરમાં ક્રીડા કરવાને આવી કે, જ્યાં આર્દ્રકુમાર યતિ કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા છે. સર્વે ત્યાં આવી બાળક્રીડામાં કહેવા લાગી. "આ મંદિરના જે સ્તંભો છે, તેમને ભર્તાર ગણી આપણે એકેકીએ જે જેણીને રુચે, તે વર તરીકે અંગીકાર કરવો." તે ઉપરથી સર્વેએ એકેક સ્તંભ ભર્તાર તરીકે પસંદ કરી લીધો. શ્રીમતિને માટે એકે સ્તંભ રહ્યો નહી. ત્યારે તે આર્દ્રકુમાર યતિને વળગી પડીને બોલી. "આપણો વર આ ભટ્ટારક!" એવામાં તો આકાશમાંથી દેવતાઓએ "સારું થયું સારું થયું." એમ કહી ગર્જના સહિત રત્નની વૃષ્ટિ કરી. કહ્યું છે કે-સારું રાજ્ય, સંપત્તિ, ભોગ, ઉચ્ચ કુળને વિષે જન્મ, સુરૂપતા, પંડિતપણું, લાંબુ આયુષ્ય, ને આરોગ્યતા એ સર્વેનાં ધર્મનાં ફળ જાણવાં." પછી શ્રીમતી તો તે યતિને પાયે પડીને બોલી. "આ ભવમાં તમેજ મ્હારા પતિ થજો." એ ઉપરથી યતિએ જાણ્યું કે, "આ અનુકૂળ ઉપસર્ગથી જરૂર મ્હારા વ્રતમાં ભંગ થશે, તેથી તે યતિ અન્યત્ર વિહાર કરી ગયા. દેવતાએ કરેલી વૃષ્ટિ રાજા લઈ જવા લાગ્યો. ત્યારે દેવતાએ નિષેધ કરીને કહ્યું કે, "જેને એ કન્યા પરણશે તેની એ લક્ષ્મી થશે." તે ઉપરથી એ કન્યા રત્નવૃષ્ટિ પોતાના પિતાને ત્યાં લઈ ગઈ. પછી સર્વ લોકો તથા રાજા પણ પોતપોતાને સ્થાનકે ગયા.

હવે એ કન્યાને વરવાને બહુ બહુ વર આવવા લાગ્યા, પણ શ્રીમતીએ કહ્યું. "મેં તો પૂર્વે જે ભર્તાર અંગીકાર કર્યો છે, તેજ મ્હારો ભર્તાર થાઓ; નહિંતર મ્હારે અગ્નિનું શરણ છે. કન્યાને એકજ વાર પરણાવાય છે, બીજી વાર નહી. રાજાના એકજ વાર બોલે છે; સાધુ પુરુષો પણ તેવી રીતે એક વચનીજ હોય છે અને કન્યા પણ એકજ વાર દેવાય છે; આમ એ ત્રણે વાનાં એકજ વાર થાય છે." ત્યારે શેઠીએ કહ્યું. "એ મહર્ષિ કેવી રીતે પ્રાપ્ત થશે? ભમરની પેઠે તે હજુ વાર પણ એક સ્થાને રહેતા નથી, તો તેને ક્યાં શોધવા? તે અહિં ક્યારે આવે? ને આવે તોપણ તેને શી રીતે ઓળખવા? તેના નામની કોને ખબર છે? કંઈ નિશાની પણ નથી, કે જેથી તેને ઓળખી શકાય. એવા ભિક્ષુકો તો અહિં ઘણા આવે છે. માટે હે પુત્રી! ત્હારો કદાગ્રહ મુકી દે." પણ તેણીએ કદાગ્રહ મુક્યો નહી. કારણ કે, વજ્રલેપ; મૂર્ખજન, સ્ત્રીઓ, વાંદરાં, માછલાં, તથા મળી અને દારૂ પીનારા એ સર્વેને એક ગ્રહ હોય છે. અર્થાત્ એટલા જીવો લીધેલી હઠ મુકતા નથી.

હવે શેઠીએ નિશાનીનું પૂછ્યું હતું, તે ઉપરથી શ્રીમતીએ કહ્યું. "જ્યારે હું તે યતિને પગે પડી, ત્યારે મેં તેને પગે વિજળીના ઝબકારાથી ઉદ્યોતવાળી પદ્મ બિન્દુની રેખા દીઠી હતી. એવું બિન્દુ બીજા કોઇ યતિને હશે નહી." ત્યારે પિતાએ પૂછ્યું. "એ ઓળખીને તું શું કરીશ?" તેણીએ કહ્યું. "મ્હારો યતિ મને મળશે એવો ઉપાય કરીશ." પિતાએ કહ્યું. "મ્હારું અનુમતિ છે." એ ઉપરથી શ્રીમતીએ નગરમાં આવતા સર્વ સાધુઓને શુદ્ધ અન્ન પાણી વહોરાવવાનો નિયમ કર્યો. પછી તે બોલી. "સાધુઓના ચરણ નમીને વંદન કર્યા શિવાય મ્હારે ભોજન લેવું નહી." એમ કહીને તે સર્વ દિશાઓથી આવતા સાધુઓને શુદ્ધ આહારથી પ્રતિલાભવા લાગી ને તેમના ચરણને વાંદવા લાગી. એમ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં. એવામાં દૈવયોગે એક વખતે દિગ્મૂઢ થઇ ગયેલા આર્દ્રકુમાર યતિ ત્યાં

જ આવ્યા. તેને પ્રતિલાભતાં પેલીએ ઓળખી કાઢ્યો; ને તેનું ચરણતળ વાંદતી તે બોલી. "અહો! આપને તો હું પેલા દેવકુળને વિષે વરેલી છું; તમે તો મ્હારા ભર્તાર થયા છો, તો મને છેતરીને આજ પર્યંત ક્યાં ગયા હતા.? હવે જો તમે મ્હારી અવગણના કરીને જતા રહેશો, તો હું તમને હત્યા દઇશ. એ હત્યા તમને નરક પ્રત્યે લઈ જશે." એમ કહી લોકો તથા રાજાની સમક્ષ તે મુનિનો હાથ ઝાલી ઉભી રહી. રાજાએ કહ્યું. "હે મુનિ! જો તમે એણીને વરશો તોજ એ જીવશે, નહિં તો મૃત્યુ અંગીકાર કરી તમને હત્યા આપશે." એટલે આર્દ્રકુમારને દેવતાની વાણી યાદ આવી ને તેણે વિચાર્યું. "ભોગફળ આવ્યું, તેને અન્યથા કરવાને અશક્ત છું; શું કરવું! દેવતાનું વચન અન્યથા હોય નહી. કહ્યું છે કે-પર્વતના શિખર ઉપર ચઢો કે, સમુદ્રને ઉલ્લંઘીને જતા રહો, અથવા પાતાળને વિષે પ્રવેશ કરો તથાપિ ભાવી હોય છે તે મટતું નથી." એમ વિચારી તેણે રાજાના અતિ આગ્રહથી તે કન્યાનું પાણિગ્રહણ કર્યું, ને કન્યાનું મનવાંછિત પૂર્ણ થયું.

પછી આર્દ્રકુમારને શ્રીમતી સાથે વિલાસ સુખ ભોગવતાં એક પુત્ર અવતર્યો. તેનો જન્મોત્સવ કર્યો. અનુક્રમે વૃદ્ધિ પામતા પુત્રે સ્તનપાન છોડ્યું, ત્યારે આર્દ્રકુમારે પોતાની સ્ત્રીને કહ્યું. "હે પ્રિયે! હવે તને આ પુત્ર સહાયક થયો છે, માટે તું રજા આપ; હું દીક્ષા લઉં." એ સાંભળીને શ્રીમતી તે વાત પોતાના પુત્રને જણાવવાને રૂની પૂણીઓ લઇને કાંતવા બેઠી. એવામાં નિશાળેથી બાળક આવ્યો. તેણે કહ્યું. "હે માતા! તેં આવું ન કરવા યોગ્ય કર્મ શું આદર્યું? એ મજુર લોકોને કરવા યોગ્ય છે." માતાએ કહ્યું. "ત્હારો પિતા દીક્ષા લે છે તો તે મને ત્યજી દેશે એટલે મ્હારે તે અન્ય કારણ નથી." પુત્ર બોલ્યો. "માતા, ત્હારે દુઃખ ન ધરવું. હું એવું કરીશ કે, જેથી તે દીક્ષા નહી લે." એમ કહી એકદા પિતાને સૂતેલા જોઈ તેણે તેને પગે રેંટીઆ ઉપરથી સૂતરનો તાંતણો કાઢીને વીંટવા માંડ્યો, ને તે માતાને કહેવા લાગ્યો. "જો માતા, મેં આમ બાંધ્યાં છે તો હવે મ્હારા પિતા ક્યાં જશે?" માતાએ કહ્યું. "આવા તાંતણાથી બંધાયલા ત્હારા પિતા શું વ્રત નહી લે?" આ દીકરાનો આવો સંવાદ સાંભળી આર્દ્રકુમારે વિચાર્યું. "આ પુત્રનો હજુ મ્હારા ઉપર આવો મોહ છે, તો મ્હારા દીક્ષા લીધા પછી આ પુત્રનું શું થશે?" તે ઉપરથી તેણે નિશ્ચય કર્યો કે, "પુત્રે જેટલી વાર તાંતણા મ્હારા પગ ઉપર વીંટ્યા હશે, તેટલાં વર્ષ પર્યંત હું ગૃહસ્થાવાસમાં રહીશ." એમ ધારી તે ઉઠ્યો ને પોતાના પગ ઉપરના તાંતણા ગણી વાળ્યા તો બાર થયા. તેથી તેણે પ્રિયાને કહ્યું. "હે પ્રિયે! હું દીક્ષા લેવા જવાને તૈયાર થઇ રહ્યો હતો, એવામાં આ પુત્રે મ્હારા પગ ઉપર બાર તાંતણા વીંટ્યા; તેથી હું બાર વર્ષ પર્યંત હજુ ગૃહસ્થાવાસમાં રહીશ. ત્યાર પછી હું નિશ્ચે દીક્ષા ગ્રહણ કરીશ." એમ કહી બાર વર્ષ પર્યંત તે પુત્રના પ્રતિબંધથી પ્રિયા સાથે રહ્યો.

એટલો સમય તો પૂરો થઇ ગયો. ત્યાર પછી એકદા રાત્રીને સમયે આર્દ્રકુમાર ચિંતવવા લાગ્યો. "આ ભવરૂપી કૂપથી નીકળી જવાને દોરડી સમાન એવું વ્રત અવલંબીને પણ ફરી તે મેં પડતું મૂક્યું ને હજુ પણ હું ત્યાંને ત્યાં નિમગ્ન છું. પૂર્વે મેં મનથીજ વ્રત ભંગ કર્યું હતું, તેથી તો અનાર્યપણું ભોગવતો હતો; તો આજ વ્રત લઇને તે ખંડિત કર્યું તેથી મ્હારી શી ગતિ થશે? જેમ મલીન થયેલ સુવર્ણને અગ્નિથી શુદ્ધ કરે છે, તેમ હું પણ મ્હારા આત્માને તપરૂપી અગ્નિથી શુદ્ધ કરીશ." એમ વિચારીને ફરી તેણે પોતાની સ્રીને કહ્યું. "હવે હું દીક્ષા લઇશ." સ્ત્રીએ કહ્યું. "તમારા વિના મ્હારૂં અને આ તમારા પુત્રનું શું થશે?" આર્દ્રકુમારે કહ્યું. "હજુ પણ તું એમ કેમ કહે છે? સંસારમાં કોઇ કોઇનું નથી. જીવોને પોત પોતાના કર્મથીજ સંયોગ વિયોગ થાય છે. કહ્યું છે કે-જન્મવું એકલું છે; મરવું

પણ એકલું છે; ધર્મ કરવો છે તે પણ એકલાએજ; સ્વર્ગમાં જવું તો ત્યાં પણ એકલાજ; ને નરક ગતિમાં પણ એકલાજ જવાનું છે; કોઇ સાથે આવતું નથી. જે મૂઢ જનો મ્હારૂં શરીર, મ્હારાં સ્ત્રી પુત્ર, એમ કહ્યાં કરે છે, તેઓ પણ તેને ત્યજીને જતા રહે છે ને પોતે સંસાર ને વિષે બૂડે છે. વળી આ સંસારને વિષે જીવ, દેહથી જુદો છે, ગૃહાદિકથી જુદો છે, તો પ છી પ્રાણી ઘર, દેહ અને સ્ત્રી વિગેરેને વિષે મમતા શા માટે કરે છે? વળી કુટુંબ, ધન ધાન્યાદિ સર્વે દુઃખનાં કારણો છે માટે એમને કે, દેહને પણ જે પોતાનાં માને છે, તે કુબુદ્ધિ જન કર્મનો બંધ કરે છે. પંડિત પુરૂષ ધર્મ ઉપાર્જન કરીને સ્વર્ગે જાય છે; અન્ય પુ રૂષ ઘોર પાપ ઉપાર્જન કરીને ઘોર એવી નારકીની ગતિ પામે છે. વળી કોઈ આ સર્વ અસા ર છે, એમ જાણી દુઃખની શ્રેણિ સહન કરે છે, ને મુક્તિ મેળવે છે. માટે હે સ્ત્રી! તું સાવ ધાન થઈ શરણરૂપ ધર્મને ભજ; આ ગૃહને ત્યજી દે." આ પ્રમાણે સ્ત્રી પુત્ર બન્નેને સમજા વી તે આર્દ્રકુમારે યતિ વેષ ધારણ કર્યો ને તે વનમાં ચાલી નીકળ્યો.

પછી આર્દ્રકુમાર યતિને રાજગૃહી નગરી ભણી જતાં માર્ગમાં ચોરવૃત્તિમાં તત્પર એવા પોતાનાજ પાંચસો સામંતો મળ્યા. તેમને તેણે ઓળખ્યા. તેથી પોતે ઉભા રહ્યા. પેલાઓએ પણ તેમને ઓળખીને અત્યંત ભક્તિવડે નમસ્કાર કર્યા. યતિએ તેમને પૂછ્યું. "અહો! તમે આવી પાપકારિણી ને દુર્ગતિદાયક વૃત્તિ કેમ અંગીકાર કરી? ચોરીરૂપ પાપવૃક્ષનું આ ભવમાં વધ-બંધન આદિ ફળ મળે છે; ને પરલોકમાં તેનું ફળ નરકવેદના છે." એર તો કહેવા લાગ્યા. "હે સ્વામી! જ્યારે તમે અમને છેતરીને જતા રહ્યા, ત્યારે અમે પાછ ળ તમને બહુ ખોળ્યા; પણ તમે દેખાયા નહીં. ત્યારે અમે વિચાર્યું કે, "આર્દ્રકુમાર તો ગ યા; તો હવે સ્વામીને શું મુખ બતાવશું?" એમ ધારીને અમે પણ એક વહાણમાં બેસી ને આ દેશમાં આવ્યા અને તમને શોધતા હતા, એવામાં તમેજ અહિં આવી મળ્યા. અ મે અહિં આવીને ચોરવૃત્તિ ધારણ કરી છે, ને નિરંતર ચોરીજ કરીએ છીએ." મુનિએ ક હ્યું. "અરે ભદ્ર જનો! કષ્ટ પડે છતે પણ સજ્જન પુરુષોએ કદાપિ ચોરી કરવી નહીં. દુ ર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને એવું કાર્ય કરવું કે, જેથી શુભ ગતિ પ્રાપ્ત થાય. કહ્યું છે કે-જીવદયા, જિનપૂજા શાસ્ત્ર શ્રવણ, સાધુને નમસ્કાર, ક્રોધનો ત્યાગ, ગુરુભક્તિ, માયા રહિતપણું, વિશુદ્ધ મન, લોભરૂપી વૃક્ષનું ઉન્મૂલન, પવિત્ર ચિત્ત અને ઇંદ્રિય દમન આદરવાનાં જે છે, તે મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયો છે. કોઇ મહા પુન્યના યોગે મનુષ્ય જ ન્મ પ્રાપ્ત થાય છે, તે જન્મ પામ્યાનું ફળ ધર્મકાર્ય કરવાં તે છે. તે ધર્મ સ્વર્ગ અને મો ક્ષને આપનારો છે. વળી સર્વ જીવોની ઉપર દયા, સત્ય વચન, અસ્તેય (ચોરી ન કરવી તે) બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગ એવો પાંચ પ્રકારનો ધર્મ શ્રી જિનેશ્વર ભગવતે કહ્યો છે. મા ટે જો તમે મ્હારા ભક્ત હો તો મ્હારા માર્ગને આદરો. તેથી તમે બહુ સુખી થશો." સૌ બોલી ઉઠ્યા. "તમે અમારા સ્વામી છો; આપ જે કહેશો તે અમે કરીશું." યતિએ કહ્યું. "તમે મ્હારા જેવા થાઓ." તે ઉપરથી સર્વેએ દીક્ષા લીધી. પછી તે પાંચસો યતિઓને લઈને આર્દ્રકુમાર યતિ શ્રી મહાવીરસ્વામીને વંદન કરવાને રાજગૃહ નગરે જવા નીકળ્યા.

રાજગૃહ નગરની પાસેના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં કેટલાએક તાપસો એક મહાન હ સ્તીને હણીને તેનું માંસ ભક્ષણ કરતા હતા. તેમને એવું અનિષ્ટ કામ કરતા જોઇ આર્દ્રકુમા રે કહ્યું. "અરે મહાનુભાવો! જીવહિંસા ન કરો; જીવહિંસા કરવાથી નરક ગતિ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-અહિંસાને વિષે કેટ વસે છે; અંતને વિષે વિષ્ણુ, ને શુકને વિષે બ્રહ્મા વસે છે; મા ટે માંસ ભક્ષણ ન કરવું. વળી કે મરઘના હાથા જેટલું પણ માંસ ભક્ષણ કરનાર ચંડ

અને સૂર્ય રહે ત્યાં સુધી નરકને વિષે પીડાય છે." તાપસોએ કહ્યું. "અમે તો એક મ્હોટા જીવ મારીએ છીએ; પણ તમે તો અનેક જીવોનો વધ કરો છો; માટે તમને વધારે પાપ લાગે છે. એકેંદ્રિય ધાન્યના પાંચ દાણાથી પચેંદ્રિયપણું થાય છે, પણ એવા પાંચ દાણા થી સારી રીતે ઉદરપૂરણા થતી નથી, માટે એક પચેંદ્રિયના વધથી તૃપ્તિ કરવી એ સારી." દયાભાસી તાપસો આમ કહે છે, એટલામાં તો એક બીજો હસ્તી જેમને તેઓએ એક મ્હોટા વૃક્ષ સાથે સાંકળથી બાંધ્યો હતો, તેણે આર્દ્રકુમારને જોઇ બેડીને છુટું દોરડાની પેઠે ત્રોડી નાંખી તેને વંદન કરવા ચાલ્યો. સર્વે તાપસો તો હાહાકાર કરતા 'આ હસ્તી એનો વધ કરશે' એમ બોલી નાસવા લાગ્યા. પણ પેલો હસ્તી તો આવીને આર્દ્રકુમાર ને નમ્યો. આર્દ્રકુમારે કહ્યું. "હે ગજેંદ્ર! જો તને ધર્મ ઉપર રૂચિ હોય તો તે અંગીકાર કર." તે સાંભળી ગજેંદ્રે પ્રણામ કર્યા. ત્યારે વળી આર્દ્રકુમારે કહ્યું. "જો ત્હારે અનશન કરવાની ઇચ્છા હોય તો તેમ કર." તે ઉપરથી હસ્તીએ અનશન વ્રત ગ્રહણ કર્યું. આ સર્વ જોઇ ને પેલા તાપસો પણ બોધ પામ્યા ને તેમણે જીવદયા મૂળ એવો જૈનધર્મ અંગીકાર કર્યો.

તાપસો પ્રતિબોધ પામ્યા અને હસ્તીએ બેડી તોડવા પૂર્વક અનશન ગ્રહણ કર્યું વિગેરે સર્વ વૃત્તાંત રાજા શ્રેણિકે સાંભળ્યો. તેથી તે અભયકુમાર સહિત ત્યાં આવ્યો. ત્યાં આવી શ્રેણિકે પુત્ર-પૌત્ર સહિત પાંચસોએ શિષ્ય યુક્ત આર્દ્રકુમારને વાંદ્યા. આર્દ્રકુમારે પણ તેમને કલ્યાણકારી એવી ધર્મલાભની આશિષ આપી. પછી ધર્મોપદેશ શ્રવણ કરીને રાજાએ પૂછ્યું. "એ અમને બહુ આશ્ચર્ય લાગે છે કે, આ હસ્તીએ આપના દર્શનથી લોહમય એવી મહાન્ બેડી ત્રોડી." મુનિએ કહ્યું. "એ બેડી તોડવી તો સુલભ છે; પણ મેં જે સૂત્રના તાંતણારૂપી સ્નેહપાશ તોડ્યો. તેજ સર્વ પ્રાણીઓને દુષ્કર છે." રાજાએ પૂછ્યું. "એ સૂત્રના તાંતણારૂપી સ્નેહપાશનો શો સંબંધ છે? તે કહો." તે ઉપરથી આર્દ્રકુમાર મુનિએ પોતાના પુત્રે પોતાને પગે સૂત્રનાં તાંતણા વીંટ્યા હતા, તે સંબંધ કહી બતાવ્યો. તે સાંભળી રાજા પ્રમુખ સર્વ લોક ચમત્કાર પામ્યા. પછી આર્દ્રકુમારે કહ્યું. "આ અભયકુમાર તો મ્હારા પરમ બાંધવ છે. તેમણે મને મ્હારા અનાર્ય દેશમાં શ્રી યુગાદિ જિનની પ્રતિમા મોકલીને પ્રતિબોધ પમાડ્યો છે. એમણેજ મને સંસારરૂપ કાદવને વિષે પડતો ઉદ્ધર્યો છે." એ સાંભળીને અભયકુમારે શ્રેણિકને કહ્યું. "હવે હું પણ દીક્ષા લઇશ. મને રજા આપો. મ્હારા મિત્રે જે કર્યું છે તે મ્હારે પણ કરવું યોગ્ય છે." શ્રેણિકે કહ્યું. "હે પુત્ર! હમણાં ત્હારે એમ ન બોલવું ઘટે; જો તું બળ કરીને દીક્ષા લઇશ, તો મ્હારૂં હૃદય ભેદાઇ જશે અને તને પિતાની હત્યાનું પાપ લાગશે." તે ઉપરથી અભયકુમાર ગૃહવાસમાં રહીને પણ શુદ્ધ શ્રાવક ધર્મ પાળવા લાગ્યા.

પછી આર્દ્રકુમાર યતિ, શ્રેણિક નૃપતિ અને અભયકુમાર રાજપુત્ર એ ત્રણે જણ શ્રી વીર ભગવાનના સમવસરણને વિષે ગયા. ત્યાં તેમને ત્રણ પ્રદક્ષિણા કરીને અત્યંત ભાવ વડે નમસ્કાર કર્યા. ત્યાં શ્રી જિનેશ્વર ભગવાને આર્દ્રકુમારને કહ્યું. "ત્હારે શુદ્ધ ચારિત્ર પાળવું; કારણ કે, શુદ્ધ ચારિત્ર વિના સંસારથી મુક્ત થવાતું નથી. દીક્ષા તો બહુ બહુ જનો લે છે; પણ તે શુદ્ધ રીતે પાળનાર થોડાજ છે. સર્વ જીવો આ સંસાર સાગરને વિષે પરિભ્રમણ કરે છે અને તેઓ અનંતીવાર દ્રવ્યલિંગને ગ્રહણ કરીને ફરી ત્યજી દે છે. ધર્મજ પરમ બાંધવ છે અને ધર્મથીજ સ્વર્ગાદિ પ્રાપ્ત થાય છે." પછી શ્રેણિકાદિ સર્વે શ્રી વીર પ્રભુને નમીને પોત પોતાને સ્થાને ગયા.

હવે ત્યાર પછી તીવ્ર તપશ્ચર્યારૂપી અગ્નિવડે સર્વ કર્મરૂપી ઇંધનને દહન કરી અનુક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આર્દ્રકુમાર યતિ આયુષ્યનો ક્ષય થયે મોક્ષરૂપી નગરી પ્રત્યે ગયા.

## દૃઢપ્રહારી.

અનેક દુષ્કૃત્ય કર્યા છતાં પણ ક્ષમાવાન્ પ્રાણી દૃઢપ્રહારીની પેઠે ક્ષણમાં કલ્યાણ પદવી પામે છે.

કોઇએક નગરને વિષે જીર્ણદત્ત નામનો વિપ્ર રહેતો હતો. તેને અન્યાયમાં ઉદ્ધત એવો યજ્ઞદત્ત નામનો પુત્ર હતો. એકદા યજ્ઞદત્તના માત પિતા મૃત્યુ પામ્યા. એટલે તે મૃગયાને વિષે કુશળ થઇ, નગરથી બહાર નીકળી ચોર લોકોની પલ્લીમાં ગયો. ત્યાં પલ્લીપતિ ભીમને તે મળ્યો. એ પલ્લીપતિ અપુત્ર હતો, તેથી તેણે એ દ્વિજપુત્રને પોતાનો પુત્ર કરીને રાખ્યો. તે સર્વ પ્રાણી ઉપર દૃઢ પ્રહાર કરતો, તેથી તેનું દૃઢપ્રહારી એવું નામ પડયું. કહ્યું છે કે-પ્રાણી જેવું કર્મ કરે છે, તેવું તેનું નામ પડે છે; જેવાં બીજ રોપીએ, તેવાં ફળ ઉત્પન્ન થાય. અનુક્રમે અંતકાળે પલ્લીપતિએ તેને પોતાની પાટે સ્થાપ્યો.

હવે બહુ ભિલ્લ સેવકોએ પરવર્યો એવો દૃઢપ્રહારી રાત્રીને વિષે ચોરી, ધાડ આદિ કુકર્મ કરવા લાગ્યો. અન્યદા તે કુશસ્થળ નામનું ગામ લૂંટવાને ગયો. ત્યાં એક દેવશર્મા નામે બ્રાહ્મણ તંદુલ અને દૂધ માગી લાવીને પોતાની સ્ત્રીને આપીને મસ્થાને જંગલ ગયો. એવામાં તેના ઘર ઉપર ધાડ આવી. ચોર લોકો તેનું ઘર લૂંટવા લાગ્યા એટલે તેના બાળ પુત્રે જઇને પિતાને તે વાત કહી. તે ઉપરથી તે એક લાકડી ઉપાડીને રોષથી રાક્ષસની પેઠે તેમને (ચોરોને) હણવાને દોડી આવ્યો. એવામાં તો પેલા ચોરના સરદારે (દૃઢપ્રહારીએ) જ તેના ઉપર પ્રહાર કરી તેના મસ્તકના નાળીયેરની પેઠે છેદીને કકડા કર્યા. તે પછી એક ગાય તેના શીંગડાં ઉંચાં કરીને ચોરને મારવા આવી, તેને પણ તે દૃઢપ્રહારીએ મારી. ત્યારે તે બ્રાહ્મણની સગર્ભા સ્ત્રી, હા હા કરતી આવી તેણીને પણ તેણે ગર્ભ સહિત હણી. આ પ્રમાણે તેણે બ્રાહ્મણને, બ્રાહ્મણની સ્ત્રીને, તેણીના ગર્ભને અને ગાયને એક સામટાં હણ્યાં! તે જોઇને પેલો ચોરનો સરદાર દૃઢપ્રહારી ચિંતવવા લાગ્યો. "અહો! મેં આ બ્રાહ્મણનો અને તેની સ્ત્રીનો વધ કર્યો. તો હવે તેમનાં બાળકોની શી ગતિ થશે? હું જ એમના દુઃખનું નિમિત્ત કારણ થયો. આવા દુષ્કૃત્યના ભારથી દુસ્તર પાપરૂપી કાદવને વિષે હું પડીશ ને મ્હારી અધોગતિ થશે, ત્યાં મ્હારું કોણ અવલંબન કરશે?" એમ ચિંતવન કરે છે, એવામાં તેણે વનને વિષે શાંત મનવાળા, ધર્મ ધ્યાનમાં લીન અને સર્વ જીવની રક્ષા કરનાર એવા સાધુઓને દીઠા. તેમને દેખીને તે મનમાં બોલ્યો: "અહો! આલોકને વિષે આ સાધુઓ પ્રશાંત છે, પૂજવા યોગ્ય છે. કહ્યું છે કે-વંદન કરવાથી એમના મનમાં ઉલ્લાસ થતો નથી અને હેલના કરવાથી એમને ક્રોધ ઉપજતો નથી. કારણ કે, રાગ દ્વેષનો નાશ કરનારા ધીર મુનિઓ સમતા બુદ્ધિથી વર્તે છે. વળી તેજ પ્રમાણે કહેવાય છે કે, જે આ સંસારને વિષે પાપમતિવાળા ન હોય, તેમજ સ્વજન અને પરજનને વિષે અને માન અપમાનને વિષે પણ સમતા પરિણામ રાખે." તેમને વંદન કરીને દૃઢપ્રહારી કહેવા લાગ્યો. "હે સાધુઓ! મેં સ્ત્રી, પુરુષ, ગૌ, બાળક આદિની હત્યા કરી છે, તો હવે હું નરકથી કેમ છુટીશ? માણસને, એક પણ પ્રાણીના વધથી નરક ગતિ થાય છે અને મેં તો બહુ જીવની હત્યા કરી છે માટે મ્હારી તો કઇ રીતે સંસાર થકી મુક્તિ થશે! માટે મને આપ દીક્ષા આપો." ગુરુએ તેને સંસારથી વિરક્ત જાણી સંયમ આપ્યો. દૃઢપ્રહારીએ દીક્ષા લઇ અનુક્રમે તપ કરતાં એવો અભિગ્રહ લીધો કે, "જે દિવસે મને આ મ્હારું પાપ સાંભરશે, તે તે દિવસે હું આહાર નહિં લઉં અને પાપ સાંભરતાં પણ જો આહાર લઇશ, તો કોઇ વૈરિ મને હણશે તેમના ઉપર પણ ક્ષમા કરીશ." ઇત્યાદિ અભિગ્રહ લઇને, જેણે પૂર્વે બહુધાર એના ઉપર ધાડ લઇ ગયો હતો,

તેવા કુશસ્થળ ગામ પ્રત્યે ગયો. ભિક્ષા અર્થે તે જ્યારે જ્યારે તે નગરને વિષે જાય, ત્યારે લોકો તેને સ્ત્રી-પુરુષ-બાળક-ગૌ ઘાતક એમ કહી કહીને નિરંતર લાકડી, પાષાણ આદિથી પ્રહાર કરતા; પણ તે સમયે દૃઢપ્રહારી તો એમજ ચિંતવવા લાગ્યો. "હે જીવ તેં એ પ્રમાણેજ અનેક જીવોને નિર્દયપણે હણ્યા છે; આ ભવને વિષે અન્ય જનોએ પોતાના ઘરોને વિષે દાટેલું ધન પણ તેં અપહર્યું છે; તેં બહુ બહુ અસત્ય વચનો કહ્યાં છે; અન્ય જનોની સ્ત્રીઓનાં હરણ કર્યાં છે. સ્ત્રીઓથી બાળકોનો વિયોગ કરાવ્યો છે; અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કર્યું છે; બીજાઓની ઈર્ષ્યા કરી છે; બહુ જનોની સાથે કજીઓ કર્યો છે ને કરાવ્યો છે. માટે હવે ત્હારે સર્વ પ્રકારે એ લોકોનો મારણાદિ અપરાધ ક્ષમા કરવો; ક્રોધ ન કરવો. ક્રોધ કરવાથી પૂર્વે ઉપાર્જન કરેલાં પુન્ય પણ નાશ થાય છે. કહ્યું છે કે—ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા કપટ મિત્રતાનો અને લોભ સર્વ વસ્તુનો વિનાશ કરે છે. ઉપશમથી ક્રોધનો નાશ થાય છે; કોમળપણાથી માનનો નાશ થાય છે, આર્જવ એટલે સરળપણાથી માયાનો નાશ થાય છે અને સંતોષથી લોભનો નાશ થાય છે. વળી હે જીવ! આ લોકો ત્હારા કર્મરૂપી શત્રુઓને હણવાથી ત્હારા મિત્ર જેવા છે; ત્હારા પરમ બાંધવ છે અને એઓજ તને મુક્તિરૂપ સુખ આપશે. માટે એ લોકો ઉપર ત્હારે રોષ ન કરવો; રોષ કરવો હોય તો ત્હારા કર્મ ઉપર કરવો. ઉત્તમ પુરુષોએ હણનાર એવા વૈરિ ઉપર ક્રોધ ન કરવો. પણ કર્મનું ઉન્મૂલન કરવાને કર્મ ઉપરજ કરવો. કહ્યું છે કે—અશક્ત માણસને પત્થરનો પ્રહાર કરીએ, તો તે પત્થરની સામો દ્વેષ કરે છે, સિંહ ઉપર એક બાણ મૂકીએ, તો તે બાણના સમૂહને ઈચ્છે છે. હે જીવ! આ લોકો તને પ્રહાર કરતા નથી, એ તો ત્હારા ઉપર ઉપકાર કરે છે. એઓ તો મ્હારાં પાપ લઇ લે છે ને પોતાનાં સુકૃત્ય મને આપે છે. વળી આ લોકો પ્રહારથી મ્હારા ઉપર કૃપા કરીને મ્હારા કર્મનો ક્ષય કરે છે એ યુક્ત છે. પણ એથી મ્હારા તે બાંધવો નરકને વિષે જશે, તે મને બહુજ ખેદ થાય છે!" ઇત્યાદિ ભાવના ભાવતાં દૃઢપ્રહારી યતિના ક્ષણે ક્ષણે શુભ અધ્યવસાય વૃદ્ધિ પામવા લાગ્યા. અનુક્રમે તેણે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરી કેવળજ્ઞાન મેળવ્યું. જે કર્મને પ્રાણી કોટિ જન્મ પર્યંત તીવ્ર તપશ્ચર્યા કરી ક્ષય કરે છે, તેજ કર્મને તે સમતાનું અવલંબન કરીને અર્ધ ક્ષણમાં ક્ષય કરે છે. પછી તેજ ક્ષણે આયુષ્ય ક્ષીણ થયે દૃઢપ્રહારી મોક્ષે ગયો. ઇતિ દૃઢપ્રહારીની કથા.

---

## શ્રેયાંસકુમાર.

સુપાત્રને વિષે શ્રેષ્ઠ ભાવે કરીને પ્રાસુક દાન આપનાર પ્રાણી શ્રેયાંસ કુમારની પેઠે મુક્તિ પામે છે.

હસ્તિનાગપુર નગરને વિષે બાહુબળિનો પુત્ર સોમયશા રાજ્ય કરતો હતો. તેનો પુત્ર યુવરાજ શ્રેયાંસ કુમાર હતો. એકદા શ્રેયાંસ કુમારને એવું સ્વપ્ન આવ્યું કે, 'મેં મલીન થયેલા એવા મેરુપર્વતને અમૃતવડે ધોઇને ઉજ્વળ કર્યો.' તેજ રાત્રીને વિષે સોમયશા નૃપતિને પણ એક સ્વપ્ન આવ્યું તે એવું કે, 'શત્રુઓએ પરાભવ પમાડેલ એવા એક સુભટને શ્રેયાંસકુમારની સાહાય્યથી જય મળ્યો.' ફરી તેજ સમયે તે નગરના શ્રેષ્ઠીએ પણ એક એવું સ્વપ્ન જોયું કે, 'સૂર્યમંડળથી કિરણ પડ્યાં તે શ્રેયાંસ કુમારે પાછાં તેજ સ્થાને સ્થાપ્યાં.' પ્રભાતે તે સર્વે 'શ્રેયાંસકુમારને મહા લાભ થશે' એમ ચિંતવે છે, તેવામાં શ્રી આદિનાથ ભગવાન વરશી તપને પારણે ભિક્ષાને અર્થે તે નગરમાં આવ્યા. એટલે તો કોઈ કન્યા લઇને આપવા જવા લાગ્યા; કોઇ સુવર્ણ, કોઈ રૂપું, કોઈ અશ્વ અને કોઈ તો હસ્તી પ્રમુખ

હાથને સામા ભેટણું આપવા આવવા લાગ્યા. પ્રભુએ તે સર્વનો નિષેધ કર્યો. તે જોઇને ગોખને વિષે રહેલા શ્રેયાંસકુમારને ફરી ફરી "મેં આવું રૂપ પૂર્વે ક્યાંય જોયેલું છે." એવો ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણે પોતાનો પાછલો ભવ દેખ્યો. એટલે તે ગોખથી નીચે ઉતરીને અંજલિ સહિત પ્રભુને પ્રણામ કરી આહારને અર્થે વિનંતી કરે છે. એવામાં કોઇક તે શ્રેયાંસકુમારને ઇક્ષુરસના ભરેલા સો ઘડા ભેટ આપવા આવ્યું. તેનેજ શ્રેયાંસકુમારે નિર્દોષ આહાર જાણી ભગવંતને કહ્યું. "હે પ્રભો! આ ઇક્ષુરસને ગ્રહણ કરો અને મને તારો." તે વખતે પ્રભુએ ઇક્ષુરસ ગ્રહણ કરવાને બન્ને હાથ મેળવ્યા. અહિં કવિ ઘટના કરે છે કે, "જમણા હસ્તને પોતાને સ્થાનેથી ન ચાલતો જોઇને પ્રભુએ કહ્યું. "હે દક્ષિણ કર! તું કેમ ભિક્ષા નથી લેતો?" તે સાંભળીને દક્ષિણ હસ્તે કહ્યું. "હું દાતાર હાથ છું; તે (ભિક્ષા લઇને) નીચો કેમ થઉં?" એમ કહીને ફરી ગર્વ કરી કહેવા લાગ્યો. "સાંભળો, હું સેવક છું; છતાં પ્રભુના ચરણના પ્રસાદથી યથાવિધિ આવી પ્રતિષ્ઠાને પામ્યો છું. જુઓ! ઇંદ્ર, ચંદ્ર અને નરેંદ્રોના પ્રત્યક્ષ દેખતાં મેંજ બાલ્યાવસ્થાને વિષે અંગુષ્ઠને અમૃત પાન કરાવ્યું છે. વળી વંશ સ્થાપન સમયે ઇંદ્રના હાથ થકી મેંજ ઇક્ષુ લઇને પ્રભુને દીધી છે. વળી કન્યાનું પાણિગ્રહણ પણ મેંજ કર્યું છે. મેંજ જનોને રાજ્ય ઉપર સ્થાપિત કર્યા છે. દેશાંતરીય વ્યાપારની ભાગ્યમુદ્રાનો ધારણહાર હુંજ છું. યુદ્ધમાં પણ હું; ભોજન આદિ દાનનો દેનાર પણ હું; વર્ષ પર્યંત મેંજ મહાદાન દઇને આખું જગત્‌ને સંતોષ્યા છે, એવો એવો જે હું, તે સ્વલ્પ ભોજનને અર્થે કદાપિ હેઠો નહિં થઉં. દાન લેવાને બીજાના હાથની હેઠળ નહિં રહું." દક્ષિણ કરે આમ કહ્યું, એટલે ડાબા હસ્તે કહ્યું. "અરે મૂર્ખ! તું શા માટે વૃથા પોતાની પ્રશંસા કરે છે? અન્ય જન જેની પ્રશંસા કરે, તે નિર્ગુણી છતાં ગુણી કહેવાય; પણ પોતે પોતાની મેળે પોતાના ગુણનું વર્ણન કરે, તો ઇંદ્ર પણ લઘુતા પામે. માટે વિજ્ઞજનો પોતાના ગુણનું વર્ણન કરતા નથી." આમ બન્ને વિવાદ કરવા લાગ્યા. એટલે શ્રેયાંસે કહ્યું. "કુલીન કે દક્ષ જનો એકાકી જનની ઉપેક્ષા કરતા નથી. પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે, એટલે તીર્થની સ્થાપનામાં વારો સમય તને જગતને [illegible] આપનારો થશે." એમ શ્રેયાંસે પ્રતિબોધ પમાડ્યા એટલે બન્ને હસ્તો તે હવે એકત્ર થયા, ને પ્રભુએ ઇક્ષુરસથી પારણું કર્યું.

તે વખતે દેવતાઓએ સાડાબાર કોટિ સોનૈયાની વૃષ્ટિ કરી. શ્રેયાંસ કુમારે મુનિઆહાર દાન ધર્મ ઉપદર્શન કર્યું. કહ્યું છે કે-એક તો આદિજિન જેવા સુપાત્ર, બીજું શ્રેયાંસ જેવા સુરૂચી ઉત્તમ દાન આપનારો અને ત્રીજું ઇક્ષુરસ જેવું નિરવદ્ય દાન; આ ત્રણેના સંબંધને એક રૂપે કહ્યા છે. વળી કહ્યું છે કે-હે પ્રભુ! જો તને માગ્યું આપતા હો તો, ઋષભદેવ સમાન પાત્ર, ઇક્ષુરસ સમાન નિરવદ્ય દાન અને શ્રેયાંસ સમાન ભાવ આપો. ઇતિ શ્રેયાંસકુમારની કથા.

## કૂરગડુ મુનિ.

[illegible] ક્રોધની [illegible] પણ નિત્ય [illegible] રાખનાર [illegible] કૂરગડુ સાધુની જે [illegible] કરે છે.

કોઇ ગચ્છને વિષે શ્રી ધર્મઘોષસૂરિ નામે આચાર્ય થઇ ગયા. અન્યદા તે પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા [illegible] નામના નગરને વિષે ગયા. ત્યાં અનેક ભવ્ય જીવોને [illegible] દેશના દીધી કે, "આઠ [illegible] અરિહંત ભગવંતની પૂજા, સામાયિક [illegible] આદિ [illegible] દાન [illegible] અને [illegible] કરે છે. વળી [illegible] પૂજા કરવી, નિરંતર [illegible]

સાંભળવો, નિરંતર સુપાત્રને દાન આપવું, શીળવ્રત પાળવું, શક્તિ પ્રમાણે તપ કરવો અને રૂડી ભાવના ભાવવી; આ પ્રકારનો પવિત્ર મોક્ષના માર્ગરૂપ શ્રાવકોનો ધર્મ જિનેશ્વરે કહ્યો છે." ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને ધનદત્ત શેઠીના લઘુવયના પુત્ર કૂરઘડે તેમની પાસે દીક્ષા લીધી. આ કૂરઘડ સાધુ સ્વભાવે ક્ષમાવંત હતો. કહ્યું છે કે-કોયલનું રૂપ તેનો મધુર સ્વર; સ્ત્રીનું રૂપ પતિવ્રતાપણું; કુરૂપ જનોનું રૂપ તેમની વિદ્યા અને સાધુને ક્ષમા એજ પોતાનું રૂપ છે.

હવે આચાર્ય બહુ પરિવાર સહિત શ્રીપુર નગરે ગયા ને ત્યાં ચોમાસુ રહ્યા. તેમના સાધુઓમાંના કેટલાએક એક માસના, કોઇએ બે માસના, ને કેટલાએક ચાર માસના ઉપવાસ કર્યા. કેટલાએક સ્વાધ્યાય-અધ્યયન કરવા લાગ્યા, તો કોઇ વૈયાવચ્ચ કરવામાં રોકાયા. આ સર્વ સાધુઓમાં કૂરઘડ સાધુ વિશેષે કરીને ક્ષમાવંત હતો. બાળક હોવાથી ક્ષુધાતુર પણ બહુ હતો, તેથી તે વારંવાર શ્રાવકોને ઘેર ભિક્ષા લેવા જતો. લોકો પણ કહેતા કે, "આ બાળ સાધુ કૂરઘડ, અન્ય સાધુઓની સારી રીતે વૈયાવચ્ચ કરે છે."

એકદા તેણે અભિગ્રહ પૂર્વક સાધુની વૈયાવચ્ચ કર્યા વિના સવારમાંજ પારણું કરવા માંડ્યું. તેવામાં એક માસના ઉપવાસી વ્યાધિગ્રસ્ત સાધુએ તેને કહ્યું. "અરે, પાપિષ્ઠ અધમ સાધુ! પોતાના અભિગ્રહના ભંજક, મેં ત્હારી પાસે બળખા નાંખવા માટે ભસ્મ (રક્ષા) સહિત ભાજન મંગાવ્યું, તે તેં આણી આપ્યું નહીં; ને પોતાના ઉદરને ભરવા બેઠો. ત્યારે તું સૌ પાસે પોતાને ક્ષમાવંત શાનો કહેવરાવે છે! માટે હવે ત્હારા ભોજનના પાત્રમાંજ હું બળખા આદિ નાંખીશ." બાળશિષ્ય બોલ્યો. "હું મુગ્ધ થઈ ભૂલી ગયો; તો હવે શું કરૂં! મ્હારૂં ભાગ્યજ હમણાં એવું છે." પછી તો પેલા વ્યાધિગ્રસ્ત કષ્ટવાળા સાધુએ ક્રોધ કરી આહાર કરતા બાળક સાધુના પાત્રમાંજ બળખો નાંખ્યો; પણ ઉપશમ ધર્મવાળો બાળ શિષ્ય એથી સામો ક્રોધ નહિં કરતાં, હર્ષવંત થઇ પોતાના આત્માની નિંદા કરતાં છતાં કહેવા લાગ્યો. "મ્હારૂં મ્હોટું ભાગ્ય કે, આવા ચારિત્રપાત્ર સાધુએ મ્હારા ભોજનના પાત્રમાં બળખો નાંખ્યો! પછી જાણે દૂધના પાત્રમાં સાકર ભળી હોયની! તેમ તે બળખાને ભેળવતો બાળસાધુ તે ભક્ષણ કરતો કરતો ચિંતવવા લાગ્યો. "અહો! આ સાધુ મહા તપશ્ચર્યા કરનારા હોવાથી ચારિત્રના પાત્ર છે, પણ અભાગ્યવાન એવો હું તો, એક કીડાની પેઠે ક્ષણ વાર પણ અન્ન વિના રહેવાને અસમર્થવાન છું." આમ પોતાના આત્માને નિંદતા અને પેલા સાધુના ગુણને ગ્રહણ કરતા એવા તેણે પોતાનાં બહુ કાળનાં ઉપાર્જન કરેલાં કર્મને ક્ષમારૂપી કુહાડી વડે વૃક્ષના સમૂહની પેઠે છેદી નાંખ્યાં અને તેને કર્મ ક્ષીણ થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે શાસનદેવીએ અને દેવતાઓએ આવીને તેમને વંદન કરીને તેમનો કેવળ મહોત્સવ કર્યો. ઇતિ કૂરઘડ મુનિની કથા.

## શય્યંભવસૂરિ.

કેટલાએક પ્રાણીને શય્યંભવ વિપ્રની પેઠે જિનેંદ્રની પ્રતિમાના દર્શનથી સ્વર્ગનાં સુખ પ્રાપ્ત થાય છે.

એકદા શ્રી પ્રભવસૂરિએ, "હવે પછી ગચ્છને વિષે મ્હારી પાટ કોણ ધારણ કરશે ?" એમ વિચારી, ઉપયોગ દઇને જોયું તો પોતાના ગચ્છને વિષે કોઇ યોગ્ય પુરુષ ન જોયો, પણ રાજગૃહ નગરમાં યજ્ઞ કરતા એવા શય્યંભવ નામના બ્રાહ્મણને પોતાની પાટને યોગ્ય જોયો. તેથી તે આચાર્ય તે વિપ્રને ગામ આવ્યા. ત્યાં તે શય્યંભવ વિપ્રે યજ્ઞ આરંભ્યો હતો. તેની પાસે પોતાના બે શિષ્યોને શીખવીને મોકલ્યા. તેમણે તેની પાસે જઇને કહ્યું. "તમે કષ્ટ

કરો છો, પણ તત્વ જાણતા નથી." એમ કહીને બન્ને પાછા વળ્યા. એટલે બ્રાહ્મણે વિચાર્યું. "આ શાંત અને દાંત મુનિઓ કદાપિ અસત્ય બોલતા નથી, માટે એ તત્વ શું કહે છે? તે પૂછી જોઉં." એમ વિચારી સંભ્રમથી ઉભા થઈ તેણે તે બે મુનિઓને તત્વ વિષે પૂછયું. ત્યારે તેમણે કહ્યું. "અમારા ગુરુ વનને વિષે છે તે કહેશે." એટલે શય્યંભવ વિપ્રે એ બન્ને સાધુઓ સહિત વનમાં શ્રી પ્રભવસ્વામી પાસે આવીને એ તત્વ વિષે પૂછયું. ગુરુએ કહ્યું. "તમે યજ્ઞ આરંભ્યો છે, તેના સ્તંભની નીચે જે છે તે તત્વ છે." પછી દ્વિજે ઘેર આવીને બ્રાહ્મણોને પૂછયું. "યજ્ઞનું તત્વ શું છે?" બ્રાહ્મણોએ કહ્યું. "યજ્ઞ એજ તત્વ." આવા ઉત્તરથી ક્રોધ પામી ખડ્ગ ઉગામીને બ્રાહ્મણોને મરણ ભય બતાવીને તત્વ વિષે ખરેખર પૂછયું,–ત્યારેજ તે બ્રાહ્મણોએ યજ્ઞસ્તંભની નીચે રહેલી શ્રી શાંતિનાથની પ્રતિમાને બતાવી. તે જોઈ ચમત્કાર પામી શય્યંભવે ગુરુ પાસે જઇ ધર્મતત્વ પૂછયું; ત્યારે ગુરુએ સાધુ અને શ્રાવકના ધર્મ ઉપર વ્યાખ્યાન કર્યું; મિથ્યાત્વ, કુગુરુ-કુધર્મ-કુદેવ આદિનું સ્વરૂપ પણ બતાવ્યું. તે ઉપરથી પોતાનું સર્વ ધન સાતક્ષેત્રને વિષે વાપરી પોતાની સગર્ભા એવી પણ સ્ત્રીને ત્યજીને ગુરુ પાસે વ્રત અંગીકાર કર્યું. પછી સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો એટલે તેમને પ્રભવસૂરિએ પોતાની પાટે સ્થાપ્યા. ઇતિ શય્યંભવસૂરિની કથા.

## મેઘકુમાર.

જે પ્રાણી એક પણ જીવનું સ્પષ્ટપણે રક્ષણ કરે, તે પ્રાણી મેઘકુમારની પેઠે સ્વર્ગ અને મોક્ષાદિ સુખને પામે છે.

રાજગૃહ નગરના સ્વામી શ્રેણિક નૃપતિને ધારિણી નામની પત્નીથી મેઘકુમાર નામે પુત્ર થયો. અનુક્રમે યૌવનાવસ્થાને વિષે તેને રાજાએ આઠ ભૂપ પુત્રીઓના પાણિગ્રહણ કરાવ્યાં. એકદા નગરની બહાર આવી સમવસરેલા શ્રી વીરસ્વામીને વંદન કરવાને ગયેલા મેઘકુમારે, ધર્મ સાંભળી વૈરાગ્ય વાસિત થઈ આઠે પ્રિયાઓને ત્યજીને સંયમ ગ્રહણ કર્યો. પછી શ્રી વીર પ્રભુએ તેને ગ્રહણ-આસેવના પ્રમુખ શિક્ષા શિખવવાને અર્થે સ્થવિર સાધુને સોંપ્યો. તે સ્થવિર ત્યાંથી અન્ય ગામે જઈ રાત્રી રહ્યા. મેઘકુમારનો સંથારો બારણા પાસે આવ્યો; એટલે જતા આવતા સર્વ સાધુઓના પગ તેને લાગવા માંડ્યા. તેથી ખેદ પામીને તે બોલ્યો. "પૂર્વે તો આ સર્વ સાધુઓ આ મ્હારા ઉપર આદરભાવ રાખતા; ને હમણાં તો તેઓ મને પાપાત્ જેવો ગણે છે. કયાં મ્હારો પૂર્વનો સુખવાસ અને કયાં મ્હારો આ દુઃખવાસ? તેથી એ મ્હારાથી કેવી રીતે સહન થઇ શકશે? માટે હવે તો હું પ્રભાતે પ્રભુની આજ્ઞા લઇને ફરી ગૃહસ્થાવાસમાં જઇશ."

પછી પ્રભાતે સૂર્યોદય થયે પેલા સ્થવિર સાધુ મેઘકુમારને સાથે લઇને શ્રી વીર પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુ તો મેઘકુમારનો મનોગત ભાવ જાણતા હતા, તેથી બોલ્યા. "ચક્રવર્તીની ઋદ્ધિ છાંડીને દાસપણું કોણ અંગીકાર કરે? વળી રત્નનો સમૂહ ત્યજીને પાષાણના ખંડની કોણ વાંછા કરે? નારકીનાં દુઃખ પણ કાળે કરીને ક્ષય પામે છે; તો મનુષ્યનાં દુઃખ ક્ષય પામે તેમાં શું આશ્ચર્ય? માટે ત્હારે આ દુઃખ મનમાં લાવવું નહી. જીવિતવ્ય જળના બિંદુ જેવું છે; સંપત્તિ જળ તરંગના જેવી ચંચળ છે અને આ કુટુંબાદિનો પ્રેમ સ્વપ્ન સરખો છે; એમ જાણીને મનમાં જેમ યોગ્ય લાગે તેમ કરો. વળી અગ્નિમાં પ્રવેશ કરવો એ સારૂં, વિશુદ્ધ કર્મે અનશન કરીને મૃત્યુ પામવું તે પણ સારૂં, પરંતુ વ્રત ગ્રહણ કરીને તેનો ભંગ કરવો કે શીળવ્રતનો ભંગ કરવો તે સારો નહી. વળી સાંભળ, સોનાને અગ્નિમાં તપાવીને પ્રાણીના

શરીરમાં વીંધીએ, તેથી એ પ્રાણીને જેટલું દુઃખ થાય છે, તેથી આઠગણું દુઃખ ગર્ભને વિષે કહ્યું છે. (તો તેની પાસે આ દુઃખ કેણ માત્ર છે!) હે મેઘકુમાર! તને રાત્રીએ સાધુઓથી બહુ પીડા ઉત્પન્ન થઈ હતી પણ ત્હારો પૂર્વભવ તું શ્રવણ કર. પછી તને રુચે તેમ કરજે.

આ ભવથી ત્રીજે ભવે તું વૈતાઢ્ય પર્વતને વિષે છ દંતૂશળ યુક્ત અને હજાર હાથણીઓના પરિવારવાળો, ઉજ્વળ વર્ણનો સુમેરુપ્રભ નામનો હસ્તી હતો. એકદા દાવાનળને લીધે તૃષાથી પીડાતો છતો સર્વ હાથણીઓને મૂકી તું અહિં તહિં ફરતો ફરતો એક સરોવર જોઇ તેમાં જળ પીવા ગયો. પણ ત્યાં જળ તો મળ્યું નહી, પરંતુ ઉલટો તું કાદવમાં ખુચી ગયો. એટલે ત્યાં તને ત્હારા વૈરી હસ્તીઓએ બહુ પીડા પમાડી; તેથી તેની પીડાથી સાતમે દિવસે મૃત્યુ પામી એકસો વીશ વર્ષનું આયુષ્ય ભોગવી ફરી વિંધ્યાચળની ભૂમિને વિષે ચાર દંતૂશળવાળો અને સાતસો હાથણીના પરિવારે યુક્ત તું મેરુપ્રભ નામે હસ્તી થયો. એ ભવમાં પણ દાવાનળ જોઈ તને જાતિસ્મરણ જ્ઞાન થયું. તને પૂર્વભવ સ્મરણમાં આવ્યો એ ઉપરથી વર્ષાને અંતે વેલા-વૃક્ષ પ્રમુખના ઢગલાને સમૂળ ઉન્મૂલન કરીને દૂર ફેંકી દઇ પોતાના પરિવારને માટે તેં એક યોજન માત્ર જગ્યા શુદ્ધ કરી. એકદા બળવત્તમાન દાવાનળને જોઇને, ભય પામી ત્હારું યુથાસન મૂકી દઇને તેમજ ત્હારો હાથણીઓનો પરિવાર પણ છોડી દઇને તું તેં પોતે બનાવેલી પેલી યોજનવિસ્તારવાળી જગ્યાના મંડળમાં ગયો. તે સઘળી જગ્યા બળતાં જાનવરોએ રોકી લીધી હતી, ત્યાં તું પણ રહ્યો. એકદા તેં ત્હારું શરીર ખજવાળવા માટે એક પગ ઉંચો કર્યો. તેવામાં પાસેથી એકાદ સસલું આવીને તે ઉંચા કરેલા પગની નીચેની જગ્યામાં આવીને બેસી ગયું. તું ખજવાળી રહીને જેવો પગ મૂકવા જતો હતો, તેવામાં તેં તે જગ્યાએ સસલું જોયું. તેથી તેં પ્રાણી ઉપર દયા લાવી ત્હારો પગ ઉંચો ને ઉંચો રાખ્યો. બે દિવસ પછી દાવાનળ શાંત થયો, ત્યારે બીજાં જાનવરોની સાથે પેલું સસલું પણ અન્યત્ર જતું રહ્યું. એટલે તું ત્હારો પગ નીચે મૂકવા ગયો કે, તુરતજ પર્વતના શિખરની પેઠે પડી ગયો. તે વખતે જીવદયાના ધ્યાનમાં ને ધ્યાનમાં તું મૃત્યુ પામ્યો; એજ તું આ મેઘકુમારપણે ઉત્પન્ન થયો. માટે (પ્રભુ કહે છે કે) હે મેઘકુમાર! તેં તે વખતે દયા પાળી હતી તો હવે શું વિચાર કરે છે!"

એ સાંભળી મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું ને પ્રભુને ખમાવીને પોતાના આત્માની નિંદા કરતો તે બોલ્યો. "હે ભગવન્! ધિક્કાર છે મને! કે, મેં જગત્‌ને વંદનીક એવા સાધુઓની ઉપર દ્વેષ ચિંતવ્યો! હવે પછી હું મ્હારાં નેત્ર શિવાય બીજા અંગોની ચિંતા નહિં કરૂં." બી વાર પ્રભુના ઉપદેશથી આમ સ્થિરતા પામી મેઘકુમાર ચિરકાળ પર્યંત દીક્ષા પાળી વિજય વિમાને દેવતા થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રને વિષે મુક્તિ પામશે.

મૂળ ગાથા

**एमाइ महासत्ता, दिंतुसुहं गुणगणेहिं संजुत्ता ॥**
**जेसिं नामग्गहणे, पवपबंधा विलयजंति ॥७॥**

ઇત્યાદિ (સ્કંદક કુમાર, સ્કંદકાચાર્ય, હરિકેશીબળ મુનિ, ધનદેવ ધનમિત્ર, ઉત્તમચરિત્ર કુમાર, ક્ષેમંકર મુનિ, ક્ષુલ્લક મુનિ, બીજા ક્ષુલ્લક મુનિ અને સુલોચના, કૃપણ, તેમજ - આષાઢભૂતિ) જ્ઞાનાદિક ગુણોએ યુક્ત એવા મહા સત્વવંત મુનિઓ શિવસુખ પ્રત્યે આપો. કારણ કે, જેમનાં નામ ગ્રહણ કરવાથી પાપના સમૂહો નાશ પામે છે. એ પ્રકારે સ્કંદક કુમાર

હવે ત્યાંના ઇર્ષ્યાળુ એવા પાલક મંત્રીએ સ્કંદકાચાર્યને આવેલા સાંભળી તેમને પરિવાર સહિત મારવાનો વિચાર કરી તેજ ઉદ્યાનમાં ગુપ્ત રીતે પોતાના સેવકો પાસે આયુધો દટાવ્યાં. એવામાં કુંભકાર ભૂપતિ પરિવાર સહિત તેમને વંદન કરવા આવ્યો. ગુરુએ ધર્મદેશના આપી એટલે તે ધર્મને અંગીકાર કરી પાછો પોતાના નગર પ્રત્યે ગયો. એક દિવસ પાલક મંત્રીએ રાજાની પાસે જઇને છાની રીતે કહ્યું કે, "હે રાજન્! મેં કાંઇ પણ અણદીઠેલું એક અકૃત્ય સાંભળ્યું છે. જે આપને કહેવાને પણ હું સમર્થ નથી." રાજાએ કહ્યું. "એવું શું અકૃત્ય છે?" પાલક મંત્રીએ કહ્યું. "આ સ્કંદક મુનિની સાથે આવેલા જે સાધુઓ છે, તે સર્વે યોદ્ધાઓ છે અને આ આચાર્ય મહાયોદ્ધો છે; તે તમને મારીને રાજ્ય લઇ લેશે. વળી તે આચાર્યે ઘણાં શસ્ત્રો ઉદ્યાનની ભૂમિ મધ્યેજ દાટેલાં છે. તેઓ સર્વે સાધુના વેષનો દંભ કરીને આવ્યા છે. માટે તેઓનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. જો આપને તે જોવાની ઇચ્છા હોય તો ઉદ્યાનની અમુક ભૂમિને વિષે તપાસ કરવો." પછી રાજા ગુપ્ત રીતે ઉદ્યાનમાં જઇ દાટેલાં શસ્ત્રો જોઇ અત્યંત ક્રોધ પામતો છતો મંત્રી પ્રત્યે કહેવા લાગ્યો. "હે મંત્રી! સારૂં થયું કે તમે એ વાત જાણી! હવે જેમ તમને રુચે તેમ કરો." પછી પાલક મંત્રી તે સર્વ સાધુઓને દંડકારણ્યમાં લઇ જઇ એક ગુપ્ત રાખેલી ઘાણીમાં નાંખીને બોલ્યો. "તમોએ મને સભામાં ખોટો પાડ્યો હતો, તેનું હમણાં આ ફળરૂપ મૃત્યુ જુઓ." તે વખતે આચાર્યે સર્વે સાધુઓને આરાધના કરાવી. સાધુઓ જેમ જેમ પીલાતા ગયા, તેમ તેમ તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પ્રત્યે પામ્યા. આ પ્રકારે ચારસોને નવાણું સાધુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ પામે છતે છેવટ એક બાળમુનિ રહ્યા. તેમને પણ ઘાણીમાં નાંખવાને પાલક મંત્રીએ ત્યાં આણ્યા. એટલે સ્કંદકાચાર્યે કહ્યું. "હે મંત્રીન્! પ્રથમ મને ઘાણીમાં નાંખીને પીલ. પછી આ બાળમુનિને જેમ તેં ધાર્યું હોય તેમ કરજે. કારણ કે, મ્હારે તેને વિષે ઘણો મોહ છે." આચાર્યે આ પ્રમાણે કહ્યા છતાં પણ તે પાલક મંત્રીએ તો હઠથી તે બાળમુનિનેજ ઘાણીમાં નાખ્યો! એટલે આચાર્યે તે બાળમુનિને એવી આરાધના કરાવી કે, જેથી તે બાળમુનિ ક્ષણ માત્રમાં મુક્તિપદ પામ્યો. પછી મંત્રીએ, જેમને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો છે એવા સ્કંદકાચાર્યને ઘાણીમાં નાંખ્યા. તે સમયે તેમણે એવું નિયાણું કર્યું કે, "હું આ રાજાનો સર્વ પ્રકારે વધ કરનારો થઉં." પછી તે આચાર્ય મૃત્યુ પામીને અગ્નિકુમાર નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયા. તેવામાં એક સમળી તે સ્કંદક મુનિના રજોહરણને ઝડપી લઈ આકાશમાં ઉડી ગઈ; પરંતુ તે સમળીના મુખમાંથી રજોહરણ અકસ્માત્ પુરંદરયશા બ્હેનના ઘર ઉપર પડ્યું. બ્હેન પુરંદરયશાએ રુધિરથી ખરડાયલા પોતાના ભાઇના રજોહરણને ઓળખ્યું, તેથી તે પોતાના હૃદયને તાડન કરતી અને અત્યંત રુદન કરતી છતી રાજા પ્રત્યે કહેવા લાગી. "અરે પતે! તમે આ શું કર્યું? રજોહરણ તો મ્હારા ભાઇનુંજ દેખાય છે. કયા પાપીએ તે યતિને હણ્યા? તમારા સંકેત વિના કોઇ પણ તેમને મારી નાંખવાને સમર્થ નથી." આ પ્રકારે રુદન કરતી પુરંદરયશા આત્માને હણવા માટે પોતાના મસ્તકને ભૂમિ ઉપર પછાડવા લાગી. આ અવસરે સ્કંદક મુનિ કે જે અગ્નિકુમાર નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયા હતા, તેમણે અવધિજ્ઞાનથી પોતાના શિષ્યોને મુક્તિગામી (મુક્તિ પામેલા) જોઇને અને પાલક મંત્રીએ કરેલા ઉપસર્ગને જાણીને પોતાની બ્હેન પુરંદરયશાને બીજે સ્થાનકે મૂકી. પછી તેમણે, કુંભકાર રાજા અને પાલક મંત્રી સહિત તે સર્વ દેશને વિષે સંવર્તક વાયુને વિકુર્વી અગ્નિ લગાડ્યો. તેથી તે સર્વ દેશ બળીને ભસ્મરૂપ થયો. તે દિવસથી આરંભીને તે દેશનું દંડકારણ્ય એવું નામ પડ્યું. પછી તે દેવતાએ પોતાની બ્હેન પુરંદરયશાને શ્રી મુનિસુવ્રતસ્વામીની પાસે પહોંચાડી. ત્યાં જિનેશ્વર પ્રભુએ કહ્યું. "હે પુરંદરયશા! ત્હારે શોક કરવો નહિં. કારણ કે, આ સંસા

રમાં કોઈ કોઇનું નથી." એમ કહીને તેમણે એક વૈરાગ્યની કથા કહી. તે ઉપરથી પુરંદરયશાએ વ્રત ગ્રહણ કર્યું. પછી ઉગ્ર તપ કરીને તે સ્વર્ગે ગઈ. ત્યાંથી તે મુક્તિ પામશે. સ્કંદકાચાર્યનો જીવ અગ્નિકુમાર દેવતા પણ જિનેશ્વર પ્રભુનાં વચન સાંભળીને શાંત મનવાળો થયો.

---

## હરિકેશિબળ મુનિ.

નીચ વંશમાં જન્મેલ પ્રાણી પણ જો અરિહંત ભાષિત ધર્મ આદરે, તો હરિકેશિબળ મુનિની પેઠે મોક્ષનાં સુખ પ્રાપ્ત કરે.

મથુરા નગરીના શંખ ભૂપતિએ કામભોગની ઇચ્છા નિર્વાણ (ક્ષય) પામવાથી, રાજ્ય ત્યજીને વ્રત લીધું. અનુક્રમે ગીતાર્થ થઇ વિહાર કરતાં કરતાં તે ગજપુરે ગયો. ત્યાં ગોચરીએ નીકળ્યો, પણ માર્ગથી અજાણ હોવાથી તેણે ગોખમાં બેઠેલા સોમદેવ પુરોહિતને માર્ગ પૂછ્યો. દુષ્ટ પુરોહિતે કૌતુકથી અગ્નિમય માર્ગ દેખાડ્યો. સરળ સ્વભાવી સાધુ તેજ માર્ગે ચાલ્યા. એટલે તેમની તપશ્ચર્યાના પ્રભાવથી માર્ગ શીતળ થયો. તે માર્ગેથી તેઓ ગયા. સાધુને ઇર્યાસમિતિ શોધતાં, તેમનાજ તપ પ્રભાવથી શીતળ થયેલા માર્ગે જતાં જોઇને સોમદેવે વિચાર્યું. "અહો ધિક્કાર છે જાતિમદ કરનાર મને! કે, આ સરળ સ્વભાવી સાધુને મેં પ્રતિકૂળ માર્ગ બતાવ્યો! એ સાધુઓ સત્યશીળ છે, નમન કરવા યોગ્ય છે, ને શ્રુતના પારગામી છે." એમ વિચારી સોમદેવ તેમની પાસે ગયો, ને તેણે ધર્મોપદેશ શ્રવણ કરીને વ્રત ગ્રહણ કર્યાં. પછી ગ્રહણા અને આસેવનારૂપ શિક્ષા અને વિનય પૂર્વક શાસ્ત્રનો પારગામી તે જરા પણ જાતિમદ કર્યા વિના સંયમ પાળવા લાગ્યો. ભાવનાથી પવિત્ર આશયવાળો તે આયુષ્ય ક્ષય થયે સમ્યક્ આરાધના પૂર્વક મૃત્યુ પામી દેવલોકને વિષે મહાદ્યુતિમાન્ દેવતા થયો. ત્યાંથી અનુક્રમે ચ્યવીને તે નીચગોત્ર કર્મના ઉદયથી ગંગા તટે બળકોટ નામના ચંડાળનો હરિકેશિબળ નામનો પુત્ર થયો. પુત્રનો જન્મ થયો એટલે બળકોટ પિતા અને તેની સ્ત્રી ગૌરી બહુ હર્ષ પામ્યાં. આ હરિકેશિ સર્વ જનોને બહુ ઉદ્વેગકર્તા થયો. એકદા તે પોતાના બંધુઓ સાથે ક્રીડા કરતો હતો, તેવામાં પરસ્પર કળહ થયો, તેથી વૃદ્ધ પુરુષે તેને કાઢી મૂક્યો. એવામાં ત્યાં એક સર્પ અને અળશિયું નીકળ્યું. લોકોએ સર્પને વિષમય જાણીને હણ્યો અને અળશિયાને નિર્વિષ જાણીને જવા દીધું. આ બનાવ જોઇને હરિકેશિ ચિંતવવા લાગ્યો. "પ્રાણીઓને પોતાનાજ ગુણ દોષથી સુખ દુઃખ આવી પડે છે. માટે હવે હું દોષને ત્યજીને ગુણનો પ્રકાશક થઉં. કહ્યું છે કે-જેમ દોષવડે કરીને દુષ્ટ પુરુષ દુઃખી થાય છે તેમ ગુણવડે કરીને પુન્યવંત જીવ સુખી થાય છે. વળી વનમાં ઉત્પન્ન થયેલું પુષ્પ જેમ ગ્રહણ કરાય છે અને અંગનો મેલ ત્યાગ કરાય છે, તેમ પ્રાણીઓને પોતાના ગુણો સંપત્તિને અર્થે અને દોષો વિપત્તિને અર્થે થાય છે."

આ પ્રમાણે ભાવના ભાવતાં સાધુ પાસેથી ધર્મ સાંભળીને હરિકેશિએ દીક્ષા લીધી. પછી અનુક્રમે તપશ્ચર્યા કરવાથી જેનું શરીર દુર્બળ થઇ ગયું છે, એવો તે વાણારશી નગરીમાં ગયો. ત્યાં તિંદુક નામના ઉદ્યાનમાં રહીને તે ઉગ્ર તપ કરવા લાગ્યો. તે ઉપરથી તિંદુક નામે યક્ષ તેના તપથી ખેંચાઇને અહો રાત્રી તેની સેવા કરવા લાગ્યો. એકદા તે યક્ષના મિત્ર એક બીજા યક્ષે આવીને પૂછ્યું. "હે મિત્ર! તું હમણાં કેમ ક્યાંય દેખાતો નથી!" તેણે ઉત્તર આપ્યો. હું આ મુનિની સેવા કરું છું." ત્યારે બીજા યક્ષે કહ્યું. "મ્હારા ઉદ્યાનમાં પણ તાપસો રહે છે." પહેલાએ કહ્યું. "એ આવા ન હોય." એમ કહી બન્ને ત્યાં તેમને

જોવા ગયા, તો તેઓને વિકથામાં પડેલા જોયા. એટલે બન્ને યક્ષો આ હરિકેશિબળ સાધુના અત્યંત ભક્ત થયા.

એકદા તે ઉદ્યાનમાં ત્યાંના રાજા કૌશલની પુત્રી ભદ્રા ક્રીડા કરવાને આવી. આવીને તેણીએ યક્ષના મંદિરમાં યક્ષની પૂજા કરી. તેવામાં તેણે કુરૂપ અને કુવસ્ત્રવાળા સાધુને દેખીને તેના તરફ થુંકી, મુખમરડી, નેત્ર મટકાવવા વિગેરે નિંદા કરી મંદિર બહાર નીકળીને બોલી. "જુઓ, આ મળમૂત્રનો પર્વત! ખરેખર દર્શન કરવા યોગ્ય છે!!" આવી રીતે સાધુની નિંદા કરતી જોઇ પેલો યક્ષ કોપાયમાન થયો; ને તેણીના (ભદ્રાના) શરીરમાં તેણે પ્રવેશ કરી તેણીને પરવશ બનાવી ઘેલી કરી મૂકી. એટલે તે કુમરી ગમે તેમ (ગાંડું ઘેલું) બોલવા લાગી. રાજાએ તેણીને ઘેર આણી વૈદ્ય, મંત્ર તંત્રના જાણ વિગેરે પુરૂષો પાસે ઉપચાર કરાવ્યો, પણ સર્વે ક્રિયા ખારમાં વાવેલા બીજની પેઠે નિષ્ફળ થવા લાગી. વૈદ્ય વિલખા થયા; મંત્રવાળાના મંત્ર જતા રહ્યા. ત્યારે યક્ષે પોતે ત્યાં આવીને કહ્યું. "તપોરાશી અને મહાત્મા એવા મમતા રહિત સાધુની આ કન્યાએ બહુજ નિંદા કરી છે, તો તે એણીને હવે કેમ છોડશે! જો તું આ કન્યા એ સાધુને પરણાવે, તો હું એણીને જીવતી મૂકીશ; નહિંતર નહિં." રાજાએ વિચાર્યું. "એણીને પરણાવતાંએ જો એ જીવતી રહેતી હોય તો સારૂં." એમ કરી વનમાં જઇ તે મલીન શરીરવાળા યતિ વેરે તેણીને પરણાવી. પછી તેણીને ત્યાં મુકીને રાજા તો ગયો. પાછળ રાત્રીએ યક્ષે બહુ બહુ વિડંબના કરીને તેણીને કહ્યું. "હવે તું ત્હારે ઘેર જા; તેં મુનિની અવહેલના કરી, તેનું ફળ તને મળી ચુક્યું છે. જો હવે ફરીથી એવું કરીશ તો નિશ્ચે મૃત્યુ પામીશ." પેલી કન્યા તો યતિ પાસે જઇ તેના ચરણ પાસે મસ્તક નમાવી પોતાના આત્માની નિંદા કરવા લાગી; કારણ કે, હવે યક્ષે તેને ગાંડપણમાંથી મુક્ત કરી હતી. સ્ત્રીનો સ્પર્શ થયો જાણીને યતિએ કહ્યું. "અરે! તું કેમ મ્હારી પાસે આવી છે? હું તો યતિ છું; અમે તો સર્વે સ્ત્રીનો સંબંધ તૃણની પેઠે ત્યજી દીધો છે; અમે તો સિદ્ધિરૂપી સ્ત્રીના સંગમની ઇચ્છાવાળા છીએ. ત્હારા જેવી દુર્ગંધથી ભરેલી અને અપવિત્ર સ્ત્રીના અમે વાંછક નથી." ભદ્રાએ કહ્યું. "તમે પોતેજ મને બળાત્કારે અંગીકાર કરી છે, એટલે હું તમને વરેલી છું; તો હવે તમે કેમ આમ બોલો છો? હે કરૂણા સાગર! તમે તો ઉત્તમ છો; તમે એમ કરશો તો મ્હારૂં શું થશે?" યતિએ કહ્યું. "તને કોઇએ છેતરી જણાય છે; અથવા ત્હારા શરીરમાં ભૂત ભરાયું છે; સ્ત્રી સંગાથે ભોગની વાત તો કોરે રહી; પણ વાતો સુદ્ધાં અમે તેણીની સાથે કરતા નથી; કારણ કે, તેણીનામાં હજારો દોષો છે. કહ્યું છે કે-સ્ત્રી એ તો સર્વ દોષોનું આવર્ત (નીચ સ્થાનક) છે, અવિનયનું ઘર છે, સાહસોનું નગર છે, દોષોનો ભંડાર છે, સેંકડો કપટનું સ્થાનક અને અવિશ્વાસનું ક્ષેત્ર છે; માટે ઉત્તમ પુરૂષોએ એ ગ્રહણ કરવા યોગ્ય નથી; જ્યાં આવી માયાના કરંડ (કંડીઆ)રૂપી અને વિષમય તેમજ અમૃતમય એવી સ્ત્રીને ધર્મનો નાશ કરવાને કોણે સરજી હશે? વળી અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભ, નિઃસ્નેહ અને નિર્દયપણું એવા એવા તો સ્ત્રીઓના સ્વભાવિક દોષો છે. તો એવી સ્ત્રીને કોણ અંગીકાર કરે?" તે સાંભળી મંદ નેત્રવાળી ભદ્રાએ તો વિલખી થઇને પિતા પાસે આવીને સર્વ વૃત્તાંત કહ્યો. તે ઉપરથી રાજાએ પોતાના મંત્રી-સામંત-પુરોહિત પ્રમુખ સર્વેની સમક્ષ કહ્યું. "આ મ્હારી પુત્રીને કોઇ યક્ષે અથવા એવા કોઇ બીજાએ મુનિવરની વેરે પરણાવવાનું કહ્યું. તે પરણાવ્યા પછી એણીની બહુ વિડંબના કરી છે, પણ તે સાધુ તો એણીને મનથી પણ ઇચ્છતો નથી; તો હવે મ્હારે એ કન્યા કોને દેવી?" તે સાંભળી કોઇએ કહ્યું. "હે નૃપતિ! એણીને આપણે ઋષિને આપેલી હતી, માટે એ ઋષિ

પત્ની થઈ તો હવે તેણીને કોઈ વિપ્રને દેવી જોઈએ." તે ઉપરથી રાજાએ તેને રુદ્રદેવ બ્રાહ્મણ વેરે બહુ ધનદાન સહિત પરણાવી. રુદ્રદેવ પણ રાજકન્યા પ્રાપ્ત થવાથી સ્વર્ગને હસ્તને વિષે રહેલ માનવા લાગ્યો. પછી એણે યજ્ઞ આરંભ્યો.

હવે પેલા હરિકેશિ સાધુએ સ્ત્રી સંગથી લાગેલા પાપનું પ્રાયશ્ચિત કર્યું, તેમાં એક માસના ઉપવાસ કર્યા. તે માસખમણને પારણે શુદ્ધ આહારની ગવેષણા કરતા કરતા પેલો યજ્ઞ થતો હતો, ત્યાં આવી ચડ્યા. તેમને યજ્ઞની જગ્યામાં પ્રવેશ કરતા જોઈને વિપ્રો પોતાની જાતિના મદથી ઉદ્ધત થઈને બોલવા લાગ્યા. "હે દુરાચારી ! પાપી, મુનિ ચાંડાળ, તું અમારા પવિત્ર યજ્ઞના પાત્રોને વટલાવવાને ક્યાંથી આવ્યો ?" એમ કહી સર્વ દ્વિજોએ કિલકિલાટ શબ્દ કરી મૂક્યો." તે વખતે ઋષિપત્ની ભદ્રા આવીને કહેવા લાગી. અરે બ્રાહ્મણો ! મ્હારા પિતાએ મને આ સાધુને આપી હતી, પણ એણે તો મને વિના ભોગવ્યે ત્યજી દીધી છે. એવા એ સાધુનો જો તમે પરાભવ કરશો, તો તમને મર્વને એ હણશે. માટે તમે સર્વે બ્રાહ્મણો એને પગે લાગીને ક્ષમા માગો; નહિ તો તમારૂં મૃત્યુ થશે." ભદ્રાનાં આવાં વચનોથી અગ્નિમાં ઘી હોમાયું હોય તેમ ક્રોધથી જ્વળતા વિપ્ર કહેવા લાગ્યા. "અરે રંડા ! તું અહિંથી જા; તેણે અમારો યજ્ઞ વટલાવ્યો છે તેથી અમે તેને હણવાનાજ. તું દૂર રહે; નહિં તો ત્હારી પણ એજ વલે કરીશું." એમ કહી બ્રાહ્મણો સાધુને હણવા લાગ્યા, ત્યારે સાધુના દેહમાં યક્ષ પ્રવેશ કરીને બોલ્યો. "હે બ્રાહ્મણો ! મને ભિક્ષા આપો; નહિં તો તમારૂં મૃત્યુ થયું જાણજો. તમે દુરાચારી બ્રાહ્મણો યજ્ઞને બ્હાને તમારા ઉદરપૂરણાર્થે જીવો છો. મેં હિંસા વરજી છે; વળી હું અસત્ય, ચોરી, પરિગ્રહથી નિવૃત્ત છું અને બ્રહ્મચારી છું. માટે મને ધર્મને અર્થે ભિક્ષા આપો." બ્રાહ્મણોએ કહ્યું. "આ સર્વ અન્ન જાતિમાન્ ઉત્તમ એવા બ્રાહ્મણોને અર્થે તૈયાર કરેલું છે; શુદ્રને આપવાનું નથી; માટે ત્હારે એ ગ્રહણ કરવાની વૃથા ઇચ્છા કરવી નહીં." મુનિએ કહ્યું. "હિંસાદિ આશ્રવ સેવનારા એવા તમે કંઠને વિષે સૂત્ર ધારણ કર્યું છે માટે બ્રાહ્મણ થયા ન સમજો. અગ્નિમાં હોમેલું સર્વ ભસ્મ થાય છે; બ્રાહ્મણમાં હોમેલું ભસ્મ પણ થતું નથી; એ ન્યાયે કરીને ભસ્મને વિષે હોમેલું સર્વ ભસ્મ થાય છે. જન્મથી બ્રાહ્મણ અને ચાંડાળની વચ્ચે કંઈ અંતર નથી; બ્રાહ્મણપણું કર્મથી કહ્યું છે; માટે તપોધનોએ એ ઉપાર્જન કરવું; કર્મથી દિવ્ય સંપત્તિ મળે છે અને કર્મથીજ નરક ગતિ મળે છે; જાતિથી કદિ પણ માણસની સદ્‌ગતિ નથી. શુદ્ર પણ જો સત્કર્મમાં તત્પર હોય તો તે ત્રણે લોકોમાં પૂજાય છે અને અકાર્યનાં રક્ત એવો બ્રાહ્મણ નિંદાનું પાત્ર થાય છે. વળી જે મૂઢ જનો મૃત્યુ પામેલાની પાછળ તૃપ્તિને અર્થે શ્રાદ્ધ કરે છે, તે છેદન ભેદન કરી બાળીને ભસ્મ કરેલા તરુને જળથી સિંચવા જેવું કરે છે. જો બાળીને ભસ્મ કરી મૂકેલા મૃત્યુ પામેલાને પિતાના શ્રાદ્ધથી તૃપ્તિ થતી હોય તો, સીધી પુત્ર જન્મે છે તેનું પણ તેવુંજ છે, તો તેને કેમ તૃપ્તિ થતી નથી? માટે આ સઘળું બ્રાહ્મણોને ફોતરા ખાંડવા જેવું છે, અથવા તો આકાશમાં ચાલવાની ઇચ્છા કરવા જેવું છે. વળી એ ઓનું બ્રાહ્મણપણુંજ મધ્યમ છે. મૂર્ખ માણસોજ યજ્ઞ અને સ્નાન વખાણે છે. માટે હે મૂર્ખો! વેદરૂપ ભારને વહન કરનારા રાસભ (ગધેડા) રૂપ તમોને ધિક્કાર થાઓ."

સાધુનાં આવાં આવાં વચનો સાંભળીને બ્રાહ્મણો ક્રોધથી ધમધમતા લાકડી આદિ લઈને મારવા દોડ્યા, પણ તે સર્વેને યક્ષે પ્રહાર કર્યા. તેથી તેઓ મુખમાંથી લોહી વમતા ચેષ્ટા રહિત થઈ ભૂમિ ઉપર પડ્યા; ને તેમણે કોળાહળ પૂર્વક આક્રંદ કરવા માંડ્યો. આમ પોતાને માથે વીતી તેથી સર્વે વિપ્રો હવે સાધુને પ્રસન્ન કરવા લાગ્યા. અમે "આપની અન

હેલના કરી, એ અમારો અપરાધ થયો છે તે આપ ક્ષમા કરો." યતિએ કહ્યું. "મ્હારે તો કોઈ ઉપર મનથી કે વચનથી જરાએ દ્વેષ નથી; આ સર્વ યક્ષે કર્યું છે; પણ તમારે સો એ એ યજ્ઞ બંધ કરવો. કારણ કે, એ નરકનો હેતુ છે. કહ્યું છે કે-અસ્થિને વિષે રુદ્ર વસે છે, માંસને વિષે કૃષ્ણ વસે છે અને રુધિરને વિષે બ્રહ્મા વસે છે. માટે માંસ ભક્ષણ કરવું નહી. જે માણસ તલ અથવા સર્ષવના દાણા જેટલું માંસ ખાય છે, તે સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી નરકમાં વસે છે. અગ્નિ થકી બ્રાહ્મણ જાણવા; શસ્ત્રવાળા તે ક્ષત્રિયો; કૃષિકર્મ કરનારા તે વૈશ્ય અને સેવા કરનારા તે શુદ્ર. કુટુંબને વિષે વસવું નહી; મમત્વ રાખવો નહી; પરિગ્રહનો ત્યાગ કરવો; પરમાત્મામાં લીન થઇ જવું; ને કોઇનો સંગ કરવો નહી; એ પાંચ બ્રાહ્મણનાં લક્ષણ કહ્યાં છે. વળી માર્કંડ ઋષિએ સૂર્યાસ્ત પછી જળપાન રુધિરપાન સમાન કહ્યું છે અને અન્ન ભક્ષણ તે માંસ સમાન કહ્યું છે. અંગ ઉપાંગ અને લક્ષણ સહિત ચારે વેદનું અધ્યયન કરીને બ્રાહ્મણો શુદ્ર પાસેથી પ્રતિગ્રહ (દક્ષિણા આદિ) લે છે, તેમને ખર જાણવા. તેઓ ખરના બાર ભવ કરે છે; સુવરના સાઠ જન્મ કરે છે; શ્વાનના સિત્તેર જન્મ કરે છે એમ મનુએ કહ્યું છે. એમ ન સમજવું કે, મસ્તક મુંડાવ્યું એટલે સાધુ થયા, સંસ્કારથી બ્રાહ્મણ થયા, અરણ્યવાસથી મુનિ થયા કે વલ્કલ પહેરવાથી તાપસ થયા. જેઓ ધન ધાન્ય પુત્ર પૌત્ર પરિગ્રહ પ્રમુખ ત્યજીને પાપ રહિત માર્ગે ફરે છે, તેમનેજ બ્રાહ્મણ કહ્યા છે." આમ વાત થાય છે, તેવામાં આકાશને વિષે યક્ષ અદ્રશ્ય રહીને બોલ્યો. "હે વિપ્રો! તમે સર્વ જો તમારૂં હિત ઈચ્છતા હો તો, આ સાધુ કહે છે તેમ કરો; નહિં તો સર્વને હું હણીશ." તે સાંભળી સર્વ દ્વિજો ઉભા થઇને એ હરિકેશિબળ મુનિને ચરણે નમીને કહેવા લાગ્યા. "હે મુને! આજથી અમે આપના સેવક થયા છીએ. રુદ્રદેવ આદિ વિપ્રોએ પણ તેમને ગુરુ માની પોતાનો અપરાધ ખમાવ્યો. તેમણે પૂછ્યું. "હે મુનિરાજ! મુક્તિ સુખ આપનારો ધર્મ કયો છે? અને યજ્ઞનું સ્વરૂપ કેવું છે? તે કહો." તે ઉપરથી મુનિએ ઉત્તર આપ્યો. "આ સંયમ (દીક્ષા) છે તેજ એક યજ્ઞ છે; તેમાં જીવને વેદીરૂપ જાણવો, તપને અગ્નિરૂપ જાણવો; અશુભને હોમ જાણવો; શરીરને ગણવી જાણવી અને કર્મને સમિધ (કાષ્ઠ) જાણવાં. વળી શાંતિકર્મ સંયમનું સાધન જાણવું, સાંત્વિક ધર્મ દ્રહ જાણવો, નિષ્પાપરૂપ બ્રહ્મતીર્થ જાણવું અને આત્માની લેશ્યાશુદ્ધિ તેજ મળ રોગાદિકને નાશ કરનારૂં સ્નાન જાણવું. આ પ્રકારના હોમથી જેઓ શાંત થયા છે અને જેઓ ઉપર કહેલા સ્નાનથી નિર્મળ થયા છે, તેજ પુરુષો સિદ્ધિવધુના સંબંધની ઉત્પત્તિને યોગ્ય થાય છે. પછી તે વિપ્રોએ હરિકેશિ મુનિને શુદ્ધ આહારથી પ્રતિલાભ્યા. એટલામાં યક્ષ પ્રગટ થઇને બોલ્યો. "તમે આ સાધુને પ્રતિલાભીને વંદન કર્યું છે, તે તમારી મુક્તિને અર્થે થશે. હવે પછી જો કદાપિ યજ્ઞ કરશો તો પ્રાણ ગયા સમજજો. માટે એમનો બતાવેલો તે ધર્મ ગ્રહણ કરો." પછી તે વિપ્રોએ જૈનધર્મ અંગીકાર કર્યો. અનુક્રમે હરિકેશિબળ મુનિ બહુ વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી કેવળજ્ઞાન મેળવી ભવ્ય જીવોને પ્રતિબોધ કરી મુક્તિએ પધાર્યા. ઇતિ હરિકેશિબળ મુનિની કથા.

## ધનદેવ અને ધનમિત્ર.

જે પ્રાણી સાધુને ભક્તિ અને વિનય સહિત દાન દે છે, તે પ્રાણી ધનદેવ અને ધનમિત્રની પેઠે વિપુલ ઋદ્ધિ પામે છે.

સિંહપુરીમાં વિષે સિંહસેન રાજાને સિંહલા રાણીથી સિંહસિંહ નામનો પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિ પામેલો તે પુત્ર ધર્મશાસ્ત્રમાં તેમજ કર્મશાસ્ત્રમાં પ્રવીણ થયો. કહ્યું છે કે-આ

મનુષ્યના ભવમાં જન્મ પામીને જીવે એ ચાર કળા તો અવશ્ય શીખવી; તેજ મનુષ્ય જીવ્યો કહેવાય છે અને તેનીજ મુવા પછી સદ્દગતિ થાય છે. હવે એ રાજપુત્ર એકદા વસંતસમયે વનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં તેણે હસ્તીના પ્રહારથી પીડાતી એક કન્યાને હાહારવ સાંભળ્યો. "અરે પિતા! મ્હારી રક્ષા કરો, અરે માતા! તું મ્હારા ઉપર કેમ કરુણા નથી કરતી! અરે કુળદેવી! તું પણ આ સમયે ક્યાં ગઈ?" ઈત્યાદિ વિલાપ સાંભળીને કુમારે ચિંતવ્યું કે, "અહો! માતાના ગર્ભમાં ભારભૂત થઇ દુઃખ ઉત્પન્ન કરતા એવા મનુષ્યનો જન્મ શા કામનો? કે જેના હૃદયમાં પરોપકારરૂપી ગુણ સ્ફુરાયમાન થતો નથી?" એમ કહી દોડીને તે હસ્તીની સામો થયો. "અરે દુષ્ટ! તેં આ શું કરવા માંડ્યું? અરે સ્ત્રી હત્યા કરનારા! જો ત્હારામાં પુરુષાતન હોય તો તું મ્હારી સામો આવ." આ વચનને અનુસારે હસ્તી કુમારની સામો આવ્યો એટલે કુમારે એક પછેડીનો ગોળ ગોટો વાળીને તેના સામો ફેંક્યો. તેના ઉપર હસ્તી સૂંઢ તથા દંતૂશળથી પ્રહાર કરવા લાગ્યો. એટલે પેલી કન્યા હસ્તી પાસેથી નાઠી.

આ બનાવથી સિંહલ કુમારની કીર્તિ બહુ વૃદ્ધિ પામી. રાજા પણ હર્ષ પામ્યો. દૂર વસનારા માણસોને તેમના ગુણ એજ દૂતપણું કરે છે; જેમ કે, કેતકી પુષ્પનો ગંધ ગ્રહણ કરીને ભ્રમર પોતેજ જાય છે.

પછી આ કન્યા કે જેનું નામ ધનવતી હતું, તે સિંહલ કુમાર ઉપર અનુરાગ યુક્ત થઈ. એટલે તેના પિતા ધનશ્રેષ્ઠીએ તેણીને સિંહલ કુમાર સાથે પરણાવી. હવે જ્યારે જ્યારે કુમાર નગર મધ્યે ક્રીડા કરવા જાય, ત્યારે ત્યારે નગરની સ્ત્રીઓ પોત પોતાનાં સમગ્ર કાર્યોને ત્યજીને કુમારનું રૂપ જુએ; એમ તેમનાં ચિત્ત હરણ થવાથી તેની પાછળ પાછળ ફરે. તે ઉપરથી નગરના લોકોએ એ વાત રાજાને કહી. ત્યારે રાજાએ કુમારને નગરમાં ફરવાનો નિષેધ કર્યો. તે ઉપરથી પોતાનો પરાભવ થયો માની સિંહલ કુમાર ધનવતીને સાથે લઇને રાત્રીને સમયે નગર બહાર નીકળી જઇ ચાલી નીકળ્યો. અનુક્રમે સમુદ્ર તટે પહોંચ્યો ત્યાં તેઓ પ્રવહણમાં બેઠાં. દૈવ કોપે વાયુ પ્રતિકૂળ થયો અને વહાણ ભાગ્યું. ધનવતીના હાથમાં એક પાટીયું આવ્યું. તેની સહાય્યથી તે તટ સુધી તરીને કુસુમપુર નગરે આવી. ત્યાં બહાર પ્રિયમેલક નામે તીર્થને વિષે તે અતિશય દુષ્કર તપશ્ચર્યા કરવા લાગી ને અભિગ્રહ કર્યો કે, "જ્યાં સુધી સ્વામીનો સંયોગ થાય નહી, ત્યાં સુધી મૌન રહેવું." સિંહલ કુમારને પણ પાટીયું હાથ આવ્યું તેનાથી તે તરીને રત્નપુર નામના નગરે પહોંચ્યો. ત્યાંના રત્નપ્રભ નામના રાજાની પુત્રી રત્નવતીને સર્પે દંશી હતી, પણ કોઈ મંત્રવાદી તેનું વિષ ઉતારી શક્યા નહી. પછી પડહ વજડાવ્યો, તે કુમારે સ્પર્શ્યો ને નવકાર મંત્રના પ્રભાવથી તેણીને સજ્જ કરીને પરણ્યો. પરંતુ ધનવતીનો વિયોગ હોવાથી તે ભૂમિ શયન કરે, ને બ્રહ્મચર્ય વ્રત પાળે. તેથી એકદા રત્નવતીએ તેનું કારણ પૂછ્યું. ત્યારે તે સિંહલ કુમારે 'તે શોકયના ઉપર ઈર્ષ્યા કરશે' એવા ભયથી સમયને ઉચિત એવો ઉત્તર આપ્યો કે, "હું દેશાંતરમાં નીકળ્યો છું, તે જ્યાં સુધી ફરી મ્હારા માતા પિતાનાં દર્શન કરૂં, ત્યાં સુધી મ્હારે એવો નિયમ છે કે, ભૂમિ શયન કરવું તથા બ્રહ્મચર્ય વ્રત પાળવું." રત્નવતીયે કહ્યું. "અહો સ્વામી! ધન્ય છે તમને કે તમારી તમારા માત પિતા ઉપર આવી ઉત્કૃષ્ટ ભક્તિને!" પછી રાજાએ કુમારને પૂછ્યું. તે ઉપરથી તેણે પોતાનાં દેશ કુળ આદિ કહ્યાં. એટલે તેણે દીકરી જમાઇને બહુ વસ્ત્રાભૂષણથી સન્માનીને સિંહલદ્વીપ તરફ વિદાય કર્યાં. સજ્જ કરેલા નાવમાં બેઠાં તેની સાથે રાજાએ પોતાના રુદ્ર નામે પ્રધાનને મોકલ્યો. માર્ગે રાજપુત્રીનું સ્વરૂપ જોઇ રુદ્ર મોહિત થયો, તેથી તેણે કુમારને સમુદ્રમાં નાંખી દીધો. એ જોઇ કુમરી વિલાપ કરવા લાગી, ત્યારે મંત્રીએ

કહ્યું. "હે ભદ્રે ! હું ત્હારો દાસ છું; વિલાપ કર નહીં; મ્હારી પત્ની થા." એ સાંભળી રાજપુત્રી વિચારવા લાગી. "નિશ્ચે આ દુરાત્મા મ્હારૂં શીળ ભંગ કરશે માટે કંઇ પણ ઉત્તર આપીને મ્હારા શીળનું રક્ષણ કરૂં." એમ વિચારી તેણીએ ઉત્તર આપ્યો. "હે મંત્રી! આપણે તીરે જઈ આનું મૃતકાર્ય કરીને પછી તમે કહેશો તેમ કરીશ."

એમ કહી રત્નવતી તો વિલાપ કરી રહી છે, એવામાં વહાણ પ્રતિકૂળ પવનથી ભાંગ્યું, ને રત્નવતી પાટીયું મળી ગયાથી કાંઠો પામી પ્રિયમેલક તીર્થે પહોંચી. ત્યાં તેણીએ પણ ધનવતીના જેવોજ અભિગ્રહ કર્યો. રુદ્ર મંત્રી પણ પાટીયું હાથ આવવાથી બહાર નીકળ્યો, ને કુસુમપુરના રાજાનો મંત્રી થયો.

સમુદ્રમાં પડેલા સિંહલ કુમારને પણ કોઇએ ઉપાડીને કોઈ તાપસોના આશ્રમમાં મૂક્યો. ત્યાં કુળપતિએ તેના શરીર ઉપર રાજલક્ષણો જોઇ પોતાની પુત્રી રૂપવતીને તેને વેરે પરણાવી. કન્યાદાનમાં ઋષિએ નિરંતર સો સોનૈયા દેનારી એક કંથા તથા એક આકાશગામી ખાટલી આપી. એકદા કુળપતિની આજ્ઞા માગી પ્રિયા સહિત કુમાર, પેલી ખાટલી ઉપર બેસી ધનવતીનું ચિંતવન કરતો ચાલ્યો. આકાશમાર્ગે ખાટલી કુસુમપુરના ઉદ્યાનમાં જઇ ઉતરી. ત્યાં રૂપવતીને તૃષા લાગવાથી સિંહલ કુમાર સઘળું ત્યાં મૂકી જળની શોધમાં ગયો. તે પાસેના એક કૂવામાંથી એક સર્પ મનુષ્યભાષામાં બોલ્યો. "હે કુમાર! તું મને આ કૂવામાંથી બહાર કાઢ." તે જોઇ કુમારે પોતાનું ઉત્તરીય વસ્ત્ર મૂકી તેને બહાર કાઢ્યો, એટલે તે તેને ડસ્યો, ને તેનું રૂપ કૂબડું થઇ ગયું ! કુમારે કહ્યું. "હે સર્પ! તેં મ્હારા ઉપર સારો પ્રત્યુપકાર કર્યો! સર્પે કહ્યું. "આ રૂપ તને ઉપકારી થશે; સંકટ સમયે વળી તું મને સંભારજે." એમ કહી સર્પ અંતર્ધાન થયો. એ જોઇ કુમાર આશ્ચર્ય પામ્યો. પછી પાણી લઇ જઇને પ્રિયાને કહેવા લાગ્યો. "આ જળ લે." પણ તેણીએ તો કુબ્જ પુરુષ જોઇ 'પોતાનો સ્વામી નથી' એમ ધારી ઉભાં થઇ આમ તેમ જોવા માંડયું, પણ કયાંય દીઠો નહીં! તેથી તે પણ પ્રિયમેલક તીર્થે ગઇ, ને પ્રથમની બે જણીના જેવો અભિગ્રહ લઇને બેઠી. ત્રણે જણીઓ વિકૃતિએ રહિત ત્યાં રહેવા લાગી ને તે ધાર્મિક જનોએ આણી આપેલો આહાર લેતી હતી. એ કુતૂહળ જોવાને રાજા પણ ત્યાં આવ્યો જોઇને તેણે એવો પડહ વજડાવ્યો કે, "જે આ સ્ત્રીઓને બોલાવે તેને હું મ્હારી પુત્રી કુસુમવતીને પરણાવીશ." કુબ્જ રૂપધારી કુમારે તે પડહને સ્પર્શ કર્યો. ને કેટલાંક કોરાં પત્રો લૂગડામાં વીંટાળીને ત્યાં આવ્યો. ત્યાં રાજા પાસે પેલાં કોરાં પત્ર વાંચવાને કહેવા લાગ્યો. જે જીવ બે જાતિનો હોય, તેજ આ અક્ષર દેખી શકે છે; અહો ! શા સુંદર અક્ષર લખ્યા છે!" એમ કુબ્જ વખાણ કરવા લાગ્યો. પછી તે વાંચવા લાગ્યો. "સિંહલદ્વીપનો સિંહલ કુમાર ધનવતી સહિત પ્રવહણમાં બેઠો, તે પ્રવહણ ભાંગ્યું ને બન્ને જણ સમુદ્રમાં પડ્યા. હવે બાકીની કથા કાલે કહીશ." એમ કહી પાનાં બંધ કરી દીધાં; પુસ્તક વીંટી લીધું, પણ ધનવતી પોતાનું ચરિત્ર સાંભળીને બોલી. "પછી પછી ? પછી શું થયું ?" ત્યારે તેણે કહ્યું. "પાટીયાની સાહાય્યથી સમુદ્ર તરીને રત્નપુરમાં રત્નવતીને પરણ્યો, તે વખતે પણ મંત્રીએ તેને સમુદ્રમાં નાંખી દીધો." એમ કહી વળી બંધ રહ્યો. ત્યારે રત્નવતી બોલી. "પછી તેનું શું થયું ?" બહુજ આગ્રહથી પૂછ્યું એટલે વળી કુબ્જ બોલ્યો. "પછી સમુદ્રમાં પડેલા સિંહલ કુમારને કોઇ તાપસો પોતાના આશ્રમમાં લઈ ગયા. ત્યાં તે રૂપવતીને પરણ્યો; ને કંથા તથા ખાટલી સહિત અહિં આવ્યો; જળને અર્થે કૂવા પાસે ગયો, ત્યાં તેને સર્પે ડસ્યો. એમ કહી વળી કૂબડો અટક્યો. ત્યારે રૂપવતીએ પૂછ્યું. "પછી તેનું શું થયું?" પણ તેનો ઉત્તર તેણે આપ્યો નહીં. તેણે તો પોતાનું પુસ્તક

વીંટાળીને રાજા પાસે તેની કન્યા કુસુમવતીને માગી. રાજા પણ પોતે તે પ્રતિજ્ઞાથી બંધા યલો હતો તેથી તેણે તેને વેરે પોતાની કુસુમવતી પુત્રીને પરણાવી. પછી તેણે હસ્તમોચન કિયા વખતે સિંહલકુમારને મનમાં આવે તે માગવાનું કહ્યું. ત્યારે તેણે કહ્યું. "પોકાર કરતો સર્પ આપો." રાજાએ કહ્યું; "સર્પ આવો." એવામાં કયાંયથી સર્પ આવીને કુમારને કરડ્યો; એટલે તે ભૂમિ ઉપર પડ્યો. એટલે તો પેલી સ્ત્રીઓ વિચારવા લાગી કે, "જો એ મૃત્યુ પામશે તો આપણા સ્વામીનાથની ખબર કોણ કહેશે ?" એમ ધારી એક છરી વડે તેનું હૃદય વિદારવા જાય છે, એવામાં તો કુમાર દીવ્યરૂપ ધારી પોતાનાજ મૂળ રૂપમાં બેઠો થયો ! નાગ પણ પ્રત્યક્ષ થઇને કુમારનો પૂર્વભવ કહેવા લાગ્યો.

"ધનપુર નામના નગરમાં ધનંજય શ્રેષ્ઠીને ધનવતી નામની સ્ત્રીથી ધનદેવ અને ધનદત્ત નામના પુત્ર થયા. એકદા ગ્રીષ્મઋતુમાં ધનદેવે મુનિને સાકરવાળું દૂધ વહોરાવ્યું, તે હું મૃત્યુ પામીને દેવ થયો. ધનદત્તે પણ અન્યદા શેલડીના રસથી ભરેલો ઘડો મુનિને વહોરાવ્યો. પણ ત્રણ ત્રણ વાર તેના ભાવ ખંડિત થયા. તે તું મૃત્યુ પામીને રાજકુમાર થયો. ત્રણ વાર ભાવ ખંડિત થવાથી ત્હારે ત્રણ વખત વિયોગ થયો. સમુદ્રમાંથી મેંજ તને ઉપાડીને તાપસના આશ્રમમાં મૂક્યો હતો અને તને સર્પ થઇને પણ હું ડરયો હતો. તે એટલા માટે કે, તું કુબજથા એટલે ત્હારો શત્રુ રુદ્ર મંત્રી જે અહિં છે, તે તને ઓળખી શકે નહી." એમ કહીને નાગદેવતા અદૃશ્ય થયો. હવે સિંહલકુમારની ધનવતી પ્રમુખ ચારે સ્ત્રીઓ તેને જોઇને હર્ષ પામી. એવામાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. રાજાએ પેલા રુદ્ર મંત્રીને દેશપાર કાઢ્યો. પછી સિંહલકુમાર પોતાની ચારે સ્ત્રીઓ સહિત પેલી ખાટલી ઉપર બેસીને સિંહલદ્વીપે ગયો; ત્યાં તેના પિતાએ તેને રાજ્ય આપ્યું. પોતે જગત્‌ના સર્વ લોકોને દયાના પ્રભાવથી ઋદ્ધિવાળા કર્યા. અનુક્રમે તે દીક્ષા લઇ સમાધિએ મૃત્યુ પામી છઠ્ઠે દેવલોકે ગયો. ઇતિ.

## ઉત્તમચરિત્રકુમાર.

સાધુને ભક્તિ સહિત શુદ્ધ વસ્ત્રો વહોરાવનાર મનુષ્ય, ઉત્તમચરિત્રકુમારની પેઠે લક્ષ્મીનું ભાજન થાય છે.

વારાણસી નગરીને વિષે મકરધ્વજ ભૂપતિને બહુ ગુણશાલિની લક્ષ્મીવતી નામની રાણી હતી. તેમને ઉત્તમચરિત્ર નામનો નામ પ્રમાણે ગુણવાળો પુત્ર હતો. બાલ્યાવસ્થામાં પણ દયાળુ, સત્યવાદી અને ન્યાય માર્ગમાં કુશળ એવો તે ધર્મકર્મ શાસ્ત્રમાં પ્રવીણ થયો. તૃણ માત્ર પણ પારકી વસ્તુ તે કદાપિ લેતો નહી; પરસ્ત્રીથી વિરક્ત હતો; સંતોષી અને પરોપકારી એવો તે દેવ ગુરુનો ભક્ત હતો. આવા અનેક ગુણોએ યુક્ત એવો ઉત્તમચરિત્રકુમાર બ્હોતેર કળામાં કુશળ થયો. સર્વ કળામાં કુશળ એવા પણ પંડિત પુરુષોને જ્યાં સુધી તેમણે ધર્મકળા જાણી નથી, ત્યાં સુધી અપંડિતજ જાણવા.

એકદા આ ઉત્તમચરિત્રકુમાર પોતાના ભાગ્યની પરીક્ષા કરવા દેશાંતર પ્રત્યે ચાલ્યો. અનુક્રમે અનેક નગર ગામાદિક જોતો જોતો તે ચિત્રકૂટ નામના પર્વત ઉપર ગયો. ત્યાં મેવાડ, માળવા, કચ્છ, મારવાડ, મહારાષ્ટ્ર, કર્ણાટક પ્રમુખ દેશનો અધિપતિ પ્રજાપાલક પરમ શ્રાવક મહાસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા રાજ્યને પાશ સમાન ગણતો હતો. તેથી અને પોતે પુત્ર રહિત હતો તેથી રાજ્યની ધુરાને યોગ્ય કોઈ બીજા મનુષ્યને શોધતો શોધતો વૈરાગ્ય પામ્યો. એકદા તે પરિજનના આગ્રહને લીધે નગરની બહાર ક્રીડાને અર્થે ગયો. પોતે એક અંગના સર્વ લક્ષણે યુક્ત, નાજુક શરીરવાળા કુબ્જ અશ્વ ઉપર આ

રુઢ થયો; ને તેને ફેરવવા લાગ્યો; પણ એ અશ્વની ગતિ ધીમી જોઇને તેણે મંત્રીઓને તેનું કારણ પુછયું. પણ મંદગતિનું કારણ કોઈ કહી શકયું નહી. એટલામાં ત્યાં ઉત્તમચરિત્ર કુમાર આવ્યો. તેણે અશ્વને જોઇને કહ્યું. "આ અશ્વે મહીષીનું દૂધ પીધું છે, તેથી એની મંદગતિ થઇ છે; કારણ કે, દૂધ છે એ વાયુકર્તા છે." તે સાંભળીને રાજાએ પૂછયું. "હે વત્સ! તું એ શી રીતે જાણે છે?" ઉત્તમચરિત્ર કુમારે કહ્યું. "હું સમગ્ર અશ્વ પરીક્ષા જાણું છું." રાજાએ પૂછયું. "તેં કહ્યું તે સત્ય છે; એ કિશોર (અશ્વ) ની માતા મૃત્યુ પામી ત્યારે એને ભેંસનું દૂધ પાતા હતા; પણ તેં એ શી રીતે જાણ્યું?" ઉત્તમચરિત્રે કહ્યું. "એની ચાલ ઉપરથી; કારણ કે, આચાર ઉપરથી કુળ જણાઇ આવે છે; ભાષા ઉપરથી દેશ જણાઇ આવે છે, સંભ્રમથી સ્નેહ જણાઈ આવે છે અને શરીર ઉપરથી ભોજન જણાઇ આવે છે." પછી રાજાએ પૂછયું. "હે વત્સ! તું કોણ છે?" આનો ઉત્તર ઉત્તમચરિત્રે આપ્યો નહી. રાજાએ તે ઉપરથી ચિંતવ્યું કે, "નિશ્ચે આ રાજપુત્ર જણાય છે." પછી તેણે કહ્યું. "હે કુમાર! તું મ્હારૂં રાજ્ય ગ્રહણ કર; હું આ અસાર સંસારથી વિરક્ત થઇ દીક્ષા લેવાનો છું." ઉત્તમચરિત્રે કહ્યું. "હે તાત! આપ સત્ય કહો છો; પણ હું કોઇ કાર્યને યોગે આગળ જવાનો છું; માટે પાછો ફરીશ ત્યારે આપનું કહ્યું કરીશ."

એમ કહી ઉત્તમચરિત્ર રાત્રીને સમયે આગળ ચાલ્યો. એટલે તે અનુક્રમે ભૃગુકચ્છ નગરે આવી પહોચ્યો. તે નગરની શોભા જોતો જોતો અંદર ફરવા લાગ્યો. તો તેણે શ્રી મુનિસુવ્રતસ્વામીની મૂર્ત્તિ દીઠી. તેને ભક્તિ સહિત નમસ્કાર કર્યા, ને સ્તુતિ કરી કે, "હે સ્વામિન્! આપની મૂર્ત્તિ ત્રણે જગત્‌ની પીડાને શમાવનારી છે; લોકોને આનંદની દેનારી છે; વાંછિત દાન આપવામાં કલ્પતરુ જેવી છે અને અમૃતને સેવનારી છે. વળી સંસારરૂપી સમુદ્રને તરી જવામાં તે દૃઢ પ્રવહણરૂપ છે. આવી આપની મૂર્ત્તિને દૃષ્ટિએ જોઇએ, ત્યારે તે શું શું કરવાને સમર્થ નથી? હે દયાવંત! આપજ વિશ્વને વંદનીક છો."

એવે અવસરે કુબેરદત્ત નામે વ્યવહારી અનેક પ્રવહણ સાથે લઇને અઢારસો યોજન દૂર આવેલા એક દ્વીપાંતરે જવાને તૈયાર થયો. કૌતુક જોવાને કુમાર પણ કુબેરદત્તની સાથે વહાણમાં બેઠો. જળમાર્ગે ચાલતાં કેટલેક દિવસે વહાણમાં જળ ખૂટયું. એટલે રસ્તે આવતાં એક શૂન્ય દ્વીપે વહાણો થોભાવ્યાં. લોકો ઉતરી ઉતરીને જળ લેવા લાગ્યા; એટલામાં એક ભ્રમરકેતુ નામનો રાક્ષસ પોતાના સાઠ હજાર રાક્ષસો સહિત ત્યાં આવ્યો. તેણે સર્વ લોકોને પકડવા માંડયા; કેટલાએકને કાખમાં, કેટલાએકને પગમાં અને કેટલાએકને હાથમાં એમ પકડયા. કેટલાએક નાસી ગયા ને વહાણમાં જઇને બેઠા; પણ પરોપકારી મહા સત્વવાન ઉત્તમચરિત્ર કુમાર તો એકાકી છતાં તે રાક્ષસ સાથે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ કરતો કરતો તીરથી બહુ દૂર ગયો. યુદ્ધમાં ભ્રમરકેતુ પરાજય પામી નાસી ગયો. કુમાર સ્વસ્થ થઇ તીર પાસે આવ્યો તો, સર્વ પ્રવહણને જતાં રહ્યાં જોયાં. તેથી તેણે વિચાર્યું કે, "અહો! આ લોકો બહુ નિર્ગુણી ઠર્યા. મેં એમને રાક્ષસ પાસેથી છોડાવ્યા તો તેઓ મનેજ ત્યજીને ચાલ્યા ગયા! અહો! આ સંસારનું સ્વરૂપજ એવું છે! કોઈ કોઈનું નથી. હું એકલો છું; મ્હારૂં કોઇ નથી; તેમ હું કોઇનો નથી. એમ કહી અદીન મનથી તે આત્માને શીખામણ આપવા લાગ્યો. એ લોકોનો એમાં કાંઇ દોષ નથી; કારણ કે, તેઓ ભયથી વ્યાકૂળ હતા. મેંજ જન્માંતરે કરેલું કોઇ અકાર્ય તેજ આડું આવ્યું; માટે અન્ય કોઇને દોષ ન દેવો. કૂતરોજ પોતાને મારેલા પત્થરને કરડવા દોડે છે; સિંહ તો બાણથી હણાયો છતો, બાણ મારનાર મનુષ્યનેજ મારવા દોડે છે." પછી પોતાને વહાણ

ભાંગી જવાથી ત્યાં રહેવું પડ્યું છે, એ બતાવવાને તેણે સમુદ્ર તીરે એક ધ્વજ બાંધ્યો; ને વનનાં ફળ આદિ ઉપર નિર્વાહ કરતો તે ત્યાં રહેવા લાગ્યો. એકદા તે વનની અધિષ્ઠાતા દેવી તેના રૂપ ઉપર મોહિત થઇ; પણ જેમ મેરુ પર્વત પ્રલય પવનથી ક્ષોભ ન પામે, તેમ તેના નવ નવીન હાવભાવથી એ ઉત્તમચરિત્ર કુમાર ડગ્યો નહી. એટલે દેવીએ તેના ઉપર તુષ્ટમાન થઇને તેને બારકોટિ રત્ન આપ્યાં. પછી તેની સ્તુતિ કરી પોતાને સ્થાનકે ગઇ.

એવામાં અનુક્રમે ત્યાં થઇને સમુદ્રદત્ત નામનો શેઠી પોતાના વહાણ સહિત જતો હતો. તેણે ઉત્તમચરિત્ર કુમારને પોતાના વહાણ ઉપર લઇ લીધો. પછી ચાલતાં ચાલતાં વહાણો બાર સમુદ્રમાં આવ્યાં; ત્યાં જળ ખૂટ્યું તેથી લોકોના કંઠ અને તાળુ સૂકાવાં લાગ્યા. લોકો કહેવા લાગ્યા કે, "અમે જળચર કરતાં પણ દીન ઠર્યા, જળમાં રહ્યા છતાં જળની તંગીને લીધે તરસ્યા મરીએ છીએ." લોકો આ પ્રમાણે દીન પોકાર કરવા મંડ્યા; ત્યારે વહાણનો ચલાવનારો પોતાનું શાસ્ત્ર જોઇને બોલ્યો. "અરે લોકો! દરીઆનાં પાણી પાછા વળશે અર્થાત્ ઓટ થશે એટલે અહિં એક જળકાંત મણિમય અને જળથી અસ્પૃષ્ટ એવો પર્વત પ્રગટ થશે. તેમાં એક સ્વાદિષ્ટ જળથી પૂર્ણ અગાધ કૂવો છે. માટે આપણે અહિં વહાણો થોભાવીને પાણી લઇશું; પણ અહિં એક દુઃખ છે તે એ કે, ભ્રમરકેતુ નામનો એક સાઠ હજાર રાક્ષસોનો અધિપતિ અહિં રહે છે, તે કાંઠે ઉતરે છે તેઓનું ભક્ષણ કરી જાય છે; વહાણમાં બેસી રહે છે તેને કાંઇ કરતો નથી." આમ વહાણ ચલાવનારો કહે છે, તેવામાં વેલ પાછી વળી (અર્થાત્ ઓટ થયો) ને સમુદ્ર મધ્યે જળકાંત મણિમય પર્વત દેખાયો. તેમાંનો કૂવો પણ સર્વ લોકોએ દીઠો. જો કે, લોકો તૃષાથી બહુ પીડાતા હતા, તોપણ રાક્ષસના ભયથી કોઇ પાણી લેવાને ઉતર્યું નહી. એ જોઇ દયાળુ ઉત્તમચરિત્ર કુમાર તીર બાજુ લઇને બોલી ઉઠ્યો. અરે લોકો! ઉતરો; ને જોઇએ તેટલું જળ લ્યો; હું રક્ષણ કરનાર છું, તે વખતે રાક્ષસ શું કરનાર છે? તમારે ઇંદ્રનો પણ ભય ન રાખવો." એમ કહી વહાણથી નીચે ઉતરી પોતે રાક્ષસને આવવાને માર્ગે આડો ઉભો રહ્યો. એટલે લોકો નિર્ભય થઇ ઉતરવા લાગ્યા ને જળના ભાજનને દોરડાંવડે બાંધી કૂવા કાંઠે આવી પાણી સિંચવા લાગ્યા, પરંતુ કૂવામાંથી કિંચિત્ પણ પાણી નીકળ્યું નહી. એટલે કોઇની પણ તૃષા શાંત થઇ નહી. સૌ બોલવા લાગ્યા કે, "છતે જળે મૃત્યુ થશે; જળ નીકળતું નથી, તેનું કંઇ પણ કારણ હોવું જોઇએ." લોકો આમ બોલે, પણ કોઈ રાક્ષસના ભયથી કૂવાની અંદર સમ્યગ્ રીતે જુએ નહી. ત્યારે વહાણનો માલીક બોલ્યો. "જળ છૂટું કરે એવો કોઇ અહિં છે?" પણ તે સાંભળી કોઈ તૈયાર થાય નહી. એટલે વહાણનો ધણી શેઠ બહુ ચિંતાતુર થયો. એ ઉપરથી કુમાર સત્વને અવલંબીને દોરડાની સાહાય્યથી ને લોકોની દયાથી કૂવામાં ઉતર્યો. અંદર જળ બહુ હતું, છતાં ઉપર રહેલી સુવર્ણની જાળીના છિદ્રોમાંથી બહુ સ્વલ્પ દેખાતું હતું. તે દેખીને કુમારે વિચાર્યું. "અહો! કોઇનું મહાન્ વિજ્ઞાન જણાય છે કારણ કે, આવી સુવર્ણની જાળી અન્ય કોઇ સ્થળે જોઇ નથી." એમ વિચારી તેણે નિર્ભયપણે સોનાની જાળીને એક કોરે કરી. એટલે લોકો કુમારની સ્તુતિ કરતા પાણી સિંચવા લાગ્યા; ને સર્વેએ પોતાનાં સર્વ ભાજનોને જળથી ભર્યાં. એટલામાં ઉત્તમચરિત્રે કૂવાની ભીંતે મણિમય પગથીયાં સહિત એક દ્વાર દીઠું. તે જોઇને તે વિચારવા લાગ્યો. "અહો! મેં મ્હારા ભાગ્યની પરીક્ષાને અર્થે મેં મ્હારું રાજ્ય તૃણ સમાન ગણી ત્યજ્યું છે; ચિત્રકૂટના રાજાએ પણ આપવા માંડેલું રાજ્ય મેં ગ્રહણ કર્યું નહી. વળી સમુદ્રમાં આવેલા દ્વીપને વિષે પણ જીવિતનો અનાદર કરીને ભ્રમરકેતુ રાક્ષસની સાથે મેં યુદ્ધ કર્યું; હમણાં પણ આ કૂવામાં ઉતરીને જળ પ્રગટ કરી લોકોની

તૃષા શાંત કરવારૂપ ઉપકાર કર્યો છે. માટે હવે પણ કૌતુક જોવા નિમિત્તેચાલ, આગળ જઉં; અથવા ત્યાં પણ કોઇના ઉપર બનશે તો ઉપકારજ કરીશ.” એમ વિચારી મણિમય પગ થીયાને માર્ગે તે આગળ ચાલ્યો. તો તેણે એક પ્રાસાદ જોયો. તેમાં એક વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી, તે બોલી. “અરે હીન પુરુષ! તું અહિં કેમ અને કેવી રીતે આવ્યો? શું તું ભ્રમર કેતુ રાક્ષસને ઓળખતો નથી?” કુમારે કહ્યું. “હું ભ્રમરકેતુને તો ઓળખું છું, પણ હવે તો ગરુડકેતુને જીતવા આવ્યો છું; પણ તું મને પ્રથમ કહે કે, આ મહેલ કોણે કરાવ્યો છે? અને તું કોણ છે?” કુમારનું આવું આકરૂં વચન સાંભળીને તે વૃદ્ધા બોલી. “હે સાત્વિક શિરોમણિ! સાંભળ, આ પાસેના રાક્ષસદ્વીપમાં લંકાને વિષે ભ્રમરકેતુ નામનો રાક્ષસોનો સ્વામી રહે છે તેને એક મદાલસા નામની કન્યા છે. તે સર્વ કળામાં પ્રવીણ, સર્વ સ્ત્રી લક્ષણથી અલંકૃત અને સાક્ષાત્ દેવકુમારી સમાન છે. એકદા ભ્રમરકેતુએ નૈમિત્તિકને પૂછ્યું કે, “આ કન્યાનો સ્વામી કોણ થશે?” તેણે કહ્યું. “એક ભૂચર ક્ષત્રિયકુમાર કે, જે ઉત્તર દિશા એ હિમવંત પર્વતની મેખલા પર્યંત અને દક્ષિણ દિશાએ લંકા સુધી દ્વીપોનો અધિપતિ થશે અને વિદ્યાધરોનો પણ જે સ્વામી થશે, તે એ કન્યાનો સ્વામી થશે.” તે સાંભળી ખિન્ન થઇ ભ્રમરકેતુ બોલ્યો. “અરે હાય! મ્હારી પુત્રી ભૂચરને કેમ પરણે?” એમ કહીને નૈમિત્તિકનું વચન અસત્ય પાડવાને તેણે સમુદ્રમાં રહેલા પર્વતને વિષે આ કૂવો બનાવ્યો તથા તેમાં આ પ્રાસાદ બનાવી તે પોતાની પુત્રીને તથા મને તેણે અહિં રાખી છે. વળી પુત્રી ઉપરના સ્નેહને લીધે તેણે પાંચ દિવ્ય રત્નો આપ્યાં છે કે, તે વિષમ દશામાં ઉપકારને અર્થે થાય અને મને ભ્રમરકેતુએ તેની દાસી તરીકે અહિં મોકલાવી છે. ભ્રમરકેતુ આ કૂવાને રસ્તે ધન ધાન્યાદિ મોકલાવે છે અને કૂવામાં પડેલી વસ્તુ નીરસ ન થાય તેમજ નાશ પણ ન થઇ જાય એટલા માટે તેણે સુવર્ણની જાળી કરાવી છે. એકદા વળી તે ભ્રમરકેતુ એ એક બીજા નૈમિત્તિકને પૂછ્યું; તેણે પણ પહેલા નૈમિત્તિકના જેવોજ ઉત્તર આપ્યો. ત્યારે રાક્ષસે પૂછ્યું. “એની નિશાની શી?” નૈમિત્તિકે કહ્યું. “જ્યારે તું સમુદ્ર મધ્યે આ વેલા દ્વીપને વિષે વહાણના ઉતારૂઓને હણવા જઇશ, ત્યારે તે તને જીતશે.” નૈમિત્તિકે આ વાત કહી, તે વાતને એક માસ થયો એટલામાં તે તેના કહેવા પ્રમાણેજ બન્યું. રાક્ષસને એક ભૂચર રાજકુમારે હરાવ્યો તેથી તો તેને ઘણોજ ક્રોધ થયો છે, એટલે શુન્ય દ્વીપને વિષે રહેલા તે કુમારને હણવા તેણે પોતાનો રાક્ષસ વર્ગ એકઠો મેળવ્યો છે; હવે શું થશે? તે જણાતું નથી.”

વૃદ્ધાના આવા શબ્દો સાંભળ્યા, તે ઉપરથી ઉત્તમચરિત્ર કુમાર તો સમજી ગયો કે, મેં તે વખતે દ્વીપને વિષે જેનો પરાજય કર્યો છે, તેજ આ રાક્ષસ ભ્રમરકેતુ જણાય છે, તો હવે આ શત્રુનું સ્થાન છે, માટે હવે અહિં મ્હારે સાવધાન રહેવાની જરૂર છે.” એમ વિચારે છે એટલામાં તો ત્યાં મદાલસા આવી. તે કુમારનું રૂપ દેખીને મોહિત થઇ; કુમાર પણ તેના ઉપર મોહિત થયો. એટલે પછી વૃદ્ધાએ બન્નેનો પરસ્પર અનુરાગ જાણીને ગાંધર્વ વિવાહ કરી આપ્યો. પછી પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપ પાંચ દેવતાઓથી અધિષ્ઠિત મહિ માવંત પાંચે રત્નો સહિત મદાલસા અને વૃદ્ધાને પણ સાથે લઇને ઉત્તમચરિત્ર કૂવામાં રહેલા પ્રાસાદના દ્વાર પાસે આવ્યો ને અંદર લટકતું દોરડું હલાવ્યું એટલે તે દોરડાના આધારે ઓ એકેક જણ ઉપરના લોકોની મદદથી બહાર આવ્યાં. લોકો એ આશ્ચર્ય પામીને પૂછ્યું કે “આ અનુપમ સ્ત્રી ક્યાંથી?” એમ કહી વિચારમાં પડ્યા, પણ કુમાર તો ઉતાવળો ઉતાવળો સર્વેને લઇને વહાણ ઉપર આરૂઢ થયો ને વહાણ જળમાર્ગે ચાલવા માંડ્યાં.

વળી કેટલેક દિવસ પછી વહાણવાળાઓને એવું દુઃખ આવ્યું જે જળ ખુટ્યું ને સૌ લોકો તૃષાથી ટળવળવા લાગ્યા. તે વેળાએ મદાલસા બોલી. "હે પ્રિયતમ! આપણા રત્નના કંડીઆમાં જે રત્નો છે, તેનો પ્રભાવ અંજનશલાકા-સૂરિથી અભિષિક્ત મુખ્ય છે તેની પૂજા કરીને જો તેની પાસે માગના કરીએ તો. તે મણિ અનેક જાતના પ્રકારના ભોગ. ઉત્તમ મહા પ્રમુખ ભોજન તથા શયન આસનાદિ તથા વસ્ત્રો, અને ગોધૂમ આદિ ધાન્યો, મુક્તાફળ કડાં અને મુગટ આદિ આભૂષણો આપે છે. બીજું જળરત્ન છે તેનું આરાધન કરીને વિધિ ન કરવાથી આકાશે પણ આકાશમાં જળ વૃષ્ટિ થાય છે. ત્રીજું વહ્નિરત્ન છે તેને જો ભાજનને વિષે મૂકીએ તો વિના અગ્નિએ સર્વ રસવતી થાય છે; ભસ્મ કરવાદિક શક્તિ રાખ આદિ પાચન પ્રમુખ થાય છે. ચોથું વાયુરત્ન છે તેને જો આકાશને વિષે મૂકીએ તો પૂર્વ દિશાનો કે પશ્ચિમ દિશાનો કે જે જે દિશા તરફથી મૃદુ અને અનુકૂળ પવન વાયુ ઉત્પન્ન થાય છે; પ્રબળ કે પ્રતિકૂળ જોઈએ તો તેવો પણ ઉત્પન્ન થાય છે. પાંચમું આરોગ્ય રત્ન છે તે તેનાથી રોગિષ્ઠમાન, શૂલ, શુભાશુભ દેવકૃત વગેરે જેવાં ભયાદિકને પણ દૂર આપે છે." આ પ્રમાણે પાંચ રત્નોના પ્રભાવ વર્ણવીને મદાલસા ઉત્તમચરિત્ર ભર્તારને કહેવા લાગી. "હે સ્વામી! આ રત્નોએ કરીને દુઃખી જનો ઉપર ઉપકાર કરો. ઉત્તમ પુરુષોની સંપદા સદા પરોપકારને અર્થે હોય છે; જુઓ નદી પાણી આપે છે પણ પોતે પીતી નથી; વૃક્ષો પણ ફળ બીજાને આપે છે, પોતે ખાતા પણ નથી; મેઘ પણ જળ આપે છે તે આપણને આપે છે, પોતે તો તેની ઇચ્છા પણ કરતો નથી. વળી પોતાને ફળ ન મળતું હોય, છતાં સામાને અવલંબન દે; આપત્તિમાં આવી પડેલાઓનો ઉદ્ધાર કરે અને શરણાગતની રક્ષા કરે; એવા પુરુષોથીજ આ પૃથિવી અલંકૃત છે." પોતાની સ્ત્રીનું આવું કહેવું સાંભળી હર્ષ પામી કુમારે જળરત્નની પૂજા કરીને તેને વહાણના કૂવાના સ્તંભમાં મૂક્યું એટલે તુરતજ મેઘવૃષ્ટિ થઇ. સર્વ જળપાત્રો જળથી ભરાયાં; લોકો સંતોષ પામ્યાં અને પ્રવહણો આગળ ચાલ્યાં. એવા વળી એજ પ્રમાણે ધાન્ય ખૂટી જવે કુમારે પૃથિવી રત્નની પૂજા કરીને મનવાંછિત ધાન્ય મેળવ્યાં. વળી એક વખત ઇંધન (લાકડાં) થઈ રહ્યાં. તે ઉપરથી વહ્નિરત્નના પ્રભાવથી રસોઈ નિપજાવીને લોકોને સુખી કર્યા. એક વાર આકાશ રત્નના પ્રભાવથી વહાણ ઉપરના સૌ લોકોને મનવાંછિત શૃંગાર પ્રમુખ વસ્ત્ર આપીને કુમારે સંતોષ પમાડ્યા. હવે તો સર્વ લોકો ભોજન આચ્છાદન (વસ્ત્ર) પ્રમુખ પામ્યા એટલે ખરેખર સુખી થયા એટલે તો તેઓ કુમારની સેવા કરવા લાગ્યા.

અન્યદા સમુદ્રદત્ત શેઠને સ્ત્રીરત્ન લેવાની ઇચ્છા થઇ, એટલે કૃતઘ્ન શિરોમણિ એવા તેણે લજ્જા મૂકી, પરલોકનો પણ ભય છાંડી રાખીને સમયે ઉત્તમચરિત્રકુમારને સમુદ્રને વિષે નાંખી દીધા. તે વખતે લોકોમાં કોલાહલ થઈ રહ્યો. મદાલસાએ આક્રંદ કરવા માંડ્યું ને તે મરવા તૈયાર થઈ; એટલે વૃદ્ધા દાસી બોલી. "હે સ્વામિની! તું બાળમરણે શા માટે મૃત્યુ પામે છે? સિદ્ધાંતમાં પણ બાળમરણનો નિષેધ કર્યો છે. રજ્જુગ્રહ (કંઠને વિષે ફાંસો) વિષ ભક્ષણ, જળ પ્રવેશ, અગ્નિ પ્રવેશ, તૃષા કે ક્ષુધાનું દુઃખ ને પર્વત ઉપરથી ઝંપાપાત, એટલી રીતિએ જેઓ શુભભાવથી પણ આયુષ્યનો અંત લાવે છે, તેઓ મૃત્યુ પામીને વ્યંતર થાય છે. માટે હે મદાલસા! જેમ તેમ કરીને સમુદ્રદત્તને છેતર અને શીલની રક્ષા કર. વાસુદેવનું ચિંતવન કર કે, તે તને ઇચ્છિત સ્થાને પહોંચાડે. ત્યાં જો તને ત્હારો ભર્તાર મળે તો ઠીક. નહિ તો અંતે પ્રવ્રજ્યા તો છેજ." સખીનાં આવાં વચન સાંભળી હર્ષ પામી થકી મદાલસાએ તેમજ કર્યું.

હવે ઉત્તમચરિત્ર સમુદ્રમાં પડ્યો તેવોજ તેને એક મહાન્ મત્સ્ય ગળી ગયો. તે તટે આવ્યો ત્યાં તેને મચ્છી લોકોએ પકડ્યો ને ચીર્યો. તો તેના ઉદરને વિષે જીવતા મનુષ્યને જોઈ તેને બહાર કાઢ્યો. એને મહાપુરુષ ધારીને મચ્છી લોકો તેની સેવા કરવા લાગ્યા. અહિં સમુદ્રદત્ત શેઠ વહાણોને પોતાને વંછિત દેશ પ્રત્યે લઈ જવાને શ્રમ કરે, પણ વૃથા. કારણ કે, મદાલસાના વાયુરત્નથી ઉત્પન્ન થયેલા પવને બે દિવસની અંદર વહાણોને મોટપલ્લી નામના સમુદ્રતટે આણ્યાં. ત્યાં પરમ આર્હત્, ને સકળ ધાર્મિક પુરુષોમાં અગ્રણી એવો નરવર્મ રાજા રાજ્ય કરતો હતો. ત્યાં આવ્યાં એટલે સમુદ્રદત્ત મદાલસાને આગળ કરીને મુક્તાફળ આદિનું ભેટણું લઇને વહાણ ઉપરથી ઉતરી રાજસભામાં આવ્યો. રાજાને નમન કરીને બેઠો. રાજાએ પણ ક્ષેમકુશળ પૂછીને કહ્યું. "અહો! આ કોની સ્ત્રી છે?" શેઠે કહ્યું. "હે સ્વામિન્! એ સ્વામી વગરની છે; મેં એણીને ચંદ્રદ્વીપને વિષે દીઠી ત્યાંથી એણીને લાવ્યો છું. જો આપની ઇચ્છા હોય તો એ મ્હારી પત્ની થવાને વાંછે છે." શેઠનું આવું બોલવું સાંભળી મદાલસા બોલી ઉઠી. "અરે પાપિષ્ઠ નીચ અધમ પુરુષ! તું કેમ અસત્ય ભાષણ કરે છે?" એમ કહી એ અણસાંભળવા યોગ્ય હોવાથી કાન બંધ કરી નીચું મુખ રાખી ઉભી રહીને કહેવા લાગી. "હે રાજન્! આ દુરાત્માએ મ્હારા સ્વામિનાથને સમુદ્રમાં નાંખી દીધા છે." એ ઉપરથી રાજા રૂઠ્યો ને શેઠનાં પાંચશે વહાણોમાંથી સર્વ વસ્તુઓ લેવરાવી લઇ વખારોમાં નંખાવી, તેણે તે ઉપર પોતાની મુદ્રા દીધી. અર્થાત્ તે ઉપર પોતે શીલ કરાવ્યાં અને અન્યાયી એવા તે સમુદ્રદત્તને બંદિખાને નાંખ્યો. પછી તેણે મદાલસાને કહ્યું. "હે પુત્રી! તું મ્હારી પુત્રી ત્રિલોચનાની સખી થઈ તેણીની સાથે સુખેથી રહે અને દીન લોકોને દાન આપ્યા કર. એટલામાં ત્હારો ભર્તાર પણ કોઇ તટે નીકળશે તેની શોધ કરાવીશ." એમ કહી મદાલસાને આશ્વાસન આપી મંત્રીપણે રાખી. ત્યાં રહીને તે પણ પોતાના પાંચ રત્નોની સહાય્યથી સર્વ સંપત્તિ મેળવી જૈનધર્મમાં તત્પર થઇ નિરંતર દાન દેવા લાગી. કહ્યું છે કે-જિનપૂજન, વિવેક, સત્ય, શૌચ, સુપાત્રે દાન અને જીવદયા એ શ્રાવકપણાનાં ભૂષણ કહ્યાં છે. આ પ્રમાણે મદાલસા જૈનશાસ્ત્રમાં કહેલી ક્રિયા કરતી હતી. પછી તેણીએ નિયમ લીધો કે, "જ્યાં સુધી મ્હારા સ્વામીનો મેળાપ ન થાય, ત્યાં સુધી મ્હારે ભૂમિશયન કરવું, સ્નાન ન કરવું, પટ્ટકુળાદિ વસ્ત્રોનો ત્યાગ કરવો; અંગને વિષે પુષ્પરાગ વિલેપને આદિ ન કરવાં; તાંબૂળ ભક્ષણ ન કરવું; શોભાને અર્થે શરીરનો મેલ પણ ન ઉતારવો. શાક દૂધ, પકવાન સાકર પ્રમુખ સરસ ભોજન ન ગ્રહણ કરવાં, નીરસજ આહાર લેવો; એક વાર ભોજન લેવું; નિરંતર મ્હોટાં કાર્ય શિવાય બહાર જવું નહી; ગવાક્ષને વિષે બેસવું નહી; લોકોના વિવાહાદિ જોવા નહી; સખી સાથે હાસ્ય વિલાસની કથા કરવી નહી; રસિક ગીતાદિ ન કહેવાં, ને ન સાંભળવાં. પણ વૈરાગ્યનીજ કથા કરવી; કામકાજ કરનારા સેવકો સાથે પણ આલાપ ન કરવો; અન્ય પુરુષને તો શું, પણ ચિત્રામણમાં રહેલા પુરુષોને પણ ન જોવા!" આવો આવો અતિ ઉત્કટ નિયમ મદાલસાએ ધાર્યો.

એવામાં ઉત્તમચરિત્રને લઇને કેટલાએક માછીઓ કંઈ કાર્ય પ્રસંગે ત્યાં આવ્યા. ત્યાં નરવર્મ રાજા પોતાની પુત્રીને અર્થે એક સાત ભૂમિકાવાળો પ્રાસાદ કરાવતો હતો. નગરની શોભા જોતો જોતો ઉત્તમચરિત્ર કુમાર ત્યાં આવી ચઢ્યો. એટલે વાસ્તુક વિદ્યામાં પ્રવીણ એવો તે કામ કરતા સુથારોની ભૂલ બતાવવા લાગ્યો. તે જોઇ સુથારો તો ચમત્કાર પામ્યા. ને તેને વિશ્વકર્માનો અવતાર માની તેઓએ પોતાની પાસે બહુમાન સહિત બેસાર્યો. પેલા માછી લોકોએ તો તેને દીઠો નહી એટલે એવો મહાન્ પુરુષ પોતાના હાથમાંથી ગયો જાણી

પોતાની ભૂલ કાઢતા પોતાને સ્થાનકે ગયા. એકદા લગભગ તૈયાર થયેલા એવા આ આવાસને જોવા રાજા આવ્યો, તો તેણે આ રૂપ, સૌભાગ્યાદિ ગુણોએ સંપન્ન એવા કુમારને દીઠો. જોઇને નરવર્મ રાજા વિચારવા લાગ્યો. "અહો! આ કુમાર નિશ્ચે કોઈ ઉત્તમ વંશનો રાજપુત્ર છે. માટે આવા યોગ્ય વરને મ્હારી ત્રિલોચના આપીને હું નિશ્ચિંત થઉં." એમ વિચારી એકદા શુભ મુહૂર્તે મહા ઉત્સવ સહિત તેણે ત્રિલોચના પુત્રી ઉત્તમચરિત્ર કુમાર વેરે પરણાવી. પૂર્વ પુન્યના યોગે ઉત્તમકુમારે પાણિગ્રહણ કર્યું ને રાજાના આપેલા આવાસમાં તે સુખે રહેવા લાગ્યો.

હવે એકદા મદાલસાએ પોતાની દાસીને કહ્યું. "હે સખિ! મ્હારા સ્વામીનાથની અદ્યાપિ કંઇ શોધ મળી નહી, તો નિશ્ચે તે સમુદ્રમાંજ મૃત્યુ પામ્યા હશે. તો હવે તેમના વિના મ્હારૂં જીવન શા કામનું? મેં સુપાત્રને વિષે બહુ દાન દીધાં છે, જિનાલયો પણ બહુ કરાવ્યાં છે, સાધર્મિક વાત્સલ્ય પણ એટલાંજ કર્યાં છે; જિનાગમ પુસ્તકો લખાવ્યાં છે તથા શ્રાવક ધર્મ રૂડી રીતે પાળ્યો છે. માટે હવે આ મ્હારાં પાંચ રત્નો છે તે મ્હારી સખી ત્રિલોચનાને આપીને હું તો દીક્ષા ગ્રહણ કરીશ." તે સાંભળી વૃદ્ધા દાસી બોલી. "હે બાઇ! તું એવો વિષાદ ન કર. એ ત્રિલોચનાને હમણાં એક સર્વ કળા નિપુણ વિદેશી સાથે પરણાવી છે, એમ મેં સાંભળ્યું છે. તો રખેને તેજ ત્હારો ભર્તાર હોય નહિ! જો આજ્ઞા આપે તો હું જઇને જોઇ આવું. મદાલસાએ હા કહી. તે ઉપરથી વૃદ્ધા ત્રિલોચનાને આવાસે ગઈ. ત્યાં તેણીએ ઉત્તમચરિત્રને જોયો, પણ તેણે કંઇક પોતાનું શરીર ગોપવ્યું તેથી તે બરાબર ઓળખી શકી નહી, એટલે ત્રિલોચના સાથે ક્ષણેક વાતચીત કરી પાછી વૃદ્ધા પોતાની બાઇ પાસે ગઈ. ત્યાં આવી તે કુમારનાં સર્વરૂપ આકૃતિનું તેણીએ વર્ણન કર્યું. તે સાંભળી તેને ઉત્તમચરિત્ર કુમાર જાણી મદાલસા તેના ઉપર રાગવંત થઈ; પણ ક્ષણમાં ફરી કહેવા લાગી. "મ્હારૂં મન આમ ચિંતવે છે, માટે હા મને ધિક્કાર છે! એક સરખી આકૃતિના તો હજારો પુરુષો હોય છે. માટે મેં વૃથા રાગ કરીને પાપ બાંધ્યું. સરાગ દૃષ્ટિથી પરપુરુષ ઉપર ઇચ્છા કરવાથી સાતમી નારકીએ જવું પડે છે." એમ કહી ફરી પણ તેણીએ પોતાનું મન ધર્મકાર્યને વિષે જોડ્યું.

હવે અહિં પાછળ વૃદ્ધાના ગયા પછી ઉત્તમચરિત્રે ત્રિલોચનાને પૂછ્યું કે, "હે પ્રિયે! આ વૃદ્ધા સ્ત્રી હમણાં આપણે ત્યાં આવી ગઇ તે કોણ છે?" તેણીએ ઉત્તર આપ્યો. "હે નાથ! મેં બ્હેન કરી માનેલી મદાલસાની એ પરદેશી દાસી છે." એ સાંભળીને તે ક્ષણમાં મદાલસાને પોતાની સ્ત્રી માનીને તેણીના ઉપર રાગી થયો. પણ બીજે ક્ષણે તેણે પણ પોતાનું મન બદલી નાંખ્યું. "હા! ધિક્કાર છે મને! કે મેં એવું વૃથા ચિંતવન કર્યું!" એમ કહી તે ફરી ફરી પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો.

એકદા મધ્યાને તે ઉત્તમચરિત્ર કુમાર પોતાના આવાસની સમીપે આવેલા જિનાલયમાં પૂજા કરવા ગયો. બહુ વાર થઈ પણ પાછો ફર્યો નહી, એટલે ત્રિલોચનાએ દાસીને જોવા મોકલી. દાસીએ સર્વત્ર જોયું, પણ કુમારને ક્યાંય દીઠો નહી. તે ખબરથી ત્રિલોચના બહુ દુઃખી થઈ.

હવે આજ નગરમાં એક મહેશ્વરદત્ત નામનો વ્યવહારીઓ રહેતો હતો. તેને છપ્પન્ન ક્રોડ સોનૈયા ભંડારમાં, છપ્પન ક્રોડ વ્યાપારમાં અને છપ્પન ક્રોડ ધરવાખરામાં રોકાયા હતા. વળી તેને પાંચશે વહાણો, પાંચશે ગાડાંઓ, પાંચશે ઘર, પાંચશે હાટ, પાંચશે વખારો, પાંચશે વાહીતર, (દશ હજાર ગાયે એક ગોકુળ થાય એવાં) પાંચશે ગોકુળ, પાંચશે હસ્તિ, પાંચશે અશ્વ, પાંચશે પાલખીઓ, પાંચશે દાસીઓ, પાંચશે વાજિત્રો, પાંચ લાખ સેવકો

અને પાંચસે ગુમાસ્તા હતા. આટલી આટલી સંપત્તિ છતાં પણ તેને એક મહા દુઃખ હતું. તે એ કે, તેને સંતતિ (પુત્ર) નહોતો. બહુ કાળે તેને એક પુત્રી થઈ. તે ચોસઠ કળાનો અભ્યાસ કરી કુશળ થઈ. તેણીનું નામ સહસ્રકળા હતું. પછી તે મહેશ્વરદત્ત સંસારને અસાર જાણી વિચારવા લાગ્યો. "કોઈ યોગ્ય વરને આ કન્યા આપી, કન્યાદાનમાં મ્હારૂં સર્વસ્વ આપીને મ્હારે જૈની દીક્ષા લેવી છે." તે ઉપરથી તેણે એક નૈમિત્તિકને પૂછ્યું કે, "આ કન્યાનો વર કોણ થશે?" નૈમિત્તિકે કહ્યું. "આજ પછી એક મહિને એક મહારાજાધિરાજ આ કન્યાનો સ્વામી થશે. માટે ત્હારે વિવાહની સામગ્રી કરી રાખવી; એમાં કિંચિત્ પણ સંદેહ ન કરવો." એ સાંભળી હર્ષ પામી એક માસને અંતે તેણે લગ્ન લીધાં. મહાન્ ઉત્સવ આરંભ્યો, પોતાના સગાં સંબંધીને તેડાવ્યાં, નાત્યો જમાડી, મંડપ નાંખ્યા ને તેમાં તોરણો બાંધ્યાં. કન્યાને શણગારી ગુણગાન સ્ત્રીઓ ધવળ મંગળ ગીત ગાવા લાગી અને જમાઈને આપવા સારૂ હસ્તિ, ઘોડા વસ્ત્રાભરણ આદિ તૈયાર કરવામાં આવ્યાં.

આ વાત નગરમાં સર્વત્ર પ્રસરી. રાજસભામાં રાજા પણ વિસ્મય પામી ચિંતવવા લાગ્યો. "અહો! આ મહેશ્વરદત્તને ધન્ય છે કે, જે વૈરાગ્ય પામી ઘરની સર્વ ઋદ્ધિ ખરચી નાખીને દીક્ષા લે છે! માટે હું પણ ત્રિલોચનાના પતિને શોધાવીને તેને રાજ્ય આપીને સંયમ ગ્રહણ કરૂં." પછી તેણે મહેશ્વરદત્તની સાથે એકત્ર વિચાર કરી નૈમિત્તિકના વચન ઉપર આસ્થા રાખી નગરને વિષે પડહ વજડાવ્યો કે, "જે ત્રિલોચનાના ભર્તારની શોધ લાવી આપશે, તથા મદાલસાનો મૂળ વૃત્તાંત કહેશે, તેને મ્હારૂં રાજ્ય આપીશ અને આ સહસ્રકળા કન્યા પણ તેને આપીશ."

આ પડહ વગડાવ્યાને એક માસ થયો, ત્યારે એક પોપટે તે પડહ સ્પર્શીને કહ્યું. "હે રાજપુરુષો! મને રાજસભામાં લઈ જાઓ. હું રાજાના જમાઈની શોધ તથા મદાલસાનો પૂર્વ વૃત્તાંત ત્યાં કહીશ અને જીવિશ તો રાજ્ય અને સહસ્રકળા કન્યાને પણ મેળવીશ. હું પક્ષી છું પણ હજુ મ્હારાં ભાગ્ય ઉદયવાન છે." તે સાંભળીને કૌતુકથી તેઓ પોપટને રાજસભામાં લઈ ગયા. ત્યાં જઈ પોપટ બોલ્યો. "મદાલસાને અહિં લાવીને બેસારો તથા ત્રિલોચનાને પણ પડદામાં લાવીને બેસારો. પછી ત્રિકાળજ્ઞાની એવો હું સર્વ વાત કહીશ." રાજાએ તેના કહેવા પ્રમાણે કરાવ્યું. એટલામાં તો "અહો! આ પોપટ ભૂત-ભવિષ્યની કથા કેવી રીતે કહેશે? તથા રાજા એને કેવી રીતે કન્યા આપશે? અને એ તિર્યંચ રાજ્ય પણ કેવી રીતે કરશે!" એ કૌતુકથી એક બીજાની સાથે બહુ નગરવાસી જનો ત્યાં આવવા લાગ્યા. પોપટે પ્રથમ મદાલસાની કથા કહેવા માંડી.

સ્વર્ણપુરી નગરીના રાજકુમાર ઉત્તમચરિત્ર એકદા પ્રવહણમાં બેસી સમુદ્ર માર્ગે આવે [illegible] પર્વતમાં રહેલાં કૂવામાં ઉતર્યો. ત્યાં પાતાળ ભવનમાં [illegible] રાક્ષસ [illegible]ની પુત્રી મદાલસાને પરણીને કૂપદ્વારે ફરી બહાર નીકળ્યો અને શ્રી સ[illegible] નામના શેઠના પ્રવહણમાં બેઠો. તેણે વહાણને વિષે પાંચ રત્નોના પ્રભાવથી શેઠોને અન્ન પાન્નાદિ વસ્ત્રાલંકાર પ્રમુખથી સુખી કર્યા. પણ ત્યાં પછી તેને સમુદ્ર[illegible] ધન તથા સ્ત્રીના લોભથી રાત્રીને વિષે સમુદ્રમાં નાંખી દીધો. ત્યાં તેને એક મગર [illegible] ને મગર કાંઠે આવ્યો, ત્યારે માછી લોકોએ તેને પકડીને ચીર્યો તેમાંથી ઉત્તમચરિત્ર કુમાર નીકળ્યો. પછી તે [illegible] સાથે રહેવા લાગ્યો. એકદા તે અહિં આ[illegible] ત્યારે [illegible] ત્રિલોચના [illegible] ને તે આ આવાસમાં રહેવા લાગ્યો.

એકદા તે જિનમંદિરમાં પૂજનને અર્થે ગયો, ત્યાં તે કૌતુકથી [illegible] માટે રહેલું [illegible]

મુદ્રિત મુખવાળું નાળચું ઉઘાડવા ગયો, ત્યાં તેને તાંબૂળિક નાગે દંશ દીધો એટલે તે તુરત ચેતના રહિત થઇને પુષ્પના ભાજન ઉપર પડી ગયો. હે રાજન્! આ મેં મદાલસાનું પૂર્વ વૃત્તાંત તથા ત્રિલોચનાના ભર્તારની પણ શોધ કહી. માટે જો તમે સત્ય પ્રતિજ્ઞાવાળા હો તો મને તમારૂં રાજ્ય અને સહસ્રકળા કન્યા આપો કે, જેથી હું તિર્યંચ પણ કેટલોક વખત રાજ્ય સુખ અનુભવું." એમ કહી પોપટ મૌન રહ્યો. રાજા બોલ્યો. "પંખીને રાજ્ય કેમ અપાય?" પોપટે કહ્યું. "જો તમારી પ્રતિજ્ઞા સત્ય હોય તો આપો; અન્યથા તમારૂં કલ્યાણ થાઓ; હું તો મ્હારે સ્થાનકે જઇશ; ને વનફળ ભક્ષણ કરીને આજીવિકા કરીશ. હું પૂર્વે જાણતોજ હતો કે, પ્રાયે મનુષ્ય કપટી હોય છે. સત્ય પ્રતિજ્ઞા પાળતાજ નથી; પોતાનું કાર્ય સર્યું એટલે બસ. માટે હવે હું અહિં નહિં રહું." એમ કહી જેવો તે ઉડવા જાય છે, તેવામાં રાજાએ તેને હાથવડે ઝાલી રાખ્યો ને કહ્યું. "હે શુક! હે વાચાળ શિરોમણિ પોપટ! હું તને રાજ્ય આપીશ; પણ તું મને કહે કે, પછી તે ઉત્તમચરિત્રનું શું થયું? તે જીવે છે કે મૃત્યુ પામ્યો છે?" પોપટ બોલ્યો. "અહો તલમાંથી તો તેલ ન નીકળ્યું, ત્યારે તલસરામાંથી નીકળશે તેનો શો ભરૂસો? આટલી કથા સાંભળી રાજ્ય નથી આપતો, ને કહે છે કે, 'પછી આપીશ.' તો ભલે, મને રાજ્ય આપ્ય કે ન આપ્ય. મનમાં આવે તેમ કરજે; તથાપિ હું તો કથા કહું છું. સાંભળો, જ્યારે દેવાલયમાં કુમાર પૃથ્વી ઉપર પડી ગયો, ત્યારે ત્યાં અનંગસેના નામની મનોહર રૂપ ધરનારી એક ગણિકા કંઈ કાર્ય પ્રયોજને એકલી આવી. તેણીની પાસે વિષાપહારી મણિની મુદ્રિકા હતી તેના જળવડે તેને છંટકાવ કર્યો એટલે તે સજીવન થયો. એટલે તેને તે ત્યાંથી પોતાને આવાસે લઇ ગઇ ને ચોથી ભૂમિકાએ ચિત્રશાળાને વિષે તેને રાખીને તેની સાથે સુખ વિલાસ ભોગવે છે. રાજન્, હવે મને રજા આપો; પધારજો, મને નિરપરાધીને છોડો. મ્હારૂં રાજ્ય તુંજ રાખ; હું તો વનના ફળથીજ સંતુષ્ટ છું. મેં વૃથા ગળું તથા તાળવું સોસવ્યું. ખરા તો વૈદ્ય લોકોજ કે, તેઓ સત્યવાદી માણસો પાસેથી પણ, દાક્ષિણ્ય મૂકી પ્રથમ દ્રવ્ય લઇને પછીજ રોગીને ઔષધ આપે છે; હુંજ દાક્ષિણ્યતા રાખી મૂર્ખ ઠર્યો! કારણ કે, સર્વે કથા પહેલી કહી રહ્યા પછી રાજ્ય માગું છું!" એ ઉપરથી રાજાએ કહ્યું. "જેમ વૈદ્ય અર્ધ રોગ રાખ્યે જવા પામતો નથી અને તેનું ધન પણ તેને ગળતું નથી, તેમ અમે તને પણ અરધી કથા સાંભળીને જવા નહી દઇએ, તેમ રાજ્ય પણ નહી આપીએ. માટે જ્યાં સુધી મ્હારાં માણસો, એ ગણિકાને ઘેર જઇને ખાત્રી કરી આવે ત્યાં સુધી ત્હારે અહિં રહેવું પડશે. હજુ અમારે તને પૂછવું છે. પછી તને રાજ્ય આપશું." શુકે કહ્યું. "મને તમારા ઉપર કિંચિત્ વિશ્વાસ નથી, તથાપિ હું ક્ષણ વાર રહું છું. જાઓ, ગણિકાના આવાસમાં જોઇ આવો."

એ ઉપરથી રાજાની આજ્ઞાથી સેવકો ગણિકાને ઘેર ગયા, સર્વ ઘર જોયું તથાપિ કુમારને ક્યાંય પણ દીઠો નહી. ગણિકાને પૂછ્યું. "રાજાનો જમાઈ ક્યાં છે?" તેનો પણ તેણીએ ઉત્તર આપ્યો નહી. માણસો પાછાં આવ્યાં ને સર્વ રાજાને કહ્યું. રાજાએ તે ઉપરથી વિચાર્યું. "કંઇ સમજાતું નથી; વૃત્તાંત બહુ ગહન લાગે છે; માટે પોપટનેજ પૂછીએ." "હે પોપટ! તું કેમ અમને વૃથા છેતરે છે! હજુ આગળ કથા કહે; હજુ કથા અધુરી છે; ત્હારા વિના આ વાતનો જાણનાર કે કહેનાર અન્ય કોઇ નથી." પછી પોપટ બોલ્યો. "હે રાજન્! હું તમને જ્યાં સુધી સર્વ વાત નહિં કહું, ત્યાં સુધી તમે મને છોડવાના નથી માટે કહું છું. સાંભળો, મ્હારા કહેવાથી સર્વને પ્રમોદ થશે માટે કહું છું. સર્વ ડસ્યા પછી અનંગસેનાએ મનમાં ચિંતવ્યું કે, "નિશ્ચે આ રાજ જમાઈ અદ્ભૂત સૌભાગ્યવાન્ છે માટે આ ભવને વિષે એ

જ મ્હારો ભર્તાર થાઓ. પણ જો રાજા જાણશે તો તેને અહિં નહિં રહેવા દે. માટે એવો ઉપાય કરૂં કે, તે અહિંથી પાછો જઈ શકે નહીં" એમ વિચારીને ગણિકાએ તે સૂતો હતો તે વખતે નિંદ્રામાંજ તેને પગે એક મંત્રેલો દોરો બાંધ્યો. એટલે તુરતજ તે પોપટ થઇ ગયો; ને તેને તેણીએ પાંજરામાં ઘાલ્યો. પછી તે પોતાની ઇચ્છાએ દોરો છોડી લઈ મનુષ્ય બનાવે ને તેની સાથે ક્રીડા કરે ને વળી દોરો બાંધી પોપટ બનાવી પાંજરામાં ઘાલેછે. આમ જોઈ કુમાર વિચાર કરેછે કે, " અહો ! મનુષ્યના ભવમાં પણ મને તિર્યંચ પણું પ્રાપ્ત થયું. મેં પૂર્વે ભવે કંઇ કર્યું હશે. કારણ કે, આ ભવમાં તો કંઇ અકાર્ય કર્યું નથી. પણ ના, આજ ભવમાં મેં અકાર્ય કર્યાં છે. માત પિતાએ ન દીધેલી એવી મદાલસા સાથે મેં પાણીગ્રહણ કર્યું છે; ને રાક્ષસના આપ્યા વિના પંચ રત્ન લીધાં છે. એ બે પાપ મેં કર્યાં છે. પછી એક ગીધ પક્ષી બીજા ગીધ પક્ષીનું ભક્ષણ કરે, તેમ પેલા સમુદ્રદત્તે પણ મ્હારા ધાન્ય-ધન-મદાલસા આદિ ગ્રહણ કરવાને મને સમુદ્રમાં ફેંકી દીધો, ત્યાં મને મત્સ્યે ગળ્યો. વળી ત્રિલોચનાના આવાસમાં વૃદ્ધા સ્ત્રી આવી, ત્યારે મદાલસા એવું સરખું નામ સાંભળીને તેણીની સ્વામિની મદાલસા ઉપર પોતાની સ્ત્રીની ભ્રાંતિથી અનુરાગી થયો તથા જિનપૂજા સમયે અન્ય વ્યાપાર ત્યજ્યાં છતાં પણ કૌતુકથી આકર્ષાઇને પુષ્પમાંના મુદ્રિત થયેલા નાળવાને ઉઘાડવા ગયો. એ ઉઘાડવાની દેવપૂજામાં જરૂર નહોતી. તેથી અનર્થદંડનું પાતક લાગ્યું. એટલે એ બે પાપને લીધે મને સર્પે દંશ દીધો તથા મનુષ્યપણામાં પણ મ્હારે પોપટ થવું પડયું. અથવા આ તો હજુ પાપરૂપી વૃક્ષનાં પુષ્પ છે; ફળ તો આગમમાં કહ્યાં છે તે પ્રમાણે આ જીવની નરક ગતિ થશે. "આમ કુમાર પોતાના પાપને સંભારી સંભારીને આત્માની નિંદા કર્યા કરે છે. એમ કરતાં કરતાં અનંગસેના ઉપરના અનુરાગને લીધે તે એક માસ ત્યાં રહ્યો. તેવામાં આજેજ અનંગસેના કયાંય બહાર ગઇ ને પોપજનું પાંજરૂં ઉઘાડું રહી ગયું હતું તેનો લાભ લઇને, પરિજનોને મુખેથી પટહોદ્‌ઘોષણા સાંભળીને તે ( રાજકુમાર ) પોપટે ઉડી જઇને પટહને સ્પર્શ્યો. તેજ હે રાજન્, હું" આમ પોપટ બોલે છે એટલામાં તો તેને પગે બાંધેલો દોરો રાજાએ છોડી નાંખ્યો એટલે કુમાર મૂળરૂપે પ્રગટ થયો; ને સર્વને હર્ષ થયો. તેજ વખતે મહેશ્વરદત્તે તેને પોતાની પુત્રી સહસ્રકળા આપી; ને પૂર્ણ મહોત્સવ સહિત કુમારે તેણીનું પાણીગ્રહણ કર્યું.

આ પ્રમાણે હવે તેને ત્રણે સ્ત્રીઓ થઇ. અનંગસેનાને પણ તેણે સ્ત્રી કરીને રાખી. પછી રાજાએ માલણને બોલાવી માર મારવા પૂર્વક પુષ્પ મધ્યે રહેલા તાંબૂલિક સર્પનો વૃત્તાંત પૂછ્યો. ત્યારે તે બોલી. "હે રાજન્! એ સર્વ ઉત્તમચરિત્રને મારી નાંખવા સારૂં સમુદ્રદત્તે કર્યું છે. બંધીખાને રહ્યો છે ત્યાંથી તેણે મને પાંચસો સોનૈયા આપીને મ્હારી પાસે આવું કરાવ્યું છે. મેં પણ લોભને લીધે એ કર્યું છે." એટલે રાજાએ બહુ કોપાયમાન થઇને તેણીને હણવાનો આદેશ કર્યો, પણ ઉત્તમચરિત્રે તે બન્નેને છોડાવ્યાં. પછી રાજાએ તેમનું સર્વસ્વ લઈ લઇને તેમને દેશપાર કાઢી મૂકયા.

હવે રાજાએ તો પૂર્વે ઉત્પન્ન થયેલા વૈરાગ્યને લીધે ને પોતાને પુત્ર ન હોવાથી, જમાઇને રાજ્ય આપી દીક્ષા લીધી. મહેશ્વરદત્તે પણ પોતાનું સર્વસ્વ ઉત્તમચરિત્ર કુમાર જમાને આપ્યું ને પોતે દીક્ષા લીધી. હવે ઉત્તમચરિત્ર કુમાર રાજા થયો. એટલામાં પેલો ભ્રમરકેતુ રાક્ષસ સાઠ લાખ પ્રમાણ રાક્ષસોનું લશ્કર એકઠું કરીને નૈમિત્તિકને પૂછવા લાગ્યો. મ્હારો વૈરી ઉત્તમચરિત્ર કયાં છે?". તે નૈમિત્તિકે કહ્યું. "મ્હારી પુત્રી મદાલસાને પરણીને મ્હારાં સારભૂત એવાં પાંચે રત્નોને લઇને હમણાં મોટપલ્લી નામે સમુદ્ર તટ ઉપર આવેલા

દેશનું રાજ્ય કરે છે?" તે સાંભળી ભ્રમરકેતુએ વિચાર્યું. "અહો! ભવિતવ્યતા અલંઘ્ય છે. મેં સમુદ્રને વિષે રહેલા પર્વતમાંના કુવાના દ્વારમાં મનુષ્ય કે દેવ દાનવને પણ અગમ્ય એવા ગુપ્ત આવાસમાં મદાલસાને રાખી હતી, તેણીને પણ તે પરણી ગયો ને મ્હારા જીવનથી પણ અધિક એવો પંચ દીવ્યકનો પણ લઈ ગયો. અહો! નૈમિત્તિકના જ્ઞાનને ધન્ય છે! અહો! એ પુરુષના પણ અતિશય ભાગ્ય સમજવાં! કે તે ગમને કુશસ્થળીને વિષે મ્હારી સાથે યુદ્ધ કરી તેણે એકલાએ મ્હારો પરાજય કર્યો! હું તેને છેતરી શક્યો નહીં. તો હવે તો એણે રાજ્ય મેળવ્યું છે; પાંચ રત્નના પ્રભાવથી તેના ભંડાર પણ પૂર્ણ થયા છે એટલે તો વિભવ સમૃદ્ધિથી પરિપૂર્ણ એવો એ હવે કેમ જીતાય? અથવા જમાઈ સાથે કલહ કરવામાં શી શોભા?" એમ વિચારી શત્રુ ભાવ ત્યજી દઈને ત્યારપછી નગરે આવીને નજરાના સહિત ઉત્તમચરિત્ર કુમારને નમસ્કાર કરીને તેની આજ્ઞા લઈ પોતાને સ્થાનકે પાછો ગયો.

એકદા ઉત્તમચરિત્ર કુમારની રાજસભામાં કોઈ લેખ લઈને જાસુદ આવ્યો, ને તેણે રાજાના હાથમાં લેખ આપ્યો. રાજાએ ઉઘાડીને વાંચવા માંડ્યો. "સ્વસ્તિ શ્રી વારાણસી નગરીથી રાજા મકરધ્વજ પોતાના પુત્ર ઉત્તમચરિત્ર કુમારને દૃઢ આલિંગન પૂર્વક કુશળ સમાચાર સહિત કહેવરાવે છે કે, "તું પરદેશ ચાલ્યો ગયો ત્યારથી અમે તને નહિં જોવાથી ત્હારી શોધમાં ઘોડેસ્વાર, પાળા, જાસુદો આદિને મોકલ્યા, પણ ક્યાંય ત્હારી ભાળ લાગી નહીં. તું ગયો ત્યારથી ગામે ગામ, નગરે નગર, પર્વતે પર્વત, દ્વીપે દ્વીપ તપાસ કરાવી, પરંતુ ત્હારી વાર્તા પણ ન પામ્યા. વળી, હું હવે વૃદ્ધાવસ્થાને લીધે અને રાજ્યનો ભાર ઉપાડવાને અસમર્થ એવો ત્હારા વિયોગથી બહુ વ્યાકુળ થયો છું. અમને હમણાંજ ખબર પડી છે કે, તું મોટપલ્લી વેલાકુળમાં રાજ્ય કરે છે. તેથી અમે આ લેખ ત્હારા તરફ મોકલાવ્યો છે. માટે આ લેખ વાંચીને ત્હારે તુરતજ અહિં આવવું."

આ પોતાના પિતા તરફનો પત્ર વાંચીને ઉત્તમચરિત્ર પ્રધાનોને રાજ્ય ભળાવી સૈન્ય તથા ચારે સ્ત્રીઓને લઇને વાણારસી નગરીએ જવા નીકળ્યો. માર્ગે ચિત્રકૂટ નગરે આવ્યો. ત્યાંનો રાજા મહાસેન વૈરાગ્ય પ્રાપ્ત થવાથી અને પોતાને પુત્ર નહીં હોવાથી રાજ્યને યોગ્ય પુરુષ શોધી આપવા દેવીનું આરાધન કરતો હતો, એટલે સંતુષ્ટ થયેલી દેવીએ કહ્યું હતું કે, "પ્રભાતે ત્હારા રાજ્યરૂપ ભારને ધારણ કરવા સમર્થ એવો ઉત્તમચરિત્ર કુમાર અહિં આવશે, તેને ત્હારૂં રાજ્ય નિઃશંકપણે સોંપીને તું નિશ્ચિંતપણે ત્હારૂં મનવાંછિત કરજે." એટલે રાજાએ દેવતાના વચનને અનુસરીને આ ઉત્તમચરિત્ર કુમારને રાજ્ય સોંપીને પોતે ચંદ્રશેખરસૂરિ પાસે દીક્ષા લીધી. રાજ્યપદ ધારણ કરી ઉત્તમચરિત્ર કેટલાએક દિવસ ત્યાં રહ્યો. પછી આગળ ચાલ્યો. માર્ગે મેવાડ, માળવા, કચ્છ, કર્ણાટક આદિ દેશોને પોતાને હસ્તગત કરી ત્યાં ત્યાં પોતાના માણસો મૂકી ગોપાળગિરી નામના મહા દુર્ગ પાસે આવ્યો. ત્યાંનો વીરસેન નામનો રાજા, સિંધુ સૌવીર આદિ દેશનો અધિપતિ, બાર અક્ષૌહિણી સૈન્યનો સમુદાય લઇને ઉત્તમચરિત્રની સન્મુખ આવ્યો ને દૂત મુખે કહેવરાવ્યું કે, "મ્હારો દેશ છોડીને તું અન્યત્ર જા. નહિં તો યુદ્ધ કરવા સજ્જ થા." દૂતની આવી વાણી સાંભળી ક્રોધ પામી ઉત્તમચરિત્ર યુદ્ધ કરવા સજ્જ થયો. બન્નેનાં સૈન્ય વચ્ચે મહા ઘોર સંગ્રામ થયો. તેમાં ઉત્તમચરિત્રનો જય થયો ને તેણે વીરસેનને જીવતો બાંધ્યો ને પોતાની આજ્ઞા મનાવીને પછી છોડ્યો. છેવટે વીરસેને પણ વૈરાગ્ય પામી પોતાનું રાજ્ય ઉત્તમચરિત્રને સોંપી એક હજાર નૃપતિઓની સંગાથે દીક્ષા ગ્રહણ કરી. અહિં પણ કેટલાક દિવસ રહીને ઉત્તમચરિત્ર ફરી વાણારસી નગરી તરફ ચાલ્યો. ત્યાં પહોંચ્યો એટલે પિતાને પાયે પડ્યો ને પિતાએ પણ

તેનો બહુ આડંબરે સહિત પ્રવેશ મહોત્સવ કરાવ્યો. પછી પિતા મકરધ્વજ રાજાએ તેને રા જ્ય સોંપીને પ્રવજ્યા ગ્રહણ કરી. આમ ઉત્તમચરિત્ર ચાર રાજ્યનો સ્વામી થયો. તેણે પૂર્વ પુન્યના પ્રભાવે ચિરકાળ પર્યંત સુખ ભોગવ્યું. તેને ચાળીશ કોટિ ગામ, ચાળીશ લાખ હાસ્તી, તેટલાજ અશ્વ, તેટલાજ રથ અને તેટલાજ પાળા—આ પ્રમાણે ઋદ્ધિ થઇ. પછી તેણે ગામે ગામ જિનપ્રસાદ કરાવ્યાં; વર્ષે વર્ષે રથયાત્રાદિ મહોત્સવ કરાવ્યાં, ને સર્વ ગામમાં કર માફ કર્યા.

એકદા ત્યાં કેવળી સાધુ આવ્યા તેમને તે વંદન કરવા ગયો. ત્યાં જઇ વંદન કરી ધ ર્મોપદેશ સાંભળીને ઉત્તમચરિત્ર કુમારે પૂછયું. "હે ભગવન્! શા કર્મથી મ્હારે આવી લક્ષ્મી પ્રાપ્ત થઈ? વળી મ્હારે સમુદ્રમાં પડવું પડયું, પોપટની જાતિ ખમવી પડી, ગ ણિકા સાથે ભોગ ભોગવવા પડયા. આ સર્વ શાં શાં કર્મથી થયું? એ આપ કૃપા કરીને કહો." કેવળીએ કહ્યું. "હે રાજન્! સાંભળ-હિમવંત પર્વત ઉપર સુદત્ત નામે ગામમાં ધનદત્ત નામે કણબી રહેતો હતો, તેને ચાર સ્ત્રીઓ હતી. પહેલાં એ ધનવંત હતો, પણ પાછળથી કર્મના વશથી બહુ દરિદ્રી થયો. એકદા માર્ગને વિષે ચાર સાધુઓનાં વસ્ત્ર ચો ર લોકો લઇ ગયા, તે સાધુઓને તે ભદ્રક કણબીએ ઉદાર સ્વભાવે ને શ્રદ્ધા સહિત પો તાને ઓઢવાનાં એવાં ચાર શુદ્ધ ને શીતકાળને યોગ્ય વસ્ત્ર આપ્યાં. સર્વ સ્ત્રીઓએ તેની અનુમોદના કરી. અનુક્રમે મૃત્યુ પામીને તે ધનદત્તનો જીવ તે પુન્યને લીધે રાજા થયો તે તું; ચાર વસ્ત્ર દેવાથી ચાર રાજ્યનો સ્વામી થયો. તેનાથીજ તને પંચ દીવ્ય રત્ન, મણિ, કનક, ક્ષીરોદક રત્નકંબળ એવી એવી વસ્તુઓની સંપત્તિ થઇ. પૂર્વ ભવમાં તેં એકદા મુનિઓને મલિન ગાત્ર વસ્ત્રવાળા કહીને દુગંછા કરી હતી, તે કર્મથી ત્હારે મત્સ્યના ઉદ રમાં રહેવું પડયું. વળી એક પોપટને પાંજરામાં ઘાલ્યો તે પાપથી ત્હારે પણ અહિં પો પટ થઇ પાંજરામાં રહેવું પડયું. અનંગસેનાએ પણ પોતાના પૂર્વ ભવને વિષે પોતાની એક અદ્ભુત શૃંગાર સજીને આવતી સખીને જોઇને આહા! ગણિકા આવી! એમ કહીને હાંસી કરી હતી તેથી તેને ગણિકાનો અવતાર લેવો પડ્યો." એ સાંભળીને વૈરા ગ્ય પામી રાજાદિકે પોતાના પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. પછી તીવ્ર તપશ્ચર્યા કરીને દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રે મુક્તિ પામશે. ઇતિ ઉત્તમચરિત્ર કુમારની કથા.

## ક્ષેમંકર મુનિ.

ઉત્તમ પુરુષોએ મોક્ષ સુખની પ્રાપ્તિને અર્થે, ક્ષેમંકર નામના મહા સાધુની પેઠે પો તાની શક્તિ પ્રમાણે પોતાના કુટુંબને પ્રતિબોધ આપવો. કોઇ ગૃહસ્થે પોતાનું અન્ન બદલા વીને બીજાના ઘરનું આણેલું અન્ન હોય, તે સાધુએ લેવું નહી. કારણ કે તે અકલ્પનિક છે.

વસંતપુર નામના નગરને વિષે નિલય નામે શેઠને સુદર્શના નામે સ્ત્રી હતી. તેમને ક્ષેમંકર અને દેવદત્ત નામે પુત્ર તથા લક્ષ્મી નામે પુત્રી હતી. એજ નગરમાં તિલક નામે શેઠને સુંદરી નામે પત્નીની કુક્ષિએ ધનદત્ત નામે પુત્ર અને બંધુમતી નામે પુત્રી થયાં. એ કદા નિલય શેઠના પુત્ર ક્ષેમંકરે આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી દેવદત્તનાં બંધુમતી સાથે અને ધનદત્તનાં લક્ષ્મી સાથે લગ્ન થયાં. એવામાં કર્મને વશે ધનદત્તની દશા બહુ દરિદ્રી થઇ; ને તેને કોદરાનું અન્ન પણ દુર્લભ થઇ પડયું, પણ દેવદત્તને તો સદા શાળિ પ્રમુખ આહાર મળતો. એકદા ક્ષેમંકર સાધુ વિહાર કરતા કરતા ત્યાં આવ્યા, ને વિચારવા લાગ્યા. "જો હું દેવદત્ત ભાઇને ઘેર આહાર લેવા જઇશ, તો દારિદ્રથી પરાભવ પામેલી મ્હારી બ

કમી બ્હેનને ઓછું લાગશે, કે મ્હારે ઘેર મ્હારો ભાઇ સાધુ થયો છે તે પણ વહોરવા આવ્યો નહી. માટે બ્હેનને ત્યાંજ હું ભિક્ષાર્થે જઉં." એમ વિચારી ભિક્ષા વેળાએ બ્હેનને ઘેર ગયા. ત્યાં તેણીએ વિચાર્યું. "એક તો એ મ્હારો ભાઇ છે; વળી દીક્ષા લઈ સાધુ થયો છે ને ત્રીજું એ કે એ એક પરોણો થયો, તો મ્હારા ઘરમાં તો કોદરાનું અન્ન છે, તે એને કેમ અપાય? મ્હારા ઘરમાં શાળિ તો નથી, માટે મ્હારી ભાભીને ઘેરથી આ કોદરાને બદલે શાળિ લઈ આવું." એમ વિચારી શાળિ (ચોખા) લઈ આવી ક્ષેમંકર સાધુને વહોરાવી. પછી બંધુમતીનો ભર્તાર દેવદત્ત જમવા આવ્યો, ત્યારે બંધુમતીએ પૂછ્યું. "હે પ્રિય! આજ તો કોદરા જમવાના છે; જમશો કે?" દેવદત્તને શાળિને બદલે કોદરા આવ્યાની વાતની ખબર નહોતી, તેથી તેણે વિચાર્યું. "આ કૃપણ સ્ત્રીએ આજે કોદરા રાંધ્યા લાગે છે; શાળિ રાંધી નથી." એમ ધારી તે તેણીને પ્રહાર કરવા લાગ્યો. ત્યારે તે બોલી." તમે મને શા વાસ્તે મારો છો? તમારી બ્હેનજ શાળિ લઇ ગઇ છે અને આ કોદરા મૂકી ગઇ છે."

હવે ધનદત્ત પણ જ્યારે જમવા આવ્યો, ત્યારે તેની સ્ત્રી લક્ષ્મીએ તેને ક્ષેમંકરને વહોરાવતાં બાકી રહેલી શાળિ ગૌરવ સહિત પીરસી, ત્યારે તેણે પૂછ્યું. "હે પ્રિયે! આ શાળિ તેં ક્યાંથી આણી?" ત્યારે તેણીએ સર્વ વૃત્તાંત કહ્યો. તે ઉપરથી ધનદત્ત ક્રોધ કરીને બોલ્યો. "હે પાપિણી! તેં શા માટે એમ કર્યુ? આપણા ઘરના કોદરા મૂકીને તેં શા માટે ચોખા વહોરાવ્યા? પારકે ઘેરથી તેં શાળિ આણીને મ્હારા ઘરને મલીન કર્યું છે." એમ કહીને તેણે પણ લક્ષ્મીને મારી. આ બન્ને ઘેર બનેલો વૃત્તાંત સાધુએ લોકોના મુખથી સાંભળ્યો. એટલે રાત્રીએ સર્વેને બોલાવીને તેણે પ્રતિબોધ આપીને કહ્યું. "અમારે સાધુઓનેજ એવો આહાર કલ્પે નહી, પરંતુ તે મેં અજાણતાં ગ્રહણ કર્યો હતો. કળહ આદિ દોષના સંભવથી ભગવંતેજ તેનો નિષેધ કર્યો છે. પછી તેણે જિનપ્રણીત ધર્મ વિસ્તાર સહિત સૌને કહી સંભળાવ્યો. તે સાંભળીને સૌને સંવેગ થયો એટલે તેમણે દીક્ષા ગ્રહણ કરી. કાળે કરીને તેઓ મુક્તિને પામશે. ઇતિ ક્ષેમંકર મુનિની કથા.

## ક્ષુલ્લકમુનિ.

કુસુમપુર નામના નગરને વિષે ચંદ્રગુપ્ત રાજા રાજ્ય કરતો હતો. તેને ચાણાક્ય નામનો પ્રધાન હતો. તે નગરને વિષે જંઘાબળ રહિત (વહાર કરવાને અશક્ત) એવા સુસ્થિત આચાર્ય રહેતા હતા. એકદા ત્યાં દુકાળ પડ્યો તે વખતે આચાર્યે વિચાર્યું કે, "આ મ્હારા સમૃદ્ધ નામના શિષ્યને સૂરિપદે સ્થાપીને તેને સકળ ગચ્છ સાથે સુભિક્ષ હોય, ત્યાં મોકલું." એમ વિચારી તેમણે અંજનસિદ્ધિવિદ્યા સંબંધી વ્યાખ્યાન કર્યું. ત્યારે બે ક્ષુલ્લક શિષ્યોએ અદ્રશ્ય કરનારૂં સિદ્ધઅંજન કોઇ પણ રીતે સાંભળ્યું. પછી સમૃદ્ધને આચાર્ય પદે સ્થાપન કર્યો. પછી સર્વ શિષ્યોને દેશાંતર મોકલી પોતે એકલાજ ત્યાં રહ્યા. કેટલાએક દિવસ પછી બે ચેલા ત્યાં આવીને તેમની સાથે રહ્યા. સૂરિને જે કંઇ ભિક્ષામાં મળતું, તે હવે તેઓ તે બન્ને શિષ્ય સાથે વહેંચીને ખાવા લાગ્યા. આમ કરવાથી આહારની અપરિપૂર્ણતાને લીધે સૂરિ દુર્બળ થઇ ગયા. તે જોઇને શિષ્યો પરસ્પર કહેવા લાગ્યા. "આપણે ભાગ પડાવીએ છીએ તેથી ગુરુ ભૂખ્યા રહે છે માટે આપણે પૂર્વે શ્રવણ કરેલું અંજન આંજીને અદ્રશ્ય થઈ ચંદ્રગુપ્તની સાથે ભોજન કરીએ." એમ વિચાર કરી બન્ને શિષ્ય નિરંતર તેની સાથે અદ્રશ્યપણે ભોજન કરવા લાગ્યા. તે ઉપરથી ચંદ્રગુપ્ત પણ પોતાને અલ્પ આહાર મળવાથી દુર્બળ થવા લાગ્યો. ચાણાક્યે તેની દુર્બળતાનું કારણ પૂછવા ઉપરથી તેણે જણાવ્યું કે, "મને પરિપૂર્ણ

આહાર મળતો નથી." ચાણાક્યે વિચાર્યું. "આને આહાર તો ઘણો પીરસવામાં આવે છે, છતાં તે આહાર અલ્પ મળે છે એમ કહે છે, માટે નિશ્ચે કોઈ અંજનસિદ્ધ પુરુષ આવીને રાજા સાથે જમી જાય છે." એમ કહી એ અંજનસિદ્ધને પકડી કાઢવાને તેણે ભોજન મંડપને વિષે ઇંટનું સૂક્ષ્મ ચૂર્ણ પથરાવ્યું, તો તેમાં તેણે બે જણનાં પગલાં પડેલાં દીઠાં. તેથી તેને નિશ્ચય થયો કે, કોઈ બે મનુષ્ય આવીને જમી જાય છે. એટલે તેણે દ્વાર બંધ કરી બહુ ધૂમાડો કરાવ્યો. એટલે પેલા બે શિષ્યોનાં નેત્રને પણ તેથી પીડા થવા લાગી, ને તેમાંથી પાણી નીકળવા લાગ્યું. તેથી પેલું અંજન ધોવાઇ ગયું અને તેઓ રાજા અને મંત્રીની દૃષ્ટિએ પડ્યા. "આમણે મને વટલાવ્યો" એમ કહીને રાજા તેમની નિંદા કરવા લાગ્યો; પણ ચાણાક્યે તો શાસનની હેલના ન થાય એટલા માટે સમાધાન નિમિત્તે ઉઠી તેમની વંદના કરી પ્રશંસા કરી કે, "અહો રાજા! તને ધન્ય છે કે, આવા બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારાઓથી તું પવિત્ર થયો!" એમ કહીને પેલા શિષ્યોને વંદન કરીને તે બંને ઉત્સવે મોકલાવ્યા. પછી રાત્રીએ ચાણાક્ય ઉપાશ્રયે આવીને સૂરિ પાસે શિષ્યની વર્તણૂક કહી અનાદરીને બોલ્યો. "આ શિષ્યો શાસનને અપવાદ આપનારા છે." સૂરિએ શિષ્યોને ઠપકો દઈ ચાણાક્યને પણ કહ્યું કે, "એમાં તો તમારોજ અપરાધ છે. કારણ કે, તમે આ બે મહાત્માના નિર્વાહને અર્થે પણ ચિંતા કરતા નથી." તે સાંભળી ચાણાક્યે કહ્યું. "હે ભગવન્! આજથી હુંજ એમના અન્ન પાણીની ચિંતા કરીશ." એમ કહી તેમને વંદન કરીને ખમાવ્યા. ને ત્યાંથી જઈ તે સકળ સંઘની પણ અન્ન પાણીની ચિંતા કરવા લાગ્યો. પછી પેલા બે શિષ્યોએ ગુરુ પાસે યોગ્ય આલોયણ લીધું ને તપશ્ચર્યા કરી તેઓ સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવી અનુક્રમે મોક્ષ પામશે. ઇતિ ક્ષુલ્લક મુનિની કથા.

## બીજા ક્ષુલ્લક મુનિ અને સુલોચના.

ચિત્રકૂટ નામે નગરને વિષે એકદા સિંહ નામના આચાર્ય સપરિવાર સમવસર્યા. એકદા ત્યાં સેવૈયા મોદક (લાડુ) મળવાનો અવસર હતો, તે દિવસે પોરસી થયા પછી સર્વ તરુણ સાધુઓ સાથે બેઠા બેઠા વાતો કરતા હતા. તેવામાં તેમનામાંથી એક શિષ્ય બોલ્યો. "આજે આપણામાંથી કોણ સેવૈયા મોદક લાવી આપશે?" તે સાંભળી ગુણચંદ્ર નામનો એક ક્ષુલ્લક મુનિ બોલ્યો. "હું લાવી આપીશ." ત્યારે બીજાએ કહ્યું. "ઘૃતને ખાંડ સહિત એ મોદક મળશે કે તે વિના મળશે?" ગુણચંદ્રે કહ્યું. "જેવી તમારી ઇચ્છા હશે તેવા મળશે." આવી પ્રતિજ્ઞા કરીને ગુણચંદ્ર ક્ષુલ્લક પાત્ર લઈને ભિક્ષાને અર્થે ચાલ્યો, ને કોઈ કણબીના ઘરમાં પેઠો. તો ત્યાં તેણે બહુ મોદક ઘી ખાંડ યુક્ત જોયા. તે તેણે ઘરધણી સુલોચના પાસે માગ્યા. સુલોચનાએ સર્વ પ્રકારે આપવાને ના કહી. તે ઉપરથી ગુણચંદ્રે ક્રોધ કરીને કહ્યું. "હું નિશ્ચય કરું છું કે, આજે તારી પાસેથી ઘી ખાંડ સહિત આ મોદક ગ્રહણ કરવા." પછી સુલોચના પણ તે સાંભળી રોષાયમાન થઇ બોલી કે, "જો તું એ ગ્રહણ કરે, તો મ્હારું નાક કાપવું." ક્ષુલ્લક મુનિ "મ્હારે અવશ્ય તેમજ કરીને ગ્રહણ કરવા છે." એમ ચિંતવન કરીને ઘરથી બહાર નીકળ્યો. બહાર નીકળી કોઈ જણા આગળને પૂછ્યું. "આ ઘર કોનું છે?" પેલાએ કહ્યું. "વિષ્ણુમિત્રનું." ક્ષુલ્લકે ફરી પ્રશ્ન કર્યું કે, "તે હમણાં ક્યાં છે?" તેણે તેને ઉત્તર આપ્યો કે, "તે સભામાં ગયા છે." એ સાંભળી ક્ષુલ્લકે ત્યાં જઈને પૂછ્યું. "સભાજનો, તમારામાં વિષ્ણુમિત્ર કોણ?" ત્યાં મિત્રજનોએ તેને આવું પ્રશ્ન કર્યું કે, "મહારાજ! તમારે વિષ્ણુમિત્રનું શું કામ છે?" ક્ષુલ્લકે કહ્યું. "મ્હારે તેની પાસેથી કંઇ માગવું

છે ?" તે ઉપરથી તો સૌ હસી પડીને બોલવા લાગ્યા. "અરે બાપુ! એ તો જ્હેનનો મજો છે! એમાં કાંઈ નથી; એનો બધા કૃપણ છે; તે તને કંઈ આપવાનો નથી; અમારી પાસે માગીશ તો અમે તને કંઈ આપીશું."

એ સાંભળીને ત્યાં તેમની સાથેજ બેઠેલો વિષ્ણુમિત્ર વિચારવા લાગ્યો. "મ્હારી નિંદા ન થાઓ." એમ ધારીને તે ક્ષુલ્લકની પાસે આવી તેને કહેવા લાગ્યો. "હે બાપુ! હું વિષ્ણુમિત્ર છું. ત્હારે જે માગવું હોય તે મ્હારી પાસે માગ. આ લોકનાં હાસ્યવચન તું સાંભળીશ નહી." ત્યારે પેલા ક્ષુલ્લકે કહ્યું. "જો તું સ્ત્રીને આધીન ગણાવેલા છ પુરુષો માંનો એકે ન હોય, તો ત્હારી પાસે યાચના કરૂં." તે સાંભળીને સભામાં બેઠેલા લોકો પૂછવા લાગ્યા. "એ સ્ત્રીવશ છ પુરુષો કયા? કે જેમાંનો એક તમે આને આશંકો છો (ધારો છો, ધારો છો)?" પેલા શિષ્યે કહ્યું. "એ છ પુરુષો આ પ્રમાણે છે:—

શ્વેતાંગુલિ, બકોડ્ડાયી, તીર્થસ્નાયી, કિંકર, હદનક અને ગૃધરિંખી. એમનાં છએન કથાનક છે. તેમાં પહેલાનું કથાનક આ પ્રમાણે છે.

કોઈક ગામને વિષે કોઈક પુરુષ પોતાની સ્ત્રીની ઇચ્છા પ્રમાણે વર્તનારો હતો. એ પ્રભાતે ઉઠીને સ્ત્રીને કહેવા લાગ્યો. "હે પ્રિયે! હું ક્ષુધાતુર થયો છું, માટે ભોજન આપ." ત્યારે પેલી સ્ત્રી કહેવા લાગી. "મને આળસ થાય છે; હું તો ઉઠવાની નથી. માટે તું ઉઠીને ચૂલામાંથી રક્ષા કાઢી બહાર ફેંકી દઇ પાડોશીને ઘેરથી અગ્નિ લઇ આવી ચૂલામાં મૂકી લાકડાં નાંખીને સળગાવ, ને તેના ઉપર રાંધવાનું વાસણ પણ તું મૂક. પછી (અન્ન પકવ થયે એટલે) હું તને પીરસીશ." સ્ત્રીવશ પતિને તે આ પ્રમાણે કહી પ્રેરતી. તે એ ઉપરથી નિરંતર એમ કરવા લાગ્યો. એમ કરતાં કરતાં નિત્ય ચૂલામાંથી રક્ષા કાઢવાથી તેની આંગળીઓ શ્વેત થઈ ગઈ! તે જોઇને લોકોએ તેનું શ્વેતાંગુલિ (શ્વેત આંગળીવાળો) એવું નામ પાડયું.

બીજા બકોડ્ડાયી એટલે બક પક્ષીને ઉડાડનારાની કથા આ પ્રમાણે છે.

કોઈ ગામને વિષે કોઈ પુરુષ પોતાની સ્ત્રીના મુખદર્શનનો લાલચુ હતો; ને તેણીની આજ્ઞા પ્રમાણે વર્તનારો હતો. અન્યદા પેલીએ કહ્યું. "મને આળસ થાય છે, તેથી હું તો સૂતી છું. માટે તમેજ જઇને તળાવેથી પાણી ભરી આવો." પેલો તો તેણીના વચનને દેવતાનાં વચન સરખાં જાણીને અભિમાન રાખતો કહેવા લાગ્યો. "હે પ્રિયે! જેવી તું આજ્ઞા કરીશ તે પ્રમાણે કરવા હું તૈયાર છું." એમ કહી દિવસે તો લોકો જુએ, તે ભયથી રાત્રીને પાછલે પહોરે ઉઠીને પ્રતિ દિવસ જળ ભરી લાવવા લાગ્યો. તેના જવા આવવાથી તેના પગલાના સંચારના શબ્દથી તથા તળાવમાં ઘડો ભરતાં થતા બુડબુડ શબ્દથી, ત્યાં તળાવના તીર ઉપરના વૃક્ષ ઉપર સુખ સુતેલા બક પક્ષીઓ જાગી ઉઠીને ઉડી જવા લાગ્યા. આ વૃત્તાંત લોકોએ જાણ્યો, એટલે તેનું નામ બકોડ્ડાયી એટલે બક પક્ષીને ઉડાડનારો એવું પાડયું.

કિંકરનું વૃત્તાંત એમ છે કે-કોઇક ગામને વિષે કોઈ પુરુષ પોતાની સ્ત્રીનાં સ્તન-જંઘા આદિના સ્પર્શનો લંપટ હતો; તથા તેણીને વશવર્તી હતો. તે પ્રાતઃકાળે ઉઠીને અંજલિ જોડીને કહેતો કે, "હે પ્રિયે! શી આજ્ઞા છે?" ત્યારે તે કહેતી કે, "તળાવથી પાણી ભરી લાવ." એ સાંભળીને તે તળાવથી પાણી લઈ આવતો. વળી કહે કે, "પાણી ભરી આવ્યો, હવે બીજું શું કરૂં?" ત્યારે પ્રાણેશ્વરી કહે કે, "કોઠારમાંથી ડાંગર કાઢીને ખાંડ, કે રાંધવાના કામમાં આવે." વળી જળ લાવીને મારા પગ ધો." આમ તે કહે, તે પ્રમાણે તે પુરુષ કરવા લાગ્યો. એ આ પ્રમાણે કિં કરોમિ? કિં કરોમિ? (શું કરૂં) એમ તેની સ્ત્રીને પૂછતો તે ઉપરથી લોકોએ તેનું નામ કિંકર (નોકર) પાડયું.

હવે તીર્થસ્નાયીનો વૃત્તાંત આ પ્રમાણે-કોઈક ગામમાં કોઈ પુરુષ સ્ત્રીને વશવર્તી ર

હેતો હતો. એકદા તેણે તેની સ્ત્રીને કહ્યું; "હે પ્રાણેશ્વરી! મ્હારે સ્નાન કરવાની ઇચ્છા થઇ છે." પેલીએ કહ્યું. "જો એમ હોય તો આમળાં લઇને પથરા ઉપર વાટો, ને પોતીયું પહેરીને અંગે તેલનું મર્દન કરી લ્યો, ને પછી જાઓ ઘડો લઇને તળાવે; ત્યાં નાહી કરીને પાછા આવો ત્યારે એ ઘડો ભરતા આવજો." બિચારાએ સઘળું કામ પોતાને હાથે કર્યું ને સ્નાન કરીને આવ્યો ત્યારે ઘડો પણ ભરતો આવ્યો! ને ત્યારથી નિરંતર તે એમજ કરવા લાગ્યો. ત્યારે લોકોએ એનું વૃત્તાંત પ્રકટ કરવા સારૂ હાસ્યમાં તેનું સ્નાયક (સ્નાન કરનારો નામ પાડ્યું.)

પાંચમાનું વૃત્તાંત આ પ્રમાણે-એક ગામમાં કોઈ પુરુષ પોતાની સ્ત્રીની આજ્ઞામાં રહેતો હતો. તેણે એકદા પોતાની સ્ત્રી પાસે ભોજન માગ્યું; ત્યારે પેલીએ કહ્યું. "મ્હારી પાસે થાળી લઇને આવ. પેલો પણ "પ્રિયતમા જે આદેશ કરે છે તે પ્રમાણ છે" એમ કહીને થાળી લઇને તેણીની પાસે ગયો. તેમાં તેણીએ ભોજન પીરસ્યું ને પીરસીને કહ્યું. "હવે ભોજન સ્થાને જઇને જમ્ય." પેલા બિચારાએ તે ઉપરથી પાછા ભોજન સ્થાને જઇને જમવા માંડ્યું. તેણીએ પીરસેલું થઈ રહ્યું, ત્યારે તેણે શીરામણ માગ્યું, ત્યારે પણ તેણીએ તેને પોતાની પાસે બોલાવીને પીરસ્યું ને વળી તેને, તેને સ્થાનકે જઇને જમવાનું કહ્યું. આમ તે ગૃધ્ર પંખીની પેઠે રિંખતો ઉત્કંઠાને લીધે થાળી લઇને આવ્યો, ને છાશ પ્રમુખ તેણે ગ્રહણ કર્યાં. તેથી લોકોએ તે જોઇને તેનું હાસ્યમાં (ગૃધ્ર ઈવ રિંખતીતિ) ઉપરથી ગૃધ્રરિંખી એવું નામ પાડ્યું.

હવે છેલ્લું હદનજ્ઞનું કથાનક આ પ્રમાણે છે—કોઈ ગામમાં એક પુરુષ સ્ત્રી મુખદર્શનનો લંપટ હતો ને તેણીને આધીન પણ હતો. આ દંપતીને અનુક્રમે વિષયસુખ ભોગવતાં એક પુત્ર રત્ન સાંપડ્યો. તે બાળક એટલે પાલણામાંજ લઘુનીતિ, વડીનીતિ કરતો. તેથી પાલણું તથા પોતાના વસ્ત્ર ખરડી મુકતો. તેથી સ્વામીને તેની સ્ત્રી કહેતી. "જાઓ સ્વામીજી, આ પાલણું, બાળોતીઆં આદિ ધોઈ લાવો." સ્વામીનાથ તો 'પ્રિયા બોલે તે તહત્' એમ કરીને સર્વ કામ કરતા. લોકોએ એ જાણ્યું તેથી "એને બાળકનું હદન એટલે મળ મૂત્રાદિ સાફ કરવું તે આવડે છે" એમ કહી તેનું હદનજ્ઞ એવું નામ પાડ્યું."

પેલા ક્ષુલ્લકનાં આવાં છએ કથાનકો સાંભળીને તો પર્ષદાના સર્વ લોકો ખૂબ હસી પડ્યા; ને કહેવા લાગ્યા. "અરે સાધુ! તમે કહ્યા તે છએ પુરુષોના ગુણ એનામાં છે, તેથી એ પણ સ્ત્રીને વશ છે." તે સાંભળીને વિષ્ણુમિત્રે કહ્યું. "હું એ છ પુરુષો જેવો નથી, માટે હે સાધુ! તું ત્હારે મ્હારી પાસે માગ." ત્યારે ક્ષુલ્લકે કહ્યું. "મને ઘી ગોળ સહિત મ્હારૂં પાત્ર ભરાય તેટલી સેવ આપ." વિષ્ણુમિત્રે કહ્યું. "ચાલ આપું." એમ કહી તે તેને હાથે ઝાલી પોતાના ઘર ભણી ચાલ્યો. ઘર આવ્યું ત્યારે વિષ્ણુમિત્રને સાધુએ કહ્યું. "પહેલાં હું ત્હારે ઘેર આવી ગયો છું, પણ ત્હારી સ્ત્રીએ પ્રતિજ્ઞા લીધી છે કે 'હું તને કંઈ પણ આપું નહી.' માટે હવે ત્હારૂં બોલ્યું પાળ." વિષ્ણુમિત્રે કહ્યું. "જો એમ બન્યું હોય તો હમણાં જરા દ્વાર પાસે ઉભા રહો." પછી હું તમને બોલાવીશ." પછી વિષ્ણુમિત્રે અંદર જઇને પોતાની સ્ત્રીને પૂછ્યું. "પ્રિયે, સેવ રાંધી છે કે? ગોળ ઘી પણ મેળવ્યાં છે કે?" પ્રિયાએ કહ્યું. "સર્વ સજ્જ કરી મૂક્યું છે." વિષ્ણુમિત્રે કહ્યું. "ચાલ, બતાવ જોઇએ." ત્યારે પેલીએ રસવતી પ્રકટ કરી. ત્યારે તેણીને ગોળ લાવવાને બ્હાને તેણે મેડા ઉપર ચડાવીને પછી નીસરણી લઈ લીધી. પછી બહારથી ચેલાને બોલાવીને તેના પાત્ર પ્રમાણ સેવ વહોરાવી ને ઘી ગોળ પણ વહોરાવવા માંડ્યાં. એટલામાં ગોળ લઇને સુલોચના આવીને મેડેથી ઉતરવાનું કરે છે, પણ નીસરણી દીઠી નહી! એટલે વિસ્મય પામી આમ તેમ દૃષ્ટિ ફેરવે છે, ત્યાં તો

તેણે પોતાના સ્વામીને પેલા ક્ષુલ્લકને ઘી ગોળ સહિત સેવ વહોરાવતાં જોયો. એટલે તે સ્ત્રીએ વિચાર્યું. "આ અભિમાની ચેલાએ મ્હારૂં માન મૂકાવ્યું." તેથી તે કહેવા લાગી. "અરે ! એને દેશો મા. દેશો મા." એમ ગાઢ સ્વરેથી કહેવા લાગી. પણ પેલો ક્ષુલ્લક તો તેણીના સામું જોઇને નાક ઉપર આંગળી મૂકીને ઇસારો કરવા લાગ્યો. "મેં ત્હારૂં નાક કાપ્યું છે." એમ કહી સેવ બતાવી પોતાની વસતિ પ્રત્યે ગયો.

અનુક્રમે એ વિષ્ણુમિત્રે પણ ગુરુ પાસે જઇ જિનેંદ્રોક્ત ધર્મ શ્રવણ કરી દીક્ષા ગ્રહણ કરી ને ચિરકાળ પર્યંત સંયમ પાળી તે સ્વર્ગે ગયો; ત્યાંથી તે મોક્ષે જશે. પેલો ક્ષુલ્લક મુનિ પણ માન ત્યજીને ચારિત્ર પાળી મુક્તિ પામશે. ઇતિ બીજા ક્ષુલ્લકમુનિ અને સુલોચનાની કથા.

## કૃપણ.

ગંધસમૃદ્ધ નામના નગરને વિષે ધનદેવ નામનો ભિક્ષુપાસક રહેતો હતો. તે પોતાને ત્યાં ભિક્ષાને અર્થે આવેલા સાધુઓને કિંચિત્ માત્ર દાન આપતો નહી. એકદા તે નગરમાં ચતુર અને તરુણ સાધુઓનો એકત્ર મેળાપ થયો. તેઓ પરસ્પર વાતો કરતા કરતા બોલ્યા. "અહિં જે ધનદેવ રહે છે, તે કૃપણ છે; તે સાધુઓને કઇ પણ આપતો નથી. તો આપણામાં કોઇ સાધુ એવો છે, કે જે એની પાસેથી ઘી, ગોળ આદિ અપાવે?" તે સાંભળી તેમનામાંથીજ એક બોલ્યો. "જો ઇચ્છા હોય તો મને આજ્ઞા આપો તો હું તે તે વસ્તુ તેની પાસેથી અપાવું." રજા મળી એટલે તેણે જઇને વિદ્યાના બળથી તેનું ઘર અભિમંત્ર્યું. એટલે પેલા ધનદેવે આવીને સાધુઓને પૂછ્યું. "આપને શું જોઇએ છીએ?" સાધુઓએ કહ્યું. "અમારે ઘી, ગોળ, વસ્ત્ર પ્રમુખનો ખપ છે." તે ઉપરથી તે સર્વ પુષ્કળ દીને તેણે યતિઓને આપ્યાં. ત્યાર પછી પેલા સાધુએ વિદ્યા સંહરી લીધી. પછી જ્યારે જાતિસ્વભાવથી ધનદેવ ઘી ગોળની સંભાળ લેવા જાય છે, તો તે તેણે દીઠાં નહી. ત્યારે તો "આ મ્હારાં ઘી ગોળ કોણ લઇ ગયું? કોઇએ મને છેતર્યોછે.!" એમ કહી કહીને તે વિલાપ કરવા લાગ્યો. પણ જ્યારે લોકોએજ તેને કહ્યું કે, "તેં પોતેજ એ વસ્તુઓ યતિઓને આપી છે ને વૃથા કેમ બોલે છે?" ત્યારે તે મૌન ધારણ કરીને રહ્યો. પછી તો તેણે ગુરુ પાસે ધર્મ સાંભળી અનુક્રમે દીક્ષા ગ્રહણ કરી. તે તીવ્ર તપશ્ચર્યા કરી સર્વ કર્મ ક્ષય થયે મોક્ષે જશે. ઇતિ કૃપણની કથા.

## આષાઢભૂતિ.

રાજગૃહ નામના નગરને વિષે સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં વિશ્વકર્મા નામે નટ રહેતો હતો. તેને બે અતિ સ્વરૂપવાન પુત્રીઓ હતી. એકદા આ નગરને વિષે વિહાર કરતા કરતા ધર્મરુચિસૂરિ આવ્યા. તેમને મહાબુદ્ધિનો નિધાન એવો આષાઢભૂતિ નામે શિષ્ય હતો. તે ભિક્ષાને અર્થે નગરમાં ફરતાં ફરતાં વિશ્વકર્મા નટના ઘરને વિષે ગયો. ત્યાં તેને એક મોદક મળ્યો. તે લઇ ને દ્વાર પાસે આવ્યો. ત્યારે તેને વિચાર થયો કે, "આ મોદક તો ગુરુને જોઇશે, માટે ચાલ હું રૂપ પરાવર્તન કરીને (ફેરવીને) મ્હારે અર્થે એક બીજો માગી આવું." એમ કહી રૂપ બદલી ઘરને વિષે જઇને બીજો મોદક માગી આવ્યો. વળી દ્વાર પાસે આવ્યો, એટલે વિચાર થયો કે, "આ મોદક તો ઉપાધ્યાયને કામ આવશે." એમ ધારીને તે ક્ષુલ્લક (બાળક) નું રૂપ ધારણ કરીને ત્રીજો મોદક માગી આવ્યો. વળી તેણે વિચાર્યું કે, "આ ત્રીજો મોદક તો સાધુના ખપનો છે. માટે એક ચોથો જોઇએ." એમ વિચારી કુબ્જિનું રૂપ ધારણ કરીને ચોથો પણ માગી આવ્યો.

આ સાધુએ આવાં આવાં રૂપ કર્યાં, તે માળ ઉપર બેઠેલા વિશ્વકર્માએ જોયાં, એટલે તેણે વિચાર્યું. "આવો કળાવાન્ આપણા કુળમાં કોઇ નથી." એથી તેને એવી બુદ્ધિ ઉત્પન્ન થઇ કે, "મ્હારી બે પુત્રીઓ પાસે એને ક્ષોભ પમાડાવી તેને અહિં રાખું." એમ ધારી તેની પાસે આવી તેને પાત્ર ભરીને મોદક વહોરાવ્યા; ને સાથે કહ્યું કે, "મહારાજ, અમારા ઉપર આવો અનુગ્રહ કરી ભિક્ષાને અર્થે સદાય આવજો." પછી આષાઢભૂતિ ગયો એટલે વિશ્વકર્માએ, તે સાધુએ વિદ્યાબળથી નાના પ્રકારનાં રૂપ કર્યાં હતાં, તે સર્વ પોતાના કુટુંબને કહી બતાવ્યું; ને પોતાની પુત્રીઓને કહ્યું કે, "તમારે તે ભિક્ષા લેવા આવે ત્યારે એવો સ્નેહ બતાવવો કે, તે અતે તમને વશ થઇ જાય." પછી તો તે જ્યારે જ્યારે ભિક્ષા લેવા આવે, ત્યારે ત્યારે તેના એવા ઉપચાર કરવા માંડ્યા કે, તે આષાઢમુનિ તો વશ થઇ ગયો! ને બોલ્યો કે, "ગુરુની આજ્ઞા માગીને હું અહિં આવીશ." પછી તેણે પોતાનો અભિપ્રાય ગુરુને જણાવ્યો, તો ગુરુએ કહ્યું. "હે વિવેકી! ત્હારે એવું કરવું યુક્ત નથી." પણ આષાઢમુનિએ કહ્યું. "હે ભગવન્! મ્હારો કોઇ પૂર્વનો અનાર્ય કર્મોદય થયો જણાય છે, કે જેથી હું ત્યાં ગયા વિના રહી શકતો નથી." એમ કહી રજોહરણને ગુરુની પાસે મૂકીને તે, ગુરુને પૂંઠ ન દેવી એમ વિચારી, પાછે પગલે ચાલ્યો. વિશ્વકર્માએ તેને આવ્યો જાણીને કહ્યું. "આ મ્હારી બન્ને પુત્રીઓ તને સોપું છું." એમ કહી તેને તે પરણાવી. પછી તેણે પોતાની પુત્રીઓને કહ્યું. "જે આવી સ્થિતિમાં રહેતાં છતાં પણ, નિત્ય ગુરુનું સ્મરણ કરે, તેની નિશ્ચે ઉત્તમ પ્રકૃતિ જાણવી. માટે તમારે મદ્યપાનથી દૂર રહી નિરંતર એના ચિત્તને અનુસરીને ચાલવું. નહિં તો એ વિરક્ત થઇને જતો રહેશે. એ કળાવાન્ હોવાથી આપણા ઘરને વિષે અથાગ લક્ષ્મી આવશે." હવે સર્વ કળામાં કુશળ એવો આષાઢભૂતિ તો સર્વ નટોનો અગ્રણી થયો, ને પોતાની કળા બતાવીને તે બહુ બહુ દ્રવ્ય ઉપાર્જન કરવા લાગ્યો. એકદા રાજાએ સર્વ નટોને બોલાવીને કહ્યું. "અર્ધ નિર્મહિલં નાટક કરી બતાવો." એટલે સર્વે નટો પોત પોતાની સ્ત્રીઓને ઘેર મૂકીને રાજમંદીરે આવ્યા. ત્યાં અનેક નટોએ યુક્તિ સમક્ષ પોત પોતાની કળા બતાવી. તેમને તેણે બહુ દ્રવ્ય આપ્યું.

અહિં પાછળ આષાઢમુનિને ત્યાં એમ બન્યું કે, તેની બન્ને સ્ત્રીઓએ "પોતાનો ભર્તાર રાજ દરબારમાં ગયો છે, ને આખી રાત્રી ત્યાંજ રહેવાનો છે." એમ ધારી ખુબ મદ્યપાન કર્યું. મદ ચડવાથી ચેતના રહિત થઇ એટલે તેણીઓનાં વસ્ત્ર નીકળી પડ્યાં ને તેણીઓ બન્ને ઉપલી ભૂમિકાએ સૂઇ ગઇ. એવામાં દરબારમાં પરરાજ્યનો દૂત આવવાથી રાજાનું ચિત્ત વ્યાકુળ થયું, એટલે "હમણાં નાટકનો અવસર નથી" એમ કહી પ્રતિહારે સર્વે નટોને રજા આપી. આષાઢભૂતિ પણ પોતાને ઘેર આવી ઉપલી ભૂમિકાએ ચડવા લાગ્યો તેવામાં, તેણે પોતાની બન્ને સ્ત્રીઓને વસ્ત્ર રહિત સ્થિતિમાં ભયંકરરૂપે દીઠી. એટલે તે મહાપુરુષ ચિંતવવા લાગ્યો. "અહો! હું મૂઢ કેવો! હું અવિવેકી કેવો! અરે! શું મ્હારું કુળ કે આવા અશુચિના ભંડાર અને અધોગતિના નિબંધનને અર્થે, આ લોકને પરલોકનું કલ્યાણ કરવાવાળું અને કર્મ ક્ષય થયે મુક્તિપદને આપનારું એવું ચારિત્ર મેં ત્યજી દીધું! તોપણ હજુ કંઇ ગયું નથી; માટે, ત્યાંરે ગુરુ મહારાજ પાસે જઇ ફરી ચારિત્ર અંગીકાર કરી આત્મરૂપ કરવાને ઠીક છે." એમ વિચારી તે ઘર થકી નીકળી ગયો. વિશ્વકર્માએ તેને જતાં દીઠો. તેના ચિત્ત ઉપરથી તેણે જાણ્યું કે, "એ સંસારથી ફરી વિરક્તભાવ પામ્યો જણાય છે." એમ ધારી પુત્રીઓને જગાડી તિરસ્કાર કરવા લાગ્યો. "હે દુરાત્મા! હે શ્રી નટકુળને કલંક લગાડનારીઓ! તમારું આવું દુષ્ટ ચરિત્ર જોઇને તમારો ભર્તા કે જે સર્વ કળામાં કુશળ એવો છે તે વિરક્ત થઇને જતો રહે છે. જો તમારામાં શક્તિ હોય તો તેને પા

છો ઓસાવો. નહિંતર તેની પાસે આજીવિકાનું સાધન માગો." એ સાંભળીને બન્નએ સંભ્રમમાં વસ્ત્ર પહેરી લીધાં ને તેની પાછળ રોકતી ગઈ. તેને ચરણે નમીને તે કહેવા લાગી. "હે સ્વામીન્! અમારો એક અપરાધ ક્ષમા કરો; ને પાછા વળો; અમે તમારા ઉપર અનુરક્ત છીએ, છતાં તમે અમને કેમ પરિહરો છો?" આમ કહ્યા છતાં પણ આષાઢભૂતિ ચિત્તને વિષે કિંચિત્ માત્ર રંજિત થયો નહી. ત્યારે પેલીઓએ કહ્યું. "હે સ્વામી! જો તમારે નિશ્ચે જવુંજ હોય તો, અમને કંઇક આજીવિકાનું સાધન આપતા જાઓ, કે જેથી આપની પાછળ અમે આપના પ્રસાદથી સુખે નિર્વાહ કરીએ." આષાઢભૂતિએ દાક્ષિણ્યતાથી એ વાતની હા કહી, ને પોતે પાછો વળ્યો ને તે ભરત ચક્રવર્તિના ચરિત્રનું પ્રકાશક રાષ્ટ્રપાળ નામે નાટક કરી બનાવવા તૈયાર થયો. એ જોઇ વિશ્વકર્માએ જઇને રાજાને કહ્યું. "જો આપની ઇચ્છા હોય તો આષાઢભૂતિ આપની પાસે રાષ્ટ્રપાળ નામે નાટક કરી બતાવે." રાજાએ કહ્યું. "ભલે કરે." એટલે આષાઢભૂતિએ કહ્યું. "એ નાટકને વિષે આભરણે અલંકૃત એવા પાંચસો રાજપુત્રોનું કામ પડે છે." તે સાંભળીને રાજાએ તેને તેવા પાંચસો રાજપુત્રો સોંપ્યા; તેમને આષાઢભૂતિએ યથાસ્થાને મૂક્યા. પછી તેણે નાટક આરંભ્યું. પોતે ઇક્ષ્વાકુ વંશનો ભરત ચક્રવર્તિ થયો, ને પેલા પાંચસોને પણ પોતાના સામંત વિગેરે કર્યા. પછી તેણે નાટકમાં, ભરતે છ ખંડ કેવી રીતે સાધ્યા? કેવી રીતે ચૌદ રત્ન અને નવ મહાનિધિ મેળવ્યાં? કેવી રીતે તેને આરિસા ભવનમાં બેઠા છતાં કેવળજ્ઞાન પ્રકટ થયું? અને તેણે કેવી રીતે પાંચસો રાજપુત્રોની સંગાથે ચારિત્ર અંગીકાર કર્યું? તે સર્વ ભજવી બતાવ્યું. તે જોઇ રાજા તથા અન્ય સર્વ લોકો બહુ સંતોષ પામ્યા, ને સર્વેએ તેમને હાર, કુંડળ, ઉત્તમ વસ્ત્રાભરણ પ્રમુખ આપ્યાં. પછી તો સર્વને ધર્મલાભ દઇને આષાઢભૂતિએ પાંચસોએ રાજપુત્રોના પરિવાર સહિત ચાલવા માંડ્યું. રાજાએ તેને "એ શું વળી?" એમ કહીને વાર્યો. ત્યારે તેણે કહ્યું. "શું ભરત ચક્રવર્તિ પ્રવ્રજ્યા લઇને પાછા ફર્યા હતા, તે હું પાછો આવું?" એમ કહી તે અને તેનો પરિવાર આરિસા ભવનમાં પોત પોતાનાં પ્રતિબિંબ જોઇને શુભભાવ કેવળજ્ઞાન પામ્યા. પ્રત્યેક પોત પોતનાં આભરણો પોતાની સ્ત્રીને આપ્યાં. તે તેણીઓને દરેકને આજીવિકાનાં સાધન થયાં. પેલા નટોનું પણ શુદ્ધ ચારિત્ર થયું. તેઓ ગુરુ પાસે ગયા. ફરી વિશ્વકર્માએ તેજ નાટક કુસુમપુર નગરમાં ભજવ્યું. તેમાં પણ પાંચસો ક્ષત્રિઓએ દીક્ષા અંગીકાર કરી એટલે રાજાએ વિચાર્યું કે, "જો આ પ્રમાણે સૌ પ્રવ્રજ્યા લીધા કરશે, તો નિઃક્ષત્રિ પૃથ્વી થશે." એમ કહી તેણે નાટ્ય પુસ્તકને અગ્નિમાં નાંખી દીધું. ત્યાર પછી ફરી તેવું નાટક થયું નહી. ઇતિ આષાઢભૂતિની કથા.

॥ इति श्रीमत्तपागच्छाधिराज श्री मुनिसुंदरसूरि शिष्य पंडित श्री शुभशीलगणिविरचित भरतेश्वरबाहुबलिवृत्तौ प्रथमप्रकाशाधिकार समाप्तः ॥

# उत्तरार्द्ध.

## ( મહા સતીઓનાં ચરિત્રો. )

મૂળગાથા.

**सुलसा चंदनबाला, मणोरमा मयणरेहा दमयंती॥**
**नमयासुंदरि सीया, नंदा भद्दा सुभद्दा य ॥ ८ ॥**

સુળસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી, નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રા અને સુભદ્રા; એ દશ મહાસતીઓની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૮)

## સુળસા.

જે પ્રાણી ભાવ સહિત શુદ્ધ સમકિત પાળે છે, તે પ્રાણી સુળસાની પેઠે યોગ્ય એવા સત્કર્મની નિવૃત્તિને બાંધે છે. અર્થાત્ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

જંબૂદ્વીપને વિષે આવેલા ભરતખંડના વિભૂષણરૂપ રાજગૃહ નામા નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. ધર્મનાં અને વ્યવહારનાં બન્ને કાર્ય કરતો તથા ન્યાય પૂર્વક પૃથ્વીનું પાલન કરતો તે, આલોક તેમજ પરલોકને અર્થે વધતી જતી સુખ સંપત્તિને મેળવતો હતો. તેને સુનંદા આદિ બહુ સ્ત્રીઓ હતી. સુનંદાને ઉત્પાતિકી, વિનયિકી, કાર્મિકી અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિનો નિધાન એવો અભયકુમાર નામનો પુત્ર હતો.

હવે એજ નગરને વિષે સમૃદ્ધિવાન અને ગુણરૂપી મણિનો ભાજન એવો નાગ નામનો રથિક રહેતો હતો, તેને શીળ રૂપી ગુણે શોભતી સુળસા નામે સ્ત્રી હતી. આ નાગ રથિકે એકદા શ્રી ગુરુની સન્મુખ એવો નિયમ કર્યો કે, "હવે મ્હારે કદાપિ બીજી સ્ત્રી કરવી નહી." એ દંપતી પરસ્પર સ્નેહ યુક્ત હતાં; ગુણવાન, સદ્ભાગ્યવાન્ અને વળી ધર્માનુરક્ત તથા શુભ ભાવ યુક્ત થઈ સુખમાં કાળ નિર્ગમન કરતાં હતાં. એ નાગ રથિક શ્રેણિક રાજાની સેવા કરતો હતો.

અન્યદા તે નાગ રથિક કોઇ દેવકુમાર તુલ્ય શેઠીના પુત્રોને આંગણામાં લાલન પાલન સહિત રમતા જોઇ ચિંતવવા લાગ્યો કે, "અહો! જ્યાં સ્વજનોની સારી રીતે સંગતિ ન હોય, જ્યાં ન્હાનાં ન્હાનાં બાળકો ન હોય, જ્યાં ગુણ ગૌરવની ચિંતા ન હોય તેવાં ઘરોને ઘર ન જાણવાં. હા! મ્હારે આવા પ્રકારનો વિભવ છતાં સંતતિ નથી તે સારું નહી." એમ કહી તે ચિંતા કરવા લાગ્યો. કહ્યું છે કે-જ્યાં સુધી બહુ દ્રવ્ય હોતું નથી અર્થાત્ થોડું દ્રવ્ય હોય છે, ત્યાં સુધી બહુ દ્રવ્ય ઉપાર્જન કરવાની ચિંતા થાય છે અને વળી તે દ્રવ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે તેનું રક્ષણ કરવાની ચિંતા રહે છે; આમ માણસોનાં મન સદા પાપથી વ્યગ્ર રહે છે. જ્યાં સુધી લાવણ્ય અને ચાતુર્ય યુક્ત સ્ત્રી પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી પુરુષ તેને મેળવવા દુઃખો સહ્યા કરે છે. વળી તે મળે છે ત્યારે પણ પુરુષને પુત્ર મેળવવાની ઇચ્છા દુઃખી કરે છે. વળી ધનાઢ્ય, કલત્રવાન્, પુત્રવાન્ અને બહુ જનોએ આશ્રિત એવો સમર્થ પુરુષ પણ, કાઇ જેમ ધૂણ જાતિના કીડાથી પરાભવ પામે છે, તેમ રોગ અને શોકથી બળ રહિત થઇ જાય છે."

આવા આવા વિચાર આવવાથી નાગ રથિકનું મુખ શ્યામ થઇ ગયું. પતિનું એવું વદન જોઇને સુળસાએ પૂછ્યું. "અહો પ્રાણેશ! આપ વર્ષાકાળના મેઘની જેમ ગંભીર છતાં હસ્તી

ની પેઠે શું ચિંતવો છો? રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજપુત્રની પેઠે આમ કેમ શ્યામ વદન જણા ઓ છો? શું રાજાએ આપનું અપમાન કર્યું છે? અથવા લોકોએ કંઈ આપની વિરુદ્ધ વાર્તા કહી છે? શું થયું છે? કોઈ અભિષ્ટ વસ્તુનો વિયોગ થયો છે? આપના ચિત્તને વિષે જે ચિંતા હોય તે કહો." પ્રિયાનાં આવાં વચન શ્રવણ કરીને નાગરથિક હસીને બોલ્યો. "હે પ્રિયે! મ્હારે ત્હારાથી છાનું કંઇ નથી કે, જે ત્હારી પાસે ન કહેવાય. તને અદ્યાપિ પુત્ર થયો નહી એ અને બહુ દુઃખ લાગે છે. સકળ કાર્યમાં કુશળ અને અધિક સત્વવાન્ એવો એકજ પુત્ર હોય, તો પછી વધારે શા કામના છે? ચંદ્રમા એકલો છતાં સર્વ દિશા ઓને પ્રકાશિત કરે છે, જે કરવાને તારાઓના સમૂહ પણ અસમર્થ છે. વળી સ્ત્રીઓ પુરુષને પુત્રરૂપી ફળ આપનારી છે." સુળસાએ કહ્યું. "હે નાથ! જિનવાણી જાણીને એવો શો ખેદ કરો છો? જેને પુત્ર હોય તે નરકે ન જાય, એવો કંઇ નિયમ નથી. હે સ્વામિન્! કોઈ ગુણાઢ્ય નર પણ પોતાના માતા પિતાને નરકે જતાં રક્ષણ કરી શકતો નથી. કહ્યું છે કે-પિતા, માતા, પુત્ર, પુત્રી, બાંધવો દ્રવ્ય, કે ભર્તાર કોઇ મનુષ્યને નરકમાં પડતો બચાવી શકતું નથી; ફક્ત ધર્મજ એ કાર્ય કરવાને સમર્થ છે. પુત્રના પરિવારવાળા બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ કર્મના વશથી અંધાવસ્થા ભોગવવી પડી; શ્રી કૃષ્ણને પણ નરકમાંજ જવું પડયું. તેનાએ પુત્રો તેને રાખી શકયા નહી. પુત્રોમાં ને પુત્રોમાંજ ધૃતરાષ્ટ્રનું ગોત્ર ક્ષીણ થઈ ગયું. પૌલસ્ત્ય (રાવણ) નો વંશ પણ પુત્રથીજ કલંકિત થયો અને છ ખંડ પૃથ્વીનો સ્વામિ સગર ચક્રવર્તિ પણ (સાઠ હજાર) પુત્રના દુઃખને લીધેજ મૃત્યુ પામ્યો. બહુ પુત્રો કંઇ સ્વર્ગ કે મોક્ષ આણી આપતા નથી; આત્માનીજ કરણી તે મેળવી આપવાને સમર્થ છે. ફક્ત પુત્રોના ગુણે કરીને તો ધીર પુરુષો સંસાર સમુદ્રનો માર્ગ પ્રવર્તાવે છે."

પ્રિયાનાં આવાં વચનો સાંભળીને નાગરથિક બોલ્યો. "હે પ્રિયે! તેં જે કહ્યું તે સત્ય છે, પણ સંસારમાં (સારા અથવા નરસા) પુત્ર વિના માત પિતાનું મન ધીરજ ધરતું નથી. વળી જેમ બાંધવ વિના દિશાઓ શૂન્ય લાગે છે, જડ પુરુષોનાં ચિત્ત પણ જેમ સદા શૂન્યકાર જણાય છે, નિર્ધન જનોને સમસ્ત વિશ્વ શૂન્ય છે, તેમ અપુત્રીઆ માણસોને ગૃહ શૂન્ય જણાય છે. જેને વિષે કયારે પણ સ્વજનનું આગમન નથી, જેને વિષે અધિક ગુણવાળાઓનું ગૌરવ નથી અને જેને વિષે ન્હાનાં ન્હાનાં બાળકો નથી, એવાં ગૃહો તે નકામાંજ છે. સંસારને વિષે વસતા જનોને ત્રણ વિશ્રામસ્થાન કહ્યાં છે:-પ્રિય સ્ત્રી, વિનયવંત પુત્ર અને સર્વ ગુણે કરીને ઉત્તમ એવી સત્સંગતિ. વળી જેમ ચંદ્રરૂપી દીપકથી રાત્રીને વિષે સર્વ પદાર્થ પ્રકટ થાય છે, તથા સૂર્યરૂપી દીપકથી દિવસને વિષે સર્વ વસ્તુઓ પ્રકાશિત થાય છે; તેમ સુપુત્રરૂપી દીપકથી માણસના પૂર્વજો પ્રકટ થાય છે. જેમ અધિક વાસ યુક્ત ચંદન તરુથી વન સુવાસિત થઈ રહે છે, તેમ મ્હોટા ભાગ્યે પ્રાપ્ત થયેલા એકજ સુપુત્રથી વંશ ઉજ્વળ થાય છે. આ લોકમાં પુત્રને લીધે ઉત્કૃષ્ટ ભાવને પામેલા માતા પિતાઓની કીર્તિ સ્થિરતાપણું પામે છે. જેમ કે સગર ચક્રવર્તિની કીર્તિ પુત્રોએ કરીને સાગરરૂપ સ્થિર થઈ."

પતિનાં આવાં વચન સાંભળીને સુળસા બોલી. "હે સ્વામિનાથ! મ્હારા ઉદરથી બાળકની ઉત્પત્તિ થશે નહી એમ લાગે છે. માટે આપ બીજી સ્ત્રી કરો, તે પુત્ર પ્રસવશે. એટલે આપ પુત્રવાન્ થશો." ત્યારે પતિએ કહ્યું. "હે પ્રાણેશ્વરી! જો કોઇ મને રાજ્ય સહિત પોતાની પુત્રી આપે, તોપણ હું તે બીજી સ્ત્રીને ઇચ્છતો નથી; ક્ષીરને મુકીને ઘેંશના અન્નની કોણ વાંછા કરે? જો આ ભવમાં ત્હારા થકી પુત્રની પ્રાપ્તિ થશે તો ભલે; નહિંતર પુત્ર વિના રહીશું."

સ્વામિએ આમ કહ્યું, એટલે સુળસા ચિંતવવા લાગી. "માણસોને ધર્મ એજ કલ્પવૃક્ષ, એજ ચિંતામણિ, એજ કલ્પલતા અને એજ કામધેનુ કહ્યો છે. મૂઢ પુરુષો આવા સ્વર્ગ અને મોક્ષને આપનારા ધર્મને ત્યજીને બીજે રક્ત થાય છે. વળી ઉત્તમ કુળ, પરસ્પર પ્રેમ, આયુષ્યની દીર્ઘતા, દેહને વિષે પટુતા (પાંચે ઇંદ્રિયોથી પૂર્ણતા), અભિષ્ટ વસ્તુનો સંયોગ, ગુણને વિષે અનુરાગ, સત્પુત્રનો લાભ, તથા લોકને વિષે પ્રભુતા એ સર્વ ધર્મથી થાય છે. એટલુંજ નહિં પણ ગૃહને વિષે લક્ષ્મી, મુખને વિષે સુભાષિત વાણી, બાહુને વિષે વીર્ય, હાથને વિષે દાન, અંગને વિષે સૌભાગ્ય, હૃદયને વિષે અમૃત અને વક્ષસ્થળ (હૃદય) ને વિષે કીર્તિ એ સર્વનું કારણ પણ ઉજ્વળ એવો ધર્મજ છે. હે ચિત્ત! નિત્ય બીજાઓની મનોહર વસ્તુઓને જોઇને તું વૃથા ખેદ ન કર; જો ત્હારે તે અભિષ્ટ વસ્તુ જોઇતી હોય તો તું પુન્ય કર; કારણ કે, પુન્ય વિના ઇષ્ટ અર્થ પ્રાપ્ત થતો નથી." એવો વિચાર કરીને સુળસા ધર્મકાર્યને વિષે વિશેષે તત્પર થઇ; જિનપૂજા કરવા લાગી અને ચતુર્વિધ આહાર સત્પાત્રને વિષે આપવા લાગી. વળી બ્રહ્મચર્ય, ભૂમિ ઉપર શયન અને આંબિલનો તપ કરવા લાગી.

એવામાં ઇંદ્રે તેણીનું આવું સત્વ અવધિજ્ઞાન વડે જાણીને, પોતાની સભામાં તેણીની પ્રશંસા કરી કે, "હમણાં મૃત્યુલોકને વિષે સુળસા નામની શ્રાવિકા છે, તે એવી છે કે, તેણીને કોઇ ધર્મકાર્યથી ચળાવી શકે તેમ નથી." ઇંદ્રનાં આવાં વચન સાંભળીને હરિણેગમેષી દેવ સુળસાની પરીક્ષા કરવાને અર્થે સ્વર્ગથી ત્યાં આવ્યો. બે સાધુઓનું રૂપ કરીને તે નાગરથિકને ઘેર ગયો. બે સાધુઓને આવતા જોઇને સુળસા હર્ષ પામીને ઉભી થઇ, ને ચિત્તને વિષે તે વિચારવા લાગી. "પૂર્વનાં પાપને દૂર કરવામાં હેતુરૂપ અને ભવિષ્યમાં થનારા ઉચ્ચ ફળના લાભને દર્શાવનારા અને સર્વ તીર્થમય એવા જે સાધુ, તે કદી પોતાના ચરણ કમળથી અભવ્ય જીવના ગૃહને પાવન કરતા નથી. વળી મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યાનું ફળ એજ છે કે, અતિથિ સંવિભાગ કરવો (જમતી વખતે ભોજનમાં અતિથિનો ભાગ પાડવો); કારણ કે, જે પોતાનાજ ઉદરની પૂરણા કરવી છે, તે તો ખરેખર પશુઓનુંજ લક્ષણ છે. વળી મુનિને આપતાં બાકી રહે તેજ (આપણો) આહાર ગણવો; પાપ ન કરવું એનું નામ પ્રાજ્ઞતા; કોઇનું કાર્ય પરોક્ષ રીતે કરી આપવું તેનું નામ મિત્રતા અને દંભ વિના આચરવો તેજ ધર્મ."

દાન દેવામાં પ્રવીણ એવી સુળસા એમ ચિંતવીને બે હસ્ત જોડીને સાધુઓને નમી પોતાને કૃતાર્થ માનતી વિનંતી કરવા લાગી. "હે સાધુ! આપે આપના આગમનથી મ્હારૂં ઘર પવિત્ર કર્યું છે; આપને જે કાર્ય હોય તે આપ નિવેદન કરો." યતિએ કહ્યું. "ત્હારા ઘરમાં લક્ષપાક તેલના કુંભ (ઘડા) સાંભળ્યા છે; તો અમારામાંથી બહુ સાધુઓ ગ્લાનિ પામી ગયા છે, તેમની ચિકિત્સાને અર્થે એ આપ." તે સાંભળી હર્ષ સહિત સુળસા એક કુંભ લઇ બહાર આવી. તેવામાં તે દેવે અન્ય રૂપ કરી અદૃશ્ય રહી તે તેલનો કુંભ પાડી નાંખી તેલ ઢોળાવી નાંખ્યું. એમ સુળસાએ બીજો, ત્રીજો, ને ચોથો કુંભ આણ્યો, તે સર્વે એ દેવે પાડીને ભાગી નાંખ્યા. તોપણ સુળસાના મનમાં કિંચિત્ માત્ર ખેદ થયો નહી. તેથી તે દેવ પ્રકટ થઇને બોલ્યો. "હે સુલોચના! તને ધન્ય છે! ઇંદ્રે ત્હારી ધર્મને વિષે સ્થિરતાનું જેવું કીર્તન સભાને વિષે કર્યું હતું, તેવુંજ મેં આજ જોયું છે. હું હરિણેગમેષી દેવતા ત્હારી પરીક્ષા કરવાને આવ્યો હતો; હું ત્હારા ઉપર સંતુષ્ટ થયો છું; માટે વચન માગ." ત્યારે સુળસા બોલી. "હે દેવ! તું ઇંદ્રનો સેનાપતિ છે, તો જ્ઞાનબળથી મ્હારો મનોરથ જાણે છે." એ સાંભળી તે દેવતાએ હર્ષ સહિત તેણીને બત્રીસ ગુટિકા (ગોળીઓ) આપીને કહ્યું. "ત્હા

રે એકેકી ગૂટિકા ખાવી; એના પ્રભાવથી તને બત્રીશ પુત્રો થશે. જ્યારે તને કંઇ મહાન્ અંતરાય આવી પડે, ત્યારે તું મ્હારૂં સ્મરણ કરજે, જેથી હું ત્હારૂં વિઘ્ન દૂર કરીશ." એમ કહીને દેવતા વિજળીની પેઠે અંતર્ધાન થઇ ગયો. હવે પ્રભુ પૂજામાં તત્પર એવી સુળસા ભોગવિલાસને વિષે પણ આદરવાળી થઇ.

હવે એકદા ઋતુકાળ પ્રાપ્ત થયે છતે ધર્મશીળા સુળસા ધ્યાવા લાગી કે, "મ્હારે ઘણા પુત્રોને શું કરવા છે? જો એકજ પુન્યવાન્ અને સર્વજ્ઞની પૂજા કરનારો પુત્ર પ્રાપ્ત થાય, તો તે એકથીએ સુખ પ્રાપ્ત થશે. બત્રીશ ગૂટિકાના ભક્ષણથી બત્રીશ પુત્રો થાય તેનાં મળ મૂત્રાદિથી મને ધર્મ કાર્યમાં બહુ વિઘ્ન નડે. માટે જો એકજ બત્રીશ લક્ષણ યુક્ત પુત્ર થાય તો બહુ સારૂં. બહુ પુત્ર કરતાં કાર્ય કરવાવાળો એકજ પુત્ર થાય તે સારો; ચંદ્રમા એકલો છતાં દિશાઓને તેજોમય કરે છે; પણ સમૂહ બધ તારા કરી શકતા નથી. સદા ઈચ્છિત દાન દેવામાં દક્ષ એવી એકજ ભવ્ય કામધેનુ સારી; પણ દ્વારમાં રહેલી ઘાસની તંગી પડાવનારી હજારો વૃદ્ધ ગાયો સારી નહી." એમ વિચારી સુળસા પેલી બત્રીશ ગૂટિકા એકી વખતે ખાઈ ગઇ! તેના પ્રભાવથી તેણીના ઉદરને વિષે બત્રીશ ગર્ભ પ્રકટ થયા. તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. એટલે તેણીના ઉદરમાં તે એવી પીડા કરવા લાગ્યા કે, તેના પ્રાણ જતા રહેવા માંડ્યા. જેવી રીતે એક દ્રોણ પ્રમાણ તપેલીમાં ખાંડી પ્રમાણ અન્ન રાંધવા મૂકયું હોય તો તે તપેલીને ભેદી નાંખે છે, તેવી રીતે તે ગર્ભથી તેણીનું ઉદર ભેદાવા લાગ્યું. આ અસહ્ય વેદનાને ન સહન કરવાથી સુળસાએ વિઘ્નની શાંતિને અર્થે કાયોત્સર્ગ કર્યો, ને પેલા દેવતાને સંભાર્યો. તેણીના સત્વથી આકર્ષાઇને પેલો હરિણગમેષિ દેવતા આવીને બોલ્યો. "હે મહાસતિ! તેં મને જે કાર્ય અર્થે બોલાવ્યો હોય તે કહે." સુળસાએ તે સાંભળી કાયોત્સર્ગ પૂર્ણ કરી પોતે કરેલા કાર્ય વિષે તેને કહ્યું. તે ઉપરથી દેવતાએ કહ્યું. "હે મુગ્ધા! તેં અવિચારી કાર્ય કર્યું છે. તેં બત્રીશ ગૂટિકા એકી વખતે ખાધી તેથી તને બત્રીશ પુત્રો એકી વખતે પ્રસવશે. જો એક પુત્ર મૃત્યુ પામશે, તો બત્રીશે પુત્રો મૃત્યુ પામશે. જો તેં એ ગૂટિકા જૂદી જૂદી ખાધી હોત તો તું બત્રીશ પુત્રોને જૂદા જૂદા પ્રસવત." ત્યારે સુળસા બોલી. "જીવ જે શુભાશુભ કર્મ બાંધે છે, તે તેને ભોગવ્યા વિના છુટકો નથી. કહ્યું છે કે-આ સંસારમાં રહીને જે કર્મ કર્યાં હોય છે, તે આપણે અગ્નિમાં પેસીએ તોપણ આપણને છોડતાં નથી. જો એમ ન હોય તો પાણીની અંદર એક સ્થંભવાળા મહેલ ઉપર રહેલો પરીક્ષિત રાજા કેમ મૃત્યુ પામ્યો? માટે જે ભાવિ નથી તે કદાપિ બનતું નથી અને જે ભાવિ છે તે કદિ મિથ્યા થતું નથી. જુઓ, જે વસ્તુથી એકને પ્રત્યક્ષ લાભ થાય છે, તેજ વસ્તુથી અન્ય જનને હાનિ થાય છે. જે પ્રકારની ભવિતવ્યતા હોય, તેવીજ માણસોની ગતિ થાય છે અને તેના સહાય્યકો પણ તેવાજ થાય છે. જો એમ ન હોય તો પાંડુપુત્ર યુધિષ્ઠિર શા માટે જુગાર રમે? પોતાના સદ્‌ગુણને લીધે શોભતા અને રાજ્યનેજ યોગ્ય એવા રામચંદ્રને પણ વનમાં જવું પડયું. દશ મસ્તકવાળો રાવણ પોતાને અનેક સ્ત્રીઓ છતાં સીતાને હરી ગયો! એ સૌ ભવિતવ્યતાના પરિણામ જાણવાં. માટે (સુળસા કહે છે) હે હરિણગમેષિ! મ્હારે શું કરવું? મેં એ કાર્ય વગર વિચારે કર્યું છે; જો કર્મ મને અનુકૂળ હોય અને ત્હારી શક્તિ હોય તો તું મ્હારા ઉદરની વ્યથા શમાવ. નહિં તો હું મ્હારૂં કુકર્મ ભોગવીશ. જો તું વ્યથા શમાવીશ તો જિનશાસનની ઉન્નતિ થશે.

તે ઉપરથી દેવે પ્રસન્ન થઇને તેણીના ઉદરની વ્યથા દૂર કરી; ને પોતે પોતાને સ્થાને ગયો. પછી સુળસા ધર્મને વિષે ચિત્ત જોડી, શુભ આહારથી ગર્ભને પોષવા લાગી. પછી તેણીએ સંપૂર્ણ સમયે સુસ્વપ્ને સૂચિત એવા બત્રીશ પુત્રોને જન્મ આપ્યો; નાગ રથિકે મહા દાન

કઈ તેમનો જન્મોત્સવ કર્યો. પુત્ર જન્મથી હર્ષ પામેલા નાગરથિકે પુત્ર જન્મની વધામણી લાવનાર દાસી અને માગણ લોકોને બહુ સુવર્ણ રત્નો આપ્યાં. કારણ કે, બધા લાભ પુત્રના લાભ પછી છે. તે વખતે મૃદંગના નાદ દિશાઓમાં વિશ્રામ પામવા લાગ્યા, ભેરિના નાદ સાથે શંખનો શબ્દ મિશ્રિત થવા લાગ્યો; વારાંગનાઓ નૃત્ય કરીને જનોને પ્રમોદ પમાડવા લાગી અને નવા નવા વેષોથી મનને વિનોદ મળવા લાગ્યો; સુવાસિની સ્ત્રીઓ મંગળ ગીત ગાવા લાગી; ધનને અનુસારે દાન દેવા માંડ્યા; બહુ સેવક જનો અન્ય અન્ય કાર્યમાં પ્રેરાવા માંડ્યા અને પુજનિક પુરુષોની સારી રીતે પૂજા થવા લાગી. વળી બંદિજનો બિરુદાવળિ બોલવા લાગ્યા; ધર્મશાસ્ત્રો વંચાવા લાગ્યાં, અંકુરો અહિં તહિં ફેરવા લાગ્યા ને બંદિખાનાં શોધવા લાગ્યા. જાનવરોને ગળેથી ધૂંસરાં છોડાવ્યાં; સંઘની પૂજા કરી જિનમંદિરમાં ઉત્સવ કરાવ્યો; ઘેર ઘેર ગોળ વહેંચાયો અને લોકોની તરફથી તેના ઘરમાં મનોહર અક્ષત (ચોખા) નાં પાત્રો આવવા લાગ્યાં. આવેલા સર્વ લોકોને નાગરથિકે ભોજન કરાવ્યાં અને તેમને તાંબૂલ દાન દઈને તેમનો શોક દૂર કરાવ્યો. જન્મ પર્વના ચિત્તના રોગનો અપહાર કર્યો અને સત્પાત્રને વિષે દાન દઈને અન્ય રોગોને ટાળ્યા. અનુક્રમે બારમે દિવસે સ્વજનોને જમાડીને નાગરથિકે પોતાના પુત્રોનાં જૂદાં જૂદાં નામ પાડ્યાં.

પછી પાંચ પાંચ ધાવમાતાથી જૂદા જૂદા ઉછેરાતા એ પુત્રો અનુક્રમે વૃદ્ધિ પામતા દેવકુમાર તુલ્ય થયા. વળી તે પુત્રો આમ તેમ ફરતાં પોતાને પગે બાંધેલી ઘુઘરીઓના શબ્દવડે માતા પિતા પ્રમુખ અનેક જનોને હર્ષ આપવા લાગ્યા. પછી જ્યારે તેઓ પાંચ વર્ષની વયે પહોચ્યા એટલે તેમને નિશાળે ભણવા મૂક્યા. ત્યાં તેઓએ ધર્મ કર્મ શાસ્ત્ર સંબંધી સમસ્ત કળાઓનો અભ્યાસ કર્યો ને તેઓ સર્વે ધર્મ કર્મમાં તત્પર થયા. પછી તેઓ શ્રેણિક રાજાના સેવકો થયા. જ્યારે તેઓ યુવાવસ્થાએ પહોચ્યા, ત્યારે નાગ રથિકે તેમનાં શ્રેષ્ઠી પુત્રીઓ સાથે લગ્ન કર્યાં અને એ નવી આવેલી વિનયવતી વહુઓથી સુળસા સુખી થઈ.

અન્યદા શ્રેણિક રાજા પાસે એક તાપસીએ વિશાળા નગરીના ચેટક ભૂપતિની સુજ્યેષ્ટા પુત્રીની છબિ આણી. તે જોઇને તેને તેણીને વરવાનું મન થયું. તેનો મનોરથ પૂરવાને અભયકુમાર વણિક્નો વેષ લઇને વિશાળા નગરીએ ગયો. ત્યાં તેણે રાજાના અંતઃપુરની પાસે એક હાટ માંડયું. ત્યાં સુજ્યેષ્ટાની દાસી કરિયાણું (સુગંધી પદાર્થો) લેવા આવતી. તે તે વણિક્ આપતો. જ્યારે જ્યારે તે વસ્તુ લેવા આવતી, ત્યારે ત્યારે તે પટ ઉપર આળેખેલા શ્રેણિકના દિવ્ય ચિત્રની પૂજા કરતો. એકદા દાસીએ પૂછ્યું કે, "આ કોનું રૂપ છે?" ત્યારે અભયકુમારે કહ્યું. "એ મ્હારાથી કહેવાય તેવું નથી." જ્યારે દાસીએ બહુ આગ્રહથી પૂછ્યું, ત્યારે તેણે ઉત્તર આપ્યો. "એ છબિ શ્રેણિક રાજાની છે." આ વાત એ દાસીએ પોતાની બાઈ સુજ્યેષ્ટાને કહી. ત્યારે તે કુમારી બોલી. "હે દાસી ! તું એવું કર કે, જેથી એ રાજા સાથે મ્હારો વિવાહ થાય." દાસીએ એ વાત અભયકુમારને કહી. તે ઉપરથી અભયકુમારે એક સુરંગ ખોદાવી શ્રેણિકને કહેવરાવ્યું કે, "ચૈતર શુદિ બારશને દિવસે તમારે સુરંગ મારફતે અહિં આવવું." સુજ્યેષ્ટાને પણ તેણે કહેવરાવ્યું કે, "શ્રેણિક ચૈતર શુદિ બારશને દિવસે અહિં આવશે." એજ દિવસે શ્રેણિક આવ્યો, તેની સાથે જવાને સુજ્યેષ્ટા તૈયાર થઇ, ત્યારે તેણીની ન્હાની બ્હેન ચિલ્લણાએ કહ્યું. "હું પણ ત્યારી સાથે આવીશ ને શ્રેણિકને પરણીશ." એમ બન્ને બ્હેનો સુરંગને મુખે આવી. ત્યાં તો સુજ્યેષ્ટા બોલી." હું મ્હારો રત્નોનો કંડીઓ ભૂલી ગઈ છું, તે હું લઈ આવું ત્યાં સુધી તું અહિં રહે જે.". એમ કહી તે તે લેવાને પાછી ગઇ.

અહિં શ્રેણિક રાજા સુળસાના બત્રીશે પુત્રોને જૂદા જૂદા રથમાં લાવ્યો હતો. પો હવે ઉત્સાહમાં સુજ્યેષ્ઠાની ભ્રાંતિએ ચિલ્લણાને રથમાં બેસારીને રથ ચલાવી પોતે પણ ઉ તાવળથી પાછો વળ્યો. પાછળ સુજ્યેષ્ઠા આવી. તેણીના કોળાહળથી ચેટક રાજાએ પોત ની પુત્રીનો હરણ થયાનો વૃત્તાંત સાંભળ્યો. તેથી તે તેણીને પાછી વાળવાને શ્રેણિકની પુ ઠે પડ્યો. તેને વારીને તેનો સેવક વૈરંગિક શ્રેણિકની પાછળ ગયો. યુદ્ધ થયું તેમાં સુળસ નો એક પુત્ર હણાયો, એટલે બાકીના એકત્રીશે પુત્રો મૃત્યુ પામ્યા! શ્રેણિક ચિલ્લણાને લ ઇને પોતાના નગર સમીપે આવ્યો, ત્યારે રથમાં રહેલીને સુજ્યેષ્ઠા કહીને બોલાવી; પણ તેણીએ કહ્યું. "હું સુજ્યેષ્ઠા નથી; હું તો તેણીની ન્હાની બ્હેન ચિલ્લણા છું." પછી રાજા તેણીને મહા મહોત્સવ સહિત પરણ્યો.

હવે જ્યારે સુળસાને પોતાના બત્રીશે પુત્રના મરણની ખબર પડી, ત્યારે તે અત્યં ત કલ્પાંત કરવા લાગી. "અરે દૈવ! તેં મ્હારા જગત્ પ્રિય પુત્રોને એક કાળે કેમ હરી લીધા?" તેનું કલ્પાંત સાંભળી અન્ય જનો પણ શોક કરવા લાગ્યા. તે વખતે અભયકુ મારે પણ નાગરથિકને ઘેર આવી તેને પ્રબોધ વચન કહેવા માંડ્યાં કે, "જૈનમતના ધર્મ ને જાણનારે અને વળી સાંસારિક ભાવનાથી ભરપૂર એવા તમને અવિવેકી માણસની પે ઠે શોક સાગરમાં પડવું યુક્ત નથી. આ સંસારજ ઇંદ્રજાળ સમાન છે; ઇંદ્રધનુષ્યના જેવો ચંચળ છે; ગજેંદ્રના કાનની પેઠે ચપળ છે અને સંધ્યાના રાગ જેવો અસ્થિર છે; પવને ઉડાડેલા આકડાના રૂના જેવો તથા ઉષ્ણ કાળમાં મૃગતૃષ્ણાના જેવો મિથ્યા છે; યુવતી ના નેત્રની પેઠે તથા સમુદ્રના કલ્લોલના જેવો ચંચળ છે. મૃત્યુ છે તે તો શરીરધારીઓ ની પ્રકૃતિજ છે; જીવન એ તો વિકૃતિ છે; માટે જો જરા પણ સ્થિરતા મળે તો, તે એક લાભ ગણવો; માટે વૃથા સોચ ન કરવો. ડાભના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુના જે વું, પરિપક્વ પત્રના ડાંખળાના જેવું અને પાણીના પરપોટાના જેવું આ જીવિત તથા દેહ ક્ષણિક છે. તેને અશ્વ, હાથી, રથ, મનુષ્ય, સુભટ, ધન, બંધુ, દેવતાઓ કે, અન્ય કોઇ પણ સાધનો મૃત્યુથી રક્ષણ કરી શકતા નથી." અભયકુમારનાં આવાં પ્રબોધ પૂર્ણ વચનો શ્રવણ કરી નાગરથિક અને સુળસાએ શોક મૂકયો.

હવે એવા અવસરમાં ચંપાપુરી નગરીને વિષે શ્રી વીર ભગવાન સમવસર્યા. તેમનો પ્રતિબોધ સાંભળવાને અનેક દેવ અને રાજાઓ આવવા લાગ્યા. ત્યાં પ્રભુએ ઉપદેશ દીધો કે, "આ જન્મરૂપી કલ્લોલથી પૂર્ણ એવા સંસાર સાગરને વિષે મનુષ્ય જન્મ છે, તે ચૂલા ના, પાશાના, ધાન્યના દ્યૂતના, રત્નના, સ્વપ્નના, ચક્રના, કાચબાના, યુગના અને પરમાણુના એમ દશ દૃષ્ટાંતે કરી દુર્લભ છે. જેમ સર્વ ધાન્યોમાં ધઉં શ્રેષ્ઠ છે, સર્વ જળમાં મધા નક્ષત્રનું જ ળ શ્રેષ્ઠ છે, સર્વ કાષ્ટોમાં કલ્પવૃક્ષનું કાષ્ઠ શ્રેષ્ઠ છે અને ધાતુઓમા કાંચન શ્રેષ્ઠ છે, તેમ લક્ષ ભ વને વિષે પણ મનુષ્ય ભવ એજ શ્રેષ્ઠ છે." ઇત્યાદિ ધર્મોપદેશ શ્રવણ કરીને અંબડ પરિવ્રાજ ક જેણે પૂર્વે શ્રાવકધર્મ અંગીકાર કરેલો હતો અને હમણાં ત્રિદંડી થયો હતો, તેથી જેના હાથમાં કુંડિકા (કમંડળ) હતી, જેનાં રક્ત વસ્ત્ર હતાં, હસ્તને વિષે કુશાસન (ડાભનું આ સન) હતું અને જેણે તપોબળથી અનેક વિદ્યા અને લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી એવો સા ધર્મની આજ્ઞાપાળક તે પ્રભુને પ્રણમીને કહેવા લાગ્યો. "હે પ્રભો! મેં અનેક તીર્થોમાં જ ઇને દેવને વાંદ્યા છે; હવે રાજગૃહ નગરે જવાની ઇચ્છા છે. માટે આપને જો ત્યાં કંઇ કા ર્ય હોય તો આદેશ કરો." પ્રભુએ કહ્યું. "ત્યાં સુળસા શ્રાવિકાને ત્હારે મ્હારા ધર્મલાભ કહેવા." "બહુ સારૂ" એમ કહીને તે અંબડ પ્રભુને નમીને ચાલવા લાગ્યો. રાજગૃહ નગરની ન જીક જઇને તેણે વિચાર્યું કે, "જેણીના આગ્રહથી રહિત પ્રભુએ ભગવાન્ પણ ધર્મલાભ ક

દેખાડે છે, તે શ્રી કેવી હશે! તેણીની મ્હારે પ્રથમ પરીક્ષા કરવી; પછી હું પ્રભુએ કહેલું તેણીને કહીશ." પછી તે પ્રથમ અપાત્ર યતિનું રૂપ લઇને સુલસા પાસે ભક્ષિત વસ્તુ આદિ માગીને તેણીની પરીક્ષા કરવા લાગ્યો. પણ તે મળી નહીં. પછી તેણે બ્રહ્માનું રૂપ ધારણ કર્યું ને પૂર્વ દ્વારે આવીને બોલ્યો. "હું બ્રહ્મા છું." બ્રહ્માને આવ્યા જાણી સુલસા વિના સર્વ જન તેને વાંદવા લાગ્યા. વળી તેણે બીજે દિવસે દક્ષિણ દિશાને વિષે કૃષ્ણનું રૂપ લીધું, તો એ સુલસા તો આવી નહીં. ત્રીજે દિવસે પશ્ચિમ દિશાએ આવી ઈશ્વરનું રૂપ લીધું; તોપણ તે ન આવી. ત્યારે ચોથે દિવસે ઉત્તર દિશામાં જિનેંદ્રનું રૂપ કરી, સુવર્ણ રૂપ્ય-રત્નમય ગઢ આદિ સમવ જિનચિન્હ પ્રગટાવીને રહ્યો. ને ધર્મોપદેશ આપવા બેઠો. "હું પચીસમો તીર્થંકર ઉપદેશ આપવા આવેલો છું." એ વાત સાંભળીને સુલસા વિચારવા લાગી. "પચીસમો તો ચોવીશજ હોય; પચીસ હોયજ નહીં; માટે આ જૂઠો છે." માટે ત્યાં પણ તેને વંદન કરવાને સુલસા ગઈ નહીં. ત્યારે તે પાંચમે દિવસે ક્ષીણોમાં પ્રમુખ પરદેશી શ્રાવકનો વેષ લઈ સુલસાને ઘેર ગયો. તેને આવતો દેખીને સુલસા હર્ષ પામીને સન્મુખ ગઈ, ને આદર સહિત "વંદન કરું છું" એમ બોલી તેમને બેસવા માટે આસન આપીને બોલી. "હે ભગવન્! સુખશાતા છે?" તેણે કહ્યું. "દેવ ગુરુને પ્રસાદે." પછી તેણે કહ્યું. "મેં શ્રી શત્રુંજયાદિ તીર્થને વિષે યાત્રા કરી; ત્યાંથી હું ચંપાપુરી ગયો હતો. ત્યાં ભગવાન્ શ્રી વીરસ્વામીને વાંદીને તેમનો ધર્મોપદેશ સાંભળીને અહિં આવ્યો છું. મેં અહિં આવવાનું કહ્યું એટલે મને ભગવાને કહ્યું. "ત્હારે રાજગૃહ નગરને વિષે સુલસા શ્રાવિકાને મ્હારા ધર્મલાભ કહેવા."

એ સાંભળીને સુલસા ઉઠી થઈને ખમાસમણ પૂર્વક પ્રભુને વાંદીને સ્તવના કરવા લાગી. "મદરૂપી મલ્લના બળનું મર્દન કરવાને વીર છો; પાપરૂપી પંકને દૂર કરવામાં નિર્મળ પાણી છો; કર્મરૂપી રજને ઉડાડી દેવામાં વાયુ છો એવા હે વીર જિનેશ્વર! તમે જયવંતા વર્તો. હે દેવ-દાનવ અને નરેંદ્રોને પણ વંદનીક! અચળ એવા મેરુ પર્વતના પણ શૃંગને કંપિત કરનાર; કેવળજ્ઞાનરૂપી ચક્ષુવડે અખિલ વિશ્વના સ્વરૂપને જોનાર! તેં સર્વ જગત્ ઉપર વિજય મેળવ્યો છે. હે વર્ધમાન! હે ત્રણે જગતને પવિત્ર કરનાર સ્વામિ! ત્હારા ચરણ કમળને વિષે ઈંદ્રાદિક લોટે છે. હું પણ ઉત્સાહ સહિત મ્હારા મસ્તકને તમારા પાદપંકજનો સંગ કરાવું છું. હે પ્રભો! ત્હારા ચરણ કમળની રજથી જેનાં કપાળ મુદ્રિત થયાં છે તેમને આ ભવમાં વ્યાધિ તો રાંક પામીને આવતીજ નથી. જે મસ્તક મોક્ષના તીરરૂપ એવા જિનેશ્વર ભગવાનના પદપંકજને વિષે નિરંતર રહે છે, તે મસ્તકને પણ પંડિત પુરુષો વંદનિક કહે છે. જે જનો આપના દેહને પુષ્પની માળાવડે વિભૂષિત કરે છે, તેની પાસે નિશ્ચે વિકસ્વર એવાં ચામરો વિલાસ કરે છે. હે જિનપતિ! જે જન પ્રાતઃકાળે આપનું પવિત્ર પૂજન કરે છે, તે સર્વ દેવ અને નૃપતિઓ તરફથી વિશેષ પ્રકારે પૂજા સત્કાર પામે છે. વળી દોષ રહિત એવી ત્રિશલાના પુત્ર મહાવીરની ચરણ સેવાને જે જન મસ્તકે વહે છે, તેમનાં મસ્તક ઉપર તે સેવા નિર્મળ છત્રની પેઠે શોભે છે."

આ પ્રમાણે શ્રી વીર પ્રભુની સ્તુતિ કરીને સુલસાએ પોતાના ભાઈની પેઠે ભક્તિ સહિત અન્ન પાનાદિવડે અંબડને ભોજન કરાવ્યું. પછી ત્યાં જિનપ્રતિમાને નમસ્કાર કરીને અંબડ ત્યાંથી ગયો. હવે સુલસા પણ શ્રી વીર જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરતી; ઉભય કાળ પ્રતિક્રમણ કરવા લાગી; સત્પાત્રને વિષે દાન દેતી તથા છઠ્ઠ અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરતી પોતાના દેહને પાપ રહિત કરતી. પછી તેણીએ શત્રુંજયાદિ તીર્થને વિષે યાત્રા કરી. તેણીનો સ્વામી નાગરથિક પણ વિશેષ પ્રકારે જૈનધર્મ પાળવા લાગ્યો.

એકદા સુળસા અંતસમય આવ્યો જાણીને ગુરુ પાસે અંજળિ જોડીને કહેવા લાગી. "હે ભગવન્! મને આરાધન કરાવો." તે ઉપરથી ગુરુએ આરાધના કરાવી. એ આરાધના પામી શ્રી વીરપ્રભુને હૃદયમાં ધારણ કરી સુળસા સ્વર્ગે ગઇ. ત્યાંથી ચ્યવીને એણીનો જીવ આજ ભરતક્ષેત્રને વિષે ભાવિ (આવતી) ચોવીશીમાં નિર્મમ નામે પંદરમો તીર્થંકર થશે અને એજ ભવમાં તે મુક્તિ પામશે. ઇતિ સુળસાની કથા.

## ચંદનબાળા.

ચંદનબાળા શ્રાવિકાએ શ્રી વીર પ્રભુને જેવી રીતે શુદ્ધભાવ પૂર્વક દાન આપ્યું, તેવીજ રીતે સત્પાત્રને વિષે દાન આપનાર નિશ્ચે મુક્તિ પામે છે.

આ ભરતખંડને વિષે અનેક જિનમંદિરોથી શોભતી કૌશાંબી નામની નગરીમાં સતાનિક નામનો ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તે ચેટક રાજાની પુત્રી મૃગાવતીને પરણ્યો હતો. રાજા સતાનિકને સુગોત્ર નામનો મંત્રી હતો. તેને નંદા નામની સ્ત્રી હતી. આ નંદા શ્રાવિકા હતી. તેણીને મૃગાવતીની સાથે સખીભાવ હતો; તે નિત્ય ધર્મકાર્ય કરતી હતી. વળી આ નગરમાં ધનવાહ નામે શેઠ રહેતો હતો. તેને મૂળા નામની સ્ત્રી હતી.

એવે અવસરે છદ્મસ્થપણે વિહાર કરતા શ્રી વીરપ્રભુ પોસ વદિ પડવેને દિવસે ત્યાં આવીને સમવસર્યા. ત્યાં તેમણે એવો અભિગ્રહ કર્યો કે, "પગમાં લોહની બેડી હોય, મસ્તક મુંડેલું હોય, ત્રણ ઉપવાસી હોય, રુદન કરતી હોય, રાજાની પુત્રી હોય; છતાં તે દાસીની પેઠે રહેતી હોય, ઉંબરા વચ્ચે બેઠી હોય એવી કોઇ સ્ત્રી જો મને, ભિક્ષા વેળા મટી ગઇ હોય તે વખતે, સૂપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે, તો મ્હારે પારણું કરવું અન્યથા ન કરવું." એવો અભિગ્રહ લઇને પ્રભુને મધ્યાન્હ સમયે ગોચરી અર્થે ફરતાં ચાર માસ વહિ ગયા. એકદા ભિક્ષાને અર્થે ભમતાં ભમતાં પ્રભુ કલ્પવૃક્ષની પેઠે સુગોત્ર મંત્રીને ઘેર પધાર્યા. ત્યાં દુર્બળ થઇ ગયાં છે ગાત્ર જેનાં એવા અને શુદ્ધ એવી પણ ભિક્ષા ન ગ્રહણ કરતા એવા પ્રભુને જોઇને મંત્રીની સ્ત્રી નંદા હર્ષ પામી ભિક્ષા આપવાને ઉભી થઇ; ને ઘી ખાંડ ક્ષીર આદિ વહોરાવવા લાવી, પણ તે સર્વ પડતું મૂકીને પ્રભુ અન્યત્ર ગયા. ત્યારે નંદાએ પતિને કહ્યું. "હે પ્રિય! પ્રભુ કેમ ભિક્ષા વહોરતા નથી? તેનું કંઇ કારણ જણાય તો ઠીક." મંત્રીએ કહ્યું. "અન્ન વિના પ્રભુ મૃત્યુ પામશે; માટે તેમણે લીધેલો અભિગ્રહ જાણી લેવાની જરૂર છે." એ પ્રમાણે મૃગાવતીએ પણ પ્રભુને ભિક્ષા આપવાને બહુ બહુ ઉપાય કર્યા. પછી મૃગાવતી તથા નંદા એ બેઉ સખીઓએ મળીને પ્રભુને પારણાર્થે નિમંત્ર્યા. પણ પ્રભુએ કંઈ ગ્રહણ કર્યું નહિં. ત્યારે બન્ને શ્રાવિકાઓ બહુ દુઃખી થઇ. રાજાએ, મંત્રીએ અને તેમની પત્નીઓએ આમ પ્રભુને વહોરાવવાને બહુ બહુ ઉદ્યમ કર્યો. પછી તેણીઓએ પરસ્પર વિચાર કર્યો કે, "પ્રભુએ જે અભિગ્રહ કર્યો હોય તે કેમ જણાય."

હવે ચંપાપુરીનો રાજા દધિવાહન ચેટક ભૂપતિની પુત્રી પદ્માવતી કે, જેણીનું બીજું નામ ધારિણી હતું તેણીને પરણ્યો હતો. તે રાજાને વસુમતી નામની પુત્રી હતી. અનુક્રમે દધિવાહન રાજાને સતાનિક રાજાની સાથે વૈર બંધાયું, તેથી સતાનિક રાજાએ ગુપ્ત રીતે પોતાના સર્વ સૈન્યને લઇને ચંપા નગરીને ઘેરો ઘાલ્યો. તેથી ઘોર યુદ્ધ થયું; હજારો મનુષ્યો તેમાં મરાણાં અને દધિવાહન રાજા રાજ્ય મૂકીને નાસી ગયો. પછી સતાનિક રાજાએ ચંપાપુરી લૂંટી. તેમાં એક સુભટે દધિવાહન રાજાની રાણી ધારિણીને તથા પુત્રી વસુમતીને પકડ્યાં. સતાનિક રાજા તો અહિં પોતાની આજ્ઞા પ્રવર્તાવી કૌશાંબીએ પાછો ગયો.

હવે પેલો સુભટ તો ધારિણી અને વસુમતીને લઈને નીકળી પડ્યો. રસ્તે જતાં તે ણે કહ્યું. "હે ધારિણી! તું મ્હારી સ્ત્રી થા." ધારિણીએ કહ્યું. "અરે અધમ અને પાપિષ્ટ! તેં એ શું કહ્યું? હું પરસ્ત્રી છું; ને પરસ્ત્રીલંપટ પુરુષ તો નરકે જાય છે. પોતાને આધી ન સ્ત્રી છતાં જે પુરુષ પરદારા સેવન કરે છે, તે જળથી ભરેલા પૂર્ણ તળાવને મૂકીને ઘ ડામાંથી જળ પીનારા કાકપક્ષી જેવો સમજવો. કહ્યું છે કે-માતાએ પોતાની યૌવન અવ સ્થામાં જે છાનું આચરણ (શીળભંગ) કર્યું હોય તે હમણાં શીળનો ભંગ કરનારા તેના પુત્રોએ પ્રકટ કરાય છે. વળી જે પુરુષે પરનારી સામું જોયું, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો, સગાંને છાર દીધો ને પગલે પગલે માથાઢાંકણું કર્યું સમજવું. વળી સાંભળ, આખા વિશ્વને પોતાના પરાક્રમથી જીતનાર એવો રાવણ પણ પરસ્ત્રીની વાંછા કરવાથી કુળ ક્ષય કરીને નરકે ગયો છે." આ વખતે પેલા સુભટે તો ધારિણીનું શીળ ખંડન કરવા બહુ બહુ કર્યું, પણ તેણીનું મન લેશમાત્ર ડગ્યું નહીં. છેવટે સુભટે બળાત્કાર કરવા માં ડ્યો એટલે ધારિણીએ પ્રાણ ત્યાગ કર્યો. એટલે તો માતાના વિયોગથી વસુમતી વિલાપ કરવા લાગી કે, "હે માતા! તું મ્હારા ઉપરથી સ્નેહ ત્યજીને જતી રહી! હે ભલી માતા! ત્હારી મ્હારા ઉપર બહુ પ્રીતિ હતી, છતાં તું મને ત્યજીને અર્ધ ક્ષણમાં જતી રહી! મ્હારે હવે પરહસ્ત પડવું પડશે તો તે કરતાં મ્હારૂં મૃત્યુ થયું હોત તો બહેતર હતું." એમ બહુ બહુ કરુણ સ્વરે રુદન કરી વસુમતી માતાને પગે વળગી પડી. "હે માતા! તને નહિં જવા દઉં. જો ત્હારે જવુંજ હોય તો મને પણ સાથે લેઈ જા." એમ કહી ભૂમિ ઉપર લરી પડી. વળી તે વિલાપ કરતી કહેવા લાગી. "હે માતા! જેમ જળના વિયોગે કાદવ સૂકાઈ જઈને તેમાં ફાટ પડે છે, તે પરસ્પરના વિયોગના દુઃખની પ્રતીતિ કરાવે છે; તેવી રીતે જો માણસનું હૃદયકમળ ભેદાતું હોત તો, સત્ય સ્નેહની પ્રતીતિ થા ત. અહિં તો અતિ વલ્લભ જનનું મૃત્યુ થાય છે, ત્યારે પણ નેત્રમાંથી જળના બિંદુઓ નીકળે છે તેને બદલે જો લોહીના બિંદુઓ વહેતા હોત તો સત્ય સ્નેહ પ્રત્યક્ષ દેખાત."

આવાં આવાં વસુમતીનાં રુદન વચન સાંભળીને સુભટ બોલ્યો. "હે મૃગાક્ષી! મેં તને શું કુવચન કહ્યું છે? ભવિતવ્યતાની આગળ રાય કે રંક કોઈ છૂટી શકતું નથી. હવે હું તને કહું છું કે, હું તને પરણવાનો છું, એમ તું લેશમાત્ર ધારીશ નહીં. હવેથી તું મ્હારી બ્હેન અથવા પુત્રી છે." આમ વસુમતીને સમજાવીને તેણે ધારિણીના શરીર ઉપરથી હાર પ્ર મુખ અલંકાર ઉતારી લીધા ને તેણીના શબને રથમાંથી બહાર કાઢી ભૂમિ ઉપર મૂક્યું. પછી સુભટ વસુમતીને લઈને પોતાને ઘેર આવ્યો. તે જોઈને તેની સ્ત્રી તેને કહેવા લાગી. "આ પા રકી સ્ત્રીને અહિં તમે લાવ્યા છો, તે વાત જો રાજા જાણશે, તો આપણું સર્વસ્વ લૂંટી લેશે. તમે એણીને અહિં લાવ્યા છો, તેથી મને તાવ ચડી છે. વળી જો તમે એણીને અહિં વધારે વાર રાખશો તો તાવ પણ આવશે. માટે તમારે એણીને ઘરથી બહાર કાઢવી. તમારે મનમાં એમ ન ધારવું કે, હું બધું સહન કરીશ. હું હમણાંજ જઈને રાજાને સર્વ કહી દઈશ. તું બીજા રાજાને લૂંટી આવ્યો છું, પણ જો તું મને મારીશ તો તું શું ખાઈશ? માટે જો ત્હારે મ્હારૂં કામ હોય તો આ છોકરીને મૂકી આવ. જો દાસી સરખી પણ શોક્યરૂપે આવે તો હું તે ણીને પાસે ન રાખું. શોક્ય સરખા શલ્યનું મ્હારે કામ નથી. શોક્ય સરખી કંચનની કોઠી પણ આંખના ડોળા ફોડવા જેવી જાણવી. માટે આ છોકરીને તું બીજે મૂકી આવ્ય ન હિ તો હું રાજા પાસે જઈને તે વાત જણાવીશ." પ્રિયાનાં આવાં વચન સાંભળીને સુભટ તો કંપવા લાગ્યો. પોતાનો પરાભવ થયો એટલે તે સ્ત્રીરત્ન વસુમતીને બજારમાં વેચવા લઈ

ગયો. ત્યાં તેણીને લેવાને બહુ લોકો એકઠા થયા. રૂપવતી સ્ત્રી વેચાતા આવી જાણીને વેશ્યાઓ પણ તે લેવા આવી. તે વખતે એક વેશ્યા બોલી. "અમે છીએ ત્યાં સુધી એણીને લેવાને કોણ સમર્થ છે? જેટલું ધન માગશો તેટલું આપવાને અમે તૈયાર છીએ." તે વખતે મધપૂડાની આસપાસ જેમ માખીઓ એકઠી મળે, તેમ ત્યાં તેણીની આસપાસ ઘણા માણસો મળ્યા હતા. એવામાં વેશ્યા બોલી. "હારે રત્ન આદિ જે જોઇએ તે માગી લે, ને આ સ્ત્રી તું અમને સોંપ." તે ઉપરથી "બહુ કળકળાટ થયાં પહેલાં, કે રાજા પ્રમુખ બીજો કોઇ જાણે તે પહેલાં તમે એણીને લઇ જાઓ, કે બીજા કોઈ એણીને લેવાને લોભાવાય નહી." એમ કહી સુભટે તેણીની પાંચસો સોના મ્હોરો માગી. વેશ્યાઓને આ મૂલ્ય બહુ ઓછું લાગ્યું તેથી તેઓ તો પરસ્પર બોલવા લાગી. "આપણે હર્ષ પામવા જેવું છે કે, એણીના એક નખની કિમ્મત નવલાખ સોનૈયા છે. માટે એણીનું મૂલ્ય આપીને હું તેણીને લઈ જઈશ." એમ કહી એ મૂલ્ય આપી વેશ્યાએ વસુમતીનો હસ્ત પકડ્યો. તે જોઈ રાજકુમારી બોલી. "તમારૂં કુળ કયું છે? તમારા કુળમાં તમે શું કરો છો? તમે બ્રાહ્મણ છો કે, વણિક છો?" વેશ્યાએ ઉત્તર આપ્યો. "હારે કુળનું શું કામ છે? અમારા કુળમાં ઉત્તમ ઉત્તમ પટ્ટકૂળ પહેરવાનાં મળશે; તાંબૂલ ખાવાનાં મળશે. અમારાં જેવાં ભોજન તો રાજાના દરબારમાં રાણીઓને પણ મળતાં નથી." તે સાંભળીને વસુમતી બોલી. "મેં જાણ્યું-મને હવે ખબર પડી કે, તમે વેશ્યા છો! માટે હું તમારી સાથે નહી આવું." એ ઉપરથી વેશ્યાએ બળાત્કાર કરવા માંડ્યો, ત્યારે વસુમતી ચિત્તને વિષે બહુ ખેદ ધરવા લાગી. એટલે તો આકાશમાંથી દેવે તેણીના શીળની રક્ષા માટે આવીને બહુ બોલનારી વેશ્યાનું નાક ઉડાડી દીધું! બિચારીનું નાક જોત જોતામાં ગયું તેથી તે ઝબકી ગઈ. તેની કાયા કાળી તુંબડી જેવી થઇ ગઇ! તેથી લોકો તેને બૂચડી કહીને હસવા લાગ્યા. બીજી વેશ્યાઓ તેણીને સાન કરીને જતી રહી કે, "ચાલ, હારૂં નાક તો ગયું; વળી રખેને કાન પણ જશે." એમ કહીને તેણીને કષાય કરાવી બીજી વેશ્યાઓ કળકળાટ કરવા લાગી. એકનું નાક ગયું અને બીજીનો કાન જશે એમ ધારી સર્વે વેશ્યાઓ ઘેર જતી રહી. ને એ ભૂંડી છોકરીને કોઇએ લીધી નહી. બજારમાં બહુ કોળાહળ થઈ રહ્યો; ને વેચાવાનો વખત જતો રહ્યો. એ ઉપરથી સુભટ તેણીને બીજા બજારમાં લઇ ગયો. ત્યાં ધનાવહ શ્રેષ્ઠી તેણીને લેવા આવ્યો. તેને રાજકુમારીએ પુછ્યું. "તમારા ઘરમાં શું કામ કરવું પડે છે?" શેઠે કહ્યું. "અમારા કુળમાં જિનદેવની પૂજા, સાધુઓની સેવા, ધર્મ શ્રવણ, જીવદયા પાલન આદિ કરીએ છીએ, ગહાજથી નવકાર મંત્રનું ધ્યાન ધરીએ છીએ. ત્રણ વખત પાણી ગળવું, દાન દેવું ને શીળની રક્ષા કરવી, તપશ્ચર્યા કરવી, ભાવના ભાવવી, સાતક્ષેત્રને વિષે ધન વાવવું ઇત્યાદિ કરીએ છીએ. વળી અમારા કુળમાં કઠોળ સાથે દહિં ખવાય નહી; તેમ અથાણું પણ ખવાય નહી. રાત્રીભોજન થાય નહી; ને મધ માખણ ખવાય નહી. વળી અમારો આચાર એ છે કે, પ્રભાતે ઉઠીને દેવમંદિરે જવું." ધનાવહ શેઠે ગણાવેલી ઉપરની આચાર પદ્ધતિ સાંભળીને હર્ષ પામીને વસુમતી કહેવા લાગી. "હે સુભટ! જો તું મને વેચવાનો હોય તો, આ શેઠને ત્યાં વેચજે." સુભટે તેણીને તેને ત્યાંજ વેચી. શેઠ તેણીને ઘેર લઇ ગયા. આમ એ રાજપુત્રી શુભ કર્મ વશે સારે ઘેર પહોંચી. કહ્યું છે કે-વિધિ ઘડાવે છે, વિધિ ઘડે છે, વળી વિધિજ ઘડેલાને ભાગી નાંખે છે. હે લોકો! તમે શા માટે વૃથા ફાંફાં મારો છો; જે વિધિ કરે છે તેજ થાય છે.

શેઠે રાજકુમારીને ઘેર આણી તે જોઇને તેની સ્ત્રી મૂળા ચકિત થઇ. ધનાવહ શેઠે તેણીને ચંદનબાળાના નામથી બોલાવી અને પોતાની પત્નીને કહ્યું. "આ પુત્રીનું તું યત્ને કરીને

પાલન કરશે." પણ મૂળાએ તો ઉલટુંજ વિચાર્યું કે, મ્હારો પતિ આને પોતાની સ્ત્રી કરી રાખવાને લલચાયો જણાય છે. હમણાં તો કહે છે કે, "દીકરી ચાલ" પણ પાપી પુરૂષ પાપને ગણતો નથી. તે પુત્રી કહીને બોલાવે છે તો ખરો, પણ તેનું મન મલિન છે. શીતળ શીતળ બોલીને અંતે તે ડાધ દેશે. આ તો ઉંદરીને ઘેર વાઘ પેઠા જેવું થયું છે. બિલાડી દૂધનો નિયમ લે અથવા ઉંદર સાથે મિત્રાચારી કરે, એ વાત જેમ સત્ય હોયજ નહી, તેમ આ બેની વચ્ચે પિતા પુત્રીનો સંબંધ કોઇ સત્ય ગણે નહી. એ છોકરી બહુ રૂપવતી છે; તથા જુવાન છે ને મ્હારે મસ્તકે તો ધોળા વાળ આવ્યા છે! એ મ્હારી વૃદ્ધાવસ્થામાં પણ મને દુઃખદેનારી શોક્ય આવી છે. હું જન્મની બહુ આકળી છું તેથી મ્હારા પીયરમાં સર્વ કોઇને અળખામણી છું. મને કોઇ પવાલું પાણી પણ પાય નહી. મ્હારે તો એક ભવમાં બે ભવ થયા! આને વેચાતી આણી તેમાં ઝેરનું પાન જેવું છે, તેરનું તો મને પરણતાં પણ બેનું નથી. સતાનિક રાજાએ ચંપા લૂંટી તો મૂળાને શોક્યનું સાલ આવ્યું! પણ જો હમણાં હું શેઠને કંઇ કહીશ તો તે તેને રૂચશે નહી. એક વાર અવસર મળશે એટલે હુંજ તેણીને મારી નાંખીશ." આમ વિચારી મૈણીપવી મૂળા શૂન્ય હૃદય થઇ બેસી રહી.

એકદા મૂળા શેઠાણી પાડોશણને ઘેર ગઇ હતી, એવામાં શેઠ ઘેર આવ્યા. તે વખતે પિતાને આસને બેસાડીને ચંદનબાળા વિનય પૂર્વક તેના ચરણ ધોવા લાગી. મૂળા શેઠાણી એટલામાં અકસ્માત્ ઘેર આવ્યાં, તો ચંદનબાળાને શેઠના ચરણ ધોતાં જોઇ તથા તેણીની ભૂમિ ઉપર પડતી વેણીને શેઠે પોતાના ઉત્સંગમાં લીધી હતી, તે જોઇ વિચારવા લાગી. "શેઠ તો એણીની વેણી સમારે છે માટે એમ જણાય છે કે, મને કાઢી મૂકીને અથવા વિષધી હણીને તે એણીનું પાણિગ્રહણ કરશે. વળી વિચાર્યું કે, જે જન વિષવેલીને ઉગતાંજ મૂળથી નખવડે છેદી નાંખે નહી, તેને મૂર્ખ જાણવો. વળી કોડી નામ શીતળ છે, વિષ એ મધુરૂં નામ છે તથા શોક્ય એ બ્હેન કહેવાય છે પણ એ ત્રણેનો ક્ષય કરવોજ યોગ્ય છે."

હવે શેઠ પ્રભાતે દુકાને ગયા તે વખતે મૂળા શેઠાણીએ નાપિત ( હાયજા ) ને બોલાવીને ચંદનબાળાનું મસ્તક બદ્ધ કરાવ્યું અર્થાત્ તેણીનું મસ્તક મુંડાવી નાંખ્યું. પછી તેણીના પગમાં બેડી નાંખીને તેણીને ભોંયરાને વિષે ગુપ્ત રીતે નાંખીને તાળું દીધું. પછી મૂળા વિચારવા લાગી. "શોક્યને મારવાનો વળી દોષ શાનો ? તેમાંતો વળી સંતોષ ઉપજે; શોક્યને મારવામાં પાપ થાય નહી; શોક્યને રાખે તેને રાંડ જેવી જાણવી. મોરી ચોક વચ્ચે ઉભી રહીને પૂછે છે કે, " હે ગુણિ જન! તમે જાણતા હો તો કહો કે, શોક્ય સારી કે શૂળિ ?" ઉત્તરમાં કહે છે કે, શૂળિ સારી; કારણ કે, શૂળિનું કષ્ટ તો એકજવાર સહન કરવું પડે છે, પણ શોક્યનું હમેશ સહન કરવું પડે છે. શોક્ય નિત્ય મારે પણ મૃત્યુ આવતું નથી. આમ એ દુઃખ તો પગલે પગલે હૃદયમાં ખટકે છે. " આ વખતે બિચારી ચંદનબાળા તો ગુપ્ત ઓરડામાં રહી રહી વિચાર કરે છે કે, " મ્હારે તો વીતરાગનુંજ શરણ છે; મ્હારાં કર્મજ આવાં દુષ્ટ જણાય છે કે, નગરમાંથી પેલા સુભટે પકડી, માર્ગમાં માતાનું મૃત્યુ થયું. વળી મ્હારે ઢોરની પેઠે ચોટામાં વેચાવું પડ્યું; ત્યાં વેશ્યા લેવા આવી. પણ એક વાતે સારૂં થયું કે તેણીને હાથ હું ન ગઇ. અહિંઆ પણ જો છે તો દુઃખ; પણ એ ગણકારવા જેવું નથી. આતો બહુ રૂડું થયું કે મને એકાંત સ્થાનક મળ્યું. કારણ કે, અહિં હું ધર્મધ્યાન કરીશ." એમ શોક કરતી તે અંધારા ઓરડામાં રાત્રી દિવસ જાણતી નથી; પણ તે તો આંખોનાં આંસુ નિવારતી છતી મહામંત્ર નવકારનો જાપ કર્યા કરે છે. ત્રણ ઉપવાસ કર્યા તેમાં તેણીનાં ઘણાં કર્મ ક્ષય પામ્યા.

એવામાં બહાર ગયેલો ધનાવહ શ્રેષ્ઠી ઘેર આવ્યો તો તેણે ચંદનબાળાને જોઈ નહી તેથી પત્નીને "ચંદનબાળા ક્યાં ગઇ છે? મ્હારે તેણીના વિના ભોજન નથી કરવું" એમ કહ્યું. ત્યારે શેઠાણી બોલ્યાં. "એ તો છોકરાંઓની સાથે ફર્યા કરે છે; એક ઘડી પણ ઘરમાં રહેતી નથી; કોણ જાણે અત્યારે ક્યાં રમતી હશે? અહિં ઘણાં છોકરાં આવે છે; જો કોઇ એણીના સગા આવશે ને તેણીને ઓળખશે તો એણીને લઇ જશે; તો તેણીની વારે કોણ જશે? તમારે મન છોકરી છોકરી રમી રહી છે; પણ મને તો દ્રવ્ય બેહું તેનો ઉદ્વેગ થાય છે. જો તમે તેટલું સુવર્ણ વ્યાજે આપ્યું હોત તો વર્ષ દિવસે બમણું થઇને આવત." પણ શેઠે તો કહ્યું. "જો એ છોકરી નહી આવે તો હું અનશન કરીશ." તેવામાં એક વૃદ્ધા દાસીએ શેઠને એકાંતમાં કહ્યું. "અરે મૂઢ ગમાર શેઠ! ચંદનબાળા તો મરી ગઈ હશે; ઝટ ઝટ જઇને તું તેણીની સારવાર કર, જો જીવતી હોય તો હોય. એ ઓરડામાં જઇને જો." શેઠે એ વૃદ્ધાનો આભાર માનીને કહ્યું. "અરે તું બહુ ભલી દાસી છે." એમ કહી તેણીએ બતાવેલા ઓરડા પાસે જઇ તેનું તાળું ભાગી અંદર ગયો, પણ અંધકારને લીધે ચંદનબાળા દેખાઇ નહી. શેઠે સાદ કર્યો ત્યારે તે રોવા લાગી. "અરે પુત્રી! તું કેમ ઉત્તર આપતી નથી." એમ કહી શેઠે દીવો કર્યો એટલે તે દેખાણી. તેણીને તો ત્રણ ઉપવાસ થયા હતા તેથી શેઠે તેણીને ઉપાડીને ભોજનને અર્થે બારણામાં ઉંબરા પાસે આણી. પણ એટલામાં મૂળા શેઠાણી તો સર્વ અન્ન ઘરમાં મૂકીને તાળું વાસીને બહાર જતી રહી હતી. એથી તાળું જોઇને વ્યાકૂળ થયો, ને દાસીને આપેલું ખાવાનું મંગાવ્યું; કે રખેને અન્ન વિના બિચારીનું અકસ્માત્ મૃત્યુ ન થાય. દાસીએ રાંધેલા અડદના બાકળા બતાવ્યા. તે શેઠે સૂપડામાં નાંખીને પુત્રી કરી રાખેલીને પારણાર્થે આપ્યા. ચંદનબાળાને અઠ્ઠમના તપનું પારણું હતું તેથી તેણીએ વિચાર્યું. "જો કોઇ અતિથિનો સમાગમ થાય તો તેને આપીને પછી હું પારણું કરૂં."

એમ તે વિચાર કરે છે, તેવામાં ભિક્ષા અર્થે ફરતા ફરતા શ્રી વીર ભગવાન્ ત્યાં આવી ચઢ્યા. તેમણે એવો અભિગ્રહ લીધો હતો કે, "જો કોઈ સ્ત્રી ઊંબરા ઉપર બેઠી હોય, તેનો એક પગ ઘરની અંદર ને એક પગ ઘરની બહાર હોય, ભાવે કરીને તે રાજપુત્રી હોય, પણ દાસપણું પામી હોય, પગમાં બેડી હોય, મસ્તક મુંડાવેલું હોય ને રુદન કરતી હોય, એવી સ્ત્રી અઠ્ઠમને પારણે સૂપડાના ખૂણામાંથી જો મને, ભિક્ષાકાળ વ્યતીત થયા પછી અડદના બાકળા વહોરાવે તો મ્હારે તે લઇ પારણું કરવું." આવા અભિગ્રહવાળા વીર પ્રભુને અકસ્માત્ આવ્યા જોઇને હર્ષ પામી તે કહેવા લાગી. "હે ત્રણ જગત્‌ને વંદનિક પ્રભુ! સ્વર્ગ અને મોક્ષના દાયક! સમસ્ત ભાવ શત્રુઓને જીતીને વિજય મેળવનાર તમે ચિરકાળ પર્યંત જયવંતા વર્તો. હે પ્રભો! મ્હારા ઉપર પ્રસન્ન થઈ આ શુદ્ધ અન્ન વહોરીને મને કૃતાર્થ કરો." તે સાંભળીને પ્રભુએ પોતાનો રુદનાદિ અભિગ્રહ પૂર્ણ થયો જાણી અડદના બાકળા વહોરાવ્યા. પ્રભુએ બાકળા વહોર્યા કે, તુરત જ દેવતાઓએ આવીને બાર કોટિ સુવર્ણની વૃષ્ટિ કરી. તે વખતે ચંદનબાળાની લોહની બેડી તૂટી ગઈ ને તેનાં સુવર્ણનાં આભૂષણ થઇ ગયાં. આકાશમાં દેવદુંદુભી વાગી. તે વખતે સતાનિક રાજા ત્યાં આવ્યો. તે દેવકૃત સુવર્ણવૃષ્ટિ જોઇને ચમત્કાર પામ્યો અને બોલ્યો કે, "આ સર્વ સુવર્ણ આ ચંદનબાળાનું થાઓ." તે બોલી. "આજે મ્હારાં મહા ભાગ્ય કે મેં પ્રભુને પારણું કરાવ્યું; તેમાં મૂળાને પણ ધન્ય છે. મૂળા દેવી તો મ્હારી માતા છે, મ્હારી માતા ધારિણીથી મ્હારાં જે કાર્ય નથી સર્યાં, તે સર્વ મૂળાદેવીથી સિદ્ધ થયાં છે. પહેલાં તો સતાનિક રાજાનો પ્રસાદ; બીજો પેલા સુભટનો (કારણ કે, જો તેણે મને વેશ્યાને ત્યાં વેચી હોત તો હું આજ આ પરમાર્થ પ્રાપ્ત કરી શક

ત નહી.) વળી ધનાવહ શેઠ પણ મ્હારા પૂર્વ ભવના તાત છે. કારણ કે તેને પસાયે મ્હારાં સર્વ પાપ દૂર થયાં. મૂળા માતાનો પણ મ્હારા ઉપર ઘણો ઉપકાર થયો છે કારણ કે, જો તેણીએ આમ ન કર્યું હોત તો હું ભગવંતને કેવી રીતે પારણું કરાવત?"

પછી શ્રી વીર ભગવતે છ માસમાં પાંચ દિવસ ઓછે પારણું કર્યું. હવે ચંદનબાળા બોલી. "મૂળાસ્ત્રીને કોઇએ કંઇ કહેવું નહી." પછી મૂળા શ્રાવિકા થઇ અને ચંદનબાળાએ તેણીને માન આપ્યું. કહ્યું છે કે-ઉપકાર ઉપર તો ઉપકાર સર્વ લોક કરે છે, પણ અવગુણ ઉપર ગુણ કરનાર તો વિરલાજ હોય છે. અહિંથી પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા. અનુક્રમે સર્વ કર્મ ક્ષય થયે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અહિં આવીને ચંદનબાળાએ પ્રભુને પ્રણામ કરીને ચારિત્રની યાચના કરી. ને દેવતાએ આપેલું સર્વ દ્રવ્ય સાતક્ષેત્રોને વિષે વાપરીને તેણીએ દીક્ષા લીધી. એકદા શ્રી મહાવીર ભગવાન કૌશાંબી નગરીમાં સમવસર્યા. ત્યાં અનેક દેવો, રાજાઓ, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકાઓ ધર્મ સાંભળવા આવવા લાગ્યા. તેમને પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. તે વખતે છેલ્લી પોરશીના વ્યાખ્યાનમાં સૂર્ય ચંદ્ર મૂળ વિમાને ત્યાં આવ્યા. પછી સંધ્યા સમય થયો જાણી ચંદનબાળા ઉઠીને નગરમાં ઉપાશ્રયે ગઇ. મૃગાવતી સાધ્વી વખત ન જાણતી ત્યાંજ રહી. પછી ચંદ્ર સૂર્ય પોતપોતાને સ્થાને ગયા, ત્યારે સર્વ ઠેકાણે અંધકાર વ્યાપી રહ્યો. તે જોઇ મૃગાવતી ઉપાશ્રયે ગઇ. અહિં ચંદનબાળા તો પોરશી ભણીને સંથારો કરીને સૂતી હતી. ત્યાં જઇ તેણીના ચરણ ચાંપી, મૃગાવતી પોતે કરેલા અતિચારને લીધે આત્માની નિંદા કરતી, "હવે પછી હું એવું નહિં કરૂં." એ પ્રકારે મિથ્યાદુષ્કૃત્ય દેવા લાગી. તેણીએ ચંદનબાળાને પૂછયું; પણ કંઇ ઉત્તર મળ્યો નહી. એવામાં આત્માને નિંદતી એવી મૃગાવતીને તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે વખતે અંધકારમાં આવતો કૃષ્ણ સર્પ દેખી તેણીએ ચંદનબાળાનો હસ્ત ઉપાડીને બીજી બાજુએ મૂક્યો. ત્યારે રીસમાં ચંદનબાળા બોલી. "તેં મ્હારો હાથ કેમ ઉપાડ્યો? તું અહિંથી ઉઠ, ને જરા દૂર જા." મૃગાવતીએ ઉત્તર આપ્યો. "કૃષ્ણ સર્પ આવે છે તેથી મેં હાથ ઉપાડીને બીજે મૂક્યો." "તેં કેમ જાણ્યું" એવા ચંદનબાળાના પ્રશ્નના ઉત્તરમાં મૃગાવતીએ કહ્યું. "જ્ઞાનથી." પ્રતિપાતિ જ્ઞાન કે અપ્રતિપાતિ જ્ઞાન?" "અપ્રતિપાતિ જ્ઞાન" એ સાંભળીને ચંદનબાળાએ ઉઠીને મિથ્યાદુષ્કૃત્ય દીધું. તે વખતે તેણીને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાર પછી તે બન્ને મુક્તિએ ગઇ. ઇતિ ચંદનબાળાની કથા.

---

## મનોરમા.

આ કથા સુદર્શન શેઠની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## મદનરેખા.

ભવ્ય જનો મદનરેખાની પેઠે મુક્ત્યાદિ સુખ આપનારૂં શીળવ્રત નિરંતર મન વચન કાયાએ કરીને પાળે છે. જેમ કે, ભરતખંડના ભૂષણરૂપ એવા સુદર્શનપુર નામના નગરને વિષે મણિરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના લઘુ ભાઇ યુગબાહુ યુવરાજને સુશીલા એવી મદનરેખા નામની સ્ત્રી હતી. તેણીના સર્વોત્કૃષ્ટ રૂપથી મોહ પામીને મણિરથ રાજાએ વિચાર્યું કે, "આ મદનરેખાને મ્હારે નિશ્ચે ગ્રહણ કરવી; જો તેણીની સાથે હું કામક્રીડા નહિં કરી શકું તો મ્હારો જન્મ નિષ્ફળ જશે." એમ વિચારીને તેણે ઉત્તમ પુષ્પ, તાંબૂલ, વસ્ત્રાભરણ આદિ વસ્તુઓ મદનરેખાને લોભાવવાને એક દાસી સાથે મોકલાવી. તેણીએ તે, 'રાજાનો આ મહાપ્રસાદ છે' એમ ગણીને અંગીકાર કરી. અન્યદા રાજાએ મોકલેલી દાસી મ

દનરેખા પાસે જઇને કહેવા લાગી. "હે ભદ્રે! મણિરથ રાજા ત્હારા ગુણના સમૂહથી આ શક્ત થઇને તને ભોગવવા ઇચ્છે છે. એમ તેણે મને તને કહેવાનું કહ્યું છે." તે વખતે દાસી નાં વજ્ર જેવાં વચનથી હણાએલી મદનરેખા દાસીને કહેવા લાગી. "ગણિકા પ્રમુખ સ્રી ઓના બંધુજન પણ તેણીની પાસે જવાને અર્થાત્ તેણીને ભોગવવાને ઈચ્છતા નથી. જે સ્રી ને વિષે શીળગુણ નથી હોતો, તો તે કોઇવાર વાત બગડે છે, અને એવી સ્રીઓ નરક ગામી થાય છે. મહાવીરે ગૈતમને કહ્યું છે કે-પાપ કર્મની અનંત રાશિઓ ઉદય આવે છે ત્યારે જીવ સ્રીવેદપણું પામે છે. વળી હે દાસી! ત્હારા રાજાને આવું ઉત્તમ પ્રકારનું અંતઃપુર છતાં, તે મૂઢ શા સારૂ નરકે જવાની ઇચ્છાથી પરસ્રીને ભોગવવાની વાંછા કરે છે? મ્હારા પ્રાણનાથ હયાત છતાં જે માણસ મ્હારા ઉપર કુદૃષ્ટિ કરશે, તે જરૂર મૃત્યુજ પામશે; અને જો કદિ તે બળાત્કાર કરશે, તો હું શરીર આપવાને બદલે તેને મ્હારા પ્રાણજ આપીશ. ઉત્તમ પુરુષો તો આલોક કે પરલોકને વિષે વિરુદ્ધ આચરણ કરતા નથી. કારણ કે જીવહત્યા, અસત્ય વચન, પરદ્રવ્ય હરણ અને પરસ્રીસેવન એ ચાર વાનાં માણસને નરકને વિષે લઇ જાય છે. વળી નૃપતિએ તો વિશેષે કરી પરસ્રીની વાંછા ન કરવી; કારણ કે, વિશ્વને વિષે સર્વે લોકો એમનુંજ અનુકરણ કરે છે."

આવું સાંભળી રાજા પાસે જઈ દાસીએ મદનરેખાનું કહેલું સર્વ તેને કહી બતાવ્યું, તેથી તો તે વિશેષ કામાતુર થયો, ને તેણીને ભોગવવાના ઉપાય શોધવા લાગ્યો. તેણે વિચાર્યું. કે, "જ્યાં સુધી યુગબાહુ જીવતો છે, ત્યાં સુધી હું એણીને મેળવી શકીશ નહી; માટે પ્રથમ કોઇ ઉપાય કરીને યુગબાહુને હણું, ને પછી મદનરેખાને અંગીકાર કરૂં." એમ વિચારીને તે નિરંતર ન્હાના ભાઇને રાત્રી સમયે હણવાને છિદ્ર શોધવા લાગ્યો.

એકદા મદનરેખાએ રાત્રીને વિષે સ્વપ્નમાં પૂર્ણ ચંદ્ર જોયો. એ સ્વપ્ન તેણીએ પોતાના ભર્તારને કહ્યું. ભર્તાર યુગબાહુ બોલ્યો. "તને ચંદ્રમાતુલ્ય સૌમ્યગુણયુક્ત પુત્ર થશે." અનુક્રમે ત્રીજે માસે તેણીને એવો દોહદ થયો કે, "હું જિનેંદ્રની પૂજા કરૂં, ગુરુને પ્રતિલાભું અને ધર્મકથાને શ્રવણ કરૂં." કહ્યું છે કે-ગર્ભને વિષે પુન્યવાન્ કે પાપિષ્ટ જેવો જીવ આવ્યો હોય છે, તેવો માતાના ચિત્તને વિષે મનોરથ થાય છે. એવામાં એક વાર વસંત સમયને વિષે યુગબાહુ પ્રિયાને સાથે લઇને ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો, ત્યાં ઉદ્યાનમાં જળાદિ ક્રીડા કરીને રાત્રીએ કદલીગૃહને વિષે તે નવકારમંત્રનું સ્મરણ કરતો સુતો; એવામાં મણિરથ રાજા "યુવરાજ યુગબાહુની સાથે સ્વલ્પ પરિવાર છે" એમ જાણીને તેને હણવાને એકાકી ખડ્ગ લઇને ત્યાં ગયો, 'મ્હારો ભાઇ એકલો ઉપવનને વિષે રહે એ ઠીક નહી' એમ કહીને તે પેલા કદલીગૃહને વિષે ગયો. ત્યાં યુગબાહુએ તેને આવ્યો જાણી તત્ક્ષણ ઉભા થઇને નમસ્કાર કર્યો; તે વખતે મણિરથે તેની સાથે કલ્પિત વાર્ત્તા કરતાં કરતાં તેનો ખડ્ગથી ઘાત કર્યો. તે જોઈ મદનરેખાએ કોળાહળ કરી મૂક્યો એટલે સુભટો તેને હણવાને દોડી આવ્યા, પણ ખડ્ગે હણાયલો યુગબાહુ તેમને કહેવા લાગ્યો. "અરે સુભટો! તમે મ્હારા સહોદરને હણશો નહી. કારણ કે, આ ભાઇનો કંઈ દોષ નથી, એ તો મ્હારા પૂર્વના કર્મનોજ દોષ છે." એટલે મણિરથ તો પોતાનું ધારેલું કાર્ય સિદ્ધ થયું જાણી હર્ષ પામતો ઘેર ગયો. ત્યાં તેને અકસ્માત્ સર્પે ડસ્યો! કહ્યું છે કે-અત્યુગ્ર પુન્ય પાપનું ફળ આલોકને વિષેજ ત્રણ માસમાં, ત્રણ પક્ષમાં, ત્રણ દિવસ કે ત્રણ પહોરમાંજ મળે છે.

આમ બનાવ બન્યો છે, એવામાં યુગબાહુનો પુત્ર ચંદ્રયશા પોતાના પિતાના વ્રણની ચિકિત્સાને અર્થે ત્યાં આવ્યો. તે વખતે મદનરેખાએ શ્વાસ લેતા પતિને કહ્યું. "હે પતિ!

આપે હવે કિંચિત્ માત્ર ખેદ ન કરવો. કારણ કે, જીવ કરેલાં કર્મથી છૂટી શકતો નથી. માણસ આ ભવમાં કે પરભવમાં જે કર્મ કરે છે, તે તેણે અન્ય ભવમાં કરેલા કર્મના નિમિત્ત રૂપ જાણવું. હવે આપ ધર્મરૂપ ભાતું ગ્રહણ કરો, અને આપે મન વચન કે કાયાથી જે કંઇ દુષ્કૃત્ય કર્યું હોય તે સર્વ આપ નિંદજો. સત્પુરુષોએ શત્રુ, મિત્ર કે પુત્રને વિષે, અથવા મણિ કે પાષાણને વિષે કદાપિ મોહ કરવો નહીં; કારણ કે, એ અનંત સંસારનું કારણ છે.” આમ કહી પછી તેણીએ તેને સમ્યક્ પ્રકારે આરાધના સંભળાવી, તે પ્રમાણે તેણે આરાધના સદ્દહી. મદનરેખા બોલી. “જે આપનો મિત્ર હોય કે શત્રુ હોય, સ્વજન હોય કે પરિજન હોય તેની સાથે આપ ક્ષમા કરો ને તેની પ્રકટપણે ક્ષમા માગો. વળી આપે જે કોઈ તિર્યંચને, નારકીના જીવોને, દેવતાઓને કે મનુષ્યોને દૂભવ્યા હોય તેમની આપ ક્ષમા માગો, ને તેમની સાથે મૈત્રીભાવ જોડીને તેમને પણ આપ ક્ષમા આપો. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિય સમાગમ એ સર્વે વાયુએ ચલિત કરેલા સમુદ્ર તરંગના જેવાં અસ્થિર છે. વ્યાધિ, જન્મ, જરા મૃત્યુ આદિથી ગ્રસ્ત થયેલા પ્રાણિઓને આલોકને વિષે જિનભાષિત ધર્મ એજ શરણ છે. આ જગતને વિષે સર્વ જન સ્વજન થયા છે ને સર્વ જન પરિજન પણ થયા છે; એક જીવ ઉત્પન્ન થાય છે, ને એક જીવ મૃત્યુ પામે છે; એક સુખ અનુભવે છે ને તેનેજ દુઃખ પણ અનુભવવું પડે છે. ઇત્યાદિ અનિત્યતાદિ ભાવના છે. માટે આપે ધૈર્ય રાખવું; ને કાયરપણું ત્યજી દેવું. કારણ કે એવી કોઇ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી કે એવું કોઈ કુળ નથી, કે જ્યાં સર્વે જીવ અનંતવાર જન્મ્યા કે મૃત્યુ પામ્યા નહિં હોય. હું એકાકી છું; મ્હારૂં કોઈ નથી; હું પણ અન્ય કોઇનો નથી એવું અદીન મન રાખીને આત્માને શીખામણ આપવી.” ઇત્યાદિ પ્રિયાનાં આવાં હિત વચનો શ્રવણ કરીને યુગબાહુ શુભ ધ્યાન સહિત મૃત્યુ પામીને બ્રહ્મ દેવલોકને વિષે દેવતા થયો.

આ વખતે ત્યાં આવેલો ચંદ્રયશા યુગબાહુને મૃત્યુ પામેલો જોઇ અત્યંત વિલાપ કરવા લાગ્યો. મદનરેખા પણ ચિરકાળ પર્યંત રુદન કરી વિચારવા લાગી. “મને ધિક્કાર થાઓ! કે હું પતિના મરણના હેતુરૂપ થઇ. હવે મણિરથ આવીને મને કહેશે કે, ત્હારો ભર્તાર તો મરણ પામ્યો ને સ્ત્રીને પતિ વિના અન્ય શરણ નથી, એમ કહી તે દુષ્ટ મને પકડી જશે, ને હવે મ્હારો કોઇ રક્ષક નથી; તેથી હવે મ્હારે મહા કષ્ટે સ્વર્ગ અને મોક્ષનાં સુખ આપનાર એવા શીળની રક્ષા કરવી પડશે.” એમ ધારીને તે ગુપ્ત રીતે ત્યાંથી નીકળી ગઇ.

મદનરેખા ત્યાંથી જતી રહી, તેને બીજે દિવસે એક મહા અટવીમાં પહોચી ત્યાં કોઇ જળાશયમાં જળપાન કરીને કદલીગૃહને વિષે સુતી. ત્યાં તે સાત દિવસ રહી. સાતમે દિવસે તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. પ્રભાતે તે બાળકના હાથને વિષે યુગબાહુના નામથી અંકિત થયેલી મુદ્રિકા પહેરાવી તેને રત્નકંબળને વિષે વીંટાળીને, તરુની છાયામાં મૂકી સરોવરને તીરે વસ્ત્ર ધોવા ગઇ; ત્યાં જળમાં પ્રવેશ કર્યો કે તુરતજ તેણીને જળહસ્તીએ સૂંઢમાં પકડીને આકાશમાં ઉછાળી. તે વખતે નંદીશ્વર દ્વીપની યાત્રાએ જતા વિદ્યાધરે તેણીને આકાશમાંથી નીચે પડતાં ઝીલી લીધી. તેણીના રૂપથી મોહિત થઇને તે વિદ્યાધર તેણીને વૈતાઢ્ય પર્વત ઉપર લઇ ગયો. ત્યાં તેણે તેણીના રુદનનું કારણ પૂછ્યું. મદનરેખાએ તે ઉપરથી પોતાનો સંબંધ કહી બતાવીને જણાવ્યું કે, “જે સ્થાન થકી તેં મને અહિં આણી છે, ત્યાં મેં પુત્રને જન્મ આપ્યો છે. તે પુત્રને કદલીગૃહને વિષે મૂકીને હું જળાશયે ગઇ હતી, ત્યાંથી મને હસ્તીએ ઉછાળી તે હું ત્હારા વિમાનને વિષે પડી. પણ બાળક મ્હારા વિના મૃત્યુ પામશે; માટે કૃપા કરી મ્હારા તે પુત્રને અહિં લાવ અથવા તો મને ત્યાં પ

હોથાડં." વિદ્યાધરે કહ્યું. "જો તું મને ત્હારા ભર્તાર તરીકે અંગીકાર કરે, તો હું ત્હારો કિંકર થઇને રહું." એટલે મદનરેખા "આલંબન વિના શીળ રક્ષણ થવું દુષ્કર છે" એમ ધારીને બોલી. તે મ્હારા પુત્રને અહિં લઈ આવ." વિદ્યાધરે કહ્યું. "હું વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા રત્નાવહ નગરમાં મણિચૂડ વિદ્યાધરનો પુત્ર મણિપ્રભ છું. વૈરાગ્ય પ્રાપ્ત થવાથી મ્હારા પિતાએ મને રાજ્ય સોંપી ચારણ મુનિપાસે સંયમ ગ્રહણ કર્યો છે. અનુક્રમે તે મ્હારા પિતા યતિ વિહાર કરતા અહિં આવી ગઈ કાલે નંદીશ્વર દ્વીપના દેવોને વંદન કરવા ગયા છે. તેમની પાછળ હું આજે જતો હતો ત્યાં તું મને મળી. તો હવે તું સર્વ વિદ્યાધરીઓની સ્વામિની થા. મેં ત્હારા પુત્રનું સ્વરૂપ પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણ્યું છે; મિથિલા નગરીના પદ્મરથ રાજાને તેનો અશ્વ વનમાં લઈ ગયો, ત્યાં તેણે ત્હારા પુત્રને જોઇ તેને લઇ પોતાના નગરમાં આણી પોતાની પ્રિયા પુષ્પમાળાને સોંપ્યો છે. તે તેને પોતાના પુત્રની પેઠે ઉછેરે છે ને તે સુખમાં રહે છે. માટે તું પ્રસન્ન થઇને મ્હારૂં રાજ્ય અંગીકાર કર."

આ સાંભળીને રાણી મદનરેખાએ વિચાર્યું. "આહા! મ્હારાં આવાં અવળાં કર્મ ન કર્યાં કે, દુઃખ ઉપર દુઃખ મને આવી મળવા લાગ્યાં છે. તો હવે મ્હારે નિશ્ચે શીળરક્ષણનો ઉપાય શોધવો અગત્યનો છે. કામના બાણથી પીડાતો આ વિદ્યાધર કૃત્યાકૃત્ય જાણતો નથી. માટે મ્હારે હવે કંઈક મિષ શોધીને ઢીલ કરવી જોઇએ." એમ વિચારીને તે બોલી. "હે ખેચર! તું મને પ્રથમ નંદીશ્વર દ્વીપે લઇ જા. ત્યાં સર્વ દેવને નમન કર્યા પછી હું તું કહીશ તે પ્રમાણે કરીશ." એ સાંભળી ખેચર સંતુષ્ટ થઇ તેણીને ક્ષણમાં નંદીશ્વર તીર્થે લઈ ગયો. ત્યાં મદનરેખાએ શાશ્વત ચૈત્યોને જુહાર્યા. ત્યાં અંજન નામા પર્વતને વિષે ચાર, દધિમુખ પર્વત ઉપર સોળ અને રતિકર પર્વત ઉપર બત્રીશ જિનાલયો છે. એમ એ બાવન જિનાલયોમાં પ્રત્યેક સો યોજન લાંબાં, પચાસ યોજન પહોળાં અને બ્હોતેર યોજન ઉંચાં છે. ત્યાં આવી વિમાન થકી ઉતરી બન્નેએ સર્વ જિનમંદિરોમાં પ્રત્યેક પ્રત્યેક જિનેશ્વરને વંદન કર્યું. ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્દ્ધમાન એ ચાર શાશ્વતા જિનેશ્વર પણ ત્યાં છે. એમને વંદન કરીને ત્યાંથી મણિચૂડ મુનીશ્વર પાસે આવી તેમને નમસ્કાર કરી બન્ને તેમની પાસે યથોચિત ધર્મ સાંભળવા બેઠાં.

તે વખતે યતીશ્વર મણિચૂડ મુનિ, પુત્ર અકાર્ય કરવા ધારે છે, તેમ જાણીને બોલ્યા કે, "હે ભવ્ય જનો! તમારે સર્વથા કુમાર્ગ ત્યજવો. કારણ કે પરસ્ત્રી ગમનાદિ કુમાર્ગનો ત્યાગ ન કરવાથી નરકમાં પડવું પડે છે. વળી જેમ પરદારા સેવનથી પુરુષો નરક ગતિ પામે છે, તેમ સ્ત્રીઓને પણ અન્ય નરને સેવવાથી તેવીજ ગતિમાં ભ્રમણ કરવું પડે છે. સ્ત્રી છે તે પરભવની બેડી છે, બંધુ જનો બંધન છે, વિષયો વિષ સમાન છે, છતાં આહા! જનોનો કેવો મોહ છે કે, જે વૈરીઓ છે તેમની પાસેથી મિત્રની આશા રાખે છે! મ્હારો પુત્ર, મ્હારો બંધુ, મ્હારાં સગાં, મ્હારી સ્ત્રી એમ મ્હારૂં મ્હારૂં કરતાં મનુષ્યને પશુની પેઠે મૃત્યુ હરી લે છે. હું કોણ? કેવી રીતે? ક્યાંથી આવ્યો? મ્હારી માતા કોણ? મ્હારા પિતા કોણ? એમ ભાવના ભાવતાં આ સર્વ સંસાર સ્વપ્ન તુલ્ય જણાય છે. બિલાડી દૂધજ જુએ છે; તત્ક્ષણ દંડ પ્રહાર થવાનો છે તે જોતી નથી; પોપટ આંબાની સાખને જુએ છે, પણ પત્થરના કકડાને દેખતો નથી; કાકપક્ષી પણ માંસને દેખે છે, પરંતુ બળવાન્ સિંહના મસ્તકને દેખતો નથી; તેમ આ જીવ પણ આ ભવનેજ દેખે છે, પરભવને દેખતો નથી."

મુનિનો આવો ઉપદેશ શ્રવણ કરી મણિપ્રભ વિદ્યાધર ઉભો થઈ રાણીની ક્ષમા માગી કહેવા લાગ્યો. "હવેથી તું મ્હારી બ્હેન છે. હું હવે ત્હારો શો ઉપકાર કરૂં?" રાણી મ

દનરેખાએ કહ્યું. " તેં મ્હારે ઉપર તીર્થ વંદન કરાવીને ઉપકાર કર્યો છે તેથી તું મ્હારો પરમ બાંધવ છે. " પછી તેણીએ મુનિને પોતાના પુત્રનો વૃત્તાંત પૂછ્યો. મુનિએ કહ્યું. "પૂર્વે બે પરસ્પર પ્રતિવાળા રાજપુત્રો હતા. તેઓ અનુક્રમે પોતાના પુન્ય વિશેષને લીધે દેવતાપણે ઉત્પન્ન થયા. તેમનામાંનો એક ત્યાંથી ચ્યવીને પદ્મરથ રાજા થયો; બીજો ત્હારો પુત્ર થયો. પદ્મરથ રાજાને એકદા તેનો અશ્વ અટવીમાં લેઇ ગયો. ત્યાંથી તે ત્હારા પુત્રને લઇ ગયો ને પોતાની રાણી પુષ્પમાળાને તે સોંપ્યો. ત્યાં રાજાએ પૂર્વ ભવના સ્નેહને લીધે તેનો જન્મ મહોત્સવ કર્યો. માટે હમણાં ત્હારો પુત્ર સુખી છે." મુનિ આ પ્રમાણે ખબર આપે છે, એટલામાં ત્યાં આકાશમાર્ગેથી એક વિમાન આવીને ઉતર્યું. તેનું તેજ સૂર્ય અને ચંદ્રમાથી પણ ચડતું હતું; તે રત્નના સમૂહથી બનાવેલું હતું અને તેની સાથે લટકતી ઘૂઘરીઓ નાદ કરી રહી હતી. તે વિમાનમાંથી મહા તેજસ્વી, અનેક આભરણોથી શોભતો અને ગંધર્વ દેવ જેમના ગુણ ગાન કરી રહ્યા છે એવો એક દેવ ઉતરીને મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા દઈ તેણીનાજ ચરણે નમ્યો. પછી તેણે મુનીશ્વરને નમસ્કાર કર્યો; ને તેમની પાસે ધર્મ શ્રવણ કરવા બેઠો. તેને આવું અસંબદ્ધ કાર્ય કરતો જોઇ, નમીને વિદ્યાધર બોલ્યો. " દેવો પણ અનીતિને માર્ગે ચાલે છે; ત્યારે અમારો શો દોષ ! આમણે ચાર જ્ઞાનધારી મુનિને મૂકીને આ સ્ત્રીને કેમ પ્રથમ વંદન કર્યું !" પેલો દેવ કંઈ કહેવા જાય છે, તેવામાં મુનિ પોતેજ ખેચરને કહેવા લાગ્યા. " અરે વિદ્યાધર! તું એમ ન બોલ; આ દેવ ઠપકો દેવાને યોગ્ય નથી. જ્યારે આ મદનરેખાના સ્વામી યુગબાહુને તેના ભાઇ મણિરથે માર્યો, તે વખતે ( તે યુગબાહુના મૃત્યુ સમયે ) આ સ્ત્રીએ પોતાના ભર્તારને મધુર વચનો વડે આરાધના કરાવી નિર્યામણા કરાવી હતી; એટલે શુભ અધ્યવસાય રહ્યાથી તે યુગબાહુ મૃત્યુ પામીને પાંચમે દેવલોકે ગયો છે ને ઇંદ્રનો સામાનિક દેવતા થયો છે. તેણે અવધિજ્ઞાને કરીને મદનરેખાને પોતાની ગુરુ તરીકે ઓળખીને અહિં આવી પ્રથમ તેણીને નમસ્કાર કર્યો. એણીએ એને ધર્મ પમાડ્યો માટે તે તેની ધર્માચાર્ય થઇ ને તેથી તેના વંદનને પણ યોગ્ય છે; ને પ્રણામ કરવાથી એ દેવ વિશેષે કરીને ઋણ રહિત થાય છે. કોઇ યતિએ કે ગૃહસ્થે જેને ધર્મને વિષે સ્થાપ્યો હોય, તેજ તેનો ધર્મદાતા કે ધર્મગુરુ કહેવાય છે. સમ્યક્ત્વ આપવાની સાથે સનાતન મોક્ષસુખ આપ્યું, એવા દાનરૂપી ઉપકારથી કોઇ અન્ય ઉપકાર નથી. આપણને સમકિત પમાડનારને, આપણે સર્વ સદ્‌ગુણ મેળવીને તથા બહુ બહુ પ્રકારે કરીને સહસ્ર કોટિ ઉપચાર કરીએ તોપણ તે તેને તુલ્ય થાય નહી."

મુનિનું આવું ઉપદેશ વચન સાંભળીને, જૈનધર્મની ભાવના ભાવવાં સામર્થ્યવાન, ને બુદ્ધિમાન્ વિદ્યાધરે દેવતાની ક્ષમા માગી. પછી દેવે રાણી પ્રત્યે કહ્યું. "હું ત્હારું પ્રિય કરું તે કહે. " ત્યારે તે બોલી. " મને તો જન્મ-જરા-મૃત્યુ-રોગ ને શોકથી વર્જિત નિરુપાધિ અને અચળ એવું મોક્ષસુખ પ્રિય છે. તે આપવાને આપ સમર્થ નથી, તોપણ આપ મને શીઘ્ર મિથિલા નગરીએ લઇ જાઓ. ત્યાં હું પુત્રનું મુખ જોઇને યતિધર્મ અંગીકાર કરીશ. એ ઉપરથી દેવતા તેણીને મિથિલાએ લઇ ગયો, કે જ્યાં મલ્લિનાથના જન્મ-દીક્ષા-જ્ઞાન થયાં હતાં. ત્યાં જઇ જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરી પ્રથમ તેઓ સાધ્વી પાસે ગયાં; ને સાધ્વીને પ્રણામ કર્યા. ત્યારે સાધ્વીએ ધર્મોપદેશ આપ્યો કે, "આવો મનુષ્યનો અવતાર પ્રાપ્ત કરી જરા પણ પ્રમાદ ન કરવો; કુટુંબ બાંધવોને નિમિત્તે પાપ કરે છે, તે શરીરને નિમિત્તે એકલો નરકાદિ ગતિને વિષે ભોગવે છે. માણસો યત્ને કરીને પાપાચરણ કરે છે. પરંતુ પ્રસંગે પણ ધર્મ આદરતા નથી; તો આ મનુષ્ય લોકને વિષે કેવું આશ્ચર્ય કે

તેઓ ક્ષીર ભોજનનો ત્યાગ કરીને વિષપાન કરે છે!" ઈત્યાદિ ધર્મોપદેશ સાંભળ્યા પછી દેવતાએ મદનરેખાને કહ્યું. "ચાલ, ત્યારે હવે હું તને રાજપુત્રનાં દર્શન કરાવું." ત્યારે મદનરેખાએ કહ્યું. "પુત્ર ઉપર સ્નેહ તે પણ ભવ ભ્રમણનો હેતુ કહ્યો અને વળી ગુરુ પાસે તો મેં સર્વ સંસાર અસાર છે એમ જાણ્યું. સંસારને વિષે પરિભ્રમણ કરતા પ્રાણીઓને પતિ, પુત્ર આદિ અનેક સંબંધો ઘણી વાર થયા છે, થાય છે અને થશે. ભવમાં ભ્રમણ કરતાં આ પુત્રને મેં અનેક વાર જન્મ આપ્યો છે અને તેણે પણ મને અનંતવાર જન્મ આપ્યો છે. વીળ હું કોણ? કેવી રીતે ક્યાંથી આવ્યો? મ્હારી માતા કોણ? મ્હારા પિતા કોણ? એમ ભાવના ભાવતાં આ સર્વ સંસાર સ્વપ્ન તુલ્ય જણાય છે. સ્ત્રી પરભવની બેડી છે, બંધુ જનો બંધન છે, વિષયો વિષ સમાન છે. છતાં આહા! જનોનો કેવો મોહ છે? કે, જે વૈરિઓ છે તેમની પાસેથી મિત્રની આશા રાખે છે! માટે મ્હારે તો આ સાધ્વીઓના ચરણનુંજ શરણ છે." મદનરેખાએ આ પ્રમાણે કહ્યું એટલે દેવતા તો સ્વર્ગમાં ગયો. અહિં મદનરેખાએ સાધ્વી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું; તેણીનું સુવ્રતા એવું નામ સ્થાપન કર્યું, ને તે અનુક્રમે નાના પ્રકારની તપશ્ચર્યા કરવા લાગી.

હવે મદનરેખાના બાળ પુત્રને લઈ જનાર પદ્મરથ રાજાને તે બાળના પ્રભાવને લીધે, સર્વ શત્રુઓ નમવા લાગ્યા. રાજાએ પછી તે પુત્રનું નામ નમિ એવું પાડ્યું. ધાવમાતાઓથી ઉછેરાતો નમિ કુમાર અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો. તેને ઉપાધ્યાય પાસે ભણવા મૂક્યો. ત્યાં તેણે ધર્મ અને કર્મશાસ્ત્રની કળાઓ ગ્રહણ કરી. પછી રાજાએ તેને રાજકુળમાં જન્મેલી દેવસુંદરી સમાન રૂપવતી એક હજારને આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. પછી તેણે પુત્રને રાજ્યયોગ્ય જાણીને, રાજ્ય સોંપી જ્ઞાનસાગરસૂરિ પાસે દીક્ષા લીધી. દીક્ષા લઇ તીવ્ર તપશ્ચર્યા કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તે રાજર્ષિ મોક્ષે ગયા. નમિરાજાએ પણ રાજ્ય કરતાં અનેક રાજાઓને નમાવીને શક્રેંદ્રની કીર્તિને સંપાદન કરી.

હવે જે રાત્રીએ મણિરથ રાજાએ ન્હાના ભાઈ યુવરાજ યુગબાહુનો વધ કર્યો, તેજ રાત્રીએ મણિરથને સર્પ ડસ્યો, તેથી તે મૃત્યુ પામીને ચોથી નારકીએ ગયો. પછી મંત્રી પ્રમુખ રાજ્યના મુખ્ય અધિકારીઓએ વિચાર કરીને બન્ને ભાઇઓનો એકજ સ્થાનકે અગ્નિ સંસ્કાર કર્યો, ને યુગબાહુના પુત્ર ચંદ્રયશાનો મણિરથની ગાદી ઉપર અભિષેક કર્યો.

આવો બનાવ બન્યો છે, એવામાં નમિરાજાનો પ્રધાનહસ્તી આલાનસ્તંભને ઉન્મૂલન કરીને નાઠો, તે વધ્યાટવી ભણી ચાલ્યો. તે ચંદ્રયશા રાજાના હાથમાં પકડાયો. તેણે તે ઐરાવત સમાન હસ્તીને બળથી બંધનમાં નાંખી પોતાને નગરે આણ્યો. ચર પુરુષોથી આ વાત જાણી નમિરાજાએ તે હસ્તીને લાવવાને પોતાનો દૂત મોકલ્યો. દૂતે જઇને કહ્યું. "હે ચંદ્રયશા નૃપવર! મિથિલાનો સ્વામી નમિરાજા નીતિશાસ્ત્રનો અભ્યાસી નથી; તેથી તે આ નીતિવાક્ય જાણતો પણ નથી કે, લક્ષ્મી છે તે કુળક્રમથી આવેલી નથી, તેમ દસ્તાવેજમાં પણ લખી આપેલી નથી; તેને તો ખડ્ગવડે પ્રાપ્ત કરીને ભોગવવાની છે. કારણ કે, વીરભોગ્યા વસુંધરા છે. માટે હે રાજવીર! જો તમે હસ્તીને હમણાં પાછો નહી આપો તો અમારો સ્વામી તમને સંગ્રામને વિષે હણીને લે લેશે." દૂતનાં આવાં વચન સાંભળીને કોપાયમાન થઇ ચંદ્રયશાએ તેને સભામાંથી કાઢી મૂકાવ્યો; એટલે તેણે પણ નમિરાજાને જઇને સર્વ વૃત્તાંત કહ્યો. એટલે તે પોતાના સકળ સૈન્યને સાથે લઈ ભેરી આદિ વાજિત્રના નાદથી દિશાઓના અંતરાળને પૂરાવી નાંખતો સુદર્શનપુર ભણી ચાલ્યો. આવા બળવાન નમિરાજાને બહુ બળ સાથે આવતો સાંભળીને ચંદ્રયશા નૃપ યુદ્ધ કરવા સન્મુખ ચાલ્યો. ત્યાં

તો પ્રતિકૂળ શુકને રાજાને પ્રતિષેધ કર્યો; એટલે મંત્રીઓએ આવીને તેને વિજ્ઞાપના કરી કે, "આપે બહાર નીકળીને યુદ્ધ કરવું યોગ્ય નથી, માટે દરવાજા બંધ કરી અંદર રહી યુદ્ધ કરો. શત્રુ સબળ છે કે દુર્બળ છે તે જણાયા પછી બહાર નીકળશે." રાજાએ એ સાંભળી તે માન્ય કર્યું. કહ્યું છે કે—ચિત્તને જાણનાર, શીઘ્ર સંપન્ન, વાંચાળ, દક્ષ, પ્રિય બોલનાર, યથોક્ત વાદી અને સ્મૃતિમાન્ એ સાત દૂતના ગુણો કહ્યા છે. નમિરાજાએ આવીને ચંદ્રયશાના નગરને ચોતરફ પોતાની સેનાથી ઘેરી લીધું.

હવે સુવ્રતા સાધ્વી જે સંસારાવસ્થામાં મદનરેખા રાણી હતી, તેણીએ એ બન્ને સહોદરના કળહને લીધે થતા યુદ્ધમાં 'હજારો જીવોનો ઘાત થશે." એમ જાણી વિચાર્યું કે, "અહો! આ અસાર સંસારને ધિક્કાર છે! કારણ કે, બે સગા ભાઇઓ થઇને પણ પરસ્પર યુદ્ધ કરે છે; તો તેઓ નરકે જશે." એમ વિચારી તે પોતાની ગુરુણીની આજ્ઞા લઇ સાધ્વીઓના પરિવાર સહિત ચાલી. તે બન્ને યુદ્ધકર્તાઓની વચ્ચે આવીને નમિરાજા પાસે ગઇ. ત્યાં તેણે સાધ્વીને અભ્યુત્થાન પૂર્વક વંદના કરી; એટલે પછી સાધ્વીએ ધર્મોપદેશ આપ્યો. "આ સંસારમાં જીવને મનુષ્યપણું, ધર્મનું સાંભળવું, તેને વિષે શ્રદ્ધા અને ધર્મ કૃત્યને વિષે બળ ફોરવવું એ ચાર અંગ પામવાં દુર્લભ છે. આ જીવિત સંધ્યાના રંગ સરખું, જળના પરપોટા જેવું, પાણીના બિંદુ સમાન ચંચળ છે અને યૌવન નદીના વેગ જેવું છે; તોપણ હે પાપિષ્ટ જીવ! તું કેમ બૂઝતો નથી?" આ પ્રકારનો ઉપદેશ આપીને પછી એ સાધ્વીએ નમિરાજાને એકાંતમાં કહ્યું કે, 'હે રાજન્! રાજ્ય છે તે આ ભવમાં તો દુઃખદાયક છે, એટલુંજ નહિ પણ પરભવમાં તે નરકે લઇ જાય છે; ત્યાં જતા જીવનો કોઇ પણ રક્ષક નથી. માટે તમારે જ્યેષ્ઠ ભ્રાતા સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી." નમિરાજાએ પુછ્યું. 'કેમ? આ ચંદ્રયશા કેવી રીતે મ્હારો મ્હોટો ભાઇ થાય?" સાધ્વીજીએ ઉપરથી એ સંબંધ નમિરાજાને કહી સંભળાવ્યો, એટલે નમિરાજાએ વિશ્વાસને અર્થે પોતાની પુષ્પમાળા માતાને પુછાવ્યું; ત્યારે તેણીએ પણ કહ્યું. "તું આ સાધ્વીનો પુત્ર છે." એમ કહી તેણીએ તેને મુદ્રાયુક્ત રત્નકંબળ બતાવી. આમ સાંભળવા છતાં પણ નમિરાજા યુદ્ધથી વિરમ્યો નહી. એટલે સુવ્રતા સાધ્વી ચંદ્રયશા પાસે ગઇ ને ત્યાં એને પણ તેણીએ ધર્મોપદેશ આપ્યો. ચંદ્રયશાએ તેણીને પુછ્યું. "અરે મહાસતી! તમે આવું યુદ્ધ ચાલે છે ત્યાં કેમ આવ્યાં છો?" એટલે તેણીએ તેને તેના બીજા ભાઇનો વૃત્તાંત કહ્યો. તે ઉપરથી ચંદ્રયશાએ પુછ્યું. "તે મ્હારો ભાઇ ક્યાં છે?" સાધ્વીએ કહ્યું. "આ ત્હારા નગરને વીંટીને પડ્યો છે તેજ ત્હારો એ ભાઇ." આવી ખબર પામીને ચંદ્રયશા તો તત્ક્ષણ ભાઇને મળવા ચાલ્યો. ભાઇ મળવા આવે છે એમ જાણી નમિરાજા પણ સંગ્રામ ત્યજી દઇને સન્મુખ આવી જ્યેષ્ઠ ભ્રાતાના ચરણમાં પડ્યો. એટલે મ્હોટા ભાઇ પણ તેને ઉભો કરી હ્રદયથી ભેટ્યો. આ વખતે બન્ને ભાઇઓને મળતાં જે હર્ષ થયો તેનું સ્વરૂપ બૃહસ્પતિ પણ કહી શકે નહી.

આમ બન્ને ભાઇઓ હર્ષ સહિત મળ્યા પછી ચંદ્રયશાએ નમિરાજાને મહાન્ ઉત્સવ સહિત પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. બન્નેએ સ્નેહ પૂર્વક સાધ્વીને વંદન કર્યું. પછી ચંદ્રયશાએ નમિરાજાને કહ્યું. "ભાઇ, પિતાના ઘાત પછી રાજ્યનો ભાર ધારણ કરનાર પુત્ર ન હોવાથી, આટલો કાળ મેં રાજ્ય કર્યું. તને હું જાણતો નહોતો. હમણાંજ માતાએ આ પણ સંબંધ જણાવ્યો, તો હવે મ્હારે રાજ્યનો ખપ નથી. પૂર્વે પણ હું રાજ્યનો ત્યાગ કરવાનો હતો; તો હવે તું રાજ્યભાર ધારણ કરવા સમર્થ છે." ત્યારે નમિરાજાએ કહ્યું. "મને પણ આ રાજ્ય રુચિકર નથી, હું પણ સંયમ લઇશ." પણ ચંદ્રયશાએ કહ્યું. "મ્હોટા

ભાઇ, ન્હાના ભાઇને રાજ્ય સોંપી વ્રત અંગીકાર કરે તે યોગ્યજ છે." એમ તેને સમજાવી ને તેણે મહોત્સવ પૂર્વક દીક્ષા ગ્રહણ કરી.

આમ ચંદ્રયશાએ ચારિત્ર લીધા પછી પ્રતાપી નમિરાજા ન્યાયમાર્ગે વસુધાનું પાલન કરવા લાગ્યો. એ વાતને ૭ માસ થયા એટલામાં તો તેને (નમિને) દાહજ્વર ઉત્પન્ન થયો. વૈદ્યો ચિકિત્સા કરવા લાગ્યા; પણ કિંચિત્ માત્ર ફેર પડ્યો નહી. એવામાં દાહજ્વરની શાંતિને અર્થે રાજાની સર્વ રાણીઓ ચંદન ઘસતી હતી, તેમના ચૂડલાનો ઝણત્કાર કરતો શબ્દ નમિરાજાને અત્યંત વેદના કરવા લાગ્યો. રાજાએ કહ્યું. "મને આ દારુણ શબ્દ શાનો સંભળાય છે?" તેના ઉત્તરમાં સેવકોએ ચંદન ઘસાતું હતું તેનું સ્વરૂપ કહ્યું. ત્યારે રાજાએ કહ્યું. "એ હજારે સ્ત્રીઓના હસ્ત થકી એકેક વલય (ચૂડલો) ઉતરાવી નાંખો." એમ કરાવ્યું એટલે રાજાને જરા શાંતિ વળી. એમ કરતાં કરતાં તેણે તેમના સર્વ વલય ઉતરાવી નાંખ્યા; ફક્ત મંગળાર્થે એકેક વલય રહેવા દીધું. એટલે અવાજ થતો બંધ થયો. તે ઉપરથી રાજાએ પૂછાવ્યું કે, "હવે રાણીઓ ચંદન ઘસે છે કે નહી? કારણ કે, હવે વલયનો શબ્દ સંભળાતો નથી." મંત્રીઓએ એનું સ્વરૂપ જણાવ્યું. એ ઉપરથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો ને પોતે વિચારવા લાગ્યો. "ઘણાં કંકણનો શબ્દ દુઃખકર્તા થઈ પડ્યો; પણ એકેક કંકણ રહ્યું ત્યારે સુખ મળ્યું. તે પ્રમાણે એકલાપણામાંજ મહા સુખ છે. કહ્યું છે કે-જેમ જેમ તંત્ર બહુ મ્હોટો અને વિસ્તારપણે વધતો જાય, તેમ તેમ દુઃખ પણ વધતું જાય છે; સુખ વધતું નથી. સર્વે વિસ્તાર ક્લેશરૂપ છે; સંક્ષેપ એજ સુખનું કારણ છે. માટે સર્વ વિસ્તારનો ત્યાગ કરવો એજ આત્મહિત છે." વળી તેણે વિચાર્યું કે, "જો આ મ્હારો દાહજ્વર બિલકુલ શાંત થશે તો હું ચારિત્ર અંગીકાર કરીશ." આમ વિચારીને જેવો તે સૂઈ ગયો, તેવામાં તેનો દાહજ્વર તદ્દન પ્રશમી ગયો. પ્રભાતે વાજિત્રના શબ્દે જાગીને વિચારવા લાગ્યો. "અહો! આજે મેં સ્વપ્નને વિષે ઐરાવણ હસ્તી અને મેરુપર્વતને જોયો, તે રૂડું થયું છે. કારણ કે તેથી મ્હારો રોગ ગયો છે. કહ્યું છે કે-દેવતા, યતિ, ગાય, માતા પિતા, લિંગિ અને રાજા સ્વપ્નને વિષે જે કહે તે તેમજ થાય છે (સત્ય પડે છે)." પછી તે સ્વપ્નનો ફરી ફરી વિચાર કરતાં નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. "મેં પૂર્વ ભવને વિષે સાધુપણું પાળ્યું હતું ત્યાંથી મૃત્યુ પામીને હું પ્રાણત દેવલોકે દેવતા થયો હતો." આમ જાતિસ્મરણ જ્ઞાન થવાથી નમિરાજાએ પોતાના પુત્રને રાજ્ય સોંપી દેવતાએ આપેલો રજોહરણ લઈ દીક્ષા ગ્રહણ કરી.

નમિરાજાએ ચારિત્ર લીધું એટલે તેની પરીક્ષા કરવાને ઇંદ્ર દ્વિજનું રૂપ લઇને આવ્યો. આવીને તેણે કહ્યું. "હે રાજન્! તેં રાજ્યને તૃણવત્ ગણીને અંતઃપુર સહિત તેનો જે ત્યાગ કર્યો, તે બહુ સારું કર્યું; પણ તેં જીવદયા પાળવાને દીક્ષા લીધી છે, ને તેં વ્રત ગ્રહણ કર્યું, તેથી આ ત્હારી સ્ત્રીઓ તો રુદન કરે છે, તો ત્હારે એવું વ્રત ગ્રહણ કરવું ન જોઇએ; કારણ કે એમ કરવાથી પૂર્વાપર બાધ આવ્યો." એ સાંભળીને નમિ મુનિએ ઉત્તર આપ્યો. "મ્હારું વ્રત કંઇ દુઃખનું કારણ નથી; પરંતુ લોકોને પોત પોતાના સ્વાર્થમાં હાનિ પહોંચે છે, તેજ એમને દુઃખકર્તા છે. માટે હું તો મ્હારું કાર્ય કરું છું; બીજા જન કહે તેથી શું?" પછી ઇંદ્રે કહ્યું. "હે રાજન્! ત્હારા મહેલ, અંતઃપુર આદિ સળગે છે તેની તું કેમ ઉપેક્ષા કરે છે? તને એમાં દૂષણ લાગે છે. કારણ કે, અગ્નિની ઉપેક્ષા કરવી તે પાપ છે અને તું તો ચતુર છે (તેથી કહેવું પડે તેવું નથી)." નમિ રાજર્ષિએ કહ્યું. "આ મહેલ મ્હારા નથી; અંતઃપુર પણ મ્હારું નથી." ત્યારે વળી ઇંદ્રે કહ્યું. "હે રાજન્! જ્યારે તું આવજ છે,

ત્યારે આ નગરીના કોટને મજબૂત કરીને તથા નાના પ્રકારના યંત્રોથી યુક્ત કરીને પછી જજે." રાજાએ કહ્યું. "અરે ભાઇ! મ્હારે તો સંયમ એજ નગર છે, તેમાં શમ નામે કોટ છે, તે નય નામે મંત્રથી યુક્ત છે." આવો ઉત્તર મળ્યા પછી પણ ઇંદ્રે ફરી કહ્યું. "હે ક્ષત્રિય! લોકોને રહેવાને માટે મનોહર પ્રાસાદ કરાવી આપીને પછી વ્રત લેજે." મુનિએ તે ઉપરથી જવાબ આપ્યો. "એ તો કુબુદ્ધિ જન કરે; મ્હારે તો જ્યાં મ્હારો દેહ છે ત્યાંજ મંદિર છે." વળી ઇંદ્રે કહ્યું. "ચોર લોકોનો નિગ્રહ કરીને પછી જજે." યતિ બોલ્યા. "મેં ક્યારનો રાગાદિ ચોરોનો નિગ્રહ કર્યો છે." ત્યારે ઇંદ્રે કહ્યું. "કેટલાએક ઉદ્ધત રાજાઓ તને નમતા નથી, તેમનો પરાજય કરીને પછી તું પ્રવ્રજ્યા લેજે." રાજાએ કહ્યું."યુદ્ધને વિષે લક્ષ સંખ્યામાં સુભટોને જીત્યાથી શો જય ગણાય? ખરો જય તો એક આત્માને જીત્યાથી થાય છે ને એને જીત્યાથીજ મેં પરમ જય મેળવ્યો છે." (ઇત્યાદિ નમિરાજાર્ષિ અને ઇંદ્રનો સંવાદ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રથી જાણી લેવો.)

આવાં આવાં વિપ્રના રૂપમાં રહેલા ઇંદ્રના વચનોની અવગણના કરીને નમિરાજા જેવો આગળ ચાલવા જાય છે, તેવામાં ઇંદ્ર પોતાનું સ્વરૂપ પ્રકટ કરીને બોલ્યો. "હે યતીશ્વર! તમને ધન્ય છે, તમે કૃતાર્થ છો, તમે સર્વ ભાવવૈરીનો પરાભવ કરીને તમારો ઉત્કૃષ્ટ સ્વભાવ જણાવી આપ્યો છે." એમ સ્તુતિ કરીને ઇંદ્ર સ્વર્ગમાં ગયો. નમિયતિ અનુક્રમે મુક્તિએ ગયા. સાધ્વી મદનરેખા પણ સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મોક્ષ પામ્યા. ઇતિ મદનરેખાની કથા.

---

## દમયંતી.

પ્રાણીઓએ અત્યંત વિકટ સંકટ આવી પડે તોપણ દમયંતીની પેઠે પતિને ત્યજવો નહીં.

કોશલ દેશને વિષે નિષધ રાજા રાજ્ય કરતો હતો, તેને લાવણ્યસુંદરી નામે સ્ત્રી હતી. તેમને અનુક્રમે નળ અને કૂબર નામે બે પુત્રો થયા. વળી વિદર્ભ દેશના કુંડિનપુર નગરમાં બળવત્તર એવો ભીમ ભૂપતિ રાજ્ય કરતો હતો. તેની પત્ની પુષ્પવતીએ સત્સ્વપ્ન સૂચિત એવી એક પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રીને પૂર્વના શુભકર્મના ઉદયથી ભાલસ્થળને વિષે સૂર્યના જેવું દેદિપ્યમાન તિલક હતું. છઠ્ઠી જાગરણનો મહોત્સવ કર્યા પછી રાજાએ તેણીનું દમયંતી એવું નામ પાડ્યું. અનુક્રમે દમયંતી પગે ચાલતાં શીખી, ત્યારે તેણીએ પહેરેલા નૂપુરનો ઝણઝણ કરતો નાદ માત પિતાને પ્રમોદ ઉપજાવતો. એમ કરતાં કરતાં જાણે છે સૌભાગ્ય જેણીનું એવી તે વૃદ્ધિ પામતી ધર્મ કર્મશાસ્ત્રને વિષે કુશળ થઇ.

હવે એકદા નિર્વૃતી દેવી શ્રી શાંતિનાથ ભગવાનની સુવર્ણની પ્રતિમા દમયંતીને આપીને કહેવા લાગી. "આ કલ્યાણને કરનારી એવી પ્રતિમાનું ત્હારે નિત્ય પૂજન કરવું. મહા ઉદય તથા સુખને આપનારી એ ત્હારા ભવનો નાશ કરવાવાળી થશે." એ ઉપરથી દમયંતીએ એ પ્રતિમા લઇને ગૃહદેરાસરને વિષે રાખી.

અનુક્રમે એ ભીમરાજાની પુત્રી મનોહર તથા રૂપ લક્ષ્મીથી યુક્ત એવા યૌવનને પામી. આઠ વર્ષની તેણીની વય થઇ, એટલે માતા પિતાને તેણીને યોગ્ય પતિ શોધી કાઢવાની ચિંતા થઇ. કહ્યું છે કે-પુત્રી જન્મતાં શોક ઉપજાવે છે, વૃદ્ધિ પામતાં ચિંતા વધારે છે, પાણિગ્રહણ કરાવતી વખતે દંડ ભરાવે છે; આમ દીકરીના બાપને સદા દુઃખ રહે છે. પછી રાજાએ સ્વયંવર મંડપ સ્થાપ્યો ને બહુ રાજકુમારોને નિમંત્રણ કર્યું. એ સમયે દૂતે વિજ્ઞપ્તિ કર્યાથી નિષધ રાજા પણ પોતાના નળ અને કૂબર પુત્રોને લઇને સ્વયંવર ઉપર આવી પહોંચ્યો. ભીમ રાજાએ સર્વ રાજાઓને સામા જઇ તેડી લાવી આસનાદિ વડે સત્કાર કર્યો. પ

છી પ્રભાતે સર્વ રાજાઓ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી સુશોભિત મંચો ઉપર આવીને બેઠા. એ ટલે દમયંતી પણ સુખાસનને વિષે બેસીને પોતાની સખીઓના પરિવાર સહિત ત્યાં આવી. તે વખતે અનેક લોકો પોત પોતાનાં કાર્યો ત્યજીને ત્યાં જોવા આવ્યા હતા. કહ્યું છે કે-કથે રા, કાજળ, સિંદૂર, દૂધ, જમાઇ અને વાજિંત્ર એ છ વસ્તુ ઉપર સ્ત્રીને બહુ પ્રીતિ હોય છે. એવામાં સુખાસનમાં બેઠેલી દમયંતી પ્રતિહારિણીએ વર્ણવેલા અંગ, બંગ અને કિ લંગ આદિ દેશોના સ્વામિને ત્યજીને આગળ ચાલી. અનુક્રમે નળ રાજા પાસે આવી, તે વખતે જોવા આવેલી બીજી સ્ત્રીઓએ દમયંતીના રૂપ ગુણનું વર્ણન કર્યું. તે આ પ્ર માણે દમયંતીના પગને વિષે ચોપડેલો લાખનો રસ તે જાણે રંગમંડપમાં આવેલા રાજા ઓના અંગમાંથી અનુરાગજ હોયની! એવો શોભતો હતો અને તેણીના કપાળને વિષે રહેલી કસ્તુરીની પીળ તે જાણે કામદેવરૂપ ભૂપતિની સ્તુતિના અક્ષરોની પંક્તિજ હોય ની! એવી શોભતી હતી. વળી કંઠને વિષે ધારણ કરેલી મલ્લીકાના પુષ્પોની ઉજવળ મા ળા તેણીના મુખરૂપી ચંદ્રની આસપાસ વિંટલાયલી નક્ષત્રની પંક્તિની પેઠે શોભતી હ તી. કાનને વિષે ધારણ કરેલાં રત્નનાં દેદિપ્યમાન કુંડળો સૂર્ય ચંદ્રની ભ્રાંતિ કરાવતાં હતાં. નેત્રને વિષે ધારણ કરેલી કાજળની રેખા પદ્મ ઉપર ભ્રમરની પેઠે અને અંગે ધારણ ક રેલું રક્ત અંશુકના કસીલા સમાન શોભતું હતું. આ પ્રકારની દમયંતી પ્રતિહારિણીએ વર્ણવેલા નળરાજાના ગુણોને સાંભળી તથા તેને જોઇ હર્ષ પામી તેના ઉપર અનુરાગવાળી થઇ. એટલે તેણીએ તેના કંઠને વિષે વરમાળા આરોપી. દમયંતીએ નળને વરેલા જોઇને જય જયકાર થયો. નિષધ રાજા અને ભીમરાજાએ પછી તેમનો વિવાહ કર્યો.

હવે દમયંતી તો નળ રાજાની સંગાથે ચાલવા લાગી, ત્યારે તેણીના માતા પિતા તે ણીને ઉપદેશ આપવા લાગ્યા. "હે પુત્રી! ત્હારે પતિને ઘેર જઇ સાસુ સસરા આદિ વર્ગ નો બહુ વિનય કરવો અને પતિને અનુકૂળ વર્તન કરવું." પછી નિષધ રાજા મહોત્સવ પૂ ર્વક પોતાના નગર ભણી ચાલ્યો. આગળ ચાલતાં માર્ગને વિષે બહુ અંધકાર વ્યાપી ગયો; તેથી વનને વિષે નિષધ રાજાને થોભવું પડ્યું; એટલે નિદ્રાવશ થયેલી પોતાની પ્રિયાને નળે કહ્યું. "હે પ્રિયે! નિંદ્રાનો ત્યાગ કર અને ત્હારા તિલકને પ્રગટ કર કે, જેથી આ અંધ કાર નાશ પામે અને પ્રકાશ થાય." તે સાંભળીને દમયંતીએ ભાલસ્થળને વિષે રહેલા પો તાના તિલકને પ્રગટ કર્યું એટલે સૂર્ય સમાન તેના તેજથી સર્વ સ્થળ પ્રકાશમય થઇ રહ્યું. એવા માં એક કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા મુનિ તેમના દીઠામાં આવ્યા. તેમના દેહ સાથે એક હ સ્તી પોતાના શરીરને ઘસતો હતો, તોપણ તે મુનિ પોતાના ધ્યાનમાં અચળ ઉભા હતા. તેમની પાસે જઇ નળે તથા દમયંતીએ તેમને વંદન કર્યું. તે એક નિષધ રાજા પ્રમુખ સ ર્વ મનુષ્યો તેમની પાસે જઇ તે તેમને ભક્તિ સહિત પ્રદક્ષિણા દઇ વંદન કર્યું. તે વખતે મુ નિએ કાઉસ્સગ્ગને પૂર્ણ કરીને તેમને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. "દેવ ગુરૂની પૂજા, દયા, દાન, [illegible] [illegible] [illegible], શક્તિ પ્રમાણે અને પરોપકારને માટે ગુણીએ આ [illegible] [illegible] [illegible] [illegible] છે." એમ સાંભળીને નળ રાજાએ અંજલિ જોડીને મુનિને પૂ છ્યું. "હે સ્વામિ! આ દમયંતીને ભાલસ્થળને વિષે આવું તિલક ક્યા શુભ કર્મને યોગે પ્ર ગટ્યું [illegible]?" મુનિએ કહ્યું. "આ બાળાએ પૂર્વ ભવને વિષે એક જિનેશ્વર દીઠ એક, એમ [illegible] [illegible] [illegible] [illegible] કર્યાં હતાં, તે તે તપના ઉદ્યાપનમાં તેણીએ [illegible] [illegible] જિન દીઠ [illegible] [illegible] કર્યાં હતાં. તેના પ્રભાવથી તેણીના ભાલસ્થળને વિષે આવું દેદિપ્ય માન તિલક થયું છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

પછી નિષધ રાજા પરિવાર સહિત પોતાને નગરે પહોંચ્યો. નગર જનોએ મહોત્સવ કર્યો અને દાન આપતો આપતો ભૂપતિ મહેલને વિષે ગયો. નળ રાજાએ નાના પ્રકારનાં દાન આપીને પોતાની કીર્તિને ચોદિશિ વિસ્તારી. પછી નળને રાજ્ય સોંપી તથા કૂબરને યુવરાજ પદે સ્થાપી નિષધ રાજાએ સંયમ ગ્રહણ કર્યો; ને તે તપશ્ચર્યા કરી સ્વર્ગે ગયો.

હવે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને સાધતા નળ રાજાએ ચિરકાળ પર્યંત રાજ્ય ચલાવી બહુ દેશોને સાધ્યા, એટલે મહાન્ રાજ્ય જોઈ કુટિલ આશયવાળા કૂબરને તેનું રાજ્ય લેવાનું મન થયું. નળ તો નિર્મળ ચિત્તવાળો હતો એટલે પેલાએ તેની સાથે દ્યૂત રમવાનું કર્યું. દમયંતી વિગેરેએ બહુ વાર્યો છતાં પણ નળ ભાઇ સાથે દ્યૂત રમ્યો અને તેમાં પોતાનું રાજ્ય હારી બેઠો. કૂબરે તો હર્ષ પામીને નળને કહ્યું. "હવે તું મ્હારો દેશ ત્યજીને ચાલ્યો જા." કહ્યું છે કે-પ્રાણીએ પારકું ધન ન લેવું; કારણ કે એમ કરવાથી તે નરકગતિ પામે છે.

દ્યૂત જેવા કુવ્યસનના સેવનથી પોતાનું રાજ્ય પારકાને સોંપી નળરાજા જેવા મહાત્મા રાજાને વનને વિષે નીકળી જવું પડયું. ત્યાં પ્રિયા સહિત એકલા ચાલતા, પગને વિષે પેશી જતા કંટક આદિની વ્યથા સહન કરતા, પ્રિયાને પવન નાંખતા, શ્રમિત થતી ત્યારે તેણીના ચરણને દાબતા અને તૃષાતુર થતી ત્યારે પદ્મના પુટને વિષે તેણીને જળ લાવીને પાતા, સત્વનું અવલંબન કરતાં છતાં પણ જ્યારે નળ રાજા શ્રમિતજ થતો, ત્યારે દમયંતી તેના ચરણ ચાંપવા જતી તેણીને પણ તે નિવારતો. આમ કરતાં કરતાં મધ્યાન્હ થયો ત્યારે દંપતીએ ફળ ફૂલ મેળવી તેનો આહાર કર્યો ને સાયંકાળે કોઇ લતાગૃહનો આશ્રય લઇ તેમાં રાત્રી વ્યતીત કરી. અન્યદા જ્યારે સૂર્યનાં તીક્ષ્ણ કિરણોથી ત્રાસ પામતાં ત્યારે તેઓ અંધકારમય એવા વનના ગાઢ વૃક્ષોનો આશ્રય લેતાં.

એકદા વનને વિષે દમયંતી સરોવરના જળથી પ્રિય નળ રાજાના ચરણ પ્રક્ષાલન કરતી હતી, તે વખતે નળે તેણીનું મ્લાન વદન દેખીને ચિત્તને વિષે વિચાર્યું. "અહો! ક્યાં આ પ્રવાલના જેવી સૌમ્ય પ્રિયા અને ક્યાં આ દુઃખથી પૂર્ણ માર્ગ? ક્યાં તે મ્હારૂં રાજ્ય અને ક્યાં આ અકથ્ય દુઃખદાયક વનવાસ?" પછી નળ રાજાએ વિશ્રામ લેવાને અર્થે કોઇ મનોહર શિલાતળ ઉપર કેળના પત્રોની શય્યા રચી અને તે ઉપર દંપતી હાથનું ઓશીકું કરી પરમેષ્ઠિ મંત્રનો ઉચ્ચાર કરીને સૂઈ ગયાં. પણ બહુ દુઃખી થયેલો એવો નળ રાજા (દમયંતી નિંદ્રાવશ થયા પછી) ચિંતવવા લાગ્યો. "મ્હારે અહિં બહુ દુઃખ છે. એક તો વનવાસ, તેમાં વળી દરિદ્રતા ને તેમાં, પણ આ પ્રિયા સાથે છે તે પગબંધન છે; માટે એણીને ત્યજીને જતો રહું." આવો વિચાર કરીને તેણીના ચીરને ફાડી અર્ધ પોતે લઈ ધીમેથી જવા તૈયાર થયો; ને પ્રિયાના વસ્ત્રને છેડે આ પ્રમાણે લખતો ગયો. "હે વામભ્રૂ! ડાબી બાજુએ કુંડિનપુર જવાનો માર્ગ છે અને અહિં કેશુડાં ઉગ્યાં છે તેની દક્ષિણ દિશાએ કોશલા નગરી આવેલી છે, માટે હે ગજગામિનિ! તને રુચે ત્યાં જજે. હું ક્યાંય પણ મ્હારૂં મુખ બતાવવાને અસમર્થ છું." એ પ્રમાણે અક્ષરો લખીને નળ રાજા ગૂઢ દુઃખતાને લીધે રુદન કરતો તથા ફરી ફરી પાછો વળીને પ્રિયાના મુખકમળને જોતો ચાલી નીકળ્યો. ને તે બોલ્યો. "હે વિધાતા! તેં આ દમયંતીને સર્વ કરતાં સુંદર ઉત્પન્ન કરી છતાં તું એ મહાત્માની વહુરી જેવીને કેમ દુઃખી કરે છે? હે વન દેવતાઓ! તમે પ્રસન્ન થઇને મ્હારૂં કહેવું શ્રવણ કરો. આ મ્હારી પ્રિયાને માર્ગે જતાં ઉપદ્રવ ન થાય, તેમ તમારે કરવું." એમ કહી વળી ત્યાં સુધી પાછો વળી જોતો ચાલ્યો કે, જ્યાં સુધી એ દમયંતી તેની દૃષ્ટિમર્યાદામાં રહી. એણીને વનના હિંસક પ્રાણીઓથી લેશમાત્ર પણ ભય ન ઉપજે, એવા વિચારમાં તેણે ફરી ફરી આવવું જવું ક

રયું. વળી તે પોતાને સંબોધીને કહેવા લાગ્યો. "હે દુરાત્મા નળ! ત્હારી પ્રિયા આ પ્રમાણે વનને વિષે એકલી સુતી છે, તેવામાં તને કેવી રીતે સુખ પ્રાપ્ત થવાની આશા રહે છે?" આવા વિચારમાં ને વિચારમાં નળે રાત્રી નિર્ગમન કરી.

પછી ત્યાંથી આગળ ચાલતાં નળની દૃષ્ટિએ એક જવળતી જવાળાવાળો વનદવ પડ્યો, તે દવમાં બળવાથી આક્રંદ કરતો કોઇનો સ્વર નળે સાંભળ્યો; તેથી તે તેની પાસે ગયો તો તેણે મનુષ્યની વાણી સાંભળી કે, "હે ઇક્ષ્વાકુ વંશરૂપી સમુદ્રના ચંદ્રમા! વિશ્વના વત્સળ નળ રાજા! મને આ દવમાંથી સળગતો બચાવ." ત્યાં તો તેણે એક સર્પને બળતો જોયો એટલે મહા ધીર એવો નળ રાજા બોલ્યો. "હે મહા નાગ! તેં કેવી રીતે મ્હારૂં નામ જાણ્યું? અને સર્પના દેહને ધારણ કરનારો છતાં તું કેવી રીતે મનુષ્યની વાણી બોલી શકે છે?" સર્પે ઉત્તર આપ્યો. "હે મહારાજા! હું પૂર્વ ભવને વિષે મનુષ્ય હતો, તેના સંસ્કારને લીધે આ મનુષ્યની વાણી જાણું છું. વળી મને અવધિજ્ઞાન પણ છે, તેથી હું આ સકળ જગતને મ્હારા હસ્તને વિષે રહેલું સ્ફુટ જોઉં છું. વળી હું પણ તને ઉપકાર કરનારો છું." પછી નળ રાજા બોલ્યો. "ત્યારે તું આ મ્હારા વસ્ત્રના પલ્લવને અવલંબીને બહાર નીકળ." તે પ્રમાણે કરીને સર્પ બહાર નીકળ્યો ને તત્ક્ષણ તેના ઉદ્ધારકર્ત્તા (નળ રાજા) નેજ કરડ્યો; તેથી તેનું રૂપ કૂબડું થઇ ગયું; એટલે નળે તેને હાથથી ઉછાળીને ભૂમિ ઉપર નાંખી દીધો; ને તે સર્પને કહ્યું. "હે સર્પરાજ! તેં મ્હારા ઉપર બહુ સારો ઉપકાર કર્યો." પછી નળ પોતાના અંગને કુબ્જ થએલું જોઇને વૈરાગ્ય પામી સંયમ લેવાને ઇચ્છાતુર થયો; એટલે પેલો સર્પ દીવ્ય સ્વરૂપ ધારણ કરીને કહેવા લાગ્યો. "હે વત્સ! હું ત્હારો પિતા નિષધ છું, વિષાદ ન કર. દીક્ષાના પ્રભાવથી હું બ્રહ્મ દેવલોકને વિષે દેવતા થયો છું. ત્યાં ત્હારૂં દુઃખ જોઇને ઉપકાર કરવાને અહિં આવ્યો છું. મેં તને વિરૂપ કર્યો છે તે એટલા માટે કે, તું એકલો હોવાથી શત્રુઓ તને ઉપદ્રવ કરે નહી. ત્હારા પૂર્વ ભવના કર્મના વશે તને કેટલોએક કાળ આપત્તિ રહેશે; પણ અંતે તને ત્રણ ખંડનું રાજ્ય પ્રાપ્ત થશે. યોગ્ય સમય આવશે ત્યારે તને હું દીક્ષા લેવાનું કહીશ. હમણાં તું આ શ્રીફળ ગ્રહણ કર, તથા આ કંડીયો લે, તે તું ત્હારી પાસે રાખજે. જ્યારે ત્હારૂં મૂળ સ્વરૂપ પ્રકટ કરવાની ઇચ્છા થાય, ત્યારે આ શ્રીફળમાંથી વસ્ત્ર કાઢીને પહેરજે, તથા આ કંડીઆમાંથી હારાદિક આભરણ લઇને તે તું ત્હારે શરીરે આરોપજે; એટલે ત્હારૂં મૂળ રૂપ પોતાની મેળે પ્રકટ થશે." આ પ્રમાણે તે બન્ને વસ્તુઓનો મહિમા જણાવ્યા પછી વળી તે દેવ બોલ્યો. "હે વત્સ! તું અહિંથી સુસુમાર નગરે જજે." ત્યારે નળે કહ્યું. "એનો માર્ગ વિષમ છે માટે આપ મને ત્યાં પહોંચાડો." દેવે તેને સુસુમાર નગરની બહાર મૂક્યો, ત્યાંથી તેણે પછી અંદર પ્રવેશ કર્યો.

આ વખતે નગરની અંદર મહા કોળાહળ થઇ રહ્યો હતો. 'તે શું છે?' એમ મનમાં ચિંતવતો નળ આગળ જાય છે, તેવામાં મદોન્મત્ત થયેલો રાજાનો પટ્ટહસ્તી આલાન સ્તંભને તોડી નાંખી વૃક્ષ, મનુષ્ય આદિને છુંદી નાંખતો રસ્તે ચાલ્યો જતો હતો; તેને તેણે જોયો. આવા હસ્તીને આમ મસ્તી કરતો જોઇને રાજાએ કહ્યું. "અરે લોકો! સાંભળો, જે કોઇ આને વશ કરવાને સમર્થ હોય, તેને હું બહુ સંપત્તિ આપીશ." તે સાંભળીને પરાક્રમી એવો નળ, હસ્તીની સન્મુખ દોડ્યો. લોકો કહેવા લાગ્યા કે, "અરે કુબ્જ! મરવું રહેવા દે." પણ એમના નિવારણને ન ગણકારીને 'તે હસ્તીમાં કેટલું સામર્થ્ય છે?' તે જોઇને તેની પાસે ગયો ને કહેવા લાગ્યો. "અરે મદોન્મત્ત હસ્તી! આ સ્ત્રી જન તથા બાળક પ્રમુખને શું હણે છે! ત્હારી પાસે આ ઉન્મત્ત કેસરીસિંહ ઉભો છે તેની સામો આવી જા."

પછી નળે ક્રોધાંધ એવા એ હસ્તીને ઘણી વાર સુધી ફેરવીને તેની આગળ પોતાનું વસ્ત્ર લાંબું કરીને પાથર્યું ને પોતે તત્કાળ તેની પાછળ જઇને ઉભો; એટલે તે હસ્તી તે વસ્ત્રને પુરૂષ ધારીને તેને પ્રહાર કરવા લાગ્યો. એટલામાં તેનો કાન ઝાલીને નળ તેના સ્કંધ ઉપર ચઢી બેઠો, ને તેના મર્મ સ્થળ ઉપર એવી રીતે તાડના કરી કે, તે એક સ્તંભની પેઠે નિશ્ચળ ઉભો રહ્યો. પછી ત્યાંથી તેણે તેને લઇ જઈ આલાનસ્તંભે બાંધ્યો. નળનું આવું પરાક્રમ જોઇને તે નગરના દધિપર્ણ રાજાએ તેના કંઠને વિષે સ્વમાળા પહેરાવી; પછી તેને ઉત્તમ વસ્ત્રાભરણથી સન્માન આપીને પોતાની પાસે બેસારીને પૂછ્યું. "તમારો કયો વંશ?" ત્યારે કુબ્જે કહ્યું. "મ્હારી જન્મભૂમિ મનોહર કોશળા છે. મ્હારો સ્વજન વર્ગ પણ ત્યાંજ સુખે રહે છે. હું નળ રાજાનો હુંડિક નામે રસોઇઓ હું. તેથી તેની પ્રીતિને લીધે સર્વ કળામાં પ્રવીણ થયો છું. એ નળ રાજા સૂર્યની કૃપાથી સૂર્યપાક રસોઈ કરી જાણે છે, તે પણ હું જાણું છું. અન્ય કોઇ રાજા પણ એ જ્ઞાન ધરાવતો નથી. હમણાં દૈવને લીધે પોતાના ભાઇ કૂબરની સાથે જુગાર રમવાથી પોતાનું રાજ્ય ખોઇ પ્રિયા દમયંતીને સાથે લઇને એણે વનવાસ અંગીકાર કર્યો છે. એ કોણ જાણે ક્યાંય મૃત્યુ પામ્યા હશે!" નળ રાજાનું આવું વૃત્તાંત સાંભળીને તેના ગુણને ક્ષણ ક્ષણ સ્મરણ કરતો દધિપર્ણ નૃપતિ વિષાદ પામી ચિંતવવા લાગ્યો. "સંસારની સ્થિતિજ આવી છે; લક્ષ્મી વિજળીની પેઠે ચંચળ છે; આ યૌવન પણ થોડા દિવસનું છે; સુખને પ્રાંતે દુઃખજ છે; આ શરીર નિરંતર વ્યાધિ યુક્ત છે; ખરા મિત્ર મળવા બહુ કઠણ છે, અથવા બહુ બોલવાથી શું? આ સંસારજ અસાર છે; માટે હે જનો! તમે સાવધ થઈ જાગતા રહો."

એકદા રાજાએ નળને કહ્યું. "સૂર્યપાક રસવતી તને આવડે છે તો તે અમને એકવાર કરીને જમાડ." એમ કહી તેને બહુ બહુ આગ્રહ કર્યો, ત્યારે તેણે પોતાની વિદ્યાનું સ્મરણ કરી શાળિના તંદુલથી પૂર્ણ એક થાળ નિપજાવ્યો; પછી તેમાં તેણે સૂર્યપાક રસવતી બનાવીને સર્વને જમાડ્યા. તે ઉપરથી રાજાએ તેને પાંચસો ગામ બક્ષીસ આપ્યાં, પણ તે તેણે લીધાં નહી. ત્યારે દધિપર્ણ નૃપતિએ તેને ફરીને કહ્યું. "ત્યારે તું તને જે પ્રિય હોય તે અંગીકાર કર." કુબ્જના રૂપમાં રહેલા નળ રાજાએ તે ઉપરથી કહ્યું. "હે રાજન્! જેટલી પૃથ્વીને વિષે આપનું શાસન (રાજ્ય) પ્રવર્ત્તમાન છે, તેટલી પૃથ્વીમાં દ્યૂત, મદ્ય, માંસ આદિનો નિષેધ કરાવો. કારણ કે, એ બહુ પાપનાં મૂળ છે." રાજાએ એ વાતની હા કહી ને એ સર્વ વ્યસનનો નિષેધ કરાવ્યો. એમ એ રસોઇઆરૂપે રહેલ રાજાનો માનીતો થઇ સુખે રહેવા લાગ્યો.

એકદા એ કુબ્જ સરોવરને તીરે તરુવરની છાયામાં બેઠો હતો, તેવામાં કોઇએક દેશાંતરથી આવેલો પુરુષ તેને સર્વાંગે સુંદર જોઇને ગીત ગાતો, વાતો કરતો કરતો કુબ્જને કહેવા લાગ્યો. "હું અનાર્ય; નિર્લજ્જ! દુર્બુદ્ધિ અને આત્માને હણનાર એવા માણસોની પંક્તિમાં નળ રાજાને મૂકું છું, કે જે નળ રાજા પોતાની વિશ્વાસુ, પ્રેમની ભાજન અને સ્નેહવતી એવી વનિતા (સ્ત્રી) ને વનને વિષે એકલી સૂતી મૂકીને જતો રહ્યો; પણ પોતેજ ત્યાં બળીને કેમ ભસ્મ ન થયો!" એ સાંભળીને કુબ્જ બોલ્યો. "તેં વાત તો સારી કહી. ભાઇ, તું ક્યાંથી આવે છે? અને નળ રાજાનો વૃત્તાંત ક્યાંથી જાણે છે?" તેણે કહ્યું. "હું કુંડિનપુરથી આવું છું ને દમયંતીની પાસેથી એ વૃત્તાંત મેં સાંભળ્યો છે." કુબ્જે કહ્યું. "મેં દમયંતીના ત્યાગ સુધીની વાત તો સાંભળી છે, પણ નળ રાજાએ તેણીને ત્યજી દીધી ત્યાર પછી શું થયું?" પેલો ઉત્તર આપવા લાગ્યો. "વિદર્ભ દેશના રાજાની પુત્રીને નળ રા

જા ત્યજીને જતો રહ્યો, ત્યાર પછી રાત્રીને અંતે તેણીએ એવું સ્વપ્ન દીઠું કે, 'હું આમ્રફળ ખાવાની ઇચ્છાથી તેના વૃક્ષ ઉપર ચઢી, પણ એટલામાં એક હસ્તીએ આવીને તે વૃક્ષ ઉખેડી નાંખ્યો; એટલે હું ભૂમિ ઉપર પડી.' પ્રભાતે જાગી તે પતિને ન જોવાથી આમ તેમ દૃષ્ટિ ફેરવી ચિત્તને વિષે વિચારવા લાગી. "હે દુર્દૈવ! બળેલી એવી પણ મને અદ્યાપિ તું શું કરવા ખેદ પમાડે છે? કારણ કે, આવી દશાને પ્રાપ્ત થયેલી છતાં મ્હારા પતિને નજરે દેખતી નથી. અરે! મ્હારા પતિ મુખ ધોવાને સરોવરે ગયા હશે, કે તેને કોઇ દેવ યા દાનવ હરી ગયું હશે? અથવા તે ક્રીડા અર્થે આ વનમાં કયાંય ફરતા હશે?" એમ બોલતી આમ તેમ ફરતી જોતી પતિને કયાંય પણ ન દેખવાથી તે વિલાપ કરવા લાગી. તેણીને જોઇને પાસે રહેલા પક્ષીઓ પણ રુદન કરવા લાગ્યા. એમ કરતાં તેણીને મૂર્છા આવી, તે બહુ કાળે વળી. સચેતના થઇ એટલે તે પોતે દીઠેલા સ્વપ્નનો અર્થ વિચારવા લાગી. "મેં જે આંબાનો વૃક્ષ દીઠો, તે તો મ્હારા સર્વોત્તમ ભર્તાર; ફળ તે રાજ્યલક્ષ્મી; વૃક્ષને ઉન્મૂલન કરનાર જે હસ્તી જોયો તે કૂબર. તેણે ફરી મને પછાડી તે એમ સૂચવે છે કે, મને મ્હારા પતિનો વિયોગ થયો." આમ વિચારી તે પોતાના પૂર્વ ભવના કર્મનો દોષ કાઢતી હતી. તેવામાં તેણીએ પોતાના વસ્ત્રને પલ્લવે અક્ષરો લખેલા જોયા કે, "હે માનિની! હું તને કોઇ કારણસર વનને વિષે એકલી મૂકીને જઉં છું; તું તેમાં મ્હારૂં દૂષણ ગણીશ નહી." આવું વાંચીને દમયંતીએ વિચાર્યું કે, "હું અત્યંત તેના હૃદયમાંજ છું, પણ કારણે મને મૂકીને તેને જવું પડયું છે; માટે હવે હું તેણે લખેલે રસ્તે પિતાને ત્યાં જઉં. કારણ કે, પતિથી શૂન્ય એવી સ્ત્રીઓને પિતાનું ઘર એજ શરણ છે." એમ વિચારી હૃદયને વિષે નળનુંજ રટણ કરતી તે કુંડિનપુર ભણી ચાલી.

રસ્તે ચાલતાં ઘણા ડાભના કાંટાથી તેણીના ચરણ ભેદાવાને લીધે માંહિથી નીકળતા રુધિરથી તે જાણે પૃથ્વીને લાખના તિલકથી અંકિત કરતી હોયની! શરીર પરસેવાથી ભીનું થવાથી, ને તે ઉપર રજ ચોટવાથી, હંસીના જેવી દેખાતી દમયંતીએ વનને વિષે પ્રવેશ કર્યો. તે વન મધ્યે તેને પારધિ લોકો માતા સમાન ગણવા લાગ્યા. ભુજંગો જાંગુલિ મંત્ર સમાન અને વનહસ્તીઓ સિંહણ જેવી ગણવા લાગ્યા. આવા વનને વિષે જતાં પણ, તેણીના શીળના પ્રભાવથી સિંહ આદિ હિંસક પ્રાણીઓ તેણીને અત્યંત સહાય્યરૂપ થઇ પડ્યા. એ વામાં તેણીએ એક મ્હોટો સાર્થ જોયો; તેથી સ્વસ્થ થઇને તેની પાસે ગઇ; એટલામાં તો વિષયો જેમ કામી પુરુષને રૂંધે, તેવી રીતે ચોર લોકોએ સાર્થને રોકયો. એ ઉપરથી તે તેમને કહેવા લાગી. "અરે ચોર પુરુષો! જેમ સુવરનો (નાળિએરીની ટોચ સુધી પહોંચવી) નાળિએર લેવાનો ઉદ્યમ નિષ્ફળ છે, તેમ તમારો ઉદ્યમ પણ અહિં નિષ્ફળ છે." સંઘને લૂંટવાને તૈયાર થયેલાઓને આ પ્રમાણે કહી હુંકારથી ત્રાસ પમાડી નસાડી મૂકયા. તે જોઇને સાર્થપતિ વસંત સહુપરિવાર તેણીની પાસે આવી મહાસતી કુળદેવતાના જેવી જાણતો તેણીને બહુ બહુ નમન કરવા લાગ્યો. તેણે પૂછયું. "હે કલ્યાણિ! આ નિર્જન વનમાં ભમતી અમારા પુન્ય યોગે અહિં આવી ચઢી તે તું કોણ છે?" તેણીએ ઉત્તર આપ્યો. "વિદેશ ગયેલા નળ રાજાની હું દાસી છું." એ સાંભળી સાર્થપતિએ તેણીને પોતાની બ્હેન ગણી પોતાની પાસે રાખી; પણ એવામાં તો અનુક્રમે વર્ષાઋતુ આવી તેથી સાર્થ તો આગળ ચાલી શકે તેમ નહોતો, એટલે તેને બહુ દિવસ સુધી વિલંબ થશે, એમ જાણીને સાર્થપતિને કહ્યા વિનાજ દમયંતી એકલી આગળ ચાલી નીકળી,

માર્ગમાં એક રાક્ષસ સામો મળ્યો, તેને દમયંતીએ કહ્યું. "જો તું મને મારીશ તો

નિશ્ચે તું મૃત્યુ પામીને નરકગતિ પામીશ; અથવા બળીને ભસ્મ થઈશ." તેણીનાં આ વાં સત્વનાં વચન શ્રવણ કરી સંતુષ્ટ થયેલો રાક્ષસ બોલ્યો. "હે સ્ત્રી! બોલ, ત્હારૂં શું અભિષ્ટ કરૂં?" દમયંતીએ કહ્યું. "આપના જ્ઞાનબળે કહો કે, મને મ્હારા પતિ સાથે ક્યારે સંયોગ થશે?" રાક્ષસે કહ્યું. "બાર વર્ષ પછી સંયોગ થશે." રાણીએ કહ્યું. "તમારૂં કહેવું સત્ય હોજો." ત્યાર પછી રાક્ષસ "ત્હારૂં કલ્યાણ થાઓ" એમ કહીને પોતાને સ્થાનકે ગયો. તેના ગયા પછી તેણીએ અભિગ્રહ લીધો કે, "જ્યાં સુધી પતિનો મેળાપ થાય નહી, ત્યાં સુધી મ્હારે તાંબૂળ, રક્ત વસ્ત્ર, પુષ્પ, આભરણ અને વિગય એ સર્વ વર્જિત છે." ત્યાંથી આગળ ચાલતાં એક મહાન્ ગુફા આવી, તેમાં તે શાંતિનાથ ભગવાન્‌ની માટીની પ્રતિમા બનાવી તેની પુષ્પવડે પૂજા કરતી રહેવા લાગી. વળી ત્યાં રહી તીવ્ર તપશ્ચર્યા કરતી તે પોતાની મેળે પડતાં પત્ર પ્રમુખથી પારણું કરતી હતી. આમ પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરતી તે રાણી ત્યાં કેટલોએક સમય રહી. એવામાં પેલો સાર્થપતિ વસંત પણ અનુક્રમે ત્યાં આવ્યો; તેણે દમયંતીને જિનપૂજામાં લીન દીઠી; એટલે પૂછયું. "આ કોની મૂર્ત્તિ છે?" રાણીએ ઉત્તર આપ્યો. "શ્રી શાંતિનાથ ભગવાનની આ પ્રતિમા છે." વાતચિત થતી સાંભળી કોઈ મનુષ્યો અહિં છે એમ જાણી આસપાસ રહેનારા તાપસો પણ ત્યાં આવ્યા. તેમને દમયંતીએ જૈનધર્મ સંબંધી વ્યાખ્યાન આપ્યું. તે આ પ્રમાણે:- "અતિશય રાગથી જિનેંદ્રની પૂજા કરવી, સામાયિક અને પૌષધ કરવા, સુપાત્રને દાન આપવું અને ગુસાધુની સેવા કરવી, એ પરલોકનો સારો માર્ગ છે." તે સાંભળીને સાર્થપતિએ તો ભાવ સહિત જૈનધર્મ અંગીકાર કર્યો. એવામાંબહુ મેઘ વૃષ્ટિ થવા માંડી, તેથી પેલા તાપસો તથા સાર્થ સૌ દુઃખી થવા લાગ્યા; તે જોઇ સતી દમયંતી પોતાનું ગુરૂંકુંડળ હસ્તને વિષે ધારણ કરીને કહેવા લાગી. "જો હું જૈનધર્મની પાળનારી મહાસતી શ્રાવિકા હોઊં તો જિનશાસનની અધિષ્ઠાયિકા દેવી આ વૃષ્ટિને બંધ કરશે." એમ તેણીની પ્રાર્થના ઉપરથી વૃષ્ટિ બંધ થઈ અને તાપસો પણ નિરાકૂળ થયા. તેઓ પરસ્પર વિચારવા લાગ્યા. "નિશ્ચે આ તો સ્ત્રીનું રૂપ લઇને વનદેવીજ આવી જણાય છે." એમ જાણી તેઓ સર્વ બોધ પામી જૈનધર્મી થયા. તે સ્થળેસાર્થપતિએ એક સુંદરનગર સ્થાપ્યું ને તેને વિષે ઉત્તમ તોરણ-ગવાક્ષ આદિથી યુક્ત એવું એક શ્રી શાંતિ જિનનું મહાન્ મંદિર બંધાવ્યું. એ નગરનું નામ પાંચસો તાપસો પ્રતિબોધ પામીને શ્રાવક થયા તે ઉપરથી તાપસપુર એવું પાડ્યું. ત્યાં શ્રી યશોભદ્રસૂરિની પાસે વૈરાગ્યવાન્ થએલા એવા વિમળમતિ કુળપતિએ ચારિત્ર ગ્રહણ કર્યું; તે વખતે તે દેવ ગુરૂ પાસેથી પોતાનું આયુષ્ય કેટલું બાકી છે! એ જાણીને કૂબરનો પુત્ર સિંહકેસરી દીક્ષા લઇને ગિરિશિખર ઉપર આવી રહ્યો. ત્યાં શુભ ધ્યાન ધ્યાવાથી સિંહકેસરીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેનો મહિમા કરવાને દેવતાઓ આવ્યા; એટલે ત્યાં દમયંતી, સાર્થપતિ તથા તાપસો પણ કેવળીને વંદન કરવા ગયા. ત્યાં તેમણે ધર્મોપદેશ સાંભળ્યો કે, "પ્રતિ દિન સૂર્યના ગમનાગમનથી આપણું જીવન ક્ષીણ થાય છે; બહુ કર્મ ભારથી ગુરૂ એવા વ્યાપારમાં ને વ્યાપારમાં કાળ વ્યતીત થાય છે તે જણાતો નથી; જન્મ, જરા, વિપત્તિ તથા મરણને જાણતાં છતાં પણ ત્રાસ ઉપજતો નથી અને આ મોહમયી પ્રમાદરૂપી મદિરાનું પાન કરીને જગત્ ઉન્મત્ત થયું છે." પછી કેવળીએ પેલા તાપસો તથા સાર્થપતિ પ્રત્યે કહ્યું. "આ દમયંતી સત્ય બોલનારી મહાસતી છે અને એ અર્હત્‌ની ભક્ત છે." પછી સર્વ કર્મ ક્ષય કરીને કેવળી મુનિ ત્યાંજ મુક્તિ પામ્યા.

ત્યાર પછી ચારણ મુનિ યશોભદ્રને દમયંતીએ પોતાના પૂર્વ ભવનો સંબંધ પૂછ્યો.

તે ઉપરથી તેમણે ઉત્તર આપ્યો કે, "મમણ નામનો રાજા હતો તેને વીરમતી નામની સ્ત્રી હતી. તેઓ એકદા ગ્રામાંતરે જતા હતા, તેવામાં તેમને એક મુનિ સામા મળ્યા. એ મુનિ સામા મળ્યા એ અકુશળ થયું, એમ ગણીને તેમને તેમણે બાર ઘડિ સુધી ત્યાં રોકાવ્યા; પણ પાછળથી તેમનો કોપ શમ્યો એટલે મુનિની ક્ષમા માગી. પછી તેમની પાસેથી ઉપદેશ સાંભળી તેમણે દયાધર્મ પાળવા માંડ્યો. અનુક્રમે એ મમણ મૃત્યુ પામીને નળ રાજા થયો અને વીરમતી અષ્ટાપદ ઉપર ચોવીશ જિનેશ્વરને ઉદ્દેશીને પાંચસો આયંબિલની તપશ્ચર્યા કરીને તથા સુવર્ણ તિલકના દાન સહિત ઉદ્યાપન કરીને બહુ પુણ્ય ઉપાર્જન કરી મૃત્યુ પામી તે તું જ. આ પ્રમાણે તેણીને પૂર્વે કરેલાં કર્મને લીધે બાર વર્ષનો વિયોગ થશે." પછી ત્યાં જિનેશ્વરની પૂજા કરતા રહેતાં રહેતાં દમયંતીએ સાત વર્ષ નિર્ગમન કર્યાં.

આ પ્રમાણે દમયંતી ત્યાં રહેતી હતી, તેવામાં એકદા કોઈએ ગુફાના દ્વાર પાસે આવીને તેણીને કહ્યું. "હે સ્ત્રી! મેં ત્હારા પતિને અહિં પાસેજ જોયો છે; હું શીઘ્ર જઉં છું. કારણ કે સાર્થ મ્હારા માટે થોભશે નહીં." તે સાંભળીને દમયંતી પોતે આરંભેલું ધ્યાન સમાપ્ત કરીને પેલાએ બતાવેલે માર્ગે ચાલી; પણ વનમાં ચાલતાં તે એકલી પડી ગઇ. એવામાં એક દુષ્ટ રાક્ષસી સામી આવી, પણ તે તેણીના શીળ પ્રભાવથી સ્તંભી ગઇ. એટલે તેની ક્ષમા માગીને તે પોતાને સ્થાને જતી રહી. અનુક્રમે આગળ ચાલતાં તે તૃષાતુર થઇ એટલે તેણીએ પોતાના શીળના માહાત્મ્યથી ભૂમિ ઉપર પગ પછાડીને નદી પ્રકટ કરી. તેમાંથી પાસે રહેનારા તાપસો પણ જળપાન કરવા લાગ્યા. એમ કરતાં કરતાં તે ધનદેવ નામના સાર્થવાહની સાથે અચળપુર ગઇ; ત્યાં ગામ બહાર રહી. ત્યાં ઋતુપર્ણ ભૂપતિની ભાર્યા ચંદ્રયશા હતી, તે દમયંતીની માસી થતી હતી. તેણીને તેણીની દાસી મારફત ખબર મળી કે, "નગર બહાર કોઇ દેવસુંદરીતુલ્ય રૂપવતી સ્ત્રી આવી છે." તે ઉપરથી તેણીએ દમયંતીને તેડાવી પોતાને ઘેર રાખી. તેણીએ દમયંતીને ઓળખી નહીં; તેમ દમયંતીએ પણ ઓળખાણ કાઢી નહી. તેણીને પૂછવામાં આવ્યા છતાં તેણીએ પોતાનું ગૂઢ વૃત્તાંત પ્રકટ કર્યું નહીં. તોપણ ચંદ્રયશાએ તેણીને પોતાની પુત્રીની પેઠે ગૌરવપણે રાખી. તે પણ માસીની આજ્ઞાથી નિરંતર દાન દેવાનું કામ કરતી. એકદા પિંગળ નામના ચોરને વધસ્થાને લઇ જતા જોઇને દમયંતીએ તેને દયા આણી છોડાવ્યો; એટલે સુભટોએ તેને તેણીને સોંપ્યો. તે ચોરને દમયંતીએ ઓળખ્યો. તે વસંત સાર્થપતિનો સેવક હતો. તેને દમયંતીએ પ્રશ્ન કર્યું. તેણે તેનો ઉત્તર આપ્યો કે, "જ્યારે તમે તાપસપુરમાંથી એકલાં જતાં રહ્યાં, ત્યારે પાછળ વસંત શેઠ તમારા વિયોગથી બહુ ખિન્ન થયા. શ્રી યશોભદ્રસૂરિએ પ્રતિબોધ આપ્યો, ત્યારે સાતમે દિવસે તેમણે આહાર લીધો. એકદા ઉત્તમ રત્ન સુવર્ણ પ્રમુખનું ભેટણું આપીને તેણે કૂબર રાજાને સંતોષ્યો ને પોતે તાપસપુરનો સ્વામી થયો. હવે એ વસંતશેખર એવું નામ ધારણ કરીને ત્યાં રાજ્ય કરે છે. હું ત્યાં અપમાન પામવાથી અહિં આવ્યો ને કર્મ સંયોગે મેં રાજાના મહેલની અંદરજ ચોરી કરી, તેથી આવી શિક્ષા પામ્યો. તેમાંથી તમે દયા આણી મને છોડાવ્યો. દયાના સ્થાનક એવા તેને પછી દમયંતીએ દીક્ષા લેવાનું કહ્યું. તે પ્રમાણે તે લઘુકર્મી જીવે દીક્ષા ગ્રહણ કરી.

એવામાં હરિમિત્ર નામનો કુંડિનપુરનો બ્રાહ્મણ રાજાની રજા લઇને ચંદ્રયશા પાસે આવ્યો, ત્યાં ચંદ્રયશાએ પોતાના કુટુંબ સંબંધીઓના કુશળ સમાચાર પૂછ્યા એટલે તેણે કહ્યું. "નળ અને કૂબર બન્ને ભાઇઓ દ્યૂત રમ્યા, તેમાં નળ હાર્યો, તેથી પ્રિયા દમયંતીને લઇને તે વનમાં ગયો છે, ત્યાં પણ તેણીને એકલી સૂતિ મૂકીને પોતે અન્યત્ર જતો રહ્યો

છે. આવા વૃત્તાંતથી ભીમ રાજા અને પુષ્પદંતી રાણી બહુ દુઃખી થયાં છે. તેમણે મને એ બન્નેની શોધમાં મોકલ્યો છે. હું દેશે દેશ ગામે ગામ ફરીને અહિં આવ્યો, પરંતુ મેં તે મને ક્યાંય પણ દીઠાં નહી." આ સાંભળીને ચંદ્રયશાએ બહુ રુદન કરવા માંડ્યું ને રાજકુળ પણ વિલાપ કરવા લાગ્યું. પછી ક્ષુધાતુર થયેલો એ હરિમિત્ર વિપ્ર દાનશાળાને વિષે ગયો કે, જ્યાં ચંદ્રયશાની આજ્ઞાથી દમયંતી દાન દેતી હતી, ત્યાં તેણે દમયંતીને દીઠી; એટલે તે બહુ ચકિત થઈ તેણીને નમન કરીને બોલ્યો. "હે દમયંતી! હું ત્હારા માટે ફરી ફરીને થાક્યો, પણ મેં તને ક્યાંય દીઠી નહી. આહા! રત્ન તો ઘરમાંજ હતું ને હું મૂર્ખ તેને શોધવાને આખી પૃથિવી ફરી આવ્યો. પછી તેણે દમયંતીની વાત રાજાને તથા તેની રાણી જે દમયંતીની માસી થતી હતી, તેણીને નિવેદન કરી હર્ષ પમાડ્યાં. સર્વેનાં શોકનાં આંસુ તે હર્ષનાં આંસુ થયાં, ને દમયંતીનો યશવાદ ગવાયો. ચંદ્રયશા શીઘ્ર દાનશાળાને વિષે ગઈ; ત્યાં દમયંતીને ગાઢ આલિંગન દઈ કહેવા લાગી. "મને ધિક્કાર છે! કે મેં તને મ્હારી ભાણેજ છતાંને ઓળખી નહીં! હે પુત્રી! તેં પણ આત્માને ગોપવી રાખી શા સારૂ મને છેતરી?" આમ કહી તે તેણીને પોતાને મહેલ લઈ આવી ને તેણીને સુગંધિ જળવડે સ્નાન કરાવ્યું ને દુકૂળ વસ્ત્ર પહેરાવ્યાં. પછી તેણીનો હાથ ઝાલીને તેણીને ચંદ્રયશાએ પોતાની પાસે બેસારી. રાજાના પૂછવા ઉપરથી દમયંતીએ રડતાં રડતાં પોતાને રાજ્ય મૂકવું પડ્યું તે વૃત્તાંત કહી બતાવ્યો. તેણીનાં આંસુ લૂછતાં લૂછતાં રાજા બોલ્યો. "હે પુત્રી! એમાં લેશ પણ ખેદ કરવાનું પ્રયોજન નથી; કર્મની ગતિજ એવી છે." આમ કહે છે તેવામાં આકાશમાંથી કોઇ દેવે ત્યાં આવીને દમયંતીને વંદન કરીને કહ્યું. "હે દમયંતી! તેં જેનો વધ થતો અટકાવ્યો, ને પછી પ્રબોધ આપી જૈનમતને વિષે દીક્ષા લેવરાવી, તે હું પિંગળ ચોર દીક્ષા લીધા પછી સ્મશાનને વિષે પ્રતિમાપણે રહ્યો હતો, ને ત્યાંથી મૃત્યુ પામીને સ્વર્ગને વિષે દેવતા થયો છું; આ સર્વે ત્હારો પ્રસાદ છે. તું ચિરકાળ જય પામ." એમ કહી તેણે સાત કોટિ સુવર્ણની ત્યાં વૃષ્ટિ કરી. તે જોઈ 'એ સર્વે જૈનધર્મનો પ્રભાવ છે' એમ જાણી રાજા તથા અન્ય લોકોએ જૈનધર્મ અંગીકાર કર્યો. પછી હરિમિત્ર વિપ્રે રાજાને કહ્યું. "દમયંતી અહિં ચિરકાળ રહી છે; હવે તેણીને તેણીના પિતાને ત્યાં મોકલો." તે ઉપરથી રાજાએ તેણીને સેના સહિત કુંડિનપુર મોકલી. એટલે પુત્રીને આવતી જાણી તેણીના માત પિતા ( ભીમ રાજા તથા તેની રાણી ) સન્મુખ આવ્યાં. માત પિતાને દમયંતી ચરણે પડી. સર્વને હર્ષનાં આંસુ આવ્યાં, ને પિતા પુત્રીને ઘેર લઈ ગયો. ત્યાં તેણે સાત દિવસ સુધી ઉત્સવ કર્યો. તેને અંતે પિતાએ પૂછવા ઉપરથી દમયંતીએ પોતાને વિદેશ નીકળવું પડ્યું, તેનો વૃત્તાંત કહ્યો. પછી ભીમ રાજાએ કહ્યું. "હે પુત્રી! તું અહિં સુખમાં રહે; જેમ ત્હારો મનોરથ સિદ્ધ થશે તેમ અમે યોજના કરીશું." પછી ભીમ રાજાએ હરિમિત્ર બ્રાહ્મણને પાંચસો ગામ આપ્યાં ને વળી કહ્યું. "જ્યારે નળરાજા આવશે ત્યારે તને અર્ધ રાજ્ય આપીશ."

એકદા દધિપર્ણ રાજાએ ભીમ રાજાને પોતાનો મિત્ર કરવાને અર્થે એક દૂત મોકલ્યો, તે ભીમ રાજાનો સારો સત્કાર પામી કહેવા લાગ્યો. "હે દેવ! અમારા દધિપર્ણ રાજા પાસે નળ રાજાનો એક રસોઇઓ આવ્યો છે, તેને સૂર્યપાક રસોઈ કરતાં આવડે છે. વળી તે હસ્તીને વશ કરવા પ્રમુખ કળાઓ પણ જાણે છે." આ સાંભળીને ભીમ રાજાએ દમયંતીને પૂછ્યું, ત્યારે તે કહેવા લાગી. "સૂર્યપાક રસોઇ તેના વિના અન્ય કોઈ જાણતું નથી; માટે એ કોઈ ગુટિકા કે દેવે આપેલા મંત્રથી પોતાની આકૃતિ ગોપવીને રહેલા તમારા જમાઈજ હશે." તે સાંભળીને ભીમ રાજાએ શિખામણ દઇને એક કુશળ દ્વિજને દધિપર્ણ રા

જા પાસે મોકલ્યો. તે તો તે કુબ્જને જોઇનેજ ખેદ પામી ચિત્તને વિષે વિચારવા લાગ્યો. "ક્યાં મુક્તાફળીની ભ્રાંતિ કરાવનારી દમયંતી! ને ક્યાં દેહધારી લક્ષ્મીના પુંજ હોયની! એવો દેવસ્વરૂપ નળરાજા! ક્યાં આ કુત્સિત અને વ્યાધિગ્રસ્ત કુબડો! ક્યાં કલ્પવૃક્ષ ને ક્યાં એરંડો! ક્યાં માણિક્ય ને ક્યાં કાચનો કકડો! ક્યાં દમયંતી ને ક્યાં આ કુબ્જ! હા! દમયંતીના સર્વ મનોરથ અને શકુનાવળી વ્યર્થ છે." આ વખતે નળરાજા "હા! પરીક્ષક એવા વિધિએ આવા દંપતીનો વિયોગ કરાવ્યો!" એમ કહીને વિલાપ કરવા લાગ્યો; એટલે પેલાએ પૂછ્યું. "કેમ તમે નળનું નામ સાંભળીને રુદન કરો છો?" કુબ્જે કહ્યું. "હું નળ રાજાનો બ્રાહ્મણ છું, તેથી મને શોક થાય છે. ભાઈ તેં આ કથા કહી, તેથી નિશ્ચે તું સત્કારને યોગ્ય છે, માટે ચાલ મ્હારા આવાસે." એમ કહી નળે પેલા દ્વિજને પોતાને આવાસે લઇ જઇ સૂર્યપાક રસવતી કરીને જમાડી, ને પોતાને પૂર્વે મળેલું આભરણાદિક તેને આપ્યું.

પછી તે વિપ્ર વિદર્ભી નગરીએ જઈ ભીમ રાજા તથા દમયંતીને કુબ્જનું સ્વરૂપ કહ્યું કે, 'તેણે મને સૂર્યપાક રસવતી જમાડી, ને સાથે એક લક્ષટંક દ્રવ્ય પણ આપ્યું. વળી મ્હારી સાથે વાત કરતાં કરતાં તે રુદન કરતો હતો." આ સર્વ સાંભળીને દમયંતીએ પિતાને કહ્યું. "હે તાત! હવે તમારે વિચાર કરવાનો નથી; તે કુબ્જના રૂપમાં રહેલા મ્હારા પતિજ છે; એક વાર ફક્ત તેને અહિં લાવો એટલે પછી હું તેના શરીરના આકાર ઉપરથી તેને ઓળખીશ." પછી ભીમ રાજાએ કહ્યું. "ત્યારે હું એને અહિં મિથ્યા સ્વયંવર મંડપના મિષથી બોલાવું છું." એમ કહી તેણે મિથ્યા સ્વયંવરમંડપ રચાવ્યો ને રાજાઓને બોલાવવાને સર્વત્ર કુંકુમપત્રિકાઓ મોકલાવી. એક દૂતને કુંકુમપત્રિકા આપીને તેણે દધિપર્ણ ભૂપતિની પાસે પણ મોકલ્યો. દધિપર્ણને દૂતે જઇને પત્રિકા આપી. તેમાં "ચૈત્ર શુદિ પંચમીને દિવસે વિદર્ભ રાજાની પુત્રી દમયંતીના વિવાહને અર્થે સ્વયંવરમંડપ રચવામાં આવ્યો છે." એવું વાંચીને તે બોલ્યો. "લગ્નનો દિવસ ઢૂંકડો છે અને તે નગર તો બહુ દૂર છે." એમ તે વિષાદમાં પડ્યો. તેને જોઈ કુબ્જ કહેવા લાગ્યો. "હે સ્વામિન્! ખેદ શા માટે કરો છો? તમારી ત્યાં જવાની જો નિશ્ચે ઇચ્છા હોય તો, બે અશ્વ સહિત એક ઉત્તમ રથ જોડાવી મંગાવો. હું સારથી થઇશ ને મ્હારી મંત્ર શક્તિના પ્રભાવથી તમને ત્યાં ઝટ પહોંચાડીશ." પાનદાની, છત્ર અને ચામર ધરનારાઓથી પરિવૃત દધિપર્ણ નૃપતિ, કેડને વિષે બાંધેલા તીરના ભાથાથી શોભતો સતો કુબ્જ સારથી સહિત રથમાં બેસીને ચાલ્યો. અશ્વના કાનમાં મંત્ર કહીને કુબ્જે ચલાવી મૂક્યા; ને રથ આકાશમાર્ગે ચાલ્યો. તેવામાં રાજા દધિપર્ણે કહ્યું. "હે કુબ્જ! મ્હારી પછેડી પડી ગઇ છે માટે રથને થોભાવ કે, તે લઈ લેવાય." કુબ્જે હસીને કહ્યું. "હે દેવ! આપની પછેડી પડી ગઇ તે સ્થળથી તો આપણે પચીશ યોજન દૂર નીકળી આવ્યા છીએ. આ તો મધ્યમ અશ્વો છે; જો ઉત્તમ હોત તો તો તેઓ એક ક્ષણમાં પચાસ યોજન આવ્યા હોત." પછી એક ફળેલું આંબાનું વૃક્ષ માર્ગને વિષે જોઇને રાજા બોલ્યો. "હે કુબ્જ! આ વૃક્ષ ઉપર કેટલાં ફળ હશે?" તેણે કહ્યું. "આપજ તે ફળની સંખ્યા કહો." રાજાએ કહ્યું. "એના ઉપર અઢાર હજાર ફળ છે." તે ઉપરથી કુબ્જે મુષ્ટિઘાતથી સર્વ ફળ પાડી નાંખીને ભૂમિ ઉપર પાડ્યાં તે ગણી લેવાં, એટલે તે બરાબર તેટલાંજ થઇ રહ્યાં; એટલે રાજાએ કહ્યું. "જો આ પ્રમાણે ઢીલ કરતા જઇશું તો પહોંચવું અશક્ય થઈ પડશે." ત્યાર પછી રાજાએ કુબ્જ પાસેથી અશ્વચાલન વિદ્યા ગ્રહણ કરી ને તેને ફળગણન વિદ્યા આપી. હવે રથ સૂર્યની પેઠે ઉતાવળથી ચાલવા લાગ્યો.

એવામાં દમયંતીને રાત્રીને વિષે એક સ્વપ્ન આવેલું હતું, તેથી તે પિતાને કહેવા લા

ગી. "હે પિતાજી! ગઇ રાત્રે મેં સ્વપ્નને વિષે એવું જોયું કે, "નિર્વૃતિ દેવીએ મને લઇ જઇને કોશલાના વનમાં મૂકી; ત્યાં મેં એક રસાળ અને પકવ ફળ યુક્ત વૃક્ષ જોયું; તેને કોઇ દમણ ઉપર બેઠેલા પક્ષીએ ભૂમિ ઉપર પાડી નાંખ્યું." દમયંતીનું આવું સ્વપ્ન સાંભળીને ભીમ રાજાએ કહ્યું. "હે પુત્રી! તેં ઉત્તમ સ્વપ્ન જોયું છે; તને તે એમ સૂચવે છે કે, તને ત્હારા ભર્તારનો મેળાપ (શીઘ્ર) થશે."

પિતા પુત્રી આમ વાત કરે છે, તેવામાં તો દધિપર્ણ રાજાનો રથ નગરીની બહાર આવી પહોંચ્યો. સર્વ રાજાઓની સાથે એને પણ ઉત્તમ ઉતારો આપ્યો ને તેનું યથોચિત ગૌરવ કર્યું. પછી દધિપર્ણ રાજાને ઉતારે સૂર્યપાક રસવતી થઇ જોઇ દમયંતીએ તે કોઇ દાસી પ્રમુખની મારફતે ભિક્ષાને મિષે મંગાવી ને તે આસ્વાદન કરીને બોલી. "આ કુબ્જ નળ રાજાજ છે; તે ફક્ત રૂપપરાવર્ત્તિની વિદ્યાના બળથી પોતાનું સ્વરૂપ બદલીને રહ્યા છે." આમ વિચારીને તે સુખાસનમાં બેસી સ્વયંવર મંડપને વિષે આવી; ત્યાં પ્રતિહારિણી પ્રત્યેક નૃપનું વર્ણન કરવા લાગી, પણ તે દમયંતી તો તે સર્વને મૂકીને આગળ ચાલવા લાગી, ત્યારે લોકો બોલ્યા. "આને આ રાજાઓમાંથી એક પણ રુચતો નથી; તો એ શું કરશે? એ જણાતું નથી. એટલામાં તો તેણીએ સર્વને મૂકીને કુબ્જના કંઠને વિષે વરમાળા આરોપી. લોકો હાહારવ કરવા લાગ્યા. અહો! આ એણે શું કર્યું? એણે તો કુબ્જને અંગીકાર કર્યો! પછી દમયંતી કુબ્જને કહેવા લાગી. "હે સ્વામીન્! મેં આપને ઓળખ્યા છે, આપનું સ્વરૂપ હવે પ્રકટ કરો. આપ તો આશ્રિતોના કલ્પવૃક્ષ છો." એ સાંભળીને તેણે પોતાનું મૂળ રૂપ પ્રકટ કર્યું. તે વખતે દમયંતીએ લજ્જાથી નીચું જોયું; ને ભીમ રાજાએ તેને (નળ રાજાને) આસન ઉપર બેસારી અંજળિ જોડીને કહ્યું. "આ મ્હોટું રાજ્ય (તમારૂં) છે; દુઃખ ટળીને હવે સર્વ સંપત્તિ પ્રાપ્ત થઇ છે, માટે તમે તેનો યથારુચિ ઉપભોગ કરો; અમે તો તમારા આદેશના કરનારા છીએ." તે વખતે વળી દધિપર્ણ પણ સંભ્રાંત થઇ નમન કરી નળને કહેવા લાગ્યો. "હે રાજન્! મેં અજ્ઞાનપણાથી તમારી પાસે રસોઇ કરવાનું નીચ કાર્ય કરાવ્યું છે, માટે મ્હારો અપરાધ ક્ષમા કરજો." એટલામાં ધનદેવ સાર્થવાહ દમયંતીને મળવા આવ્યો, તેનો પણ તે દમયંતીએ ભીમ રાજા પાસે સારો સત્કાર કરાવ્યો. વળી તાપસપુરનો સ્વામી અને ઋતુપર્ણ રાજા પણ ત્યાં આવ્યા; તેમને પણ પિતા પાસે દમયંતીએ સારૂં માન અપાવ્યું. આ વખતે ભીમ રાજાએ નવા નવા મહોત્સવો કરાવ્યા. તેમાં એક માસ ક્ષણની પેઠે વ્યતીત થયો.

એકદા કોઇ દેવે આકાશ થકી આવીને દમયંતીને કહ્યું. 'હે દેવિ! તને યાદ છે? હું તાપસવનમાં તાપસ હતો, ત્યાં તેં મને પ્રતિબોધીને સમકિત મૂળ બારવ્રત ગ્રહણ કરાવ્યાં હતાં. એ હું તાપસ અનુક્રમે ચારિત્ર લઇને સૌધર્મ દેવલોકે કેસર નામનો દેવતા થયો છું. હમણાં તને ઉપકારિણી જાણીને અહિં આવ્યો છું. તું મ્હારી ધર્મગુરુ છે, માટે તને હું નમન કરૂં છું." એમ કહીને તે દેવતા ત્યાં સાત કોટિ સુવર્ણની વૃષ્ટિ કરી પોતાને સ્થાને ગયો.

હવે સર્વ રાજાએ મળીને નળનો રાજ્યાભિષેક કર્યો. પછી નળ રાજા બહુ સૈન્ય લઇને કોશલા નગરી ભણી ચાલ્યો. ત્યાં જઇ દૂત મોકલીને કૂબરને કહેવરાવ્યું કે, "હવે તું મ્હારી સાથે દ્યૂત રમ; નહિં તો હું તને હણીશ." એ ઉપરથી કૂબર તેની સાથે દ્યૂત રમ્યો ને માં તે હાર્યો, એટલે નળ રાજાએ પોતે પોતાનું રાજ્ય ગ્રહણ કર્યું અને કૂબરને યુવરાજ કર્યો. પછી અર્ધ ભરતના સર્વ રાજાઓએ આવીને તેને ભેટ પ્રમુખ આપ્યાં, ને તેઓ તેની આજ્ઞામાં વર્તવા લાગ્યા. નળે સર્વ દેશને વિષે અમારીઘોષણા કરાવી; ને દમયંતી સહિત

સર્વ જિનમંદિરને વિષે મહોત્સવ સહિત પૂજા કરીને જીર્ણોદ્ધાર કરાવ્યાં. આમ કરતાં કર તાં એક હજાર વર્ષ વ્યતીત થયાં.

એટલામાં એકદા નિષધ રાજા જે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવતા થયો હતો, તેણે સ્વ ર્ગ થકી આવીને કહ્યું. "હે નળ! રાજ્યને અંતે નરકગતિ છે; માટે હવે સંયમ ગ્રહણ કર." તે ઉપરથી નળરાજાએ પુષ્કળ નામના પુત્રને રાજ્ય સોંપ્યું; ને દમયંતી સહિત દીક્ષા લીધી. નળ રાજા શ્રી શ્રુતસાગર ગુરુ પાસે શાસ્ત્રાધ્યયન કરી તેમનીજ સંગાથે સવિનય વિહાર કરવા લાગ્યો, પણ તે સુકુમાર હોવાથી પાછળથી સંયમને વિષે શિથિલ થયો; એટલે વળી નિષધ દેવે આવીને તેને દૃઢ કર્યો. પણ તે વારંવાર દમયંતી ઉપર આસક્તિ રાખતો, અંતે અ નશન કરીને સ્વર્ગને વિષે કુબેર નામનો દેવતા થયો. દમયંતી પણ દીક્ષા પાળીને કુબેરની સ્ત્રી થઈ, ને ત્યાંથી વસુદેવની પત્ની કનકવતી થઈને અંતે મુક્તિએ ગઈ. નળે પણ સ્વર્ગથી ચ્યવીને મનુષ્ય ભવમાં આવી ત્યાંથી અનુક્રમે મોક્ષ પ્રાપ્ત કર્યો. ઇતિ દમયંતીની કથા.

## નર્મદાસુંદરી.

જેઓ નર્મદાસુંદરીની પેઠે સ્વર્ગ અને મોક્ષદાયક શીળવ્રત પાળે છે, તેઓ પૃથિવી માં પૂજવા યોગ્ય છે.

ભરતખંડના વર્ધમાન નગરને વિષે સંપ્રતિ રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં ઋષભસેન શ્રેષ્ઠીને પોતાની વીરમતી ભાર્યાથી સહદેવ અને વીરદાસ નામના પુત્રો અને ઋ ષિદત્તા નામે પુત્રી થઇ. અનુક્રમે શેઠે પુત્ર પુત્રીને સારી રીતે ભણાવ્યાં. કહ્યું છે કે-જેણે પ્ર થમ વયમાં વિદ્યા, બીજી વયમાં ધન અને ત્રીજી વયમાં ધર્મ નથી ઉપાર્જન કર્યાં, તે ચો થી વયમાં શું કરશે? શેઠની પુત્રી ઋષિદત્તાને બહુ જણ માગતા, પણ તેઓ સર્વ મિથ્યાદ્ દ્રિ હોવાથી શેઠ તેમને આપવાને ના કહેતા. તે તો તેણીને માટે કોઇ સમકિત મૂળ બારવ્રત ના ધારણહાર એવા વરની શોધમાં હતો. કહ્યું છે કે-જેણે ન્યાય માર્ગે સંપત્તિ પ્રાપ્ત કરી હોય, વળી જે શિષ્ટાચારનો પ્રશંસક હોય, જે સમાન કુળ શીળવાળો હોય અને અન્ય ગોત્રનો હોય તેવાની સાથેજ વિવાહ કરવો.

એકદા રુદ્રદત્ત નામનો મહા દ્રવ્યવાન્, પણ મિથ્યાત્વી વણિક્ પુત્ર વેપારને અર્થે ચ ંદ્રપુર નગરથી ત્યાં આવ્યો. તે આવીને પોતાના એક મિત્ર કુબેરદત્તના મંદિરમાં રહ્યો. પોતાનાજ ઘરમાં હોયની! તેમ વર્ધમાનપુરને વિષે રહેતો. એકદા તે મંદિરના ગવાક્ષને વિષે બેઠો હતો, તેવામાં તેણે સખીઓની સંગાથે જતી ઋષિદત્તાને જોઇ. દેવસુંદરીતુલ્ય રૂપવ તી ઋષિદત્તાને જોઈ રુદ્રદત્ત વિચારવા લાગ્યો. "અહો! આ તે પાતાળકન્યા છે? કે દેવ સુંદરી છે? કે રતિ પ્રીતિ કે લક્ષ્મી છે?" તેણે કુબેરદત્તને પૂછ્યું. આ કોની પુત્રી છે?" તેણે કહ્યું. "એ ઋષભસેન શ્રાવકની પુત્રી છે; તે તેણીને મિથ્યાત્વીના કુળમાં આપતો ન થી (કોઇ શ્રાવક પેરે આપવાનું કહે છે)." તે સાંભળી રુદ્રદત્તે જૈનમુનિ પાસે જઇને જૈ નધર્મનો સારી રીતે અભ્યાસ કર્યો.

એકદા આ માયાવી શ્રાવકને ઋષભસેને ભોજન નિમિત્તે નિમંત્રણ કર્યું; એટલે તેણે વિધિ પ્રમાણે જિનપૂજા કરીને પછી આહાર ગ્રહણ કર્યો. એ ઉપરથી તેને શ્રાવક જાણી ને ઋષભસેને પોતાની પુત્રી આપી. 'અહો! માયા કર્યા વિના આવું દુ:શકય કાર્ય સિદ્ધ થતું નથી.' પછી મહા વિસ્તાર સહિત તે કન્યાને પરણીને પોતાને કૃતકૃત્ય માનતો રુદ્રદ ત્ત કેટલાએક દિવસ પછી બહુ લક્ષ્મી ઉપાર્જન કરી, સસરાની આજ્ઞા માગી પોતાની સ્ત્રી

ઋષિદત્તાને સાથે લઈ પોતાને નગરે ગયો. ત્યાં તે માત પિતાને મળ્યો; તેમને પણ તેને વધુ સહિત આવેલો જોઈ હર્ષ થયો. પણ અહિં આવીને અપુન્યવાન્ એવા તેણે ચિંતામણિરત્ન સમાન જૈનધર્મ ત્યજી દીધો. અનુક્રમે પતિના સંસર્ગથી ઋષિદત્તાએ પણ એનો ત્યાગ કર્યો. કહ્યું છે કે-આંબાનું અને લિંબડાના વૃક્ષનું, એમ બે વૃક્ષનાં મૂળ એકઠાં થાય, તો તેમાં લિંબડાના સંસર્ગથી આંબાનું મૂળ વીંટીને લિંબડાના ગુણને પામે છે. કુત્સિત શબ્દને મળેલો વાયુ દુર્ગંધીજ થાય છે. હવે ઋષિદત્તાને પણ એવી થઈ ગયેલી માની તેણીના માતા પિતા તેણીને જન્મ વિવાહાદિ મહોત્સવને વિષે પણ તેડું ન કરતા. આ ઋષિદત્તાને અનુક્રમે મહેશ્વરદત્ત નામનો પુત્ર થયો. ક્રમે કરી યૌવન પામી તેણે પણ સ્વધર્માદિ સર્વ કળા ગ્રહણ કરી.

અહિં ઋષભસેનનો પુત્ર સહદેવ, શ્રીદત્ત શેઠની પુત્રી વેરે પરણ્યો. તેણીએ પણ ક્રમે કરી સુસ્વપ્ન સૂચિત ગર્ભ ધારણ કર્યો. એકદા તેણીને ગર્ભના મહિમાથી નર્મદા નદીને વિષે જળક્રીડા કરવાનો દોહદ થયો. તે ઉપરથી સહદેવ તેણીને ત્યાં લઈ ગયો. ત્યાં જઈ શુભ દિવસે તેણે સ્ત્રી સાથે જળ ક્રીડા કરી. વ્યાપારને અર્થે હવે સહદેવે અહિં રહિને નર્મદા નામનું નગર વસાવ્યું. તેમાં વળી સમકિતના પિંડના પોષક એવા તેણે મેરુતુલ્ય ઉત્તંગ એવું જિનમંદિર બંધાવ્યું; એટલે તો બહુ બહુ વ્યાપારીઓ પોત પોતાનાં સ્થાન ત્યજીને, ભ્રમરાઓ કમળ પાસે આવે તેમ અહિં વ્યાપારને અર્થે આવવા લાગ્યા. ત્યાં લોકોએ બીજાં અનેક જિનમંદિરો બંધાવ્યાં. અનુક્રમે સહદેવની સ્ત્રીએ અહિં, વૈડૂર્યમણિની ભૂમિ જેમ વૈડૂર્યમણિને ઉત્પન્ન કરે, તેમ શુભ લગ્ને એક ઉત્તમ લક્ષણવાળી પુત્રીને જન્મ આપ્યો. પિતાએ જન્મોત્સવ કરીને તેણીનું નર્મદાસુંદરી એવું નામ પાડ્યું. તે પૂર્વના અભ્યાસથીજ હોયની! તેમ સકળ કળા પ્રાપ્ત કરી શુક્લ પક્ષના ચંદ્રમાની પેઠે ઉદય પામી યૌવનાવસ્થાએ પહોચી.

આવી નર્મદાસુંદરીનું ઉત્તમ સ્વરૂપ શ્રવણ કરીને ઋષિદત્તા તેણીને પોતાના પુત્રને અર્થે માગવાનું વિચારવા લાગી, પણ તેજ વખતે તે શોક કરતી બોલી. "ધિક્કાર છે મને! કે મેં જૈનધર્મને ત્યજી દીધો! સર્વ સંબંધીઓએ એ ઉપરથી મને ત્યજી છે. હા! હું સર્વ હારી ગઈ! હવે તેઓ મ્હારા પુત્રને એમની પુત્રી કેમ આપે?" આમ વિલાપ કરતી જોઈને રુદ્રદત્તે તેણીને કારણ પૂછ્યું. 'તેણીએ તેને પોતાના મનમાં હતું તે કહ્યું; પણ માતાનું કહેવું સાંભળીને મહેશ્વરદત્ત બોલ્યો. "હે માતા! તું મને ત્યાં મોકલ એટલે હું ત્યાં જઈને સર્વ સ્વજનોને વશ કરીને મ્હારા મામાની પુત્રી નર્મદાસુંદરીને પરણી આવીને તને હર્ષ પમાડીશ." માતાએ તો તેને મોકલ્યો; તે થોડા દિવસમાં નર્મદાપુર પહોચ્યો. ત્યાં તેના માતામહ (માના પિતા) પ્રમુખ સર્વ સ્વજનોએ મિથ્યાત્વી એવા પણ એ ભાણેજનો સજ્જનને લીધે સત્કાર કર્યો. કારણ કે, ભગવાને પણ ઉચિતાચારનો નિષેધ કર્યો નથી. તે ભાણેજે પણ ધૈર્ય-ગાંભિર્ય આદિ ગુણોએ કરીને સર્વનાં મન હરણ કર્યાં. એકદા તે માતામહના ખોળામાં બેઠો હતો, તે વખતે તેણે કહ્યું. "હે પુત્ર! જેમ જાંગુલિ મંત્ર સર્પનું મન હરે છે, તેમ તેં અમારા ચિત્તનું હરણ કર્યું છે, માટે બોલ, જે ત્હારી ઇચ્છામાં આવે તે માગ." મહેશ્વરદત્ત બોલ્યો. "નર્મદાસુંદરી મને પરણાવો." પણ માતામહ બોલ્યો. "તેં કહ્યું તે યુક્ત છે; પણ ત્હારું કુળ મિથ્યાત્વી છે માટે મિથ્યાદૃષ્ટિ એવા તને હું પુત્રી આપવા ઇચ્છતો નથી." પૂર્વે જેણે જ્ઞાન આરાધેલું છે એવા તેણે તે ઉપરથી ગુરુ પાસે જઈ યોગ્ય ધર્મજ્ઞાન મેળવીને કહ્યું. "મ્હારું કુળ ભલે દૂર રહ્યું, તે કુળની વાત કરવી રહેવા દો. કારણ કે, લોકો શું કમળ આદિની ઉત્પત્તિ જોતા હશે કે! હું તો જૈનધર્મી છું; સર્વે જણ મ્હારી પરીક્ષા કરો." એમ કહીને તેણે સર્વને વિશ્વાસ પમાડ્યો; એટલે તેના માતામહ (ઋષભસેને) તે

ને નર્મદાસુંદરી આપી. મહેશ્વરદત્ત નર્મદાસુંદરીને પરણ્યો. નર્મદાસુંદરી જે જૈનધર્મ કર્મ શાસ્ત્રમાં કુશળ હતી, તેણીએ જૈનશાસ્ત્રનો તથા મહેશ્વદત્તના શાસ્ત્રનો સંબંધ તેને કહી બતાવીને, પોતાના (જૈન) ધર્મમાં કુશળ કર્યો. આમ કેટલોએક કાળ વ્યતીત થયા પછી શ્વશુરની આજ્ઞા માગી, સ્ત્રી સહિત મહેશ્વરદત્ત પોતાને ગામ ગયો. ત્યાં નર્મદાસુંદરીએ શ્વ શ્રુરદત્તાને પગે પડીને બહુ હર્ષ ઉત્પન્ન કર્યો. ત્યાં આવી સુશીળા નર્મદાસુંદરીએ સર્વ કુટુંબનું મિથ્યાત્વ વિષ દૂર કર્યું. વળી તે એ પ્રમાણે બોલવા તથા ચાલવા લાગી કે, જેથી તેણીના શ્વસુર આદિ સર્વે હર્ષ પામવા લાગ્યા; મિથ્યાત્વનો ત્યાગ કરીને સૌ કોઈ સુખી થયાં.

એકદા નર્મદાસુંદરી દર્પણને વિષે પોતાનું મુખ જોતી, તાંબૂળ ચાવતી ગવાક્ષને વિષે બેઠી હતી; તે વખતે ગવાક્ષની નીચેથી કોઈ સાધુ જતા હતા, તેના ઉપર તેણીનું તાંબૂળ પડ્યું. તે ઉપરથી તેણે ઉંચું જોયું તો ગવાક્ષમાં નર્મદાસુંદરીને દીઠી. તેણીને જોઈ જ્ઞાનવાન્ એવો તે યતિ કોપ કરીને બોલ્યો. "અમારા જેવા સાધુની આશાતના કરવાથી તું ત્હારા પતિથી વિયોગ પામીશ." તે નર્મદાસુંદરીએ સાંભળ્યું, તેથી ખિન્ન ચિત્તવાળી તે શીઘ્ર હેઠે ઉતરી આવી સાધુના ચરણે પડીને બોલી. "હે સાધુ! હું મૂર્ખ છું, નિર્ભાગ્ય છું, દુરાત્માવાળી છું, જિનની ઉપાસિકા છું, છતાં મેં એ અવિનીત કાર્ય ભૂલથી કર્યું છે; માટે હે વિશ્વ વત્સળ! પુન્ય તથા કરુણાના સિંધુ! આપ તો મહાત્મા છો માટે મ્હારો અપરાધ ક્ષમા કરો. મુનિઓ શત્રુ ઉપર કોપાયમાન થતા નથી; પોતાની ઉપર મોહ રાખતા નથી; પોતાનો નાશ થાય તોપણ તેઓ સમદૃષ્ટિ રાખે છે. માટે મને આપેલો શાપ આપ પાછો લઈ લ્યો." તે સાંભળી કોપ દૂર કરીને યતિએ કહ્યું. "હે શ્રાવિકા! હે પુત્રી! તું ખેદ ન કર. કદાપિ પણ જૈનમુનિઓ શાપ દેતા નથી. કહ્યું છે કે-રાગ દ્વેષનો નાશ કરનારા મુનિઓ વંદન કરવાથી ખુશી થતા નથી અને હીલના કરવાથી ખેદ પામતા નથી; પરંતુ તેઓ ચિત્તને દમીનેજ વિચરે છે. આ તો મેં અકસ્માત્ ત્હારૂં ભવિષ્ય કહ્યું છે. કોઇના કહેવાથી કોઇને દુઃખ થતું નથી. એ તો દુષ્ટ કર્મના ઉદયેજ વિયોગાદિ દુઃખ થાય છે. પોતાનાં ઉપાર્જન કરેલાં કર્મ ભોગવતાં કયો ડાહ્યો પુરુષ ખેદ પામે?" આમ ઉપદેશ આપી નર્મદાસુંદરીએ કરેલા વંદનને સ્વિકારતો સાધુ પોતાને માર્ગે ગયો. એટલે પતિએ પ્રિયાને કહ્યું. "હે પ્રાણવલ્લભે! ખેદ ન કર." પછી વિનયી નર્મદાસુંદરી નિરાબાધપણે ધર્મ પાળતી સુખે રહેવા લાગી.

એકદા મહેશ્વરદત્ત પણ દૂર દેશાન્તરમાં યવનદ્વીપને વિષે વ્યાપારાર્થે જવાને તૈયાર થયો, તે વખતે અતિશય આગ્રહ કરીને નર્મદાસુંદરી પણ તેની સાથે ચાલી. મહેશ્વરદત્ત બહુ કરીઆણાં લઇને પ્રવહણમાં બેસી સમુદ્રમાર્ગે ચાલ્યો. મહાસાગરને વિષે કોઇ દ્વીપમાં દૂર કોઇ પુરુષનું મધુર સંગીત શ્રવણ કરી નર્મદાસુંદરી બોલી. "હે સ્વામિન્! સ્વર સ્વભાવથી એમ જણાય છે કે, જે પુરુષ મધુર વાણીથી આ ગીત ગાય છે, તેનું શરીર શ્યામ છે; તેના હસ્ત, પાદ ને કેશ સ્થૂલ છે અને તે મહા સત્વવંત પુરુષ છે. કહ્યું છે કે-જેનાં ચક્ષુ સ્નેહવંત હોય તે ભાગ્યશાળી જાણવો; જેના દાંત સ્નેહયુક્ત હોય તે ભોજન પામે; જેની ત્વચા સ્નેહયુક્ત હોય તે લક્ષ્મીવાન્ થાય અને સ્નેહયુક્ત પગવાળો પુરુષ વાહન પામે. વળી તે પુરુષને ગુહ્યસ્થાન ઉપર મસ છે તથા વક્ષસ્થળને વિષે લાંછન છે, તેનું વય લગભગ બત્રીસ વર્ષનું છે તથા તેની છાતી બહુ પહોળી છે." આ સાંભળીને મહેશ્વરદત્ત વિચારવા લાગ્યો. "જેમ કૈરિક પક્ષી સાથે મેના લુબ્ધ છે, તેમ આ મ્હારી પ્રિયા એ પુરુષની સાથે લુબ્ધ જણાય છે! અન્યથા જેનું શરીર દેખાતું નથી એવા મનુષ્યનું રૂપ તે કે

વી રીતે જાણી શકે ? આટલો સમય હું એણીને મહાસતી જાણતો હતો, પણ એ તો આ મારા કુશળ અને ઉજ્વળ કુળને કલંકરૂપ નીકળી! અથવા શાકિની જેવી આ સ્ત્રીઓનો કયો બુદ્ધિમાન્ વિશ્વાસ કરે? કારણ કે, સ્વાર્થે તેણીઓ પોતાના પુત્રાદિકને પણ તૃણ સમાન ગણનારી છે. માટે આને આ જળ સમુદ્રમાં પાડી નાંખું કે,-કદલીની પેઠે ખડ્ગ વડે છેદી નાંખું?" એમ વિચારી આ વણિક્ એ ભલી સ્ત્રીનું કંઈ ભૂંડું કરવાનો વિચાર કરે છે, તેવામાં વહાણનો માલુમ ( ખારવો ) શઢ ઉપર ઉભો રહીને ઉંચે સ્વરે કહેવા લાગ્યો. " વહાણ ઉભું રાખો ને શઢ ઉતારી લ્યો. રાક્ષસદ્વીપ આવ્યો છે ત્યાંથી જળ, ઈંધણ પ્રમુખ સામગ્રી લઇ લ્યો." એ સાંભળીને સર્વ વહાણના હાંકનારા ( ખારવાઓ ) એ એ પ્રમાણે કર્યું. તે સમયે ઋષિદત્તાનો પુત્ર મહેશ્વરદત્ત પણ પોતાના મત્સરને માયા વડે ગુપ્ત રાખીને વહાણથી હેઠે ઉતરીને સમુદ્રના કિનારા ઉપરના વનમાં નર્મદાસુંદરીને ક્રીડાર્થે લઇ ગયો. ત્યાં જઇ કોઇ તળાવને કિનારે બેઠા. તેવામાં નર્મદાસુંદરીને નિંદ્રા આવી. તે વખતે તેણીનો સ્વામિ વિચારવા લાગ્યો. " જો હું એણીના પ્રાણ લઇશ, તો મને સ્ત્રીહત્યાનું પાપ લાગશે; માટે એણીને અહિંજ મૂકીને જતો રહું." એમ ધારી તેણીને તેજ સ્થિતિમાં મૂકીને જતો રહ્યો. પછી વહાણ ઉપર આવીને તે માણસોને કહેવા લાગ્યો. " અરે! કોઈ વાઘ આવીને મ્હારી પ્રિયાનું ભક્ષણ કરી ગયો; હવે એના વિના મ્હારૂં શું થશે!" એમ કહી તે રૂદન કરવા લાગ્યો; એટલે માણસોએ કહ્યું. " હે સ્વામિન્! પ્રિયાને અર્થે તે વળી કોણ ખેદ કરતું હશે ? જો તે ગઇ તો એક બીજી સારી નવી આવશે." મહેશ્વરદત્તે કહ્યું. 'તો હવે અહિં એ રાક્ષસના રૂપમાં રહેલો વાઘ રહે છે, માટે આ વહાણ શીઘ્ર ચાલો. આપણે ક્ષણ પણ અહિં રહેવું યોગ્ય નથી." એટલે પછી ખારવાઓએ પ્રવહણને જલદી હંકાર્યું. પછી મહેશ્વદત્તે વિચાર્યું. 'મેં એ મરજી મુજબ ચાલનારીને અહિં મૂકી તે ઠીક થયું." અનુક્રમે ચાલતાં ચાલતાં તે યવનદ્વીપ પ્રત્યે પહોચ્યો. ત્યાં બહુ લક્ષ્મી ઉપાર્જન કરીને તે પોતાને નગરે પાછો આવ્યો. માત પિતાને તેણે જણાવ્યું કે, 'મ્હારી સ્ત્રીને કોઇ રાક્ષસ ભક્ષણ કરી ગયો." એટલે તેમણે વહુનું કાર્ય કરી પુત્રને એક બીજા શેઠીની પુત્રી પરણાવી.

હવે અહિં પાછળ વનને વિષે નર્મદાસુંદરી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતી જેવી નિંદ્રા ત્યજી ઉભી થાય છે, તેવીજ પતિને ન જોવાથી દુઃખી થઇ. 'પતિ હાસ્ય કરતા હશે' એમ ધારીને તે બોલી. "હે પતિ! આવો, અહિં આવો; મને ઉત્તર દઇને પ્રમોદ પમાડો." પછી ભય પામતી નર્મદાસુંદરી જળાશયને તીરે, પગલે પગલે સ્થાને સ્થાને જોવા લાગી; પરંતુ તેણીએ પતિને જોયા નહી. વનાદિકને વિષે જ્યારે કોઇ પણ સ્થળે તેણીના સ્વામી જડ્યા નહી, ત્યારે તે ગાઢ સ્વરે એવી રીતે રુદન કરવા લાગી કે, પાસે રહેલા તરુ પણ તેણીને જોઇને વિલાપ કરવા લાગ્યા. પોતાના રુદનનો પ્રતિધ્વનિ (પડઘો) ગુફા આદિને વિષે સાંભળીને તે, મૃગતૃષ્ણા જોઇ મૃગી દોડે, તેમ સર્વત્ર ફરવા લાગી. એવું એકે વન, વૃક્ષ ઘટા કે ગુફા નહોતી, કે જ્યાં તે ફરયા વિના રહી કે ગાઢ સ્વરે રુદન કર્યા વિના રહી હોય! એટલામાં ચંદ્રમા ઉદયાચળ ઉપર આવ્યો, તેને જોઇને તો તે પતિના વિયોગથી અતિશે દુઃખી થવા લાગી. તેણીએ રાત્રીને સો વરસ જેવી કાઢી. વળી પ્રભાતે રુદન રુદન ને રુદનજ કરવા લાગી. "હે નાથ! હે મહા પ્રેમરૂપી અમૃતથી પૂર્ણ ચંદ્રમા! આ પ્રિયાને મૂકીને કેમ જતા રહ્યા? ગયા તો ભલે, પણ એક વાર ઉત્તર તો આપો." આમ પોતે રડતી તથા પક્ષિ વૃક્ષ પ્રમુખને પણ રડાવતી, એવી અવસ્થામાં તેણે પાંચ દિવસ નિર્ગમન કર્યા. વળી વહાણ જ્યાં પૂર્વે લાંગર્યું હતું, તે સ્થળે જઇને પણ તેણીએ અત્યંત વિલાપ ક

ર્યો; પણ પ્રાંતે નિરાશ થઈ પરમેશ્વરના વચનનું સ્મરણ કરી તેણીએ શોકનો ત્યાગ કર્યો. "હે આત્મા! તેં પૂર્વે ઉપાર્જન કરેલું જે કર્મ, તેજ ત્હારે ભોગવવું પડે છે, તેમાં તું શાનો વિષાદ કરે છે?" એમ તેણીએ પોતાના આત્માને બોધ આપ્યો. પછી સરોવરને વિષે સ્નાન કરી જિનેશ્વર ભગવાનનું ધ્યાન ધરી ફળાહાર ઉપર તે ત્યાં રહેવા લાગી. દીવાનો ખપ પડ્યે ઈંગુદિ ફળના તેલથી તે દીપક પણ કરતી. આમ સર્વથા શોકનો ત્યાગ કરીને તે ધર્મ મહણમાં પરાયણ થઈ.

એવામાં વિવેક બુદ્ધિવાળો તેણીનો પિતરાઈ (કાકો) વીરદાસ બર્બરકુળ પ્રત્યે જતો હશે, તે રસ્તે નર્મદાસુંદરી રહેલી હતી, તે પ્રદેશમાં આવી ચઢ્યો. પિતરાઈને ત્યાં આવેલા જોઈને તે તો ગાઢ સ્વરે રુદન કરવા લાગી. વીરદાસે પૂછ્યું. "હે પુત્રી! તું કેમ એકલી દેખાય છે?" તેના ઉત્તરમાં તેણીએ પોતાની કર્મ સ્થિતિની નિંદા કરી સર્વ હકીકત કહી સંભળાવી. પછી તેણે તેણીને પોતાની સાથે લીધી. બર્બર દેશ પહોંચ્યો, ત્યાં તેણે પોતાના સાર્થને ગામ બહાર ઉતારો આપ્યો અને નવો તંબૂ નાંખી તેને વિષે મહાસતી નર્મદાસુંદરીને મૂકીને પોતે ભેટ લઈ તે રાજ્યસભામાં ગયો. ત્યાં રાજાને તે ભેટ આપીને પ્રણામ કર્યા એટલે રાજાએ તેની જકાત માફ કરી. પછી નગરને વિષે જઈ તે કરીઆણાં વેચવા તથા ખરીદવા લાગ્યો. આ નગરને વિષે સુપ્રસિદ્ધ હરિણી નામે વેશ્યા રહેતી હતી, તે રાજાનું પ્રસાદપાત્ર હતી અને સર્વ સૌભાગ્યનું સ્થાન હતી. રાજાએ એવી વ્યવસ્થા કરી હતી કે, જે વ્યાપારી ત્યાં આવે તેની પાસેથી તે પ્રતિવર્ષ ૧૦૮ સુવર્ણ મહોરો લે. તે ઉપરથી તે વેશ્યાએ વીરદાસને બોલાવવાને પોતાની દાસીને મોકલી, પણ વીરદાસ તો સ્વદારાથી સંતોષવાન્ હતો, તેથી તેણે તેણીની સાથે હરિણીને માટે ઉપર કહ્યું છે તેટલું દ્રવ્ય મોકલાવ્યું. તે લઈ જઈ દાસીએ પોતાની સ્વામિનીને આપ્યું. વેશ્યાએ કહ્યું. "મ્હારે દ્રવ્યનું લેશમાત્ર પ્રયોજન નથી. એ વીરદાસને અહિં લાવો." એટલે દાસીએ જઈ તેને ગમે તે પ્રપંચે સમજાવીને તેણીની પાસે આણ્યો. વેશ્યા હરિણીએ તેને હાવભાવાદિવડે ક્ષોભ પમાડવાનું બહુ બહુ કર્યું, પણ સર્વ વૃથા ગયું. છેવટ કંઈ કપટ કરવાને નિમિત્તે તેણીએ તેના હસ્તમાંથી એક મૂલ્યવાન્ મુદ્રિકા કાઢી લીધી. તે ગુપ્ત રીતે તેણીએ પોતાની દાસીને આપીને કહ્યું કે, "નગર બહાર જઈ આ મુદ્રિકાની નિશાની બતાવી વીરદાસની સાથે આવેલી સ્ત્રી જે તેને ઉતારે છે, તેણીને અહિં લઈ આવ." તે ઉપરથી કપટમાં કુશળ એવી તે દાસીએ ત્યાં જઈને નર્મદાસુંદરીને કહ્યું. "શેઠ અમારે ઘેર બેઠેલા છે, ત્યાં તમને શીઘ્ર બોલાવે છે. નિશાની તરીકે તેણે આ મુદ્રિકા મોકલાવી છે." નર્મદાસુંદરી વીરદાસની નામાંકિત મુદ્રિકા જોઈ નિઃશંકપણે દાસીની સાથે ચાલી. દાસી તેણીને વેશ્યાના ઘરમાં લઈ ગઈ, ત્યાં વેશ્યાએ તેણીને પોતાના ભૂમિગૃહને વિષે સંતાડી. આમ ગણિકાએ પોતાનું ધાર્યું કરીને પછી પેલી મુદ્રિકા વીરદાસને આપી. વીરદાસ પણ અખંડિત વ્રત સહિત બહાર આવી હર્ષ પામતો પોતાને ઉતારે ગયો. ત્યાં નર્મદાસુંદરીને ન જોવાથી તે ક્ષોભ પામ્યો. સેવકોને પૂછ્યું ત્યારે તેઓએ પણ તેણીને ક્યાંય દીઠી નહોતી એમ કહ્યું. આમ જોઈ બહુ દુઃખી થઈ તે વિચારવા લાગ્યો. "જો એ નર્મદાને હરી ગયો હશે, તે હું અહિં હોઈશ ત્યાં સુધી તેણીને કદાપિ પ્રકટ કરશે નહી." આમ વિચારી બહુ બહુ વ્યાપારની વસ્તુઓ લઈને તે રાજાની આજ્ઞા માગી પોતાના નગર ભણી ચાલ્યો. અનુક્રમે તે ભૃગુપુર પહોંચ્યો. ત્યાંથી એણે નર્મદાની શોધમાં જિનદાસને પાછો મોકલ્યો. તેણે બર્બરકૂલ જઈને તેને બહુ બહુ ખોળી, પણ તેણીની શોધ લાગી નહીં.

હવે જ્યારે વીરદાસે પ્રયાણ કર્યું, ત્યારે પાછળ ગણિકાએ નર્મદાસુંદરીને કહ્યું. "હે ભદ્રે!

અન્ય પુરુષને રંજન કરીને સુવર્ણ પ્રાપ્ત કર. વેશ્યાપણું અંગીકાર કરીને પોતાના જન્મને સફળ કર. જેમ ઉર્વશી મહેંદ્ર માન્ય છે, તેમ તું પણ રાજાઓને માન્ય થા." તે સાંભળી ને હસ્તને કંપાવતી નર્મદા બોલી. "જ્યાં સુધી મ્હારા દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી મ્હારૂં શીળરૂપી માણિક્ય કોણ હરવાને સમર્થ છે?" વેશ્યાએ કહ્યું. "આ મલીનતાને વિષે આપણો જન્મ સફળ છે. કારણ કે અહિં રહેતાં છતાં આપણે સ્વર્ગ ભોજન જમીએ છીએ." નર્મદાસુંદરી બોલી. "એવું તે કોણ હોય કે જે તમારા જન્મને મોક્ષ માની પોતાના આત્માને વંચે? માત્રિકપને તો બાળકો હોય તેજ ચણા જાણી ક્રીડારૂપ કરે." તેણીનાં આવાં વચન સાંભળીને કોપાતુર થઈ વેશ્યા પોતાના મનોરથની સિદ્ધિને અર્થે તેણીને પ્રહાર કરવા લાગી. તોપણ પેલીએ માન્યું નહી. વેશ્યાએ તેને ફરી પ્રહાર કર્યા, ત્યારે તેણીએ પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરવા માંડયું. એટલે એના પ્રભાવથી અકસ્માત્ ગણિકા મૃત્યુ પામી. એટલે રાજાને તે વાતની ખબર પડી. ત્યારે મંત્રીઓએ તેના આદેશથી નર્મદાને તેણીનું પદ લેવાને બહુ બહુ પ્રાર્થના કરી. નર્મદાએ વિચાર્યું. "જો બળાત્કાર કરીશ તો મંત્રી મને રાજા પાસે લઇ જશે ને રાજા પણ મ્હારા રૂપથી મોહિત થઇને પોતાના અંતઃપુરને વિષે મને રાખશે; પણ મ્હારે તો પ્રાણ જતાં સુધીએ મ્હારા શીળવ્રતની રક્ષા કરવાની છે." એમ વિચારી તેણીએ મંત્રીનું વચન માન્યું. મંત્રીએ એ રાજાને કહ્યું એટલે તેણે તેણીને માટે સુખાસન મોકલાવ્યું. રાજાના માણસો તેણીને તે સુખાસનને વિષે બેસારી મસ્તકને વિષે છત્ર ધરતા શીઘ્ર જવા લાગ્યા. તે વખતે તેણીને શીળ સાચવવાનો એકદા એક વિચાર સુઝયો ને તે પ્રમાણે તેણીએ કર્યું. તે આ કે-નગરની વિશાળ ખાળ પાસે તેઓ આવ્યાં એટલે તેણીએ એકદમ તેમાં પડતું મૂક્યું ને તેમાં રહેલી અશુચિથી પોતાનું શરીર બધું લેપન કરીને તે બહાર નીકળી. બહાર નીકળીને તે પોતાનાં વસ્ત્ર ખેંચીને ફાડી નાંખવા લાગી તથા ફરી ફરી મસ્તકે ધૂળ નાંખવા લાગી. પછી વ્યંતરીની પેઠે રાડની ચિત્કાર કરવા લાગી; તેથી લોકો ભય પામી દિશોદિશ નાસી ગયા; ને કહેવા લાગ્યા. "એ કન્યાને વ્યંતરીએ ગ્રસ્તર કરી છે." આમ થવાથી મંત્રીએ જઇને રાજાને કહ્યું. "હે સ્વામિન્! એ કન્યા તો ઘેલી થઇ છે ને વ્યંતરી જેવી દેખાય છે." રાજાએ તે ઉપરથી મંત્રવાળાઓને મોકલ્યા, તેમણે તેણીને બહુ તાડન કરવા માંડયું.

એકદા વળી તે ઘેલી થઇને જિનેશ્વરના રાસ ગાતી ગાતી ફરતી હતી, તેવામાં તેણીને જિનદાસે દીઠી; એટલે તે તેણીની આગળ જઇને કરુણાયુક્ત થઈ પૂછવા લાગ્યો. "તું કોણ છે?" પેલીએ પણ એવાજ પ્રકારનું સામું પ્રશ્ન કર્યું. ત્યારે જિનદાસ બોલ્યો. "હું વ્યંતરોનો અધિપતિ ને જિનનો ભક્ત છું." નર્મદાએ કહ્યું. "જો તું જૈન હોય તો ત્હારે મ્હારી સાથે ગુપ્ત રીતે ભાષણ કરવું." એ ઉપરથી જિનદાસે તેણીની પાછળ જઇને અંજલિ જોડીને પૂછ્યું. "ધાર્મિક અંતઃકરણવાળી એવી તું કોણ છે?" નર્મદાસુંદરીએ તેને સુશ્રાવક જાણીને એ પ્રશ્નના ઉત્તરમાં પોતાની સર્વ હકીકત કહી. તે સાંભળીને જિનદાસ પણ બોલ્યો. "બહુ સારૂં થયું કે, આજે મેં તને દીઠી." મ્હારા મિત્ર વીરદાસે ભૃગુકચ્છથી મને અહિં ત્હારે માટેજ મોકલ્યો છે, માટે તું ખેદ ન કર. વખત સૌ સારાં વાનાં કરશે, સારી રીતે કરેલી માયાને શું અસાધ્ય છે? પણ ત્હારે ઘર અને વસ્ત્ર આદિ ભાગી ફોડી નાંખવા કે, જેથી રાજા તને નગર બહાર કઢાવી મૂકે." તેની એવી સૂચના ઉપરથી તેણીએ એમજ કરવા માંડયું, તેથી રાજાએ પ્રધાનોને આદેશ કરીને તેણીને નગર બહાર કઢાવી મૂકી. એટલે જિનદાસ તેણીને લઇને પાછો વળ્યો. માર્ગમાં તેણીને સ્નાન કરાવી ઉત્તમ વસ્ત્રો પહેરવા આપ્યાં. સમુદ્ર તીરે આવી પ્રવહણમાં બેસારી તે તેણીને નર્મદાપુર લાવ્યો. તેણીને આવી જાણી સર્વ

સ્વજનો ત્યાં એકઠા થયા. તેણીના પિતા પ્રમુખ સર્વ તેણીને જીવતી જોઇ હર્ષ પામ્યા; ને તેણીનો જન્મોત્સવ સમાન મ્હોટો ઉત્સવ કર્યો; વળી જૈનમંદિરોમાં મહા પૂજાદિક કરાવ્યાં તથા સાધર્મિક વાત્સલ્ય આદિ ધર્મ કર્મ કર્યાં. જિનદાસ પણ ત્યાં કેટલાએક દિવસ ગૌરવ સહિત રહીને પછી વીરદાસની આજ્ઞા માગીને ભૃગુપુર ગયો.

એવામાં એકદા નર્મદાપુરને વિષે આર્યસુહસ્તી નામના ધર્માચાર્ય આવ્યા; તેમને વંદન કરવાને નર્મદાસુંદરી પિતા પ્રમુખની સાથે ગઇ. ધર્મોપદેશ શ્રવણ કરીને દેશનાને અંતે વીરદાસે આચાર્યને પૂછ્યું. "હે ભગવન્! નર્મદાએ પૂર્વે એવાં શાં કર્મ કર્યાં હશે, કે જેથી તે નિષ્કલંક છતાં તેણીને માથે કલંક આવ્યું? ને વળી દુઃખનું ભાજન થઇ?" તે સાંભળીને જ્ઞાની ગુરુ બોલ્યા. "વિંધ્યાચળ નામે મહાન્ પર્વત છે, તેના એક ભાગમાંથી તેને આશ્રિત નર્મદા નદી નીકળે છે, એ નદીની નર્મદા નામે મિથ્યાત્વી દેવી અધિષ્ટાયિકા હતી. એકદા એ દેવીએ નર્મદાના તટ ઉપર કાયોત્સર્ગે રહેલા એક મુનિને બહુ ઉપસર્ગ કર્યા, પણ એ મુનિએ એના ઉપર બિલકૂલ દ્વેષ કર્યો નહીં. એ દેવી ત્યાંથી ચ્યવીને આ નર્મદાસુંદરી થઇ. એ નર્મદાસુંદરી ગર્ભમાં હતી, ત્યારે તેણીના પૂર્વના અભ્યાસને લીધેજ તેણીની માતાને નર્મદા નદીમાં ન્હાવાનો દોહદ થયો હતો. તેણીએ સાધુને ઉપસર્ગ કર્યો હતો તેને લીધે તેણીને આ કલંક દુઃખ આદિ થયું છે." પોતાનો પૂર્વભવ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી નર્મદાસુંદરીએ દીક્ષા ગ્રહણ કરી. એ સાધ્વીને તપશ્ચર્યા કરતાં અવધિજ્ઞાન પ્રાપ્ત થયું ને પોતે પ્રવર્તિનીનું પદ મેળવ્યું.

અનુક્રમે વિહાર કરતાં કરતાં એકદા તે ચંદ્રપુર નગરે ગઇ, ત્યાં મહેશ્વરદત્ત ધર્મ સાંભળવા આવ્યો. નમન કરીને બેઠો, ને ધર્મ સાંભળીને પછી પૂછવા લાગ્યો. "મેં મ્હારી સ્ત્રીને કલંકિત જાણીને ત્યજી દીધી તો તે કલંકિત હતી કે નહી?" સાધ્વીએ કહ્યું. "તે તો નિષ્કલંક અને સતીઓમાં શિરોમણિ હતી." એવું જાણીને મહેશ્વરદત્ત પોતે પ્રિયાનો વૃથા ત્યાગ કર્યો, માટે પોતા ઉપર ધિક્કાર ધિક્કાર આપવા લાગ્યો. તેને દુઃખી થતો જોઇ સાધ્વીએ કહ્યું. "એ ત્હારી પ્રિયા હું જ." એ સાંભળીને મહેશ્વરદત્ત બહુ પશ્ચાતાપ કરવા લાગ્યો. "ધિક્કાર છે મને! કે મેં એવા વનને વિષે તને એકલી ત્યજી દીધી!! મ્હારાથી બીજો કોઇ પાપિષ્ટ નહી હોય?" નર્મદા સાધ્વીએ કહ્યું. "વૃથા ખેદ ન કરો. સર્વ જીવો પોતાના કર્મને અનુસારેજ સુખ દુઃખ ભોગવે છે. કહ્યું છે કે-સર્વ પ્રાણીઓ પૂર્વભવનાં કર્મથી પ્રેર્યા થકા વર્તે છે. ક્યાંયપણ કોઇનો દોષ કાઢવો નહીં, દોષ તો ફક્ત આત્માનોજ છે." એ સાંભળી નર્મદાસુંદરીની ક્ષમા માગી તેણીના ગુરુ પાસે મહેશ્વરદત્તે દીક્ષા લીધી. ઋષિદત્તાએ પણ ચારિત્ર ગ્રહણ કર્યું. મહેશ્વરદત્ત અને ઋષિદત્તા સર્વ કર્મનો ક્ષય કરીને નર્મદાના તટે મુક્તિ પામ્યા. ત્યાં દેવોએ આવીને મહોત્સવ કર્યો, તે ઉપરથી લોકોમાં એ નર્મદાતીર્થ થયું. ઇતિ નર્મદાસુંદરીની કથા.

---

## સીતા.

જે સ્ત્રી પુરુષો નિરંતર શીળવ્રત પાળે છે, તેઓ ત્રણે ભુવનને વિષે સીતાની પેઠે પ્રશંસા પામે છે.

મિથિલા નગરીને વિષે હરિવંશના વાસુકિ નામના રાજાની વિપુલા નામે રાણીની કૂખથી જન્મેલ જનક નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને વિદેહા નામની સ્ત્રી હતી. એકદા વિદેહાએ પુત્ર પુત્રીના સુંદર યુગલને જન્મ આપ્યો. તે વખતે સૌધર્મ દેવલોક થકી પિંગળ નામે દેવ ત્યાં આવી, પૂર્વ ભવના વૈરને લીધે તે યુગલમાંથી પુત્રને લઇને જતો રહ્યો.

જતાં જતાં તેને માર્ગમાં દયા આવી તેથી તેને કુંડળાદિ ભૂષણો પહેરાવી વૈતાઢ્ય પર્વતના વનને વિષે મૂકી પોતે પોતાને સ્થાનકે ગયો. તે વખતે તે પર્વત ઉપર આવેલા રથનુપુર નગરનો સ્વામી ચંદ્રગતિ વિદ્યાધર ત્યાં આવ્યો. તેણે પેલા બાળકને જોઈ, તે લઇ જઇ પોતાની પ્રિયા પુષ્પવતીને આપ્યો. પછી નગરને વિષે તેણે રાણી ગુપ્તગર્ભા હતી, તેણીને 'પુત્ર પ્રસવ્યો છે' એમ વાત પ્રકટ કરીને પુત્રનો જન્મોત્સવ કર્યો; ને ભામંડળનું ચિન્હ દેખવા ઉપરથી તેનું ભામંડળકુમાર એવું નામ પાડ્યું. અનુક્રમે ચંદ્રગતિના અત્યંત લાડમાં ઉછરતો એ બાળ યૌવન વય પામ્યો.

અહિં પાછળ મિથિલા નગરીને વિષે જનક, રાજપુત્રને નહીં જોવાથી બહુજ દુઃખી થયો. પણ ઉત્તરે શોક ત્યજી દીધો, ને પુત્રીનું નામ સીતા એવું પાડ્યું. આ પુત્રી સીતા એ અનુક્રમે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી સ્ત્રીની સર્વ કળાનો અભ્યાસ કર્યો. એ જોઈ પિતા જનક તેને અર્થે વર શોધવાની ચિંતામાં પડ્યો. દીકરીનો બાપ સર્વથા દુઃખીજ હોય છે. કહ્યું છે કે-એના જન્મ સમયે પણ શોક, વૃદ્ધિ પામે તેમ (વર શોધવાની) ચિંતા અને તે દીને પરણાવતાં પણ દંડ આપવો પડે. એવામાં મ્લેચ્છ લોકો દૈત્યની પેઠે જનક રાજાને હણવા આવ્યા; તે ઉપરથી તેણે પોતાના મિત્ર દશરથ ભૂપતિને એ વાત જણાવી. એટલે યુવરાજ રામે પિતાની આજ્ઞા લઇને ત્યાં જઈ યુદ્ધમાં સર્વ મ્લેચ્છો ઉપર વિજય મેળવ્યો. તે ઉપરથી જનક રાજાએ હર્ષ પામી રામને મહોત્સવ સહિત પોતાના નગરમાં આણ્યો, ને પોતાની તે પુત્રી સીતાને તેને આપવા તત્પર થયો. આ અવસરે પીળા કેશવાળા ને હસ્તને વિષે છત્ર ધારણ કરનાર એવા નારદ મુનિ ત્યાં આવ્યા; તેમનું ભયાનક રૂપ જોઇને સીતા ભય પામી નાસવા લાગી; તેણીની દાસીઓએ પણ કોળાહળ કરી મૂક્યો. તે સાંભળી રાજસેવકોએ આવી નારદ ઋષિને કંઠે ઝાલીને ઘરથી બહાર કાઢી મૂક્યા. આમ થવાથી ઋષિ કોપાયમાન થયા ને સીતાની એક સરસ છબિ આળેખીને તેણે તે ચંદ્રગતિ વિદ્યાધરના પુત્ર ભામંડળને બતાવી. એ છબિ 'પોતાની બ્હેનની છે' એમ ન જાણનારો કુમાર તો એ જોઇને કામવિહ્વલ થયો, ને અલ્પ જળમાં રહેલા માછલાની સ્થિતિને પામ્યો. ચંદ્રગતિએ એવામાં પોતાના પુત્રના ઉદ્વેગનું કારણ જાણી લઇ, ચપળગતિ નામનો દૂત મોકલીને જનક રાજા પાસે સીતાનું માગું કર્યું. જનકે પ્રીતિ સહિત કહ્યું. "મેં પૂર્વે આ મ્હારી પુત્રીને દશરથ-રાજાના કુમાર રામને આપવાને ધારી મૂક્યું છે; તોપણ હવે એમ કહું છું કે, બે દેવતાથી અધિષ્ઠિત એવાં વજ્રાવર્ત નામના બે ધનુષ્યને ઉપાડીને એના ઉપર પણછ ચઢાવશે તેને સીતા વરશે." એમ કહીને તેણે સ્વયંવરમંડપ રચાવ્યો ને એ બે ધનુષ્યોને સ્વયંવરમંડપમાં મૂકીને અનેક રાજાઓને તેડાવ્યા.

હવે પેલા ચપળગતિ દૂતે પોતાના રાજાને જનકે કહેવરાવ્યું હતું, તે પ્રમાણે કહ્યું. એટલે તે પોતાના પુત્રને લઇને ત્યાં આવ્યો. દશરથ પણ પોતાના પુત્રો સહિત સ્વયંવર ઉપર આવી પહોંચ્યો. બીજા પણ અનેક રાજાઓ અને વિદ્યાધરો ત્યાં આવ્યા; એટલે સીતા પણ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી આવીને મંડપની શોભામાં વૃદ્ધિ કરવા લાગી. અંગ, વંગ પ્રમુખ દેશોના રાજપુત્રોએ ધનુષ્યને પણછ ચઢાવવાને વૃથા પ્રયાસ કર્યો. તેઓ તો તેને તેના સ્થાનથી ચળાવી પણ શક્યા નહી. પછી દશરથ પુત્ર રામે ઉભા થઇ લીલા માત્રમાં એક ધનુષ્ય ઉપાડ્યું ને તેના ઉપર પણછ ચઢાવી કે, તુરતજ જાનકી (સીતા) એ તેના કંઠમાં વરમાળા આરોપણ કરી. એજ પ્રમાણે લક્ષ્મણે બીજા ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવી; એટલે વિદ્યાધરોએ પ્રસન્ન થઇને પોતાની અઢાર કન્યાઓ તેને આપી. ભરતને પણ તે વખતે કનક ભૂપતિએ પોતાની ભદ્રા નામની પુત્રી આપી.

પછી દશરથ રાજા પોતાના પુત્રોને પરણાવીને પોતાને નગરે પાછો આવ્યો, પણ ભા મંડળ તો પોતાની ઇચ્છા પૂર્ણ નહિ થવાથી દુઃખ ધરતો પિતા સાથે આવતો હતો, તેવા માં આકાશવાણી થઈ કે, "હે ભામંડળ! ખેદ ન કર; આ સીતા ત્હારી બ્હેન છે અને જનક રાજા ત્હારા પિતા છે. ત્હારૂં તો કોઈ દેવે હરણ કર્યું હતું તેથી તું ચંદ્રગતિના હાથમાં આવી પડ્યો છે." એ સાંભળી ભામંડળ સીતાને બ્હેન જાણી તથા જનકને તા ત જાણી હર્ષ પામી તેમને મળ્યો; બ્હેન સીતાની ક્ષમા માગી અને પિતા જનક રાજાની રજા લેઇ ચંદ્રગતિ સહિત પોતાને નગરે ગયો.

રામ હવે સીતા સાથે ઉત્તમ ભોગવિલાસ ભોગવે છે, એવામાં દશરથને, પોતે પૂર્વે કૈકેયીને આપેલા વચનને અનુસારે ભરતને રાજ્ય આપવું પડ્યું; પછી પોતે સત્યભૂતિ આ ચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી ને રામચંદ્રને વનવાસ ગ્રહણ કરવાને આદેશ કર્યો. એટલે શ્રી રામ, લક્ષ્મણ અને સીતા સહિત વનમાં ગયા. અનુક્રમે દંડકારણ્યને વિષે રાવણે સીતાનું હરણ કર્યું. તે ઉપરથી રામે યુદ્ધ કરી તેમાં રાવણને હણીને સીતાને પાછી આણી, ને પોતે પોતાનું રાજ્ય ભોગવ્યું. ( આ વૃત્તાંત પ્રસિદ્ધ હોવાથી વિસ્તાર સહિત કહ્યું નથી. ) પછી રાજ્ય ઉપર બેઠેલી રામે ભાઈઓને દેશ વ્હેંચી આપ્યા.

એક સમયે સીતાએ ગર્ભ ધારણ કર્યો, તેણીને ઉત્તમ પ્રકારના દોહદ ઉત્પન્ન થયા, તે સર્વે રામે પૂર્યા. એકદા સીતાનું દક્ષિણ નેત્ર ફરક્યું, તે એક તેણીએ તે રામને કહ્યું. રામે કહ્યું. "એ દુર્નિમિત્ત છે. કારણ કે, પૂર્વે મહર્ષિઓ કહી ગયા છે કે, પુરુષનું દક્ષિણ (જમણું) અંગ ફરકે અને સ્ત્રીનું વામ (ડાબું) અંગ ફરકે તો તે શ્રેષ્ઠ છે; બાકી અનિષ્ટ છે. માટે હે ભદ્રે! તું જિનમંદિરને વિષે દીનજનોને સ્વાગત તથા દીન લોકોને દાન આપ." સીતાએ પતિએ કહ્યું સર્વ કર્યું. હવે લોકો આવીને રામને કહેવા લાગ્યા. "હે દેવ! લોકો એમ કહે છે કે, ક્રૂર એવા રાવણે હરીને છ છ મહિના સુધી પોતાના આવાસને વિષે રાખી, એવી સીતાને સતી કેમ કહેવાય? હે દેવ! પાણીમાં જેમ તેલનું બિંદુ પ્રસરી જાય છે, તેવી રીતે આ લોકાપવાદ સર્વત્ર પ્રસરી રહ્યો છે, માટે એ અસત્ય હોય નહીં." "આવો લોકાપવાદ સારો નથી." એમ જાણી રામ અહીં સમય બોલ્યા વિના રહ્યા, પછી તે [illegible] જે કહ્યું તે મેં કહ્યું છે; હું કોઈ પણ બીજું આવું અકાર્ય સહન કરી શકતો નથી." એમ કહી તેનું તેમને વિસર્જન કર્યા.

એકદા રાત્રિને સમયે રામ ગુપ્ત વેષે નગરચર્યાએ ફરતા એક ધોબીના ઘર પાસે ઉભા રહ્યા તે વખતે ધોબીએ બહારથી ઘણું રાત્રે પાછી આવેલી પોતાની સ્ત્રીને પ્રત્યે કહ્યું. "તું અત્યાર સુધી ક્યાં ગઈ હતી?" ધોબીએ ઉત્તર આપ્યો. "ત્યારે તો ઘણું [illegible] [illegible] રામ જેવી પણ અહીં! રામે તો રાવણને ઘેરથી પણ પાછી આવેલી સી તાને શુદ્ધ માની! અને તને તો હું એક ક્ષણ પણ ઘેર આવવા દઉં છું ને ભાગી [illegible] નથી? તેનું શું કારણ?" ધોબીએ તે ઉપરથી કહ્યું. "એ રામ તો સ્ત્રીને આધીન છે, હું કોઈ નથી તે કેમ સહન કરૂં!"

તે સાંભળી રામે વિચાર્યું. "સ્ત્રીને આધીન એવા મને ધિક્કાર છે! પછી ત્યાંથી આવી તેનું [illegible] [illegible] [illegible] કહ્યું. "લોકો સીતાને અસતી કહે છે." પણ લક્ષ્મણે કહ્યું. [illegible] લોકોના કહેવા ઉપરથી એવાએ ધ્યાન દેવું નહીં. કારણ કે, તેઓ પારકાનો [illegible] કહેવામાં ઘણું [illegible] હોય છે. પણ જે લોકો સજ્જનો છે તે પ્રત્યેક પારકા દોષ [illegible] [illegible] ઘણું [illegible] હોય તેથી તે મહાત્મા એવા રામચંદ્રજી નિશ્ચે કરી એકને આપવા

નો ઉવેખી મૂકવા જોઈએ." રામે કહ્યું. "ભાઈ લક્ષ્મણ; તું કહે છે તે સત્ય છે, તોપણ લો ક વિરુદ્ધ કાર્ય નિરંતર ત્યજવું." લક્ષ્મણે નિષેધ્યા છતાં પણ અને રામે પોતાના સેનાનીને બો લાવીને કહ્યું. "તું સીતાને વનમાં મૂકી આવ. એણીને સમ્મેતશિખર તીર્થે જવાનો દોહદ ઉત્પન્ન થયો છે માટે ગંગાને સામે તીરે મૂકીને આવજે." એ ઉપરથી "જેવી આજ્ઞા" એ મ કહીને સેનાની સીતા પાસે ગયો ને કહેવા લાગ્યો. "હે સ્વામિની! હું આપને મહા રાજા રામના આદેશથી સમ્મેતશિખર તીર્થે લઈ જવા આવ્યો છું, માટે આપ આ રથ માં બિરાજમાન થાઓ." એમ કહીને સીતાને રથને વિષે બેસાડી તે એક ભયાનક અર ણ્યને વિષે લઈ ગયો. ત્યાં તેણીને કહ્યું. 'હે સ્વામિની! તમારા પતિએ તમને અહિં ત્યજી દેવાનું અને કહ્યું છે. મને ધિક્કાર છે; પણ હું કિંકરજન શું કરૂં? સ્વામિનો આદેશ એ કહે દુષ્કર છતાં પણ કરવો પડે છે." એ સાંભળીને તો સીતાને મૂર્છા આવી; તે રથમાંથી પડી ગઈ. કેટલીક વારે મૂર્છા પાછી વળી એટલે તે વિલાપ કરતી કરતી રામને ઉદ્દેશીને કહેવા લાગી. "હે સ્વામિ! જો આપને લોકાપવાદનો ભય હતો તો, આપે ત્યાં લોકોની સમક્ષજ મ્હારી પરીક્ષા કેમ ન કરાવી? એમ કર્યું હોત તો તે કુળને ઉચિત હતું; પણ આ તો તમે નિર્દય જનોને વિષે અગ્રણી ગણાયા. કારણ કે, તમારી ગર્ભવતી પ્રિ યાને વનને વિષે એકલી મૂકી; તોપણ હું તો પતિને લેશ પણ વિપ્રકારી નહિં થઉં. રામ અને લક્ષ્મણ ચિરકાળ પર્યંત જયશાળી વર્તો." આ પ્રમાણે સીતાએ સેનાની પાસે રામ ને સંદેશો મોકલ્યો અને તેને પણ વિસર્જન કર્યો. તેની ચક્ષુઓ પણ આંસુથી ભરાઈ ગ ઈ; તેમાંથી આંસુ ખરવા લાગ્યાં; એમ તે સીતાને મૂકીને પાછો વળ્યો.

હવે જાનકી પાછળ પોતાના કર્મનો દોષ કાઢતી અહિં તહિં ભમવા લાગી. એવામાં ત્યાં વજ્રજંઘ નામનો પુંડરિકપુરનો રાજા આવી ચડ્યો, તે તેણીને બ્હેન સમાન ગણી પોતાના નગરને વિષે લઈ ગયો. એવામાં સેનાની પાછો જઈ રામને મળી સીતાએ કહેવ રાવેલાં વચનો રામને કહેવા લાગ્યો. તે સાંભળી દીન બની જઈ સીતાનો વિયોગ ન સહ ન કરી શકી તેણીને પાછી લઈ આવવાને રામ પોતે જાતે સેનાનીની સાથે વનમાં આવ્યો. ત્યાં બહુ શોધ કરી પણ જાનકી તેમને જડી નહી. એટલે રામે ધાર્યું કે, "કોઇ વ્યાઘ્ર કે એવાં બીજા ક્રૂર પ્રાણીએ તેણીનું ભક્ષણ કરી નાંખ્યું હશે." એમ કહી ઘેર જઈ અંત ક્રિયા કરી. પછી તે સીતાને સીતાનાજ ધ્યાનમાં કાળ વહન કરવા લાગ્યો.

અહિં વજ્રજંઘ રાજાને ત્યાં રહેલી સીતાને પ્રસવ થયો, તેણે બે પુત્રને જન્મ આ પ્યો. જન્મોત્સવ કરીને વજ્રજંઘે તેમનાં લવ અને કુશ એવાં નામ પાડ્યાં. અનુક્રમે એ બન્ને ભાઈઓ ઉત્તમ કળાઓનો અભ્યાસ કરીને બહુ બળવાન્ થયા. લવને વજ્રજંઘ રાજાએ પો તાની પુત્રી શશિકળા અને અન્ય પણ બત્રીશ રાજકુમારી હર્ષ સહિત પરણાવી. પછી કુ શને અર્થે તેણે પૃથુરાજાની પુત્રીને માગી, પણ તે રાજાએ તેના વંશ-કુળ જાણ્યા વિના આ પવાની ના કહી. એટલે તો તેણે લવ અને કુશને સાથે લઈ જઈ તે પૃથુરાજાના સૈન્યને રણક્ષેત્રને વિષે હરાવ્યું ને હતપ્રહત કરી નાંખ્યું, એટલે તે દિશો દિશ નાસી ગયું. પૃથુરાજાને પણ નાસી જતો જોઈને બન્ને ભાઈઓ કહેવા લાગ્યા. "હે મહીપતિ! અમારા જેવા અવંશીને જોઈને તમારા જેવા વંશજો કેમ નાસી જાય છે? જરા અમારૂં શૌર્ય તો જુઓ!" એ પછી તેમનું એવું અસાધારણ વીર્ય દેખીને પૃથુરાજાએ વજ્રજંઘની સાથે મેળાપ કર્યો ને કહ્યું કે, "એમનાં બળ પરાક્રમ જોઈનેજ મેં એમનું કુળ જાણ્યું છે." એવામાં સંગ્રામને વિષેજ નારદ ઋષિ અંતરીક્ષથી આવી ઉતર્યા, તેમને પ્રણામ કરીને વજ્રજંઘ રાજાએ પૂછ્યું. "આ બે

કોના બાળકો છે? નારદે કહ્યું. "લોકોના અપવાદના ભયથી ભીરૂ એવા રામે સગર્ભા ત્યજી દીધેલી સતી શ્રી સીતાના આ બે પુત્રો." પછી કુશે કહ્યું. "હે ઋષિ! રામે તે સારૂં કર્યું નથી." પછી લવે પૂછ્યું. "ત્યારે એ નગરી અહિંથી કેટલી દૂર છે?" તેના ઉત્તરમાં નારદ ઋષિએ કહ્યું. "અહિંથી છસો યોજન દૂર છે." ત્યાર પછી પૃથુરાજાએ પોતાની કનકમાળા કન્યાને કુશ વેરે પરણાવી. એટલે ત્યાંથી વજ્રજંઘ તે બન્ને ભાઇઓને લઇને પોતાને નગરે આવ્યો.

ત્યાં મામા વજ્રજંઘ તથા માતાની આજ્ઞા લઈ લવ અને કુશ પોતાની સાથે સાર સાર સૈન્ય લઈ, પોતાની માતા સીતા સહિત અયોધ્યા નગરીએ આવ્યા. એટલે રામ અને લક્ષ્મણ કોપાયમાન થઈ સામા ક્ષેત્રમાં ઉતરી પડ્યા. યુદ્ધ થયું, તેમાં લવ અને કુશે સામા સૈન્યને દીનદશાએ પહોંચાડી દીધું. એટલે લક્ષ્મણે ક્રોધાતુર થઇ કુશ ઉપર ચક્ર મૂક્યું; પણ ચક્ર તો તે (કુશ) ની પ્રદક્ષિણા દેઇને પાછું લક્ષ્મણ પાસે આવ્યું; એટલે તો રામ અને લક્ષ્મણે ખેદ પામી વિચાર્યું. "શું આ તે નવા બળ અને નારાયણ ઉત્પન્ન થયા?"

એટલામાં તો આકાશ થકી નારદઋષિ ઉતરી આવ્યા, ને રામ તેમજ લક્ષ્મણ પ્રત્યે હસીને બોલ્યા. "અહો! તમને બન્નેને હર્ષને બદલે આ વિષાદ શેનો થાય છે? પોતાના પુત્રથી પરાજય પામવો એ હર્ષદાયક નથી થતું? એ વિચિત્ર છે. આ બન્ને સીતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા આપનાજ પુત્ર છે અને તમને યુદ્ધનો મિષ કરીને મળવા આવ્યા છે. તમારૂં ચક્ર તેમને કંઇ કરી શક્યું નહીં એજ એની નિશાની, કારણ કે, એ ચક્ર એકગોત્રી પુરુષો ઉપર ચાલી શકતું નથી." એ સાંભળી રામ લક્ષ્મણે યુદ્ધ પડતું મેલ્યું, એટલે વિનયવંત એવા બન્ને કુમારોએ આવીને પિતાને પ્રણામ કર્યા. પિતાએ પણ તેમને સ્નેહ સહિત આલિંગન આપ્યું. એટલે બન્ને સૈન્યને વિષે હર્ષનાદ થઈ રહ્યો. પછી રામે નગરને વિષે પ્રવેશ કર્યો.

હવે સુગ્રીવ અને બિભીષણે મળીને વજ્રજંઘને કહ્યું. "સીતાને નગરમાં લાવો." આ વખતે લક્ષ્મણે પણ સીતાને પ્રણામ કરીને કહ્યું. "તમે આવીને નગરને પવિત્ર કરો. પણ સીતાએ કહ્યું. "હું શુદ્ધિ વિના નહિં પ્રવેશ કરૂં. મેં પાંચ દિવ્ય કરવાં અંગીકાર કર્યાં છે. તે આ પ્રમાણે છે:—જ્વાળાયુક્ત અગ્નિમાં પ્રવેશ કરવો; અગ્નિ પીવો; તપાવેલા તેલમાંથી કોડી લઈ લેવી; તોળાવું અને જીભના અગ્રભાગે કૃશ મણ કરવું." રામે કહ્યું. "હે સીતા! તું સતી છે, માટે હવે નગર મધ્યે પ્રવેશ કર." પણ સીતાએ તો એ પાંચ દીવ્ય કરી બતાવ્યા પછીજ પ્રવેશ કરવાની હા પાડી. તે ઉપરથી રામે એક યોજન પ્રમાણ ખાઇ ખોદાવી ને તેમાં ખેરના અંગારા પૂરાવ્યા. પછી સીતા ત્યાં આવીને લોકો સમક્ષ કહેવા લાગી. "જો મેં મ્હારૂં શીળ લેશ પણ ખંડિત કર્યું હોય તો આ ખાઇ મને સળગાવી દેજો; અન્યથા તે મને જળ સમાન થઇ પડજો." એમ કહી નમસ્કાર મંત્રનું ધ્યાન ધરતી સીતા સર્વ સમક્ષ એ ખાઇ પોતાના પગે ઉતરીને તેને પેલે તીર ગઇ. તે જોઇ રામે વિચાર્યું. "અહો! મેં વૃથાજ આવી મ્હારી પત્નીને સંકટમાં નાંખી." પોતાના કંતને આમ ખેદ કરતા જોઇ સીતાએ કહ્યું. "હે ત્રણે જગતમાં વીર શિરોમણિ! તમે "મને" આને નિઃકારણ દુઃખ દીધું" એમ વિચારીને દુઃખી થશો નહીં. કોઇ દેવેજ મને આ અગ્નિમાં નાંખી, તેમાંથી મ્હારા હૃદયમાં રહેલા એવા આપેજ મને ઉગારી છે." તે પછી લોકો કહેવા લાગ્યા. "અસત્ય આરોપના ભયથી સીતાએ અગ્નિને પોતાની આહુતિ આપી તો અગ્નિ પણ શીતળ થયો; એજ આ સીતાનું સતીપણું બતાવી આપે છે."

આવા બનાવ બની રહ્યા છે, એટલામાં ત્યાં ચાર જ્ઞાનધારી શ્રી શીળચંદ્રસૂરિ આવ્યા. તેમને વંદન કરવા ધર્મ સાંભળવા, રામ આદિ સર્વ ગયા. ધર્મોપદેશ આપ્યા પછી

સીતાએ પૂછ્યું. "હે ગુરુ! મેં એવું શું કર્મ કર્યું હશે કે, જેથી મ્હારે માથે આવું કલંક આવ્યું?" એ ઉપરથી ગુરુએ સીતાના તેમજ લોકોના પ્રબોધને અર્થે કહ્યું કે, "હિતાર્થિ પુરુષે દુઃખકારક, અસત્ય, પરને આળ, ચાડી અને મર્મભેદક એવાં વચનો ન બોલવાં. જો કે, પારકા છતા દોષ હોય તોપણ મહા પુરુષે નહિ બોલવા જોઇએ, તો પછી અછતા દોષ પ્રગટ અથવા છાની રીતે લોકોને શી રીતે કહેવાય? જે દુર્બુદ્ધિ પુરુષ બીજાને ખોટું આળ દે, તે પુરુષ લોકમાં નિંદાય અને આકરાં દુઃખ પામે. મચ્છર દોષથી ભરેલો જે પુરુષ પાંચ સમિતિના ધારક, શુદ્ધ ભાવવાળા અને બ્રહ્મચારી એવા સાધુને ખોટું આળ દે, તે પુરુષ મુનિને પૂર્વ ભવે ખોટું આળ દેવાથી જેમ સીતા અનંત દુઃખ પામી, તેમ અનંત દુઃખ પામે. તે આ પ્રમાણેઃ—

આજ ભરતક્ષેત્રમાં મિણાલિની નામની નગરીને શ્રીભૂતિ નામે પુરોહિત પોતાની સરસ્વતી નામે સ્ત્રી સહિત વસતો હતો. તેને વેગવતી નામની પુત્રી હતી. તે નગરીના ઉદ્યાનમાં એકદા એક તપસ્વી સાધુ આવ્યા. તે ત્યાં કાઉસ્સગ ધ્યાને રહ્યા. લોકો તેમને વંદન કરવાને આવવા લાગ્યા. બહુ લોકોથી સેવાતા આ સાધુને જોઇને ઇર્ષ્યાળુ થઇ વેગવતી કહેવા લાગી. "હે લોકો! આવા કૂડકપટી પાખંડી મુંડીઆને તમે સેવો છો, ત્યારે બ્રાહ્મણને કેમ નથી પૂજતા? એ સાધુને તો મેં એકાંતે સ્ત્રી સંગાથે ક્રીડા કરતો જોયો છે; વળી હમણાં એણે આવો દંભ આદર્યો છે." લોકો તો આવું સાંભળીને તે સાધુને વિષે વૈરાગ્યવાન્ થયા, પણ સાધુ તો એ સાંભળીને વિચારવા લાગ્યા. "મેં જરા પણ કુમાર્ગે આચરણ કર્યું નથી, મને સર્વ જનના દેખતાં અસત્ય આળ દે છે; એથી જિનશાસનની મ્હોટી હેલના થઇ છે." એમ થયું એટલે સાધુએ પ્રતિજ્ઞા કરી કે, "જ્યારે મ્હારે માથેથી એ કલંક ઉતરશે, ત્યારે હું અન્ન જળ ગ્રહણ કરીશ." એમ કહીને સાધુ કાયોત્સર્ગે રહ્યા; એટલે શાસનદેવીએ વેગવતીના શરીરમાં, તેણીને શિક્ષા કરવાને અર્થે તીવ્ર વેદના મૂકીક. તેથી તેણીને બહુ પીડા થવા લાગી કે તે મુખથી પણ બોલી શકે નહીં. પછી તે દેવીએ એમ ગાથા કહી કે, "આ વેગવતીએ અતિ તીવ્ર તપશ્ચર્યા કરનારા એવા યતિને પણ ફૂથા કલંક દીધું છે. એ સાધુ બિલકુલ દોષ રહિત છે, ને આ વેગવતી દુષ્ટ સ્ત્રી છે, તેણીને હું હણીશ." શાસનદેવીની વાણીથી ભય પામી વેગવતી સર્વ લોક સમક્ષ કહેવા લાગી. "હે મુનિ! હું તમને વંદન કરૂં છું; મેં પાપિણીએ એ અસત્ય આરોપ મૂક્યો હતો, હું અધમ છું." તે પછી દેવીએ તેણીને સ્વસ્થ કરી. પછી સાધુની ફરી ફરી માગી ક્ષમા તેણીએ દીક્ષા ગ્રહણ કરી. દીક્ષામાં પણ તે તીવ્ર-તપશ્ચર્યા કરવા લાગી; ને પ્રકારાંતરે પોતે કરેલું કર્મ કાંઇક ગુરુની સન્મુખ નિંદતી તે સ્વર્ગે ગઇ. ત્યાંથી ચ્યવીને તે વેગવતીનો જીવ જનક રાજાની પુત્રીપણે ઉત્પન્ન થયો, તે સીતા તે તું. તું ત્હારાં પાપ સમ્યક્ રીતે આલોયા વિના મૃત્યુ પામી તેથી તને આવું કલંક પ્રાપ્ત થયું."

યતિનાં આવાં વચન શ્રવણ કરીને રામ સીતા આદિ વિશેષપણે ધર્મ કાર્યમાં પ્રવર્તવા લાગ્યાં. અનુક્રમે સીતા સંયમ લઇને રૂડી રીતે પાળીને બારમા અચ્યુત દેવલોકે ઇંદ્ર થઇ. એકદા એ સીતાનો જીવ જે અચ્યુત દેવલોકમાં ઇંદ્ર છે, તેણે રામને પ્રતિબોધ્યો. એ સીતાનો જીવ અનુક્રમે મુક્તિ પ્રાપ્ત કરશે. ઇતિ સીતાની કથા.

નોંધ.

આ કથા અભયકુમારની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## ભદ્રા.

આ કથા શાળિભદ્રની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## સુભદ્રા.

નિરંતર શુદ્ધ ભાવથી શીળ પાળનારા માણસોને અલ્પ સમયમાં સુભદ્રાની પેઠે દેવતાઓ પણ વશ થાય છે.

વસંતપુર નામના નગરને વિષે રાજ્ય કરતા જિતશત્રુ રાજાને જિનદાસ નામનો શ્રેષ્ઠી પ્રધાન હતો. આ પ્રધાનને તત્વમાલિની નામની પત્ની અને સુભદ્રા નામની પુત્રી હતાં. એ શ્રેષ્ઠી પોતાની પુત્રીને કોઈ જૈનધર્મી વરને આપવાનું સદા ઇચ્છતો હતો. એકદા ચંપા નગરીથી બુદ્ધધર્મી બુદ્ધદાસ નામનો વ્યાપારી ત્યાં આવ્યો, તેણે રૂપમાં દેવાંગનાને પણ જીતનારી એવી એ શ્રેષ્ઠી પુત્રીને જોઇ; તેથી તેણે કોઇને "એ કોની પુત્રી છે?" એમ પૂછ્યું. તેને ઉત્તર મળ્યો કે, "એનો પિતા શ્રેષ્ઠી એને કોઈ જૈનધર્મી વેરેજ આપવાનો છે." એ સાંભળીને બુદ્ધદાસે વિચાર્યું કે, "જૈનધર્મી પણ થઇને કોઇ રીતે એને પ્રાપ્ત કરવી. માટે જૈનધર્મ સંબંધી શાસ્ત્રો ભણીને તથા તેજ ધર્મની કરણીમાં કુશળ બનીને એના પિતા પાસેથી મ્હારે એને લેવી." એમ વિચારી તેણે કોઇ જૈન સાધુ પાસે જઇ શ્રાવક ધર્મની સમાચારી શીખી લીધી. પછી તો તે શ્રાવક જેવો બની નિરંતર જિનમંદિરોમાં દેવદર્શને જાય તથા ઉપાશ્રયમાં સાધુ પાસે ધર્મ શ્રવણ કરવા પણ જાય. આવા સુશ્રાવકને દેખીને પેલા શ્રેષ્ઠી જિનદાસે પોતાને ત્યાં જિનપૂજા અર્થે બોલાવ્યો. દંભી બુદ્ધદાસે પણ ત્યાં આવી જિન પ્રતિમાની યત્ના પૂર્વક પ્રક્ષાલનાદિ કરી કમળપત્રો વિગેરેથી પૂજા કરી. પછી તો શ્રેષ્ઠીએ તેને ભોજન અર્થે બેસાર્યો. શ્રેષ્ઠી પિરસતો હતો તે વખતે વચ્ચે વચ્ચે પેલો દંભી કહેવા લાગ્યો; "દૂધ, દહીં આદિ ત્રીજી વિગય કલ્પતી નથી, માટે હું પહેલી વિગય ઘૃત આદિ તથા બીજી પકવાન્ન આદિ ગ્રહણ કરીશ. મ્હારે શાક પણ બેજ ખપે છે." એ બધું જમી રહ્યા પછી તેણે છાશ લીધી તે પણ ભાજન પ્રત્યે ધોઇને લીધી. આવા દંભી શ્રાવકથી શ્રેષ્ઠી જિનદાસ તો મોહિત થઇ ગયા. તેણે તો ધાર્યું કે, "મ્હારી પુત્રીને આજ સ્વામી પ્રાપ્ત થાય તો ઉત્તમ. કારણ કે, જિનેંદ્ર ધર્મ પાળનારા, દાતાર, વિનયી, સર્વ યત્ના પાળનારા, જીવ ઉપર કરુણા યુક્ત, સરળ સ્વભાવી, સ્વરૂપવાન અને લક્ષ્મીવાળા એવા જમાઈ માણસને બહુ વિરલ મળે છે." આવો વિચાર કરીને જિનદાસ ભોજન લઈ રહ્યા પછી બોલ્યો. "આ મ્હારી એકની એક કન્યા છે ને આપ તો ગુણજ્ઞ છો, માટે જો આપ એને ગ્રહણ કરો તો લક્ષ્મીને કૃષ્ણના સંબંધ સરખો, ને શશીને રોહિણીના સંબંધ સમાન એ સંબંધ થાય." બુદ્ધદાસે હા કહી એટલે મહોત્સવ પૂર્વક જિનદાસે પોતાની પુત્રીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. પછી બુદ્ધદાસ પોતાના વ્યાપારમાં બહુ દ્રવ્ય ઉપાર્જન કરી, સાસુ સસરાની આજ્ઞા માગી, સુભદ્રાને લઇને પોતાને નગરે જઈ માતા પિતાને મળ્યો. તેમણે એ જોઇ મ્હોટા મહોત્સવ કર્યો. સુભદ્રાએ પણ સાસુ અને સસરાનો વિનય કર્યો.

પછી તે અન્ય દિવસે પ્રભાતે ઉઠીને જિનમંદિરે જઈ જિનપ્રતિમાનાં દર્શન કરી, ત્યાંથી જૈનમુનિને પ્રણામ કરી ઘેર આવી. એટલે સાસુએ કહ્યું. "હે વત્સે! આપણા ઘરમાં બુદ્ધ એજ દેવ છે; તેનુંજ તમારે આરાધન કરવું. માટે તમારે અન્યત્ર ક્યાંય પણ જવું નહીં." સુભદ્રાએ વિચાર્યું. "અહો! હું તો ઠગાણી! આ ભર્તારે મને કપટબાજી માંડીને પરણી છે. આ લોકો તો બોદ્ધ છે. હવે શું કરવું? જે થવાનું હોય તે થાઓ. મ્હારે તો જે મ્હારું હિત

કારક હોય તેજ આચરવાનું છે. બહુબોલો માણસ કંઈ પણ કરી શકતો નથીઅને સર્વ લોકોને સંતોષ આપી શકીએ એવો કોઈ ઉપાય છેજ નહીં." એમ કહી તે તો નિરંતર પોતાના નિત્ય નિયમ પ્રમાણે દેવમંદિરે જતી. પણ સાસુ તે જોઇને મનમાં આવે તેમ બોલતી, ને તેણીએ તેણીને જૂદે ઘેર રાખી; ત્યાં પણ સુભદ્રા તો જિનેંદ્રની પૂજા કરતી, તથા જૈનસાધુને વહોરાવતી. ક્ષણ માત્ર પણ પોતાના ધર્મથી ચૂકતી નહી.

એકદા કોઈ માસખમણના પારણાના અર્થે સાધુ સુભદ્રાને ઘેર વહોરવા આવ્યા, તેમને વહોરાવતાં તેણીએ તેમની ચક્ષુને વિષે કંઈ તૃણ પડેલું જોયું; તેથી તેણીએ વિચાર્યું. "જો એ એમની આંખમાં વધારે કાળ રહેશે તો આંખો ખોઇ બેસશે." એમ ધારી તેણીએ યત્ના પૂર્વક મુનિની આંખમાંથી જિન્હાવડે તૃણ કાઢી લીધું. એટલે તેણીના કપાળમાં જે તાજું તિલક હતું, તે યતિના કપાળમાં પણ પડ્યું. એની તેણીની સાસુને ખબર પડી, તેથી તેણીએ તો બુદ્ધદાસને કહ્યું. "ત્હારી સ્રીનાં ચરિત્ર જો. એ આ સાધુને વિષે લુબ્ધ થઇ છે." એટલામાં તો સર્વ કુટુંબ મળ્યું, તેમણે વહુનું ચેષ્ટિત જોઇને કહ્યું. "એ વહુ પોતાના છંદમાં આવે તેમ વર્તનારી કુશીળા છે. એ આપણા કુળને કલંકિત કરશે. એ યોગ્ય નથી." એ સાંભળીને બુદ્ધદાસ સુભદ્રા ઉપર નિસ્નેહ થયો, પણ સુભદ્રા બોલી. "મેં તો રૂડું કર્યું છે; છતાં એ કુટુંબી જન એમ બોલે છે તો મ્હારે હવે શું કરવું?" વિચાર કરીને તે કાયોત્સર્ગ ધ્યાને રહી કે, જ્યાં સુધી શાસનદેવી મને આ કલંકથી મુક્ત નહિં કરે, ત્યાં સુધી આ મ્હારૂં ધ્યાન મૂકીશ નહીં." આવા તેના સાત્વિક સ્વભાવથી શાસનદેવી પ્રકટ થઇને બોલી. "હે સુભદ્રા! ત્હારો કાઉસ્સગ્ગ પૂરો કર." તે ઉપરથી કાઉસ્સગ્ગ પૂરો કરી સુભદ્રા બોલી. "હે દેવી! મ્હારૂં કલંક ઉતારો." દેવીએ કહ્યું. "પ્રભાતે તું એથી મુક્ત થઇશ. હું આકાશને વિષે રહીને બોલું તે પ્રમાણે ત્હારે કરવું." એમ કહી તે અંતર્ધાન થઇ, ને સુભદ્રા હર્ષ પામી.

હવે પ્રભાતને વિષે દ્વારપાળો જેવા નગરના દરવાજા ઉઘાડવા જાય છે, તો દરવાજા લેશ માત્ર પણ હાલતા નથી. તે વાતની ખબર પડવાથી રાજા પણ ત્યાં આવ્યો. તેણે પ્રયત્ન કર્યો, તે પણ વૃથા. સર્વ લોકો વ્યાકૂળ થયા; રાજા પણ ખેદ કરવા લાગ્યો. શાંતિક કાર્ય કર્યાં તોએ કંઈ થયું નહીં; એટલે શાસનદેવીએ અંતરીક્ષમાં રહીને કહ્યું. "જે સતી સ્રી હોય તેણે કાચે તાંતણે કૂવામાંથી ચાળણી વડે જળ કાઢીને તે કમાડને છાંટવું એટલે તે ઉઘડશે." તે ઉપરથી રાજાએ પરહુ વજડાવ્યો કે, "જે સ્રી એ પ્રમાણે કરી દરવાજા ઉઘડાવશે, તેણીને બહુ સન્માન આપવામાં આવશે." તે સાંભળી બહુ બહુ સ્રીઓ જળ કાઢવા આવવા લાગી, પણ જળ તો ચાળણીમાંથી ગળી જવાથી તેણીઓ વિલક્ષ થઇને જતી રહેવા લાગી. રાજાએ ચિંતા કરવા માંડી. એટલામાં સુભદ્રાએ પોતાની સાસુને કહ્યું. "જો તમારી ઇચ્છા હોય તો હું જઇને દરવાજા ઉઘાડું."

તે સાંભળી સાસુએ કહ્યું. "એકવાર તો તેં કૂળને કલંકિત કર્યું છે; હવે ત્હારે (વધારે) શું કરવું છે!" પણ વહુએ વિનય સહિત કહ્યું. "હે માતા! આપે જે કહ્યું તે પ્રમાણ છે. પણ હું આપને પૂછું ને જો તે પ્રત્યુત્તરમાં "હા" કહે તો ઉઘાડવા જઉં." એમ કહીને તેણીએ પ્રશ્ન કર્યું, તેના ઉત્તરમાં "જાઓ" એમ સાંભળીને તેણીએ પદનો સ્પર્શ કર્યો. પછી હજારો માણસો અને સ્રીઓની વચ્ચે શીળગુણથી શોભતી એવી સુભદ્રાએ શાસનદેવીના પ્રભાવથી કૂવામાંથી કાચે તાંતણે ચાળણી વડે જળ કાઢ્યું ને તે નગરના દ્વારને છાંટ્યું એટલે તત્કાળ તે દ્વાર ઉઘડી ગયું! આ પ્રમાણે કરીને તે મહાસતીએ ત્રણ પોતાના

દ્વાર તો ઉઘાડ્યાં, એટલે શાસનદેવીએ કહ્યું. "હવે જે કોઈ એવી બીજી સતી સ્ત્રી હોય, તે એ ચોથી પોળના દ્વાર ઉઘાડે." પણ કોઈ તે ઉઘાડી શકી નહીં. તે હજુ એ પ્રમાણે બંધજ છે. પછી દેવીએ કહ્યું. "જે કોઇ એ સતી સુભદ્રાનું વિરુદ્ધ ચિંતવન કરશે, તેને હું શિક્ષા કરીશ." એ સાંભળી મહીપતિ આદિ તમામ લોકોએ ચમત્કાર પામી જૈનધર્મ ગ્રહણ કર્યો. સાસુએ પણ ઉદાસ થઈને વહુની ક્ષમા માગી. ત્યારથી તેણીનું પણ સર્વ કુટુંબ જૈન ધર્મી થયું. અનુક્રમે સુભદ્રા ગુરુ પાસે દીક્ષા લઈ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગઈ. ઇતિ.

મૂળગાથા.

## राइमई रिसिदत्ता, पउमावई अंजणा सिरीदेवी ॥
## जिठ सुजिठ मिगावइ, पत्नावई चिल्लणादेवी ॥ ए ॥

રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજના, શ્રીદેવી, જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચિલ્લણા; એ દશ મહાસતીઓની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે.

## રાજિમતી.

જેમ રાજિમતીએ રથનેમિ સાધુને કુમાર્ગે દોરાતા અટકાવ્યા, તે પ્રમાણે સર્વે કોઇએ જીવને કુમાર્ગે જતાં પ્રયત્નથી રક્ષણ કરવો.

મથુરા નગરીને વિષે ઉગ્રસેન રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે પ્રિયા હતી. એ ધારિણીની કુક્ષિએ, અપરાજિત વિમાન થકી ચ્યવીને એક દેવ સ્ત્રીપણે અવતર્યો. શુભ દિવસે ધારિણીએ એક પુત્રીને જન્મ આપ્યો, તેણીનો જન્મમહોત્સવ કરીને માતાપિતાએ રાજિમતી એવું નામ પાડ્યું. એકદા આ ઉગ્રસેન નૃપતિ યાદવોની સાથે દ્વારિકા નગરીએ ગયો. આ વખતે રાજિમતી કન્યા વયે વૃદ્ધિ પામતી બહુ રૂપવતી કન્યારત્ન સમાન થઇ પડી હતી અને સ્વભાવે પણ સુંદર તેમજ તરુણાવસ્થાથી ત્રણલોકને વિષે શોભાયમાન તેણીના સમાન કન્યા બીજે કોઇ ઠેકાણે નહોતી.

તે વખતે નેમિનાથની માતા દેવી શિવારાણીએ પોતાના પુત્રને કહ્યું. "હે પુત્ર! હવે તું વિવાહ કર." ત્યારે નેમિકુમાર બોલ્યો, "જ્યારે મને યોગ્ય કન્યા મળશે, ત્યારે હું વિવાહ કરીશ." એમ કહી તે પોતાની માતાને અત્યંત હર્ષ પમાડતો હતો.

એકદા શ્રી નેમિકુમાર પોતાના સમાન વયના મીત્રો સાથે ક્રીડા કરતા કરતા. શ્રીકૃષ્ણની આયુધશાળાને વિષે જઇ ચડ્યા. ત્યાં રક્ષકે વાર્યા છતાં પણ ચક્રને હાથમાં લઈને કુંભારના ચાકની પેઠે ફેરવવા લાગ્યા. વળી તેણે ધનુષ્યને પણ કમળ પુષ્પના નાળવાની પેઠે અર્ધું નમાવ્યું; ગદાને ઉછાળવા માંડી; તેનો શંખ પણ પૂર્યો. તે સમયે પોતાનો શંખ અન્યજને પૂર્યો જાણીને શ્રીકૃષ્ણ બહુ ચિંતાતુર થયા; ને રોષ કરી સભાને વિષે બોલ્યા. "જેણે આ મ્હારો શંખ પૂર્યો છે, તેનું નિશ્ચે મૃત્યુ આવ્યું સમજજો." એમ કહી પોતે સજ્જ થઇ પોતાની સકળ સેનાને યુદ્ધને અર્થે સજ્જ કરી. એવામાં તો તેને કોઈ પુરુષે આવીને ખબર આપી કે, "એ સર્વ નેમિકુમારે કર્યું છે." એ સાંભળી કૃષ્ણે વિચાર્યું. "ત્યારે તો જરૂર એજ વાસુદેવ થશે; હું નહિં." એમ વિચાર કરે છે એવામાં તો નેમિકુમાર ત્યાં આવ્યા. તેને કૃષ્ણે તેના બળની પરીક્ષા કરવાને કહ્યું કે, "હે નેમિકુમાર! મને ત્હારૂં બળ બતાવ. ચાલ, પ્રથમ તું મ્હારી ઉંચી કરેલી ભુજલતાને નમાવ." એના ઉત્તરમાં તો નેમિકુમારે તેની ભુજલતાને કમળ પુષ્પના નાળવાની પેઠે નમાવી દીધી! પછી નેમિકુ

મારે તેની ભુજલતા ઉંચી કરી શ્રીકૃષ્ણને તે નમાવવાનું કહ્યું. કૃષ્ણે પોતાનું સર્વ બળ તેને નમાવવાને એકઠું કર્યું. એક વાનરની પેઠે તે ભુજલતા પકડીને હિંચકા ખાધા; છતાં તે પ્રભુની ભુજાને લેશ પણ નમાવી શક્યા નહીં; એટલે તો તેનું મુખ નિસ્તેજ થયું. તેણે ધાર્યું કે, "હવે મ્હારૂં રાજ્ય જવા બેઠું; પણ બળભદ્રે તે વખતે કહ્યું. "ચિંતા ન કરો; નેમિકુમાર રાજ્યનો અર્થિ નથી. વળી આકાશને વિષે કોઇ દેવતાએ પણ કહ્યું. "હે કૃષ્ણ! તું નેમિકુમારથી ભય ન રાખીશ; એ રાજ્યનો અર્થિ નથી." એ સાંભળીને કૃષ્ણ સ્વસ્થ થયા, ને નેમિકુમાર ઉપર હર્ષ સહિત પ્રીતિ દર્શાવવા લાગ્યા.

વળી કોઈ અવસરે શિવારાણીએ શ્રીકૃષ્ણને કહ્યું. "નેમિકુમાર વિવાહ કરવાની હાજ પાડતા નથી; માટે એવું કરો કે, જેથી તે એ વાતની હા કહે." એ ઉપરથી (શ્રીકૃષ્ણની સૂચના ઉપરથી) એકદા ગ્રીષ્મ ઋતુને વિષે શ્રીકૃષ્ણની જાંબૂવતી આદિ સ્ત્રીઓ જળક્રીડા કરવાને ગઇ હતી; ત્યાં તેણીઓ નેમિકુમાર પોતાનો દીયર હોવાથી, તેને હાસ્ય વચનો કહેવા લાગી. "અહો નેમિકુમાર! તમે વિવાહ કેમ કરતા નથી? તમારા ભાઇ બત્રીશ હજાર કન્યા પરણ્યા છે, તો તમે એક પણ કેમ પરણી શકતા નથી? પૂર્વે સર્વે તીર્થંકરો પણ પરણ્યા હતા; આપણાજ વંશમાં મુનિસુવ્રત જિનેશ્વર પણ પરણ્યા હતા." આવી આવી યુક્તિઓ કરીને તે સ્ત્રીઓએ પોતાના વ્હાલા દિયરને પરણવાની હા પડાવી. પછી એ વાત શ્રીકૃષ્ણે શિવાદેવીને જણાવી કે, "નેમિકુમારે વિવાહ કરવાની હા કહી છે." ત્યારે તો "કોઈ યોગ્ય કન્યા શોધી લાવો." એમ શિવાદેવીએ કહ્યું. તે વખતે સત્યભામાએ કહ્યું. "મ્હારી બ્હેન દેવાંગના જેવી રૂપવતી છે; સૌંદર્યમાં અપ્સરાઓ પણ તેણીનાથી ઉતરતી છે." રાજિમતીના રૂપનું આવું વર્ણન સાંભળી શ્રીકૃષ્ણે પોતે ઉગ્રસેનની પાસે જઇ તેની પુત્રીને નેમિકુમારને અર્થે માગી. ઉગ્રસેને તો કહ્યું. "જે આપને રુચે તેમ કરો. (અર્થાત્ તેણે પોતાની પુત્રી નેમિકુમારને વરાવી.)

પછી શ્રીકૃષ્ણે સમુદ્રવિજય આદિ રાજાઓએ લગ્નશાસ્ત્રીઓને બોલાવી લગ્નનો શુભ દિવસ પૂછ્યો. તેઓએ પણ પોતાનાં શાસ્ત્ર વિલોકીને કહ્યું. "શ્રાવણના શુક્લ પક્ષનો છઠનો દિવસ બેઉ વરકન્યાના વિવાહને યોગ્ય છે." એ ઉપરથી તેમણે તે લગ્ન લીધાં ને પોતપોતાને ઘેર વિવાહ સામગ્રી તૈયાર કરવા મંડ્યા. તે ઉપર ગાથા કહી છે. તેનો અર્થ આમ છે કે, શ્રીકૃષ્ણે ઉગ્રસેન રાજાની પુત્રી રાજિમતીને (નેમિકુમારને અર્થે) માગી; વિવાહની સામગ્રી તૈયાર થઇ; ને નેમિકુમાર વસ્ત્રાભૂષણ પહેરી સજ્જ થયા. પછી શ્રાવણ શુદિ છઠને દિવસે લગ્નની વેળા પહેલાં શ્રી નેમિકુમાર સમુદ્રવિજય આદિ રાજાઓની ઋદ્ધિથી શોભતા અને શિવાદેવી, સત્યભામા, રુકિમણી આદિ બહુ સ્ત્રીજનોથી ગવાતાં ગીતો સહિત ઉગ્રસેન રાજાના ગૃહ સમીપે આવી પહોંચ્યા. તે વખતે પ્રભુએ સારથિને પૂછ્યું. "આ ધવળગૃહ દેખાય છે તે કોનું!" તે સારથિએ આંગળી વડે બતાવીને કહ્યું. "એ તમારા સસરા ઉગ્રસેન ભૂપતિનું ગૃહ છે." તે વખતે ગવાક્ષમાં રહેલી રાજિમતી નેમિકુમારને જોવા લાગી. તેણીની સખીઓ પણ પરસ્પર કહેવા લાગી. "એક રાજિમતીજ નિશ્ચે સ્ત્રીવર્ગમાં વર્ણવવા યોગ્ય ગુણવાળી છે, એવી લાવણ્યની નિધિને નેમિકુમાર પરણશે." ત્યારે એક બીજી સખી ચંદ્રાનના બોલી. "વિધિએ રાજિમતીનું રૂપ રંભાના રૂપથી પણ અધિક કર્યું છે; જો આમાંથી હવે એ વિધિ વિરૂદ્ધ કરાવે તો નિશ્ચે બહુ અનિષ્ટ થાય." એટલામાં તો પાછું વળીને જોતાં તેણીએ રાજિમતીને જોઇ એટલે તે ઉત્સુક થઇ કહેવા લાગી. "એ રાજિમતી, તું મને કંઇ ઈનામ આપે તો હું તને નેમિકુમારને બતાવું. જો નેમિકુમાર કેવા છે? જાણે પાતાળ કુમાર હોયની! અથવા કામદેવ હોયની! અથવા સુરપતિ કે મૂર્તિમાન્ પુન્યરાશિ

હોયની! હું તે એનું કેટલુંક વર્ણન કરૂં? એ જે તને પરણવાને આવે છે, તે જાણે આ ત્યાગે કરીને વિધાતાનું વૃછણું હોયની! એવો આને નિરુપમ સૌભાગ્યનો નિધાન છે." વળી હસીને તે બોલી. "બીજા જિનેશ્વર તો મેં દીઠા નથી; આને જોઇનેજ મને સ્વાભાવિક પ્રેમ થઇ આવે છે; માટે તું એની સાથેજ પાણિગ્રહણ કર."

એટલામાં પશુઓના આર્ત્તસ્વર સાંભળીને નેમિકુમારે ઉત્કંઠા સહિત સારથિને પ્રશ્ન કર્યું કે, "અરે સારથિ! આ દારુણ સ્વર શેનો છે?" તેણે ઉત્તર આપ્યો. "આપના વિવાહ પ્રસંગે સ્વજનોને ગોરવ કરવાને (જમાડવાને) માંસને માટે આણેલાં ને એકઠાં કરેલાં પશુઓનો એ કરુણામય સ્વર છે!" નેમિનાથે તે જોઇને કહ્યું. "અહો! વિચિત્ર ચિત્તવૃત્તિવાળાઓનાં ચરિત્ર શ્રવણ કરતાં પણ અશક્ય છે, કે જેઓ પોતાના ઉત્સવને અર્થેજ મુંગા પ્રાણિ નિષ્કારણ વૈર બાંધે છે!"

પણ આ વખતે રાજિમતી બોલી. "અહો સખીઓ! મ્હારૂં દક્ષિણ નેત્ર ફરકે છે, એ શું હશે?" સખીઓએ ઉત્તર આપ્યો. 'એ અનિષ્ટ દૂર થાઓ.' નેમિકુમારે તે સમયે પોતાના સારથિને રથ પાછો ફેરવવાનું કહ્યું. એટલામાં એક હરિણ નેમિકુમારને જોઇને, પોતાની ડોકથી હરિણીની ડોક વાંકી કરીને ભયમાં બોલ્યો. "મને મારો મને મારો." મ્હાને એ મ્હારી આપત્તિ દૂર કરનારી છે, તેથી જો તેણીનું મૃત્યુ થશે તો મને દુસ્સહ એવો વિયાગ થશે." પણ હરિણી તે વખતે હરિણ પ્રત્યે કહેવા લાગી. "હે સ્વામિ! તમે ચિંતા ન કરો. આ પ્રસન્ન વદનવાળો નેમિકુમાર ત્રિભુવનનો સ્વામિ છે અને નિષ્કારણ બંધુ છે માટે એજ સર્વ જીવનું રક્ષણ કરશે."

પછી એવા એવા નિરપરાધિ પશુઓનો દયાજનક પોકાર સાંભળીને નેમિકુમારે તે પશુઓના રાખવાવાળાઓને કહ્યું. "જો તમારો સ્વામિ મ્હારા વિવાહને સમયે એ જીવોને હણશે, તો હું પરણીશ નહીં માટે એ પશુઓને છોડી મૂકો. પશુના રુધિરથી ઉત્પન્ન થયેલો મનુષ્ય દુર્ગતિ પ્રાપ્ત કરે છે; માટે એવા વિવાહરૂપી વિડંબનાની હમણાં મ્હારે જરૂર નથી." આ સાંભળીને શિવાદેવી ગદ્ગદ સ્વરે બોલ્યાં. "હે જનની વત્સલ પુત્ર! ત્હારે એ પશુઓનું આંસુ ભરાવા ન જવાનું પ્રથમ શું કામ છે? ફક્ત પાણિગ્રહણનું કારણ છે; માટે તે જ તું કર અને મને દેખાડ." આવું શિવાદેવીનું બોલેલું કાનને અમૃત સમાન વાક્ય સાંભળીને શંકાતના બોલી. "એ આનાએ કરેલા શબ્દોનો પ્રતિઉત્તર તો આપો; વિના કારણ આ વહેલાના કરેલી કહેવા છો." ત્યારે નેમિકુમાર બોલ્યા. "હે માતા! આગ્રહ ન કરો; અત્યારે સ્ત્રી ઉપર મ્હારૂં મનજ નથી. મ્હારી ઇચ્છા મુક્તિરૂપી વધુને વિષે ઉત્કંઠિત છે." તે સાંભળી રાજિમતી કહેવા લાગી. "હે ધૂર્ત નેમિકુમાર! એ સકળ સિદ્ધ પુરુષોને ભુગવાયેલી એવી મુક્તિરૂપ ગણિકાને વિષેજ તમારૂં મન હતું, તો આવો પરણવા આવવાનો આરંભ કરીને મ્હારી વિડંબના શા માટે કરી?" પણ તેણીની સખીઓ તેણીને કહેવા લાગી. "હે પ્રિયસખી! એ પ્રીતિ રહિત છે, તો એના ઉપર શો પ્રીતિભાવ રાખો છો! આપણે ત્હારે માટે કોઇ અન્ય પ્રીતિકર વર શોધશું." પણ રાજિમતી એ સાંભળવાં કાન બંધ કરીને કહેવા લાગી. "જો આ સર્વે પશ્ચિમ દિશામાં ઉદય થાય, તોપણ આ નેમિનાથને મૂકીને હું અન્ય સ્વામિ કરવાની નથી. એ વિવાહ સમયે મને મ્હારા હસ્ત ઉપર મ્હારા પ્રિયતમનો હસ્ત ન મૂક્યો તો હું દીક્ષા સમયે એમના હસ્ત મ્હારા મસ્તક ઉપર મૂકાવીશ."

આ વખતે વળી સમુદ્રવિજય બોલ્યા. "હે અત્યંત વિવેક અને નમ્રતાવાળા પુત્ર! તું આનાથ બાળપણે પૂર્ણ કર અત્યારે આદિ જિનેશ્વરે પણ પરણીને મુક્તિને ભજ્યા છે (નથી

ગયા એમ નથી). હે કુમાર! બ્રહ્મચારીને એથી (મોક્ષથી) એકે ઉચ્ચ સ્થાન મળતું નથી; કારણ કે, એથી એકે બીજું ઉચ્ચ પદ છેજ નહી." ત્યારે નેમિકુમારે કહ્યું. "હે પિતા! એક ચખન ઓસંગમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે, તો એવા અકાર્ય જેવા વિવાહ કાર્યમાં તમે શા માટે આગ્રહ કરો છો?" ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા. "હે સર્વોત્તમ ભાઇ! એક વાર પ્રસન્ન થઇને માત પિતાનો મનોરથ પૂર્ણ કર ને વિવાહ કરવા દે." નેમિકુમારે એ સાંભળીને કહ્યું. "એક વાર તમારા અને માત પિતાના આગ્રહથી તો મેં વિવાહ કરવાનું અંગીકાર કર્યું હતું; પણ અહિં તો વિવાહ કરવામાં અનેક જીવોનો સંહાર થાય છે માટે એમાં તમારે ન બોલવું." એ ઉપરથી સમુદ્રવિજય પ્રમુખ સૌ મૌન રહ્યા; ને નેમિકુમાર ઘેર પાછા ગયા.

તે સમયે સારસ્વતાદિ લોકાંતિક દેવોએ આવીને કહ્યું. "હે કંદર્પ ઉપર વિજય મેળવનાર અને અનેક જંતુઓને અભય આપનાર સ્વામિ! આપ નિત્ય ઉત્સવને અર્થે તીર્થ ને પ્રવર્તાવો." એ પ્રમાણે સ્વામિ નેમિનાથ ભગવાનને પ્રણામ કરીને લોકાંતિક દેવતાએ વિનંતી કરી. ત્યાર પછી શોક કરતા સમુદ્રવિજય રાજા અને શિવાદેવીને જોઇને કૃષ્ણે કહ્યું. "અહો માત પિતા! હર્ષને સ્થાને આ વિષાદ શાનો?" પછી પ્રભુએ સૂર્યના ઉદયથી પોરશી પર્યંત એક ક્રોડને આઠ લાખ સોનૈયાનું દાન એક વર્ષ પર્યંત આપ્યું. એ પ્રમાણે દાન દઈ તેમણે દીક્ષા ગ્રહણ કરી. પછી સર્વ કર્મનો ક્ષય થયે તેમને રેવતાચળ ઉપર કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું; એટલે તે વખતે ઇંદ્રોએ મળીને સમવસરણ રચ્યું. ત્યાં અનેક દેવો, રાજાઓ, કૃષ્ણ આદિ ધર્મ સાંભળવા આવ્યા. ત્યાં પ્રભુએ દેશના દીધી. "હે જીવો! આ સંસાર છે તે ભયાનક અટવીતુલ્ય છે; શરીર છે તે બહુ છિદ્રોએ યુક્ત એવું એક ગૃહ છે; આ બળવાન્ કાળ એક ચોર છે; માટે મોહરૂપી અંધકારમય રાત્રીને વિષે, તમે ધ્યાનરૂપી ખડ્ગ, વિરતિરૂપી ઢાલ અને શીળરૂપી કવચ લઇ, સાવધાન રહી ચક્ષુઓ સ્થિર રાખી જાગતા રહો. આ સંસારરૂપી સમુદ્રમાં પ્રાણીઓ કર્મરૂપી કલ્લોલમાં ભમતા ભેગા થયા છે અને જૂદા પણ થાય છે; તો તેમાં કોને કોનો બાંધવ કહેવો?"

પ્રભુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને વરદત્ત પ્રમુખ અનેક મહીપતિઓએ દીક્ષા ગ્રહણ કરી. તેમને પ્રભુએ ગણધર પદવી આપી. તે સમયે રાજિમતીએ ઉભાં થઇ પ્રભુને નમસ્કાર કરી તેમની પાસે દીક્ષા માગી; એટલે તેમણે તેણીને દીક્ષા આપી. તે ગ્રહણ કરી તેણીએ નાના પ્રકારની તપશ્ચર્યા કરતાં સંયમ પાળ્યો. એવામાં નેમિનાથ પ્રભુના ન્હાના ભાઈ રથનેમિ પણ પિતાની આજ્ઞા લઇને ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરીને તપ કરવા લાગ્યા.

એકવાર એમ બન્યું કે, રાજિમતી સાધ્વી નેમિનાથ ભગવાનને વાંદવાને જતાં હતાં, એવામાં રસ્તે મેઘવૃષ્ટિ થવા લાગી. મેઘ અત્યંત વર્ષવાથી વસ્ત્ર બહુ ભીંજાયાં, તેથી તે સૂકવવાને તે એક ગુફામાં ગયાં. ત્યાં જઇ પોતાનાં સર્વ વસ્ત્રો તેમણે છૂટાં છૂટાં સૂકવ્યાં. એ વખતે શ્રી નેમીશ્વરનો લઘુભાઈ *રથનેમિ સાધુ પણ અકસ્માત્ તેજ ગુફામાં આવ્યો. તે રાજિમતીને વસ્ત્ર રહિત જોઇને કામાતુર થયો, ને ભોગની ઇચ્છાએ તેની પ્રાર્થના કરવા તેણીની પાસે ગયો. તેને પાસે આવતો જોઇ રાજિમતીએ વસ્ત્ર પહેરી લીધાં. પછી એકાંત જાણી રથનેમિએ તેણીને કહ્યું. "હે રાજિમતી! મ્હારી સાથે ભોગ ભોગવ; ને મ્હારી ભોગની ઇચ્છાને પૂર્ણ કર. એકવાર ભોગ ભોગવ્યા પછી ફરી આપણે વ્રત પાળીશું." એ સાંભળી એ

* આ ઠેકાણે બીજા અનેક ગ્રંથોમાં એમ છે કે, પ્રથમ રથનેમિ કાઉસ્સગ્ગ કરીને ગુફામાં રહ્યા હતા, ને રાજિમતી વર્ષાદને લીધે પછી ગુફામાં ગયાં. માટે તત્ત્વ કેવળીગમ્ય.

સાધ્વીએ વિચાર્યું. "અહો! એ મૂઢ જણાય છે. કામી પુરુષ રાગાંધ નેત્રવાળો થઇ કૃત્ય અકૃત્ય જાણતો નથી. કહ્યું છે કે-આ જગત્‌ને વિષે અંધ પુરુષ હોય છે તે પોતાની આગળ રહેલી એવી દૃશ્ય વસ્તુને જોઇ શકતો નથી; પણ જે રાગે કરીને અંધ છે તે તો પોતાની પાસે હોય તેને પરિહરે છે, ને ન હોય તે દેખે છે. કારણ કે, તે અશુચિના સમૂહવાળીઓના અવયવોમાં દાંતને કુંદના ફૂલની માફક, ચક્ષુને નીલકમળ સમાન, મુખને પૂર્ણચંદ્ર સમાન, સ્તનને સુવર્ણના કળશ સમાન, બાહુને લતા સમાન અને હોઠને પલ્લવ સમાન માનીને હર્ષ પામે છે. વળી મનુષ્ય, પંડિત, કુલીન ને વિવેકી ત્યાં સુધીજ ગણાય છે કે જ્યાં સુધી દુષ્ટ કામાગ્નિ તેનામાં પ્રજ્વલિત થયો નથી. એ કામદેવ કળામાં નિપુણ એવાઓને ક્ષણમાં વિકળ કરે છે; પવિત્ર પુરુષોનો ઉપહાસ કરે છે ને ધૈર્યવાનનાં ધૈર્ય મૂકાવી દે છે." આ પ્રમાણે વિચારીને રાજિમતીએ કહ્યું. "અરે મહાભાગ! તમે એમ કેમ કહો છો? તમારે રાગ ન કરવો ઘટે. કહ્યું છે કે-ચેતના રહિત વસ્તુઓમાં પણ રાગ છે તે દોષનુંજ પોષણ કરે છે; કારણ કે, મજીઠ રાગ (રંગ) યુક્ત છે તો તેને બહુ માર સહન કરવો પડે છે અને તાપની વેદના ભોગવવી પડે છે. વળી મૃત્તિકા જે (લાલ) માટી તેના જેવી એકેંદ્રિય વસ્તુમાં રાગ (રંગ) નો દોષ છે, તો તેને વિષે છાણ નાંખે છે અને તેને પાંપાણ વડે વાટે છે. વળી તમે જે મને કહ્યું, એમ કહેવાથી તો પ્રાણીને નરક ગતિ મળે છે. કહ્યું છે કે-જેણે પરસ્રીના સામી ખોટી દૃષ્ટિ કરી છે, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો છે, સ્વજનને ખાર દીધો છે અને પગલે પગલે માથાઢાંકણું કર્યું છે. વળી પરાક્રમથી જગતનો પરાભવ કરનાર રાવણ પણ પરસ્રીની સાથે રમવાની ઇચ્છાથી કુળનો ક્ષય કરીને નરકને પામ્યો છે. વળી હે અપયશના અભિલાષી! તને ધિક્કાર થાઓ કે, જો તું અસંયમ જીવિતવ્યને માટે નેમિનાથ ભગવાને ત્યાગ કરેલા ભોગાદિકને ભોગવવાની ઇચ્છા કરે છે! તેથી મર્યાદાને ઉલ્લંઘન કરનારા તને મરણ તેજ ભલું છે. અર્થાત્ ત્હારે મરણ સારૂં છે પણ આવું વિપરીત કાર્ય કરવું સારૂં નથી. વળી હે રથનેમિ! હું ભોજકવૃષ્ણિ કુળના રાજા ઉગ્રસેનની પુત્રી છું અને તું અંધકવૃષ્ણિ કુળના રાજા સમુદ્રવિજયનો પુત્ર છે, તેથી ઉત્તમ કુળમાં જન્મેલા આપણ બન્ને ગંધન કુળમાં ઉત્પન્ન થએલા સર્પો જેવા એટલે વમેલું વિષ પાછું ચૂસી લે તેવા અર્થાત્ ત્યાગ કરેલા ભોગને પાછા ફરી ગ્રહણ કરનારા ન થઇએ. તેજ કારણ માટે તું નિશ્ચળ થઇને સર્વ પ્રકારના દુઃખને નિવારણ કરનારા સંયમને આચરણ કર. હે રથનેમિ! જો તું જે જે સ્રીઓને દેખીશ, તે તે સ્રીઓમાં "આ સારી, આ વધારે સારી અને આને હું સેવું." એવો ભાવ કરીશ, તો વાયુથી પ્રેરાયેલા અને મૂળ બંધાયા વિનાના વૃક્ષની પેઠે અસ્થિર આત્માવાળો થઇશ. અર્થાત્ સર્વ દુઃખને ક્ષય કરનારા સંયમગુણમાં ત્હારૂં મૂળ બંધાયેલું થશે નહી, તેથી આ સંસાર સમુદ્રમાં પ્રમાદરૂપ પવને પ્રેરેલો તું આમ તેમ ભટકયા કરીશ." ઇત્યાદિ રાજિમતીનાં વચનો સાંભળીને રથનેમિ તેણીને ચરણે પડ્યો ને બોલ્યો. "હું ખરેખર અભાગ્યવાન છું; તોપણ તમે આમ મ્હારૂં મન ઠેકાણે આણ્યું, તેથી તમે મ્હારા ગુરુને ઠેકાણે છો. માટે હવેથી તમે મ્હારાં ગુરુ છો." રાજિમતીએ કહ્યું. "તમને ધન્ય છે." આ પ્રમાણે રથનેમિને પ્રબોધ આપીને તે પોતાને ઉપાશ્રયે ગઇ. અનુક્રમે તે સર્વ કર્મનો ક્ષય કરીને નેમિનાથના નિર્વાણ પહેલાંજ મુક્તિએ પહોંચી. ઇતિ રાજિમતીની કથા.

---

## ત્રણપિંદત્તા.

જે શુભ આશયવાળા પ્રાણીઓ નિરંતર શુદ્ધ ભાવથી શીળવ્રતનું પાલન કરે છે, તે

એ ઋષિદત્તાની પેઠે સુખના ભાજન થાય છે.

આ ભરતક્ષેત્રના મધ્યદેશને વિષે રથમર્દન નામનું નગર છે, તેમાં હેમરથ નામનો રાજા ન્યાય માર્ગે રાજ્ય કરતો હતો. તેની સુયશા નામે રાણીરૂપ લાવણ્યરૂપી મણિની ખાણ સમાન હતી ને સૌંદર્યમાં દેવાંગનાનો પણ પરાભવ કરનારી હતી. તેમને કનકરથ નામનો પુત્ર હતો. આ પુત્ર અનુક્રમે ધર્મકળામાં કુશળ થયો અને બ્હોતેર કળા તેણે પ્રાપ્ત કરી.

એ સમયે કાવેરી નામની નગરીને વિષે સુંદરપાણિ રાજા રાજ્ય કરતો હતો. જેમ ઇંદ્રને ઇંદ્રાણી, તેમ તેને વાસુલા નામની પત્ની હતી. તેનાથી તેણીને રુકિમણી નામે પુત્રી થઇ. તે વૃદ્ધિ પામી એટલે તેણીના પિતાએ તેણીને શાસ્ત્ર આદિનો અભ્યાસ કરાવી સર્વ કળાને વિષે કુશળ કરી. એકદા યૌવનાવસ્થાને પામેલી આ પુત્રીને જોઇને તેણીની માતાએ તેણીને પિતા પાસે મોકલી. પિતાએ તેણીને પરણાવવા યોગ્ય જોઇને વિચાર્યું કે, "આ મ્હારી પુત્રી યૌવનવતી થઈ છે, તો હવે મ્હારે એને કયા વરને દેવી?" મંત્રીને પૂછવા ઉપરથી તેનો વૃદ્ધ મંત્રી બોલ્યો. "રથમર્દન નગરના હેમરથ નૃપતિનો પુત્ર કનકરથ છે, તે આપણી પુત્રીને યોગ્ય છે." એ સાંભળી રાજાએ ત્યાં પોતાનો દૂત મોકલ્યો. તે દૂતે કન્યાના રૂપનું વર્ણન કર્યું. તે સાંભળીને હેમરથ ભૂપતિએ પોતાના કનકરથને સુંદરપાણિ રાજાની પુત્રી પરણવા મોકલ્યો.

કુમાર કનકરથ ત્યાં જતાં રસ્તે એકદા સંધ્યા સમયે સૈન્યે પડાવ નાંખ્યો, ને કુમાર રથથી ઉતરીને સિંહાસન ઉપર બેઠો. એવામાં કોઇ એક દૂતે ત્યાં આવીને કહ્યું. "હે કુમાર! હે ધૈર્યવંત પુરુષ! તમારે આ માર્ગે આવવું ન જોઇએ. અહિંનો સ્વામિ અરિમર્દન રાજા તમને કહેવરાવે છે કે, કહ્યા વિના તમે કેમ મ્હારા દેશમાં આવ્યા? છતાં પણ જો આવ્યા તો યુદ્ધ કરો." ત્યારે કુમારે કહ્યું. "જો ત્હારો સ્વામી એ પ્રમાણે આદેશ કરતો હોય તો ભલે, તે અહિં આવે; હું તેના હાથની ખરજ ઉતારવાને તૈયાર છું." વળી તે ભૃકુટી ચઢાવી ભયાનક મુખ કરી કર્કશ વાણીથી બોલ્યો. "અરે દૂત! તું જઇને ત્હારા સ્વામીને કહેજે કે, ગરુડ જેમ સર્પને હણે છે, તેમ આ રાજપુત્ર (હું) તને હણવાનેજ અહિં આવ્યો છું." આ વાત દૂતે જઇને પોતાના સ્વામી અરિમર્દન રાજાને કહી. તે સાંભળી તે સજ્જ થઈ કુમાર સામે યુદ્ધ કરવાને આવ્યો, એટલે બે તુલ્ય શક્તિવાળા સરખી રીતે લડાઈ કરનારની સેના સામ સામે મળી અને દારુણ યુદ્ધ થયું. તે વખતે સકળ વિશ્વ તાસના વાજિત્રના શબ્દથી અને સિંહનાદ જેવા અશ્વના હેષારવથી ગાજી રહ્યું અને નાદમય થઇ રહ્યું. કુમારના વીર યોદ્ધાઓએ બાણનો અત્યંત વર્ષાદ વરસાવી મૂક્યો. તેણે દુશ્મનની સેનાના માણસોને નસાડી મૂક્યા. પછી સેવકોએ વાર્યા છતાં પણ કુમાર અરિમર્દન સામે ધસી જઇને બોલ્યો. "અરે! સંગ્રામરૂપી સરોવરમાં દેડકા સમાન અને વિવેક રહિત અરિમર્દન રાજા, હું આવ્યો છું; તું મ્હારો હાથ જો; તે તને ક્ષણમાં મ્હારી તરવારનો એક કોળીઓ કરી નાંખશે." એમ કહીને તેની સામે લડતાં લડતાં તેને છળથી પકડ્યો. તેને કેટલાક દિવસ સુધી પોતાની સાથે રાખીને પોતાની આજ્ઞા મનાવી તેને દેશ પાછો મોકલ્યો. તે વખતે અરિમર્દન રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તેણે પોતાના પુત્રને રાજ્યનો ભાર સોંપી ગુરુ પાસે દીક્ષા લીધી; તેમાં અનુક્રમે સર્વ કર્મ ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરી.

હવે કનકરથ કુમાર પણ આગળ પ્રયાણ કરતાં એક અટવીમાં પહોંચ્યો, ત્યાં તેણે સૈન્યનો પડાવ નંખાવ્યો એટલે એ નગર જેવું થઈ રહ્યું. સંધ્યા સમયે કુમાર સભામાં બેઠો હતો, તે વખતે તેને જાનની ચોકમાં બેઠેલા માણસો આવીને કહેવા લાગ્યા. "અમે જતા

જતા આપના આદેશથી દૂર ગયા. ત્યાં અમે એક સમુદ્રતુલ્ય સરોવર જોયું. ત્યાં અમે વનને વિષે એક હિંચકા ખાતી દેવાંગનાતુલ્ય સ્ત્રી જોઈ. જેવા અમે તેણીની પાસે જવા લાગ્યા, તેવીજ તે વિજળીના એક ચમકારાની પેઠે અદ્રશ્ય થઈ કોઈ વૃક્ષની ઘટામાં પેસી ગઈ. અમે એને બહુ બહુ જોઇ, પણ જેમ અભાગ્યવાન્ પુરુષને નિધાન દેખાતો નથી, તેમ તે અમારી નજરે પડી નહીં; એટલે અમે પછી ત્યાંથી પાછા ફર્યા."

આ સાંભળીને તે નૃપકુમાર બહુ ચમત્કાર પામ્યો; એ વખતે સૂર્ય પણ અસ્ત પામ્યો એટલે કુમાર પ્રતિક્રમણ ક્રિયા કરી પરમેષ્ઠી મંત્રના ધ્યાન સહિત, હંસચૂળા યુક્ત શય્યાને વિષે નિંદ્રા લેવા ગયો. પછી પ્રભાત થયે મંગળપાઠકો જયજય શબ્દથી આશીર્વચનો કહેતા બોલવા લાગ્યા. "હે કુમાર! રાત્રી વ્યતીત થઈ છે, ને સ્ફુરાયમાન કિરણોવાળો સૂર્ય અંધકારના સમૂહનો નાશ કરતો ઉદય પામ્યો છે; વળી હમણાં સૂર્યની કાંતિથી પ્રફુલ્લિત થએલાં કમળો જળ થકી નીકળીને આદર સહિત પોતાની લક્ષ્મીને વરે છે, માટે શય્યાને ત્યજી દ્યો." આવાં મંગળ વચનો શ્રવણ કરીને કુમારે શય્યા છોડી, પછી મુખ ધોઇ દેવપૂજા રચીને તેણે પ્રયાણને અર્થે ડંકો વગડાવ્યો. એ શબ્દ સાંભળીને સર્વ સૈન્ય ચાલવાને સજ્જ થયું, ને આગળ રાજકુમાર પોતાના સમાન વયના મિત્રો સાથે ચર બતાવતો હતો તે માર્ગે ચાલવા લાગ્યો. રસ્તે એક મિત્ર મંગળ શ્લોક કહેવા લાગ્યો. તેનો અર્થ આ પ્રમાણે:—આકાશરૂપી સ્ત્રીના સ્તનતટને કુંકુમના લેપ સમાન, દીનમુખવાળા વૃક્ષોને પ્રવાળાના ભાર સમાન અને અંધકારના દીન વદનને દહન કરનાર એવો આ સૂર્યદેવ ઉદય પામે છે. વળી પોતાના સ્વામીના સંગમની આશાએ (આખી રાત્રી) સરોવરના તટ ઉપર ગાઢ સ્વરે આક્રોશ કરતી ચક્રવાકીને હવે દિવસ થયો એટલે તેનો સંયોગ થાય છે.

એમ કરતાં કરતાં કુમાર હવે પેલા સરોવર પાસે આવી પહોચ્યો, ત્યાંના વનને વિષે ભમતાં ભમતાં કનકરથે પેલી સ્ત્રી દીઠી. તેણીને જોઇ તે વિસ્મય પામી વિચારવા લાગ્યો. "અહો! આવું સ્ત્રીરત્ન મૃત્યલોકમાં હોય નહીં; એ તો કોઈ કારણથી સ્વર્ગ થકી આવેલી દેવાંગના હશે! કારણ કે, લવણ સમુદ્રમાં કપૂરની ઉત્પત્તિ હોય નહીં, તેમ મરુદેશની ભૂમિકામાં જળથી પૂર્ણ સરોવરનો સંભવ પણ હોય નહીં." તે આમ વિચાર કરે છે, એવામાં તો તેનું સૈન્ય પણ ત્યાં આવી પહોચ્યું. એટલામાં પેલી સ્ત્રી તો કુમારની નજરથી અદ્રશ્ય થઈ ગઈ. પણ ત્યાં એક કૈલાસ સમાન દેહેરું તેની દૃષ્ટિએ પડયું. "કદાચિત્ એ સ્ત્રી આ મંદિરમાં ગઇ હશે" એમ ધારી તેણે તેની અંદર પ્રવેશ કર્યો તો તેણે ત્યાં ઋષભદેવ તીર્થંકરની પ્રતિમા દીઠી. એટલે તેણે પ્રતિમાની પૂજા કરી, ને પછી તેણે સ્તુતિ કરી કે, "હે અસંખ્ય ગુણવાળા ઋષભ જિનેશ્વર! હે નિઃશેષ સુખના સમૂહરૂપી કંદના મેઘ સમાન! તમે જયવંતા વર્તો. આજ આપના દર્શનથી મ્હારાં ચક્ષુ સફળ થયાં. આજ (આપની પૂજાથી) મ્હારા હસ્ત સફળ થયા; આપને વંદન કરવાથી મ્હારું મસ્તક સફળ થયું અને આજ આપની સ્તુતિ કરવાથી મ્હારી વાણી પણ સફળ થઇ." એમ કહીને તેણે ફરી ફરી પ્રણામ કર્યા. એવામાં ત્યાં એક લાંબી લાંબી જટાવાળો અને ધૂળથી મેલા દેખાતા શરીરવાળો વૃદ્ધ તાપસ આવ્યો. વળી પેલી કન્યા પણ હસ્તને વિષે એક મ્હોટો પુષ્પનો કરંડીઓ લઇને ત્યાં આવી. તેણીએ પ્રભુની પૂજા કરીને સ્તુતિ કરી. તે ત્યાં પેલા કુમારને જોઇને વિચારવા લાગી. "અહો! આ તે અહિં ઇંદ્ર, ચંદ્ર કે સૂર્ય આવ્યા? અથવા સાક્ષાત્ કામદેવજ પોતે અહિં આવ્યા છે?" પછી કુમાર તો સ્તુતિ કરી રહી ઉભો થઇ નમસ્કાર કરી બહાર નીકળવા જાય જણાય છે, તેવામાં તે પેલા મુનિને સહસા જોઇ, અતિ વિસ્મય પામી તેમને વંદન કરવા લાગ્યો. તેને તાપસે પૂછયું "તું કોણ છે?

અહિં ક્યાંથી આવ્યો ? ને ત્હારૂં નામ શું ?" તે ઉપરથી કુમારે તેને પોતાનો સંબંધ કહી બતાવ્યો; એટલામાં ફરી તેણે પેલી કન્યાને દીઠી, તેથી તેણે મુનિને પૂછ્યું. "અહો મુનિ ! આ મંદિર કોણે બંધાવ્યું ? અને આ કન્યા કોણ છે ?" મુનિએ ઉત્તર આપ્યો. "એ કથા મ્હોટી છે; દેવપૂજા કર્યા પછી એ કહીશ." એમ કહી તેણે દેવપૂજા કરી બહાર નીકળી એ કુમારને કહ્યું. "મ્હારે સ્થાનકે ચાલો, ત્યાં હું તમને સર્વ વાત કહીશ." કુમાર મુનિની ઝૂંપડીએ ગયો. ત્યાં તેણે તેને ભોજનાદિ જમાડી પછી પેલો કન્યાનો સંબંધ કહ્યો.

"અમરાવતી સમાન મિત્રાવતી નામે નગરી છે, ત્યાં હરિષેણ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને પ્રિયદર્શના નામે પટ્ટરાણી હતી. તેણીની કુક્ષિએ અજિતસેન નામે પુત્ર થયો. એકદા એમ બન્યું કે, એ રાજાએ પોતાની અશ્વશાળામાંથી એક અશિક્ષિત અશ્વ આણ્યો, ને તે ઉપર અસ્વાર થઇ તે વનમાં નીકળી પડ્યો. રસ્તે તે રાજા એક વડના વૃક્ષની લટકતી શાખામાં વળગી રહ્યો અને વૃક્ષ ઉપર થઇને નીચે ઉતર્યો. નીચે ઉતરી પાસેના સરોવર ઉપર જઈ જળપાન કરી તથા સ્નાન કરી બહુ વૃક્ષોથી સંકીર્ણ એવા ત્યાં આવેલા એક મુનિના આશ્રમમાં તે ગયો. ત્યાં કચ્છ મહાકચ્છના વંશને વિષે ઉત્પન્ન થયેલ વિશ્વભૂતિ કુળપતિએ રાજાને દીઠો. રાજાએ તેને નમસ્કાર કર્યો. મુનિએ તેના લક્ષણ ઉપરથી તેને મહાન્ પુરુષ જાણ્યો. પછી તો વળી તેણે રાજાને નામ લઇને આશિર્વાદ આપ્યો કે, "હે હરિષેણ રાજા! આ ત્રણ ભુવનના પૂર્ણ કુંભ એવા શ્રી ઋષભદેવ પ્રભુ ત્હારા મંગળ કાર્યને પુષ્ટી આપો, કે જે પ્રભુના કાનની પાસે રહેલી ભ્રમરના જેવી નીલ કેશની ગુચ્છો, (પૂર્ણકુંભ ઉપર) આરોપણ કરેલાં એવાં લીલાં પાંદડાંની લીલાને ધારણ કરે છે." આવી આશિષ દઇને તાપસે રાજાને પૂછ્યું. "અહો ભૂપતિ! અહિં ક્યાંથી? એકાકી કેમ ?" આના પ્રત્યુત્તરમાં તેણે સર્વ નિવેદન કર્યું. પછી તે મુનિના ચરણની સેવા કરવા લાગ્યો. એટલામાં વનને વિષે બહુ મ્હોટા નાદ સંભળાવા લાગ્યા. "આ શું ? આવો ભયાનક વાદ ક્યાંથી ?" એમ બોલતા સર્વ આશ્રમવાસિ જનો એક બીજાના મુખ સામું જોવા લાગ્યા. એટલે રાજા હરિષેણે ધાર્યું. "રખતે મ્હારૂં સૈન્ય મ્હારી પાછળ આવ્યું હોય !" એમ વિચારી મુનિને નમસ્કાર કરીને કહ્યું. "હે કુળપતિ ! મ્હારૂં સૈન્ય મ્હારી પાછળ આવ્યું હોય એમ મને સંભવ છે ! માટે હું અહિં છું એમ મ્હારી તે સેનાને હું જણાવી આવું." એમ કહી ત્યાંથી ઉઠી તે તેની સેના પાસે ગયો. જેથી ત્યાં સર્વ સ્થળે હર્ષ થઈ રહ્યો. પછી પોતાના સૈન્યને રાજાએ ત્યાંજ સ્થાપ્યું અને પોતે એક માસ પર્યંત મુનિસેવામાં કાળ નિર્ગમન કર્યો. એ રાજાએજ એ દેહેરૂં કરાવ્યું છે. ત્યાર પછી એ રાજા જ્યારે પોતાને નગરે પાછો ગયો, ત્યારે એ કુળપતિએ તેને વિષાપહાર મંત્ર આપ્યો હતો. પછી એ હરિષેણ મહોત્સવ સહિત નગર પ્રવેશ કરી પ્રજાપાલન કરવા લાગ્યો.

એકદા તે સભામાં બેઠો હતો, તેવામાં કોઇએ ત્યાં આવીને કહ્યું. "હે સ્વામિન્ ! સ્વસ્તિમતી નામની નગરીના પ્રિયદર્શન રાજાને વિદ્યુતપ્રભા રાણીની કુક્ષિએ એક પુત્રીનો પ્રસવ થયો; તેણીનો જન્મોત્સવ કરી પ્રીતિમતી એવું નામ પાડ્યું. અનુક્રમે તે વૃદ્ધિ પામી છે; એવામાં હમણાં તેણીને સર્પે ડંશ દીધો છે, તે વિષ કોઇ રીતે પણ ઉતરતું નથી; તો અમે સાંભળ્યું છે કે, તમે વિષાપહાર મંત્રના જાણ છો માટે આપ એ વિષ ઉતારો તો બહુ સારૂં." તે ઉપરથી હરિષેણ રાજાએ વેગવાળી હાથણી ઉપર બેસીને ત્વરાથી જઇ તે પ્રીતિમતીનું વિષ ઉતાર્યું; એટલે હર્ષ પામી પ્રિયદર્શન રાજાએ એ પોતાની પુત્રી હરિષેણ ભૂપાળને દીધી. તેણીને લઇને એ હરિષેણ બહુ આડંબર સહિત પોતાને નગરે આવ્યો. અનુક્રમે એ

પ્રીતિમતી સાથે સંસાર સુખ ભોગવતાં તેને એક પુત્ર થયો. તેનું 'ધીર' એવું નામ પાડ્યું. એવામાં એ રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી, બાળક પુત્રને રાજ્ય સોંપી પોતે તપસ્વીવ્રત ગ્રહણ કર્યું. તેની સ્ત્રીએ પણ તપસ્વિનીનું વ્રત અંગીકાર કર્યું. એમ કરી બન્ને નગરમાંથી આશ્રમ તરફ ચાલ્યા, તે સમયે પ્રજાજન તેમને જતા જોઇ રુદન કરવા લાગ્યા. પછી વનને વિષે જઇ તેઓ તાપસ વેષ ધારણ કરી વિશ્વભૂતિ મુનિ પાસે સેવા પૂજા કરવા લાગ્યા. એટલામાં પ્રીતિમતીને ગૃહસ્થાશ્રમમાં ગર્ભ રહ્યો હશે, તે ગર્ભ પાંચમે માસે પ્રકટ થયો; તેથી તે તાપસીઓમાં શરમાવા લાગી. તેણીના પતિએ પણ તેણીને પૂછ્યું. "હે પ્રિયે! સદા સદાચારમાં લીન એવી જે તું, તેણીને આ ગર્ભ શો?" તે સાંભળીને તેણીએ શરમાતાં કહ્યું. "હે સ્વામિન્! મને ગૃહસ્થાશ્રમમાંજ ગર્ભ રહ્યો છે, પરંતુ આપના સંયમમાં અંતરાયના ભયથી મેં પ્રકટ કર્યું નહી." એ સાંભળી હરિષેણે ખેદ સહિત કહ્યું. "આપણી તપશ્ચર્યાને વિષે આપણને ધિક્કાર મળશે; માટે આપણે પ્રભાતે અન્યત્ર જઇને રહીશું." એમ વિચાર કરીને તેઓ પ્રભાતે અન્યત્ર ગુપ્ત સ્થાને જઇ રહ્યા.

એટલામાં તાપસોએ તપોવનમાં તેમને દીઠાં નહી અને વૃદ્ધ મુનિને ક્યાંય જતા જોયા. તેઓએ જઇને હરિષેણને પત્ની સહિત પાછા આણ્યા. ત્યારે હરિષેણે તેમની પાસે કહ્યું. "મ્હારી પત્નીએ પ્રથમથીજ ગર્ભની વાત મને ન કહી, એ ઠીક ન કર્યું; માટે હવે હું આ મુખ લઇને બીજે રહીશ." તે સાંભળીને મુનિએ કહ્યું. "હે ભદ્ર! એમ કેમ કહે છે? તમે આ આશ્રમ સ્થાનમાં રહ્યા છતાં પણ તે ગૃહસ્થાશ્રમ જેવું થયું છે. તમારે પરસ્પર સમ્યક્ પ્રકારે શીળ પાળવું. તમારો શો દોષ? એ તો પૂર્વે કરેલાં કર્મનું વિલસિત છે." પછી આ દંપતી ત્યાં વસુભૂતિ મુનિની સેવામાં પોતાના કર્મને નિંદતાં રહેવાં લાગ્યાં. એમ કરતાં કરતાં ચાર માસ વ્યતીત થયા એટલે નવમે માસે પ્રીતિમતીને એક પુત્રી પ્રસવી. એ ઋષિઓના આશ્રમમાં જન્મી એ ઉપરથી તેણીના પિતાએ એનું નામ ઋષિદત્તા પાડ્યું. એટલામાં પ્રસૂતિરોગને લીધે પ્રીતિમતી મૃત્યુ પામી; તેથી તેણીનો પિતા તેણીને પાળવા લાગ્યો. ચ્પાક વર્ષની વયે પહોંચેલી એ આ મ્હારી પુત્રી ઋષિદત્તા રહી. એ રૂપવતી હોવાથી 'કોઈ વનમાં ફરનાર એણીને લઇ જશે' એમ ધારીને મેં એને અદૃશ્યકરણ અંજન આપ્યું છે, તેથી કોઈ વાર તે અદૃશ્ય રહે છે ને કોઇ વાર દૃષ્ટિગોચર થાય છે. એ હું એનો પિતા અને આ મ્હારી પુત્રી. તે અલક્ષ્ય રહેતી છતાં પણ તમારી દૃષ્ટિએ પડી છે."

કુમાર તો તેણીને જોઇને રાગયુક્ત થયો, પણ એટલામાં તો ઋષિએજ કહ્યું. "હે કુમાર! મ્હારા અતિથિ એવા તમને પરોણાગતમાં હું, જેમ વિનમિએ ભરતને પોતાની પુત્રી આપી હતી, તેમ આ મ્હારી પુત્રી આપું છું" તે સાંભળીને ઋષિદત્તાએ લજ્જાથી નીચું મુખ કર્યું. પણ કુમારે તો તેણીનો હસ્ત ગ્રહણ કરી મુનિને કહ્યું કે, "જો આપ પૂજ્ય એવો આદેશ કરો છો તો તે હું કબુલ કરૂં છું." એ વખતે બંદીજનો કહેવા લાગ્યા. "હે મુનિ! તમે આ કુમારને તમારી પુત્રી આપીને સુખી થાઓ." પછી તે ઋષિએ પોતાની પુત્રીને મહોત્સવ સહિત કુમારને પરણાવી. એટલે કુમાર કેટલાક દિવસ ઋષિદત્તા સાથે સંસાર સુખ ભોગવતો ત્યાંજ રહ્યો.

અન્યદા મુનિ ગદ્ગદ વાણીએ કુમારને કહેવા લાગ્યા. "હે જગદાધાર કુમાર! હે કીર્તિ વારસણ! તમને અમારે વધારે શું કહેવું? એટલુંજ કે, આ મ્હારી પુત્રીને તમે કદાપિ અપમાન ન આપશો, કારણ કે મ્હારી પુત્રી વનમાં વસવાથી ભોળી છે. એવી ભોળી છતાં મેં સા જોઈ, અતિ વિસ્મય પા... ગુણવાન છો તો તે પણ ગુણવતીજ થશે. કારણ કે, મૃગની નાભિ

માં ગયેલી પ્રજા પણ સુખથી થાય છે. વળી હવે હું વૃદ્ધ થયો છું માટે અગ્નિમાં પ્રવેશ કરવા ઈચ્છું છું; કારણ કે, આવા મ્હારા સમાન વૃદ્ધ જનોને જીવિતવ્યથી મૃત્યુ કલ્યાણકારી છે." પણ કુમાર તે મુનીશ્વરને ચરણે પડીને બોલ્યો. "અગ્નિ યોગથી પ્રાણ ત્યજવાથી દૂર રહો; કારણ કે, એમ કરવાથી દુર્ગતિમાં જવું પડે છે." તે વખતે ઋષિદત્તાએ પણ હસ્ત જોડીને કહ્યું. "હે તાત! આપના આ જમાઈ જે આપને કહે છે, તે આપ મ્હારા ઉપર કરૂણા કરીને અંગીકાર કરો." એ સાંભળીને મુનિએ સુપ્રસન્ન થઈ પુત્રી પ્રત્યે કહ્યું. "હે વત્સે! આમ શોક કરવો રહેવા દે, પણ હું આ તને શિક્ષા વચન કહું છું તે તું કદાપિ ત્યજીશ નહીં. વડીલ જનની સેવા કરજે; પતિવ્રતા ધર્મ શીળનું પાલન કરજે; ત્હારી શોક્ય ત્હારા ઉપર ક્રોધ કરે, તથાપિ તું તેણીઓના ઉપર સામો કોપ કરીશ નહીં; કારણ કે, રાહુ ચંદ્રમાને ગ્રસે છે તથાપિ તે ચંદ્રમા તપાયમાન થતો નથી. વળી હે પુત્રી! સુખમાં હો કે, દુઃખમાં હો પણ કદાપિ ધર્મથી અવળા મુખવાળી થઈશ નહીં; કારણ કે, જીવોને ધર્મજ પિતારૂપ, માતારૂપ, પુત્રરૂપ અને પ્રભુરૂપ છે. હું હવે વૃદ્ધ થયો છું અને મ્હારા શરીરને વિષે અતિશય વેદના થાય છે માટે હું તો નિશ્ચે મૃત્યુ સાધીશ અને તે અગ્નિ પ્રવેશ વિના સધાશે નહીં." એમ કહીને તે વૃદ્ધ તાપસે જમાઈ અને મુનિની આજ્ઞા લઈ પંચ પરમેષ્ઠિ સ્મરણ સહિત અગ્નિ મધ્યે પ્રવેશ કર્યો. તે વખતે ઋષિદત્તા પૃથિવી ઉપર આળોટતી વિલાપ કરવા લાગી. "હે તાત! હે તમારી પુત્રી ઉપર નહિ કહી શકાય એવા સ્નેહ દર્શાવનારા પિતા! હવે હું મૂળ રહિત થઈ ગયેલી કંદલીની પેઠે, તમારા વિના શોક કરવા યોગ્ય સ્થિતિમાં આવી પડી છું. હે પિતા! મેં મ્હારી માતાને પણ જોઈ નથી, માતા પણ મ્હારે તો આપજ હતા; તો આપના મૃત્યુથી તો મ્હારે આજે બન્ને (એટલે કે માતા અને પિતા) ગયા જેવું થયું છે."

આ પ્રમાણે રોદન કરતી પત્નીને રાજપુત્ર બોધ વચન કહેવા લાગ્યો. "હે પ્રિયે! હવે વધારે રોદન ન કર; કારણ કે, એ ત્હારા પિતા તો પરલોક વાસી થયા, તો હવે દુઃખ કરવાથી શું વળવાનું છે! એ ત્હારા પિતાએ રાજ્ય પણ કર્યું અને વ્રત પણ પાળ્યું, તો તેનો ત્હારે શોક ન કરવો; કારણ કે, જો, આ સર્વ પણ અસ્ત પામ્યા તો તેનો શું શોક કરવો યોગ્ય છે!" પ્રિયાને આ રીતે શાંત કરી પોતાની સાથે લઈ કનકરથ પોતાની રાજ્યધાની ભણી અખંડ પ્રયાણે આવ્યો. ત્યાં પહોંચ્યો એટલે પિતાએ મહોત્સવ સહિત નગરમાં પ્રવેશ કરાવ્યો. વર વધુ માતા પિતાના ચરણે નમ્યા; ત્યાં કુમારના માત પિતા પણ આવી વિનયવંત વધુને જોઈને હર્ષ પામ્યા. પછી ત્યાં એક કૈલાસ જેવા પ્રાસાદને વિષે ઋષિદત્તા સંસાર સુખ અનુભવતી રહેવા લાગી.

અહિં આવા બનાવ બની રહ્યા છે, તે વાતની કાવેરી નગરીના સ્વામી રાજા સુંદરપાણિને ખબર પડી; તેની પુત્રી રુક્મિણીએ પણ જાણ્યું કે, "કનકરથ કુમાર માર્ગને વિષે ઋષિકન્યાનું પાણિગ્રહણ કરી પાછા વળ્યા છે." રુક્મિણી પોતે તેને ઈચ્છતી હતી, તેથી હવે તે કોઈ સુલસા નામની યોગિનીની ભક્તિ કરવા લાગી. ભોજન વસ્ત્ર આદિના દાનથી તેણીને બહુ સંતોષી, એટલે તે બોલી. "હે પુત્રી! જે ત્હારૂં કાર્ય હોય તે કહે." તેણે ઉત્તર આપ્યો. "હે યોગિની! તમારી વિદ્યાના પ્રભાવથી એવું કરો કે, જેથી ઋષિદત્તા ઉપર કલંક બેસે અને કનકરથ અહિં આવે." યોગિનીએ કહ્યું. "કનકરથ સ્વયમેવ અહિં આવશે, એમ હું કરીશ." આમ રુક્મિણીએ મોકલેલી તે યોગિની રથમર્દન નગરે ગઈ. એટલામાં ત્યાં કુમાર અને તેની પ્રિયાના અભાગ્યને લીધેજ હોયની! તેમ સૂર્ય અસ્ત પામ્યો અને સર્વ સ્થળે અંધકાર પ્રસર્યો. ચંદ્રમા ઉદય પામ્યો તે પણ પૂર્વોક્તાની ક્રિયાને વિષે [illegible]

સમયે અવસ્વાપિની નિદ્રા મૂકીને પેલી યોગિનીએ એક મનુષ્યનો ગુપ્ત રીતે વધ કર્યો. વધ કરીને તે કનકરથ કુમારની ચિત્રશાળાને વિષે ગઈ. ત્યાં ઋષિદત્તાને કુમારની સમીપે સુખમાં સુતેલી જોઈને વિચારવા લાગી. "અહો! ધન્ય છે આ હરિણનયનાના રૂપ અને તેજને! આ કુમાર પણ મહા પુન્યવાન્ કે, તેને આવી પત્ની પ્રાપ્ત થઈ." પછી ઋષિદત્તાનું મુખ રૂધિરથી ખરડીને તથા તેણીને ઓશીકે માંસનો કડકો મૂકી, અપસ્વાપિની નિદ્રા અપહરી તે પોતાને સ્થાનકે ગઈ, એટલે માણસો જાગ્યાં; તેમણે એક જણનો ઘાત થયેલો જોઈ કોલાહલ કરી મૂક્યો. એ ઉપરથી કુમાર જાગી ઉઠ્યો. તેણે પોતાની પ્રિયાનું મુખ લોહીથી ખરડાયલું જોયું તથા તેણીને ઓશીકે માંસ જોયું; તેથી તે થકિત થયો અને સર્વ અહિત વિચાર કરવા લાગ્યો. એવામાં રાજા પાસે આવીને લોકોએ વિજ્ઞાપના કરી કે, "કોઈ પુરુષ અથવા સ્ત્રીએ અમારા એક જનનો ઘાત કર્યો છે, તો આપ પ્રજાપાળ રાજા ન્યાયી છો, તેથી તેનો શોધ કરી તેને નિગ્રહ કરો." રાજા બોલ્યો. "નગર મધ્યે કોઈ રાક્ષસ કે રાક્ષસી હશે, માટે તેનો તપાસ કરીને તેને હાંકી કાઢો." એવામાં કુમારે વિચાર્યું. "ત્યારે શું મ્હારી પ્રિયા રાક્ષસી હશે? કારણ કે કોઈનું મૃત્યુ થયું સંભળાય છે; ત્યારે અહો! મ્હારી પ્રિયા આકૃતિમાં આવી રાક્ષસી કરી? મેં તો આજપર્યંત સાંભળ્યું છે કે, રૂપ-કાંતિ એ નિર્દોષતા સૂચક છે; તો હે વિધાતા! આજ એ વિપરીત કેમ થયું? બહુ બહુ ખેદ કરી પ્રીતિ તેણીને જગાડી, તે જાગી એટલે તેણીને કહેવા લાગ્યો. "હે પ્રિયા! હું તને કંઈ પૂછવા માગું છું તે તું છુપાવીશ નહીં. તું ભૂપની પુત્રી છે કે કોઈ રાક્ષસી છે?" પેલી તો ભયભ્રાંત થઈને બોલી. "પ્રિય, તમે એમ કેમ કહો છો?" ત્યારે તેણે કહ્યું. "ત્હારું મુખ લોહીથી ખરડાયલું છે અને ત્હારે ઓશીકે માંસ છે; તે ઉપરથી મને લાગે છે કે તેં કોઈનો ઘાત કર્યો છે." પતિનું આવું કહેવું સાંભળીને તેણે કહેલો ઉકાળો માંસખંડ જોઈ ઋષિદત્તા બોલી. "હે દેવ! હું તો પૂર્વ ભવને વિષે માંસની લોભી હોઉં તો કોણ જાણે? પણ હે આર્યપુત્ર! આ ભવમાં તો મ્હારે માંસનો નિષેધ છે. આ કેમ થયું? તે હું જાણતી નથી. આપના ચરણ મ્હારા માથા ઉપર રહ્યા છે; પણ એ તો મ્હારા કર્મના યોગે આજ કોઈ વૈરીએ કરેલું છે. જો આપની મ્હારા ઉપર પ્રીતિ હોય તો તમને રુચે તેમ મ્હારો નિગ્રહ કરો કારણ કે, સડેલા અંગની પેઠે ઇષ્ટ વસ્તુને પણ જો તે દુષ્ટ હોય તો ત્યજી દેવી." તેણીનાં આવાં વચન સાંભળીને કુમારે તે વિવેકી પત્નીને કહ્યું. "હે પ્રિયે! તું નિર્દોષ છે; ચિત્તને વિષે ખેદ ન કર." આમ કુમારે માંસ વિગેરે જોયું છતાં સ્નેહને લીધે તે રોષ પામ્યો નહીં. પછી ઋષિદત્તાએ પોતાનું મુખ ધોઈ નાખ્યું. પણ પેલી યોગિની તો નિરંતર આવી ઋષિદત્તાને એ પ્રમાણે કલંકિત કરવાને એકેક મનુષ્યનો વધ કરીને તેણીનું મુખ રૂધિરે કરી ખરડવા લાગી. નિરંતર એક મનુષ્યનો ઘાત થતો સાંભળી રાજા પોતાના મંત્રીઓને કહેવા લાગ્યો. "અહો! મ્હારા નગરને વિષે આવી આકુળ સ્થિતિ થઈ ગઈ છે તે શું તમે નથી જાણતા?" પેલા મંત્રીઓ બોલ્યા. "કોઈ માનવ તો એવો લાગતો નથી, કોઈ વ્રતી એવી દુષ્ટ હશે. તો હે રાજન! નગરમાંથી સર્વ યોગી આદિ પાખંડીઓને બહાર કાઢી મૂકો." તે ઉપરથી રાજાએ જૈનમુનિ સિવાય અન્ય પાખંડીઓને નગરમાંથી બહાર કાઢ્યા. એવામાં પેલી સુલસા યોગિનીએ ગુપ્ત રીતે રાજાને આવીને કહ્યું. "આજે કોઈ દેવતાએ મને સ્વપ્નને વિષે કહ્યું કે, આ પાખંડીઓ તો નિર્દોષ છે, પણ રાજાની વહુ ઋષિદત્તા જનમાં ઉત્તમ છતાં પણ રાક્ષસી છે તે એકલીજ આ દોષિત છે. એ રાજા ન માનતા હોય તો ગુપ્ત રીતે રાત્રિએ તપાસ કરવી." એ સાંભળી રાજાએ કહ્યું. "હું તપાસ કરીશ." પછી તે યોગિની ત્યાંથી ગઈ.

હવે રાજા પાસે બેઠેલો કુમાર ચિંતવવા લાગ્યો. "જો મ્હારી પ્રિયાનો દોષ પ્રકટ થશે, તો મ્હારે શું કરવું?" રાજાએ કહ્યું. "હે પુત્ર! તું અહિં બેસ; ત્હારી પત્નીનું ચેષ્ટિત જોવું છે." પુત્રે વિચાર્યું. "એક બાજુએ પિતાનો આદેશ મ્હારે ઉલ્લંઘવો ન જોઇએ અને બીજી તરફ સ્રીને દુઃખ થશે; 'એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી' જેવું મને થયું છે." એવામાં રાજાએ તો ઋષિદત્તાના ઘરની આસપાસ પોતાના સેવકોને ગુપ્ત રીતે બેસાર્યા. એવામાં પેલી સુલસા યોગિની ત્યાં આવી ઋષિદત્તાનું મુખ રક્તથી ખરડી અને માંસનો ખંડ તેણીને ઓશીકે મૂકી ત્યાંથી જતી રહી. પેલા સેવકોએ રાજવધુનું મુખ પછી લાલ થયેલું જાણ્યું એટલે આવીને એ રાજાને નિવેદન કર્યું. તે ઉપરથી રાજાએ કુમારને ઠપકો આપીને કહ્યું. "અરે! તેં જાણતાં પણ આવી દુરાચાર રાક્ષસીને કેમ અંગીકાર કરી? જા, મ્હારી પાસેથી જતો રહે; હે રાક્ષસીના પતિ! તેં મ્હારા ચંદ્ર સમાન ઉજ્વળ કુળને કલંકિત કર્યું." પણ કુમારે અંજળિ જોડીને કહ્યું. "આ સર્વ મિથ્યા છે, આપની વધુ નિર્દોષ છે; માટે આપ મ્હારા ઉપર ક્રોધ ન લાવો; પરંતુ ક્ષમા કરો." ત્યારે તો રાજા કોપ કરીને બોલ્યો. "જે આ પ્રત્યક્ષ જોયું તે શું સત્ય નથી? તો તું પોતે ત્યાં જઇને તપાસ કર." કુમાર ત્યાં ગયો તો તેવીજ પોતાની સ્રીને જોઇને પૂછ્યું. "પ્રિયા, આ ત્હારૂં દુશ્ચેષ્ટિત શું?" તે બોલી. "હું કંઈ જાણતી નથી." પણ રાજાએ તો બહુ ક્રોધમાં આવી તેણીને કોટવાળ પાસે ઘાત કરાવા મોકલી. તેને કહ્યું કે, "એ રાક્ષસી છે માટે તમારે સાવધ રહેવું." પછી એ મારાઓ તેણીને નગર મધ્યે ફેરવીને સ્મશાન ભૂમિમાં લઇ ગયા. નગરના લોકો તો એવું જોઇને રુદન કરવા લાગ્યા; પણ એને તો પેલા દૂર વનને વિષે લઇ ગયા. એવામાં સૂર્ય અસ્ત પામ્યો. ક્રૂર આશયવાળા રાજપુરુષો તે વખતે તેણીને પ્રહાર કરવા લાગ્યા. તે પ્રહારથી તેણીને મૂર્ચ્છા આવી; તેથી ભૂમિ ઉપર પડી ગઇ ને ચેષ્ટા રહિત કાષ્ટ જેવી જણાવા લાગી. એ ઉપરથી તેણીને મૃત્યુ પામેલી જાણી રાજસેવકો પોતાને સ્થાનકે ગયા.

અહિં પાછળ તે વનના પવનથી સ્વસ્થ થઈ પોતાના કર્મને નિંદતી ઉભી થઈ ભમતી ભમતી બોલી. "હે તાત! તે સમયે તમે મૃત્યુ પામ્યા, ત્યારે મને શાં માટે મૂકી ગયા?" વળી તે વિચારવા લાગી. "હે જીવ! તેં શાં પાપ કર્યાં હશે કે જેથી નિર્દોષ છતાં પણ મ્હારે આવું કલંક આવ્યું? અરે વિધિ! જો તેં મને આ વૃથા આવું કલંક આપ્યું તો તે મ્હારા પતિનું મ્હારા વિના શું થતું હશે? અથવા હે સ્વામિનાથ! અહિં આવો. હે જીવ! ત્હારાં કર્યાં કર્મ તું ભોગવ." આ પ્રમાણે ચિરકાળ વિલાપ કરી સ્વસ્થ થઇને તે આગળ ચાલી. ચાલતાં ચાલતાં તે પિતાના આશ્રમમાં આવી પહોચી. ત્યાં જે સ્થાને તેણીનો પિતા અગ્નિ પ્રવેશ કરીને ભસ્મીભૂત થયો હતો, તે સ્થાને બેસીને તે ગાઢ સ્વરે વિલાપ કરવા લાગી. "હે પિતા! તમારી પુત્રી અત્યંત દુઃખમાં પડી છે; તમે ક્યાં છો? અહિં આવો, ને વત્સને વત્સળ એવાં દર્શન દ્યો. કરુણા કરી આવીને દુઃખિત, અશરણ, દીનવદનવાળી અને એકાકી એવી જે હું તેણીને આશ્વાસન આપો. હે તાત! આ શૂન્ય વનને વિષે, આપના વિના હું દુઃખણી કોની પાસે પોકાર કરૂં? ક્યાં જઊં? શું કરૂં? હે તાત! આપ વિદ્યમાન હતા ત્યારે આ વન મને એક નગર જેવું રમ્ય ભાસતું હતું; પણ આપના મૃત્યુ પછી હવે તો એ મને ભયંકર અગ્નિ સમાન જણાય છે. હે પિતા! જો આપને હું આ સમયે હયાત દેખું તો, આ મ્હારૂં સર્વ દુઃખ પણ મને ઉત્સવરૂપ થાય. પણ હવે હું ગાંડા માણસની પેઠે કેટલુંક બોલું? પૂર્વે જેવું વાવ્યું હોય તેવુંજ લણવાનું મળે છે.

એમ કહી પોક ઓછો કરી પોતાના પિતાની ઝૂંપડીમાં જઇ રહી, ને કંદમૂળ ફળ

આદિનો આહાર કરી વનમાં એકલી રહેવા લાગી. એકદા સુમુખી એવી તે દુઃખને લીધે ગલહસ્થો દઇને ચિત્રને વિષે આળેખેલી કાષ્ટની પૂતળીજ હોયની! તેમ બેઠી હતી. તેવખતે ચિંતવવા લાગી. "પ્રાયે સ્ત્રીઓ વનને વિષે રહેલાં પાકાં મધુર બોર સમાન છે; તો હું પણ સ્ત્રી જાતિ છું એટલે મ્હારૂં શીળ અહિં કેવી રીતે પાળી શકીશ? પણ અહો! મને યાદ આવ્યું. મને પૂર્વે પિતાએ એક ઔષધી બતાવી છે કે, જેના પ્રભાવથી સ્ત્રી હોય તે પુરુષ થઇ શકે છે." એમ વિચારીને તે ઔષધી લાવીને તેના પ્રભાવથી તે પુરુષપણું પામી. હવે તે જિનપ્રતિમાની પૂજા કરતી મુનિ (તાપસ) ના વેષમાં સુખે રહેવા લાગી.

અહિં પાછળ તેનો સ્વામી કનકરથ અત્યંત રુદન કરવા લાગ્યો; ને વિરહાગ્નિથી તેનું શરીર દુર્બળ થઈ ગયું. પણ પેલી સુળસા યોગિની તો પોતાનું કાર્ય પાર પડેલું જોઇ સંતોષ માનતી કાવેરી નગરીમાં ગઇ, ને સર્વ વાતથી રુક્મિણીને વાકેફ કરી; એટલે તેણીએ પોતાના પિતાને કહ્યું. "કનકરથ સાથે મ્હારો વિવાહ કરો." તે સાંભળી રાજાએ પોતાના દૂતને રથમર્દન નગરના રાજા હેમરથ પાસે મોકલ્યો. તેણે જઇને કહ્યું. "કાવેરી નગરીનો સ્વામી સુંદરપાણિ આપને કહેવરાવે છે કે, મ્હારી પુત્રી રુક્મિણી આપના પુત્રને પરણવાને ઇચ્છે છે તો આપ તેને અહિં પરણવા મોકલવો." એ દૂતની વાણી સાંભળીને હેમરથ રાજાએ પોતાના દુઃખિત પુત્રને એકાંતમાં કહ્યું. "હે પુત્ર! તું શા માટે આમ નિરંતર ચિત્તને વિષે સંતાપ કર્યા કરે છે? શું ત્હારી પ્રિયાને લીધે તું એમ વિષાદમાં રહે છે? પણ કર્યા કામનો પશ્ચાતાપ શો? માટે ચાલ ઉઠ ને કાવેરી નગરીના રાજા સુંદરપાણિની રુક્મિણી પુત્રીને પરણવા જા." ઇચ્છા વિનાજ પુત્રે પિતાનું વચન માન્ય કર્યું. પછી તે શુભ દિવસે રુક્મિણીને પરણવા ચાલ્યો. રસ્તે ચાલતાં ઋષિદત્તા રહેતી હતી તે વન આવ્યું. પૂર્વે જોયેલું વન ફરી જોઇને સદ્‌ગુણી કુમારના નેત્રમાંથી આંસુની ધારા વહેવા લાગી. તેણે વિચાર્યું. "અહો! આ તેજ વન કે જ્યાં મેં પૂર્વે ઋષિદત્તાનું પાણિગ્રહણ કર્યું હતું. પૂર્વે તે મને સુખરૂપ થતું હતું, પણ હવે તે દુઃખને અર્થે થાય છે." એમ વિચારી તે જિનમંદિરને વિષે પ્રભુનાં દર્શન કરવા ગયો; તેવામાં અકસ્માત્ તેનું દક્ષિણ નેત્ર ફરક્યું. એટલે તેણે ધાર્યું. 'પ્રિયાના સંગમનું સૂચક એવું મ્હારૂં દક્ષિણ નેત્ર ફરક્યું, પણ તેણીને તો દૈવે હરી લીધી છે, તે અહિં ક્યાંથી હોય? માટે ફરકવું વૃથા છે. ધર્મ વિના પ્રિયનો સંગમ થતો નથી અને પાપના સિંચન વિના પ્રિયનો વિયોગ પણ થતો નથી. આજ દેહરૂં પૂર્વે મ્હારી પ્રિયાનો સંયોગ કરાવનારૂં થયું હતું; તો આજ પણ એ મ્હારી પ્રાણવલ્લભાનો સમાગમ કેમ ન કરાવે?" તે આમ વિચાર કરતો હતો, તેવામાં તો મુનિવર્ય (તાપસના વેષમાં રહેલી) ઋષિદત્તા ત્યાં પુષ્પના કરંડીઆ સહિત પ્રભુને નમસ્કાર કરવા આવી. કુમારે પણ તેના હસ્તમાંથી એક પુષ્પમાળા લીધી, ને પોતાની પ્રિયાનો ભ્રમ થવાથી વિશાળ થએલા નેત્રોવડે તે તેણીને વારંવાર જોવા લાગ્યો. ઋષિદત્તા પણ વિચારવા લાગી. "કદાચિત્ આ મ્હારા પ્રાણપ્રિય પ્રાણનાથ રુક્મિણીને વરવા જતા હશે." કુમારે તો તેને વંદન કરી આદર સહિત લઇ જઇ પોતાને આસને બેસાર્યા; જમાડ્યા ને વસ્ત્ર પહેરાવ્યાં. પછી વળી તેને કહેવા લાગ્યો. "મ્હારા નયનરૂપી કમળને સૂર્ય સમાન પ્રીતિ ઉપજાવનારા હે મુનિ! આપ આ વનમાં ક્યારે અને ક્યાંથી આવ્યા?" મુનિએ કહ્યું. "અહિં એક હરિષેણ નામના મુનિ હતા, તેને એક પાલિત નામે પુત્ર તથા ઋષિદત્તા નામે પુત્રી હતી; તે વિનયવતી ઋષિદત્તાને કોઇ કુમાર પરણી ગયો છે; હરિષેણ મુનિ પણ પૂર્વે અગ્નિ પ્રવેશ કરીને સ્વર્ગે ગયા છે; હું પણ પૃથિવી ઉપર ફરતો ફરતો શ્રી જગદાધાર પ્રભુની સેવા અર્થે અહિં આવ્યો છું; મને અહિં આવ્યાને પાંચ વર્ષ થયાં છે;

એવામાં વળી આપ જેવા ભાગ્યશાળીનાં દર્શનથી મ્હારો જન્મ સફળ થયો. પછી ભૂપ પુત્ર પણ આનંદ સહિત તેને કહેવા લાગ્યો. "હે મુનિ! આપને જોતાં મ્હારી દૃષ્ટિ તૃપ્તિ નથી પામતી તે શું?" મુનિએ કહ્યું. "કોઇ પણ એક બીજાને વત્સળ હોય તો; અથવા પૂર્વભવનો સંબંધ હોય તો પ્રમોદ થાય છે. જુઓ કે, કુમુદ (પોયણીનાં) પુષ્પો ચંદ્રોદયે અને કમળ પુષ્પો સૂર્યોદયે વિકસ્વર થાય છે; તે પ્રમાણેજ મનુષ્યોને પણ સ્નેહીને દેખીને થાય છે." પછી તો મુનિને આગ્રહ કરીને રાજપુત્ર કહેવા લાગ્યો. "મ્હારે આગળ પ્રયાણ કરવું છે, પણ તમારા વિના હું જઇશ નહીં; તમારી સાથે મ્હારૂં મનએવી પીજ હો થતી! તેમ બંધાયું છે; માટે તમારા વિના મને જવું ગમતું નથી; તેથી મ્હારી સાથે ચાલો. આપણે પાછા આવીશું ત્યારે આપ પાછા અહિં રહેજો." પણ મુનિએ કહ્યું. "હે કુમાર! એમ થાય નહી. સંયમી સાધુઓનાં મન રાજાની સંગતિમાં દોષ પામે છે; માટે સાધુઓએ તો એકાંતમાંજ રહીને પરમ મંત્રનું ધ્યાન ધરવાનું છે." ત્યારે વળી રાજપુત્રે કહ્યું. "ત્યારે શું તમારા જેવા પુરૂષો અમારી પ્રાર્થનાનો ભંગ કરે છે?" તે વખતે પ્રધાનો પણ કહેવા લાગ્યા. "અરે મુનિ! જેમ તેમ કરી આ કુમારનું વચન માન્ય કરો તો ઠીક." ત્યારે મુનિએ કહ્યું. "ભલે તેમ થાઓ." પછી સન્ધ્યા સમયે ધર્મકૃત્ય કરવા પછી સૌ એકઠા રહ્યા.

હવે પ્રભાત સમયે કુમારે પ્રયાણ શરૂ કર્યું અને અનુક્રમે કાવેરીપુરી પહોચ્યા; એ વખતે સુંદરપાણિ મહીપતિ સામા આવ્યા. નગરને શણગારાવીને રાજાએ જમાઇનો પ્રવેશ કરાવ્યો; ને વિવાહને અર્થે સજ્જ કરેલા મકાનને વિષે ઉતારો આપ્યો. પછી જ્યોતિષી લોકોએ આરોપ કરેલા શુભ દિવસે તે કન્યાનું પાણિગ્રહણ કર્યું. ત્યાર પછી કુમારને રાજાએ કેટલાક દિવસ પર્યંત ત્યાં રાખ્યો. એકદા રુક્મિણી પોતાના સ્વામીને પૂછવા લાગી. "હે પ્રિય! આપે જે પહેલાં ઋષિદત્તાનું પાણિગ્રહણ કર્યું હતું, તે કેવી હતી? મેં સાંભળ્યું છે કે, તેણીએ તો તમારૂં ચિત્ત હરી લીધું હતું!" રાજપુત્રે આંખમાં આંસુ લાવીને ઉત્તર આપ્યો કે, "તેણીના સમાન સ્ત્રી તો ક્યાંય પણ દેખાતી નથી. સૌંદર્યરૂપમાં તે કામદેવની સ્ત્રી રંભા જેવી હતી; વળી મેનકા આદિ અપ્સરાઓ અને નાગકન્યાઓ પણ તેણીના ચરણની ધૂળ જેવી છે. હવે મને તેણીનો વિરહ કરાવ્યો તેથીજ તું મ્હારી સ્ત્રી થવા પામી છે; કારણ કે, સાર ભોજનની ગેરહાજરીમાં ખીચડીનું ભોજન પણ મિષ્ટ થાય છે." તે ઉપરથી રુક્મિણીએ પોતે જે કૃત્રિમ ઋષિદત્તાને કરાવ્યાં હતાં, તે કુમારને કહી સંભળાવ્યાં.

એ સાંભળીને ઋષિદત્તા મુનિને તો અત્યંત હર્ષ થયો. કારણ કે, પોતાનું કલંક તેથી દૂર થયું. પણ કુમાર કનકરથને તો બહુજ ક્રોધ ચઢ્યો ને તે દુષ્ટ સ્ત્રીને કહેવા લાગ્યો. "અરે પાપિણી અને ક્રૂર સ્ત્રી! તેં આવું કરીને પોતાને માટે નરકગતિ મ્હોટી કીધી છે અને મને પણ મહા દુઃખને વિષે બોળી પાડ્યો છે. અહો! મ્હારી ગુણવતી, રૂપવતી, મહાસતી સ્ત્રીને તેં ઘાત કરવા જેવી સ્થિતિ કીધી; ધિક્કાર છે તને આવું અશુભ કાર્ય કરનારીને. રૂપ પોતાનુંજ હિત નિપજાવી લેવાને અર્થે તેં આ બધાં લોકોને વિરુદ્ધ કાર્ય કર્યું છે, માટે એવી પાપિણી તું મ્હારી વેરિણી થઇ છે." આમ કહી કહીને અનુક્રમે પ્રભાત થયું. તે વખતે પૂર્વની કાંતાના વિરહથી દુઃખી થયેલા કનકરથે પોતાના સેવકો પાસે ચિતા તૈયાર કરાવી અને સ્વજનોએ વાર્યા છતાં તે આંસુ ભરી નેત્ર સહિત તેમાં ઝંપલાવવા તૈયાર થયો. એવામાં નગરના લોક સાથે સુંદરપાણિએ પણ ઉતાવળથી આવીને તેને નિવાર્યો કે, "હે કુમાર! એમ ઉતાવળ ન કરો, ને એ તમારી પ્રથમની સ્ત્રીને વિચારી જુઓ. તમારા જેવા પુરૂષોને આવું અજ્ઞાનનું કૃત્ય કરવું યોગ્ય નથી." કુમારે આમ સમજાવ્યા છતાં પણ

તેણે પોતાનો કદાગ્રહ મૂકયો નહીં, ત્યારે તેના પરિજનોએ ઋષિદત્ત મુનિને કહ્યું. "તમે એને અગ્નિમાં પડવાથી નિવારો." આમ સેવકોએ તેની પ્રાર્થના કરી, ત્યારે તેણે જઇને મંદમંદ હાસ્ય કરીને કનકરથને કહ્યું. "હે કુમાર! તમારા જેવા રાજાઓ પણ મનોહર સ્ત્રીને અર્થેજ મરવા તૈયાર થયા છે, તે અજ્ઞાનતાનું કારણ છે. હે પૃથ્વીપતિઓમાં શિરોમણિ! તમે મને મ્હારા વનમાં પાછો મૂકી જવાનું વચન આપ્યું હતું તે શું તમે ભૂલી ગયા કે? તમે "તે સ્ત્રીનો હવે પછી સમાગમ થશે" એમ ધારીને વૃથા મૃત્યુ આદરો નહીં; કારણ કે, પરલોક પહોંચેલા જીવોની ગતિ ભિન્ન ભિન્ન થાય છે. તમે મૃત્યુ પામશો તો તમારી વલ્લભાના સમાગમની આશા પણ ન રાખતા; કદાચિત્ જીવતા હો તોજ તેણીનો કયાંયથી આવી મળવાનો સંભવ છે. આપ આમ વિલાપ કરો છો તો તે મૃત્યુ પામી છતાં પણ તમને પ્રાપ્ત થશે; પણ પરલોકમાં ગયા પછી તો મનુષ્યો ભિન્ન ભિન્ન ગતિ પ્રાપ્ત કરે છે એટલે સમાગમ થવો અશકય છે."

આમ મુનિનો બોધ શ્રવણ કરીને કુમાર બોલ્યો. "હે મુને! તમે મને કેમ નિવારો છો! જેમ નેમિનાથ અને રાજિમતી મૃત્યુ પામ્યા પછી મોક્ષમાં મળ્યાં છે, તેમ જીવો પણ મળે છે." ત્યારે મુનિએ કહ્યું. "હે મહામતિ! વિષાદ ન કર. તમારા આવા સત્વથી તો તે મૃત્યુ પામેલી છતાં સજીવન થશે." ત્યારે તો કુમાર પ્રાર્થના સહિત કહેવા લાગ્યો. "જો એમજ હોય અને તમે તેણીને કયાંય પણ દીઠી યા સાંભળી હોય તો તેણીને સત્વર પ્રકટ કરો." મુનિએ કહ્યું. "હું મ્હારા જ્ઞાનના પ્રભાવથી જાણું છું કે, તે દક્ષિણ દિશાના પતિ યમ પાસે છે. જો આદેશ આપો તો હું ત્યાં જઇને તેણીને ઝટ તેડી લાવું. મ્હારો તમારા ઉપર મ્હોટો ઉપકાર થશે." કુમાર બોલ્યો. "જો તમે તેણીને ત્યાંજ જોઇ હોય તો તો વગર વિલંબે જઈ તેણીને અહિં લઇ આવો." પણ મુનિએ કહ્યું. "ત્યાં હું અગ્નિ પ્રવેશ કરીને જઇશ." ત્યારે કુમાર કહેવા લાગ્યો. "મેં એ તો પ્રથમથીજ કહ્યું છે. ત્યારે તો હું પણ તમારી સાથે આવીશ. જેવી તમારી ગતિ તેવીજ મ્હારી." મુનિએ કહ્યું. "હું જે કહું તે તમારે કરવુંજ પડશે." ભૂપપત્રે પણ તે વાતની હા કહી, ને તે બોલ્યો. "ત્યારે હવે મુનિ તમે કેમ વિલંબ કરો છો? તે મ્હારી પ્રિયા વિના તો હવે મ્હારા પ્રાણ પરલોક પ્રયાણ કરવા તત્પર થઇ રહ્યા છે." મુનિએ કહ્યું. "હે કુમાર! સાવધાન થઇને ઉભા રહેો. હું જાઉં છું અને તમારી પ્રિયાને જયજય શબ્દ સહિત પ્રકટ કરૂં છું." એમ કહીને તેણે વસ્ત્રના પડદામાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કહેવા લાગ્યો. "જો મુનિનું આ કૃત્ય યોગ્ય હોય તો આ પૃથ્વીતળને વિષે હું ધન્ય તેમ પુન્યવાન છું. હે મહીપતિ! સતી સ્ત્રી અને સત્પુરૂષોનો પ્રભાવ અહિં તરી આવશે એમ પોતાના સનાથ હૃદયને વિષે હું ચિંતવન કરૂંછું. ભૂપપુત્ર એવા તમે તમારી પ્રિયાને મળવાને ઉત્સુક છો, એવામાં સારા ભાગ્યે આજે મેં મ્હારી દ્રષ્ટિએ સંજીવિની ઔષધી જોઇ છે." પછી તે વખતે મનુષ્યની ચક્ષુઓના જેવી સ્થિર ચક્ષુઓ વડે હૃષ્ટબદ્ધ નગર જનો પોત પોતાના ગોખમાંથી જોઇ રહ્યા; યક્ષ, કિંનર, ગંધર્વ અને સ્વર્ગવાસિ દેવો પણ આકાશમાંથી હસ્તને વિષે પુષ્પમાળાઓ ધારણ કરી કૌતુક સહિત જોવા લાગ્યા. એટલામાં મુનિ, ઔષધિને યોગે મુનિ ટળીને મુનિપુત્રી થયા અને સમુદ્રમાંથી જેમ લક્ષ્મી નીકળી હતી, તેવી રીતે મુનિપુત્રી ઋષિદત્તા પ્રગટ થઇ!!!

તેણીના ઉપર આકાશમાં રહેલા દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી; એટલે રૂપ સૌંદર્યમાં સુરાંગનાને પણ હરાવનારી એવી તે સ્ત્રીને જોઇને હર્ષ પામેલા લોકો કહેવા લાગ્યા. "પુરૂષ ઘણે ભાગે ધીરજ રાખે, તેથી ઋષિદત્તા પાછી મળેલી દેખાય છે. ત્યારે એ કુમાર જે મ

રણ શરણ થવાનો આગ્રહ લઈ બેઠો હતો, તે યોગ્યજ હતું; કારણ કે, આવી મનોહર આકૃતિ માટે કોણ ન મૃત્યુ અંગીકાર કરે ?" પછી કુમાર કનકરથ પણ પોતાની પ્રિયાને બહુ કાળે આવેલી જોઇને, રૂપ અને લાવણ્યરૂપી અમૃતથી ભરપૂર અંગવાળી એવી તેણીને નેત્રરૂપી પુટથી પાન કરવા લાગ્યો. ઋષિદત્તા પણ નારંગીના પત્રને પોતાના મુખ પાસે રાખીને તેને (પોતાના સ્વામીને) પ્રેમ સહિત નિહાળવા લાગી. તેજ વખતે રાજા પણ પોતાના જમાઇને છવાડનારી કન્યાને જોઇને પ્રમોદ પામ્યો; ને તેણીને તેની બહુ કાળે પ્રાપ્ત થયેલી સ્ત્રી સહિત હસ્તી ઉપર બેસારીને મહોત્સવ સહિત પોતાને મહેલે લાવ્યો. ત્યાં તેણે ગૌરવથી ઋષિદત્તાનો પણ વસ્ત્રાલંકારથી સત્કાર કર્યો. પછી તેને સુલસા યોગિનીના કૃત્યની ખબર પડી એટલે તેણીના ઉપર બહુ ક્રોધાયમાન થયો. તે પાપિણીને તેણે નગરને વિષે ડિંડિમના નાદ સહિત ગર્દભ ઉપર બેસારીને ફેરવી. માર્ગે લોકો તેણીની નિંદા કરવા લાગ્યા અને લાકડી તેમજ મૂઠી વડે પ્રહાર કરવા લાગ્યા. પછી તેણીના નાક કાન કાપી લઇને રાજાએ નગર બહાર કાઢી મૂકાવી; કારણ કે, સત્પુરુષોએ સ્ત્રી, ગાય, દ્વિજ અને લિંગિઓનો ઘાત કરવો યોગ્ય નથી. પછી તેણે પોતાની પુત્રીને પણ એકાંતમાં બોલાવીને બહુ કર્કશ વચનો કહી ઠપકો આપ્યો. અહિં કનકરથ કુમાર ઋષિદત્તા સાથે સંસાર સુખ મહાલતો કેટલોએક સમય રહ્યો.

એકદા પોતાના ઉત્સંગને વિષે બેઠેલી પોતાની પ્રિયા ઋષિદત્તાને કનકરથ રાજકુમાર કહેવા લાગ્યો. "હે પ્રિયે! તું મળી એટલે સર્વ રૂડાં વાનાં થયાં, પણ મ્હારો મિત્ર ઋષિપુત્ર વિવાહ પાસે ગયો, તે અદ્યાપિ આવ્યો નહીં, તેથી મને દુઃખ થાય છે. પરોપકારને વિષે તત્પર એવા મ્હારા મિત્રની ગેરહાજરીમાં આ મ્હારી સર્વ સંપત્તિ મને અગ્નિ સમાન લાગે છે." તે સાંભળી ઋષિદત્તાએ હસીને કહ્યું. "હે પ્રાણનાથ! તમે વિષાદ ધરશો નહીં. એ સર્વ મ્હારી પાસે રહેલી ઔષધીનો પ્રભાવ છે, પણ હું તમને હવે કહું છું કે, તમારી પાસે મેં પહેલાં એક વર (વરદાન) માગ્યું હતું, તે આજ પૂર્ણ કરો; ને પ્રસન્ન થઇને આ રુક્મિણીને પણ મ્હારી સમાન રાખો." કુમાર તો આવી વિરોધવાળી વાણી સાંભળીને વિચારવા લાગ્યો. "અહો! દુષ્ટ એવી રુક્મિણીને વિષે પણ આની મનોવૃત્તિ કૃપાયુક્ત છે. ઘણું કરીને સ્ત્રીઓ સ્વભાવે વક્ર હોય છે; પણ આ તો કલ્પવલ્લીની સમાન સર્વનું હિત ઇચ્છવાવાળી છે." એમ ધારીને તે હર્ષ સહિત બોલ્યો. "હે પ્રાણવલ્લભે! હે વિવેકવાળી સ્ત્રી! ત્હારું વચન પ્રમાણ થાઓ, પરંતુ ત્હારા વિષે ને રુક્મિણી વિષે તો મ્હોટો અંતર છે. કારણ કે, ત્હારે તો જેવું ચિત્તમાં છે, તેવું તું બોલે છે અને તેવુંજ કરે છે." આમ કહી પછી તેણે રુક્મિણીને પણ માન્ય રાખી. પછી પોતાના સસરા સુંદર પાણિની આજ્ઞા લઇ બન્ને પ્રિયા સહિત કનકરથ પોતાને નગર જવા નીકળ્યો. માર્ગે સ્થાને સ્થાને જિનમંદિરોમાં અરિહંત ભગવાનને નમસ્કાર કરતો એવો તે પછી અનુક્રમે ઇચ્છિત સ્થાને આવી પહોંચ્યો. ત્યાં તેનો પિતા તેમની સન્મુખ આવ્યો. પુત્રે ભક્તિ સહિત પિતાને પ્રણામ કર્યા. પિતાએ પણ તેને ઉભો કરી શરીર ઉપર હાથ મૂકી મસ્તકને ચુંબન કર્યું. પછી અંતઃપુરની સ્ત્રીઓએ જેને વિષે ચંદનમાળાઓ બાંધી દીધી છે, એવી નગરીને વિષે રાજાએ પોતાના પુત્ર તથા વધુઓને હર્ષ સહિત પ્રવેશ કરાવ્યો. વળી પુત્ર પાસેથી 'ઋષિદત્તા સતી નિર્દોષ છે' એવું જાણીને તો તેને વિશેષ હર્ષ થયો; ને ઉંનો થઇને તેણીની ક્ષમા માગવા લાગ્યો. પછી વૈરાગ્ય પ્રાપ્ત થવાથી આ હેમરથ રાજાએ, પુત્ર કનકરથને રાજ્યભાર સોંપી ભદ્રંકર મુનિ પાસે દીક્ષા લીધી. અનુક્રમે નાના પ્રકારની તપશ્ચર્યાથી કર્મ સમૂહને ક્ષીણ કરી તેણે મુક્તિ મેળવી.

હવે કનકરથ ન્યાયમાર્ગે રાજ્ય કરે છે, એવામાં અનુક્રમે ઋષિદત્તાએ સિંહ

સ્વપ્ને સૂચિત એવા પુત્રને જન્મ આપ્યો. જન્મોત્સવ કરીને રાજાએ તેનું સિંહરથ એવું નામ પાડ્યું. એકદા ભૂપતિ ઋષિદત્તા સાથે ગોખને વિષે ઉભો હતો, તેવામાં તેની દૃષ્ટિએ આકાશમાંનું એક વાદળું પડ્યું. પણ તે જોતજોતામાં, પ્રચંડ વાયુ નીકળ્યો તેને લીધે ક્ષણમાં વિખેરાઇ ગયું. આમ ક્ષણમાં મળેલા અને તત્ક્ષણે વળી ગળી ગયેલા તે વાદળાંને જોઈને રાજા કનકરથને વૈરાગ્ય ઉપન્યો કે, "આવું ઘટ એવું પણ વાદળું જોતજોતામાં નાશ પામી ગયું, તો આયુષ્ય પણ તેવુંજ છે અને આ વૈભવ આદિ પણ તેના જેવાજ ચળિત છે." એમ જાણી તે સંસારને અનિત્ય ભાવવા લાગ્યો. આમ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેણે તે રાત્રી ઋષિદત્તાની સાથે ધર્મવાર્તામાં નિર્ગમન કરી.

પ્રભાતે તે નિત્યકર્મ કરીને નિયમ પ્રમાણે સભામંડપમાં ગયો. તેટલામાં તો આરામિકે આવીને વધામણી આપી કે, "હે નાથ! શ્રી ભદ્રસૂરિ કુસુમાકર ઉદ્યાનને વિષે પરિવાર સહિત સમવસર્યા છે. અહો! એવા સત્પુરુષોને ધન્ય છે કે, જેઓના મન, વચન ને કાયામાં લેશ પણ વિસંવાદ નથી! તેઓ જેવું મનમાં છે, તેવું બોલે છે અને તેવુંજ કરે છે; વળી જળથી સિંચાતો એવો પણ કઠીન પાષાણ જેમ પોતાનો સ્વભાવ મૂકતો નથી, તેવી રીતે શાંતિ વચનથી સેવાતો એવો દુષ્ટ જન પણ પોતાનો સ્વભાવ ત્યજતો નથી." આ પ્રમાણે આરામિકે આવીને વધામણી આપી એટલે તેને દાન આપી રાજા પરિવાર સહિત ગુરુને નમસ્કાર કરવા ગયો. ત્યાં જઈ પ્રણામ કરીને રાજા ધર્મ શ્રવણ કરવા બેઠો. ગુરુએ દેશના આપી. તે પછી ઋષિદત્તા અંજળિ જોડીને બોલી. "હે ગુરુ! પૂર્વ જન્મને વિષે મેં એવું શું કર્મ ઉપાર્જન કર્યું હશે કે, જેથી મને આ ભવમાં રાક્ષસીનું કલંક આવ્યું?" ગુરુએ કહ્યું. "હે ઋષિદત્તા! સાંભળ. ગંગાપુર નામે ભરતખંડનું ભૂષણરૂપ નગર હતું. ત્યાં મહા બળવાન્ ગંગદત્ત રાજા રાજ્ય કરતો હતો. તેને ગંગા નામની રાણી હતી. તેમને ગંગસેના નામની પુત્રી થઇ. અનુક્રમે વૃદ્ધિ પામી સત્શીળવડે શોભતી તેણીએ ચંદ્રયશા સાધ્વી પાસે ધર્મ પામી વ્રત ગ્રહણ કર્યાં. તેમાં તેણીની જગતને વિષે એક બંધુ એવા ધર્મ ઉપર અતિશય પ્રીતિ થઈ. એવામાં એક નિઃસંગા સાધ્વી જે તીવ્ર તપશ્ચર્યા કરતી હતી, ને નિરંતર જિનવંદન જિનસ્તુતિ પ્રમુખને વિષે લીન રહેતી હતી, તે સાધ્વીની, એક બીજી સાધ્વી પ્રવર્તિનીની પાસે પ્રશંસા કરતી હતી. આ પ્રશંસા ગંગસેના સાધ્વી સહિ શકી નહીં, તેથી તે બોલી. "આ દંભી નિઃસંગા સાધ્વી દિવસને વિષે તપશ્ચર્યા કરે છે, પણ રાત્રીએ રાક્ષસીની પેઠે માંસ ભક્ષણ કરે છે." ભવને વધારનારી ગંગસેનાએ સાક્ષાત્ પ્રશમરસની વાવ્ય એવી તે સાધ્વી ઉપર અસત્ય કલંક મૂક્યું, તે તેણીએ સહન કર્યું, પણ હે વત્સે! તેં તે વખતે જે કર્મ બાંધ્યું, તેને માટે 'મિચ્છામિદુક્કડ' એમ કહીને પણ તેણીને ખમાવી નહીં. તેં આ ત્હારાં દુષ્ટ કર્મને આળોવ્યાં નહીં તો તેના ફળના વિપાકથી ત્હારે બહુ ભવ સુધી ભ્રમણ કરવું પડ્યું. વળી મુનિસુવ્રતસ્વામીની સેવામાં રહી વિકટ તપ કરતી, પાપ આળોયા વિના મૃત્યુ પામી તું ઇશાનેંદ્રની સ્ત્રી થઈ. ત્યાંથી ચ્યવીને પ્રાંતે હરિષેણ રાજાની પુત્રી ઋષિદત્તા થઇ. હે ભદ્રે! પૂર્વકર્મના પરમાણુના ઉદયથી ત્હારે માથે આવું ઘોર કલંક આવ્યું હતું; માટે એવાં દુષ્કર્મ નિશ્ચે દુરંત છે. તે સેંકડો ગમે ભવે પણ ક્ષીણ થતાં નથી." ગુરુને મુખેથી આવું સાંભળીને ઋષિદત્તાને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું, તેથી તેણીએ પોતાનો પૂર્વ ભવ જોયો. આ સાંભળીને ભૂપતિ પણ વિશેષ વૈરાગ્યવાન્ થયો ને તેણે ગુરુ પાસે દીક્ષા માગી. ઋષિદત્તાએ વૈરાગ્ય પામીને ગુરુને કહ્યું. "મેં પણ પૂર્વે જે કર્મ બાંધ્યું હતું, તે બહુ વિસ્તાર પામ્યું; તો હવે મ્હારે પણ દીક્ષા લેવી છે." ત્યારે ગુરુએ કહ્યું. "તો વિલંબ કરવો યોગ્ય નથી. કારણ કે, આ અસાર સંસારને વિષે

તપક્રિયા એજ સાર છે." પછી એ દંપતીએ પોતાના પુત્ર સિંહરથને રાજ્યભાર સોંપીને દીક્ષા ગ્રહણ કરી. પછી શીતળનાથ તીર્થંકરે પોતાના જન્મથી પવિત્ર કરેલે સ્થાને તેઓ તપશ્ચર્યા કરવા લાગ્યા. તપરૂપી અગ્નિથી પોતાના કર્મ સમૂહને ઘાસના પૂળાની પેઠે બાળી નાંખીને કેવળજ્ઞાન પામી પ્રાંતે મોક્ષ પ્રાપ્ત કર્યો. ઇતિ ઋષિદત્તાની કથા.

---

## પદ્માવતી.

આ કથા ઉદયન રાજાની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## અંજનાસુંદરી.

પોતાને પ્રાપ્ત થયેલી અતિશય આપત્તિ પણ માણસો અંજનાસુંદરીની પેઠે શુદ્ધ શીલના પ્રભાવથી એક ક્ષણમાત્રમાં ઉલ્લંઘી જાય છે.

આદિત્ય નામના નગરને વિષે પ્રહ્લાદ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો. તેને કેતુમતી નામની પત્નીની કુક્ષિએ પવનજય નામે પુત્ર થયો. તે બહુ વિદ્યા સાધતો હતો.

વળી એક બીજા માહેંદ્રપુર નગરમાં તે વખતે મહેંદ્ર રાજા રાજ્ય કરતો હતો. તેને હૃદયસુંદરી રાણીની કુક્ષિથી અંજનાસુંદરી નામે પુત્રી થઈ. અનુક્રમે વૃદ્ધિ પામી તે યૌવનાવસ્થાને પામી, ત્યારે તેણીને મહોત્સવ પૂર્વક પવનજય કુમાર વેરે પરણાવી; પણ પવનજયે કંઇ ગર્વના કારણથી તે મહાસતીની મનથી પણ સારસંભાળ ન કરી; તો વચન કે કાયાના વિષયની તો વાતજ શી કરવી? આમ થવાથી અંજનાસુંદરી તો દુઃખે કાળ નિર્ગમન કરવા લાગી.

એવામાં એકદા રાવણનો દૂત આવીને પ્રહ્લાદ રાજાને કહેવા લાગ્યો. "વરુણની સામે યુદ્ધ કરવા જવું છે, માટે મ્હારો સ્વામી તમને બોલાવે છે." તે ઉપરથી પવનજય ત્યાં જવાને ઉત્સુક થયો; ને માતાને નમન કરવા ગયો. જઇને માતાને ભક્તિ સહિત વંદન કર્યું; પણ પોતાને પાયે પડેલી અર્ધાંગનાની તેણે અવજ્ઞાજ કરી. પછી પવનજય તો સૈન્ય સહિત આકાશ માર્ગે ચાલ્યો. તે એક સરોવરે પહોંચ્યો, ત્યાં રાત્રીને વિષે ચક્રવાકથી વિયોગ પામેલી ચક્રવાકી રુદન કરતી હતી, તે જોઇને તેને પોતાની પત્ની સ્મરણમાં આવી. તે વખતે તેના એક મિત્રે તેનો ઉપહાસ કર્યો. તેજ વખતે પોતાની પ્રિયા પાસે આવીને, કામવિહ્વળ એવી તેણીનો સમાગમ કરીને તેણીને સુખી કરી. પ્રભાતે પતિ ફરી ચાલ્યો, ત્યારે પ્રિયાએ કહ્યું. "આપ અહિં આવી ગયા છો ને જો મ્હારો ગર્ભ વૃદ્ધિ પામશે, તો હું શો ઉત્તર આપીશ?" તે ઉપરથી તેણે તેણીને નિશાનીને અર્થે પોતાની મુદ્રિકા આપીને કહ્યું. "તું ભય રાખીશ નહીં; હું વૈરિને જીતીને પાછો આવું, ત્યાં સુધી સુખમાં રહેજે." એમ કહી તે પાછો પોતાની સૈન્ય પડી હતી ત્યાં ગયો; ને ત્યાંથી આગળ પ્રયાણ વધાર્યું.

હવે અહિં પાછળ અંજનાસુંદરીનો ગર્ભ વૃદ્ધિ પામ્યો. તે જોઇ તેણીની સાસુએ તેણીને તિરસ્કાર કરીને કહ્યું. "હે દુષ્ટા! આ કુળને વિષે કલંક લાવનારું ઉદરવૃદ્ધિ સ્વરૂપ વિષે તું શું કહે છે? કારણ કે, ત્હારો પતિ તો દેશાંતર ગયો છે." તે સાંભળીને સતી અંજનાએ પતિની આપેલી મુદ્રિકા બતાવી તેનાથીજ ગર્ભ રહ્યો છે, એ વાત કહી બતાવી. ત્યારે તો સાસુ વધારે કોપ કરીને કહેવા લાગી. "આવું અકાર્ય કરીને પોતાનો મનમાન્યો ઉત્તર કેમ આપે છે? ત્હારા એ કહેવા ઉપર મને વિશ્વાસ નથી." એવાં કર્કશ વચનો કહી, પતિને એ વાત નિવેદન કરી તેણીએ એક રથમાં બેસારી માહેંદ્રપુર મોકલાવી દીધી. તે તો બિચારી પિતાને ત્યાં ગઇ, પણ તેણે એવી દોષવાન્ પુત્રીને રાખી નહીં, પરંતુ એક વસંતતિલકા દાસી સહિત એને બહાર કાઢી મૂકી; એટલે તે અરણ્યને વિષે દુઃખમાં દિવસ કાઢવા લાગી.

ત્યાં રહેતાં રહેતાં તેણીએ એકદા એક તપસ્વીને જોયા. તેમને વંદન કરી ધર્મોપદેશ શ્રવણ કર્યો. પછી તેણીએ પ્રેરેલી દાસીને પૂછયું. "હે મુનિ! આ અંજનાસુંદરીએ એવું શું કર્મ કર્યું હશે, કે જેથી તેણીને આવું કલંક લાગ્યું?" મુનિએ કહ્યું. "દેવલોકથી એક દેવ ચ્યવીને તેણીને કુક્ષિને વિષે અવતર્યો છે, તે જન્મ પામીને પ્રાંતે મુક્તિગામી થશે. વળી સાંભળ, પૂર્વે કોઈક નગરને વિષે કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદરી નામે બે સ્ત્રીઓ હતી. લક્ષ્મીવતી પરમ અર્હંતની ભક્ત હતી. એકદા તેણીએ ભગવંતની પૂજા કરીને મૂકેલી અરિહંતની પ્રતિમાને કનકોદરીએ હરી લઇને ગુપ્ત સ્થાને મૂકી. પ્રતિમા ગૂમ થઇ જાણીને લક્ષ્મીવતી તો બહુ ખિન્ન થઇ, પણ એટલામાં કનકોદરીએ સાધ્વી પાસે પ્રતિમા હરણનું પાપ સાંભળીને પાછી તેને પૂર્વને સ્થાને મૂકી દીધી. પ્રાંતે ધર્મનો બોધ થવાથી તે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવી થઇ. ત્યાંથી ચ્યવીને એ કનકોદરી આ ત્હારી સખી અંજનાસુંદરી થઇ. પૂર્વ ભવમાં પ્રતિમા હરણ કરવાના પાપને લીધે તેણીને આવું દુઃખ ભોગવવું પડયું છે, પણ હવે તેનું કર્મ ઘણું ખરૂં ભોગવાઇ રહ્યું છે અને વળી હવે વધારે પુન્યકાર્ય કરે." તે સાંભળીને અંજનાસુંદરી વિશેષે ધર્મકાર્ય કરવા લાગી.

આમ રહેતાં રહેતાં અનુક્રમે તેણીને ગુફાને વિષે પ્રસવ થયો. તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. આવે વખતે તે રુદન કરવા લાગી. તે સાંભળીને પ્રતિસૂર્ય નામનો વિદ્યાધર ત્યાં આવ્યો. તેણે તેણીને પોતાની ભગિની સમાન ગણી. એમ ગણીને તે તેણીને તથા નવા પ્રસવેલા બાળકને વિમાનમાં બેસારી પોતાની સાથે લઇ ગયો. વિમાન આકાશ માર્ગે વેગ સહિત ચાલવા લાગ્યું, એવામાં માતાના ખોળામાંથી પુત્ર પડી ગયો. તે પડ્યો તે એક પર્વતના શિખર ઉપર પડયો, ને પડીને તેજ શિખરને ચૂર્ણ કરી નાંખ્યું. પછી પ્રતિસૂર્યે વેગથી બાળકને લઈ આવી સાજું ને તાજું તેની માતાને સોંપ્યું, ને કહ્યું કે, "તેણે તો પર્વતને ચૂર્ણ કરી નાંખ્યો છે," પછી તે તેમને પોતાને હનુરુહ નગરે લઇ ગયો, ને તેના જન્મ પછી તુરતજ તેને ત્યાં લઈ જવામાં આવ્યો, તેથી હનુરુહ નામ ઉપરથી તેનું હનુમાન્ એવું નામ પાડયું. એમ તે અનુક્રમે મામાને ઘેર વૃદ્ધિ પામવા લાગ્યો.

એવામાં અહિં રાવણની સાન્નિધ્ય કરીને પવનજય પોતાને નગર પાછો આવ્યો. ત્યાં તેને પોતાની સ્રીને કાઢી મૂકયાની ખબર પડી, તેથી તે શ્વસુરને નગરે ગયો. ત્યાં પણ તે ન હોવાથી તે વને વન ભમવા લાગ્યો. પણ તે ન મળવાથી તે બહુ શોકાકૂળ થયો. તે વખતે મિત્રે ઉપહાસ કર્યો. તે ઉપરથી તેણે તેને પ્રણામ પૂર્વક કહ્યું. "હે મિત્ર! જો એ સ્રી મને નહીં મળે તો મ્હારૂં મૃત્યુ થશે." આ વાત તે મિત્રે પ્રહ્લાદ રાજાને જણાવી. તે સાંભળી દુઃખી થયેલો પ્રહ્લાદ રાજા વિદ્યાધરોની સાથે અંજનાસુંદરીની શોધમાં ગયો. ભમતાં ભમતાં તેણે પોતાના અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયેલા પુત્રને જોઇને કહ્યું. "હે પુત્ર! આમ બાળક જેવો થઇ તું મરણ શરણ થા નહીં. એવું મરણ દુર્ગતિએ લઇ જાય છે. કહ્યું છે કે-ગળાને વિષે પાશ નાંખીને, વિષ ખાઇને, જળ કે અગ્નિમાં પ્રવેશ કરીને, તૃષા કે ક્ષુધા વેઠીને, અથવા પર્વત ઉપરથી ઝંપાપાત કરીને મૃત્યુ પામનારા જનો નરકગતિ પામે છે; ને શુભ ભાવ યુક્ત હોય છે તો વ્યંતર થાય છે." એવામાં પવનજય પ્રિયાના વિયોગથી દુઃખી થઈ અગ્નિ પ્રવેશ કરે છે, એવું સાંભળવાથી પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરી સહિત ત્યાં અકસ્માત્ આવી પહોંચ્યો. તેમને જોઇ સર્વ હર્ષ પામ્યા. પ્રતિસૂર્યના આગ્રહથી પ્રહ્લાદ, પવનજય આદિ રાજાઓ હનુરુહ નગરે ગયા. ત્યાંથી પછી સર્વ રાજાઓ પોત પોતાને નગરે ગયા. પવનજય તો પોતાના પુત્ર સહિત ત્યાંજ રહ્યો. હનુમાન પણ ત્યાંજ ઉછરવા

લાગ્યો, ને સૌ કોઈને હર્ષનું કારણ થઈ પડ્યો. કાળે કરીને તેણે બહુ વિદ્યાઓ સંપાદન કરી. એકદા વરુણના સંગ્રામને વિષે હનુમાનનું બળ જોઈને રાવણે પણ સંતુષ્ટ થઈ તેને પ્રસાદ કર્યો. પછી પવનજય પોતાની સ્ત્રી તથા પુત્રને લઈને પોતાને નગરે આવ્યો, ને માત પિતાના ચરણને વિષે નમ્યો. આ વખતે સીતાનું હરણ થયું હતું, તેથી હનુમાન જઈને રામને મળ્યો, ને તેને સીતાને લઈ આવવામાં પોતાના સર્વ બળથી સાન્નિધ્ય કરી. એ વાત સર્વની જાણીતી છે. તે રામને કહેવા લાગ્યો. "હે દેવ! હું શું કરૂં? કહો તો લંકાનેજ ઉપાડીને અહિં લઈ આવું; કહો તો જંબૂદ્વીપને લઈ આવું; કહો તો જળસાગરને પી જઉં; કહો તો વિંધ્યાચળને, ને કહો તો સુવર્ણપર્વતના શિખરને ઉપાડીને સમુદ્રને વિષે ફેંકી દઉં? ને (એમ કરીને) એ મહાસાગરને બાંધી લઉં. વળી કહો તો પાતાળથકી સુધારસ લઈ આવું; કહો તો ચંદ્રને પીડા કરીને અમૃત લઈ આવું; કહોતો ઉદય પામતા સૂર્યના કિરણોને નિવારૂં; ને કહો તો કીનાશ જે યમ તેને કણે કણે સૂર્ણ કરી નાખું." આ પ્રમાણે હનુમાને રામને બહુ બહુ કહ્યું છે એમ જાણવું.

પછી પવનજય, પુત્ર હનુમાનને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી પ્રાંતે મુક્તિપદ વર્યા; અંજનાસુંદરી પણ ચંદ્રસુરિ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી, કર્મ ક્ષય થવાથી મોક્ષે ગઈ અને અનુક્રમે હનુમાન પણ ચિરકાળ પૃથિવીનું પાલન કરી પોતાના પુત્રનો રાજ્યને વિષે અભિષેક કરીને શોદેવસૂરિ પાસે વ્રત લઈ મહા તપશ્ચર્યા કરતો થકો શત્રુંજય તીર્થે ગયો; ને ત્યાં કેવળજ્ઞાન સંપાદન કરીને મોક્ષ પામ્યો. ઇતિ અંજનાસુંદરીની કથા.

---

## શ્રીદેવી.

શ્રીપુર નગરને વિષે શ્રીધર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીદેવી નામની રાણી હતી. એકદા શ્રીધર રાજા પોતાની પ્રિયા સહિત ઉદ્યાનને વિષે ક્રીડા કરવા ગયો. ત્યાં કમળકેતુ નામનો વિદ્યાધર અકસ્માત્ શ્રીદેવીનું હરણ કરીને તેણીને પોતાને સ્થાને લઈ ગયો. પછી તે ભોગને માટે તેણીની પ્રાર્થના કરવા લાગ્યો. કહ્યું છે કે-પોતાને આધીન સ્ત્રી છતાં જે પુરુષ પરદારા સેવન કરે છે, તે જળથી ભરેલા પૂર્ણ તળાવને મૂકીને ઘડામાંથી જળ પીનારા કાક પક્ષી જેવો સમજવો. વળી જે પુરુષે પરસ્ત્રી સામું જોયું, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો, સમાને છાર દીધો ને પગલે પગલે માથાકાંકણું કર્યું સમજવું.

શ્રીદેવી પણ પોતાના કાન બંધ કરીને કહેવા લાગી કે, "હે વિદ્યાધર! એમ ન બોલ. કારણ કે, પરસ્ત્રીના ગમનથી તો નરકમાં પડવું પડે છે. વળી શીળ છે તે સ્વર્ગના સુખને અર્થે થાય છે. કહ્યું છે કે-જે પુરુષ બ્રહ્મચર્ય વ્રત પાળે છે, તે પુરુષને વિમાનવાસી દેવતાઓ, જ્યોતિષી દેવતાઓ, ભુવનપતિ દેવતાઓ, દેવતાના ગવૈયા ગાંધર્વ દેવતાઓ, વૃક્ષમાં રહેનારા યક્ષો, માંસ ખાવામાં તત્પર એવા રાક્ષસો અને વ્યંતર જાતિના કિન્નર દેવતાઓ; એ સર્વે નમસ્કાર કરે છે." ઇત્યાદિ વચનથી પ્રબોધ પમાડેલા વિદ્યાધરે ફરી તેણીને શ્રીપુર નગરને વિષે મૂકી.

એકદા કોઈ દેવતાએ આવીને શ્રીદેવીને કહ્યું. "હું ત્હારો અર્થી છું, માટે મારી સ્હારી સાથે, કે જેથી કરીને ત્હારૂં કુશળ થાય." શ્રીદેવીએ કહ્યું. "તું દેવ છે અને હું માણસ છું, તો આપણો પ્રેમ શી રીતે થાય? વળી હું પ્રાણનો નાશ થાય તોપણ પોતાના પતિ વિના અન્ય પુરુષની ઇચ્છા કરતી નથી." શ્રીદેવીનાં આવાં વચન સાંભળી પ્રસન્ન થએલો દેવ "તું મહાસતી છે" એમ કહી પોતાને સ્થાને ગયો. શ્રીદેવી પણ મૃત્યુ પામીને પાં

ગએ દેવલોકે ગઇ. ત્યાંથી ચ્યવીને તેણીનો જીવ વીરપુર નગરને વિષે ભદ્રશ્રેષ્ઠીના મદન ન
મના પુત્રપણે ઉત્પન્ન થયો. અનુક્રમે તેણે ગુરુ પાસે ધર્મ સાંભળી દીક્ષા અંગીકાર કરી
યોગ્ય રીતે પાળી. પછી કર્મ ક્ષીણ થવાથી તે મુક્તિને પામ્યો. ઇતિ શ્રીદેવીની કથા.

## જ્યેષ્ઠા.

જે પ્રાણી મન વચન કાયાએ કરીને શુદ્ધ શીળવ્રત પાળે છે, તે જ્યેષ્ઠાની પેઠે કલ્યા
ણકારી એવી સુખ સંપત્તિ પ્રાપ્ત કરે છે.

કુંડગ્રામને વિષે સિદ્ધાર્થ રાજા ન્યાયમાર્ગે પૃથ્વીનું પાલન કરતો હતો. તેને ત્રિશલા ના
મે પટ્ટરાણી હતી. તેણીએ શુભ સ્વપ્ને સૂચિત એવા એક પુત્રને શુભ દિવસે જન્મ આ
પ્યો. તેનો જન્મોત્સવ કરીને તેનું નંદિવર્દ્ધન એવું નામ પાડ્યું. એ અનુક્રમે વૃદ્ધિ પા
મ્યો એટલે એણે પંડિતો પાસે શસ્ત્રશાસ્ત્ર કળાઓનું અધ્યયન કર્યું. કાળાંતરે ત્રિશલાએ
ચૌદ સ્વપ્ને સૂચિત એવો એક પુત્ર પ્રસવ્યો. તેનો ઇંદ્રાદિ દેવતાએ જન્મ મહોત્સવ ક
ર્યો, ને તેનું માત પિતાએ વર્દ્ધમાન એવું નામ પાડ્યું.

એ જ વખતે વિશાળા નગરીને વિષે ચેટક રાજા રાજ્ય કરતો હતો. તેને જ્યેષ્ઠા નામ
ની રૂપ લાવણ્ય ગુણોએ યુક્ત એવી એક પુત્રી હતી. એકદા તેણે પોતાના મંત્રીને પૂછ્યું:
"આ કન્યા આપણે કોને આપીશું ?" તેણે ઉત્તર આપ્યો. "કુંડગ્રામના સિદ્ધાર્થ રાજાનો પુત્ર નં
દિવર્દ્ધન છે, તે આપણી કન્યાને યોગ્ય વર છે." મંત્રીનું આવું કહેવું સાંભળીને રાજાએ
દૂત મોકલી સિદ્ધાર્થ રાજાને કહેવરાવ્યું કે, "મ્હારે એક કન્યા છે, ને આપને એક પુત્ર છે;
તેમનો વિવાહ કરીએ." આ વાતની સિદ્ધાર્થ નૃપતિએ હા કહી, તેથી નંદિવર્દ્ધનને જ્યે
ષ્ઠાનું પાણિગ્રહણ કરાવ્યું.

એકદા જ્યેષ્ઠા શ્રી વર્દ્ધમાનસ્વામી પાસે ધર્મ શ્રવણ કરવા ગઇ હતી, ત્યાં ભગવંતે
ઉપદેશ દીધો કે, "ધર્મ થકી સત્કુળને વિષે જન્મ, શરીરે પટુતા, સૌભાગ્ય, દીર્ઘ આયુષ્ય,
બળ, નિર્મળ યશ, વિદ્યા અને ધનની સંપત્તિ મળે છે. વળી અંગીકાર કરેલો ધર્મ મહા આરણ્ય
થકી, મહા ભય થકી નિરંતર રક્ષણ કરી અંતે સ્વર્ગ અને મોક્ષ આપે છે." ઇત્યાદિ ધર્મો
પદેશ સાંભળી જ્યેષ્ઠાએ સમકિત મૂળ બાર વ્રત સંયુક્ત ધર્મ અંગીકાર કર્યો. એકદા દે
વતાની સભાને વિષે શક્રેંદ્રે કહ્યું. "જ્યેષ્ઠાને દેવતાઓ ચળાવે, તોપણ તે પોતાના શીળવ્ર
તથી ચળે તેવી નથી." શક્રેંદ્રનું આવું કહેવું સાંભળીને કોઇએક દેવ તેને ચલિત કરવા
ને દેવીની પાસે આવ્યો, ને તેણીનું હરણ કરીને તેણીને વનમાં લઇ જઇ મૂકી. ત્યાં તે
[illegible] વૈરીથી ક્ષેમ પણ થતી નહીં. પેલા દેવતાએ ત્યાં બહુ ફરતી, બગીચા, વાવડી આ
દિથી એક મહા મનોહર વિકુર્વીને પછીને કહ્યું. "હે મૃગનયના! તું અહિં એકલી છે માટે
મ્હારી આવી [illegible] તો મ્હારી પત્ની થા. નહિં, તેમ કરવાથી બહુંજ સુખ થશે." પ
ણ જ્યેષ્ઠાએ તે કાનને વિષે આંગળી નાંખીને કહ્યું. "આકાશમાંથી દેવકુમાર આવે તોપ
ણ હું મ્હારો અંગીકાર કરેલો પતિ ત્યજીને અન્ય સાથે ક્રીડવાની નથી." પેલા દેવતાએ
કહ્યું. "તું અહિં એકલી છે, માટે જો તું મને અત્યાદરથી અંગીકાર કરીશ તો પછી હું
શું કરીશ?" [illegible] કહ્યું. "જો તું મને વશ કરીશ તો તને આનંદના આપીશ." એમ ઘ
ણીએ બહુ બહુ કહ્યા છતાં જ્યેષ્ઠા ચલિત થઇ નહીં. એટલે તે દેવ [illegible] થયો ને કહેવા
લાગ્યો "હે સુંદરી! તને ધન્ય છે, તું વિશ્વ [illegible]" એમ તેણીની સ્તુતિ કરીને તે દેવ
[illegible] ત્યાં [illegible] કહ્યું. "હે [illegible]! આ [illegible] પછી [illegible]

ની છે; મેં એને શીળવ્રતથી ચળિત કરવાને બહુ પ્રયત્ન કર્યા છતાં પણ એ ચળી નથી.” એમ કહીને એ દેવ સ્વર્ગમાં ગયો. અનુક્રમે તે જ્યેષ્ઠાએ વર્દ્ધમાનસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી સર્વ કર્મ ક્ષીણ થયેથી મુક્તિ પ્રાપ્ત કરી. ઇતિ જ્યેષ્ઠાની કથા.

## સુજ્યેષ્ઠા.

નિરંતર ભાવ સહિત જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ કરનારો ભવિક જન, સુજ્યેષ્ઠાની પેઠે અક્ષય સ્થાન (મોક્ષ) પ્રાપ્ત કરે છે.

વિશાળા નગરીને વિષે ચેટક રાજા રાજ્ય કરતો હતો. તેને સુજ્યેષ્ઠા અને ચિલ્લણા નામે બે પુત્રીઓ હતી. તેમને પરસ્પર પ્રીતિ સારી હતી. ચિલ્લણાને પ્રપંચ કરીને શ્રેણિક પરણ્યો હતો, તેથી ચિલ્લણાનો વિરહ થવાથી સુજ્યેષ્ઠાએ વૈરાગ્ય ધારણ કરી શ્રી ચંદનબાળા ગુરૂણી સન્મુખ વ્રત ગ્રહણ કર્યાં; ને તેને વિષે તે અતિ તપશ્ચર્યા કરવા લાગી. પછી તે ક્યારેક વસતીની અંદર (ઉપાશ્રયની અગાશીમાં) ગુપ્ત રીતે તડકે રહીને આતાપના કરતી છતી જિનેશ્વરના શાસનની ઉન્નતિ વધારતી હતી.

એવામાં એક પેઢાળ નામનો સિદ્ધ અને અવ્રત વિદ્યાધર હતો, તે વિદ્યાના અભ્યાસ પારને પહોંચ્યો હતો. સમસ્ત સંવરમાં લીન અને નિઃસંગ એવો તે બ્રહ્મજ્ઞાનનો અજ્ઞ તેમજ સર્વ વિદ્યાઓનો પાત્ર હતો. એ પેઢાળ એકદા આકાશને વિષે વિમાનમાં બેસીનેજતો હતો, તે વખતે તેણે સુજ્યેષ્ઠા સાધ્વીને તપશ્ચર્યા કરતી જોઈ. તેણીને જોઈને તે મોહિત થયો. તેથી તેણે ભ્રમરનું રૂપ લઈને, આતાપના લેતી સુજ્યેષ્ઠાની યોનિને વિષે પ્રવેશ કરી પોતાનું વીર્ય મૂક્યું.

અનુક્રમે સુજ્યેષ્ઠાને ગર્ભ રહ્યાની બીજી અન્ય સાધ્વીઓને ખબર પડવાથી તેઓ તેણીને કહેવા લાગી. “અરે પાપિણ! તેં આવું અકાર્ય કેમ કર્યું?” તેણીએ ઉત્તર આપ્યો. “અરે મહાસતિ! મેં ક્યાંય પણ મનવડે શીળ ખંડિત કર્યું નથી; તો શરીરથી તો ક્યાંથીજ કર્યું હોય?” તે ઉપરથી તે સાધ્વીઓએ જ્ઞાનીને પૂછ્યું. “હે ભગવન્! આ સતી છે કે અસતી છે?” તેમણે જ્ઞાનવડે ઉત્તર આપ્યો. “આ સાધ્વી સર્વ સતી સ્ત્રીઓને વિષે મુખ્ય છે. કોઈ વિદ્યાધરે એની યોનિને વિષે પોતાનું વીર્ય ગુપ્ત રીતે મૂક્યું છે, તેની એને ખબર નથી.” પછી અનુક્રમે એને પુત્ર પ્રસવ્યો, તે શ્રાવકને ઘેર વૃદ્ધિ પામ્યો. તેનું સત્યકી એવું નામ પાડ્યું.

તે સત્યકી એકદા સાધ્વીઓની સાથે શ્રી વીર પ્રભુ પાસે ગયો. સાધ્વીઓએ પ્રભુને પ્રણામ કર્યા, તે સમયે કાળસંદીપન નામના વિદ્યાધરે સમવસરણને વિષે પ્રભુને પ્રશ્ન કર્યું. “હે પ્રભુ! મને હણનાર કોણ થશે?” પ્રભુએ કહ્યું. “અહિં સત્યકી છે, તેનાથી ત્હારૂં મૃત્યુ થશે.” તે ઉપરથી તે કાળસંદીપન મનને વિષે વિચારવા લાગ્યો. “અહો! કૌતુક છે! કે, આ બાળક મને હણશે!!” પછી સાધ્વીઓથી લાલન પાલન કરાતો તે બુદ્ધિમાન્ સત્યકી કાને સાંભળીને અગીઆર અંગ શીખ્યો. વળી પૂર્વ જન્મના તીવ્ર સંસ્કારથી તેણે અનેક વિદ્યાઓનો પણ અર્થ સહિત અભ્યાસ કર્યો. તેથી અત્યંત પ્રસન્ન થયેલા દેવતાએ તેને કહ્યું. “તું કેવળ રોહિણી વિદ્યાનું સાધન કર; તે રોહિણી સિદ્ધ થશે એટલે અમે સાનિધ્ય થઈશું.” તે સાધતાં ત્હારા સાત ભવ થયા છે. તે વિદ્યાનું સાધન કરવાથી તને પાતકી કહીને પાંચ ભવને વિષે તો હણ્યો હતો; છઠ્ઠા ભવને વિષે ત્હારૂં આયુષ્ય છ માસ બાકી હતું, ત્યારે એ વિઘ્ન દૂર કરનારી રોહિણી પ્રસન્ન થઈ હતી, પણ ત્હારૂં સ્વલ્પ આયુષ્ય હોવાથી

તેં એને અંગીકાર કરી નહોતી. હવે તે આ ત્હારા સાતમા ભવને વિષે પ્રસન્ન થશે." ર
તાનાં આવાં વચન સાંભળીને, સત્યકીએ પોતાનો દેહ દહન કરવાને એક ઉંચી ચિતા નિ
જાવી, ને તેને વિષે રહીને બોલવા લાગ્યો. "હું રોહિણી વિદ્યા સાધવાને અર્થે ચિતા
બળું છું, માટે તે વિદ્યા મને સિદ્ધ થાઓ." પછી અગ્નિથી જ્વળતી એવી ચિતાને વિ
તે અંગૂઠે કરીને વિદ્યાનું સ્મરણ કરવા લાગ્યો અને ફરી ફરી મંત્રનો જાપ કરવા લાગ્યો.
વખતે પેલા કાળસંદીપન વિદ્યાધરે આવીને ચિતાને વિષે બહુ કાષ્ઠનો ભાર ભર્યો; એટ
કે સત્યકી ઝટ ભસ્મ થઈ જાય. આમ તે વિદ્યાધર વિઘ્ન કરતે છતે, સાતમે દિવસે એ
ધા દેવતાએ પ્રકટ થઇને તે વિઘ્ન કરનારને નિવાર્યો, ને સત્યકીને કહ્યું. "ત્હારૂં એક અં
મને ત્હારે વિષે પ્રવેશ કરવાને બતાવ એટલે તે માર્ગે હું ત્હારા દેહને વિષે પ્રવેશ કરૂં."
ત્યકીએ તે ઉપરથી પોતાનું કપાળ બતાવ્યું એટલે તે રસ્તે તે દેવતાએ તેના દેહને વિષે પ્ર
શ કર્યો. તે ઉપરથી તે વખતે તેને ત્રીજું નેત્ર થયું, ને તે ત્રિનેત્રી એવા નામથી પ્રસિદ્ધ
યો. પછી તેણે પોતાની બ્રહ્મનિષ્ઠ માતાને કલંકિત કરનાર એ વિદ્યાધરને જાણીને તેણે હ
વાનો વિચાર કર્યો. વિદ્યાથી બળિષ્ટ એવો તે સત્યકી સદા કાળસંદીપનને હણવાને ભમ
લાગ્યો, તેથી કાળસંદીપન ભયલિત થઇને પોતાના ત્રણ નગરને દૃઢ કરીને ત્યાં રહ્યો. તે ત્ર
નગરને સત્યકીએ પોતાની વિદ્યાથી બાળી નાંખ્યાં. તેથી તે વિદ્યાધર ત્યાંથી નાસીને સમુદ્ર
પેસીને રહ્યો. ત્યાં રહેલા એવા તેને પણ સત્યકીએ હણ્યો; એટલે તે નરકને વિષે ગયો.

અનુક્રમે સત્યકી તો પોતાના વિદ્યા બળથી અનેક તપસ્વીઓની પત્ની સાથે પણ સે
ગ ભોગવવા લાગ્યો; તેમાં જો કોઈ વિરોધ કરે, તો તેણીને બાળીને ભસ્મ કરી નાંખે. અ
વો શ્રીલંપટ તે જે જે સ્ત્રીને દેખે, તેણીને ભોગવે. વળી તે ભિક્ષુકનો વેષ લઈ ફરવ
લાગ્યો. એકદા વિદ્યાની સહાયથી પુષ્પકેતન વિમાન નિપજાવીને તે તેમાં આરૂઢ થઈ આ
કાશમાર્ગે ચાલ્યો, તેને નંદીશ્વર અને નંદી નામના બે મિત્ર થયા. પછી ઉજ્જયિની જઈ ત્ય
ના ચંડપ્રદ્યોતન નામના રાજાની એક શિવા નામની રાણી સિવાય બીજી સર્વ રાણીએ
સાથે તેણે વિષયસુખ ભોગવ્યું. એવું જાણીને રાજાએ તેનો વધ કરવાને જુદા જુદા માણ
સોને પૂછ્યું. એને ઉમા નામની વેશ્યાએ તેનો વધ કરવાનું બીડું ગ્રહણ કર્યું. "હું તેને
હણવાના વિષયમાં સમર્થ છું" એમ કહીને તે ગવાક્ષને વિષે જઇને ઉભી. ત્યાં પે
લા વિમાનમાં બેઠેલા સત્યકીએ તેણીને દીઠી. એવી સ્વરૂપવતીને જોઇને તે કામાતુર થયો;
તેથી તેણીને પોતાના વિમાનમાં બેસારીને લઇ ગયો ને એની સાથે વિષયસુખ ભોગવ્યું.
તેણીએ પાંચ બાણ મૂક્યાં, તે સત્યકીએ ગ્રહણ કરી લીધાં અને તે પાંચ બાણથી તેણે
જગત્‌ને વશ કર્યું.

આ વેશ્યાની સાથે તો સત્યકી બહુ સમય સુધી રહ્યો. એકદા ઉમાએ તેને વિશ્વાસ
ભરી રીતે પૂછ્યું. "આપની આ વિદ્યા નિરંતર આપની પાસે રહે છે? કે અન્ય કોઈની
પાસે રહે છે?" પેલાએ સત્ય કહી દીધું કે, "રતિસમાગમના સમય વિના અન્ય સમયે તે
મ્હારી પાસે રહે છે." આ વાત સાંભળીને ઉમા ગણિકાએ તે પ્રચ્છન્ન રીતે રાજાને જણા
વી કે, "જ્યારે એ સત્યકી મ્હારી સાથે ભોગ ભોગવે છે, ત્યારે એ પોતાની વિદ્યાને ખડ્ગ
ને વિષે મૂકે છે; માટે જો કોઇ એનો એ વખતે ઘાત કરે, તો તે મૃત્યુ પામે; અન્યથા તે કો
ઇથી હણાય તેમ નથી." એ સાંભળીને રાજાએ પોતાનો એક સેવક જે ગર્ભાં પત્રનો છેદ
નારો હતો, તેને તે સત્યકીનો ઘાત કરવાનો આદેશ કર્યો. તેણે એમ કહ્યું કે, "ત્હારે સ
ત્યકીને ખડ્ગવડે એવી રીતે હણવો કે, વેશ્યાને લેશ માત્ર વિઘ્ન આવે નહીં." પેલા સેવકે
કહ્યું. "હે રાજન્! એ સત્યકીને એવી રીતે હણીશ કે, ઉમા ગણિકા સાથે હણાય નહીં."

કહ્યું. "હે રાજન્! એ સત્યકીને એવી રીતે હણીશ કે, ઉભા ગણિકા સાથે હણાય નહી."

પછી પેલી વેશ્યા સત્યકી પાસે ગઈ. ત્યાં સત્યકીએ તેણીની સાથે સમાગમ કરવાની ઈચ્છાથી પોતાની રોહિણી વિદ્યાને પોતાના ખડ્ગને વિષે મૂકી. એમ કરી તે ગણિકા સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. તે વખતેજ પેલા સેવકે આવીને તેનો ઘાત કરવા માંડ્યો. અન્ય સુભટોએ તે વખતે તેને કહ્યું. "એનો એવી રીતે પાર લાવજે કે, જેથી એ એકલો જ મૃત્યુ પામે." એ ઉપરથી તેણે તેને ગણિકા પાસેથી ખેંચી લઈને વધ કર્યો! એ વાત જાણીને એ સત્યકીના મિત્ર નંદીશ્વરે ચંડપ્રદ્યોતન રાજાને કહ્યું. "તમે આ મ્હારા મિત્રનો ઘાત કર્યો છે, માટે હું આ શીલાથી તમારો તથા તમારા નગરનો સામટો વધ કરૂં છું." તે સાંભળીને ચંડપ્રદ્યોતન રાજા બોલ્યો. "એ શિલાને મૂકી દે; તું કહીશ તેમ હું કરીશ." નંદીશ્વરે કહ્યું. "મ્હારા સ્વામીને તમે જેવી અવસ્થામાં હણ્યા છે, તેવીજ અવસ્થામાં તેના પરિવાર સહિત પ્રાસાદને વિષે જો તેની પૂજા કરો, તો હું આ શિલા મૂકી દઉં." પછી ચંડપ્રદ્યોતને તે પ્રમાણે કર્યું. તે વખતે નંદીશ્વરે પોતાના સ્વામીની ગામે ગામ અને નગરે નગર પૂજા કરાવી. તે અદ્યાપિ પર્યંત લોકો તેની તે પ્રમાણે પૂજા કરે છે.

અહિં મહાસતી સુજયેષ્ઠા શ્રી વીર પ્રભુના ઉપદેશથી નાનાવિધ તપશ્ચર્યા કરતી અનુક્રમે કર્મ ક્ષય થયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ પામી. ચંડપ્રદ્યોતન રાજાની સ્ત્રી શિવા પણ શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા લઈને કર્મ દહન કરી મોક્ષે ગઈ. ઇતિ સુજયેષ્ઠાની કથા.

## મૃગાવતી.

જે પ્રાણી પોતાનાં તેમ અન્યનાં ગર્હિત એવાં અનિષ્ટ કર્મની નિંદા કરે છે, તે મૃગાવતીની પેઠે અદ્ભૂત એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

સાકેતન નગરને વિષે સુરપ્રિય નામનો યક્ષ હતો. ત્યાંના લોકો પ્રતિવર્ષે તેની યાત્રાને દિવસે તેનું વિચિત્રરૂપ ચિતરતા. તે યક્ષ પછી તે ચિતારાનેજ હણતો. જો તેનું ચિત્ર ન ચિતરવામાં આવતું તો, તે આખા વર્ષ સુધી નગરના લોકોને હણતો. આમ ચિતારાનો વધ થવાથી તેમનું આખું કુટુંબ ત્યાંથી નાસી ગયું. એટલે એવા દુષ્ટ યક્ષની બ્હીકે, રાજાએ પોતાના સુભટોને મોકલીને પેલા ચિત્રકારોને તેડાવ્યા, ને તેમના સર્વનાં નામની ચીઠ્ઠીઓ લખીને તે સર્વ એક કુંભને વિષે નાંખી; ને જેનું નામ નીકળે, તે યાત્રાને દિવસે ચિત્ર આળેખે ને યક્ષ તેને હણે; એવો ઠરાવ કર્યો. આમ કરતાં બહુ દિવસ વ્યતીત થયા.

એવામાં એક દિવસે કૌશાંબી નગરીથી કોઇ પુરુષ ચિત્રવિદ્યા શીખવા માટે ત્યાં આવ્યો. તે એક વૃદ્ધા ચિત્રકારની સ્ત્રીને ત્યાં પોતાનું નામ ફેરવીને ઉતર્યો. એવામાં તે વૃદ્ધાના પુત્રના નામની ચીઠ્ઠી લઇને યમદૂત જેવા રાજસેવકો આવ્યા, તે જોઈ તે વૃદ્ધા પોતાનું મસ્તક કૂટતી છતી રુદન કરવા લાગી. તે જોઈ કારણ જાણી લઇ વિદેશી ચિત્રકાર કહેવા લાગ્યો. "હું યક્ષ ચિતરવા જઇશ, ને એવા આરાધન સહિત તે કાર્ય કરીશ કે, મ્હારા આરાધનને વિષે દક્ષબુદ્ધિવાળો થઇ કાળ પણ મને મારી શકશે નહીં." આમ તે વૃદ્ધાને સમજાવીને છઠ્ઠનો તપ કરી પવિત્ર થઇ તે યુવાન પર્વને દિવસે યક્ષને મંદિરે ગયો. ત્યાં તેણે ઉત્તમ ચંદન, કસ્તૂરિ આદિથી સુગંધિત કરેલા એવા નવા નવા રંગવડે તથા નવી નવી પીંછીઓવડે યક્ષનું ચિત્ર આળેખ્યું, ને તેની પૂજા કરી. પછી મન વચન કાયાથી આત્મા પ્રત્યે સંચરીને એકામ ચિત્તે તેની સન્મુખ ઉભો રહી, અંજળિ જોડી કહેવા લાગ્યો. "હે યક્ષાધિરાજ! મેં આપને આળેખ્યા છે, તેમાં મ્હારાથી કંઇપણ અયુક્ત થયું હોય તો તે આપ ક્ષમા

રા ઉપર પ્રસન્ન થઇને ક્ષમા કરજો. તમેજ ત્રણ જગતના જીવોનું હિતકર્તા છો, તથા તેમ
ને સુખકારક છો. તમે સંતુષ્ટ થયે કોણ શુભ નથી પામતું ?" તે ચિત્રકારનાં એવાં વચ
ન સાંભળીને યક્ષ તુષ્ટ થયો ને બોલ્યો. "હે ચિત્રક ! હું તુષ્ટ થયો છું; વર માગ." ચિત્ર
કાર બોલ્યો. "જો તમે તુષ્ટ થયા હો તો, હવે પછી તમારે આવો નરક ગતિમાં લઇ જ
નારો પ્રાણઘાત કરવો નહીં. કહ્યું છે કે-જીવની હિંસા કરવાથી પ્રાણી નરકનાં દુઃખ પામે
છે, અને જીવની દયા પાળવાથી સ્વર્ગનાં સુખ પામે છે." આવાં આવાં વચનો સાંભળીને હર્ષ
પામેલો એવો યક્ષ કહેવા લાગ્યો. "હવે પછી હું જીવહિંસા નહી કરૂં; પણ આતો તેં મારૂં હિ
ત કરવા તથા પરોપકારને અર્થે માગ્યું; પણ હવે ત્હારે પોતાને અર્થે વર માગ." ત્યારે ચિત્રકાર
બોલ્યો. "હે યક્ષ ! તમે આ મારીનો ઉપદ્રવ શીઘ્ર નિવારો, એજ મને હર્ષ થઇ પડ્યો છે. એ
થી વધારે હું શું માગું ?" આમ આમ તો તેને નિસ્પૃહી તથા પોતાના ઉપર ઉપકાર કરનારો
જાણી વધારે હર્ષ પામી યક્ષ બોલ્યો. "તોપણ તું ત્હારૂં કંઇ પણ વાંછિત માગ." તે ઉપરથી ચિ
ત્રકાર બોલ્યો. "જો તમે મ્હારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો, તો મને એટલું આપો કે,
કોઇ મનુષ્યના શરીરનો કોઇ પણ ભાગ મ્હારી દૃષ્ટિએ પડે તો, તેના શરીરનું આખું રૂપ
હું ચિતરી શકું." યક્ષે કહ્યું. "એમજ થાઓ." ત્યારે હર્ષ પામી યક્ષને નમીને તે ચિત્ર
કાર નગરમાં ગયો. રાજા પ્રજા સર્વેએ એ ચિત્રકારને યક્ષે વરદાન આપ્યું, એ આદિ બી
ના કર્ણાકર્ણ જાણી હતી, તેથી એને જોઇ પ્રમોદ પામ્યા; ને નગરને વિષે મહોત્સવ કર્યો.

એકદા અનુક્રમે એ ચિતારો સતાનિક રાજાની કોશાંબી નગરીએ ગયો, ને ત્યાં જઇ
રાજાને મળ્યો. તેણે એને પોતાની ચિત્રશાળા ચિતરવા આપી. તેમાં તેણે નાના પ્રકારનાં
જાનવર વાઘ, હંસ, મૃગ, શિયાળ પ્રમુખ આળેખ્યાં. એવામાં એકદા ગવાક્ષને વિષે રહે
લી નૃપપત્ની મૃગાવતી જે ચેટક રાજાની પુત્રી થતી હતી, તેણીના ચરણનો અંગુઠો, એ ચિ
ત્રકારને જાળીમાંથી નજરે પડ્યો. તે અંગુઠો જોવા માત્રથી તેણે તો, યક્ષના આપેલા વ
રદાનથી તે રાણીનું સર્વ ચિત્ર આળેખ્યું. તે જેવું હતું તેવુંજ આળેખાયું. તેણીના સા
થળના ભાગ ઉપર તિલનો ડાઘ હતો, તે ડાઘ પણ ચિત્રમાં પડ્યો; પણ તે ડાઘ ચિતા
રાએ ટાળી નાંખ્યો. તોપણ ફરી એ ડાઘ પડ્યો. ફરી ટાળી નાંખ્યો; પણ એ જતો ને
વારંવાર પાછો પડતો. તેથી ચિંતાતુર એવો તે ચિત્રકાર વિચાર કરવા લાગ્યો. "આ મ
ષીના ડાઘને હું ફરી કાઢી નાંખુ છુ, છતાં નિર્દોષ જનની ઉપર વિપતિ નાંખવાને, એ
પાછો પડે છે; માટે હું એમ માનું છું કે, રાણીની સાથળના ભાગ ઉપર એવું લાંછન હ
શે." ત્યાર પછી રાજાએ મૃગાવતીનું ચિત્ર જોઇને હર્ષ પામ્યો, છતાં સાથળે રહેલું બિંદુ
જોઇને ક્રોધ પામ્યો. એણે વિચાર્યું. "આ ચિતારો દુષ્ટ માલુમ છે, એણે મૃગાવતીને જો
ઇ હશે; નહિ તો તેણીની સાથળ ઉપર રહેલું એ બિંદુ એ કેમ જાણે ?" એ
ઉપરથી રુષ્ટ થઇ રાજાએ તેને હણવાનો આદેશ કર્યો; તે વખતે અન્ય ચિતારાઓ આવી
ને રાજાને કહેવા લાગ્યા. "હે સ્વામી ! એને યક્ષે વરદાન આપ્યું છે, એ ઉપરથી તેણે
એવું રૂપ આળેખ્યું છે. એ નિર્દોષ છે." પછી રાજાએ તેની નિશાનીમાં તેને કુબ્જા દા
સીનું મુખ દેખાડી તેણીનું આખું રૂપ ચિતરવા આપ્યું. તો તે તાદૃશ તેવુંજ આળેખા
યું. આવું જોતાં છતાં પણ રુષ્ટ થએલા રાજાએ તેની એક આંખ ફોડવાનો આદેશ ક
ર્યો. તે ઉપરથી કોપને લીધે એ ચિતારો ચિંતવવા લાગ્યો. "આ રાજાને ધિક્કાર છે !
કે જેણે મને વૃથા આવી અવસ્થાએ પહોંચાડ્યો ! માટે હવે મ્હારે એવું કરવું કે, જે
થી એને એની રાણીનો વિયોગ થાય." એમ વિચારી તે મૃગાવતીનું રૂપ એક પટ
ઉપર આળેખીને તે તેણે તેના વૈરી અવંતી નગરીના સ્વામી ચંડપ્રદ્યોતનને બતા

ળ્યું. પટ ઉપર આળેખેલું તે રૂપ જોઈ ચમત્કાર પામી મસ્તક ધૂણાવતાં તેણે પૂછ્યું. "આ કોની છબિ છે?" ચિતારાએ કહ્યું. "સતાનિક રાજાની રાણી મૃગાવતીની." એ સાંભળી ચંડપ્રદ્યોતને વિચાર્યું. "એ મૃગાવતી બળે કરીને પણ મેળવવા યોગ્ય છે." પછી તેણે સતાનિક રાજા પાસે વજ્રજંઘ નામે પોતાનો દૂત મૃગાવતીને યાચવા સારૂ મોકલ્યો. દૂતે ત્યાં જઈને કહ્યું. "ચંડપ્રદ્યોતન રાજા મૃગાવતીને યાચે છે. તેણે કહેવરાવ્યું છે કે, સીસાની સાથે રહેલો મણિ જેમ ઓપતો નથી, તેમ ત્હારી સાથે રહેલી મૃગાવતી શોભતી નથી; માટે ઝટ એણીને અમારી પાસે મોકલી દેવી; કારણ કે, મુકુટ તો મસ્તક ઉપરજ શોભે. ચરણે નહીં. વળી જીવિતવ્ય અને રાજ્ય રાખવું હોય તો મૃગાવતીને આપી દે; સર્વનો નાશ થતો અટકાવવાને વિચક્ષણ જનોએ એક વસ્તુનો નાશ થવા દેવો."

આ સાંભળીને સતાનિક રાજા બહુ કોપાયમાન થઇને બોલ્યો. "મ્હારી વતી ત્હારા રાજાને જઇને કહે કે, જેમ સીસાની સાથે મણિ શોભે નહીં, તેમ ત્હારી સાથે મૃગાવતી શોભે નહીં; માટે તે અહિં ભલે રહી. મુકુટ મસ્તક ઉપરજ શોભે છે; ચરણે નહીં. ત્હારા અંતઃપુરનો વિચાર કરીને ત્હારૂં રાજ્ય તથા જીવિતવ્ય બચાવ. વિચક્ષણ પુરુષોએ અલ્પ ભાગના નાશને અર્થે, સર્વનો નાશ અટકાવવો." આવું તેનું કહેવું દૂતે ચંડપ્રદ્યોતનને જઇને કહ્યું. તે ઉપરથી તેણે ચૌદ રાજાઓ સહિત પ્રયાણ કર્યું. માર્ગને વિષે તેણે ગ્રીષ્મ ઋતુની પેઠે જળાશયોને શોષવી નાંખ્યાં અને પ્રચંડ પવનની પેઠે ધૂળથી સર્વ આકાશ આચ્છાદિત કરી નાંખ્યું. તેને આવતો જાણી સતાનિક રાજા સજ્જ થઈ સેના લઇને સામો ગયો. કેટલીક વાર સુધી યુદ્ધ ચાલ્યું, પણ વૈરિની મ્હોટી સેના જોઈ સતાનિક રાજા અતિસારના રોગથી અકસ્માત્ મૃત્યુ પામ્યો. તે વખતે સ્વામીને મૃત્યુ પામેલો જોઇ મૃગાવતીએ વિચાર્યું. "મ્હારો પુત્ર હજુ બાળક છે, ને વૈરિ તો બળવાન્ છે; વળી મ્હારા સ્વામી સ્વર્ગે ગયા છે, તો હવે મ્હારે મહા પ્રયાસે પણ શીળનું રક્ષણ કરવું જોઇએ." પછી તેણીએ પોતાના સ્વામિનું પ્રેતકાર્ય કરીને દાસીને શીખવીને ચંડપ્રદ્યોતન પાસે મોકલી. દાસીએ મૃગાવતીએ કહેવરાવેલું મૃગાવતીનાજ શબ્દોમાં કહ્યું. "મ્હારા પ્રાણનાથ મૃત્યુ પામ્યા અને આ મ્હારો પુત્ર ઉદયન લઘુ વયનો છે, તેનું રાજ્ય થશે ત્યારે હું ત્હારી વાંછા પૂર્ણ કરીશ; હમણાં તો શોક છે, જો તું બળાત્કાર કરીશ, તો હું આત્મહત્યા કરીશ. ગમે તેમ પણ હમણાં ત્હારો કદાગ્રહ અશક્ય છે. અહિં બહુ દુશ્મનો સમીપે રહેલા છે. આ વખતે પાછો વળ." તે સાંભળી હર્ષ પામી ચંડપ્રદ્યોતન ચૌદ રાજા સહિત પોતાને નગરે પાછો ગયો. તે પછી મૃગાવતીએ અવંતી અને કૌશાંબી વચ્ચે ઈંટાનો એક મહાન્ કિલ્લો બંધાવી લીધો. જ્યારે પેલાએ વખત આવે પોતાના સેવકોને તેણીને તેડવા મોકલી, ત્યારે તેણીએ કહેવરાવ્યું. 'હું મનથી પણ તને ઇચ્છતી નથી, તો કાયાએ તો ઇચ્છુંજ ક્યાંથી? એ તો મેં મ્હારા શીળની રક્ષાને અર્થે એવો પ્રપંચ કર્યો હતો." તે સાંભળીને કોપાયમાન થઇ ચંડપ્રદ્યોતન સજ્જ થઇ કૌશાંબી ભણી સૈન્ય લઇને ચાલ્યો. નગર સમીપ પહોંચી તેણે કહેવરાવ્યું કે, "હે મૃગાવતી! જો ત્હારે ત્હારૂં તથા ત્હારા પુત્રનું હિત વાંછવું હોય તો, જલદી અહિં આવ, નહિં તો ત્હારૂં રાજ્ય ગયું એમ જાણજે."

આવો બનાવ બની રહ્યો છે, એવામાં સર્વજ્ઞ શ્રી વીર પરમાત્મા મૃગાવતીના શીળથી આકર્ષાઇને ત્યાં આવી સમવસર્યા. એ સાંભળી મૃગાવતીએ પોતાની નગરીના દરવાજા જે તેણીએ ચંડપ્રદ્યોતન રાજાના ભયથી બંધ કરાવ્યા હતા, તેને ઉઘડાવ્યા અને પોતે શ્રી વર્દ્ધમાન સ્વામીને વંદન કરવાને સમવસરણને વિષે ગઇ. અનેક દેવતાઓ પણ ત્યાં આવ્યા.

વળી ચંડપ્રદ્યોતન રાજા પણ પ્રભુના પ્રભાવથી શત્રુતા ત્યજીને, તેમને નમસ્કાર કરી ધર્મ શ્રવણ કરવા બેઠો. પછી જિનેશ્વરે દેશના દીધી. એ વખતે કોઈ એક ભિલ્લ ત્યાં આવીને પોતાનું વાંછિત હૃદયને વિષે ગૂઢ રાખીને પ્રભુની સન્મુખ ઉભો રહ્યો. તેને પ્રભુએ કહ્યું. "ત્હારે પ્રશ્ન કરવું હોય તે કર." પેલાએ પૂછ્યું. "જે તે, તે તે?" પ્રભુએ ઉત્તર આપ્યો. "હે ભિલ્લ! જે તે તે તેજ." તે વખતે ગૌતમે પૂછ્યું. "હે પ્રભો! આ પ્રશ્નનો અને એના ઉત્તરનો વિસ્તાર કહો." ભગવાને કહ્યું. "ચંપાપુરી નગરીને વિષે એક ધનવાન્ સોની કન્યાઓની શોધમાં ફરતો ફરતો ધન આપીને અનુક્રમે પાંચસો કન્યાઓ પરણ્યો. તેમને પ્રત્યેકને તેણે આભૂષણ કરાવી આપ્યાં. જેણીનો વારો જે દિવસે હોય, તે આભૂષણ ધારણ કરે; બીજી નહિ. એકદા કોઈ કાર્યનિમિત્તે સુવર્ણકાર બહાર ગયો એટલે સર્વેએ શૃંગાર ધારણ કર્યા. એવામાં પેલો પાછો આવ્યો ને તેણીઓએ એ પ્રમાણે શૃંગાર સજેલો જોઇને તેણીઓને મારવા લાગ્યો. ત્યાર પછી તેણીઓની રક્ષા અર્થે તે નિત્ય દ્વાર પાસેજ બેસી રહે; કોઇને પણ પોતાને ઘેર ભોજન કરવા બોલાવે નહીં, તેમ પોતે પણ ક્યાંય જાય નહી. પેલી પાંચસોએ સ્ત્રીઓ તો પોતાને બંદિખાને રહેલી માનવા લાગી. એક વાર એક મિત્ર આ સોનીને અતિ આગ્રહથી પોતાને ત્યાં ભોજનાર્થે લઈ ગયો. એટલે પેલી સર્વ હર્ષ પામી; ને સ્નાન, વિલેપન આદિ કરી આભૂષણ પહેરી દર્પણને વિષે પોત પોતાનાં મુખ જોવા લાગી. એવામાં અકસ્માત્ સુવર્ણકાર ત્યાં આવ્યો, ને પોતાની સ્ત્રીઓને એવી રીતે કરતી જોઇ ક્રોધ કરી એકને મારવા દોડ્યો, ને તેણીના મસ્તક વિષે પ્રહાર પણ કર્યો; જેથી તેણીના પ્રાણ ગયા. તે વખતે પોત પોતાનો પ્રાણ બચાવવા સર્વે સ્ત્રીઓએ પોતાનાં દર્પણ તેના ભણી ફેંક્યાં, તેથી તે સુવર્ણકાર મૃત્યુ પામ્યો. તેથી પેલી તેની ૪૯૯ પત્નીઓએ પશ્ચાત્તાપ કરી અગ્નિપ્રવેશ આદિથી પોતાના પ્રાણ ત્યજ્યા. આમ મૃત્યુ પામી પશ્ચાત્તાપને લીધે અકામનિર્જરાથી એ ચારસો નવાણુંએ ફરી પુરુષરૂપે ઉત્પન્ન થઇ, ને તેઓ સર્વ પુરુષો પલ્લીને વિષે ચોર થયા. પ્રથમ મૃત્યુ પામેલી સ્ત્રીનો જીવ, કોઇ નગરને વિષે કોઇ વિપ્રના પુત્રપણે ઉત્પન્ન થયો, ને એ સુવર્ણકારનો જીવ ત્યાંના નગરશેઠની પુત્રી પણે ઉત્પન્ન થયો. શેઠે પોતાની એ પુત્રીને રાખવાને પેલા વિપ્ર સુતને સેવક રાખ્યો. આ બાળક હોવાથી એ બાળા બહુ રુદન કરતી. જ્યારે પેલો વિપ્રસુત તેણીના ગુહ્યસ્થાનકને સ્પર્શ કરે, ત્યારે તે રડતી બંધ રહે ને ખુશી થાય; નહિ તો રડ્યા કરે. શેઠ શેઠાણીએ એકદા તે બ્રાહ્મણ પુત્રને તેમ કરતાં જોયો, એટલે તેને હાંક મારી પોતાના ઘરમાંથી કાઢી મુક્યો; એટલે તે ત્યાંથી જતો રહ્યો ને ફરતો ફરતો પેલા ૪૯૯ ચોરોના સાથને મળ્યો. તેમાં પોતે ભળ્યો એટલે એઓ પૂરા પાંચસો થયા; ને ચોરી કરવા લાગ્યા.

એક વાર તેઓ પેલા શેઠના ઘરમાં ચોરી કરવા પેઠા, ત્યાં સર્વે જણ ધન લેવા લાગ્યા. તે જોઈ તે શેઠની પુત્રી બોલી. "તમે બધા એકલું દ્રવ્ય કેમ લ્યો છો? મને સ્ત્રીને કેમ લઈ જતા નથી?" એ ઉપરથી તેઓ એને પણ લઈ ગયા. પોતાને સ્થાને આણી એને પોતાની સ્ત્રી તરીકે રાખી. પાંચસોએ તસ્કરોએ તેણીની સાથે વિષયસુખ ભોગવ્યું; પણ તે તૃપ્ત થઇ નહીં. પેલા ચોરો તો ઉલટા વિચારવા લાગ્યા. "આ બિચારી એક છે ને આપણે ઘણા છીએ, માટે એ મૃત્યુ પામશે." એમ વિચારી તેઓએ એક બીજી સ્ત્રી આણી. આ નો પહેલી આવેલીને શોક્ય થઇ, તેથી તેણીએ તેણીનો ઘાત કરવાનું વિચાર્યું. એક વાર પેલા સર્વે ચોરો ચોરી કરવા ગયે છતે, લાગ જોઇને તેણીએ નવી આવેલીને કૂવામાં નાખી દીધી. એઓ પાછા આવ્યા, ત્યારે પૂછ્યું તો તેણીએ કહ્યું. "શું હું તેણીનું રક્ષણ કરતી

રહી છું?" ચોરોએ વિચાર્યું, "એણીએજ એ સાહસ કર્યું જણાય છે." આ વખતે પેલો વિપ્રસુત મનમાં ચિંતવવા લાગ્યો. "શું આ તેજ હશે કે જેની યોનિને હું સ્પર્શ કરી તેણીને સુખ ઉપજાવતો હતો?" (શ્રી વીર પ્રભુ ગૌતમને કહે છે) 'સર્વજ્ઞ અહિં આવ્યા છે' એમ જાણીને આ અહિં મને પૂછવા આવ્યો છે, પણ લાજને લીધે તે પોતાનો એ સંશય પ્રકટપણે પૂછી શક્યો નહીં. તેથી તે બોલ્યો કે, "જે તે, તે તે?" ત્યારે મેં તેને ઉત્તર આપ્યો કે, "હા. જે તે તે તે." આ પ્રમાણે રાગ દ્વેષ છે તે, કપટ પૂર્વક અસત્ય વચનો બોલાવી લોકોની બહુ વિડંબના કરે છે."

આ બધું સાંભળીને પેલા વિપ્રસુતે પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. ને પલ્લીએ જઇને અન્ય ચોરોને પ્રબોધીને તેમની પાસે પણ તે અંગીકાર કરાવ્યું. એ વખતે મૃગાવતી પણ ઉભી થઇ પ્રભુને નમસ્કાર કરીને બોલી. "જો ચંડપ્રદ્યોતન રાજાની આજ્ઞા હોય તો હું એ ચારિત્ર લઇશ." રાજાએ કહ્યું. "તને રુચે તે કર. ત્હારો પુત્ર ત્હારૂં રાજ્ય કરો. (હું એને વિઘ્ન નહીં કરૂં)." એમ કહી શ્રી વીરની વાણીથી જેનું વૈર શમી ગયું હતું, તે ચંડપ્રદ્યોતને મૃગાવતીના પુત્ર ઉદયનને કૌશાંબીની ગાદી ઉપર અભિષેક કર્યો. તે વખતે ચંડપ્રદ્યોતનની આઠ સ્ત્રીઓ સહિત મૃગાવતીએ દીક્ષા લીધી. તે નવે સાધ્વીઓને પ્રભુએ સમાચારી શિખવાને ચંદનબાળા સાધ્વીને સોંપી. ચંડપ્રદ્યોતન પણ ધર્મ અંગીકાર કરી પોતાને નગરે ગયો.

ત્યાર પછી પૃથ્વી ઉપર વિહાર કરતા શ્રી વીરસ્વામી બહુ કાળે ફરી કૌશાંબી નગરીને વિષે આવી સમવસર્યા. તે વખતે ત્રીજી પોરશીને વખતે પ્રભુનાં વચન શ્રવણ કરવાને સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાન સહિત ત્યાં આવ્યા. થોડો વખત ગયા પછી રાત્રી પડી, પણ સૂર્યના વિમાનના તેજને લીધે કોઇને ખબર પડી નહીં; પરંતુ ચંદનબાળાં પ્રવર્તિની સંધ્યા થઇ જાણી પોતાને ઉપાશ્રયે જઇ પ્રતિક્રમણ આદિ સર્વ ક્રિયા કરી સૂઇ ગઇ એવામાં ચંદ્ર સૂર્ય પોતાને સ્થાને ગયા, તે ઉપરથી મૃગાવતી બ્હીતી બ્હીતી ઉપાશ્રયે ગઇ. ત્યાં ઇર્યાપથિકી પડિક્કમી, પ્રતિક્રમણ કરી સ્વામિનીને કહેવા લાગી. "હું ભૂલથી આટલો સમય ત્યાં રહી છું." ચંદનબાળાએ કહ્યું. "મ્હોટા કુળમાં ઉત્પન્ન થઇ દીક્ષા ગ્રહણ કરનારીને રાત્રીને વખતે ઉપાશ્રય બહાર રહેવું યોગ્ય નહીં." મૃગાવતી તેણીને ચરણે નમીને બોલી. "અજાણતાં મ્હારાથી જે દોષ થયો હોય, તે ક્ષમા કરો." ત્યાર પછી ચંદનબાળા સાધ્વીને નિંદ્રા આવી. એ વખતે મૃગાવતી તો પોતાના કરેલા કર્મને નિંદતી, સર્વે શુભાશુભ કર્મને ખપાવી કેવળજ્ઞાન પામી; તેવામાં ત્યાં એક સર્પ આવતો હતો, તેને (અંધકાર છતાં પણ) જોઇ તેણીએ ચંદનબાળાનો હાથ ઉપાડીને બીજે મૂક્યો; એટલે ચંદનબાળા સહસા જાગી ગઇ, ને કહેવા લાગી. "અરે દુરાચારિણી! તેં કેમ મ્હારો હાથ ઉપાડીને અહિં મૂક્યો?" ત્યારે તેણીએ કહ્યું. "સર્પ આવે છે." તે સાંભળી ચંદનબાળા ઉભી થઇને બોલી. "આવા ગાઢ અંધકારવાળા સ્થળમાં તેં સર્પ કેવી રીતે જોયો?" મૃગાવતીએ કહ્યું. "જ્ઞાનવડે." ચંદનબાળાએ પૂછ્યું. "કયું જ્ઞાન? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ?" તેણીએ કહ્યું. "તમારા પ્રસાદથી, અપ્રતિપાતિ." તે વખતે ચંદનબાળાને મૃગાવતીને ચરણે પડીને ક્ષમા માગતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ઇતિ મૃગાવતીની કથા.

## પ્રભાવતી.

આ કથા ઉદયન રાજાની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## ચિલ્લણા.

મનોહર એવા શીળવ્રતનું શુદ્ધ ભાવ સહિત પાલન કરનાર મનુષ્ય, ચિલ્લણાની પેઠે કલ્યાણરૂપી લક્ષ્મીને પામે છે.

વિશાળા નગરીને વિષે જેણે સર્વ શત્રુઓને પોતાના દાસ કર્યા હતા, એવો ચેટક રાજા ન્યાય માર્ગે પ્રજાનું પાલન કરતો હતો. તેને જૂદી જૂદી રાણીઓથી, શુભ સ્વપ્ને સૂચિત સાત પુત્રીઓ થઇ હતી. તેમનામાંથી એક પ્રભાવતીને તેણે ઉદયન રાજાને આપી; બીજી પદ્માવતીને ચંપાપુરીના સ્વામી દધિવાહન રાજાને આપી; ત્રીજી મૃગાવતીને કૌશાંબીના રાજા સતાનિકને; ચોથી શિવાને ઉજ્જયિનીના નૃપતિ ચંડપ્રદ્યોતનને; ને પાંચમી જ્યેષ્ઠાને કુંડગ્રામના અધિપતિ અને શ્રી વીર પ્રભુના જ્યેષ્ઠ ભ્રાતા નંદિવર્ધનને આપી હતી. હવે છેલ્લી બે સુજ્યેષ્ઠા અને ચિલ્લણા કુમારી હતી, તેઓ રાજમંદિરને વિષે દેવકુમારીની સમાન રહેતી ધર્મ કર્મમાં કુશળ થઇ હતી. સૌંદર્યમાં રતિ અને પ્રીતિના જેવી, તેમજ સર્વ કળામાં નિપુણ એવી તે બન્ને બ્હેનો પરસ્પર સ્નેહ સહિત સાક્ષાત્ સરસ્વતીની બે મૂર્તિજ હોયની ! તેમ ક્રીડા કરતી.

એકદા સુજ્યેષ્ઠા અને ચિલ્લણાથી અલંકૃત એવા અંતઃપુરને વિષે, કોઇએક સ્થવિર તાપસી આવી. તેણીએ આવીને 'શીવધર્મ એજ ધર્મ છે' એમ કહેવા માંડયું. તે ઉપરથી સુજ્યેષ્ઠાએ એનો ધર્મ અસત્ય ઠરાવ્યો, તે એમ કહીને કે, "કૂપને વિષે સ્નાન કરવું એ અધમ છે, વાવ્યને વિષે મધ્યમ છે અને તળાવને વિષે તો તેનો નિષેધજ કર્યો છે. માટે ઉત્તમ સ્નાન તો ગૃહને વિષે શુદ્ધ જળથી કરવું તેજ છે." આમ કહીને સુજ્યેષ્ઠાએ જૈન ધર્મનું સ્થાપન કર્યું. છતાં તે તાપસી ઉદ્ધંડપણે બોલવા લાગી. તેથી તેણીને દાસી પાસે ગળું પકડાવીને નગર બહાર હાંકી કઢાવી.

એ ઉપરથી સત્કારને નહિ પામતાં પરાભવ પામેલી તે, ફાળથી ભ્રષ્ટ થયેલી વાંદરીની પેઠે ચિંતવવા લાગી કે, "આ ગર્વવાળી સુજ્યેષ્ઠાને હું તેણીનું પટને વિષે રૂપ ચિતરી બહુ શોકપોને વિષે દુઃખનું પાત્ર કરીશ." એમ ધારી એક ચિત્રપટ ઉપર તેણીનું રૂપ આલેખીને તે, તે રાજગૃહીના રાજેંદ્ર શ્રેણિક ભૂપાળ પાસે લઇ ગઇ. તે છબિ જોઇને તે હર્ષ પામતો થકો મનમાં વિચારવા લાગ્યો કે, "શું આ તે સુરાંગના છે કે, પાતાળ કન્યા છે?" એમ વિચારી તેણે તે તાપસીને પૂછ્યું કે, "આ કોની પુત્રી છે? તે વિદ્યમાન છે કે, અવિદ્યમાન છે? વળી તે કુમારિકા છે કે, પરણેલી છે?" પેલી તાપસીએ કહ્યું. "વિશાળા નગરીના ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ઠાનું આ રૂપ મેં આલેખ્યું છે. તે કુમારિકાને પરણવાને યોગ્ય તુંજ છે." પછી તાપસીનો સત્કાર કરીને રાજા શ્રેણિક તે કન્યાને પરણવાને ઉત્કંઠા હૃદયે થયો સતો શૂન્ય ચિત્તવાળો થયો. પછી તેણે પરણવાને આતુર થઇ દૂત મોકલી એ સુજ્યેષ્ઠાને માટે પ્રાર્થના કરી; પણ ચેટક રાજાએ ના કહેવાથી તે ખિન્ન થયો. પરંતુ અભયકુમાર મંત્રીશ્વર ઇંગિતાકારથી તેના મનનો વિચાર જાણી ગયો, તેથી તેણે કહ્યું. "હે તાત! શોક ન કરો હું તમારૂં ઇષ્ટ કરીશ." પછી પિતાનો મનોરથ પૂર્ણ કરવા માટે વિનય બુદ્ધિથી અભયકુમારે પેટ આવી પિતાનું રૂપ ચિત્રપટને વિષે આલેખ્યું. પછી ગુટિકાવડે પોતાના સ્વર અને વર્ણને બદલી વણિકનો વેષ લઇ વિશાળા નગરીએ ગયો. ત્યાં તેણે ચેટક રાજાના અંતઃપુરની પાસે અત્તરની દુકાન માંડી. ત્યાં તે ચેટક રાજાના અંતઃપુરની સ્ત્રીઓને વધારે વધારે વસ્તુઓ આપવા લાગ્યો.

એકદા પટમાં આલેખેલા શ્રેણિક રાજાના રૂપને નમન કરતા એવા અભયકુમારને એ

ઈ સુજ્યેષ્ઠાની દાસીએ પૂછ્યું. "આ કોની છબી છે?" તેણે કહ્યું. "એ શ્રેણિકનું રૂપ છે." દાસીએ જઈને પોતાની સ્વામિનીને કહ્યું. "આમ સુજ્યેષ્ઠાએ પરંપરાથી શ્રેણિકના સ્વરૂપને જાણી દાસીની પાસે અભયકુમારને કહેવરાવ્યું કે, "તું મને શ્રેણિક રાજાની સાથે પાણિગ્રહણ કરાવ્ય." અભયકુમારે કહ્યું. "એ કાર્ય ગુપ્ત રીતે કેમ થાય? ત્હારો પિતા તો તને તેની સાથે પરણાવવાની ના કહે છે." સુજ્યેષ્ઠાએ કહ્યું. "તું શ્રેણિક રાજાને ગુપ્ત રીતે અહિં લાવ." અભયકુમારે કહ્યું. "હું તેને સુરંગ માર્ગે અહિં લાવીશ. તું પણ ત્યાં જઈ તેનો પાણિગ્રહણ કરજે." પછી અભયકુમારે શ્રેણિક રાજાને જણાવ્યું કે, "તમારે અમુક દિવસે અહિં આવવું. તે વખતે સુજ્યેષ્ઠા તમને અંગીકાર કરશે." અભયકુમારના આવા સમાચારથી શ્રેણિક રાજા હર્ષ પામ્યો. અભયકુમારે આ સર્વ સંકેતની વાત સુજ્યેષ્ઠાને પણ જણાવી. પછી શ્રેણિક મહારાજા સુલસાના બત્રીશ પુત્રો, કે જેઓ પોતાની સહાય્ય કરનારા સેવકો હતા, તેઓની સાથે રથમાં બેસી સુરંગ માર્ગે ત્યાં આવ્યો.

હવે અહિં સુજ્યેષ્ઠાને વ્યગ્રચિત્તવાળી જાણી ન્હાની બ્હેન ચિલ્લણા તેણીને પૂછવા લાગી કે "તું કયાં જાય છે?" સુજ્યેષ્ઠાએ ઉત્તર આપ્યો. "હું કયાંઈ જતી નથી." ચિલ્લણાએ કહ્યું. "હે બ્હેન! સત્ય કહે. કારણ કે, તેં આજ સુધી મ્હારાથી કાંઇ છાનું રાખ્યું નથી, તો હવે શા માટે રાખે છે?" પછી સુજ્યેષ્ઠાએ પોતાની જવાની વાત તેણીને કહી. તે ઉપરથી ચિલ્લણાએ કહ્યું. "હું ત્હારા વિના ક્ષણ માત્ર પણ રહી શકીશ નહિં." પછી તે બન્ને બ્હેનો ગુપ્ત રીતે સુરંગની પાસે આવી. ત્યાં શ્રેણિક ભૂપતિએ તેણીઓને રથમાં બેસારી. એવામાં સુજ્યેષ્ઠા પોતાનો રત્નાભરણનો કરંડિયો ભૂલી જવાથી તે લેવા ગઈ. અહિં શ્રેણિક ચિલ્લણાને સુજ્યેષ્ઠાની ભ્રાંતિથી રથમાં બેસારી તૈયાર થઈ રહ્યો. એટલામાં તેના સુભટોએ તેને કહ્યું કે, "અહિં વૈરીના સ્થાનકે વધારે વાર રહેવું યોગ્ય નથી." પછી શ્રેણિક રથને પાછો વાળી ફક્ત ચિલ્લણાને લઇ સુરંગ વાટે આગળ ચાલ્યો. અહિં સુજ્યેષ્ઠા પોતાનો રત્નકરંડિયો લઇ પાછી આવી, પરંતુ શ્રેણિકને દીઠા નહીં! તેથી તે પોતાની બ્હેનના વિયોગની પીડાથી આકૂળ વ્યાકૂળ થઈ છતી ગાઢ સ્વરથી ચિલ્લણાને બોલાવતી પોકાર કરવા લાગી કે, "હું હણાઈ છું હણાઈ છું." સુજ્યેષ્ઠાનું આવું રુદન સાંભળી ચેટક રાજા સનદ્ધ થઇ વૈરીની પાછળ જવા માટે સુરંગની પાસે આવ્યો. એટલામાં તેના વૈરંગીક નામના એક સુભટે કહ્યું કે, "હે સ્વામિન્! આવા સેવકને કરવા યોગ્ય કાર્યમાં આપે શા માટે ઉદ્યમ કરવો જોઇએ? મને આજ્ઞા આપો. હું તે શત્રુનો નાશ કરી ક્ષણ માત્રમાં ચિલ્લણાને પાછી લાવું." પછી ભૂપતિની આજ્ઞા લઇ વૈરંગીક રથમાં બેસી શ્રેણિક રાજાની પાછળ સુરંગ વાટે ચાલ્યો. વૈરંગીકે યુદ્ધ કરતાં સુલસાના બત્રીશ પુત્રોને હણ્યા. એવામાં શ્રેણિક રાજા સુરંગમાંથી બ્હાર નીકળી રાજગૃહ નગર પ્રત્યે ચાલ્યો ગયો. વૈરંગીક પાછો આવ્યો. પછી ચિલ્લણાના વિયોગથી વિષયથી વિરક્ત એવી સુજ્યેષ્ઠાએ પિતાની આજ્ઞા લઇ ચંદનબાળા સાધ્વીની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

હવે અહિં શ્રેણિકે ભ્રાંતિથી ચિલ્લણાને સુજ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા એમ કહ્યું. ત્યારે ચિલ્લણા બોલી. "તે સુજ્યેષ્ઠા આવી નથી, પણ તેણીની બ્હેન હું ચિલ્લણા છું." ચિલ્લણા બ્હેનના વિયોગથી દુઃખી થઇ અને શ્રેણિક રાજા પણ તેવી પત્નિના લાભથી, તેમજ સુલસાના પુત્રો નાશ પામવાથી હર્ષ અને ખેદ યુક્ત મનવાળો થયો. પછી શ્રેણિકે નગર મધ્યે જઇ તેણીનું પાણિગ્રહણ કર્યું. ત્યાર પછી અભયકુમારે સુલસાને તેણીના પુત્રોનો શોક ઉતરાવ્યો. એક વાર શ્રેણિક રાજાએ ચિલ્લણા રાણીને માટે એક, એકસ્તંભનું ગૃહ કરાવવાને અભયકુમા

કને આદેશ કર્યો. તે માટે અભયકુમારે કોઇ દેવનું આરાધન કર્યું; ને તેની પાસે એક સ્તંભવાળું ગૃહ કરાવ્યું, તથા સર્વ ઋતુના ફળ આપનારો એક બગીચો કરાવ્યો; એટલે ત્યાં રહીને સતી એકાગ્ર ચિત્તે ધર્મનું આરાધન કરવા લાગી. અનુક્રમે એ ચિલ્લણા શીળવ્રતને વિષે એવી દૃઢ થઇ કે, શ્રી વર્દ્ધમાનસ્વામીએ પણ સુળસાની સાથે એની પણ શ્લાઘા કરી.

એકવાર મધ્યરાત્રીએ તાઢને સમયે ઉંઘને વિષે ચિલ્લણા બોલી. "તેને કેમ હશે?" એ સાંભળીને શ્રેણિકે રોષમય થઇ પ્રભાતે ઉઠીને સમવસરણને વિષે જઇ શ્રી વીર ભગવાનને પુછ્યું. "મ્હારી પ્રિયા ચિલ્લણા સતી છે કે અસતી?" પ્રભુએ કહ્યું. "ત્હારી સર્વ સ્ત્રીઓ સતી છે. તમોએ ગઇ કાલે કાયોત્સર્ગે રહેલા સાધુને વાંદ્યા હતા, તેમની પાસે શરીર વસ્ત્ર પણ નહોતું, તે સ્મરણમાં આવવાથી ત્હારી સ્ત્રીએ એમ કહ્યું કે, "આવી ટાઢ પડે છે તો એ મહાનુભાવ સાધુનું શું થતું હશે વારૂ?" એમ ત્હારી સ્ત્રીને કૃપાળુપણે વિચાર થયો હતો. એને કંઇ મનોવિકાર નથી."

ત્યાર પછી ચિલ્લણા રાણી શ્રી વીરે પ્રરૂપેલો ધર્મ કરતી તેમનીજ પાસે દીક્ષા લઇ સર્વ કર્મ ક્ષય કરી મુક્તિએ ગઇ. સુજ્યેષ્ઠા પણ સાધ્વી થઈ શુદ્ધ ચારિત્ર પાળીને મુક્તિએ ગઇ. ઇતિ.

મૂળગાથા.

## बंभी सुंदरि रुप्पिणि, रेवइ कुंती सिवा जयंती य ॥
## देवइ दोवइ धारिणि, कलावई पुप्फचूला य ॥ १० ॥

બ્રાહ્મી, સુંદરી, રુકિમણી, રેવતી, કુંતી, શિવા, જયંતી, દેવકી, દ્રૌપદી, ધારિણી, બીજી ધારિણી, કળાવતી અને પુષ્પચૂળા; એ તેર મહાસતીઓની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૧૦)

## બ્રાહ્મી અને સુંદરી.

તપ, જપ, શુદ્ધ શીળ આદિ પાળનાર માણસ, સર્વ કર્મ ક્ષય કરીને બ્રાહ્મી (અને સુંદરી) ની પેઠે મોક્ષ પ્રાપ્ત કરે છે.

અયોધ્યા નગરીને વિષે નાભિકુળકરના પુત્ર ઋષભરાજા રાજ્ય કરતા હતા. તેમને સુમંગળા અને સુનંદા નામની બે પત્નીઓ હતી. સુમંગળાએ ચૌદ મહા શુભ સ્વપ્ને સૂચિત એવા એક પુત્ર પુત્રીના યુગ્મ (ભરત અને બ્રાહ્મી) ને જન્મ આપ્યો અને સુનંદાએ બાહુબળિ અને સુંદરીને જન્મ આપ્યો. ફરી સુમંગળાએ અઠ્ઠાણું પુત્રોને જન્મ આપ્યો. ઇંદ્રે પ્રભુને રાજ્યને વિષે અભિષેક કર્યો. પછી પ્રભુએ લોકોના સર્વ વ્યવહાર પ્રકાશિત કર્યા; તથા ભરતને સો શીલ્પ શીખવ્યાં. બ્રાહ્મીને અઢાર લીપી શીખવી, ને સુંદરીને ગણિત શીખવ્યું. રાજ્ય પૂર્ણ અંતે પ્રભુએ ભરતને રાજ્યાભિષેક કર્યો. બાહુબળિ આદિ અન્ય પુત્રોને જુદા જુદા દેશો વહેંચી આપ્યા. પછી સાંવત્સરિક દાન દઇને પ્રભુએ દીક્ષા લીધી. અનુક્રમે કર્મ ક્ષય કરી વડ વૃક્ષની નીચે પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું; ને દેવોએ સમવસરણ રચ્યું, ને પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. "આ સંસારરૂપ ભયંકર સમુદ્રને વિષે પ્રાણીઓને જન્મ, જરા, આધિ, વ્યાધિ, દુર્ગતિ આદિ નિમિત્તો છે; સુખ લેશ પણ નથી. વળી એને વિષે ગુણનો લેશ પણ નથી અને દુઃખ લક્ષ્ય છે એવા મરુસ્થળ જેવા સંસારને વિષે કોણ આનંદ કરે? ભાગ્ય પુત્રોના વધની પેઠે વિષયો પ્રાણે દુઃખદાયી છે અને પ્રેમ છે તે પાશ

પવનને પડેલાં ફળ જેવો છે. આ ચતુર્ગતિ સંસાર દુઃખરૂપ છે, માટે હે મનુષ્યો! તમે સર્વથા મોક્ષને માટે યત્ન કરો. પરંતુ તે મોક્ષ સર્વ સાવદ્ય વિરતી વિના દુર્લભ છે. એ મોક્ષ પ્રાપ્ત કરીને સર્વ દુઃખોને જળાંજળિ આપો (ત્યજી દો)."

આ પ્રમાણે દેશના શ્રવણ કરીને ભરતના પાંચસો પુત્રોએ તથા સાતસો પૌત્રો (પુત્રના પુત્રો) એ દીક્ષા ગ્રહણ કરી. ભરતની અનુજ્ઞાથી બ્રાહ્મીએ દીક્ષા લીધી. સુંદરીને બાહુબળિએ હા કહી, પણ ભરતે દીક્ષા લેતાં નિવારી ને તેણીને પોતાની પટ્ટરાણી કરવા રાખી. આમ ભરત રાજા ઋષભદેવ પ્રભુનો પ્રથમ શ્રાવક અને સુંદરી પ્રથમ શ્રાવિકા થઈ. ભરતનો પુત્ર પુંડરીક તેમનો પ્રથમ ગણધર થયો. ત્યાર પછી ભરત સર્વ દેશ સાધવાને ચાલ્યો.

પાછળ સુંદરીએ આંબિલનો તપ આદર્યો. છખંડ સાધીને ભરત નમિ વિનમિની બ્હેનને સ્રીરત્ન કરી સાથે લેતો આવ્યો. તેણે આવીને જોયું તો હિમના પડવાથી જેવી કમલિની થઈ જાય, તેવી સુકાઈ ગએલી કેળના જેવી અને દિવસે ચંદ્રની કળા દેખાય તેવી થઈ ગયેલી સુંદરીને જોઈ. વળી તેણીનું લાવણ્ય મ્લાન થઈ ગયું હતું; શરીરમાં ફક્ત અસ્થિ રહ્યાં હતાં અને જાણે તે સુંદરીની જગ્યાએ બીજી કોઈ હોયની! તેમ તેણીનું અંગ કૃશ થઇ ગયું હતું. એ જોઇને ભરત રાજા પોતાના સેવકોને કહેવા લાગ્યો. "શું મ્હારે ત્યાં ધાન્ય સંપત્તિ નથી? કે પૃથિવીજ બીજ વિનાની થઈ ગઇ છે, કે શું એને ઇચ્છા પ્રમાણે ભોજન મળતું નથી? રસોઇઆ શું રસોઇ કરતા નથી કે, એને કંઇ વ્યાધિ થયો છે? એ કૃશ કેમ થઇ ગઇ છે? શું આપણા ઘરમાં હસ્તીના રહેઠાણની પેઠે ખજૂર, દ્રાક્ષ, નળિએરનાં ફળ આદિ સ્વાદિષ્ટ વસ્તુઓ નથી?" એ સાંભળીને રસોઈઆ બોલ્યા. "કલ્પવૃક્ષની પેઠે તમારા ઘરમાં કંઇ દુર્લભ નથી, પણ જ્યારથી તમે એને વ્રત લેતાં નિવારી છે, ત્યારથીજ વૈરાગ્યવાસિત થઇ એણીએ સાધ્વીની પેઠે આંબિલની તપશ્ચર્યા કરવા માંડી છે. અમે એને વિગય લેવાનું બહુ બહુ કહ્યું, પણ એણે તે લીધું નથી. તેણીને એ તપ કરતાં સાઠ હજાર વર્ષ થયાં છે." એ સાંભળી ખિન્ન થઈ ભરત રાજાએ કહ્યું. "હા! આપણને ધિક્કાર છે કે આપણે ઉન્મત્તપણે વિષયાસક્ત થઈ ગયા છીએ, હિતાહિત જાણતા નથી અને રાજ્યસંપત્તિનેજ મોહી પડ્યા છીએ. ઉત્તમ પ્રાણીઓ આજ શરીરવડે મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે. અને ભોગની વાંછાવાળાઓ આજ શરીરવડે નરકવાસ પામે છે. સર્વદા આધિ, વ્યાધિ, મળ, મૂત્ર અને પરસેવા યુક્ત એવું જે આ શરીર છે, તેને કાંદાના ટકડાની માફક સુગંધિ કરવું અશક્ય છે. માટે આ મ્હારી બ્હેનને ધન્ય છે કે, જેણીનું એવી તપશ્ચર્યાને વિષે ચિત્ત છે. માટે એ ભલે સંયમ ગ્રહણ કરે."

એવામાં શ્રી ઋષભદેવ પ્રભુ વિહાર કરતા ત્યાં આવીને સમવસર્યા. તેમને બહારના ઉદ્યાનમાં આવેલા જાણી, વધામણી આપનારને યોગ્ય દાન દઇ, ભરત મહારાજા સુંદરી આદિ તેમને વંદન કરવા ગયા. ત્યાં ધર્મોપદેશ શ્રવણ કરીને ભરતે પ્રભુને કહ્યું. "હે ભગવન! મેં આ સુંદરીને ચારિત્ર લેતાં નિષેધી, તેથી મને મ્હોટું પાતક લાગ્યું છે. બહુ આરંભ કરાવવાથી હું તો પાપી થયો છું." એમ કહીને તેણે સુંદરીની ક્ષમા માગી. તે વખતે સુંદરી બોલી. "દીક્ષા લીધા વિના મ્હારો આટલો કાળ ગયો, તે કર્મનુંજ વિલસિત છે." એમ કહી ભરતની આજ્ઞા લઇ તેણીએ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. એટલે તો હવે તે વિશેષ શુદ્ધ ચારિત્ર પાળતી તપશ્ચર્યા કરવા લાગી. બ્રાહ્મી પણ શ્રી અરિહંત પ્રભુએ કહ્યા પ્રમાણે વિશુદ્ધ સંયમ પાળવા લાગી. પછી તે બન્ને ઘાતિ કર્મનો ક્ષય કરી, નિરવદ્ય તપવડે શીઘ્ર કેવળજ્ઞાન પામી. પછી બહુ કાળ પર્યંત ભવ્ય જીવોને બોધ આપી, આયુ ક્ષયે અષ્ટાપદ પર્વત ઉપર બન્નેએ મુક્તિ પ્રાપ્ત કરી. ઇતિ બ્રાહ્મી અને સુંદરીની કથા.

## રૂકિમણી.

આ કથા શાંબ પ્રદ્યુમ્નની કથામાં આવી ગઇ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## રેવતી.

સાધુને શુભ ભાવ સહિત ઔષધાદિ આપનાર પ્રાણી, રેવતીની પેઠે ક્ષણમાં અશુભ કર્મનો ક્ષય કરે છે.

એકદા શ્રી વીર ભગવાન્ વિહાર કરતા કરતા શ્રાવસ્તી નગરીના બહારના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તે વખતે રાજા પ્રમુખ અનેક ભવ્ય પ્રાણીઓ તેમનો ઉપદેશ સાંભળવા ગયા. પ્રભુએ દેશના આપી કે, "પુન્યવંત જીવને વિમાનને વિષે વાસ પામવો સુલભ છે; ચક્રવર્તિની ઋદ્ધિ પામવી સુલભ છે; પણ જિનેંદ્રનું શાસન અને સમ્યકત્વ પામવું દુર્લભ છે. વળી પંચેદ્રિયપણું, મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમકુળમાં જન્મ, સાધુનો સમાગમ, ધર્મનું શ્રવણ, શ્રદ્ધા, નિરોગીપણું અને પ્રવ્રજ્યા એ સર્વ પામવાં દુર્લભ છે. જ્યારે આયુષ્ય તૂટે છે, ત્યારે શરીરના સર્વ અવયવો શિથિલ થાય છે અને જીવ શરીર મૂકતી વખતે બહુ ઝૂરણા કરે છે. માણસોના તેજ દિવસ, પક્ષ, માસ અને વરસ સફળ ગણાય છે કે, જે મૂળગુણ અને ઉત્તરગુણ અતિચાર રહિતપણે પાળવામાં જાય છે." પ્રભુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને બહુ જનોએ સમકિત મૂળ બાર વ્રત ગ્રહણ કર્યાં. આ સમયે ત્યાં ગોશાળો આવ્યો, ને "હું આપનો સેવક છું" એમ કહી પ્રભુની સેવા કરવા લાગ્યો. અનુક્રમે તેણે જૂદા પડી તેજોલેશ્યા સાધી, ને તે પ્રભુ ઉપર મૂકી. તે વખતે અત્યંત ભક્તિકારક એવા સુનક્ષત્ર મુનિ અંતરાળે (વચ્ચે) આવીને ઉભા, ને ગોશાળાની તેજોલેશ્યાથી પોતે દગ્ધ થયા. ભક્તિને લીધે શુભ ધ્યાન સહિત મૃત્યુ પામીને તે સુનક્ષત્ર મુનિ અચ્યુત દેવલોકને વિષે દેવતા થયા. તે વખતે પ્રભુને તેજોલેશ્યાની અસર દૂર થઇ એમ તેમને લાગ્યું. આ પછી પ્રભુને ૭ માસ પર્યંત અતિસારનો રોગ રહ્યો. તેવામાં કોઇ વૈદ્ય ત્યાં થઇને જતો હશે, તેણે પ્રભુનો એ રોગ જોયો, તેથી તેણે કહ્યું. "જો પરમેશ્વરનો આ અતિસાર રોગ દૂર કરનારૂં કદુ ઔષધ બિજોરાપાક મળે તો એ રોગ શાંત થાય. એ બીજોરાપાક રેવતી શ્રાવિકાને ત્યાં છે." તે ઉપરથી સિંહમુનિ રેવતીને ત્યાં ગયા. રેવતીએ ત્રણ ભુવનના ગુરુ એવા પ્રભુના રોગની શાંતિનિમિત્તે અત્યંત ભાવ પૂર્વક એ પાક આપ્યો. આવી તેણીની પ્રભુ ઉપરની ભક્તિને લીધે તેણીએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. કહ્યું છે કે-જ્ઞાનદાનથી જ્ઞાની, અભયદાનથી નિર્ભય, અન્નદાનથી સુખી અને ઔષધદાનથી નિરોગી થવાય છે. દાનથી પ્રાણીઓ વશ થાય છે, વૈરિઓ નાસી જાય છે અને પરજન પણ બંધુ થાય છે, માટે નિરંતર સુદાન આપવું. નિરંતર દાન આપવાથી અયોગ્ય પાત્ર પણ યોગ્ય થાય છે; ખારા સમુદ્રને વિષે પડેલી મેઘવૃષ્ટિ કદાચિત્ ઉત્તમ પણ હોય છે. એ ઔષધીથી પ્રભુને આરોગ્યતા થઇ. એ ઔષધીના દાનથી રેવતીનો જીવ આવતી ચોવીશીમાં સમાધિ નામનો સત્તરમો તીર્થંકર થશે. જેવી રીતે રેવતીએ જિનેશ્વરને ઔષધદાન દીધું, તેવી રીતે ધર્મને વિષે ચતુર એવા લોકોને ઉત્તમ ઔષધ આપનાર પ્રાણી જિનેશ્વર થાય છે. ઇતિ રેવતીની કથા.

---

## કુંતી.

નિરંતર સદ્ધર્મ કર્મને વિષે તત્પર એવા ભવ્ય જીવો, ઉદાર ચિત્તવાળી કુંતીની પેઠે તત્ક્ષણ મોક્ષ પ્રાપ્ત કરે છે.

મથુરા નગરીને વિષે ભોજકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો, તેને ઉગ્રસેન નામે પુત્ર થયો.
સમયે) શૌર્યપુરને વિષે અંધકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો. તેની પત્ની સુભદ્રાને દશ
થયા. તેમનાં નામ-સમુદ્રવિજય, અક્ષોભ, સ્તિમિત, સાગર, હિમવાન્, અચળ, ધરણ,
ણ, અભિચંદ્ર અને વસુદેવ. અંધકવૃષ્ણિના આ દશે પુત્ર, જેમ દશાર્હ (વિષ્ણુ) ના દશે
વતાર લક્ષણે કરીને સમાન છે, તેમ ગુણે કરીને સમાન અને પરાક્રમી હતા. એમને રૂપમાં
ને અને પ્રીતિને પણ પરાજય કરનાર એવી કુંતી અને માદ્રી નામની બે બહેનો હતી.

એકદા હસ્તીનાગપુરનો પાંડુ રાજા વનને વિષે મૃગયા રમવા ગયો હશે, ત્યાં માલિકા પુષ્પ
પહેરી છે માળા જેણે એવો તે માકંદ વૃક્ષ જોઇને મદ યુક્ત થયો; નારંગીના વૃક્ષ જો
આનંદ પામ્યો અને કામદેવના દીપક એવા ચંપક વૃક્ષને વિલોકીને અતિ હર્ષવંત થયો.
મજ બકુલ વૃક્ષના પુષ્પની કળીઓથી આકુળ એવા અશોક વૃક્ષને નિહાળીને તે અશોક
શોક રહિત થયો. ફરતો ફરતો તે એક આમ્રવૃક્ષ પાસે આવ્યો. ત્યાં એક પુરુષ
ક ચિત્રપાટી ઉપર આળેખેલું કંઇ ફરી ફરી એક દ્રષ્ટિથી જોતો હતો. રાજાને પાસે આ
વા જાણીને તે પુરુષ તે પાટીને વસ્ત્રથી ઢાંકવા લાગ્યો; એટલામાં રાજાએ પુછ્યું. "એ
ટી ઉપર શું છે?" પેલાએ "કોઈ સ્રીનું રૂપ આળેખેલું છે" એમ કહી તે ચિત્રપાટી
ને બતાવી. તે ઉપર અદ્ભુત સ્રી આળેખેલી જોઈ રાજાએ મસ્તક ધુણાવતાં વિચાર્યું.
અહો! શું એનું સર્વાંગ સૌંદર્ય! કેવું છે એનું નવું લાવણ્ય! અને કેવો છે એના શરી
નો સ્વાભાવિક કાંતિ સમૂહ!! એનાજ સમીપપણાને પામી પદ્મ, ચંદ્ર અને અંધકારે
ણીના મુખકમળના મિષથી ધારણ કરેલુ વૈર આજ સુધી ત્યજતું નથી. અહો! ચિત્રકારે
વેણીના કમળલતાના પલ્લવ સમાન હસ્ત, પુષ્પ સમાન દાંત, સુગંધમય સ્વાસ અને કોક
ળ સમાન કઠિણ સ્તનો બનાવ્યાં છે. નિશ્ચે એવી સ્રીનો જે સ્વામી થશે, તેને ધન્ય છે."
છી તેણે પેલા પુરુષને પુછ્યું. "એ છબિ કોની છે?" ચિત્રકારે ઉત્તર આપ્યો. "શૌર્યપુરના
જા અંધકવૃષ્ણિની પુત્રી કુંતી નામની છે, તેણીની એ છબિ છે. એ રાજકુમારી ચોસઠ
ળામાં નિપુણ છે અને યૌવનવૃક્ષની મંજરી જેવી છે. એના સદૃશ વર મળતો નથી, તેથી
એનો પિતા ચિંતાસમુદ્રમાં નિમગ્ન થયો છે." રાજાએ એ છબિ પેલા પાસેથી લઈ તેને બહુ ધન
આપ્યું, પછી તે પોતાને નગરે ગયો. ત્યાં તે ચિત્રેલી બાળાને વારંવાર જોવાથી તન્મય
થયો; તેથી તે ફરી ફરી વનને વિષે ભમવા લાગ્યો. તેણે ચંપક વૃક્ષની ઘટામાં કોઈ પુરુ
ને બાંધેલો જોયો, તેને લોહનાં બાણ શરીરને વિષે વાગેલાં હતાં, તેથી તે મૂર્છા ખાઈ
પડ્યો હોય તેમ દેખાતો હતો. કરુણાતત્પર રાજા 'એ કોણ હશે!' એમ વિચારવા
લાગ્યો. તેની પાસે પડેલું એક ખડ્ગ તેણે દીઠું, તે તેણે લીધું ને તે વડે તેને છૂટો કર્યો.
વળી તેણે બે ઔષધી વલય જોયાં. તેમાં એકથી તેણે પેલાને શલ્ય રહિત કર્યો અને
બીજી ઔષધીથી તેનું મૂળ રૂપ આણ્યું. પછી રાજાએ તેને પૂછ્યું. "તું કોણ છે?" પેલા
એ ઉત્તર આપ્યો. "હું વૈતાઢ્ય પર્વત ઉપર રહેનારો અનિલગતિ નામનો વિદ્યાધર છું,
અશનિવાન્ નામના એક વિદ્યાધરે મ્હારી પ્રિયાનું હરણ કર્યું, તેની પાછળ હું ગયો, તો
તેણે મ્હારી આવી દશા કરી. એવામાં વિના કારણે ઉપકારી એવા આપે અહિં આવીને
મ્હારા ભાગ્યને લીધે આ દુઃખમાંથી મને મુક્ત કર્યો છે; તો હવે આપ કહો કે, હું આપ
ના ઉપર શો પ્રત્યુપકાર કરૂં?" પાંડુ રાજાએ કહ્યું. "મ્હારે જિનેશ્વર ભગવાનની કૃપાથી
સર્વ વસ્તુ છે." ત્યારે પેલા વિદ્યાધરે કહ્યું. "(તોપણ) આ મુદ્રિકા અને કામુકા નામની બે
ઔષધી સ્વીકારો. કામુકાને લીધે તમે ઇષ્ટ સ્થાને જવાને શક્તિમાન્ થશો અને મુદ્રિકાને
યોગે મ્હારૂં સ્મરણ કરશો તો હું તમને ઇચ્છિત આપીશ." એમ કહી તે ઔષધી

એ પાંડુ રાજાને આપીને તે વિદ્યાધર પોતાને સ્થાને ગયો. રાજા પાંડુ પણ એ વાતનું મનન કરતો પોતાના નગર પ્રત્યે ગયો.

એવામાં શૌર્યપુરને વિષે પેલો ચિત્રકાર પાંડુ રાજાની છબિ પાટી ઉપર આળેખીને તે પાટી સહને ફરતો પાંડુના રૂપનું વર્ણન કરવા લાગ્યો, તે સાંભળીને અંધકવૃષ્ણિ હર્ષ પામ્યો; પણ કુંતીને તેને આપવાનું તેનું મન થયું નહીં. એ વખતે કુંતી 'ભર્તાર મળવો દુર્લભ છે' એમ જાણી ગળામાં પાશ નાંખીને પોતાની કુળદેવીને કહેવા લાગી. "હે માતા! હું અંજલિ જોડીને આપની પ્રાર્થના કરૂં છું કે, મને હજુ સ્વામી મળ્યા નથી, તો આ જન્મ એવી મને આ ભવમાં નહિં, તો હવે પછીને ભવે પણ પાંડુ રાજા પતિ મળજો." એમ કહીને પ્રાણ ત્યાગ કરવા જાય છે, તેવામાં મુદ્રાના પ્રભાવથી પાંડુ રાજા ત્યાં આવી પહોંચ્યો, ને તેણીના ગળાને વિષે રહેલા પાશને છેદીને બોલ્યો. "પ્રાણ ત્યાગ ન કર; હું પાંડુ રાજા આવ્યો છું." એવામાં તો કુંતીએ તેને ઓળખ્યો. તે વખતે દાસીઓ તથા સખીઓએ મળીને કુંતીનાં પાંડુરાજા સાથે ગાંધર્વ લગ્ન કર્યાં. ત્યાં રહેતાં ઋતુસ્નાન કર્યું હતું, એવી કુંતીની સાથે પાંડુએ વિષયસુખ ભોગવવાથી તેણીને ગર્ભ રહ્યો. તેણીએ પણ એ વાત પાંડુને કહી; એટલે પોતાને કૃતકૃત્ય માનતો એ રાજા મુદ્રાને યોગે પોતાને નગરે ગયો. કુંતી પણ પોતાને ઘેર ગઈ. અનુક્રમે ધાત્રીઓએ ગોપવી રાખેલી એવી તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. તેને એક પેટીને વિષે મૂકીને મધ્ય રાત્રીએ તે પેટી કુંતીએ ગંગા નદીના પ્રવાહને વિષે વહેતી મૂકી. એ તરતી તરતી હસ્તીનાગપુરે ગઈ. ત્યાં સૂત નામના સારથિએ તેને દીઠી; એટલે તે પોતાને ઘેર લઈ ગયો. તેમાં તેણે કાન પાસે હસ્ત રાખીને રહેલું એક બાળક જોયું. એમ કાન પાસે હાથ રાખ્યો હતો તેથી તેણે તેનું કર્ણ એવું નામ પાડ્યું. તે વખતે તે સારથિની સ્ત્રીએ સારથિને કહ્યું. "તમે લોકોને એમ કહેજો કે, મ્હારી પત્નીને મૂઢ ગર્ભ હતો, તેણીએ પુત્રને જન્મ આપ્યો છે."

આમ અહિં એ સારથિને ત્યાં કર્ણ ઉછરવા લાગ્યો. એવામાં અંધકવૃષ્ણિ ભૂપતિએ જાણ્યું કે, પુત્રી કુંતીનો મનોભાવ પાંડુ રાજા ઉપર દૃઢ આસક્ત છે, ત્યારે તેણીને તેને વેરે દીધી અને પરણાવી. તે વખતે મદ્રક રાજાએ પણ પોતાની પુત્રી મદ્રિકાને પાંડુ રાજા વેરે દીધી. અનેક દેશના અધિપતિ એવા ગુબળ રાજાએ પોતાની ગાંધારી આદિ આઠ પુત્રીઓને ધૃતરાષ્ટ્રને આપી.

હવે કુંતીએ સ્વપ્નને વિષે મેરૂપર્વત, ક્ષીર સમુદ્ર અને સૂર્ય તથા ચંદ્રમા જોયા. ત્યારથી તે ધર્મને વિષે બહુ આદરવાળી થઈ. શુભ લગ્ને અને ઉત્તમ દિવસે તેણીએ પુત્ર પ્રસવ્યો. જ્યોતિષ કરીને જાણીએ તેનું યુધિષ્ઠિર એવું નામ પાડ્યું. અનુક્રમે ગાંધારીને દુર્યોધન પ્રમુખ સો પુત્ર થયા. કુંતીને પણ વાયુદેવ સહિત ભીમ નામનો પુત્ર થયો અને સુરેંદ્ર સહિત અર્જુન પ્રમુખ, માદ્રીને પણ નકુળ અને સહદેવ નામના પુત્ર થયા. માતા કુંતીએ પુત્ર યુધિષ્ઠિર પાસે નાશિક નગરને વિષે ચંદ્રપ્રભ સ્વામીનો ચંદ્રકાંતપ્રાસાદ કરાવ્યો. અનુક્રમે પાંડુ રાજા યુધિષ્ઠિરને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી સ્વર્ગે ગયા. ત્યાર પછી યુધિષ્ઠિરે આ ... [illegible] ... ઉદ્ધાર કર્યો. ત્યાં નેમી ... [illegible] ... અંગીકાર કર્યો અને તે ... [illegible] ... પાંડવોને કેવી રીતે વનવાસ સેવ પડ્યો? અને કેવી રીતે ... [illegible] ... પાંચે પાંડવો ... [illegible] ... પુત્રને રાજ્ય સોંપી, ... [illegible] ... દીક્ષા લીધી. અનુક્રમે ...

તપકર્મ કરી અપાર એવાં પોતાના પાપનો ક્ષય કરી સર્વે મુક્તિ પામ્યાં અને દ્રૌપદી પાં ચમે દેવલોકે ગઈ. ઇતિ કુંતીની કથા.

---

## શિવા સતી.

સાક્ષર્ પ્રકારે શુદ્ધ રીતે શીલ પાળનાર જનો, શિવા સતીની પેરે જલદીથી સુખ પ્રાપ્ત કરે છે.

ઉજ્જયિની નગરીને વિષે ચંડપ્રદ્યોતન રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. એકદા તે રાજસભાને વિષે બેઠો હતો, ત્યાં એક દૂત આવ્યો. તેણે અંજલિ જોડીને રાજાને પ્રણામ કર્યા. રાજાએ પૂછ્યું. "તું કોણ છે! અને શા માટે આવ્યો છે?" તેણે કહ્યું. "વિશાળા નગરીને વિષે એક ચેટક રાજા રાજ્ય કરે છે, તેની શિવા નામે પુત્રી દેવકન્યા જેવી છે અને ચોસઠ કળાઓમાં પ્રવીણ છે, તે પુત્રીને ચેટક રાજા તમારે વેરે આપવાનું ધારે છે; જો તમારી રુચિ હોય તો તમેજ એને પરણો; અન્યથા તે તેણીને અન્ય ભૂપતિને દેશે." તે સાંભળી ચંડપ્રદ્યોતન રાજાએ કહ્યું. "ચેટક રાજાએ કહેવરાવ્યું છે, તે પ્રમાણજ છે." એમ તેણે હા કહી, તેથી ચેટક રાજાએ પોતાની શિવા પુત્રીને મહા મહોત્સવ પૂર્વક ચંડપ્રદ્યોતનની સાથે પરણાવી.

એ શિવા રાણી એકદા શ્રીવીર ભગવાન્ પાસે ધર્મોપદેશ શ્રવણ કરવા ગઈ, ત્યાં તેણીએ ધર્મ અંગીકાર કર્યો. કોઈએક દેવતાએ તેને શીળથી ચલિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તે મહાસતી પોતાના મનમાં દૃઢ રહી હતી. એ નગરને વિષે નિરંતર અગ્નિનો ઉપદ્રવ થયા કરતો હતો; ઘણા ઘણા ઉપચાર કરતા પણ વૃથા. એમ રાત્રીદિવસ નગરને તે અગ્નિ પ્રજ્વાળતો હતો. એકદા રાજાએ બુદ્ધિના ભંડાર એવા અભયકુમાર મંત્રીશ્વરને મહા પ્રયાસે ત્યાં આણ્યો, ને "અગ્નિ શમતી નથી એનું શું કરવું?" એમ પૂછ્યું. મંત્રીશ્વરે ઉત્તર આપ્યો. "જો શીળવતી નારી પોતે અહિં આવીને સર્વ ઘર ઉપર નીર છાંટે, તો એ અગ્નિ ઝટ શાંત થાય." તે ઉપરથી બહુ બહુ સ્ત્રીઓ ત્યાં આવીને જળ છાંટી ગઈ, પણ વૃથા. જ્યારે શિવા સતીએ પોતે આવીને સર્વ સ્થળે જળ છાંટ્યું, ત્યારે તત્કાળ અગ્નિ શમી ગયો. તે વખતે સર્વ લોકોએ ઉદ્ઘોષણા કરી કે, "આ શિવા મહાસતી છે." કહ્યું છે કે-જે પુરુષો પરસ્ત્રીઓના રૂપને દેખીને પણ વૃષભ સરખા ધીર થાય છે, તો તે કેમ વંદનીક ન હોય? એમ રાજા તથા લોકો કહેવા લાગ્યા. વળી દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નર પ્રમુખ પણ, દુષ્કર કાર્ય કરનાર એવા બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. શીલ મનુષ્યોના કુળને ઉન્નતિ કરવાવાળું, પરમ ભૂષણરૂપ, કદાપિ પણ નાશ નહિ થનારૂં, આશ્ચર્યકારી, પવિત્ર, સદ્ગતિદાયક, દુર્ગતિને નાશ કરનારૂં, પવિત્ર એવા મોટા યશને આપનારૂં, ઉત્કૃષ્ટ એવા મોક્ષનું કારણ અને કલ્પવૃક્ષરૂપ છે. અનુક્રમે તેણીએ (શિવા સતીએ) શ્રીવીર પ્રભુ પાસે દીક્ષા લીધી, ને નાના પ્રકારની તપશ્ચર્યાથી કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કર્યો. ઇતિ શિવાસતીની કથા.

---

## જયંતી.

ચંદ્રોત્તરાયણ નામના *ચૈત્યથી મનોહર એવી કૌશાંબી નગરીમાં સહસાનીક રાજાના પુત્રનો પુત્ર, સતાનિક રાજા અને મૃગાવતી રાણીનો પુત્ર, ચેટક રાજાની પુત્રીનો પુત્ર અને શ્રમણોપાસિકા જયંતીનો ભત્રીજો એવો ઉદાયન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સહસાનીક રાજાના પુત્રની સ્ત્રી, સતાનિક રાજાની સ્ત્રી, ચેટક રાજાની પુત્રી, ઉદાયન રાજાની

*વ્યંતર દેવતાના દેહેરાવાળું વન.

માતા અને શ્રમણોપાસિકા જયંતિની ભોજાઈ એવી મૃગાવતી નામની સ્વરૂપવાન્ રાણી હતી. વળી તે નગરીમાં સહસ્રાનીક રાજાની પુત્રી, સતાનિક રાજાની બ્હેન, ઉદાયન રાજાની ફોઈ, મૃગાવતી રાણીની નણંદ, શ્રી મહાવીરસ્વામીની પ્રથમ શય્યાતરી, સુકુમાળ છે હાથ પગનાં તળીયાં જેણીનાં અને જીવાજીવાદિકનું જાણ્યું છે સ્વરૂપ જેણીએ એવી જયંતી નામની શ્રાવિકા સુખે રહેતી હતી.

તેવા સમયને વિષે શ્રી મહાવીરસ્વામી તે નગરીમાં સમવસર્યા. બાર પ્રકારની પર્ષદા પ્રભુને વંદન કરી સેવા કરવા લાગી. ત્યાર પછી પ્રભુના આગમનની વાત સાંભળી હૃષ્ટ પુષ્ટ થએલા ઉદાયન રાજાએ કૌટુંબિક પુરૂષને બોલાવીને કહ્યું. "હે દેવાનુપ્રિયો! જેમ કૂણિક રાજાએ ચંપા નગરી શણગારી હતી, તેવી રીતે તમે પણ તાકીદથી આ કૌશાંબી નગરીને બહાર અને અંદર શણગારો." સેવકોએ તે પ્રમાણે નગરી શણગારી.

તેવા સમયમાં પ્રભુના આગમનની વાત સાંભળી હર્ષ સંતોષ પામેલી શ્રમણોપાસિકા જયંતિ, જ્યાં મૃગાવતી રાણી હતી, ત્યાં આવીને કહેવા લાગી કે, "હે દેવાનુપ્રિયે! ચતુર્વિધ સંઘરૂપ તીર્થની આદિના કરનાર, સર્વ વસ્તુને જાણનારા, તેમજ દેખનારા, વળી જેમના અતિશયને લીધે આકાશને વિષે ધર્મચક્ર ચાલી રહ્યું છે એવા શ્રી મહાવીર ભગવાન્ ચંદ્રોત્તરાયણ નામના ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને ધારણ કરતા છતા સમવસર્યા છે. હે દેવાનુપ્રિયે! તેવા ભગવંત અરિહંતોના નામગોત્રનું શ્રવણ પણ મહા ફળને આપનારૂં છે, તો પછી તેમના સન્મુખ જવું, વંદન કરવું, નમસ્કાર કરવો, પ્રશ્નાદિક પૂછવું અને સેવા કરવી એ સર્વ મ્હોટાં ફળને આપનારાં થાય એમાં શું આશ્ચર્ય! વળી એક એવા ધાર્મિક પુરુષના સુવચનના શ્રવણથી મહા લાભ થાય, તો પછી અનેક સુવચનના શ્રવણ કરવાની તો વાતજ શી? માટે હે દેવાનુપ્રિયે! શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીને આપણે વંદન કરીએ, નમસ્કાર કરીએ અને તેમની સેવા કરીએ કે, જેથી આપણને આ ભવ અને પરભવને વિષે હિતને અર્થે, સુખને અર્થે, સંગતીને અર્થે અને શુભાનુબંધને અર્થે થાય." તે વખતે શ્રમણોપાસિકા જયંતીનાં આ પ્રકારનાં વચન સાંભળીને મૃગાવતી રાણીએ કૌટુંબિક પુરુષને બોલાવીને કહ્યું કે, "હે દેવાનુપ્રિય! તમે ધાર્મિક એવા યોગ્ય રથને સજ્જ કરીને જલદીથી અહિં લાવો." પછી તે સેવકોએ જઈને સજ્જ કરેલો ધાર્મિક રથ ત્યાં આણ્યો, તેટલામાં શ્રમણોપાસિકા જયંતિ સહિત મૃગાવતી રાણી સ્નાન તેમજ બળિકર્મ કરી વસ્ત્રાલંકારથી શરીરને શણગારી ઘણી એવી કુબ્જા દાસીઓ સહિત અંતઃપુરથી બહાર નીકળી, જ્યાં બહારની ઉપસ્થાનશાળા પાસે ધાર્મિક રથ ઉભો હતો, ત્યાં આવીને તેમાં બેઠી.

પછી શ્રમણોપાસિકા જયંતીની સાથે રથમાં બેઠેલી મૃગાવતી રાણી, પોતાના પરિવારે પરવરી છતી ઉદ્યાનને વિષે જઈ રથથી હેઠી ઉતરી. ત્યાં તેણીએ જયંતી અને દાસીઓની સાથે પ્રભુને વંદન કર્યું. પછી તે ઉદાયન રાજાને આગળ કરી પ્રભુની પાસે બેઠી છતી પ્રભુની સેવા કરવા લાગી.

પ્રભુએ ઉદાયન રાજા, મૃગાવતી રાણી અને જયંતી પ્રમુખ પર્ષદાને ધર્મકથા કહી. તે સાંભળીને ઉદાયન રાજા, મૃગાવતી રાણી અને જયંતી વિના બીજી સર્વ પર્ષદા પોત પોતાને સ્થાને ગઈ. પછી શ્રમણોપાસિકા જયંતી શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામી પાસે ધર્મ દેશના સાંભળી હૃષ્ટ પુષ્ટ થઈ છતી પ્રભુને વંદન નમસ્કાર કરી આ પ્રકારે પ્રશ્ન પૂછવા લાગી.

૧ "હે ભગવન્! જીવો કેવી રીતે શીઘ્ર ભારેકર્મિ થાય છે?" ભગવંતે કહ્યું. "હે જયંતી! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ,

દ્વેષ, કળહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શન શલ્ય; એ અઢાર પાપસ્થાને કરી જીવો શીઘ્ર ભારેકર્મિ થાય છે.”

૨ “હે ભગવન્! જીવોને ભવસિદ્ધિપણું સ્વભાવથી છે કે, પરિણામથી છે?” ભગવંતે કહ્યું. “હે જયંતી! સ્વભાવથીજ છે પણ પરિણામથી નથી.”

૩ “હે ભગવન્! સર્વે ભવસિદ્ધિયા જીવો સિદ્ધિ પામશે?” ભગવંતે કહ્યું. “હે જયંતી! હા, સર્વે ભવસિદ્ધિયા જીવો સિદ્ધિ પામશે.”

૪ “હે ભગવન્! જો સર્વે ભવસિદ્ધિયા જીવો સિદ્ધિ પામશે, તો આગળ જતાં લોક ભવસિદ્ધિયા જીવો વિનાનો થશે.” ભગવંતે કહ્યું. “હે જયંતી! એ વાત બનવાની નથી.”

૫ “હે ભગવન્! શા કારણ માટે એમ નહિ બને?” ભગવંતે કહ્યું. “હે જયંતી! જેમ ભવિષ્યકાળ સમયે સમયે વર્તમાનપણું પામીને અનુક્રમે અતિતકાળ થાય છે, તોપણ ભવિષ્યકાળ અનંત હોવાથી કોઇ કાળે પણ લોક ભવિષ્યકાળ વિનાનો ન થાય. અથવા સર્વે આકાશ પ્રદેશના કલ્પનાથી પરમાણુ પુદ્ગળ જેટલા કડકા કરીને, તેની એકેક પ્રદેશવાળી શ્રેણિ (ઓળ) કરીએ, તે પરમાણુ પુદ્ગળના ખંડને એકેક સમયે કાઢતા જઇએ, તો તે પરમાણુ પુદ્ગળની શ્રેણિ અનાદિ અનંત હોવાથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળે પણ પૂરી થાય નહી; તેમ લોક પણ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળે કરી ભવસિદ્ધિયા જીવો વિનાનો નહિ થાય.”

૬ “હે ભગવન્! જીવો સૂતા (ઉંઘતા) સારા કે, જાગતા સારા?” ભગવંતે કહ્યું. “હે જયંતી! કેટલાએક જીવો સૂતા સારા અને કેટલાએક જીવો જાગતા સારા.”

૭ “હે ભગવન્! શા માટે આપ એમ ફરમાવો છો કે, કેટલાએક જીવો સૂતા સારા અને કેટલાએક જીવો જાગતા સારા?” ભગવંતે કહ્યું. “હે જયંતી! શ્રુતચારિત્રરૂપ ધર્મને નહિ પાળનારા, નહિ અનુસરનારા, નહિ પૂજ્ય માનનારા, ધર્મકરણીથી પ્રસિદ્ધિ નહિ પામેલા, ધર્મનો ઉપદેશ નહિ કરનારા, ધર્મને આદરવા યોગ્ય નહિ માનનારા, ધર્મને વિષે રાગ નહિ રાખનારા, ચારિત્રધર્મને અનુસરતો આચાર નહિ પાળનારા અને અધર્મથીજ પોતાની આજીવિકા કરનારા એવા જીવો સૂતા (ઉંઘતા) સારા, (પણ જાગતા સારા નહી). કારણ કે, જો તે જીવો જાગતા હોય તો પ્રાણ, ભૂત, સત્વ અને જીવ એ સર્વે પ્રકારના જીવોને દુઃખ શોક અને પરિતાપ ઉપજાવનારા થાય; પણ જો તેઓ સૂતા હોય તો પોતાને, પરને અને બન્નેને દુઃખ, શોક અને પરિતાપ ઉપજાવનારા ન થાય. એટલા માટે તે પાપી જીવો સૂતા સારા. વળી હે જયંતી! શ્રુતચારિત્રરૂપ ધર્મને પાળનારા, અનુસરનારા, પૂજ્ય માનનારા, ધર્મકરણીથી પ્રસિદ્ધિ પામેલા, ધર્મનો ઉપદેશ કરનારા, ધર્મને આદરવા યોગ્ય માનનારા, ધર્મને વિષે રાગ રાખનારા, ચારિત્રધર્મને અનુસરતો આચાર પાળનારા અને ધર્મથીજ પોતાની આજીવિકા કરનારા એવા જીવો જાગતા સારા (પણ સૂતા સારા નહિ) કારણ કે, જો તે જીવો જાગતા હોય તો પ્રાણ, ભૂત, સત્વ અને જીવ એ સર્વે પ્રકારના જીવોને દુઃખ, શોક અને પરિતાપ ઉપજાવનારા ન થાય અને વળી તેઓ પોતાને, પરને તેમજ બન્નેને ધર્મજાગિકાને વિષે જોડનારા થાય. એટલા માટે કેટલાએક જીવો સૂતા સારા અને કેટલાએક જીવો જાગતા સારા.”

૮ “હે ભગવન્! જીવો બળવાન સારા કે, દુર્બળ સારા?” ભગવંતે કહ્યું. “હે જયંતી! કેટલાએક જીવો બળવાન્ સારા અને કેટલાએક જીવો દુર્બળ સારા.”

૯ “હે ભગવન્! શા માટે આપ એમ ફરમાવો છો કે, કેટલાએક જીવો બળવાન્

સારા અને કેટલાએક જીવો દુર્બળ સારા ?" ભગવતે કહ્યું. "હે જયંતી! પૂર્વે કહેલા પાપી જીવો દુર્બળ સારા (પણ બળવાન્ સારા નહિ) કારણ કે, જો તે જીવો બળવાન્ હોય તો પ્રાણ, ભૂત, સત્વ અને જીવ એ સર્વ પ્રકારના જીવોને દુઃખ, શોક અને પરિતાપ ઉપજાવનારા થાય, પણ જો તેઓ નિર્બળ હોય તો પોતાને, પરને અને બન્નેને દુઃખ, શોક અને પરિતાપ ઉપજાવનારા ન થાય; એટલા માટે તે પાપી જીવો દુર્બળ સારા. વળી હે જયંતી! પૂર્વે કહેલા ધર્મિ જીવો બળવાન્ સારા, (પણ નિર્બળ સારા નહિ) કારણ કે, જો તે જીવો બળવાન્ હોય તો પ્રાણ, ભૂત, સત્વ અને જીવ એ સર્વ પ્રકારના જીવોને દુઃખ શોક અને પરિતાપ ઉપજાવનારા ન થાય, પણ તેઓ પોતાને, પરને અને બન્નેને ધર્મજાગરિકાને વિષે જોડનારા થાય. એટલા માટે કેટલાએક જીવો બળવાન્ સારા અને કેટલાએક જીવો નિર્બળ સારા."

૧૦ "હે ભગવન્! જીવો ઉદ્યમી સારા કે, આળસુ સારા?" ભગવતે કહ્યું. "હે જયંતી! કેટલાએક જીવો ઉદ્યમી સારા અને કેટલાએક જીવો આળસુ સારા."

૧૧ "હે ભગવન્! શા માટે આપ એમ ફરમાવો છો કે, કેટલાએક જીવો ઉદ્યમી સારા અને કેટલાએક જીવો આળસુ સારા?" ભગવંતે કહ્યું. "હે જયંતી! પૂર્વે કહેલા પાપી જીવો, પૂર્વે કહેલા કારણથી આળસુ સારા." વળી હે જયંતી! પૂર્વે કહેલા ધર્મિ જીવો ઉદ્યમી સારા (પણ આળસુ સારા નહિ) કારણ કે, જો તે જીવો ઉદ્યમી હોય તો ઘણા આચાર્યોની, ઉપાધ્યાયોની, સ્થવિરોની, તપસ્વીઓની, ગ્લાનોની, શિષ્યોની, કુળની, ગણની, સંઘની, અને સાધર્મિકની વૈયાવૃત્ય કરવામાં પોતાના આત્માને, પરના આત્માને અને બન્નેના આત્માને જોડનારા થાય છે. એટલા માટે કેટલાએક જીવો ઉદ્યમી સારા અને કેટલાએક જીવો આળસુ સારા."

૧૨ "હે ભગવન્! શ્રોત્રેંદ્રિય, ચક્ષુરેંદ્રિય અને સ્પર્શેંદ્રિયને વશ્ય થએલો જીવ શું (કર્મ) બાંધે છે?" ભગવતે કહ્યું. "હે જયંતી! શ્રોત્રેંદ્રિયાદિકને વશ્ય થએલો જીવ સાત આઠ કર્મની પ્રકૃતિનો બંધ કરે, યાવત્ અનંતો કાળ સંસારમાં પરિભ્રમણ કરે. તેવી રીતે ક્રોધને વશ્ય થએલો પણ સમજવો."

ત્યાર પછી શ્રમણોપાસિકા જયંતી શ્રમણ ભગવંત શ્રી મહાવીરસ્વામી પાસે આ પ્રકારના અર્થ સાંભળી ધારીને હર્ષ પામી. પછી તે દેવાનંદાની પેઠે દીક્ષા લઈ સર્વ દુઃખનો નાશ કરી મુક્તિએ ગઇ. ઇતિ જયંતીની કથા.

## દેવકી.

જે જન નિરંતર ચંદ્રમા સમાન ઉજ્વળ શીળનું પાલન કરે છે, તે દેવકીની પેઠે ખ્યાતિ તથા મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.

એકદા સમુદ્રવિજય રાજાથી અપમાન પામેલો વસુદેવ પોતે વિદેશ નીકળી પડ્યો, ત્યાં અનેક દેશને વિષે ઘણી કન્યાઓનાં પાણિગ્રહણ કરતો તે અનુક્રમે મૃત્તિકાવતી નગરીએ ગયો ત્યાં કંસનો પિતરાઇ કાકો દેવક રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. તેની દેવકી નામે પુત્રી વયે વૃદ્ધિ પામતી ચોશઠ કળામાં ચતુર થઇ હતી. વસુદેવને શૌર્ય, વીર્ય અને પરાક્રમવાળો જોઇને દેવક રાજા તેને પોતાની પુત્રી આપવાની ઇચ્છાવાળો થયો. પછી તેણે મહા મહોત્સવ પૂર્વક વસુદેવને પુત્રી આપી. વિવાહ પછી રાજાએ વસુદેવને એક કોટિ ગાય સહિત દશ ગોકુળનો નાયક નંદ નામનો ગોવાળ ભેટ તરીકે આપ્યો.

આ વિવાહનો ઉત્સવ ચાલતો હતો, એવામાં કંસનો ન્હાનો ભાઈ જેણે પૂર્વે દીક્ષા

ગ્રહણ કરી હતી, તે અતિમુક્તક નામે મુનિ ત્યાં પારણાર્થે આવ્યા. તે વખતે કંસની સ્ત્રી જીવયશા અતિ મદ્યપાન કરી ઉન્મત્ત થઈ નૃત્ય કરતી હતી. તે તેને જોઈને કહેવા લાગી. "ઠીક થયું, હે દેવર! ઠીક થયું કે તમે આવે અવસરે આવ્યા!! આવો, ઉદ્યમ કરો, આપણે નૃત્ય કરીએ; તમારાં આ પાત્ર વિગેરે ઉપકરણ બાજુએ મૂકો. આવો અવસર ફરી ફરી આવતો નથી." એ પ્રમાણે આમ મદ્યપાનથી ઉન્મત્ત થયેલી જોઈને મુનિએ કહ્યું. "હમણાં વસુદેવે જેની સાથે વિવાહ કર્યો છે, તે (દેવકી) ની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પુત્ર ત્હારા પતિ અને પિતાનો વધ કરશે." મુનિનું આવું વચન સાંભળીને જીવયશાનો મદ ઉતરી ગયો. તેણીએ તે વૃત્તાંત ગુપ્ત રીતે કંસને નિવેદન કર્યો. તે ઉપરથી તે વસુદેવની સાથે મથુરા ગયો, ને ત્યાં જઈ તેની સાથે મૈત્રી કરી. અન્યદા કંસે પ્રીતિને લીધે વસુદેવને કહ્યું. "મને આજે એક દેવે કહ્યું કે, "આજથી સાત આઠ વર્ષમાં શીઘ્ર ત્હારૂં મૃત્યુ થશે." ત્યારે મેં એને પૂછ્યું. "એ કેવી રીતે દૂર થાય?" પેલા દેવે મને ઉત્તર આપ્યો. "જો તું વસુદેવની પત્નીના સાત ગર્ભને ત્હારા ઘરમાં ગુપ્ત રીતે ઉછેરે તો, ત્હારૂં મૃત્યુ નહિ થાય." આ ઉપરથી વસુદેવ અને દેવકીએ તેમ કરવાનું અંગીકાર કર્યું. કંસ તો તેણીના ગર્ભને લઈ જઈને ઊંચેથી શિલા ઉપર પછાડતો હતો; પણ જેવો તે ઊંચે ઉછાળતો, તેવો હરિણૈગમેષી દેવતા તેમને જીવતા આકાશથી ઝીલી લેતો; ને તેમને બદલે ભદ્દિલપુરના નાગશ્રેષ્ઠીની સ્ત્રી સુળસાના મૃત્યુ પામેલા પુત્રોને ત્યાં મૂકતો. વસુદેવના છએ પુત્રોને એ પ્રમાણે હરિણૈગમેષી દેવે ઝીલી લઈને એજ નાગશ્રેષ્ઠીને ત્યાં મૂક્યા. તેમનાં નામ-અનીકયશ, નભસેન, વજિતસેન, નિહતારિ, દેવયશ અને શત્રુસેન.

એવામાં દેવકીને સાતમો ગર્ભ સિંહ, સૂર્ય, અગ્નિ, ગજ, ધ્વજ, સરોવર અને વિમાન એવાં સાત સ્વપ્ને સૂચિત અવતર્યો. દેવકીએ તે વખતે પોતાના પતિને કહ્યું. "મેં એક પણ પુત્રનું લાલન પાલન કર્યું નથી, તો હવે આ સાતમો ગર્ભ તો હું નહિં આપું." વસુદેવે કહ્યું. "પણ આપણી પ્રતિજ્ઞાનો આપણાથી ભંગ કેમ થાય?" દેવકીએ કહ્યું. "કોઈ ઉપાયથી એ (પ્રતિજ્ઞાનું) પાલન કરજો." તે સાંભળીને વસુદેવે ગોકુળના નંદ ગોવાળની સ્ત્રી યશોદાનો પુત્ર કંસને સોંપ્યો અને પોતાના પુત્રને યશોદાને ત્યાં મોકલાવી દીધો. એટલે દેવકી નવનવા ઉત્સવનો મિષ લઈને ત્યાં પોતાના પુત્રને જોવા જતી. તે તે ઉત્સવો આજ પણ લોકને વિષે પ્રસિદ્ધ છે. (ઈત્યાદિ શ્રી નેમિચરિત્રમાંથી જાણી લેવું.) એકદા શ્રીનેમિનાથ ભગવાન પાસે ધર્મ સાંભળીને દેવકીએ સમ્યક્ત્વમૂળ બારવ્રત ગ્રહણ કર્યાં. અનુક્રમે શુદ્ધ ધર્મ પાળી એ શુદ્ધ શીળવતી દેવકી સ્વર્ગે ગઈ, ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામી કર્મ ક્ષય કરીને મુક્તિ પામશે. ઈતિ દેવકીની કથા.

---

## દ્રૌપદી.

દ્રૌપદીની પેઠે શુદ્ધ શીળ પાળનારની આપત્તિ નાશ પામે છે અને દેવતાઓ પણ તેની સાન્નિધ્ય કરે છે.

પંચાળ દેશનું વિભૂષણ કંપિલપુર નામનું શોભાયમાન નગર છે. ત્યાં દ્રુપદ નામે રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો. તેને એક પુત્રી થઈ, તેનો જન્મોત્સવ કરીને તેણે દ્રૌપદી એવું નામ પાડ્યું. અનુક્રમે વયે વૃદ્ધિ પામી એટલે પિતાએ તેણીને ધર્મ-કર્મ શાસ્ત્રાદિમાં પ્રવીણ કરી. કહ્યું છે કે-જેણે પહેલી અવસ્થામાં વિદ્યા, બીજી અવસ્થામાં ધન અને ત્રીજી અવસ્થામાં ધર્મ નથી ઉપાર્જન કર્યો, તે ચોથી અવસ્થામાં શું કરશે? વળી રૂપ અને યૌવનથી પૂર્ણ તથા વિશાળ કુળમાં ઉત્પન્ન થએલા પ્રાણીઓ જો વિદ્યારહિત હોય તો નિર્ગંધ એવા

કેસુડાની (ખાખરાના પુષ્પની) પેઠે શોભતા નથી. અન્યદા તેણીને યૌવન પામેલી જોઈ, પરણવાને યોગ્ય ઉમ્મરે પહોંચેલી જાણી, રાજા વરને શોધવાની ચિંતારૂપ સમુદ્રને વિષે નિમગ્ન થયો. કહ્યું છે કે—પોતાના ઘરને શોષનારી, પારકા ઘરને મંડન કરનારી, કુળના કલંકરૂપ અને કલહના ભવનરૂપ એવી પુત્રી જેને ત્યાં નથી, તે લોક સુખી જાણવા. પછી રાજાએ કહ્યું. "જે રાધાવેધ સાધશે, તે આ મ્હારી પુત્રીને પરણશે." આ ઉપરથી બહુ બહુ દેશોમાં કુંકુમપત્રિકા મોકલાવી યુધિષ્ઠિરાદિ રાજાઓને તેડાવ્યા. પછી એક ઉંચા સ્તંભ ઉપર આઠ આરાનું ચક્ર મુકી, તે ઉપર એક પુતળી મુકી નીચે (ભૂમિ ઉપર) તેલની ભરેલી એક કડાઇ મુકી. હવે બુદ્ધિના સંહાર માટેજ હોયની! તેમ ફરતા એવા એ ચક્રની ઉપર રહેલી પુતળીની ડાબી ચક્ષુને, જે કોઇ નીચે રહેલી તેલની કડાઇમાં પડતા પ્રતિબિંબ તરફજ નજર રાખી, તથા મુખ ઉંચે રાખીને તીરવડે વિંધે, તેણે રાધાવેધ સાધ્યો કહેવાય. (રાધા એટલે પુતળી અને વેધ એટલે વિંધવું.) આ કામ કોઇ પણ રાજા કરી શક્યો નહિ; એટલે અર્જુને ઉભા થઇને પુતળી વિંધી, ને રાધાવેધ સાધ્યો. તે વખતે દ્રૌપદીએ તેના કંઠને વિષે વરમાળા આરોપી. તે વરમાળા બીજા ચારે ભાઇઓના કંઠને વિષે પણ પડી! રાજાએ વિચાર્યું. "હવે શું કરવું? માળા તો પાંચેના કંઠને વિષે પડી!" એમ જ્યાં તે વિચાર કરે છે, એટલામાં અકસ્માત ત્યાં ચારણ શ્રમણ મહાત્મા આવ્યા; સર્વે રાજાઓ ઉભા થઇને તેમને નમ્યા; મુનિએ તેમનો ધર્મોપદેશ શ્રવણ કર્યો. ત્યાર પછી દ્રુપદ રાજાએ તેમને પુછ્યું "આ મ્હારી પુત્રીએ અર્જુનના કંઠને વિષે આરોપેલી વરમાળા, બીજા ચારેના કંઠને વિષે કેવી રીતે પડી! હવે કેમ થશે?" તે વખતે મુનિએ, 'દ્રૌપદીને પૂર્વ ભવને વિષે કરેલું કર્મ આવી રીતનું' એમ કહ્યું ને તેની સાથે એમ જણાવ્યું કે, "પૂર્વે ચંપાપુરીને વિષે સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત નામના ત્રણ બ્રાહ્મણ ભાઇઓ વસતા હતા, તેમને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી નામની સ્ત્રીઓ હતી. ત્રણે સ્ત્રીઓ પોતપોતાને વારે સર્વ કુટુંબને અર્થે રસોઇ કરતી. એકવાર પોતાને વારે નાગશ્રીએ અતિ ઉત્તમ રસવતી બનાવીને સાથે કડવા તુંબડાનું શાક બનાવ્યું; પણ તેણીએ જ્ઞાનથી વિચાર્યું કે, "એ તુંબડીનું શાક તો કડવું હતું, પણ એમાં દ્રવ્યનો વ્યય થયો છે માટે મ્હારાથી એ નાંખી કેમ દેવાય?" એમ ધારીને એક જુદા વાસણમાં કાઢી નાંખ્યું; ને બીજું શાક નિપજાવી સર્વ કુટુંબને જમાડ્યું. એટલામાં ત્યાં ધર્મઘોષ નામે મુનિ આવ્યા હતા, તેમના શિષ્ય ધર્મરુચિ માસખમણને પારણે નાગશ્રીને ઘેર ભિક્ષા અર્થે આવ્યા. યતિની દ્વેષિણી નાગશ્રીએ તેમને પેલા નાખી મુકેલા કડવા તુંબડાનું શાક વહોરાવ્યું; તે લઇને શિષ્ય તો ગુરુ પાસે આવ્યા. ત્યાં તેણે આણેલું ભોજન આહાર જોઇને ગુરુએ કહ્યું. "આ તુંબડી તો અતિ કડવું છે, તેથી પ્રાણનાશક છે; માટે એને કોઇ નિરવદ્ય સ્થાનને વિષે પરઠવી આવ." ગુરુના તેવા આદેશ સાંભળીને શિષ્ય ઉદ્યાનને વિષે ગયો; ત્યાં એક બિંદુ ભૂમિ ઉપર પડી ગયું, તેથી એકઠી થયેલી કીડીઓ મરી ગઇ! તે જોઇ ધર્મરુચિ શિષ્યે વિચાર્યું. "એક બિંદુ આ તુંબડીનું શાક ભૂમિને વિષે પડવાથી તો બહુ જીવની હાનિ થઇ; માટે હું જ એનું ભક્ષણ કરૂં." એમ વિચારી પોતે તે આહાર કરીને પછી તેથી તે શુદ્ધ ચિત્ત આરાધક પંચપરમેષ્ઠીના ધ્યાનમાં પરાયણ મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાને ગયો. પાછળ "ધર્મરુચિ બહુ વખત થયો ત્યાં પાછો કેમ ન આવ્યો?" એમ ધારી ગુરુએ તેની શોધમાં અન્ય સાધુઓને મોકલ્યા. સાધુઓએ તેનું મૃત્યુ થયેલું જોઇ તેનાં ઉપકરણ ગુરુ પાસે આણ્યાં. ગુરુએ જ્ઞાનબળથી જાણ્યું કે, તે સર્વાર્થસિદ્ધ વિમાને ગયો છે. તે વાત એકઠું થયેલા સાધુઓને પણ જણાવી કે, "ધર્મરુચિ મૃત્યુ પામ્યો છે, પણ એ સમાધિથી કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાને ગયો છે." અનુક્રમે નાગશ્રી પણ

કરેલું દુષ્કાર્ય આળોવ્યા વિના મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગઇ. ત્યાંથી તે મત્સ્ય થઇ. ત્યાંથી વળી સાતમી નરકે ગઇ. ફરી મત્સ્ય થઇ. વળી નરકમાં ગઇ. એમ સાત સાત વાર નરકગમન અને મત્સ્યના ભવ થયા. એમ બહુ ભ્રમણ કરીને ગિરિનદી ન્યાયે અંતે નાગશ્રીનો જીવ ચંપા નગરીને વિષે સાગરદત્ત શ્રેષ્ઠીની સુભદ્રા નામે પત્નીની કુક્ષિએ અવતર્યો. સમય થયે સુભદ્રાએ એક પુત્રીને જન્મ આપ્યો. માત પિતાએ સુકુમારિકા એવું નામ આપ્યું. વય વૃદ્ધિ પામે તેજ નગરના જિનદત્ત શ્રેષ્ઠીના સાગર નામના પુત્ર વેરે તેણીને પરણાવી, ને સાગરદત્ત શ્રેષ્ઠીએ તે જમાઇને પોતાને ઘેર રાખ્યો.

એકદા રાત્રીને વિષે સાગર, સુકુમારિકા સાથે શય્યામાં સૂતો હતો, તેવામાં તેને તેણીના શરીરનો સ્પર્શ ખેરના અંગારા સમાન જણાયો! તેથી તે વિરાગી થઇ તેણીને સૂતી મૂકી પોતાને ઘેર જતો રહ્યો. સાગરને ગયો જાણીને પ્રભાતે સુકુમારિકા અત્યંત રુદન કરવા લાગી કે, "આજે મ્હારા પતિ મને ત્યજી ગયા છે." જ્યારે માત પિતાએ પુત્રીના રુદનનું કારણ દાસી મારફતે જાણ્યું, ત્યારે તેમણે આવીને કહ્યું. "હે પુત્રી! રુદન ન કર. રાજા કે, રંક કોઇ કર્મના બંધથી છૂટતું નથી. તેં પૂર્વ ભવને વિષે કોઇનો પણ વિયોગ કરાવ્યો હશે, તેથી આજ ત્હારે એમ થયું છે." પછી સાગરદત્તે જઇને જિનદત્તને કહ્યું કે, "તમારો પુત્ર મ્હારી પુત્રીને પરણીને જતો રહ્યો છે, તેથી તમેજ એને કહો." તે ઉપરથી શેઠીએ પોતાના પુત્રને બોલાવીને કહ્યું કે, "હે પુત્ર! પુરુષે જે નારી અંગીકાર કરી હોય, તે તેનાથી ત્યજાય નહી; તો ત્હારા જેવા કુલીનથી તો નજ ત્યજાય. ત્યારે તેં આ શ્રેષ્ઠી પુત્રીને કેમ ત્યજી દીધી? સુગુણ હોય કે નિર્ગુણ હોય, પણ ને એકવાર અંગીકાર કર્યું એટલે તે મૂકાયજ નહિં. કારણ કે, શિવ કલંક યુક્ત અને કુટિલ એવા પણ ચંદ્રમાને એક વાર અંગીકાર કર્યા પછી ત્યજતા નથી. માટે હે પુત્ર! આ ત્હારી મનોહર પ્રિયાને શીઘ્ર અંગીકાર કર. હિતવાંછક જનો માત પિતાના વચનને સારી રીતે પાળે છે."

તે સાંભળીને સાગરે પોતાના પિતા પ્રત્યે કહ્યું. "હે તાત! કહો તો જ્વળતી અગ્નિને વિષે પ્રવેશ કરૂં, કહો તો જળસાગરમાં જઇને પડું; પણ એ દુઃખદાયક સ્રીને હું નહિં અંગીકાર કરૂં. એ સ્રીના શરીરનો સ્પર્શ અંગારા તુલ્ય છે; માટે તેણીની પાસે ક્ષણવાર પણ હું રહી શકતો નથી." એ સાંભળીને સાગરદત્ત પોતાની પુત્રી પાસે આવી કહેવા લાગ્યો. "હે પુત્રી! સાગર તને મનથી પણ ચિંતવતો નથી, તો વાત તો ક્યાંથીજ કરે? માટે અન્ય ભર્તારને વર. હું ત્હારે માટે ઉત્તમ, કુલીન, વિનીત અને હિતકારક સ્વામી લાવીશ; એ વાતમાં ત્હારે દુઃખ ધરવું નહીં."

પછી સાગરદત્તે નિર્ધન પુરુષોને પોતાની પુત્રીના પાણિગ્રહણને અર્થે આણ્યા, પરંતુ તે સર્વે તેણીને સૂતી મૂકીને નાસી ગયા! છેવટ સાગરદત્ત ભિક્ષા માગતા એક રંક ભીખારીને પોતાને ઘેર લઇ આવ્યા. તેની ભિક્ષા માગવાની ખોપરી મૂકી દેવરાવી સુવાસિત જળથી સ્નાન કરાવી નાના પ્રકારનાં આભૂષણ પહેરાવી, તેને પોતાની પુત્રી આપી. આ રંક પુરુષને પણ તે સુકુમારિકાનું શરીર અંગાર સમાન લાગ્યું; તેથી તે વિચાર કરવા લાગ્યો. "શું આ અંગારાની શગડી સમાન દેખાતી સ્રી રાક્ષસી હશે?" એમ વિચારી તે પણ સાગરની પેઠે તેણીને ત્યજી ગયો અને ફરી તેણે ખોપરી ગ્રહણ કરી. તે ઉપરથી શેઠે પૂછ્યું. "અરે! તું કેમ મ્હારી પુત્રીને ત્યજીને જતો રહે છે?" પેલાએ ઉત્તર આપ્યો. "અગ્નિપ્રવેશ સારો, પણ તમારી પુત્રીનો સ્પર્શ સારો નથી." આમ થવાથી તો શેઠની પુત્રી પૂર્વની પેઠે રુદન કરવા લાગી, તે જોઇ તેનો પિતા ત્યાં આવી કહેવા લાગ્યો. "પૂર્વે કરેલાં કર્મ છૂટતાં નથી. કારણ

કે, જો, પૂર્વ કર્મના વિપાકથી સૂર્યને આકાશને વિષે ભ્રમણ કરવું પડે છે; ગુણી જનને પણ ભિક્ષાર્થે ભટકયા કરવું પડે છે અને કોઇ પુરૂષ તો મૂર્ખ છતાં સંપત્તિ ભોગવે છે. કહ્યું છે કે-જોઇએ તો પર્વતના શિખર ઉપર ચઢો, સમુદ્રને ઉલ્લંઘી જાઓ અથવા પાતાળને વિષે પ્રવેશ કરો; પણ વિધિએ લખી મૂકેલી અક્ષરમાળા ફળવાનીજ. શકા નહિ. માટે હે પુત્રી! ત્હારા પૂર્વનાં કર્મના છેદનને અર્થે દાન આપ, તપશ્ચર્યા કર અને આત્માને શાંત કરીને રહે.” પિતાના આવા વચન સાંભળીને સંતોષનો અંગીકાર કરી સુકુમારિકા જૈનધર્મ કરવા લાગી. તેણીને ત્યાં એકદા કોઇ સાધવી ગોચરી માટે આવી. તેણીને તેણીએ શુદ્ધ અન્ન પાનથી ભાવ સહિત પ્રતિલાભી ને તેણીનીજ પાસે તેણીએ દીક્ષા ગ્રહણ કરી; ને પોતાનાં પૂર્વનાં ઉપાર્જેલાં દૃઢ કર્મને છેદવાને માટે દુષ્કર તપ આદર્યો.

એકદા તે પોતાની ગુરુણી પ્રત્યે કહેવા લાગી. “મેં પૂર્વે સંસારને વિષે બહુ દૃઢ કર્મબંધ કર્યો છે, માટે મ્હારી એવી ઇચ્છા છે કે, મનુષ્ય રહિત વનને વિષે જઇને છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરી સૂર્ય સામીજ પ્રગટ દૃષ્ટી રાખી એકાગ્ર મનથી આતાપના લઉં.” તે સાંભળીને પ્રવર્તિનીએ કહ્યું. “ હે વત્સે! બહાર ઉદ્યાનને વિષે જઇને આતાપના લેવી એ સાધ્વીને લેશ પણ યુક્ત નથી.” સુકુમારિકા બોલી. “એમ છે તોપણ હું તો બહાર ઉદ્યાનમાં જઇને આતાપના લઇશ; માટે આદેશ આપો.” એમ આગ્રહ કરી આદેશ મેળવી સુકુમારિકા બહારના ઉદ્યાનમાં ગઇ. ત્યાં આતાપના લેતાં સાત આઠ દિવસ થયા, એવામાં ત્યાં કોઇ એક વેશ્યા અકસ્માત્ આવી. તે એક પુરૂષના ખોળામાં સૂતી હતી, એક બીજો પુરુષ તેણીના મસ્તક ઉપર પુષ્પની વેણી બાંધવા લાગ્યો, ત્રીજો પુરુષ વળી તેણીને પંખાવડે પવન ઢોળવા લાગ્યો, એક ચોથો તેણીના મસ્તક ઉપર છત્ર ધરી રહ્યો અને પાંચમો તેણીના શરીરનો થાક ઉતારવા લાગ્યો. આ પ્રમાણે પાંચ પુરુષોથી સેવાતી ગણિકાને જોઇને સુકુમારિકાએ વિચાર્યું. “અહો! આ સ્રીને ધન્ય છે કે, પાંચ પાંચ પુરુષો તો એની સેવા કરે છે! અને મને તો આજ ભવમાં ફરી ફરી પતીએ ત્યજી છે.” આમ વિચારી સુકુમારિકાએ એવું નિયાણું કર્યું કે, “ જો મેં આદરેલા તપનું કંઇ પણ ફળ થવાનું હોય તો, મને પણ એનીજ પેઠે પાંચ ભર્તાર મળજો.” બીજી સાધ્વીઓએ એને એવું નિયાણું કરતાં વારી, પણ એ રહી નહીં! તેથી તેણીને જૂદા ઉપાશ્રયમાં રાખી. અનુક્રમે આઠ માસ પર્યંત સંલેખના કરી અંતે સૌધર્મ દેવલોકને વિષે નવ પલ્યોપમની આયુષ્યવાળી દેવી ઉત્પન્ન થઇ. ત્યાંથી ચ્યવીને તે આ કાંપિલ્યપુરને વિષે દ્રુપદ રાજાની પુત્રીપણે અવતરી. અહિં તેણીએ અર્જુનના કંઠમાં આરોપેલી વરમાળા પાંચે પાંડવોના કંઠને વિષે પડી, એ તેણીએ કરેલા નિયાણાને લીધેજ. એ પ્રમાણે એના કર્મનો ઉદય થયો. કર્મની આગળ કોઇ છૂટી શકતું નથી. કહ્યું છે કે--પુરુષ ગમે તેવો બુદ્ધિશાળી હોય, પણ તેના કર્મથી પ્રેરાતો હોય ત્યાં તે શું કરી શકે? કારણ કે, પ્રાયે મનુષ્યોની બુદ્ધિ તેના કર્મનેજ અનુસરનારી હોય છે. પૂર્વ જન્મને વિષે શુભ જે કર્મ ઉપાર્જન કર્યું છે, તે દેવ કે દૈત્ય પણ અન્યથા કરી શકતા નથી.”

દ્રૌપદીના પૂર્વ ભવનું આવું વૃત્તાંત શ્રવણ કરીને ઘણા માણસોએ જૈનધર્મ અંગીકાર કર્યો. હવે પાંચે પાંડવો દ્રૌપદીને પોત પોતાને વારે ભોગવવા લાગ્યા. જે દિવસે એકનો વારો હોય, તે દિવસે બીજા પાસે તે જાય નહીં. એકદા દ્રૌપદી પોતાના અંતઃપુરને વિષે પોતાના શરીર પ્રમાણ દર્પણને વિષે પોતાનું અંગ જોતી હતી, તેવામાં ત્યાં અકસ્માત્ નારદ ઋષિ આવ્યા. પણ દ્રૌપદી તો આરીસામાં પોતાનું શરીર ફરી ફરી નિહાળતી હતી, તેથી તેણીએ તેમને મનથી પણ આવ્યા જાણ્યા નહીં; એટલે નારદ રોષ સહિત ત્યાંથી ઉભા થઇને ધાતકીખંડમાં

આવેલી અમરકંકા નગરીએ ગયા. ત્યાં પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે નારદ ગયા, એટલે તે રાજાએ વિનય પૂર્વક ઉભા થઇને પાંચ અભિગમન સાચવીને તેને વંદન કર્યું; પછી પૂછ્યું કે, "હે ઋષીશ્વર! આપ ક્યાં ગયા હતા? અને અહિં આવવાનું શું કારણ છે?" નારદે ઉત્તર આપ્યો. "હું હસ્તિનાગપુર ગયો હતો, ત્યાં પાંડવોના અંતઃપુરને વિષે મેં દ્રૌપદીને જોઇ, તેવી એક પણ સ્ત્રી ત્હારા અંતઃપુરને વિષે નથી." એ ઉપરથી તો પદ્મોત્તર રાજાએ તેણીને લાવવાને એક દેવને આરાધ્યો, તેથી દ્રૌપદી તેની પાસે આવી. તેણીને તે કહેવા લાગ્યો. "હે દ્રૌપદી! તું મ્હારી સાથે ભોગ ભોગવ, આ રાજ્ય ત્હારૂં છે, આ પટ્ટ કુળાદિ પણ ત્હારાં છે, તે તું અંગીકાર કર. તું મ્હારી સર્વ પત્નીઓમાં મુખ્ય છે, હું મ્હારૂં સર્વ કામ તને પૂછીને કરીશ." આ પ્રમાણે બહુ બહુ પ્રકારે તે રાજાએ દ્રૌપદીનું શીળ ખંડન કરવાને યત્ન કર્યો, પણ તેથી તેણીના અંતઃકરણને વિષે લેશ માત્ર વિકાર થયો નહીં. તે તો પંચ પરમેષ્ઠીના ધ્યાનને વિષેજ લીન રહી, ને છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરવા લાગી.

અહિં પાછળ દ્રૌપદીનું હરણ થયું જાણી પાંચે પાંડવો કૃષ્ણ પાસે ગયા, ને તેને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી કૃષ્ણે કહ્યું. "દ્રૌપદીને કોણ હરી ગયું છે? તે હમણાં જણાતું નથી." એવામાં તો નારદ પોતે ત્યાં આવ્યા. તેને કૃષ્ણે પૂછ્યું. "હે નારદ ઋષિ! તમે ક્યાંય દ્રૌપદીને દીઠી?" નારદે ઉત્તર આપ્યો. "ધાતકીખંડની અમરકંકા નામની નગરીના રાજા પદ્મોત્તરના અંતઃપુરને વિષે મેં એક દ્રૌપદી જેવી સ્ત્રી જોઇ છે." તે સાંભળી શ્રી કૃષ્ણે સુસ્થિત દેવને આરાધ્યો; એટલે છએ જણ રથમાં બેસીને અમરકંકા નગરીની બહારના ભાગમાં પહોંચ્યા. ત્યાં કૃષ્ણ શિવાય પાંચ પાંડવોએ એ રાજા પદ્મોત્તરની સાથે યુદ્ધ કર્યું, પણ તેમાં તેઓ હાર્યા. એટલે કૃષ્ણે રણસંગ્રામને વિષે આવી જય મેળવ્યો. પદ્મોત્તર રાજા ગઢમાં પેસી ગયો. ને કિલ્લાનાં દ્વાર દૃઢ રીતે બંધ કરાવ્યાં; એટલે કૃષ્ણે કિલ્લા ઉપર ચઢીને નરસિંહ રૂપ ધારણ કરી પૃથ્વીને એવી રીતે કંપાવી કે, નગરવાસીઓનાં ઘર પણ પડી ગયાં! તેથી ભય પામીને પદ્મોત્તર કૃષ્ણ પાસે આવી નમ્યો, તેના ચરણમાં પડીને ક્ષમા માગી કહેવા લાગ્યો. "મેં પ્રથમ એ મૂર્ખતા કરી કે, દ્રૌપદીનું હરણ કર્યું, અને બીજી એ કે આપની સાથે સંગ્રામ કર્યો. હવે મ્હારા ઉપર કૃપા કરી દ્રૌપદીને અંગીકાર કરો. ઉત્તમ પુરુષોને ત્યાં સુધી કોપ રહે છે કે, જ્યાં સુધી સામો માણસ આવીને નમતો નથી. (પણ હું તો હવે નમું છું.)"

એ સાંભળી કૃષ્ણે પોતાનું મૂળરૂપ કર્યું. પછી પદ્મોત્તર રાજા શ્રીકૃષ્ણને નગરને વિષે લઇ ગયો, ને ત્યાં ભોજનદાન આદિથી તેની ભક્તિ કરી, ને અંતઃપુરને વિષેથી દ્રૌપદીને આણીને તેને સોંપી; એટલે એ મહાસતીને લઇને કૃષ્ણ પાછા વળ્યા. એ વખતે ધાતકીખંડના જિનેશ્વર પાસે ત્યાંનાજ વાસુદેવે સાંભળ્યું કે, "જંબુદ્વીપનો વાસુદેવ શ્રીકૃષ્ણ અહિં આવ્યો છે." તે ઉપરથી એ સમુદ્રને કાંઠે એને મળવા ગયો. ત્યાં બન્ને વાસુદેવે શંખ પૂર્યો. પછી સર્વ સમુદ્ર ઉતરીને ગંગાનદે આવ્યા. ત્યાંથી પહેલા પાંડવો નાવમાં બેસીને નદી ઉતર્યા, પણ તેમણે કૃષ્ણના બળની પરીક્ષા કરવાને એ નાવને પાછી ન મોકલી; પરંતુ કૃષ્ણ તો ભુજાવડે નદી ઉતરીને પાંડવો પાસે આવ્યા, ને તેમના ઉપર કોપાયમાન થઇ તેણે તેમનું રાજ્ય લઇ લીધું, ફક્ત દક્ષિણ મથુરા આપ્યું. પછી કુંતી હર્ષ પામી દ્રૌપદીને લઇ ઘેર ગઇ, ને ત્યાં પુન્ય દાન કર્યાં. શ્રીકૃષ્ણ પણ દ્વારિકા ગયા. એકદા શ્રીનેમિનાથ ભગવાન્ મથુરાને વિષે આવી સમવસર્યા એટલે કુંતી પાંચે પુત્રો તથા દ્રૌપદીને લઇને તેમને વંદન કરવા ગઇ. ત્યાં પ્રભુએ ધર્મોપદેશ આપ્યો કે, "આ લોકને વિષે મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, સારૂં કુળ, સારૂં રૂપ, નિરોગીપણું, લાંબુ આયુષ્ય, સારી બુદ્ધિ, શાસ્ત્રનું શ્રવણ અને શુદ્ધ સંયમ; એ સર્વ

પામવાં દુર્લભ છે." ઈત્યાદિ ઉપદેશ સાંભળીને એ સાતે જણાએ સમકિત મૂળ બાર વ્રત ગ્રહણ કર્યાં. અનુક્રમે પાંચે પાંડવોએ પોત પોતાના પુત્રને રાજ સોંપ્યું, ને કુંતી તથા દ્રૌપદી સહિત ગુરૂ પાસે દીક્ષા લીધી. ત્યાર પછી દ્રૌપદી નાના પ્રકારની તપશ્ચર્યા કરવા લાગી. અનુક્રમે એકદા તે શ્રીશત્રુંજય તીર્થે ગઇ, ત્યાં પણ બહુ તપ કરતી આયુષ્ય ક્ષય થયે પાંચમે દેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવીને અનુક્રમે તે થોડા ભવમાં મોક્ષ પામશે. ઇતિ દ્રૌપદીની કથા.

## ધારિણી.

આ કથા ચંદનબાળાની કથામાં આવી ગઈ છે, માટે ત્યાંથી જાણી લેવી.

## બીજી ધારિણી.

ઉત્તમ પ્રકારે શીલ પાળવામાં તત્પર અને સદ્ધાર્મિક જીવો, ધારિણીની પેઠે આલોક તેમ પરલોકને વિષે સુખ સંપત્તિ પ્રાપ્ત કરે છે.

ઉજ્જયિની નગરીને વિષે ચંડપ્રદ્યોતન રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. એ રાજાને પરસ્પર પ્રીતિવાળા એવા બે સહોદર ( ભાઇ ) હતા. એકનું નામ ગોપાળ ને બીજાનું નામ પાલક. એકદા ત્યાં શ્રી ધર્મઘોષસૂરિ આવ્યા, તેમની પાસે ગોપાળ ધર્મ શ્રવણ કરવા ગયો. ત્યાં તેણે એવો ઉપદેશ સાંભળ્યો કે, "કર્મરૂપ જળના તરંગોથી ઘસાએલા પ્રાણીઓ આ સંસાર સમુદ્રમાં એકઠા થાય છે અને જૂદા પડે છે, તેથી કોણ કોના બાંધવ છે? વળી ઋતુ જાય છે તેજ પાછી વારાફરતી આવે છે. ચંદ્રમા અસ્ત પામે છે, પણ તેનો પાછો ઉદય થાય છે, પરંતુ નદીનું જળ અને આયુષ્યનું ઝરિત ગયું પાછું આવતું નથી." તે ઉપરથી ગોપાળે પ્રવ્રજ્યા લીધી. હવે પાલકને ઇતિવર્દ્ધન અને રાષ્ટ્રવર્દ્ધન નામના બે પુત્રો હતા. બન્ને ધર્મ કર્મ શાસ્ત્ર ભણેલા હતા. કહ્યું છે કે-રૂપ યૌવનને સંપન્ન અને ઉંચા કુળમાં જન્મેલા છતાં વિદ્યાવિહીન જનો સુગંધ રહિત કેસુડાના પુષ્પની પેઠે શોભતા નથી. વળી પંડિતાઇ અને રાજપણું કદાપિ સમાન હોતાં નથી; કારણ કે, રાજા ફક્ત પોતાના દેશને વિષે પૂજાય છે અને વિદ્વાન તો સર્વ ઠેકાણે પૂજાય છે. અનુક્રમે તે બન્ને પુત્રોને રાજપુત્રીઓ પરણાવી. એકદા પાલકે આ સંસારને અસાર જાણી તથા સર્વ સુખને ક્ષણભંગુર માની, ઇતિવર્દ્ધનને રાજ્ય અને રાષ્ટ્રવર્દ્ધનને યુવરાજ પદવી આપી સંયમ ગ્રહણ કર્યો. કહ્યું છે કે-જેટલા સમયમાં ચક્રવર્તિ પોતાની વિસ્તાર યુક્ત ઋદ્ધિને ત્યજે છે, તેટલા સમયમાં કોઇ દુર્બુદ્ધિ ભિક્ષુક પોતાના ખપ્પરને છાંડી શકતો નથી.

હવે રાષ્ટ્રવર્દ્ધનની સ્ત્રી ધારિણી ઉત્તમ શીળગુણવડે શોભતી હતી; તેણીને અવંતીસેન નામનો પુત્ર થયો. એકદા એમ બન્યું કે, ધારિણીને અપ્સરા સમાન રૂપવતી દેખીને રાજા ઇતિવર્દ્ધને દૂતી મારફત કહેવરાવ્યું કે, "તું મ્હારી પત્ની થા." ત્યારે તેણીએ સામું કહેવરાવ્યું કે, "તું એ રાજા થઇને એમ કહેવરાવતાં લજ્જા પામતો નથી? એક તો હું એના ન્હાના ભાઇની પત્ની છું; વળી પરસ્ત્રીગમનથી પણ પુરૂષ નરકને વિષે પડે છે, કારણ કે, પોતાના પરાક્રમથી વિશ્વને જીતનાર એવો રાવણ પરસ્ત્રી સાથે રમવાની ઇચ્છાથી પોતાના કુળનો ક્ષય કરીને નરકે ગયો છે. કહ્યું છે કે-જેઓ પરસ્ત્રીના રૂપને જોઇને ધીર એવા બ્રાહ્મણની પેઠે પ્રથમ નીચું જોઇને ચાલે છે, તે પુરૂષો કોને વંદન કરવા યોગ્ય નથી? અર્થાત સર્વને વંદન કરવા યોગ્ય છે. વળી જેઓ અકાર્યને વિષે આળસુ, પ્રાણીનો વધ કરવામાં પાંગળા, પારકી નિંદા કરવામાં બ્હેરા અને પરસ્ત્રીને જોવામાં આંધળા હોય છે, તેવા પુરૂષો જગતમાં જયવંતા છે. વળી દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નર દેવતાઓ દુષ્કરકારક એવા બ્રહ્મચારીઓને નમસ્કાર કરે છે." ધારિણીએ એવું કહેવરાવ્યું, તે સાંભળી રાજા ક્રોધે બળે અને વિચારવા લાગ્યો.

"જ્યાં સુધી ભાઈ જીવતો છે, ત્યાં સુધી એ મને અંગીકાર નહિ કરે; માટે પ્રથમ હું એનોજ ઘાત કરૂં; એટલે પછી હું એને મેળવી શકીશ." એમ વિચારી એકદા અવસર મેળવી ધારિણીને મેળવવાની ઈચ્છાથી તેણે ભાઈનો ઘાત કર્યો ! મ્હોટા ભાઈએ પોતાના પતિનો ઘાત કર્યો જાણીને ધારિણી શીળ રક્ષાને અર્થે શીઘ્ર કૌશાંબી નગરીએ જતી રહી. ત્યાં તેણીને વૈરાગ્ય ઉત્પન્ન થયો તેથી પોતાને ગર્ભ રહ્યો હતો, એ વાત કોઇને નહિં જણાવીને, તેણીએ સાધ્વી પાસે દીક્ષા લીધી. પણ અવસરે ગર્ભ જણાયો એટલે ગુરુણી તેણીને હાક મારીને પૂછવા લાગી. "અરે ધારિણી ! તેં આ શું કર્યું ?" ધારિણી બોલી. મેં દીક્ષા લેતી વખતે વિચાર્યું કે, જો હું ગર્ભની વાત આગળથી કહીશ, તો મને દીક્ષા નહિં આપે. માટે એ વાત પ્રથમથી કહી નહિં."

હવે અનુક્રમે યોગ્ય વખતે ધારિણીએ એક પુત્રને જન્મ આપ્યો. તેને તે નામ મુદ્રા મુદ્રા તથા આભરણોથી અલંકૃત કરીને રાજાના મહેલના આંગણામાં મૂકી આવી. ક્ષણમાં ત્યાંથી જતા અવંતીસેન રાજાએ એ બાળકને જોયો; એટલે તેને પોતે લીધો. તેણે તેને ઘેર લાવી પુત્રપણે સ્થાપી મહા ઉત્સવ પૂર્વક તેનું મણિપ્રભ એવું નામ પાડ્યું. અનુક્રમે રાજા તો પરલોક ગયો, એટલે પ્રધાનોએ મળીને મણિપ્રભને રાજ્યાભિષેક કર્યો.

એવામાં પાછળ રતિવર્દ્ધનને ભાઈને હણવાથી બહુ પશ્ચાત્તાપ થયો, તેથી તેણે પોતાને સંતતિ ન હોવાથી ધારિણીનાજ પુત્રને અવંતિસેનને રાજ્ય સોંપી ગુરુ પાસે દીક્ષા લીધી. તે અવંતિસેન બળવાન્ થઇ મણિપ્રભ પાસે દંડ માગવા લાગ્યો; પણ દંડ ન મળવાથી તેણે પોતાના સર્વ સૈન્ય સહિત આવીને કૌશાંબીને ઘેરો ઘાલ્યો. તે વખતે તેમની માતા સાધ્વીએ ત્યાં આવીને સર્વ સ્વરૂપ કહ્યું, ને તેમને યુદ્ધથી નિવાર્યા; એટલે તે બન્ને ભાઈઓ પરસ્પર મળ્યા ને પ્રીતિવાળા થયા. પછી બન્ને ઉજ્જયિની ભણી ગયા. તેમની માતા સાધ્વીએ ત્યાં તેમને ધર્મોપદેશ આપ્યો કે, "ધર્મથી ઉચ્ચકુળને વિષે જન્મ, પાંચે ઇંદ્રિઓએ પૂર્ણ શરીર, સૌભાગ્ય, આયુષ્ય, બળ, નિર્મળ યશ, વિદ્યા અને અર્થ સંપત્તિ પ્રાપ્ત થાય છે. વળી મહા ભયંકર અટવીને વિષે પણ ધર્મજ રક્ષણ કરે છે. એ ધર્મની સમ્યક્ પ્રકારે ઉપાસના કરવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે." માતાનો આવો ઉપદેશ શ્રવણ કરીને બન્ને ભાઈઓએ સમ્યક્ત્વ મૂળ બારવ્રત અંગીકાર કર્યાં; ને તેઓ જિનેંદ્રનો ધર્મ પાળવા લાગ્યા. ધારિણી પણ ચિરકાળ પર્યંત ચારિત્ર પાળીને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગઇ. ઇતિ બીજી ધારિણીની કથા.

## કળાવતી.

દેવતાઓ પણ શુદ્ધ શીળ પાળનારનું શંખ ભૂપતિની પ્રિયા કળાવતીની પેઠે સાન્નિધ્યપણું કરે છે.

આ જંબૂદ્વીપને વિષે મંગળા દેશના ભૂષણરૂપ શંખપુર નામના નગરમાં પ્રજાનુકૂળ શ્રીમાન્ શંખરાજા રાજ્ય કરતો હતો. એકદા તે સભાને વિષે સિંહાસન્ ઉપર વિરાજમાન થયો હતો, એવામાં ગજશેઠના પુત્ર દત્તે આવીને તેને નમન કર્યું. તેને રાજાએ પુછ્યું. "પૃથિવી ઉપર ફરતાં તેં કંઇ કૌતુક જોયું હોય તો કહે." ત્યારે પેલો બોલ્યો. "હે દેવ ! હું વ્યાપારાર્થે દેવશાળપુર નગરને વિષે ગયો હતો. કારણ કે, અમારી લક્ષ્મી વાણિજ્યરૂપી મહાસાગરમાંજ વૃદ્ધિ પામે છે."

હવે તે નગરમાં મેં જે કૌતુક જોયું તેનું સ્વરૂપ હું કહી શકતો નથી." એમ કહી દત્તે રાજાને એક પાટી બતાવી. તેમાં આલેખેલી કોઇ સ્ત્રીની છબિ જોઇને તેણે તો એમજ ધા

સ્યું કે, એ 'છબિ કોઈ દેવાંગનાની છે;' પણ દત્ત હસીને બોલ્યો. "હે રાજન્! એ દેવી નથી, પણ માનુષી છે." રાજાએ પૂછ્યું. "એ કોની પુત્રી છે?" દત્તે કહ્યું. "દેવશાળ નગરને વિષે વિજયસેન રાજાને શ્રીમતી નામની પ્રિયા હતી, તેણીની આ પુત્રી કળાવતી છે. તે રૂપ લાવણ્યમાં દેવકુમારીનો પણ પરાભવ કરે તેવી છે; કારણ કે, તેણીને વિધાતાએ સૌથી પહેલી સરજી લાગે છે. હવે જ્યારે તે સર્વ ધર્મકળામાં કુશળ થઈ છે, ત્યારે વિવાહ યોગ્ય જાણીને તેનો પિતા વિવાહ કરવાની ચિંતારૂપ સાગરમાં પડ્યો છે. વળી એક વખતે તે પુત્રીએ પોતેજ તેના પિતાને એમ જણાવ્યું કે, "જે મ્હારાં ચાર પ્રશ્ન પૂરશે, તેનેજ હું વરીશ." ત્યારે તો તેને એથી પણ વધારે ચિંતા થઇ છે. પરંતુ પુત્રીના વિવાહાર્થે તેણે હવે સ્વયંવરમંડપ રચાવ્યો છે. આજથી બે માસ પછી ચૈત્ર શુદિ એકાદશીએ લગ્ન છે. વળી તે કળાવતી જૈનધર્મને વિષે કુશળ છે એમ મેં ત્યાં વ્યાપારાર્થે રહેતાં જાણ્યું છે. એકદા તે વિજયસેન રાજાના પુત્ર જયસેનને સર્પ ડસ્યો. તેને મેં જીવાડ્યો, તેથી રાજા બહુ હર્ષ પામ્યો અને પોતાના પુત્રને સુખાસને બેસારી ઘેર લઈ ગયો. તે વખતે વળી મને તેણે સુવર્ણ આભરણ આદિથી સત્કાર કર્યો. એકદા તેણે મને પોતાની સભા સમક્ષ કહ્યું કે, "જેવો તેં મ્હારા ભાઇ જયસેન ઉપર ઉપકાર કર્યો છે, તેવી રીતે મ્હારી બ્હેન કળાવતીને યોગ્ય સ્વામી શોધી આપી તેણીના ઉપર ઉપકાર કર અને મને આ ચિંતા સમુદ્રથી પાર ઉતાર. (દત્ત શંખ રાજાને કહે છે) હે રાજન્! તે વખતે મેં કન્યા તમારે યોગ્ય જાણીને તેનું ચિત્ર આ પાટીમાં આ લેખાવીને તે હું અહિં લાવ્યો છું. એ તો માત્ર તેણીની ચિત્રેલી છબિ આપને બતાવવાને લાવ્યો છું, પરંતુ તેણીનું સૌંદર્ય જેવું છે તેવું તો દેવ પણ કહી શકે એમ નથી."

સૂર્યના પ્રતિબિંબને વિષે જેવી પ્રભા દેખાય છે, તેવીજ તે ચિત્રપટને વિષે છબિની પ્રભાને જોઇને શંખરાજા ક્ષણ વાર ચક્ષુ મીંચીને મસ્તક ધૂણાવી દત્ત પ્રત્યે મધુર સ્વરે કહેવા લાગ્યો, પણ કહેતાં કહેતાં ખેદ પામ્યો. એટલે દત્તે કહ્યું. "હે રાજન્! ખિન્ન ન થાઓ. શકુનને પ્રભાવે એ કળાવતી અવશ્ય તમારી પત્ની થશે; પરંતુ શીઘ્ર સરસ્વતી દેવીનું આરાધન કરો કે, જેથી તમારાથી તેણીના ચારે પ્રશ્નનો નિર્ણય થઇ શકે." એ ઉપરથી શંખ રાજાએ બ્રહ્મચર્યપાલન આદિથી સરસ્વતી દેવીને એવી રીતે સંતુષ્ટ કરી કે, તે પ્રત્યક્ષ થઇને બોલી. "ત્હારા હસ્તકમળના યોગથી પૂતળી પણ કળાવતીના પ્રશ્નનો નિર્ણય કરશે." તે સાંભળી દેવીને નમીને તેણે તેનાં વચન ગ્રહણ કર્યાં. ત્યાર પછી તે અંતર્ધાન થઈ.

હવે કૃતકૃત્ય થયેલો રાજા દત્તને સાથે લઇને ઝટ દેવશાળ નગર ભણી ચાલ્યો. તેને આવતો સાંભળીને વિજયસેન રાજાએ પોતાના પુત્ર જયસેનને સામો મોકલ્યો. પછી જ્યારે બન્ને રાજા મળ્યા, ત્યારે શંખ રાજાને મહોત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો. હવે સર્વ રાજાઓ સ્વયંવર મંડપને વિષે આવીને મંચ ઉપર બેઠા. ત્યાં શંખરાજા પણ આવીને બેઠો; એટલે મસ્તકે છત્ર ધારણ થયેલું છે એવી કળાવતી, સુખાસનમાં બેસીને સખીઓના પરિવાર સહિત ત્યાં આવી. આવીને પ્રતિહારીના મુખથી તેણીએ જૂદી જૂદી ચાર સમસ્યાઓ પૂછી. તે આ પ્રમાણેઃ-"દેવ કોણ? ગુરુ કોણ? તત્વ શું? અને સત્વ કોને કહેવું?" એ ચાર પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપનાર કળાવતીના હસ્તમાં રહેલી વરમાળાને યોગ્ય થશે." તે સાંભળી સર્વ ભૂપતિઓ પોત પોતાની બુદ્ધિને અનુસારે તેનો ઉત્તર આપવા લાગ્યા; પણ અરિહંતની પરમ ભક્ત એવી કળાવતીએ એકે માન્ય રાખ્યો નહીં. ત્યારે શંખ નૃપતિ બોલ્યો. "આ સ્તંભ ઉપર રહેલી પૂતળી એનાં ચારે પ્રશ્નનો ઉત્તર આપશે." એમ કહી સ્તંભ ઉપર રહેલી પૂતળીના મસ્તક ઉપર પોતાનો હસ્તકમળ મૂક્યો, એટલે એ પૂતળી બોલી. "હું એ પ્રશ્નોનો

પ્રત્યુત્તર આપું છું. સાંભળો, વીતરાગ એ પરમ દેવ છે, મહાવ્રત ધારણ કરનાર એજ ગુરુ, સર્વ જીવ ઉપર દયા રાખવી એજ તત્વ સમજવું અને ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખવો એને સત્વ કહેવું." એ સાંભળી પ્રમોદ પામી પોતાની મનકામના પૂર્ણ થઇ માની કળાવતીએ શ્રી શંખ ભૂપતિના કંઠને વિષે વરમાળા આરોપી. તે વખતે અન્ય રાજાઓ ગર્વિષ્ઠ પરાક્રમી હોવાથી દ્વેષ કરવા લાગ્યા, પણ કળાવતીના શીળ પ્રભાવથી શંખ ભૂપતિને કંઇ કરી શક્યા નહીં. પછી શીઘ્ર વિવાહમહોત્સવ કર્યો; તેમાં રાજાએ પુત્રીના સ્વામી અને પોતાના જમાઇને કન્યાદાનમાં બહુ ઉત્તમ અશ્વ, હસ્તી ઇત્યાદિ આપ્યા; એટલે શ્વશુર વર્ગની આજ્ઞા લઇ શંખ ભૂપતિ કળાવતી સહિત પોતાના નગર ભણી પાછો વળ્યો. દત્ત પણ વિજયસેન રાજાનો આદેશ માગી કળાવતીની સાથે ચાલ્યો શંખ રાજાએ કળાવતી સાથે એક રથમાં બેસીને પોતાના નગરમાં મહોત્સવ સહિત પ્રવેશ કર્યો. પછી તે કળાવતી સાથે સંસાર સુખ અનુભવતો રહેવા લાગ્યો.

એકદા કળાવતીએ સ્વપ્નને વિષે અમૃતથી ભરેલો કુંભ જોયો, તે વાત તેણીએ પતિને જણાવી. પતિ તે સાંભળી બહુ હર્ષ પામીને બોલ્યો. "હે પ્રિયે! તને એક ઉત્તમ પુત્ર થશે." એમ કરતાં રાણીને ગર્ભ ધારણ કર્યાં આઠ માસ ઉપર વીશ દિવસ થયા. એ વખતે, સ્ત્રી પ્રથમ પ્રસવ સમયે પિતાને ઘેર રહે, એ રિવાજથી રાજા વિજયસેને કળાવતીને તેડવાને માણસ મોકલ્યાં, ને તેમની સાથે તેણીના ભાઇએ કળાવતીને આપવાનાં પોતાના સાક્ષાત્ સ્નેહ જેવાં વસ્ત્ર તથા બે બેરખા મોકલ્યા. માણસોએ જઇને શંખ રાજાને કહ્યું. "અમારા રાજાએ કહેવરાવ્યું છે કે, કળાવતીને મોકલો." સેવકોએ કહ્યા છતાં શંખરાજાએ માન્યું નહિં, કળાવતીને ન મોકલી, તેથી તેમણે કુશળ વૃત્તાંત કહીને વસ્ત્ર તથા બેરખા તેણીને આપ્યા, ને પોતે એકલા પાછા વળ્યા. પછી ભાઈ ઉપરના સ્નેહને લીધે મહાદેવી કળાવતીએ પેલા ઉત્તમ બેરખા પોતાને હસ્તે પહેર્યા; એ જોઇ તેણીની સખીઓ બહુ હર્ષ પામી. તે વખતે તેમની સંગાથે ગવાક્ષમાં બેઠી બેઠી કળાવતી વાત કરવા લાગી. "અહો! જેણે આજ મને આવા અદ્ભૂત બેરખા મોકલ્યા, તે ચિરંજીવીનો મ્હારા ઉપર કેવો સ્નેહ! આવી વસ્તુ જે મને બહુ દિવસે પ્રાપ્ત થઇ છે, તે મ્હારા હસ્ત ઉપર એવી શોભે છે કે આજ મ્હારો જન્મ હું સફળ થયો માનું છું." તેણીની સખીઓ પણ કહેવા લાગી. "મહાદેવી! જેવી રીતે વિશ્વને સ્તવવા યોગ્ય એવા ચંદ્રમાની કુમુદિની ઉપર પ્રીતિ છે, તેવી રીતે તેની ત્હારા ઉપર અધિક પ્રીતિ છે." સખી સાથે આમ વાત ચિત કરે છે, તે ગવાક્ષની નીચે જતા રાજાએ સાંભળી; તેથી તે બહુ ક્રોધાયમાન થયો. કળાવતીએ જે જે કહ્યું, તે તે તેને અંગારાની વૃષ્ટિ સમાન લાગ્યું; તેથી તે મનને વિષે વિચાર કરવા લાગ્યો. "ધિક્કાર છે મને! કે, બહારથીજ રક્ત એવી ચણોઠી ઉપર રુચિ બતાવનારા મૂર્ખ વાનરની પેઠે હું પણ બહારથીજ રક્ત એવી ચંચળ નેત્રવાળી સ્ત્રી ઉપર પ્રીતિ બતાવીને કામથી મૂઢ બન્યો! તો હવે એ મહાસતી કહેવાતીને અંગના મેષની પેઠ હું ત્યજી દઉં." આ પ્રમાણે ગૂઢ વિચાર કરતો કરતો રાજા પોતાને સ્થાને ગયો. તે વખતે કળાવતી ઉપર ભવિષ્યમાં પડવાનું દુઃખ જોવાને અસમર્થ હોયની! તેમ રવિ પણ અસ્ત પામ્યો. પછી રાજાએ બે ચંડાળને ગુપ્ત રીતે બોલાવીને આદેશ કર્યો કે, "તમે કળાવતીને લઇ જઇને વનને વિષે મૂકી આવો અને બેરખા સહિત તેના બન્ને હસ્ત છેદીને તે મ્હારી પાસે લાવો." એ ઉપરથી એ બન્ને ચંડાળ કળાવતીને વનને વિષે લઇ ગયા, ને ત્યાં તેણીને કહ્યું. "હે દેવી! અમે બરાબર નથી જાણતા કે કયા દોષથી રાજા તમને વનને વિષે મૂકી આવવાનું કહે છે; વળી બેરખા સહિત તમારા બેઉ હસ્ત છેદી તેની પાસે લઇ જવાનો તેણે આદેશ કર્યો છે." તે સાંભળી કળાવતી બોલી. "રાજાએ આદેશ કર્યો છે તો

એમાં તમારો કંઈ દોષ નથી; તેમ તે મ્હારા ભર્તારનો પણ દોષ નથી. દોષ સર્વ મ્હારા કર્મનો છે.” પછી ચંડાળોએ તેણીના બન્ને હસ્ત છેડી નાંખ્યા; એટલે વળી કળાવતી બોલી. “મ્હારાં, કર્મેજ એ કર્યું છે; એમાં કોઇનો દોષ નથી.” એટલે હવે ચંડાળો બેરખા સહિત બે હાથ લઇને પોતાના નગર ભણી ચાલ્યા.

અહિં પાછળ કળાવતીને પુત્ર અવતર્યો. તેને તે કહેવા લાગી. “ ભાઇ, જો ત્હારો પિતાને ઘેર જન્મ થયો હોત તો, તેણે અનેક વાજિત્ર આદિથી ત્હારો જન્મ મહોત્સવ કર્યો હોત, અહિં તો શિયાળ આદિના શબ્દથી ઉત્સવ થાય છે.” એવામાં ત્યાં નદીને વિષે પૂર આવ્યું, તે વૃક્ષો વિગેરે ઉન્મૂલન કરવા લાગ્યું, પણ કળાવતી તો પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરીને બોલી. “ જો મેં મ્હારો પતિવ્રતા ધર્મ મન વચન કાયાએ કરી પાળ્યો હોય અને શીળવ્રત પણ સમ્યક્ પ્રકારે પાળ્યું હોય, તો મ્હારા બે હાથ ફરી નવા થજો અને નદીનો પ્રવાહ પણ અનુકૂળ થજો.” એમ બોલી એટલે તેણીના શીળવ્રતના પ્રભાવથી તેણીના બન્ને નવા હાથ થયા. એ વખતે કોઈ તાપસ ત્યાં આવ્યો, તે કળાવતીને જોઇને કહેવા લાગ્યો. “તમે બાળક પ્રસવ્યો છે, માટે તમારે અહિં રહેવું ઠીક નથી.” કળાવતીએ કહ્યું. “દેવ ગુરુ પ્રસાદથી સર્વ રૂડાં વાનાં થશે.” પછી તે કુળપતિ પાસે ગઇ, ત્યાં તેણે તેણીના દુઃખનું કારણ પૂછ્યું; એટલે કળાવતીએ તેને પોતાના વનવાસ સંબંધી વૃત્તાંત કહ્યો. તે સાંભળી તાપસે કહ્યું. “ ભદ્રે, ખેદ ન કર. હું લક્ષણ ઉપરથી જાણું છું કે, ફરી ત્હારો ઉદય થશે.” એવા તેના આશ્વાસનથી હર્ષ પામી વિજયસેન ભૂપની પુત્રી કળાવતી તાપસીઓની સાથે રહેવા લાગી.

અહિં પાછળ જ્યારે પેલા ચંડાળો રાણી કળાવતીના હસ્ત છેદીને રાજા પાસે લઈ ગયા, ત્યારે સાથે રહેલા બેરખા ઉપર ‘જયસેન’ એવા અક્ષરો વાંચી શંખરાજા વ્યાકુળ થયો, તેથી તેણે દત્તને બોલાવીને પૂછ્યું. “ગઇ કાલે દેવશાળ નગરથી અહિં કોણ આવ્યું હતું?” દત્તે કહ્યું. “રાજાના સેવકો આવ્યા હતા, ને દેવીને માટે ભાઈ જયસેને તેમની સાથે બે બેરખા મોકલાવ્યા હતા, તે દેવીને આપ્યા છે.” એ સાંભળીને રાજાને વજ્રનો પ્રહાર થયા જેવું થયું, મૂર્છા આવવાથી તે સિંહાસન ઉપરથી પડી ગયો, ને મહા પ્રયાસે ચંદનાદિ શીતોપચારથી સચેત થયો. પૂરો પશ્ચાત્તાપ કરતો ને છાતીઓ કૂટતો તે બોલવા લાગ્યો. “અહો! કેવી મ્હારી મૂઢતા, શી મ્હારી મંદભાગ્યતા, કેવું મ્હારૂં અવિચારીપણું અને કેવી મ્હારી અયોગ્ય વર્તણુંક!” મંત્રીઓએ પૂછ્યું. “આ શું?” તેમને વિલાપ કરતા રાજાએ લજ્જા સહિત કહ્યું. “ક્યાં જાઉં? કોને કહું? શું કરૂં? ક્યાં પેસી જાઉં! હંત! આત્માએજ આત્માને કષ્ટ દીધું છે! હા! કુળાચારનો અનાદર કરીને, ઉચિત શું છે? તે અણવિચારીને અને ધર્મનો ભંગ થાય છે એ નહિં જોઇને મેં દુરાત્માએ શું કર્યું? અહો! મેં ચંદ્રલેખામાં કલંક, ને દૂધમાંથી પૂરા કાઢવા જેવું કર્યું! કારણ કે, મ્હારી પ્રિયામાં જે દોષનો અસંભવ છે, તેજ દોષનો મેં સંભવ ગણ્યો! હવે હું કોને મુખ બતાવું? મૂઢતાથી મેં મ્હારો ગોત્ર ત્યજી દીધો છે, માટે હવે મ્હોટી ચિતા ખડકાવીને હું અગ્નિપ્રવેશ કરીશ.” તે સાંભળીને પ્રધાનો કહેવા લાગ્યા. “હે સ્વામિ! એક તો તેનાંજ કોઇ કર્મવશથી દેવી મૃત્યુ પામ્યાં, ત્યાં તો વળી બીજા તમે આત્મહત્યા કરવા તૈયાર થાઓ છો! તો વિવેકથી સમજો, ને આ કદાગ્રહ મૂકી દો.” આ પ્રમાણે નગરવાસિઓ તથા પ્રધાનોના શુભ વચનોનો અનાદર કરીને રાજા તો મરવાને માટે શીઘ્ર વનમાં ગયો.

તે વખતે અવસરનો જાણ એવો ગજશ્રેષ્ઠી કાળક્ષેપ કરવાને અર્થે મધુર વચનોએ કહેવા લાગ્યો. “હે શંખ નૃપતિ! આપ જિનેશ્વરનું પૂજન કરો, કે જેથી આપની આપત્તિ

નાશ પામે." એ સાંભળીને રાજા પ્રથમ જિન ભગવાનને પૂજવાને અર્થે જિનમંદિરને વિષે ગયો; ત્યાં જિનપૂજા કરીને પછી અમિતતેજ મુનિને વંદન કરવા ગયો. મુનિએ તેને દેશના દીધી. "આ સંસારરૂપી અટવીને વિષે સર્વ જીવો, પોતાનાં પૂર્વનાં કર્મથી પ્રેરાઇને, ભ્રાંતિથી ભરેલા વાયરાની પેઠે ભ્રમણ કર્યા કરે છે. સુખની માત્ર ભ્રાંતિ છે, પણ દુઃખ પગલે પગલે છે; જીવ, વાયુએ ઉડાડેલા ખાખરાના પાનડાની પેઠે સંસારમાં ક્લેશ પામ્યા કરે છે. આ સંસારથી ઉદ્વેગ પામી જે ભવિ જીવ, આલોક તેમ પરલોકને વિષે સુખકર્તા એવા જિનપ્રભુની સેવા કરતા નથી, તે આંગણામાં ઉગેલા કલ્પવૃક્ષને ઉન્મૂલન કર્યા જેવું કરે છે. માટે કોટિબધ ભવને વિષે પણ દુર્લભ અને દુષ્પ્રાપ્ય એવો આ મનુષ્ય ભવ પામીને એવી રીતે ધર્મનું આરાધન કરો કે, જેથી મુક્તિસુખ પ્રાપ્ત થાય." મુનિનાં આવાં વચન સાંભળીને રાજાને તત્કાળ આનંદ પ્રાપ્ત થયો, તેથી તેણે તે રાત્રી ત્યાંજ નિર્ગમન કરી. જ્યારે પ્રભાત થયો, ત્યારે રાજાએ પોતાને રાત્રીને વિષે આવેલું સ્વપ્ન ગુરુને કહી સંભળાવ્યું. "કલ્પવૃક્ષ ઉપરથી એક અપક્વ ફળવાળી શાખા ભૂમિ ઉપર પડી ગઇ, ને પાછી પૂર્ણ ફળ સહિત તત્કાળ ત્યાં ચઢી ગઇ." રાજાનું આવું સ્વપ્ન સાંભળી ગુરુએ કહ્યું. "હે રાજન્! એ કલ્પવૃક્ષ તે તમે અને જે શાખા પડી ગઇ, તે તમારી પ્રિયા. હમણાં તેણીએ પુત્ર પ્રસવ્યો છે એમ સમજવું." તે સાંભળી રાજા હર્ષ પામી નગરને વિષે ગયો; તેને નગર જનો હર્ષથી જોવા મળ્યા. ત્યાર પછી રાજાએ દત્તને પોતાની પ્રિયાની શોધમાં મોકલ્યો. તે વને વને ફરતો એક તાપસના વનમાં આવી પહોંચ્યો; ત્યાં જઇ તેણે તાપસોને કળાવતીનો સંબંધ પૂછ્યો. ત્યારે તેમણે સામું પૂછ્યું. "ભાઇ, ત્હારે તેણીનું શું કામ છે?" દત્તે ઉત્તર આપ્યો. "શંખ નરેશ્વરની પ્રિયા કળાવતીની ભાળ મળતી નથી, તેથી તે તેણીને વિયોગે મૃત્યુ પામશે." મુનિઓએ કહ્યું. "આ વનમાં એક સ્ત્રી પુત્ર સહવર્તમાન છે." તે સાંભળીને તો દત્ત 'તે કળાવતી હશે' એમ જાણીને તેણીને જોવા નીકળ્યો. ત્યાં તો દૂરથી દત્તને આવતો દેખી જેણીનો શોકાનળ ફરી જાગ્રત થયો, એવી કળાવતી અત્યંત રુદન કરવા લાગી. તે જોઇ દત્ત બોલ્યો. "બ્હેન, રુદન ન કર. એ તો કર્મનું ફળ છે. પૂર્વ ભવને વિષે કરેલું કર્મ ભોગવ્યા વિના જિનેશ્વરને પણ છૂટકો નથી. માટે હે વિવેકી બ્હેન! ધૈર્ય ધરીને રથને વિષે બેસ; ને ત્હારા દર્શનરૂપી અમૃતની વૃષ્ટિથી શીઘ્ર ત્હારા પતિને આશ્વાસન આપ. પૂર્ણ પશ્ચાત્તાપ થવાથી તે તત્ક્ષણ અગ્નિ પ્રવેશ કરતો હતો, તેને અમે આજ સુધી રોકી રાખ્યો છે." એ સાંભળીને કુલીન કળાવતીએ પ્રિય સ્વામી ઉપર કરુણા કરી, કુળપતિને નમન કરી તેમની આજ્ઞા માગી. તે તેમણે આશીર્વચન સહિત આપી; એટલે કળાવતી પુત્રને લઇને દત્તની સાથે ચાલી. પોતાના નગર પાસે બ્હાર કળાવતી આવી, એવું જાણ્યું એટલે શંખ રાજાએ તુરત હર્ષ સહિત મહોત્સવ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો. પછી કહ્યું કે, "હે દેવી! તું નિર્દોષ છતાં મેં ત્હારી આવી વિટંબના કરી, તથા વનને વિષે મોકલી દીધી, એમાં જે મ્હારો અપરાધ થયો છે, તે ક્ષમા કરજે." ત્યાર પછી કળાવતી સહિત રાજા સુખે રાજ્ય કરવા લાગ્યો. પુત્રનો જન્મ ઉત્સવ કર્યો ને સ્વપ્નને અનુસારે તેનું પુષ્પકળશ એવું નામ પાડ્યું. એકદા કળાવતીએ રાજાને પૂછ્યું. "હે સ્વામિન્! તમે મ્હારો શો દોષ જોઇને ત્યાગ કર્યો હતો?" તેણે ઉત્તર આપ્યો. "હે ભદ્રે! ત્હારો લેશ પણ દોષ નહોતો; એ તો ત્હારા પૂર્વના કર્મને લીધે થયું છે. તેં પેલા બેરખા પહેર્યા તે વખતે તેં ત્હારી સખીઓને કહ્યું કે, મ્હારા પ્રેમપાત્રે એ મોકલાવ્યા છે. એ મેં સાંભળ્યું તેથી મને ક્રોધ થયો એટલે ત્હારી ભુજા છેદાવી નાંખી. પછી રાજાએ કહ્યું. "હે પ્રિયે! અમિતતેજ મુનિ વનને વિષે પધાર્યા છે, તેમની પાસે જઇને ત્હારા પૂર્વ કર્મનું સ્વરૂપ પૂછીએ." પછી બન્ને જણ મુનિ પાસે ગયાં. ત્યાં મુનિ દેશના આપી રહ્યા પ

છી શંખ રાજાએ પૂછયું. "હે મુનીશ્વર! આ કળાવતીએ પૂર્વ ભવને વિષે એવાં શાં કર્મ કર્યાં હશે કે, જેને લીધે એ નિર્દોષ છતાં પણ એની ભુજા મેં છેદાવી?" મુનિએ કહ્યું.

"શ્રીમહાવિદેહ ક્ષેત્રને વિષે મહેંદ્રપુર નામનું નગર છે, ત્યાં નરવિક્રમ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની સ્ત્રી લીલાવતીને સુલોચના નામની પુત્રી અવતરી, તે માત પિતાને બહુ પ્રેમનું પાત્ર થઈ પડી. અનુક્રમે વયે વૃદ્ધિ પામી એવી તે એકદા પિતાના ખોળામાં બેઠી હતી, તેવામાં કોઇએ આવીને રાજાને એક ઉત્તમ પોપટ ભેટ આપ્યો. રાજાએ તેને કૌતુકથી બોલાવ્યો એટલે તે પક્ષી આશીર્વચન બોલ્યો કે, "હે રાજન્! વિશ્વને પ્રકાશ કરનારો આપનો પ્રતાપરૂપ સૂર્ય, શત્રુરૂપ અંધકારના સમૂહને ક્ષય કરતો રાજતેજને વૃદ્ધિ પમાડનારો થાઓ."

તે સાંભળીને હર્ષ પામી તે પોપટ લાવનારને રાજાએ બહુ દાન દીધું, ને પોપટ પુત્રીને આપ્યો. સુલોચના તે લઇ અતિ આનંદ પામતી પોતાને સ્થાનકે ગઈ. ત્યાં તેને તેણીએ એક સુવર્ણના પાંજરામાં નાંખ્યો, ને તેને સાકરના કટકા, ચોખા, દાડમનાં બીજ તથા દારકૂશદિનાં પાનવડે પોષણ કરવા લાગી. તેને તે હાથ ઉપર રાખે, હ્રદય ઉપર, ખભા ઉપર અથવા પાંજરામાં રાખે, ને એ પ્રકારે આનંદ મેળવે. જેમ કોઈ યોગી પુરુષ મનનું એકાગ્રપણું ત્યજતો નથી, તેમ તે સુલોચના તેને કયાંય પણ ત્યજતી નહીં. ભોજન સમયે, શયન સમયે, રાજસભામાં જાય ત્યારે, અથવા વનને વિષે પણ તે તેને પોતાની પાસેજ રાખતી.

એકદા સુલોચના તે પોપટને લઇને સખીઓ સહિત વનને વિષે ગઇ, ત્યાં પોપટે શ્રી સીમંધર જિનના દેરાસરને વિષે વીતરાગની પ્રતિમા દીઠી. તે જોઇને તે ચિંતવવા લાગ્યો. "મેં પૂર્વે આવું બિંબ કોઈ જગ્યાએ જોયું છે." એમ ભાવના ભાવતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, ને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. મેં પૂર્વભવને વિષે સુગતિદાયક ચારિત્ર પ્રાપ્ત કર્યું હતું, તેમાં ક્ષયોપશમને લીધે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો, પરંતુ લેશ પણ ક્રિયા કરતો નહીં. સર્વથા અભ્યાસમાંજ ચિત્ત હતું. વસ્ત્ર, પુસ્તક અને પાત્ર વિગેરેની મૂર્છામાં હર્ષિત, તત્ત્વબુદ્ધિવાળો તથા પરોપકારી કૃત્યને વિષે મિથ્યા અજ્ઞાનના મહા વેગવાળો હું, અંતે વ્રતની વિરાધનાથી આલોયણને ગ્રહણ કર્યા વિના મૃત્યુ પામી આ વનને વિષે રાજશુક થયો છું. પૂર્વ ભવને વિષે વિદ્યાનો અભ્યાસ કર્યો હતો, તેથી હું આ તિર્યંચના ભવમાં પણ પંડિત થયો છું; માટે નિશ્ચે એ જન્મમાં જ્ઞાનરૂપી દીપક મ્હારા હસ્તકમાં છતાં મેં પુન્ય કર્યું નહિં ને સ્ખલનાથી ચારિત્ર પાળ્યું, તેથીજ હું આ ભવને વિષે તિર્યંચ યોનિરૂપ સમુદ્રમાં પડયો છું." આમ પૂર્વભવ સંભારીને પોપટે અભિગ્રહ કર્યો કે, "હવેથી મ્હારે શ્રી સીમંધર પ્રભુનાં દર્શન કર્યા પછીજ અન્ન લેવું." હવે સુલોચના પણ પ્રભુને નમન કરી તથા ભક્તિ સહિત પૂજન કરીને, પોપટના પાંજરા સહિત ઘર તરફ પાછી ફરી. ઘેર આવ્યા પછી જ્યારે સુલોચના પોપટને લઇને ભોજન લેવા બેઠી, ત્યારે પોપટને પોતાનો નિયમ યાદ આવ્યો, તેથી તે "નમો અરિહંતાણ" એમ કહીને ઉડયો ને આકાશમાર્ગે તીર્થંકરને નમન કરવા ગયો. ત્યાં પોતાની ઇચ્છા પ્રમાણે ત્રિકરણ શુદ્ધતાથી શ્રી સીમંધરસ્વામિને નમીને પુષ્પના ઉદ્યાનને વિષે પ્રીતિ થવાથી, તેણે ત્યાંજ ફળનો આહાર કર્યો, ને તે અહિં તહિં ફરવા લાગ્યો.

અહિં પાછળ રાજકુમારી તેના વિયોગથી આક્રંદ કરવા લાગી, એટલે તેને પકડી લાવવાને જેમ ગરુડને પકડવાને દોડે તેમ રાજસેવકો દોડયા. સેવકોએ ધીમે ધીમે જઇને તરુની શાખા ઉપર બેઠેલા એ પોપટને પાશથી બાંધી લીધો, ને ફરી રાજપુત્રી પાસે એને આણ્યો; એટલે તે પ્રેમ સહિત તેને પોતાના હાથને વિષે ગ્રહીને બોલી. "માતા સમાન મને ત્યજીને તું કયાં ગયો હતો? હવે પછી હું ત્હારો વિશ્વાસ નહિં કરું." એમ બોલીને તે

જુ તેની ગતિ બંધ કરવાને તેની પાંખ છેદી નાંખી, ને તેને કાષ્ઠના પાંજરામાં ઘાલ્યો. તે જોઈ પોપટ વિચારવા લાગ્યો. "અહો! ધિક્કાર છે મને! કે મેં સ્વાધીનપણે ક્રિયા ન કરી તો પરાધીનપણે હવે વેદના ભોગવવી પડે છે." વળી તે બોલ્યો. "હે કલેવર! હવે ખેદ ન કર, કારણ કે, તને સ્વવશપણું હવે દુર્લભ છે." એમ ચિંતવતાં શુકની ચક્ષુમાંથી આંસુ વહેવા લાગ્યાં. દુઃખી થઇ અનશનથી કેટલેક દિવસે મૃત્યુ પામી તે સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. સુલોચના પણ પોપટના મૃત્યુથી દુઃખ પામતી અનશન વ્રત કરીને મરણ પામી તે જ દેવલોકને વિષે તેની પ્રિયા દેવી તરીકે ઉપની. (ગુરુ શંખ રાજાને કહે છે) તેઓ બન્ને ત્યાંથી સુખ ભોગવતાં આયુઃ ક્ષયે ચવ્યાં, તેમાં પોપટનો જીવ તું શંખરાજા થયો અને એ સુલોચનાનો જીવ આ ત્હારી પ્રિયા કળાવતી થઇ. કળાવતીએ શુકની પાંખો છેદી હતી, તેથી તેણીના હસ્ત આ ભવમાં તેં છેદ્યા. સર્વ જંતુઓ શુભ અથવા અશુભ કર્મને આધીન છે, તે કર્મનો વિપાક દશ પ્રકારે અથવા બહુ પ્રકારે પરિપકવ થાય છે."

ગુરુ પાસે આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળવાથી બન્નેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તેમને દીક્ષા લેવાની અભિલાષા થઇ; તેથી પોતાના પુષ્પકળશ પુત્રને રાજ્ય સોંપી ગુરુ પાસે બન્નેએ દીક્ષા લીધી. ચિરકાળ પર્યંત ચારિત્ર પાળી એ દંપતી સ્વર્ગે ગયાં. ત્યાંથી ચ્યવીને તેઓ મનુષ્યનો ભવ પામીને સંયમ લઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પ્રાંતે મોક્ષે જશે. ઇતિ.

## પુષ્પચૂળા.

આ કથા અર્ણિકાપુત્રની કથામાં આવી ગઈ છે, માટે ત્યાંથી જાણી લેવી.

મૂળગાથા.

**पउमावई य गोरी, गंधारी लक्खमणा सुसीमा य॥**
**जंबुवई सच्चभामा, रुप्पिणि कन्हट्ठमहिसीओ ॥ ११ ॥**

પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જંબૂવતી, *સત્યભામા અને રુક્મિણી એ આઠે શ્રીકૃષ્ણની અગ્રમહિષીઓ છે. તે મહાસતીઓની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૧૧)

## પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા અને જંબૂવતી.

દ્વારિકા નગરીને વિષે વસુદેવનો પુત્ર અને ત્રણખંડનો સ્વામિ શ્રીકૃષ્ણ વાસુદેવ ન્યાય માર્ગે રાજ્ય કરતો હતો. તે પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જંબૂવતી, સત્યભામા અને રુક્મિણી એ નામની જુદી જુદી આઠ રાજકન્યાઓ મહોત્સવ સહિત પરણ્યો હતો અને એ આઠેને એણે અગ્રમહિષી (મુખ્ય રાણીઓ) કરી હતી. (એમના વિવાહનું સ્વરૂપ વિસ્તારથી શ્રીનેમિનાથના ચરિત્રમાં કહ્યું છે.) એવામાં સમુદ્રવિજય રાજાના પુત્ર શ્રી નેમિકુમાર, જેમણે પોતાનું રાજ્ય સ્ત્રી આદિ તૃણ સમાન ત્યજી દઇ, વર્ષ પર્યંત દાન આપી સંયમ લઇ શ્રી ગિરનાર પર્વતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે શ્રી નેમિપ્રભુ ભવ્ય જીવોને પ્રબોધ દેતા દેતા દ્વારિકા નગરીના બહારના ઉદ્યાનમાં સમવસર્યા. વનપાળકે આવી વધામણી આપી. તે સાંભળી કૃષ્ણે કહ્યું. "આજે મ્હારા ભાઈ શ્રી નેમિપ્રભુ આવ્યા છે, તેમને હું વંદન કરવા જઇશ." પછી તેણે તેને વધાઇમાં બહુ દાન આપ્યું. તે વખતે સમુદ્રવિજય રાજા

* સત્યભામાની અને રુક્મિણીની કથા આ કથા પછી વિસ્તારથી કહેવામાં આવશે.

પ્રમુખ બહુ નરેશ્વરો પ્રભુને વાંદવા ગયા. ત્યાં ભગવાને ઉપદેશ આપ્યો કે, "જે માણસ શ્રદ્ધા સહિત જિનદેવની પૂજા કરે છે, તેને સ્વર્ગ તો ઘરના આંગણામાંજ છે, ઉત્તમ સામ્રાજ્ય લક્ષ્મી તેની દાસી છે; તેના શરીરરૂપી ઘરને વિષે સૌભાગ્ય આદિ ગુણોની પંક્તિ વિલાસ કરે છે; તેનો સંસાર સુખે તરી શકાય એવો થાય છે અને મોક્ષ તો તેની હથેળીને વિષે શીઘ્ર આવી રહે છે. વળી જેમ રોહિણાચળ પર્વત રત્નોનું, આકાશ તારાઓનું, સ્વર્ગ કલ્પવૃક્ષનું, સરોવર પદ્મોનું, સમુદ્ર જળનું અને ચંદ્રમા તેજનું સ્થાન છે; તેમ એ (સંઘ) સર્વ ગુણોનું સ્થાન છે. એમ વિચારીને ભગવંતની તથા શ્રીસંઘની પૂજા કરવી." દેશનાને અંતે શ્રીકૃષ્ણે શ્રીનેમિ ભગવાનને પૂછ્યું, "હે જિનેશ્વર! આ મ્હારી આઠ અગ્રમહિષીઓ છે, તે સર્વે સતી હશે કે કેમ? પ્રભુએ ઉત્તર આપ્યો. "એ આઠે સતી છે." વળી કૃષ્ણે પ્રશ્ન કર્યું. "હે ભગવન્! વરસમાં સર્વોત્કૃષ્ટ તિથિ કઇ?" પ્રભુએ કહ્યું. "માગશર માસની શુક્લ એકાદશી." કૃષ્ણે કહ્યું. "એ શા ઉપરથી ઉત્કૃષ્ટ?" "ભગવંતે કહ્યું. "કારણ કે, એ દિવસે શ્રીઅરનાથ જિનનું દીક્ષા કલ્યાણક, શ્રીમલ્લિનાથ પ્રભુનાં જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન પ્રાપ્તિ-એમ ત્રણ કલ્યાણક અને નેમિનાથનું દીક્ષા કલ્યાણક થયું છે. જેમ આ ભરતમાં એ પ્રમાણે પાંચ કલ્યાણક તે દિવસે થયાં છે, તે પ્રમાણે બીજા ચાર ભરતમાં પાંચ પાંચ-એમ કુલ પાંચ ભરતમાં ૨૫ થયાં. એ પ્રમાણે પાંચ ઐરવતનાં, દરેકનાં પાંચ પાંચ પ્રમાણે ૨૫ થયાં. એમ ભરતનાં ઐરવતનાં કુલ પચાસ થયાં. વળી અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ કાળ ગણતાં, પચાસને ત્રણ ગુણા કરીએ એટલે કુલ ૧૫૦ થયાં. એ રીતે એ માગસર માસની શુક્લ એકાદશીને દિવસે ૧૫૦ કલ્યાણક થયાં. માટે એ દિવસ સૌથી શ્રેષ્ઠ છે અને તેથીજ એ દિવસે વિશેષ તપશ્ચર્યા કરવી." ભગવાનના આવા ઉપદેશથી કૃષ્ણ પોતાની જાંબૂવતી આદિ સ્ત્રીઓ સહિત વિશેષ પ્રકારે એ તિથિની આરાધના કરવા લાગ્યા, લોકો પણ એમ વિશેષ આરાધના કરવા લાગ્યા. હાલ પણ પુન્યવાન જનો બીજી સર્વ એકાદશી કરતાં એ મૌનએકાદશી વિશેષ આરાધે છે.

હવે એ આઠે સ્ત્રીઓને દેવોએ બહુ બહુ ચળાવી, પણ પોતાના શીળવ્રતથી તેણીઓ બિલકુલ ચલિત થઇ નહીં. હવે એ આઠે નિરંતર સવાર સાંજ પ્રતિક્રમણ તથા ત્રણે કાળ પૂજા કરવા લાગી. અનુક્રમે એકદા અવસરે એઓએ શ્રીનેમિનાથ ભગવાન્ પાસે દીક્ષા લીધી. પછી તેઓ પ્રવર્તિનીની પાસે છઠ્ઠ અઠ્ઠમ આદિ તપશ્ચર્યા એવી રીતે કરવા લાગી કે તેમનાં કર્મ ક્ષીણ થઇ ગયાં. પછી તેઓ શત્રુંજય ઉપર ગઇ, ત્યાં પોત પોતાના આયુષ્ય ક્ષયે દરેક મુક્તિ પામી. આ કથાઓ વિસ્તાર થકી અન્ય ગ્રંથોમાંથી જાણી લેવી. ઇતિ પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા અને જાંબૂવતીની કથા.

## સત્યભામા અને રૂક્મિણી.

શીલાદિ મનોહર ધર્મ કરનારો માણસ, સત્યભામાની પેઠે પગલે પગલે સાધુવાદ (ધન્યવાદ) પામે છે.

દ્વારિકા નગરીને વિષે શ્રીકૃષ્ણ રાજ્ય કરતા હતા. એકદા નારદ ક્રીડા કુતુહલ કરતા તેને મંદિરે આવી ચડ્યા. તેને કૃષ્ણે કેટલાંક પગલાં સન્મુખ જઇને પ્રણામ કર્યો. ત્યાં કેટલીક વાર રહીને એ ચપળ સ્વભાવવાળા ઋષીશ્વર તેના અંતઃપુરને વિષે ગયા; ત્યાં સત્યભામા આરિસાને વિષે પોતાનું મુખ જોતી હતી, તેથી ખબર ન પડવાથી તેણીએ નારદને પ્રણામ કર્યો નહીં. તેથી નારદે વિચાર્યું. "એ દેવાધિદેવ (કૃષ્ણ) ની પ્રિયા છતાં મ્હારી અવજ્ઞા કરે છે. અહંકારને લીધે તે ઉચિત આચાર પણ આચરતી નથી." એમ કહી ક્રોધાયમાન થઇ તે આ

કારામાર્ગે કુંડિનપુર નગરે ગયા. ત્યાં રુકિમ રાજાની ન્હાની બહેન રુકિમણીએ તેનો સત્કાર કર્યો એટલે તેણીની પાસે તેણે શ્રીકૃષ્ણના ગુણ નિવેદન કરી તેણીને તેના ઉપર અનુરાગિણી કરી. વળી તેની છબી ચિત્રપટ ઉપર આળેખીને ત્યાંથી જઈ તે તેણે શ્રીકૃષ્ણને બતાવી. તેણે "એ કોનું રૂપ છે?" એમ પૂછવા ઉપરથી નારદે ઉત્તર આપ્યો. "રુકિમ રાજાની ન્હાની બ્હેન રુકિમણીની એ છબિ છે." એમ કહી તેની પાસે રુકિમણીના ગુણ સૌંદર્યનાં વખાણ કર્યાં. એમ કૃષ્ણ પણ તેણીના ઉપર સામો અનુરાગી થયો, તેથી તેણે નારદને કહ્યું. "હે ઋષીશ્વર! તમે એવું કરો કે, જેથી એ કન્યા મ્હારી સ્ત્રી થાય." મુનિએ કહ્યું. "મેં એનો ત્હારા ઉપર બહુ રાગ કરાવ્યો છે, માટે ત્હારો દૂત મોકલીને એનું માગું કર; એટલે હું એવી ગોઠવણ કરીશ કે, તે ત્હારી પત્ની થશે. એ વાતમાં વિચાર કરવાનો નથી."

એ સાંભળી હર્ષ પામી કૃષ્ણે ઝટ પોતાનો દૂત મોકલ્યો. તેણે જઈને રુકિમ રાજાને કહ્યું. "તમારી પુત્રી રુકિમણીને અમારો રાજા કૃષ્ણ તમારી પાસે માગે છે." તે સાંભળી રુકિમ રાજાએ કહ્યું. "હું મ્હારી બ્હેન ગોવાળીઆને નહિં આપું. હું તો એને પૂર્વે શિશુપાળને આપી ચૂક્યો છું. તે વર વિના એ મ્હારી બ્હેન શોભા પામે નહીં. જેમ રત્ન સુવર્ણ સાથેજ શોભે છે; જ્યોત્સ્ના ચંદ્રમાની સાથેજ શોભે છે અને નાગવલ્લી મુખમાંજ શોભે છે, તેમ એ પણ શિશુપાળની સાથેજ શોભે." એમ કહીને તેણે દૂતને પાછો વાળ્યો. એ દૂને આવીને રુકિમ રાજાના કહ્યા પ્રમાણે કૃષ્ણને નિવેદન કર્યું. એ વખતે રુકિમણીની ફૂઈએ જઈને તેણીને (રુકિમણીને) કહ્યું કે, "કૃષ્ણ ત્હારે માટે માગું મોકલ્યું હતું, પણ ત્હારા ભાઈએ ના કહી, તે એમ કહીને કે એ તો એને શિશુપાળને આપીશ." એ સાંભળી રુકિમણી બોલી. "હું તો વિષ્ણુને અંગીકાર કરવાની છું." આમ તેણીને કૃષ્ણ ઉપર રાગવાળી જોઇ તેણીએ કૃષ્ણને એ વાત જણાવી ને કહેવરાવ્યું કે "રુકિમણી તમારા ઉપર અનુરાગવાળી છે માટે તમારે ગુપ્ત રીતે અહિં આવવું. માઘ માસની અષ્ટમીને દિવસે હું એ રુકિમણીને ગુપ્ત રીતે નાગદેવની પૂજાને બ્હાને વનને વિષે લાવીશ, તે વખતે તમારે આવીને તેણીને અંગીકાર કરવી."

આ વખતે કુંડિનપુર નગરને વિષે વિવાહનો મહોત્સવ થઇ રહ્યો હતો. શિશુપાળ રુકિમણીના પાણિગ્રહણને અર્થે આવ્યો, એ વાત જેને કલહ પ્રિય છે એવા નારદે જઇને કૃષ્ણ તથા બળભદ્રને કહી; તેથી તેઓ બન્ને રથમાં આરૂઢ થઇને ત્યાં આવ્યા. તે વખતે ફૂઇએ રુકિમણીને કહ્યું. "લે, ત્હારો વાંછિત પતિ આવ્યો; માટે વિલંબ ન કર. તેના રથને વિષે જઇને બેસ." એમ ફૂઇએ કહ્યા ઉપરથી તે તેના રથને વિષે જઇને બેઠી. તે વખતે ફૂઇએ પોતાનો દોષ ન જણાય એટલા માટે અને કૃષ્ણ કોઇથી પરાજય પામે તેવો નથી એમ જાણીને; ઉચ્ચ સ્વરે પોકાર કર્યો કે, "અરે! દોડો, દોડો, કૃષ્ણ બળથી રુકિમણીનું હરણ કરી જાય છે." તે વખતે કૃષ્ણે પોતાનો પાંચજન્ય શંખ તેમ બળભદ્રે પણ પૂર્યાં અને બળભદ્ર સહિત દ્વારિકા તરફ પ્રયાણ કર્યું. એવામાં તો દમઘોષ અને રુકિમ રાજાઓ રુકિમણીનું હરણ થયું જાણી બહુ સૈન્ય સહિત વાજિત્રના નાદથી આકાશને પૂરી નાંખતા તેની વાંસે દોડ્યા. રુકિમણી પોતાની પાછળ મ્હોટી સેનાને આવતી જોઇ કૃષ્ણને કહેવા લાગી. "હે નાથ! તમે તો બેજ જણ છો અને આ આવે છે તે અસંખ્ય બળવાળા છે, મ્હારે અર્થે આ સર્વ દુઃખ તમને થશે તેથી હું અકળાઉં છું." તે સાંભળી કૃષ્ણે કહ્યું. "પ્રિયા, તું ભય ન પામ. શત્રુનો સંહાર કરવામાં મ્હારૂં કેવું પરાક્રમ છે! તે જો." એમ કહી તેણે એકજ બાણ મૂકી એક તાડવૃક્ષને છેદી નાંખ્યું. પછી કહ્યું. "જોયું પ્રિયે, એ પ્રમાણેજ તેઓ મ્હારી આગળ મશીમશક ના જેવી પેઠે નાશ પામશે" એમ કહી તેણે મુદ્રિકારત્નને ચપટીવડે ચૂર્ણ કરી બતાવ્યું. આ

વખતે બળભદ્રે, 'ન્હાનો ભાઈ કોપાયમાન થઈ યુદ્ધ કરવાને તત્પર થઇ રહ્યો છે.' એમ વિચારીને આમદ્ધ કરી રથમાં રહેલી રુક્મિણી સહિત રથને આગળ મોકલી દીધો અને પોતે ત્યાં ઉભા રહ્યા. રુક્મિણીએ જતાં જતાં કહ્યું. 'હે સ્વામિ! તમારે એવી રીતે યુદ્ધ કરવું કે, જેથી ક્રુર એવો પણ રુક્મિ રાજા રણક્ષેત્રને વિષે મૃત્યુ ન પામે." પછી વેગવાળો રથ પ્રિયા સહિત આગળ ગયે છતે કૃષ્ણે શત્રુના સૈન્યરૂપી સમુદ્રનું ભૂમિ ઉપર પોતાના બળરૂપી પર્વતવડે મંથન કર્યું અને બળભદ્રે વજ્ર સમાન પોતાનાં હળથી દુશ્મનના પર્વત જેવા હસ્તીઓને પાડી નાંખ્યા. આમ દારૂણ યુદ્ધ થયું તેથી શિશુપાળ કંપાઇને નાસી ગયો, પણ બીજા ક્ષણે તે પાછો યુદ્ધ કરવા આવ્યો એટલે શ્રીકૃષ્ણે કમળના નાળની પેઠે તેનું શિર છેદી નાંખ્યું. રુક્મિ રાજાનો પણ બળભદ્ર પ્રાણ લેત, તથાપિ એમ કહીને તેને જીવતો મૂકયો કે, "રુક્મિણી વધુના વચનથી તને જવા દઉછું." પછી એ રુક્મિ રાજા ત્યંજ નગર વસાવીને રહ્યો. કૃષ્ણ દ્વારિકા ભણી ચાલ્યા. અનુક્રમે બહારના ઉદ્યાનમાં આવ્યા એટલે રુક્મિણીને તેણે પોતાની સ્વર્ગપુરી જેવી દ્વારિકા દેખાડી. તે જોઇને તે બોલી. "નગરી તો ઉત્તમ છે, પણ તમે મને અહિં બળે કરીને લાવ્યા છો." ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું. "ખેદ ન કર, હું તને પટ્ટરાણી કરીશ." એમ કહી તેણીને ગાંધર્વવિવાહથી પરણીને તેજ ઉદ્યાનને વિષે લક્ષ્મીના ધવળગૃહ જેવા ધવળગૃહને વિષે જૂની લક્ષ્મીની મૂર્તિનું ઉત્થાપન કરી (તેને બદલે ) રુક્મિણીને સ્થાપિ; પછી ઘેર ગયા. ત્યાં સત્યભામાએ પૃછયું. " તમે નવી સ્ત્રી લાવ્યા તે કેવી છે? " કૃષ્ણે કહ્યું. "બહુ સુંદર છે, તેણીને હું લક્ષ્મીના ગૃહવાળા ઉદ્યાનને વિષે મૂકતો આવ્યો છું." તે સાંભળી સત્યભામા બીજી કેટલીક સ્ત્રીઓ સહિત તેણીને જોવા ચાલી. માર્ગમાં લક્ષ્મીનું ઘર આવ્યું, ત્યાં લક્ષ્મીને સ્થાને રુક્મિણી બેઠી હતી, તેણીને ભૂલથી લક્ષ્મીજ જાણીને તેને ચરણે નમી સત્યભામાએ કહ્યું. " હે લક્ષ્મી! તું સર્વને વાંછિત આપે છે, તો મને પણ આપ, ને મ્હારૂં સૌંદર્ય બીજી સર્વ રાણીઓથી ઉત્કૃષ્ટ કર." પેલીએ કહ્યું. " એમ થશે." પછી સત્યભામા રુક્મિણીને જોવા આગળ ચાલી એટલે ત્યાં કૃષ્ણ આવ્યા. રુક્મિણી ઉઠી ગઇ અને તેની જગાએ લક્ષ્મીની મૂર્તિ સ્થાપી. તે જોઇ સત્યભામાએ કૃષ્ણને કહ્યું. "અરે! તમે મને છેતરી! કે, હું ભોળી થઇ રુક્મિણીને પગે પડી!!!" ત્યારે કૃષ્ણે હસીને કહ્યું. "ત્હારે હવેથી આ રુક્મિણીને લક્ષ્મીની જગ્યાએ ગણવી. એને હું મ્હારી પટ્ટરાણી બનાવું છું." સત્યભામાએ રોષ કરીને કહ્યું. " એને મને છેતરી માટે એ પટ્ટરાણી થઇ! એમ કહીને તે પોતાને ઘેર ગઈ. એમ સર્વ સ્ત્રીઓમાં રુક્મિણીને મુખ્ય બનાવી કૃષ્ણ રાજ્ય કરવા લાગ્યા.

એકદા રુક્મિણી શ્રીનેમિનાથ પ્રભુ પાસે ધર્મ સાંભળવા ગઇ, ત્યાં તેમણે પ્રરૂપેલો જીવ દયામય ધર્મ સાંભળી તેણીએ દીક્ષા લીધી. પછી ખડ્ગધારા સમાન તીવ્ર તપ કરી અનુક્રમે સર્વ કર્મનો ક્ષય થયે તે મુક્તિ પામી. ઇતિ સત્યભામા અને રુક્મિણીની કથા.

મૂળ ગાથા.

जक्खा य जक्खदिन्ना, भूआ तह चेव भूअदिन्ना य ॥
सेणा वेणा रेणा, भइणीओ थूलभद्दस्स ॥ १९ ॥

યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા, એ સાતે સ્થૂળભદ્રજીની બ્હેનો થાયછે. એ સાતેની કથા સ્થૂળભદ્ર તથા શ્રીયકની કથામાં આવી ગઇછે, માટે ત્યાંથી જાણી લેવી.

મૂળગાથા.

इच्चाइ महासइओ, जयंतु अकलंकसीलकलिआओ ॥
अज्जवि वज्जइ जासिं, जसपडहो तिहुअणे सयले ॥१३ ॥

ઇત્યાદિ અકલંક એવા શીળથી વ્યાપ્ત મહાસતીઓ જયવંતી વર્તો. જે મહાસતી ઓના યશનો પટહ સકળ ત્રિભુવનને વિષે આજ સુધી પણ વાગી રહ્યો છે. મૂળમાં "ઇચ્ચાઇ" શબ્દ ગ્રહણ કરવાથી જેમનાં નામ મૂળગાથામાં કહ્યાં નથી, તેવી શીળવતી, નંદયંતી, રોહિણી, રતિસુંદરી અને શ્રીમતિ એ પાંચ મહાસતીઓની કથાઓ આ ગાથાના સંબંધમાં અનુક્રમે કહેવાશે. (૧૩)

## શીળવતી.

લીલા સહિત શુભ ભાવથી શીળ પાળનારા જનો, શીળવતીની પેઠે શિઘ્ર મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.

જંબૂદ્વીપના દક્ષિણ ભરતમાં નંદનપુર નામનું શોભાયમાન નગર છે. તેમાં અનેક રાજાઓએ સેવાતો અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં વળી તેનો અતિ માનીતો રત્નાકર નામનો શેઠ રહેતો હતો, તેને ગુણરૂપી મણિની ખાણ એવી શ્રી નામની સ્ત્રી હતી. તે શ્રી નિરાબાધપણે જૈનધર્મ પાળતી હતી, પરંતુ શેઠને ચિરકાળે પણ સુખનો હેતુરૂપ પુત્ર થયો નહીં. પુત્રના અભાવથી પીડા પામતી શેઠાણી એકદા શેઠને કહેવા લાગી. "હે સ્વામીન્! ઉપવનને વિષે આવેલા વીતરાગના જિનાલયની પાસે મહા પ્રકટ શક્તિવાળી અજિતબળા નામની દેવી છે, તે પુત્ર વિનાને પુત્ર આપે છે; નિર્ધનને ધન અને દુર્ભાગીને સૌભાગ્ય આપે છે; તેમજ અવિદ્વાનને વિદ્યા આપે છે, દુઃખીને સુખી કરે છે; આંધળાને ચક્ષુ આપે છે અને રોગીને નિરોગી કરે છે. ફક્ત તેને સેવવાની જરૂર છે. માટે હે આર્યપુત્ર! તમારે એની પાસે જઇને પુત્રને માટે પ્રાર્થના કરવી. ઘણા તો પુત્ર મેળવવાને પોતાના પ્રાણ પણ દેવીને સમર્પણ કરે છે." એ સાંભળીને શેઠે દેવીનું આરાધન કર્યું, તેથી દેવી પ્રસન્ન થઇને બોલી. "ત્હારે હવે પુત્રના અભાવરૂપ અંતરાય કર્મનો ક્ષય થયો છે, માટે પુત્ર થશે." પછી અનુક્રમે તેને પુત્ર થયો. કારણ કે, યોગ્ય અવસરે આરાધેલી ક્રિયા ભાગ્યના યોગે ફળે જ છે; પછી જન્મોત્સવ કરી પુત્રનું અજિતસેન એવું નામ પાડયું. અનુક્રમે તે બાલ્યાવસ્થા મૂકીને યૌવન પામ્યો; એટલે બુદ્ધિમાન્ પુરુષ જેમ શાસ્ત્રના દોહનને વિષે મન પરોવે, તેમ શેઠે તેને માટે યોગ્ય કન્યા શોધી લાવવામાં મન ધાર્યું. "મ્હારા પુત્રને તુલ્ય ગુણવાળી કોઇ કન્યા મળે તો ઠીક. કારણ કે, મૂર્ખ શેઠ, પરવશપણું, અવિનીત પુત્ર અને દુષ્ટ ભાર્યા એ ચાર માણસને શલ્ય જેવાં જાણવાં."

આ વખતે, શેઠે પૂર્વે વ્યાપારને અર્થે મોકલેલો કોઈ વ્યાપારી પુત્ર વ્યાપાર કરીને પાછો આવ્યો, ને શેઠ પાસે આવીને બેઠો. શેઠે તેને વ્યાપારનું સ્વરૂપ પૂછયું એટલે તેણે ઉપજ ખરચની સર્વ વાત કહી બતાવી. પછી તે બોલ્યો. "શેઠ જ્યારે હું પાછો ફર્યો, ત્યારે હું માર્ગમાં મંગળપુરી આવ્યો, ત્યાં મેં જિનદત્ત શેઠની સાથે વ્યાપાર કર્યો. તેણે મને એકદા ભોજન અર્થે નોતર્યો. ત્યાં મેં તેને ઘેર એક અદ્ભૂત કન્યા જોઇ. ભોજનને અંતે મેં શેઠને એકાંતે પૂછયું. "આ દેવકન્યા જેવી કન્યા છે તે કોણ છે?" તેણે ઉત્તર આપ્યો. "એ મ્હારી શીળવતી નામની પુત્રી છે, વર યોગ્ય થઇ છે, પણ તેણીને યોગ્ય વર મળતો નથી, તેથી

મને બહુ ચિંતા થાય છે. 'કન્યાને યોગ્ય વર મળશે કે નહિ? તે તેણીને પ્રિય થશે કે નહીં? વળી તે સસરાદિકને પોતાના ગુણથી સંતોષ આપશે કે નહીં? પોતાનું શીળ પાળશે કે નહીં? વળી તે પુત્રાદિ પ્રસવશે કે નહીં?' આવી આવી ચિંતા કન્યાના બાપને થાય છે. વળી તેણીના ઉપર શોકય ન આવે અને એની માતા પણ દુઃખ ન પામે, એવી પણ તેના પિતાને ફિકર રહે છે; આમ કન્યા છે તે પિતાના ઘરને વિષે સાક્ષાત્ ચિંતાની પેઠે વૃદ્ધિ પામે છે. આ મ્હારી પુત્રી ગુણરૂપી માણિકયની ખાણ છે, તેણીના સદૃશ વર હું કયાંય જોતો નથી." (વણિક્ પુત્ર શેઠને કહે છે) તે વખતે મેં તેને કહ્યું. "તમે ચિંતા ન કરો. નંદનપુર નગરને વિષે રત્નાકર શ્રેષ્ઠીનો પુત્ર અજિતસેન તમારી પુત્રીને યોગ્ય વર છે." તે વખતે મ્હારા પ્રત્યે જિનદત્ત બોલ્યો. "ભાઇ, તેં એ સારૂં કર્યું. વર શોધવાની ચિંતારૂપ સમુદ્રમાંથી તેં મને ઉદ્ધર્યો છે." એમ કહીને તેણે પોતાની પુત્રીને દેવાને અને વર જોવાને નિમિત્તે પોતાના પુત્ર જિનશેખરને મ્હારી સાથે મોકલ્યો છે, તે હાલ મ્હારે ઘેર છે."

એ સાંભળીને રત્નાકર શેઠે કહ્યું. "તેને અહિં બોલાવો." તે ઉપરથી તે જિનશેખર ત્યાં આવ્યો. તેણે વરને જોઇને વિવાહ નક્કી કર્યો. એટલે જિનસેન ત્યાં જઇને શીળવતીને પરણી મહા મહોત્સવ સહિત ઘેર પાછો આવ્યો. રત્નાકર શેઠ પણ એવી વિનયવતી વહુને જોઇને પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. કહ્યું છે કે-કુળના તેમજ ઘરના દીપક જેવી ઉત્તમ વધુ પ્રાપ્ત કરીને મનુષ્ય ગૃહસ્થાશ્રમને ત્રણે વર્ગના સારભૂત માને છે.

એકદા મધ્યરાત્રીને સમયે શિયાળણીનો શબ્દ સાંભળીને શીળવતી મસ્તક ઉપર ઘડો લઇને ધીમેથી ઘર બહાર નીકળી, તે વખતે સસરાએ વહુને આમ કવખતે બહાર જતી જોઇ વિચાર્યું કે, "આ વહુને હું પ્રથમ સુશીળા જાણતો, પણ હમણાં તો આવું (અયોગ્ય) કરતી જણાય છે; માટે સ્ત્રીનું ચરિત્ર કોઇ સમ્યક્ પ્રકારે જોઇ શકતું નથી. કહ્યું છે કે-અશ્વનો કુદકો, વસંતનો ગર્જારવ, સ્ત્રીનું ચરિત્ર, ભવિતવ્યતા અને વર્ષાદનું વરસવું કે, નહિ વરસવું એટલાંવાનાં દેવ પણ જાણી શકતા નથી, તો મનુષ્ય તો કયાંથીજ જાણે? સ્ત્રીઓનું મન કંઇક હોય છે, બોલી બીજી હોય છે અને કાર્ય વળી કોઇ ત્રીજુંજ હોય છે; આમ તેઓમાં એ મ્હોટો દોષ છે. સારા ગોત્રમાં ઉત્પન્ન થયા છતાં, સ્ત્રીઓ નદીની પેઠે બહુ પાણીના ઓઘની પેઠે રસિકતારૂપી આનંદથી ભરપૂર અને નીચે (હલકે-છેક) માર્ગે પ્રવર્તે છે. એ સ્વાર્થી નારીઓ ગુંજની છરીની પેઠે બહારથીજ મનોહર જણાય છે; એમનાં અંતઃકરણ તો અત્યંત દારુણ છે."

સસરો રત્નાકર શેઠ આમ વિચાર કરે છે, એવામાં તો સતી શીળવતી જે કપટ રહિત અને નિષ્કલંક હતી. તે કંઇ અનિર્દિષ્ટ કાર્ય કરીને પાછી આવી ને ઘડાને મૂકીને પાછી પોતાની શય્યામાં સૂતી. પ્રભાતે ચિંતાએ ભરપૂર એવા શેઠે પોતાની સ્ત્રીને પૂછ્યું. "આ આપણી વહુ તને શીળગુણની વૃદ્ધિમાં કેવી દેખાય છે?" તેણીએ ઉત્તર આપ્યો. "ઉત્તમ કુળની મર્યાદા પ્રમાણે તેણીનું વર્તન છે." શ્રેષ્ઠીએ કહ્યું. "આપણી વહુ સારી નથી; કારણ કે, આજ રાત્રે મેં એને ગુપ્ત રીતે કયાંય જતાં જોઇ છે." સાસુ બોલી. "ના, એ એવી નથી." ત્યારે શેઠે કહ્યું. "તેં પોતે દીઠી હોય તો તું તે સત્ય માન્યા વગર રહે નહીં. મેં પોતે આજ રાત્રે એને ઘડો લઇને બહાર જતાં જોઇ છે. પોતે કાંઇ કોઇ અન્ય પુરુષ સાથે ક્રીડા કરીને તે પાછી આવી અને સાંભળેલી વાત કરતાં પ્રત્યક્ષ જોએલી વાત વધારે બળવાન્ છે, માટે મેં જે કહ્યું છે તે સત્ય માન."

એટલામાં પુત્ર અજિતસેન પ્રભાતે દેવ ગુરુની સેવા કરીને માત પિતાના ચરણે નમ

રાને આવ્યો. જૂદા જૂદા માન તાનના ચરણે પડીને પાસે બેઠો એટલે પિતાએ તેને એક
માન્તે કહ્યું. "પુત્ર, તને શું કહું! વિધાતાએ તો આપણા ઘરના આંગણામાં પારિજાતકની
વેલ રોપી છે, પણ એવા વંશમાં ઉત્પન્ન થએલી અને ઉત્તમ ગુરુના સંસર્ગવાળી છતાં, સ
તાની પેઠે ત્હારી વહુ કુટિલતા સેવે છે. મેં પોતે આજ રાત્રે તેણીનું ચરિત્ર જોયું છે. રાત્રીને
વિષે તે કોઈ સ્થળે જઈ આવી. હે વત્સ! હું જાણતો હતો કે તે આપણા કુળરૂપી વનને વિષે
કલ્પલતા સમાન છે, પણ હમણાં તો તે દુષ્ટ રોગ મુક્ત અને વિષવેલથી પણ અધિક જણાય છે,
માટે સ્ત્રીનો શો વિશ્વાસ! શીળ ત્યાગ કરવામાં ઉદ્યમવંત એવી સ્ત્રીઓને પતિ ગુણથી
(દોરડીથી) બાંધી શકતો નથી, પરીક્ષક પારખી શકતો નથી, તેમ ધનથી પણ તેણીઓને વ
શ કરી શકાતી નથી. શાસ્ત્રમાં જે સાંભળીએ છીએ અને લોકો પણ જે કહે છે, તે સર્વ આવી
દુઃશીળા કામ વિહ્વળ નારીઓ સત્ય કરી બતાવે છે. ત્હારી વહુ રાત્રીએ જળ લાવવાનો
ડોળ કરીને બહાર ગઈ, ને થોડીવાર પછી પાછી આવી; માટે તે અવશ્ય ત્યજવા યોગ્ય છે."

પુત્રે પિતાનું વચન પ્રમાણ કર્યું, એટલે શેઠે વહુને અસત્ય પ્રયોગથી કહ્યું. "તમારા પિ
તાએ મને તમને સાથે લઈને બોલાવ્યો છે, માટે ચાલો ત્યાં જઈએ." વહુએ કહ્યું. "અહો! એ
માં શું! એક તો પિતાદિ સ્વજનનો મેળાપ થશે અને વળી આપનું વચન પ્રમાણ થશે."
એમ શીળવતીએ સાસરે કહ્યું તે સત્ય માન્યું. કહ્યું છે કે-સત્ય પરીક્ષા કર્યા વિના વિશેષ ગુણ
માલમ પડતો નથી. જ્યાં સુધી ઉત્તમ પરીક્ષકોએ પરીક્ષા કરી નથી, ત્યાં સુધી રત્નને બીજા
માણસો કાંકરો ધારે છે. પછી રથ જોડાવી શેઠે શીળવતીને લઈને માંગળિક કરી પ્રયાણ કર્યું.

રસ્તે ચાલતાં એક નદી આવી એટલે શેઠે વહુને કહ્યું. "પગમાંથી પગરખાં કાઢી
નાંખીને નદી ઉતરજો." પણ તે તો કંઈક વિચાર કરીને પગરખાં સહિત નદી ઉતરી. તે
થી શેઠે ધાર્યું કે, "એ દુર્વિનીત ( વિવેક વગરની ) છે." વળી આગળ ચાલતાં એક
મગનું ક્ષેત્ર આવ્યું, તે જોઈ શેઠ બોલ્યા. "અહો! આ ક્ષેત્રના ધણીને બહુ સરસ ધા
ન્ય હાથ થશે." તે સાંભળી વહુએ કહ્યું. "જો એને કોઈ ખાઈ નહીં જાય તો આપનું
વચન સત્ય થશે." શેઠે કહ્યું. "આ વહુ એવું અસંબદ્ધ કેમ બોલે છે? ક્ષેત્ર તો તદ્દન
ફળેલું છે, કોઈએ ખાધું હોય એમ જરા પણ દેખાતું નથી." વળી આગળ પ્રયાણ કર
તાં ધનની સમૃદ્ધિમાં કુબેરના નગર જેવું અને આનંદી માણસોથી ભરપૂર એક નગર
આવ્યું, તેને જોઈ સસરાએ મસ્તક ધુણાવી વખાણ કર્યાં, પણ વહુ છાની રહી નહીં; તે
ણીએ તો કહ્યું. "જો એ ઉજ્જડ હોત તો સારૂં." ત્યારે શેઠે વિચાર્યું. "આ વહુ તો મ્હા
રી હાંસી કર્યા કરે છે, માટે એને એનું ફળ મળશે." આગળ એક સુભટ મળ્યો, તે
પ્રહારથી જર્જરિત થઈ ગયો હતો. તેને જોઈ શેઠે એની પ્રશંસા કરી ને કહ્યું કે, "વાહ!
વાહ! તમે બહુ પરાક્રમી છો!" પણ શીળવતી તો હમેશાં ઉલટું કહેનારી તે બોલ્યા
વગર રહી નહીં. "હે શ્વસુર! એણે તો ક્યાંક માર ખાધો છે, બાકી છે તો એ પામર
અને બીકણ." શેઠે હવે વિચાર્યું. અવશ્ય આ વહુ મ્હારાથી પ્રતિકૂળ છે, હું જે જે ક
હું છું તેને એ અસત્ય પાડે છે. કહ્યું છે કે-સહુ પોત પોતાની પ્રશંસા કરે છે, પારકા દો
ષ જોવામાં કુશળ હોય છે, પારકામાં કંઈક દોષ કાઢ્યાજ કરે છે, પણ પોતાનામાં દોષ હો
ય છે તે છતાં તે કહેતા નથી." શેઠ આમ વિચાર કરે છે, એવામાં રસ્તે એક વડનું વૃ
ક્ષ આવ્યું; ત્યાં તેણે રથ રખાવ્યો ને પોતે વડની છાયામાં બેઠો, પણ વહુ તો વડની છા
યા ત્યજીને દૂર તડકામાં મસ્તક ઉપર એક લુગડું નાંખીને બેઠી. સસરાએ વહુને છાયામાં
બોલાવી, પણ તે તો તે સાંભળ્યા છતાં ત્યાં ગઈ નહીં; એટલે શેઠે વિચાર્યું. "કુશિષ્યની
પેઠે એને પણ ઉપદેશ દેવા જેવું નથી." વળી આગળ ચાલતાં એક, ઘણી વસ્તીવાળું ગામ

આવ્યું, તે જોઈ શેઠ બોલ્યા. "શું સુંદર શેહેર છે! એમાં સાત સાત તો પોળ છે." પણ વહુ બોલી. "એ તો ઉજડ ગામડું છે." સસરાએ વિચાર્યું કે, "એ તો સદા મ્હારૂં કહ્યું અસત્ય કહે છે." વળી માર્ગે જતાં એક ત્રણ ચાર ઝૂંપડાંવાળું ગામડું જોઇ શેઠે એને ઉજડ કહ્યું, ત્યારે વહુએ વિચાર કરીને એને બહુ લોકોની વસ્તીવાળું ઠરાવ્યું. એટલે શેઠે કહ્યું. "સર્વથા વિપરીત બોલનારી આ વહુ, કુશિક્ષિત અશ્વની પેઠે મને હદથી શીઘ્ર અનર્થ કરશે." શેઠ આમ વિચારે છે, એવામાં શાળવતીનો મામો ત્યાં આવી શેઠને તથા શીળવતીને ગૌરવ સહિત પોતાને ઘેર લઇ ગયો, ને તેમનો ભોજનાદિકથી સતકાર કર્યો. વળી ત્યાં રહેવાનો બહુ આગ્રહ કર્યો, પણ શેઠ રહ્યા નહીં. એટલે પેલાએ કરંબાનું ભાતું આપ્યું. તે લઇ વળી આગળ પ્રયાણ કર્યું, ત્યાં એક કેરડાના વૃક્ષની પાસે વડનાઝાડની હેઠે શેઠ પેલો કરંબો મૂકીને સૂતા, એટલે વહુ ખાવા લાગી; તેવામાં ત્યાં એક કાગડો બોલવા લાગ્યો, તેની ભાષા સમજીને વહુ બોલી. "હે કાક! શું કકળાટ કરે છે? ત્હારા મનમાં જે છે તે હું સમજું છું." શેઠ સૂતા સૂતા પણ વહુનાં વચન સાંભળી વિચારવા લાગ્યો. "આ વહુ તો કાક વિગેરેની ભાષા જાણતી જણાય છે. ફરી ફરી કાકનો અભિપ્રાય જાણીને વહુ બોલી. "હે કાક! પૂર્વે એકના વચને કરીને તો મ્હારે પતિનો વિયોગ થયો છે. માટે વળી જો ફરીથી કંઈ કરૂં અથવા બોલું તો તો મ્હારા માત પિતાને પણ મળવા પામું નહિં." જાગતો સૂતેલો શ્વસૂર એ સાંભળીને બોલ્યો. "અરે વિવેક હીન વહુ! એમ કેમ કહે છે?" વહુએ કહ્યું. "જો સત્ય કહીએ, તો ગુણ છે તે દોષને અર્થે થાય છે. કારણ કે, વનસ્પતિ ઉપર ફુલનો સમૂહ થયો તો તેની શાખાને કાપી નાંખવામાં આવે છે; મોરને વિષે રહેલી ડગમગતી ચાલ અને તેના પીછાનો આડંબર એજ તેના વધનું કારણ થાય છે. વળી ચતુર ગતિવાળો ઉત્તમ અશ્વ પણ બળદની પેઠે જોડાય છે. આ પ્રમાણે ગુણવાનને વિષે રહેલા ગુણ એજ પ્રાયે તેના શત્રુ થાય છે. બાલ્યાવસ્થાને વિષે બંધુના આગ્રહથી હું સર્વ શાસ્ત્ર ભણી, તે સાથે તિર્યંચની ભાષાનું જ્ઞાન પણ અર્થ અને આમ્નાય સહિત શીખી." એ સાંભળી સર્પથી દંશ પામેલો માણસ જેમ ગારુડીના શબ્દથી એકદમ બેઠો થાય, તેમ શેઠ ઉભો થઇને વહુની પાસે ગયો. ત્યાં જઇ તેણે કહ્યું. "મ્હારો અપરાધ ક્ષમા કરો." તે સાંભળી વહુ બોલી. "હે પિતાજી! તે વખતે તમે જાગતા હતા ત્યારે હું જે મસ્તક ઉપર ઘડો લઇને બહાર ગઈ હતી, તે એક શિયાળણીનો શબ્દ સાંભળીને ગઈ હતી. તે એમ કહેતી હતી કે, "એક મૃતક નદીમાં તણાતું આવે છે, તેના શરીર ઉપર લક્ષમૂલ્યનાં આભરણો છે." તે સાંભળીને હું ત્યાં ગઇ, ને મૃતકનાં આભરણો લઇ તેજ સ્થાને નદી તીરે ગુપ્ત રીતે દાટીને ઘડો લઇ પાછી આવી. તમે જાણ્યું. "હું કંઇ દુશ્ચેષ્ટિત કરી આવી." ને તેથીજ તમે મને અહિં લાવ્યા છો, પણ હે સસરાજી! એમાં તમારો દોષ નથી; એ તો આ પૂર્વ કર્મનુંજ કર્તવ્ય છે. શુભ યા અશુભ કર્મનો કોટિ યુગે પણ તેમને ભોગવ્યા વિના ક્ષય થતો નથી. હમણાં આ કાકપક્ષી જે બોલે છે, તે આપણો કરંબો માગે છે ને સૂચવે છે કે, 'આ કેરડાના વૃક્ષની નીચે દશ લાખ સુવર્ણ છે.' ત્યારે મેં તેને કહ્યું. "પૂર્વે એક કાર્ય કર્યું તે મ્હારા સસરાને રુચિકર થયું નહિં, તો વળી બીજું કરવા જઉં તો તો મ્હારૂં મૃત્યુજ થાય." વહુનું આવું કહેવું સાંભળી શેઠીએ મસ્તક ધૂણાવીને કહ્યું. "તમે કહો છો તે ખરૂં છે શું?" વહુએ કહ્યું. "જો તમને સંશય હોય તો આ કૂહાડી છે, તે લઇને ખોદી જુઓ." તે સાંભળી પ્રથમ એ કાગડાને કરંબાનું બળિદાન દઇ, શેઠ લોભને લીધે તરુણ પુરુષની પેઠે કોદાળીવડે તે વૃક્ષની હેઠે ખોદવા લાગ્યો. કહ્યું છે કે-દાંત સર્વે ચાલવા લાગ્યા, બુદ્ધિ જાડી થઇ, હાથ પગ કંપવા લાગ્યા, દૃષ્ટિ બંધ થઇ, બળ ગળી ગયું અને રૂપ સૌંદર્ય

નાશ પામ્યું? આ પ્રમાણે યમભૂપતિની મહાધાડરૂપી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા છતાં, તૃષ્ણારૂપી કુમારી છોકરી પણ હૃદયરૂપ નગરને વિષે નૃત્ય કર્યા કરે છે. શેઠે ખોદ્યું તો ચાર સુવર્ણના કુંભ નીકળ્યા. તે જોઈને તે બોલ્યો. "અહો! મ્હારા ઘરને વિષે આ વહુ તો સાક્ષાત્ લક્ષ્મીજ આવી છે. અહો! મેં મરકત મણિની કાચની ભ્રાંતિથી અવગણના કરી!" એમ કહી શેઠે પોતાનો અપરાધ પ્રકટ બતાવી તેની પાસે ક્ષમા માગી, ને તેજ ક્ષણે તેણે રથ પાછો વાળ્યો. પાછાં વળતાં શેઠે વહુને પુછ્યું. "આ ગામ જેમાં સાત સાત તો પોળ છે, તેને તમે ઉજડ કેમ કહ્યું?" વહુએ ઉત્તર આપ્યો. "જેમાં બહુ વસ્તી હોય, છતાં આપણું કોઈ ન હોય તે ઉજડ જાણવું. કારણ કે, વસ્તીવાળું છતાં જેને વિષે આપણા ઉપર સ્નેહ કે પ્રીતિ બતાવનારૂં કોઈ પણ વલ્લભ ન હોય, તે ગામ પૃથ્વી ઉપર અરણ્ય જેવું છે." વળી શેઠે પુછ્યું. "તમે ઉજડ જેવા દેખાતા ગામને વસ્તીવાળું કેમ કહ્યું?" વહુએ કહ્યું. " તે ગામમાં એક મ્હારા મામાનું ઘર હતું, તેથી મેં તે ગામ વસ્તીવાળું કહ્યું." વળી શેઠે પુછ્યું. "તમે વડની છાયા મુકીને તડકામાં જઈને બેઠાં, તેનું શું કારણ?" વહુએ કહ્યું. "વડ ઉપર ઘરામાં કાગડો બેઠો હોય, ને તે સ્ત્રીના મસ્તક ઉપર ચરકે તો છ માસમાં તેણીના પતિને મહા અનર્થ થાય. વળી વૃક્ષના મૂળ પાસે સર્પાદિ જીવોનો ભય હોય છે, માટે હું દૂર જઈને બેઠી હતી." આ સાંભળી શેઠ બોલ્યા. "હે કુળાધાર! સર્વ ભાવમાં વિચક્ષણ! તેં બહુ ઠીક કર્યું કે, વૃદ્ધપણાને લીધે બુદ્ધિહીન થયેલાને તેં બોધ આપ્યો!" વળી શેઠે પૂછ્યું. "ત્યારે મેં પેલા સુભટનાં વખાણ કર્યાં તેને તમે 'બહુ કાયર છે' એમ કેમ કહ્યું?" વહુએ કહ્યું. 'તેના પ્રહાર સર્વ તેની પીઠ ઉપર હતા, તેથી જો તે ખરેખરો સુભટ હોત તો તેણે સઘળા પ્રહાર અગ્રભાગ (છાતી) ને વિષે ખમ્યા હોત." ત્યારે શેઠે પુછ્યું. 'મેં જે મગના ક્ષેત્રને પરિપક્વ ફળવાળું કહ્યું, ત્યારે તમે એમ કેમ કહ્યું કે, "જો તે પૂર્વે ખવાયું ન હોય તો?" તેને તે વખતે તો કોઈએ ખાધું નહોતું.' વહુએ સમજણ પાડી કે, "આ ક્ષેત્રવાળા કણબી લોકો દરિદ્રી જેવા હોય છે, તેઓ બમણું આપવા કરીને કણાદિક લાવે છે ને ખેડ કરે છે. હવે જ્યારે ધાન્ય નિપજાવીને ઘેર લાવે છે, ત્યાં તો પેલા પૂર્વે ધાન્ય આપનારા (લેણદારો) આવીને તે લઇ જાય છે. એટલે મેં એમ કહ્યું કે, બમણું આપવું કરીને ધાન્ય લાવેલા એટલે તે કૃષિકાર પ્રથમથીજ ક્ષેત્રને ખાઈ ગયા કહેવાય." વળી શેઠે શંકા પૂછી. "જળે ભરેલી નદી આવી, ત્યારે મેં તમને મોજડી ઉતારવાનું કહ્યા છતાં તમે તે કેમ ન ઉતારી?" તે ઉપરથી વહુએ ખુલાસો કર્યો કે, "નદીને વિષે કાંકરા, છીપરાં આદિ હોય તેના ભયને લીધે મેં તે ઉતારી નહીં; કારણ કે, તેથી કાયાને કલેશ થાય." આ પ્રમાણે પુત્રવધુનાં વચનોથી બહુ સંતોષ પામતો શેઠ ઘેર આવી પહોંચ્યો. ત્યાં વહુએ ઘડામાં રહેલાં ભૂષણો બતાવ્યાં. ત્યારથી તેણે તેણીને બહુ સન્માન આપી પોતાના ઘરની સ્વામિની કરી સ્થાપી.

અનુક્રમે આયુઃક્ષયે શેઠ પરલોક પામ્યા. તેની સ્ત્રી પણ સ્વર્ગે ગઈ. એટલે હવે અજિતસેન કુટુંબનો નાયક થયો. એ વખતે અરિમર્દન રાજાને ચારસોને નવાણું મંત્રી હતા, તે બરાબર પૂર્ણ પાંચસો કરવાની ઇચ્છાથી તેણે પ્રત્યેક નગર થકી માણસોને બોલાવીને એવું પ્રશ્ન પૂછ્યું. "જે મને પાદપ્રહાર કરે તેનો શો દંડ કરવો?" સર્વેએ ઉત્તર આપ્યો. "તે માણસનો શિરછેદ કરવો." આ ઉત્તર રાજાએ માન્ય કર્યો નહીં. ત્યારે શીળવતીની વિસ્તીર્ણ બુદ્ધિથી તે પ્રશ્નનો ઉત્તર અજિતસેને જઈને રાજાને કહ્યો. "તે પાદપ્રહાર કરનારને નૂપુર આપવાં." આવો પોતે ચિંતવેલો ઉત્તર સાંભળીને રાજાએ તેને સુવર્ણાભરણ આપીને સંતોષ્યો; ને તેને બુદ્ધિમાન્ જાણીને પોતાનો મુખ્ય પ્રધાન કર્યો.

એકદા રાજા છ પ્રકારનું સૈન્ય લઈને પર્વત દેશના રાજા સિંહસેનને જીતવાને નીકળ્યો, ત્યારે તેણે અજિતસેનને સાથે આવવાની આજ્ઞા કરી. તે ઉપરથી એ તો ચિંતામાં પડ્યો. મહામતી શીલવતીએ ઉદ્વેગનું કારણ પુછવા ઉપરથી તેણે સ્પષ્ટ કહ્યું. "જો કે તું સુશીલા છે, તોપણ તને ઘરને વિષે એકલી મૂકી રાજા સાથે જવાને મ્હારૂં મન માનતું નથી." શીલવતીએ કહ્યું. "ગમે તેમ પણ રાજાનાં કાર્ય કરવાં જોઈએ. મ્હારૂં શીલ તો નિશ્ચળ સમજજો. એમજ ધારજો કે, દેવ દાનવ આદિ પણ તે ખંડન કરવાને અસમર્થ છે." એમ કહી તેણીએ તેના કંઠને વિષે એક પુષ્પમાળા પહેરાવી ને કહ્યું કે, "જ્યાં સુધી આ માળા તમારા કંઠને વિષે કરમાય નહીં, ત્યાં સુધી એમ ધારજો કે મ્હારૂં શીલ નિશ્ચળ છે." પ્રિયાનાં આવાં વચન શ્રવણ કરી અજિતસેન રાજા સાથે નિશ્ચિંતપણે ગયો. રસ્તે ચાલતાં પુષ્પવગરની આરામોને વિષે પણ અજિતસેનના કંઠમાં પુષ્પની તાજી માળા જોઈને રાજાએ પૂછ્યું. "ત્હમારા કંઠને વિષે આવી અટવીમાં આવી તાજી પુષ્પમાળા ક્યાંથી?" મંત્રીશ્વરે કહ્યું. 'એ માળા મ્હારી પ્રિયાએ મ્હારા કંઠને વિષે આરોપી છે; તે તેણીના શીલ પ્રભાવથી નિરંતર કરમાયા વગરની રહે છે." રાજા તો શીલવતીના શીલનું સ્વરૂપ સાંભળીને ચમત્કાર પામ્યો.

એકદા તે રાજા પોતાના નર્મમિત્રો (ગમ્મત કરાવનારા મિત્રો) આગળ શીલવતીના શીલવ્રતની પ્રશંસા કરવા લાગ્યો. એટલે કામાંકુર મિત્રે ઈર્ષ્યાથી કહ્યું. "ચંચળ નેત્રવાળી સ્ત્રીઓને વળી શીલવ્રત કેવું?" તે વખતે લલિતાંગે કહ્યું. કામાંકુર મિત્રે કહ્યું 'એ સત્ય છે." પછી રતિકેલિએ કહ્યું. "એમાં સંશય શો?" એટલે અશોક બોલ્યો. "શીલનું ખંડન કરવાને હું જઈશ." તે ઉપરથી કૌતુકી રાજાએ તેને બહુ ધન આપીને મોકલ્યો. એ અશોક અનંગનો વેષ લઈને ઉત્તમ વસ્ત્ર ધારણ કરી નંદનપુર જઈ શીલવતીના ઘરની પાસે આસન નાંખીને બેઠો. ત્યાં રહ્યો રહ્યો તે પંચમ રાગનાં ગીત પ્રમુખ ગાતો મનોહર અંગચાળા કરવા આવવા લાગ્યો તથા સુશીલા શીલવતી તરફ બહુ પ્રકારના કામવિકાર બતાવવા લાગ્યો. એ સર્વ જોઈને સતી વિચારવા લાગી. "નિશ્ચે એ મ્હારૂં શીલ ખંડન કરવા ધારે છે, પણ એ મૂર્ખ વિચાર કરતો નથી કે, કેસરિસિંહ જીવતો હોય ત્યાં સુધી તેની કેસર (જટા) કોઈ ગ્રહણ કરી શકે?" એમ વિચારીને તેણે વિકલ્પ વિના પણ ચક્ષુના ખૂણામાંથી તેના તરફ દ્રષ્ટિ કરી; તેથી તો તે હર્ષ પામી ચિંતવવા લાગ્યો. "મ્હારૂં વાંછિત સિદ્ધ થયું; કારણ કે, એ સુમુખીએ મ્હારા તરફ નજર કરી છે." એમ ધારી તેણે દૂતી મોકલી. તે શીલવતીને જઈને કહેવા લાગી. "બાઈ, ત્હારો સ્વામી રાજા સાથે ગયો છે, તેનું કોણ જાણે શું થશે? ગયો દિવસ ફરી પાછો નહિં આવે; ત્હારૂં યૌવન ભોગ વિના નિષ્ફળ જાય છે." પછી શીલવતી બોલી. "કુળવાન્ સ્ત્રીઓને પરપુરુષ સાથે સંગમ તો શું, પણ વાર્તા કરવી યુક્ત નથી." પણ પછી દૂતીએ ફરી ફરી કહ્યું, તેથી શીલવતીએ હા કહી કે, "તેને પાંચમે દિવસે મોકલજે." દૂતીએ જઈને અશોકને એ વાત કહી. અશોક હર્ષ પામ્યો ને પ્રથમથી અર્ધલક્ષ સુવર્ણ તેણીને મોકલાવ્યું.

હવે શીલવતીએ પોતાના શીલની રક્ષાને અર્થે ઓરડામાં એક ઊંડો ખાડો ખોદાવ્યો; તેના ઉપર એક નિર્બળ તંતુથી ભરેલો પલંગ મૂક્યો, ને ઓછાડ પાથર્યો. પાંચમે દિવસે અશોક બાકીનો અર્ધલક્ષ સોનૈયા લઈને આવ્યો. શીલવતી બોલી. "ભોજન થાય છે અને સ્નાન કરવાને ઉષ્ણજળ મૂક્યું છે, ત્યાં સુધી તમે આ પલંગ ઉપર બેસો." તે પ્રમાણે તે તેની ઉપર બેઠો એટલે તે તૂટી ગયો, ને અશોક ખાડામાં પડ્યો. ત્યારથી એક દોરડી વડે તે તેને માટે શરાવલાને વિષે અન્ન પાણી મોકલવા લાગી. પરંતુ અશોકને તો ખાડામાં નારકીનું દુઃખ સહન કરવું પડ્યું.

આ વાતને એક મહિનો થયો. રાજાએ વિચાર્યું. "અશોકની તો શાધ પણ મળતી નથી." એટલે રતિકેળિ તેવીજ પ્રતિજ્ઞા કરીને ત્યાં ગયો. તે પણ અશોકની માફક તેજ ખાડામાં પડ્યો! એ પ્રમાણે કામાંકુર પણ ત્યાં ગયો, ને પેલા બેની દશાને પામ્યો. તેજ અવસ્થા લલિતાંગની પણ ત્યાં આવવાથી થઇ. આ પ્રમાણે ચારે કૂવામાં પડ્યા તેમને દોરડે બાંધેલા શરાવલામાં અર્ધ અન્ન પાણી મળતું. નરકને વિષે નારકી જીવોની પેઠે દુઃખ પામતા તેઓએ એકદા શીળવતીને કહ્યું. "અમે ક્ષુધાથી પીડાઇએ છીએ; અમારા જેવા આત્માના અજાણ જનો આ પ્રમાણે દુઃખના ભાજન થાય છે. હે સતી! મૂઢ એવા અમે ત્હારૂં માહાત્મ્ય જોયું; હવે કૃપા કરીને અમને આ કૂવામાંથી બહાર કાઢ." શીળવતીએ કહ્યું. "જો તમે એક મ્હારૂં કહ્યું માનો તો બહાર કાઢું." પેલા બોલ્યા. "તમે કહેશો તે સુલભ હશે કે, દુર્લભ હશે તોપણ કરીશું." પછી શીળવતીએ તેમને શીખવી રાખ્યું.

એવામાં તેનો સ્વામિ અજિતસેન આવ્યો, તેને સતીએ પેલા ચારે જણનું વૃત્તાંત શુભ રીતે કહ્યું. પછી શીળવતી બોલી કે, "એક વાર આપણે રાજાને પરિવાર સહિત ભોજનને અર્થે નિમંત્રણ કરીએ, પછી એમને ઉઘાડા પાડીએ." ત્યાર પછી નોતરૂં આપી રાજાને જમવા બોલાવ્યો. તે પણ આવ્યો. શીળવતીએ છાની રીતે રસવતી તૈયાર કરાવી મૂકી હતી. હવે તેણીએ અવસર જાણીને પેલા ચારેને કૂવામાંથી બહાર કાઢીને ઓરડામાં આસન ઉપર બેસાર્યા; ને ન્હવરાવીને ચંદનનો લેપ કર્યો. એવામાં રાજા કહેવા લાગ્યો "અરે મંત્રી! જમવાનું અસુર થાય છે; ને તમારા ઘરમાં તો રસોઇ પણ કરેલી જણાતી નથી." મંત્રીએ કહ્યું. "હે રાજન્! મ્હારા ઘરમાં મ્હારી પ્રિયાને વશ એવા ચાર યક્ષો છે, તે જે જે માગશું તે તે આપશે." પછી રાજા સહપરિવાર જમવા બેઠો એટલે એ યક્ષોની પાસેથી રસોઇ માગી માગીને તેમને જમાડ્યા. તે જોઇ રાજાએ કહ્યું. "હે મંત્રી! જે આ યક્ષો છે, તે પ્રિય અને મનગમતી રસોઇ આપે છે, માટે જો તે આપણી પાસે હોય તો માર્ગમાં રાંધવાની અડચણ વિના સૈન્યને ભોજન મળે." મંત્રીએ કહ્યું. "મ્હારી પ્રિયાને કહીને હું તે તમને આપીશ." પછી શીળવતીએ પેલા ચારેને કહ્યું. "જો તમે મ્હારૂં કહ્યું કરશો, તોજ તમને છોડીશ." પેલાએ હા કહી; એટલે તેમને પેટીમાં બેસાર્યા; ને તેમને કહ્યું કે, "આ પેટી રાજાને આપવાની છે. રાજા એક પ્રયાણ કરીને મધ્યાન્હે ભોજન માગે, તો ત્યાં સુધી તમારે બિલકુલ બોલવું નહીં. જો વચ્ચે બોલશો તો મૃત્યુ આવ્યું જાણજો." તેઓએ હા કહી એટલે એ પેટી ભૂપતિને આપી. તે તેણે હર્ષથી સ્વીકારી. એક પ્રયાણ કરી મધ્યાન્હે રાજાએ પેટી ઉઘાડી તેમની પાસે રસોઇ માગી. ત્યારે તે બોલ્યા. "ભોજન વિના તો અમારાંએ ગાત્ર શિથિલ થઇ ગયાં છે, તો તમને તો ક્યાંથીજ આપીએ!" એ સાંભળી તેમનો સ્વર તુરત ઓળખી કાઢી તેમને બહાર કાઢ્યા; ને શીળવતીનું સ્વરૂપ પૂછ્યું. તેમણે એ સ્વરૂપ નિવેદન કર્યું. તે સાંભળીને રાજા હર્ષ પામ્યો, ને પાછો આવી શીળવતીના શીળવ્રતની પ્રશંસા કરવા લાગ્યો. "તું મ્હારી બ્હેન છે." એમ કહીને તેણીને વસ્ત્રાભરણ આપ્યાં. આ વૃત્તાંત ઉપરથી સર્વ લોકો ચમત્કાર પામી બોલવા લાગ્યા, "આ શીળવતી સતીઓમાં મેરૂ છે."

પછી અજિતસેન પોતાની પ્રિયા સતી શીળવતી સાથે સંસાર સુખ ભોગવતો ચિરકાળ પર્યંત સુખમાં રહેવા લાગ્યો. તેને અનુક્રમે લક્ષ્મીધર અને ચંદ્રસેન નામના પુત્ર થયા. તેઓ નિરંતર જિનોક્ત ધર્મ કરવા લાગ્યા.

એકદા તે નગરને વિષે દમઘોષ નામના મુનિ પધાર્યા, તેમની પાસે અજિતસેન પ્રિયાને લઇને ધર્મ સાંભળવા ગયો. સૂરિએ દેશના આપી. "ધર્મથી ઉત્તમ કુળને વિષે જન્મ, શરીર

સૌભાગ્ય, આયુષ્ય, બળ, નિર્મળ યશ, વિદ્યા અને દ્રવ્ય એટલાંવાનાં મળે છે. વળી મહા ભયંકર અરણ્યમાંથી પણ ધર્મ નિસ્તાર કરે છે, એવો જે ધર્મ તે સમ્યક્ પ્રકારે સેવ્યો છતાં, સ્વર્ગ અને મોક્ષનો દાતા થાય છે.” પછી દેશનાને અંતે શીળવતીએ મુનિને પૂછ્યું. “હે ભગવાન્! મેં પૂર્વ ભવે શું કર્યું હશે?” જ્ઞાની મહારાજાએ કહ્યું. “કુસુમપુર નગરને વિષે સુલસ નામનો શ્રાવક રહેતો હતો, તેને સુયશા નામની સ્ત્રી હતી. તેમને સ્વભાવે ભદ્રક એવો દુર્ગત નામનો સેવક હતો, એ દુર્ગતને દુર્ગિલા નામની સ્ત્રી હતી. એકદા એ દુર્ગિલા સુયશાની સાથે સાધ્વી પાસે ગઇ. ત્યાં સુયશાને પુસ્તકની પૂજા કરતી જોઇ દુર્ગિલાએ પૂછ્યું. ‘હે સાધ્વી! આજે શું પર્વ છે?” સાધ્વીએ કહ્યું. “આજે શ્રુતનિધિ વિખ્યાત જ્ઞાનપંચમી છે. જે આજ જ્ઞાનપંચમીને દિવસે ઉપવાસ કરીને પુસ્તકપૂજા પૂર્વક જ્ઞાનની પ્રભાવના કરે, તે સુખ, સૌભાગ્ય, ભાગ્ય, બુદ્ધિ આદિ વૈભવ પામીને અનુક્રમે મોક્ષ પ્રાપ્ત કરે છે.” એ સાંભળી દુર્ગિલા બોલી. “મ્હારી સ્વામિનીને ધન્ય છે કે, જે આ પ્રમાણે પંચમીનો તપ કરે છે. હું તો તપશ્ચર્યા કરવાને એ સમર્થ નથી.” તેથી સાધ્વીએ કહ્યું. “ત્યારે તું મ્હારે આધીન એવું શીળવ્રત પાળ, જેથી તું સુખી થઇશ. હે વિવેકવતી! પરપુરુષ પરપુરુષનો ત્યાગ કર અને અષ્ટમી ચતુર્દશીએ મ્હારા ભર્તારની સાથે પણ સેવન ન કરીશ.” સાધ્વીએ આપેલો આ અભિગ્રહ લઇ હર્ષ પામી ઘેર આવી, ને તે વાત પોતાના પતિને કહી. પતિએ કહ્યું. “જો તેં એ પ્રમાણે અષ્ટમી ચતુર્દશીનો નિયમ કર્યો છે, તો મ્હારે પણ આજથી એ નિયમ અંગીકાર છે. લઘુકર્મી એવા એ બન્ને જીવ શુદ્ધ શીળ પાળવા લાગ્યા. અનુક્રમે તેમણે સમકિત પ્રાપ્ત કર્યું. એમ કરતાં કરતાં દુર્ગિલાએ તો ગુરુ પાસે જ્ઞાનપંચમીનો તપ લઇ તે આદર્યો. આયુઃક્ષયે બન્ને મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે દેવતાપણે ઉત્પન્ન થયાં. દુર્ગતનો જીવ દેવલોકથી ચ્યવ્યો, તે તું જિનસેન થયો અને દુર્ગિલાનો જીવ તે આ શીળવતી થઇ.”

ગુરુના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળી, જ્ઞાન આરાધનરૂપ પુન્યથી તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ સ્મરણમાં આવવાથી વૈરાગ્ય પ્રાપ્ત થયો, તેથી તેમણે દીક્ષા લીધી. સંયમ પાળી તેઓ પાંચમે સ્વર્ગે ગયાં; ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પ્રાપ્ત કરી, સર્વ કર્મ ક્ષય થયે મુક્તિ પામશે. ઇતિ શીળવતીની કથા.

## નંદયંતી.

નિર્મળ શીળ પાળનારો ભવ્ય આશયવાળો ભવ્ય જન, નંદયંતીની પેઠે સર્વોત્કૃષ્ટ સુખ સંપત્તિને પામે છે.

દેવલોક સમાન પોતનપુર નામના નગરને વિષે પ્રચંડ પરાક્રમવાળો નરવિક્રમ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સાગરપોત નામનો વણિક વસતો હતો. તેની શ્રી નામની સ્ત્રીની કુક્ષિએ સમુદ્રદત્ત નામનો પુત્ર થયો. તે પંડિત પાસે અભ્યાસ કરી અનુક્રમે યૌવન વય પામ્યો. તે વખતે સોપારકપુર નગરને વિષે બુદ્ધિમાનના નિધાન એવા નાગદત્ત શેઠની નંદયંતી નામની પુત્રી જિનધર્મને વિષે કુશળ તથા શીળવ્રતથી શોભતી યૌવનાવસ્થા પામી. સાગરપોત શેઠે એ પોતાની નંદયંતીને સમુદ્રદત્ત વેરે પરણાવી. સમુદ્રદત્ત હવે પોતાના મિત્ર સાથે ક્રીડા કરતો સુખમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા વિદેશ જવાની ઇચ્છા ઉત્પન્ન થવાથી તે તાતને કહેવા લાગ્યો. “હે પિતાજી! મ્હારે દ્રવ્ય ઉપાર્જન કરવા વિદેશ જવું છે, માટે આજ્ઞા આપો.” પિતાએ કહ્યું.” મ્હારા ઘરમાં કેટલુંએ દ્રવ્ય છે, તે તું અહિં રહીને ભોગવ. કારણ કે, કલ્પવૃક્ષ રૂપી છત્રે છાંયાના વૃક્ષ

પાસે કોણ જાય !" તે સાંભળી પુત્ર બોલ્યો. "પૂર્વ ભવમાં ઉપાર્જેલી લક્ષ્મી તો કુલટા
જનોજ ભોગવે. પિતાની લક્ષ્મી, માતાની પેઠે યૌવન વયમાં સેવવા યોગ્ય નથી." પુત્રની
આવી વાણી સાંભળીને પિતાએ ગદ્ ગદ્ શબ્દે બહુ બહુ કહ્યું, ત્યારે પુત્ર બોલ્યો. "પિ
તાના ઉપાર્જેલા ધનથી ઘણા જન મદોન્મત્ત થાય છે, પણ પોતાના ઉપાર્જેલા ધનથી તો
વિરલાજ એવા થાય છે." આમ કહ્યા છતાં પણ પિતાએ તો અનુમતિ આપીજ નહીં એ
રહી તે રાત્રીને વિષે ગુપ્ત રીતે ચાલી નીકળ્યો, પરંતુ જતાં જતાં પ્રિયાનું ચેષ્ટિત જોવાને
તે છાનો થઈને ઘરની જાળીમાં ઉભો રહ્યો. એટલામાં નંદયંતી જાગી, ને પતિને ન જો
વાથી દુઃખી થઈ. પતિના ગુણનું સ્મરણ કરતી તે પરસ્પર વિયોગ થવાથી વ્યાકુળ બની
કંઠને વિષે પાશ નાંખતાં બોલી. "જો મ્હારા પતિ હમણાં અહિં નહિં આવે તો મ્હારે
જરૂર મરણ શરણ થવું પડશે." એમ પ્રિયાને દુઃખી જોઈ બહાર આવી સમુદ્રદત્તે તેણીને
સંયોગથી સંતોષી. પછી તેણે કહ્યું. "હે પ્રિયે ! હું વિદેશ જઉં છું, તું તે કોઈને કહીશ
નહીં." એ પ્રમાણે સ્ત્રીની રજા લઈ તે લક્ષ્મી પ્રાપ્ત કરવા સમુદ્રમાર્ગે ચાલ્યો.

પાછળ ગર્ભિણી નંદયંતીને ત્રણ માસ થયા એટલે તેણીને સગર્ભા જોઈને સાગર
સસરાએ વિચાર્યું. "પુત્ર તો વિદેશ ગયો છે અને વહુને તો આમ થયું જણાય છે, તો
સ્ત્રીઓનાં સ્વરૂપ જાણી શકાતાં નથી. બહારથી રૂડા આચરણવાળી એવી સ્ત્રીઓને વિષે
વિશ્વાસ કરવો નહીં. કારણ કે, કિંપાક ફળની પેઠે તેનાં પરિણામ સારાં નથી; માટે એ
સ્વાર્થમાં નીચ એવી સ્ત્રીને આપણી પંક્તિમાંથી ત્યજી દેવી. એણે અમારા નિષ્કલંક કુળ
ને કલંક લગાડયું છે." એમ વિચારી તેમણે પોતાના એક નિષ્કરુણ નામના સેવકને કહ્યું.
"તું આ મ્હારી વહુને વનને વિષે મૂકી આવ." તે પુરુષ તે પ્રમાણે તેણીને વનને વિષે
મૂકી પાછો વળ્યો; એટલે પાછળ તુરત એ મહાસતી, મૂળથી છેદાયલી વેલની પેઠે પૃથ્વિ
ઉપર પડી ગઈ. ફરી સચેત થઈને બોલી. "હા દૈવ ! મ્હારા શા અપરાધથી સાસુએ મને
ત્યજી દીધી ? મેં કોઈને શું કર્યું ? એક તો મ્હારો સ્વામી મને ત્યજીને વિદેશ [illegible]
ત્યાં વળી મને વનમાં મૂકી. મેં લેશ પણ શીળ ખંડન કર્યું નથી. આ ભવને [illegible]
મ્હારે સમુદ્રદત્ત વિના સર્વે ભાઈઓ છે." આમ વિલાપ કરતી હતી, તેવામાં [illegible]
સ્વામી પદ્મરાજા ત્યાં આવ્યો, તે તેણીને જોઈ બ્હેન કહી પોતાને નગરે [illegible]
તે રાજાની આજ્ઞાથી યથેચ્છ દાન દેતી, શીળવ્રત પાળતી અને ધર્મ કર્મને [illegible]
કતી રહેવા લાગી. ત્યાં તેણીએ અવસરે પુત્રને જન્મ આપ્યો.

હવે પેલો નિષ્કરુણ સેવક વહુને મૂકીને પાછો ગયો. તેણે જે બન્યું હતું તે [illegible]
વ્યું. એવામાં સમુદ્રદત્ત પણ વિદેશથી બહુ ધન ઉપાર્જન કરીને ઘેર [illegible]
હુને ત્યજી દીધાનો વૃત્તાંત કહ્યો. એટલે સમુદ્રદત્ત બોલ્યો. "મ્હારી પ્રિયા [illegible]
તે મ્હારાથીજ હતો." એ સાંભળીને તો શેઠ દુઃખી થયો ને વહુને [illegible]
મોકલ્યાં. સમુદ્રદત્ત પણ પ્રિયાની શોધમાં નીકળી પડયો. શેઠ [illegible]
હાણ ગુઢાં વહુની ભાળ લેવા ચાલ્યો. પૃથ્વી ઉપર સર્વ ગામ [illegible]
વળ્યા, પણ ક્યાંય નંદયંતીને દીઠી નહીં, તેથી બધા વિલક્ષ [illegible]
ભમતો સમુદ્રદત્ત ભૃગુપુરે પહોચ્યો; ત્યાં ક્ષુધાતુર થવાથી એક [illegible] ઘર
બદલ્યો છે વેષ જેણે એવા તે સમુદ્રદત્તે એક નારીને જોઈ [illegible] શીળ
તેથી પોતાનો સંશય ટાળવાને ને તેણીના શીળની પરીક્ષા [illegible] દાસી
વી તેણીની પાસે મોકલી, એટલે એણે તેણીની પાસે જઈ [illegible] !
મનુષ્ય જન્મને પામીને તે ભોગસુખ વિના નિષ્ફળ [illegible]

માટે જો ત્હારી ઇચ્છા હોય તો એક દેવકુમાર તુલ્ય વણિક પુત્ર આવ્યો છે, તેની પાસે અખૂટ દોલત છે. એવા પુરુષને અંગીકાર કરવાને દેવાંગના પણ ઇચ્છા કરે છે; માટે જો તું તેનો સ્વીકાર કરીશ તો, અતિ સુખી થઇશ. હું તો તને ત્હારા લાભને માટે કહેવા આવી છું."

આ સર્વ સાંભળીને નંદયંતી બોલી. "બહેન, તું આવી તો ભલે આવી, પણ સતીની પાસે એવું કહેનારની જીભ તૂટી પડે છે. હું તો આ ભવને વિષે સમુદ્રદત્ત સ્વામી શિવાય અન્ય કોઇ દેવકુમાર તુલ્ય હોય તેને પણ ઇચ્છતી નથી. જો તું હવે અધિક કહીશ તો તને હું આત્મહત્યા દઇશ." આ વખતે સમુદ્રદત્તે પોતાનો મૂળ વેષ લીધો, ને તે તેણીની પાસે ગયો; ત્યાં જઈ પ્રિયાને જોઇ તે હર્ષ પામ્યો. તેણીએ પણ પતિને ઓળખી ઉભાં થઈ વિનય સહિત તેનો આદર સત્કાર કર્યો. પરસ્પર નેત્ર મેળાપ થયો; એટલે સતીને પ્રથમની દુઃખી અવસ્થા સ્મરણમાં આવવાથી તેણીનાં નેત્રો ભાદ્રવાની વૃષ્ટિ જેવાં આંસુથી પૂરાઇ ગયાં; પછી હર્ષ સહિત સમુદ્રદત્ત તેણીને પોતાને નગરે લાવ્યો; પિતાદિક પણ ત્યાં આવ્યા હતા, તેમને સર્વને તેણીએ પોતાની વનાદિને વિષે વીતેલી હકીકત કહી સંભળાવી.

એ અવસરે ત્યાં એક કેવળજ્ઞાની સાધુ આવ્યા, તેમને વંદન કરવાને સમુદ્રદત્ત, તેના માત પિતાદિક સર્વે ગયાં. ગુરુએ તેમને ધર્મોપદેશ દીધો. દેશનાને અંતે નંદયંતીએ પૂછયું. "હે મુનીશ્વર! મ્હારે કયા કર્મને લીધે આટલો વખત મ્હારા પતિ સાથે વિયોગ રહ્યો?" તે ઉપરથી ગુરુએ તેણીનો પૂર્વભવ કહ્યો. "ચંદ્રપુર નગરને વિષે મુકુંદ નામના દ્વિજને શ્રીમતી નામની સ્ત્રી હતી, તેણીએ એકદા યજ્ઞનો ઉત્સવ થતો હતો, તે વખતે ભિક્ષાને અર્થે આવેલા સાધુનો ઉપહાસ કર્યો હતો કે, "હે શુદ્ર! તું અહિં કેમ આવ્યો છે." તેનાં શ્વસુરાદિ સર્વે પણ તે ઉપહાસમાં અનુમત થયાં. તે મુકુંદ મૃત્યુ પામ્યો, તેનો જીવ તું સમુદ્રદત્ત થયો અને એ શ્રીમતીનો જીવ તું નંદયંતી થઇ. તે વખતે મુનિનો ઉપહાસ કરવાથી ત્હારા પતિ આદિથી તને વિયોગ થયો."

આ પછીથી નંદયંતી વિશેષ પ્રકારે ધર્મ આચરવા લાગી, ને શીળવ્રત પાળતી, આયુઃક્ષયે તે પહેલે દેવલોકે ગઇ; ત્યાંથી ચ્યવીને તે મુક્તિ પામશે. ઇતિ નંદયંતીની કથા.

## રોહિણી.

નિરંતર શુદ્ધ મનથી શીળવ્રત પાળનારા જનો, રોહિણીની પેઠે સુખશ્રેણિને પ્રાપ્ત કરે છે.

પાટલિપુત્ર નગરને વિષે શ્રી નંદ નામનો પૃથ્વિપતિ રાજ્ય કરતો હતો. ત્યાં ધનાવહ નામનો શ્રેષ્ઠી રહેતો હતો, તેને રોહિણી નામે સ્ત્રી હતી. એકદા ધનાવહ શેઠ દ્રવ્ય ઉપાર્જન કરવાને સમુદ્ર માર્ગે ચાલ્યો, તે વખતથી રોહિણી પોતાના મસ્તક ઉપર વેણી બંધાવીને સખીઓના સાથમાં ધર્મકાર્ય કરીને દિવસ નિર્ગમવા લાગી. એવામાં ધૂળ અને કદંબ વૃક્ષના પુષ્પોના સમૂહથી આકાશને ભૂરા કાબરચિત્રા રંગનું કરનારો ગ્રીષ્મકાળ ( ઉનાળો ) આવ્યો. એ સમયે ક્રીડાને અર્થે ઉદ્યાનને વિષે જતા રાજાએ ગોખને વિષે બેઠેલી રોહિણીને દીઠી. તેણીને વારંવાર જોઇ જોઇને રાજાનું ચિત્ત તેણીના વિષે લીન થયું, એટલે ઘેર જઇને તેણે એક દૂતીને રોહિણી પાસે ભેટણા સહિત મોકલી. એ દૂતીએ જઈ રોહિણીને કહ્યું. "આપણો નંદ ભૂપતિ તને વાંછે છે, માટે તેનો સંગમ કરીને આ ત્હારૂં પવિત્ર યૌવન સફળ કર." તે સાંભળી રોહિણીએ વિચાર્યું. "અહો! પોતાના કુળનો વિચાર કર્યા વિના, આ છૂટી ગયેલા મદોન્મત્ત હસ્તી જેવો રાજા મ્હારા શીળરૂપી વૃક્ષનું ખંડન કરશે; માટે કોઇ ઉપાયવડે એને બોધ દેવો." એમ વિચારી તેણીએ દૂતીને કહ્યું. "હે સખી! સ્ત્રીઓ પોતેજ સ્વભાવથી એવા

સુભગ પુરુષને વાંછે છે; પણ આ રાજા તો ઉલટો મને ઇચ્છે છે. માટે એને ધિક્કાર થાઓ! જેમ ચંદ્રમા કલંકથી કલંકિત છે, એમ જો તેને પણ પોતાનું નિર્મળ કુળ કલંકિત કરવું હોય તો તે ભલે ગુપ્ત રીતે રાત્રીને વિષે આવે." એમ કહી રાજાએ મોકલેલી ભેટ લઇ મહાસતીએ પ્રીતિ પૂર્વક એ દૂતીને વિદાય કરી. તેણીએ જઇને રાજાને કહ્યું. "રોહિણીએ કહ્યું છે કે, રાજા અહિં આવે." તે સાંભળીને રાજા શૃંગાર સજીને તેણીને ઘેર ગયો, ત્યાં દાસીએ આસન આપ્યું, તે ઉપર તે બેઠો. એટલે ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી રોહિણી ત્યાં આવી. રાજા તેણીને જોઈ જરા હસ્યો ને તેનું મુખ વિકસ્વર થયું; એટલે રોહિણીએ પોતાની સખીઓને રસોઇ બનાવવાનો આદેશ કર્યો. બીજીને વળી કહ્યું કે, "રાજાની આગળ ઉત્તમ પ્રકારના ફળથી ભરીને એક થાળ લાવો." સખીઓએ તેણીના કહ્યા પ્રમાણે કર્યું; એટલે રાજા તે ફળને ખાઇ તથા રસવતી જમી ચંદ્રશાળાને વિષે ગયો; ત્યાં તેને નિંદ્રા આવવા લાગી. ક્ષણમાં નિંદ્રા આવે, વળી ક્ષણમાં જાગૃત થાય. એવામાં તેણે પાણી માગ્યું. વળી પણ તે નવનવી સરસ વિરસ રસોઇ જમીને બોલ્યો. "આ નાના પ્રકારની રસોઇમાં કેટલીક વિરસ છે એમ કેમ!" રોહિણીએ કહ્યું. "એનો વિવેક તમને કહું છું. જેમ વસ્તુઓને વિષે સરસ વિરસપણું દેખાય છે, તેમ સ્ત્રીઓને વિષે પણ સમજવું. સ્ત્રી છે તે પુરુષને ભ્રમને વિષે પાડે છે. જેમ સૂર્યમણિ સૂર્યને જોઇને જ્વલિત થાય છે, તેમ કામાતુર પુરુષો મૂર્ખતાથી સ્ત્રીઓને જોઇને વિકાર પામે છે. હે સ્વામિ! આપ તો સર્વ પ્રજાના પિતા છો અને અન્યાયે પ્રવર્તન કરવું એ નૃપતિઓને દૂષિત કરે છે. આપને પણ એ સન્માર્ગનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી. સ્ત્રી તો નરકની ખાણ છે, બુદ્ધિ અને દ્રવ્યથી ભ્રષ્ટ કરનારી છે અને વળી પાપના નગર જેવી છે." રોહિણીનાં આવાં વચન સાંભળી પરનારી સમાગમ દુઃખદાયક જાણી ઉભો થઇ રાજા તેણીની ક્ષમા માગવા લાગ્યો, ને બોલ્યો. "હે સતી! દુરાચરણનો ઉપદેશ આપનારા તો પગલે પગલે મળે છે, પણ હિતાર્થ બતાવનારા તો ત્હારા જેવા કોઇ વિરલાજ હોય છે. મને કુમાર્ગે જતાં નિષેધ કરવાથી તું મ્હારી ગુરુ થઇ છે." એમ કહી તેણીના ગુણની મેરી તથા શીળની પ્રશંસા કરતો તે પોતાને આવાસે આવ્યો.

એવામાં ધનાવહ શેઠી પણ ધન ઉપાર્જન કરીને ઘેર પાછો આવ્યો. તે વખતે રોહિણી ભરતારના મુખચંદ્રને જોઇ બહુ પ્રમોદ પામી. એકદા દાસીને મુખે રાજા આવી ગયો હતો, એવો વૃત્તાંત સાંભળી તે વિચારવા લાગ્યો. "ભૂખ્યા વાનરને મધનું પાત્ર મળે અને કાગડાને દહીંની મટકી મળે અને તે પણ એકાંતમાં મળે, તો તેઓ તેને કેમ છોડે? માટે આ મ્હારી લાવણ્યરૂપી અમૃતથી ભરેલી સ્ત્રી પાસે રાજા આવી ગયો એટલે તે ગુપ્ત શીળ કેમ રહે!" એમ સંકલ્પ વિકલ્પ કરતો શેઠી તેણીને ત્યજી દેવાની ઇચ્છા કરવા લાગ્યો. એવામાં તો એ રોહિણીના કલંકને ઉતારવાને વરસાદ આવ્યો, તે સાત સાત દિવસ પર્યંત એવી રીતે મુસળધારાએ વરસ્યો કે, નદી સરોવર પ્રમુખ જળાશયો સર્વ ઉભરાઇ ગયાં. તે વખતે નદીએ પણ પોતાના તટને ઉલ્લંઘીને નગરના દ્વારને રોક્યાં. તે વખતે આખું નગર જળને વિષે ડૂબી જશે એમ લોક રાજાએ વિચાર્યું. "જો રોહિણી અહિં દ્વાર સુધી આવે તો તેણીના શીળના પ્રભાવથી પાણી ઉતરી જાય." એમ કહી રાજાએ તેણીને બોલાવીને કહ્યું. "હે બ્હેન! આ જળના પૂરને પાછું વાળ." એ સાંભળી સહસ્ત્ર મનુષ્યોની નજરે તેણીએ નગરના દરવાજા ઉપર ચઢીને નમસ્કાર મંત્ર ભણી હસ્તને વિષે જળ લઇને કહ્યું. "જો મેં આ ભવને વિષે શુદ્ધ શીળ પાળ્યું હોય તો આ જળનો ઉપદ્રવ વિરામ પામો." એ સતી એમ બોલી એટલે તુરત નદીનાં પાણી આગળ આવતાં બંધ થયાં! તે જોઈ નગર જનો હર્ષ પામીને બોલ્યા. "અહો!

ધન્ય છે એના શીળને! અને ધન્ય છે એના ધર્મને!" એમ પૃથિવી ઉપર ધ્વનિ થયો; ને આકાશને વિષે પણ દેવતાઓએ હર્ષના નાદ કર્યા કે, "આ મહાસતી રોહિણીનું અદ્ભૂત શીળવ્રત સર્વ જનોના ઉપસર્ગને હરનારૂં છે." તે વખતે રોહિણીના વચનથી બહુ લોકોએ જૈનધર્મ અંગીકાર કર્યો. રાજા બોલ્યો. "આ રોહિણીનું જેવું શીળ છે, તેવું ક્યાંય પણ દેખાતું નથી." એમ કહી તેણે પણ પોતાની પ્રિયાઓ સહિત તેણીની પાસે જૈનધર્મ અંગીકાર કર્યો. પછી રોહિણીએ સર્વ જિનમંદિરોમાં પૂજા વંદનાદિ મહોત્સવ કર્યા. ધનાવહ શેઠે પણ રોહિણી તપને વિષે શુદ્ધ ભાવ તથા શીળના માહાત્મ્યથી હર્ષ પામી જૈનધર્મ અંગીકાર કર્યો.

એકદા રોહિણી ગુરુ પાસે ધર્મ સાંભળવા ગઈ, ત્યાં ગુરુએ કહ્યું. "જે માણસ શુદ્ધ ભાવ સહિત રોહિણીનો તપ કરશે, તે સ્વર્ગ અને મોક્ષરૂપી સંપત્તિ મેળવશે." "રોહિણીનો તપ કેમ કરવો?" એમ પૂછવા ઉપરથી ગુરુએ કહ્યું. "વાસુપૂજ્ય સ્વામિની પ્રતિમાની આગળ રોહિણી નક્ષત્રને વિષે સાત વર્ષ અને સાત માસ પર્યંત ઉપવાસ કરવા અને તેનું ઉજમણું કરી એકાણું મોદક પ્રમુખ વસ્તુઓ પ્રભુ આગળ ધરવી. વળી તપશ્ચર્યા છે તે સકળ લક્ષ્મીનું વગર સાંકળનું બાંધવાનું સ્થાન છે અને દુરિત ભૂત પ્રેતાદિનો વગર અક્ષરનો મંત્ર છે. જેનાથી વિઘ્નની શ્રેણી નાશ પામે છે; દેવતાઓ દાસ થઇ રહે છે; કામ શાંત થાય છે; ઇંદ્રિઓ દમાય છે; કલ્યાણ આગળ આવે છે; મહા ઋદ્ધિ આવી મળે છે; કર્મના સમૂહનો નાશ થાય છે; તેમજ સ્વર્ગ અને મોક્ષ તો જેને લીધે સ્વાધીન થાય છે; એવું જે તપ, તે કેમ પ્રશંસાપાત્ર ન હોય?"

તે સાંભળી એ રોહિણીનું તપ શુદ્ધ રીતે આરાધીને રોહિણીએ મોક્ષ પ્રાપ્ત કરનારૂં પુન્ય ઉપાર્જન કર્યું. પ્રાંતે આયુઃ ક્ષયે તે પ્રથમ દેવલોકે ગઈ; ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પ્રાપ્ત કરી તે મુક્તિ પામશે, ઇતિ રોહિણીની કથા.

## રતિસુંદરી.

જે શુભ આશયવાળા પ્રાણીને પોતાનું શીળવ્રત ઉત્તમ રીતે પાળવાની ઇચ્છા હોય છે, તે રતિસુંદરીની પેઠે મોક્ષ પ્રાપ્ત કરે છે.

સાકેતપુર નગરને વિષે કેસરી રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો, તેને કમળસુંદરી નામની પત્ની હતી. તેમને રતિસુંદરી નામે પુત્રી થઇ. એ અનુક્રમે યૌવન અવસ્થા પામી. એકદા એ રતિસુંદરી સાધ્વીને વંદન કરવા ગઇ, ત્યાં સાધ્વીએ એને ધર્મોપદેશ આપ્યો. "નિધાન જેવા દુર્લભ મનુષ્ય ભવને પ્રાપ્ત કરીને બુદ્ધિમાન જનોએ ધર્મ ફળરૂપી રત્ન ગ્રહણ કરવું. જેમ રત્નથી પૂર્ણ એવો નિધાન પામીને પણ બાળક એક કોડીને વાંછે છે, તેમ મૂર્ખ જન મોક્ષ ફળ મૂકીને ભોગની ઇચ્છા કરે છે; માટે સમકિત ગ્રહણ કરવું. સંયમ લેવો અને નિર્મળ તપશ્ચર્યા કરીને ભવસમુદ્રનો અંત પામવો. અગ્નિથી પવિત્ર વસ્ત્રની પેઠે, જીવ તપરૂપી અગ્નિથી તપ્ત થઈ અને શીળરૂપી ઉજ્વળ જળથી ધોવાઇને કર્મરૂપી મળને ત્યજી દે છે. આ શરીર મળમૂત્રથી ભરેલું છે, તેનું ફળ તપ કરવો એજ છે; માટે હે રાજપુત્રી! તું યાવજ્જીવ જૈનધર્મનો અંગીકાર કર." સાધ્વીનો આવો ઉપદેશ સાંભળીને "બહુ સારૂ" એમ કહીને રતિસુંદરી બોલી. "હું વ્રત લેવાને સમર્થ નથી, માટે તમે મને સંસાર સમુદ્રમાં પ્રવહણ સમાન તારનારો એવો ગૃહસ્થને ઉચિત ધર્મ આપો." એટલે પ્રવર્તિનીએ કહ્યું. "ત્યારે તું સમકિત અંગીકાર કર અને શુદ્ધ શીળ પાળ. પોતે પાપ થકી નિવર્તવું અને પરને નિવર્તાવવું, એ પ્ર

ભાવે (પોતાના સ્વામિ સિવાય) અન્ય પુરુષને વર્જવારૂપ શીળવ્રત પાળજે. શીળવ્રત પાળવાથી
ચંદ્રમા સૂર્ય રહે ત્યાં સુધી પૃથ્વી ઉપર કીર્તિ રહે છે; શીળ થકી કલ્યાણ થાય છે અને
શીળ થકી મુક્તિ પમાય છે. જેમ મેઘથી લતાના અંકૂર ઉત્પન્ન થાય છે, તેમ એ શીળ
વ્રતના પ્રભાવથી કુલાંગનાના સર્વ મનોરથ આ ભવને વિષે સિદ્ધ થાય છે. વળી એ શી
ળવ્રત આ સંસારને વિષે રહેલા દુઃખ દુર્ગતિ આદિ પર્વતોને વજ્ર આયુધની પેઠે તોડી
નાંખીને પરંપરાએ કરીને મોક્ષ આપવાવાળું થાય છે." ગુરુણીએ કહેલો એ ધર્મ સાંભ
ળીને રતિસુંદરીએ સમ્યકત્વ અને શીળવ્રત આદિ અંગીકાર કર્યાં.

આ વખતે નંદન નગરના રાજા ચંદ્ર ભૂપતિએ પોતાના કાર્યને અર્થે સાકેતપુર દૂત
મોકલ્યો હતો, તે ત્યાંથી પાછો તેને નગરે ગયો. ત્યાં જઈને પોતાના રાજાને દેશ સ્વરૂપ આ
દિ કહ્યા પછી, તેણે રતિસુંદરીની રૂપ સંપત્તિની પ્રશંસા કરી; તે ઉપરથી તે ચંદ્ર નરેશ્વર
તેણીને વરવાને ઇચ્છાતુર થયો; એટલે પોતાના દૂતને નરકેસરી રાજા પાસે મોકલ્યો, ને રતિ
સુંદરીનું માગું કર્યું; ને સાથે કહેવરાવ્યું કે, "આપણે પરસ્પર પ્રીતિ છે, ને તે વળી જો
તમે રતિસુંદરીને આપશો, તો અધિક થશે. કહ્યું છે કે-ઉત્તમ જનની સાથે સંગતિ, પંડિત પુરુ
ષની સંગાથે વાતચિત અને નિર્લોભી પુરુષની સાથે મૈત્રી એ ત્રણ રાખનારો માણસ કદાપિ
દુઃખી થતો નથી. સજ્જનોની મૈત્રી, દિવસના પહેલા બે પહોરના જેવી પહેલાં વધતી અને
પાછળથી ક્ષય પામતી છાયા જેવી નહીં હોતાં પાછલા બે પહોરના જેવી પહેલેથી થોડી અને
પાછળથી વૃદ્ધિ પામતી છાયા જેવી છે." તે ઉપરથી સાકેતપુરના અધિપતિએ આ સંબં
ધને યોગ્ય જાણી, જેમ દક્ષ રાજાએ રોહિણીને ચંદ્રમાને આપી હતી, તેમ પોતાની રતિસુંદરીને
ચંદ્ર રાજાને દીધી. પછી તેણે શુભ દિવસે મહા ઋદ્ધિ સહિત તેણીને નંદપુર મોકલી અને
લક્ષ્મી જેમ પોતે જઈને શ્રીકૃષ્ણને વરી હતી, તે પ્રમાણે એ તેને વરી. ત્યાં તેમનો શુભમુહૂર્તે
મહોત્સવ પૂર્વક વિવાહ થયો. લોકો રતિસુંદરીનું સૌંદર્ય જોઇને કહેવા લાગ્યા. "અહો! આ
તે શું દેવી હશે? કે વિદ્યાધરી? કે પાતાળકન્યા હશે?" પછી જ્યોત્સ્નાથી જેમ ચંદ્રમા,
તેમ આ રતિસુંદરીથી અલંકૃત થયેલો ચંદ્રનરેશ્વર સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામ્યો.

એકદા કુરુપતિ બળવાન્ રાજા મહેન્દ્રસિંહે ચંદ્રનરેશ્વરને દૂત સાથે કહેવરાવ્યું કે, "હે
દેવ! જેમ પદ્મ અને સૂર્યને તથા ચંદ્ર અને સમુદ્રને પ્રીતિ છે, તેમ આપણે પણ કુળક્રમા
ગત પ્રીતિ છે, તે લોપવી જોઇએ નહીં. તેમજ કુળને ઉદ્યોત કરનારા પુત્રો કહેવાય કે
જેઓ સત્ત્વવાળા થઇને મહિમાના સ્થાનરૂપ પૂર્વજોએ કરેલા સંબંધને લોપતા નથી. સત્
પુરુષોએ સજ્જનતા ત્યજવી જોઇએ નહીં; માટે આપણી પ્રીતિની વૃદ્ધિને અર્થે નવી પ
રણેલી રતિસુંદરીને અમારી તરફ ભેટ તરીકે મોકલો."

એ સાંભળીને ચંદ્રનરેશ્વર જરા હાસ્ય કરીને બોલ્યો. "જ્યોત્સ્ના જેમ ચંદ્રમાને પ્રિય
છે, તેમ સ્વજન કોને પ્રિય ન હોય! દાક્ષિણ્ય, પ્રિયભાષણ, ગુણશીલ, વિનય ને દાન એ સ
જ્જનોના ગુણ છે; પરંતુ હે દૂત! ત્હારા રાજાએ કહેવરાવ્યું છે તે સારું નથી. કારણ કે, મહા
ન કુળપતિઓ પણ પોતાની મર્યાદા ત્યજતા નથી, ને ત્હારો રાજા તો મર્યાદા ત્યજીને મ્હારી
સ્ત્રીને માગે છે, તો શું કોઇ નીચ માણસ પણ પોતાની સ્ત્રી કોઇને આપી આવે છે?" દૂતે
કહ્યું. "હે રાજન્! તમે એમ ન બોલો. સમુદ્ર મર્યાદા મૂકે તેને કોણ રોકી શકે? એ સમુ
દ્ર જ્યારે ક્ષોભ પામે, ત્યારે પાળ બાંધવા કોણ સમર્થ થાય? અમારો રાજા અતિ બળવાન
છે, તેની સેનાના ભારથી તો પૃથ્વી પણ કંપે છે; માટે તમારે સમતાથી નરમાશથી બોલવું."
તે સાંભળી ચંદ્રરાજા રોષે ભરાઇને કહેવા લાગ્યો. "હે દૂત! મ્હારી સ્ત્રીની ઇચ્છા કરનારા ત્હા
રા રાજાને નરકને વિષે જવું પડશે. ભાગ્યહીન થયેલો એ એમ કેમ બોલે છે! કોઇને પોતાની

સ્ત્રીને પારકે ઘેર કદાપિ મોકલી છે? નાગ જીવતો હોય ત્યાં સુધી તેનો મણિ કોણ ગ્રહણ કરે?" દૂતે કહ્યું. "હે રાજન્! ગમે તે પ્રકારે આત્માનું રક્ષણ કરવું એમ નીતિ કહેલી છે. જીવતો નર ભદ્રા પામે છે; મૃત્યુ પામેલાને કંઈ મળતું નથી. વળી કુળની રક્ષાને અર્થે એકનો ત્યાગ કરવો; ગામની રક્ષાને અર્થે કુળનો ત્યાગ કરવો; દેશની રક્ષાને અર્થે ગામનો ત્યાગ કરવો અને આત્માને અર્થે પૃથિવીનો પણ ત્યાગ કરવો." દૂતે આવું કહ્યું. તેથી તેને સભામાંથી બહાર કાઢી મૂક્યો. તેણે જઇને પોતાના સ્વામિને ચંદ્ર રાજાનું ચેષ્ટિત કહી બતાવ્યું; તેથી ક્રોધાયમાન થઇને મહેંદ્ર નરેશ્વર પોતાનું સૈન્ય સજ્જ કરીને ચાલ્યો. તેને સમુદ્ર સમાન સૈન્ય સહિત આવતો સાંભળીને ચંદ્રરાજા યુદ્ધ કરવાને સજ્જ થયો, ને સન્મુખ આવ્યો. અનુક્રમે બન્ને રાજાઓ વચ્ચે ખડ્ગાખડ્ગી અને બાહુબાહુથી યુદ્ધ થયું; તેમાં મહેંદ્રસિંહે ચંદ્રભૂપતિને જીવતો પકડી બાંધ્યો. પછી તેની સેના નાસી જવા લાગી અને વિજયી એવા મહેંદ્રસિંહ રાજાએ, સિંહ મૃગલીને પકડે, તેમ રતિસુંદરીને હસ્તગત કરી. પછી ચંદ્રને છોડી મૂકી રતિસુંદરીને લઇ તે સંતુષ્ટ થઇ પોતાને નગરે ગયો. ત્યાં જઇ મહેંદ્રસિંહે તેણીને કહ્યું. "હે ભદ્રે! મેં આ બધો યુદ્ધનો આરંભ ત્હારે અર્થે કરેલો છે. ભાગ્યે મ્હારૂં વાંછિત પૂર્ણ થયું છે; માટે હવે મ્હારી પ્રિયા થઇને ત્હારા જન્મને સફળ કર." એ સાંભળી રતિસુંદરીએ વિચાર્યું. "ધિક્કાર છે મ્હારા રૂપને! તેનાથીજ મ્હારા સ્વામીની આ દશા થઇ છે. એ દુરાચારી કામી રાજા જુગારીની પેઠે ઉત્સુક છે; મ્હારૂં ચિત્ત વિચારતો નથી. મ્હારાં આવાં અકિંચિતને ધિક્કાર છે! પણ મ્હારે હવે મ્હારૂં શીળ કેવી રીતે સાચવવું! કસાઈની દુકાને બાંધેલા બોકડાના જીવિત જેવું આપણું જીવિત છે. (તે જીવિતનો અંત આવવો એજ શ્રેયસ્કર છે). પરંતુ નીતિ શાસ્ત્રનું વચન એવું છે કે, પ્રાણ સંકટ સમયે કાળનો વિલંબ થાય એજ શ્રેયસ્કર છે" એમ વિચારી તે તેની સાથે ધીમે ધીમે બોલવા લાગી અને ગાઢ અનુરાગ બતાવવા લાગી. તેણીએ રાજાને કહ્યું. "હે નરકુંજર! જો તમે મ્હારી પ્રાર્થના નિષ્ફળ ન કરો તો, હું તમારી પાસે કંઇ માગું." રાજા બોલ્યો. "હે રંભોરૂ! એ પ્રાર્થનાનું વચન શું છે? ત્હારે અર્થે વાપરવામાં આવતા મ્હારા પ્રાણને પણ હું તૃણ સમાન ગણું છું. હે સુભ્રુ! જેણે પોતાનું શીર આપ્યું છે, એને હવે પોતાની વસ્તુ ક્યાં આપવી રહી છે? માટે ગમે તેવું દુર્લભ હોય તો તે પણ માગ. હું ત્હારી માગણી કબૂલ રાખીશ." તે ઉપરથી રતિસુંદરી બોલી. "હમણાં આપણે માત્ર શબ્દોથીજ બોલી ને રહેવું, ચાર માસ પર્યંત તમારે મ્હારૂં બ્રહ્મચર્ય ભંગ કરવું નહીં." એ સાંભળી રાજા બોલ્યો. "જો કે તે મને રૂચતું નથી, તોપણ તેં કહ્યું તે ભલે તેમ થાઓ."

ત્યાર પછી રતિસુંદરી આંબિલ આદિનો તપ કરવા લાગી, શરીર ઉપરથી પોતાનાં સર્વે આભૂષણો ત્યજી દીધાં, ને દિવસે દિવસે વધારે દુર્બળ થવા લાગી. એનાં અંગ દુર્બળ થઇ ગએલાં જોઇ એકદા રાજાએ કહ્યું. "હે હરિણાક્ષી! ત્હારી આ શી અવસ્થા થઇ? તને કોઇ રોગ થયો છે?" રતિસુંદરીએ કહ્યું. "મને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. મ્હારે ચાર માસ સુધી આંબિલનો તીવ્ર તપ કરવો છે. એ તપ મ્હારૂં વ્રત ભંગ કરશો તો, તમારે અને મ્હારે નરકને વિષે જવું પડશે." રાજાએ પૂછ્યું. "ત્હારા વૈરાગ્યનો શો હેતુ છે? કે આવા ભોગને યોગ્ય એવા ત્હારા શરીરને તું પુષ્પમાળાની પેઠે તપરૂપી અગ્નિને વિષે હોમી દે છે?" પતિવ્રતા રતિસુંદરી બોલી. "આ દેહ નિંદનિક છે; આ અશુચિ નવ દ્વારો એના નવ દ્વારને વિષે રૂધિર, માંસ, મેદ, અસ્થિ, વિષ્ઠા, મૂત્રાદિ અશુચિ ભરેલી છે; એને ફરી ફરી સ્નાન વિલેપન ધૂપ આદિથી ગમે તેવું સુધારો, તોપણ એ પોતાની દુર્ગંધ મૂકતું નથી. એ શરીરને અંતર કે બહાર જો જો કોઇ આપવામાં આવે છે, તે તે ખળ પુરૂષના ઉપકાર સમાન નિષ્ફળ

પામે થાય છે. એવું એ દેખાવમાં મનોહર પણ અશુચિના નિધાનરૂપ શરીર કોને વૈરાગ્ય ન પમાડે! મારે નય વિના આત્મા શુદ્ધિ પામતો નથી." રાજાએ કહ્યું. "હમણાં તું ત્યાગી તપશ્ચર્યા સેવન કર." પછી નય પૂર્ણ થયો એટલે રાજાએ કહ્યું. "હવે મ્હારો મનોરથ પણ પૂર્ણ કર." રતિસુંદરીએ કહ્યું. "આજ તો મ્હારે પારણું છે." એ પછી તેણીએ શાસનદેવીનું સ્મરણ કરીને તેણીને કહ્યું. "હે દેવી! એવું કરો કે જેથી મ્હારું શીલ અખંડ રહે." એ સાંભળી શાસનદેવીએ તેણીનું એવું કુત્સિત રૂપ કર્યું કે, રાજા તેણીને જોતાં કોઢ આદિ વ્યાધિથી ભરેલી જોઈ વિચારવા લાગ્યો. "અહો! આ દેહ તો અશુચિથી ભરેલો છે, મેં વૃથા પારકી સ્ત્રીનું હરણ કર્યું." એમ કહી તેણે ચંદ્રભૂપતિને પાછી આપી. ત્યાં તેના શીલ પ્રભાવથી તે ફરી દીવ્ય રૂપવાળી થઈ. રાજાને ને તેને પરસ્પર પ્રીતિ થઈ; ને દેવીએ સાન્નિધ્ય કરેલું તેણીનું શીલવ્રત તેણે વખાણ્યું.

અનુક્રમે એ રતિસુંદરી આયુઃ ક્ષયે મૃત્યુ પામી સ્વર્ગે ગઈ. ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી અંતે મોક્ષે જશે. ઇતિ રતિસુંદરીની કથા.

## શ્રીમતી.

શ્રીમતીની પેઠે પોતાના શીલ ઉપર નિરંતર પ્રીતિ રાખનાર જનોના જશ, સ્વર્ગને વિષે દેવાંગનાઓ પણ ગાય છે.

રાજપુરી નગરીને વિષે જયરથ રાજા રાજ્ય કરતો હતો, ત્યાં ધનદત્ત નામે શ્રેષ્ઠી વસતો હતો, તેને ધનશ્રી નામે સ્ત્રી હતી. એ ધનશ્રીએ અનુક્રમે સાત પુત્રને જન્મ આપ્યો. પછી પુત્રીની વાંછા થવાથી તેણીને એક પુત્રી પણ થઈ. તેણીનો જન્મોત્સવ કરીને શ્રીમતી નામ પાડ્યું.

એકદા એક શત્રુમર્દન નામના પલ્લીપતિએ એ નગરીને હસ્તગત કરીને લૂંટી. તે વખતે નગરવાસી જનો જીવ લઈને નાઠા. આવો ત્રાસ ઉત્પન્ન થયે છતે શ્રીમતીની ધાવમાતા શ્રીમતીને તેના પાલણા સહિત લઈ ભય પામી વનને વિષે જતી રહી; ત્યાં તેણીએ એક ફલકુસુમમય વડના વૃક્ષની શાખાએ તે પાલણું બાંધ્યું. પછી પોતે ક્ષુધાતુર થવાથી જળને માટે અરણ્યમાં ભમવા લાગી. એવામાં રત્નપુરના રત્નશેખર રાજાનો જિનદત્તનામે શેઠ દેશાંતરથી બહુ દ્રવ્ય ઉપાર્જન કરી પાછો આવતાં એજ વનમાં પેલા વડના વૃક્ષની પાસે આવ્યો. તેના સેવકો વનમાં ભમવા લાગ્યા, તો તેમની દૃષ્ટિ વૃક્ષની શાખાએ બાંધેલા પાલણા ઉપર પડી. કાગ પ્રમુખ પક્ષીઓ તે પાલણું હીંચકાવતા હતા. વનલક્ષ્મી જાણે પક્ષીનારૂપે આવીને એ પાલણામાં રહેલી બાળાને હુલરામણાં ગાતી હતી કે, "હે પુત્રી! હારા પિતાના પક્ષમાં ઘણા જણા છે; તું રોઈશ નહીં." આ પ્રમાણે પક્ષીઓ પ્રપંચયુક્ત આલાપ તે બાળિકાને દેતા હતા. તે સાંભળી તેમણે એ જિનદત્ત શેઠને નિવેદન કર્યું. એ ઉપરથી એ પોતાના નવે પુત્રો સહિત ત્યાં આવ્યો, તો એ બાળિકાની એવી અવસ્થા જોઈ તે વિચારવા લાગ્યો. "અહો! એક યુવતી જેવું જેનું લાવણ્ય છે, એવી આ બાળિકાને કોઈ સ્વેચ્છાચારી શત્રુ આ મનુષ્ય વિનાના વનને વિષે હરી લાવ્યો છે! તો ગુણરૂપી પુષ્પથી અભિવાસિત એવા મ્હારા નવ પુત્રો ઉપર આ એક દશમી પુત્રી મને વનદેવીએ આપી." એમ વિચારી તે બાળિકાને લઈ પોતાની સ્ત્રી પ્રત્યે આપી તેણે કહ્યું. "તને હારા નવ પુત્રો ઉપર આ દશમી મંગળમયી પુત્રી વનદેવીએ આપી છે. માટે હારે તેણીનું વિશેષ પ્રકારે પાલન કરવું." ધાત્રીઓથી તેણીનું લાલન પાલન કરાવતો જિનદત્ત શેઠ પછી પોતાના રત્નપુર નગરે ગયો. ત્યાં વૃદ્ધિ પામતી એ બાળા પોતાના અમૂલ્ય ગુણોને લીધે સૌંદર્યવાન થઈ પડી.

એકદા એ શ્રીમતી રણત્કાર શબ્દ કરતા નૂપુરોવડે આકાશને ભરી મૂકતી સખીઓ સહિત ક્રીડા કરતી હતી, તેવામાં ત્યાં થઇને જતા રાજાએ તેણીને જોઇ; એટલે તે પોતાનો અશ્વ પાછો વાળીને જિનદત્ત શેઠના દ્વાર પાસે આવ્યો. રાજાને આવતા જોઈ શેઠે સન્મુખ જઇ પ્રણામ કર્યા, ને બેસવાને આસન આપ્યું. પછી રાજાએ પૂછ્યું. "હે શેઠ ! રૂપ લાવણ્યમાં સુરસુંદરીને પણ જીતનારી આ બાળા કોણ છે ?" શેઠે ઉત્તર આપ્યો. "એ બાળા મને વનને વિષેથી હાથ આવી છે, ત્યારથી મેં એને પુત્રી કરીને રાખી છે, પણ એ મ્હારા પુત્રોને મંગળ કરવાવાળી છે; એનો વિયોગ હું ક્ષણવાર પણ સહન કરી શકતો નથી." રાજાએ કહ્યું. "મ્હારે પણ સો પુત્ર છે, તેમની પણ એ મંગળ કરનારી થાઓ." એમ રાજા અને શેઠ બન્નેની પુત્રી એવી એ અદ્ભુત દર્શનવાળી બાળા વયે વૃદ્ધિ પામવા લાગી.

અનુક્રમે તેણીને વિવાહ યોગ્ય જાણીને સુમતિ શેઠના પુત્ર મદન વેરે પરણાવવામાં આવી. તેની બિરુદાવળી સાંભળવા ત્યાં અનેક જન આવવા લાગ્યા. શેઠે બહુ ધનનો વ્યય કર્યો. પછી તેણે રાજાને કહ્યું. "આપનું અંતઃપુર મ્હારી પુત્રીને જોવા માટે અહિં આવે છે, પણ તેમની યોગ્ય ભક્તિ આજ થશે નહીં; માટે મ્હારી પુત્રીને મળવા આવતી કાલે મ્હારે ઘેર આવજો." પછી રાજાએ સર્વ જનને ત્યાં જતાં અટકાવ્યા.

એકદા "સારાં આભૂષણવાળી" એવું શ્રીમતીનું બિરુદ સાંભળીને સુમતિ શેઠ રાત્રીને વિષે ઉઠીને તેણીની મંજૂષા ઉઘાડી તેમાંથી તેણીનાં આભૂષણ લઇને નગરની બહાર એક દ્રહને વિષે મૂકી આવ્યો, ને પાછો સૂઇ રહ્યો. પ્રભાતે શ્રીમતી ઉઠીને જૂએ છે તો પેટી આભૂષણ વિના ખાલી દીઠી. એવામાં એક માચ્છી આવીને રાજાને આભૂષણો આપી કહેવા લાગ્યો. "મેં એક મત્સ્યને વિદાર્યો, તેમાંથી આ આભૂષણો નીકળ્યાં છે." 'આ સુમતિ શેઠે પરીક્ષા કરવાને કાર્ય કરેલું છે ' એ રાજા જાણી ગયો, તેથી તે બોલ્યો. "તું વૃથા એની પરીક્ષા કરે છે, જે દૈવે કહ્યું છે તે કદાપિ અન્યથા થાય? કહ્યું છે કે- દિવસની વીજળી, રાત્રીનું ગર્જિત, નારી અથવા બાળકનું બોલવું અને દેવનાં દર્શન એ કદિ નિષ્ફળ હોય નહીં."

એકદા મદનને હણવા માટે કેટલાએક સુભટ આવ્યા, પણ દૈવયોગે મદનને બદલે બીજો મરાઇ ગયો. એક વાર મદન સમુદ્ર રસ્તે જતો હતો, ત્યાં વહાણ ભાગ્યું; પણ મદનના હાથમાં એક પાટીયું આવી જવાથી તે પોતાને નગરે પાછો આવ્યો.

શ્રીમતીને અનુક્રમે બહુ પુત્રો થયા, તેમાંથી એક પણ મૃત્યુ પામ્યો નહોતો. એવામાં તેણીની માતા ધનશ્રી પણ તેણીને મળવા આવી ગઇ.

એકદા ચાર જ્ઞાનના નિધાનરૂપ એવા ગુરુ ત્યાં આવ્યા. સુમતિ શેઠ વિગેરે સર્વને લઇ પરિવાર સહિત રાજા તેમને વંદન કરવા ગયો; ત્યાં ધર્મોપદેશ સાંભળી છેવટે ગુરુને પૂછ્યું. "આ શ્રીમતીએ પૂર્વ ભવને વિષે શું સુકૃત કર્યું હતું ?" ગુરુએ કહ્યું. "ગર્જન નામના ગામને વિષે જ્વલન નામનો એક દરિદ્રી દ્વિજ રહેતો હતો, તેની રેવતી નામે સ્ત્રીને અનુક્રમે આઠ પુત્રીઓ થઇ. તે આઠેને તેણે મહા દુઃખે કરીને પરણાવી. વળી પણ એક અનામિકા નામે નવમી થઇ, તે તો બિલકૂલ આદર રહિત છતાં પણ અરણ્યની લતાની પેઠે વધીને વયે પહોંચી; એટલે તેણીને પણ એક માણવક નામના ભિક્ષુક સાથે પરણાવી. તેણીને પરણીને તે માણવક પૃથિવી ઉપર ભમી આવી પાછો પોતાને ગામ આવ્યો. આવીને માતાને નમ્યો, તેની વહુ પણ સાસુને નમી, સાસુએ વહુની આશીર્વાદ પૂર્વક સંભાવના કરી. અનુક્રમે સાસુ રોગ થવાથી મૃત્યુ પામી, તેણીનું મૃત કાર્ય કર્યું તેથી સર્વ ધન ગયું; એટલે માણવક પોતાની સ્ત્રી સહિત એક વનની ઝૂંપડીમાં રહેવા લાગ્યો.

એકદા એ દ્વિજપત્ની અનામિકા, વિમળશ્રી નામે પ્રવર્તિનીની પાસે ગઇ, ત્યાં સાધ્વી એ તપ વિષય ઉપર ઉપદેશ આપ્યો. "મુનિઓ પોરશી, ઉપવાસ અને છઠ્ઠના તપ કરી ને જે કર્મને ખપાવે છે, તે કર્મને નારકીના જીવો હજારો લાખો વર્ષે કરીને પણ ખપાવી શકતા નથી. વળી જે દૂર છે, દુઃખે સાધી શકાય એવું છે અને જે દૂર રહેલું છે, તે સર્વે તપથી મેળવી શકાય છે; માટે તપ સર્વોત્કૃષ્ટ છે. વળી જે માણસ અદુઃખદર્શીની નામનો તપ કરે છે, તેનાં સર્વ દુઃખ નાશ પામે છે. એ તપનું સ્વરૂપ આ પ્રમાણે છે:—ઉદ્યાપનને વિષે એક રૂપાનું પાલણું કરાવવું તથા સુવર્ણની પૂતળી કરાવવી અને તેની આગળ સાકર તથા સ્થૂલ મોદકનો ભરેલો એક થાળ મૂકવો. તે સર્વ આહાર સાધુને આપવો."

આ સાંભળીને તે દ્વિજપત્નીએ તપ તથા ઉદ્યાપન બન્ને અનુક્રમે કર્યાં. પછી આયુઃ ક્ષયે ત્યાંથી મૃત્યુ પામીને તે આ શ્રીમતી થઇ. વળી અનુક્રમે એ ભવાંતરે મુક્તિ પણ પામશે."

આ સાંભળીને શ્રીમતીને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પોતાનો પૂર્વ ભવ સ્મરણમાં આવવાથી તે વિશેષ પ્રકારે તપશ્ચર્યા કરવા લાગી; ઉદ્યાપન પણ કર્યું. પછી એજ ભવને વિષે સંયમ લઇ આયુઃ ક્ષયે મૃત્યુ પામી દેવલોકે ગઇ. ત્યાંથી ચ્યવી તે રાજપુત્રી થઇ. ત્યાં પણ વૈરાગ્યને લીધે દીક્ષા લઇ પુન્ય પાપનું ફળ ભોગવી કર્મ ક્ષય કરી મુક્તિ પામી. ઇતિ શ્રીમતિની કથા.

---

( ઉપજાતિ વૃત્તમ્. )

श्रीचंद्रगच्छांबरभूपकोऽभूत्, तपोगणो भानुरिवेद्धदीप्तिः ॥
प्रबोधयन् भव्यजनांबुजानि, स्वगोविलासैरिव साधुवर्गैः ॥ १ ॥

શ્રી ચંદ્રગચ્છરૂપ આકાશને શોભાવનારો, ઝળકતા પ્રકાશવાળો અને પોતાના કિરણના વિલાસ સમાન સાધુવર્ગથી ભવ્ય જીવરૂપ કમળોને વિકસિત કરનાર સૂર્ય સમાન તપાગચ્છ પૂર્વકાળે થયો. (૧)

(આર્યાવૃત્તમ્.)

तत्राभूवन् वरगुण—गणमणिरोहणमहीधरमाविभाः ॥
परमगुरुसोमसुंदर—गुरवः संयमरमापतयः ॥ २ ॥

તે ગચ્છને વિષે શ્રેષ્ઠ ગુણના સમૂહરૂપ મણિઓના રોહણાચળ પર્વત સમાન અને સંયમરૂપ લક્ષ્મીના પતિ એવા પરમ ગુરુ સોમસુંદર નામે આચાર્ય થયા છે. (૨)

तच्छिष्या मुनिसुंदर—गुरवो जयचंद्रसूरयोऽभूवन् ॥
पारगतागमजलनिधि—पारगता रुचिरगुणनिलयाः ॥ ३ ॥

તેમના શિષ્ય મુનિસુંદર ગુરુ અને તેમના શિષ્ય કેવળિભાષિત આગમરૂપ સમુદ્રનો પાર પામેલા તથા ઘણા મનોહર ગુણના નિવાસ સ્થાનરૂપ જયચંદ્રસૂરિ થયા. (૩)

तच्छिष्या विजयंते, दधतः श्रीसूरिमंत्रमहिमभरम् ॥
श्रीमुनिरत्नशेखर—गुरव उदयनंदिसूरिवराः ॥ ४ ॥

તેમના શિષ્ય, શ્રી સૂરિમંત્રના મહિમાને ધારણ કરનારા તથા ઉદયનંદિ આચાર્યના નામથી પ્રસિદ્ધ શ્રી રત્નશેખર ગુરુ જયવંતા વર્તે છે. (૪)

(અનુષ્ટુપ્ વૃત્તમ્.)

लक्ष्मीसागर सूरीश—सोमदेवाह्वसूरयः ॥
जयंतु जगद्विद्या—वार्द्धिमंथनमंदराः ॥ ५ ॥

બુદ્ધિરૂપ સમુદ્રને મથન કરવાને મેરુપર્વત સમાન એવા લક્ષ્મીસાગર અને સોમદેવ નામના આચાર્યો વિજયવંતા વર્તે છે. (૫)

(વસંતતિલકા વૃત્તમ્.)

श्रीमन्मुनीशमुनिसुंदरसूरिराज—शिष्या मनीषि शुभशील इति प्रमुख्याः ॥
एतां कथां विततुते स्म नवाब्धिबाण—चंद्रप्रमाणसमये किलविक्रमार्कात् ॥६॥

શ્રીમાન્ મુનીશ્વર મુનિસુંદરસૂરિ રાજના શિષ્ય અને પંડિત પુરુષોમાં મુખ્ય એવા શુભશીલ મુનિએ વિક્રમ સંવત ૧૫૦૯ ની સાલમાં આ (ભરતેશ્વર બાહુબલિ વિગેરેની) કથાઓ રચી છે. (૬)

(આર્યાવૃત્તમ્.)

भरतेश्वरबाहुबलि—वृत्तिः शुभशीलविबुधरचितेयम् ॥
शोध्या सुबुद्धिमद्भिः, विबुधैः कृपापरायणकैः ॥ ७ ॥

એ શુભશીલ પંડિતે રચેલી આ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિને ઉત્તમ બુદ્ધિવંત વિદ્વાનોએ અનુગ્રહ કરવાપૂર્વક સુધારી લેવી. (૭)

(અનુષ્ટુપ્ વૃત્તમ્.)

अनाभोगादिना किंचि—दस्योत्सूत्ररोपणम् ॥
चक्रे यदस्तु मे मिथ्या—तदोऽर्हदादिमाक्षिकम् ॥ ८ ॥

આ ગ્રંથની રચના કરતાં અનુપયોગ વિગેરેથી જે કાંઇ ઉત્સૂત્ર પ્રરૂપણા થઇ હોય, તે મ્હારું દુષ્કૃત અરિહંત પ્રભુની સાક્ષીએ મિથ્યા થાઓ. (૮)

॥ इति श्रीमत्तपागच्छाधिराजश्रीमुनिसुंदरसूरिशिष्यपंडित श्रीशुभशीलगणि विरचिते भरतेश्वरबाहुबलिवृत्तिनाम्नि कथाकोषे द्वितियो महासन्यधिकारः समाप्तः ॥

સમાપ્તમ્.

# નવાં પુસ્તકો છપાયેલાં તૈયાર છે.

શ્રી.

## વર્દ્ધમાન દેશના ભાષાન્તર.

કીમત રૂ. ૨—૦—૦ ટપાલ ખર્ચ ચાર આના.

આ પુસ્તકમાં આણંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકોલીક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપ્રિય અને તેતલીપ્રિય એ રીતે દશ શ્રાવકોનાં ચરિત્ર તથા બાર વ્રતનું સ્વરૂપ, આલોચના અને અતિચાર તથા બારવ્રત ઉપર અદ્ભૂત અને ચમત્કારી કથાઓ અને અગીઆર પડિમાનું સ્વરૂપ તથા બીજી કેટલીક કથાઓ વિગેરે જે ધર્મદેશના શ્રીમહાવીર પ્રભુએ દીધેલી અને શ્રીસુધર્માસ્વામીએ જંબુસ્વામીને કહેલી તેનો સમાવેશ કરવામાં આવેલો છે.

આ બુક સારા ઊંચા કાગળ ઉપર છાપી સુંદર પાકા પુંઠાથી બંધાવી એમ્બોસીન અને સોનેરી કરાવી સુશોભિત કરવામાં આવી છે.

## શ્રી ગુણવર્મા ચરિત્ર.

(મૂળ અને ભાષાંન્તર સહિત.)

કીમત રૂ. ૧—૮—૦ ટપાલ ખર્ચ ત્રણ આના.

આ ચરિત્ર શ્રી અંચળગચ્છના માણિક્યસૂરિએ શ્રી સત્તરભેદી પૂજાના પ્રભાવ ઉપર વિક્રમ સંવત ૧૪૮૪ માં સંસ્કૃત ભાષામાં રચેલું છે. આ ચરિત્ર ઘણુંજ રસિક અને આ સરકારી હોવાથી અમે તેનું ભાષાંન્તર કરાવી શાસ્ત્રી અક્ષરથી પાનાના આકારે છપાવેલું છે.

## પંચ પ્રતિક્રમણ સૂત્ર.

કીમત રૂ. ૦—૬—૦ ટપાલ ખર્ચ એક આનો.

આ પુસ્તકના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં પંચપ્રતિક્રમણ સૂત્ર તથા બાર પચ્ચખાણ તથા દશ જાતની વીધિ અને નવ સ્મરણ, બીજા ભાગમાં નવતત્વ, ચોવીસ દંડક અને આઠ કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓ અને ત્રીજા ભાગમાં પુન્ય પ્રકાશનું સ્તવન, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો અને ગહુંલીઓ વિગેરે દાખલ કરેલું છે. પાકા પુંઠાથી બંધાએલ છે.

## મુનીપતિ ચરિત્ર ભાષાંન્તર.

કીમત રૂ. ૦—૪—૦ ટપાલ ખર્ચ એક આનો.

આ પુસ્તકમાં અનેક બોધમય ને વૈરાગી તેમજ સંસારને અસારતા જણાવનારી ઉપદેશક કથાઓ ભાષાંતર કરાવી છપાવેલ છે.

## જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો.

કીમત રૂ. ૧—૦—૦ ટપાલ ખર્ચ બે આના.

આ ગ્રંથની અંદર હરિબળ મચ્છીની, સુમિત્રધાડની, અભયકુમારની, કાનકઠિયારાની, અંબિકાની, એક વાણિયાની, કામલક્ષ્મીની, મૂમાંકલેખાની, સુભદ્રાની, કલાવતીની, મૂળાપુત્રની, અઈમત્તા કુંવરની, ભદ્રસિંહ મહિપાળની, ઇત્યાદિ મ્હોટી મ્હોટી તેર કથાઓ

વિસ્તારયુક્ત બોધ સહિત આનંદદાયક આવેલી છે. આ પુસ્તક દરેક જૈનધર્મી ભાઇઓને અવશ્ય ખરીદ કરવા લાયક છે.

## જૈન કથા સંગ્રહ ભાગ ૨ જો.

કીંમત રૂ. ૧—૦—૦ ટપાલ ખર્ચ બે આના.

આ ગ્રંથમાં ૧ ઋષભદેવ શેઠની કથા, ૨ આરામ નંદનની કથા, ૩ કમળસેનની કથા, ૪ કમળશેઠની કથા, ૫ સિદ્ધદત્ત અને કપિલની કથા, ૬ યશોમતિની કથા, ૭ ગજ સિંહ કુમારની કથા, ૮ શિલવતીની કથા, ૯ રત્નશેખરની કથા, ૧૦ એલાચી કુમારની કથા. એ રીતે મ્હોટી મ્હોટી દશ કથાઓ ઘણુજ બોધ અને વિસ્તાર યુક્ત દ્રષ્ટાંતો સાથે આવેલી છે.

## નેમનાથ સ્વામીનું ચરિત્ર.

### (નવભવના વર્ણન સાથે તથા રાજેમતિના નવ ભવનો સંબંધ)

કિંમત ચાર આના. ટપાલ ખરચ એક આનો.

આ ચરિત્રમાં પ્રથમ શ્રી નેમનાથના તથા રાજેમતિના આઠ ભવનું ચરિત્ર, નવમા ભવનો જન્મ મ્હોચ્છવ, બાળલિલા, નેમનાથ અને રાજેમતીના પાણીગ્રહણ વખતે પશુ ડાંએ પોકાર કરવાથી નેમનાથ તોરણથી પાછા વળ્યા તે વખતે તેમનાં માતપિતાએ તથા બંધુ વર્ગે કરેલો ઉપદેશ. તે છતાં તેમને સમજાવો સંજમ લીધું તે તથા રેહેનેમિ ને રાજુલનો સંવાદ વિગેરે પધમાં દાખલ કરેલું છે. જેથી વાંચવામાં ઘણુંજ રસિક લાગે તેવું છે.

## મહાવીર સ્વામીનું ચરિત્ર.

કિંમત આઠ આના. ટપાલ ખરચ એક આનો.

આ ચરિત્રમાં મહાવીર સ્વામીના પ્રથમ નયસારના ભવથી તે સત્તાવીશ ભવનું સવિસ્તર વર્ણન તથા ક્ષત્રિકુંડ નગરથી વિહાર કર્યા પછી શુળપાણ યક્ષાદિક વિગેરેથી પ્રભુને થયેલ અનેક ઉપસર્ગ ચંડકોશી વિગેરેને પ્રભુશ્રીએ પ્રતિબોધ્યા વિગેરે ૨૯ બાબતો તેમજ સત્તાવીશ ભવનું સ્તવન, પંચ કલ્યાણકની ઢાળો વિગેરે આવેલું છે.

## સલોકા સંગ્રહ.

કિંમત ચાર આના. ટપાલ ખરચ એક આનો.

આ બુકમાં નેમનાથ સ્વામીના બે સલોકા, શાળિભદ્ર શેઠનો સલોકો, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના બે સલોકા, શ્રી વિમળ મેહેતાનો સલોકો, શ્રી વિવેકવિલાસનો સલોકો, શ્રી પાર્શ્વનાથનો સલોકો, શ્રી શેત્રુંજય તિર્થનો સલોકો, શ્રી ભરત બાહુબળિનો સલોકો, શ્રી આદિનાથનો સલોકો, એ રીતે અગીઆર સલોકા આવેલા છે.

## પર્યુસણ પર્વની કથા.

કિંમત ત્રણ આના. ટપાલ ખરચ એક આનો.

આ બુકમાં પર્યુસણ પર્વની વિધિ તથા પર્યુસણ પર્વને વિષે શી શી કરણી કરવી ને તે કરવાથી શું ફળ મળે તથા પર્યુસણ પર્વનો મહિમા તથા પર્યુસણ પર્વ લાયક પ્રકારે આરાધવાથી ગજસિંહ રાજા કેવાં કેવાં સુખ પામ્યો તેની ચમતકારિક કથા વિગેરે આ બુકમાં આવેલું છે.